શ્રી વીતરાગાય નમઃ



ઉપ્પનેઈવા
વિગમેઈવા
ધુવેઈવા

# શ્રી સૂયગડાંગ સૂત્ર - ૧

**ગુરુપ્રાણ આગમ બત્રીસી**

**આશીર્વાદ દાતા : તપસ્વી ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મહારાજ સાહેબ**
**પ્રધાન સંપાદિકા : અપૂર્વ શ્રુત આરાધક પૂ. શ્રી લીલમબાઈ મહાસતીજી**

# સ્વ. પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. ના હસ્તાક્ષરો

સમયા સયા ચરે

સૂય.અ.૨ ઉ.૨
ગા.૩

તે સમતાપૂર્વક વ્યવહાર કરવો સમતા-ધૈર્ય સંતોષ-સહિષ્ણુતા વગેરે ગુણો જીવનમાં વ્યક્તિત્વનો વિકાસ કરનાર છે –

(સમતાનું સદા આચરણ કરો · સમતામાં સદા ચાલો)

॥ સંવુડાયા મુણી અણાગામી – સૂય.અ.૧૦ ગા.૨૨

વીતરાગદેવના માર્ગે ચાલવાની ઇચ્છા રાખનાર મુનિ કલ્યાણના અભિલાષી સાધુ કદાપિ પણ જૂઠું બોલે જૂઠના સાધનો અને ચિત્તમાં ગુંથવું તે આચરવા કુશળ ગણાય સર્વથા અસંભવ પરંતુ છે –



# આગમ શાસ્ત્ર

આગમ શાસ્ત્ર



શ્રી વીતરાગાય નમઃ

ગોંડલ ગચ્છ જયવંત હો

પૂ. શ્રી ડુંગર - દેવ - જય - માણેક - પ્રાણ - રતિ ગુરુભ્યો નમઃ

**શ્રી ગુરુ પ્રાણ આગમ બત્રીસી**

**સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા. ની ચીર સ્મૃતિ તથા**
**તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ. સા. મહાપ્રયાણ દશાબ્દીવર્ષ ઉપલક્ષ**

ગણધર રચિત બીજું અંગ

# શ્રી સૂયગડાંગ સૂત્ર – ૧

**પ્રથમ શ્રુતસ્કંધ**

*(મૂળપાઠ, ભાવાર્થ, વિવેચન, પરિશિષ્ટ)*

**: પાવન નિશ્રા :**
ગોંડલ ગચ્છ શિરોમણી પરમદાર્શનિક **પૂ. શ્રી જયંતમુનિ મ. સા.**

**: સંપ્રેરક :**
વાણીભૂષણ **પૂ. શ્રી ગિરીશમુનિ મ. સા.** અને આગમ દિવાકર **પૂ. જનકમુનિ મ. સા.**

**: પ્રકાશન પ્રેરક :**
ધ્યાનસાધક **પૂ. શ્રી હસમુખમુનિ મ. સા.** અને શાસનઅરુણોદય **પૂ. શ્રી નમ્રમુનિ મ.સા.**

**: શુભાશિષ :**
મંગલમૂર્તિ પૂજ્યવરા
પૂ. શ્રી મુક્તાબાઈ મ.

**: અનુવાદિકા :**
પૂ. શ્રી ઉર્મિલાબાઈ મ.

**: પ્રધાન સંપાદિકા :**
અપૂર્વ શ્રુત આરાધક
પૂ. શ્રી લીલમબાઈ મ.

**: પરામર્શ પ્રયોજિકા :**
ઉત્સાહધરા
પૂ. શ્રી ઉષાબાઈ મ.

**: સહ સંપાદિકા :**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ.
તથા સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

: પ્રકાશક :
શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન

PARASDHAM

પારસધામ, વલ્લભબાગ લેન, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ – ૪૦૦૦૭૭

: આગમ પ્રકાશન પ્રારંભ :
ઈ. સ. ૧૯૯૭ - ૧૯૯૮ **પૂ. શ્રી પ્રાણગુરુ જન્મશતાબ્દી વર્ષ• ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ.**

પુનઃ પ્રકાશન - ઈ. સ. ૨૦૦૯
**પ્રકાશક : શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન, પારસધામ, ઘાટકોપર**

પ્રથમ આવૃત્તિ પ્રત : ૧૦૫૦ ★ દ્વિતીય આવૃત્તિ પ્રત : ૧૦૦૮
પ્રકાશન તારીખ : આસોવદ અમાસ - વીર નિર્વાણ કલ્યાણક તથા
તપસમ્રાટ ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મ. સા. જન્મદિન

ગુરુ પ્રાણ પ્રકાશન

શ્રી પરાગભાઈ શાહ • શ્રી શૈલેષભાઈ દેસાઈ • શ્રી બર્જીશભાઈ દેસાઈ
શ્રી સુમતિભાઈ શાહ • શ્રી ગિરીશભાઈ શાહ • શ્રી જિતેનભાઈ શાહ

પ્રાપ્તિ સ્થાન :

www.parasdham.org ★ www.jainaagam.org

૧. મુંબઈ -

**પારસધામ**
વલ્લભબાગ લેન,
ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭
ફોન - ૩૨૦૪ ૩૨૩૨.

2. U. S. A. -

**Girish P. Shah**
4048, Twyla Lane, Campbell
CA - 95008-3721. U.S.A.
Ph. : (India) 09867054439
(U.S.A) 001- 408-373-3564

૩. રાજકોટ -

**શેઠ ઉપાશ્રય**
પ્રસંગ હૉલ પાછળ,
૧૫૦ ફુટ રીંગ રોડ,
કાલાવડ રોડ,રાજકોટ - ૩૬૦૦૦૫
ફોન - ૯૮૨૪૦૪૩૭૬૯

૪. વડોદરા -

**શ્રી હરેશભાઈ લાઠીયા**
ગૌતમ, ૧૨, પંકજ સોસાઈટી,
નર્મદા ગેસ્ટ હાઉસની સામે,
ઈલોરા પાર્ક, વડોદરા - ૩૯૦૦૨૩
ફોન - ૯૮૨૪૦૫૮૪૮૯

મુદ્રક : શિવકૃપા ઑફસેટ પ્રિન્ટર્સ, અમદાવાદ - ફોન : ૦૭૯-૨૫૬૨૩૮૨૮

સમર્પણ

સૌરાષ્ટ્ર કેસરી

બા. બ્ર. પૂ. ગુરુદેવ

શ્રી પ્રાણલાલજી મ. સા. ને અનન્ય શ્રદ્ધાભાવે..

# સમર્પણ

ગોંડલગચ્છના ગગનમંડલમાં

ગુરુપ્રાણ સદાય ભાષિત છે.

જન્મશતાબ્દીના શુભાવસરમાં,

શાસ્ત્રાનુવાદ પ્રકાશિત છે... ॥૧॥

ગુરુદેવ ! આપના ચરણકમલમાં,

મમ જીવન સદા સમર્પિત છે.

શ્રદ્ધાસુમન, વંદનઅર્ઘ્ય અને,

આગમ–ઉપહાર પ્રસ્તુત છે... ॥૨॥

જિનકથિતને ગણધરગ્રથિતનો,

ભાવાનુવાદ સુસજ્જિત છે.

સૂત્રકૃતાંગ ગુરુ સ્મૃતિ સરોજમાં

સબહુમાન સમર્પિત છે... ॥૩॥

- પૂ. મુક્ત - લીલમ સુશિષ્યા

સાધ્વી ઉર્મિલા

તપ સમ્રાટ તપસ્વી ગુરુદેવ પૂ. રતિલાલજી મ. સા. ના

# આશીર્વચન

ગુરુ મહારાજની
જન્મ શતાબ્દી નિમિત્તે
આગમોનું પ્રકાશન થઈ રહ્યું છે,
તેનો મને આનંદ છે,
તમે સહુ સાધ્વીવૃંદ આગમનો અભ્યાસ કરી,
તેનાં મૂળભૂત તત્ત્વોને સમજો,
જીવનને પંચાચારમય બનાવો,
સમાજમાં જૈન ધર્મનો પ્રચાર કરો.
ગુરુ મહારાજના નામને અમર બનાવો અને
સંયમી જીવનને સફળ બનાવો.
એ જ મારા અંતરના આશીર્વાદ છે.

*મારી સાથે ચાતુર્માસ અર્થે રોયલ પાર્ક સંઘમાં બિરાજમાન સાધ્વીવૃંદ*
*ભગવાન મહાવીરની વાણીને સમગ્ર વિશ્વમાં*
*ગૂંજતી કરે તેવા શુભાશિષ.*

**– મુનિ રતિલાલ**
**તા. ૧૪/૯/૯૭**
**રોયલ પાર્ક ઉપાશ્રય,**
**રાજકોટ.**

ગોંડલ ગચ્છ શિરોમણિ પૂ. શ્રી જયંતમુનિ મ. સા. ના સ્વહસ્તાક્ષરે

# આશીર્વચન

ૐ

ૐ ણમો ણાણસ્સ

અત્ર અનુજ્ઞાપયતિ ચૈવ અનુમન્યતે ચ
યદ્ "ગુરુપ્રાણ આગમ બત્રીશી" પુનર્પ્રકાશનં
અવશ્યં કાર્યં। ઇદં મહા કાર્યં પૂજ્ય —
ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય
નમ્રમુનિના પ્રારભ્યતે ઇતિ મમ ભાવઃ
અત્ર કોઽપિ દોષો ન સ્યાત્ ઇતિ સહ —
વિશ્વાસેન અનુમોદનં ક્રિયતે —
શુભં સ્યાત્
ઇતિ આશીર્વચનં અપિ સુન્દરં સ્યાત્
અર્પ્યતે —
આનંદ મંગલમ્ 27-4-2009
અક્ષયતૃતીયા
સોમવાર

હું આજ્ઞા આપું છું તથા આ કાર્યને સ્વીકૃતિ આપું છું કે ગુરુપ્રાણ આગમ બત્રીસીનું પુનઃ પ્રકાશન અવશ્ય કરવું જોઇએ. આ મહાકાર્ય પૂજ્ય ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય શ્રી નમ્રમુનિ પ્રારંભ કરે, આ મારા ભાવ છે. આ કાર્યની અનુમોદના કરું છું.

આનંદ મંગલમ્.

શુભ થાઓ... સુંદર થાઓ...
આ આશીર્વચન અર્પિત કરું છું.

તા. ૨૭-૦૪-૨૦૦૯
અક્ષયતૃતીયા - સોમવાર.

# ગુરુપ્રાણ આગમ બત્રીસી
# અનુવાદિકા
# મહાસતીજીઓ

**પ્રધાન સંપાદિકા ભાવયોગિની**
બા. બ્ર. પૂ. શ્રી લીલમબાઈ મ.
**સહસંપાદિકા**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ. તથા
સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

**સાંનિધ્ય**
પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
પૂ. શ્રી ગિરીશચન્દ્રજી મ. સા.
**જ્ઞાનદાનના સંપૂર્ણ સહયોગી**
પૂ. શ્રી ત્રિલોકમુનિ મ. સા.

| સૂત્રનું નામ | અનુવાદિકા |
|---|---|
| શ્રી આચારાંગ સૂત્ર (ભાગ ૧–૨) | પૂ. હસુમતીબાઈ મ., પૂ. પુષ્પાબાઈ મ. |
| શ્રી સૂયગડાંગ સૂત્ર (ભાગ ૧–૨) | પૂ. ઉર્મીલાબાઈ મ. |
| શ્રી ઠાણાંગ સૂત્ર (ભાગ ૧–૨) | પૂ. વીરમતીબાઈ મ. |
| શ્રી સમવાયાંગ સૂત્ર | પૂ. વનીતાબાઈ મ. |
| શ્રી ભગવતી સૂત્ર (૧ થી ૫ ભાગ) | પૂ. ડૉ. આરતીબાઈ મ. |
| શ્રી જ્ઞાતા સૂત્ર | પૂ. સુમનબાઈ મ. |
| શ્રી ઉપાસકદશાંગ સૂત્ર | પૂ. ઉર્વશીબાઈ મ. |
| શ્રી અંતગડદશાંગ સૂત્ર | પૂ. ભારતીબાઈ મ. |
| શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર | પૂ. સન્મતિબાઈ મ. |
| શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર | પૂ. સુનિતાબાઈ મ. |
| શ્રી વિપાક સૂત્ર | પૂ. ઉષાબાઈ મ. |
| શ્રી ઉવવાઈ સૂત્ર | પૂ. કલ્પનાબાઈ મ. |
| શ્રી રાજપ્રશ્રીય સૂત્ર | પૂ. બિંદુ–રૂપલ દ્વય મ. |
| શ્રી જીવાભિગમ સૂત્ર | પૂ. પુનિતાબાઈ મ. |
| શ્રી પ્રજ્ઞાપના સૂત્ર (ભાગ–૧ થી ૩) | પૂ. સુધાબાઈ મ. |
| શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર | પૂ. મુક્તાબાઈ મ. |
| શ્રી જ્યોતિષગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્ર (ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ) | પૂ. રાજેમતીબાઈ મ. |
| શ્રી ઉપાંગસૂત્ર (શ્રી નિરયાવલિકાદિ) | પૂ. કિરણબાઈ મ. |
| શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર (ભાગ–૧, ૨) | પૂ. ડૉ. અમિતાબાઈ મ. પૂ. સુમતિબાઈ મ. |
| શ્રી દશવૈકાલિક સૂત્ર | પૂ. ગુલાબબાઈ મ. |
| શ્રી નંદી સૂત્ર | પૂ. પ્રાણકુંવરબાઈ મ. |
| શ્રી અનુયોગદ્વાર સૂત્ર | પૂ. સુબોધિકાબાઈ મ. |
| શ્રી નિશીથ સૂત્ર | પૂ. લીલમબાઈ મ. |
| શ્રી ત્રણ છેદ સૂત્ર | પૂ. ડૉ. ડોલરબાઈ મ. |
| શ્રી આવશ્યક સૂત્ર | પૂ. રૂપાબાઈ મ. |

સિંહ સમા પરાક્રમી, હંસ સમા ઉજ્જવલ યશોમૂર્તિ, સૌરાષ્ટ્ર કેસરી પૂજ્ય ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. નાં શ્રી ચરણોમાં શતગુણ

# પ્રણામાંજલિ




જાગૃતતા
આર્જવતા
સજ્જનતા
પ્રસન્નતા
ભવ્યતા
તજ્જ્ઞતા
માર્દવતા
અપ્રમત્તતા
દક્ષતા

સહિષ્ણુતા
લઘુતા
પ્રતિરૂપતા
ઉત્સાહિતા
નમ્રતા
વિભુતા
કૃતજ્ઞતા
પ્રભુતા
પ્રૌઢતા

કરુણતા
સૌમ્યતા
સામ્યતા
શૂરવીરતા
ધીરતા
સ્થિરતા
દયાળુતા
સમયજ્ઞતા
પ્રમોદતા

ગિરાગુરુત્વતા
વ્યવહાર કુશળતા
ઈન્દ્રિય દમનતા
ગરિષ્ઠતા
વિશાળતા
પ્રેમાળતા
નિર્ભયતા
સ્વરમાધુર્ય

આત્મરમણતા
તલ્લીનતા
સત્યવક્તૃત્વતા
પ્રતિભાસંપન્નતા
પવિત્રતા
દાક્ષિણ્યતા
પ્રશમતા
અર્હતા

ક્રાંતિકારકતા
સમન્વયતા
જ્ઞાનોત્સુકતા
લોકપ્રિયતા
આસ્તિક્યતા
જ્ઞાનદાતા
જ્ઞાનવૃદ્ધતા
ક્ષમાશીલતા
શિક્ષાદાતા
વૈરાગ્યવાર્ધક્ય
કૃતાર્થતા
ઉદાસીનતા
તત્ત્વલોકતા
નૈતિકતા
સુવિનીતતા

ઓજસ્વિતા
તેજસ્વિતા
વર્ચસ્વિતા
પ્રવચન પટુતા
ગુણગ્રાહકતા
જ્ઞાનપ્રસારકતા
શ્રદ્ધાળુતા
ઉદારતા

સ્નેહયુક્તતા
ધર્મકલાધરતા
સંગઠનકારકતા
પથપ્રદર્શિતતા
સમ્યક્‌પરાક્રમતા
સૌષ્ઠવતા
વરિષ્ઠતા
ગંભીરતા

સેવાશીલતા
અકુતૂહલતા
એકાંતપ્રિયતા
અનેકાંતદર્શિતા
વિચક્ષણતા
આરાધકતા
લાવણ્યતા
પરમાર્થતા
કુશલતા

કર્મનિષ્ઠતા
નિર્લેપતા
દિવ્યતા
રોચકતા
વાત્સલ્યતા
ઉપશમતા
નિર્વેદતા
પ્રવિણતા
સમતા
ઉપશાંતતા
વીરતા
પરિપક્વતા
શ્રુતસંપન્નતા
શ્રેષ્ઠતા
ખમીરતા
અમીરતા
ચારિત્ર પરાયણતા

**શતાદ્દિ સદ્‌ગુણાલંકૃત તવ વપુઃ ભૂયાદ્ ભવાલંબનમ્**

પૂ. શ્રી ડુંગર-દેવ-જય-માણેક-પ્રાણ-રતિ-જગ-ગુરુભ્યો નમઃ
પૂ. હીર-વેલ-માન-દેવ-ઉજમ-ફૂલ-મોતી-આમ્ર-અમૃત-ગુરુણીભ્યો નમઃ

# ગોંડલ સંપ્રદાય-ગુરુપ્રાણ રતિ પરિવાર

## મંગલ મનીષી મુનિવરો
## શાસ્ત્ર શુશ્રૂષિકા શ્રમણીવૃંદ

૦૧. પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
૦૨. પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ.સા.
૦૩. પૂ. શ્રી જનકમુનિ મ.સા.
૦૪. પૂ. શ્રી જગદીશમુનિ મ.સા.
૦૫. પૂ. શ્રી હસમુખમુનિ મ.સા.
૦૬. પૂ. શ્રી મનહરમુનિ મ. સા.
૦૭. પૂ. શ્રી ગજેન્દ્રમુનિ મ. સા.
૦૮. પૂ. શ્રી સુશાંતમુનિ મ. સા.
૦૯. પૂ. શ્રી નમ્રમુનિ મ. સા.
૧૦. પૂ. શ્રી પીયુષમુનિ મ. સા.

૦૧. પૂ. ગુલાબબાઈ મ.
૦૨. પૂ. પ્રાણકુંવરબાઈ મ.
૦૩. પૂ. લલિતાબાઈ મ.
૦૪. પૂ. લીલમબાઈ મ.
૦૫. પૂ. વિમળાબાઈ મ.
૦૬. પૂ. હંસાબાઈ મ.
૦૭. પૂ. પુષ્પાબાઈ મ.
૦૮. પૂ. વિજયાબાઈ મ.
૦૯. પૂ. તરૂલતાબાઈ મ.
૧૦. પૂ. જસવંતીબાઈ મ.
૧૧. પૂ. વસુબાઈ મ.
૧૨. પૂ. પ્રભાબાઈ મ.
૧૩. પૂ. લતાબાઈ મ.
૧૪. પૂ. ભદ્રાબાઈ મ.
૧૫. પૂ. સુમિત્રાબાઈ મ.
૧૬. પૂ. સાધનાબાઈ મ.
૧૭. પૂ. અરુણાબાઈ મ.
૧૮. પૂ. સરલાબાઈ મ.
૧૯. પૂ. વનિતાબાઈ મ.
૨૦. પૂ. દીક્ષિતાબાઈ મ.
૨૧. પૂ. ધીરમતીબાઈ મ.
૨૨. પૂ. રાજેમતીબાઈ મ.
૨૩. પૂ. હસુમતીબાઈ મ.
૨૪. પૂ. સુમતિબાઈ મ.
૨૫. પૂ. અનુમતિબાઈ મ.
૨૬. પૂ. વીરમતીબાઈ મ.
૨૭. પૂ. યશોમતીબાઈ મ.
૨૮. પૂ. જ્ઞાનશીલાબાઈ મ.
૨૯. પૂ. દર્શનશીલાબાઈ મ.
૩૦. પૂ. વિનોદીનીબાઈ મ.
૩૧. પૂ. પ્રજ્ઞાબાઈ મ.
૩૨. પૂ. પ્રિયદર્શનાબાઈ મ.
૩૩. પૂ. કૃપાબાઈ મ.
૩૪. પૂ. મીરાબાઈ મ.
૩૫. પૂ. કુંદનબાઈ મ.
૩૬. પૂ. જ્યોતિબાઈ મ.
૩૭. પૂ. પ્રીતિસુધાબાઈ મ.
૩૮. પૂ. મીનળબાઈ મ.
૩૯. પૂ. મનીષાબાઈ મ.
૪૦. પૂ. કિરણબાઈ મ.
૪૧. પૂ. હસ્મિતાબાઈ મ.
૪૨. પૂ. શૈલાબાઈ મ.
૪૩. પૂ. ઉર્મિબાઈ મ.
૪૪. પૂ. સુધાબાઈ મ.
૪૫. પૂ. ઉર્વશીબાઈ મ.
૪૬. પૂ. સ્મિતાબાઈ મ.
૪૭. પૂ. ઉર્મિલાબાઈ મ.
૪૮. પૂ. ડોલરબાઈ મ.
૪૯. પૂ. કલ્પનાબાઈ મ.
૫૦. પૂ. સંગીતાબાઈ મ.
૫૧. પૂ. નંદાબાઈ મ.
૫૨. પૂ. સુનંદાબાઈ મ.
૫૩. પૂ. જયેશાબાઈ મ.
૫૪. પૂ. અર્ચિતાબાઈ મ.
૫૫. પૂ. અજિતાબાઈ મ.
૫૬. પૂ. અમિતાબાઈ મ.
૫૭. પૂ. પુનિતાબાઈ મ.
૫૮. પૂ. સુનિતાબાઈ મ.
૫૯. પૂ. ગીતાબાઈ મ.
૬૦. પૂ. વિદુબાઈ મ.
૬૧. પૂ. તરુબાઈ મ.
૬૨. પૂ. મીનાબાઈ મ.
૬૩. પૂ. પૂર્ણાબાઈ મ.
૬૪. પૂ. રશ્મિતાબાઈ મ.
૬૫. પૂ. બિંદુબાઈ મ.
૬૬. પૂ. વિરલબાઈ મ.
૬૭. પૂ. રૂપલબાઈ મ.
૬૮. પૂ. તેજલબાઈ મ.
૬૯. પૂ. સુજીતાબાઈ મ.
૭૦. પૂ. સ્વાતિબાઈ મ.
૭૧. પૂ. શ્વેતાબાઈ મ.
૭૨. પૂ. રેણુકાબાઈ મ.
૭૩. પૂ. નલિનીબાઈ મ.
૭૪. પૂ. રક્ષિતાબાઈ મ.
૭૫. પૂ. રોશનીબાઈ મ.
૭૬. પૂ. અંજીતાબાઈ મ.
૭૭. પૂ. સંજીતાબાઈ મ.
૭૮. પૂ. સંઘમિત્રાબાઈ મ.
૭૯. પૂ. આરતીબાઈ મ.
૮૦. પૂ. રૂપાબાઈ મ.
૮૧. પૂ. મિતલબાઈ મ.
૮૨. પૂ. શ્રેયાબાઈ મ.
૮૩. પૂ. શ્રીદત્તાબાઈ મ.
૮૪. પૂ. શ્રુતિબાઈ મ.
૮૫. પૂ. ભાવનાબાઈ મ.
૮૬. પૂ. ભવિતાબાઈ મ.
૮૭. પૂ. જીજ્ઞેષાબાઈ મ.
૮૮. પૂ. શ્રેયાંસીબાઈ મ.
૮૯. પૂ. પરિજ્ઞાબાઈ મ.
૯૦. પૂ. શ્વેતાંસીબાઈ મ.
૯૧. પૂ. સુબોધિકાબાઈ મ.
૯૨. પૂ. શીલાબાઈ મ.
૯૩. પૂ. હેમાંશીબાઈ મ.
૯૪. પૂ. નમ્રતાબાઈ મ.
૯૫. પૂ. પન્નાબાઈ મ.
૯૬. પૂ. પૂર્વીબાઈ મ.
૯૭. પૂ. જાગૃતિબાઈ મ.
૯૮. પૂ. પ્રબોધિકાબાઈ મ.
૯૯. પૂ. પ્રિયલબાઈ મ.
૧૦૦. પૂ. સ્વરૂપાબાઈ મ.
૧૦૧. પૂ. સુહાનીબાઈ મ.
૧૦૨. પૂ. હૃદયાબાઈ મ.
૧૦૩. પૂ. વૈદેહીબાઈ મ.
૧૦૪. પૂ. ભવ્યાંશીબાઈ મ.
૧૦૫. પૂ. જયણાબાઈ મ.
૧૦૬. પૂ. સંબોહીબાઈ મ.
૧૦૭. પૂ. ભવ્યાનીબાઈ મ.

# શ્રુત સેવાનો સત્કાર

## શ્રુતાધાર (મુખ્યદાતા)

## માતુશ્રી કિરણબેન પ્રવીણચંદ્ર દોશી
## શ્રીમતી તેજલ નીરવ દોશી

માતા – પિતા, ધર્મગુરુ અને શેઠ, આ ત્રણના ઋણમાંથી ક્યારે ય મુક્ત થઈ શકાતું નથી (શ્રી ઠાણાંગ સૂત્ર). જન્મદાતા માતા – પિતાનો અનંત ઉપકાર વ્યક્તિ પર હોય છે. બાળકની જન્મ સમયની અપાર વેદના માતાના અપાર વાત્સલ્યના કારણે સહ્ય બને છે. જન્મ બાદ સંતાનનું ઘડતર માતા – પિતા દ્વારા થાય છે. જન્મદાત્રી, સંસ્કારદાત્રી, જીવનદાત્રી 'મા' આ દુનિયાની સર્વ શ્રેષ્ઠ વ્યક્તિ છે. માતુશ્રી કિરણબેને હૈયાના હેતે નિરવભાઈ અને બહેન મોના અમીતભાઈ સંઘવીને લાડકોડથી ઉછેરી સંસ્કારોનું સિંચન કર્યું. સેવા પરાયણ પિતા પ્રવીણભાઈ બોરીવલી ઉપાશ્રયમાં મંત્રી પદે રહી શાસનની સેવા કરી રહ્યા છે.

યુવા નિરવભાઈ ધર્મકાર્યમાં નિરસ હતા. મુંબઈના મોહક વાતાવરણમાં ખાવું, પીવું, કમાવું ને આનંદથી રહેવું. કદાચ એમ કહી શકાય કે તેઓ નાસ્તિક હતા.

જહાજને દીવાદાંડી દેખાય અને અનેક હોનારતથી સુરક્ષિત બની જાય તેમ નિરવભાઈને ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. રૂપી દીવાદાંડી પ્રાપ્ત થઈ અને નાસ્તિકતાથી સર્જાતિ દુર્ગતિની હોનારતમાંથી ઉગરી ગયા. જીવનની દશા પલટાઈ ગઈ.બંધ આંખે સંસારમાં અને ઈન્દ્રિય સુખોમાં અટવાતા નીરવભાઈ અને ધર્મપત્ની તેજલબેનની આંખો ગુરુદેવના સાંનિધ્યે ખુલી ગઈ, જીવનમાં જાગૃતિના કિરણે પ્રવેશ કર્યો.

તેઓ અર્હં યુવા ગ્રુપમાં સક્રિય બની માનવતાના કાર્યની મહેંક ફેલાવી રહ્યા છે. તેજલબેન લુક એન્ડ લર્ન જ્ઞાનધામ – બોરીવલી (વેસ્ટ) માં દીદી તરીકે શાસનની અપૂર્વ સેવા બજાવી રહ્યા છે. દીકરી પ્રિયાંસી અને ઝીલે પણ ગુરુદેવના રંગે રંગાઈ નાની ઉંમરમાં જ માનવ જીવન સફળ બનાવવાની માસ્ટર કી મેળવી લીધી છે.

અજ્ઞાનના કોચલામાંથી બહાર કાઢનારા પૂ. ગુરુદેવની ઉપકાર સ્મૃતિ અર્થે

**પૂ. ગુરુદેવના ૩૯ મા જન્મદિન**ના શુભ અવસરે આગમના શ્રુતાધાર બની સાચા અર્થમાં જીવનને સાર્થક બનાવ્યું છે. આપની શ્રુતસેવાને ખૂબ ધન્યવાદ.

**ગુરુપ્રાણ પ્રકાશન**

PARASDHAM

# શાસ્ત્ર સ્વાધ્યાય
## સદ્‌વિવેક

- તીર્થંકર પ્રભુના પવિત્ર ઉપદેશરૂપ આગમગ્રંથો દરેક ધર્મનિષ્ઠ સ્વાધ્યાયપ્રેમી શ્રમણોપાસકે પોતાના ઘરમાં વસાવવા જોઈએ.
- તીર્થંકરોની અનુપસ્થિતિમાં તીર્થંકરોના ઉપદેશરૂપ ગ્રંથો સાક્ષાત્ તીર્થંકર તુલ્ય માનીને આગમગ્રંથોને ઘરમાં કબાટ કે શોકેશમાં સુવ્યવસ્થિત રૂપે રાખવા.
- પ્રતિદિન તીર્થંકરોને સ્મૃતિપટ પર લાવી અહોભાવપૂર્વક ત્રણ ભાવ વંદન કરવા .
- ઘરના સદસ્યોએ સાથે મળી શ્રધ્ધાપૂર્વક આગમવાંચન કરવું.
- વિનય ધર્મનું મૂળ છે તેથી શાસ્ત્ર સ્વાધ્યાય માટે ગુરુની આજ્ઞા લેવી.
- ૩૨ આગમગ્રંથોમાંથી કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય દિવસના પ્રથમ અને ચોથા પ્રહરમાં અને ઉત્કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય અસ્વાધ્યાય કાલને છોડીને એટલે કે બે સંધ્યા અને બે મધ્યાહ્ન કાલીન ૪૮ મિનિટને છોડીને ગમે ત્યારે કરી શકાય છે.
- પ્રાતઃ ઉષાકાલ, સંધ્યાકાલ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિએ બે – બે ઘડી શાસ્ત્રનો મૂળપાઠ વાંચવો નહીં.
- ૩૨ અસ્વાધ્યાયમાં શાસ્ત્ર સ્વાધ્યાય થાય નહીં.
- ઘરમાં સંડાસ – બાથરૂમ હોય, સ્ત્રીઓને માસિકધર્મ હોય, વગેરે કારણોથી ઘરમાં આગમ રાખવાથી અશાતના થાય, તેવી માન્યતા યોગ્ય નથી કારણકે સાધ્વીજી પોતાની પાસે આગમ ગ્રંથો રાખે છે.
- માસિક ધર્મવાળા બહેનોએ શાસ્ત્રના મૂળપાઠનો સ્વાધ્યાય કરવો નહીં. તે વ્યક્તિની સામે પણ સ્વાધ્યાય કરવો નહીં. તેનાથી દૂર અલગ સ્થાનમાં બેસીને સ્વાધ્યાય કરી શકાય છે. ગુજરાતી અનુવાદ, ભાવાર્થ, વિવેચન, માસિક ધર્મમાં પણ બહેનો વાંચી શકે છે. તેમાં કોઈ જાતની અશાતના નથી.
- **આ સમસ્ત નિયમો મૂળપાઠ વાંચવા કે સ્વાધ્યાય કરવા માટેના છે.** કેવળ શાસ્ત્રોના ગુજરાતી ભાવાર્થ વાંચવા હોય, તો ઉપરોક્ત નિયમો લાગુ પડતા નથી.
- આગમગ્રંથોના આધારે જ ભૂતકાલમાં અનંત જીવોએ આત્મકલ્યાણ કર્યું છે. આગમગ્રંથોના આધારે જ પાંચમા આરાના અંત સુધી જિનશાસન જયવંતું રહેશે. તેથી આગમગ્રંથોનું સંપૂર્ણતઃ બહુમાન જાળવવું.

## વિષયાનુક્રમણિકા


| વિષય | પૃષ્ટાંક | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|
| પૂ.શ્રી ડુંગરસિંહજી મ.સા.નું જીવન દર્શન | 12 | પૂતિકર્મ દોષયુક્ત આહાર | ૪૨ |
| પૂ.શ્રી પ્રાણલાલજી મ.સા.નું જીવન દર્શન | 14 | જગત કર્તૃત્ત્વવાદ | ૪૫ |
| પૂ.શ્રી રતિલાલજી મ.સા.નું જીવન દર્શન | 16 | ત્રૈરાશિક મત | ૫૨ |
| પુનઃ પ્રકાશકના બે બોલ | 18 | **અધ્ય. - ૧, ઉદ્દે. - ૪** | |
| પૂર્વ પ્રકાશકના બે બોલ | 20 | મુનિધર્મ | ૫૭ |
| અભિગમ | 22 | લોકવાદ | ૬૧ |
| સંપાદકીય | 26 | અહિંસા ધર્મ | ૬૬ |
| સંપાદન અનુભવો | 31 | ચારિત્ર શુદ્ધિ | ૬૮ |
| અનુવાદિકાની કલમે | 33 | **અધ્યયન - ૨ : વૈતાલીય** | |
| ૩૨ અસ્વાધ્યાય | 44 | અધ્યયન પરિચય | ૭૪ |
| **શાસ્ત્ર પ્રારંભ** | | **અધ્ય. - ૨, ઉદ્દે. - ૧** | |
| **અધ્યયન - ૧ : સમય** | | શ્રી ઋષભદેવ દ્વારા પુત્રોને સંબોધ | ૭૭ |
| અધ્યયન પરિચય | ૧ | અનિત્યભાવ દર્શન | ૭૯ |
| **અધ્ય. - ૧, ઉદ્દે. - ૧** | | કર્મવિપાક દર્શન | ૮૧ |
| કર્મબંધના કારણો | ૩ | પાપ વિરતિ ઉપદેશ | ૮૩ |
| પંચ મહાભૂતવાદ | ૧૨ | પરિષહ સહવાનો ઉપદેશ | ૮૫ |
| એકાત્મવાદ | ૧૩ | **અધ્ય. - ૨, ઉદ્દે. - ૨** | |
| તજ્જીવ તત્શરીરવાદ | ૧૫ | મદત્યાગ | ૯૪ |
| અકારકવાદ | ૧૭ | સમતાધર્મ | ૯૭ |
| આત્મષષ્ઠવાદ | ૧૯ | પરિગ્રહ ત્યાગ | ૯૯ |
| ક્ષણિકવાદ | ૨૧ | એકલ વિહારી મુનિચર્યા | ૧૦૨ |
| સાંખ્યાદિ મત | ૨૩ | સાધકનો આચાર | ૧૦૭ |
| **અધ્ય. - ૧, ઉદ્દે. - ૨** | | અનુત્તર ધર્મ | ૧૧૦ |
| નિયતિવાદ | ૨૭ | **અધ્ય. - ૨, ઉદ્દે. - ૩** | |
| અજ્ઞાનવાદ | ૩૧ | સંયમથી કર્મનાશ | ૧૧૬ |
| ક્રિયાવાદ | ૩૮ | કામાસક્તિ ત્યાગ | ૧૧૮ |
| **અધ્ય. - ૧, ઉદ્દે. - ૩** | | પાપીની ગતિ તેમજ મનોદશા | ૧૨૩ |

| વિષય | પૃષ્ટાંક | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|
| સમ્યગ્ દર્શનમાં સાધક-બાધક તત્ત્વ | ૧૨૫ | સુમેરુ પર્વતની શ્રેષ્ઠતા | ૨૫૯ |
| ભિક્ષુનું આચરણ | ૧૨૮ | વિવિધ ઉપમાઓથી ભગવાનની શ્રેષ્ઠતા | ૨૬૨ |
| અશરણભાવના | ૧૩૧ | ભગવાનની વિશિષ્ટ ઉપલબ્ધિ | ૨૬૬ |
| બોધિદુર્લભ ભાવના | ૧૩૩ | **અધ્યયન - ૭ : કુશીલ પરિભાષા** | ૨૬૮ |
| **અધ્યયન - ૩ : ઉપસર્ગ પરિજ્ઞા** | | અધ્યયન પરિચય | ૨૬૯ |
| અધ્યયન પરિચય | ૧૩૮ | હિંસા રૂપ કુશીલતા | ૨૭૧ |
| **અધ્ય. - ૩, ઉદ્દે. - ૧** | | કુશીલની મોક્ષ સંબંધી માન્યતા | ૨૭૬ |
| પ્રતિકૂળ ઉપસર્ગ | ૧૪૦ | કુશીલ સાધકની આચારભ્રષ્ટતા | ૨૮૧ |
| **અધ્ય. - ૩, ઉદ્દે. - ૨** | | સુશીલ સાધકનો વિવેક | ૨૮૩ |
| અનુકૂળ ઉપસર્ગ | ૧૫૧ | **અધ્યયન - ૮ : વીર્ય** | |
| **અધ્ય. - ૩, ઉદ્દે. - ૩** | | અધ્યયન પરિચય | ૨૮૬ |
| આત્મ સંવેદન રૂપ ઉપસર્ગ | ૧૬૩ | વીર્યનું સ્વરૂપ અને પ્રકાર | ૨૮૮ |
| **અધ્ય. - ૩, ઉદ્દે. - ૪** | | બાલજનોનું સકર્મવીર્ય | ૨૮૯ |
| સંયમભ્રષ્ટ કરનારા ઉપસર્ગ | ૧૭૭ | પંડિતજનોનું અકર્મવીર્ય | ૨૯૧ |
| **અધ્ય. - ૪ : સ્ત્રીપરિજ્ઞા** | | **અધ્યયન - ૯ : ધર્મ** | |
| અધ્યયન પરિચય | ૧૯૪ | અધ્યયન પરિચય | ૨૯૯ |
| **અધ્ય. - ૪, ઉદ્દે. - ૧** | | ધર્માચરણનો બોધ | ૩૦૦ |
| સ્ત્રીસંગરૂપ ઉપસર્ગ | ૧૯૭ | મૂલ-ઉત્તરગુણ દોષ ત્યાગ | |
| **અધ્ય. - ૪, ઉદ્દે. - ૨** | | ભાષાવિવેક | ૩૦૯ |
| સ્ત્રી સંગથી ભ્રષ્ટ સાધકોની હાનિ | ૨૧૨ | લોકોત્તર ધર્મ | ૩૧૧ |
| **અધ્યયન - ૫ : નરકવિભક્તિ** | | **અધ્યયન - ૧૦ : સમાધિ** | |
| અધ્યયન પરિચય | ૨૨૩ | અધ્યયન પરિચય | ૩૧૬ |
| **અધ્ય. - ૫, ઉદ્દે. - ૧** | | સાધનાનો મૂળમંત્ર સમાધિ | ૩૧૮ |
| નરકમાં ઉત્પત્તિનાં કારણો | ૨૨૬ | ભાવ અસમાધિ | ૩૨૫ |
| નરકની ભયંકર વેદના | ૨૨૯ | સમાધિ પ્રાપ્તિના પ્રેરણાસૂત્ર | ૩૨૭ |
| **અધ્ય. - ૫, ઉદ્દે. - ૨** | | **અધ્યયન - ૧૧ : માર્ગ** | |
| પરમાધામી કૃત વેદના | ૨૪૧ | અધ્યયન પરિચય | ૩૩૦ |
| **અધ્યયન - ૬ : વીરસ્તુતિ** | | ભાવમાર્ગ અને તેનું મહત્ત્વ | ૩૩૨ |
| અધ્યયન પરિચય | ૨૫૩ | અહિંસા માર્ગ | ૩૩૪ |
| જંબૂસ્વામીની જિજ્ઞાસા | ૨૫૫ | એષણા સમિતિ | ૩૩૬ |
| પ્રભુ વીરનું વ્યક્તિત્ત્વ | ૨૫૬ | | |

| વિષય | પૃષ્ટાંક | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|
| ભાષાસમિતિ | ૩૩૭ | હિતશિક્ષા ગ્રહણવિધિ | ૩૭૮ |
| ધર્મદ્વીપ | ૩૪૦ | ગુરુ સાંનિધ્યથી જ્ઞાનપ્રકાશ | ૩૮૧ |
| અન્યતીર્થિકના આચાર | ૩૪૧ | ભાષા પ્રયોગના વિધિ નિષેધ | ૩૮૪ |
| ભાવમાર્ગની સાધના | ૩૪૩ | **અધ્યયન - ૧૫ : યમકીય** | |
| **અધ્યયન - ૧૨ : સમવસરણ** | | અધ્યયન પરિચય | ૩૯૦ |
| અધ્યયન પરિચય | ૩૪૬ | ભાવના યોગ સાધના | ૩૯૧ |
| ચાર સમવસરણ | ૩૪૭ | વિમુક્ત સાધક | ૩૯૩ |
| અજ્ઞાનવાદ | ૩૪૭ | મોક્ષપ્રાપ્તિની દુર્લભતા – સુલભતા | ૩૯૭ |
| વિનયવાદ | ૩૫૦ | પુરુષોત્તમ પુરુષનું શાશ્વત સ્થાન | ૩૯૮ |
| અક્રિયવાદ | ૩૫૧ | સાધકની સાધના | ૩૯૯ |
| ક્રિયાવાદ૩૫૫ | | **અધ્યયન - ૧૬ : ગાથા** | |
| સમ્યક્ ક્રિયાવાદ અને તેના નેતા | ૩૫૭ | અધ્યયન પરિચય | ૪૦૨ |
| **અધ્યયન - ૧૩ : યથાતથ્ય** | | માહણ સ્વરૂપ | ૪૦૪ |
| અધ્યયન પરિચય | ૩૬૨ | શ્રમણ સ્વરૂપ | ૪૦૫ |
| કુશીલતા અને સુશીલતા | ૩૬૪ | ભિક્ષુ સ્વરૂપ | ૪૦૬ |
| સાધનામાં તથ્ય–અતથ્ય | ૩૬૮ | નિર્ગ્રંથ સ્વરૂપ | ૪૦૮ |
| યથાતથ્યનો ધર્મોપદેશ | ૩૭૦ | **પરિશિષ્ટ - ૧** | |
| **અધ્યયન - ૧૪ : ગ્રંથ** | | વિવેચિત વિષયોની અકારાદિ | |
| અધ્યયન પરિચય | ૩૭૫ | અનુક્રમણિકા | ૪૧૧ |
| ગુરુકૂળવાસનું મહત્ત્વ | ૩૭૬ | | |




# ગોંડલ ગચ્છાધિપતિ, એકાવતારી આચાર્ય પ્રવર
# પૂ. ગુરુદેવ શ્રી ડુંગરસિંહજી મ.સા.
# જીવન દર્શન

| | | |
|---|---|---|
| **નામ** | : | શ્રી ડુંગરસિંહભાઈ. |
| **જન્મ** | : | વિ. સં. ૧૭૯૨. |
| **જન્મભૂમિ** | : | માંગરોળ. |
| **પિતાશ્રી** | : | ધર્મનિષ્ઠ શ્રી કમળસિંહભાઈ બદાણી. |
| **માતુશ્રી** | : | સંસ્કાર સંપન્ના શ્રીમતી હીરબાઈ. |
| **જન્મ સંકેત** | : | માતાએ સ્વપ્નમાં લીલોછમ પર્વત અને કેસરી સિંહને પોતાની સમીપે આવતો જોયો. |
| **ભ્રાતૃ ભગિની** | : | ચાર બેન – બે ભાઈ. |
| **વૈરાગ્ય નિમિત્ત** | : | પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા.નો ઉપદેશ. |
| **સંયમ સ્વીકાર** | : | વિ. સં. ૧૮૧૫ કારતક વદ – ૧૦ દિવબંદર. |
| **સદ્‌ગુરુદેવ** | : | પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા. |
| **સહ દીક્ષિત પરિવાર** | : | સ્વયં, માતુશ્રી હીરબાઈ, બહેન વેલબાઈ, ભાણેજી – માનકુંવરબેન અને ભાણેજ – હીરાચંદભાઈ. |
| **સંયમ સાધના** | : | અપ્રમત્તદશાની પ્રાપ્તિ માટે સાડા પાંચ વર્ષ નિદ્રાત્યાગ, જ્ઞાનારાધના, ધર્મશાસ્ત્રો, દર્શનશાસ્ત્રો અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ. |
| **તપ આરાધના** | : | રસેન્દ્રિય વિજયના વિવિધ પ્રયોગો, મિતાહાર. સ્વાધ્યાય, સાડાપાંચ વરસ નિદ્રાત્યાગ, ધ્યાનરૂપ આભ્યંતર તપ. |
| **ગોંડલ ગચ્છ સ્થાપના તથા આચાર્ય પદ પ્રદાન** | : | વિ. સં. ૧૮૪૫ મહાસુદ – ૫ ગોંડલ. |
| **જ્વલંત ગુણો** | : | વિનય, વિવેક, વિચક્ષણતા, વિરક્તિ, કરૂણા, સમયસૂચકતા વગેરે... |

| | | |
|---|---|---|
| **પ્રમુખ શિષ્ય** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **પ્રમુખ શિષ્યા** | : | પૂ. શ્રી હીરબાઈ મ., પૂ. શ્રી વેલબાઈ મ., પૂ. શ્રી માનકુંવરબાઈ મ. |
| **સાધુ સંમેલન** | : | વિ. સં. ૧૮૬૧માં આજ્ઞાનુવર્તી ૪૫ જેટલા સાધુ-સાધ્વીજીઓનું સંમેલન કરી સંતોની આચાર વિશુધ્ધિ માટે ૧૩ નિયમો બનાવ્યાં. |
| **વિહાર ક્ષેત્ર** | : | કાઠિયાવાડ, ઝાલાવાડ, કચ્છ, માંગરોળ, વેરાવળ, પોરબંદર, દીવબંદર આદિ કંઠાળ પ્રદેશમાં ગ્રામાનુગ્રામ. |
| **પ્રતિબોધિત શ્રાવકવર્ય** | : | શ્રી શોભેચંદ્ર કરસનજી શાહ – વેરાવળ. |
| **સ્થિરવાસ** | : | વિ. સં. ૧૮૭૧ ચૈત્ર સુદ – ૧૫ થી ગોંડલમાં. |
| **અનશન આરાધના** | : | વિ. સં. ૧૮૭૭ ફાગણ સુદ – ૧૩ થી અનશન પ્રારંભ, વૈશાખ સુદ – ૧૫ સમાધિમરણ. |
| **આયુષ્ય** | : | ૮૪ વર્ષ, સંયમ પર્યાય – ૬૨ વર્ષ, આચાર્ય પદ – ૩૨ વર્ષ. |
| **ઉત્તરાધિકારી** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **ઉપનામ** | : | ગચ્છાધિપતિ, નિદ્રાવિજેતા, યુગપ્રધાન, એકાવતારી. |
| **પાટ પરંપરા** | : | ગોંડલ ગચ્છાધિપતિ આચાર્ય પ્રવર ગુરુદેવ પૂ. શ્રી ડુંગરસિંહજી મ.સા.<br>દ્વિતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી.<br>તૃતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી નેણસી સ્વામી.<br>ચતુર્થ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી જેસંગજી સ્વામી.<br>પંચમ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી દેવજી સ્વામી.<br>મહાતપસ્વી પૂ. શ્રી જયચંદ્રજી સ્વામી<br>યુગદષ્ટા તપસ્વી પૂ. શ્રી માણેકચંદ્રજી મ.સા.<br>સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.<br>તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ.સા. |
| **વિદ્યમાન વિચરતો પરિવાર** | : | ૧૧ સંતો, ૩૦૦ જેટલા સતિજીઓ. |

# સૌરાષ્ટ્ર કેસરી, મુનિપુંગવ
# પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ.સા.
# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | પ્રાણલાલભાઈ. |
| **જન્મભૂમિ** | વેરાવળ. |
| **પિતા** | શ્રીમાન શ્રી કેશવજીભાઈ મીઠાશા. |
| **માતા** | સંસ્કાર સંપન્ના કુંવરબાઈ. |
| **જ્ઞાતિ** | વીસા ઓસવાળ. |
| **જન્મદિન** | વિ. સં. ૧૯૫૪, શ્રાવણ વદ પાંચમ, સોમવાર. |
| **ભ્રાતૃ–ભગિની** | ચાર ભાઈ, ત્રણ બહેનો. |
| **વૈરાગ્ય બીજારોપણ** | બે વર્ષની બાલ્યવયે. |
| **વૈરાગ્ય ભાવ–પ્રગટીકરણ** | ૧૩ વર્ષની કુમાર અવસ્થામાં. |
| **સંયમ સ્વીકાર** | ૨૧ માં વર્ષે વિ. સં. ૧૯૭૬ ફાગણ વદ છઠ્ઠ, ગુરુવાર.<br>તા. ૧૩–૩–૧૯૨૦ |
| **દીક્ષા ભૂમિ** | બગસરા–દરબાર વાજસુરવાળાના ઉદ્યાનમાં વટવૃક્ષ નીચે. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **સંયમદાતા** | મહાતપસ્વી પૂ. જયચંદ્રજી મ.સા. |
| **શિક્ષા દાતા** | પરમ શ્રદ્ધેય તપસ્વી માણેકચંદ્રજી મ. સા. |
| **ધાર્મિક અભ્યાસ** | આગમજ્ઞાન, તત્ત્વજ્ઞાન, કથા સાહિત્ય, રાસ સાહિત્ય, વ્યાકરણ, મહાકાવ્યો, કર્મસાહિત્ય, જૈનેતર ગ્રંથોનું વિશાળ અવલોકન, દર્શન શાસ્ત્રના તજ્જ્ઞ. |
| **સંઘ નેતૃત્વ** | ત્રણ વર્ષની દીક્ષા પર્યાયે તપસ્વી પૂ. માણેકચંદ્રજી મ. સા. ના સંથારાના સમયથી. |
| **સેવા શુશ્રૂષા** | વડીલ સાત ગુરુભ્રાતા અને અનેક સંતોની સેવા કરી. |

| | |
|---|---|
| **સમાજોત્કર્ષ** | ચતુર્વિધ સંઘ સમાધિ માટે તારવેલા ત્રણ સિદ્ધાંત (૧) લોકોના પરોપકાર માટે દાનધર્મની પ્રધાનતા (૨) અ ખંડન વાદ (૩)નીતિ અને પ્રામાણિકતાનું આંદોલન, જૈન–જૈનેતરો (કાઠી, દરબાર, આહિર)ને સપ્ત વ્યસનથી મુક્તિ, અનેક સ્થાને સાધર્મિક રાહત યોજના. |
| **જ્ઞાન પ્રસાર** | રાજકોટ, ગોંડલ, જેતપુર, ધોરાજી, વડિયા, વેરાવળ, પોરબંદર, માંગરોળ, જામનગર, ભાવનગર વગેરે અનેક સ્થાને જ્ઞાન ભંડાર, વિદ્યાલયની સ્થાપના અને જીર્ણોધ્ધાર. |
| **દેહ વૈભવ** | લાવણ્યમયી મુદ્રા, સૂર્ય સમ તેજસ્વી મુખ, ચંદ્રસમી શાંત આભા, વિશાળ ભાલ, નૂરભર્યા નયનો, ઘૂઘરાળા કેશ, વીણા જેવો સુમધુર કંઠ અને સિંહ જેવી ગર્જના. |
| **આભ્યંતર વૈભવ** | વિનય સંપન્નતા, વિવેક, સાદાઈ, પ્રેમ, વૈરાગ્ય, સેવા, પ્રવચન–પટુતા, ગુરુચરણ સેવા, દીર્ઘ દષ્ટિ, ત્યાગમસ્તી. |
| **વિહાર ક્ષેત્ર** | સૌરાષ્ટ્ર, ગુજરાત. |
| **ગોંડલ ગચ્છ સંમેલન** | વિ. સં. ૨૦૦૭માં ગચ્છ ઐક્યતા માટે મહત્ત્વનું યોગદાન. |
| **ઉપનામ** | પંજાબ કેસરી કાશીરામજી મ. સા. દ્વારા પ્રદત્ત **'સૌરાષ્ટ્ર કેસરી'** |
| **સ્વહસ્તે દીક્ષિત પરિવાર** | ચાર સંત– તપોધની પૂ. રતિલાલજી મ. સા., અનશન આરાધક તપસ્વી પૂ. જગજીવનજી મ. સા., પૂ. નાના રતિલાલજી મ. સા., પરમ દાર્શનિક પૂ. જયંતમુનિજી મ. સા., પૂ. મોટા પ્રભાબાઈ મ. આદિ ૧૫ સતીજી. |
| **અંતિમ ચાતુર્માસ** | બગસરા. |
| **દેહ વિલય** | વિ. સં. ૨૦૧૩ માગસર વદ તેરસ, શનિવાર પ્રાતઃ ૭–૩૦ કલાકે ઈ. સ. ૨૯–૧૨–૧૯૫૬. |
| **અંતિમ વિધિ** | સાતલડી નદીના કિનારે (બગસરા) |
| **શિષ્ય પરિવાર** | વર્તમાને ૧૧૮ સંત–સતિજીઓ 'પ્રાણ પરિવાર' ના નામે સમગ્ર ભારતમાં પ્રસિદ્ધ છે. |

# તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. નું

# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | રતિલાલભાઈ |
| **જન્મસ્થાન** | પરબવાવડી (સૌરાષ્ટ્ર) |
| **જન્મદિન** | આસોવદ અમાસ વિ. સં. ૧૯૬૯ |
| **પિતા** | શ્રીમાન માધવજીભાઈ રૈયાણી |
| **માતા** | સદાચાર સંપન્ના જમકુબાઈ |
| **વૈરાગ્ય ભાવ** | ૧૭ મા વર્ષે |
| **દીક્ષા** | ફાગણ વદ પાંચમ, ગુરુવાર વિ. સં. ૧૯૮૯–જૂનાગઢ |
| **ગુરુદેવ** | સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણલાલજી મ.સા. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **અભ્યાસ યોગ** | વ્યાવહારિક– પાંચ ધોરણ, ધાર્મિક– ૧૯ આગમ કંઠસ્થ, શ્વેતામ્બર–દિગંબર સાહિત્ય, કાર્મગ્રંથિક સાહિત્ય, દાર્શનિક સાહિત્ય, વ્યાકરણ સાહિત્ય |
| **સાધના યોગ** | રાત્રિ–દિવસ નિરંતર જાગૃતદશાએ આત્મસાધના અલ્પનિદ્રા. |
| **સેવાયોગ** | વડીલ વૃદ્ધ ૯ સંતોની સેવા કરી. |
| **તપયોગ** | ૧૯ વર્ષ એકાંતર ઉપવાસ, ૯૯૯ આયંબિલ તપ(સાગાર), ૧૯ વર્ષ પાણીનો ત્યાગ, ૯ વર્ષ મકાઈ સિવાય શેષ અનાજ ત્યાગ. |

| | |
|---|---|
| **મૌનયોગ** | દીક્ષા પછી ૯ વર્ષ એકાંત મૌન સાધના. ઈ. સ. ૧૯૯૨ નવેમ્બરથી આજીવન મૌન આરાધના. |
| **પુણ્ય પ્રભાવ** | ગુરુદેવના પુણ્ય પ્રભાવે અનેક આત્માઓએ માસખમણ આદિ નાની મોટી તપશ્ચર્યાઓ તથા હજારોની સંખ્યામાં વર્ષીતપની આરાધના કરી છે. તેમજ દાન, શીલ અને ભાવની વૃદ્ધિ થઈ છે. |
| **વિહાર ક્ષેત્ર** | ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, બિહાર, બંગાળ |
| **જ્ઞાન અનુમોદન** | શ્રમણી વિદ્યાપીઠના પ્રેરક બની ૩૦ શિષ્યાઓ અને ૩૦ વૈરાગી બહેનોને અભ્યાસાર્થે રહેવાની આજ્ઞા આપી. ત્રણ સામૂહિક ચાતુર્માસ કરાવી શાસ્ત્રવાચના કરાવી. |
| **દીક્ષા પ્રદાનસંખ્યા** | ૧૪૫ મુમુક્ષુઓને અણગાર બનાવ્યા. |
| **આચરિત સૂત્રો** | જતું કરવું, ગમ ખાવો, વાદ–વિવાદ કે દલીલ ન કરવા, જે થાય તે સારા માટે, કોઈ પણ જીવની ટીકા કે નિંદા ન કરવી. |
| **જીવંત ગુણો** | વિશાળતા, ઉદારતા, માધ્યસ્થતા, સહિષ્ણુતા, ભદ્રિકતા, સમાધાન વૃત્તિ, જ્ઞાનરુચિ. |
| **અનશન પ્રત્યાખ્યાન** | ઈ. સ. ૧૯૯૨ રાજકોટમાં પૂ. ભાગ્યવંતાબાઈ મ. ને ૫૯ દિવસની અનશન આરાધના કરાવી. |
| **અંતિમ ચાતુર્માસ** | રાજકોટ, શ્રી રોયલપાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ સંચાલિત ઓમાનવાળા ઉપાશ્રય.(૧૯૯૭) |
| **મહાપ્રયાણ** | રાજકોટ, તા. ૮–૨–૧૯૯૮ મહા સુદ ૧૧ાા રવિવાર મધ્યાહ્ન કાળે ૧.૩૫ કલાકે. |
| **અંતિમ દર્શન તથા પાલખી** | શ્રી રોયલ પાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ, રાજકોટ. |
| **અંતિમક્રિયા સ્થાન** | 'તપસમ્રાટ તીર્થધામ',<br>રાજકોટ–અમદાવાદ હાઈ–વે, સાત હનુમાન સામે, રાજકોટ. |

# પુનઃ પ્રકાશનના બે બોલ

(બીજી આવૃત્તિ)

તીર્થંકર ભગવાનના અમૃતસમા વચનોને 'આગમ' રૂપે ગણધર ભગવંતોએ ઝીલીને શિષ્ય પરંપરાને અર્પણ કર્યાઅને આપણને અમૃત વચનો પ્રાપ્ત થયા.

**તીર્થંકર ભગવાને અનંતજ્ઞાનને શ્રીમુખેથી પ્રગટકરી મહા ઉપકાર કર્યો...**

**ગણધર ભગવંતોએ આગમજ્ઞાનને હૃદયસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**શિષ્ય પરંપરાએ આગમ જ્ઞાનને કંઠસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે આગમજ્ઞાનને ગ્રંથસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

ગ્રંથસ્થ આગમોને અનેક આચાર્યોએ સમયાનુસાર લોકભોગ્ય ભાષાશૈલીમાં અનુવાદ કરીને સર્વજન સહજ બનાવ્યા. આ જ પરંપરામાં **સૌરાષ્ટ્રકેસરી પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા.** ની જન્મશતાબ્દી અવસરે તેમના જ પરિવારના મહાસતીજીઓએ ગુજરાતીમાં અનુવાદ કરીને જૈન સમાજની જ્ઞાન સાધનાને આગમિક બનાવવામાં બહુમૂલો ફાળો આપ્યો છે. આ મહા કાર્યમાં અપૂર્વ શ્રુત આરાધિકા પ્રધાન સંપાદિકા **ભાવયોગિની શ્રી લીલમબાઈ મ.** અને સહ સંપાદિકા **શ્રી આરતીબાઈ મ., શ્રી સુબોધિકાબાઈ મ.** ના સહયોગ મળ્યો છે.

આ આગમ બત્રીસીની પ્રથમ આવૃત્તિને ગુજરાતના દરેક સંપ્રદાયના સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો બહોળો પ્રતિસાદ મળતા ટૂંક સમયમાં ૧૦૦૦ આગમ ગ્રંથો અનુપલબ્ધ થઈ ગયા અને પુનઃ પ્રકાશનની આવશ્યકતા ઉભી થઈ.

અહીં એક ખાસ ઉલ્લેખ કરવાનો કે જ્યારે પ્રથમવાર આગમ પ્રકાશનની તૈયારી ચાલતી હતી ત્યારે જ તપસમ્રાટ **પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ. સા.** એ શાસન પ્રભાવક પૂ. શ્રી નમ્રમુનિ મ. સા. પર કૃપાદૃષ્ટિ વરસાવી. તેમણે પાટીમાં લખી આપ્યું કે **નમ્રમુનિ આગમ પ્રકાશનનું કાર્ય સંભાળશે.**

પૂ. ગુરુદેવની દીર્ઘદષ્ટિ અને કૃપાદષ્ટિને અનુભવતા પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. એ અમોને આજ્ઞા આપી કે આપણે આગમ ગ્રંથો પ્રકાશનની બીજી આવૃતિ 'પારસધામ' ના ઉપક્રમે પ્રગટ કરવી છે.

પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. ની આજ્ઞાને શિરોધાર્ય કરીને પારસધામ - ઘાટકોપરના ઉપક્રમે ગુરુપ્રાણ આગમ બત્રીસીને પુનઃ પ્રગટ કરતા આનંદ અનુભવીએ છીએ.

અમારા આ અણમોલ કાર્યમાં અમને શ્રી ગિરીશભાઈ શાહ (હેમાણી)-U.S.A. તથા શ્રી જિતેનભાઈ શાહ (કલકત્તા) નો અનન્ય સહકાર મળ્યો, જેના કારણે અમારું કાર્ય સરળ બન્યું છે. અમારા આ કોમપ્યુટર કાર્યમાં શ્રી અમીનભાઈ આઝાદ તથા સ્નેહા અમીત દર્જીનો પણ સહકાર પ્રાપ્ત થયો છે. તેવી જ રીતે ઉદારદિલા દાતાશ્રીઓ એ પણ અમને સહયોગ આપીને અમારું કાર્ય વેગવાન બનાવેલ છે.

અમે તે સર્વના આભારી છીએ.

અંતમાં આગમ પ્રકાશન આપણા સહુના આત્માને અનંતજ્ઞાન પ્રાગટ્યમાં સહયોગી બને એ જ ભાવના.


**શ્રી ગુરુપ્રાણ પ્રકાશન**

PARASDHAM

વલ્લભબાગ લેન, તિલક રોડ, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭

ફોન - ૩૨૦૪ ૩૨૩૨.

# પૂર્વ પ્રકાશકના બે બોલ

(પહેલી આવૃત્તિ)

અનંત તીર્થંકર સહ પ્રભુ મહાવીરના અનંત જ્ઞાનની અમૂલ્ય નિધિ છે આપણા આગમગ્રંથો. જેના માધ્યમથી જ જિનશાસન જયવંતું રહ્યું છે, રહે છે અને રહેશે. તેને જીવંત રાખવા અને જન જનનાં મન સુધી પહોંચાડવા તે પ્રત્યેક જૈન નામ ધરાવતી વ્યક્તિની પવિત્ર ફરજ છે. આ પવિત્ર ફરજને જ ધર્મ સમજીને જે તેનું આચરણ કરે છે અને પોતાનાં તન–મન અને ધનને તે કાર્યમાં સમર્પિત કરે છે, તેનું મનુષ્ય જીવન સફળ થાય છે. એટલું જ નહીં પરંતુ તે સાધક જિનશાસનની પ્રભાવનાનો અમૂલ્ય લાભ પ્રાપ્ત કરે છે.

આવો જ અપૂર્વ લાભ પ્રાપ્ત કરવા આપણા ગુજરાતી સમાજને માટે આગમોના મૂળ પાઠ તથા સરળ ગુજરાતી અનુવાદ વિવેચન સહિત પ્રકાશન કરવા માટે પૂ. મુક્ત લીલમ પરિવારને એક ચિંતનધારા જૂનાગઢની પુણ્યભૂમિ પર સ્પર્શી અને જેને રાજાણા નગરી રાજકોટમાં રોયલપાર્ક ઉપાશ્રયમાં સાકાર સ્વરૂપ મળ્યું.

આપણા સૌના પરમ ઉપકારી ગોંડલ ગચ્છાધિપતિ, નિદ્રા વિજેતા, એકાવતારી, યુગપુરુષ પૂ. શ્રી ડુંગરસિંહજી મ. સા.ની પાટ પરંપરાએ પૂ. શ્રી જય–માણેકના લાડીલા શિષ્યરત્ન સૌરાષ્ટ્ર કેસરી પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા.ની જન્મ શતાબ્દી નિમિત્તે આ વિરાટ આયોજન કર્યું. પૂ. મહાસતીજીઓએ પોતાની ચિંતનધારાને પૂજ્ય ગુરુવર્યોની સમક્ષ પ્રગટ કરી. સહુના હર્ષોલ્લાસ અને આશીર્વાદ સાથે સ્વીકૃતિના સમાચાર પ્રાપ્ત થયા. રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘની નિશ્રામાં અમે તુરંત સમિતિ રચવાની જાહેરાત કરી.

રાજકોટ પ્રાણ પરિવારના સામૂહિક ચાતુર્માસ દરમ્યાન જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે વિ. સં. ૨૦૫૩ સન્ ૧૯૯૭ માં "પૂ. પ્રાણગુરુ શતાબ્દી પ્રકાશન સમિતિ રાજકોટ"ની સ્થાપના થઈ. ત્યાર પછી તપસમ્રાટ શ્રી રતિલાલજી મ. સા., ગુજરાત કેસરી પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા. ઠા. પાંચ તથા પ્રાણ પરિવારના ૭૩ સાધ્વીજીઓના પાવન સાંનિધ્યમાં જન્મ શતાબ્દીના પ્રથમ ચરણની તપ–જપ, સાધના સાથે ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી.

શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ૩૨ આગમો અને પ્રાણગુરુ સ્મૃતિ ગ્રંથનું પ્રકાશન કરવાનું નિશ્ચિત થયું. આગમોનું લેખન કાર્ય પ્રાણ પરિવારના સતીવૃંદે સહર્ષ સ્વીકારી લીધું. આ રીતે સર્વ સમવાયનો સુયોગ થતાં કાર્યનો પ્રારંભ વેગવંત થયો અને બત્રીસ આગમો ક્રમશઃ ગુજરાતી ભાષામાં અનુવાદિત થયા.

આ પ્રકાશનના અણમોલ અવસરે આશીર્વાદ વરસાવી સહર્ષ સ્વીકૃતિ આપનાર તપ સમ્રાટ ગુરુદેવ **પૂ. શ્રી રતિલાલજી મ. સા.** તથા દરેક આગમના રહસ્યોને પ્રગટ કરતો, તત્ત્વોનું વાસ્તવિક દર્શન કરાવતો, આશીષ વરસાવતો અમારા ઉત્સાહને વધારતો અભિગમ પ્રેષિત કરનારા ગોંડલ ગચ્છના સંત શિરોમણિ પરમ દાર્શનિક **પૂ. શ્રી જયંતીલાલજી મ. સા.**, અમ માર્ગદર્શક ગુજરાત કેસરી **પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા.**, તથા આગમ દિવાકર **પૂ. શ્રી જનક મુનિજી મ. સા.** નીડર વક્તા **પૂ. શ્રી જગદીશમુનિજી મ. સા.** આદિ મુનિ ભગવંતો તથા આગમને સુવ્યવસ્થિત સ્વરૂપ આપનાર, અથાગ પરિશ્રમ સહિત નિઃસ્વાર્થ ભાવે સંપૂર્ણ સહયોગ આપનાર આગમ મનીષી **પૂ. શ્રી ત્રિલોકમુનિજી મ. સા.** ના પણ અમો ઋણી છીએ.

વાત્સલ્ય વરિષ્ઠા પૂજયવરા **પૂ. મુકતાબાઈ મ.**, પ્રધાન સંપાદિકા અપૂર્વશ્રુત આરાધક **પૂ. લીલમબાઈ મ.**, અમ પ્રકાશન કાર્યના ઉદ્ભાવિકા, ઉત્સાહધરા **પૂ. ઉષાબાઈ મ.**, સહ સંપદિકા **ડો. પૂ. શ્રી આરતીબાઈ મ.** તથા **પૂ. સુબોધિકાબાઈ મ.** અને પ્રાણ પરિવારના અનુવાદિકા સર્વ મહાસતીજીઓના અમે ઋણી છીએ.

શ્રુતાધાર સહયોગીઓ, અમ આગમ પ્રકાશનમાં નિષ્ઠાથી સેવા આપનાર શ્રી મુકુંદભાઈ પારેખ, શ્રી મણિભાઈ શાહ, શ્રી નવનીતભાઈ – તરૂબેન, કુમારી ભાનુબેન, શ્રી જયવંતભાઈ શાહ તથા આગમને કોમ્પ્યુટરાઈઝડ્ કરી મુદ્રણ કરી આપનાર ભાઈ શ્રી નેહલ હસમુખભાઈ મહેતાના અમો આભારી છીએ.

આગમ પ્રકાશન કાર્યમાં શુદ્ધિકરણનું ખૂબ જ ધ્યાન રાખવામાં આવ્યું છે. છતાં ક્યાં ય અશુદ્ધિ રહી ગઈ હોય તો શુદ્ધ વાંચી તે તરફ અમારું ધ્યાન દોરવા નમ્ર વિનંતી છે.

અંતમાં સૌના સહિયારા પુરુષાર્થ બદલ શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન સદાને માટે સૌના કૃતજ્ઞ બની રહેશે.

જય જિનેન્દ્ર

શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન – ટ્રસ્ટી મંડળ


શ્રી ચંદ્રકાંત માણેકચંદ શેઠ (પ્રમુખ)
શ્રી રમણીકલાલ નાગરદાસ શાહ (ચેરમેન)
શ્રી અશ્વિનભાઈ કુંભાણી (ટ્રેઝરર)
શ્રી ટી. આર. દોશી (ઉપપ્રમુખ)
શ્રી કે. પી. શાહ (ટ્રસ્ટી)
શ્રી કીરીટભાઈ શાહ (ટ્રસ્ટી)

# અભિગમ

ગોંડલ ગચ્છ શિરોમણી પરમ દાર્શનિક
પૂ. શ્રી જયંતમુનિ મ.સા.

જૈનશાસ્ત્ર અર્થાત્ સ્થાનકવાસી જૈન શ્વેતાંબર પરંપરા માન્ય ૩૨ આગમો અર્ધમાગધી ભાષામાં લખાયેલા છે. સમગ્ર ભાષાનો પ્રવાહ એક સરખો છે. છતાં કોઈ કોઈ શાસ્ત્રોની ભાષામાં થોડી વિલક્ષણતા જોવામાં આવે છે. 'સૂયગડાંગ' અર્થાત્ સૂત્રકૃતાંગ શાસ્ત્ર પણ આ માંહેનું એક છે. સૂત્રકૃતાંગની ભાષામાં વિલક્ષણતા છે અને વધારે પ્રાચીનતાનો આભાસ પણ મળે છે.

તેના મૂળમાં આપણે થોડી વિચારણા કરીએ. જૈન સંતો બહુ જ વિસ્તારપૂર્વક ઘણા ક્ષેત્રોમાં વિહાર કરતા હતા અને એ જ રીતે ભગવાન મહાવીર પણ લોકભાષાના બહુ જ મોટા સંગ્રાહક હતા અને ભાષાની દૃષ્ટિએ પરમ કૃપાળુ પરમાત્માએ લોકજીવનને ખૂબ જ મહત્ત્વ આપ્યું છે. છતાં મગધપ્રાંત એ એમનું મુખ્ય કેન્દ્ર હતું. અર્ધમાગધીનો અર્થ થાય છે અર્ધામાં માગધી અને અર્ધામાં બાકીની ભાષાઓ અર્થાત્ શાસ્ત્રો એકલી માગધી ભાષામાં લખેલા નથી પરંતુ બાકીની ભાષાઓ તેમાં ભેળવવામાં આવી છે. બાકીની ભાષાઓના નામ ઐતિહાસિક દૃષ્ટિએ જાણીતા છે. પાલી, સૌરશેની કાશ્મીરી, પ્રાકૃત, અપભ્રંશ અને એ સિવાયની ગામઠી ભાષાઓ પણ ભળેલી છે અર્થાત્ મિશ્રણ ભાષાઓથી જૈન સાહિત્ય રંગાયેલું છે. આ દૃષ્ટિએ સૂયગડાંગ સૂત્ર બીજા શાસ્ત્રોની તુલનામાં થોડું અલગ પડે છે.

**गंथं विहाय इह सिक्खमाणो उट्ठाय सुबंभचेरं वसेज्जा ।**
**ओवायकारी विणयं सुसिक्खे, जे छेय से विप्पमायं न कुज्जा ॥**

આ પદમાં **ओवायकारी** તથા **छेय से** આ બધા શબ્દો સાધારણ બીજા શાસ્ત્રોના પ્રવાહથી જુદી રીતે ઉલ્લિખિત છે. આ તદ્દન નાનું ઉદાહરણ આપ્યું છે. આવા બીજા સેંકડો શબ્દો મળી આવે છે. જેના ઉપર આપણા વિદ્વાન મહાસતીજીઓ પ્રકાશ પાથરી રહ્યા છે. જેથી અહીં ઉલ્લેખ કર્યો નથી. અહીં મારે એટલું જ કહેવું છે કે સૂયગડાંગ શાસ્ત્ર ભાષાની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ તો છે જ પરંતુ જૈન સિદ્ધાંતોના કેટલાક વ્યાવહારિક પક્ષો અને તે કાળના વર્તમાન સમયના અન્ય દર્શનોના અવ્યાવહારિક પક્ષોનો પણ

ઉલ્લેખ કરી સૂત્રકૃતાંગ શાસ્ત્ર જૈનદર્શન માટે ઘણી જ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. વિદ્વાન પાઠકોને પ્રાર્થના છે કે સૂત્રકૃતાંગશાસ્ત્ર ઉપરછલ્લી દષ્ટિએ વાંચી જવા કરતાં દાર્શનિક દૃષ્ટિએ તેનું અધ્યયન કરવું જરૂરી છે. ઘણા પદો એવા છે કે જે મીમાંસા પણ માંગી લે છે. ખરું પૂછો તો આખી સ્યાદ્વાદ દષ્ટિમાંથી જ મીમાંસા શાસ્ત્રનો જન્મ થયો છે. મીમાંસા કરવી એટલે અનેકાંત દૃષ્ટિએ કોઈપણ સિદ્ધાંત કે સાહિત્યની સમીક્ષા કરવી અને તેના બધા પાસા પર ધ્યાન આપવું એમ કહેવું વધારે ઉચિત છે.

આ સિવાય સૂયગડાંગ શાસ્ત્રનું સૌથી મહત્ત્વપૂર્ણ ચેપ્ટર વીરસ્તુતિનું ચાલુ નામ 'પુચ્છિસુણં' છે. જે સમગ્ર સમાજમાં પ્રસિદ્ધ છે. જેમ કોઈ સોનાના ઘરેણામાં હીરો જડેલો હોય તેમ સૂયગડાંગ સૂત્રમાં આ છઠ્ઠું અધ્યયન તે ખરેખર માણેક્ય રત્ન છે અને આ પ્રકરણને કારણે સૂયગડાંગ શાસ્ત્રનું મહત્ત્વ અત્યંત વધી જાય છે.

પુચ્છિસુણંની વિશેષતાઓ આપણે નીચેની લાઈનોમાં અલ્પાંશે પ્રગટ કરીશું. મારા માટે તો પુચ્છિસુણં જીવનભર દીવાદાંડી બન્યું છે. સમગ્ર ચિંતનનો આધાર આ વીરસ્તુતિના અદ્ભુત ભાવોથીભરેલો છે. જ્યારે જ્યારે મને પુચ્છિસુણંનો પાઠ કરવાનો અવસર મળે ત્યારે હર્ષના આંસુ ઉભરાય છે, હૃદય ગદ્ગદ્ થઈ જાય છે. પ્રભુની વાણીના આ એક–એક શબ્દ મોતીની જેમ ઝળહળવા માંડે છે અને તેની અંદર સંચિત થયેલા ભાવો જાણે પ્રવાહિત થવા માંડે છે. જોકે અત્યારે સમાજને ભક્તામર સ્તોત્રની રઢ વધારે લાગી છે. ભક્તામર સ્તોત્ર અતિ ઉત્તમ છે તેમાં શંકા નથી પરંતુ પુચ્છિસુણંની તુલનામાં ભક્તામર ઘણુ પછવાડે છે. આશ્ચર્ય એ છે કે પુચ્છિસુણં કહેવાનો કેમ વધારે પ્રચાર થયો નહીં ? આપણે ત્યાં પ્રાર્થના તથા સ્તુતિ બોલાય છે અને આ અધ્યયનનું નામ પણ વીરસ્તુતિ છે. બિહારની પ્રાચીન ભાષામાં લખેલું આ સ્તોત્ર અંતરાત્માને કેટલો આનંદ આપી જાય છે અને મગધ દેશની આ ભાષા માગધી ખરેખર મઘમઘી ઊઠે છે. સ્તુતિ તરીકે પ્રાર્થનામાં બોલવાથી ઘણો જ આનંદ આપી શકે તેમ છે.

હવે આપણે વીરસ્તુતિ ઉપર થોડો પ્રકાશ નાંખીશું. સ્વયં સુધર્મા સ્વામી જૈનદર્શનની વ્યાપકતા તથા સમગ્ર જૈન ધર્મનો ઉદ્દેશ પુચ્છિસુણંમાં સ્પષ્ટ કરે છે.

**उड्ढं अहे यं तिरियं दिसासु, तसा य जे थावर जे य पाणा ।**
**से णिच्चणिच्चेहि समिक्ख पण्णे दीवे व धम्मं समियं उदाहु** ॥ગાથા–૪

અર્થાત્ જૈનધર્મની અહિંસા ફક્ત માનવલક્ષી નથી તેમજ કેવળ પશુજગતસુધી સીમિત નથી. વનસ્પતિજગત, વનરાજી, વૃક્ષો સમગ્ર જલરાશિ એવં પૃથ્વી, પાણી અને હવા સમગ્ર જીવરાશિની સુરક્ષાની વાત કરે છે અને એ પણ ફક્ત મધ્યમલોક પૂરતી જ સીમિત નથી. ત્રણે લોક અર્થાત્ ઊર્ધ્વલોક, અધોલોક અને મધ્યમલોક. આમ સમગ્ર વિશ્વને સ્પર્શ કરી જે કોઈ ત્રસ કે સ્થાવર જીવો વિશ્વમાં છે તેને અનુલક્ષીને છે. તેમાં પણ કેવળ અહિંસા નહીં પરંતુ બધા સિદ્ધાંતોની સમીક્ષા કરી ધર્મની વ્યાપકતાને લક્ષમાં રાખી નિત્ય અને અનિત્ય ભાવોનું અનુસંધાન કરીને એક દ્વીપ સમાન સમગ્ર જીવરાશિને આધારભૂત ધર્મની બાંહેધરી આપી છે. આ ગાથા મહાવીર સ્વામીની સ્તુતિની સાથે ધર્મની વ્યાપકતાનું અભિદર્શન છે.

પુચ્છિસુણંની પ્રથમ ગાથામાં શ્રમણ અને બ્રાહ્મણ શબ્દનો ઉલ્લેખ કરી ભારતની બંને વિસ્તીર્ણ સંસ્કૃતિ બ્રાહ્મણ સંસ્કૃતિ તથા શ્રમણ સંસ્કૃતિનો ખ્યાલ આપી વાર્તાલાપનો આરંભ કર્યો છે. બ્રાહ્મણ સંસ્કૃતિ એ ગૃહસ્થ પ્રધાન જીવનની વિવેચના કરે છે. બ્રાહ્મણ સંસ્કૃતિનો ઉદ્દેશ લૌકિક છે. શ્રમણ સંસ્કૃતિનો ઉદ્દેશ લોકોત્તર છે. બંને સંસ્કૃતિને માટે ભગવાન મહાવીરનું જીવનકવન શું છે ? તે પ્રશ્ન ઊભો કરી બ્રાહ્મણ અને શ્રમણ બંનેને એક સાથે સંવાદક બનાવ્યા છે.

તે જ રીતે **सच्चेसु वा अणवज्जं वयंति** આ શબ્દો કેટલા બધા મહત્ત્વપૂર્ણ છે ? કદાચ ધ્યાન ન અપાયું હોય. સત્યના આગ્રહી માણસો ઘણી વખત સત્યની જ હત્યા કરતા હોય છે અને સત્યને જ ખંડિત કરે છે. સત્ય એ સર્વોપરી સિદ્ધાંત નથી પરંતુ નિરવદ્ય સત્ય અર્થાત્ નિષ્પાપ સત્ય તે જ આચરણીય છે. અહીં અનવદ્યશબ્દ અહિંસાનો પડઘો પાડે છે અને એમ કહેવા માંગે છે કે સત્ય અહિંસક જ હોવું જોઈએ. સત્યને નામે બીજાની નિંદા કરનારાઓ ખરેખર જૈનધર્મ ઉપર છરી ચલાવતા હોય છે. ભગવાન મહાવીરનો અનવદ્ય વચન માટે ખૂબ જ પક્ષપાત છે. ગાંધીજીને પણ સત્યના ઉપાસક બન્યા પછી અહિંસાનો સ્વીકાર કરવો પડ્યો. જોકે તેણે અહિંસા અને સત્ય એવા બે શબ્દો વાપર્યા પરંતુ વસ્તુતઃ અહિંસા અને સત્ય એ સિદ્ધાંતો નથી પરંતુ અહિંસાત્મક સત્ય અર્થાત્ અહિંસા એ સત્યનો ગુણાત્મકભાવ છે અને એક સિદ્ધાંત છે. જેમ દૂધમાં સાકર નાંખ્યા પછી દૂધ મીઠું થાય તે રીતે અહિંસા મેળવ્યા પછી જ સત્યની મીઠાશ વધે છે. વળી જુઓ અનવદ્ય શબ્દ એ હિંસાત્મક પાપ ભાવોના અભાવને સૂચવે

છે અને સાથે સાથે ન બોલવા જેવી વાતનો પણ ઈશારો કરે છે અને સત્યમાં પણ સત્ય હકીકત પણ બોલવા જેવી નથી એમ કહેવા માંગે છે.

અમે અહીં ફક્ત પુચ્છિસુણંની એકાદ બે પદોની વ્યાખ્યા કરી છે. આખી વ્યાખ્યા એક ગ્રંથ આકાર બની જાય છે જેથી ટૂંકાવ્યું છે.

જો સૂત્રકૃતાંગ શાસ્ત્રનું આ વીરસ્તુતિ અધ્યયન આટલું મહત્ત્વપૂર્ણ છે અને તે અધ્યયન સૂયગડાંગમાં જ મૂકવામાં આવ્યું છે. આથી પાઠક સમજી શકશે કે સૂયગડાંગ સૂત્ર કેટલું મહત્ત્વપૂર્ણ બની જાય છે.

આ મહાન શાસ્ત્ર બે શ્રુતસ્કંધ અને ૨૩ અધ્યયનોમાં વિસ્તાર પામી ઘણા ભાવોને આવરી લે છે. જેના ઉપર સમગ્ર દષ્ટિએ વ્યાખ્યા કરવી ઘણી જ દુષ્કર છે અને ખૂબ જ વિસ્તાર પામે તેમ છે. બીજા શ્રુતસ્કંધમાં છેલ્લા અધ્યયનમાં નાલંદાનો ઉલ્લેખ કરેલો છે. નાલંદા શબ્દ આવા મહત્ત્વપૂર્ણ શાસ્ત્રમાં અગ્રસ્થાને છે. તેમ બહારના વિદ્વાનો તો ઠીક ઘણા જૈન વિદ્વાનોને પણ ધ્યાનમાં હોય તેમ લાગતું નથી. કેમ જાણે નાલંદા એટલે બૌદ્ધનગરી હોય તેવું સમજાય છે. જ્યારે નાલંદા જૈન શાસ્ત્રમાં મોખરે છે તો તેને લક્ષીને નાલંદા દર્શનને ઉજાગર કરવું બહુ જ જરૂરી છે.

આ રીતે ઐતિહાસિક ભાવો, તે સમયની લોકજીવનની પ્રથાઓ, જૈન સાધુની કસોટી ભરેલો માર્ગ, બિહાર જેવા પ્રાંતોમાં ઉદ્‌ભવેલી અભિનવ ક્રાંતિનું સૂયગડાંગ શાસ્ત્રમાં ફરી દર્શન થાય છે. જે આ શાસ્ત્રના અધ્યયનથી જોવા મળશે.

આ શાસ્ત્રના પ્રકાશન માટે મહામુનિ ત્રિલોકમુનિ મહારાજના સાનિધ્યમાં વિદ્વાન સાધ્વીઓએ ભગીરથ પ્રયાસ કર્યો છે તે બદલ શતઃ શતઃ અભિનંદન પાઠવતાં હર્ષ થાય છે.

**જયંતમુનિ**
**પેટરબાર.**

# સંપાદકીય

**અપૂર્વ શ્રુતઆરાધક ભાવયોગિની**
**બા. બ્ર. પૂ. લીલમબાઈ મ. સ.**

પંચપરમેષ્ટિના પરમ પ્રસાદે પરમકૃપાળુ ગુરુવર્યોના કૃપાબળે, જયંત–ગિરીશ–જનક ગુરુવર્યના માર્ગદર્શને, ત્રિલોક મુનિવર્યની આગમ સમાર્જન શક્તિબળે, પરમ કૃપાળુ શ્રી ગુરુ પ્રાણ જન્મ શતાબ્દીનું નિમિત્ત પામી, સ્વર્ગસ્થ તપ સમ્રાટ પરમ ઉપકારી પ. પૂ. શ્રી રતિલાલજી મહારાજ સાહેબના આશીર્વાદ એવં વરદ હસ્તના સ્પર્શ બળે, સામાજિક શ્રી સંઘની શુભેચ્છા પૂર્વકના સહયોગે અમો શાસન રસિક શ્રી વત્સલ પાઠકગણ સામે બીજું અંગ સૂયગડાંગ સૂત્ર ગુજરાતી અનુવાદ સહિત રજૂ કરીએ છીએ.

પ્રિય પાઠક સાધકવર્ગ જિજ્ઞાસુ !

આ અંગનું સંસ્કૃત નામ છે સૂત્રકૃતાંગ. સૂત્ર = દોરો, કૃત = કરેલો અર્થાત્ પરોવેલો છે ગુણરૂપ દોરો જેણે જ્ઞાનરૂપ સોયમાં પરોવ્યો છે તેવી વ્યક્તિનું અનુસંધાન થશે. પરમાંથી નીકળી સ્વરૂપને સાંધી લે, ભેદરેખાને ભેદી, અભયને, અભેદ્ય કવચ કરી લે તેનું નામ સૂત્રકૃતાંગ.બીજો અર્થ– શ્રુત = સાંભળવું અને કૃત = કરી લેવું કાર્ય. સાંભળ્યું અને જીવનમાં આરાધ્યું છે જેણે તેઓ આવી ગયા ભાનમાં. પ્રાચીન યુગમાં કાન દ્વારા સાંભળીને સમજી ગયા શાનમાં. સ્મૃતિમાં રાખવા માટે કહ્યું છે કે શ્રુતિ–સ્મૃતિ– સાંભળવું અને મનથી એકાગ્ર બની યાદ રાખવું કેવો સુહાવનો સ્થિરતાનો, ધારણાનો યુગ હતો. ખરેખર, પ્રજ્ઞાશીલ મુનિપુંગવો સાંભળે ને યાદ રહી જાય. ધારણા, ધ્યાન ધરી અલૌકિક સમાધિ પ્રાપ્ત કરતાં લોકોત્તર ભાવમાં ઝૂલતા. પૂર્વક્રોડ વર્ષો સુધી જ્ઞાન, ચારિત્રમાં રમતાં, અપ્રમત્ત ભાવે રહેતાં, કાળલબ્ધિ પાકતાં કર્મક્ષય કરી સિદ્ધ થઈ જતા. અર્વાચીન આ કાળમાં શ્રુતિ = સ્મૃતિની મંદતા, મનની અસ્થિરતા, ચક્ષુ અને રસનાની લોલુપતા તથા લપલપિતા વૃદ્ધિ પામતા અર્થાત્ વાંચવાનું અને બોલવાનું વધારે થયું , જેથી શ્રુતિ–સ્મૃતિ ઘટી અને ધ્યાન લુપ્ત થયું. ભીતર ભેદવાની ક્રિયા મટી, ઈતરમાં આત્મા રોકાતો ચાલ્યો અને દુષમ કાળમાં આવી પડ્યો. છતાં ગુરુવર્યોએ જબરજસ્ત

ઉપકાર કર્યો લિપિકાળ લાવી. આગમ લખ્યા અને સાચવ્યા, તો આજે આપણી પાસે આવ્યા, આપણે તો ફક્ત તેમાંથી ઉદઘાટિત કરીને વીરમાર્ગમાં વિરતિની ગોદમાં સમાવવા માટેનો પ્રયત્ન પુરુષાર્થ કરવાનો છે. આજે તો કોમ્પ્યુટર યુગ આવી પહોંચ્યો છે. નાનકડો આ પ્રયત્ન પણ અમારી જેવા સામાન્ય વ્યક્તિને માટે પર્વતનો ભાર ઉપાડવા બરાબર લાગે છે. હતું તેમાંથી જ વાનગી રૂપે નવનીત સર્જાય તેમ આગમ પુસ્તકારૂઢ થઈને આપ સમક્ષ આવે છે. જરૂર આપણને ઉપકારનું નિમિત્ત બનીને ઉપાદાન શુદ્ધ કરાવીને તારશે તેવી ભાવનાથી સહેતુક અલ્પ પ્રયાસ થયો છે.

પ્રસ્તુત સૂત્રમાં દ્રવ્યાનુયોગ મુખ્ય છે. દ્રવ્ય છ છે તેમાં જીવદ્રવ્યની મુખ્યતા છે. જીવદ્રવ્યમાં પણ માનવ પર્યાયનું જીવદ્રવ્ય અત્યંત મહત્ત્વતા ધરાવે છે. આજે પણ ધારે અને ધ્યાનમાં ધરબાઈ જાય તો એકાવતારી બની શકે, આ કલિયુગ પણ સત્યુગ બની શકે તેવો સુઅવસર છે.

આ તો અણખેડેલું જાંગડ વનરાયનું જંગલ છે. વટેમાર્ગુ જંગલને જોઈ ડરી જાય તો પાછો ફરે પણ તે જ નિર્ભય બની અંદર પ્રવેશે તો સુંદર વૃક્ષો, તેના ફળો, માનવ જીવનની પુષ્ટિ દરેક રીતે કરી શકે તેવું છે. નીડર મુસાફર તે પૂરા જંગલને જોઈ બુદ્ધિમત્તા પૂર્વક તેનું વર્ગીકરણ કરે તો જંગલને મંગલ મહા ઉદ્યાનના રૂપમાં બનાવી શકે. જિંદગીભર સુખી થાય અને સર્વ મુસાફરો માટે વિશ્રાંતિ ગૃહ બનાવી દે. તેવી જ રીતે આ સૂત્રમાં માનવોની ખોપડીમાં ભરેલા કર્મના કઠિનતમ ભાવો અજ્ઞાનદશાના ઓળાઓ ઉતરેલ છે, તેઓનું જીવન જંગલ જેવું બન્યું છે. તેઓ માટે વીતરાગ પરમાત્માએ સ્વરૂપમાં પ્રવેશ કરી આપ્ત પુરુષ બની આગમનું આરામગૃહ આપણને અર્પણ કર્યું છે. સાવધાન બનો તો તમારું જીવન જંગલમાંથી નીકળી આરામગૃહ બની જશે. આ "આગમ" ફક્ત આદર્શ નમૂનો છે તમારે તેમ કરી તરવાનું છે. તો ચાલો ખોલીએ "આગમ" સૂયગડાંગ સૂત્ર. પહેલો જ અભ્યાસ, સમય નામનો છે. સમય = શિક્ષા, શાસન, ભેદવિજ્ઞાન. પહેલી ગાથામાં ઉપદેશ આપ્યો–**बुज्झति तिउट्टिज्जा** બોધ પામો, બંધન તોડો. સ્વમાં વસો પરથી ખસો. જેને તમે જુઓ છો ઘઠારો છો મઠારો છો તે તમે નથી. બહારથી અંદર આવો પુરુષાર્થ ઉપાડો અંદર આવવા માટે. વચ્ચે કર્મોના થરના થર જામી ગયા છે તેને વિદારી નાંખો, ઉખેડી નાંખો. "વૈતાલીય" છૂટું પાડો, છૂટું પાડવા તમારા આચરણનાં સાધનો લાવો. દસ પ્રકારની સમાચારીથી કુડા કચરા કાઢો.

તમે અનાસક્ત અપ્રમત્ત યોગી થઈ રત્નત્રયના સાથીદારોની સાથે જયણાના તથા પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિના સાધનો લઈને કષાયોને બહાર કાઢો કારણ કે તેઓ રાજ્ય જમાવીને તમોને ડરાવે છે તો કાયર ન બનતાં કર્મ સંગ્રામ તેની સાથે ખેલો. ત્યાં વિષયરૂપી વિષધરો બેઠા હોય તેને શૂરવીરતા પૂર્વક લલકારો પરંતુ રણના મોરચે ગયા પછી પાછા ડગ ન માંડો તે જ જંગલ તમારું મંગલ કરશે. મંગલ ભાવોને વરવા માટે વચ્ચે આવતા "ઉપસર્ગો" ની સામે થઈ વિજય પ્રાપ્ત કરવાનો છે. ઉપસર્ગ માત્ર કર્મનો યોગ છે. તેનું જ્ઞાન કરો. સહનશીલતા કેળવો જુદા જુદા મોહરાજાના તરંગોને ધારણ કરી પાસંડીઓ, સ્વજન, પરિજન તમને સાધક ભાવમાંથી ડગાવી બાધક બનાવશે, તમે ચલાયમાન થશો તો કાયર, માયકાંગલા કહેવાશો, કર્મ વિદારવા માટે શૂરવીરતા, વીરરસ પૂર્ણ જરૂરી છે. વીરરસ પૂર્વક આગળ વધશો અને જગતની સામે જોવાનું કામ કરશો તો દેખાશે તમારી સામે પુદગ્લના જથ્થાના જથ્થા સંયોગ સંબંધથી જોડાયેલા નર નારીના રૂપમાં ગોઠવાયેલા અવયવોના અંગ–ઉપાંગ રૂપે રચાયેલા પુદ્‌ગલના પુતળાઓ તેમાં જીવ રહીને નારીના રૂપમાં ગોઠવાયેલો આત્મા આકર્ષણ કરશે અને નરના રૂપમાં ગોઠવાયેલો પુરુષ આક્રમણ કરશે તેથી જ કહ્યું છે કે તું "ઈત્થિ પરિજ્ઞા" આ સ્ત્રીના પુદ્‌ગલનું પૂર્ણ જ્ઞાન કર. સ્ત્રી માત્ર કે પુરુષ માત્ર મોહરાજાથી બંધાયેલો હોવાથી સ્વજાતીય, વિજાતીય સંબંધથી બંધાઈને રાગ, દ્વેષથી ચીકણાં કર્મો બાંધીને પરિભ્રમણ કરે છે, તેવા કર્મ બંધાઈ ન જાય માટે ચારે ય બાજુથી પરિજ્ઞા કરી પ્રજ્ઞા વિશાળતા કેળવજે. નહીં તો પુદ્‌ગલથી રચાયેલા માંસના ગૂંમડાઓમાં ગૂમરાહ થઈ જવાશે, જંગલની ગલીમાં ભૂલા પડીજવાશે. સ્વભાન ભૂલી ભ્રાંતિમાં ભરમાઈ જવાશે અને આ માર્ગે ચડી ગયા પછી નરકના મહેમાન બની જવાશે. તેથી સ્ત્રીના લટ્ટુ બનેલા સાધુને સાવધાન કરી પ્રભુએ પાંચમું અધ્યયન "નરક વિભક્તિ"નું આપ્યું. વિભાજન કરો, વિપરીતતામાં વિકૃતિ આવે છે તે વિકૃતિથી બચી વીર–મહાવીર બનો તેથી પૂર્ણ રૂપે પ્રભુતા પ્રગટાવવા શાસનપતિ જિનેશ્વર કેમ થયા તેનું વર્ણન કરી "વીરસ્તુતિ" નામનું અધ્યયન આપ્યું. ઉપમાદિ અલંકારો દ્વારા અશુદ્ધ લેશ્યામાંથી શુદ્ધ લેશ્યામાં કેમ આવવું તેવું અનુત્તર જ્ઞાન આપ્યું. ત્રણ યોગને કેળવવા માટે "કુશીલપરિભાષા" નામના અધ્યયનથી સુશીલતાનો ઉપદેશ આપ્યો. ત્યાર પછી વીર્યનું વહેણ અધોગતિ તરફ ન વહે તેને ઊર્ધ્વગામી બનાવવા "વીર્ય" અધ્યયનથી બોધિત કર્યા. 'ધર્મ' નામના અધ્યયનથી સાધકની તાકાતને ધારી રાખવાનું લક્ષ્ય કરાવી 'સમાધિ' પ્રાપ્ત કરવાની રીત બતાવી,

ઉન્માર્ગમાં ચાલ્યા ન જવાય અને સન્માર્ગે આગળ વધવા 'માર્ગ' નામનું અધ્યયન પ્રરૂપ્યું. કેવળ ક્રિયાથી કે કેવળ અક્રિયાથી કેવળ અજ્ઞાનથી કે કેવળ વિનયથી મોક્ષ થતો નથી પરંતુ ચારેયનો "સમવસરણ" અર્થાત્ સમન્વય થાય તો જ મોક્ષ થાય છે તેથી આત્મસિદ્ધિ હસ્તગત કરવા પર પાસંડથી બચવાનો "યથાતથ્ય" શસ્ત્ર સાધકના કલ્યાણકર કમળમાં અર્પણ કર્યું. આ જ શસ્ત્રથી સંગ્રામ ખેલો અનાદિની રાગદ્વેષની 'ગાંઠ' ને ભેદી નાખો અને આગેકૂચ કરો. ધારેલા યમ નિયમ ધારણ કરી રાખો તેથી "યમકીય" અધ્યયન ફરમાવ્યું. આ રીતે સફળ સૂકાની બની જાશો તો પૂરું જંગલ મંગલમય મનોરમ્ય મઘમઘતું આત્માનું આરામગૃહ બની જશે પછી ક્ષપક શ્રેણીના ઝુલે ઝુલતા સ્વના સ્વરૂપની મંગલમય "ગાથા" શીખો અને ભવના ભાથા બાંધો. આ રીતે પ્રથમ શ્રુતસ્કંધ પૂર્ણ કરી સ્વરૂપમાં સ્થિત થવાનો ઉપદેશ આપ્યો. આવો સાધક જ્યારે ઉપર ઊઠે છે ત્યારે તેનું 'સૂયગડાંગ' સૂત્રના ભાવ સિદ્ધ પ્રયોગથી પૂર્ણ વીતરાગ થાય છે. આવી શિક્ષાથી ભરપૂર આ સિદ્ધાંત છે.

આ પ્રસ્તુત સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના ૧૬ અધ્યયન છે. જાણે કે સોળ કળાનો ચંદ્ર. કોઈ એક કળા પામે કોઈ બે, તો કોઈ ત્રણ કળા ખોલીને અટકી જાય તો આંતરું ભાંજે નહીં આંતરું ભાંગવા તેમણે સોળે સોળ કલા ખોલવી પડે છે. માટે માનતુંગ સૂરીએ પૂરું સૂયગડાંગ સહિત "દ્વાદશાંગી" ભક્તામર સ્તોત્રમાં સમાવી દીધી તેના સારાંશ રૂપે ચૌદમું ગુણસ્થાન પ્રાપ્ત કરાવનાર પૂર્ણ વીતરાગ કેમ બને છે તે **"संपूर्ण मंडल शशांक कलाकलाप"** શ્લોક–૧૪માં કહી આત્મસ્વરૂપનું પૂર્ણ દર્શન એક જ શ્લોકમાં દર્શાવી દીધું. આ સોળે સોળ અધ્યયન એક, એક કળા રૂપે છે. સંપૂર્ણ દશા તો સોળે સોળ કળામાં જ પૂર્ણ થાય. આત્મા પૂર્ણરૂપે પ્રગટ કરવાની કળા આ સિદ્ધાંતમાં રહેલી છે. તો સાધકવર્ગ ચતુર્વિધ શ્રી સંઘ આત્મસ્વરૂપ પામો.. પામો.. પામો.. તમારું જ છે, તમારા પ્રયત્ને પ્રગટ થશે તેવો પડકાર દેતું આ સિદ્ધાંત તમારા કંઠરૂપ કરમાં ગ્રહણ કરો, લો સ્વીકારો.

આ સૂત્રના અનુવાદિકા છે પ્રવચન પ્રવરા વિદુષી અમારી સુશિષ્યા ઉર્મિલાશ્રી અને તેની સંપાદિકા છે પ્રજ્ઞા પરામર્શિકા સાધ્વીશ્રી સુબોધિકાશ્રી અને સાધ્વી આરતીશ્રી. પરમ ઉપકારી તપોધની તપસ્વીરાજની કૃપાથી શ્રમણી વિદ્યાપીઠના હોંશિયાર વિદ્યાર્થીની થઈ પ્રિય પાત્રી બની રહ્યા હતા. તેઓએ આ સૂત્રનો ગુજરાતી અનુવાદ

કરવાનો પ્રશંસનીય પુરુષાર્થ કર્યો છે. તેનું અમને ગૌરવ છે. અમે મુક્ત–લીલમ ગુરુણી ભાવનાશીલ ભાવે શુભેચ્છા પાઠવીએ છીએ કે આગમ અનુસાર આપ યથાર્થ સાધકદશા કેળવી સ્વરૂપમાં સમાય જવાનો પુરુષાર્થ કરો. પામેલો પમાડી શકે તો સ્વ–પરને સ્વરૂપ પમાડવાનું નિમિત્ત બનો તેવી અંતઃકરણની મંગલ ભાવના.

આ આગમને સુશોભિત બનાવનાર, સુંદર હાર્દના ભાવભરી અલંકૃત કરનાર પૂ. ત્રિલોક મુનિવર્યને શત કોટી વંદના. આ આગમ અવગાહન કરાવનાર સહયોગી દરેક સાધ્વીવૃંદને અનેકશઃ સાધુવાદ.

શ્રમણોપાસક મુકુંદભાઈ, ધીરુભાઈ વગેરેને ધન્યવાદ. પ્રકાશન સમિતિના માનદ શ્રીયુતશ્રી પરમાગમ પ્રત્યે અવિહડ ભક્તિભાવથી ભરેલા ભામાશા રમણિકભાઈ એવં આગમ પ્રકાશન કરવાના અડગ ભેખધારી દઢ સંકલ્પી તપસ્વિની વિજયાબહેન તથા ભક્તિસભર શ્રી માણેકચંદભાઈ શેઠના સુપુત્ર નરબંકા રોયલપાર્ક સ્થા. જૈનસંઘના પ્રમુખશ્રી ચંદ્રકાંતભાઈ તથા કાર્યાન્વિત સર્વ સભ્યગણો, કાર્યકર્તાઓ, મુદ્રણ કરનાર નેહલભાઈ, તેમના પિતાશ્રી હસમુખભાઈ તથા આગમના શ્રુતજ્ઞાનદાતાઓ વગેરેને અભિનંદન સાથે અનેકશઃ ધન્યવાદ.

આ આગમના અનુવાદ, સંશોધન સંપાદનમાં ઉપયોગી થયેલા, પૂર્વ પ્રકાશિત આગમોના પ્રકાશક સંપાદકોને આભારસહ અનેકશઃ સાધુવાદ.

આગમ અવગાહન કરવામાં ઉપયોગ શૂન્યતાના યોગે ત્રુટિ રહી જવા પામી હોય, વીતરાગ વચન વિરુદ્ધ લખાયું કે છપાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડં..

બોધિબીજ દીક્ષા–શિક્ષા દોરે બાંધી, "મુક્ત–લીલમ"તણા તારક થયા,<br>
એવા ગુરુણી "ઉજમ–ફૂલ–અંબામાત" ને વંદન કરું છું ભાવ ભર્યા;<br>
વીતરાગ વચન વિરુદ્ધ લખાયું હોય તો માંગુ પુનઃ પુનઃ ક્ષમાપના,<br>
મંગલ મૈત્રી પ્રમોદ ભાવમાં વહો સહુ, એવી કરું છું વિજ્ઞાપના.

**પ.પૂ. સૌમ્યમૂર્તિ અંબાબાઈ મ.સ.ના**<br>
**સુશિષ્યા – આર્યા લીલમ.**

# સંપાદન અનુભવ

ડૉ. સાધ્વી આરતી તથા સાધ્વી સુબોધિકા

આ જગતમાં લોક અને આત્મા, બંધન અને મુક્તિ વગેરે તાત્ત્વિક વિષયોમાં ભિન્ન ભિન્ન વિચારધારાઓ પ્રવર્તે છે. દર્શન શાસ્ત્રોમાં તે ષટ્દર્શન રૂપે પ્રસિધ્ધ છે.

પ્રત્યેક દર્શનિકોની માન્યતાને જાણ્યા પછી જ સાધક સર્વજ્ઞ વીતરાગી પરમાત્માની વાણીની મહત્તા તથા મૂલ્યને સમજીને પોતાની શ્રધ્ધાને દઢતમ કરી શકે છે. શ્રી સૂયગડાંગ સૂત્રમાં સ્વ સિધ્ધાંતનું દર્શન કરાવતા પહેલાં શાસ્ત્રકારે પરસિધ્ધાંતનો પણ સંકેત કર્યો છે.

આ શાસ્ત્ર પદ્યાત્મક છે. ગાથાઓમાં પ્રત્યેક દર્શનનો સંકેત છે. જેમ કે सरीरस्स विणासेणं विणासो होइ देहिणो... અધ્ય. – ૧/૧. શરીરના વિનાશથી આત્માનો નાશ થાય છે. આ તજ્જીવ તત્શરીરવાદની માન્યતા છે. અમે ષટ્દર્શનના આધારે પ્રત્યેક દાર્શનિકોની માન્યતાનું કથન કર્યું છે અને ત્યાર પછી તે તે માન્યતાઓમાં પ્રતીત થતાં દોષોનું દર્શન કરાવ્યું છે. આ રીતે વાંચકો જૈનદર્શનના અનેકાંતવાદની વિશાળતા અને મહાનતાને સમજી શકે છે. જેમ કે પાંચ ભૂતના સંયોગથી જીવ ઉત્પન્ન થાય છે અને તેના વિનાશથી જીવનો પણ નાશ થાય છે. આ પ્રકારની માન્યતામાં પુણ્ય – પાપ, પરલોક વગેરે ઘટિત થતાં નથી. જો આ પ્રમાણે હોય તો જગતની બધી વ્યવસ્થા, સત્કૃત્યો, ધાર્મિક અનુષ્ઠાનો વગેરે સમાપ્ત થઈ જાય છે. તેથી ઉપરોક્ત માન્યતા યથોચિત નથી.

આ શાસ્ત્રમાં પ્રાયઃ વૈરાગ્ય પ્રેરક, ઉપદેશાત્મક ભાવોથી સભર અધ્યયનો છે.
અધ્ય. – ૨/૨ માં અભિમાન, આસકિત, નિંદા આદિ દુર્ગુણોનો ત્યાગ કરી સમતા આદિ મુનિધર્મનો ઉપદેશ છે. ગાથા – ૧૧ માં સાધુને માટે વંદન – પૂજન આદિ કિચડ સમાન હોવાથી તેનો ત્યાગ કરવાનું કહ્યું છે. આ અધ્યયનની વૃત્તિમાં વૃત્તિકારે એક નવી ગાથાને ઉદ્ધૃત કરી છે. તેનો ઉલ્લેખ આ ગાથાના વિવેચનમાં કર્યો છે. આ ઉદ્ધૃત ગાથા મૌલિક ગાથાના ભાવોની પૂરક જ છે. ક્યારેક ભાષ્ય રૂપે આ પ્રકારની ગાથાઓની રચના થઈ હોય અને કાલક્રમે આવી ગાથાઓને પાઠાંતર કે વાચનાંતર માનવાનું પ્રચલન થઈ ગયું હોય, તેમ લાગે છે. આ રીતે અધ્ય – ૭/૨૭ નો પાઠાંતર પણ વિવેચનમાં આપ્યો છે.

અધ્ય – ૫/૧ નરકવિભક્તિ અધ્યયનમાં નૈરયિકોની વેદના, તે જીવોની પરમાધામી દેવકૃત વેદના વગેરે વિષયોનું વર્ણન ગાથાના શબ્દોના આધારે તેમ જ શ્રી જીવાભિગમ સૂત્ર આદિ અન્ય ગ્રંથોના આધારે કર્યું છે, તેથી વાચકો તે વિષયનું સાંગોપાંગ તાદશ્ય કરી શકે છે.

પ્રત્યેક અધ્યયનના પ્રારંભમાં અધ્યયનનો સંક્ષિપ્ત સાર, તેના પ્રારંભમાં અધ્યયનના નામનો વ્યુત્પત્તિજન્ય અર્થ તથા નિર્યુક્તિ અનુસાર નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવનિક્ષેપથી તે નામનો અર્થ આપ્યો છે. જે વાચકો માટે અધ્યયનના ભાવો સમજવા માટે પૂર્વભૂમિકા રૂપ બની જાય છે.

આ રીતે શાસ્ત્રના ભાવો યથાર્થ રીતે પ્રતીત થાય, શ્રધ્ધા પુષ્ટ થાય અને અમે ચારિત્રમાર્ગમાં પ્રગતિશીલ બને, તે એકમાત્ર લક્ષપૂર્વક સંપાદન કાર્યને સફળ બનાવવા પ્રયત્ન કર્યો છે.

આ કાર્યની સફળતા માટે અનંત ઉપકારી ગુરુવર્યોની કૃપા તથા આગમમનીષી પૂ. ત્રિલોકમુનિ મ.સા.નું સમયોચિત મળતું માર્ગદર્શન અમોને સહાયક બન્યું છે. સહુ ઉપકારી અને સહયોગીઓને અંતઃકરણપૂર્વક પુનઃ પુનઃ વંદન કરી વિરામ પામીએ છીએ.

છદ્મસ્થતાના કારણે જિનવાણીથી ઓછી, અધિક, વિપરીત પ્રરૂપણા થઈ હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

સદા ઋણી માત–તાત **ચંપાબેન-શામળજીભાઈ !**
કર્યું તમે સંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું પૂ. **મુક્ત - લીલમ** ગુરુણીશ્રી !
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુ–ધર્મની મળે એવી કૃપા
શ્રુત **આરતી**એ પામું આત્મદર્શન.

સદા ઋણી માત–તાત **લલિતાબેન-પોપટભાઈ !**
કર્યું તમે સંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું પૂ. **મુક્ત - લીલમ - વીર** ગુરુણીશ્રી !
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુ–ધર્મની મળે એવી કૃપા
શ્રુત **સુબોધે** કરું કષાયોનું શમન.

# અનુવાદિકાની કલમે

– મુક્તલીલમ શિશુ સાધ્વી ઉર્મિલાબાઈ મ.

**हा अणाहो कहं हुंतो जइ न हुंतो जिणागमो ?** જિનેશ્વર પ્રરૂપિત આગમો પ્રત્યે આવો અહોભાવ, બહુમાનભાવ વ્યક્ત કરનાર હતા જૈનાચાર્ય મહાપંડિત શ્રી હરિભદ્રસૂરિ. જેઓ જન્મે બ્રાહ્મણ અને કર્મે જૈન હતા. જેમના રોમેરોમમાં, અણુએ અણુમાં, લોહીના બંદેબુંદમાં જિનાગમો પ્રત્યે આદર, માન અને પૂજ્યભાવ હતો. જેથી એમના અંતઃકરણના ઉદ્‌ગારો સરી પડ્યા કે– હે પ્રભુ ! જો આપના પ્રરૂપિત આ જિનાગમ મને મળ્યા ન હોત તો હું અનાથ બની જાત ! મારું કોઈ રક્ષક ન હોત, મારા આત્મગુણોનું સંરક્ષણ કરનાર કોઈ ન હોત.

હે પ્રભુ ! અનંત અનંત પુણ્યરાશિના ફળ સ્વરૂપે મને જિનાગમની પ્રાપ્તિ થઈ. જેના દ્વારા મને સાધના–આરાધનાનો માર્ગ સાંપડ્યો, ચારિત્રધર્મની મહત્તા સમજાણી, જેમાં દર્શાવેલા વ્રતો–નિયમોના પાલન દ્વારા હું આત્મ ઉત્થાન કરવા તત્પર બન્યો.

અન્ય કુળમાં જન્મેલાને જ્યારે જિનાગમ પ્રાપ્તિનો હૈયે આટલો બધો આનંદ હોય તો જૈનકુળમાં જન્મેલાને જિનાગમ પ્રત્યે કેટલો આનંદ, કેટલો અહોભાવ, કેટલું બહુમાન હોય તે સ્વાભાવિક છે.

વિશ્વના સ્તરે વિચારીએ તો આધ્યાત્મિક ઋદ્ધિની અપેક્ષાએ ભારત ભૂમિ સદૈવ શિરમોર રહી છે. ભારત ભૂમિમાં પ્રચલિત અનેક ધર્મોમાં જૈનધર્મનું સ્થાન સદાકાળ ગૌરવાન્વિત રહ્યું છે. તેમનો સંપૂર્ણ યશ રાગદ્વેષના વિજેતા, સમગ્ર વિશ્વના સંપૂર્ણ દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણનારા, દેવેન્દ્રો વડે પૂજિત અને વાણીના ઈશ આવા ચાર મૂળ અતિશયોના ધારક તીર્થંકર પરમાત્માઓના ફાળે જાય છે.

પરંતુ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન–૧૦, ગાથા–૩૧ માં કહ્યું છે કે– **न हु जिणे अज्ज दिस्सइ, बहुमए दिस्सइ मग्गदेसिए ।** અર્થાત્ આપણા આ ભરત ક્ષેત્રમાં વર્તમાન આ વિષમ અને દુઃષમકાળમાં જિન(જિનેશ્વર) દેખાતા નથી પરંતુ બહુમત વાળા અનેકાન્ત માર્ગના દર્શક અને ઉપદેશકો ઘણા છે. જ્યારે તીર્થંકરો, ગણધરો, મનઃપર્યવજ્ઞાનીઓ કે વિશિષ્ટ અવધિજ્ઞાનીઓ કોઈ હાજર નથી તેવા આ કાળમાં જિનેશ્વરોના આગમો જ આપણા માટે આલંબનભૂત છે. તેથી જ મહાપુરુષો કહી ગયા છે કે–

"કળિકાળે જિનનામ, જિનાગમ ભવિયણકું આધાર" ભવ્યજીવો માટે આ કળિ કાળમાં જિનનામ અને જિનાગમ આ બે જ આધાર છે. જેમણે આત્મકલ્યાણ સાધવું હોય તેમણે આ બંનેનો આશ્રય લેવો જ રહ્યો.

ભારતીય આર્ય સંસ્કૃતિમાં પરાપૂર્વથી આત્મા, ઈશ્વર તથા જગત અને જગતના પદાર્થો સંબંધી વિચારણા રહી છે. પરંતુ સર્વ દર્શનોની એ વિચારણાઓનો મૂળસ્વર તો "અધ્યાત્મ" જ છે. જોકે પ્રત્યેક દર્શનોના પ્રણેતાઓએ 'અધ્યાત્મ' ને લક્ષ્યમાં લઈ શ્રદ્ધા, જ્ઞાન અને આચરણ પર ભાર મૂક્યો છે છતાં પ્રત્યેક દર્શનોની માન્યતાઓમાં ભિન્નતા દષ્ટિગોચર થાય છે.

વૈદિક પરંપરામાં 'વેદ', બૌદ્ધદર્શનમાં 'ત્રિપિટક', ઈસાઈઓમાં 'બાઈબલ', પારસીઓમાં 'અવેસ્તા', મુસ્લિમોમાં 'કુરાને શરીફ' પવિત્ર ધર્મગ્રંથો છે. તેવી જ રીતે જૈનદર્શનના ધર્મગ્રંથને "આગમ" કહેવામાં આવે છે. આપણાં ચોવીશમાં તીર્થંકર ભગવાન મહાવીરની વાણી 'આગમ'માં આજે પણ સુરક્ષિત છે.

સામાન્ય રીતે આગમ બે પ્રકારના છે– (૧) સૂત્રાગમ એટલે સૂત્રરૂપ આગમ અને (૨) અર્થાગમ એટલે અર્થરૂપ આગમ. તીર્થંકર દેવની જનકલ્યાણકારિણી વાણીને તેમના જ શિષ્ય ગણધરો સંકલિત કરીને 'આગમ' અથવા શાસ્ત્રનું રૂપ આપે છે. તેથી જ કહેવાય છે કે–

**अत्थं भासइ अरहा, सुत्तं गंथंति गणहरा निउणा** અર્થાત્ અર્થરૂપ આગમની પ્રરૂપણા અરિહંતો, તીર્થંકરો કરે છે અને સૂત્રરૂપ આગમની રચના નિપુણ(પ્રાજ્ઞ) એવા ગણધરો કરે છે.

જૈનદર્શનની માન્યતાનુસાર આત્માના રાગદ્વેષાદિ વિકારો સાધના દ્વારા દૂર કરી શકાય છે. જ્યારે સમસ્ત વિકારો દૂર થાય ત્યારે આત્માના જ્ઞાન, દર્શન, સુખ, વીર્યાદિ ગુણ સંપૂર્ણપણે પ્રગટ થાય. ગુણોનું સર્વાંગીણ પ્રગટીકરણ એ જ સર્વજ્ઞતા. આવા સર્વજ્ઞપુરુષની વાણીને જ 'આગમ' કહેવાય પરંતુ અહીં આગમનો અર્થ આપ્તપુરુષની વાણી અથવા તત્ત્વજ્ઞાન, આત્મજ્ઞાન તથા આચાર–વ્યવહારનો સમ્યક્ બોધ આપનાર શાસ્ત્ર કે સૂત્ર એવો થાય છે.

પ્રાયઃ કરીને બધા જ સર્વજ્ઞો(કેવળી ભગવંતો)ની વાણીનું સંકલન થતું નથી. તે તો વિખરાયેલા પુષ્પોની જેમ જ હોય છે, પરંતુ વિશિષ્ટ અતિશયસંપન્ન સર્વજ્ઞ કે જે ધર્મતીર્થની સ્થાપના કરે છે, તીર્થ પ્રવર્તાવે છે અને ચતુર્વિધ સંઘના જીવનમાં ધર્મસાધના સ્થાપિત કરે તેઓ તીર્થંકર કહેવાય છે. આવા તીર્થંકરોની વાણી રૂપી પુષ્પો જ્યારે માળારૂપે ગણધરો ગૂંથે છે ત્યારે જ તે આગમનું રૂપ ધારણ કરે છે. તે જ આગમ એટલે કે જિન પ્રવચન(નિર્ગ્રંથ પ્રવચન). આજે આપણા માટે આત્મવિદ્યા તથા મોક્ષવિદ્યાનો મૂળ સ્રોત આગમ છે. આગમને પ્રાચીનતમ ભાષામાં 'ગણિપિટક' પણ કહેવામાં આવે છે.

**આગમનો શાબ્દિક અર્થ :–** આગમ શબ્દ 'આ' ઉપસર્ગ પૂર્વક 'ગમ્' ધાતુથી બનેલો છે. આ = પૂર્ણ અને ગમ્ = ગતિ અથવા પ્રાપ્તિ એટલે કે પૂર્ણગતિ કે પૂર્ણપ્રાપ્તિ એવો અર્થ થાય. પૂર્ણતાની પ્રાપ્તિનો માર્ગ જેમાં પ્રદર્શિત છે તે આગમ. કોઈ સ્થળે ગમ્ ધાતુ જાણવા અર્થમાં વપરાય છે. આ = ચારેબાજુથી, ગમ્ = જાણવું. જેના દ્વારા ચારેબાજુથી જાણવા મળે છે તે આગમ.

શ્રી અનુયોગદ્વાર સૂત્ર તથા વિશેષાવશ્યક ભાષ્યમાં આગમને માટે સૂત્ર, ગ્રંથ, સિદ્ધાંત પ્રવચન,આજ્ઞા, વચન, ઉપદેશ, પ્રજ્ઞાપના આદિ શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

શ્રી તત્ત્વાર્થ ભાષ્યમાં ઉમાસ્વાતિજી મહારાજે શ્રુત, આપ્તવચન, આમ્નાય, ઉપદેશ, ઐતિહ્ય, પ્રવચન અને જિનવચન આદિને આગમ કહ્યું છે. આ રીતે આગમ શબ્દના વિભિન્ન પર્યાયવાચી શબ્દો પ્રચલિત રહ્યા છે.

સામાન્ય રીતે **'सर्वज्ञप्रणीतोपदेशे'** અર્થાત્ આપ્તનું કથન આગમ છે. બીજો

અર્થ એ છે કે જેનાથી પદાર્થોનું જ્ઞાન થાય તે આગમ છે અથવા જેનાથી પદાર્થોનું પરિપૂર્ણતા યુક્ત જ્ઞાન પ્રાપ્ત થાય તે આગમ છે.

**આગમના પ્રકાર :–** 'આગમ'ના મુખ્યતાએ બે પ્રકાર છે. (૧) અંગપ્રવિષ્ટ (૨) અંગબાહ્ય આચારાંગ, સૂત્રકૃતાંગ, સ્થાનાંગ, સમવાયાંગાદિ ૧૧ અંગ સૂત્રોનો સમાવેશ અંગપ્રવિષ્ટમાં થાય છે તથા તે સિવાયના સૂત્રોનો સમાવેશ અંગબાહ્યમાં થાય છે. એટલે કે સર્વ ઉપાંગ સૂત્રો, મૂળ સૂત્રો અને છેદ સૂત્રોનો સમાવેશ અંગબાહ્યમાં થાય છે.

**સૂત્રકૃતાંગ સૂત્ર :–** પ્રસ્તુત આગમ અંગપ્રવિષ્ટ આગમોમાં બીજા નંબરનું આગમ છે.

નિર્યુક્તિકાર આચાર્ય ભદ્રબાહુ સ્વામીએ પ્રસ્તુત આગમ માટે ત્રણ શબ્દોનો પ્રયોગ કર્યો છે તે આ પ્રમાણે– **सूतगडं, सूत्तकडं, सूयगडं चेव गोण्णाइं** અર્થાત્ **सूतगड** = સૂત્રકૃત, **सुत्तकड** = સૂત્રકૃત, **सूयगड** = સૂચાકૃત.

ઉપરોક્ત ત્રણે ય નામોનો અર્થ આ પ્રમાણે કર્યો છે–

**(૧) सूतगड–** આ આગમ ભગવાન મહાવીરથી 'સૂત' એટલે કે ઉત્પન્ન થયેલું છે તથા ગ્રંથ રૂપે ગણધરો દ્વારા કરાયેલું છે તેથી તેનું નામ સૂતકૃત છે.

**(૨) सूत्तकड–** સૂત્રો દ્વારા આમાં તત્ત્વબોધ કરાય છે તેથી તેનું નામ સૂત્રકૃત છે.

**(૩) सूयगड–** આમાં સ્વ અને પર સમયની સૂચના કરવામાં આવી છે તેથી તેનું નામ સૂચાકૃત છે. આ અર્થ કરવામાં દાર્શનિક અંશ વધારે છે.

પ્રસ્તુત સૂત્રકૃતાંગ(સૂયગડાંગ)સૂત્રના બે શ્રુતસ્કંધ છે. પહેલા શ્રુતસ્કંધના ૧૬ અધ્યયનો અને બીજા શ્રુતસ્કંધના ૭ અધ્યયનો છે. સૂયગડાંગ સૂત્ર માત્ર જૈનતત્ત્વ દર્શનનું સૂચક શાસ્ત્ર નથી પરંતુ આત્માની મુક્તિનો માર્ગ પ્રશસ્ત કરનાર મોક્ષશાસ્ત્ર છે. વિશ્વના સર્વ આસ્તિક અથવા આત્મિક દર્શનોનું ચરમ અને પરમ લક્ષ્યબિંદુ મોક્ષ, નિર્વાણ કે પરમપદનું સ્વરૂપ તેમજ સિદ્ધિનો ઉપાય બતાવનાર આગમ છે. આ સૂત્રમાં દર્શનની સાથે જીવનવ્યવહારનો ઉચ્ચ આદર્શ પણ પ્રસ્તુત છે.

આચારાંગ સૂત્રમાં આચારની પ્રધાનતા અને વિચારની ગૌણતા છે, તો

સૂયગડાંગ સૂત્રમાં વિચાર અને આચાર બંનેની પ્રધાનતા છે. જૈનદર્શન અનેકાંતના પાયા પર અડીખમ ઊભુ છે. તેથી વિચાર અને આચારનો સુંદર સમન્વય કરવો એ જ જૈનદર્શનનું મુખ્ય ધ્યેય રહ્યું છે.

જોકે આચારાંગ સૂત્રમાં પણ પરમતનું ખંડન સૂક્ષ્મરૂપમાં છે છતાં આચારની જ તેમાં પ્રબળતા છે. જ્યારે સૂયગડાંગમાં કેટલાંક અધ્યયનમાં પરમતનું મંતવ્ય અને સ્વમતનું સ્વરૂપ છે અને કેટલાંક અધ્યયનમાં સંયમાચારનો ઉપદેશ છે.

સૂયગડાંગ સૂત્રમાં સ્વસમય અને પરસમયનું વર્ણન છે. વૃત્તિકારો કહે છે કે આમાં ૩૬૩ પાસંડી મતોનું નિરાસન કરવામાં આવ્યું છે. સમવાયાંગ સૂત્રમાં સૂયગડાંગ સૂત્રનો પરિચય આપતા કહ્યું છે કે, 'તેમાં સ્વસમય, પરસમય તથા જીવાજીવાદિ નવ તત્ત્વોના વિષયમાં કથન કરવામાં આવ્યું છે તેમજ ૧૮૦ ક્રિયાવાદી, ૮૪ અક્રિયાવાદી, ૬૭ અજ્ઞાનવાદી તથા ૩૨ વિનયવાદી કુલ ૩૬૩ અન્યમતોની પરિચર્ચા કરી છે.

નંદી સૂત્રમાં કહ્યું છે કે સૂયગડાંગ સૂત્રમાં લોક, અલોક, જીવ, અજીવ આદિનું નિરૂપણ છે તથા પાસંડી મતોનું નિરાસન છે. દિગમ્બર પરંપરા માન્ય ગ્રંથ રાજવાર્તિક અનુસાર સૂયગડાંગમાં જ્ઞાન, વિનય, કલ્પ, અકલ્પ, વ્યવહાર, ધર્મ તેમજ વિભિન્ન ક્રિયાઓનું પણ નિરૂપણ છે.

સૂયગડાંગ સૂત્રમાં પરમત નિરાસન અને સ્વમત મંડન વધારે પ્રમાણમાં હોવાથી સૂયગડાંગની તુલના બૌદ્ધ પરંપરા માન્ય **अभिधम्म पिटक** સાથે કરવામાં આવી છે. જેમાં બુદ્ધે પોતાના યુગમાં પ્રચલિત ૬૨ મતોનું પ્રસંગોપાત નિરાસન કરીને પોતાના મતની સ્થાપના કરી છે.

પ્રસ્તુત સૂત્રની પદસંખ્યા ૩૬ હજાર બતાવવામાં આવી છે. તેના બે શ્રુતસ્કંધ છે તેમાંથી સંપૂર્ણ પ્રથમ શ્રુતસ્કંધ તથા બીજા શ્રુતસ્કંધના પાંચમાં, છઠ્ઠા અધ્યયનની રચના પદ્યશૈલીમાં છે તથા બીજા શ્રુતસ્કંધના પહેલા, બીજા, ત્રીજા, ચોથા અને સાતમા અધ્યયનની રચના ગદ્યશૈલીમાં છે.

દર્શન શાસ્ત્રનું લક્ષ્ય છે જીવ અને જગતના વિષયમાં વિચાર અને વિવેચના કરવી. ભારતીય દર્શનોમાં વૈદિકદર્શન(સાંખ્ય, યોગ, વૈશેષિક–ન્યાય, મીમાંસક અને વેદાંત) તથા અવૈદિકદર્શન(જૈન, બૌદ્ધ, ચાર્વાક)નું ચિંતન મુખ્યતયા ત્રણ આધાર પર

હોય છે.

૧. આત્મસ્વરૂપની વિચારણા.

૨. ઈશ્વરસત્તા વિષયક ધારણા.

૩. લોકસત્તા(જગતસ્વરૂપ)ની વિચારણા.

દર્શનશાસ્ત્ર દ્વારા વિવેચિત ઉપરોક્ત તત્ત્વોનું આચરણ કરવું તે ધર્મનું ક્ષેત્ર છે. આત્માના સુખ–દુઃખ, બંધન–મુક્તિના કારણોની શોધ દર્શન કરે છે પરંતુ તે કારણો પર વિચાર કરીને દુઃખમુક્તિ અને સુખપ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો તે ધર્મક્ષેત્રનું કાર્ય છે.

**દર્શન અને ધર્મનો સંગમ :–** ૩૬ હજાર પદપ્રમાણ આ સૂત્રના સમગ્ર પ્રતિપાદ્ય વિષયોના સાર અને નવનીત રૂપે આ સૂત્રની પ્રથમ ગાથા કહી છે–

**बुज्झिज्ज तिउट्टेज्जा, बंधणं परिजाणिया ।**
**किमाह बंधणं वीरो ? किं वा जाणं तिउट्टइ ॥**

અર્થાત્ બંધનના કારણોની સમગ્ર પરિચર્યા પછી બંધન–મુક્તિની પ્રક્રિયા, પદ્ધતિ અને સાધના પર વિશદ ચિંતન પ્રકાશિત કરવાનો સંકલ્પ ઉપરોક્ત ગાથાના પહેલા જ ચરણમાં વ્યક્ત થઈ ગયો છે અર્થાત્ સૂત્રકૃતાંગનું સંપૂર્ણ કલેવર ૩૬ હજાર પદ પરિમાણ વિસ્તાર એ આ પ્રથમ ગાથાનું જ મહાભાષ્ય હોય તેમ લાગે. પ્રથમ શ્રુતસ્કંધની ગાથાઓ તો સાર ભરપૂર સુભાષિત જેવી છે. કોઈ કોઈ ગાથાના તો ચારે ચાર ચરણ સુભાષિત જેવા લાગે છે. તેની શબ્દ રચના સશક્ત, અર્થપૂર્ણ અને કર્ણપ્રિય છે. પહેલા શ્રુતસ્કંધમાં પરવાદી દર્શનોની જે ચર્ચા કરવામાં આવી છે તેનો વિસ્તાર, બીજા શ્રુતતસ્કંધમાં વિવિધ ઉપનયો અને દષ્ટાંતો દ્વારા પરસિદ્ધાંતનું નિરાસન અને સ્વસિદ્ધાંતના મંડન રૂપે કરવામાં આવ્યો છે.

વાસ્તવમાં પ્રથમ શ્રુતસ્કંધ જ્યાં તર્કવિતર્કપ્રધાન ચર્ચાઓનું કેન્દ્ર છે જ્યારે બીજા શ્રુતસ્કંધમાં તર્કની સાથોસાથ શ્રદ્ધાનું સુંદર સામંજસ્ય પ્રગટ થયું છે. આ રીતે બીજો શ્રુતસ્કંધ પ્રથમ શ્રુતસ્કંધનો પૂરક જ નહિ પરંતુ કંઈક વિશેષ પણ છે, તેમાં નવીનતા પ્રતીત થાય છે. બીજો શ્રુતસ્કંધ અનુદ્‌ઘાટિત અર્થોનો ઉદ્‌ઘાટક પણ છે.

## સૂયગડાંગ સૂત્રની વિષયવસ્તુ :-

**અધ્યયન (૧) સમય–** તેમાં પરિગ્રહ, બંધ અને હિંસાને વેરવૃત્તિનું કારણ બતાવીને પરવાદીઓનો પરિચય આપવામાં આવ્યો છે તથા તેમાં ભૂતવાદ, આત્માદ્વૈતવાદ, એકાત્મવાદ, અકારકવાદ, ક્રિયાવાદ, નિયતિવાદ આદિનો પરિચય આપીને તેનું નિરાસન કર્યું છે.

**અધ્યયન (૨) વૈતાલિક–** પરિવારિક મોહથી નિવૃત્તિ, પરીષહ જય, કષાય–વિજય આદિનો ઉપદેશ આપ્યો છે અને સૂર્યાસ્ત પછી સાધકને વિહાર કરવાનો નિષેધ કર્યો છે તથા કામ, મોહથી નિવૃત્ત થઈને આત્મભાવમાં રમણ કરી કર્મવિદારણનો ઉપદેશ આપવામાં આવ્યો છે.

**અધ્યયન (૩) ઉપસર્ગ–** અનુકૂળ અને પ્રતિકૂળ પરીષહનું વર્ણન કરીને પ્રતિકૂળની અપેક્ષાએ અનુકૂળ પરીષહને ભયાવહ બતાવ્યા છે. અંતે 'ગ્લાનસેવા' અને 'ઉપસર્ગ સહન' કરવા પર ભાર મૂક્યો છે.

**અધ્યયન (૪) સ્ત્રી પરિજ્ઞા–** સ્ત્રી સંબંધી પરીષહોને સહન કરવાનો ઉપદેશ આપ્યો છે. તેમાં સ્ત્રીસંસર્ગથી શીલભ્રષ્ટ સાધકની દશાનું વર્ણન કરીને સ્ત્રી સહવાસથી દૂર રહેવાની પ્રેરણા આપવામાં આવી છે.

**અધ્યયન (૫) નરકવિભક્તિ–** નરકમાં જીવો(નારકીઓ)ને ભોગવવા પડતા ભયંકર કષ્ટોનું વર્ણન કર્યું છે. જૈન, બૌદ્ધ અને વૈદિક ત્રણે ય પરંપરાઓમાં નરકોનું વર્ણન છે. યોગસૂત્રના વ્યાસ ભાષ્યમાં સાત મહાનરકોનું વર્ણન છે, ભાગવતમાં ૨૮ નરક બતાવેલ છે, બૌદ્ધ ગ્રંથ સુતનિપાતના 'કોકાલિય' નામના સુત્તમાં નરકોનું વર્ણન છે. આ વર્ણન પ્રસ્તુત અધ્યયન સાથે સામ્યતા ધરાવે છે.

**અધ્યયન (૬) વીરસ્તુતિ–** ભગવાન મહાવીરની સ્તુતિ વિવિધ ઉપમાઓ આપીને કરવામાં આવી છે. ભગવાન મહાવીરની આ સૌથી પ્રાચીન સ્તુતિ છે. તેમાં ભગવંતના ગુણોનું હૃદયગ્રાહી વર્ણન છે. જેમ હાથીઓમાં ઐરાવતહાથી, મૃગો (પશુઓ)માં સિંહ, નદીઓમાં ગંગા અને પક્ષીઓમાં ગરુડ આદિ અનેક ઉપમાઓ આપીને ભગવાન મહાવીરને લોકમાં સર્વોત્તમ બતાવ્યા છે.

**અધ્યયન (૭) કુશીલ–** શીલ, અશીલ અને કુશીલતાનું વર્ણન છે. કુશીલનો અર્થ–અનુપયુક્ત અથવા અનુચિત્ત વ્યવહારવાળો છે. જે સાધક અસંયમી છે, જેમનો આચાર વિશુદ્ધ નથી, તેઓનો પરિચય આ અધ્યયનમાં આપ્યો છે. અહીં ત્રણ પ્રકારના કુશીલોની પણ ચર્ચા કરી છે.

**૧– आहार संपज्जण**– આહારમાં સ્વાદ ઉત્પન્ન કરનાર મીઠું આદિના ત્યાગથી મોક્ષ માનનારા.

**૨– सीओदगसेवण**– ઠંડા પાણીના સેવનથી મોક્ષ માનનારા.

**૩– एतेण एगे**– અગ્નિના સ્પર્શથી મુક્તિ માનનારા.

શાસ્ત્રકારે ઉપરોક્ત ઉદાહરણો આપીને તેનું ખંડન કરતા કહ્યું છે કે રાગદ્વેષ, કામ, ક્રોધ અને લોભાદિનો અંત કરનાર જ મોક્ષ પ્રાપ્ત કરે છે.

**અધ્યયન (૮) વીર્ય–** સૂત્રકારે અકર્મવીર્ય–પંડિતવીર્ય અને કર્મવીર્ય– બાલવીર્ય આ બે પ્રકાર દર્શાવ્યા છે. અકર્મવીર્યમાં સંયમની પ્રધાનતા હોય છે, પંડિતવીર્યને મુક્તિનું કારણ કહ્યું છે.

**અધ્યનન (૯) ધર્મ–** ભગવાન મહાવીરે બતાવેલા ધર્મનું નિરૂપણ છે. નિર્યુક્તિકારે કુલધર્મ, નગરધર્મ, રાષ્ટ્રધર્મ, ગણધર્મ, સંઘધર્મ, પાસંડધર્મ, શ્રુતધર્મ, ચારિત્રધર્મ, ગૃહસ્થધર્મ આદિ અનેક રૂપે ધર્મ શબ્દનો પ્રયોગ કર્યો છે. મુખ્યરૂપે ધર્મ બે પ્રકારનો છે. (૧) લૌકિક ધર્મ (૨) લોકોત્તર ધર્મ. આ અધ્યયનમાં લોકોત્તર ધર્મનું નિરૂપણ છે.

**અધ્યયન (૧૦) સમાધિ–** સમાધિનો અર્થ, તુષ્ટિ–સંતોષ, પ્રમોદ, આનંદ છે. તેમાં ૧–ભાવ, ૨–શ્રુત, ૩–દર્શન, ૪–આચાર. આ ચાર સમાધિનું વર્ણન કરવામાં આવ્યું છે.

**અધ્યયન (૧૧) માર્ગ–** આ સમાધિ માટે સાધકે જ્ઞાન, દર્શન, ચારિત્ર તથા તપમાર્ગનું આચરણ કરવું જોઈએ. એવો ઉપદેશ આપ્યો છે.

**અધ્યયન (૧૨) સમવસરણ–** અક્રિયાવાદી, ક્રિયાવાદી, અજ્ઞાનવાદી તથા વિનયવાદી આ ચાર સમવસરણોનું વર્ણન છે.

**અધ્યયન (૧૩) યથાતથ્ય–** કહ્યું છે કે મદરહિત સાધના કરનાર સાધક જ સાચો જ્ઞાની અને મોક્ષગામી છે.

**અધ્યયન (૧૪) ગ્રંથ–** બતાવ્યું છે કે સાધકને માટે ગુરુજનની નિકટતા સૌપ્રથમ જરૂરી છે. સાધનાના મુખ્ય ચાર અંગ અપરિગ્રહ, બ્રહ્મચર્ય, આજ્ઞાપાલન અને અપ્રમાદ છે. સાધકે આ સદ્‌ગુણોનું આચરણ કરવું જોઈએ.

**અધ્યયન (૧૫) આદાનીય–** સંયમ અને મોક્ષમાર્ગની સાધનાનું સુપરિણામ બતાવ્યું છે. આ અધ્યયનમાં યમક અલંકારનો પ્રયોગ થયો હોવાથી આ અધ્યયનનું બીજું નામ 'યમકીય' પણ છે.

**અધ્યયન (૧૬) ગાથા–** આ અધ્યયનનો અર્થ કરતા નિર્યુક્તિકારે કહ્યું છે કે– જે મધુરતાથી ગાઈ શકાય છે તે ગાથા છે. જેમાં અર્થની બહુલતા હોય, તે ગાથા છે અથવા છંદ દ્વારા જેની રચના કે યોજના કરાઈ છે તે ગાથા છે. આ અધ્યયનમાં સાધુના (૧) માહણ (૨) શ્રમણ (૩) ભિક્ષુ અને (૪) નિર્ગ્રંથ. આ ચાર નામો આપીને તેની વ્યાખ્યા કરવામાં આવી છે.

આ ૧૬ અધ્યયનોથી પ્રથમ શ્રુતસ્કંધ સંપૂર્ણ થાય છે. બીજા શ્રુતસ્કંધના સાત અધ્યયનોનો પરિચય બીજા ભાગમાં આપવામાં આવશે.

આ રીતે આ સૂત્રમાં મહત્ત્વપૂર્ણ દાર્શનિક ચર્ચાઓ થઈ છે. તેની સાથે જ આધ્યાત્મિક સિદ્ધાંતો જીવનમાં વણી, અન્યમતોનો ત્યાગ કરી શુદ્ધ સાધ્વાચારના પાલનની પ્રેરણા પણ આપી છે.

અંગ સૂત્રોમાં સૂયગડાંગની મહનીયતાનું આ મુખ્ય કારણ છે કે આ એકમાત્ર એવું આગમ છે જેમાં પરમતદાર્શનિક–ભૌતિકવાદી, ક્ષણિકવાદી, તજ્જીવ–તત્‌શરીરવાદી આદિનું પણ વર્ણન કરવામાં આવ્યું છે. આ વાદોનું મૂળ આગમમાં ક્યાંય નામ પણ આવતું નથી. અંતે એટલું જ કહી શકાય કે સૂયગડાંગ સૂત્રને સાંગોપાંગ સમજવા માટે ન્યાયશાસ્ત્રનો અભ્યાસ અત્યંત જરૂરી છે. નવ્યન્યાય અને જૈનન્યાય બંનેનો અભ્યાસ સૂયગડાંગ સૂત્રની ગહનતાને સરળ તથા અવગાહ્ય બનાવી શકે.

શ્રી સૂયગડાંગ સૂત્ર જેવા દર્શનશાસ્ત્રને સંપૂર્ણપણે પોતાનામાં આવરી લેતા

આગમના અનુવાદનું કામ સોંપવા માટે પૂજ્ય ગુરુભગવંતો તથા ગુરુણીમૈયાઓએ મારી પસંદગી કરી તે બદલ હું મારી જાતને ધન્ય માનું છું.

જોકે તીર્થંકર કથિત, ગણધર રચિત, ગહન, અર્થપૂર્ણભાવોથી ભરપૂર આગમને યથાર્થ રૂપે સમજવા તેમના ભાવોને પામવા કે અનુવાદ કરી ગુર્જરી ભાષામાં રૂપાંતરિત કરવામાં હું અલ્પમતિ ઘણી જ નાની પડું, મારી બુદ્ધિ ટુંકી પડે, મારો જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ વામણો જ પૂરવાર થાય, છતાં ગુરુજનોનું સોંપેલું કામ પૂર્ણ કરવાનો મેં પ્રયાસમાત્ર કર્યો છે.

વર્તમાને ગૌરવવંતા ગોંડલ સંપ્રદાયના ઉપલક્ષ્યે એક ભગીરથ જ્ઞાનયજ્ઞ આરંભાયો છે. ગોંડલ ગચ્છના ધબકતા પ્રાણ સમા સૌરાષ્ટ્ર કેસરી, સમન્વયકારી સંતરત્ન પૂજ્યપાદ ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા.ની જન્મશતાબ્દી વર્ષ નિમિત્તે આ ભગીરથ જ્ઞાનયજ્ઞના મંડાણ થયા.

મમ અનંત ઉપકારી, સંયમદાતા, તપસમ્રાટ, પૂજ્યપાદ ગુરુભગવંત સ્વ. પૂ. રતિલાલજી મ.સા., ગુજરાત કેસરી વાણીભૂષણ પૂજ્યપાદ ગુરુભગવંત ગિરીશમુનિ મ.સા. આદિ સંતોની પાવન નિશ્રામાં, તેઓશ્રીની પ્રેરણા, માર્ગદર્શન તથા સાથ સહકારથી આ મહાન કાર્યનો દઢ સંકલ્પ થયો.

આ દઢ સંકલ્પધારી, ઉદારતા, વિશાળતા અને ગંભીરતાના ત્રિવેણી સંગમ સમા વિશાળ પરિવાર ધારક મમ ઉપકારી ગુરુણીમૈયા પૂજ્યવરા મુક્તાબાઈ મહાસતીજી તથા સિદ્ધાંતનિષ્ઠ, સતત ક્રિયાશીલ, વાત્સલ્યમૂર્તિ શિષ્યાવૃંદના લાડીલા મમ ગુરુણીમૈયા પૂજ્ય "સાહેબજી"(લીલમબાઈ મહાસતીજી) તથા આગમ પ્રકાશન માટે ભેખ ધરનારા, ધરખમ પુરુષાર્થ કરનારા મમ વડીલ ગુરુભગિની પૂજ્ય ઉષાબાઈ મ.સ. તથા તેમના પ્રેરણાબળે આ ભગીરથ કાર્યને સહર્ષ વધાવી લઈ, ત્રિયોગથી સાથ સહકાર આપનાર સમસ્ત 'મુક્તલીલમ' પરિવાર ! કોના કોના નામ લખું ? સર્વ સાધ્વીવૃંદના હૈયાનો એક જ નાદ સંભળાય છે કે "ગુરુપ્રાણના નામે આગમ પ્રકાશન થાય."

બહોળા પરિવારના સર્વ સાધ્વીજીઓની યોગ્યતા અનુસાર સિદ્ધાંતોની સોંપણી થઈ, સૌ કામે લાગ્યા, અનુવાદ થવા લાગ્યા પરંતુ સૌથી મહત્વનું કાર્ય છે સંપાદન કાર્ય ! આગમો માટે સંપૂર્ણ સંયમી જીવન સમર્પિત કરી દેનાર, અપ્રમત્તભાવે, અપૂર્વ

ઉલ્લાસભાવ સાથે આગમ અનુવાદ લખાણને અત્યંત ઝીણવટપૂર્વક સાદ્યંત તપાસીને પરિમાર્જન કરી આપનાર આગમમનીષી પૂજ્યપાદ ત્રિલોકમુનિ મ. સા. આ મહત્વનું કાર્ય સંભાળી રહ્યા છે. તેના સહયોગ માટે ડો.સાધ્વી આરતીબાઈ મ. અને સાધ્વી સુબોધિકાજી મ. સંશોધનમાં પૂર્ણ રૂપે જોડાઈ રહેલ છે.

આગમ પ્રકાશનના આ મહાન કાર્યમાં સૌ પોતાના સમયનો મહત્તમ ફાળો આપી રહ્યા છે. ખૂબ જ વ્યવસ્થિતપણે સર્વ આયોજન થઈ રહ્યા છે. પૂ. મુક્ત લીલમ ગુરુણીમૈયાના અંતઃકરણની ભાવના સાકાર થઈ રહી છે. શ્રી રોયલપાર્ક સ્થા. જૈન સંઘ, રાજકોટ આ બીડું ઝડપી સુંદર કાર્ય કરી રહેલ છે. આગમને પ્રકાશમાં લાવનાર શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન, પ્રકાશન સમિતિના માનદ સભ્યોશ્રી તથા સર્વ પ્રકાશન કાર્યને પ્રમુખરૂપે વહન કરનાર શ્રી રોયલપાર્ક સ્થાનકવાસી જૈન મોટાસંઘના પ્રમુખશ્રી ચંદ્રકાંતભાઈ માણેકચંદ શેઠ ધન્યવાદને પાત્ર છે.

આ બૃહદ કાર્યમાં શ્રી સૂયગડાંગ સૂત્રના અનુવાદનું કાર્ય તો આંશિક છે, જે મને સોંપવામાં આવ્યું હતું. હું આ તકે મમ ઉપકારી ગુરુભગવંતો, ગુરુણીદેવો, ગુરુબહેનો, સાથી સહકારીઓ, સર્વ નામી–અનામી વ્યક્તિઓનો ઉપકાર માનું છું. જોકે અનુવાદકર્તા તરીકે હું તો માત્ર નિમિત્ત છું. આ બધો યશ મારા વડીલોના ફાળે જ જાય છે.

"ઈમારતની નકશી કરતાં, પાયાના પથ્થરને પિછાણો,
શાહજહાંના તાજ કરતાં, આરસ કંડારનાર શિલ્પીને જાણો,
'ગુરુપ્રાણ' નામે રતિગિરી, હસુગુરુની પ્રેરણા જાણો,
મારું આમાં કશું નથી, 'મુક્તલીલમ'ના જ્ઞાનવૈભવને માણો."

પ્રાંતે "સૂયગડાંગ સૂત્રના અનુવાદ કાર્યમાં છદ્મસ્થ દશાના કારણે જિનાજ્ઞા વિરુદ્ધ કંઈપણ લખાયું હોય તો અરિહંત, સિદ્ધ, કેવળી ભગવંતો તથા ગુરુવર્યોની સાક્ષીએ ત્રિકરણ ત્રિયોગે મિચ્છામિ દુક્કડમ્.......

**મુક્ત–લીલમ શિશુ–સાધ્વી ઉર્મિલા.**

# ૩૨ અસ્વાધ્યાય

## શાસ્ત્રના મૂળપાઠ સંબંધી

| ક્રમ | વિષય | અસ્વાધ્યાય કાલ |
|---|---|---|
| | **આકાશસંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧ | આકાશમાંથી મોટો તારો ખરતો દેખાય | એક પ્રહર |
| ૨ | દિગ્દાહ–કોઈ દિશામાં આગ જેવું દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૩ | અકાલમાં મેઘગર્જના થાય [વર્ષાઋતુ સિવાય] | બે પ્રહર |
| ૪ | અકાલમાં વીજળી ચમકે [વર્ષાઋતુ સિવાય] | એક પ્રહર |
| ૫ | આકાશમાં ઘોરગર્જના અને કડાકા થાય | આઠ પ્રહર |
| ૬ | શુક્લપક્ષની ૧, ૨, ૩ની રાત્રિ | એક પ્રહર |
| ૭ | આકાશમાં વીજળી વગેરેથી યક્ષનું ચિહ્ન દેખાય | જ્યાં સુધી દેખાય ત્યાં સુધી |
| ૮ | કરા પડે | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૯ | ધુમ્મસ | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૦ | આકાશ ધૂળ–રજથી આચ્છાદિત થાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| | **ઔદારિક શરીર સંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧૧ | તિર્યંચ, મનુષ્યના હાડકાં બળ્યા, ધોવાયા વિના હોય, | ૧૨ વર્ષ |
| ૧૨–૧૩ | તિર્યંચના લોહી, માંસ ૬૦ હાથ, મનુષ્યના ૧૦૦ હાથ [ફૂટેલા ઈંડા હોય તો ત્રણ પ્રહર] | દેખાય ત્યાં સુધી |
| ૧૪ | મળ–મૂત્રની દુર્ગંધ આવે અથવા દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૫ | સ્મશાન ભૂમિ [૧૦૦ હાથની નજીક હોય] | – |
| ૧૬ | ચંદ્રગ્રહણ–ખંડ/પૂર્ણ | ૮/૧૨ પ્રહર |
| ૧૭ | સૂર્યગ્રહણ–ખંડ/પૂર્ણ | ૧૨/૧૬ પ્રહર |
| ૧૮ | રાજાનું અવસાન થાય તે નગરીમાં | નવા રાજા થાય ત્યાં સુધી |
| ૧૯ | યુદ્ધસ્થાનની નિકટ | યુદ્ધ ચાલે ત્યાં સુધી |
| ૨૦ | ઉપાશ્રયમાં પંચેન્દ્રિયનું કલેવર | જ્યાં સુધી હોય ત્યાં સુધી |
| | **ચાર મહોત્સવ–ચાર પ્રતિપદા** | |
| ૨૧–૨૮ | અષાઢ, આસો, કારતક અને ચૈત્રની પૂર્ણિમા અને ત્યાર પછીની એકમ | સંપૂર્ણ દિવસ–રાત્રિ |
| ૨૯–૩૨ | સવાર, સાંજ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિ. | એક મુહૂર્ત |

[**નોંધ :–** પરંપરા અનુસાર ભાદરવા સુદ પૂનમ અને વદ એકમના દિવસે પણ અસ્વાધ્યાય મનાય છે. તેની ગણના કરતાં ૩૪ અસ્વાધ્યાય થાય છે.]

# શ્રી સૂયગડાંગ સૂત્ર

ગણધર રચિત બીજું અંગ

## ભાગ - ૧

## પ્રથમ શ્રુતસ્કંધ

મૂળપાઠ, ભાવાર્થ,
વિવેચન, પરિશિષ્ટ

: અનુવાદિકા :
પૂ. શ્રી ઉર્મિલાબાઈ મ.

આ કાલિકસૂત્ર છે. તેના મૂળપાઠનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પહેલા તથા ચોથા પ્રહરમાં થઈ શકે છે.

# પ્રથમ અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ 'સમય' છે.

શબ્દકોષમાં "સમય" શબ્દના ભિન્ન ભિન્ન અર્થો જોવા મળે છે. તે આ પ્રમાણે છે, કાળ, શપથ, સોગંદ, આચાર, સિદ્ધાંત, આત્મા, અંગીકાર, સ્વીકાર, સંકેત, નિર્દેશ, ભાષા, સંપત્તિ, આજ્ઞા, શરત, નિયમ, અવસર, કાળ, વિજ્ઞાન, સમયજ્ઞાન, શાસ્ત્ર, પ્રસ્તાવ, આગમ, સૂક્ષ્મ કાળ, રિવાજ, સામાયિક, સંયમ વિશેષ, સુંદર પરિણામ, મત, પરિણમન, દર્શન, પદાર્થ વગેરે.

આ અધ્યયનમાં "સમય" શબ્દ સિદ્ધાંત, આગમ, શાસ્ત્ર, મત, દર્શન, આચાર તેમજ નિયમ વગેરે અર્થમાં પ્રયુક્ત થયો છે.

નિર્યુક્તિકારે "સમય" શબ્દ પર ૧૨ પ્રકારે નિક્ષેપ આયોજ્યા છે.

૧. નામ સમય, ૨. સ્થાપના સમય, ૩. દ્રવ્ય સમય, ૪. કાળ સમય, ૫. ક્ષેત્ર સમય, ૬. કુતીર્થ સમય, ૭. સંકેત સમય, ૮. કુળ સમય–કુલાચાર, ૯. ગણ સમય–સમૂહ–સમુદાય, ગચ્છનો આચાર, ૧૦. સંકર સમય–સમ્મિલિત સંઘનો આચાર, ૧૧. ગંડી સમય–જુદા જુદા સંપ્રદાયોની પ્રથા અને ૧૨. ભાવ સમય–અનુકૂળ–પ્રતિકૂળ જુદા જુદા સિદ્ધાંતો–મતો.

આ અધ્યયનમાં સમય શબ્દથી "ભાવસમય"નું ગ્રહણ કરવું જોઈએ. બાકીના સમય માત્ર હોય (જાણવા યોગ્ય) છે.

આ "સમય" અધ્યયનમાં સ્વ–પર સિદ્ધાંત, સ્વ–પર દર્શન, સ્વ–પર મત તેમજ સ્વ–પર આચાર આદિની પ્રરૂપણા કરવામાં આવેલ છે, જેને "સ્વ–પર સમય વક્તવ્યતા" પણ કહેવામાં આવે છે.

આ સ્વ–પર અધ્યયનના ચાર ઉદ્દેશક છે. પહેલા ઉદ્દેશકમાં બંધન અને મુક્તિનો ઉપાય બતાવતાં પંચમહાભૂતવાદ, એકાત્મવાદ, તજ્જીવ તત્શરીરવાદ (શરીર તે જ જીવ અને જીવ તે જ શરીર એમ માનનાર મત) અકારકવાદ, આત્મષવાદ, અફલવાદનું પણ વર્ણન કરવામાં આવ્યું છે.

બીજા ઉદ્દેશકમાં નિયતિ વાદ, અજ્ઞાન વાદ, તથા બૌદ્ધ મતનું વર્ણન છે.

ત્રીજા ઉદ્દેશકમાં આધાકર્મી આહારના સેવનથી લાગતા દોષો બતાવી કૃતવાદ, જગતના કર્તા તથા લોકની ઉત્પત્તિ સંબંધી વિભિન્ન માન્યતાઓ અને મોક્ષ સ્વરૂપ સંબંધી ભિન્ન ભિન્ન માન્યતાઓનું નિરૂપણ

કરવામાં આવ્યું છે.

ચોથા ઉદ્દેશકમાં પરવાદીઓની અસંયમી ગૃહસ્થોના આચાર સાથેની સમાનતા બતાવી, અવિરતિરૂપ કર્મ બંધનથી દૂર રહેવા અહિંસા, સમતા, કષાયવિજય આદિ સ્વસિદ્ધાંતોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

સંક્ષેપમાં આ અધ્યયનમાં સ્વસમય પ્રસિદ્ધ કર્મબંધનના પાંચ હેતુઓ–મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગની દષ્ટિએ પરસમય (અન્ય દર્શનો, વાદો અને મતોના આચાર વિચાર)ને બંધનકારક બતાવીને, તે બંધનથી છૂટવાનો સ્વસમય પ્રસિદ્ધ ઉપાય વર્ણવાયો છે.

ઉદ્દેશક–૧માં ૨૭ ગાથા, ઉદ્દેશક–૨માં ૩૨ ગાથા, ઉદ્દેશક–૩માં ૧૬ ગાથા, ઉદ્દેશક–૪માં ૧૩ ગાથાઓ છે. કુલ મળી આ અધ્યયનમાં ૮૮ ગાથાઓ છે.

❖❖❖❖❖

# પહેલું અધ્યયન

## સમય

### પ્રથમ ઉદ્દેશક

**કર્મબંધનાં કારણો :–**

**१** **बुज्झिज्ज तिउट्टेज्जा, बंधणं परिजाणिया ।**
**किमाह बंधणं वीरो ? किं वा जाणं तिउट्टइ ॥**

**શબ્દાર્થ :–** **बुज्झिज्जा** = મનુષ્યે બોધ પ્રાપ્ત કરવો જોઈએ, **बंधणं परिजाणिया** = બંધનને જાણીને, **तिउट्टेज्जा** = તોડવા જોઈએ, **बंधणं किमाह** = બંધનનું સ્વરૂપ શું બતાવ્યું છે ? **किं जाणं** = શું જાણી (ને જીવ), **तिउट्टइ** = બંધનને તોડી શકાય ?

**ભાવાર્થ :–** શ્રી સુધર્મા સ્વામીએ શ્રી જંબૂસ્વામીને કહ્યું કે મનુષ્યે બોધ પ્રાપ્ત કરવો જોઈએ. બંધનનું સ્વરૂપ જાણીને તેને તોડવું જોઈએ. શ્રી જંબૂસ્વામીએ સુધર્મા સ્વામીને પૂછ્યું કે વીર પ્રભુએ કોને બંધન કહ્યું છે ? અને શું જાણીને બંધન તોડી શકાય ?

**२** **चित्तमंतमचित्तं वा, परिगिज्झ किसामवि ।**
**अण्णं वा अणुजाणाइ, एवं दुक्खा ण मुच्चइ ॥**

**શબ્દાર્થ :–** **चित्तमंतं** = ચિત્તવાન, દ્વિપદ, ચતુષ્પદ આદિ પ્રાણી, **अचित्तं** = ચૈતન્યરહિત સોનું, ચાંદી આદિ, **किसामवि** = તુચ્છવસ્તુ ભૂસુ આદિ સ્વલ્પ પણ, **परिगिज्झ** = પરિગ્રહ રાખીને(ગ્રહણ કરીને), **अण्णं** = બીજાઓને પરિગ્રહ રાખવાની, **अणुजाणाइ** = આજ્ઞા આપીને, **दुक्खा** = દુઃખથી, **ण मुच्चइ** = જીવ મુક્ત થતો નથી.

**ભાવાર્થ :–** શ્રી સુધર્માસ્વામી જંબૂસ્વામીને કહે છે જે મનુષ્ય, પશુ–મનુષ્ય વગેરે સચેત પ્રાણી; સોનું, ચાંદી આદિ અચેત પદાર્થ કે ભૂસા આદિ જેવી તુચ્છ વસ્તુ; થોડા પ્રમાણમાં પણ પરિગ્રહ રૂપે રાખે અથવા બીજાના પરિગ્રહની અનુમોદના કરે છે તે દુઃખથી મુક્ત થતો નથી.

**३** **सयं तिवायए पाणे, अदुवा अण्णेहिं घायए ।**
**हणंतं वाऽणुजाणाइ, वेरं वड्ढेइ अप्पणो ॥**

**શબ્દાર્થ :–** **सयं** = સ્વયં, પોતે, **पाणे** = પ્રાણીઓને, **तिवायए** = જે મારે છે, **घायए** = ઘાત કરાવે છે, **हणंतं** = પ્રાણીઓની ઘાત કરનારને, **अणुजाणाइ** = અનુમોદન કરે છે, અનુજ્ઞા આપે છે તે, **अप्पणो** = પોતાનું, **वेरं** = વેર, **वड्ढेइ** = વધારે છે.

**ભાવાર્થ :–** જે વ્યક્તિ સ્વયં પ્રાણીઓનો વધ કરે છે, બીજા પાસે કરાવે અથવા વધ કરનારનું અનુમોદન કરે છે, તે મારવામાં આવતાં પ્રાણીઓ સાથે વેર વધારે છે, પોતાના આત્મા સાથે શત્રુતા વધારે છે.

**૪** **जस्सिं कुल समुप्पण्णे, जेहिं वा संवसे णरे ।**
**ममाइ लुप्पइ बाले, अण्णमण्णेहिं मुच्छिए ॥**

**શબ્દાર્થ :–** **जस्सिं** = જે, **समुप्पण्णे** = ઉત્પન્ન થાય, **जेहिं वा** = જેની સાથે, **संवसे** = નિવાસ કરે, **ममाइ** = તેઓમાં મમત્વબુદ્ધિ રાખે તો, **लुप्पइ** = પીડિત થાય છે, **अण्णमण्णेहिं** = બીજી બીજી વસ્તુઓમાં અથવા પરસ્પર.

**ભાવાર્થ :–** મનુષ્ય જે કૂળમાં ઉત્પન્ન થાય છે અને જેની સાથે રહે છે, તેઓ પર મમત્વ રાખી પીડિત થાય છે. તે અજ્ઞાની(બાલ) મૂઢ જીવ અન્યોન્ય પદાર્થોમાં અથવા પરસ્પર પણ આસક્ત રહે છે.

**૫** **वित्तं सोयरिया चेव, सव्वमेयं ण ताणए ।**
**संखाए जीवियं चेव, कम्मुणा उ तिउट्टइ ॥**

**શબ્દાર્થ :–** **वित्तं** = ધન, **सोयरिया** = સહોદર ભાઈ–બહેન આદિ, **एयं सव्वं** = આ સર્વ, **ण ताणए** = રક્ષક નથી, **संखाए** = આ જાણીને, **जीवियं चेव** = જીવનને પણ સ્વલ્પ જાણી, **कम्मुणा उ** = કર્મથી–કર્મબંધનથી, **तिउट्टइ** = પૃથક્ થઈ જાય છે.

**ભાવાર્થ :–** સંપતિ અને સહોદર (ભાઈ બહેન) આદિ સર્વ રક્ષા કરવામાં સમર્થ નથી તથા જીવન સ્વલ્પ છે તેમ જાણી જીવ કર્મબંધથી પૃથક્ થઈ જાય છે.

**૬** **एए गंथे विउक्कम्म, एगे समण-माहणा ।**
**याणंता विउस्सित्ता, सत्ता कामेहिं माणवा ॥**

**શબ્દાર્થ :–** **एगे समणमाहणा** = કોઈ કોઈ શાક્યભિક્ષુ અને બૃહસ્પતિ મતાનુયાયી બ્રાહ્મણ, **एए गंथे** = આ ગ્રંથીઓને, **विउकम्म** = છોડીને, અતિક્રમીને, **विउस्सित्ता** = સ્વસિદ્ધાંતોમાં અત્યંત બંધાયેલા છે, **अयाणंता** = તે અજ્ઞાની.

**ભાવાર્થ :–** પૂર્વોક્ત ગ્રંથો–સિદ્ધાંતોને છોડી સત્ય સિદ્ધાંત ન સ્વીકારતા કેટલાક શાક્યભિક્ષુ વગેરે શ્રમણ અને બૃહસ્પતિ મતાનુયાયી બ્રાહ્મણ વગેરે સ્વરચિત સિદ્ધાંતોમાં કદાગ્રહ પૂર્વક બંધાયેલા રહે છે.

આ આજ્ઞાની માનવો કામભોગોમાં આસક્ત રહે છે.

## વિવેચન :–

આ છ ગાથામાં પરિગ્રહ, હિંસા, આસક્તિ વગેરે બંધનના કારણોને જણાવી, આ સર્વ ગ્રંથીઓ તથા તેનાથી મુક્ત થવાનું વિધાન છે. આ અધ્યયનની પ્રથમ ગાથાના પ્રથમ ચરણમાં બોધિ–બોધ પ્રાપ્ત કરવાનું વિધાન જોવા મળે છે અને તેનું કારણ એ છે કે બોધિની પ્રાપ્તિ દુર્લભ છે. એકેન્દ્રિયથી લઈ અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવોને બોધિ પ્રાપ્તિનો સંભવ નથી. સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને જ બોધિ પ્રાપ્ત થઈ શકે છે પરંતુ તેમાં નારકી અતિ દુઃખમાં અને દેવો ભૌતિક સુખોમાં આસક્ત હોવાના કારણે પ્રાયઃ બોધિલાભ પ્રાપ્ત કરી શકતા નથી. ઉચ્ચ જાતિના દેવોને બોધિ પ્રાપ્ત થવી સુગમ છે પરંતુ તેઓ બોધિ પ્રાપ્ત થયા પછી પણ બંધનોને તોડવા માટે વ્રત, નિયમ, ત્યાગ, પચ્ચક્ખાણ તથા તપ–સંયમમાં પુરુષાર્થ કરી શકતા નથી. તેથી બોધિ–લાભ થવા છતાં પણ તદ્નુરૂપ આચરણ ન થવાથી તેની પૂર્ણ સાર્થકતા થઈ શકતી નથી. તિર્યંચ પંચેન્દ્રિયમાં પણ વિરલ પશુ–પક્ષીઓ જ બોધિ પ્રાપ્ત કરી શકે છે છતાં તેઓ સંયમ સ્વીકારી બંધન તોડી શકતા નથી. સંજ્ઞી મનુષ્યો જ બોધિ પ્રાપ્ત કરી, વ્રતાદિ આચરી, બંધન તોડી શકે છે. તેમાં પણ જે મનુષ્ય યુગલિક છે, અનાર્ય છે, મિથ્યાત્વગ્રસ્ત છે, મહા આરંભ અને મહા પરિગ્રહમાં રત છે, તેઓને બોધિ પ્રાપ્ત થવી દુર્લભ છે.

જે વ્યક્તિને આર્યક્ષેત્ર, ઉત્તમકુળ, પરિપૂર્ણ ઈન્દ્રિયો, પરિપૂર્ણ અંગોપાંગ, સ્વસ્થ, સશક્ત શરીર, દીર્ઘાયુષ્ય મળ્યાં છે તેવા મનુષ્ય ધારે તો બોધિ (સમ્યક્ત્વ) પ્રાપ્ત કરી શકે છે. તેથી જ શાસ્ત્રકારે સૌ પ્રથમ બોધિ પ્રાપ્ત કરવાનો સંકેત કરેલ છે.

**बुज्झिज्ज** :– બોધને પ્રાપ્ત કરવો જોઈએ. અહીં બાહ્ય જગતના પદાર્થ સંબંધી સામાન્ય બોધની વાત નથી પરંતુ આત્મબોધની વાત છે. આગમ ભાષામાં તેને જ 'બોધિ' કહેવામાં આવે છે. હું કોણ છું ? મનુષ્ય લોકમાં કેવી રીતે આવ્યો ? આત્મા બંધન રહિત હોવા છતાં પણ આવા પ્રકારના બંધનોમાં શા માટે અને કેવી રીતે બંધાયો ? આ બંધનોનો કર્તા કોણ છે ? બંધનોને કોણ અને કેવી રીતે તોડી શકે ? આ બધા પ્રશ્નો આત્મબોધ સાથે સંબંધ ધરાવે છે.

**बंधणं परिजाणिया तिउट्टेज्जा** :– પ્રથમ ગાથાના બીજા ચરણમાં બંધનના સ્વરૂપને જાણી અને પછી છોડવા સંબંધી વિધાન છે. જો બંધનના સ્વરૂપને જાણતા ન હોય તો એક બંધનને તોડશે ત્યાં બીજું બંધન સૂક્ષ્મ રૂપે પ્રવેશી જશે. ગૃહસ્થાશ્રમના બંધન તોડી સાધુ જીવન સ્વીકારે તો ગુરુ, શિષ્ય, ગૃહસ્થ, શ્રાવક–શ્રાવિકા, વિચરણ ક્ષેત્ર, વસ્ત્ર, પાત્રાદિ ઉપકરણોના મોહ મમત્વ રૂપી બંધન પ્રવેશવાની શક્યતા રહે. તે જીવ બંધનને અબંધન અને અંબધનને બંધન સમજી વિપરીત પુરૂષાર્થ કરશે.

આ ગાથા પદ દ્વારા જ્ઞાન અને ક્રિયાનું મહત્વ બતાવ્યું છે. જ્ઞાન દ્વારા પ્રથમ જાણો અને પછી છોડવાની ક્રિયા કરો. જ્ઞાન અને બંને સંયુક્ત હોય તો જ તે મોક્ષ માર્ગ કહેવાય છે.

વેદાંત, સાંખ્ય વગેરે કેટલાંક દર્શનો માત્ર જ્ઞાનથી જ મુક્તિ માને છે. મીમાંસા દર્શન આદિ એકાંત

ક્રિયાથી કલ્યાણ માને છે. તેથી અહીં કહ્યું છે કે– જ્ઞ પરિજ્ઞાથી પહેલાં તે બંધનોને જાણો, સમજો અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા દ્વારા તેનો ત્યાગ કરો.

બંધનના સ્વરૂપને જાણવા અને તેને તોડવાં શું કરવું ? તે માટે ગાથાના ઉત્તરાર્ધમાં સૂત્રકારે બે પ્રશ્ન મૂક્યા છે. તે બે પ્રશ્ન છે કે– બંધન એટલે શું ? અને શું જાણીને જીવ બંધનને તોડી શકે ? આ બે પ્રશ્નોના ઉત્તર પણ આ ગાથાઓમાં આપેલ છે.

**બંધનનું સ્વરૂપ :–** દોરડું, સાંકળ, કારાગૃહ, તાળું, અવરોધ આદિ–સ્થૂલ પદાર્થો દ્રવ્ય બંધન છે. તે શરીર સાથે સંબંધિત છે, શરીરને બાંધી શકે છે પરંતુ અમૂર્ત, અદશ્ય, અવ્યક્ત આત્મા, દ્રવ્ય બંધનોથી બંધાતો નથી. પ્રથમ ગાથામાં આત્માને બાંધનાર ભાવબંધન સંબંધી પ્રશ્ન છે.

ભાવ બંધનનો વ્યુત્પત્તિજન્ય અર્થ છે– જેના દ્વારા આત્મા પરતંત્ર થાય છે તે બંધન છે. નવ તત્ત્વમાં જે બંધ તત્ત્વ છે અને કર્મ સિદ્ધાંતમાં જે કર્મબંધ રૂપે ઓળખાય છે તેને જ અહીં બંધન કહેલ છે. કર્મ પુદ્‌ગલો આત્મપ્રદેશ સાથે બંધાય, એકરૂપ થાય તે બંધ કે બંધન કહેવાય છે. જ્ઞાનાવરણીય આદિ આઠ પ્રકારનાં કર્મ જ એક પ્રકારનું બંધન છે. તત્ત્વાર્થ સૂત્રમાં બંધનું લક્ષણ બતાવતાં કહ્યું છે કે **सकषायत्वाज्जीवः कर्मणो योग्यान्पुद्गलानादत्ते स बन्धः** । કષાયસહિત અને તે આત્મપ્રદેશોની સાથે ક્ષીર નીરની જેમ એકમેક થઈ જાય તે બંધ કહેવાય છે.

**બંધન(કર્મબંધ)નાં કારણ :–** પ્રસ્તુત ગાથામાં વપરાયેલા **बंधणं** – બંધન શબ્દથી બંધનનાં કારણોને પણ ગ્રહણ કરવાં જોઈએ. જ્ઞાનાવરણીય આદિ કર્મ બંધનરૂપ છે, આટલું જાણી લેવા માત્રથી બંધનથી છૂટકારો થઈ શકતો નથી. બંધના કારણો જાણી, તે કારણો દૂર કરતાં કર્મબંધ અટકે છે. માટે પછીની ગાથાઓમાં બંધનનું સ્વરૂપ ન બતાવતાં બંધનનાં કારણોનું સ્વરૂપ બતાવ્યું છે. પરિગ્રહ, હિંસા, મિથ્યાદર્શન આદિ બંધન (કર્મ બંધન)નાં કારણ છે અને પરિગ્રહાદિને કારણમાં કાર્યનો ઉપચાર કરી બંધન કહ્યા છે.

તાત્પર્ય એ છે કે જ્ઞાનાવરણીય આદિ કર્મોનાં કારણભૂત એવા મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ અથવા પરિગ્રહ અને આરંભ આદિ બંધન રૂપ છે. તત્ત્વાર્થ સૂત્રમાં બંધનાં પાંચ મુખ્ય કારણ બતાવ્યાં છે. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ.

**બંધનનું મુખ્ય કારણ–પરિગ્રહ :–** બંધનના કારણોને સ્પષ્ટ કરતાં સૂત્રકાર જણાવે છે કે– "અવિરતિ" કર્મબંધનનાં મુખ્ય પાંચ કારણોમાં એક છે. અવિરતિના મુખ્યતયા પાંચ ભેદ છે. હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મચર્ય અને પરિગ્રહ. તેમાં પરિગ્રહને કર્મબંધનું સૌથી પ્રબળ કારણ માની શાસ્ત્રકારે તેનું વર્ણન કર્યું છે. મૂર્ચ્છાભાવ તે જ પરિગ્રહ છે. સંસારના પ્રત્યેક આરંભ સમારંભના કાર્યો તેમ જ હિંસા, અસત્ય, ચોરી યાવત્ માયા મૃષ પર્યંતના સત્તર પાપસ્થાનનું મૂળભૂત કારણ જીવનો મૂર્ચ્છાભાવ અથવા આસક્તિ ભાવ અથવા 'હું અને મારું' જ છે. તેથી જ શાસ્ત્રકારે પરિગ્રહને પ્રાધાન્ય આપ્યું છે.

**પરિગ્રહનું લક્ષણ અને ઓળખ :–** 'પરિ' એટલે ચારે બાજુથી 'ગ્રહ' એટલે ગ્રહણ કરવું. સજીવ–નિર્જીવ કોઈપણ વસ્તુને મમત્વ ભાવથી, આસક્તિપૂર્વક ગ્રહણ કરવામાં આવે તો તે પરિગ્રહ કહેવાય છે. **मुच्छा**

**परिग्गहो वुत्तो** મૂર્છા જ પરિગ્રહ છે અથવા જે જીવને ચારે બાજુથી જકડી રાખે છે તે પરિગ્રહ છે. મહાભારતમાં 'મમ' અને 'નિર્મમ' શબ્દ દ્વારા આ જ વાતને સૂચિત કરી છે. 'મમ' એટલે મમત્વ ભાવ, મારાપણાનો ભાવ આવે ત્યારે જીવ કર્મબંધનથી બંધાય છે અને 'નિર્મમ' મારું કાંઈ જ નથી, તેવો ભાવ આવે ત્યારે જીવ બંધનથી મુક્ત થાય છે.

**પરિગ્રહના પ્રકાર :–** શાસ્ત્રકારે પરિગ્રહના બે પ્રકાર બતાવ્યા છે. બાહ્ય પરિગ્રહ અને આભ્યંતર પરિગ્રહ. **चितमंतमचितं** ગાથાપદ દ્વારા સૂત્રકારે નવ પ્રકારના બાહ્ય પરિગ્રહનું સૂચન કર્યું છે. ખેતર, મકાન–દુકાન, સોનું, ચાંદી, ધન, ધાન્ય, નોકરાદિ દ્વિપદ, પશુ આદિ ચતુષ્પદ, ઘરવખરીનો સમાન. આ નવ પ્રકારના બાહ્ય પરિગ્રહમાં સચિત્ત અચિત્ત બંને પ્રકારનો સમાવેશ થાય છે. **चितमंतम्** પદ દ્વારા મનુષ્ય, નોકર, પશુ, પક્ષી, વનસ્પતિ, ફળ–ધાન્ય, પૃથ્વી વગેરે સમસ્ત સચિત્ત પરિગ્રહનું ગ્રહણ થાય છે. **अचित्तं** પદ દ્વારા મકાન, સોનું, ચાંદી, ઘરવખરીનો સામાન, ધન વગેરે સમસ્ત અચેત પરિગ્રહનું ગ્રહણ થાય છે.

ગાથાપદમાં બાહ્ય પરિગ્રહનો ઉલ્લેખ છે. ઉપલક્ષણથી આભ્યંતર પરિગ્રહને સમજી લેવો જોઈએ. ક્રોધ, માન, માયા, લોભ, હાસ્યાદિ નવ નોકષાય અને મિથ્યાત્વ તે ૧૪ પ્રકારનો આભ્યંતર પરિગ્રહ છે.

**किसामवि** :– વૃત્તિકારે આ પદનાં બે 'કિસામવિ' અને 'કસમપિ' રૂપ કરી ત્રણ અર્થ સૂચિત કર્યા છે. **किसामवि** (કૃશમપિ) થોડો પણ પરિગ્રહ અથવા ઘાસ, ફોતરા વગેરે તુચ્છ પદાર્થનો પણ પરિગ્રહ તથા **कसमवि** (કસમપિ) જીવ અને વસ્તુને મમત્વ બુદ્ધિથી ગ્રહણ કરવા રૂપ પરિગ્રહ.

**परिगिज्झ अण्णं वा अणुजाणाइ** :– સ્વયં પરિગ્રહ રાખે. પરિગ્રહ રાખનારનું અનુમોદન કરે. આદિ અંતના બે કરણના ગ્રહણથી પરિગ્રહ રખાવવા રૂપ મધ્ય કરણનું ગ્રહણ થઈ જાય છે અર્થાત્ પરિગ્રહ રાખે, રખાવે કે રાખનારનું અનુમોદન કરે તે દુઃખથી મુક્ત થતા નથી તેમ સમજવું.

**एवं दुक्खा ण मुच्चइ** :– પરિગ્રહ દુઃખથી મુક્ત થતા નથી. પરિગ્રહ દુઃખરૂપ છે. સામાન્ય રૂપે મનુષ્યોને અપ્રાપ્ત પરિગ્રહને પ્રાપ્ત કરવાની ઈચ્છા કાયમ રહે છે. પરિગ્રહ નાશ પામે ત્યારે શોક થાય છે, પ્રાપ્ત પરિગ્રહની રક્ષામાં કષ્ટ થાય છે અને પરિગ્રહના ઉપભોગથી અતૃપ્તિ રહે છે. પરિગ્રહના કારણે વેર, દ્વેષ, ઈર્ષ્યા, છળકપટ, ચિત્તવિક્ષેપ, મદ–અહંકાર, અધીરતા, આર્ત–રૌદ્રધ્યાન તથા વિવિધ પાપકર્મ વધી જાય છે. પરિગ્રહ પોતે દુઃખ કારક છે અને પરિગ્રહ કર્મબંધનું કારણ હોવાથી તેના ફળ સ્વરૂપ આશાતાવેદનીય કર્મના ઉદયથી દુઃખરૂપ કડવાં ફળ પ્રાપ્ત થાય છે.

**तिवायए पाणे** :– પ્રાણીઓના પ્રાણોનો અતિપાત કરે છે. ત્રીજી ગાથામાં કર્મબંધનાં મિથ્યાત્વ, અવિરતિ આદિ પાંચ મુખ્ય કારણોમાં અવિરતિ રૂપ કારણની અંતર્ગત હિંસા [પ્રાણાતિપાત]ને પણ કર્મબંધનું પ્રબળ કારણ બતાવ્યું છે.

જૈનશાસ્ત્રમાં 'હિંસા' માટે 'પ્રાણાતિપાત' શબ્દનો પ્રયોગ જોવા મળે છે. સામાન્ય રીતે હિંસાનો અર્થ 'સ્થૂલ પ્રાણીઓનો વધ' થાય છે. કાંઈક વિશેષ અર્થ સૂચવવા જ પ્રાણાતિપાત શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. પાંચ ઈન્દ્રિય, મન, વચન, કાયા, શ્વાસોશ્વાસ અને આયુષ્ય, આ રીતે કુલ દસ પ્રાણ છે. તેમાંથી

કોઈપણ એક પ્રાણનો નાશ કરવો, હાનિ પહોંચાડવી અથવા વિરોધ કરવો તે પ્રાણાતિપાત(હિંસા) છે. તેથી આ ગાથામાં કહ્યું છે કે– સ્વયં પ્રાણીઓનો પ્રાણનો અતિપાત–નાશ કરે તો કર્મબંધ થાય છે.

સૂત્રકારે પ્રથમ પરિગ્રહને કર્મબંધના કારણરૂપ કહીને આ ત્રીજી ગાથામાં હિંસાને કર્મબંધનું કારણ કહ્યું છે. તેનો હેતુ જણાવતા વૃત્તિકાર કહે છે કે વ્યક્તિ, ઉપાર્જિત પરિગ્રહમાં વિરોધ કરનાર, અધિકાર જમાવનાર અને ગ્રહણ કરનારનો હિંસક બને છે, તેના પ્રતિ વેર–વિરોધ, નિંદા, દ્વેષ, મારપીટ, ઉપદ્રવ અથવા વધ કરે છે. એ રીતે પોતાની ધનસંપત્તિ, જમીન જાયદાદ, મકાન, દુકાન, પરિવાર, જાતિ, સંપ્રદાય, મત, પંથ, રાષ્ટ્ર, પ્રાન્ત, નગર–ગામ આદિ પર મમત્વ રાખે છે અને પરિગ્રહની રક્ષા માટે મન, વચન, કાયાથી બીજાના પ્રાણોનો ઘાત કરે છે. મમત્વબુદ્ધિ અને પરિગ્રહવૃત્તિ હિંસાનું કારણ બને છે. તેથી સૂત્રકારે પરિગ્રહનું કથન પહેલા કરી તત્પશ્ચાત્ હિંસા–પ્રાણાતિપાતનું કથન કરેલ છે.

**अदुवा अण्णेहिं घायए हणंतं वाऽणुजाणाइ** :– પરિગ્રહમાં આસક્ત પુરુષ બીજાના પ્રાણોનો ઘાત માત્ર પોતે જ કરતા નથી, બીજા દ્વારા પણ કરાવે છે. સ્વાર્થભાવ, મોહ–મમત્વથી બીજાને પ્રેરણા આપી, પ્રોત્સાહિત કરી હિંસા કરાવે છે. હિંસામાં સહયોગ દેવા માટે ઉશ્કેરીને તૈયાર કરે છે અથવા હિંસાને માટે ઉત્તેજિત કરે છે. હિંસા ઉત્તેજક વિચારો ફેલાવે છે, લોકોને હિંસાનો અભ્યાસ કરાવે છે અને હિંસા કરનારાઓને અનુમોદન પણ આપે છે– તેના હિંસક કાર્યનું સમર્થન કરે છે. હિંસા કરનારાઓને ધન્યવાદ આપે છે. હિંસા માટે આજ્ઞા, ઉપદેશ, પ્રેરણા આપે છે અથવા હિંસાનો માર્ગ લેવા દબાણ કરે છે. આ રીતે કૃત, કારિત, અનુમોદિત ત્રણે પ્રકારે હિંસા કરે છે અને તે ત્રણે પ્રકારની હિંસા કર્મબંધનું કારણ છે.

આ પાઠથી શાસ્ત્રકારે તે તે મતવાદીઓના વિચારોનું ખંડન પણ કર્યું છે કે જેઓ માત્ર કાયાથી થનારી હિંસાને જ હિંસા માને છે અથવા પોતાના દ્વારા કરાતી હિંસાને જ હિંસા સમજે છે, બીજા દ્વારા કરાવાતી હિંસાને અથવા બીજા દ્વારા કરાતી હિંસાની અનુમોદના હિંસા સમજતા નથી. મનુસ્મૃતિમાં પણ હિંસાના સમર્થકોને હિંસકની કક્ષામાં ગણ્યા છે.

**वेरं वड्ढेइ अप्पणो** :– હિંસા કરનાર, કરાવનાર, અનુમોદન કરનાર વ્યક્તિ હિંસ્ય પ્રાણીઓ પ્રતિ પોતાનું વેર વધારે છે. જે પ્રાણીનો પ્રાણાતિપાત કરાય છે કે કરાવાય છે, તેના મનમાં હિંસક પ્રત્યે દ્વેષ, રોષ, ઘૃણા તથા બદલાની ક્રૂર ભાવના જાગે છે. પરિણામે તેના મનમાં વેરભાવ વધે છે. આ રીતે હિંસકના મનમાં એક તરફ પોતાના શરીર, પરિવાર, ધન અથવા પોતાના માનેલા સજીવ–નિર્જીવ પદાર્થો પ્રત્યે રાગ, મોહ, મમત્વ આદિ જાગે છે તથા બીજી બાજુ હિંસ્ય પ્રાણી પ્રત્યે દ્વેષ, ઘૃણા, ક્રૂરતા રોષ વગેરે જાગે છે. આ રાગ અને દ્વેષ જ કર્મબંધના કારણ છે. એકવાર હિંસ્ય (જેની હિંસા કરાય છે તે) પ્રાણીઓ સાથે વેર બંધાઈ ગયા પછી જન્મ–જન્માંતર સુધી તે વેરની પરંપરા ચાલ્યા કરે છે. વેર પરંપરાની વૃદ્ધિની સાથે કર્મબંધનમાં પણ વૃદ્ધિ થતી જાય છે.

**वेरं वड्ढेइ अप्पणो** – આ પંક્તિનો એક અર્થ એ પણ થાય છે કે વ્યક્તિના હિંસક ભાવ અને પ્રવૃત્તિથી અન્યની હિંસા થાય કે નહીં પરંતુ રાગ, દ્વેષ અને કષાય વશ તે પોતાની ભાવહિંસા તો કરી જ લે છે. તેના ફળસ્વરૂપે કર્મબંધન થઈ જાય છે. આવી સ્થિતિમાં પોતાનો આત્મા જ પોતાનો શત્રુ બનીને વેર

પરંપરાને વધારે છે.

**અસત્ય, ચોરી, અબ્રહ્મચર્ય આદિ પણ બંધનનાં કારણ છે :–** અહીં પ્રાણાતિપાત શબ્દ ઉપલક્ષણ રૂપે છે. પ્રાણાતિપાતના ગ્રહણથી મૃષાવાદાદિનું ગ્રહણ થઈ જાય છે. મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન આદિ પણ અવિરતિની અંતર્ગત હોવાથી તે પણ કર્મબંધના કારણ છે તેમ સમજી લેવું. મૃષાવાદ આદિ સેવન રાગ દ્વેષાદિ વશ આત્માના શુભ કે શુદ્ધ પરિણામોની અથવા આત્માના ભાવપ્રાણોની હિંસા અવશ્ય થાય છે. તેથી હિંસાના ગ્રહણથી અસત્યાદિનું કર્મબંધના કારણરૂપે ગ્રહણ થઈ જ જાય છે.

પુરુષાર્થ સિદ્ધયુપાય ગ્રંથમાં અસત્ય આદિ સર્વ પાપના આશ્રવોને હિંસામાં સમાવિષ્ટ કરતાં કહ્યું છે કે– આત્મ પરિણામોની હિંસાના કારણ હોવાથી અસત્ય આદિ સર્વ પાપાશ્રવ એક રીતે હિંસા જ છે. અસત્ય આદિનું કથન તો માત્ર શિષ્યોને સ્પષ્ટ બોધ કરાવવા માટે જ કર્યું છે.

**समुप्पण्णे, संवसे, ममाइ लुप्पइ** :– ચોથી ગાથામાં જન્મ, સંવાસ તેમજ અતિસંસર્ગના કારણે થનારી મૂર્ચ્છા, મમતા અથવા આસક્તિને કર્મબંધનનું કારણ બનાવ્યું છે. માનવ જે કુળ(ઉપલક્ષણોથી) રાષ્ટ્ર, પ્રાંત, નગર, દેશ, જાતિ–કોમ, વંશ આદિમાં ઉત્પન્ન થાય છે, જે મિત્રો, સ્નેહીઓ, પત્ની, પુત્રો, માતા–પિતા, ભાઈ, બહેન, કાકા, મામા, આદિની સાથે રહે છે, તેના પ્રતિ તે અજ્ઞાનવશ મોહ–મમતા રાખે છે. તે જેના જેના સંપર્કમાં આવે છે તેને "આ મારાં છે" એમ સમજી તે મૂઢ તેમાં આસક્ત થાય છે. જે સજીવ કે નિર્જીવ પદાર્થ પર રાગ થાય છે, તેનાથી ભિન્ન, વિરોધી પદાર્થ પર દ્વેષ થવો સ્વાભાવિક છે. મમતાના કારણે થતાં રાગ–દ્વેષ કર્મબંધનું કારણ બને છે. સંપર્કમાં આવતા પ્રાણી કે પદાર્થ પ્રત્યે આસક્ત ન થાય, મમત્વબુદ્ધિ ન જાગે તો કર્મબંધ પણ ન થાય. "બાલ" એટલે અજ્ઞાની જીવ જ મમત્વભાવ કરી કર્મથી બંધાય છે.

**अण्णमण्णेहिं मुच्छिए** :– આ પાઠનું પાઠાંતર છે **अण्णे अण्णेहिं मुच्छिए** । તેના કારણે આ વાક્યના બે અર્થ થાય છે–

(૧) પરસ્પર મૂર્ચ્છિત થાય છે અર્થાત્ તે મૂઢ માતા, પિતા, પુત્ર આદિમાં આસક્ત થાય છે અને તેઓ પણ અજ્ઞાનવશ તેના પર આસક્ત થાય છે.

(૨) અન્ય–અન્ય પદાર્થોમાં મૂર્ચ્છિત થાય છે અર્થાત્ ભોગોપભોગના વિવિધ પદાર્થોમાં આસક્ત થાય છે.

વૃત્તિકારે આ પાઠનો અર્થ કર્યો છે કે મનુષ્ય બાલ્યાવસ્થામાં માતા, પિતા, ભાઈ, બહેન, મિત્ર, સાથી આદિ પર આસક્તિ રાખે છે. યુવાવસ્થામાં આસક્તિનું વર્તુળ મોટું થાય છે. પત્ની, સંતાન, પૌત્ર, સગા, સ્નેહી, ધન, વેપાર આદિ પર તેને આસક્તિ થાય છે. તે ઉપરાંત પોતાનાં માનેલાં કુળ, પરિવાર આદિ પ્રત્યે પણ તેની મમતા વધતી જાય છે. વૃદ્ધાવસ્થામાં મૂઢ વ્યક્તિની સર્વાધિક મમતા પોતાના શરીર, ધન, મકાન આદિ પ્રત્યે થઈ જાય છે. મૂઢ વ્યક્તિની મમતા, મૂર્ચ્છાના વિષયો બદલાતા રહે છે. અવસ્થાઓ બદલાય તેમ ભિન્ન ભિન્ન વસ્તુઓ પર મમતા બદલાય છે પરંતુ આસક્તિના ભાવ તે જ રહે છે.

**બંધન તોડવાનો ઉપાય :–** પ્રથમ ગાથામાં આ પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવ્યો હતો કે શું જાણવાથી વ્યક્તિ બંધનને તોડી શકે ? આ પ્રશ્નના ઉત્તરમાં પાંચમી ગાથામાં તેના બે પ્રકારે ઉપાય બતાવ્યા છે.

**सव्वमेयं ण ताणए** :– (૧) ભાઈ વગેરે સજીવ કે ધનાદિ નિર્જીવ કોઈપણ પદાર્થ પ્રાણીની રક્ષા કરવામાં સમર્થ નથી.

**जीवियं चेव संखाए** :– (૨) જીવનને સ્વલ્પ અને ક્ષણભંગુર જાણીને કર્મોના બંધનને તોડી શકે છે. કર્મબંધન સાંકળ કે દોરડાના બંધન જેવું નથી કે તે શારીરિક બળથી તોડી શકાય. કર્મબંધન પ્રશસ્ત વિચાર ધારાથી તોડી શકાય છે. હિંસા, મોહ, મમતાદિ મનના ભાવોથી કર્મબંધન થાય છે, તો અનાસક્તિ, ક્ષમાદિ ભાવોથી કર્મબંધન તૂટે છે. મનના પરિણામને વળાંક આપવા બે પ્રકારની વિચારસરણી ગાથા પાંચમાં દર્શાવી છે.

(૧) અશરણ ભાવના– ધન, સુવર્ણાદિ પદાર્થો, માતા, પિતા, ભાઈ વગેરે પરિવારજનો મૃત્યુ સમયે શરણરૂપ બની શકતા નથી, મૃત્યુથી રક્ષણ કરી શકતા નથી. જીવન દરમ્યાન વ્યક્તિ આ પદાર્થો, વ્યક્તિઓ પર મમત્વ ભાવ રાખે છે કે આ પદાર્થ મારું રક્ષણ કરશે, આ સ્વજનો મને બચાવશે પરંતુ મૃત્યુ સમયે કોઈ શરણભૂત બનતા નથી. આ રીતે અશરણભાવનાથી ચિત્તને ભાવિત કરી મમત્વભાવનો ત્યાગ કરવો જોઈએ. ગાથામાં "વિત અને સહોદર" બે શબ્દ જોવા મળે છે. 'વિત' શબ્દથી ધન, સોનું, ચાંદી જ નહીં પણ સમસ્ત અચિત્ત પદાર્થનું ગ્રહણ થઈ જાય છે અને 'સહોદર' શબ્દથી બંધુ જ નહીં પણ માતા, પિતા, પુત્ર, સ્નેહી, સંબંધી સર્વનું ગ્રહણ થઈ જાય છે. "વિત અને સહોદર" શબ્દ સર્વ સચિત્ત–અચિત્ત પદાર્થના સૂચક છે.

(૨) જીવનની ક્ષણભંગુરતા– શરીર પરની આસક્તિના કારણે મૃત્યુ ક્યારે ય આવવાનું નથી તેમ માની મનુષ્ય શરીરાદિને પુષ્ટ કરવા તથા જીવન રક્ષા માટે ભોગ્ય સામગ્રી ભેગી કરવામાં રચ્યોપચ્યો રહે છે. જીવન માટે પદાર્થાદિનો સંગ્રહ કરવા હિંસાદિ અનેક પાપોનું સેવન કરે છે. જીવન ક્ષણભંગુર છે, નાશવંત છે તેમજ પ્રત્યેક પદાર્થ પણ ક્ષણિક અને નાશવંત છે. આયુષ્ય પૂરું થાય ત્યારે તે પદાર્થો બચાવી શકતા નથી. આ જીવન ક્યારે નષ્ટ થઈ જાય તેનો કોઈ ભરોસો નથી. આ વાસ્તવિકતાને હૃદયંગમ કરી જીવન અને પદાર્થ પ્રત્યેનું મમત્વ ત્યાગી દેવું જોઈએ.

**एगे समण–माहणा** :– કેટલાક શ્રમણો અને બ્રાહ્મણો. વૃત્તિકાર શ્રમણનો અર્થ શાક્યભિક્ષ કરે છે અને બ્રાહ્મણનો અર્થ બાર્હસ્પત્ય, ચાર્વાક = લોકોયતિક કરે છે. બ્રાહ્મણ શબ્દથી તેઓ સાંખ્ય, વૈશેષિક, નૈયાયિક તેમજ મીમાંસકને પણ ગણી લે છે કારણ કે આ બધા મિથ્યાત્વ અને અજ્ઞાનથી ઘેરાયેલા છે.

**एए गंथे विउक्कम्म** :– સૂત્રકારે પ્રથમની પાંચ ગાથામાં સ્વસમય(સ્વસિદ્ધાંત)નું નિરૂપણ કરી, છઠ્ઠી ગાથાથી પર સમયનું નિરૂપણ કરવાનો પ્રારંભ કર્યો છે. સ્વ–સિદ્ધાંતના કથન પછી પર–સિદ્ધાંત કથનનું કારણ એ છે કે કેટલાક સાધુઓ તેમજ બ્રાહ્મણો આ અર્હત્કથિત ગ્રંથો, શાસ્ત્રો અથવા સિદ્ધાંતોનો સ્વીકાર કર્યા વિના, પરમાર્થને જાણ્યા વિના મિથ્યાત્વના ઉદયથી, મિથ્યા આગ્રહને વશ થઈ વિવિધ પ્રકારે પોતપોતાના ગ્રંથો–સિદ્ધાંતોમાં પ્રબળપણે બંધાયેલા રહે છે.

ચૂર્ણિકાર આ વાતને સ્પષ્ટ કરતાં જણાવે છે કે તથાકથિત અન્યતીર્થી શ્રમણો તથા બ્રાહ્મણો પરમાર્થને જાણ્યા વિના, વિરતિ–અવિરતિના ગુણદોષ અર્થાત્ પરિગ્રહાદિ અવિરતિથી કર્મબંધન છે અને અપરિગ્રહાદિ વિરતિથી કર્મબંધન અટકે છે તે જાણ્યા વિના પોત પોતાના ગ્રંથો અને સિદ્ધાંતોને વળગી રહે છે. મિથ્યાત્વના કારણે તેઓ ન તો આત્માને માને છે અને ન કર્મબંધને અને ન મોક્ષને. તેઓ આત્માના અસ્તિત્ત્વને જ માનતા નથી તો તેની સાથે બંધાતાં કર્મો અને કર્મબંધનથી મુક્તિને માનવાનો પ્રશ્ન જ રહેતો નથી.

ચાર્વાક આત્માને માને છે પરંતુ માત્ર પંચભૂતમાંથી ઉત્પન્ન અને શરીરની સાથે જ નષ્ટ થઈ જતા આત્માને માને છે. તેથી તે મતમાં કર્મબંધનનો પ્રશ્ન કે કર્મબંધનથી મુક્તિનો કોઈ પ્રશ્ન રહેતો જ નથી.

સાંખ્ય વગેરે દાર્શનિકો આત્માને ભિન્ન તત્ત્વ માને છે. આત્માને નિષ્ક્રિય અકર્તા, નિર્ગુણ માનવા છતાં પણ ભોક્ત માને છે. તેઓ ૨૫ તત્ત્વોનાં જ્ઞાનમાત્રથી જ મુક્તિ માને છે. ચારિત્રની આવશ્યકતા માનતા નથી.

મીમાંસક વગેરે દાર્શનિક કર્મ ક્રિયાને માને છે પણ માત્ર સ્વર્ગ આદિની ઈચ્છા જેમાં સમાયેલી છે, તેવા કર્મોને માને છે. તેથી મોક્ષ તરફ તો તેમની દષ્ટિ જ નથી. તેઓ સ્વર્ગને જ અંતિમ લક્ષ્ય માને છે.

નૈયાયિક–વૈશેષિક આત્માને તો માને છે, પરંતુ નૈયાયિક પ્રમાણ, પ્રમેય આદિ ૧૬ તત્ત્વોનાં જ્ઞાનથી જ મુક્તિ માની લે છે. તેઓના મતે ત્યાગ, નિયમ, વ્રત આદિ ચારિત્ર પાલનની આવશ્યકતા જ નથી અને કર્મબંધનનો કોઈ તર્કસંગત સિદ્ધાંત પણ તેઓ માનતા નથી. તેઓએ કર્મબંધનથી મુક્ત કરવાની સર્વ સત્તા ઈશ્વરના હાથમાં સોંપી દીધી છે. આવી જ દશા પ્રાયઃ વૈશેષિકોની છે. તેઓ બુદ્ધિ, સુખ, દુઃખ, ઈચ્છા વગેરે આત્માના નવ ગુણોનો સર્વથા વિચ્છેદ થઈ જાય તેને મુક્તિ માને છે. તેઓની મુક્તિ પણ ઈશ્વરના હાથમાં છે. ઈશ્વર જ જીવનાં કર્મો અનુસાર કર્મનાં ફળનો ભોગવટો કરાવે છે, બંધનમાં નાખે છે અથવા મુક્ત કરે છે. તેઓએ કર્મબંધનથી મુક્ત થવા માટે અહિંસા આદિ ચારિત્ર ધર્મનું પાલન કરવાની આવશ્યકતા બતાવી નથી, તેમજ કર્મબંધન તોડવા માટે કોઈ પ્રક્રિયા પણ બતાવી નથી. આ બધા મતવાદીઓ આત્મા તેમજ બંધાતાં કર્મો અને તેનાથી મુક્તિ થવા સંબંધમાં પોતાની અસત્ કલ્પનાઓથી ગ્રસ્ત થઈને કામભોગોમાં આસક્ત રહે છે.

**अयाणंता विउस्सित्ता** :– તે અજ્ઞાની પોતાના મતમાં અત્યંત બંધાયેલ રહે છે. પોતાની માન્યતાથી પર સત્ય માન્યતાને જોઈ શકતા નથી. તેઓ અજ્ઞાની છે કારણ કે મિથ્યાત્વમાં રાચે છે. જૈન સિદ્ધાંત અનુસાર મિથ્યાત્વનું લક્ષણ છે કે– જે વસ્તુ વાસ્તવિકરૂપે જે સ્વરૂપે છે, તેને તે સ્વરૂપે ન સ્વીકારતાં વિપરીત સ્વરૂપે માનવું તે મિથ્યાત્વ. આવા અજ્ઞાનીઓ મિથ્યાત્વથી ઘેરાયેલા રહે છે.

**सत्ता कामेहिं माणवा** :– તે મનુષ્ય કામભોગમાં આસક્ત રહે છે. હિંસાદિથી કર્મબંધ થાય છે તેવું ન માનવાના કારણે સ્વચ્છંદપણે કામભોગમાં આસક્ત બની રહે છે. કામભોગમાં આસક્તિના કારણે અવ્રત, પ્રમાદ, કષાય અને અશુભ યોગમાં પ્રવૃત્ત રહે છે અને કર્મબંધના ઊંડાને ઊંડા ઉતરતા રહે છે.

**પાંચ મહાભૂતવાદ :–**

**૭** **संति पंच महब्भूया, इहमेगेसिमाहिया ।**
**पुढवी आऊ तेऊ वा, वाऊ आगास पंचमा ॥**

**શબ્દાર્થ :– इह** = આ લોકમાં, **महब्भूया** = મહાભૂત, **एगेसिं** = ચાર્વાક વગેરે કેટલાક લોકોએ, **आहिया** = કહ્યું છે.

**ભાવાર્થ :–** પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને પાંચમું આકાશ. આ પાંચ મહાભૂત લોકમાં છે તેવું ચાર્વાક વગેરે કેટલાક લોકોનું માનવું છે.

**૮** **एते पंच महब्भूया, तेब्भो एगो त्ति आहिया ।**
**अह तेसिं विणासेणं, विणासो होइ देहिणो ॥**

**શબ્દાર્થ :– तेब्भो** = તેમાંથી, **एगो त्ति** = એક આત્મા ઉત્પન્ન થાય છે એમ, **आहिया** = તેઓ કહે છે, **अह** = ત્યાર બાદ, **तेसिं** = તે ભૂતોના, **विणासेणं** = નાશ થવાથી, **देहिणो** = આત્માનો.

**ભાવાર્થ :–** આ પાંચ મહાભૂત છે. એનાથી એક આત્મા ઉત્પન્ન થાય છે. આ પાંચ મહાભૂતોના વિનાશથી આત્માનો વિનાશ થાય છે. તેમ તેઓનું કહેવું છે.

**વિવેચન :–**

આ બે ગાથાઓમાં પાંચ મહાભૂતવાદનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. આ પાંચ મહાભૂતવાદીઓ 'ચાર્વાક'ના નામે ઓળખાય છે. અન્ય દાર્શનિકો એક યા બીજા સ્વરૂપે પાંચ ભૂતોનો સ્વીકાર કરે છે પરંતુ ચાર્વાક(લોકાયતિક) પાંચ ભૂતો સિવાય આત્મા આદિ કોઈપણ પદાર્થને માનતા નથી.

**एते पंच आहिया** :– સર્વ લોક વ્યાપી એવા પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ પાંચ મહાભૂતો શરીરરૂપે પરિણત થાય ત્યારે ચૈતન્ય ઉત્પન્ન થાય છે. જેવી રીતે ગોળ, મહૂડા વગેરે સામગ્રીના સંયોગથી મદ્યશક્તિ ઉત્પન્ન થાય છે. તેમ પાંચ ભૂતોના સંયોગથી ચૈતન્ય શક્તિ(આત્મા) ઉત્પન્ન થાય છે. આ ચૈતન્ય શક્તિ પાંચ મહાભૂતોથી ભિન્ન નથી કારણ કે તે મહાભૂતોનું જ કાર્ય છે. પાણીમાં પરપોટા ઉત્પન્ન થાય અને તેમાં જ વિલીન થઈ જાય તેમ મહાભૂતોથી ચૈતન્ય શક્તિ ઉત્પન્ન થાય અને નષ્ટ થઈ જાય છે. પાંચ ભૂતોથી અલગ પરલોકમાં જનાર, સુખ દુઃખ ભોગવનાર એવા 'આત્મા' નામના દ્રવ્યનો સ્વીકાર કરતા નથી. ચાર્વાક મતવાળા ઇન્દ્રિય પ્રત્યક્ષ પ્રમાણને જ માને છે. અનુમાનાદિને માનતા નથી. આત્મા ઇન્દ્રિય ગ્રાહ્ય નથી તેથી તેની ભિન્ન સત્તા તેઓ સ્વીકારતા નથી.

શાસ્ત્રકારે બે ગાથામાં ચાર્વાકમતની માન્યતા જ દર્શાવી છે. તેનું ખંડન કરેલ નથી. નિર્યુક્તિ અને

વૃત્તિમાં તેનું ખંડન જોવા મળે છે. જેમ પ્રત્યેક તલમાં તેલ છે, તો તલ પીલવાથી તેલ મળે છે પરંતુ રેતીના પ્રત્યેક કણમાં સ્નિગ્ધતા ન હોવાના કારણે રેતીને ગમે તેટલી પીલવામાં આવે તો પણ તેલ મળતું નથી, તેમ પ્રત્યેક ભૂતમાં જો ચૈતન્ય શક્તિ હોય તો જ પાંચ ભૂતોના સંયોગે ચૈતન્ય શક્તિ ઉત્પન્ન થઈ શકે. ગોળ –મહુડામાં આંશિક મદ્યશક્તિ છે, તેથી તે સર્વના સંયોગે મદ્યશક્તિ ઉત્પન્ન થાય છે. ચાર્વાકો પાંચ ભૂતોમાં ચૈતન્ય શક્તિ માનતા જ નથી તો પાંચ ભૂતોના સંયોગે ચૈતન્ય શક્તિ કેવી રીતે ઉત્પન્ન થાય ? આ તર્કથી સિદ્ધ થાય છે કે પાંચભૂતોના સંયોગે આત્મા ઉત્પન્ન થતો નથી.

'પાંચભૂતોના વિનાશે આત્મા પણ નાશ પામે છે.' તેઓની આ માન્યતા પણ યુક્તિ સંગત નથી. મૃત શરીરમાં પાંચે મહાભૂત વિદ્યમાન હોવા છતાં તેમાં ચૈતન્ય રહેતું નથી. તેથી સિદ્ધ થાય છે કે આત્મા પાંચ ભૂતરૂપ શરીરથી ભિન્ન છે. તે પાંચ ભૂતોથી ઉત્પન્ન તથા નાશ પામતો નથી.

આત્મા ઈન્દ્રિય પ્રત્યક્ષથી ભલે ન દેખાય પણ સ્વાનુભવ પ્રત્યક્ષથી, અનુભવથી અનુભવાય છે.

**દેહનો વિનાશ થવાની સાથે આત્માનો વિનાશ માનવાની આપત્તિઓ :–** દેહના વિનાશની સાથે આત્માનો વિનાશ માનવાથી ત્રણ મોટી આપત્તિઓ આવે છે– (૧) કેવળ જ્ઞાન, મોક્ષ આદિના માટે કરાતી જ્ઞાન, દર્શન, ચારિત્રની તથા તપ, સંયમ, વ્રત, નિયમ આદિની સાધના નિષ્ફળ થઈ જશે. (૨) કોઈ પણ વ્યક્તિને દાન, સેવા, પરોપકાર, લોક કલ્યાણ આદિ પુણ્યને કારણે મળનારા શુભ કર્મોનું ફળ મળશે નહિ. (૩) હિંસા, ચોરી, અસત્ય આદિ પાપકર્મ કરનાર લોકો નિશ્ચિતપણે પાપકર્મ કરશે, કારણ કે તેઓના આત્મા તો શરીરની સાથે અહીં જ નષ્ટ થઈ જશે. પરલોકમાં તેનું ફળ ભોગવવા માટે તેના આત્માને નરક, તિર્યંચ આદિ કોઈ દુર્ગતિઓમાં જવું પડશે નહીં. આ મિથ્યાવાદના ફળસ્વરૂપે સર્વત્ર અરાજકતા, અનૈતિકતા અને અવ્યવસ્થા ફેલાઈ જશે.

જૈન દર્શન માને છે કે આત્મા દ્રવ્ય દષ્ટિથી નિત્ય હોવા છતાં પણ પર્યાય દષ્ટિથી કથંચિત્ અનિત્ય છે. તેથી જ શુભ અશુભ કર્મોનાં ફળની વ્યવસ્થા જળવાઈ શકે છે. પાપકર્મ કરનારાઓના આત્માને બીજી ગતિ તેમજ યોનિમાં તેનું ફળ અવશ્ય ભોગવવું પડે છે. પુણ્યકર્મ કરનારાઓને પણ તેનું શુભ ફળ મળે અને જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ આદિની ઉત્કૃષ્ટ સાધના કરનારાઓનો આત્મા કર્મોથી મુક્ત, સિદ્ધ, બુદ્ધ થાય છે.

તાત્પર્ય એ છે કે પાંચ ભૂતવાદનો સિદ્ધાંત મિથ્યાત્વગ્રસ્ત છે, તેના મૂળમાં જ અજ્ઞાન છે, તેથી તે કર્મબંધનું કારણ છે.

### એકાત્મવાદ :–

**९** **जहा य पुढवीथूभे, एगे णाणाहि दीसइ ।**
**एवं भो ! कसिणे लोए, विण्णु णाणाहि दीसइ ॥**

**શબ્દાર્થ :– एगेय** = એક જ, **पुढवीथूभे** = પૃથ્વી સમૂહ, **णाणाहि** = વિધવિધ–ભિન્ન ભિન્ન રૂપોમાં,

**दसइ** = જોવામાં આવે છે, **भो** = હે જીવો ! **विण्णु** = આત્મ સ્વરૂપ વિષ્ણુ, એક આત્મા જ, **कसिणे** = સમસ્ત.

**ભાવાર્થ :–** જે એક જ પૃથ્વી સ્તૂપ–પૃથ્વીપિંડ વિવિધ રૂપોમાં દેખાય છે, હે જીવો ! એ રીતે સમસ્ત લોકમાં વ્યાપ્ત આત્મા વિવિધ રૂપોમાં દેખાય છે અથવા એક આત્મારૂપ આ સમસ્ત લોક વિવિધ રૂપોમાં દેખાય છે.

**१०** **एवमेगे त्ति जंपंति, मंदा आरंभणिस्सिया ।**
**एगे किच्चा सयं पावं, तिव्वं दुक्खं णियच्छइ ॥**

**શબ્દાર્થ :– एगे** = કોઈ, **मंदा** = અજ્ઞાની પુરુષ, **एवं एगे त्ति** = એક જ આત્મા છે તેમ, **जंपंति** = કહે છે, પરંતુ **आरम्भणिस्सिया** = આરંભમાં આસક્ત, **णियच्छइ** = પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :–** આ રીતે કેટલાક મંદમતિ(અજ્ઞાની), "આત્મા એક જ છે" એવું કહે છે, પરંતુ આરંભમાં આસક્ત રહેનાર તે વ્યક્તિ પાપકર્મ કરીને સ્વયં દુઃખ ભોગવે છે.

## વિવેચન :–

આ બે ગાથામાં એકાત્મવાદનું સ્વરૂપ તથા તેનું ખંડન કરવામાં આવ્યું છે. નવમી ગાથામાં દષ્ટાંત દ્વારા એકાત્મવાદનું સ્વરૂપ બતાવ્યું છે અને દશમી ગાથામાં તેનું યુક્તિપૂર્વક ખંડન કર્યું છે.

**एवं भो कसिणे विण्णू णाणाहि दीसइ :–** ઉત્તરમીમાંસકો(વેદાન્તીઓ) એકાત્મવાદને માને છે. તેઓનો મુખ્ય સિદ્ધાંત છે કે આ જગત બ્રહ્મ(શુદ્ધ–આત્મા) રૂપ છે. વિવિધ પ્રકારે દેખાતા પદાર્થો પણ બ્રહ્મ સ્વરૂપ છે અર્થાત્ ચેતન–અચેતન સમસ્ત પદાર્થો એક બ્રહ્મ રૂપ જ છે. સંપૂર્ણ લોકમાં વ્યાપ્ત એક જ આત્મા વિવિધ સ્વરૂપે દેખાય છે. જેમ પૃથ્વીપિંડ એક હોવા છતાં પર્વત, નદી, સમુદ્ર, ટેકરા, ઘર, ઘડાદિ રૂપે ભિન્ન–ભિન્ન દેખાય છે. પર્વતાદિ બધા એક પૃથ્વીના જ રૂપ છે. કાળી, પીળી વગેરે માટીઓ, પર્વત, નદી વગેરેમાં પૃથ્વી તત્ત્વ સમાનરૂપે વ્યાપીને રહેલ છે. ચંદ્ર એક એક હોવા છતાં નદી, સરોવર, જળાશય, પાણીના વિવિધ પાત્રમાં તેના અનેક પ્રતિબિંબ પડે છે. જેમ આખા લોકમાં એક વાયુ વ્યાપ્ત હોવા છતાં ભિન્ન–ભિન્ન નામે પ્રગટ થાય છે. તેવી જ રીતે આખા લોકમાં એક જ આત્મા છે અને તે જડ–ચેતન એવા ભિન્ન–ભિન્ન રૂપે પ્રગટ થાય છે. સમસ્ત પદાર્થોમાં એક જ આત્મા વસે છે. એક જ આત્માના તે જુદા જુદા રૂપ છે.

મંદ બુદ્ધિવાળા આજ્ઞાની એવા એકાત્મ વાદીઓનો મત યુક્તિ સંગત નથી. એકાત્મવાદમાં અનેક આપત્તિઓ આવે છે, તે આ પ્રમાણે છે–

(૧) એક વ્યક્તિએ કરેલ શુભ અથવા અશુભ કર્મનું ફળ બીજા બધાએ ભોગવવું પડશે. જે અનુચિત્ત અને યુક્તિ રહિત છે.

(૨) એકને કર્મબંધન થવાથી બધા કર્મબંધનથી બંધાયેલાં અને એક કર્મબંધનથી મુક્ત થવાથી બધા કર્મબંધનથી મુક્ત થઈ જશે. આ પ્રકારની અવ્યવસ્થા થઈ જશે કે જે જીવ મુક્ત છે તે બંધનમાં બંધાઈ જશે અને જે બંધનમાં બંધાયેલો છે તે મુક્ત થઈ જશે. આ રીતે બંધ અને મોક્ષની અવ્યવસ્થા થઈ જશે.

(૩) દેવદત્તનું જ્ઞાન યજ્ઞદત્તને હોવું જોઈએ તથા એક આત્મા જન્મે, મૃત્યુ પામે અથવા કોઈપણ કાર્યમાં પ્રવૃત્ત થાય તો બધાંને જન્મ લેવો પડે, મરવું પડે અથવા તે કાર્યમાં પ્રવૃત્ત થવું પડે. પરંતુ એ પ્રમાણે થવું ક્યારે પણ સંભવિત નથી.

(૪) જડ અને ચેતન બધામાં એક આત્મા માનવાથી આત્માનો ચૈતન્ય ગુણ કે જ્ઞાનગુણ જડમાં પણ આવી જશે કે જે અસંભવ છે.

(૫) જેને શાસ્ત્રનો ઉપદેશ અપાય છે તે તથા શાસ્ત્રના ઉપદેશક, એ બંનેમાં ભેદ ન હોવાથી શાસ્ત્ર રચના પણ થઈ શકશે નહિ.

**एगे किच्चा सयं पावं तिव्वं दुक्खं णियच्छइ :–** આશય એ છે કે સંસારમાં જે પાપ કર્મ કરે છે, તે એકલો જ તેના ફળસ્વરૂપે તીવ્ર દુઃખને પ્રાપ્ત થાય છે. એક જીવનું કરેલું પાપકર્મ બીજાને દુઃખ આપતું નથી. શાસ્ત્રકારની આ વાત સિદ્ધ કરે છે કે આત્મા અનેક છે અને પ્રત્યેક આત્માની ભિન્ન–ભિન્ન સત્તા છે. જે આત્મા જેવું કર્મ કરે તેવું ફળ તે આત્મા ભોગવે છે.

### તજ્જીવ તત્શરીરવાદ :–

**૧૧** **पत्तेयं कसिणे आया, जे बाला जे य पंडिया ।**
**संति पेच्चा ण ते संति, णत्थि सत्तोववाइया ॥**

**શબ્દાર્થ :– कसिणे** = સર્વ અલગ–અલગ છે, **ते** = તેઓ, **पेच्चा** = મર્યા પછી, **ण ते संति** = તે અસ્તિત્વ ધરાવતા નથી, **उववाइया** = એક ભવથી બીજા ભવમાં ઉત્પન્ન થનારા, **सत्ता** = પ્રાણીઓ.

**ભાવાર્થ :–** અજ્ઞાની, પંડિત વગેરે સર્વ આત્માઓ જુદા જુદા છે અને મર્યા પછી તે આત્માઓ રહેતા નથી. પરલોકગામી કોઈ આત્મા નથી.

**૧૨** **णत्थि पुण्णे व पावे वा, णत्थि लोए इतो परे ।**
**सरीरस्स विणासेणं, विणासो होइ देहिणो ॥**

**શબ્દાર્થ :– देहिणो** = આત્માનો, **विणासो** = નાશ, **होइ** = થાય છે.

**ભાવાર્થ :–** (આ વાદ મુજબ) પુણ્ય અને પાપ નથી, આ લોક સિવાય બીજો લોક નથી. શરીરનો વિનાશ થતાં જ આત્માનો વિનાશ થઈ જાય છે.

## વિવેચન :-

આ બે ગાથાઓમાં તજ્જીવ તત્શરીરવાદીઓનું મંડન ખંડન કરવામાં આવ્યું છે. તજ્જીવ–તત્શરીરવાદીના મતે જે જીવ છે તે જ શરીર છે અને જે શરીર છે તે જ જીવ છે. તેઓના મતે શરીર અને આત્મા એક જ છે. શરીરથી આત્મા અભિન્ન છે. તેથી શરીરના નાશ સાથે આત્મા પણ નાશ પામે છે. આ વાત **सरीरस्स विणासेणं, विणासो होइ देहिणो** દ્વારા દર્શાવી છે. પાંચ મહાભૂતવાદી પણ શરીરને આત્મા કહે છે પરંતુ તેઓના મતે પાંચ મહાભૂત જ શરીરાકારે પરિણત થઈ બોલવું વગેરે ક્રિયા કરે છે. તેઓ પાંચભૂતના સંયોગથી આત્માની ઉત્પત્તિ અને પાંચભૂતના નાશથી ચૈતન્યનો નાશ માને છે. જ્યારે તજ્જીવ–તત્શરીરવાદી શરીર દ્વારા આત્માની ઉત્પત્તિ વિનાશ માને છે.

**पत्तेयं कसिणे आया** :– જૈન, નૈયાયિક વગેરેની જેમ તેઓ અજ્ઞાની, પંડિત વગેરે પ્રત્યેક પાણીમાં અલગ–અલગ આત્માનો સ્વીકાર કરે છે પરંતુ તે સર્વ આત્મા શરીરના નાશ સાથે નાશ પામી જાય છે. આત્મા જ નાશ પામી જવાના કારણે મર્યા પછી આત્મા રહેતો નથી તે **पेच्चा ण ते संति** ગાથા પદ દ્વારા અને આત્માના નાશ થવાના કારણે પછીના જન્મમાં ઉત્પત્તિ પણ નથી તે **णत्थि सत्तोववाइया** ગાથા પદ દ્વારા બતાવી છે.

**णत्थि पुण्णे व पावे वा** :– આત્મા નાશ પામે છે તેવી માન્યતાના પરિણામે તેઓ પુણ્ય–પાપને પણ સ્વીકારી શકતા નથી. જેમ સાકર નાશ પામે તો સાકરની મીઠાશ(સાકરનો ધર્મ) કેવી રીતે રહે ? આત્મા ધર્મી છે. પુણ્ય–પાપ તેના ધર્મ છે. ધર્મી આત્મા ન રહેતા તદાશ્રિત પુણ્ય–પાપ પણ ન રહે તથા પુણ્યનું ફળ સ્વર્ગગમન, પાપનું ફળ નરકગમન છે. આત્માનો નાશ થઈ જાય તો સ્વર્ગે કે નરકે કોણ જાય? માટે પુણ્ય અને પાપ જેવું કોઈ તત્ત્વ તેઓન મતમાં નથી.

આત્માનો જ નાશ થવાથી પરલોકમાં ક્યાંય જવાપણું નથી. માટે આલોક સિવાય પરલોક પણ નથી તે **णत्थि लोए इतो परे** ગાથા પદ દ્વારા શાસ્ત્રકારે દર્શાવી છે.

શરીરથી ભિન્ન કોઈ આત્મા નથી, પુણ્ય–પાપ તેમજ પરલોક આદિ ન માનવા છતાં ધનવાન, નિર્ધન, રોગી–નિરોગી, સુખી, દુઃખી આદિ જગતમાં દેખાતી વિચિત્રતાઓનું કારણ તેઓ સ્વભાવને જ માને છે. જેમ બે પથ્થર હોય, તેમાંથી એકને શિલ્પી ઘડીને દેવની મૂર્તિ બનાવે તો તે પૂજનીય બને છે. બીજો પથ્થરનો ટુકડો માત્ર પગ ધોવા આદિના કામમાં આવે છે. આ બંને સ્થિતિઓમાં પથ્થરના ટુકડાના કોઈ પુણ્ય–પાપ નથી પરંતુ તે સ્વાભાવિક છે. તેવી રીતે કાંટાઓની તીક્ષ્ણતા, મોરનું રંગબેરંગીપણું, કૂકડાથી કલગી આદિ જગતમાં દેખાતી વિચિત્રતા સ્વભાવથી છે.

કોઈપણ ભારતીય આસ્તિક દર્શન આ સમાધાનથી સંતુષ્ટ નથી. પુણ્ય, પાપ અને પરલોક ન માનવાથી જગતની બધી વ્યવસ્થા તેમજ સારાં કાર્યોમાં પ્રોત્સાહન, ધાર્મિક અનુષ્ઠાનો વગેરે સમાપ્ત થઈ જશે. તજ્જીવ–તત્શરીરવાદીની આ માન્યતા યુક્તિ સંગત નથી, મિથ્યા છે. તેઓ શરીર અને આત્માને અભિન્ન માને છે તે ઉચિત નથી. આત્મા અને શરીર ભિન્ન સિદ્ધ કરી શકાય છે.

શરીર, ઈન્દ્રિયો આદિ સાધન છે અને આ સાધનોને ધારણ કરનાર આત્મા છે. જેમ કુંભાર દંડ, ચક્ર વગેરે સાધનથી ઘટ વગેરે બનાવે છે, કુંભાર અધિષ્ઠાતા છે તેનાથી દંડાદિ સાધન જુદા છે, તેમ આત્મા અધિષ્ઠાતા હોવાથી શરીર રૂપ સાધનથી તે ભિન્ન છે.

જેમ લુહાર સાણસી દ્વારા લોખંડને ગ્રહણ કરે છે. સાણસી અને લુહાર જુદા–જુદા છે તેમ આત્મા ઈન્દ્રિય દ્વારા વિષયને ગ્રહણ કરે છે તેથી આત્મા અને ઈન્દ્રિય જુદા–જુદા છે.

કોઈ વ્યક્તિ ઓરડામાં ઊભા રહી, પાંચ બારી દ્વારા બહારના દશ્ય જુએ તેમાં તે બારી અને વ્યક્તિ જુદા છે તેમ આત્મા આ શરીરમાં રહી પાંચ ઈન્દ્રિય દ્વારા પદાર્થોને જાણે છે માટે શરીર અને આત્મા જુદા છે.

આ રીતે શરીર અને આત્મા ભિન્ન સિદ્ધ થઈ જવાથી શરીરના નાશ સાથે આત્માનો નાશ થાય છે, તેમ માનવું યોગ્ય નથી. આત્માનો નાશ થતો નથી અને તે પરલોકમાં બીજા જન્મને ધારણ કરે છે. તુરંતના જન્મેલા બાળકમાં સ્તનપાનની ઈચ્છા જોવા મળે છે. તેને સ્તનપાન કરતાં આવડે છે, તે પૂર્વભવના તથાપ્રકારના સંસ્કારનું સૂચન કરે છે. જાતિ સ્મરણ જ્ઞાન પણ પૂર્વભવને સિદ્ધ કરે છે. આ રીતે પૂર્વ–પુનર્ભવ અને પરલોક સિદ્ધ થાય છે.

શરીરથી ભિન્ન અવિનાશી આત્મા સિદ્ધ થવાથી ધર્મરૂપ પુણ્ય–પાપની પણ સિદ્ધિ થઈ જાય છે. ધનવાન–ગરીબ વગેરે જગતની વિચિત્રતાઓ પુણ્ય–પાપ ફળ સ્વરૂપે છે તે વાત પણ સિદ્ધ થઈ જાય છે.

આ રીતે તજ્જીવ–તત્શરીરવાદીઓનો મત માનવા યોગ્ય નથી.

**અકારવાદ :–**

**૧૩** **कुव्वं च कारयं चेव, सव्वं कुव्वं ण विज्जइ ।**
**एवं अकारओ अप्पा, एवं ते उ पगब्भिया ॥**

**શબ્દાર્થ :–** **कुव्वं** = ક્રિયા કરનાર, **कारयं चेव** = અને બીજાઓ દ્વારા ક્રિયા કરાવનાર, **सव्वं** = સર્વ ક્રિયાઓને, **कुव्वं** = કરનાર, **अप्पा** = આત્મા, **ण विज्जइ** = નથી, **एवं** = આ પ્રમાણે, **अकारओ** = આત્મા અકારક એટલે કે ક્રિયાનો કર્તા નથી, **ते उ** = તેઓ અકારકવાદી, **एवं** = આ પ્રમાણે કહેવાની, **पगब्भिया** = ધૃષ્ટતા કરે છે.

**ભાવાર્થ :–** આત્મા પોતે કોઈ ક્રિયા કરતો નથી, બીજા પાસે કરાવતો નથી તથા આત્મા સમસ્ત(કોઈ પણ) ક્રિયા કરનાર નથી. આત્મા અકારક છે. આ રીતે તેઓ અકારકવાદી સાંખ્ય વગેરે પોતાના મંતવ્યની પ્રરૂપણા કરે છે.

**૧૪** **जे ते उ वाइणो एवं, लोए तेसिं कओ सिया ।**
**तमाओ ते तमं जंति, मंदा आरंभणिस्सिया ॥**

**શબ્દાર્થ :– जे ते उ** = જો તે, **एवं** = આ પ્રમાણે કહે છે, **तेसिं** = તેઓના મતમાં, **लोए** = આ લોક, **कओ** = કેવી રીતે, **सिया** = હોઈ શકે ? **मंदा** = મૂર્ખ, **आरम्भणिस्सिया** = આરંભમાં આસક્ત, **ते** = તે વાદીઓ, **तमाओ** = એક અજ્ઞાનમાંથી નીકળીને, **तमं** = બીજા અજ્ઞાનને, **जंति** = પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :–** જે (પૂર્વોક્ત)વાદી આ રીતે આત્માને અકર્તા અને નિષ્ક્રિય કહે છે, તેના મતમાં આ લોક અથવા પરલોક કેવી રીતે ઘટી શકે ? તે મૂઢ તેમજ આરંભમાં આસક્તવાદી એક અજ્ઞાનરૂપી અંધકારથી નીકળીને બીજા અંધકારમાં જાય છે.

## વિવેચન :–

આ બે ગાથામાં અકારકવાદનું મંડન–ખંડન કરવામાં આવ્યું છે. તેરમી ગાથામાં અકારવાદની માન્યતા બતાવી, ચૌદમી ગાથામાં શાસ્ત્રકારે તેનું નિરાકરણ કર્યું છે.

**कुव्वं च कारयं(कारवं) चेव** :– સાંખ્ય દર્શનકાર અકારકવાદને માને છે. તેઓના મતે આત્મા આકાશની જેમ સર્વ વ્યાપી અને અમૂર્ત હોવાથી નિષ્ક્રિય છે. સાંખ્ય દર્શનમાં **अकर्ता निर्गुणो भोक्ता, आत्मा कापिल दर्शने** આ સુક્તિ દ્વારા આત્માને અકર્તા, અક્રિય, અકારક માને છે. આત્મા ક્રિયા શૂન્ય છે. સ્વયં કોઈ ક્રિયા કરતો નથી અને બીજા દ્વારા ક્રિયા કરાવતો પણ નથી.

**सव्वं कुव्वं ण विज्जइ** :– આ ગાથામાં કર્તૃત્વ–કારયિત્વનો નિષેધ કર્યા પછી શાસ્ત્રકારે **सव्वं कुव्वं विज्जइ** ગાથા પદ વિશેષ પ્રયોજનથી પ્રયુક્ત છે. સાંખ્ય મતવાળા આત્મામાં સ્થિતિક્રિયા અને ભોગક્રિયા(ભોક્તા) સ્વીકારે છે પરંતુ આ ક્રિયાઓ આત્મા સ્વયં કરતો નથી. બુદ્ધિ તેની કર્તા છે અને તેનું પ્રતિબિંબ આત્મામાં પડે છે. તેથી આત્મામાં સ્થિતિ અને ભોગક્રિયાનો ભાસ થાય છે. તેઓ આ સિદ્ધાંતને **मुद्राप्रतिबिम्बोदय न्याय** અને **जपास्फटिक न्याय** થી સમજાવતાં કહે છે કે– જેમ અરીસામાં પ્રતિબિંબને સ્થિત રહેવા કોઈ પ્રયાસ કરવો પડતો નથી તેમ બુદ્ધિ રૂપ દર્પણમાં સ્થિત રહેવા આત્માનો કોઈ પ્રયાસ નથી. તેથી આ સ્થિતિ ક્રિયા આત્મામાં જણાય છે પણ આત્મા તેનો કર્તા નથી તથા બુદ્ધિમાં પ્રતિબિંબિત સુખ–દુઃખાદિનું પ્રતિબિંબ આત્મામાં પડે છે. તેથી આત્મામાં સુખ–દુઃખાદિની ભોગક્રિયા જણાય છે પણ વાસ્તવમાં આત્મા ભોક્તા નથી, બુદ્ધિ જ ભોક્તા છે. જેમ સ્ફટિકને કોઈ રંગ નથી પણ તેની સમીપમાં જપાકુસુમ(લાલ રંગનું પુષ્પ) રાખવામાં આવે તો સ્ફટિક લાલ દેખાય છે. તેમ બુદ્ધિના સંસર્ગથી બુદ્ધિમાં થતી ભોગક્રિયાનો આત્મામાં ભાસ થાય છે. આત્મામાં જણાતી સ્થિતિક્રિયા–ભોગક્રિયા જેવી કોઈપણ ક્રિયાનો તે કર્તા નથી. તેવી સાંખ્યમતની આ માન્યતાને સૂચવવા જ **सव्वं कुव्वं ण विज्जइ** ગાથાપદ આપવામાં આવ્યું છે.

**एवं ते उ पगब्भिया** :– સાંખ્યોના ઘણા કથન પરસ્પર વિરોધી છે. **एवमकारओ अप्पा**–આત્માને અકારક કહેતાં તેઓ(સાંખ્ય મતવાળા) આત્માને ભોક્ત કહે છે. સામાન્ય રીતે જે કર્તા હોય, ક્રિયા કરે તે જ તેના ફળને ભોગવે. તેઓના મતે પ્રકૃતિ કર્તા છે અને આત્મા ભોક્તા છે. કર્તા–ભોક્તાનું સમાનાધિકરણ (એક આધાર) ન માનતા વ્યધિકરણ માનવું તે વિરોધાભાસી કથન છે. આત્મા ચેતનવંત છે પણ તે જાણતો

નથી. બુદ્ધિ જડ છે પણ તે જાણે છે અને તેના દ્વારા આત્મામાં જાણપણું માનવું તે બીજી વિરોધતા છે. તેમના મને આત્મા બંધાતો નથી, મુક્ત પણ થતો નથી કે ભવાંતરમાં જતો નથી. પ્રકૃતિ બંધાય છે, મુક્ત થાય છે અને પ્રકૃતિ જ ભવાંતર ગામિની છે. આત્મામાં જાણવારૂપ, બાંધવારૂપ, મુક્ત થવારૂપ કે ભવાંતરાદિ ગમનરૂપ કોઈ પણ ક્રિયા નથી. આ પ્રકારનું અકારકવાદનું કથન કરવું તે તેમની એક પ્રકારની ધૃષ્ટતા છે. તે વાત **एवं ते उ पगब्भिया** ગાથા ૫૬ દ્વારા શાસ્ત્રકારે જણાવી છે.

તેરમી ગાથામાં સાંખ્યમતની માન્યતા જણાવી ચૌદમી ગાથામાં શાસ્ત્રકાર તેનું ખંડન કરવા પ્રશ્નાર્થ મૂકે છે કે આ રીતે આત્માને અકર્તા–અક્રિય માનવાથી તમારા મતમાં લોક કેવી રીતે ઘટીત થશે? **लोए तेसिं कओ सिया ?** જો આત્મા કોઈ ક્રિયા ન કરે તો તેને કર્મ બંધ નથી. કર્મ નથી તો સુખ દુઃખ વગેરે કર્મના ફળ ભોગવવાપણું નથી. જો કર્મ કર્યા વિના ફળ ભોગવે છે તેમ માનવામાં આવે તો કૃતનાશ–અકૃત આગમ નામનો દોષ આવે છે. જે કર્યું છે તેના ફળનો નાશ અને નથી કર્યું તેનું ફળ ભોગવવાનું માનવું તે યુક્તિ સંગત નથી. વળી આત્મામાં ગમનક્રિયા નથી તેથી આત્મા એક શરીર છોડી બીજા શરીરમાં, એક ગતિ છોડી બીજી ગતિમાં ગમનાગમન કરી શકે નહીં, નવો જન્મ ધારણ કરી શકે નહીં, તો તમારા મતમાં પરલોક કેવી રીતે ઘટિત થાય? કોઈપણ પ્રકારે પરિવર્તન થઈ જ ન શકે તો બાળક હંમેશાં બાળક અને મૂર્ખ હંમેશાં મૂર્ખ જ રહે. એક જ શરીરમાં બાળક, યુવા, વૃદ્ધ આદિ અવસ્થાઓનું પરિવર્તન, જન્મ મરણરૂપ સંસાર પણ ઘટિત થઈ શકે નહીં. જન્માદિ દુઃખોના વિનાશ માટે પુરુષાર્થ, તપ, જપ વગેરે સાધનાનો પણ સંભવ ન રહે. સાંખ્યવાદીઓ પોતે સંન્યાસ, શિરોમંડન, યમ–નિયમ કરે છે તે વ્યર્થ થઈ જાય. આત્મામાં કોઈપણ પ્રકારની ક્રિયા જ ન હોય તો પૂર્વ જન્મનું સ્મરણ વગેરે ક્રિયા પણ ન થાય પરંતુ લોકમાં તે સર્વ જોવા મળે છે. યુક્તિ અને અનુભવ બંને પ્રમાણ દ્વારા અકારકવાદ સ્વીકારણીય નથી.

**तमाओ ते तमं जंति** :– આત્મા કર્મનો કર્તા નથી તેથી પાપકર્મનો બંધ પણ આત્મા કરતો નથી, તેવી માન્યતાથી તેઓ આરંભ, હિંસા, ચોરી, અસત્ય વગેરે પાપ કર્મમાં રત રહે છે. તેવા મૂઢ **आरंभणिस्सिया** તેઓ અંધકારમાંથી અંધકારમાં જાય છે. મિથ્યા માન્યતા સ્વીકારવાથી અને પાપકર્મ કરવાના કારણે નરકાદિ અંધકાર તરફ જ તેઓની ગતિ થાય છે.

**આત્મષષ્ઠવાદ :–**

**૧૫** **संति पंच महब्भूया, इहमेगेसिं आहिया ।**
**आयछट्ठा पुणो आहु, आया लोगे य सासए ॥**

**શબ્દાર્થ :– आयछट्ठो** = અને આત્મા છટ્ઠો છે, **एगेसिं** = કોઈ કોઈનું, **आहिया** = આ કથન છે, **पुणो** = ફરી પુનઃ, **आहु** = તેઓ કહે છે કે, **इह** = આ જગતમાં.

**ભાવાર્થ :–** આ જગતમાં પાંચ મહાભૂત અને છટ્ઠો આત્મા છે અને તેઓ કહે છે કે આત્મા અને લોક શાશ્વત–નિત્ય છે.

**૧૬** **दुहओ ते ण विणस्संति, णो य उप्पज्जए असं ।**
**सव्वे वि सव्वहा भावा, णियतीभावमागया ॥**

**શબ્દાર્થ :– दुहओ** = બંને પ્રકારે, તે પૂર્વોક્ત છ એ પદાર્થો, **ण विणस्संति** = નષ્ટ થતા નથી, **असं** = તથા અવિદ્યમાન પદાર્થ, **णो य उप्पज्जए** = ઉત્પન્ન થતા નથી, **सव्वे वि** = તે બધા જ, **भावा** = પદાર્થ, **सव्वहा** = સર્વથા, **णियतीभावं** = નિત્યતાને, **आगया** = પ્રાપ્ત છે.

**ભાવાર્થ :–** સકારણ કે અકારણ બંને પ્રકારે પૂર્વોક્ત છ એ પદાર્થો નષ્ટ થતા નથી અને અસત્–અવિદ્યમાન પદાર્થ ક્યારે ય ઉત્પન્ન થતાં નથી. બધા પદાર્થ સર્વથા નિયતિભાવ એટલે કે નિત્યપણાને પ્રાપ્ત છે.

**વિવેચન :–**

આ બે ગાથાઓમાં આત્મષષ્ઠવાદીઓની માન્યતાનું નિરૂપણ છે. આ માન્યતા કેટલાક સાંખ્ય અને શૈવાધિકારી–વિશેષકોની છે. આ બે ગાથા દ્વારા તેઓની પાંચ માન્યતા બતાવવામાં આવી છે.

૧. અચેતન પાંચ ભૂતો ઉપરાંત સચેતન એવો આત્મા. આમ કુલ છ પદાર્થ(દ્રવ્ય) છે.

૨. આત્મા અને પાંચ ભૂતરૂપ લોક શાશ્વત છે.

૩. છ પદાર્થોનો સકારણ–અકારણ કોઈ રીતે વિનાશ થતો નથી.

૪. અસત્–અવિદ્યમાનની ક્યારે ય ઉત્પત્તિ થતી નથી.

૫. છ પદાર્થો નિત્ય છે.

**संति पंच महब्भूया, आय छट्ठा पुणो आहु(पुणेगाऽऽहु)** :– આ મતમાં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ આ પાંચ ભૂત તથા છટ્ઠા આત્માનો સ્વીકાર કરવામાં આવે છે. ચાર્વાક મત– વાળા પાંચ ભૂતને જ માન્ય કરે છે અને પાંચ ભૂતથી આત્મા ઉત્પન્ન થાય છે તેમ માને છે. હર્મન જેકોબી જેવા વિદ્વાન તો આત્મષષ્ઠ વાદીઓની ગણના ચાર્વાકના એક પંથરૂપે કરે છે. આત્મષષ્ઠવાદી છ પદાર્થનો સ્વીકાર કરે છે.

**आया लोगे सासए..ण विस्संति** :– આ ભૂતરૂપ લોક અને આત્મા એમ છ પદાર્થને તેઓ શાશ્વત કહે છે. જે પદાર્થ સત્ છે તે હંમેશાં સત્–વિદ્યમાન જ રહે છે. આ પદાર્થનો ક્યારે ય નાશ થતો નથી. તે પદાર્થ સકારણ કે નિષ્કારણ નાશ પામતા નથી. લાકડી, દંડથી ઘટ વગેરે ફૂટી જાય, નાશ પામે તે સકારણ નાશ કહેવાય છે. ઉત્પન્ન થતાં પદાર્થ બીજી ક્ષણે સ્વતઃ નાશ પામી જાય છે. બૌદ્ધો આ નાશને નિષ્કારણ નાશ કહે છે. આત્મષષ્ઠવાદી તેવા નાશને સ્વીકારતા નથી. આત્મષષ્ઠવાદીના મતે પદાર્થ સકારણ–નિષ્કારણ રૂપે ક્યારે ય નાશ પામતા નથી માટે તે શાશ્વત છે.

સત્ જેમ નાશ ન પામે તેમ અસત્–અવિદ્યમાનની ઉત્પત્તિ પણ થતી નથી. સત્ રૂપે છ પદાર્થ છે. અસત્‌ની ઉત્પત્તિ ન હોવાથી જગતમાં છ જ પદાર્થ રહે છે. પદાર્થની સંખ્યામાં વધઘટ થતી નથી.

**णियतीभावमागया** :– આ સર્વ પદાર્થ નિત્ય છે. આ પદાર્થ પોતાના સ્વભાવમાં કાયમ રહે છે. સ્વભાવથી ચ્યૂત થતા નથી તેથી નિત્ય છે. તેની પર્યાય–અવસ્થાઓ ક્યારે ય પલટાતી નથી. આ પદાર્થ ફૂટસ્થ નિત્ય છે, તેમાં અંશમાત્ર પરિવર્તન થતું નથી. આત્મષષ્ઠવાદી પંચભૂત રૂપ લોક તથા આત્મા, આ સર્વ પદાર્થને એકાંતે નિત્ય કહે છે તે તેઓની માન્યતા યુક્તિ સંગત નથી. આત્માને એકાંતે નિત્ય માનવાથી કર્મબંધ, તેનું પરિણામ, સુખ દુઃખ, ભવાંતર ગમન કે મોક્ષગમન આદિ કોઈપણ પ્રકારનું પરિવર્તન સંભવિત નથી પરંતુ લોકમાં આ સર્વ ક્રિયાઓ જોઈ શકાય છે. તેથી ઉપરોક્ત માન્યતા યુક્તિસંગત નથી.

આત્માદિ દ્રવ્યો કથંચિત્ નિત્ય કથંચિત્ અનિત્ય છે. સત્‌ની કથંચિત્ ઉત્પત્તિ, કથંચિત્ નાશ પણ થાય છે. પ્રત્યેક દ્રવ્ય સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવની અપેક્ષાએ સત્‌રૂપ છે અને પરદ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવની અપેક્ષાએ અસત્ પણ છે. દ્રવ્યની અપેક્ષાએ નિત્ય અને પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે. સુવર્ણ દ્રવ્ય નિત્ય છે પણ વીંટી, ચેઈન વગેરે પર્યાય–અવસ્થાઓ પલટાતી રહે. પર્યાયની ઉત્પત્તિ પણ થાય અને નાશ પણ થાય પરંતુ સુવર્ણ–સુવર્ણરૂપે [દ્રવ્ય રૂપે] ટકી રહે છે.

આત્માદિ દ્રવ્યોને ઉત્પાદ–નાશ રહિત, સ્થિર, એક સ્વભાવ રૂપ ફૂટસ્થ નિત્ય માનવા તે આત્મષષ્ઠ વાદીઓનો મિથ્યા આગ્રહ છે. તે છોડવા યોગ્ય છે. અનેકાંત વાદનો આશ્રય જ સમ્યક્ત્વ છે.

**ક્ષણિકવાદ :–**

**१७** **पंच खंधे वयंतेगे, बाला उ खणजोइणो ।**
**अण्णो अणण्णो णेवाऽऽहु, हेउयं च अहेउयं ॥**

**શબ્દાર્થ :– एगे उ बाला** = કોઈ અજ્ઞાની, **खणजोइणो** = ક્ષણમાત્ર રહેનારા, **वयंते** = બતાવે છે, **अण्णो** = ભૂતોથી ભિન્ન, **अणण्णो** = તથા અભિન્ન, **हेउयं च** = કારણથી ઉત્પન્ન થયેલા તથા, **अहेउयं** = વિના કારણ ઉત્પન્ન થયેલા આત્માને, **णेवाऽऽहु** = કહેતા નથી.

**ભાવાર્થ :–** કેટલાક અજ્ઞાનીઓ ક્ષણ માત્ર રહેનારા પાંચ સ્કંધ બતાવે છે. તેઓ ભૂતોથી ભિન્ન તથા અભિન્ન, કારણથી ઉત્પન્ન થયેલ કે વિના કારણ ઉત્પન્ન થયેલ આત્માને માનતાં નથી અને કહેતાં પણ નથી.

**१८** **पुढवी आऊ तेऊ य, तहा वाउ य एगओ ।**
**चत्तारि धाउणो रूवं, एवमाहंसु आवरे ॥**

**શબ્દાર્થ :– धाउणो** = ધાતુના, **रूवं** = રૂપ છે, **एगओ** = આ શરીરરૂપમાં એક થવાથી "જીવ" સંજ્ઞાને

પ્રાપ્ત કરે છે, **एवं** = આ પ્રમાણે, **आवरे** = બીજા બૌદ્ધો, **आहंसु** = કહે છે.

**ભાવાર્થ :–** બીજા બૌદ્ધોએ બતાવ્યું છે કે પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુ આ ચારે ધાતુના રૂપ છે. તે ધાતુઓ શરીરના રૂપમાં એકાકાર થઈ જાય છે ત્યારે તે જીવ સંજ્ઞાને પ્રાપ્ત થાય છે.

## વિવેચન :–

આ બે ગાથા દ્વારા બૌદ્ધોના ક્ષણિકવાદનું નિરૂપણ શાસ્ત્રકારે કર્યું છે. ૧૭મી ગાથામાં પાંચ સ્કન્ધવાદી બૌદ્ધો અને ૧૮મી ગાથામાં ચતુર્ધાતુવાદી બૌદ્ધોનું વર્ણન આ બંને પ્રકારના બૌદ્ધો ક્ષણિકવાદને સ્વીકારે છે. પ્રત્યેક પદાર્થ ક્ષણિક છે તેમ તેઓ માને છે.

**પંચસ્કંધવાદ :–** બૌદ્ધો પાંચ સ્કન્ધને માને છે. (૧) રૂપસ્કન્ધ (૨) વેદના સ્કન્ધ (૩) સંજ્ઞા સ્કન્ધ (૪) સંસ્કાર સ્કન્ધ (૫) વિજ્ઞાન સ્કન્ધ. આ પાંચે સ્કન્ધને ઉપાદાન સ્કન્ધ પણ કહેવામાં આવે છે.

(૧) રૂપસ્કન્ધ– ઠંડી, ગરમી વગેરે વિવિધ રૂપોમાં વિકાર પામવાના સ્વભાવવાળા ધર્મોનું એકત્રિત થવું તે રૂપસ્કન્ધ. (૨) વેદના સ્કન્ધ– સુખ દુઃખ, અસુખ અદુઃખ રૂપ વેદન(અનુભવ) કરવાના સ્વભાવવાળા ધર્મોનું એકત્રિત થવું તે વેદના સ્કન્ધ (૩) સંજ્ઞા સ્કન્ધ– જુદી–જુદી સંજ્ઞા(નામ)ના કારણે વસ્તુ–વિશેષને જાણવાના સ્વભાવવાળા ધર્મોનું એકત્રિત થવું તે સંજ્ઞા સ્કન્ધ (૪) સંસ્કાર સ્કન્ધ– પુણ્ય–પાપ વગેરે ધર્મોના લક્ષણવાળો સમૂહ તે સંસ્કાર સ્કન્ધ. (૫) વિજ્ઞાન સ્કન્ધ– ગંધ, રસ, રૂપ વગેરેને જાણવાના લક્ષણોવાળા સ્કન્ધ તે વિજ્ઞાન સ્કન્ધ.

**पंच खंधे वयंतेगे** :– આ ગાથાપદ દ્વારા શાસ્ત્રકારે પાંચસ્કંધ જ છે તેવું માનતા કેટલાક બૌદ્ધોની માન્યતા દર્શાવી છે. તેઓના મતે પાંચ સ્કન્ધથી જ જગવ્યવહાર ચાલે છે. પાંચ સ્કન્ધથી ભિન્ન 'આત્મા'ને તેઓ સ્વીકારતા નથી. આત્મષષ્ઠવાદીઓ, સાંખ્યો ભૂતોથી ભિન્ન આત્મા માન્ય કરે છે, ચાર્વાક અને તજ્જીવ–તત્શરીરવાદી ભૂતોથી અભિન્ન આત્મા માન્ય કરે છે. જ્યારે પાંચસ્કન્ધવાદી બૌદ્ધો સ્કન્ધથી ભિન્ન કે અભિન્ન એવા આત્માને માન્ય કરતા નથી. ચતુર્ધાતુવાદી બૌદ્ધો ભૂતોથી અભિન્ન, નિર્હેતુક નાશ પામતા, ક્ષણિક એવા આત્માને માન્ય કરે છે.

**अण्णो अणण्णो, हेउयं अहेउयं णेवाऽऽहु** :– ચાર્વાક મતાવલંબીઓ ભૂતો શરીરાકારે પરિણત થવાના કારણે આત્માની ઉત્પત્તિ સ્વીકારે છે તો અન્ય કેટલાક મતવાળા નિર્હેતુક આત્માની ઉત્પત્તિ સ્વીકારે છે. જ્યારે બૌદ્ધો સહેતુક કે નિર્હેતુક કોઈ પણ રીતે આત્માની ઉત્પત્તિ સ્વીકારતા નથી.

**ચતુર્ધાતુવાદ :–** શાસ્ત્રકારે ચતુર્ધાતુવાદી બૌદ્ધોની માન્યતાનું નિરૂપણ ગાથા ૧૮ માં કર્યું છે. પૃથ્વીધાતુ, જલધાતુ, અગ્નિધાતુ અને વાયુધાતુ, આ ચાર ધાતુ જગતને ધારણ–પોષણ કરે છે અને તેથી જ તે ધાતુરૂપે કહેવાય છે. આ ચારે પદાર્થ જ્યારે એકાકાર બને છે ત્યારે ભૂત સંજ્ઞાવાળો રૂપસ્કન્ધ બની જાય છે અને આ રૂપ સ્કન્ધ શરીર રૂપમાં પરિણત થાય ત્યારે તે 'જીવસંજ્ઞા' 'આત્મસંજ્ઞા' પ્રાપ્ત કરે છે, આત્મા કહેવાય છે. **चत्तारि धाउणो रूवं** આ ગાથા પદ દ્વારા બતાવ્યું છે કે– આ શરીર ચાર ધાતુઓથી બનેલું છે અને આ

ચાર ધાતુથી અભિન્ન એવો આત્મા છે. આ આત્મારૂપ સ્કન્ધમય છે.

**खणजोइणो** :– પંચ સ્કન્ધવાદી બૌદ્ધો આ પાંચ સ્કન્ધ તેમજ ચાતુર્ધાતુવાદી બૌદ્ધો ચાર ધાતુથી ઉત્પન્ન આત્માને ક્ષણિક માને છે. સ્કન્ધ વગેરે ક્ષણજીવી છે. પહેલી ક્ષણે નિર્હેતુક ઉત્પન્ન થાય અને બીજી ક્ષણે નિર્હેતુક સમૂલ નાશ પામે છે. પહેલી ક્ષણ બીજી ક્ષણને ઉત્પન્ન કરી નાશ પામે છે. તેથી 'આ તે જ છે' તેવું લોકોને પ્રતીતત થાય છે. જેમ દીવાની જ્યોતમાં પ્રત્યેક ક્ષણે નવી જ જ્યોત હોય છે, જ્યોત ઉત્પન્ન થાય અને નાશ પામે, જેમ નદીનો પ્રવાહ જે સ્થાને આ ક્ષણે પાણી છે તે સ્થાને તે જ પાણી બીજી ક્ષણે હોતું નથી તેમ બધા પદાર્થ ક્ષણિક છે અર્થાત્ એક ક્ષણ ટકે અને બીજી ક્ષણે નિરન્વય નાશ પામે છે.

બૌદ્ધોનો આ ક્ષણિકવાદ સ્વીકાર્ય નથી. તેમના મતમાં બધા પદાર્થ એક ક્ષણ પછી નાશ પામે છે. તો ક્રિયાની ક્ષણમાં જ કર્તાનો નાશ થવાથી કર્તાનો ક્રિયાના ફળ સાથે સંબંધ ક્યાંથી રહે ? જે ક્ષણોમાં ક્રિયા થઈ તે નાશ પામે અને બીજી ક્ષણમાં જે ભોગવટો થાય તેણે ક્રિયા કરી નથી માટે કૃતનાશ–અકૃત આગમ દોષ આવે છે.

બૌદ્ધો આત્માને જ માનતા નથી. બંધ, મોક્ષ, જન્મ, મરણ, સ્વર્ગ, નરક ગમન આ કાંઈ ક્રિયાઓ સંભવે નહીં. આત્મા જ નથી તેનો મોક્ષ પણ નથી તો તેઓ ભિક્ષુ બનવું વગેરે સાધના કોના માટે કરે છે ? અને આ સાધના કરનાર કોણ ? આવા પ્રશ્નના ઉત્તર તેઓ પાસે નથી. આત્માને માનવાથી જ બંધન–મોક્ષ તથા સાધના સિદ્ધ થશે. કેટલાક બૌદ્ધો આત્માને ક્ષણિક માને છે તે યોગ્ય નથી. આત્મા છે અને તે એકાંતે ક્ષણિક નથી. દ્રવ્યથી નિત્ય છે, પર્યાયથી અનિત્ય છે.

ગાથામાં આવેલ **आवरे** ના સ્થાને **जाणगा** પાઠાન્તર કેટલીક પ્રતોમાં જોવા મળે છે. તેનો અર્થ છે જાણનાર–જ્ઞાની. 'પોતાને જ્ઞાની માનતા કેટલાક બૌદ્ધો કહે છે' તેમ ત્યાં અર્થ થાય છે.

**સાંખ્યાદિમત :–**

**१९** **अगारमावसंता वि, आरण्णा वा वि पव्वया ।**
**इमं दरिसणमावण्णा, सव्वदुक्खा विमुच्चइ ॥**

**શબ્દાર્થ :–** **अगारं** = ઘરમાં, **आवसंता वि** = નિવાસ કરનારા, **आरण्णा वा वि** = વનમાં નિવાસ કરનારા, **पव्वया** = પ્રવ્રજ્યા ધારણ કરનારા, **इमं दरिसणं** = આ અમારા દર્શનને, **आवण्णा** = પ્રાપ્ત કરીને, **विमुच्चइ** = મુક્ત થઈ જાય છે.

**ભાવાર્થ :–** ઘરમાં રહેનાર(ગૃહસ્થ), વનમાં રહેનાર તાપસ, પ્રવ્રજ્યા ધારણ કરનાર મુનિ અથવા પર્વતની ગુફામાં રહેનાર(પાર્વત), જે કોઈ આ દર્શનનો સ્વીકાર કરે છે, તેઓ બધાં દુઃખોથી મુક્ત થાય છે. તેમ અન્ય દર્શનીઓનું કહેવું છે.

**२०** **ते णावि संधिं णच्चाणं, ण ते धम्मविऊ जणा ।**
**जे ते उ वाइणो एवं, ण ते ओहंतराऽऽहिया ॥**

**શબ્દાર્થ :–** (ગાથા ૨૦ થી ૨૫) **ते** = અન્યતીર્થિઓ, **णावि संधिं णच्चा णं** = સંધિને નહીં જાણનાર, **ते जणा** = તે લોકો, **धम्मविऊ ण** = ધર્મને નહીં જાણનાર, **जे ते उ एवं वाइणो** = જે તે આ પ્રમાણે મિથ્યા પ્રરૂપણા કરનાર, **ओहंतरा** = ઓઘ, સંસાર સાગરને તરનાર, **ण आहिया** = કહ્યા નથી, **ण ते संसार पारगा** = સંસાર સાગરને તેઓ પાર પામી શકતા નથી, **ते ण गब्भस्स पारगा** = ગર્ભને પાર પામી શકતા નથી, **ते ण जम्मस्स पारगा** = જન્મને પાર પામી શકતા નથી, **ते दुःखस्स पारगा ण** = તેઓ દુઃખને પાર પામી શકતા નથી, **ते मारस्स पारगा ण** = તેઓ મૃત્યુને પાર કરી શકતા નથી.

**ભાવાર્થ :–** સંધિને જાણ્યા વિના જ ક્રિયામાં પ્રવૃત્ત થનાર, ધર્મના સ્વરૂપને નહીં જાણનાર, પૂર્વોક્ત પ્રકારે મિથ્યા પ્રરૂપણા કરનાર તે અન્યતીર્થિકો સંસાર સાગરને તરી શકતા નથી.

**૨૧** **ते णावि संधिं णच्चाणं, ण ते धम्मविऊ जणा ।**
**जे ते उ वाइणो एवं, ण ते संसारपारगा ॥**

**ભાવાર્થ :–** સંધિને જાણ્યા વિના જ ક્રિયામાં પ્રવૃત્ત થનાર, ધર્મના સ્વરૂપને નહીં જાણનાર, પૂર્વોક્ત પ્રકારે મિથ્યા પ્રરૂપણા કરનાર તે અન્યતીર્થિકો સંસારને પાર પામી શકતા નથી.

**૨૨** **ते णावि संधिं णच्चाणं, ण ते धम्मविऊ जणा ।**
**जे ते उ वाइणो एवं, ण ते गब्भस्स पारगा ॥**

**ભાવાર્થ :–** સંધિને જાણ્યા વિના જ ક્રિયામાં પ્રવૃત્ત થનાર, ધર્મના સ્વરૂપને નહીં જાણનાર, પૂર્વોક્ત પ્રકારે મિથ્યા પ્રરૂપણા કરનાર તે અન્યતીર્થિકો ગર્ભને પાર પામી શકતા નથી.

**૨૩** **ते णावि संधिं णच्चाणं, ण ते धम्मविऊ जणा ।**
**जे ते उ वाइणो एवं, ण ते जम्मस्स पारगा ॥**

**ભાવાર્થ :–** સંધિને જાણ્યા વિના જ ક્રિયામાં પ્રવૃત્ત થનાર, ધર્મના સ્વરૂપને નહીં જાણનાર, પૂર્વોક્ત પ્રકારે મિથ્યા પ્રરૂપણા કરનાર તે અન્યતીર્થિકો જન્મને પાર પામી શકતા નથી.

**૨૪** **ते णावि संधिं णच्चाणं, ण ते धम्मविऊ जणा ।**
**जे ते उ वाइणो एवं, ण ते दुक्खस्स पारगा ॥**

**શબ્દાર્થ :–** સંધિને જાણ્યા વિના જ ક્રિયામાં પ્રવૃત્ત થનાર, ધર્મના સ્વરૂપને નહીં જાણનાર, પૂર્વોક્ત પ્રકારે મિથ્યા પ્રરૂપણા કરનાર તે અન્યતીર્થિકો દુઃખનો પાર પામી શકતા નથી.

**૨૫** **ते णावि संधिं णच्चाणं, ण ते धम्मविऊ जया ।**
**जे ते उ वाइणो एवं, ण ते मारस्स पारगा ॥**

**ભાવાર્થ :–** સંધિને જાણ્યા વિના જ ક્રિયામાં પ્રવૃત્ત થનાર, ધર્મના સ્વરૂપને નહીં જાણનાર, પૂર્વોક્ત પ્રકારે મિથ્યા પ્રરૂપણા કરનાર તે અન્યતીર્થિકો મૃત્યુનો પાર પામી શકતા નથી.

**૨૬** **णाणाविहाइं दुक्खाइं, अणुभवंति पुणो पुणो ।**
**संसारचक्कवालम्मि, वाहि-मच्चु-जराकुले ॥**

**શબ્દાર્થ :– वाहि मच्चुजराकुले** = મૃત્યુ, વ્યાધિ અને વૃદ્ધત્વથી પૂર્ણ, **संसारचक्कवालम्मि** = સંસારરૂપી ચક્રમાં તે અન્યતીર્થિઓ, **अणुभवंति** = અનુભવ કરે છે.

**ભાવાર્થ :–** મિથ્યાત્વથી ઘેરાયેલા તે અન્ય મતવાદીઓ મૃત્યુ, રોગ અને ઘડપણથી યુક્ત આ સંસારરૂપી ચક્રમાં વારંવાર વિવિધ પ્રકારનાં દુઃખોનો અનુભવ કરે છે.

**૨૭** **उच्चावयाणि गच्छंता, गब्भमेस्संतऽणंतसो ।**
**णायपुत्ते महावीरे, एवमाह जिणोत्तमे ॥त्ति बेमि ॥**

**શબ્દાર્થ :– एवमाह** = એમ કહ્યું છે કે, **उच्चावयाणि** = ઊંચ–નીચ ગતિઓમાં, **गच्छंता** = ભ્રમણ કરતાં તે અન્યતીર્થિઓ, **णंतसो** = અનંતવાર, **गब्भमेस्संत** = ગર્ભવાસને પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :–** જ્ઞાતપુત્ર, જિનોત્તમ શ્રી મહાવીર સ્વામીએ કહ્યું છે કે પૂર્વોક્ત અફલવાદી અન્યતીર્થિકો ઊંચ–નીચ ગતિઓમાં ભ્રમણ કરતાં અનંતવાર માતાના ગર્ભમાં આવે છે.

## વિવેચન :–

**इमं दरिसणमावण्णा** :– પ્રસ્તુત ગાથા ૧૯માં શાસ્ત્રકારે અન્યદાર્શનિકોના અજ્ઞાન અને અહંકારનું દર્શન કરાવ્યું છે. તેઓની માન્યતા છે કે તમે ભલે ગૃહસ્થ હો, અરણ્યવાસી હો, પર્વતીય તાપસ હો અથવા યોગી હો, ભલે પ્રવ્રજિત હો પણ અમારા માનેલા અથવા પ્રવર્તાવેલા દર્શન અથવા વાદને સ્વીકાર કરશો તો શારીરિક, માનસિક વગેરે સર્વ પ્રકારના દુઃખોથી મુક્ત થઈ જશો. ઘોર તપશ્ચર્યા કરી શરીરને સૂકવી દેવું, સંયમ અને ત્યાગની કઠોર ચર્યા અપનાવવી, માથું મૂંડાવવું, કેશલોચ કરવો, પગે ચાલીને વિચરણ કરવું નગ્ન રહેવું કે મર્યાદિત વસ્ત્ર રાખીને ઠંડી–ગરમી આદિ પરીષહો સહેવા, જટા, મૃગચર્મ, દંડ કાષાયિક વસ્ત્ર આદિ ધારણ કરવાં, આ બધા શારીરિક ક્લેશ દુઃખરૂપ છે. અમારો મત સ્વીકારવાથી આ સર્વ કષ્ટોથી છૂટકારો મળી જશે.

ગૃહસ્થ જીવનના પ્રપંચમાં રચ્યાપચ્યા રહેનારા અને હિંસા, અસત્ય, ચોરી આદિ દોષોથી સર્વથા મુક્ત ન રહી શકનાર વ્યક્તિને તે દાર્શનિકો કર્મબંધનથી મુક્ત થવા માટે હિંસા વગેરે આશ્રવો, મિથ્યાત્વ, પ્રમાદ, કષાય આદિનો ત્યાગ અથવા યથાશક્તિ તપ, વ્રત, નિયમ, સંયમ પાલન કરવાનું કહેવાના બદલે માત્ર પોતાના મતને સ્વીકારવાનો સસ્તો, સરળ અને સીધો માર્ગ બતાવે છે.

વનવાસી તાપસો, પર્વતનિવાસી યોગીઓ અથવા પરિવ્રાજક જે પરિવાર, સમાજ અને રાષ્ટ્રની જવાબદારીઓથી દૂર થઈને એકાન્ત સાધના કરતા હતા તેઓને પણ આ દાર્શનિકો આમ જ કહેતા હતા કે અમારા દર્શનનો સ્વીકાર કરવાથી જલ્દી જલ્દી મુક્તિ થશે. તમારે ત્યાગ, તપ આદિ કરવાની જરૂર નથી, બીજાને આકર્ષણ કરવાની મનોવૃત્તિનું પ્રદર્શન કરતાં કહ્યું છે કે,

**तपांसि यातनाश्चित्रताः, संयमो भोगवंच्चनम् ।**
**अग्निहोत्रादिकं कर्म, बालक्रीडेव लक्ष्यते ॥**

વિવિધ પ્રકારના તપ કરવા, તે શરીરને વ્યર્થ યાતના દેવા જેવું છે. સંયમધારણ કરવો તે પોતાને ભોગથી વંચિત રાખવા બરાબર છે અગ્નિહોમ વગેરે કર્મ તો બાળકોની રમત જેવા જ છે.

**सव्वदुक्खा विमुच्चइ** :– આ પંક્તિ પાછળ શાસ્ત્રકારનો એ ગુપ્ત આશય પ્રગટ થાય છે કે પાંચભૂતાત્માવાદીથી લઈને ચાતુર્ધાતુકવાદી(ક્ષણિકવાદી) સુધીના બધા દર્શનકારો સર્વ દુઃખોથી મુક્તિનું આશ્વાસન આપે છે પરંતુ આ દુઃખમુક્તિનો યથાર્થ માર્ગ નથી. શ્રમણ ભગવાન મહાવીર સ્વામી દ્વારા પ્રરૂપિત સમ્યક્ દર્શન, જ્ઞાન, ચારિત્ર રૂપ મોક્ષ માર્ગને પ્રાપ્ત કરવો તે અથવા મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ આ કર્મબંધનાં કારણોથી દૂર રહેવું તે જ સર્વ દુઃખમુક્તિનો માર્ગ છે.

**આ બધા દાર્શનિકો પોતે દુઃખમુક્ત નથી :–** પૂર્વ ગાથામાં બધા જ અન્ય દાર્શનિકો દ્વારા પોતાના દર્શનને સ્વીકારી લેવાથી દુઃખ મુક્ત થઈ જવાના ખોટાં આશ્વાસનોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. શાસ્ત્રકાર ૨૦ થી ૨૬ ગાથા સુધી જુદી જુદી રીતે કહે છે કે તે દાર્શનિકો દુઃખના મૂળ સ્રોતભૂત એવા જન્મ, જરા મૃત્યુ, રોગ, ચાર ગતિરૂપ સંસાર ચક્ર, ગર્ભાવાસ તથા મોહાદિથી ઉત્પન્ન કષ્ટોથી મુક્ત થતા નથી તો બીજાને દુઃખોથી મુક્ત કેમ કરી શકશે ? તેઓની દુઃખ અમુક્તિના મુખ્ય બે કારણો શાસ્ત્રકારે બતાવ્યાં છે–

**ते णावि संधिं णच्चाणं** :– સંધિ જાણ્યા વિના જ તેઓ ક્રિયામાં પ્રવૃત્ત થઈ જાય છે. તેથી દુઃખાદિથી મુક્ત થઈ શકતા નથી.

સામાન્ય રીતે સંધિ એટલે જોડવું. કોઈપણ બે વસ્તુ ભેગી થાય તે જોડ–મેળને સંધિ કહેવામાં આવે છે. ગાથામાં સંધિ શબ્દ મહત્વપૂર્ણ અર્થ ધરાવે છે. આત્મા અને કર્મના જોડાણ માટે સંધિ શબ્દનો પ્રયોગ અહીં થયેલ છે. શબ્દકોષ અનુસાર સંધિ શબ્દના છ અર્થ થાય છે.

(૧) સંયોગ (૨) મેળ કે જોડ (૩) ઉત્તરોત્તર પદાર્થોનું જ્ઞાન (૪) મત કે અભિપ્રાય (૫) અવસર (૬) છિદ્ર કે વિવર.

આત્મા તથા કર્મને લક્ષ્યમાં રાખી ગાથામાં પ્રયુક્ત 'સંધિ' શબ્દના છ અર્થ થાય છે. આ સંધિને મિથ્યામતવાદીઓ જાણતા નથી. આત્મા તથા કર્મોનો સંયોગ કેમ થાય ? આત્મા અને કર્મોનો મેળ કયા કયા કારણોથી, કેવી રીતે થાય ? આત્મા અને કર્મ વિષયમાં ઉત્તરોત્તર તત્વભૂત પદાર્થો કયા કયા છે ? આત્મા કર્મબંધથી કેવી રીતે મુક્ત થાય ? તે મત કે સિદ્ધાંત શું છે ? આત્માને કર્મબંધથી મુક્તિનો અવસર કેવ રીતે મળે ? આત્મા કર્મોથી અવરાયેલ છે તેમાં છિદ્ર પાડવું–કર્મોનો ક્ષયોપશમ ક્ષય કેમ કરવો ?

આ છ પ્રકારની સંધિને તેઓ જાણતા નથી. સંક્ષેપમાં આત્મા અને કર્મની સંધિને કેમ તોડવી આ તથ્યને જાણ્યા વિના જ તેઓ ક્રિયામાં પ્રવૃત્ત થાય છે પરિણામે દુઃખાદિથી મુક્ત થઈ શકતા નથી.

**णाणाविहाइं दुक्खाइं, अणुभवंति पुणो पुणो** :– તે વિભિન્ન મતવાદીઓ અનેક પ્રકારનાં દુઃખોને વારંવાર ભોગવે છે. તાત્પર્ય એ છે કે જ્યાં સુધી જીવનમાં મિથ્યાત્વ, હિંસાદિ અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ રહેશે ત્યાં સુધી ભલે તે પર્વત પર જાય, ઘોર જંગલમાં થઈને ધ્યાન કરે, અનેક પ્રકારના કઠોર તપ પણ કરી લે અથવા વિવિધ ક્રિયાકાંડ પણ કરી લે તોપણ તે જન્મ, મૃત્યુ, વૃદ્ધાવસ્થા, રોગ, ગર્ભાવાસ રૂપ સંસારચક્ર પરિભ્રમણનાં મહાદુઃખોને સર્વથા સમાપ્ત કરી શકતો નથી.

**ण ते धम्मविऊ जणा** :– તે અન્ય મતવાળા ધર્મને જાણતા નથી. સંસાર પરિભ્રમણના દુઃખોથી મુક્ત ન થવાનું બીજું પ્રબળ કારણ છે, તેઓનું ધર્મવિષયક અજ્ઞાન. જો તેઓ આત્માને જ માનતા નથી અથવા માને છે તો કૂટસ્થ નિત્ય, નિષ્ક્રિય માને, આત્માને શરીર, પાંચ ભૂતો કે ચાર ધાતુઓ સુધી જ મર્યાદિત માને. આ રીતે આત્મસ્વરૂપનું અજ્ઞાન હોવાથી આત્માના જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય રૂપ સ્વભાવ ધર્મને જાણી શકતા નથી. પરિણામે કર્મબંધના કારણો અને તેના શુભાશુભ ફળથી મુક્ત થઈને સ્વરૂપ રમણતા કરી શકતા નથી. તેઓ આત્મધર્મના જ્ઞાન અને આચરણથી દૂર રહે છે.

**उच्चावयाणि गच्छंता गब्भमेस्संतऽणंतसो** :– પ્રસ્તુત ગાથાપદમાં સૂત્રકારે પૂર્વોક્ત મિથ્યાદાર્શનિકોના અંધકારમય ભવિષ્યને પ્રગટ કર્યું છે. તે જીવો ઊંચ–નીચ ગતિઓમાં અનંતકાળ પરિભ્રમણ કરી, જન્મના ગર્ભના અનંત દુઃખોને ભોગવે છે. તેનું કારણ એ જ છે કે સ્વયં મિથ્યાત્વથી ગ્રસિત છે, એટલું જ નહીં પરંતુ હજારો અને લાખો લોકોને મિથ્યા માન્યતામાં ભરમાવે છે. પોતાના મત માત્રના સ્વીકારથી સર્વ દુઃખ મુક્તિનું પ્રલોભન આપે છે. આ રીતે મિથ્યાભાવનો પ્રસાર તેના મહાદુઃખનું જનક છે.

**त्ति बेमि** :– તેમ હું કહું છું. અહીં "હું" શ્રી સુધર્મા સ્વામીનું ગ્રહણ કરવાનું છે. શ્રી સુધર્માસ્વામી શ્રી જંબૂસ્વામીને કહે છે. જેવું મેં ભગવાન પાસેથી સાંભળ્યું છે તેમ હું કહું છું. આ સૂત્રના પ્રત્યેક ઉદ્દેશક તથા અધ્યયનના અંતે સમાપ્તિ સૂચક આ પદ જોવા મળે છે. સર્વત્ર તેનો આ અર્થ સમજવો.

આ રીતે ગણધર શ્રી સુધર્મા સ્વામીએ પોતાના શિષ્ય શ્રી જંબૂસ્વામીને તીર્થંકર ભગવાન મહાવીર સ્વામી પાસેથી સાક્ષાત્ સાંભળેલ વાતોનું વર્ણન કર્યું છે.

**॥ અધ્યયન ૧/૧ સંપૂર્ણ ॥**

## બીજો ઉદ્દેશક

**નિયતિવાદ :–**

**૧** आघायं पुण एगेसिं, उववण्णा पुढो जिया ।
वेदयंति सुहं दुक्खं, अदुवा लुप्पंति ठाणओ ॥

**શબ્દાર્થ :–** **पुण** = વળી, **एगेसिं** = કોઈ કોઈનું, **आघायं** = કહેવું છે કે, **जिया** = જીવ, **पुढो** = અલગ અલગ છે, **उववण्णा** = એ યુક્તિથી સિદ્ધ છે, **सुहं दुक्खं** = તે જીવો અલગ અલગ જ સુખ દુઃખ, **वेदयंति** = ભોગવે છે, **ठाणओ** = પોતાના સ્થાનથી, **लुप्पंति** = અન્યત્ર જાય છે.

**ભાવાર્થ :–** વળી, કોઈ મતવાદીઓનું કહેવું છે કે બધા જીવો ભિન્ન ભિન્ન છે, આ યુક્તિથી સિદ્ધ થાય છે તથા તેઓ અલગ અલગ જ સુખ દુઃખ ભોગવે છે અથવા પોતાના સ્થાનથી અન્યત્ર જાય છે અર્થાત્ એક શરીરને છોડીને બીજા શરીરમાં જાય છે.

૨ **ण तं सयंकडं दुक्खं, कओ अण्णकडं च णं ।**
**सुहं वा जइ वा दुक्खं, सेहियं वा असेहियं ॥**

૩ **ण सयं कडं ण अण्णेहिं, वेदयंति पुढो जिया ।**
**संगइयं तं तहा तेसिं, इहमेगेसिमाहियं ॥**

**શબ્દાર્થ :–** **कओ** = ક્યાંથી હોઈ શકે ? **सेहियं वा** = સિદ્ધિથી ઉત્પન્ન થયેલું, **असेहियं** = અથવા સિદ્ધિ વિના ઉત્પન્ન થયેલું, **सयंकडं ण** = સ્વયં કરેલું નથી, **तेसिं** = તેઓનું, **तहा** = તેવું, **संगइयं** = નિયતિકૃત છે, **आहियं** = કથન છે.

**ભાવાર્થ :–** તે દુઃખ જો પોતાના દ્વારા કરેલું નથી, તો બીજાનું કરેલું પણ કેવી રીતે હોઈ શકે ? તે સુખ અથવા દુઃખ ભલે સિદ્ધિથી (કોઈ કાર્ય સિદ્ધ થવાથી) ઉત્પન્ન થયું હોય અથવા સિદ્ધિના અભાવમાં ઉત્પન્ન થયું હોય, તે સુખાદિને પ્રત્યેક જીવો અલગ અલગ ભોગવે છે, તે ન તો તેમનું પોતાનું કરેલું છે અને ન બીજાનું કરેલું છે. તેનું તે સુખ કે દુઃખ સાંગતિક એટલે કે નિયતિ દ્વારા કરેલું છે. દાર્શનિક જગતમાં નિયતિવાદીઓનું આ પ્રકારનું કથન છે.

૪ **एवमेयाइं जंपंता, बाला पंडियमाणियो ।**
**णिययाऽणिययं संतं, अयाणंता अबुद्धिया ॥**

**શબ્દાર્થ :–** **एयाइं** = આ વાતોને, **जंपंता** = કહેતા [નિયતિવાદીઓ], **पंडियमाणिणो** = પોતાને પંડિત માનતા, **णिययाणिययंसतं** = સુખ દુઃખ આદિને નિયત તથા અનિયત બંને પ્રકારનાં, **अयाणंता** = ન જાણનારા તે નિયતિવાદીઓ, **अबुद्धिया** = બુદ્ધિહીન છે.

**ભાવાર્થ :–** આ પ્રકારે નિયતિવાદની વાતો કરનાર પોતાને પંડિત માનનાર બુદ્ધિહીન એવા નિયતિવાદીઓ સુખ–દુઃખ વગેરે નિયતિકૃત અને અનિયતિકૃત બંને પ્રકારનાં હોય છે તે જાણતા નથી.

૫ **एवमेगे उ पासत्था, ते भुज्जो विप्पगब्भिया ।**
**एवं उवट्ठिया संता, ण ते दुक्खविमोक्खया ॥**

**શબ્દાર્થ :– ते** = તેઓ, **भुज्जो** = વારંવાર, **विप्पगब्भिया** = નિયતિમાત્રમાં કર્તા કહેવાની ધૃષ્ટતા કરે છે, **उवट्ठिया संता** = પોતાના સિદ્ધાંતાનુસાર પારલૌકિક ક્રિયામાં ઉપસ્થિત થઈને પણ, **ते** = તેઓ, **दुक्खविमोक्खया ण** = દુઃખી છૂટવામાં સમર્થ નથી.

**ભાવાર્થ :–** આ પ્રકારના કોઈ નિયતિવાદીઓ પાસે રહેનારા પાર્શ્વસ્થ અથવા કર્મબંધના જકડાયેલા પાર્શ્વસ્થ વારંવાર નિયતિને જ સુખ દુઃખાદિના કર્તા કહેવાની ધૃષ્ટતા કરે છે. આ રીતે પોતાના સિદ્ધાંત અનુસાર પરલોક સંબંધી ક્રિયામાં ઉપસ્થિત થવા છતાંયે તેઓ પોતાને દુઃખથી મુક્ત કરી શકતા નથી.

## વિવેચન :–

**નિયતિવાદના ગુણ દોષ :–** આ પાંચ ગાથામાં નિયતિવાદનું મંતવ્ય પ્રગટ કરી તેનું ખંડન કર્યું છે. સૂત્રકારે નિયતિવાદના દોષનું પ્રગટીકરણ કરી સ્વસિદ્ધાંતનું દર્શન કરાવ્યું છે.

**ण सयं कडं ण अण्णेहिं :–** નિયતિવાદ એમ કહે છે કે પ્રાણીઓ દ્વારા ભોગવાતા સુખ દુઃખ આદિ ન પોતાનાં કરેલાં છે, ન બીજાનાં કરેલાં છે, તે એકાંતે નિયતિ દ્વારા જ નિયત થયેલા છે. તેઓનું આ એકાન્તિક કથન મિથ્યા થઈ જાય છે.

**संगइयं :–** શાસ્ત્રકારે આ ગાથામાં 'નિયતિ' નામનો ઉલ્લેખ ન કરતાં **संगइयं** સાંગતિક શબ્દનો પ્રયોગ કરેલ છે. **संगइयं** એટલે સમ્યક્ અર્થાત્ પોતાના પરિણામથી જે ગતિ થવાની હોય તે થાય જ છે. તે ગતિ તે સંગતિ. જે જીવને, જે સમયે, જ્યાં, જેવા પ્રકારે જે સુખ દુઃખનો અનુભવ કરવાનો હોય તે જીવને, તે સમયે, ત્યાં, તેવા પ્રકારે તે સુખ દુઃખનો અનુભવ થાય જ છે, તે સંગતિ કહેવાય છે. સંગતિનું બીજું નામ નિયતિ છે. સંગતિથી જે સુખ દુઃખ ઉત્પન્ન થાય તે સાંગતિક કહેવાય.

નિયતિવાદના મતે સમસ્ત ચર–અચર જગત નિયતિથી જ બંધાયેલું છે. જે કાર્ય જ્યારે, જેમ થવાનું હોય તે કાર્ય તે રૂપ થાય જ છે. નિયતિની ગતિને કોઈ રોકી શકવા સમર્થ નથી. પ્રાણીઓ જે સુખ દુઃખ ભોગવે છે તે નિયતિકૃત(નિયતિથી કરાયેલા) જ હોય છે. **ण तं सयं कडं दुक्खं** આ ગાથા દ્વારા શાસ્ત્રકાર નિયતિવાદની માન્યતા બતાવે છે કે જે દુઃખ છે તે સ્વયંકૃત નથી. **कओ अन्न कडं णं** દુઃખ જો સ્વકૃત નથી તો પરકૃત કેવી રીતે સંભવે ? અર્થાત્ દુઃખ પરકૃત પણ નથી. ભોગવાતા સુખ દુઃખ સૈદ્ધિક હોય કે અસૈદ્ધિક તે નિયતિકૃત જ છે.

**सेहियं वा असेहियं :–** આ બંને વિશેષણ સુખના જ વિશેષણ રૂપે ગણવામાં આવે તો સૈદ્ધિક સુખ અને અસૈદ્ધિક સુખ એવા બે શબ્દ બને છે. મોક્ષમાં સિદ્ધોનું જે સુખ તે સૈદ્ધિક સુખ અને તેનાથી વિપરીત સંસારનું જે સુખ તે અસૈદ્ધિક સુખ કહેવાય છે. **सेहियं वा असेहियं** ને સુખ દુઃખ બંનેના વિશેષણ રૂપે ગણવામાં આવે ત્યારે પુષ્પમાળા, ચંદન, સ્ત્રી વગેરેના ઉપભોગરૂપ ક્રિયાની સિદ્ધિથી પ્રાપ્ત સુખ સૈદ્ધિક સુખ અને બાહ્ય નિમિત્ત વિના આનંદરૂપ જે સુખની પ્રાપ્તિ તે અસૈદ્ધિક સુખ કહેવાય. ચાબૂકનો માર, અગ્નિનો સ્પર્શરૂપ ક્રિયાની સિદ્ધિથી પ્રાપ્ત દુઃખ સૈદ્ધિક દુઃખ અને બાહ્ય નિમિત્ત વિના મનમાં શોકાદિ

તથા તાવ, દુઃખાવો વગેરે શરીરમાં જે દુઃખાનુભૂતિ તે અસૈદ્ધિક દુઃખ કહેવાય છે. આ સૈદ્ધિક–અસૈદ્ધિક સુખ દુઃખ નિયતિકૃત છે. તે કાળ, સ્વભાવ, પુરુષાર્થ કે આત્મકૃત નથી. સમાન કાળમાં એક જાતીય સ્વભાવ અને સમાન ઉદ્યમ કરવા છતાં વ્યક્તિ ભિન્ન ભિન્ન ફળ ભોગવે છે. કાળ આદિ સમાન હોવા છતાં ફળ સમાન નથી મળતું, તે જ સૂચવે છે કે સુખ દુઃખાદિ ફળ નિયતિકૃત જ છે.

નિયતિવાદ આ માન્યતા એકાંતિક હોવાથી મિથ્યા છે. તેનું ખંડન શાસ્ત્રકારે ગાથા નં. ૪માં કરેલ છે.

**णिययाऽणिययं संतं** :– સુખ–દુઃખ નિયતિકૃત અને અનિયતિકૃત બંને પ્રકારે હોય છે. જીવ જે સુખ–દુઃખ પ્રાપ્ત કરે છે તે સ્વકૃત કર્મના ફળ સ્વરૂપે જ પ્રાપ્ત થાય છે. ભૂતકાળના કર્મ વર્તમાનમાં ફળ આપે છે. કર્મમાં જે નિકાચિત કર્મ છે તેમાં કોઈ પુરુષાર્થ કાર્યકારી નથી. તે નિકાચિત કર્મ જે રીતે કર્યા હોય તે રીતે જ તેનું ફળ ભોગવવું પડે છે. તે નિયતિકૃત સુખ–દુઃખ કહી શકાય અને જે સ્પૃષ્ટ, બદ્ધ કે નિધત્ત કર્મ છે તે કર્મમાં પુરુષાર્થ કાર્ય કરે છે. તે કર્મની સ્થિતિ વગેરેમાં વધ–ઘટ કરી શકાય છે. તેને અનિયતિકૃત સુખ દુઃખ કહી શકાય. આ રીતે સુખ દુઃખ નિયતિકૃત અનિયતિકૃત બંને પ્રકારે છે, તેને માત્ર નિયતિરૂપ જ કહેવા તે તેઓનું અજ્ઞાન જ છે.

કાળ, સ્વભાવ, નિયતિ, કર્મ અને પુરુષાર્થ આ પાંચ સમવાય છે. આ પાંચ સમવાયના આધારે કાર્ય નિષ્પન્ન થાય છે. તેમાંથી કોઈ એક સમવાયને એકાંતે કાર્યનું કારણ માનવું તે મિથ્યાવાદ છે.

જૈનદર્શન સુખ–દુઃખ આદિને કોઈ અપેક્ષાએ પુરુષ દ્વારા કરાયેલા ઉદ્યમથી સાધ્ય માને છે. ક્રિયાથી ફળની ઉત્પત્તિ થાય છે અને ક્રિયા ઉદ્યમને આધીન છે. ક્યાંક ઉદ્યમની ભિન્નતા ફળની ભિન્નતાનું કારણ હોય છે. ક્યાંક બે વ્યક્તિઓનો એક સરખો ઉદ્યમ હોવા છતાં કોઈ એકને ફળ મળે, એકને ફળ ન મળે, તો તે તેના કર્મનું પરિણામ છે. આ રીતે કોઈ અપેક્ષાએ કર્મ પણ સુખાદિનું કારણ છે. આંબો, જાંબુ, આંબળા આદિ વૃક્ષોમાં અમુક વિશિષ્ટ સમય આવે ત્યારે જ ફળ આવે છે. હંમેશાં ફળ આવતાં નથી, તેમાં કાળની પ્રધાનતા છે. એક સાથે વાવેલાં બીજમાંથી એકમાં અન્ન ઊગે છે અને બીજું બીજ ફલિત નથી થતું, તેમાં સ્વભાવની પ્રધાનતા છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ વગેરેનું નિમિત્ત લઈ કર્મ ઉદયમાં આવે છે. તેમાં નિમિત્તની પ્રધાનતા છે. આત્મામાં અસંખ્યપ્રદેશીપણું, પુદ્‌ગલોનું મૂર્તપણું અને ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયનું અમૂર્તપણું તેમજ ગતિ–સ્થિતિમાં ક્રમથી સહાયક થવું આદિ–સર્વ સ્વભાવકૃત છે અર્થાત્ તે તે દ્રવ્યોનો તે તે પ્રકારનો સ્વભાવ છે તેમ સમજવું.

આ રીતે કાળ, સ્વભાવ, નિયતિ, કર્મ અને પુરુષકૃત પુરુષાર્થ આ પાંચે ય કારણો પ્રત્યેક કાર્યમાં કે સુખ–દુઃખ આદિમાં પરસ્પર–સાપેક્ષ સિદ્ધ થાય છે. આ સત્ય તથ્યને ન માનીને એકાંત રૂપે માત્ર નિયતિને જ માનવું તે દોષયુક્ત છે.

**નિયતિ, કર્મ અને સ્વભાવ સમવાય :–** પ્રાકૃતિક સંયોગ, હોનહાર ઘટનાઓ વગેરે તથા ગરમી, શરદી, વર્ષા આ બધા નિયતિ સમવાયથી સમજવા જોઈએ, જીવના ઉદય સંયોગ કર્મ સમવાયથી સમજવા

જોઈએ અને પદાર્થોના સ્વભાવ જે અલગ અલગ હોય છે તે સ્વભાવ સમવાયથી સમજવા જોઈએ.

**અજ્ઞાનવાદ :–**

**૬** जविणो मिगा जहा संता, परियाणेण वज्जिया ।
असंकियाइं संकंति, संकियाइं असंकिणो ॥

**૭** परियाणियाणि संकंता, पासियाणि असंकिणो ।
अण्णाणभयसंविग्गा, संपलिंति तहिं तहिं ॥

**શબ્દાર્થ :–** **परियाणेण** = રક્ષણથી, **वज्जिया** = વર્જિત રહિત, **जविणो** = ચંચળ, **परियाणियाणि** = રક્ષાયુક્ત સ્થાનને, **संकंता** = શંકાસ્પદ જાણતા અને, **पासियाणि** = પાશયુક્ત સ્થાનને, **असंकिणो** = શંકા રહિત સમજતા, **अण्णाणसंविग्गा** = અજ્ઞાન અને ભયથી ઉદ્વિગ્ન(તે મૃગો), ભ્રમિત થઈ, **तहिं तहिं** = આમતેમ ચોતરફ, તે પાશયુક્ત સ્થાનોમાં જ, **संपलिंति** = દોડે છે, જઈ પડે છે.

**ભાવાર્થ :–** જેવી રીતે પરિપાત્ર–સંરક્ષણથી રહિત અત્યંત ઝડપથી દોડતા મૃગો શંકાથી રહિત સ્થાનોમાં શંકા રાખે છે અને શંકા કરવા યોગ્ય સ્થાનોમાં શંકા કરતા નથી. સુરક્ષિત સ્થાનોને શંકાસ્પદ અને બંધનયુક્ત સ્થાનોને શંકારહિત માનતા, અજ્ઞાન અને ભયથી ઉદ્વિગ્ન તે મૃગલાઓ ચોતરફ દોડે છે અથવા તે પાશયુક્ત–બંધનવાળાં સ્થાનોમાં જ જઈ પહોંચે છે.

**૮** अह तं पवेज्ज वज्झं, अहे वज्झस्स वा वए ।
मुच्चेज्ज पयपासाओ, तं तु मंदे ण देहइ ॥

**શબ્દાર્થ :–** **अह** = ત્યાર બાદ તે મૃગ, **तं वज्झं(बज्झं) वर्ज्य(वज्र)** = વધસ્થાન રૂપ તે બંધનને, **पवेज्ज** = ઉલ્લંઘી જાય, **वा** = અથવા, **वज्झस्स** = બંધનનની, **अहे** = નીચે થઈને, **वए** = નીકળી જાય તો, **पयपासाओ** = પગના બંધનથી, **मुच्चेज्ज** = છૂટી શકે છે, **तु** = પરંતુ, **तं** = તેને, **मंदे** = તે મૂર્ખમૃગ, **ण देहइ** = જોતો નથી.

**ભાવાર્થ :–** જો તે મૃગ તે બંધનને ઓળંગીને ચાલ્યો જાય અથવા તેની નીચે થઈને નીકળી જાય તો પગમાં પડતા પાશબંધનથી તે છૂટી શકે છે પરંતુ તે મૂર્ખ મૃગ તે બંધનને જોતો જ નથી.

**૯** अहियप्पाऽहियपण्णाणे, विसमंतेणुवागए ।
से बद्धे पयपासेहिं, तत्थ घायं णियच्छइ ॥

**શબ્દાર્થ :–** **अहियप्पा** = અહિતાત્મા, **अहियपण्णाणे** = અહિત જ્ઞાનવાળો, **विसमंतेणुवागए** =

કૂટપાશાદિયુક્ત પ્રદેશમાં જઈ ચડવાથી, **से** = તે મૃગ, **घायं** = ઘાતને–મરણને, **णियच्छइ** = પ્રાપ્ત થાય છે.

**ભાવાર્થ :–** અહિતાત્મા પોતાનું જ અહિત કરનાર તથા અહિત કરનારી બુદ્ધિવાળો તે મૃગ કૂટપાશ આદિથી યુક્ત વિષમ પ્રદેશમાં પહોંચી, ત્યાં પગના બંધનથી બંધાઈ જાય છે અને ત્યાં જ વધને પ્રાપ્ત થાય છે.

**૧૦** **एवं तु समणा एगे, मिछाद्दिट्ठी अणारिया ।**
**असंकियाइं संकंति, संकियाइं असंकिणो ॥**

**ભાવાર્થ :–** આ રીતે કેટલાક મિથ્યાદષ્ટિ અનાર્ય શ્રમણ શંકા નહીં કરવા યોગ્ય સ્થાનોમાં શંકા કરે છે અને શંકા કરવા યોગ્ય સ્થાનોમાં શંકા કરતા નથી.

**૧૧** **धम्मपण्णवणा जा सा, तं तु संकंति मूढगा ।**
**आरंभाइं ण संकंति, अवियत्ता अकोविया ॥**

**શબ્દાર્થ :– जा सा** = જે તે, **धम्मपण्णवणा** = ધર્મ પ્રજ્ઞાપના, પ્રરૂપણા, **तं तु** = તેમાં તો, **अवियत्ता** = તેઓ અવિવેકી છે, **अकोविया** = અકોવિદ છે–શાસ્ત્રજ્ઞ નથી.

**ભાવાર્થ :–** તે મૂઢ મિથ્યાદષ્ટિ ધર્મપ્રજ્ઞાપના એટલે કે ધર્મ પ્રરૂપણામાં તો શંકા કરે છે પણ આરંભ સમારંભ–હિંસાયુક્ત કાર્યોમાં સત્ શાસ્ત્રજ્ઞાનથી રહિત હોવાના કારણે તે અવિવેકી શંકા નથી કરતા.

**૧૨** **सव्वप्पगं विउक्कस्सं, सव्वं णूमं विहूणिया ।**
**अप्पत्तियं अकम्मंसे, एयमट्ठं मिगे चुए ॥**

**શબ્દાર્થ :– सव्वप्पगं** = સર્વાત્મક–લોભ, **विउक्कस्सं** = વિવિધ પ્રકારનો ઉત્કર્ષ, માન, **णूमं** = માયા, **अप्पत्तियं** = ક્રોધને, **विहूणिया** = ત્યાગીને, **अकम्मंसे** = (જીવ) કર્માંશ રહિત થાય છે, **एयं अट्ठं** = આ અર્થને, પરમાર્થને, **मिगे** = મૃગ જેવા અજ્ઞાની જીવ, **चए** = ત્યાગી દે છે.

**ભાવાર્થ :–** સર્વાત્મક–બધાના અંતઃકરણમાં વ્યાપ્ત–લોભ, વિવિધ ઉત્કર્ષ રૂપ માન, સમસ્ત માયા અને અપ્રીતિરૂપ ક્રોધને ત્યાગીને જ જીવ કર્મથી સર્વથા રહિત થઈ શકે છે પરંતુ આ સર્વજ્ઞકથિત અર્થ–પરમાર્થને મૃગની જેમ અજ્ઞાની જીવ અમલમાં મૂકતો નથી.

**૧૩** **जे एयं णाभिजाणंति, मिच्छद्दिट्ठी अणारिया ।**
**मिगा वा पासबद्धा ते, घायमेसंतऽणंतसो ॥**

**શબ્દાર્થ :– एयं** = આ અર્થને, **णाभिजाणंति** = જાણતા નથી, **मिगा वा** = મૃગની જેમ, **पासबद्धा**

= કર્મપાશમાં બંધાયેલા, **ते** = તેઓ, **अणंतसो** = અનંતવાર, **घायं** = ઘાતને, **एसंत** = પ્રાપ્ત કરશે.

**ભાવાર્થ :–** જે મિથ્યાદષ્ટિ અનાર્યપુરુષ આ અર્થ–સિદ્ધાંતને જાણતો નથી અને મૃગની જેમ કર્મ બંધનમાં બંધાયેલા તેઓ અનંતવાર વિનાશને પ્રાપ્ત કરશે.

**१४** **माहणा समणा एगे, सव्वे णाणं सयं वए ।**
**सव्वलोगे वि जे पाणा, ण ते जाणंति किंचणं ॥**

**શબ્દાર્થ :– सयं** = પોતાનું, **णाणं** = જ્ઞાન, **वए** = બતાવે છે.

**ભાવાર્થ :–** કેટલાક બ્રાહ્મણ તેમજ શ્રમણો પોતપોતાનું જ્ઞાન બતાવે છે પરંતુ સમસ્ત લોકમાં જે પ્રાણીઓ તેમના વિષયમાં તેઓ કાંઈ જાણતા નથી.

**१५** **मिलक्खू अमिलक्खुस्स, जहा वुत्ताणुभासइ ।**
**ण हेउं से विजाणाइ, भासियं तऽणुभासइ ॥**

**१६** **एवमण्णाणिया णाणं, वयंता वि सयं सयं ।**
**णिच्छयत्थं ण जाणंति, मिलक्खु व्व अबोहिया ॥**

**શબ્દાર્થ :– मिलक्खू** = મ્લેચ્છ પુરુષ, **अमिलक्खुस्स** = અમ્લેચ્છ એટલે કે આર્ય પુરુષના, **वुत्ताणुभासइ** = કથનનો અનુવાદ કરે છે, **हेउं** = કારણને, **ण विजाणाइ** = જાણતા નથી, **तु** = પરંતુ, **भासियं** = તેના ભાષણનો, **अणुभासइ** = અનુવાદ માત્ર કરે છે, **णिच्छयत्थं** = નિશ્ચિત અર્થને, **मिलक्खुव्व** = પૂર્વોક્ત મ્લેચ્છની જેમ, **आबोहिया** = જ્ઞાનરહિત છે.

**ભાવાર્થ :–** જેવી રીતે મ્લેચ્છપુરુષ (અનાર્ય) અમ્લેચ્છ (આર્ય) પુરુષના કહેલા કથનનો માત્ર અનુવાદ કરે છે પરંતુ હેતુ–તેના કથનનું કારણ અથવા રહસ્યને વિશેષ પણે જાણતા નથી. આ રીતે સમ્યક્‌જ્ઞાન રહિત બ્રાહ્મણ અને શ્રમણો પોતપોતાનું જ્ઞાન બતાવે છે પણ તેના નિશ્ચિત અર્થ(પરમાર્થ)ને જાણતા નથી તેઓ પૂર્વે કહેલા મ્લેચ્છો–અનાર્યોની જેમ સમ્યક્ બોધથી રહિત છે.

**१७** **अण्णाणियाणं वीमंसा, अण्णाणे णो णियच्छइ ।**
**अप्पणो य परं णालं, कुतो अण्णेऽणुसासिउं ? ॥**

**શબ્દાર્થ :– अण्णाणियाणं** = અજ્ઞાનીવાદીઓનો, **वीमंसा** = પર્યાલોચનાત્મક વિચાર, **अण्णाणे** = અજ્ઞાનપક્ષમાં, **ण णियच्छइ** = યુકત નથી, **अप्पणो य** = તે અજ્ઞાનવાદીઓ પોતાને પણ, **परं** = અજ્ઞાનવાદની, **अणुसासिउं** = બોધ(શિક્ષા) દેવા માટે, **णालं** = સમર્થ નથી, તો, **अण्णे** = અન્યને, **कुतो** = શિક્ષા દેવામાં સમર્થ કેમ થઈ શકે ?

**ભાવાર્થ :–** અજ્ઞાનવાદીઓ દ્વારા અજ્ઞાનપક્ષમાં મીમાંસા(અજ્ઞાનવાદની વિચારણા) કરવી તે યુક્તિ સંગત નથી. જ્યારે તે અજ્ઞાનવાદીઓ અજ્ઞાનના કારણે પોતાની જાતને શિક્ષણ આપવામાં સમર્થ નથી તો પછી બીજાને શિક્ષા(શિક્ષણ) દેવામાં સમર્થ કેમ થઈ શકે ?

**१८** **वणे मूढे जहा जंतु, मूढणेयाणुगामिए ।**
**दोवि एए अकोविया, तिव्वं सोयं णियच्छइ ॥**

**શબ્દાર્થ :– मूढे** = દિશામૂઢ, **जंतु** = પ્રાણી, **मूढ णेयाणुगामिए** = દિશા મૂઢ નેતાની પાછળ ચાલે તો, **एए दोवि** = તે બંને, **अकोविया** = માર્ગ જાણનારા નથી તેથી તેઓ, **तिव्वं सोयं णियच्छइ** = તીવ્ર શોકને પ્રાપ્ત થાય છે.

**ભાવાર્થ :–** જેવી રીતે વનમાં દિશામૂઢ પ્રાણી દિશા મૂઢ નેતાની પાછળ ચાલે તો સન્માર્ગથી અજાણ તે બંને (વિષમ સ્થાનમાં પહોંચીને) અવશ્ય તીવ્ર શોકને પ્રાપ્ત થાય છે, અસહ્ય દુઃખ પામે છે. તે જ રીતે અજ્ઞાનવાદી સમ્યક્ માર્ગના વિષયમાં દિશામૂઢ એવા અજ્ઞાની નેતાની પાછળ ચાલીને તીવ્ર શોકને પ્રાપ્ત કરે છે.

**१९** **अंधो अंधं पहं णिंतो, दूरमद्धाणुगच्छइ ।**
**आवज्जे उप्पहं जंतु, अदुवा पंथाणुगामिए ॥**

**શબ્દાર્થ :– अंधं** = આંધળા માણસને, **पहं** = માર્ગમાં, **णिंतो** = લઈ જતો, **अंधो** = આંધળો માણસ, **दूरं** = જ્યાં જવું છે તેનાથી દૂર સુધી, **अद्धाणुगच्छइ** = માર્ગમાં ચાલ્યો જાય છે, **जंतु** = તે પ્રાણી, **उप्पहं** = ઉન્માર્ગને, **आवज्जे** = પ્રાપ્ત કરે છે, **अदुवा** = અથવા, **पंथाणुगामिए** = અન્ય માર્ગમાં ચાલ્યો જાય છે.

**ભાવાર્થ :–** આંધળા માણસને રસ્તા પર ચલાવતો બીજો આંધળો માણસ (જ્યાં જવાનું છે તેનાથી) દૂરના રસ્તા પર ચાલ્યો જાય છે. તે ઉન્માર્ગ પર ચાલ્યો જાય છે અથવા તો તે નેતાની પાછળ અન્ય માર્ગે ચાલ્યો જાય છે.

**२०** **एगमेवे णियागट्ठी, धम्ममाराहगा वयं ।**
**अदुवा अहम्ममावज्जे, ण ते सव्वज्जुयं वए ॥**

**શબ્દાર્થ :– अदुवा** = પરંતુ તેઓ, **अहम्ममावज्जे** = અધર્મને પ્રાપ્ત કરે છે, **सव्वज्जुयं** = સર્વ પ્રકારે સરળ માર્ગને, **ण ते वए** = તેઓ પ્રાપ્ત કરતા નથી.

**ભાવાર્થ :–** આ રીતે કોઈ મોક્ષાર્થી કહે છે અને ધર્મના આરાધક છીએ પરંતુ ધર્મારાધના દૂર રહે છે. તેઓ પ્રાયઃ ધર્મના નામે અધર્મને જ સ્વીકારી લે છે. તેઓ સર્વથા સરળ–અનુકૂળ સંયમના માર્ગને

સ્વીકારતા નથી.

**૨૧** **एवमेगे वियक्काहिं, णो अण्णं पज्जुवासिया ।**
**अप्पणो य वियक्काहिं, अयमंजू हि दुम्मइ ॥**

**શબ્દાર્થ :– वियक्काहिं** = વિતર્કના કારણે, **अण्णं** = અન્ય–જ્ઞાનવાદીની, **पज्जुवासिया णो** = સેવા કરતા નથી, **अप्पणो य** = પોતાના, **वियक्काहिं** = વિતર્કોના કારણે, **अयं** = આ અજ્ઞાનવાદને જ, **अंजू हि** = સરળ માર્ગ માને છે, **दुम्मइ** = દુર્મતિ.

**ભાવાર્થ :–** કેટલાક દુર્બુદ્ધિ જીવ પૂર્વોક્ત વિતર્ક–વિકલ્પોના કારણે જ્ઞાનવાદીની સેવા કરતા નથી. તેઓ પોતાના વિકલ્પો–વિચારોથી 'આ અજ્ઞાનવાદ જ સરળ માર્ગ છે' તેમ માને છે.

**૨૨** **एवं तक्काए साहेंता, धम्माऽधम्मे अकोविया ।**
**दुक्खं ते णाइतुट्टंति, सउणी पंजरं जहा ॥**

**શબ્દાર્થ :– एवं** = આ પ્રમાણે, **तक्काए** = તર્ક દ્વારા, **साहेंता** = પોતાના મતને મોક્ષપ્રદ સિદ્ધ કરતાં, **धम्माधम्मे अकोविया** = ધર્મ તથા અધર્મને નહીં જાણનારા, **ते** = તે અજ્ઞાનવાદીઓ, **दुक्खं** = દુઃખને, **णाइतुट्टंति** = અત્યંત તોડી શકતા નથી, **जहा** = જેવી રીતે, **सउणी** = પક્ષી, **पंजरं** = પિંજરાને તોડી શકતું નથી.

**ભાવાર્થ :–** ધર્મ–અધર્મથી અજ્ઞાત તે અજ્ઞાની જીવ આ પ્રકારના તર્કોથી (પોતાના મતને મોક્ષદાયક) સિદ્ધ કરવા પ્રયત્ન કરવા છતાં દુઃખ (જન્મ–મરણ આદિ દુઃખ)ને દૂર કરી શકતા નથી. જેમ પંખી પીંજરાને તોડી શકતું નથી તેમ.

**૨૩** **सयं सयं पसंसंता, गरहंता परं वइं ।**
**जे उ तत्थ विउस्संति, संसारं ते विउस्सिया ॥**

**શબ્દાર્થ :– तत्थ** = આ વિષયમાં, **विउस्संति** = પોતાનું પાંડિત્ય પ્રગટ કરે છે, **ते** = તેઓ, **संसारं** = સંસારમાં, **विउस्सिया** = અતિ દઢ રૂપે બંધાયેલા છે.

**ભાવાર્થ :–** પોતપોતાના મતની પ્રશંસા કરનારા અને બીજાના વચનની નિંદા કરનારા મતવાદીઓ તે વિષયમાં પોતાની પંડિતાઈ પ્રગટ કરે છે, તેઓ સંસારમાં બંધાયેલા રહે છે.

**વિવેચન :–**

વૃત્તિકારના મતે ૬ થી ૨૩ ગાથા સુધી અજ્ઞાનવાદનું નિરૂપણ છે. ચૂર્ણિકારનો મત છે કે ગાથા ૧

થી ૧૩ સુધી નિયતિવાદ સંબંધી વિચારણા છે અને ગાથા ૧૪ થી ૨૩ સુધી અજ્ઞાનવાદની ચર્ચા છે પરંતુ આ ગાથાઓને જોતા એમ લાગે છે ૬ થી ૨૩ ગાથા સુધી નિયતિવાદી, અજ્ઞાનવાદી, સંશયવાદી વગેરે સર્વ એકાંતવાદીઓની સ્થિતિનું વર્ણન છે.

ગાથા ૬ થી ૧૩ સુધી એકાંતવાદી, સંશયવાદી, અજ્ઞાનવાદી વગેરે મિથ્યાત્વથી ગ્રસ્ત અન્ય દાર્શનિકોને વન્ય મૃગની ઉપમા આપી વર્ણન કર્યું છે.

(૧) તેઓ અસુરક્ષિત હોવા છતાં સુરક્ષિત સ્થાનોને અસુરક્ષિત અને શંકાસ્પદ માની લે છે અને અસુરક્ષિત તેમજ શંકા કરવા યોગ્ય સ્થાનોને સુરક્ષિત તેમજ શંકા રહિત માને છે.

(૨) જો તે ઈચ્છે તો પગમાં પડેલા તે બંધનથી છૂટી શકે છે, પરંતુ તેઓ બંધનને બંધન માનતા જ નથી.

(૩) અંતે તેઓ વિષમ પ્રદેશમાં પહોંચીને બંધનમાં બંધાતા જાય છે અને ત્યાં જ વધને પ્રાપ્ત થાય છે.

**असंकियाइं संकंति संकियाइ असंकिणो** :– મૃગની જેમ એકાંતવાદી અજ્ઞાન–મિથ્યાત્વ ગ્રસ્ત કેટલાક અનાર્ય શ્રમણો સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન, સમ્યક્ ચારિત્રથી પૂર્ણપણે સુરક્ષિત નથી, તેઓ હિંસા, અસત્ય, મિથ્યાઆગ્રહ, એકાંતવાદ અથવા વિષયકષાય આદિથી યુક્ત અધર્મ પ્રરૂપણાને નિઃશંક થઈને ગ્રહણ કરે છે અને અધર્મ પ્રરૂપકની ઉપાસના કરે છે પરંતુ સમ્યક્દર્શન સમ્યક્જ્ઞાન તેમજ અહિંસા, સત્ય, અનેકાંત અપરિગ્રહ આદિ સદ્ધર્મોમાં તેઓ શંકા ગ્રસ્ત થઈને તેનાથી દૂર ભાગે છે. તેઓ સદ્ધર્મપ્રરૂપક, વીતરાગ, સર્વજ્ઞ અને તેમના પ્રતિનિધિના સાનિધ્યમાં પહોંચતા નથી. અહિંસા, અનેકાંત, અપરિગ્રહ, તપ, સંયમ તેમજ ક્ષમા વગેરે સદ્ધર્મ–પ્રરૂપક શાસ્ત્રોમાં શંકા કરે છે. પરિણામે તેઓ અહિંસાદિ સુરક્ષિત–અશંકનીય સ્થાનમાં શંકા સેવીને અને હિંસાદિ શંકનીય સ્થાનોમાં નિઃશંક બની ઘોર પાપકર્મના બંધનમાં ફસાઈ જાય છે અને પરિણામે વારંવાર જન્મમરણ રૂપી સંસારમાં પરિભ્રમણ કરે છે.

આ ગાથાઓમાં પૂર્વોક્ત અજ્ઞાનીઓની મનોદશાના ફળ સ્વરૂપે ત્રણ પ્રક્રિયાઓ બતાવી છે. (૧) અશંકનીય સ્થાનમાં શંકા તથા શંકનીય સ્થાનમાં અશંકા (૨) કર્મબંધનમાં બદ્ધતા અને (૩) અંતે વિનાશ.

**णिच्छयत्थं ण जाणंति, मिलक्खु व्व अबोहिए** :– આ ગાથાઓમાં શાસ્ત્રકારે અજ્ઞાનીની અવસ્થા મલેચ્છના દષ્ટાંત દ્વારા દર્શાવી છે. કેટલાક લોકો પોતાને જ્ઞાની માને છે. થોડું ઉપરછલ્લું જ્ઞાન પ્રાપ્ત કરી અભિમાનથી ઉન્નત બની પોતાને સર્વતુલ્ય કહે છે. તેઓ પાસે શાસ્ત્રનું પોપટીયું જ જ્ઞાન હોય છે. જેમ પોપટ બોલાયેલા શબ્દનું રટણ કરે છે પરંતુ તેના અર્થને જાણતો નથી તેમ તે અજ્ઞાનીને આત્માનુભૂતિ યુક્ત જ્ઞાન સ્પર્શ્યુ હોતું નથી. શાસ્ત્રકારે તે માટે મ્લેચ્છનું દષ્ટાંત આપ્યું છે કે જેમ મલેચ્છ–અનાર્ય વ્યક્તિ આર્ય ભાષાનો અનુવાદ કરે, આર્ય પુરુષ જેમ બોલે તે પ્રકારે ઉચ્ચારણ કરે પરંતુ આર્ય ભાષાના અર્થને જાણતો નથી, તેમ અજ્ઞાની વ્યક્તિ શાસ્ત્રમાં કહ્યું હોય તેમ બોલે ખરો પણ તેના પરમાર્થને જાણી શકતો નથી.

**અજ્ઞાનવાદીની માન્યતા :–** શાસ્ત્રકારે ગાથામાં અજ્ઞાનવાદીની માન્યતાનું કથન કરીને અજ્ઞાનવાદનું

ખંડન કરતાં અજ્ઞાનવાદ સ્વીકારવાથી થતી અવદશાનું વર્ણન કર્યું છે. અજ્ઞાનવાદીનું માનવું છે કે જગતમાં અજ્ઞાન જ શ્રેયસ્કર છે, કલ્યાણકારી છે. જ્ઞાન હોય તો વાદ, વિવાદ, કલહ, સંઘર્ષ, અહંકાર, કષાયની વૃદ્ધિ થાય છે. જ્ઞાન જ ન હોય તો આ વાદ–વિવાદ વગેરેથી બચી જવાય છે. જાણતા હોય અને અપરાધ કરે તો તે વ્યક્તિને ભયંકર દંડ મળે છે પરંતુ અજાણતા અપરાધ થઈ જાય તો દંડ ઓછો મળે છે. માટે કાંઈ પણ જાણવાની જરૂર નથી. જો રાગ–દ્વેષ ઉત્પન્ન થવા ન દેવા હોય તો જ્ઞાનપૂર્વકની પ્રવૃત્તિ છોડી અજ્ઞાનતામાં લીન રહેવું જોઈએ.

વળી સંસારમાં ભિન્ન ભિન્ન મતો છે, અનેક પંથ છે, વિવિધ શાસ્ત્રો છે, ઘણા ધર્મપ્રવર્તકો છે, કોનું જ્ઞાન સત્ય છે ? કોનું અસત્ય ? તેનો નિર્ણય અને વિવેક કરવો ઘણો જ કઠિન છે. શાસ્ત્રનો ઉપદેશ દેતા સર્વજ્ઞને આપણે આંખથી જોયા નથી, આ શાસ્ત્રવચન સર્વજ્ઞના છે કે નહિ ? શાસ્ત્રોક્ત વચનનો આ જ અર્થ છે અથવા બીજો કોઈ ? આ પ્રકારનો નિશ્ચય કરવો એ પણ ઘણું મુશ્કેલ છે. આ બધી માથાકૂટોથી દૂર રહેવા માટે અજ્ઞાનનો આશ્રય લેવો તે જ હિતાવહ છે.

**अण्णाणियाणं वीमंसा, अण्णाणे णो णियच्छइ** :– અજ્ઞાનવાદીની આ માન્યતા યુક્તિ સંગત નથી. અજ્ઞાનવાદીઓ દ્વારા અજ્ઞાનને શ્રેષ્ઠ સિદ્ધ કરવા અનેક તર્ક–યુક્તિ આપવામાં આવે છે. પરંતુ તર્ક વગેરે કેમ આપી શકે ? તે અનુમાન વગેરે તો જ્ઞાન સ્વરૂપ જ છે. તેથી જ શાસ્ત્રકારે કહ્યું છે– અજ્ઞાનવાદમાં અજ્ઞાનવાદની વિચારણા યુક્તિસંગત નથી.

**"अज्ञान श्रेयो वादी"** અજ્ઞાનને સર્વ શ્રેષ્ઠ સિદ્ધ કરવાનો અજ્ઞાનવાદી પ્રયાસ કરે છે. તે વિચારચર્ચા તેઓ જ્ઞાન (અનુમાન આદિ પ્રમાણો તથા તર્ક, હેતુ, યુક્તિ) દ્વારા જ કરે છે. તે સ્વવચન બાધિત છે. કારણ કે તેઓ પોતાના અજ્ઞાનવાદને સિદ્ધ કરવા માટે જ્ઞાનનો સહારો લે છે. જ્ઞાનનો આશ્રય લઈને તેઓ પોતાના જ સિદ્ધાંતનું પોતાના વિરુદ્ધ વ્યહવારથી ખંડન કરે છે. જ્યારે તેઓ પોતે અજ્ઞાનવાદના સિદ્ધાંતના અનુશાસનમાં રહી શકતા નથી, ત્યારે બીજા (શિષ્યો)ને અનુશાસનમાં કેવી રીતે રાખશે ? તેમજ અજ્ઞાનવાદ શીખનારાઓને પણ અજ્ઞાનવાદની શિક્ષા કેવી રીતે આપી શકશે ?

જ્ઞાનથી વાદ–વિવાદ, કલહાદિ થાય તેમ એકાંતે માનવું ઉચિત નથી. પોપટીયું જ્ઞાન હોય તો કદાચિત્ સંભવિત છે. આત્મસ્પર્શી, સમ્યગ્દર્શન સહિતનું જ્ઞાન, આત્માને સમતામાં સ્થાપિત કરે છે. અજ્ઞાની બાળક અગ્નિને સ્પર્શે તો દાઝે જ છે, તેમ અજ્ઞાની અપરાધ કરે, હિંસાદિ કરે તો તેને પાપકર્મનો બંધ થાય જ અને કર્મના ઉદયે દુઃખ ભોગવવું જ પડે. માટે અજ્ઞાન કોઈ રીતે શ્રેષ્ઠ નથી.

નેતૃત્વમાં બિચારો દિશામૂઢ, માર્ગથી અજાણ્યો માણસ પણ અત્યંત દુઃખી થાય છે. ત્યાં તો આ કહેવત જ ચરિતાર્થ થશે **"अन्धेनैव नीयमाना यथान्धाः"** આંધળા માર્ગદર્શકના નેતૃત્વમાં ચાલનારો બીજો આંધળો માર્ગભ્રષ્ટ થઈ જાય છે. સમ્યક્માર્ગથી અજાણ અજ્ઞાનવાદીની પાછળ ચાલનારા ઉન્માર્ગને પ્રાપ્ત થઈ જાય છે. અજ્ઞાનવાદને સ્વીકારી જ્ઞાનથી દૂર રહેલી વ્યક્તિ હોય કે અલ્પજ્ઞાન હોવા છતાં પોતાને જ્ઞાની કહેવડાવતી અજ્ઞાની વ્યક્તિ હોય, તે બંને સન્માર્ગથી અજાણ છે.

તે અજ્ઞાની સાધુ વેષ ધારણ કરી, મોક્ષાર્થી બનીને કહે છે, અમે જ આરાધક છીએ પરંતુ ધર્મ

આરાધનાનો કક્કો તેઓ જાણતા નથી. તેઓ છકાયની હિંસારૂપ આરંભ સમારંભમાં પ્રવૃત્ત થાય છે. બીજાને પણ આરંભનો ઉપદેશ આપે છે, તે હિંસા વગેરે પાપના આરંભથી રત્નત્રયરૂપ ધર્મ આરાધનાના સ્થાને ધર્મના ભ્રમથી અધર્મ કાર્યમાં પ્રવૃત્ત થઈ જાય છે. તેઓ સંયમ તેમજ સત્ધર્મના માર્ગને દૂર હડસેલી દે છે. સત્ધર્મના પ્રરૂપકોની સેવામાં બેસીને એમની પાસેથી ધર્મ તત્ત્વને સમજતા નથી. ધર્મ અધર્મના તત્ત્વથી અજાણ્યા તેઓ માત્ર કુતર્કોના આશ્રયે પોતાની માન્યતા સિદ્ધ કરે છે. જેમ પાંજરામાં બંધાયેલું પક્ષી તેને તોડીને બહાર નીકળી શકતું નથી. તેમ અજ્ઞાનવાદી પોતાના મતવાદ રૂપી અથવા સંસાર રૂપી પીંજરાને તોડીને બહાર નીકળી શકતા નથી. તેઓ માત્ર પોતાના જ મતની પ્રશંસામાં રત રહે છે. પરિણામે અજ્ઞાનવાદ રૂપ મિથ્યાત્વના કારણે તેઓ સંસારના બંધનમાં દઢતાથી બંધાઈ જાય છે. જેઓ અજ્ઞાનને શ્રેયસ્કર માનનારા બીજા પ્રકારના અજ્ઞાનવાદી છે, શાસ્ત્રકારે તેઓનું પણ ૧૭ થી ૧૯ સુધી ત્રણ ગાથાઓમાં ખંડન કર્યું છે.

**ક્રિયાવાદ :-**

**૨૪** **अहावरं पुरक्खायं, किरियावाइदरिसणं ।**
**कम्मचिंतापणट्ठाणं, संसारस्स पवड्ढणं ॥**

**શબ્દાર્થ :–** **अह** = તત્પશ્ચાત્, **अवरं** = બીજું, **पुरक्खायं** = પૂર્વોક્ત, **किरियावाइदरिसणं** = ક્રિયાવાદીઓનું દર્શન છે, **कम्मचिंतापणट्ठाणं** = કર્મની ચિંતાથી રહિત તે ક્રિયાવાદીઓનું દર્શન, **संसारस्स पवड्ढणं** = સંસારને વધારનાર છે.

**ભાવાર્થ :–** હવે તત્પશ્ચાત્ આ બીજું દર્શન(એકાંત) ક્રિયાવાદીઓનું છે. કર્મ અને કર્મબંધનની ચિંતાથી રહિત તે એકાંત ક્રિયાવાદીઓનું દર્શન સંસારની વૃદ્ધિ કરનારું છે.

**૨૫** **जाणं काएणऽणाउट्टी, अबुहो जं च हिंसइ ।**
**पुट्ठो संवेदेइ परं, अवियत्तं खु सावज्जं ॥**

**શબ્દાર્થ :–** **जाणं** = જે પુરુષ જાણતો થકો મનથી હિંસા કરે છે, **काएण** = કાયાથી, **अणाउट्टी** = હિંસા કરતો નથી, **य** = અને, **अबुहो** = નહીં જાણતો, **जं च हिंसइ** = જે પુરુષ શરીરથી હિંસા કરે છે, **परं पुट्ठो संवेदेइ** = તે સ્પર્શ માત્રથી કર્મબંધનું ફળ ભોગવે છે, **खु** = નિશ્ચય, **सावज्जं** = તે સાવદ્ય કર્મ, **अवियत्तं** = વ્યક્ત–સ્પષ્ટ નથી.

**ભાવાર્થ :–** જે વ્યક્તિ જાણતા છતાં મનથી હિંસા કરે પરંતુ શરીરથી છેદનભેદન આદિ ક્રિયારૂપ હિંસા કરતાં નથી તેમજ જે અજાણતા શરીરથી હિંસા કરે પરંતુ મનથી નથી કરતા. તે સ્પર્શ માત્ર કર્મબંધનનું ફળ ભોગવે છે. વસ્તુતઃ તે સાવદ્ય કર્મ, કર્મબંધ અવ્યક્ત અને અસ્પષ્ટ છે.

**૨૬** **संतिमे तओ आयाणा, जेहिं कीरइ पावगं ।**
**अभिकम्मा य पेसा य, मणसा अणुजाणिया ॥**

**શબ્દાર્થ :– आयाणा** = કર્મબંધનાં કારણો, **संति** = છે, **जेहिं** = જેનાથી, **पावगं** = પાપ કર્મ, **कीरइ** = કરવામાં આવે છે, **अभिकम्मा य** = આક્રમણ કરીને, **पेसा य** = નોકર આદિને મોકલીને, **मणसा अणुजाणिया** = મનથી અનુજ્ઞા આપીને.

**ભાવાર્થ :–** આ ત્રણ કર્મબંધના કારણ છે, જેનાથી પાપકર્મનો બંધ થાય છે. (૧) કોઈ જીવને મારવા માટે સ્વયં આક્રમણ કરવું (૨) નોકર આદિને મોકલીને પ્રાણીવધ કરાવવો અને (૩) મનથી અનુજ્ઞા અનુમોદના આપવી.

**૨૭** **एते उ तओ आयाणा, जेहिं कीरइ पावगं ।**
**एवं भावविसोहीए, णिव्वाणमभिगच्छइ ॥**

**શબ્દાર્થ :– जेहिं** = જેનાથી, **पावगं** = પાપકર્મ, **कीरइ** = કરવામાં આવે છે, **एवं** = આ પ્રમાણે, **भावविसोहीए** = ભાવની વિશુદ્ધિથી, **णिव्वाणं** = મોક્ષને, **अभिगच्छइ** = પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :–** આ ત્રણ આદાન–કર્મબંધના કારણ છે, જેનાથી પાપકર્મનો બંધ થાય છે. જ્યાં આ ત્રણ નથી ત્યાં ભાવવિશુદ્ધિ થવાના કારણે કર્મબંધ અટકી જાય છે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**૨૮** **पुत्तं पिया समारंभ, आहारेज्जा असंजए ।**
**भुंजमाणो य मेहावी, कम्मुणा णोवलिप्पइ ॥**

**શબ્દાર્થ :– असंजए** = અસંયત, **समारंभ** = મારીને, **आहारेज्ज** = ખાય તો, **भुंजमाणो य** = ખાતો થકો પણ તે પિતા.

**ભાવાર્થ :–** દુષ્કાળ આદિ વિપત્તિના સમયમાં કોઈ ગૃહસ્થ પિતા પુત્રને મારીને ભોજન કરે તો તે કર્મબંધન નથી કરતો, તે પ્રમાણે મેધાવી સાધુ પણ નિસ્પૃહભાવથી કર્મથી લિપ્ત થતા નથી. આ પ્રકારે ક્રિયાવાદી કહે છે.

**૨૯** **मणसा जे पउस्संति, चित्तं तेसिं ण विज्जइ ।**
**अणवज्जं अतहं तेसिं, ण ते संवुडचारिणो ॥**

**શબ્દાર્થ :– जे** = જે લોકો, **मणसा** = મનથી, **पउस्संति** = દ્વેષ કરે છે, **तेसिं** = તેઓનું, **चित्तं** = ચિત્ત, **ण विज्जइ** = નિર્મળ નથી, **तेसिं अणवज्जं अतहं** = તેઓને કર્મનો ઉપચય ન થાય તે વાત પણ મિથ્યા છે, **ते ण संवुडचारिणो** = તેઓ સંવરપૂર્વક વિચરનારા નથી.

**ભાવાર્થ :–** જે લોકો મનથી પ્રાણીઓ પર દ્વેષ કરે છે, તેનું ચિત્ત વિશુદ્ધિયુક્ત નથી. મનથી દ્વેષ કરવા છતાં તેને પાપકર્મ બંધાતું નથી, તેવું તેઓનું કથન મિથ્યા છે. તેઓ સંવર(આશ્રવોના સ્ત્રોતનો નિરોધ)

સહિત વિચરણ કરનાર નથી.

## વિવેચન :–

શાસ્ત્રકારે ગાથા ૨૪ થી ૨૯માં ક્રિયાવાદીઓનું નિરૂપણ અને તેનું ખંડન કર્યું છે. ક્રિયાવાદનું કથન કરવાની પ્રતિજ્ઞા કરી ક્રિયાવાદના સ્વીકારનું ફળ બતાવતા કહ્યું છે કે કર્મબંધની ચિંતાથી મુક્ત એવા ક્રિયાવાદીઓ સંસારની વૃદ્ધિ કરે છે.

**जाणं काएण** :– ક્રિયાવાદીઓ એકાંતરૂપે ક્રિયાનો જ સ્વીકાર કરે છે. તેઓના મતે ક્રિયા જ પ્રધાન છે અને ક્રિયાથી જ મોક્ષ પ્રાપ્ત થાય છે, જ્ઞાનની આવશ્યકતા નથી. તેઓના મતે જે ક્રિયા–જે કાર્ય ચિત્તવિશુદ્ધિથી ચિત્તની નિર્મળતાથી થાય તે ક્રિયા મોક્ષનું અંગ બને છે. ક્રિયા કોઈપણ હોય, હિંસાદિ રૂપ ક્રિયા પણ નિર્મળ ચિત્તથી થાય તો તે હિંસાદિ ક્રિયા કર્મબંધનું કારણ બનતી નથી. તેઓના મતે અવ્યક્ત કે અસ્પષ્ટ હિંસાદિ ક્રિયા દ્વારા કર્મબંધ થતો નથી. તેઓ ચાર પ્રકારની હિંસાને અસ્પષ્ટ કહે છે.

(૧) પરિજ્ઞોપચિત– માનસિક હિંસા. ક્રોધાદિને વશ બની જાણવા છતાં મનથી હિંસા કરે પણ શરીરથી હિંસાત્મક ક્રિયા કરી ન હોય તે.

(૨) અવિજ્ઞોપચિત– કાયિક હિંસા. અજાણતા શરીરથી હિંસાત્મક ક્રિયા થાય તો તે.

(૩) ઈર્યાપથ– રસ્તામાં ચાલતા, જતા–આવતા જે હિંસા થાય તે.

(૪) સ્વપ્નાન્તિક– સ્વપ્નમાં કરવામાં આવતી હિંસા.

**पुट्ठो संवेदेइ परं** :– આ ચાર પ્રકારની હિંસાદિ ક્રિયા દ્વારા કર્મબંધ થતો નથી, તેમ ક્રિયાવાદીઓનું માનવું છે. આ ચાર પ્રકારમાંથી પ્રથમના બે પ્રકારનો ઉલ્લેખ શાસ્ત્રકારે **जाणं काएण** દ્વારા કર્યો છે કે જે પુરુષ જાણવા છતાં મનથી હિંસા કરે છે, કાયાથી નથી કરતો અને અજાણતા કાયાથી કરે પણ ચિત્ત નિર્મળ હોય તો તેને કર્મનો સ્પર્શ માત્ર થાય છે, બંધ થતો નથી અને કર્મના ફળ સ્વરૂપે વેદન પણ સ્પર્શ માત્રનું થાય છે.

**संति मे तओ आयाणा** :– ક્રિયાવાદીના મતે વધ્ય જીવ સામે હોય, આ જીવ છે તેવું જ્ઞાન હોય, આ પ્રાણીને મારું તેવો સંકલ્પ હોય, શરીરથી મારવાની ક્રિયા થાય અને તે જીવ મરી જાય તો જ કર્મનો ઉપચય થાય. હિંસા કરવાની જેમ કરાવવા, અનુમોદવામાં પણ ઉપરોક્ત સંપૂર્ણ પ્રક્રિયા હોય તો જ કર્મબંધ થાય છે. તેઓ કરવું, કરાવવું અને અનુમોદવું આ ત્રણ કર્મબંધના કારણ માને છે.

**भावविसोहीए णिव्वाणमभिगच्छइ** :– આ ત્રણે કારણ સંક્લિષ્ટ ચિત્ત હોય, ભાવની વિશુદ્ધિ ન હોય તો જ કર્મબંધના કારણ બને છે. આ ગાથાપદ દ્વારા શાસ્ત્રકારે જણાવ્યું છે કે રાગદ્વેષ રહિત એવી બુદ્ધિથી હિંસાદિ પ્રવૃત્તિ થાય તો ભાવ વિશુદ્ધિના કારણે કર્મબંધ થતો નથી પરંતુ જીવ નિર્વાણને પ્રાપ્ત કરે છે.

રાગદ્વેષ રહિત ચિત્તથી હિંસા થવા છતાં કર્મબંધ ન થાય તે વાતને સ્પષ્ટ કરવા ૨૮મી ગાથામાં પિતા–પુત્રનું દષ્ટાંત આપ્યું છે. કોઈ પિતા વિપત્તિના કાળમાં રાગ–દ્વેષ રહિત ચિત્તથી પુત્રને મારી તેના

માંસનું ભક્ષણ કરે અને કોઈ બૌદ્ધ ભિક્ષુ દાનમાં પ્રાપ્ત તે માંસને રાગ–દ્વેષ રહિત, અનાસક્ત ભાવે આરોગે તો તે બૌદ્ધ ભિક્ષુ અને પિતા બંને કર્મબંધના ભાગીદાર બનતા નથી. કારણ કે બંનેના ચિત્ત વિશુદ્ધિ છે. બૌદ્ધ ગ્રંથોમાં આ ગાથા અને આ દષ્ટાંત દ્વારા આવી પ્રરૂપણા જોવા મળે છે તે અપેક્ષાએ બૌદ્ધોને ક્રિયાવાદીમાં સમાવિષ્ટ કરી શકાય.

**मणसा जे...संवुडचारिणो** :– આ ક્રિયાવાદનું ખંડન કરતાં શાસ્ત્રકાર જણાવે છે કે જે મનથી દ્વેષ કરે છે, હિંસા કરે છે તેનું ચિત્ત નિર્મળ કેમ કહી શકાય ? મનમાં રાગ–દ્વેષ ઉઠે ત્યારે ભાવહિંસા થાય જ છે. ચિત્તમાં કલેશ થયા વિના બીજા જીવની હિંસા અસંભવિત છે. જેનું ચિત્ત સંક્લિષ્ટ(અપવિત્ર) છે તેને કર્મબંધ થાય જ છે. માટે મનથી હિંસા કરે તો કર્મબંધ ન થાય તે તેમની માન્યતા અયોગ્ય છે. તે જ રીતે શરીરથી જીવહિંસા કરે ત્યારે મન તેમાં ભળે જ. માટે કાયાથી હિંસા કરે ત્યારે મન સંક્લિષ્ટ હોય જ. માટે વિપત્તિકાળમાં પિતા પુત્રને મારી માંસ ભક્ષણ કરે તેને કર્મબંધ ન થાય તેવી ક્રિયાવાદીની વાત અયોગ્ય છે. રાગ–દ્વેષ થયા વિના મારવાનો ભાવ જ ન થાય. પોતાના શરીરને ટકાવી રાખવાનો પ્રયત્ન જ શરીર પરના રાગને સૂચવે છે. હિંસાદિ કાર્ય કરે, કરાવે, અનુમોદે તેમાં ભાવહિંસા સમાયેલી જ હોય. તેથી તેઓને કર્મબંધ થાય જ છે.

ઉપયોગ વિના ગમનાગમન કરવું તે ચિત્તની અસાવધાનીરૂપ સંક્લિષ્ટતા જ છે, તેનાથી કર્મબંધન થાય જ છે. કોઈ સાધક પ્રમાદ રહિત, સાવધાનીથી, કોઈ જીવની હિંસા થઈ ન જાય તેવા ઉપયોગપૂર્વક ચર્યા(હલન–ચલન) કરે, જીવને મારવાની મનમાં ભાવના નથી ત્યારે તેને જૈન સિદ્ધાંત અનુસાર પાપકર્મનો બંધ થતો નથી.

પરંતુ સર્વ સામાન્ય વ્યક્તિ જે ઉપયોગ વિના પ્રમાદપૂર્વક ચાલે છે, ત્યારે તેનું ચિત્ત સંક્લિષ્ટ કહેવાય જ અને તે વ્યક્તિ પાપકર્મના બંધથી બચી શકતી નથી. આ રકીતે ચિત્ત સંક્લિષ્ટ થવાથી જ સ્વપ્નમાં મારવાની પ્રક્રિયા થાય છે. તેથી સ્વપ્નાન્તિક કર્મમાં પણ ચિત્ત અશુદ્ધ હોવાથી કર્મબંધ થાય જ છે. તેથી ચાર પ્રકારે કર્મબંધ થતા નથી, એમ કહેવું પણ યોગ્ય નથી. શાસ્ત્રકારે પૂર્વોક્ત અપરિજ્ઞોપચિત વગેરે ચારે કારણે કર્મોપચય ન થાય તેમ કહેનાર બૌદ્ધો પર બે આક્ષેપ મૂક્યા છે. (૧) કર્મ ચિંતાથી રહિત છે. (૨) સંયમ અને સંવરના વિચારથી રહિત છે અર્થાત્ તેઓ સંયમપૂર્વક વિચરતા નથી. પરિણામે તેઓ અનંત સંસારને વધારે છે.

## પરવાદીઓની સ્થિતિ :–

**૩૦** **इच्चेयाहिं दिट्ठीहिं, सायागारवणिस्सिया ।**
**सरणं ति मण्णमाणा, सेवंति पावगं जणा ॥**

**શબ્દાર્થ :– इच्चेयाहिं** = પૂર્વોક્ત આ, **दिट्ठीहिं** = દર્શનોના કારણો, **सायागारवणिस्सिया** = સુખભોગ તથા માન–મોટાઈમાં આસક્ત અન્ય દર્શની માનવો, **सरणंति मण्णमणा** = પોતાના દર્શનને શરણરૂપ માનનારા, **पावगं** = પાપનું, **सेवंति** = સેવન કરે છે.

**ભાવાર્થ :–** પૂર્વ કથિત અન્ય દર્શનીઓ, તે તે દર્શનોના કારણે સુખભોગ તથા માન–મરતબામાં આસક્ત રહે છે. પોતાના દર્શનને શરણરૂપ માની પાપકર્મનું સેવન કરે છે.

**૩૧** **जहा अस्साविणिं णावं, जाईअंधो दुरुहिया ।**
**इच्छइ पारमागंतुं, अंतरा य विसीयइ ॥**

**શબ્દાર્થ :– जहा** = જેવી રીતે, **जाईअंधो** = જન્માંધ પુરુષ, **अस्साविणिं** = જેમાં જળ પ્રવેશ કરે છે એવી, **णावं** = નૌકા પર, **दुरुहिया** = ચડીને, **पारं** = પાર, **आगंतुं** = જવાની, **इच्छइ** = ઈચ્છા કરે છે પરંતુ, **अंतरा य** = તે મધ્યમાં જ, **विसीयइ** = ડૂબી જાય છે.

**ભાવાર્થ :–** જેમ જન્માંધ વ્યક્તિ છિદ્રવાળી નાવ દ્વારા પાર જવા ઈચ્છે પરંતુ તે વચ્ચે જ પાણીમાં ડૂબે જાય છે.

**૩૨** **एवं तु समणा एगे मिच्छादिट्ठी अणारिया ।**
**संसारपारकंखी ते, संसारं अणुपरियट्टंति ॥त्ति बेमि॥**

**શબ્દાર્થ :– संसार पारकंखी** = સંસારનો પાર પામવા ઈચ્છે છે પરંતુ, **ते** = તેઓ, **संसारं** = સંસારમાં જ, **अणुपरियट्टंति** = પર્યટન(ભ્રમણ) કરે છે.

**ભાવાર્થ :–** આ રીતે કેટલાક મિથ્યાદષ્ટિ, અનાર્ય શ્રમણ સંસાર સાગરથી પાર જવા ઈચ્છે છે પરંતુ તેઓ સંસારમાં જ પરિભ્રમણ કરતા રહે છે.

**વિવેચન :–**

આ ગાથાઓમાં એકાંત દર્શનોનું, શરણ લઈ અંધ વિશ્વાસપૂર્વક ચાલનાર વ્યક્તિઓની દુર્દશાનું બે પ્રકારે ચિત્રણ કર્યું છે. (૧) પોતાના દર્શનનું શરણ લઈ, કર્મબંધનો વિચાર કર્યા વિના, ઈન્દ્રિયજન્ય સુખોપભોગ તેમજ અભિમાન–મોટાઈમાં આસક્ત તે લોકો નિઃશંક ભાવથી પાપાચરણ કરતા રહે છે. (૨) જેવી રીતે છિદ્રવાળી નાવમાં બેઠેલો જન્માંધ અધવચ્ચે પાણીમાં ડૂબે છે, એવી જ રીતે મિથ્યા મતાવલંબીઓ પોતાના મત રૂપી નાવ દ્વારા સંસાર સાગર પાર કરવાની આશા રાખે છે પરંતુ તેમાં મિથ્યાત્વ, અવિરતિ આદિ છિદ્રો હોવાથી વચમાં જ ડૂબી જાય છે.

**॥ અધ્યયન ૧/૨ સંપૂર્ણ ॥**

## ત્રીજો ઉદ્દેશક

**દૂરથી લાવેલો પૂતિકર્મ દોષયુક્ત આહાર :–**

**૧** **जं किंचि वि पूइकडं, सड्ढीमागंतुमीहियं ।**
**सहस्संतरियं भुंजे, दुपक्खं चेव सेवइ ॥**

**શબ્દાર્થ :– जं किंचि वि पूइकडं** = પૂતિકૃત, જે આહાર થોડો પણ આધાકર્મના કણથી મિશ્રિત હોય, **सड्ढी** = શ્રદ્ધાવાન વ્યક્તિ, **आगंतुमीहियं** = સામે લાવીને દેવા ઈચ્છે છે, **सहस्संतरियं भुंजे** = જે પુરુષ હજાર ઘરનું અંતર પાડીને પણ તે આહારને ભોગવે છે, **दुपक्खं चेव सेवइ** = તે ગૃહસ્થ અને સાધુ એવા બે પક્ષનું સેવન કરે છે.

**ભાવાર્થ :–** જે આહાર આધાકર્મી આહારના એક કણથી પણ દૂષિત, મિશ્રિત હોય, શ્રદ્ધાળુ ગૃહસ્થ સામે લાવીને આપવા ઈચ્છતા હોય અથવા ગૃહસ્થ દ્વારા આગંતુક મુનિઓ, શ્રમણોને માટે બનાવવામાં આવ્યો હોય, તેવા દોષયુક્ત આહારને જે સાધક હજાર ઘરનું અંતર પાડીને પણ ભોગવે છે તે સાધક ગૃહસ્થ અને સાધુ આ બે પક્ષનું સેવન કરે છે.

**૨** **तमेव अवियाणंता, विसमंसि अकोविया ।**
**मच्छा वेसालिया चेव, उदगस्सऽभियागमे ॥२॥**

**૩** **उदगस्सऽप्पभावेणं, सुक्कंमि घातमिंति उ ।**
**ढंकेहि व कंकेहिं य, आमिसत्थेहिं ते दुही ॥३॥**

**૪** **एवं तु समणा एगे, वट्टमाणसुहेसिणो ।**
**मच्छा वेसालिया चेव, घायमेसंतिऽणंतसो ॥४॥**

**શબ્દાર્થ :– तमेव** = તે આહારના દોષને, **अवियाणंता** = ન જાણતા તથા, **विसमंसि अकोविया** = સંસાર અથવા આઠ પ્રકારના કર્મના જ્ઞાનમાં અનિપુણ(અન્યતિર્થીઓ), **उदगस्सऽभियागमे** = પાણી વધવાથી, પૂર આવવાથી, **वेसालिया मच्छा चेव** = વૈશાલિક મત્સ્યની જેમ (દુઃખી થાય છે), **उदगस्सप्पभावेणं** = પાણીના પ્રભાવથી, **सुक्कम्मि** = કિનારાની સૂકી ભૂમિ પર, **घातमिंति** = પાણી ચાલ્યુ જાય ત્યારે મૃત્યુ પામે છે, **आमिसत्थेहिं** = માંસાર્થી, **ढंकेहिं कंकेहिं** = ઢંક અને કંક પક્ષીઓ દ્વારા, **दुही** = દુઃખી થાય છે, **एवं तु** = આ પ્રમાણે, **वट्टमाणसुहेसिणो** = વર્તમાન સુખની ઈચ્છા કરનારા, **एगे समणा** = કોઈ શ્રમણ, **वेसालिया मच्छा चेव** = વૈશાલિક મત્સ્યની જેમ, **णंतसो** = અનંતવાર, **घायमेस्संति** = ઘાતને પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :–** જેમ પૂર આવવાથી વૈશાલિક જાતિના મત્સ્ય દુઃખી થાય છે. તેમ આધાકર્મી વગેરે આહારગત દોષોથી અજાણ, કર્મજ્ઞાનમાં અકુશળ સાધુ દોષયુક્ત આહાર સેવનથી દુઃખી થાય છે. પૂરના પાણીના પ્રભાવે પૂર સાથે તે મત્સ્ય ખેંચાઈને કિનારાની સૂકી ભૂમિ પર આવી જાય છે અને પાણી ચાલ્યું જાય ત્યારે તે દુઃખી થાય છે તથા ઢંક–કંક નામના માંસાર્થી પક્ષીઓ દ્વારા ઘાતને પ્રાપ્ત થાય છે. તે રીતે વર્તમાન ઈન્દ્રિયજન્ય સુખોની ઈચ્છા કરનાર કેટલાક શ્રમણો વૈશાલિક મત્સ્યની જેમ અનંતવાર ઘાતને પ્રાપ્ત થાય છે.

## વિવેચન :–

આ ચાર ગાથામાં શાસ્ત્રકારે દોષિત આહાર ગ્રહણ કરનાર શ્રમણોની પરિસ્થિતિનું દર્શન કરાવ્યું

છે. શ્રમણ–સાધુ માટે બનાવવામાં આવતો આહાર આધાકર્મી દોષથી દૂષિત કહેવાય છે અને તે આધાકર્મી આહારનો અંશ પણ શુદ્ધ આહારમાં મળેલો હોય તો તે પૂતિકર્મ દોષથી દૂષિત કહેવાય છે. પોતાના માટે બનાવેલ આહાર લેવો સાધુને કલ્પતો નથી પરંતુ શ્રદ્ધાવાન ભક્તો ક્યારેક સાધુને પૂતિકર્મ દોષયુક્ત આહાર આપવા પ્રયત્ન કરે છે. શાસ્ત્રકારે શ્રદ્ધાવાન વ્યક્તિ માટે 'સઢ્ઢી' શબ્દપ્રયોગ કર્યો છે.

**सड्ढीमागंतुमीहियं** :– આ ગાથાપદ દ્વારા શાસ્ત્રકારે શ્રદ્ધાવાન ભક્ત દ્વારા આધાકર્મી, પૂર્તિકર્મ દોષયુક્ત આહાર આપવાનું સૂચન કરેલ છે. ચૂર્ણિકારે **सड्ढीमागंतुमीहियं** પદને સ્પષ્ટ કરતાં જણાવ્યું છે **श्रद्धा आस्यास्तीति श्राद्धी, आगच्छंतीत्यागंतुकाः । तैः श्राद्धीभिरागंतूननुप्रेक्ष्य प्रतीत्युवक्खडियं** જેના હૃદયમાં સાધુજનો પ્રતિ શ્રદ્ધા હોય તે શ્રાદ્ધી કહેવાય છે. જે આવે છે તેને આગંતુક કહેવાય છે. આવેલા સાધુઓના ઉદ્દેશ્યથી, તેઓને આવેલા જાણી શ્રદ્ધાળુઓ આહાર તૈયાર કરે છે. બીજી રીતે અર્થ કરતા ચૂર્ણિકાર જણાવે છે કે– **अथवा सड्ढित्ति जे एकतो वसंति तानुद्दिश्य कृतम् । सड्ढि** શ્રાદ્ધીનો અર્થ છે એક બાજુ રહેતા સાધકો તેમને ઉદ્દેશીને બનાવેલ આહાર. વૃત્તિકારે ગાથાપદને સ્પષ્ટ કરતા કહ્યું છે– **श्रद्धावताऽन्येन भक्तिमताऽपरान् आगन्तुकान् उद्दिश्य ईहितं चेष्टितम् निष्पादितम् ।** ભક્તિવાન શ્રદ્ધાળુએ અન્ય આવેલા સાધકોને ઉદ્દેશીને, તેમના નિમિત્તે તૈયાર કરેલ આહાર. આવો આધાકર્મી આહાર તો સાધુ માટે સર્વથા વર્જ્ય જ છે પરંતુ આધાકર્મી આહારનો એક કણ પણ અન્ય આહારમાં મળી ગયેલ હોય તેવા પૂર્તિકર્મ આહારનું સેવન કરે તો તેની બે પક્ષે સાધુતા છે, તે નથી સાધુ કે નથી ગૃહસ્થ છતાં તે ગૃહસ્થપક્ષનો સેવી કહેવાય છે. આવો પૂર્તિકર્મ દોષયુક્ત આહાર કોઈ ગૃહસ્થ હજારમાં ઘરે લઈ જઈ આપે તોપણ સાધુ તેને ગ્રહણ ન કરે.

**सहस्संतरियं भुंजे** :– પૂર્તિકર્મ દોષયુક્ત આહાર સાધુ ગૃહસ્થને ત્યાંથી ગ્રહણ ન કરે અને તે ગૃહસ્થ તે આહાર આપવા અન્યના ઘેર લઈ જાય, હજાર ઘરનું અંતર રાખી, હજારમાં ઘેર લઈ જઈ આપવા ઈચ્છે તોપણ સાધુ તે ગ્રહણ ન કરે. ચૂર્ણિકાર તેનો અર્થ કરતાં જણાવે છે કે **तत् पूर्वपश्चिमानां आगन्तुकोऽपि यदि सहस्संतरकडं भुंजे दुपक्खं णाम पक्षौ द्वो सेवते ।** તે પૂર્તિકર્મ દોષયુક્ત આહાર પહેલા કે પછી આવેલા આગન્તુક સાધુ, શ્રમણ હજારમાં ઘેર લઈ જઈ પછી તેનું સેવન કરે તો પણ તે દ્વિપક્ષનું સેવન કરે છે.

**दुपक्खं चेव सेवइ** :– બે પક્ષના ત્રણ પ્રકારે અર્થ આ પ્રમાણે થાય છે–

(૧) સ્વપક્ષમાં તો આધાકર્મ આહારસેવનનો દોષ લાગે જ છે, તેની સાથે પૂર્તિકર્મ દોષ યુક્ત આહાર ગ્રહણથી ગૃહસ્થ પક્ષના દોષનો પણ ભાગી તે થઈ જાય છે, તેથી સાધુ હોવા છતાં તે ગૃહસ્થની જેમ આરંભનો સમર્થક હોવાથી સાધુ અને ગૃહસ્થ એવા દ્વિપક્ષ સેવી છે.

(૨) ઈર્યાપથિકી અને સાંપરાયિકી બંને ક્રિયાઓનું સેવન કરવાને કારણે દ્વિપક્ષ સેવી થઈ જાય છે. આહાર લાવતી વખતે ઈર્યાપથિકી ક્રિયા લાગે છે અને દોષયુક્ત આહાર લેવા અને સેવન કરવાથી માયા અને લોભ બંને કષાયોના કારણે સાંપરાયિકી ક્રિયા પણ લાગે છે.

(૩) દોષયુક્ત આહાર લેવાથી પહેલાં શિથિલરૂપે બાંધેલી કર્મ પ્રકૃતિઓને તે નિધત્ત અને નિકાચિત રૂપે

ગાઢ સ્થિતિએ પહોંચાડી દે છે. તેથી તે દ્વિપક્ષ સેવી છે.

**જગત કર્તૃત્વવાદ :–**

**૫** **इणमण्णं तु अण्णाणं, इहमेगेसिमाहियं ।**
**देवउत्ते अयं लोए, बंभउते त्ति आवरे ॥**

**શબ્દાર્થ :– इणं** = આ, **अण्णं तु** = બીજું, **आहियं** = કહ્યું છે કે, **वेदउत्ते** = કોઈ દેવ દ્વારા ઉત્પન્ન કરવામાં આવ્યો છે, **आवरे** = અને બીજા કહે છે કે, **बंभउत्तेति** = આ લોક બ્રહ્મા દ્વારા કરાયેલ છે.

**ભાવાર્થ :–** પૂર્વોક્ત અજ્ઞાન સિવાયનું બીજું એક અજ્ઞાન આ પણ છે કે કેટલાક દાર્શનિકો કહે છે કે આ લોક દેવ દ્વારા ઉત્પન્ન થયો છે અને બીજા કહે છે લોક બ્રહ્માએ બનાવ્યો છે.

**૬** **ईसरेण कडे लोए, पहाणाए तहावरे ।**
**जीवाऽजीवसमाउत्ते, सुह-दुक्खसमण्णिए ॥**

**શબ્દાર્થ :– जीवाजीवसमाउत्ते** = જીવ અને અજીવથી યુક્ત, **सुहदुक्खसमण्णिए** = સુખ અને દુઃખ સહિતનો, **ईसरेण कडे** = ઈશ્વરકૃત છે, એમ કોઈ કહે છે, **तहावरे** = તથા બીજાઓ કહે છે કે આ લોક, **पहाणाइ** = પ્રધાનાદિ કૃત છે.

**ભાવાર્થ :–** જીવ અને અજીવથી યુક્ત તથા સુખ–દુઃખથી યુક્ત લોક ઈશ્વર દ્વારા રચાયેલો છે, એવું કેટલાક કહે છે. સાંખ્ય લોકો કહે છે કે આ લોક પ્રધાન–પ્રકૃતિ આદિ દ્વારા કરાયેલો છે.

**૭** **सयंभुणा कडे लोए, इइ वुत्तं महेसिणा ।**
**मारेण संथुया माया, तेण जोए असासए ॥**

**શબ્દાર્થ :– सयंभुणा** = સ્વયંભૂ દ્વારા, **वुत्तं** = કહ્યું છે, **मारेण** = યમરાજે, **माया** = માયા, **संथुया** = રચી છે.

**ભાવાર્થ :–** સ્વયંભૂ (વિષ્ણુ અથવા કોઈ અન્ય) એ આ લોક બનાવ્યો છે, એવું મહર્ષિઓએ કહ્યું છે. યમરાજે માયા રચી છે, આ કારણે આ લોક અશાશ્વત–અનિત્ય(પરિવર્તનશીલ) છે.

**૮** **माहणा समणा एगे, आह अंडकडे जगे ।**
**असो तत्तमकासी य, अयाणंता मुसं वए ॥**

**શબ્દાર્થ :– जगे** = જગતને, **अंडकडे** = ઈંડામાંથી બનાવેલું, **आह** = કહે છે, **असो** = તે બ્રહ્માએ, **तत्तं**

= પદાર્થ સમૂહને, **अकासी** = બનાવ્યો, **अयाणंता** = વસ્તુતત્ત્વને ન જાણનારા તેઓ, **मुसं** = અસત્ય જ, **वए** = કહે છે (મિથ્યા કથન કરે છે).

**ભાવાર્થ :–** કેટલાક બ્રાહ્મણો અને શ્રમણો જગતને ઈંડા દ્વારા ઉત્પન્ન કરાયેલો કહે છે તથા તેઓ કહે છે કે બ્રહ્માએ તત્ત્વ પદાર્થ સમૂહને બનાવ્યો છે, વસ્તુ તત્ત્વને ન જાણનારા તેઓનું આ કથન અસત્ય છે.

**૯**

**सएहिं परियाएहिं लोयं, बूया कडे त्ति य ।**
**तत्तं ते वियाणंती ण, विणासि कयाइ वि ॥**

**શબ્દાર્થ :–** **सएहिं** = પોતાના, **परियाएहिं** = અભિપ્રાયથી, **लोयं** = લોકને, **कडेत्ति य** = કરેલો, **बूया** = બતાવે છે, **ते** = તેઓ, **तत्तं** = વસ્તુતત્ત્વને, **ण वियाणंति** = જાણતા નથી, **कयाइवि** = ક્યારે ય પણ, **ण विणासी** = આ જગત વિનાશી નથી.

**ભાવાર્થ :–** પૂર્વોક્ત અન્યદર્શની પોતપોતાના અભિપ્રાયથી આ લોકને કૃત(કરેલો) બતાવે છે તે બધા અન્યદર્શનીઓ વસ્તુ તત્ત્વને જાણતા નથી, કારણ કે આ લોક ક્યારે ય પણ વિનાશી નથી.

**૧૦**

**अमणुण्णसमुप्पायं, दुक्खमेव वियाणिया ।**
**समुप्पायमयाणंता, कहं णाहिंति संवरं ॥**

**શબ્દાર્થ :–** **दुक्खं** = દુઃખ, **अमणुण्णसमुप्पायं मेव** = અશુભ અનુષ્ઠાનથી જ ઉત્પન્ન થાય છે, **वियाणिया** = આ જાણવું જોઈએ, **समुप्पायं** = દુઃખની ઉત્પત્તિનું કારણ, **अयाणंत्ता** = ન જાણનારા લોકો, **संवरं** = દુઃખને રોકવાનો ઉપાય, **कहं** = કેવી રીતે, **णाहिंति** = જાણી શકે ?

**ભાવાર્થ :–** અશુભ અનુષ્ઠાનથી જ દુઃખ ઉત્પન્ન થાય છે, એ જાણી લેવું જોઈએ. દુઃખની ઉત્પત્તિનું કારણ ન જાણનારા લોકો દુઃખને રોકવાનો ઉપાય કેવી રીતે જાણી શકે ?

## વિવેચન :–

આ છ ગાથાઓમાં શાસ્ત્રકારે આ અજ્ઞાનવાદીઓનું બીજું અજ્ઞાન બતાવી લોક રચના સંબંધી ભિન્ન ભિન્ન મતો પ્રદર્શિત કર્યા છે. આ બધા મતોના બીજ ઉપનિષદો, પુરાણો તેમજ સ્મૃતિઓ તથા સાંખ્ય વગેરે દર્શનોમાં મળે છે. અહીં **जीवाऽजीवसमाउत्ते**– જીવ અને અજીવથી યુક્ત અને **सुह–दुक्खसमण्णिए** સુખ દુઃખ સહિત એવા આ લોકની રચનાના વિષયમાં શાસ્ત્રકારે મુખ્ય સાત પ્રચલિત મતો દર્શાવ્યા છે.

(૧) આ લોક કોઈ દેવ કૃત છે. (૨) બ્રહ્મા કૃત છે. (૩) ઈશ્વર વડે આ સૃષ્ટિ રચાયેલી છે. (૪) પ્રધાન(પ્રકૃતિ) વડે લોક ઉત્પન્ન થયેલ છે. (૫) સ્વયંભૂ–વિષ્ણુ અથવા અન્ય કોઈના દ્વારા આ લોક બનાવેલો છે. (૬) યમરાજે આ માયા બનાવી છે, તેથી લોક અનિત્ય છે. (૭) આ લોક ઈંડાથી ઉત્પન્ન થયો છે.

(૧) **देवउत्ते**– દેવકૃત લોક :– વૈદિક યુગમાં મનુષ્યોનો એક વર્ગ અગ્નિ, વાયુ, જલ, આકાશ વિદ્યુત, દિશા વગેરે શક્તિશાળી પ્રાકૃતિક તત્ત્વોનો ઉપાસક હતો, પ્રકૃતિને જ દેવ માનતો હતો. મનુષ્યમાં એટલી શક્તિ નથી કે જે આટલા વિશાળ બ્રહ્માંડની રચના કરી શકે. દેવ જ શક્તિશાળી છે. આ ધારણાથી દેવકૃત લોકની કલ્પના પ્રચલિત થઈ. **देवउत्ते** આના સંસ્કૃતમાં ત્રણ રૂપ થાય છે. **देवउप्त, देवगुप्त** અને **देवपुत्र** ।

**देवउप्त** નો અર્થ છે દેવ દ્વારા બીજની જેમ વાવેલું, કોઈ દેવે પોતાનું બીજ(વીર્ય) કોઈ સ્ત્રીમાં આરોપ્યું અને તેનાથી મનુષ્ય તથા બીજા પ્રાણીઓ થયા, પ્રકૃતિની બધી વસ્તુઓ થઈ. ઐતરેય ઉપનિષદ, છાન્દોગ્ય ઉપનિષદ આદિમાં તેના પ્રમાણ મળે છે. **देवगुप्त** દેવગુપ્તનો અર્થ છે દેવો અથવા દેવ વડે રક્ષાયેલો. આખું વિશ્વ કોઈ દેવ દ્વારા રક્ષાયેલું છે.

**देवपुत्र**– દેવપુત્રનો અર્થ છે– આ જગત તથાકથિત દેવનો પુત્ર છે. જેણે સંસારને ઉત્પન્ન કર્યો છે.

(૨) **बंभउत्ते**– બ્રહ્મકૃત લોક :– કોઈ પ્રજાપતિ–બ્રહ્મા દ્વારા લોકની રચના માને છે. તેઓનું કહેવું એમ છે કે મનુષ્યમાં એટલી શક્તિ નથી કે આટલી વિશાળ–વ્યાપક સૃષ્ટિની રચના અને સુરક્ષા કરી શકે. દેવ ભલે મનુષ્યોથી ભૌતિક શક્તિમાં ચડિયાતા હોય, પરંતુ વિશાળ બ્રહ્માંડને રચવામાં સમર્થ નથી જ. સૃષ્ટિની પહેલાં હિરણ્યગર્ભ–બ્રહ્મા એકલા જ હતા. તે આખા વિશ્વને જોઈ શકે છે અને બ્રહ્માએ સૃષ્ટિની રચના કરી છે. ભિન્ન ભિન્ન ઉપનિષદોનો આ જ સૂર છે.

**મુંડક ઉપનિષદ** માં કહ્યું છે કે વિશ્વનો કર્તા અને ભુવનનો ગોપ્તા(રક્ષક) બ્રહ્મા–દેવોમાં સૌ પ્રથમ થાય. **તૈતરીય ઉપષિદ**માં કહ્યું છે કે બ્રહ્મા પ્રથમ એકલા હતા. તેમણે ઈચ્છા કરી, "હું એક છું, અનેક થાઉં, પ્રજાને ઉત્પન્ન કરું." તેણે તપ કરીને આ બધું રચ્યું, સર્જન કર્યુ.

આ વાતનું સમર્થન પ્રશ્ન ઉપનિષદમાં, છાન્દોગય ઉપનિષદમાં પણ જોવા મળે છે. બૃહદારણ્યક ઉપનિષદમાં બ્રહ્મા દ્વારા સૃષ્ટિ રચનાની વિચિત્ર કલ્પના બતાવી છે. બ્રહ્મા એકલા રમણ કરતા હતા, તેણે બે થવાથી ઈચ્છા કરી. જેવી રીતે સ્ત્રી પુરુષ પરસ્પર આશ્લિષ્ટ થાય છે, તેવી રીતે બ્રહ્માએ પોતાના બે ભાગ કર્યા અને તે પતિ–પત્નીના રૂપે થઈ ગયા. પહેલાં મનુષ્ય, પછી ગાય, બળદ, ગધેડી, ગધેડો, બકરી, બકરો, પશુ–પક્ષી આદિથી લઈને કીડી સુધી બધાનાં જોડાં(યુગલ) બનાવ્યાં.

**એક વૈદિક પુરાણ**માં સૃષ્ટિક્રમ બતાવ્યો છે કે પહેલાં આ જગત ઘોર અંધકારમય હતું. બિલકુલ અજ્ઞાત, અવિલક્ષણ, અતર્ક્ય અવિજ્ઞેય. જાણે કે તે બિલકુલ સૂતેલું હતું. તે એક સમુદ્રના રૂપમાં હતું. તેમાં સ્થાવર–જંગમ, દેવ, માનવ, રાક્ષસ, સર્પ અને ભુજંગ વગેરે બધાં પ્રાણી નષ્ટ થઈ ગયાં હતાં. માત્ર ટેકરા જેવું બનેલું હતું. જે પૃથ્વી આદિ મહાભૂતોથી રહિત હતું. તેના ઉપર અચિન્ત્ય સૂતેલા હતા. જે તપશ્ચર્યા કરી રહ્યા હતા. સૂતેલા વિભુની નાભિમાંથી એક કમળમાંથી દંડ અને જનોઈથી યુક્ત બ્રહ્માજી ઉત્પન્ન થયા. જેઓએ તે આઠ જગન્માતાઓ બનાવી. (૧) દિતિ (૨) અદિતિ (૩) મનુ (૪) વિનતા (૫) કદ્રુ (૬) સુલસા (૭) સુરભિ અને (૮) ઈલા. દિતિએ દૈત્યોને, અદિતિએ દેવોને, મનુએ મનુષ્યોને, વિનતાએ બધા

પ્રકારનાં પક્ષીઓને, કદ્રુએ બધા પ્રકારનાં સાપને, સુલસાએ નાગજાતીય પ્રાણીઓને, સુરભિએ ચારપગ વાળાં જનાવરોને અને ઈલાએ બધાં પ્રકારનાં બીજને ઉત્પન્ન કર્યા.

બ્રહ્મા દ્વારા સૃષ્ટિ રચનાના આ અને આ પ્રકારના અનેક ઉલ્લેખો મળે છે. તેથી શાસ્ત્રકારે કહ્યું **बंभउत्ते ति आवरे – देवउते** ની જેમ **बंभउत्ते** ના પણ ત્રણ સંસ્કૃત રૂપ થાય છે અને તે જ રીતે અર્થ પણ ત્રણ થાય છે.

(૩) **ईसरेण कडे**– મુખ્ય રૂપે ત્રણ દર્શન ઈશ્વર કર્તૃત્ત્વવાદી છે. વેદાંતી, નૈયાયિક અને વૈશેષિક. વેદાંતી ઈશ્વરને જ જગતનું ઉપાદાન કારણ તેમજ નિમિત્ત કારણ માને છે. તેઓએ આ વાત સિદ્ધ કરવા અનેક પ્રમાણ પ્રસ્તુત કરેલ છે.

**બૃહદારણ્યક ઉપનિષદ**માં કહ્યું છે કે પહેલાં એકમાત્ર આ ઈશ્વર જ હતા. તે જ એક સત્ હતા, તેણે શ્રેય રૂપ ક્ષેત્રનું સર્જન કર્યું, પછી ક્ષેત્રાણીનું– જેણે વરૂણ, સોમ, રૂદ્ર, પર્જન્ય, યમ, મૃત્યુ, ઈશાન આદિ દેવતા ઉત્પન્ન કર્યા પછી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને તે બધાના પોષક શૂદ્ર વર્ણનું સર્જન કર્યું.

**તૈતરીય ઉપનિષદ**માં કહ્યું છે, જે બ્રહ્મ–ઈશ્વરથી આ પ્રાણીઓ ઉત્પન્ન થાય છે, જેનાથી આ ભૂત(પ્રાણી) ઉત્પન્ન થઈને જીવતા રહે છે, જેના કારણે હલન–ચલન આદિ પ્રવૃત્તિ કરે છે, જેમાં વિલીન થઈ જાય છે, તે બધાનું તાદાત્મ્ય ઉપાદાન કારણ ઈશ્વર(બ્રહ્મ) જ છે.

**બૃહદારણ્યક**માં જ આગળ કહ્યું છે, "તે બ્રહ્મના બે રૂપ છે, મૂર્ત અને અમૂર્ત અથવા મર્ત્ય અને અમર્ત્ય. જેને યત્ અને તત્ કહે છે. તે જ એક ઈશ્વર બધાં પ્રાણીઓના અંતરમાં છુપાયેલો છે."

**બાદરાયણ વ્યાસ રચિત** બ્રહ્મસૂત્રના પ્રથમ સૂત્રમાં બતાવ્યુ છે કે "સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય આનાથી થાય છે" વેદાંતી અનુમાન પ્રમાણનો પ્રયોગ પણ કરે છે. "ઈશ્વર જગતનો કર્તા છે, કારણ કે તે ચેતન છે, જે જે ચેતન હોય છે, તે તે કર્તા હોય છે, જેવી રીતે કુંભાર ઘટનો કર્તા છે.

બીજા ઈશ્વર કર્તૃત્વવાદી નૈયાયિક છે, નૈયાયિક મત અક્ષપાદઋષિ પ્રતિપાદિત છે. આ મતના આરાધ્ય દેવ મહેશ્વર છે, મહેશ્વર જ ચરાચર સૃષ્ટિનું નિર્માણ તથા સંહાર કરે છે.

**શ્વેતાશ્વર ઉપનિષદ**માં બતાવ્યું છે, તે દેવોનો અધિપતિ છે તેમાં આખો લોક અધિષ્ઠિત છે. તે જ આ બે પગા ચોપગા પર શાસન કરે છે. તે સૂક્ષ્મ રૂપે વીર્યમાં પણ છે, વિશ્વનો સ્રષ્ટા છે, અનેકરૂપ છે. તે જ વિશ્વને પોતાનામાં લપેટે છે, તે શિવને જાણીને (પ્રાણી) પરમ શાંતિ પ્રાપ્ત કરી લે છે. તે સમાયાનુસાર સૃષ્ટિના રક્ષક છે, તે વિશ્વાધાર છે, સર્વ પ્રાણીઓમાં ગહન(ગૂઢ) છે, જેમાં બ્રહ્મર્ષિ અને દેવતા લીન થાય છે. તેને જાણીને તેઓ મૃત્યુપાશનું છેદન કરે છે."

નૈયાયિક જગતને મહેશ્વર કૃત સિદ્ધ કરવા માટે અનુમાન પ્રમાણનો પ્રયોગ કરે છે. "પૃથ્વી, પર્વત, ચંદ્ર, સૂર્ય, સમુદ્ર, શરીર, ઈન્દ્રિય વગેરે સર્વ પદાર્થ કોઈ બુદ્ધિમાન કર્તાએ બતાવેલ છે, કેમ કે તે સર્વ કાર્ય છે. જે જે કાર્ય હોય છે, તે કોઈને કોઈ બુદ્ધિમાન કર્તાએ જ બતાવેલ હોય છે, જેમ કે ઘટ. આ જગત પણ

કાર્ય છે, તેથી તેનું પણ કોઈ બુદ્ધિમાન દ્વારા જ નિર્માણ થવું જોઈએ. તે બુદ્ધિમાન જગતના રચનાર ઈશ્વર(મહેશ્વર) જ છે. જે બુદ્ધિમાન દ્વારા ઉત્પન્ન નથી થતા, તે કાર્ય નથી, જેમ કે આકાશ. આ વ્યતિરેક દષ્ટાંત છે.

ઈશ્વરને જગત કર્તા માનવાની સાથે તેઓ તેમને એક, સર્વવ્યાપી(આકાશવત્), નિત્ય, સ્વાધીન, સર્વજ્ઞ તથા સર્વશક્તિમાન પણ માને છે. સંસારી પ્રાણીઓને કર્મ ફળ આપનાર પણ ઈશ્વર છે. નૈયાયિક વેદાંતીઓને જેમ ઈશ્વરને ઉપાદાન કારણ કે સમવાયીકરણ માનતા નથી. તેઓ તેને નિમિત્ત કારણ માને છે. ઈશ્વર કર્તૃત્વના વિષયમાં વૈશેષિકોની માન્યતા પણ લગભગ આવી જ છે.

(૪) **पहाणाइ**– પ્રધાનાદિકૃત લોક :– સાંખ્યવાદી કહે છે– આ લોક પ્રધાન અથવા પ્રકૃતિ દ્વારા બનાવેલ છે. પ્રકૃતિ સત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોની સામ્યવસ્થા છે. એટલે જગતનું મૂળ કારણ પ્રધાન કહો કે ત્રિગુણ (સત્ત્વ, રજ અને તમ) કહો, એક જ વાત છે. આ ગુણોથી આખો લોક ઉત્પન્ન થયેલો છે. સૃષ્ટિ ત્રિગુણાત્મક કહેવાય છે. જગતના દરેક પદાર્થમાં ત્રણે ય ગુણોની સત્તા દેખાય છે. તેથી સિદ્ધ થાય છે કે આ જગત ત્રિગુણાત્મક પ્રકૃતિથી બનેલ છે.

મૂળપાઠમાં કહેવામાં આવ્યું છે કે **पहाणाइ तहावरे** આદિ પદથી મહતત્ત્વ(બુદ્ધિ), અહંકાર આદિને ગ્રહણ કરવા જોઈએ. સાંખ્ય–દર્શનનો સિદ્ધાંત છે કે ત્રિગુણાત્મક પ્રકૃત્તિ સીધી જ આ જગતને ઉત્પન્ન નથી કરતી. મૂળભૂત પ્રકૃતિ અવિકૃત(કોઈ તત્ત્વના વિકાર રહિત) અને નિત્ય છે, તેનાથી મહત્ (બુદ્ધિ) તત્ત્વ ઉત્પન્ન થાય છે, મહત્તત્ત્વથી અહંકાર અને અહંકારથી પાંચ તન્માત્રા(ઈન્દ્રિય વિષય), પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય અને મન આ ૧૬ તત્ત્વ(ષોડશગણ) ઉત્પન્ન થાય છે. પાંચ તન્માત્રાઓથી પૃથ્વી આદિ પાંચ ભૂતો (પાંચ મહાભૂતો) ઉત્પન્ન થાય છે. આ ક્રમથી પ્રકૃતિ આખા લોકને ઉત્પન્ન કરે છે.

અથવા પ્રધાનાદિ શબ્દમાં આદિ શબ્દથી કાળ, સ્વભાવ, નિયતિ આદિનું ગ્રહણ કરીને આ જગતને કોઈ કાળકૃત, કોઈ સ્વભાવકૃત, કોઈ નિયતિકૃત, કોઈ એકાંત કર્મકૃત માને છે.

(૫) **सयंभुणा कडे**– સ્વયંભૂકૃત લોક :– મહર્ષિનું કહેવું છે કે આ લોક સ્વયંભૂ દ્વારા રચાયેલ છે. ચૂર્ણિકાર મહર્ષિના બે અર્થ કરે છે. (૧) મહર્ષિ એટલે બ્રહ્મા અથવા (૨) વ્યાસ આદિ ઋષિ–મહર્ષિ છે. સ્વયંભૂ એટલે વિષ્ણુ. સ્વયંભૂ શબ્દ બ્રહ્મા અને વિષ્ણુ બંને અર્થમાં પ્રયુક્ત થાય છે.

**નારાયણોપનિષદ**માં કહ્યું છે– અંતર અથવા બ્રાહ્ય સંપૂર્ણ જગતને વ્યાપ્ત કરીને વિષ્ણુ સ્થિત છે. નારાયણાર્થવશિર ઉપનિષદમાં કહ્યું છે– પુરુષ નારાયણ(વિષ્ણુ)ને ઈચ્છા થઈ કે હું પ્રજાઓનું સર્જન કરું અને તેનાથી પ્રાણ, મન, ઈન્દ્રિયો, આકાશ, વાયુ, અગ્નિ, પાણી, પૃથ્વી, બ્રહ્મા, રૂદ્ર, વસુ ત્યાં સુધી કે આખું જગત નારાયણથી જ ઉત્પન્ન થયું.

પુરાણમાં વર્ણવેલ બ્રહ્મા દ્વારા સૃષ્ટિ રચનાના ક્રમની જેમ મનુસ્મૃતિમાં પણ તે પ્રકારનું વર્ણ મળે છે. આ જગત સર્વત્ર અંધકારમય હતું, સુષુપ્ત જેવું હતું. તે પછી મહાભૂતાદિથી ઓજ (બળ)નું વરણ કરી, અંધકારને દૂર કરતાં અવ્યક્ત સ્વયંભૂ આ(જગત)ને વ્યક્ત કરતાં સ્વયં પ્રાદુર્ભાવ પામ્યા(પ્રગટ થયા). અતીન્દ્રિય

દ્વારા ગ્રાહ્ય, સૂક્ષ્મ, અવ્યક્ત, સનાતન, સર્વભૂતમય એવમ્ અચિંત્ય સ્વયંભૂ સ્વતઃ ઉત્પન્ન થયા. ધ્યાન કરીને પોતાના શરીરથી વિવિધ પ્રજાઓની સૃષ્ટિ કરી. તેમણે સર્વ પ્રથમ પાણી બનાવ્યું, પછી તેમાં બીજ ઉત્પન્ન કર્યું અને તેમાંથી આખા જગતની રચના થઈ.

(૬) **मारेण संथुया**– મારરચિત લોક :– 'માર'ના અહીં બે અર્થ કરવામાં આવ્યા છે– જે મારે છે, નષ્ટ કરે છે તે માર–મૃત્યુ કે યમરાજ. પૌરાણિક કહે છે– સ્વયંભૂએ લોકને ઉત્પન્ન કરીને અત્યંત ભારના ભયથી જગતને મારનારા માર એટલે કે મૃત્યુ–યમરાજ બનાવ્યો. મારે(યમે) માયા રચી. તે માયાથી પ્રાણીઓ મરે છે. મારનો બીજો અર્થ વિષ્ણુ કરવામાં આવે છે. આચાર્ય નાગાર્જુનીય વાચનાની પ્રતોમાં આ ઉદ્દેશકમાં પાઠાંતર રૂપે નિમ્નોક્ત ગાથા જોવા મળે છે.

**अतिवुड्ढीयजीवाणं, मही विण्णते पभुं ।**
**ततो से माया संजुत्ते, करे लोगस्सऽभिद्दवा ॥**

પૃથ્વીએ પોતાના પર જીવોનો ભાર વધી જવાથી વિષ્ણુ પ્રભુને વિનંતી કરી અને વિષ્ણુએ લોકોના નાશ કરવા લોકને માયા યુક્ત બનાવ્યો.

વૈદિક ગ્રંથોમાં એક પ્રસિદ્ધ ઉક્તિ છે– **विष्णोर्माया भगवती, पया सम्मोहितं जगत्** વિષ્ણુની માયા ભગવતી છે, જેમણે સારા ય જગતને સંમોહિત કરી દીધું છે.

કઠોપનિષદમાં સ્વયંભૂની માયાના સંબંધમાં કહ્યું છે કે બ્રાહ્મણ અને ક્ષત્રિય જેમના માટે ભાત (ભોજન સમાન) છે, મૃત્યુ જેમને માટે વ્યંજન(શાકભાજી) સમાન છે, તે વિષ્ણુ(સ્વયંભૂ)ને અહીં કોણ જાણે છે ? ગમે તે હોય, મૃત્યુ કે વિનાશ દરેક સજીવ–નિર્જીવ પદાર્થ સાથે લાગેલ છે, તે કારણે લોકનું અનિત્ય, વિનાશશીલ હોવું સ્વાભાવિક છે. મૃત્યુનો મહિમા બતાવતાં બૃહદારણ્યકમાં કહ્યું છે– "અહીં પહેલા કાંઈ પણ નહોતું. મૃત્યુથી જ આ આખું જગત ઢંકાયેલું હતું. તે મૃત્યુ આખા જગતને ગળી જવા માટે હતું."

**(૭) अंड कडे– ઈંડાકૃત લોક :–** કેટલાક ત્રિદંડી વગેરે શ્રમણો, બ્રાહ્મણોએ તથા કેટલાક પૌરાણિકોએ જગતની ઉત્પત્તિ ઈંડાથી માની છે. પુરાણમાં કહ્યું છે કે બ્રહ્માંડ પહેલાં કેવળ જળાકાર સમુદ્રરૂપ હતું. તેમાથી એક વિશાળ ઈંડુ પ્રગટ થયું, જે ચિરકાળ સુધી લહેરોથી વહેતું રહ્યું પછી તે ફૂટયું ને તેના બે ટુકડા થઈ ગયા. એક ટુકડાથી પૃથ્વી બની, બીજા ટુકડાથી આકાશ બન્યું. પછી તેનાથી દેવ, દાનવ, માનવ, પશુ–પક્ષી આદિ રૂપે સંપૂર્ણ જગત પેદા થયું. પછી જળ, તેજ, વાયુ, સમુદ્ર, નદી, પહાડ વગેરે ઉત્પન્ન થયાં. આ રીતે આ આખું બ્રહ્માંડ(લોક) ઈંડામાંથી બન્યું છે.

મનુસ્મૃતિમાં પણ આ પ્રકારની જ કલ્પના છે. "તે ઈંડા સુવર્ણમય અને સૂર્ય સમાન અત્યંત તેજસ્વી બની ગયું. તેમાંથી સર્વલોક, પિતામહ બ્રહ્માજી ઉત્પન્ન થયા. તે ઈંડામાં તે ભગવાન પરિવત્સર (ઘણા વર્ષો) સુધી રહ્યા, પછી સ્વયં આત્માનું ધ્યાન કરીને તે ઈંડાના બે ટુકડા કરી નાખ્યાં. તે બે ટુકડાથી આકાશ અને ભૂમિનું નિર્માણ કર્યું.

**જગત કર્તૃત્વવાદનું નિરાકરણ :–** શાસ્ત્રકારે જગત કર્તૃત્વવાદને સ્વીકારનારને અજ્ઞાની અને મિથ્યા ભાષણ કરનાર કહ્યા છે. આ સર્વ જગકર્તૃત્વવાદી પોતાના વિચાર માત્રથી લોકને કૃત કહે છે તથા લોકને એકાંત વિનાશી કહે છે તે યુક્તિ સંગત નથી. મૂળ ગાથામાં સંકેત માત્ર છે કે અવિનાશી લોકને કૃત અથવા વિનાશી કહેવો, તે લોકના યથાર્થ સ્વભાવને જાણ્યા વિનાનું કથન છે. વૃત્તિકારે આ પંક્તિની વ્યાખ્યા કરતા કહ્યું છે કે વાસ્તવમાં આ લોક ક્યારે ય સર્વથા નષ્ટ થતો નથી, કેમ કે દ્રવ્ય રૂપથી તે સદૈવ સ્થિત રહે છે. આ લોક અતીતમાં પણ હતો, વર્તમાનમાં પણ છે અને ભવિષ્યમાં પણ રહેશે. તેથી આ લોક કોઈ દેવ, બ્રહ્મા, ઈશ્વર, પ્રકૃતિ, વિષ્ણુ, શિવ આદિ દ્વારા બનાવેલ નથી. જો લોકની ઉત્પત્તિ હોત તો તેનો નાશ થાત પરંતુ લોક એકાંતે એક સમાન જ રહે તેમ નથી. તેથી લોક દેવ વગેરે દ્વારા લોકનું કર્તૃત્વ સિદ્ધ કરી શકે. ઈશ્વર કર્તૃત્વવાદીઓએ લોકને વિભિન્ન પદાર્થોને કાર્ય બતાવીને કુંભારના ઘટરૂપ કાર્યના કર્તાની જેમ ઈશ્વરને જગત કર્તૃત્વરૂપ કાર્યના કર્તા સિદ્ધ કરવાના પ્રયાસ કર્યા છે, પરંતુ લોક દ્રવ્યરૂપથી નિત્ય હોવાને કારણે કાર્ય છે જ નહીં. પર્યાય રૂપથી અનિત્ય છે, જગત કાર્યના કર્તાની સાથે કોઈ અવિનાભાવ સંબંધ નથી.

કૃતવાદીઓની સમક્ષ બીજો પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે તેમનો સૃષ્ટિકર્તા, આ સૃષ્ટિને સ્વયં ઉત્પન્ન થઈને બનાવે છે કે ઉત્પન્ન થયા વિના બનાવે છે ? જો સ્વયં ઉત્પન્ન થયા વિના સૃષ્ટિ બનાવે તેમ કહે તો સ્વયં જેનું અસ્તિત્વ નથી તે બીજાને કેવી રીતે બનાવી શકે ? જો ઉત્પન્ન થઈને બનાવે છે તો સ્વયં ઉત્પન્ન થાય છે કે બીજા દ્વારા ઉત્પન્ન કરાય છે ? જો કોઈ કર્તા વિના સ્વયં ઉત્પન્ન થાય છે તો આ જગતને પણ સ્વયં ઉત્પન્ન થયેલું કેમ ન માનવું ? જો બીજાથી ઉત્પન્ન થઈને લોકને બનાવે છે. તો એ બીજાને કોણે ઉત્પન્ન કર્યા છે ? તે પણ ત્રીજાથી ઉત્પન્ન થયા છે અને ત્રીજા ચોથાથી ઉત્પન્ન થયેલા માનવા પડશે. આ રીતે ઉત્પત્તિનો પ્રશ્ન ઊભોને ઊભો જ રહેવાથી અનવસ્થા દોષ આવશે. આ તર્કનો કૃતવાદીઓ પાસે કોઈ ઉત્તર નથી.

ત્રીજો પ્રશ્ન એ ઊભો થાય છે કે તે સૃષ્ટિકર્તા નિત્ય છે કે અનિત્ય ? નિત્ય કહે તો આકાશની જેમ વ્યાપક હોય અને એક સાથે અથવા ક્રમથી તેમાં પણ ક્રિયા સંભવે નહીં. કારણ કે તે તો પોતાની જગ્યાએથી હલી પણ ન શકે અને ન તેનો સ્વભાવ બદલી શકે. જો તે અનિત્ય છે તો ઉત્પત્તિ પછી સ્વયં વિનાશી હોવાને કારણે નષ્ટ થઈ જશે. તેથી તેનો કોઈ ભરોસો નહીં કે તે જગતને બનાવશે, કારણ કે નાશવંત હોવાથી પોતાનું રક્ષણ કરવામાં અસમર્થ હોઈ તે બીજાની ઉત્પત્તિ માટે વ્યાપાર અથવા ચિંતા શું કરી શકે ? આ રીતે સૃષ્ટિકર્તા નિત્ય–અનિત્ય સિદ્ધ થઈ શકતા નથી.

હવે પ્રશ્ન એ છે કે તે સૃષ્ટિ કર્તા મૂર્ત છે કે અમૂર્ત ? જો તે અમૂર્ત છે તો આકાશની જેમ તે પણ અકર્તા છે. જો મૂર્તિમાન છે તો કાર્ય કરવા માટે તેને સાધારણ પુરુષની જેમ ઉપકરણોની અપેક્ષા રહેશે. તે ઉપકરણ બનાવવા માટે બીજા ઉપકરણો જોઈએ. તે ઉપકરણો ક્યાંથી આવશે ? તેનો ઉત્તર જ નથી. માટે મૂર્ત–અમૂર્ત સૃષ્ટિકર્તા સ્વીકાર્ય નથી. ઈશ્વર દ્વારા સૃષ્ટિની રચના માનવાથી તેમાં અન્યાયી, અબુદ્ધિમાન, અશક્તિમાન, પક્ષપાતી, ઈચ્છા, રાગ દ્વેષાદિ વિકારોથી લેપાયેલા તે બની જશે અને આવા અનેક દોષોનો પ્રસંગ આવશે. ભગવત્ ગીતામાં કહ્યું છે કે–

**न कर्तृत्वं न कर्माणि, लोकस्य सृजति प्रभूः**
**न कर्मफलसंयोगं, स्वभावस्तु प्रवर्तते ।**

ઈશ્વર ન તો લોકનું સર્જન કરે છે, ન કર્મનું અને ન લોકમાં રહેનારા જીવોના શુભાશુભ કર્મફળનું સર્જન કરે છે. લોક તો સ્વભાવથી સ્વયં પ્રવર્તિત છે.

બ્રહ્માના મુખથી બ્રાહ્મણ, ભૂજાઓથી ક્ષત્રિય, ઉદરથી વૈશ્યને પગથી શુદ્રની તથા ઈંડાથી જગતની ઉત્પત્તિ માનવી તે અસંગત છે, અયુક્ત છે. જ્યારે ઈશ્વર આદિ પણ જગતના કર્તા ન થઈ શકે તો સ્વયંભૂ દ્વારા મારની રચના, ઈંડાની ઉત્પત્તિ આદિ તથા અવ્યક્ત, અમૂર્ત, અચેતન. પ્રકૃતિથી મૂર્ત, સચેતન તેમજ વ્યક્તની રચના આદિ બધી નિરર્થક કલ્પનાઓ છે.

જૈન દર્શન અનુસાર આ લોક અનાદિ અનંત છે. લોક દ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે અને પર્યાયની અપેક્ષાએ અનિત્ય. એટલે કે પરિવર્તનશીલ છે. જીવ અને અજીવ પોતાના સ્વરૂપથી ક્યારે ય નષ્ટ થતા નથી, ઉત્પન્ન થતા નથી. તેમાં માત્ર અવસ્થાઓનું પરિવર્તન થયા કરે છે.

**अमणुण्ण समुप्पा...कहं णाहिंति संवरं ?** :– ગાથા ૧૦ પણ લોક સંબંધિત છે. ઈશ્વર દેવ, મનુષ્યો, પશુ–પક્ષી વગેરે જીવસૃષ્ટિ ઉત્પન્ન કરી, તે પ્રાણીઓને સુખ–દુઃખ સાથે જ જોડે છે. પ્રાણીઓ સુખ–દુઃખ કર્મફળ ઈશ્વર દ્વારા જ ભોગવે છે તેવી માન્યતા ધરાવતા જગત કર્તૃત્વવાદીને જવાબ આપતા શાસ્ત્રકાર કહે છે કે મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને અશુભ યોગ દ્વારા પ્રાણી કર્મબંધ કરે છે અને આ કર્મ જ દુઃખની ઉત્પત્તિનું કારણ છે. દુઃખના કારણને તેઓ જાણતા નથી. મિથ્યાત્વ, હિંસા આદિથી વિરતિ આદિની સાધના–આરાધના કરવી તે દુઃખ નિવારણનો ઉપાય છે, એવું પણ જાણતા નથી. પોતાના દ્વારા કરેલાં અશુભ અનુષ્ઠાન, પાપાચરણ અથવા અધર્માચરણથી દુઃખની ઉત્પત્તિ થાય છે. તેનાથી વિપરીત પોતાના દ્વારા કરેલાં શુદ્ધ ધર્માનુષ્ઠાન રત્નત્રયના આચરણથી સુખની ઉત્પત્તિ થાય છે. બીજા કોઈ દેવ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અથવા ઈશ્વર કોઈને સુખ કે દુઃખથી યુક્ત કરી શકતા નથી. જો એવું કરી શકતા હોત તો તે આખા જગતને સુખી જ કરે ને ? કોઈને દુઃખી શા માટે રહેવા દે ? જગતમાં સુખી અને દુઃખી બંને પ્રકારના પ્રાણીઓ દેખાય છે, તે પોતાના કર્માનુસાર સુખ–દુઃખ ભોગવી રહ્યા હોય છે.

આ ગાથા દ્વારા શાસ્ત્રકારે **अप्पा कत्ता विकत्ता य दुहाण य सुहाण य**– (આત્મા જ પોતાનાં સુખો અને દુઃખોનો કર્તા તેમજ ભોક્તા છે) આ સિદ્ધાંતને ધ્વનિત કર્યો છે તથા દુઃખરૂપ કર્મબંધનને તોડવા માટે કોઈ દેવ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અથવા પરમાત્માની સમક્ષ કરગરવાનો, યાચના કરવાનો નિષેધ કરી, સ્વકર્તૃત્વવાદ, સ્વયં પુરુષાર્થ દ્વારા આત્મશક્તિ પ્રગટ કરવાનો, શ્રમણ સંસ્કૃતિનો મૂળભૂત સિદ્ધાંત વ્યક્ત કર્યો છે.

**ત્રૈરાશિક મત :–**

**૧૧** **सुद्धे अपावए आया, इहमेगेसि आहियं ।**
**पुणो कीडा-पदोसेणं, से तत्थ अवरज्झइ ॥**

**શબ્દાર્થ :– इह** = આ જગતમાં, **एगेसिं** = કોઈકનું, **आहियं** = કથન છે કે, **आया** = આત્મા, **सुद्धे** = શુદ્ધ, **अपावए** = અને પાપરહિત છે, **पुणो** = તો પછી, **से** = તે આત્મા, **कीडा पदोसेणं** = રાગદ્વેષના કારણે, **तत्थ** = ત્યાં, **अवरज्झइ** = બંધાઈ જાય છે.

**ભાવાર્થ :–** કેટલાક દાર્શનિકોનો મત છે કે આત્મા શુદ્ધ આચરણ કરી, પાપરહિત થઈને મોક્ષમાં જાય છે. ફરીથી રાગ અને દ્વેષના કારણે ત્યાં મોક્ષમાં જ બંધ યુક્ત થઈ જાય છે.

**१२** **इह संवुडे मुणी जाए, पच्छा होइ अपावए ।**
**वियडं व जहा भुज्जो, णीरयं सरयं तहा ॥**

**શબ્દાર્થ :– अपावइ होइ** = તે પાછળથી પાપરહિત થઈ જાય છે, સિદ્ધ થઈ જાય છે, **वियडं व** = પાણી, **भुज्जो** = ફરીથી, **सरयं** = મલિન થઈ જાય છે, **तहा** = એવી જ રીતે તે નિર્મળ આત્મા ફરીથી મલિન થઈ જાય છે.

**ભાવાર્થ :–** આ મનુષ્યભવમાં જીવ સંવૃત–સંયમ નિયમાદિ યુક્ત મુનિ બનીને નિષ્પાપ થઈ જાય છે. જેવી રીતે રજ રહિત નિર્મળ પાણી ફરીથી રજયુક્ત મલિન થઈ જાય છે તેવી જ રીતે તે નિર્મળ, નિષ્પાપ આત્મા પણ પુનઃ મલિન થઈ જાય છે.

## વિવેચન :–

આ બે ગાથામાં ગોશાલકના આજીવક મત માન્ય આત્માની ત્રણ અવસ્થા "ત્રૈરાશિક" મતનું દિગ્દર્શન કરાવવામાં આવ્યું છે. જીવ રાશિ, અજીવ રાશિ અને નોજીવરાશી; આ ત્રણ રાશિ માન્ય ત્રૈરાશિકને સ્વીકારતા નિહ્નવની અહીં વાત નથી. અહીં તો આત્માની ત્રણ રાશિઓનું કથન કરવામાં આવ્યું છે. તે ત્રણ અવસ્થાઓ આ પ્રમાણે છે.

(૧) રાગદ્વેષ સહિત, કર્મ બંધનથી યુક્ત, પાપ સહિત અશુદ્ધ આત્માની અવસ્થા.

(૨) આત્મા આચરણ કરી, નિષ્પાપ અવસ્થા પ્રાપ્ત કરી, મુક્તિમાં પહોંચી જાય છે. મોક્ષગત આત્માની શુદ્ધ અવસ્થા.

(૩) તે શુદ્ધ–નિષ્પાપ આત્મા રાગ અને દ્વેષના કારણે ફરી કર્મરજથી અશુદ્ધ થઈ જાય છે. પોતાના મતનું અપમાન અને અન્ય મતનું સન્માન જોઈ તે મુક્તાત્માને રાગદ્વેષ ઉત્પન્ન થાય છે અને પુનઃ સંસારમાં અવતાર ધારણ કરે છે. આત્માની તે ત્રીજી અશુદ્ધ અવસ્થા.

**पुणो कीडापदोसेण** :– મુક્તાત્માને પોતાના શાસનની પૂજા અને પર શાસનનો અનાદર જોઈને પ્રમોદ–આનંદ(રાગ) ઉત્પન્ન થાય છે તથા સ્વશાસનનો પરાભવ અને પરશાસનનો અભ્યુદય જોઈને દ્વેષ થાય છે. આ રીતે શુદ્ધ આત્મા રાગદ્વેષથી લેપાઈ જાય છે, રાગ દ્વેષ જ કર્મબંધના કારણ છે. આ રીતે તે પુનઃ

કર્મયુક્ત બની સંસારમાં આવે છે. શુદ્ધાત્મા પુનઃ મલિન થાય છે તે સમજાવવા તે દાર્શનિકો નિર્મળ અને મલિન જળનું દષ્ટાંત આપે છે તે દર્શાવતા શાસ્ત્રકાર કહે છે– **वियडं व जहा भुज्जो णीरयं सरयं तहा** જે રીતે નિર્મળ પાણી પણ આંધી તુફાનથી ઉડેલી રજ, માટી, કચરા વડે મલિન બની જાય છે તે જ રીતે તપ સંયમની સાધના વડે શુદ્ધ થયેલો આત્મા પણ પોતાના શાસનના અભ્યુદય માટે રાગ અને સ્વશાસનનો પરાભવ જોઈને દ્વેષભાવને ધારણ કરે છે. આ રીતે શુદ્ધ થયેલો આત્મા પુનઃ મલિન થઈ જાય છે.

આ સંબંધમાં ચૂર્ણિકાર ૧૧મી ગાથાના ઉત્તરાર્દ્ધમાં **पुणो कीडापदोसेणं, से तत्थ अवरज्झइ** આ પ્રકારનું પાઠાંતર માનીને અવતારવાદની ઝાંખી પ્રસ્તુત કરે છે. તે આત્મા મુક્ત થઈ, રાગ અને દ્વેષના કારણે કર્મરજથી લિપ્ત થઈ સંસારમાં અવતાર ધારણ કરે છે. તે મુક્તાત્મા પોતાના ધર્મશાસનની પુનઃ પ્રતિષ્ઠા કરવા માટે રજોગુણ યુક્ત થઈને અથવા કર્મ રજથી શ્લિષ્ટ થઈને અવતાર લે છે..

આ પ્રકારની માન્યતા બૌદ્ધ ધર્મના કેટલાક સંપ્રદાયોની પણ છે. તેઓનું કથન છે કે સુગત(બદ્ધ) આદિ ધર્મતીર્થના પ્રવર્તક, જ્ઞાની, તીર્થકર્તા, પરમ પદને પ્રાપ્ત કરીને પણ જ્યારે પોતાના તીર્થ ધર્મસંઘનો તિરસ્કાર જુએ છે ત્યારે તેનો ઉદ્ધાર કરવા માટે પુનઃ સંસારમાં આવે છે.

ધર્મનું પતન અને અધર્મનું અભ્યુત્થાન થતું જોઈ મુક્ત આત્માના અવતીર્ણ થવાની માન્યતા વૈદિક પરંપરામાં પણ પ્રસિદ્ધ છે અને ગીતા વગેરે ગ્રંથોમાં અવતારવાદનું સ્પષ્ટ વર્ણન છે કે– જ્યારે જ્યારે સંસારમાં ધર્મની હાનિ અને અધર્મની વૃદ્ધિ થવા લાગે છે ત્યારે ત્યારે હું(મુક્ત આત્મા) સાધુ પુરુષોનું રક્ષણ તથા દુષ્ટોનો નાશ કરવા યુગે યુગે અવતાર ધારણ કરું છું. તે અવતારવાદ અથવા પુનરાગમનવાદ કહેવાય છે.

જે ભક્તિવાદી સંપ્રદાયોમાં એવી માન્યતા પ્રચલિત છે કે ભગવાન પોતાની લીલા બતાવવા માટે અવતાર ધારણ કરે છે અથવા સજ્જનોના રક્ષણ તથા દુર્જનોના સંહારના રૂપે લીલા કરે છે. આવી લીલા સમયે તેઓ દુષ્ટોનો નાશ કરે અને ભક્તની રક્ષા માટે શક્ય હોય તેટલા પ્રયત્ન કરે ત્યારે તેવું કરવામાં તેનામાં દ્વેષ અને રાગ હોય તે સ્વાભાવિક છે. તેથી આ ગાથામાં કહેલા **कीडापदोसेण** ની સાથે ભક્તિવાદી સંપ્રદાયો કથિત ક્રીડા = લીલાની અર્થ સંગતિ થઈ જાય છે.

**ત્રૈરાશિક વાદ, અવતારવાદનું ખંડન :–** પ્રશ્ન થાય કે જે આત્મા એકવાર કર્મમળથી સર્વથા રહિત થઈ ગયો છે, શુદ્ધ–બુદ્ધ મુક્ત, નિષ્પાપ થઈ ગયો છે; તે ફરીથી અશુદ્ધ, કર્મમળયુક્ત અને પાપયુક્ત કેવી રીતે થઈ શકે ? જેવી રીતે બીજ બળી ગયા પછી તેમાંથી અંકુર ફૂટે નહીં, એવી જ રીતે કર્મબીજ બળી ગયા પછી ફરીથી સંસારરૂપી(જન્મમરણ રૂપી) અંકુર ફૂટવા અસંભવિત છે. અધ્યાત્મ સાધનાઓનો ઉદ્દેશ્ય પાપથી, કર્મબંધથી, રાગ–દ્વેષ–કષાયાદિ વિકારોથી સર્વથા મુક્ત, શુદ્ધ તેમજ નિષ્પાપ થવું તે છે. જો શુદ્ધાત્મા પુનઃ મલિન થઈ જાય તો શુદ્ધ થવાની મહેનત નકામી જાય, કરેલી સાધના માટીમાં મળી જાય. આત્મા શુદ્ધ બની મોક્ષે ગયા પછી પુનઃ અશુદ્ધ બની જન્મ ધારણ કરે છે. તે તેઓની માન્યતા યુક્તિ સંગત નથી. મુક્ત જીવ રાગદ્વેષ વિહીન હોય છે. રાગ–દ્વેષ હોય તો તે મુક્ત ન કહેવાય. રાગ–દ્વેષ જ ન હોવાથી તેઓની આખા જગત પ્રત્યેની એકત્વ દષ્ટિ હોય છે. તેઓમાં સ્વધર્મ–પરધર્મ જેવો કોઈ ભેદભાવ

નથી કે સ્વધર્મની હાની જોઈ દ્વેષ કરે. આત્માને એકવાર કર્મરહિત બની ગયા પછી પાછો કર્મ યુક્ત બની જન્મ ધારણ કરવો પડતો હોય તો આવા મોક્ષ માટે કોણ સાધનાદિ કરે ? એકવાર મુક્ત થયા પછી અનંતકાળ સુધી તે જ અવસ્થામાં રહેવાનું હોય તો જ તપ–જપ પુરુષાર્થ સાર્થક કહેવાય, માટે અવતારવાદ યુક્તિ સંગત નથી.

**પાઠાંતર :–** ૧૧મી ગાથાના ઉતરાર્દ્ધમાં ચૂર્ણિ સંમત પાઠાંતર છે– **पुणोकालेणऽणंतेण तत्थ से अवरज्झइ** અનંતકાળ પછી તે મુક્તાત્મા સ્વશાસનની પ્રતિષ્ઠા–અપ્રતિષ્ઠા જોઈને તેના પર **अवरज्झइ** અપરાધ કરે છે અર્થાત્ રાગ–દ્વેષને પ્રાપ્ત થાય છે.

૧૨મી ગાથાના પૂર્વાર્દ્ધમાં ચૂર્ણિ સંમત પાઠાંતર– **इह संवुडे भवित्ताणं सुद्धे सिद्धीए चिट्ठंति** આ મનુષ્ય ભવ પામી, પ્રવ્રજ્યા ગ્રહણ કરી, સંવૃતાત્મા બની સિદ્ધ બની જાય છે અથવા આ મનુષ્ય ભવમાં કેટલાક સંવૃતાત્મા બની, ધર્મને ઉજાગર કરતાં કેટલોક કાળ સંસારમાં રહે છે અને પછી અપાપક એવા સિદ્ધ ગતિના સ્થાનને પ્રાપ્ત કરે છે.

**સ્વ–પ્રવાદ–પ્રશંસા :–**

**૧૩** **एयाणुवीए मेहावी, बंभचेरे ण ते वसे ।**
**पुढो पावाउया सव्वे, अक्खायारो सयं सयं ॥**

**શબ્દાર્થ :– एयाणुवीइ** = આ અન્યતિર્થીઓની વાતને વિચારીને નિશ્ચય કરે કે, **ते बंभचेरे ण वसे** = અન્યતિર્થીઓ બ્રહ્મચર્યમાં (સંયમમાં) સ્થિત નથી, **सव्वे पावाउया** = બધા પ્રાવાદુક, **पुढो** = અલગ અલગ, **सयं सयं** = પોતપોતાના સિદ્ધાંતને, **अक्खायरो** = સારો બતાવે છે.

**ભાવાર્થ :–** બુદ્ધિમાન સાધક આ ચિંતન કરીને મનમાં નિશ્ચય કરે કે આ વાદીઓ બ્રહ્મચર્ય–આત્માની ચર્યામાં સ્થિત નથી. તે વાદીઓ પોતાની માન્યતાની અતિશયોક્તિ પૂર્વક પ્રશંસા કરનારા છે.

**૧૪** **सए सए उवट्ठाणे, सिद्धिमेव ण अण्णहा ।**
**अहो इहेव वसवत्ती, सव्वकामसमप्पिए ॥**

**શબ્દાર્થ :– उवट्ठाणे** = અનુષ્ઠાનમાં જ, **सिद्धिं** = સિદ્ધિ થાય છે, **अण्णहा ण** = અન્ય પ્રકારે હોતી નથી, **अहो** = મોક્ષ પ્રાપ્તિ પહેલાં, **इहेव** = આ જન્મમાં જ, **वसवत्ती** = વશવર્તી, **सव्वकामसमप्पिए** = સર્વ કામનાઓ સિદ્ધ થાય છે.

**ભાવાર્થ :–**વિભિન્ન મતવાદીઓ સ્વમતસંમત અનુષ્ઠાનથી જ સિદ્ધિ થાય, બીજી રીતે નહિ, એમ કહે છે. આ જન્મમાં જ જે અમારા મતને વશવર્તી થાય તેની બધી કામનાઓ પૂર્ણ થાય તેમ તેઓ કહે છે.

**૧૫** सिद्धा य तो अरोगा य, इहमेगेसिं आहियं ।
सिद्धिमेव पुराकाउं, सासए गढिया णरा ॥

**શબ્દાર્થ :– ते** = તેઓ, **सिद्धा** = સિદ્ધ પુરુષ, **अरोगा य** = નિરોગી હોય છે– રોગરહિત હોય છે, **सिद्धिमेव पुराकाउं** = સિદ્ધિ ને જ સામે રાખીને, **णरा** = તે અન્યદર્શની મનુષ્ય, **सासए** = પોતાના દર્શનમાં, **गढिया** = ગૂંથાયેલા રહે છે.

**ભાવાર્થ :–** આ સંસારમાં કેટલાક મતવાદીઓનું કથન છે કે અમારા મતના અનુષ્ઠાનથી જે સિદ્ધિ પ્રાપ્ત કરે તે નીરોગી હોય છે. તે અન્યદર્શની સિદ્ધિને જ આગળ રાખીને પોતપોતાના દર્શનમાં આસક્ત રહે છે.

**૧૬** असंवुडा अणाईयं, भमिहिंति पुणो पुणो ।
कप्पकालमुवज्जंति, ठाणा आसुर किव्विसिय॥ –त्ति बेमि

**શબ્દાર્થ :– असंवुडा** = અસંવૃત, ઈન્દ્રિય વિજય રહિત, **अणाईयं** = આદિ રહિત આ સંસારમાં, **पुणो पुणो** = વારંવાર, **भमिहिंति** = ભ્રમણ કરશે તથા, **कप्पकालं** = ચિરકાળ પર્યંત, **आसुरकिव्विसिय ठाणा** = અસુર સ્થાનમાં કિલ્વિષીરૂપે, **उवज्जंति** = તેઓ ઉત્પન્ન થાય છે.

**ભાવાર્થ :–** તે અન્યતીર્થિઓ અસંવૃત્ત–ઈંદ્રિય અને મન સંયમથી રહિત હોવાથી, આ અનાદિ સંસારમાં વારંવાર પરિભ્રમણ કરે છે. તેઓ કલ્પકાળ પર્યંત–ચિરકાળ સુધી અસુરો–ભવનપતિ દેવો તથા કિલ્વિષિક (નિમ્ન કોટીના) દેવોનાં સ્થાનોમાં ઉત્પન્ન થાય છે.

## વિવેચન :–

આ પાંચ ગાથામાં શાસ્ત્રકારે પોતાની પ્રશંસા કરનાર અન્યતિર્થીઓની અવસ્થા તથા ગતિનું દર્શન કરાવ્યું છે. આ ત્રીજા ઉદ્દેશકમાં જગત્કર્તૃત્વ વાદ અને અવતારવાદના નિરૂપણ પછી આ ખંડનાત્મક અંતિમ પાંચ ગાથાઓ, તે બંને મતાવલંબીના ખંડન માટે છે તેમ ઉપલક દષ્ટિએ લાગે પરંતુ ગાથામાં **पुढो पावाउया सव्वे**– બધા પ્રાવાદુકો અલગ રીતે પોતાના મતની પ્રશંસા કરે છે તેમ કહ્યું છે. તે સૂચવે છે કે આ ત્રણે ઉદ્દેશકમાં જે જે વાદીઓનું કથન છે. તે સર્વે દર્શનોને શાસ્ત્રકારે 'પ્રાવાદુક' કહેલ છે. પૂર્વોક્ત સર્વ દર્શનકારોને પ્રાવાદુક કહેવાના બે કારણ છે. (૧) તેઓ કાર્ય– કારણ વિહીન, યુક્તિથી અસંગત એવા પોતાના મતની પ્રશંસા કર્યા કરે છે અને (૨) તેઓ આત્મભાવોના વિચારમાં સ્થિત નથી.

૧. આ વાદીઓ કાર્ય–કારણ ભાવનો વિચાર કરતા નથી. જેમ કે અવતારવાદીઓ એમ કહે છે કે શુદ્ધ એવા મુક્તાત્માઓ રાગદ્વેષ કરે છે અને પુનર્જન્મ મરણને ધારણ કરે છે. કર્મનું કારણ રાગ–દ્વેષ છે. તે બળી ગયા પછી રાગ–દ્વેષ કેવી રીતે થાય અને જન્મ પણ કેવી રીતે ધારણ કરે ? અન્ય દાર્શનિકોની વાત

તર્કસંગત પણ નથી હોતી. જેમ કે કેટલાક ક્રિયાવાદી અવ્યક્ત હિંસાને કર્મબંધનું કારણ માનતા નથી. અવ્યક્ત હિંસાના ચાર પ્રકારનાં પહેલી માનસિક હિંસા બતાવે છે. શરીરથી હિંસા ન કરે પણ મનમાં હિંસાના ભાવ–રાગ–દ્વેષના પરિણામ આવે તે ભાવહિંસા જ છે. તેનાથી કર્મબંધ ન થાય તે વાત તર્ક સંગત નથી.

૨. તેઓ આત્મભાવમાં સ્થિત નથી. તેઓ પોતાના મતથી અષ્ટ સિદ્ધિ પ્રાપ્તિ થાય છે, તેમ જણાવે છે. અષ્ટસિદ્ધિ–સુવર્ણસિદ્ધિ વગેરે સિદ્ધિઓ તો ભૌતિક જગતની સિદ્ધિ છે. તેને અધ્યાત્મ સાથે કોઈ સંબંધ નથી. તેઓ યૌગિક ઉપલબ્ધિઓ, ભૌતિક–લૌકિક સિદ્ધિઓને જ મુક્તિ માને છે. પરિણામે કર્મબંધ રોકવાના અહિંસાદિ પાંચ કારણોને સ્વીકારવાની તેઓને આવશ્યકતા રહેતી નથી. સાધના–આરાધના, તપશ્ચર્યા વગેરેનું વિધાન પણ સ્વર્ગાદિ કામનાઓથી જ કરવામાં આવે છે, તેથી તેઓ સંવૃત્ત નથી. જ્યાં સુધી ઈન્દ્રિયો સંવૃત્ત ન બને ત્યાં સુધી કર્મપ્રવાહ આવ્યા જ કરે અને ત્યાં સુધી મોક્ષ પ્રાપ્ત થતો નથી. આવા અસંવૃત્ત પ્રાવાદુકો દીર્ઘકાળ પર્યંત અનંત સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે. દેવગતિમાં જાય તોપણ અલ્પઋદ્ધિવાળા કિલ્વીષી આદિ દેવ રૂપે ઉત્પન્ન થાય છે.

**॥ અધ્યયન ૧/૩ સંપૂર્ણ ॥**

## ચોથો ઉદ્દેશક

**મુનિધર્મ ઉપદેશ :–**

**૧** **एते जिया भो ! ण सरणं, बाला पंडियमाणिणो ।**
**हिच्चा णं पुव्वसंजोगं, सिया किच्चोवएसगा ॥**

**શબ્દાર્થ :–** **भो** = હે શિષ્યો ! **एते** = આ અન્યતીર્થિઓ, **जिया** = કામક્રોધ આદિથી જીતાયેલા છે, **ण सरणं** = તેથી આ લોકો પોતાના શિષ્યની રક્ષા કરવામાં સમર્થ નથી, **बाला** = તેઓ અજ્ઞાની છે છતાં, **पंडियमाणिणो** = પોતાને પંડિત માને છે, **पुव्वसंजोगं हिच्चा** = તે લોકો પોતાના ભાઈઓ આદિ પૂર્વ સંબંધ છોડીને, **सिया** = બીજા પરિગ્રહ અને આરંભમાં આસક્ત છે, **किच्चोवएसगा** = તે લોકો ગૃહસ્થના કૃત્યનો ઉપદેશ કરે છે.

**ભાવાર્થ :–** હે શિષ્યો ! આ પૂર્વોક્ત અન્યતિર્થી સાધુ કામ, ક્રોધ આદિથી અથવા પરીષહ–ઉપસર્ગરૂપ શત્રુઓથી પરાજિત છે, તેથી તે શરણ લેવા યોગ્ય નથી અથવા પોતાના શિષ્યોને શરણ દેવામાં સમર્થ નથી. તેઓ અજ્ઞાની છે છતાં પણ પોતાને પંડિત માને છે. પિતા, બંધુ વગેરે પૂર્વ સંબંધને છોડીને પણ બીજા આરંભ પરિગ્રહમાં આસક્ત રહે છે તથા ગૃહસ્થના પાપકારી કાર્યોનો ઉપદેશ આપે છે.

**२** **तं च भिक्खू परिण्णाय, विज्जं तेसु ण मुच्छए ।**
**अणुक्कसे अप्पलीणे, मज्झेण मुणि जावए ॥**

**શબ્દાર્થ :– विज्जं भिक्खू** = વિદ્વાન સાધુ, **तं च** = તે અન્યતિર્થીઓને, **परिण्णाय** = જાણીને, **तेसु ण मुच्छए** = તેઓમાં મૂર્છા ન કરે, **मुणि** = સાધુ, **अणुक्कसे** = મદ ન કરે, **अप्पलीणे** = કોઈની સાથે સંબંધ ન રાખે, **मज्झेण** = મધ્યસ્થવૃત્તિથી, **जावए** = વ્યવહાર કરે.

**ભાવાર્થ :–** વિદ્વાન ભિક્ષુ આરંભ પરિગ્રહમાં આસક્ત તે અન્યતીર્થી સાધુઓને સારી રીતે જાણીને તેનામાં મમત્વ ન રાખે. તે મુનિ કોઈ પ્રકારનો મદ ન કરે. અન્યતીર્થિક, ગૃહસ્થો તેમજ શિથિલાચારીઓની સાથે સંસર્ગરહિત થઈ , મધ્યસ્થ ભાવથી સંયમી જીવનનું પાલન કરે અથવા મધ્યસ્થ વૃત્તિથી જીવન નિર્વાહ કરે.

**३** **सपरिग्गहा य सारंभा, इहमेगेसिमाहियं ।**
**अपरिग्गहे अणारंभे, भिक्खू ताणं परिव्वए ॥**

**શબ્દાર્થ :– सपरिग्गहा** = પરિગ્રહ રાખનારા, **सारंभा** = આરંભ કરનારા જીવો, મોક્ષ પ્રાપ્ત કરે છે એમ, **अपरिग्गहे अणारंभे** = પરિગ્રહ અને આરંભ રહિત પુરુષના, **ताणं** = શરણમાં, **परिव्वए** = જાય.

**ભાવાર્થ :–** મોક્ષના સંબંધમાં કેટલાક મતવાદીઓનું કથન છે કે પરિગ્રહધારી અને આરંભથી જીવનારા જીવો પણ મોક્ષ પ્રાપ્ત કરે છે પરંતુ ભાવભિક્ષુ તેઓની વાતનો સ્વીકાર ન કરતા અપરિગ્રધારી અને અનારંભી, આરંભરહિત મહાત્માઓના શરણમાં જાય છે.

**४** **कडेसु घासमेसेज्जा, विऊ दत्तेसणं चरे ।**
**अगिद्धो विप्पमुक्को य, ओमाणं परिवज्जए ॥**

**શબ્દાર્થ :– कडेसु** = બીજા દ્વારા કરેલા આહારમાંથી, **विऊ** = વિદ્વાન પુરુષ, **घासं** = આહારની, **एसेज्जा** = ગવેષણા કરે, **दत्तेसणं** = દીધેલા આહાર લેવાની ઈચ્છા, **चरे** = કરે, **अगिद्धो, विप्पमुक्को** = આસક્તિ રહિત તથા રાગદ્વેષ રહિત થઈને, **ओमाणं परिवज्जए** = બીજાનું અપમાન ન કરે.

**ભાવાર્થ :–** સમ્યક્‌જ્ઞાની વિદ્વાન સાધુ, ગૃહસ્થે પોતા માટે બનાવેલા આહારમાંથી યથોચિત્ત આહારની ગવેષણા કરે તથા તે આપેલા આહારને(વિધિપૂર્વક) લેવાની ઈચ્છા કરે. આસક્તિ રહિત તેમજ રાગ દ્વેષથી મુક્ત થઈ આહારનું સેવન કરે તથા મુનિ કોઈનું અપમાન ન કરે. બીજા દ્વારા કરેલા પોતાના અપમાનને મનમાંથી કાઢી નાખે.

## વિવેચન :–

**નિર્ગ્રંથને સંયમ ધર્મનો ઉપદેશ :–** આ ચાર ગાથામાં નિર્ગ્રંથ સાધુને સંયમ ધર્મનો અથવા સ્વકર્તવ્યનો બોધ આપવામાં આવ્યો છે. તે આ પ્રમાણે છે–

(૧) અન્ય યૂથિકો સાધુ માતા, બંધુ વગેરે પૂર્વ સંબંધને ત્યાગવા છતાં સાવદ્ય કાર્યના ઉપદેશક હોવાથી

શરણ ગ્રહણ કરવા યોગ્ય નથી.

(૨) વિદ્વાન સાધુ તેઓના કાર્ય જાણી તેઓ સાથે આસક્તિ જનક સંપર્ક ન રાખતા, મધ્યસ્થ ભાવથી રહે.

(૩) પરિગ્રહ તેમજ આરંભથી મોક્ષ માનનારા પ્રવ્રજ્યાધારીઓનો સંગ છોડીને નિષ્પરિગ્રહી, નિરારંભી મહાત્માઓના શરણમાં જાય.

(૪) આસક્તિરહિત તેમજ રાગ–દ્વેષથી મુક્ત થઈ, આહાર સંબંધી નિર્દોષ ગવેષણા, ગ્રહણૈષણા, પરિભોગૈષણા કરે. આ ગાથામાં સુસાધુના પાંચ કર્તવ્યનું દિગ્દર્શન કરાવ્યું છે.

## સુસાધુના પાંચ કર્તવ્ય :–

૧. પ્રથમ કર્તવ્ય– **ण सरणं** આ અન્યદર્શની સાધુઓ શરણને યોગ્ય નથી. ગાથામાં શાસ્ત્રકારે **'भो'** સંબોધન દ્વારા શિષ્યોને સંબોધન કરીને કહ્યું છે કે **ण सरणं** તથાકથિત સાધુના શરણમાં ન જાઓ. તેઓ તમારું આધ્યાત્મિક રીતે રક્ષણ કરવા સમર્થ નથી. તેઓના શરણની અયોગ્યતા પાંચ કારણથી બતાવી છે–

૧. **एते जिया** :– આ શબ્દથી પૂર્વકથિત પંચ ભૂતવાદી, તજ્જીવ તચ્છશરીરવાદી, ક્રિયાવાદી, જગત્કર્તૃત્વ વાદી, અવતારવાદી વગેરે બધા જ મિથ્યાવાદીનું ગ્રહણ થઈ જાય છે. આ બધા જ અન્યતીર્થિકો ક્રોધાદિથી જીતાયેલા છે. તેઓ ક્રોધાદિના વિજેતા નથી. તેઓમાંથી કોઈ ઈશ્વરના હાથમાં કર્મનું ફળ મૂકી દે છે, તો કોઈ કર્મબંધ તથા કર્મ મુક્તિના યથાર્થ સ્વરૂપને જાણતા નથી. કેટલાક માનસિક હિંસાને હિંસા કહેતા નથી, તો કેટલાક કર્મફળ ભોગવનાર આત્માને માનતા નથી. કેટલાક ક્ષણજીવી પદાર્થને માને છે. તે સર્વ એકાંતવાદીઓના મતમાં કષાયના ત્યાગની કોઈ વાત જ નથી. તેથી તેઓ કષાયો–વિષયોમાં રચ્યા–પચ્યા રહી તે કષાયો દ્વારા જીતાઈ ગયા છે. આવી વ્યક્તિના શરણે જવાથી કષાયને કેમ જીતી શકાય ?

૨. **बाला** :– આ સર્વ અન્યતીર્થિકો બાલ–અજ્ઞાની છે. કર્મબંધના સ્વરૂપને સમજી તેને તોડવાની વાત આ અધ્યયનની પ્રથમ ગાથામાં જ કહેવામાં આવી છે. આ વાદીઓ કર્મબંધ તથા કર્મબંધના કારણોથી અજ્ઞાત છે. મિથ્યાત્વ, આરંભ, પરિગ્રહાદિ કર્મબંધના કારણોનો બોધ ન હોવાથી તે કારણોથી નિવૃત થઈ શકતા નથી. ગૃહત્યાગીને સંન્યાસી બનવા છતાં આરંભ–સમારંભમાં ગૃહસ્થની જેમ જ રહે છે. પરિણામે તેમનો કર્મબંધ અટકતો નથી. તેઓના શરણે જવાથી અજ્ઞાન સિવાય શું પ્રાપ્ત થાય ?

૩. **पंडियमाणिणो** :– તે અન્યતીર્થિકો અજ્ઞાની હોવા છતાં પોતાને પંડિત માને છે. અજ્ઞાનીને તો પોતાના અજ્ઞાનનો ખ્યાલ ઓ તો જ્ઞાનનો સત્ય માર્ગ સ્વીકારી લે. પરંતુ અજ્ઞાની હોવા છતાં પોતાને જ્ઞાની માનનારા સત્યમાર્ગને ક્યારે ય સ્વીકારી શકતા નથી. **बालापंडियमाणिणो** ની જગ્યાએ **जत्थबालंऽवसीयइ** પાઠાંતર જોવા મળે છે. તેનો પણ પૂર્વ આઠ જેવો જ અર્થ થાય છે.

૪–૫. **हेच्चा णं...सिया किच्चोवएसगा** :– જે ઘરબાર, કુટુંબ, પરિવાર, ગૃહસ્થ જીવનની સર્વ જંજાળ

ને છોડીને દીક્ષિત બની મોક્ષ માટે ઉદ્યમવંત બને છે પરંતુ ત્યાર પછી સમ્યગ્જ્ઞાનના અભાવે અન્ય આરંભ સમારંભ અને પરિગ્રહમાં ફસાઈ જાય છે. શિષ્ય, ભક્તો, આશ્રમ, તેની જમીન–જાયદાદ, પોતાને પ્રાપ્ત થતી બહુમૂલ્યવાન ભેટ વગેરે અનેક પ્રકારની વસ્તુઓમાં મૂર્ચ્છિત થાય છે. પરિણામે ગૃહસ્થની જેમ સાવદ્ય પ્રવૃત્તિઓના પ્રેરક બની જાય છે.

આ બધાં કારણોથી તેઓ શરણને યોગ્ય નથી. તેઓ પોતે આત્મરક્ષા કરી શકતા નથી તો શરણે આવેલા અનુયાયી(શિષ્ય)ની આત્મરક્ષા કેવી રીતે કરશે ?

૨. બીજું કર્તવ્ય– **मज्झेण मुणि जावए** :– મધ્યસ્થવૃત્તિથી જીવન નિર્વાહ કરે. અન્યતીર્થિક સાધુ તથા તેની મિથ્યામાન્યતા જાણી લીધા પછી સત્યદર્શી સાધુ વિવેકપૂર્વક તેની સાથે વર્તે, ગાથામાં શાસ્ત્રકારે **ण मुच्छए, अणुक्कसे** અને **अप्पलीणे** આ ત્રણ વિવેક બતાવ્યા છે. **ण मुच्छए** અન્યતીર્થિકોના આડંબર, વૈભવ જોઈ તેઓ પર મમતા–મૂર્ચ્છાભાવ ન રાખે. **अणुक्कसे** કોઈપણ પ્રકારનો મદ ન કરે. **अप्पलीणे** અન્યતીર્થિક–પાર્શ્વસ્થ સાથે સંપર્ક ન રાખે. ચૂર્ણિ અનુસાર–અપલીન અર્થાત્ અન્યતીર્થિકો સાથે સંપર્ક ન રાખે. તેઓ સાથે લીન ન બને. સાધુ રાગ–દ્વેષથી રહિત બની અન્યતીર્થિકોની નિંદા–પ્રશંસાથી દૂર રહી મધ્યસ્થ ભાવે જીવન નિર્વાહ કરે.

૩. ત્રીજું કર્તવ્ય– **भिक्खू ताणं परिव्वए** :– અજ્ઞાની અન્યતીર્થિકોના શરણ ગ્રહણનો નિષેધ કરીને સૂત્રકાર સ્વયં અપરિગ્રહી અને અનારંભી સાધુના શરણ ગ્રહણનું કથન કરે છે. તેનું કારણ એ છે કે કેટલાક વાદીઓનું મંતવ્ય છે કે સારંભી અને સપરિગ્રહી વ્યક્તિ પણ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. ધન, ધાન્ય, મકાન, જમીન, પુત્ર, પરિવાર આદિ પર મમત્વ ભાવ તે પરિગ્રહ છે અને છકાય જીવોની હિંસા થાય તેવી સાવદ્ય પ્રવૃત્તિ કરવી અથવા ઔદ્દેશિક આદિ દોષયુક્ત આહાર ગ્રહણ કરવો તે આરંભ છે. આ પ્રકારના આરંભ–પરિગ્રહમાં ફસાયેલી વ્યક્તિ મોક્ષ પ્રાપ્ત કરી શકતી નથી. આરંભ પરિગ્રહવાદીની આવી મોક્ષ સંબંધી કલ્પનાનો નિષેધ કરવા જ સૂત્રકારે **अपरिग्गहे अणारंभे** શબ્દ પ્રયોગ કરેલ છે. સંયમોચિત ઉપકરણો સિવાય અન્ય પરિગ્રહ જે રાખતા નથી તથા આરંભથી જીવન નિર્વાહ ન કરતાં નિર્દોષ આહાર દ્વારા જીવન નિર્વાહ કરે છે તેવા સાધુ જ શરણ યોગ્ય છે.

૪. ચોથું કર્તવ્ય– **अगिद्धो विप्पमुक्को** :– ગૃદ્ધિ રહિત અને રાગદ્વેષથી મુક્ત બની આહાર કરે. સંયમ જીવન નિર્વાહ કરવા સાધુને આહારની જરૂર તો રહે પરંતુ હિંસાદિ દોષ ન લાગે તે રીતે, શુદ્ધ–નિર્દોષ આહારને ગ્રહણ કરે. શાસ્ત્રીય ભાષામાં આહાર સંબંધી ત્રણ એષણા બતાવી છે. (૧) ગવેષણા (૨) ગ્રહણૈષણા (૩) ગ્રાસૈષણા કે પરિભોગૈષણા.

૧. ગવેષણાના ૩૨ દોષ છે. આધાકર્મ વગેરે ૧૬ ઉદ્ગમના દોષ જે મુખ્યરૂપે ગૃહસ્થ દ્વારા લાગે છે. ધાત્રી વગેરે ૧૬ દોષ ઉત્પાદનના દોષ છે તે સાધુની અસાવધાની અને રસ લોલુપતાના કારણે લાગે છે.

આ ૩૨ દોષ ન લાગે તે રીતે આહાર લેવો તે ગવેષણા છે. **कडेसु घासमेसेज्जा** ગૃહસ્થે પોતા માટે બનાવેલ આહારમાંથી ગ્રાસ–આહાર ગ્રહણ કરે. આ ગાથાપદ દ્વારા ગવેષણાના દોષથી બચવાનો સંકેત

શાસ્ત્રકારે કર્યો છે.

૨. ગ્રહણૈષણાના શંકિત વગેરે ૧૦ દોષ છે. આહાર ગ્રહણ કરે ત્યારે સાધુની અસાવધાનીથી આ દોષ લાગે છે. **दत्तेसणं चरे** ગૃહસ્થ આહાર આપે ત્યારે વિધિપૂર્વક ગ્રહણ કરે. આ ગાથાપદ દ્વારા શાસ્ત્રકારે ગ્રહણ એષણાના ૧૦ દોષોથી બચવાનો સંકેત કર્યો છે.

૩. પારિભોગૈષણા– આહાર કરતા સમયે રાગ–દ્વેષ, ઈષ્ટ, અનિષ્ટ વગેરે ભાવોથી આ દોષ લાગે છે. **अगिद्धे, विप्पमुक्के** અને **ओमाणं परिवज्जए** ગૃદ્ધિ, રાગદ્વેષ લિપ્તતા કે અપમાન ન કરવું. આ ગાથા પદ દ્વારા શાસ્ત્રકારે અંગાર વગેરે ગ્રાસૈષણાના પાંચ દોષથી દૂર રહેવાનું સૂચન કર્યું છે.

**ओमाणं परिवज्जए** :– આ પદની વ્યાખ્યા કરતા વૃત્તિકાર કહે છે કે ભિક્ષાના સમયે સાધુ ગૃહસ્થને ત્યાં જાય, તે સમયે જો કોઈ તેને અપમાનિત કરે અથવા અપશબ્દ કે મર્મસ્પર્શી શબ્દ કહે તો તે અપમાનથી સાધુ દુઃખી ન થાય અથવા ગૃહસ્થ કોઈ સારી ચીજ ન આપે, બહુ થોડી આપે અથવા તુચ્છ–લુખ્ખો–સૂકો આહાર આપે તો સાધુ તેના પર ક્રોધ કરી તેનું અપમાન ન કરે. જ્ઞાન અને તપના મદનો પરિત્યાગ કરે. આહાર સંબંધી આ સમસ્ત વિવેક આરંભથી મુક્ત થવા માટે જ બતાવવામાં આવ્યો છે.

### લોકવાદ સમીક્ષા :–

**૫** **लोगावायं णिसामेज्जा, इहमेगेसिं आहियं ।**
**विवरीयपण्णसंभूयं, अण्णवुत्तं तयाणुगं ॥**

**શબ્દાર્થ :– लोगवायं** = લોકવાદ અર્થાત્ પૌરાણિકોના સિદ્ધાંતને, **णिसामेज्जा** = સાંભળવો જોઈએ, **विवरीय पण्णसंभूयं** = વસ્તુતઃ પૌરાણિકોનો સિદ્ધાંત વિપરીત બુદ્ધિથી રચાયેલો છે તથા, **अण्णवुत्तं तथाणुगं** = અન્ય અવિવેકીઓએ જે કહ્યું છે તેના અનુગામી છે.

**ભાવાર્થ :–** આ લોકમાં કેટલાક લોકોનું કથન છે કે લોકવાદ–પૌરાણિક કથા અથવા પ્રાચીન લૌકિક લોકો દ્વારા કહેલી વાતો સાંભળવી જોઈએ. વસ્તુતઃ પૌરાણિકોનો વાદ વિપરીત બુદ્ધિની ઉપજ છે, તત્ત્વ વિરુદ્ધ પ્રજ્ઞા દ્વારા રચિત છે, આ લોકવાદ પરસ્પર એક બીજા દ્વારા કહેલી જૂઠી વાતોનો જ અનુગામી છે.

**६** **अणंते णिइए लोए, सासए ण विणस्सइ ।**
**अंतवं णिइए लोए, इति धीरोऽतिपासइ ॥**

**શબ્દાર્થ :– अंतवं** = અંતવાળો, **इति** = આ રીતે, **धीरो** = ધીરપુરુષ, વ્યાસ વગેરે, **अतिपासइ** = અત્યંત જુએ છે, સ્પષ્ટ જુએ છે.

**ભાવાર્થ :–** પૃથ્વી આદિ આ લોક અનંત (સીમા રહિત) છે, નિત્ય છે અને શાશ્વત છે, તે ક્યારે ય નષ્ટ

થતો નથી, તેવું કેટલાકનું કહેવું છે. જ્યારે આ લોક અંતવાળો, અસીમ અને નિત્ય છે. આ રીતે વ્યાસ વગેરે ધીર પુરુષ જુએ છે, કહે છે.

**૭** **अपरिमाणं वियाणाइ, इहमेगेसि आहियं ।**
**सव्वत्थ सपरिमाणं, इति धीरोऽतिपासइ ॥**

**શબ્દાર્થ :– अपरिमाणं** = પરિમાણ સહિત અર્થાત્ અપરિમિત પદાર્થને, **वियाणाइ** = જાણે છે, **सव्वत्थ** = સર્વત્ર, **सपरिमाणं** = પરિમાણ સહિત જાણે છે, **इति** = આ, **धीरो** = ધીર પુરુષ, **अतिपासइ** = અત્યંત જુએ છે.

**ભાવાર્થ :–** આ લોકમાં કેટલાકનું એ કથન છે કે કોઈ જ્ઞાનીપુરુષ સીમાતીત પદાર્થને જાણે છે, તો કેટલાકનું કહેવું છે કે જ્ઞાનીપુરુષ સર્વને જાણનાર નથી, સમસ્ત દેશકાળની અપેક્ષાએ તે ધીર પુરુષ સપરિમાણ– એક સીમા સુધી જાણે છે.

**૮** **जे केइ तसा पाणा, चिट्ठंति अदु थावरा ।**
**परियाए अत्थि से अंजू, तेण ते तस-थावरा ॥**

**શબ્દાર્થ :– से** = તેની, **अंजू** = અવશ્ય, **परियाए** = પર્યાય, **अत्थि** = હોય છે, **तेण** = જેનાથી, **ते** = તેઓ, **तसथावरा** = ત્રસમાંથી સ્થાવર અને સ્થાવરમાંથી ત્રસ થાય છે.

**ભાવાર્થ :–** જે કોઈ ત્રસ અથવા સ્થાવર પ્રાણી આ લોકમાં સ્થિત છે, તેનું પરિવર્તન થતું રહે છે. તેઓ ત્રસથી સ્થાવર અને સ્થાવરથી ત્રસ થાય છે.

## વિવેચન :–

આ ચાર ગાથામાં લોકવાદ સંબંધી મીમાંસા જોવા મળે છે. લોકવાદ એટલે પૌરાણિક લોકોનો વાદ કે મત અથવા પ્રાચીન લોકો દ્વારા પ્રચલિત પરંપરાગત અંધવિશ્વાસની વાતો, લોકોક્તિઓ તે લોકવાદ.

**लोगवायं णिसामेज्जा** :– તે યુગમાં તાર્કિક વ્યક્તિઓ લોક–પરલોક, મરણોત્તર દશા વગેરે સંબંધી વાતો તર્ક–યુક્તિ દ્વારા લોકમાનસમાં બેસાડી દેતા અને લોકો તે વ્યક્તિને અંધવિશ્વાસથી અવતારી પુરુષ, સર્વજ્ઞ, ઋષિ કે પુરાણ પુરુષ રૂપે સ્વીકારી લેતા. મહાવીર સ્વામીના સમયમાં પૂરણ કાશ્યપ, મંખલી ગોશાલક, અજિત કેશ કંબલ, વકુદ્ધ કાત્યાયન, ગૌતમ બુદ્ધ, સંજય, વેલટ્ઠી પુત્ર સર્વજ્ઞ રૂપે પ્રખ્યાત હતા. પૌરાણિકોમાં વ્યાસ, બાદરાયણ, ભારદ્વાજ, પારાશર, હારિત, મનુને લોકો સર્વજ્ઞ કહેતા હતા. જનતામાં પ્રચલિત લોકવાદને સાંભળવો જોઈએ.

આ લોકવાદ વિપરીત બુદ્ધિવાળા પૌરાણિકોની બુદ્ધિની ઉપજ છે. તેમાં વસ્તુના યથાર્થ સ્વરૂપનું

કથન નથી. લોકવાદની માન્યતાઓ પરસ્પર વિરોધી છે. તેથી આ લોકવાદ જ્ઞેય–હેય અવશ્ય થઈ શકે, પણ ઉપાદેય તો નથી જ.

**લોકવાદની પરસ્પર વિરોધી માન્યતાઓ–**

૧. આ લોક અનંત, નિત્ય, શાશ્વત અને અવિનાશી છે તેમ કેટલાક લોકવાદીઓનું માનવું છે. તો કેટલાક લોકવાદીનું માનવું છે કે આ લોક અંતવાન અને નિત્ય છે.

૨. કેટલાક લોકવાદી માને છે કે સર્વજ્ઞ ઈશ્વર, અવતારી પુરુષ અપરિમિત જ્ઞાનવાન છે. તો કેટલાક લોકવાદી માને છે કે સર્વજ્ઞ ઈશ્વર પરિમિત જ્ઞાનવાન છે.

આવી વિરોધી માન્યતાવાળા લોકવાદીઓ **अपुत्रस्यगतिर्नास्ति, स्वर्गो नैव च ।** આવી લોકમાં પ્રચલિત લોકોક્તિને પણ માન્ય કરે છે.

પૌરાણિકોના મતે પૃથ્વી વગેરે એકેન્દ્રિયથી લઈ પંચેન્દ્રિય સુધીના જેટલા પ્રાણીઓ છે તે બધા મળી લોક કહેવાય છે. આ લોક અનંત છે. તે ત્રણે કાળમાં વિદ્યમાન છે. કાળકૃત અવધિ તેને નથી. ક્ષેત્રકૃત સીમા ન હોવાથી પણ લોક અનંત છે. દિશાઓની અપેક્ષાએ તેઓ લોકને અનંત માને છે.

**अंतवं णितिए लोए** :– આ લોક ઉત્પતિ અને વિનાશથી રહિત છે. હંમેશા સ્થિર તેમજ એક સરખા સ્વભાવવાળો રહે છે, તેથી નિત્ય છે. સદૈવ વિદ્યમાન રહે છે, તેથી શાશ્વત છે. લોક અવિનાશી, લોકનો સંપૂર્ણતયા–પાછળ કાંઈ ન બચે તેવો નિરન્વય નાશ ક્યારે ય થતો નથી. આ જન્મમાં જીવ જેવો છે, તેવો જ પરલોકમાં ઉત્પન્ન થાય છે. પુરુષ–પુરુષ જ થાય અને સ્ત્રી–સ્ત્રી જ થાય છે. તેથી લોક અવિનાશી છે.

કેટલાક પૌરાણિકો લોક અંતવાળો છે તેમ માને છે. લોક સસીમ છે, લોકની સીમા નિશ્ચિત છે. તેથી તેઓ તેને અંતવાળો કહે છે. આ લોક સાત દ્વીપ સુધી જ છે. લોક ત્રણ છે. ચાર લોક સંનિવેશ છે. આ રીતે તેઓ લોકને અંતવાળો–સસીમ અને નિત્ય કહે છે.

પૌરાણિકોમાં પ્રવર્તતી સસીમલોક, અસીમલોક, અનંતલોક–અંતવાન લોક આવી પરસ્પર વિરોધી માન્યતા તથા ઈશ્વરના, અવતારી પુરુષના જ્ઞાન સંબંધી વિરોધી માન્યતા શાસ્ત્રકારે આ ગાથામાં બતાવી છે.

કેટલાક પૌરાણિકોમાં માનવું છે કે ભગવાન–ઈશ્વર અતીન્દ્રિય જ્ઞાન ધરાવે છે તેથી તે અપરિમિત જ્ઞાનવાન છે પરંતુ તે સર્વજ્ઞ નથી. સર્વક્ષેત્ર, સર્વકાળના સર્વ પદાર્થોને જાણતા નથી. તેના સર્વજ્ઞપણાથી જગતને લાભ પણ શું છે ? પુરાણમાં કહ્યું છે–

**संर्वं पश्यतु वा मा वा, इष्टं अर्थं तु पश्यतु ।**
**कीट संख्यापरिज्ञानं, तस्य नः क्वोपयुज्यते ॥**

તીર્થંકર બધા પદાર્થોને જુએ કે ન જુએ, જે પદાર્થ અભીષ્ટ તેમજ મોક્ષ માટે ઉપયોગી હોય તેને જુએ તે પર્યાપ્ત છે. કીડાની સંખ્યાનું જ્ઞાન શું કામનું ? કીડાની સંખ્યા જાણવાનું આપણે શું પ્રયોજન ? તેથી

જ આપણે તે તીર્થંકરના અનુષ્ઠાન સંબંધી અથવા કર્તવ્ય–અકર્તવ્ય સંબંધી જ્ઞાનનો વિચાર કરવો જોઈએ. દૂર સુધી જોનારને જ પ્રમાણ માનવાથી તો તે દૂરદર્શી ગીધડાઓના જ ઉપાસકો કહેવાશે.

**सव्वत्थसपरिमाणं** :– કેટલાક પૌરાણિકોનું માનવું છે કે ઈશ્વર સર્વત્ર–સર્વદેશ, સર્વકાળ સંબંધી મર્યાદિત પદાર્થને જ જાણે અને જુએ છે. પુરાણના મતાનુસાર "બ્રહ્માજીનો એક દિવસ ચાર હજાર યુગોનો હોય છે" અને રાત પણ એટલી જ મોટી હોય છે. બ્રહ્માજી દિવસ દરમ્યાન જ્યારે પદાર્થોનું સર્જન કરે છે, ત્યારે તો તેને પદાર્થોનું અપરિમિત જ્ઞાન  હોય છે પરંતુ રાત્રિમાં જ્યારે તેઓ સૂએ છે ત્યારે તેને પરિમિત જ્ઞાન પણ નથી હોતું. આ રીતે પરિમિત અજ્ઞાન હોવાથી બ્રહ્માજીમાં જ્ઞાન અને અજ્ઞાન બંનેની સંભાવના છે, અથવા બ્રહ્માજી એક હજાર દિવ્ય વર્ષ (દેવતાનું વર્ષ) સૂતા રહે છે, તે સમયે તે એક પણ વસ્તુ જોતા નથી અને જ્યારે તેટલા જ કાળ સુધી તેઓ જાગે છે, ત્યારે તેઓ જુએ છે. તેમ તેઓનું કહેવું છે.

**धोरोतिपासइ** :– આ ગાથાઓમાં લોકવાદની વિરોધી માન્યતા બતાવતા શાસ્ત્રકાર કહે છે કે આવી વિરોધી વાતો બતાવવી તે ધીર પુરુષોનું અતિદર્શન છે. વ્યાસ જેવા પુરુષો જ આવું દર્શન કરી શકે. આ વસ્તુ સ્વરૂપના યથાર્થ દર્શનનું અતિક્રમણ છે. **एवं वीरोऽधिपासइ** એવું પાઠાંતર છે. આ પ્રમાણે વાદવીર સામાન્ય માણસ કરતાં વધુ જુએ છે. તેવો તેનો અર્થ છે.

**લોકવાદનું નિરસન :–** આ ગાથામાં લોકવાદનું ખંડન કરવામાં આવ્યું છે. લોકવાદી કહે છે કે આ લોક અનંત, નિત્ય, શાશ્વત અને અવિનાશી છે. તે પ્રત્યક્ષ પ્રમાણથી વિરુદ્ધ છે. આ જગતમાં જડ–ચેતન કોઈ પણ પદાર્થ એવો નજરે દેખાતો નથી કે જે ક્ષણે ક્ષણે ઉત્પન્ન ન થતો હોય. પ્રત્યેક પદાર્થ ક્ષણે ક્ષણે પર્યાય રૂપે ઉત્પન્ન થાય છે અને વિનાશ પામે છે. તેથી લોકમાં રહેલા પદાર્થ સર્વથા પર્યાય રહિત, કૂટસ્થ નિત્ય કેમ હોઈ શકે ? લોકવાદની આ કૂટસ્થ નિત્યની માન્યતાને લઈને જ તેઓ એમ કહે છે કે ત્રસ હંમેશાં ત્રસ પર્યાયમાં જ રહે, સ્થાવર હંમેશા સ્થાવર પર્યાયમાં જ રહે છે. પુરુષ મરીને પુરુષ જ થાય અને સ્ત્રી મરીને સ્ત્રી જ થાય. આ લોકવાદ સત્ય નથી. સ્થાવર(પૃથ્વીકાય આદિ) જીવ, ત્રસ (બેઈન્દ્રિયાદિ)રૂપે ઉત્પન્ન થઈ શકે છે અને ત્રસજીવ સ્થાવર રૂપે ઉત્પન્ન થઈ શકે છે. શાસ્ત્રકારે આ ગાથામાં **परियाए अत्थि से अंजू, तेण ते तस थावरा** આ પદ દ્વારા તે જ સૂચન કર્યુ છે કે ત્રસ જીવ સ્થાવર અને સ્થાવર જીવ ત્રસ બને છે. આ પર્યાયોનું પરિવર્તન થયા જ કરે છે. સંસારી જીવ બધી યોનિઓમાં ઉત્પન્ન થઈ શકે છે. અજ્ઞાની જીવ પોતપોતાનાં કર્માનુસાર વિવિધ ગતિ–જાતિ પ્રાપ્ત કરતા રહે છે.

"મનુષ્ય આ જન્મમાં જેવો છે, પછીના જન્મમાં પણ તે તેવો જ થાય," લોકવાદની તેવી માન્યતા સ્વીકારવામાં આવે તો દાન, અધ્યયન, જપ, તપ, યમ, નિયમાદિ બધા જ અનુષ્ઠાનો વ્યર્થ થઈ જાય. સાધના અથવા ધર્મના આચરણથી કોઈ પરિવર્તન થવાનું ન હોય તો સાધનાદિ વ્યર્થ શા માટે કરે ? નિમ્નોક્ત વેદ પદ પણ પર્યાય પરિવર્તનને સિદ્ધ કરે છે.

**स एव एष श्रृगालो जायते, यः सपुरीषो दह्यते** અર્થાત્ તે પુરુષ અવશ્ય શિયાળ થાય છે, જે વિષ્ટા સહિત બાળવામાં આવે છે.

**गुरुं तुं कृत्य हुंकृत्य, विप्राणि जित्य वादतः ।**
**श्मशाने जायते वृक्षः, कंक–गृध्रोपसेवितः ॥**

જે ગુરુ પ્રત્યે "તું" અથવા "હું" કહીને અવિનય પૂર્ણ વ્યવહાર કરે છે, બ્રાહ્મણોને વાદમાં હરાવી દે છે, તે મરીને સ્મશાનમાં વૃક્ષ થાય છે, જે કંક, ગીધ આદિ નીચ પક્ષીઓ દ્વારા સેવાતું હોય છે, આ રીતે પૂર્વોક્ત લોકવાદનું ખંડન તેઓનાં વચનોથી જ થઈ શકે છે.

સર્વ દ્રવ્યોને અનિત્ય અને આકાશ, કાળ, દિશા, આત્મા અને મનને સર્વથા નિત્ય કહેવા તે લોકવાદનું કથન પણ અસત્ય છે. બધા પદાર્થ ઉત્પાદ, વિનાશ અને ધ્રૌવ્ય આ ત્રણેયથી યુક્ત છે. એવું ન માનવાથી આકાશ કુસુમની જેમ વસ્તુનું વસ્તુત્વ જ નહીં રહે. પદાર્થોના પોતાના સ્વભાવનો ક્યારેય નાશ થતો નથી છતાં પણ તે પરિણામી છે. આ રીતે (પરિણામી નિત્ય) માનવું તે જ જૈનદર્શનને માન્ય છે.

લોકને અંતવાળો સિદ્ધ કરવા માટે લોક(પૃથ્વી)ને સાત દ્વીપોથી યુક્ત કહેવો તે વાત પ્રમાણથી સિદ્ધ નથી. લોકવાદીઓ દ્વારા માન્ય અવતાર કે ભગવાન, અપરિમિતદર્શી હોવા છતાં પણ સર્વજ્ઞ નથી. તેઓનું આ કથન પણ માની શકાય તેવું નથી. જે પુરુષ અપરિમિતદર્શી હોય પણ સર્વજ્ઞ ન હોય તો, તેઓ હેય, ઉપાદેયનો તેમજ અતીન્દ્રિય પદાર્થોનો ઉપદેશ આપવા પણ સમર્થ નથી.

લોકવાદ માન્ય અવતારી પુરુષ કે તીર્થંકર અપરિમિત અને અતીન્દ્રિય પદાર્થના જ્ઞાતા દષ્ટા છે પરંતુ તે સર્વજ્ઞ નથી. તેઓની આ માન્યતા પણ યુક્તિ સંગત નથી. કારણ કે કીડાઓની સંખ્યાના અજ્ઞાનની જેમ અનેક વિષયમાં તેનું અજ્ઞાન હોઈ શકે છે, તેથી હેય–ઉપાદેયનો તેમનો ઉપદેશ સર્વથા સ્વીકાર્ય બની શકતો નથી.

લોકવાદીઓનું આ કથન પણ યુક્તિ સંગત નથી કે "બ્રહ્મા સૂતી વખતે કાંઈ નથી જાણતા, જાગતી વખતે બધું જ જાણે છે." આ નિયમ તો બધાં પ્રાણીઓને લાગુ પડે પરંતુ ઈશ્વર તો સર્વ કર્મથી રહિત હોય છે, તેથી નિદ્રા જ ન હોય. ઈશ્વર સુસુપ્તિ સમયે જાણતા નથી તેવી લોકવાદીની વાત માનવા યોગ્ય નથી.

વાસ્તવમાં એકાન્તે લોકની ન ઉત્પત્તિ થાય છે, ન સર્વથા વિનાશ થાય છે. દ્રવ્યરૂપથી લોક નિત્ય છે, પર્યાય રૂપથી લોક અનિત્ય રહે છે.

પુત્રહીન પુરુષની કોઈ ગતિ(લોક) નથી. લોકવાદીઓનું આ કથન પણ હાસ્યાસ્પદ છે. જો પુત્ર હોવા માત્રથી વિશિષ્ટ લોક પ્રાપ્ત થતો હોય તો ઘણા સંતાનવાળા કૂતરા અને ભૂંડોથી તે લોક પરિપૂર્ણ થઈ જશે. દરેક કૂતરા અને ભૂંડ વિશિષ્ટ લોક(સુગતિ)માં પહોંચી જશે, ધર્માચરણ કર્યા વિના, શુભકર્મ કર્યા વિના, પુત્ર દ્વારા કરેલા અનુષ્ઠાનથી, તેના પિતાને વિશિષ્ટ લોક પ્રાપ્ત થતો હોય તો પછી કુપુત્ર દ્વારા કરાયેલાં અશુભ અનુષ્ઠાનથી કુલોક(કુગતિ)માં પણ પિતાએ જવું પડશે, પુત્રના અનુષ્ઠાન દ્વારા જ જો પિતાની ગતિ થતી હોય તો પિતાનાં પોતાનાં કરેલાં શુભાશુભ કર્મોનું શું થશે ? તે વ્યર્થ જાય છે. કર્મ સિદ્ધાંતથી વિરુદ્ધ, પ્રમાણથી વિરુદ્ધ, લોકવાદીઓની આ માન્યતાઓ કોઈપણ રીતે ઉપાદેય(ગ્રહણ કરવા યોગ્ય) નથી.

બ્રાહ્મણો દેવ છે, કૂતરા યક્ષ છે. લોકવાદની આવી ઉક્તિઓ પણ વિશ્વાસ કરવા યોગ્ય નથી.

## અહિંસા ધર્મ :-

**૯** **उरालं जगओ जोगं, विवज्जासं पलेंति य ।**
**सव्वे अक्कंत दुक्खा य, अओ सव्वे अहिंसिया ॥**

**શબ્દાર્થ :– जगओ** = જીવ જગતની, **जोगं** = અવસ્થા વિશેષ, **उरालं** = સ્થૂલ છે, **य** = અને તે, **विवज्जासं** = વિપર્યાયને, **पलेंति य** = પ્રાપ્ત થાય છે.

**ભાવાર્થ :–** ત્રસ સ્થાવર જીવોના ઔદારિક શરીરની બાલ્ય–યૌવન–વૃદ્ધ વગેરે અવસ્થાઓ ઉદાર એટલે કે સ્થૂલ છે, ઇન્દ્રિય પ્રત્યક્ષ છે. આ શરીર વિપર્યયને–અન્ય પર્યાયને પણ પ્રાપ્ત થાય છે. સર્વ પ્રાણીઓને દુઃખ અકાંત, અપ્રિય છે માટે સર્વ પ્રાણી અહિંસ્ય છે.

**૧૦** **एवं खु णाणिणो सारं, जं ण हिंसइ किंचणं ।**
**अहिंसा समयं चेव, एतावंतं वियाणिया ॥**

**શબ્દાર્થ :– अहिंसासमयं चेव** = અહિંસાના કારણે સર્વ પ્રાણીઓમાં સમભાવ રાખવાનો છે, **एतावंतं** = તેને પણ એટલું જ, **वियाणिया** = જાણવું જોઈએ.

**ભાવાર્થ :–** વિશિષ્ટ વિવેકી પુરુષને માટે આ જ સાર– ન્યાયસંગત(નિષ્કર્ષ) છે કે તે કોઈપણ જીવની હિંસા ન કરે. અહિંસાના કારણે બધા જીવો પર સમતા રાખવી આટલું જાણવું જ જોઈએ અથવા અહિંસાનો આ સિદ્ધાંત સમજવો જોઈએ.

## વિવેચન :-

આ બે ગાથામાં સ્વ સમયના સંદર્ભમાં અહિંસાનો સિદ્ધાંત તેમજ આચારનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. જેવો આ ભવ છે તેવો જ પરભવ હોય તેવી લોકવાદીની માન્યતાનું નિરાસન પણ આ ગાથા દ્વારા થઈ જાય છે.

**उरालं जगओ जोगं** :– સમસ્ત પ્રાણી જગતની વિવિધ ચેષ્ટાઓ તથા બાલ્યાદિ અવસ્થાઓ સ્થૂલ છે અર્થાત્ પ્રત્યક્ષ છે. આ અવસ્થાઓ (પર્યાયો) પણ હંમેશાં એક સરખી નથી રહેતી. આ અવસ્થાઓ પલટાતી રહે છે. વિપરિણામી છે તે વાત શાસ્ત્રકારે **विवज्जासं पलेंति य** આ ગાથાપદ દ્વારા બતાવી છે. પ્રાણી માત્ર મરણધર્મા છે. તે એક શરીર નષ્ટ થતાં જ પોતાના કર્મપ્રમાણે મનુષ્ય, તિર્યંચ, નરક આદિ ગતિને પ્રાપ્ત થાય છે. આ રીતે જીવ મનુષ્ય, દેવ આદિ રૂપ પર્યાયોમાં પર્યટન કરતો રહે છે. ગતિ કે યોનિ પર્યાય પલટાય તે સમયે જીવ જન્મ, જરા, મૃત્યુ, શારીરિક, માનસિક ચિંતા, સંતાપ વગેરે વિવિધ પ્રકારનાં

દુઃખ પ્રાયઃ ભોગવે છે. પ્રાણીઓને તે દુઃખ અપ્રિય છે. કોઈપણ વ્યક્તિ અન્ય પ્રાણીને સતાવે, પીડા આપે, મારે, પીટે, ડરાવે, હાનિ પહોંચાડે, પ્રાણ રહિત કરે ત્યારે તે પ્રાણીને દુઃખ થાય તે સ્વભાવિક છે. આ દુઃખ પ્રાણીને એકાંત છે, અપ્રિય છે તે વાત શાસ્ત્રકારે **सव्वे अकंत दुक्खा** આ ગાથા પદ દ્વારા બતાવી છે.

**अओ सव्वे अहिंसिया** :– કોઈપણ પ્રાણીને કોઈપણ પ્રકારે પીડા પહોંચાડવી, સતાવવા, મારવા–પીટવા, ડરાવવા આદિ હિંસા જ છે અને કોઈપણ પ્રકારની હિંસાથી પ્રાણીને દુઃખ થાય છે. સમસ્ત જીવ જીવવા ઈચ્છે છે, મરવા કોઈ ઈચ્છતા નથી, બધાને પોતાનું જીવન પ્રિય છે, બધા સુખ ઈચ્છે છે, દુઃખ બધાને અપ્રિય છે, એથી નિર્ગ્રંથ મુનિ પ્રાણીવધને ઘોર પાપ સમજીને તેનો ત્યાગ કરે છે.

અસત્ય, ચોરી, મૈથુન સેવન, પરિગ્રહવૃત્તિ આદિથી પણ પ્રાણીઓને શારીરિક–માનસિક દુઃખ થાય છે. આ હિંસાની અંતર્ગત જ છે. આ ગાથામાં વપરાયેલા **''य''(च)** શબ્દથી ઉપલક્ષણથી અસત્યાદિનો ત્યાગ પણ સમજી લેવો જોઈએ.

હિંસા આદિ પાપાશ્રવ અવિરતિની અંતર્ગત છે કે જે અશુભ કર્મબંધનું એક કારણ છે. આ દષ્ટિએ પણ શાસ્ત્રકારે પ્રાણી હિંસાનો નિષેધ કર્યો છે.

**एयं खु णाणियो सारं, जं ण हिंसइ किंचणं** :– જ્ઞાનીના જ્ઞાનનો સાર એ છે કે તે કોઈ પ્રાણીની હિંસા ન કરે. અહીં ગોખણપટ્ટીથી માત્ર શાસ્ત્રપાઠ કરનાર પોથી પંડિતને જ્ઞાની કહ્યા નથી. જ્ઞાનીના મુખ્ય બે અર્થ નીકળે છે– (૧) અધ્યાત્મ જ્ઞાનવાન– જે આત્માને સંબંધિત પુણ્યપાપ, આશ્રવસંવર, બંધમોક્ષ, નિર્જરા, આત્માનું સ્વરૂપ, કર્મબંધ, શુદ્ધિ, વિકાસ–હાનિ આદિનો સમ્યક્ જ્ઞાતા હોય. (૨) **आत्मवत् सर्वभूतेषु** સર્વ જીવોનો આત્મસમાન સ્વીકાર કરવો. આ સિદ્ધાંતનું જેને અનુભવજ્ઞાન હોય તે. બંને પ્રકારના જ્ઞાનીના જ્ઞાનનો સાર છે કે કોઈ જીવની હિંસા ન કરવી. આત્માને કર્મબંધથી મુક્ત કરવા માટે બંધનોને સારી રીતે સમજીને તોડવા તે જ જ્ઞાનીના જ્ઞાનનો સાર છે, જ્ઞાનીનું કર્તવ્ય છે કે તે પાપ કર્મબંધના મુખ્ય કારણ રૂપ હિંસાને છોડી દે. કોઈપણ પ્રાણીની કોઈપણ પ્રકારે હિંસા ન કરે, પરિતાપના–પીડા ન પહોંચાડે. ઉપલક્ષણથી પાપ કર્મબંધના કારણો અને મૃષવાદ, અદત્તાદાન, મૈથુનસેવન, પરિગ્રહ વૃત્તિથી દૂર રહે.

**अहिंसा समयं चेव** :– અહિંસાની સિદ્ધિને માટે બીજુ સારભૂત તત્ત્વ છે સમતા. આ ગાથા પદના ત્રણ અર્થ અહીં બતાવ્યા છે. (૧) અહિંસાથી સમતાને જાણે (૨) અહિંસા રૂપી સમતાને વિશેષ રૂપથી જાણે (૩) અહિંસાનો સમય એટલે કે સિદ્ધાંત આચાર અથવા પ્રતિજ્ઞા છે. આટલું જ જાણવું પર્યાપ્ત છે.

અહિંસા એક પ્રકારની સમતા છે અથવા સમતાનું કારણ છે. સાધક અહિંસાનું પાલન કે આચરણ ત્યારે જ કરી શકે કે જ્યારે તે પ્રાણીમાત્ર પ્રત્યે સમભાવ–પોતાના આત્મા સમાન ભાવ રખે. બીજાની પીડા દુઃખ, ભય, ત્રાસને પોતાની પીડા, દુઃખ, ભય, ત્રાસ આદિ સમજે. જેવી રીતે મારા શરીરમાં વિનાશ, પ્રહાર, હાનિથી મને દુઃખનો અનુભવ થાય છે, તેવી જ રીતે બીજાં પ્રાણીઓને પણ તેમના શરીરના વિનાશાદિથી દુઃખનો અનુભવ થાય. મને કોઈ મારે–પીટે, સતાવે, મારી સાથે જૂઠું બોલે, દગો

કરે, ચોરી અને બેઈમાની કરે, મારી બહેન દીકરીની ઈજ્જત લૂંટે કે સંગ્રહખોરી કરે તો મને દુઃખ થાય, તેવી જ રીતે બીજા સાથે હું એવો વ્યવહાર કરું તો તેને પણ દુઃખ થાય. આ રીતે સમતાની અનુભૂતિ આવવાથી જ અહિંસાનું આચરણ થઈ શકે છે.

પોતાના આત્માના ત્રાજવા પર તોળીને સત્યની શોધ કરો. એવું કરવાથી જ ખબર પડશે કે બીજા પ્રાણીને મારવા, સતાવવા આદિથી એટલી જ પીડા થાય છે, જેટલી પીડા પોતાને થાય છે. આચારાંગ સૂત્રમાં તો ત્યાં સુધી કહ્યું છે કે "જે પ્રાણીને તમે મારવા, પીટાવ, સતાવવા, ગુલામ બનાવીને રાખવા, ત્રાસ દેવા, ડરાવવા ઈચ્છો છો, તે તમે જ છો, એમ વિચારી લો–તેના સ્થાનપર તમે જ છો.

તાત્પર્ય એ છે કે, આ પ્રકારની સમતા જીવનમાં આવી જવી તે જ અહિંસા છે. આ સમતા સૂત્રથી અહિંસા આદિનું આચરણ થાય છે. આ અહિંસાનો સિદ્ધાંત છે. તેને સારી રીતે હૃદયંગમ કરી લેવો તે જ જ્ઞાનીના જ્ઞાનનો સાર છે. જો પુરુષ એટલું પણ ન કરી શકે તો તેનું જ્ઞાન નિરર્થક જ નહિ, ભારરૂપ છે, પરિગ્રહરૂપ છે.

આ સંપૂર્ણ ગાથાનો સાર એ છે કે, જ્ઞાની પુરુષને માટે આ વાત જ ન્યાયસંગત છે કે કોઈપણ પ્રાણીની હિંસા ન કરે, **"आत्मवत् सर्वभूतेषु"** નો ભાવ રાખીને અહિંસાનું આચરણ કરે.

## ચારિત્ર શુદ્ધિ :–

**११** **वुसिए य विगयगेही य, आयाणं संरक्खए ।**
**चरियाऽऽसण-सेज्जासु, भत्तपाणे य अंतसो ॥**

**શબ્દાર્થ :– वुसिए** = દશ પ્રકારની સાધુ સમાચારીમાં સ્થિત, સંયમવાન, **विगयगेही** = આહાર આદિમાં ગૃદ્ધિ (આસક્તિ) રહિત સાધુ, **आयाणं** = જ્ઞાન, દર્શન અને ચારિત્રની, **संरक्खए** = સમ્યક્ પ્રકારે રક્ષા કરે, **चरियासणसेज्जासु** = ચાલવા, ફરવા, બેસવા અને શય્યાના વિષયમાં, **अंतसो** = અંતતઃ (ત્યાં સુધી કે), **भत्तपाणे** = ભાત પાણીના વિષયમાં સદા ઉપયોગ રાખે.

**ભાવાર્થ :–** દશ પ્રકારની સાધુ સમાચારીમાં સ્થિત અને આહાર આદિમાં ગૃદ્ધિ–આસક્તિ રહિત સાધુ મોક્ષ પ્રાપ્તિના આદાન(સાધન જ્ઞાન, દર્શન, ચારિત્ર)ની સમ્યક્ પ્રકારે રક્ષા કરે તથા ચર્યા, આસન–બેસવું અને શય્યા–સૂવાના વિષયમાં અને આહાર પાણીના સંબંધમાં હંમેશાં ઉપયોગ રાખે.

**१२** **एतेहिं तिहिं ठाणेहिं, संजए सययं मुणी ।**
**उक्कसं जलणं णूमं, मज्झत्थं च विगिंचए ॥**

**શબ્દાર્થ :– संजए** = સંયમ રાખતો, **उक्कसं** = માન, **जलणं** = ક્રોધ, **णूमं** = માયા, **मज्झत्थं** = લોભને, **विगिंचए** = ત્યાગે (છોડી દે).

**ભાવાર્થ :–** પૂર્વોક્ત ઈર્યા સમિતિ, આદાન–નિક્ષેપણ સમિતિ અને એષણા સમિતિરૂપ આ ત્રણે સ્થાનોમાં સતત સંયત મુનિ માન–ઉત્કર્ષ, ક્રોધ–જ્વલન, ણૂમ–માયા અને લોભ–મધ્યસ્થનો પરિહાર–ત્યાગ કરે.

**૧૩** **समिए उ सया साहू, पंचसंवरसंवुडे ।**
**सिएहिं असिए भिक्खू, आमोक्खाए परिवएज्जासि॥त्ति बेमि ॥**

**શબ્દાર્થ :– सिएहिं** = ગૃહપાશમાં બંધાયેલા ગૃહસ્થોમાં, **असिए** = મૂર્છાભાવ ન રાખતા, **आमोक्खाए** = મોક્ષ પ્રાપ્તિ પર્યંત, **परिवएज्जासि** = સંયમનું અનુષ્ઠાન કરે.

**ભાવાર્થ :–** ભિક્ષાશીલ સાધુ હંમેશાં પાંચ સમિતિઓથી યુક્ત થઈને પાંચ સંવર દ્વારા આત્માને આશ્રવોથી સુરક્ષિત રાખી ગૃહસ્થોના સ્નેહપાશમાં બંધાયા વિના, મૂર્છા રાખ્યા વિના મોક્ષ પ્રાપ્ત થાય ત્યાં સુધી સંયમમાં ઉદ્યમ કરે.

## વિવેચન :–

આ ત્રણ ગાથામાં કર્મબંધનોને તોડવા માટે ચારિત્ર શુદ્ધિનો ઉપદેશ આપવામાં આવ્યો છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર તે રત્નત્રયી મોક્ષમાર્ગ કહેવાય છે. તે કર્મબંધથી મુક્ત થવાનું એકમાત્ર સાધન છે. આ અધ્યયનના ચારે ઉદ્દેશકમાં અજ્ઞાનીઓની માન્યતાઓનું મિથ્યાપણું બતાવી શાસ્ત્રકારે પૂર્વની ગાથાઓ દ્વારા જ્ઞાન–દર્શનની શુદ્ધિનો નિર્દેશ કરી, આ ત્રણ ગાથાઓમાં ચારિત્ર શુદ્ધિ પર ભાર આપ્યો છે. અવિરતિ, પ્રમાદ, કષાય અને મન–વચન–કાયા–યોગનો દુરુપયોગ, આ ચારિત્રદોષો કર્મબંધનનાં મુખ્યકારણ છે. ચારિત્ર શુદ્ધિથી જ આત્મશુદ્ધિ થાય છે. આત્મશુદ્ધિ(નિર્જરા)ને માટે સમિતિ, ગુપ્તિ, દશવિધ યતિધર્મ, અનુપ્રેક્ષા, પરીષહજય, ચારિત્ર અને તપની આરાધના આવશ્યક છે. આ રીતે ચારિત્ર શુદ્ધિના ઉપલક્ષ્યમાં શાસ્ત્રકારે આ ત્રણ ગાથાઓમાં ૧૦ વિવેક સૂત્રો બતાવ્યા છે.

૧– દશ પ્રકારની સમાચારીમાં સ્થિત રહે.

૨– આહારાદિમાં ગૃદ્ધિ–આસક્તિ ન રાખે.

૩– અપ્રમત્ત થઈને પોતાના આત્માનું અથવા રત્નત્રયનું સંરક્ષણ કરે.

૪– ગમનાગમન, આસન, શયન, ખાન–પાન વગેરે ક્રિયા યત્નાપૂર્વક કરે.

૫– પૂર્વોક્ત ત્રણ સ્થાનો(સમિતિઓ), અથવા મન, વચન, કાય ગુપ્તિરૂપ ત્રણ સ્થાનોમાં મુનિ સતત સંયત રહે.

૬– ક્રોધ, માન, માયા અને લોભ આ ચાર કષાયોનો પરિત્યાગ કરે.

૭– હંમેશાં પાંચ સમિતિથી યુક્ત અથવા સદાય સમભાવમાં પ્રવૃત્ત રહે.

૮– પ્રાણાતિપાત વિરમણ આદિ પાંચ મહાવ્રતો રૂપી સંવરોથી યુક્ત રહે.

૯– સાધુ ગૃહસ્થો સાથે આસક્તિના બંધનથી બંધાયેલ ન રહે.

૧૦– મોક્ષ પ્રાપ્ત થાય ત્યાં સુધી સંયમ–અનુષ્ઠાનમાં જોડાયેલ રહે.

આ રીતે ચારિત્ર શુદ્ધિ માટે સાધુને દશ વિવેક સૂત્રોનો ઉપદેશ શાસ્ત્રકારે આપ્યો છે. તેને સ્પષ્ટ કરતાં સૂત્રકાર કહે છે.

(૧) **वुसिए** :– દશ પ્રકારની સમાચારીમાં સ્થિત રહેવું તે ચારિત્ર શુદ્ધિ માટેનું પહેલું વિવેકસૂત્ર છે. **वुसिए** નો શાબ્દિક અર્થ છે– વિવિધ પ્રકારે વસેલું. વૃત્તિકાર તેનો આશય સ્પષ્ટ કરતાં કહે છે– દશ પ્રકારની સાધુ સમાચારીમાં વસેલ, સ્થિત, વસનાર. આ દશ પ્રકારની સમાચારી સંસાર સાગરથી તારનારી, સાધુના ચારિત્રને શુદ્ધ રાખનારી અને તેને અનુશાસનમાં રાખનારી છે. સમાચારીના દશ પ્રકાર ક્રમથી આ પ્રમાણે છે–

(૧) **आवस्सया** = આવશ્યક કાર્ય કરવા ઉપાશ્રય આદિ સ્થાનથી બહાર જતાં સાધુએ **आवस्सही आवस्सही** કહેવું તે **आवश्यकी** છે.

(૨) **णिसीहिया** = આવશ્યક કાર્ય કરી પોતાના સ્થાન ઉપાશ્રય આદિમાં પ્રવેશ કરતી વખતે **णिस्सीही णिस्सीही** કહેવું તે "નૈષિધિકી" છે.

(૩) **आपुच्छणा** = કોઈપણ કાર્ય કરતી વખતે જયેષ્ઠ દીક્ષિત (રત્નાધિક–દીક્ષાપર્યાયમાં મોટા)ને પૂછવું તે **आपृच्छना** છે.

(૪) **पडिपुच्छणा** = બીજાનું કામ કરતી વખતે મોટાને પૂછવું તે અથવા પૂર્વે વડિલે જે કાર્યનો નિષેધ કર્યો હોય તે કાર્ય આવશ્યક જણાતા પુનઃ તે કાર્ય માટે પૂછવું તે **प्रतिपृच्छना** છે.

(૫) **छंदणा** = ગોચરીમાં લાવેલા દ્રવ્યો માટે ગુર્વાદિકોને આમંત્રિત કરવા તે **छंदणा** છે.

(૬) **इच्छाकार** = પોતાનું અને બીજાનું કાર્ય કરવાની ઈચ્છા બતાવવી અથવા બીજાઓ પાસે પોતાનું કાર્ય કરાવવા વિનમ્ર નિવેદન કરવું કે તમારી ઈચ્છા હોય તો અમુક કાર્ય કરો ! અથવા વડીલ, ગુર્વાદિકની ઈચ્છાનુસાર ચાલવું તે "ઈચ્છાકાર" છે.

(૭) **मिच्छाकार** = દોષોના નિવારણ માટે ગુરુજન સમક્ષ આલોચના કરીને પ્રાયશ્ચિત લેવું અથવા આત્મનિંદાપૂર્વક **मिच्छामि दुक्कडम्** કહીને દોષને મિથ્યા (શુદ્ધ) કરવો તે "મિથ્યાકાર" છે.

(૮) **तहक्कार** = **तहत्ति** :– "આપ જેમ કહો છો, તેમજ છે." એમ કહી ગુરુજનોના વચનોને સન્માનપૂર્વક સ્વીકાર કરવા તે "તથાકાર" છે.

(૯) **अब्भुट्ठाणं** = ગુરુજનોના સત્કાર–સન્માન અથવા બહુમાન કરવા માટે ઉદ્યત રહેવું, તેઓના સત્કાર

માટે આસન ઉપરથી ઉઠીને ઉભા થઈ જવું "અભ્યુત્થાન" સમાચારી છે.

(૧૦) **उवसंपया** = શાસ્ત્ર સંબંધી જ્ઞાન આદિ વિશિષ્ટ પ્રયોજન માટે કોઈ બીજા આચાર્યની પાસે વિનયપૂર્વક રહેવું તે "ઉપસંપદા" સમાચારી છે.

આ પ્રમાણે દશ પ્રકારની સમાચારીમાં હૃદયથી સ્થિત રહેવું, સતત નિષ્ઠાવાન રહેવું તે ચારિત્ર શુદ્ધિનું મહત્વપૂર્ણ અંગ છે.

(૨) **विगयगेही** :– આહારાદિમાં આસક્તિ ન રાખે. સાધુ જો જીભની લોલુપતા તથા વસ્ત્ર, ધર્મોપકરણ, સંઘ, પંથ, ગચ્છ, ઉપાશ્રય, શિષ્ય–શિષ્યા, ભક્ત આદિમાં આસક્ત બને તો તેના મહાવ્રત દૂષિત થાય છે. **विगयगेही** નું સંસ્કૃત રૂપાંતર(છાયા) **विगतगेही** પણ થાય છે. તેનો અર્થ છે– ગૃહસ્થ કે ઘર પર મમત્વ ભાવ ન હોય તેવા સાધુ.

(૩) **आयाणं संरक्खए** :– આદાન એટલે ગ્રહણ કરવું. જેના દ્વારા મોક્ષનું ગ્રહણ થાય તે આદાન. સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્ર દ્વારા મોક્ષનું ગ્રહણ થાય છે માટે અહીં "આદાન" શબ્દ દ્વારા જ્ઞાન–દર્શન ચારિત્ર ગ્રહણ કરવામાં આવ્યા છે. સાધુ આ રત્નત્રયનું સંરક્ષણ કરે. દીક્ષા લે ત્યારે સાધુ સમ્યક્ ચારિત્રનો સ્વીકાર કરે છે પરંતુ પ્રમાદના કારણે શિથિલ બની જવાની સંભાવના છે. ચારિત્રમાં દોષ લાગે તો ચારિત્ર મલિન થઈ જાય છે.

જ્ઞાનનું વિસ્મરણ થાય, અન્ય મતના આડંબર જોઈ તે દર્શન તરફ અનુરાગી બની જાય તો દર્શન મલિન બને માટે સાધુએ અપ્રમત રહી મુક્તિના સાધનનું સમ્યક્ પ્રકારે રક્ષણ કરવું જોઈએ, તેને સુરક્ષિત રાખવું જોઈએ. રત્નત્રયની ઉન્નતિ અથવા વૃદ્ધિ થાય, તેવો પ્રયત્ન કરવો જોઈએ.

(૪) **चरियाऽऽसणसेज्जासु, भत्तपाणे य अंतसो** :– સાધુએ ગમનાગમન, આસન, શયન, ભોજન વગેરે પોતાની દરેક પ્રવૃત્તિ વિવેકપૂર્વક કરવી જોઈએ. તેની પ્રત્યેક ક્રિયા યત્નાપૂર્વક થવી જોઈએ. જો તે પોતાની પ્રવૃત્તિ વિવેકપૂર્વક ન કરે તો તેની પ્રવૃત્તિ હિંસા, અસત્ય, ચોરી, કુશીલ, પરિગ્રહ આદિ દોષોથી દૂષિત થતાં તેનું ચારિત્ર વિરાધિત–ખંડિત થઈ જાય. ચારિત્ર શુદ્ધિની દષ્ટિએ ઈર્યાસમિતિ, આદાન નિક્ષેપણ સમિતિ તેમજ એષણા સમિતિનું અપ્રમત્તપણે પાલન કરવાનો અહીં સંકેત છે. ઉપલક્ષણથી અહીં ભાષાસમિતિ અને પરિષ્ઠાપનના સમિતિનું ગ્રહણ થઈ જાય છે. ગાથા ગત ચર્યા, આસન, શય્યા વગેરે ભંડોપકરણ યતનાપૂર્વક કરવાથી આદાન–નિક્ષેપણા સમિતિ, ભત્તપાણ શબ્દથી એષણા સમિતિનું ગ્રહણ કરવામાં આવ્યું છે. ગોચરી–પાણી વગેરે અર્થે ગૃહસ્થ સાથે યત્નાપૂર્વક બોલવાથી ભાષા સમિતિ, આહાર–પાણીના સેવનથી ઉચ્ચાર પ્રસ્રવણ અવશ્યભાવી છે માટે પરિષ્ઠાપન સમિતિનું પણ ગ્રહણ થઈ જાય છે. પ્રત્યેક ક્રિયા યત્નાપૂર્વક કરવાથી પાંચ સમિતિનું પાલન થાય છે.

(૫) **एतेहिं तिहिं ठाणेहिं संजए सययं मुणी** :– પૂર્વોક્ત ત્રણ સ્થાનો (સમિતિઓ)માં સંયમ મુનિ સમ્યક્ પ્રકારે સતત યત્નાશીલ રહે. પ્રતિક્ષણ અપ્રમત્ત રહેવાની સૂચના આ ગાથાપદમાં કરી છે. મન–વચન અને કાયા આ ત્રણ પ્રકારની ગુપ્તિમાં નિરંતર પ્રયત્નશીલ રહે.

(૬) **उक्कसं जलणं णूमं मज्झत्थं च विगिंचए** :– કષાય પણ કર્મબંધનું એક વિશિષ્ટ કારણ છે. કષાય મુખ્યરૂપે ચાર પ્રકારના છે. ક્રોધ, માન, માયા અને લોભ. સાધુ જીવનમાં કોઈપણ કષાય તીવ્ર થાય તો તે ચારિત્રનો ઘાત થાય છે. બહારથી ઉચ્ચ ક્રિયાનું પાલન કરવા છતાં પણ સાધકમાં અભિમાન, કપટ, લોભ(આસક્તિ) અથવા ક્રોધની માત્રા વધતી જાય તો તે તેના સાધુત્વનો નાશ કરે છે. સાધુ ધર્મનું મૂળ ચારિત્ર છે, કષાય વિજય ન થવાથી તે દૂષિત થઈ જાય છે. માટે સાધુએ આ ચારે કષાયનો ત્યાગ કરવો જોઈએ.

(૭) **समिए सया साहू** :– સાધુ પાંચ સમિતિઓથી સમિત–યુક્ત હોય.

(૮) **पंचसंवर संवुडे** :– સાધુ પાંચ સંવરથી સંવૃત્ત રહે. પ્રાણાતિપાતાદિ પાંચ અવ્રતોના ત્યાગ રૂપ પાંચ મહાવ્રત જ પાંચ સંવર છે. આ પાંચ સંવર કર્માશ્રવને રોકનારા છે, કર્મબંધના નિરોધક છે. બીજા શબ્દોમાં કહીએ તો સાધુ જીવનમાં પ્રાણ છે. તેના વિના સાધુ જીવન નિષ્પ્રાણ છે. તેથી સાધુએ ચારિત્રના આધારભૂત આ પાંચ મહાવ્રતો (અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ)ને પ્રાણના ભોગે પણ સુરક્ષિત રાખવા જોઈએ. અન્યથા ચારિત્ર શુદ્ધિ તો દૂર રહી પણ ચારિત્રનો જ વિનાશ જાય. તેથી શાસ્ત્રકારે આ વિવેકસૂત્ર બતાવ્યું છે. પાંચ ઈન્દ્રિયને વિષયમાં જતી રોકવી તે પણ પાંચ સંવર કહેવાય છે. આ પાંચ પ્રકારના સંવરથી સાધુ સંવૃત રહે.

(૯) **सिएहिं असिए** :– 'સિત' એટલે બંધાયેલ, ગૃહપાશમાં બંધાયેલ એવા ગૃહસ્થમાં, અસિત એટલે બંધાયા વિના, આસક્ત થયા વિના સાધુ અલિપ્ત રહે. આ વિવેક સૂત્ર પણ અત્યંત મહત્વપૂર્ણ છે. સ્થવિરકલ્પી સાધુને આહાર, પાણી, આવાસ, પ્રવચન આદિ કારણે ગૃહસ્થના સંપર્કમાં વારંવાર આવવાનું રહે પણ તે સમયે સાધુ સાવધાન રહે. સાધુ ગૃહસ્થો સાથે, ગૃહસ્થની પત્ની, પુત્ર, માતા, પિતા આદિ પારિવાજિકજનો સાથે સંપર્ક રાખવા છતાં તેઓના મોહરૂપી પાશ–બંધનોમાં ફસાય નહીં. રાગદ્વેષાદિને વશ ગૃહસ્થોની ખોટી નિંદા–પ્રશંસા આદિ ન કરે, તેની સમક્ષ દીનતા કે હીનતા પ્રગટ ન કરે, તેની સાથે કોઈ પ્રકારનો મોહસંબંધ પણ ન રાખે. તેની સાથે નિર્લિપ્ત, અનાસક્ત નિઃસ્પૃહ અને નિર્મોહ રહે, અન્યથા તેના પંચમહાવ્રત રૂપ ચારિત્રાચારમાં શિથિલતા આવવાની સંભાવના છે. સાધુ ગૃહસ્થોની વચ્ચે રહેવા છતાં જલકમલવત્ નિર્લિપ્ત રહે.

(૧૦) **आमोक्खाए परिवएज्जासि** :– સંપૂર્ણ કર્મથી મુક્ત ન થાય ત્યાં સુધી સંયમ પર્યાયનું પાલન કરે. આ અંતિમ અને સૌથી મહત્વપૂર્ણ વિવેક સૂત્ર છે. ચારિત્ર પાલન માટે સાધુને તન, મન, વચનની પ્રત્યેક પ્રવૃત્તિમાં સાવધાન રહેવું જરૂરી છે. પ્રવૃત્તિ સમયે સંયમની દઢતાનો ખ્યાલ રાખવો જોઈએ. મુક્ત થવા માટે જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપી સંયમમાં સતત ઉદ્યમશીલ રહેવું જોઈએ. તેની કોઈ પણ પ્રવૃતિ કર્મબંધનજન્ય ન હોય પણ પ્રત્યેક પ્રવૃત્તિ કર્મબંધનથી મુક્ત થવા માટે હોય. પ્રવૃત્તિ કરતાં પહેલાં તેને ચિંતન કરવું જોઈએ કે મારી આ પ્રવૃત્તિથી કર્મબંધ થશે કે કર્મમોક્ષ ? જો કોઈ પ્રવૃત્તિ કરવાથી સસ્તી પ્રતિષ્ઠા કે ક્ષણિક વાહવાહ મળતી હોય અથવા પ્રસિદ્ધિ થતી હોય પરંતુ તે કર્મ બંધકારક હોય તો સાધક તેનાથી દૂર રહે. કોઈ પ્રવૃત્તિથી મોક્ષમાર્ગના અંગભૂત ચારિત્રનો નાશ થાય તેમ હોય તો તેવી પ્રવૃત્તિ

કરવાનો વિચાર પણ ન કરે. મોક્ષ ન થાય ત્યાં સુધી, સાધનાકાળમાં કોઈ પરીષહ, ઉપસર્ગ, સંકટ અથવા વિષમ પરિસ્થિતિ આવે, તોપણ સાધુ તેના પર વિજય મેળવી પોતાના સંયમમાં પ્રગટતિ કરતા રહે પણ તે સંયમને છોડવાનો જરા માત્ર પણ વિચાર ન કરે. જેમ સત્વશાળી પ્રવાસી જ્યાં સુધી પોતાની ઈષ્ટ મંજિલ ન મેળવે, ત્યાં સુધી ચાલવાનું બંધ કરતો નથી અથવા નદીના કિનારાને શોધનારો માણસ નદીનો કિનારો ન મળે ત્યાં સુધી નૌકાનો ત્યાગ કરતો નથી, તેમ જ્યાં સુધી સમસ્ત દુઃખો(કર્મો)ને દૂર કરનાર સર્વોત્તમ સુખરૂપ મોક્ષની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી મોક્ષાર્થીએ સંયમપાલન કરવું જોઈએ. સંપૂર્ણ કર્મોના ય (મોક્ષ) માટે સતત સંયમમાં પરાક્રમ કરતો રહે, એમ કરવું તે ચારિત્રશુદ્ધિ માટે આવશ્યક છે.

## ।। અધ્યયન ૧/૪ સંપૂર્ણ ।।

# બીજું અધ્યયન

## પરિચય

અધ્યયનનું નામ 'વૈતાલીય' છે.

'વેયાલીય' આ પ્રાકૃત શબ્દના સંસ્કૃતમાં બે રૂપ થાય છે, વૈતાલીય અને વૈદારિક. આ અધ્યયનના 'વૈતાલીય અને વૈદારિક' એવા બંને નામ નિર્યુક્તિકાર, ચૂર્ણિકાર અને વૃત્તિકાર ત્રણેને માન્ય છે.

વેતાલનો અર્થ છે પિશાચ. મોહરૂપી વેતાલ સાધકને કેવી રીતે પરાજિત કરે છે ? મોહરૂપી વેતાલથી સાધકે કેવી રીતે બચવું ? મોહરૂપી વેતાલ સંબંધી વર્ણન આ અધ્યયનમાં હોવાથી વૈતાલીય નામ સાર્થક છે.

આ અધ્યયનની રચના વૈતાલીય નામના છંદમાં કરવામાં આવી છે, તેથી આ અધ્યયનનું નામ 'વૈતાલીય' રાખવામાં આવ્યું છે.

આ અધ્યયનનું બીજું નામ વૈદારિક છે. વિદારણ એટલે નાશ કે વિનાશ. કર્મના બીજભૂત રાગ–દ્વેષ, મોહના વિદારણનો ઉપદેશ હોવાથી આ અધ્યયનને 'વૈદારિક' કહેવામાં આવે છે. આ અધ્યયનના પ્રથમ ઉદ્દેશકની અંતિમ ગાથાના **વેયાલિય મગ્ગ** આ ગાથાપદનો, કર્મ વિદારણનો માર્ગ અથવા કર્મ વિદારક ભગવાન મહાવીરનો માર્ગ, એમ અર્થ કરવામાં આવે છે. 'વેયાલીય' એટલે વિદારણ તેવો અર્થ ચૂર્ણિ–વૃત્તિમાં જોવા મળે છે. તેથી વિદારણ નામ પણ સાર્થક જ છે.

આ અધ્યયનમાં દ્રવ્ય વિદારણ નહીં પણ ભાવ વિદારણનું વર્ણન છે. રાગ–દ્વેષ, મોહના વિદારણનું સામર્થ્ય જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપમાં જ છે.

અષ્ટાપદ પર્વતપર બિરાજમાન ભગવાન ઋષભદેવે માર્ગદર્શન માટે પોતાની સમીપે આવેલા ૯૮ પુત્રોને જે પ્રતિબોધ આપ્યો, જે સાંભળી તેઓનો મોહભંગ થયો, પ્રતિબુદ્ધ થઈ પ્રભુ પાસે પ્રવ્રજિત થયા, તે પ્રતિબોધ આ અધ્યયનમાં સંગ્રહિત છે. એમ નિર્યુક્તિકારનું કથન છે.

ભાવવિદારણના પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત અધ્યયનના ત્રણ ઉદ્દેશાઓમાં વસ્તુતત્ત્વનું પ્રતિપાદન વૈશાલિક જ્ઞાતપુત્ર ભગવાન મહાવીર દ્વારા કરવામાં આવ્યું છે, જેનો ઉલ્લેખ આ અધ્યયનના અંતમાં છે.
પ્રથમ ઉદ્દેશકમાં સંબોધ–હિતપ્રાપ્તિ અને અહિત ત્યાગનો સમ્યક્ બોધ અને સંસારની અનિત્યતાનો ઉપદેશ છે.

બીજા ઉદ્દેશકમાં મદ, નિંદા, આસક્તિ આદિના ત્યાગનો તથા સમતા આદિ મુનિધર્મનો ઉપદેશ છે.

ત્રીજા ઉદ્દેશકમાં અજ્ઞાન–જનિત કર્મના ક્ષયનો ઉપાય તથા સુખશીલતા, કામ–ભોગ, પ્રમાદ આદિના ત્યાગનું વર્ણન છે.

પ્રથમ ઉદ્દેશકમાં ૨૨, બીજા ઉદ્દેશકમાં ૩૨ અને ત્રીજા ઉદ્દેશકમાં ૨૨ ગાથાઓ છે. આ રીતે આ વૈતાલીય અથવા વૈદારિક અધ્યયનમાં કુલ ૭૬ ગાથાઓ છે અને તેમાં મોહ, અસંયમ, અજ્ઞાન, રાગ, દ્વેષ આદિના સંસ્કારોને નષ્ટ કરવાનું વર્ણન છે.

❖❖❖❖❖

# બીજું અધ્યયન

## વૈતાલીય

### પ્રથમ ઉદ્દેશક

**ભગવાન શ્રી ૠષભદેવ દ્વારા ૯૮ પુત્રોને સંબોધ :-**

१ **संबुज्झह किं ण बुज्झह, संबोही खलु पेच्च दुल्लहा ।**
**णो हूवणमंति राइओ, णो सुलभं पुणरावि जीवियं ॥**

**શબ્દાર્થ :– संबुज्झह** = હે ભવ્યો ! તમે બોધ પ્રાપ્ત કરો, **किं ण बुज्झह** = બોધ કેમ પ્રાપ્ત કરતા નથી ? **पेच्च** = પરલોકમાં, **संबोही** = બોધ પ્રાપ્ત કરવો, **दुल्लहा खलु** = ખરેખર દુર્લભ છે, **राइओ** = વ્યતીત રાત્રિઓ (વહી ગયેલો સમય), **णो हूवणमंति** = ફરીને પાછી આવતી નથી, **जीवियं** = અને સંયમજીવન, માનવજીવન, **पुणरावि** = ફરીવાર, **णो सुलभं** = સુલભ નથી.

**ભાવાર્થ :–** હે ભવ્યો ! તમે બોધ પ્રાપ્ત કરો ! બોધ કેમ પ્રાપ્ત કરતા નથી ? પરલોકમાં સંબોધિ (સમ્યક્ બોધિ) પ્રાપ્ત કરવી દુર્લભ છે. વીતેલી રાત્રીઓ ફરી પાછી આવતી નથી અને સંયમી જીવન અથવા માનવજીવન ફરી સરળતાથી મળતું નથી.

२ **डहरा वुड्ढा य पासहा, गब्भत्था वि चयंति माणवा ।**
**सेणे जह वट्टयं हरे, एवं आउखयम्मि तुट्टइ ॥**

**શબ્દાર્થ :– डहरा** = નાનાં બાળકો, **वुड्ढा** = વૃદ્ધ, **गब्भत्थावि** = ગર્ભમાં સ્થિત બાળક પણ, **माणवा** = મનુષ્ય, **चयंति** = પોતાના જીવનને છોડી દે છે, **जह** = જેવી રીતે, **सेणे** = બાજ પક્ષી, **वट्टयं** = વર્તક પક્ષીને, હોલાને, **हरे** = હરી લે છે, (મારી નાખે છે), **एवं** = એવી જ રીતે, **आउखयम्मि** = આયુષ્ય ક્ષય થવા પર, **तुट्टइ** = જીવોનું જીવન નષ્ટ થઈ જાય છે.

**ભાવાર્થ :–** નાના બાળકો, વૃદ્ધ અને ગર્ભસ્થ શિશુ પણ પોતાના જીવન(પ્રાણો)ને છોડી દે છે, હે મનુષ્યો ! જુઓ ! જેમ બાજ પક્ષી બટેર–હોલાને મારી નાખે છે. આ રીતે આયુષ્ય ક્ષય થતાં જ મુત્યુ પણ પ્રાણીઓના પ્રાણ હરી લે છે અથવા જીવોનું જીવન પણ નષ્ટ થઈ જાય છે.

**३** **मायाहिं पियाहिं लुप्पइ, णो सुलहा सुगई मे पेच्चओ ।**
**एयाइं भयाइं पेहिया, आरंभा विरमेज्ज सुव्वए ॥**

**શબ્દાર્થ :– मायाहिं पियाहिं** = માતા પિતાના મોહથી, **लुप्पइ** = લેપાઈ જાય, **पेच्चओ** = તેઓને મર્યા પછી, **सुगई** = સદ્‌ગતિ, **णो सुलहा** = સુલભ નથી, **सुव्वए** = સુવ્રતી પુરુષ, **एयाइं भयाइं** = આ પરિવારના મોહને ભયરૂપ, **पेहिया** = જોઈને, **आरंभा विरमेज्ज** = આરંભથી વિરક્ત થઈ જાય.

**ભાવાર્થ :–** વ્યક્તિઓ માતા પિતા આદિના મોહના કારણે સંસાર પરિભ્રમણ કરે છે. તેમને મૃત્યુ પછી સદ્‌ગતિ સુલભ નથી. સુવ્રતી આ ભયસ્થાનોને જોઈ આરંભથી વિરત–નિવૃત રહે.

**४** **जमिणं जगई पुढो जगा, कम्मेहिं लुप्पंति पाणिणो ।**
**सयमेव कडेहिं गाहइ, णो तस्स मुच्चे अपुट्ठवं ॥**

**શબ્દાર્થ :– जमिणं** = જે આ (આરંભથી નિવૃત્ત નહીં થનાર), **जगई** = સંસારમાં, **पुढो जगा** = અલગ અલગ નિવાસ કરનાર, **लुप्पंति** = દુઃખ પામે છે, **गाहइ** = કર્મોના ફળને પ્રાપ્ત કરે છે, **तस्स अपुट्ठवं** = ફળ ભોગવ્યા વિના, **णो मुच्चेज्ज** = તેઓ મુક્ત થઈ શકતા નથી.

**ભાવાર્થ :–** આ સાવદ્ય કાર્યોથી અવિરત પ્રાણી, સંસારમાં અલગ અલગ નિવાસ કરે છે. તે પોતપોતાનાં કરેલાં કર્મોના કારણે દુઃખી થાય છે તથા કર્મોનું ફળ ભોગવવા નરકાદિ સ્થાનોમાં જાય છે. પોતાનાં કર્મોનું ફળ ભોગવ્યા વિના તે મુક્ત થઈ શકતા નથી.

## વિવેચન :–

આ અવસર્પિણી કાળના પ્રથમ ચક્રવર્તી ભરતે જયારે પોતાના ૯૮ નાના ભાઈઓને અધીનતા સ્વીકારવાનો સંદેશો મોકલ્યો, ત્યારે તેઓ માર્ગદર્શન મેળવવા માટે પ્રથમ તીર્થંકર–ભગવાન ઋષભદેવની સેવામાં પહોંચ્યા અને "અમો શું કરીએ" એમ પૂછયું. ત્યારે આદિ તીર્થંકર ભગવાન ઋષભદેવે પુત્રોની યોગ્યતાને લક્ષ્યમાં રાખી ત્યાગ, વૈરાગ્યનો બોધ આપ્યો, જે આ ઉદ્દેશામાં સંકલિત છે. આ ચાર ગાથાઓમાં તેઓએ ચાર તથ્યોનો બોધ આપ્યો છે.

૧– અહીં અને હમણાં જ બોધ પ્રાપ્ત કરો ! પરભવમાં બોધ પ્રાપ્તિ સુલભ નથી.

૨– બધાં પ્રાણીઓનું મૃત્યુ નિશ્ચિત છે.

૩– માતા પિતા આદિનો મોહ સદ્‌ગતિથી વંચિત(રહિત) કરે છે.

૪– મોહાન્ધ જીવ પોતાનાં પાપકર્મોનાં ફળ સ્વરૂપે દુઃખી થાય છે અને દુર્ગતિઓમાં પીડા પામે છે.

**संबोही खलु पेच्च दुल्लहा :–** મૃત્યુ પછી અન્ય જન્મમાં સંબોધિની પ્રાપ્તિ દુર્લભ છે. સમ્યગ્‌જ્ઞાન,

સમ્યગ્દર્શન અને સમ્યક્ચરિત્ર આ રત્નત્રય રૂપ ઉત્તમ ધર્મનો બોધ જ સંબોધ કહેવાય છે. રત્નત્રય રૂપ ધર્મ, નવ તત્ત્વ પરની શ્રદ્ધા સંબોધિ કહેવાય છે. આ સંબોધ અને સંબોધિ બંને દુર્લભ છે.

શાસ્ત્રમાં ૧૦ બોલની દુર્લભતા બતાવવામાં આવી છે– (૧) મનુષ્ય જન્મ (૨) આર્ય ક્ષેત્ર (૩) ઉત્તમ કુળ (૪) પાંચે ઈન્દ્રિયોની પરિપૂર્ણતા (૫) દીર્ઘ આયુષ્ય (૬) નિરોગી કાયા (૭) સંત સમાગમ (૮) ધર્મ શ્રવણ (૯) ધર્મ શ્રદ્ધા (૧૦) સંયમધર્મનું આચરણ.

આ દસ બોલની પ્રાપ્તિ પરમ દુર્લભ છે. આ ભવમાં પણ ક્રમશઃ ધર્મશ્રવણાદિ દુર્લભ છે તો પરભવની તો વાત જ શું કરવી ? મનુષ્યભવ વગેરે કેટલીક દુર્લભ વસ્તુઓ પ્રાપ્ત થઈ જાય ત્યારે લોકો વિચારે છે કે પછીના જન્મમાં બોધ પ્રાપ્ત કરીશું.

સામાન્ય રીતે મનુષ્યો વર્તમાન પ્રાપ્ત ઉત્તમ અવસરને બે પ્રકારના વિચારે ગુમાવે છે. (૧) દેવલોક અથવા ફરીથી મનુષ્ય જન્મ મળશે ત્યારે ધર્મશ્રવણ તથા ધર્માચરણ કરીશું અને (૨) ભોગ ભોગવી, વૃદ્ધાવસ્થા આવશે ત્યારે ધર્મશ્રવણ કરીશું.

આ બંને આશા કાર્યકારી નથી. મૃત્યુ પછી દેવલોક જ પ્રાપ્ત થાય તે નિશ્ચિત નથી. જો તિર્યંચ કે નરકગતિ પ્રાપ્ત થાય તો ત્યાં સંબોધની પ્રાપ્તિ પ્રાયઃ અસંભવિત છે. દેવગતિ પ્રાપ્ત થઈ જાય તોપણ ત્યાં સમ્યગ્દર્શન તેને જ પ્રાપ્ત થાય કે જેણે મનુષ્ય જન્મમાં ધર્મકરણી કરી હોય, કદાચ ત્યાં સંબોધની પ્રાપ્તિ થઈ જાય તોપણ દેવો સંયમ સ્વીકાર કે ધર્માચરણ કરી શકતા નથી. દસમી દુર્લભ વસ્તુ દેવો ક્યારે ય મેળવી શકતા નથી. મનુષ્ય પ્રમાદમાં, ઈન્દ્રિય વિષયોના ભોગવટામાં પડી જાય તો સંબોધ– ધર્માચરણની પ્રાપ્તિ થતી નથી માટે જ શાસ્ત્રકારે આ ગાથામાં કહ્યું કે **णो सुलभं पुणरावि जीवियं** માનવ જીવન અથવા સંયમ જીવનની પ્રાપ્તિ સુલભ નથી.

વૃદ્ધાવસ્થામાં ધર્મ કરશું તેવો ભરોસો રાખવો ઉચિત નથી. વૃદ્ધાવસ્થા આવશે કે નહીં તે ખબર નથી. કદાચ વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાય તોપણ શરીર જર્જરિત થઈ ગયું હોય, ઈંદ્રિયો ક્ષીણ થઈ ગઈ હોય, તેથી ધર્માચરણ કેવી રીતે થઈ શકે ? વીતેલો સમય પાછો આવતો નથી. શાસ્ત્રકારે આ ગાથામાં **णो हूवणमंति राइओ** આ ગાથા પદ દ્વારા આ જ વાતનો નિર્દેશ કર્યો છે કે જે સમય વ્યતીત થાય છે તે પાછો આવતો નથી. માટે બોધને પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ બનો.

ભગવાન ઋષભદેવનો આ વૈરાગ્યપ્રદ ઉપદેશ સમસ્ત ભવ્ય માનવોના રાગ–દ્વેષ–મોહ વિદારણ કરવામાં તેમજ બોધ પ્રાપ્ત કરવામાં મહાન ઉપયોગી છે.

**દ્રવ્યસંબોધની અપેક્ષાએ ભાવસંબોધ દુર્લભતર :–** દ્રવ્ય નિદ્રામાંથી જાગવું તે દ્રવ્યસંબોધ છે અને ભાવનિદ્રા (જ્ઞાન, દર્શન, ચારિત્રની શૂન્યતા અથવા પ્રમાદ)થી જાગવું તે ભાવ સંબોધ છે. આ ભાવ સંબોધ પ્રાપ્ત કરવા તરફ શાસ્ત્રકારનો ઈશારો છે. નિર્યુક્તિકારે દ્રવ્ય અને ભાવથી જાગરણ અને શયનને લઈને ચતુર્ભંગી બતાવી છે–(૧) એક સાધક દ્રવ્યથી સૂએ છે, ભાવથી જાગે છે (૨) દ્રવ્યથી જાગે છે, ભાવથી સૂએ છે (૩) દ્રવ્યથી પણ સૂએ છે, ભાવથી પણ સૂએ છે (૪) દ્રવ્ય અને ભાવ બંન્નેથી જાગે છે. આમાં ચોથો

ભંગ સર્વોતમ છે. તેના પછી પહેલો ભંગ ઠીક છે, બાકીના બે ભંગ નિકૃષ્ટ છે.

**डहरा वुड्ढाय आउक्खयम्मि तुट्टइ** :– નાના હોય કે મોટા યુવાન કે વૃદ્ધ પ્રત્યેક જીવંત પ્રાણી મૃત્યુને આધીન છે. આયુષ્ય પૂર્ણ થતાં જ મૃત્યુ નિશ્ચિત છે. આ કથનને સૂત્રકારે બાજપક્ષીના દષ્ટાંતથી સમજાવ્યું છે. જે રીતે બાજપક્ષી હોલા પર ઝાપટ મારી તેના જીવનને નષ્ટ કરે છે તે જ રીતે આયુષ્ય પૂર્ણ થતાં મૃત્યુ રૂપી બાજ જીવન પર તૂટી પડે છે અને જીવનને નષ્ટ કરી નાંખે છે.

મનુષ્ય જન્મ પ્રાપ્ત થઈ જાય તોપણ મૃત્યુ નિશ્ચિત છે, એથી સંબોધ પ્રાપ્ત કરવામાં તથા ધર્મારાધના કરવામાં વિલંબ કરવો ન જોઈએ. જન્મ અને મૃત્યુ વચ્ચેના જીવનમાં વ્યક્તિ માતા–પિતા આદિ સ્વજનોના મોહમાં ફસાઈ જાય છે તે મોહ ભાવ દુર્ગતિનું કારણ છે. તેમ સમજી તેનો ત્યાગ કરવો જોઈએ.

**मायाहिं पियाहिं लुप्पइ** :– અહીં માતા પિતા આદિની શ્રાવક ધર્મોચિત સેવા, આજ્ઞાપાલન વગેરે કર્તવ્ય પાલનનો નિષેધ કર્યો નથી પરંતુ તેના પ્રત્યે મોહાંધ થઈ શ્રાવક ધર્મ વિરુદ્ધ, અંધ પરંપરાગત હિંસાજનક કુપ્રથાઓથી બચવાની પ્રેરણા આપવામાં આવી છે તથા પશુબલી, મદિરાપાન વગેરે કુવ્યસનો, હિંસા, અસત્ય, ચોરી, લૂંટફાટ, દાણચોરી, દગો આદિ ભયંકર પાપકર્મોથી બચવાની પ્રેરણા આપવામાં આવી છે. આ ગાથામાં **मायाहिं–पियाहिं** માતાપિતા એવો શબ્દ પ્રયોગ છે પરંતુ તેનાથી સ્વજનોનું ગ્રહણ થઈ જાય છે. ટૂંકમાં કુટુંબીજનો–સ્નેહીજનોનો મોહ દુર્ગતિનું કારણ બને છે. તે કુટુંબીજનોના મોહને કારણે વ્યક્તિ ધર્મના આચરણથી વિરત રહે છે અને તે અવિરતિ જ સંસાર ભ્રમણ કરાવે છે. પરલોકમાં તેના માટે સદ્ગતિ પણ સુલભ નથી. કોઈ પ્રતમાં **मायाइ पियाइ लुप्पइ** આ પાઠાન્તર છે. તેનો અર્થ છે કે માતા દ્વારા અથવા પિતા દ્વારા ધર્મમાર્ગથી ભ્રષ્ટ કરી દેવામાં આવે છે. ચૂર્ણિકારે નાગાર્જુનીય સમ્મત પાઠાન્તર બતાવ્યો છે કે, **मातापितरो य भातरो विलभेज्ज सुएण पच्चए** = માતા, પિતા, પિતામહ, ભાઈ આદિ મર્યા પછી પરલોકમાં પુત્રાદિના સત્કાર્યનું કર્મફળ કેવી રીતે પ્રાપ્ત કરી શકે ?

**सयमेव कडेहिं गाहइ** :– પોતાના કર્મોનાં ફળનો ભોગવટો પોતે જ કરવો પડે છે. પૂર્વ ગાથાના સંદર્ભમાં "માતા પિતા આદિ કુટુંબીજનોને માટે કરવામાં આવેલાં પાપકર્મોનું ફળ પુત્રને ભોગવવું ન પડે. આવી ખોટી માન્યતા (ભ્રમણા)નો શિકાર બનેલી વ્યક્તિઓને લક્ષ્યમાં રાખીને ગાથામાં કહ્યું છે કે, **जमिणं जगइ मुच्चे अपुट्ठवं** જગતમાં સમસ્ત પ્રાણીઓનાં કર્મ ભિન્ન ભિન્ન છે, તે કર્મોના ફળસ્વરૂપે વ્યક્તિ વિવિધ સ્થાનોમાં જાય છે. કર્મોનું ફળ ભોગવ્યા વિના છુટકારો નથી. આ ગાથામાં ત્રણ અર્થો છુપાયેલા છે. (૧) માતા પિતાદિ માટે પુત્રો વડે કરાયેલા કર્મોનું ફળ માતાપિતા ભોગવી શકે નહીં. (૨) પ્રત્યેક વ્યક્તિના કર્મ પૃથક્ પૃથક્ છે. પ્રત્યેક વ્યક્તિને પોતાના કરેલા કર્મોનું ફળ ભોગવવું પડે છે. (૩)કર્મોદયને સમભાવપૂર્વક ભોગવવાથી અથવા અહિંસા, સંયમ, તપની આરાધના કરવાથી કર્મોની નિર્જરા થાય છે.

### અનિત્યભાવ દર્શન :–

**૫** **देवा गंघव्व रक्खसा, असुरा भूमिचरा सिरीसिवा ।**
**राया णरसेट्ठि–माहणा, ठाणा ते वि चयंति दुक्खिया ॥**

**શબ્દાર્થ :–** **ते वि** = તે બધા, **दुक्खिया** = દુઃખિત થઈને, **ठाणा** = પોતાના સ્થાનોને, **चयंति** = છોડે છે.

**ભાવાર્થ :–** દેવતા, ગંધર્વ, રાક્ષસ, અસુર, ભૂમિચર–ભૂમિ પર ચાલનારા, સરીસૃપ–સરકીને ચાલનારા સાપ વગેરે તિર્યંચ, રાજા, મનુષ્ય, નગરશેઠ, બ્રાહ્મણ આ બધા દુઃખી થઈને પોતપોતાનાં સ્થાનોને છોડે છે.

**६** **कामेहि य संथवेहि य, गिद्धा कम्मसहा कालेण जंतवो ।**
**ताले जह बंधणच्चुए, एवं आउखयम्मि तुट्टइ ॥**

**શબ્દાર્થ :–** **कालेण** = મૃત્યુ આવે ત્યારે, **कम्मसहा** = પોતાના કર્મોનું ફળ ભોગવતાં, **बंधणच्चुए** = બંધનથી છૂટેલું, **ताले** = તાડફળ પડી જાય છે, **तुट्टइ** = મરી જાય છે.

**ભાવાર્થ :–** કામભોગોમાં અને માતા–પિતા, સ્ત્રી–પુત્ર આદિ પરિચિત મનુષ્યોમાં ગૃદ્ધ–આસક્ત પ્રાણી કર્મ વિપાકના સમયે પોતાનાં કર્મનું ફળ ભોગવતાં ભોગવતાં આયુષ્યનો ક્ષય થવાથી, જેમ બંધન તૂટવાથી તાડફળ નીચે પડે છે, તેમ મૃત્યુ પામે છે.

### વિવેચન :–

આ બે ગાથાઓમાં બે રીતે જીવનની સમાપ્તિ બતાવી છે. ૧. ચારે ગતિના જીવોનાં સ્થાન અનિત્ય છે. ૨. આસક્ત પ્રાણી આયુષ્ય ક્ષય થતાં જ મૃત્યુ પામે છે.

**देवा गंधव्व रक्खसा...चयंति दुक्खिया :–** સંસારમાં કોઈપણ ગતિ, યોનિ, પદ, શારીરિક સ્થિતિ અથવા આર્થિક સ્થિતિ આદિ સ્થાયી નથી, ભલે તે દેવગતિનો ઉચ્ચ કોટિનો દેવ હોય કે મનુષ્યગતિનો શ્રેષ્ઠ શ્રેણીનો માનવ હોય કે તિર્યંચ ગતિનું વિશાળકાય પ્રાણી હોય, તે બધાએ મૃત્યુ આવતાં જ અથવા અશુભ કર્મોનો ઉદય થતાં પોતાની પૂર્વસ્થિતિને છોડવી પડે છે. મનુષ્ય ભ્રમણાને કારણે એવું માને છે કે મનુષ્ય મરી ફરી મનુષ્ય જ બને છે, એથી મને ફરી આ ગતિ મળશે, હું રાજા, નગરશેઠ કે બ્રાહ્મણ આદિ પદ પર હંમેશાં સ્થાયી રહીશ, મારી વર્તમાન સુખી સ્થિતિ, આ પરિવાર, ધન, ધાન વગેરે હંમેશાં આવું જ રહેશે પરંતુ મૃત્યુ આવે કે પાપકર્મ ઉદયમાં આવે ત્યારે બધીજ આશાઓ પર પાણી ફરી વળે છે. વ્યક્તિ પોતાનાં પૂર્વ સ્થાન અને સ્થિતિમાં મોહમૂઢ બની આસક્તિથી બંધાય છે પરંતુ જ્યારે તે સ્થિતિને છોડવાનો સમય આવે, ત્યારે દુઃખી થઈને છોડે છે.

દેવતાને અમર કહ્યા છે, આ ભ્રમણાના નિવારણ માટે આ ગાથામાં દેવ, ગંધર્વ, રાક્ષસ તેમજ અસુર આદિ બધા પ્રકારના દેવોની સ્થિતિ અનિત્ય, વિનાશી તેમજ પરિવર્તનશીલ છે, તેમ બતાવ્યું છે. દેવોને અમર કહેવાનો આશય માત્ર આજ છે કે દેવો અકાળમૃત્યુથી મરતા નથી તથા ઘણા લાંબા આયુષ્યના કારણે પણ અમર કહેવાયા છે.

સુજ્ઞ મનુષ્યે પોતાની ગતિ, જાતિ, શરીર, ધન, ધાન, પરિવાર, પદ આદિ સમસ્ત સ્થાનોને અનિત્ય

તેમજ ત્યાગ કરવા યોગ્ય સમજી તે સર્વનો મોહ રાખવો ન જોઈએ, જેથી તેને છોડતી વખતે દુઃખી થવું ન પડે.

**कामेहि संथवेहि..तुट्टइ :**–આ બીજી ગાથામાં પણ જીવનની ક્ષણિકતાની ઝાંખી કરાવવામાં આવી છે. પાંચે ઈન્દ્રિયોના વિષયભોગોના સેવનથી એક દિવસ તૃપ્તિ થઈ જશે, આ વિષયભોગ મારો સાથ ક્યારે ય નહિ છોડે તથા માતા–પિતા, સ્ત્રી, પુત્ર આદિ સજીવ તથા ધન, ધામ, ભૂમિ વગેરે નિર્જીવ, પરિચિત પદાર્થ સદાય મારી સાથે રહેશે જ, તે મોતથી, દુઃખથી બચાવશે તેવી મનુષ્યની ભ્રમણાઓને તોડવાનો આ ગાથામાં પ્રયત્ન કરવામાં આવ્યો છે. અશુભકર્મના ઉદયે અથવા આયુષ્યનો ક્ષય થવાથી, ત્યારે આ વિષય ભોગો, માતાપિતાદિનો અવશ્ય વિયોગ થાય છે. પાપકર્મના ઉદયે આ જીવનમાં જ તે સર્વને દુઃખી થઈ છોડવા પડે છે. પાપકર્મનો ઉદય ન થાય તો મૃત્યુ સમયે તે સર્વ છોડી જીવ એકલો જ અન્ય ગતિમાં પ્રયાણ કરે છે. તો શા માટે ક્ષણિક એવા કામભોગ અને પરિચિતો પર આસક્તિ રાખી, કર્મબંધ કરી, ફળ ભોગવતા દુઃખી બનવું ?

## કર્મ વિપાક દર્શન :–

**૭** **जे यावि बहुस्सुए सिया, धम्मिय माहण भिक्खुए सिया ।**
**अभिणूमकडेहिं मुच्छिए, तिव्वं से कम्मेहिं किच्चइ ॥**

**શબ્દાર્થ :– बहुस्सुए** = બહુશ્રુત અર્થાત્ ઘણા શાસ્ત્રોના જ્ઞાતા, **धम्मिय** = જે ધાર્મિક, **अभिणूम कडेहिं** = પરંતુ માયાકૃત અનુષ્ઠાનમાં, **तिव्वं** = તીવ્ર અશુભ, **कम्मेहिं** = કર્મદ્વારા, **किच्चइ** = પીડિત કરવામાં આવે છે.

**ભાવાર્થ :–** જો કોઈ બહુશ્રુત હોય, ધાર્મિક–ધર્મક્રિયાશીલ હોય, બ્રાહ્મણ હોય કે ભિક્ષુ હોય, પરંતુ જો તે માયા યુક્ત–ગુપ્ત દાંભિક કૃત્યોમાં આસક્ત હોય તો તે કર્મો દ્વારા અત્યંત તીવ્રતાથી પીડિત કરાય છે.

**૮** **अह पास विवेगमुट्ठिए, अवितिण्णे इह भासइ धुवं ।**
**णाहिसि आरं कओ परं, वेहासे कम्मेहिं किच्चइ ॥**

**શબ્દાર્થ :– अह** = ત્યારબાદ,**पास** = જુઓ કે, **विवेगं** = કોઈ અન્યતીર્થી પરિગ્રહને, છોડવા રૂપ અને સંસારને અનિત્ય જાણવા રૂપ વિવેક પૂર્વક, **उट्ठिए** = પ્રવ્રજ્યા ગ્રહણ કરે છે, **अवितिण्णे** = પરંતુ તેઓ સંસાર સાગરને પાર કરી શકતા નથી, **इह** = તેઓ આ લોકમાં, **धुवं** = મોક્ષનું, **भासइ** = ભાષણ માત્ર કરે છે. હે શિષ્ય ! તમે પણ તેઓના માર્ગમાં જઈને, **आरं** = આ લોકને, **परं** = તથા પરલોકને, **कओ** = કેવી રીતે, **णाहिसि** = જાણી શકશો ? તે અન્યતીર્થિઓ, **वेहासे** = મધ્યમાં જ, **कम्मेहिं** = કર્મો દ્વારા, **किच्चइ** = પીડિત કરવામાં આવે છે.

**ભાવાર્થ :–** હવે તમે જુઓ કે જે અન્યતીર્થી સાધક પરિગ્રહનો ત્યાગ કરીને કે સંસારની અનિત્યતાનો

વિવેક (જ્ઞાન)કરી દીક્ષા ગ્રહણ કરે તોપણ તે સંસારસાગરને પાર કરી શકતો નથી. તે ધ્રુવમોક્ષ સંબંધી ભાષણ માત્ર કરે છે. હે શિષ્ય ! તું તે મોક્ષવાદી અન્યતીર્થીઓનો આશ્રય લઈને આ લોક તથા પરલોક ને કેવી રીતે જાણી શકીશ ? તે અન્યતીર્થી કર્મો દ્વારા પીડિત જ છે.

**વિવેચન :–**

આ બન્ને ગાથામાં માયાયુક્ત કૃત્યોમાં આસક્ત અથવા મોક્ષના વિષયમાં માત્ર ભાષણ કરનાર સાધકોથી સાવધાન રહેવાનો સંકેત કરવામાં આવ્યો છે. તેઓ રાગ–દ્વેષને વશ થઈ તથાપ્રકારના કૃત્ય કરે છે અને રાગદ્વેષ કર્મબંધનનાં બીજ છે, તેઓ વિવિધ પ્રકારે કર્મબંધ કરી કર્મોદય સમયે દુઃખિત–પીડિત થાય છે. બન્ને ગાથાઓના અંતમાં કહેવામાં આવ્યું છે કે **कम्मेहिं किच्चइ** ।

અન્યતીર્થિ સાધક બહુશ્રુત, ધાર્મિક, બ્રાહ્મણ અથવા ભિક્ષુ ઘર છોડી દીક્ષિત બનવા છતાં મોક્ષ માર્ગથી ઘણા દૂર છે. તેઓને રત્નત્રયરૂપ મોક્ષમાર્ગથી શ્રદ્ધા કે સમ્યગ્જ્ઞાન નથી. તેથી તેઓ મોક્ષમાર્ગે ગમન કરી શકતા નથી કે સંસાર સાગરનો પાર પામી શકતા નથી.

તાત્પર્ય એ છે કે માયાચાર યુક્ત અનુષ્ઠાનોમાં આસક્ત અથવા મોક્ષનું માત્ર ભાષણ કરનાર વ્યક્તિ કદાચ દીક્ષા લે તો તેનો વેષ માત્ર છે. તે પોતાને ધાર્મિક કહેવડાવે, ધાર્મિક ક્રિયા કરે તોપણ તે તેનો દંભ છે. તે દ્વારા તે કર્મક્ષય કરવાને બદલે કર્મબંધન કરે છે અને તે કર્મનો ઉદય તેને અત્યંત પીડાદાયી હોય છે. કદાચ હઠપૂર્વક અજ્ઞાનતપ, કઠોર ક્રિયાકાંડ અથવા અહિંસા આદિના આચરણને કારણે તેમને સ્વર્ગાદિનાં સુખ અથવા આ લોક સંબંધી વિષયસુખ મળી પણ જાય, તોપણ તેઓ શાતાવેદનીય કર્મફળના ભોગવટામાં અત્યંત ગૃદ્ધ થઈ ધર્મ–માર્ગથી વિમુખ જ રહે છે. તે શાતાવેદનીય કર્મ પણ તેના માટે ભાવી પીડાનું કારણ બને છે.

**णाहिसि आरं कओ परं :–** શિષ્યોને પૂર્વ કહેલા બન્ને કોટિના અન્યતીર્થી સાધકોથી સાવધાન રહેવા માટે આ વાક્ય કહેવાયું છે. જો તમે મોક્ષ અને લોકથી અજાણ અને માત્ર ભાષણકર્તાઓનો આશરો લેશો, તેમના પક્ષને અપનાવશો તો સંસાર અને મોક્ષને કેવી રીતે જાણી શકશો ?

વૃત્તિકારે **आरं–परं** ના ત્રણ અર્થ કર્યા છે– (૧) લોક–પરલોક (૨) ગૃહસ્થ પર્યાય–પ્રવ્રજિત પર્યાય (૩) સંસાર અને મોક્ષ. ચૂર્ણિકારે **ण णेहेसि आरं परं वा** પાઠાંતર માની વ્યાખ્યા કરી છે કે અન્યતીર્થિના મતનો આશ્રય લેવાથી **आरं**–પોતાનો, **परं**–બીજાનો મોક્ષ થઈ શકતો નથી.

**માયાચારનું કટુફળ :–**

**૯** **जइ वि य णिगिणे किसे चरे, जइ वि य भुंजिय मासमंतसो ।**
**जे इह मायाइ मिज्जइ, आगंता गब्भायऽणंतसो ॥**

**શબ્દાર્થ :– जे इह मायाइ मिज्जइ** = આ લોકમાં જે પુરુષ કષાયોથી યુક્ત છે તે, **जइ वि य** =

કદાચ, **णिगिणे किसे चरे** = નગ્ન અને કૃશ થઈ વિચરે.

**ભાવાર્થ :–** જે વ્યક્તિ આ સંસારમાં માયા કષાય યુક્ત હોય તે કદાચ નગ્ન રહે, ઘોર તપથી શરીરને કૃષ કરે, કદાચિત્ માસખમણના પારણે માસખમણ પણ કરે તોપણ તે અનંત કાળ સુધી ગર્ભાવાસને પ્રાપ્ત થાય છે.

## વિવેચન :–

**जे इह मायाइ मिज्जइ :–** આ ગાથામાં કર્મક્ષયને માટે સ્વીકારેલી, માયાયુક્ત વ્યક્તિની નગ્નતા, કૃશતા તેમજ ઉત્કૃષ્ટ તપશ્ચર્યા પણ કર્મ બંધનનું કારણ અને પરંપરાએ જન્મ–મરણરૂપ સંસાર છે. જે સાધક અકિંચન, નિર્વસ્ત્ર હોય; કઠોર ક્રિયાઓ તેમજ પંચાગ્નિ તપ આદિથી શરીરને કૃશ કરતા હોય, ઉત્કૃષ્ટ દીર્ઘ તપસ્યા કરતા હોય પરંતુ જો તે માયા (કપટ) દંભ, વંચના, અજ્ઞાન તેમજ ક્રોધ, અહંકાર, લોભ, મોહ આદિથી યુક્ત હોય તો તેનાથી મોક્ષ દૂર છે. તે અનંતકાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરે છે. ગાથામાં માયા એ એક કષાયનો જ પ્રયોગ છે પરંતુ ઉપલક્ષણથી બધા કષાયો અને આભ્યંતર પરિગ્રહોનું ગ્રહણ કરી લેવું જોઈએ. કષાયોથી મુક્ત થયા વિના મુક્તિ થઈ શકતી નથી. વ્યક્તિ ભલે ગમે તેટલી કઠોર સાધના કરે પરંતુ જ્યાં સુધી તેના અંતરમાંથી રાગ, દ્વેષ, મોહ, માયા આદિ છૂટતા નથી, ત્યાં સુધી તે ચારગતિ રૂપી સંસારમાંજ પરિભ્રમણ કરતા રહે છે. જોકે તપ સાધના કર્મ મુક્તિનું કારણ અવશ્ય છે, પરંતુ તે તપ રાગ, દ્વેષ, કામ, મોહ, મિથ્યાત્વ, અજ્ઞાન આદિથી યુક્ત હોય તો જ સંસારનું કારણ બની રહે છે.

**ઉત્તરાધ્યયનસૂત્ર, ઋષિભાષિત સૂત્ર** તેમજ **ધર્મપદ** આદિમાં બતાવવામાં આવ્યું છે કે જે અજ્ઞાની એક મહિનાના ઉપવાસના અંતે પારણામાં કુશની અણીપર રહી શકે એટલું જ ભોજન કરે તોપણ તે જિનેશ્વર કથિત, રત્નત્રયરૂપી ધર્મની સોળમી કળાને પણ મેળવી શકતો નથી.

આ લોકમાં જે માયા આદિથી પરિપૂર્ણ છે, કષાયોથી યુક્ત છે, તે વારંવાર ગર્ભમાં આવ્યા કરે છે, અપરિમિત કાળ સુધી જન્મ મરણ કરતા રહે છે. ચૂર્ણિકાર **जह विह मायाइ मिज्जति...** એવો પાઠાંતર માનીને વ્યાખ્યા કરે છે. માયા એટલે જેમાં નિર્દેશ(કથન) અનિર્દિષ્ટ–અપ્રગટ રાખવામાં આવે છે. માયા આદિ કષાયોથી યુક્ત વ્યક્તિ અનંત જન્મ–મરણને પ્રાપ્ત થાય છે.

## પાપ વિરતિ ઉપદેશ :–

**૧૦** **पुरिसोरम पावकम्मुणा, पलियंतं मणुयाण जीवियं ।**
**सण्णा इह काममुच्छिया, मोहं जंति णरा असंवुडा ॥**

**શબ્દાર્થ :– पुरिसो** = હે પુરુષ ! **पावकम्मुणा** = જે પાપકર્મથી, **रम** = નિવૃત્ત થઈ જા !, **पलियंतं** = નાશવંત છે, **सण्णा** = જેઓ સંસારમાં ફસાય છે, આસક્ત બને છે, **काममुच्छिया** = કામભોગોમાં

મૂર્છિત બને છે, **असंवुडा** = હિંસાઆદિ પાપોથી નિવૃત્ત નથી, **णरा** = તે મનુષ્યો, **मोहं** = મોહને, **जंति** = પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :–** હે પુરુષ ! પાપકર્મથી ઉપરત–નિવૃત્ત થઈ જા, મનુષ્ય જીવન નાશવંત છે. જે માનવ આ સંસારમાં ફસાઈ જાય છે તથા વિષય ભોગોમાં મૂર્છિત બને છે અને પાપોથી નિવૃત્ત નથી થતા તેઓ મોહનીય કર્મનો સંચય કરે છે.

**૧૧** **जययं विहराहि जोगवं, अणुपाणा पंथा दुरुत्तरा ।**
**अणुसासणमेव पक्कमे, वीरेहिं सम्मं पवेइयं ॥**

**શબ્દાર્થ :– जययं** = હે પુરુષ ! યત્નાવાન બની, **जोगवं** = સમિતિ અને ગુપ્તિથી ગુપ્ત થઈ, **विहराहि** = વિચરણ કર !, **अणुपाणा** = સૂક્ષ્મ પ્રાણીઓથી યુક્ત, **पंथा** = માર્ગ, **दुरुत्तरा** = ઉપયોગ વિના દુસ્તર હોય છે, **अणुसासणमेव** = શાસ્ત્રોક્ત રીતથી જ, **पक्कमे** = સંયમનુ અનુષ્ઠાન કરવું જોઈએ, **वीरेहिं** = અરિહંતોએ, **समं** = સમ્યક્ પ્રકારે, **पवेइयं** = આ જ બતાવ્યું છે.

**ભાવાર્થ :–** હે પુરુષ ! તું યત્નાપૂર્વક, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી યુક્ત થઈ વિચરણ કર. સૂક્ષ્મ પ્રાણીઓથી યુક્ત માર્ગને ઉપયોગ કે યતના વિના પાર કરવો દુષ્કર, દુસ્તર છે. શાસન–જિન પ્રવચનને અનુરૂપ શાસ્ત્રોક્ત વિધિ અનુસાર સંયમ માર્ગમાં પરાક્રમ કર ! બધા રાગદ્વેષ વિજેતા વીર અરિહંતોએ સમ્યક્ પ્રકારે આ જ બતાવ્યું છે.

**૧૨** **विरया वीरा समुट्ठिया, कोहाकायरियाइपीसणा ।**
**पाणे ण हणंति सव्वसो, पावाओ विरयाऽभिणिव्वुडा ॥**

**શબ્દાર્થ :– विरया** = જે હિંસા આદિ પાપોથી વિરત–નિવૃત્ત છે, **वीरा** = કર્મને દૂર કરવામાં જે વીર છે, **समुट्ठिया** = આરંભને ત્યાગીને સંયમમાં સમુપસ્થિત છે, **कोहकायरियाइपीसणा** = જે ક્રોધ અને કાતરિક–માયા આદિને દૂર કરનારા છે, **अभिणिव्वुडा** = તે પુરુષો મુક્તજીવ જેવા શાંત છે.

**ભાવાર્થ :–** જે હિંસા આદિ પાપોથી વિરત છે, જે કર્મોને વિદારણ–વિનષ્ટ કરવામાં વીર છે, ગૃહ–આરંભ–પરિગ્રહ આદિનો ત્યાગ કરી સંયમપાલનમાં સમુત્થિત–ઉદ્યત છે. જે ક્રોધ અને માયા આદિ કષાયો તથા પરિગ્રહોને દૂર કરનારા છે; જે સર્વથા મન, વચન, કાયાથી પ્રાણીઓનો ઘાત કરતા નથી તથા જે પાપથી નિવૃત્ત છે; તે પુરુષ મુક્ત જીવની સમાન શાંત છે.

## વિવેચન :–

આ ત્રણ ગાથાઓમાં સાધુઓને પાપકર્મથી દૂર રહેવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. તેમાં પાપકર્મથી નિવૃત્તિ માટે નિમ્નોક્ત બોધસૂત્ર છે– ૧. જીવન નાશવંત છે, એથી પાપકર્મોથી દૂર રહો ! ૨. વિષયાસક્ત મનુષ્ય હિંસા આદિ પાપો કરી, મોહમૂઢ બની, કર્મસંચય કરે છે. ૩. સમિતિ, ગુપ્તિથી યુક્ત થઈ પ્રવૃતિ કરવાથી પાપકર્મનો બંધ થતો નથી. ૪. જે હિંસા આદિ પાપો તથા ક્રોધાદિ કષાયોથી વિરત

થઈ સંયમમાં ઉદ્યત છે, તેઓ મુક્ત આત્માની જેમ શાંત તેમજ સુખી છે.

**पुरिसोरम पावकम्मुणा :–** ઘણા સાધક સાધુજીવનને તો સ્વીકારી લે છે પરંતુ તેઓને પાપ પુણ્યનું સાચું જાણપણું હોતું નથી. પાપકર્મ કેવી રીતે બંધાય અને કેવી રીતે તે પાપકર્મોથી છુટકારો થઈ શકે ? તે વાત પણ તેઓ નથી જાણતા. પ્રસ્તુત ત્રણ ગાથાઓમાં ભગવાન ઋષભદેવે પાપકર્મ વિષયક જ્ઞાન આપ્યું છે. આત્માને નીચે પછાડે તે પાપકર્મ કહેવાય છે. આત્માની શુદ્ધતા, સ્વાભાવિકતા અને નિર્મળતા પર તે પાપકર્મ અજ્ઞાન, મોહ આદિનું ગાઢ આવરણ કરે છે, તેથી આત્મા ઉર્ધ્વગમન કરી શકતો નથી, વિકાસ કરી શકતો નથી. પાપકર્મોનાં કારણે જ તો પ્રાણીને સમ્યક્ ધર્મ માર્ગ મળી શકતો નથી અને મોહ તેમજ અજ્ઞાનના કારણે પાપમાં વૃદ્ધિ કરીને નરક, તિર્યંચ આદિ દુઃખદાયી ગતિઓમાં પરિભ્રમણ કરે છે. તેથી અહીં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે, હે પુરુષ ! હવે આ પાપકર્મથી વિરત થાઓ. જિંદગીનો કોઈ ભરોસો નથી, તે નાશવંત છે. માટે આ પાપકર્મથી વિરત થવાનું કાર્ય શીઘ્ર કરવું જોઈએ. મનુષ્યજીવન નાશવંત છે તે બતાવવા ગાથામાં **पलियंतं** શબ્દનો પ્રયોગ શાસ્ત્રકારે કર્યો છે. **पलियंतं** શબ્દના સંસ્કૃતમાં બે રૂપ થાય છે, પલ્યાંત અને પર્યંત. મનુષ્ય જીવન વધુમાં વધુ ત્રણ પલ્યોપમનું હોય. ત્રણ પલ્ય પછી તો જીવન અવશ્ય નાશ પામે જ છે. પર્યન્ત એટલે સાંત–નાશવંત. વિષયભોગોમાં રત રહી જે જીવનને નષ્ટ કરે, વિવિધ હિંસા વગેરે પાપ કરે, શરીરને પોષતા રહે, તપ સંયમનાં કષ્ટો પ્રત્યે અણગમો રાખે છે તે મોહનીય આદિ અનેક પાપકર્મોનો સંચય કરે છે. માટે સાધકે સદ્ધર્મ આચરણ તેમજ તપ–સંયમ દ્વારા પાપકર્મથી જલ્દી વિરત થવું જોઈએ.

**जययं विहराहि...पवेइयं :–** પ્રત્યેક પ્રવૃત્તિમાં પાપકર્મ તો સંભવિત છે, તેનાથી કેવી રીતે બચીશકાય ? તેના ઉત્તર રૂપે આ પદમાં કહેવામાં આવ્યું છે કે પ્રત્યેક પ્રવૃત્તિ યત્નાપૂર્વક કરવાથી પાપકર્મનો બંધ થતો નથી. દશવૈકાલિક આદિ શાસ્ત્રોમાં પાપકર્મોના બંધથી બચવાનો આ જ ઉપાય બતાવ્યો છે. પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, પાંચ મહાવ્રત, દશ યતિધર્મ આદિ બધા પાપકર્મથી બચવાના શાસ્ત્રોક્ત તેમ જ જિનોક્ત ઉપાયો છે.

**विरया वीरा णिव्वुडा :–**પાપકર્મથી વિરત સાધક કેવો હોય છે ? તેની ઓળખાણ શું છે ? તે આ ગાથામાં બતાવ્યું છે. ૧. તેઓ હિંસા આદિ પાપથી નિવૃત્ત હોય છે, વિરત હોય છે. ૨. કર્મક્ષય કરવા વીરવૃત્તિ ધારણ કરે છે. ૩. સંયમ પાલનમાં ઉદ્યત થાય છે. ૪. ક્રોધાદિ કષાયોને પોતાની પાસે ફરકવા દેતા નથી ૫. મન, વચન, કાયાથી કૃત–કારિત–અનુમોદિત રૂપે પ્રાણી હિંસા કરતા નથી. ૬. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, અશુભ યોગ તે કર્મબંધના કારણોથી દૂર રહે છે. ૭. આવા સાધક મુક્ત જીવોની જેમ શાંત હોય છે.

## પરીષહ સહવાનો ઉપદેશ :–

**૧૩** **ण वि ता अहमेव लुप्पइ, लुप्पंति लोगंसि पाणिणो ।**
**एवं सहिएऽहिपासए, अणिहे से पुट्ठोऽहियासए ॥**

**શબ્દાર્થ :–** **अहिपासए** = જુએ કે, વિચારે કે, **णवि लुप्पइ** = પીડિત કરાતો નથી પરંતુ, **पुट्ठो से** = પરીષહોનો સ્પર્શ થાય ત્યારે તે મુનિ, **अणिहे** = ક્રોધાદિ રહિત થઈને, **अहियासए** = તેને સહન કરે.

**ભાવાર્થ :–** જ્ઞાનાદિ સંપન્ન સાધક આ પ્રકારે વિચારે કે શીત ઉષ્ણ આદિ પરીષહો–કષ્ટોથી માત્ર હું જ પીડા પામું છું તેમ નથી પરંતુ સંસારમાં બીજા પ્રાણીઓ પણ તેનાથી પીડિત છે. આ પ્રમાણે વિચારી પરીષહોનો સ્પર્શ થાય ત્યારે તે સંયમી ક્રોધાદિ અથવા રાગ–દ્વેષ–મોહથી રહિત થઈને તે પરીષહોને સમભાવ પૂર્વક સહન કરે.

**१४** **धुणिया कुलियं व लेववं, किसए देहमणासणाइहिं ।**
**अविहिंसामेव पव्वए, अणुधम्मो मुणिणा पवेइओ ॥**

**શબ્દાર્થ :–** **लेववं** = જેવી રીતે લેપવાળી, **कुलियं** = ભીંત–દીવાલ, **धुणिया** = લેપ દૂર કરીને ક્ષીણ કરવામાં આવે છે એવી રીતે, **अविहिंसामेव** = અહિંસા ધર્મનું જ, **पव्वए** = પાલન કરવું જોઈએ કારણ કે, **मुणिणा** = સર્વજ્ઞ પુરુષોએ, **अणुधम्मो** = આ જ સૂક્ષ્મ ધર્મ.

**ભાવાર્થ :–** જેમ લીંપેલી દીવાલ–ભીંત પરથી લીંપણ–ગાર વગેરે લેપ કાઢીને તેને પાતળી કરવામાં આવે છે, તેમ અનશન દ્વારા આ શરીરને કૃશ કરવું જોઈએ. સાધકે અહિંસા ધર્મમાં જ ગતિ કરવી જોઈએ. અહિંસા આદિ ધર્મનું પ્રરૂપણ સર્વજ્ઞ પ્રભુએ કર્યું છે.

**१५** **सउणी जह पंसुगुंडिया, विहुणिय धंसयइ सियं रयं ।**
**एवं दविओवहाणवं, कम्मं खवइ तवस्सि माहणे ॥**

**શબ્દાર્થ :–** **विहुणिय** = પોતાના શરીરને ધ્રુજાવીને, **सियं रयं** = શરીરપર લાગેલી ધૂળને, **धंसयइ** = ખંખેરી નાખે છે, **दवि** = ભવ્ય, સંયમી, દયાળુ, **ओवहाणवं** = અનશન આદિ તપ કરનારા, **तवस्सि** = તપસ્વી, **माहणे** = અહિંસાવ્રતી પુરુષ.

**ભાવાર્થ :–** જેવી રીતે ધૂળથી ભરેલી પક્ષિણી પોતાનાં અંગો અથવા પાંખોને ફફડાવીને શરીર પર લાગેલી રજને ખંખેરી નાખે છે, એવી રીતે તપસ્વી સંયમી પુરુષ કર્મરજને તપસ્યા દ્વારા ખંખેરી નાખે છે, નષ્ટ કરે છે.

## વિવેચન :–

આ ત્રણ ગાથામાં શીત અને ઉષ્ણ પરીષહો–ઉપસર્ગોને સહન કરવાનો ઉપદેશ તથા પરીષહાદિ સહન કરવાની પદ્ધતિનો નિર્દેશ જોવા મળે છે. પરીષહ અને ઉપસર્ગ જૈનધર્મના પારિભાષિક શબ્દ છે. તત્ત્વાર્થસૂત્રમાં કહેવામાં આવ્યું છે **मार्गाच्यवण निर्जरार्थं परिषोढव्याः परीषहाः** ધર્મમાર્ગથી વિચલિત થયા વિના નિર્જરા માટે જે કષ્ટ મન, વચન, કાયાથી સહન કરવામાં આવે તે પરીષહ કહેવાય

છે. પરીષહો બાવીશ છે. આચારાંગસૂત્રમાં શીત અને ઉષ્ણ બે પ્રકારના પરીષહો બતાવ્યા છે. તે અનુકૂળ અને પ્રતિકૂળ પરીષહ પણ કહેવાય છે. ૨૨ પરીષહોમાંથી સ્ત્રી અને સત્કાર આ બે શીત અથવા અનુકૂળ પરીષહ છે. બાકીના ૨૦ પરીષહ ઉષ્ણ અથવા પ્રતિકૂળ છે. અન્ય દ્વારા કષ્ટદાયક પરિસ્થિતિ ઉત્પન્ન થાય તેને ઉપસર્ગ કહેવાય છે અને દ્રવ્ય–ક્ષેત્ર–કાળાદિ નિમિત્તથી સહન કરવા યોગ્ય સ્થિતિ નિર્માણ પામે તો તે પરીષહ કહેવાય છે. આ ઉપસર્ગ પણ શીત અને ઉષ્ણ બન્ને પ્રકારના હોય છે. ઉપસર્ગ પરીષહ સહન કરવાનું બળ, ધૈર્ય કેળવવા માટે શાસ્ત્રકાર ચિંતન સૂત્ર પ્રસ્તુત કરે છે.

**ण वि ता अहमेव...अहियासए :–** આ ગાથામાં પરીષહ કે ઉપસર્ગ શબ્દ તો નથી પરંતુ **लुप्पंति** શબ્દ પ્રયોગ છે. **लुप्पंति** એટલે પીડા સહવી, પરીષહ–ઉપસર્ગ પીડા દાયક છે માટે આ ગાથામાં પરીષહ–ઉપસર્ગ સહન કરવાની વાત છે તેમ સિદ્ધ થાય છે. (૧) આ ઉપસર્ગ અને પરીષહ માત્ર મને જ પીડિત કરતા નથી. સંસારનાં બધાં પ્રાણીઓને પીડિત કરે છે. પૂર્વે કરેલાં કર્મોના ઉદયથી જ્યારે તે કષ્ટ સામાન્ય વ્યક્તિ પર આવે છે, ત્યારે તે "હાય–હાય" કરતાં, દુઃખી બની તેને ભોગવે છે અને તેથી વિશેષ કર્મબંધ કરે છે. જ્યારે જ્ઞાનાદિ સંપન્ન સાધક પૂર્વકૃત અશુભ કર્મોનું ફળ જાણીને તે પરીષહાદિને શત્રુ નહિ પણ મિત્ર સ્વરૂપે જુએ છે. તેથી આ પરીષહ અથવા ઉપસર્ગ સાધકને કર્મ નિર્જરાનો અવસર છે. તે પ્રકારની શુભ વિચારણાથી પરીષહો અને ઉપસર્ગોને સમતાપૂર્વક સહન કરે તો જ કર્મ નિર્જરા થાય છે. તેથી સાધક પરીષહાદિના સમયે તે કષ્ટદાતા અથવા કષ્ટો પર ક્રોધ ન કરે, તેમજ કષ્ટસહિષ્ણુ હોવાનું અભિમાન પણ ન કરે. અનુકૂળ પરીષહ અથવા ઉપસર્ગ આવવાથી વિષયસુખની લોલુપતાવશ વિચલિત ન થાય, પોતાના ધર્મમાં અડગ રહે. પરીષહોને સહન કરવાથી સાધકમાં કષ્ટ સહિષ્ણુતા (કષ્ટોને સહન કરવાની શક્તિ), ધીરતા, કાયોત્સર્ગ શક્તિ, આતમ શક્તિ આદિ ગુણોમાં વૃદ્ધિ થાય છે.

અજ્ઞાની લોકો લાચારીથી વિવિધ કષ્ટોને સહન કરે છે, સમભાવથી નહી. તેથી તેઓ નિર્જરાના અવસરને ખોઈ નાખે છે. સાધક જૂએ તેને આ વાત શાસ્ત્રકારે **अहिपासए** શબ્દ દ્વારા વ્યક્ત કરી છે. વૃત્તિકારે તેનો અર્થ કર્યો છે, જ્ઞાનાદિ સંપન્ન બની અથવા આત્મહિતૈષી બની, કુશાગ્ર બુદ્ધિથી જુએ. ચૂર્ણિકારે અર્થ કર્યો છે– જ્ઞાનાદિ સહિત સાધક પોતાનાથી જુદા જુદા અધિક લોકોને જુએ.

**પરીષહ અને ઉપસર્ગ સહન કરવાના સહજ ઉપાય :–** શાસ્ત્રકારે પરીષહ અને ઉપસર્ગને સહજતાથી સહન કરવાના ત્રણ ઉપાયો બતાવ્યા છે.

૧. શરીરને અનશન આદિ (ઉપવાસ આદિ) તપશ્ચર્યા દ્વારા કૃશ કરે.

૨. પરીષહ અથવા ઉપસર્ગ આવે ત્યારે અહિંસા ધર્મમાં અડગ રહે.

૩. ઉપસર્ગ અથવા પરીષહને પૂર્વકૃત કર્મોદય–જન્ય જાણીને સમભાવથી ભોગવી કર્મરજ ને ખંખેરી નાખે.

**किसए देहमणासणाइहिं :–** આ એક મનોવૈજ્ઞાનિક તથ્ય છે કે સ્વેચ્છાએ અપનાવેલાં કષ્ટોને મનુષ્ય કષ્ટરૂપે અનુભવતો નથી, જ્યારે બીજા કોઈ એ કષ્ટ આપે તો તે કષ્ટ અસહ્ય થઈ જાય છે. તેથી શાસ્ત્રકાર

કહે છે કે પરીષહો અને ઉપસર્ગોને સમભાવપૂર્વક હસતાં હસતાં સહેવા માટે સાધકે પહેલાં અનશન આદિ તપશ્ચર્યા, ત્યાગ, પ્રત્યાખ્યાન, કાયોત્સર્ગ, સેવા, આતાપના, વસ્ત્ર સંયમ, કાયક્લેશ, પ્રતિસંલીનતા, ઉણોદરી, રસપરિત્યાગ, વૃત્તિસંક્ષેપ આદિ દ્વારા કષ્ટો સ્વીકારી તેમાં સમતા રાખવાનો અભ્યાસ કરવો જોઈએ. શાસ્ત્રકારે ભીંતના દષ્ટાંત દ્વારા આ વાતને પુષ્ટ કરી છે. જેમ દીવાલ પરના પોપડા ઉખેડી નાંખવાથી દીવાલ કૃશ થાય છે તેમ અનશનાદિ દ્વારા શરીરને કૃશ કરવું જોઈએ.

અભ્યાસ પરિપક્વ થઈ જાય ત્યારે સાધુજીવનમાં અકસ્માત્ (એકાએક) કોઈ પણ ઉપસર્ગ અથવા પરીષહ આવી પડે તો તે સમયે અહિંસા વગેરે ધર્મના ગુણો– ક્ષમા, દયા, ધૈર્ય, આદિને ધારણ કરવા જોઈએ.

**अविहिंसामेव पव्वए :–** પરીષહ ઉપસર્ગ આવે ત્યારે અહિંસા ધર્મનો આશ્રય લેવો જોઈએ. તે સમયે તે પરીષહ ઉપસર્ગોના નિમિત્તને નિંદવા ન જોઈએ, અકળાવું ન જોઈએ તેમજ ચિડાવું ન જોઈએ. વિલાપ, આર્તધ્યાન, રોષ અથવા દ્વેષ કરવો તે ભાવહિંસા છે. તે એક પ્રકારની આત્મ હિંસા જ છે. વિવિધ પ્રકારની હિંસા તે વિહિંસા કહેવાય છે. હિંસા ન કરવી તે અવિહિંસા. મોક્ષને અનુરૂપ ધર્મ તે અનુધર્મ કહેવાય છે. પરીષહાદિના સમયે અહિંસારૂપ અનુધર્મના પાલનનું કથન સર્વજ્ઞ ભગવાનનું છે.

**सउणी जह...माहणे :–** જૈન દર્શન માન્ય સિદ્ધાંત છે કે મનુષ્ય પર કોઈપણ વિપત્તિ, સંકટ, યાતના , કષ્ટ અથવા દુઃખ, પૂર્વકૃત અશુભ કર્મોના ઉદયના કારણે આવે છે, પરંતુ અજ્ઞાની વ્યક્તિ અશાતાવેદનીય કર્મોને ભોગવવાની સાથે આકુળ–વ્યાકુળ તેમજ શોકાર્ત થઈ નવો કર્મબંધ કરી લે છે. એથી શાસ્ત્રકારે ગાથામાં બતાવ્યું છે કે જ્ઞાની સાધક ઉપસર્ગ અથવા પરીષહજન્ય કષ્ટ આવે ત્યારે પૂર્વકૃત કર્મોનું ફળ જાણીને તેમને સમભાવથી ભોગવીને તે કર્મરજને એવી રીતે ખંખેરી નાખે, જેવી રીતે ધૂળથી ખરડાયેલું પક્ષી પોતાની પાંખોને ફફડાવીને તે ધૂળને ખંખેરી નાખે છે.

## અનુકૂળ પરીષહ–વિજય ઉપદેશ :–

**१६** **उट्ठियमणगारमेसणं, समणं ठाणठियं तवस्सिणं ।**
**डहरा वुड्ढा य पत्थए, अवि सुस्से ण य तं लभे जणा ॥**

**શબ્દાર્થ :– एसणं** = એષણાનું પાલન કરવા માટે, **ठाणठियं** = સંયમ સ્થાનમાં સ્થિત, **डहरा** = દીકરાઓ, **वुड्ढाय** = માતાપિતા આદિ વૃદ્ધ, **पत्थए** = દીક્ષા છોડી દેવા માટે પ્રાર્થના કરે, **अवि सुस्से** = પ્રાર્થના(વિનંતિ) કરતાં કરતાં તેઓ થાકી જાય, **तं** = પરંતુ તે સાધુને, **ण य तं लभेजणा** = પોતાને આધીન(વશવર્તી) કરી શકતા નથી.

**ભાવાર્થ :–** ગૃહત્યાગ કરી અણગાર બનેલા તથા એષણા પાલન માટે તત્પર, પોતાના સંયમસ્થાનમાં સ્થિત એવા તપસ્વી સાધુને તેના સંતાનો કે વૃદ્ધ માબાપ આદિ દીક્ષા છોડી દેવા માટે ગમે તેટલી આજીજી કરે, આજીજી કરતાં કરતાં તેનું ગળું સૂકાવા લાગે, તોપણ તેઓ તે સાધુને મેળવી શકતા નથી, મનાવી

પોતાને આધીન કરી શકતા નથી.

**૧૭** **जइ कालुणियाणि कासिया, जइ रोयंति व पुत्तकारणा ।**
**दवियं भिक्खुं समुट्ठियं, णो लब्भंति ण संठवित्तए ॥**

**શબ્દાર્થ :– कालुणियाणि** = કરુણામય વચન બોલે અથવા કરુણાજનક કાર્ય, **कासिया** = કરે, **दवियं** = પ્રાપ્ત કરી શકતા નથી, મોક્ષાર્થી, **समुट्ठियं** = સંયમપાલન કરવામાં તત્પર, **भिक्खुं** = સાધુને, **णो लब्भंति** = તેઓ પ્રાપ્ત કરી શકતા નથી, પ્રવ્રજ્યાથી ભ્રષ્ટ કરી શકતા નથી, **ण संठवित्तए** = તેને ગૃહસ્થપણામાં સ્થાપિત કરી શકતા નથી.

**ભાવાર્થ :–** જો સાધુના માતાપિતા આદિ સ્વજનો કરુણતા ભરેલા શબ્દો બોલે અથવા કરુણા ઊપજે તેવાં કાર્ય કરે, પુત્રને માટે રડે–વિલાપ કરે, તોપણ મોક્ષ માટે સાધના કરતાં અને સાધુ ધર્મના પાલનમાં તત્પર તથા પરિપક્વ તે સાધુને સંયમભ્રષ્ટ કરી શકતા નથી અને ફરીથી તેને ગૃહસ્થાશ્રમમાં સ્થાપિત કરી શકતા નથી.

**૧૮** **जइ वि य कामेहिं लाविया, जइ णेज्जाहि णं बंधिउं घरं ।**
**जइ जीवियं णावकंखए, णो लब्भंति ण संठवित्तए ॥**

**શબ્દાર્થ :– जइ वि य** = કદાચ કુટુંબીજનો, **कामेहिं लाविया** = સાધુને કામભોગનું પ્રલોભન આપે, **जीवियं णावकंखए** = સાધુ અસંયમ જીવનને જો ઈચ્છતો ન હોય તો.

**ભાવાર્થ :–** કદાચ સાધુના કુટુંબીજનો તેને કામભોગોનું પ્રલોભન આપે, તેઓ તેને બાંધીને ઘરે લઈ જાય પરંતુ તે સાધુ જો અસંયમી જીવન ઈચ્છતા ન હોય તો, તેઓ તેને વશમા કરી શકતા નથી અને તેને ગૃહવાસમાં રાખી શકતા નથી.

**૧૯** **सेहंति य णं ममाइणो, माया पिया य सुया य भारिया ।**
**पोसाहि णे पासओ तुमं, लोयं परं पि जहाहि पोस णे ॥**

**શબ્દાર્થ :– सेहंति य** = સાધુને શિખામણ પણ આપે છે કે, **तुमं पासओ** = તું સૂક્ષ્મદર્શી છો, તું સમજદાર છો, જાણકાર છો, **पोसाहि** = અમારું પોષણ કર, **परं पि लोयं** = તું પરલોકને પણ , **जहाहि** = બગાડી રહ્યો છે તેથી, **पोसणे** = તું અમારું પોષણ કર.

**ભાવાર્થ :–** "આ સાધુ મારો છે" એવું કહેતા સાધુ પ્રત્યે મમત્વ રાખનારા તેના માતા–પિતા, પત્ની, પુત્ર આદિ સાધુને શિખામણ પણ આપે છે કે તમે તો પ્રત્યક્ષદર્શી છો અથવા સમજૂ છો, અમારું ભરણપોષણ કરો ! આવું નથી કરતા એટલે તમે આ લોક અને પરલોક બન્નેના કર્તવ્યને છોડી રહ્યા છો. કોઈપણ રીતે અમારું પાલન–પોષણ કરો.

**૨૦** **अण्णे अण्णेहिं मुच्छिया, मोहं जंति णरा असंवुडा ।**
**विसमं विसमेहिं गाहिया, ते पावेहिं पुणो पगब्भिया ॥**

**શબ્દાર્થ :– असंवुडा** = સંયમભાવથી રહિત, **अण्णे णरा** = કોઈ અપરિપક્વ સાધક, **अण्णेहिं मुच्छिया** = માતાપિતા આદિ અન્ય વ્યક્તિઓમાં આસક્ત થઈને, **मोहं जंति** = મોહયુક્ત થાય છે. **विसमेहिं विसमं गाहिया** = અસંયમી પુરુષો દ્વારા અસંયમ ગ્રહણ કરાવેલા તે પુરુષો, **पुणो पावेहिं पगब्भिया** = ફરીવાર પાપકર્મ કરવામાં પ્રવૃત્ત થઈ જાય છે.

**ભાવાર્થ :–** સંયમ ભાવથી રહિત કેટલાક અપરિપક્વ સાધક માતાપિતા, સ્ત્રી, પુત્ર આદિ માં આસક્ત થઈને મોહમાં મૂઢ થઈ જાય છે. સંયમરહિત વ્યક્તિઓ દ્વારા અસંયમ ગ્રહણ કરાવેલા તે મનુષ્યો ફરીથી પાપકર્મ કરવામાં પ્રવૃત્ત થઈ જાય છે.

## વિવેચન :–

આ પાંચ ગાથામાં શાસ્ત્રકારે માતાપિતા આદિ સ્વજનો સાધુને સંયમ છોડવા કેવા–કેવા પ્રયત્ન કરે ? તે સમયે સાધુ તે ઉપસર્ગ અથવા પરીષહ પર કેવી રીતે વિજય પ્રાપ્ત કરે ? અથવા સાધુ ધર્મ પર કેમ અડગ રહે ? આ તથ્ય ભિન્ન ભિન્ન અભિપ્રાયોથી રજૂ કર્યું છે. આ પાંચ ગાથાઓમાં ક્રમથી અનુકૂળ ઉપસર્ગનું ચિત્રણ કરી, તે સમયે સાધુને દઢ રહેવાનું પણ વિધાન કર્યું છે. સ્વજનો સાધુને પુનઃ ગૃહસ્થવાસમાં લઈ જવા અનેક પ્રકારો અજમાવે છે.

૧– સંયમી, તપસ્વી સાધુને તેના સ્વજનો ગૃહવાસને માટે પ્રાર્થના તેમજ અનુનય કરે, કરગરે–આજીજી કરે છે.

૨– દીનતાપૂર્વક કરુણ વિલાપ કરે અથવા કરુણા ઉત્પન્ન થાય તેવા કાર્ય કરી કરુણાર્દ્ર બનાવે.

૩– વિવિધ કામભોગોનું પ્રલોભન આપે.

૪– તેને ભય દેખાડે, માર મારે કે બાંધીને લઈ જાય.

૫– બન્ને લોકથી ભ્રષ્ટ થઈ જવાની અવળી શિખામણ આપી સંયમથી ભ્રષ્ટ કરે.

**ઉપસર્ગનો પ્રથમ પ્રકાર डहरा वुड्ढा य पत्थए :–** જે અણગાર તપસ્વી, સંયમી અને મહાવ્રતોમાં દઢ છે, તેને તેના પુત્રો, પૌત્રો અથવા માતાપિતા આદિ આવીને વારંવાર વિનંતિ કરે છે, કે "તમે ઘણા વર્ષ સંયમ પાળ્યો, હવે તો આ બધું છોડીને ઘરે ચાલો ! તમારા સિવાય અમારો કોઈ આધાર નથી. અમે બધાં આપના વિના દુઃખી થઈ રહ્યાં છીએ, ઘરે ચાલો ! અમને સંભાળો ! આ પ્રમાણે વારંવાર પ્રાર્થના કરે છે.

**ઉપસર્ગનો બીજો પ્રકાર कालुणियाणि कासिया :–** સંસાર પક્ષવાળા માતા, દાદી અથવા પિતા, દાદા, આદિ કરુણ સ્વરમાં વિલાપ કરીને કહે–બેટા ! તું અમારા જેવા દુઃખીયા પર દયા કરીને એકવાર તો

ઘરે આવ ! તારા વિના અમે કેટલાં દુઃખી છીએ, તે તો તું જો. તું અમને દુઃખી કરીને ક્યું સ્વર્ગ મેળવીશ ? સંયમથી વિચલિત કરવાનો આ એક ઉપાય છે. શાસ્ત્રકાર આ શબ્દોમાં વ્યક્ત કરે છે. **जइ रोयंति य पुत्तकारणा** સાધુની સંસાર પક્ષે પત્ની રડી રડીને કહેવા લાગે– હે નાથ ! હે હૃદયેશ્વર ! હે પ્રાણવલ્લભ! તમારા વિના આખું ઘર સૂનું સૂનું લાગે છે. બાળકો તમારા વિના રડી રહ્યાં છે, જ્યારે જુઓ ત્યારે તમારા નામનું જ રટણ કર્યા કરે છે, તેઓને તમારા વિના જરાય ગમતું નથી. મારા માટે નહીં પણ આ નાનાં બાળકો પર દયા કરીને ઘરે ચાલો ! તમે ઘરે રહેશો તો આપના ઘરડાં માતાપિતાનું દિલ પણ ભર્યું ભર્યું રહેશે. તે સાધુની પત્ની અશ્રૂપૂર્ણ આંખોથી ગદ્દગદ્દ થઈને કહે કે, "આપ ઘરે નહીં આવો તો હું અહીં જ પ્રાણત્યાગ કરીશ. તમને સ્ત્રી હત્યાનું પાપ લાગશે. આટલા નિષ્ઠુર ન બનો" અથવા તેના ઘરડાં સ્વજનો રોઈ રોઈને કહે કે બેટા ! એકવાર તો ઘરે આવ ! કુલદીપક પુત્રવિના ઘરમાં બધે અંધારું છે. અમારો વંશ, કુલ અથવા ઘર સૂનાસૂના છે. માત્ર એક પુત્રની અમારી મનોકામના પૂર્ણ કર !"

**ઉપસર્ગનો ત્રીજો પ્રકાર जइ वि य कामेहिं लाविया :–** સાધુના સ્વજનો પ્રલોભનો ભર્યા મધુર શબ્દોમાં કહે કે તું અમારી વાત માનીને ઘરે ચાલ્યો આવ ! અમે તારી સુખ સુવિધામાં પણ કચાશ રાખશું નહીં. તારી સેવામાં કાંઈ ખામી રહેશે નહીં. ઉત્તમોત્તમ નૃત્ય, ગાયન, વાદન, રંગરાગ આદિથી તારી પ્રસન્નતામાં વધારો કરશું. સુંદર, રસવંતા, સ્વાદિષ્ટ ખાનપાનથી તને સંતુષ્ટ કરશું. મનગમતા સુગંધિત પદાર્થોને કારણે તારા મનમાં જરા પણ કંટાળો આવશે નહિ, એક એકથી ચડિયાતી, સ્વર્ગની અપ્સરા જેવી, સુંદરીઓ તારી સેવામાં તત્પર રહેશે. તારા ઉપભોગ માટે બધા પ્રકારની સામગ્રીઓ એકઠી કરી આપીશું.

**ઉપસર્ગનો ચોથો પ્રકાર जइ णेज्जाहि णं बंधिउं घरं :–** પ્રાર્થના પ્રલોભનથી સાધુ જ્યારે ડગે નહિ ત્યારે કૌટુંબિકજનો ભયનું અસ્ત્ર છોડે છે, તેને ડરાવે, ધમકાવે, મારે, પીટે અને બળજબરી કરી, દોરડાથી બાંધીને ઘરે લઈ જાય અથવા વચનબદ્ધ કરીને કે સ્વજનવર્ગ પોતે વચનબદ્ધ થઈ તેને ઘરે લઈ જાય છે.

**ઉપસર્ગનો પાંચમો પ્રકાર सेहंति य...जहासि पोषणे :–** આટલું કર્યા પછી પણ જ્યારે સંયમી વિચલિત ન થાય તો સ્વજનવર્ગ શિખામણ આપતા કહે છે કે, માતાપિતા તેમજ પરિવારને દુઃખી, વિપન્ન, આર્થિક મુશ્કેલીયુક્ત તેમજ પાલનપોષણના અભાવમાં ત્રસ્ત બનાવી સાધુ બની જવું, એ ધર્મ નથી, પણ પાપ છે. તમે તો પ્રત્યક્ષદર્શી છો, ઘરની બધી પરિસ્થિતિનો તમને ખ્યાલ છે. તારા વિના આ ઘર બિલકુલ નષ્ટ થઈ જશે. તું દૂરદર્શી, સૂક્ષ્મદર્શી છો, જરા બુદ્ધિથી વિચાર કે તારા દ્વારા થતાં પાલન પોષણના અભાવમાં અમારી કેવી દુર્દશા થઈ જશે ? આ સમયમાં દીક્ષા લઈ તેં આ લોક પણ બગાડયો, આ લોકનું કોઈપણ સુખ તેં ન અનુભવ્યું અને હવે માતાપિતા તેમજ પરિવારના પાલન પોષણના પ્રથમ કર્તવ્યથી વિમુખ થઈને ! પરલોક પણ બગાડી રહ્યો છે. દુઃખી પરિવારનું પાલનપોષણ કરવું તે તારો પ્રથમ ધર્મ છે. આ પુણ્યના લાભને છોડીને પરલોકનું સુખ તને કેમ મળશે ? તેથી ઘરમાં રહીને અમારું પાલન પોષણ કર !

આ અને આ પ્રકારના અનેક અનુકૂળ ઉપસર્ગ સાધુને સંયમમાર્ગથી, સાધુપણાથી વિચલિત

કરવા માટે આવે છે પરંતુ સાધુ સંયમ ભાવમાં એવા દઢ રહે કે આ ઉપસર્ગ સાધુને વિચલિત કરી ન શકે. ઉપસર્ગ સમયની સાધુની દઢતા સૂચવતા શાસ્ત્રકારે કહ્યું છે–

**अवि सुस्से ण य तं लभे जणा, णो लब्भंति ण संठवित्तए :–** આવા અનુકૂળ ઉપસર્ગના સમયે સંયમ ધર્મમાં સ્થિત શ્રમણ સ્વજનોના રાગયુક્ત વચનોથી કે કરુણ વિલાપથી ચલિત થાય નહીં. જો તે સ્વધર્મમમાં દ્રઢ રહે તો સ્વજનો તેને ચલિત કરી શકતા નથી. શાસ્ત્રકારે સાધકને અનુકૂળ ઉપસર્ગના સમયે સ્થિર રહેવા ભિન્ન ભિન્ન પ્રકારે સાત સૂચનો કર્યા છે. (૧) તેમની પ્રાર્થના (આજીજી)પર ધ્યાન આપે નહીં (૨) તેમની વાતોથી અંશમાત્ર પીગળે નહીં (૩) તેમના કરુણ વિલાપ આદિથી વિચલિત થાય નહીં (૪) પ્રલોભનોમાં લલચાય નહિ અને ભયથી ગભરાઈને ડગે નહિ (૫) તેઓની વાતોમાં જરાપણ રુચિ બતાવે નહીં (૬) તેઓની સંયમથી ભ્રષ્ટ કરનારી શિખામણો પર વિચાર કરે નહીં અને (૭) અસંયમી જીવનની જરા પણ આકાંક્ષા કરે નહીં.

**अण्णे अण्णेहिं मुच्छिया, मोहं जंति...पुणो पगब्भिया :–** માતાપિતા આદિ અસંયમી લોકોના પ્રલોભનોમાં જે લલચાય જાય, ભય દેખાડવાથી મૂર્છિત થઈ જાય તેવા અપરિપક્વ સાધુ સુદીર્ઘ કાળનું મહામૂલું, અતિ દુર્લભ સંયમ ધન ખોઈને અસંયમી બની જાય છે. તે મૂઢ સાધક, ગૃહસ્થ જીવનમાં આવી પોતાના સ્વજન– પરિજનોમાં અથવા કામભોગોમાં એટલો આસક્ત થઈ જાય કે તે કોઈપણ પ્રકારના પાપ કરવામાં સંકોચ અનુભવતો નથી. ગૃહસ્થ યોગ્ય ધાર્મિક મર્યાદાઓનું પણ પાલન કરી શકતો નથી. સંયમભ્રષ્ટ પુરુષ અઢારે પ્રકારના પાપો કરવામાં નીંભર અને નિરંકુશ બની જાય છે.

**अण्णे अण्णेहिं मुच्छिया :–** આદિ પાઠથી શાસ્ત્રકારે સાધુઓને સાવધાન કર્યા છે કે મંદપરાક્રમી, આચારવિચારમાં શિથિલ, સાધુતામાં અપરિપક્વ, અસંયમમાં રુચિ રાખનાર જ સંયમથી ભ્રષ્ટ થાય છે પણ તમે કયારે ય તેવા બનતા નહી. મહાકિંમતી સંયમધનને ગુમાવતા નહીં.

## કર્મવિદારક વીરોને ઉપદેશ :–

**૨૧** **तम्हा दवि इक्ख पंडिए, पावाओ विरएऽभिणिव्वुडे ।**
**पणया वीरा महावीहिं, सिद्धिपहं णेयाउयं धुवं ॥**

**શબ્દાર્થ :–** **दवि** = મોક્ષાર્થી, **इक्ख** = વિચાર કરીને, **पावाओ** = પાપથી, **विरए** = નિવૃત્ત થઈને, **अभिणिव्वुडे** = શાંત થઈ જાઓ, **वीरे** = કર્મનું વિદારણ કરવામાં સમર્થ પુરુષ, **महाविहिं** = મહામાર્ગને, **पणया** = પ્રાપ્ત કરે છે, **सिद्धिपहं** = જે મહામાર્ગ સિદ્ધિનો માર્ગ, **णेयाउयं** = તથા મોક્ષથી નજીક લઈ જનાર, **धुवं** = ધ્રુવ છે.

**ભાવાર્થ :–** મોક્ષાર્થી પંડિત સાધક આંતર્નિરીક્ષણ કરીને પાપકર્મોથી વિરત થઈ પરમ શાંત થઈ જાય છે. સંયમના આ મહામાર્ગ પ્રત્યે વીર પુરુષ સમર્પિત હોય છે. આ જ સિદ્ધિપથ છે, મોક્ષ તરફ લઈ જનાર અટલ–ધ્રુવ માર્ગ છે.

**૨૨** **वेयालियमग्गमागओ, मण वयसा काएण संवुडो ।**
**चिच्चा वित्तं च णायओ, आरंभं च सुसंवुडे चरे ॥ त्ति बेमि ॥**

**શબ્દાર્થ :– वेयालियमग्गं** = કર્મનું વિદારણ કરવામાં સમર્થ માર્ગમાં, **सुसंवुडे चरे** = સંવૃત્ત–ઉત્તમ સંયમી થઈને વિચરવું જોઈએ.

**ભાવાર્થ :–** હે સાધુઓ ! તમે કર્મોને નાશ કરવાના સમર્થ એવા માર્ગ પર આવી ગયા છો, તેથી મન, વચન, કાયાથી સંવૃત બની ધનસંપતિ તથા જ્ઞાતિજનો તેમજ સાવદ્ય કાર્યોને છોડી, ઈન્દ્રિયસંયમી થઈને વિચરણ કરો !

**વિવેચન :–**

આ બન્ને ગાથામાં સુવિહિત સાધકોને મહાપથ પર ચાલવાનો ઉપદેશ આપ્યો છે. તેમાં આ મહાપથ પર ચાલનારની યોગ્યતા તથા ગુણોને બતાવતા સાત નિર્દેશ સૂત્રો આ પ્રમાણે છે. (૧) ભવ્ય–મોક્ષમાં જવાને યોગ્ય હોય (૨) આંતર્નિરીક્ષણ કરતા હોય ! (૩) સદ્–અસદ્‌ના વિવેકયુક્ત–પંડિત હોય (૪) પાપકર્મથી વિરત હોય (૫) કષાયોથી નિવૃત્ત–શાંત હોય, સિદ્ધ પથ, ન્યાયયુક્ત અને ધ્રુવ એવા મહામાર્ગ પર સમર્પિત હોય (૬) મન વચન કાયાથી સંયત–સંવૃત્ત હોય (૭) ધનસંપત્તિ, કુટુંબ કબીલા તેમજ પાપકારી આરંભ સમારંભનો ત્યાગ કરી ઉત્તમ સંયમી બનીને વિચરણ કરતા હોય.

**पणया वीरा महावीहिं :–** વીર = પરીષહ–ઉપસર્ગ અને કષાયસેના ઉપર વિજય પ્રાપ્ત કરનાર વીર્યવાન, આત્મશક્તિશાળી પુરુષ, મહાવીથી– મહામાર્ગ–સમ્યગ્દર્શન આદિ રૂપ મોક્ષમાર્ગ પ્રત્યે પ્રણત છે, સમર્પિત છે. અહીં **वीरा** નો અર્થ વૃત્તિકારે "કર્મ વિદારણ સમર્થ" એવો કર્યો છે. **महावीहिं** શબ્દના જ **सिद्धिपहं, णेयाउयं** તેમજ **धुवं** આ ત્રણ વિશેષણો છે. વૃત્તિકારે **णेयाउयं** નો અર્થ 'મોક્ષ તરફ લઈ જનારો' તેવો કર્યો છે. આવશ્યક સૂત્રના શ્રમણસૂત્રમાં તથા ઉત્તરાધ્યયન સૂત્રમાં **णेयाउयं** નો અર્થ ન્યાયયુક્ત કે ન્યાયપૂર્ણ કરવામાં આવ્યો છે. આચારાંગ સૂત્રના પ્રથમ અધ્યયનમાં પણ આ વાક્ય આવે છે.

**पणया वीरा महावीहिं** ના સ્થાને શીલાંક આચાર્યકૃત વૃત્તિ સહિત મૂળપાઠમાં **पणए वीरं महाविहिं** આ પ્રમાણે પાઠાંતર છે. ચૂર્ણિકારે એક વિશેષ પાઠાન્તરનું ઉદ્ધરણ કર્યું છે. **पणता वीधेतऽणुत्तरं** તેની વ્યાખ્યા આ પ્રમાણે છે. **एतदितिभावविधि जं भणिहामि, अणुत्तरं असरिसं, अणुत्तरं वा ठाणादि** આ ભાવવિધિ અનુત્તર અસદશ, અપ્રતિમ છે અથવા સ્થાનાદિ અનુત્તર છે. તેના પ્રતિ પ્રણત = સમર્પિત હોય.

**तम्हा दवि इक्ख पंडिए, पावाओ विरएऽभिणिव्वुडे :–** આ ગાથામાં સર્વ પ્રથમ આંતરિક નિરીક્ષણ કરવાનું કહેવામાં આવ્યું છે કે "સાધક પુરુષ ! તું મોક્ષાર્થી છો, પંડિત છો, માટે પાપકર્મોનાં પરિણામોનો વિચાર કરીને, પાપજનક જે કોઈપણ સ્થાન અથવા કાર્ય હોય તેનાથી વિરત થઈ, કષાય અને રાગદ્વેષ આદિથી સર્વથા નિવૃત્ત–શાંત થઈ જા. શાંત ચિતે આત્મભાવમાં રમણ કર.

**वेयालियमग्ग...चरेज्जासि :–** ભગવાન આદિનાથ ઋષભદેવે પોતાના પુત્રોને ઉપદેશ આપવાની

સાથે સમસ્ત મોક્ષમાર્ગના પથિક, ગૃહત્યાગી સાધુઓને ઉપદેશ આપ્યો છે કે હે સાધકો ! હવે તમે કર્મબંધનનો માર્ગ છોડીને પૂર્વોક્ત વીરતાપૂર્વક વિદારણમાં સમર્થ (વૈદારક) માર્ગ પર આવી ગયા છો. હવે તમારે સંયમપાલનનાં ત્રણ સાધનો– મન, વચન, કાયા પર નિયંત્રણ રાખવું જરૂરી છે. મનને સાવદ્ય–પાપયુક્ત વિચારોથી રોકી, નિર્વદ્ય–મોક્ષ તેમજ સંયમના વિચારોમાં, આત્મભાવમાં તલ્લીન કરો. વચનને પાપજનક શબ્દો વ્યક્ત કરવાથી રોકી, ધર્મ યુક્ત વચનો વ્યક્ત કરવામાં જોડી દ્યો અથવા મૌન રહો, કાયાને સાવદ્ય કાર્યોથી રોકીને નિર્વદ્ય સમ્યક્ ધર્માચરણમાં જોડી દ્યો. ધન, પરિવાર, સ્વજન અથવા ગૃહસ્થ જીવનપ્રત્યેનું આકર્ષણ સર્વથા છોડી દ્યો. મન તથા ઈન્દ્રિયોના વિજેતા, જાગૃત સંયમી બનીને આ મહાપથ પર વિચરણ કરો.

**॥ અધ્યયન ૨/૧ સંપૂર્ણ ॥**

## બીજો ઉદ્દેશક

**મદત્યાગ :–**

**१** **तयसं व जहाइ से रयं, इति संखाय मुणी ण मज्जइ ।**
**गोयण्णतरेण माहणे, अहऽसेयकरी अण्णेसिं इंखिणी ॥**

**શબ્દાર્થ :– तयसं व** = જેવી રીતે સર્પ પોતાની ત્વચાને, કાંચળીને, **जहाइ** = છોડી દે છે તે રીતે, **से** = તે સાધુ, **रयं** = આઠ પ્રકારની કર્મરજને છોડી દે છે, **इति** = એ પ્રમાણે, **संखाय** = જાણીને, **मुणीमाहणे** = અહિંસક મુનિ, **गोयण्णतरेण** = કોઈપણ ઉચ્ચ ગોત્રનો, **ण मज्जइ** = મદ કરતા નથી, **अण्णेसिं** = બીજાઓની, **इंखिणी** = નિંદા, **असेयकरी** = કલ્યાણનો નાશ કરનારી છે.

**ભાવાર્થ :–** જેમ સર્પ પોતાની ત્વચા (કાંચળી)ને ઉતારી નાખે છે, તેમ સાધુ આઠ પ્રકારના કર્મની રજને દૂર કરે છે. એ જાણીને માહણ–અહિંસાપ્રધાન મુનિ કોઈપણ ઉચ્ચ ગોત્રનો મદ ન કરે. બીજાની નિંદાને અશ્રેયકારી જાણી મુનિ અન્યની નિંદા ન કરે.

**२** **जो परिभवइ परं जणं, संसारे परियत्तइ महं ।**
**अदु इंखिणिया उ पाविया, इति संखाय मुणी ण मज्जइ ॥**

**શબ્દાર્થ :– परिभवइ** = તિરસ્કાર કરે છે, **संसारे** = તે સંસારમાં, **महं** = લાંબા કાળ સુધી, **परियत्तइ** = ભ્રમણ કરે છે, **अदु इंखिणिया** = પરનિંદા, **पाविया** = પાપ ઉત્પન્ન કરે છે.

**ભાવાર્થ :–** જે સાધક અન્ય વ્યક્તિનો તિરસ્કાર, પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે અવજ્ઞા કરે છે, તે લાંબાકાળ સુધી ચારગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરે છે. પરનિંદા–પાપિકા છે, પાપોની જનની છે. તેમ જાણી

મુનિ જાતિ આદિનો મદ ન કરે.

**३** **जे यावि अणायगे सिया, जे वि य पेसगपेसए सिया ।**
**जे मोणपयं उवट्ठिए, णो लज्जे समयं सया चरे ॥**

**શબ્દાર્થ :– जे यावि** = જે કોઈ, **अणायगे** = અનાયક–નાયકરહિત રાજા, ચક્રવર્તી આદિ છે, **जे वि य** = અને જે કોઈ, **पेसगपेसए सिया** = દાસના પણ દાસ છે, **जे** = જો તે, **मोणपयं** = મૌનપદ એટલે કે સંયમમાર્ગમાં, **उवट्ठिए** = ઉપસ્થિત થાય તો પછી, **णो लज्जे** = તેઓએ શરમાવું ન જોઈએ, પરંતુ, **सया** = સદા, **समयं चरे** = સિદ્ધાંત અનુસાર વિચરણ કરે.

**ભાવાર્થ :–** જેના કોઈ નાયક નથી તેવા ચક્રવર્તી આદિ રાજા હોય અથવા કોઈ દાસના પણ દાસ હોય જો તે સંયમમાર્ગમાં ઉપસ્થિત(દીક્ષિત) થાય તો તેને અભિમાન વશ કે હીનતાવશ શરમ લાવવી, અનુભવવી ન જોઈએ. તેઓએ તો હંમેશાં સિદ્ધાંત અનુસાર આચરણ કરવું જોઈએ.

**વિવેચન :–**

આ ત્રણ ગાથાઓમાં મુખ્યરૂપે મદત્યાગનો ઉપદેશ આપવામાં આવ્યો છે. મદત્યાગના વિવિધ દષ્ટિકોણ આ પ્રમાણે છે– ૧. સાધુ, કર્મ બંધકારી આઠ પ્રકારના મદનો ત્યાગ કરે ૨. મદાન્ધ થઈ અકલ્યાણકારી પરનિંદા ન કરે ૩. જાતિ આદિ મદને વશીભૂત થઈ પરનો તિરસ્કાર ન કરે ૪. લઘુતાગ્રંથી કે ગુરુતાગ્રંથીને વશ બની લજ્જાનો અનુભવ ન કરે અથવા રાજા કે નોકર કોઈપણ વ્યક્તિ દીક્ષા લઈ યાચના પરીષહ સમયે લજ્જા ન અનુભવે.

**इति संखाय मुणी ण मज्जइ :–**મદત્યાગનું આ મહત્વપૂર્ણ સૂત્ર છે. જાતિ, રૂપ, જ્ઞાન આદિ કોઈ પણ પ્રકારનો મદ પાપકર્મના બંધનું કારણ છે. જેવી રીતે સર્પ પોતાની કાંચળીને નિસ્પૃહ બની છોડી દે તેમ સાધુ કર્મના જનક જાતિ, ગોત્ર (કુળ), બળ, રૂપ, ધન–વૈભવ આદિ મદનો સર્વથા ત્યાગ કરે.

**अहऽसेयकरी अण्णेसिं इंखिणी :–** કોઈપણ સાધકમાં જાતિ, કુળ, બળ, રૂપ, તપ, લાભ, શાસ્ત્રજ્ઞાન, ઐશ્વર્યાદિ કોઈપણ મદ આવે તો તે બીજાનો ઉત્કર્ષ કે બીજાની ઉન્નતિને સહી શકતો નથી. બીજાની ઉન્નતિ, યશકીર્તિ, પ્રસિદ્ધિ, પ્રતિષ્ઠા આદિની વૃદ્ધિ જોઈને તે મનોમન ખેદ પામે છે, ઈર્ષ્યા કરે છે અને અન્યના દોષ જોવા પ્રયત્નશીલ રહે છે, તેઓની નિંદા, ચુગલી, ખોટા દોષારોપણ કે અપકીર્તિ કર્યા કરે છે. આ રીતે મદ કરી તે સાધક પાપકર્મોનો બંધ કરે છે.

**अदु इंखिणिया उ पाविया, इति संखाय मुणी ण मज्जइ :–** પરનિંદા ઉત્પન્ન કરનાર મદનો સર્વથા ત્યાગ કરવો જોઈએ. આ વાતને પુષ્ટ કરવા શાસ્ત્રકારે ગાથાના ઉત્તરાર્દ્ધમાં આ તથ્યને ફરીવાર પ્રગટ કર્યું છે. **इंखिणी** શબ્દનું સંસ્કૃતરૂપ **ईक्षिणी** છે. ઈક્ષિણીનો અર્થ છે જોનારી, બીજાના દોષ જોનારી પરદોષ દષ્ટિ. પરનિંદા, ચાડી, ચૂગલી, અપકીર્તિ, મિથ્યા દોષારોપણ વગેરે પરદોષ દર્શનના કારણે થાય

છે માટે આ બધાનો સમાવેશ પણ **इक्खिणी** માં કરવામાં આવે છે. વૃત્તિકારે **इंखिणी** નો અર્થ પરનિંદા કર્યો છે. સાધક અભિમાનના આવેશમાં આવીને જ અનેક પાપોની જનની ઈક્ષિણી–પરદોષ દષ્ટિને પોષે છે. તેથી મૂળથી જ મદને તિલાંજલિ આપવી જોઈએ.

**जो परिभवइ परं जणं...महं :–** બીજી ગાથાના પૂર્વાર્દ્ધમાં અભિમાનજન્ય આવેશના ભયંકર પરિણામનો સંકેત કર્યો છે. અભિમાનના કારણે વ્યક્તિ જાતિ, કુળ, વૈભવ, બળ, લાભ, શાસ્ત્રજ્ઞાન, તપ આદિમાં હીન વ્યક્તિનો તિરસ્કાર, અવજ્ઞા, અપમાન, અનાદર કરે છે, તેને ધિક્કારે છે, ખીજાય છે, મારે છે, વાતવાતમાં હલકા દેખાડવાનો પ્રયાસ કરે છે, પોતાની મોટાઈ બતાવીને બીજાને નગણ્ય–તુચ્છ બતાવે છે, શરમાવે છે, લાંછન લગાવે છે, ખૂંચે તેવા મર્મસ્પર્શી વચનો અથવા અપશબ્દો કહે છે. આ બધા "પર–પરિભવ"ની જ સંતતિ છે. તેથી મદથી ઉત્પન્ન થતો પર–પરિભવ–બીજાનો પરાભવ પણ ત્યાજ્ય છે.

**संसारे परियत्तइ महं :–** અન્યનો પરિભવ–પરાભવ, તિરસ્કાર કરનાર વ્યક્તિ ચિરકાળ પર્યંત સંસારમાં પરિભ્રમણ કરે છે. અન્યની અવજ્ઞા–પરિભવ કરવામાં અનેક પાપસ્થાનકોનું સેવન થાય છે. ઈર્ષા–દ્વેષ વગેરે કષાયો હોય તો જ અન્યની અવજ્ઞા, નિંદા થઈ શકે. કષાય ભાવહિંસા છે માટે પરાભવમાં હિંસા નામના પ્રથમ પાપસ્થાનકનું સેવન થાય છે.

બીજાની નિંદામાં મિથ્યા દોષારોપણ સંભવે છે માટે મૃષાવાદ નામના બીજા પાપસ્થાનકનું સેવન થઈ જાય છે.

સ્વાધ્યાય, ધ્યાન વગેરે આત્મકલ્યાણની પ્રવૃત્તિના બદલે પરાભવ, પરનિંદામાં સમય વ્યતીત થવાથી તીર્થંકરની આજ્ઞાના ઉલ્લંઘન રૂપ અદત્તાદાન નામના ત્રીજા પાપસ્થાનકનું સેવન થાય છે.

બ્રહ્મ એટલે આત્મામાં ચરવું–વિચરવું તે બ્રહ્મચર્ય. પરાભવના સમયે આત્મ સ્વરૂપમાં રમણ થઈ શકતું નથી માટે અબ્રહ્મના સેવનરૂપ ચોથા પાપસ્થાનકનું સેવન થઈ જાય છે.

બીજાની નિંદા સમયે ક્રોધ, રાગ, દ્વેષ હોય જ અને આ ક્રોધાદિ ભાવપરિગ્રહ છે માટે પાંચમાં પરિગ્રહ નામના પાપસ્થાનકનું સેવન થાય છે.

અન્યનો તિરસ્કાર ક્રોધ, રાગ–દ્વેષ દ્વારા જ થાય છે તથા પોતાને ગુણી, ઉચ્ચ માને ત્યારે જ બીજાનો પરાભવ કરી શકાય. માટે ક્રોધ, માનરૂપ છઠ્ઠા–સાતમાં પાપસ્થાનકનું સેવન થાય છે.

અન્યનો પરાભવ કરી, પોતાના માનને પોષવા માટે માયા, પૈશુન્ય, ચાડી–ચૂગલી, કપટ, કરે છે. ઉચ્ચ પદ પ્રાપ્તિનો લોભ પરાભવ સાથે સંકળાયેલ જ છે. અન્યના તિરસ્કાર, પરાભવ તે એક પ્રકારની પરનિંદા જ છે. વ્યક્તિ અન્યના પરાભવમાં આનંદનો અનુભવ કરે છે. આ રીતે અન્યનો પરાભવ કરવામાં ક્રમથી માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, પરપરિવાદ, રતિ–અરતિ, માયા–મૃષા, મિથ્યાદંસણ શલ્યરૂપ અઢારે પાપસ્થાનકનું સેવન થઈ જાય છે. પાપસ્થાનકોના સેવન દ્વારા કર્મબંધ કરી જીવ ચિરકાળ પર્યંત સંસારમાં પરિભ્રમણ કરે છે. માટે સાધુએ મદના આવેશમાં આવી કોઈની નિંદા,

તિરસ્કાર આદિ કરવા ન જોઈએ.

**णो लज्जे समयं सया चरे :–** માલિક અને દાસમાંથી દાસે પ્રથમ દીક્ષા ગ્રહણ કરી હોય અને માલિક પછી દીક્ષા ગ્રહણ કરે તો ભૂતપૂર્વ પદ–પ્રતિષ્ઠાના મદના કારણે તે મુનિ પૂર્વદીક્ષિત મુનિને વંદનાદિ કરવામાં અને તે પૂર્વદીક્ષિત સાધુની વંદનાદિ સ્વીકારવામાં હીન ભાવના કારણે શરમ ન અનુભવે.

**समयं सया चरे :–** બન્ને કોટીના સાધકોને આ વિવેકસૂત્ર આપવામાં આવ્યું કે તેઓ બન્ને જૈન સિદ્ધાંત સંમત આચરણમાં વિચરણ કરે. "મુનિપદ" તો હંમેશા સર્વત્ર વિશ્વવંદ્ય પદ છે. તેને પ્રાપ્ત કરી લીધા પછી ભૂતપૂર્વ જાતિ, કુળ આદિ બધું સમાપ્ત થઈ જાય છે. વીતરાગ મુનીન્દ્રના ધર્મ સંઘમાં આવીને બધા સાધુ સમાન થઈ જાય છે. તેથી અભિમાનવશ પૂર્વદીક્ષિત સાધુનો તિરસ્કાર ન કરે અને વંદનાદિ કરવામાં શરમ ન અનુભવે અર્થાત્ રાજા કે દાસ બંનેને સૂત્રના આદેશ અનુસાર આચરણ કરવું જોઈએ. અહીં **સમય** શબ્દ સિદ્ધાંત–શાસ્ત્રના અર્થમાં પ્રયુક્ત છે.

**સમતા :–**

**૪** **सम अण्णयरम्मि संजमे, संसुद्धे समणे परिव्वए ।**
**जे आवकहा समाहिए, दविए कालमकासि पंडिए ॥**

**શબ્દાર્થ :– संसुद्धे** = સમ્યક્ પ્રકારે શુદ્ધ, **समणे** = તપસ્વી સાધુ, **जे आवकहा** = જે જીવનપર્યંત, **अण्णयरंमि** = કોઈ પણ, **संजमे** = સંયમ સ્થાનમાં સ્થિત થઈને, **सम** = સમભાવ સાથે, **परिव्वए** = પ્રવ્રજ્યાનું પાલન કરે. **दविए** = તે મોક્ષાર્થી, **समाहिए** = સમાધિવાનને, શુભ અધ્યવસાય રાખતો થકો, **कालमकासी** = મરણપર્યંત સંયમનું અનુષ્ઠાન કરે.

**ભાવાર્થ :–** પાંચ પ્રકારના સંયમમાંથી કોઈપણ એક સંયમસ્થાનમાં સ્થિત થઈ મોક્ષાર્થી,પંડિત, શ્રમણ સમભાવપૂર્વક જીવન પર્યંત જ્ઞાનાદિ સમાધિથી યુક્ત રહે અને મરણપર્યંત પ્રવ્રજ્યાનું શુદ્ધ પાલન કરે.

**૫** **दूरं अणुपस्सिया मुणी, तीयं धम्ममणागयं तहा ।**
**पुट्ठे फरुसेहिं माहणे, अवि हण्णू समयंसि रीयइ ॥**

**શબ્દાર્થ :– दूरं** = મોક્ષને, **धम्मं** = જીવોના સ્વભાવને, **अणुपस्सिया** = જોઈને, **फरूसेहिं** = કઠોર વાક્ય અથવા લાકડી આદિનો, **पुट्ठे** = સ્પર્શ થાય, **अविहण्णू** = અથવા હનન કરવામાં આવે તોપણ, **समयंसि** = સંયમમાં જ, શાસ્ત્રાજ્ઞામાં જ, **रीयइ** = વિચરે.

**ભાવાર્થ :–** ત્રણે કાળની ગતિવિધિ પર મનન કરનાર મુનિ મોક્ષને તથા અતીત તેમજ અનાગતકાલીન જીવોના સ્વભાવને અર્થાત્ ભવ ભ્રમણ અને સંસારની દુઃખી અવસ્થાને જાણીને, સંયમમાં ઉપસ્થિત થતાં

કઠોર વાક્યો અથવા લાકડી આદિ દ્વારા પ્રહાર કે મારણાંતિક કષ્ટને સહન કરે અને શાસ્ત્રાજ્ઞા પ્રમાણે સંયમમાં વિચરણ કરે.

**૬** **पण्णसमत्ते सया जए, समया धम्ममुदाहरे मुणी ।**
**सुहुमे उ सया अलूसए, णो कुज्झे णो माणि माहणे ॥**

**શબ્દાર્થ :– पण्णसमत्ते** = પૂર્ણ બુદ્ધિમાન, **जए** = કષાયોને જીતે, **समया धम्मं** = સમતારૂપ ધર્મનો, **उदाहरे** = ઉપદેશ કરે, **सुहुमे उ** = સંયમના વિષયમાં, **अलूसए** = અવિરાધક થઈને રહે.

**ભાવાર્થ :–** પ્રજ્ઞામાં પરિપૂર્ણ એવા મુનિ સદા કષાયો પર વિજય પ્રાપ્ત કરે તથા સમતાધર્મનો ઉપદેશ આપે તેનો સ્વીકાર કરે, સંયમની કોઈ પ્રકારે વિરાધના ન કરે, તે માહણ–અહિંસકમુનિ ક્યારે ય ક્રોધ ન કરે, માન ન કરે.

**૭** **बहुजण णमणम्मि संवुडे, सव्वट्ठेहिं णरे अणिस्सिए ।**
**हरए व सया अणाविले, धम्मं पाउरकासि कासवं ॥**

**શબ્દાર્થ :– बहुजणणमणंमि** = ઘણા મનુષ્યોથી નમસ્કાર કરવા યોગ્ય એવા સાધુ ધર્મમાં, **संवुडे** = સાવધાન રહેનાર, **णरे** = સાધક મનુષ્ય, **सव्वट्ठेहिं** = સર્વ પદાર્થોમાંથી, **अणिस्सिए** = મમતાને હટાવીને, **हरए व** = તળાવની જેમ, **अणाविले** = નિર્મળ રહેતો થકો, **कासवं** = કાશ્યપગોત્રી ભગવાન મહાવીર સ્વામીના, **पाउरकासि** = પ્રગટ કરે.

**ભાવાર્થ :–** અનેક લોકો દ્વારા નમસ્કૃત–વંદનીય એવા સાધુધર્મમાં સાવધાન રહેનાર મુનિ સમસ્ત પદાર્થો કે ઈન્દ્રિય વિષયોમાં આસક્ત ન થતાં, અપ્રતિબદ્ધ થઈ સરોવરની જેમ હંમેશાં અનાવિલ–નિર્મળ રહી, કાશ્યપગોત્રીય ભગવાન મહાવીરના ધર્મને પ્રગટ કરે.

**૮** **बहवे पाणा पुढो सिया, पत्तेयं समयं समीहिया ।**
**जे मोणपयं उवट्ठिए, विरइं तत्थमकासि पंडिए ॥**

**શબ્દાર્થ :– समयं** = સમભાવથી, **समीहिया** = જોઈને, **मोणपयं** = સંયમમાં, **उवट्ठिए** = ઉપસ્થિત, **तत्थ** = તે પ્રાણીઓના ઘાતથી, **विरइं** = વિરતિ, **अकासि** = કરે.

**ભાવાર્થ :–** આ જગતમાં ઘણાં જુદા જુદા પ્રાણીઓ રહેલા છે, તે પ્રત્યેક પ્રાણીને સમભાવથી જોતાં સંયમમાં સ્થિત પંડિત સાધક પ્રાણીઓની હિંસાથી વિરત રહે.

**વિવેચન :–**

આ પાંચ ગાથામાં સાધુ માટે સમતા ધર્મનું પાલન અને સમતા ધર્મનો ઉપદેશ આપવાનો નિર્દેશ

છે. સાધક અનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિતિમાં પ્રત્યેક જીવો સાથે વ્યવહારમાં સમભાવને જ પરિપક્વ બનાવે. સમભાવ તે જ સંયમનો સાર છે. આ સમતાધર્મનું નિરૂપણ સરળ છે પરંતુ તેનું આચરણ કઠિન છે.

**પાઠાંતર :– पण्णसमत्ते** ના સ્થાને **पेण्हसमत्थे** પાઠ મળે છે. તેના બે અર્થ છે. (૧) પ્રશ્નોના ઉત્તર દેવામાં સમર્થ અને (૨) જેના પ્રશ્ન સમાપ્ત થઈ ગયા હોય તે સંશયાતીત કે સમાપ્ત પ્રશ્ન.

**समया धम्ममुदाहरे** ના સ્થાને **समिया धम्ममुदाहरे** પાઠાંતર છે. તેનો અર્થ છે સમતા ધર્મનું પ્રરૂપણ કરે અથવા સમતાધર્મનું ઉદાહરણ–આદર્શ રજૂ કરે.

**समयं समीहिया** ના સ્થાને **समयं उवेहिया** પાઠાંતર મળે છે. તેનો અર્થ છે– પ્રત્યેક પ્રાણીમાં દુઃખની અપ્રિયતા, સુખની પ્રિયતા સમાન ભાવથી જાણીને.

**પરિગ્રહ ત્યાગ :–**

**૯** **धम्मस्स य पारए मुणी, आरंभस्स य अंतए ठिए ।**
**सोयंति य णं ममाइणो, णो य लभंति णियं परिग्गहं ॥**

**શબ્દાર્થ :– पारए** = પારગામી, **अंतए** = દૂર, રહિત, અભાવમાં, **ठिए** = સ્થિતપુરુષ, **मुणी** = મુનિ કહેવાય છે, **ममाइणो** = મમતાવાળા પુરુષો, મમત્વ કરનાર, **सोयंति य** = શોક કરે છે.

**ભાવાર્થ :–** જે પુરુષ ધર્મના પારગામી અને આરંભના અભાવમાં સ્થિત હોય અર્થાત્ નિરારંભી હોય તેને મુનિ સમજવા. મમત્વયુક્ત પુરુષ પરિગ્રહ માટે શોક કરે છે અને શોક કરવા છતાં પણ તે પોતાના ઈચ્છિત પરિગ્રહ રૂપ પદાર્થને મેળવી શકતા નથી.

**૧૦** **इहलोग दुहावहं विऊ, परलोगे य दुहं दुहावहं ।**
**विद्धंसणधम्ममेव तं, इति विज्जं कोऽगारमावसे ॥**

**શબ્દાર્થ :– इहलोग** = આ લોકમાં, **दुहावहं** = દુઃખ દેનાર, **परलोगे य** = અને પરલોકમાં પણ, **दुहं दुहावहं** = અત્યંત દુઃખ દેનારા છે, **विऊ** = એમ જાણો, **तं** = તે, **विद्धंसण धम्ममेव** = નશ્વર સ્વભાવવાળા છે, **इति विज्जं** = એમ જાણનારો, **को** = કયો પુરુષ, **अगारं** = ગૃહવાસમાં, **आवसे** = નિવાસ કરે.

**ભાવાર્થ :–** સોનુ, ચાંદી વગેરે પદાર્થો અને સ્વજન વર્ગનો પરિગ્રહ આ લોકમાં અને પરલોકમાં પણ દુઃખને ઉત્પન્ન કરનાર છે તથા તે પરિગ્રહ વિદ્વંસ–વિનશ્વર સ્વભાવવાળો છે, એવું જાણનાર કયો પુરુષ ગૃહસ્થપણામાં નિવાસ કરી શકે ?

**વિવેચન :–**

આ બન્ને ગાથાઓમાં પરિગ્રહ ત્યાગની પ્રેરણા આપવામાં આવી છે. ગાથામાં અપરિગ્રહી મુનિની

બે યોગ્યતા બતાવી છે.

**धम्मस्स य पारए आरंभस्स य अंतए ठिए :**–(૧) શ્રુત ચારિત્રરૂપ ધર્મના સિદ્ધાંતોમાં પારંગત હોય, (૨) જે આરંભનાં કાર્યોથી દૂર રહેતા હોય. જે આ બે યોગ્યતાઓથી યુક્ત ન હોય તે મુનિધર્મના સિદ્ધાંતોથી અજાણ છે, તે આરંભમાં આસક્ત રહે છે, ધર્માચરણ કરવામાં કાયર રહે છે, તે ઈષ્ટ પદાર્થો અને ઈષ્ટજનોને "તેઓ મારા છે, તેમના પર મારું સ્વામિત્વ છે," એમ માને છે. તેના વિયોગમાં ઝુરે છે, શોક કરે છે પરંતુ તે પદાર્થ તેમના હાથમાં આવતા નથી. તાત્પર્ય એ છે કે આટલી આકુળતા વ્યાકુળતા કરવા છતાં પણ તેઓ તે પદાર્થને પ્રાપ્ત કરી શકતા નથી અને ધર્મમાં સ્થિત થઈ શકતા નથી.

આ ગાથાનો અર્થ આ પ્રમાણે પણ કરવામાં આવે છે– જે મુનિ ધર્મમાં પારંગત છે અને આરંભકાર્યોથી પર છે, તેમના પ્રત્યે મમત્વ અને આસક્તિ યુક્ત સ્વજન તેમની પાસે આવીને શોક, વિલાપ અને રુદન કરે, સાધુને સંસારમાં લઈ જવાનો પ્રયત્ન કરે તોપણ તેઓ પોતાના તે મમત્વના કેન્દ્ર એવા સાધુને પ્રાપ્ત કરી શકતા નથી, તેને વશ કરી શકતા નથી.

અહીં પરિગ્રહની ત્યાજ્યતાના બે કારણો બતાવ્યાં છે. (૧) સાંસારિક પદાર્થ અને સ્વજનવર્ગ પ્રત્યે પરિગ્રહ(મમત્વ) રાખે છે, તે આ લોકમાં તો દુઃખી થાય જ છે, પરલોકમાં પણ દુઃખ પામે છે. (૨) પરિગ્રહથી પોતાના માનેલા સજીવ–નિર્જીવ બધા પદાર્થો નાશવંત છે.

**इह लोग दुहावहं :**– ધન, સોનુ–ચાંદી, જમીન, મકાન આદિ નિર્જીવ પદાર્થો પ્રત્યેનું મમત્વ આ લોકમાં ચાર રીતે દુઃખદાયક છે. ૧. પદાર્થોને પ્રાપ્ત કરવામાં દુઃખ ૨. તેની રક્ષા કરવામાં દુઃખ ૩. તેના વ્યયમાં દુઃખ તથા ૪. તેના વિયોગમાં દુઃખ.

આ રીતે માતાપિતા આદિ સ્વજનો પ્રત્યેનું મમત્વ પણ દુઃખદાયી છે. રોગ, કષ્ટ, નિર્ધનતા, સંકટ સમયે સ્વજનોની સહાયતા તથા સુરક્ષાની આશા પ્રાયઃ સફળ થતી નથી. સ્વાર્થપૂર્તિ ન થાય તો સ્વજન પણ સાથ આપતા નથી. આ રીતે પરિગ્રહ આ લોકમાં દુઃખદાયી છે.

**परलोगे य दुहं दुहावहं :**– આ લોકમાં ઈષ્ટ પદાર્થો પર કરેલા રાગના કારણે જે કર્મબંધન થાય, તેના ફળસ્વરૂપે પરલોકમાં ઘણાં દુઃખ ભોગવવાં પડે છે. તે દુઃખોને ભોગવતી વખતે શોક, ચિંતા અથવા વિષાદ ને વશ નવાં કર્મબંધન થાય છે, ફરી દુઃખ પામે છે, આ પ્રમાણે દુઃખપરંપરા વધતી જાય છે.

**विद्धंसणधम्ममेव तं :**– જેના પર મમત્વ રાખવામાં આવે છે તે સજીવ, નિર્જીવ પદાર્થો નાશવંત છે. તે દ્રવ્યોની પર્યાય સમયે સમયે બદલાય જ જાય છે. વ્યક્તિ પોતે મૃત્યુ પામે ત્યારે પરિગ્રહનો વિયોગ થાય છે. જીવન દરમ્યાન તે પરિગ્રહભૂત વસ્તુ–વ્યક્તિ નાશ પામી જાય છે માટે આવા નાશવંત પદાર્થ પ્રત્યે મમત્વ શું રાખવું ?

**इति विज्जं कोऽगारमावसे :**– શાસ્ત્રકાર સ્પષ્ટ કહે છે કે પરિગ્રહને બન્ને લોકમાં દુઃખદાયી તેમજ વિનાશી જાણીને કયો જ્ઞાની પરિગ્રહના ભંડારસમાન ગૃહસ્થાવસ્થામાં આવાસ કરશે ? કોણ તે ગૃહપાશમાં

ફસાશે ? અર્થાત્ પરિગ્રહની વિનશ્વરતા અને દુઃખદાયીપણું જે જાણી લે તે પરિગ્રહનો ત્યાગ કરી દે છે.

## વંદના–પૂજા સાધુ માટે કીચડ અને શલ્ય સમાન :–

**૧૧** **महयं परिगोव जाणिया, जा वि य वंदण–पूयणा इहं ।**
**सुहुमे सल्ले दुरुद्धरे, विउमंता पयहेज्ज संथवं ॥**

**શબ્દાર્થ :– महयं** = મહાન, જીવોનો પરિચય એ, **परिगोवं** = કીચડ છે, **जाणिया** = એમ જાણીને, **जा वि य** = જે કંઈ પણ, **इहं** = આ લોકમાં, **वंदण पूयणा** = વંદન અને પૂજન છે તથા તે, **सुहुमे** = સૂક્ષ્મ, **सल्ले** = શલ્ય રૂપ છે, **दुरूद्धरे** = તેનો ઉદ્ધાર કરવો કઠિન છે, તેને જીવનમાંથી દૂર કરવો કઠિન છે, **विउमंता** = વિદ્વાન્ પુરુષ, **संथवं** = તેથી સાધુ ગૃહસ્થના અતિ પરિચયને, **पयहेज्ज** = છોડી દે.

**ભાવાર્થ :–** આ લોકના વંદન–પૂજન, નમસ્કાર એ મોટો પરિગોપ–કીચડ જેવા છે તેમ જાણી વિદ્વાન મુનિ તેનો ગર્વ ન કરે. કારણ કે ગર્વ સૂક્ષ્મ શલ્ય છે, જેને કાઢવો મુશ્કેલ છે અને તેના માટેના નિમિત્ત રૂપ સાંસારિક લોકોના પરિચયનો ત્યાગ કરે.

### વિવેચન :–

સાંસારિક મનુષ્યોનો અતિપરિચય તથા વંદન, પૂજનથી ઉત્પન્ન ગર્વ સાધક માટે નુકશાનકારક છે તે આ ગાથામાં બતાવ્યું છે.

**महयं परिगोव जाणिया :–** સાંસારિક જનોનો અતિપરિચય સાધકો માટે પરિગોપ છે, પંક–કીચડ સમાન છે. પરિગોપ બે પ્રકારના છે. (૧) દ્રવ્ય પરિગોપ અને (૨) ભાવ પરિગોપ. કીચડને દ્રવ્યપરિગોપ કહેવામાં આવે છે અને આસક્તિને ભાવપરિગોપ કહેવામાં આવે છે. કીચડમાં પગ પડવાથી માણસ લપસી પડે છે અથવા તેમાં ફસાઈ જાય છે. એવી જ રીતે સંસારીજનોના અતિપરિચયથી સાધક તેમાં ફસાઈ જાય છે. અપરિપક્વ સાધુને ધનવાનો, ભક્તો, સત્તાધારીઓનો પરિચય સોહામણો લાગે છે પણ તે કીચડના કળણ જેવો છે. કળણમાં વ્યક્તિ ફસાય તો ઊંડોને ઊંડો ઉતરતો જાય છે. કળણમાંથી વ્યક્તિને બહાર કાઢવો મુશ્કેલ છે. તેમ ગૃહસ્થના અતિપરિચયના કારણે સાધક જીવનના અનુષ્ઠાનો, જ્ઞાન, ધ્યાન, તપ, સંયમ અને આવશ્યક ક્રિયાથી સાધુ વિમુખ બની જાય છે. ગૃહસ્થના રાગે રંગાઈ કર્મબંધ કરે છે. ગૃહસ્થનો પરિચય સાધનાનું વિઘ્ન છે, તેમ સમજી સાધકે તેનાથી દૂર રહેવું જોઈએ.

**जा वि वंदणपूयणा इह :–** મુનિધર્મમાં દીક્ષિત સાધુના ત્યાગ વૈરાગ્યને જોઈને મોટા મોટા ધનવાન, શાસક અધિકારી લોકો તેના પરિચયમાં આવે છે. તેની કાયાથી, વચનથી વંદના, ભક્તિ, પ્રશંસા કરે છે અને વસ્ત્રપાત્ર આદિ દ્વારા તેના પૂજા–સત્કાર અથવા ભક્તિ કરે છે. મોટા ભાગના સાધુ આ વંદના તેમજ પૂજા પ્રાપ્ત થતાં ગર્વથી ફૂલાઈ જાય છે. ભગવાને ગર્વને શલ્ય–કાંટો કહેલ છે. ગર્વ એ પાપસ્થાનક છે.

કર્મબંધ કરાવી અનંત સંસારમાં પરિભ્રમણ કરાવે છે. જે આ વંદના–પૂજા પ્રાપ્ત થાય છે તે કર્મના ઉપશમનું ફળ છે, તેનો ગર્વ કરવો ન જોઈએ. અહીં વૃત્તિકાર એક ગાથા ઉદ્ધૃત કરી છે–

**पलिमंथ महं विजाणिया, जा वि य वंदणपूयणा इधं ।**
**सुहुमं सल्लं दुरुल्लसं, तं पि जिणे एएण पंडिए ॥**

**અર્થ :–** સ્વાધ્યાય, ધ્યાનપરાયણ તેમજ એકાન્તસેવી, નિઃસ્પૃહ સાધુનો, જે સંસારી લોકો દ્વારા વંદન પૂજન આદિ રૂપે સત્કાર કરવામાં આવે છે તે સાધુધર્મના સદ્અનુષ્ઠાન કે સદ્ગતિમાં મહાન પલિમન્થ–વિઘ્નકારક છે. તો પછી શબ્દાદિ વિષયોમાં આસક્તિનું તો કહેવું જ શુ? તેથી બુદ્ધિમાન સાધક આ દુરુદ્ધર સૂક્ષ્મ શલ્યને છોડી દે.

આ ઉદ્ધૃત ગાથા પણ મૌલિક ગાથાના ભાવોની પૂરક જ છે. આ પ્રકારની ગાથાઓ ક્યારે ય ભાષ્ય રૂપે રચાયેલી હોવી જોઈએ પરંતુ અનુમાનથી આવી ગાથાઓને પાઠાંતર કે વાચનાંતર માનવાનું પ્રચલન છે.

ચૂર્ણિકાર **महयं पलिगोपजाणिया** ને બદલે **महता पलिगोहजाणिया** પાઠાંતર માનીને અર્થ કરે છે. **परिगोहो णाम परिष्वंग...भावे अभिलाषो बाह्याभ्यन्तरवस्तुषु ।** પરિગોહ એટલે પરિષ્વંગ–આસક્તિ, પંક દ્રવ્ય પરિગોહ કહેવાય છે, જે મનુષ્યના અંગોમાં ચિટકી જાય છે. બાહ્ય અભ્યંતર પદાર્થોની અભિલાષા–લાલસા ભાવપરિગોહ કહેવાય છે.

### એકલવિહારી મુનિ–ચર્યા :–

**१२** **एगे चरे ठाणमासणे, सयणे एगे समाहिए सिया ।**
**भिक्खू उवहाणवीरिए, वइगुत्ते अज्झप्पसंवुडे ॥**

**શબ્દાર્થ :– वइगुत्ते** = વચનગુપ્ત, **अज्झप्पसंवुडे** = મનથી ગુપ્ત, **उवहाणवीरिए** = અને તપમાં વીર્ય પ્રગટ કરનાર, **चरे** = વિચરે, **ठाणं** = એકલો જ કાયોત્સર્ગ કરે. તેમજ, **आसणे सयणे एगे** = આસન તથા શયન આદિ પણ એકલો જ કરતો, **समाहिए सिया** = ધર્મધ્યાનથી યુક્ત રહે, સંયમની સમાધિમાં રહે.

**ભાવાર્થ :–** ભિક્ષુ વચનથી ગુપ્ત અને અધ્યાત્મ–સંવૃત્ત એટલે મનથી ગુપ્ત તથા તપોબલી થઈને એકલો વિચરણ કરે. કાયોત્સર્ગ, આસન અને શયન પણ એકલો જ કરે અને સમાધિયુક્ત–ધર્મધ્યાન યુક્ત થઈને રહે.

**१३** **णो पीहे ण यावपंगुणे, दारं सुण्णघरस्स संजए ।**
**पुट्ठे ण उदाहरे वयं, ण समुच्छे णो संथरे तणं ॥**

**શબ્દાર્થ :– णो पीहे** = બંધ ન કરે, **ण याव पंगुणे** = ન ખોલે, **पुट्ठे** = કોઈ કંઈ પૂછે તો, **वयं** =

વચન, જવાબ, **ण उदाहरे** = ન બોલે, **ण समुच्छे** = તે મકાનનો કચરો ન કાઢે, **तणं** = તૃણ (ઘાસ) પણ, **णो संथरे** = પાથરે નહિ.

**ભાવાર્થ :–** એકલા વિચરતા અભિગ્રહધારી તે સંયમી સાધુ સૂના ઘરનું દ્વાર ખોલે નહીં અને બંધ કરે નહિ. કોઈ પૂછે ત્યારે કાંઈ બોલે નહીં. તે સ્થાનનો કચરો કાઢે નહીં અને ઘાસ પણ બિછાવે નહીં.

**१४** **जत्थऽत्थमिए अणाउले, सम–विसमाणि मुणीऽहियासए ।**
**चरगा अदुवा वि भेरवा, अदुवा तत्थ सिरीसिवा सिया ॥**

**શબ્દાર્થ :– अणाउले** = વ્યાકુળ થયા વિના રહી જાય, **चरगा** = ત્યાં જો મચ્છર, **भेरवा** = ભયાનક પ્રાણી, **सिरीसिवा** = સર્પ આદિ હોય તોપણ, **तत्थ** = ત્યાં, **सिया** = હોય.

**ભાવાર્થ :–** જ્યાં સૂર્ય અસ્ત થઈ જાય ત્યાં તે મુનિ વ્યાકુળ થયા વિના રહી જાય. કાર્યોત્સર્ગ, આસન તેમજ શયન આદિનાં સમ–વિષમ, અનુકૂળ અથવા પ્રતિકૂળ સ્થાન હોય તો તેને સહન કરે. ત્યાં જો ડાંસ, મચ્છર આદિ હોય, ભંયકર પ્રાણી અથવા સાપ આદિ હોય તો પણ મુનિ આ પરીષહોને સમ્યક્ રૂપે સહન કરે.

**१५** **तिरिया मणुया य दिव्वगा, उवसग्गा तिविहाऽहियासिया ।**
**लोमादीयं पि ण हरिसे, सुण्णागारगए महामुणी ॥**

**શબ્દાર્થ :– लोमादीयं** = ભયથી પોતાનાં રોમ આદિને પણ, **ण हरिसे** = હર્ષિત ન કરે, રોમાંચિત ન કરે.

**ભાવાર્થ :–** શૂન્યઘરમાં સ્થિત મહામુનિ તિર્યંચકૃત, મનુષ્યકૃત તેમજ દેવકૃત ત્રિવિધ ઉપસર્ગોને સહન કરે. ભયથી રુંવાડા પણ ઊભા થવા ન દે અર્થાત્ અંશમાત્ર પણ ભયભીત ન થાય.

**१६** **णो अभिकंखेज्ज जीवियं, णो वि य पूयणपत्थए सिया ।**
**अब्भत्थमुवेंति भेरवा, सुण्णागारगयस्स भिक्खुणो ॥**

**શબ્દાર્થ :– जीवियं** = અસંયમ જીવનની, **णो अभिकंखेज्ज** = ઈચ્છા ન કરે, **णो वि य पूयणपत्थए सिया** = પૂજાનો પ્રાર્થી ન બને, પૂજાનો ઈચ્છુક ન બને, **अब्भत्थं** = અભ્યસ્ત, **उवेंति** = થઈ જાય છે.

**ભાવાર્થ :–** પૂર્વોક્ત–ઉપસર્ગોથી પીડિત સાધુ અસંયમ જીવનની ઈચ્છા ન કરે, પૂજા સત્કારના પ્રાર્થી ન બને. શૂન્યગૃહમાં સ્થિત તે સાધુ ભૈરવ–ભયંકર પ્રાણીકૃત ઉપસર્ગથી અભ્યસ્ત થઈ જાય છે.

**१७** **उवणीयतरस्स ताइणो, भयमाणस्स विवित्तमासणं ।**
**सामाइयमाहु तस्स जं, जो अप्पाणं भए ण दंसए ॥**

**શબ્દાર્થ :– उवणीयतरस्स** = ઉપનીતતર, જેણે પોતાના આત્માને જ્ઞાનમાં સ્થાપિત કર્યો છે, **ताइणो** = જે પોતાની અને બીજાની રક્ષા કરે છે, **विवित्त** = સ્ત્રી,પશુ, નપુંસક રહિત, **आसणं** = સ્થાનનું જે, **भयमाणस्स** = સેવન કરે છે, **आहु** = તીર્થંકરોએ કહ્યું છે.

**ભાવાર્થ :–** જેણે પોતાના આત્માને જ્ઞાનાદિમાં સ્થાપિત કર્યો છે. જે સ્વ–પર રક્ષક છે, જે સ્ત્રી, પશુ, નપુસંકના સંસર્ગથી રહિત, વિવિક્ત સ્થાનનું સેવન કરે છે તથા જે પોતાના આત્મામાં ભય પ્રદર્શિત કરતા નથી અર્થાત્ જે ભયભીત ન બને તે સાધુનું જ સામાયિક ચારિત્ર તીર્થંકરોએ કહ્યું છે.

**१८** **उसिणोदगतत्तभोइणो, धम्मट्ठियस्स मुणिस्स हीमओ ।**
**संसग्गि असाहु राइहिं, असमाही उ तहागयस्स वि ॥**

**શબ્દાર્થ :– उसिणोदगतत्तभोइणो** = ઠંડુ કર્યા વિનાનું ગરમ પાણી પીનારા, **धम्मट्ठियस्स** = શ્રુત અને ચારિત્ર ધર્મમાં સ્થિત, **हीमओ** = અસંયમથી લજ્જિત થનારા, **मुणिस्स** = મુનિને, **राइहिं** = રાજા આદિ સાથે, **संसग्गि** = સંસર્ગ કરવો, **असाहु** = ખરાબ છે, **तहागयस्सवि** = તે શાસ્ત્રોક્ત આચાર પાળનારનો પણ, **असमाही** = સમાધિ ભંગ કરે છે.

**ભાવાર્થ :–** ગરમ પાણીને ઠંડુ કર્યા વિના ગરમ જ પીનારા, ધર્મમાં સ્થિત તેમજ અસંયમથી લજ્જિત મુનિઓએ રાજા આદિ સાથે સંસર્ગ કરવો સારો નથી. તે સંસર્ગ શાસ્ત્રોક્ત આચારપાલનમાં સ્થિત તથાગત મુનિની પણ સમાધિનો ભંગ કરે છે.

**વિવેચન :–**

આ સાત ગાથામાં એકાકી વિચરણ કરનાર, વિશિષ્ટ સાધુની યોગ્યતા તેમજ આચારસંહિતાની ઝાંખી કરાવી છે. સમૂહમાં રહેતા સાધુએ સમૂહની રીતિ નીતિ અનુસાર ચાલવું પડે છે. સામુહિકરૂપે કાર્યોત્સર્ગ, સ્વાધ્યાય, શયન તેમજ આસનનો ઉપયોગ કરવો પડે છે. સમૂહમાં રહેવાથી ગૃહસ્થોનો સંપર્ક વધારે રહે. સાધુને તેમના તરફથી સન્માન, પ્રતિષ્ઠા, કલ્પનીય યથોચિત સાધનો, સુખ સુવિધાઓ, યોગ્ય વસ્ત્ર, પાત્ર, આવાસસ્થાન(ઉતારા) આદિ મળતા રહે. એવા સમયે તે સાધુ જો સાવધાન ન રહે તો સંસર્ગજનિત દોષો અને ગર્વજનિત અનિષ્ટોથી બચી ન શકે. સાધુજીવનની સમાધિ અને યથાર્થ આનંદ પ્રાપ્ત કરવા માટે તથા વિશિષ્ટ ઉચ્ચસાધના માટે શાસ્ત્રકારે એકચર્યા સાધના બતાવી છે.

**एगे चरे ठाणामासणे सयणे एगे समाहिए :–** રાગદ્વેષ કષાય આદિથી બચવા માટે સાધુ એકલો વિચરણ કરે, એકલો જ કાયોત્સર્ગ કરે, એકલો જ રહે, બેસે અને એકલો જ સૂવે. એકચર્યા કે એકાકીચર્યામાં સાધકે દ્રવ્ય અને ભાવ બંને રીતે એકાકી વિચરવાનું હોય છે. બીજા સાધુ, શ્રાવકવર્ગની સહાયતા ન લેવી તે દ્રવ્ય એકાકીપણું છે અને રાગ–દ્વેષ આદિ દોષોથી તથા જનસંપર્ક જનિત દોષોથી રહિત એકમાત્ર આત્મભાવોમાં અથવા આત્મગુણોમાં રમણ કરવું તે ભાવ એકાકીપણું છે.

એકાકી વિચરણ કરનારા સાધુને કઠોર સાધના કરવી પડે છે, એકાકી વિચરણમાં સ્થાનની, આહારપાણીની અસુવિધા, સન્માન–સત્કારની અપ્રાપ્તિથી મનમાં વિહ્‌વળતા આવી જવી, વાણીમાં રોષ, કઠોરતા તેમજ અપશબ્દ આવી જાય કે ઉપદ્રવો આવે ત્યારે સમાધિનો ભંગ થાય, મનમાં રાગ, દ્વેષ, મોહના ઉભરા આવે તો એકચર્યામાં લાભને બદલે હાનિ જ થાય. એકચર્યાનો લાભ લેવા સાધકે એકચર્યા સ્વીકારતા પૂર્વે જ પોતાની જાતને એકચર્યાને યોગ્ય બનાવી લેવી જોઈએ.

આ ગાથાઓમાં એકલવિહારી સાધુની આચારસંહિતાનાં ૨૨ સૂત્રો ફલિત થાય છે તે આ પ્રકારે છે– (૧) એકચારી સાધુ સ્થાન (કાયોત્સર્ગાદિ), આસન અને શયન એકલો જ કરે (૨) બધી પરિસ્થિતિઓમાં સમાધિયુક્ત થઈને રહે (૩) મનોગુપ્ત, વચનગુપ્ત અને તપશ્ચર્યામાં પરાક્રમી રહે (૪) શૂન્યગૃહના દ્વાર ન ખોલે ન બંધ કરે (૫) પ્રશ્નનો ઉત્તર ન દે (૬) મકાનનો કચરો ન કાઢે (૭) ઘાસપણ ન બિછાવે (૮) જ્યાં સૂર્યાસ્ત થઈ જાય ત્યાં ક્ષોભરહિતપણે રોકાઈ જાય (૯) અનુકૂળ–પ્રતિકૂળ આસન, શયન અને સ્થાનને સહન કરે (૧૦) ત્યાં ડાંસ–મચ્છર આદિનો ઉપદ્રવ હોય અથવા ભયંકર રાક્ષસ આદિ હોય અથવા સર્પ આદિ હોય તો પણ સમભાવપૂર્વક સહન કરે (૧૧) શૂન્ય આગારમાં રહેલ સાધુ દિવ્ય(દેવસંબંધી), માનુષ(મનુષ્યસંબંધી) અને તિર્યંચગત ઉપસર્ગો આવે તેને સહન કરે (૧૨) ભયભીત ન બને (૧૩) ભયંકર ઉપસર્ગોથી પીડા પામે તો પણ ન તો જીવવાની ઈચ્છા કરે અને ન પૂજા(પ્રશંસા)ની પ્રાર્થના કરે (૧૪) ભયંકર પ્રાણીઓથી અભ્યસ્ત બની જાય (૧૫) પોતાના આત્માને જ્ઞાનાદિમાં સ્થાપિત કરે (૧૬) સ્વપરત્રાતા બને (૧૭) વિવિક્ત આસન સેવી હોય (૧૮) પોતાના આત્મામાં ભયનો સંચાર ન થવા દે (૧૯) ગરમ પાણી ગરમ જ પીએ, (ઠંડુ કરીને ન પીએ) (૨૦) શ્રુત ચારિત્રધર્મમાં સ્થિત રહે (૨૧) અસંયમથી લજ્જિત હોય (૨૨) રાજા આદિનો સંસર્ગ ન કરે.

ઉપરોક્ત ફલિત ૨૨ સૂત્રોમાં એકચારી સાધુ માટે કેટલીક કઠોર ચર્યાઓનો નિર્દેશ છે, તેનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે–

(૧) **णो पीहे ण याव पंगुणे** :– શૂન્ય ઘરનું દ્વાર ન ખોલે, ન બંધ કરે. વર્ષોથી સફાઈ કર્યા વિનાના હોય, નિર્જન–શૂન્ય મકાનમાં જાળા બાઝી ગયા હોય; કરોળિયા આદિ જીવજંતુનો તેમાં વસવાટ હોય; ચકલી, કબૂતર આદિ પક્ષીઓએ માળા બનાવેલા હોય; ગરોળી, સાપ, વીંછી આદિ ઝેરીલાં જંતુઓએ પણ ત્યાં પોતાનું સ્થાન જમાવેલું હોય; કીડા વગેરે ઉભરાયા હોય; તેવા શૂન્ય ઘરના દરવાજા ખોલતા કે બંધ કરતાં તે જીવોની વિરાધનાની સંભાવના રહે. તેથી સાધુ વર્ષા, ઠંડી કે ગરમીના પરીષહને સહન કરી લે પરંતુ તેના દ્વારને ખોલે પણ નહીં, બંધ પણ ન કરે.

(૨) **ण समुच्छे णो संथरे तणं** :– સફાઈ ન કરે, ઘાસ ન બિછાવે. દીર્ઘકાળથી સૂના પડેલા મકાનની સફાઈ કરવાનો અને ઘાસ પાથરવાનો નિષેધ, ત્યાં રહેનાર જીવજંતુઓની વિરાધના ન થાય તે માટે કરવામાં આવ્યો છે.

(૩) **पुट्ठे ण उदाहरे वयं** :– પૂછવા પર બોલે નહીં. સાધુને કાયોત્સર્ગમાં સૂના ઘરમાં ઊભેલા જોઈને ઘણા લોકો ચોર, ડાકુ, ગુપ્તચર, લૂંટારા અથવા અન્ય અપરાધી હોવાનો સંદેહ કરી તેમને પૂછે– કોણ છો ?

ક્યાંથી આવ્યો છો ? તે સમયે સાધુ મૌન રહે, ઉત્તર ન આપે. પ્રશ્ન થાય છે કે સર્વથા મૌન રહેવાથી લોકો ક્યારેક ક્રોધમાં આવી જઈને મારે, હેરાન કરે, તે સમયે સમભાવપૂર્વક સહન કરવાની શક્તિ ન હોય તો મુનિ શું કરે ? વૃત્તિકાર તેનું સમાધાન બે રીતે કરે છે.

(૧) જિનકલ્પી સાધુ અથવા અભિગ્રહધારી સાધુ નિરવદ્ય–પાપકારી ન હોય તેવી ભાષા પણ ન બોલે. લોકો પૂછે તો ઉત્તર ન આપે. લોકોના ક્રોધ, માર વગેરેને સમભાવથી સહન કરે.

(૨) સ્થવિરકલ્પી, ગચ્છગત સાધુ ધર્મ સંબંધિત ઉત્તર કે પરિચય સંબંધિત ઉત્તર નિરવદ્ય ભાષામાં આપી શકે છે. તેઓ સાવદ્ય–પાપકારી ભાષા ન બોલે.

(૪) **जत्थऽत्थमिए अणाउले** :– સૂર્ય અસ્ત થઈ જાય ત્યાં શાંતિથી રહી જાય. આ નિર્દેશની પાછળ રહસ્ય એ છે કે રાતના અંધારામાં સાપ, વીંછી આદિ દેખાય નહિ અને તે કરડી જાય; હિંસક, જંગલી પશુ આક્રમણ કરે; ચોર, લૂંટારા આદિના સંદેહમાં કોઈ પકડી લે; બીજા સૂક્ષ્મ અથવા સ્થૂલ જીવ પણ પગ નીચે આવીને કચડાઈ જાય. આ દોષોની સંભાવનાના કારણે સાધુ સૂર્યાસ્ત થાય ત્યાં રાત્રિ નિવાસ કરે.

(૫) **समविसमाणि मुणीऽहियासए** :– પ્રતિકૂળ તેમજ ઉપદ્રવયુક્ત સ્થાનમાં સમભાવથી પરીષહ સહે. કદાચ કોઈ ઊંચી–નીચી જગ્યાવાળું, ખાડા ટેકરાવાળું, ખુલ્લું અથવા બિલકુલ બંધ સ્થાન હોય; ડાંસ, મચ્છર આદિનો ઉપદ્રવ હોય; જંગલી જનાવરોનો ભય હોય; ઝેરી જંતુઓ નીકળે તો સાધુ વ્યાકુળ થયા વિના શાંતિથી તે પરીષહોને સહી લે પરંતુ તે જંતુઓની હિંસા થાય તેવું વર્તન ન કરે.

(૬) **उवसग्गा तिविहाऽहियासिया** :–દેવ, મનુષ્ય, તિર્યંચકૃત ઉપસર્ગને સમભાવથી સહન કરે. ઉપસર્ગ સમયે સાધક ભયભીત બની જાય, ઉપસર્ગને દૂર કરવા પ્રયત્ન કરે તો પોતાની સમાધિના ભંગ સાથે અન્ય જીવોની હિંસા અને પોતાની ભાવહિંસા થાય છે માટે ઉપસર્ગને સહન કરે.

(૭) **विवित्तमासणं** :– સ્ત્રી, પશુ, નપુંસક રહિત, ભીડ રહિત સ્થાનમાં રહે. કોલાહલયુક્ત જન–સમુદાયવાળા સ્થાનમાં રહેતા એકલચર્યાની સાધનાનો ઉદ્દેશ્ય પૂર્ણ ન થાય. સ્વાધ્યાય, ધ્યાન, કાયોત્સર્ગાદિમાં વિક્ષેપ પડે. તેથી વિવિક્ત શયનાસન ગ્રહણ કરે.

(૮) **संसग्गि असाहु राइहिं** :– રાજા આદિનો સંસર્ગ. લૌકિક સ્વાર્થ માટે આવતા લોકોના સતત સંપર્કથી એકલવિહારી સાધુની સાધના મંદ પડે છે માટે લોકોનો સંપર્ક વર્જ્ય છે.

(૯) **उसिणोदग तत्तभोइणो** :– ગરમ પાણીને ગરમ ગરમ જ પીએ. સ્વાદ વિજય તેમજ કષ્ટ સહિષ્ણુતાની દૃષ્ટિએ એકચારી સાધુનો આ વિશિષ્ટ આચાર બતાવ્યો છે.

**એકચર્યાની વિકટ સાધનાનો અધિકારી સાધક** :– એકચર્યાની વિશિષ્ટ સાધના, તેની યોગ્યતા તથા વિશિષ્ટ આચારસંહિતાને જોતાં આ કઠોર સાધનાનો અધિકારી કાંતો કોઈ વિશિષ્ટ અભિગ્રહધારી સાધનાશીલ સાધુને ઉદ્દેશીને કહેલ છે. સામાન્ય સ્થવિરકલ્પી સાધુને મકાનના દ્વાર ખોલવા, બંધ કરવા કે મકાનનું પરિમાર્જન કરવું તે નિષિદ્ધ નથી. પરંતુ આ ગાથાઓમાં આવી ઘણી બધી બાબતોનો વિધિનિષેધ

રૂપે ઉલ્લેખ કર્યો છે.

**णो अभिकंखेज्ज... भिक्खुणो** :– એકચારી સાધકમાં ઉપસર્ગાદિને સહેવાની આવી ક્ષમતાનું કારણ જણાવતા શાસ્ત્રકાર કહે છે શૂન્યઘરમાં સાધના માટે જતા સાધુને સર્વ પ્રાણીઓ મિત્રવત્ પ્રતીત થતાં હોવાથી તથા પોતાના જીવવાની આકાંક્ષા અને મૃત્યુનો ભય ન હોવાથી ઉપસર્ગોને તેઓ સહન કરી શકે છે.

### અધિકરણ વિવર્જના :–

**૧૯** **अहिगरणकडस्स भिक्खुणो, वयमाणस्स पसज्झ दारुणं ।**
**अट्ठे परिहायइ बहू, अहिगरणं ण करेज्ज पंडिए ॥**

**શબ્દાર્થ :– भिक्खुणो** = જે સાધુ, **अहिगरणकडस्स** = કલહ કરે છે, **पसज्झ** = અને પ્રગટરૂપે, **दारूणं** = ભયાનક(ઉગ્ર) વાક્ય, **वयमाणस्स** = બોલે છે, **अट्ठे** = પ્રયોજન, સંયમધન, **बहु** = અત્યંત, **परिहायइ** = નષ્ટ થઈ જાય છે.

**ભાવાર્થ :–** જે સાધુ અધિકરણ (કલહ અથવા વિવાદ) કરે છે અને પ્રગટ રૂપે કઠોરવચન બોલે છે, તેનું સંયમધન નષ્ટ થઈ જાય છે. તેથી પંડિત મુનિ અધિકરણ–કલહ ન કરે.

### વિવેચન :–

પ્રસ્તુત ગાથામાં સાધુ માટે અધિકરણ–કલહ સર્વથા વર્જ્ય કહ્યો છે. વાતમાં વધારો કરી, વાતને વળ ચડાવી અને વિવાદ ઊભો કરી, કલહ કરવો તે અધિકરણ છે. વાતવાતમાં જેનો અધિકરણ–ઝગડો કરવાનો સ્વભાવ થઈ જાય છે તેને અહીં "અધિકરણકર" કહ્યા છે. તેના બે લક્ષણો બતાવવામાં આવ્યાં છે. અધિકરણશીલ સાધુ રૌદ્રધ્યાન, ઈર્ષ્યા, રોષ, દ્વેષ, છિદ્રગવેષી, કલહ આદિ દોષગ્રાહી હોય તે પ્રગટ રૂપે ભયંકર કઠોર વચન બોલનાર હોય છે. અધિકરણ(કલહ) કરનાર સાધુનું સંયમરૂપી ધન લૂંટાઈ જાય છે અથવા તેનું મોક્ષરૂપી પ્રયોજન સર્વથા નષ્ટ થઈ જાય છે. કહ્યું છે કે,

**जं अज्जियं समीखल्लएहिं, तवणियमबंभमाइएहिं ।**
**मा हु तयं कलहंता, छड्डे अहसागपत्तेहिं ॥**

લાંબાકાળ સુધી કઠોરતપ, નિયમ તેમજ બ્રહ્મચર્ય આદિ દ્વારા જે સત્ફળ ઉપાર્જિત કર્યું છે, તેને તુચ્છ વાતો માટે કલહ કરી નષ્ટ ન કરો. એવો ઉપદેશ પંડિત પુરુષો આપે છે.

### સામાયિક–સાધકનો આચાર :–

**૨૦** **सीओदगपडिदुगंछिणो, अपडिण्णस्स लवावसक्किणो ।**
**सामाइयमाहु तस्स जं, जो गिहिमत्तेऽसणं ण भुंजइ ॥**

**શબ્દાર્થ :– सीओदगपडिदुगुंछिणो** = જે સાધુ કાચા પાણી પ્રત્યે દુર્ગંછા કરે છે, ત્યાગ કરે છે, **अपडिण्णस्स** = કોઈ પ્રકારની પૌદ્‌ગલિક કામના પૂર્તિની પ્રતિજ્ઞા–સંકલ્પ કરતા નથી, **लवावसक्किणो** = કર્મબંધથી કે તેના કારણોથી દૂર રહેનાર.

**ભાવાર્થ :–** જે સાધુ અપ્રાસુક પાણીનો ત્યાગ કરે છે, કોઈ પ્રકારની પૌદ્‌ગલિક કામનાપૂર્તિની પ્રતિજ્ઞા સંકલ્પ કરતા નથી, કર્મબંધનના કારણોથી દૂર રહે છે તથા જે ગૃહસ્થનાં ભાજન(વાસણ)માં ભોજન કરતા નથી, તે સાધુને સામાયિક ચારિત્રવાન અર્થાત્ સંયમી કહ્યા છે.

**૨૧** **ण य संखयमाहु जीवियं, तह वि य बालजणे पगब्भइ ।**
**बाले पावेहिं मिज्जइ, इति संखाय मुणी ण मज्जइ ॥**

**શબ્દાર્થ :– जीवियं** = પ્રાણીઓનું જીવન, આયુષ્ય, **ण य संखयं** = સંસ્કાર કરવા (જોડવા) યોગ્ય નથી તૂટેલું આયુષ્ય સંધાતુ નથી, **आहु** = એવું સર્વજ્ઞોએ કહ્યું છે, **पगब्भइ** = પાપ કરવામાં ધૃષ્ટતા કરે છે, **पावेहिं** = પાપ કરવામાં જ, **मिज्जइ** = જીવન વ્યતીત કરે છે, **ण मज्जइ** = આ જીવનનું મદ કરતા નથી.

**ભાવાર્થ :–** જીવન તૂટી જાય, આયુષ્ય પૂર્ણ થઈ જાય તેને કોઈ સંસ્કાર કરી શકતું નથી, જોડી શકતું નથી. એવું સર્વજ્ઞોએ કહ્યું છે, છતાં અજ્ઞાની મનુષ્ય પાપ કરવામાં ધૃષ્ટતા કરે છે, તે અજ્ઞાની મનુષ્ય પાપથી જીવન વ્યતીત કરે છે. આ જાણીને મુનિ આ જીવનનું અભિમાન કરતા નથી.

**૨૨** **छंदेण पलेइमा पया, बहुमाया मोहेण पाउडा ।**
**वियडेण पलेइ माहणे, सीउण्हं वयसाऽहियासए ॥**

**શબ્દાર્થ :– बहुमाया** = ઘણી માયા અને, **मोहेण** = મોહથી, **पाउडा** = આચ્છાદિત, **इमा** = આ, **पया** = પ્રજા, પ્રાણીઓ, **छंदेण** = પોતાના અભિપ્રાયથી, **पलेइ** = નરકાદિ ગતિઓમાં જાય છે, **माहणे** = સાધુ પુરુષ, **वियडेण** = કપટરહિત કર્મ દ્વારા, **पलेइ** = મોક્ષમાં અથવા સંયમમાં લીન થાય છે તથા, **वयसा** = મન, વચન અને કાયાથી.

**ભાવાર્થ :–** બહુમાયિક તેમજ મોહથી ઘેરાયેલા આ વિભિન્ન જાતિનાં પ્રાણીઓ પોતાના સ્વચ્છંદાચારને કારણે નરક આદિ ગતિઓમાં જાય છે, પરંતુ અહિંસા મહાવ્રતી મહામાહણ કપટ રહિત કર્મના કારણે મોક્ષ અથવા સંયમમાં વિચરણ કરે છે અને અનુકૂળ તથા પ્રતિકૂળ પરીષહોને મન, વચન, કાયાથી સહે છે.

## વિવેચન :–

આ ત્રણ ગાથાઓમાં શાસ્ત્રકારે સામાયિક સાધકના કેટલાક મૌલિક આચારસૂત્રો બતાવ્યાં છે. (૧) તે પ્રાસુક–અચિત્ત પાણીનો જ ઉપયોગ કરે છે (૨) કોઈપણ પ્રકારે ભૌતિક પદાર્થોની પ્રાપ્તિનો સંકલ્પ–પ્રતિજ્ઞા કરતા નથી (૩) કર્મબંધનના કારણોથી દૂર રહે છે (૪) ગૃહસ્થના ભાજન(વાસણ)માં

ભોજન કરતા નથી (૫) જીવનને ક્ષણભંગુર જાણી મદ(અભિમાન) કરતા નથી (૬) સ્વચ્છંદાચાર, માયાચાર તેમજ મોહપ્રવૃત્તિના દુષ્પરિણામ જાણી તેનો ત્યાગ કરી, સંયમ સાધનામાં લીન રહે છે (૭) અનુકૂળ પ્રતિકૂળ પરીષહોને મન, વચન, કાયાથી સમભાવપૂર્વક સહે છે.

(૧) **सीओदगपडिदुगच्छिणो** :– ઠંડા (સચિત્ત–અપ્રાસુક) પાણીના સેવન પ્રત્યે જુગુપ્સા રાખનાર સાધુ ગમે તેવો વિકટ પ્રસંગ હોય, જરા માત્ર પણ સચેતપાણીની ઈચ્છા ન કરે, કારણ કે પાણીના જીવોની વિરાધનાને તે આત્મવિરાધના સમજે છે.

(૨) **अपडिण्णस्स** :– પ્રતિજ્ઞા–કોઈપણ ઈષ્ટ, મનોજ્ઞ આ લોકસંબંધી કે પરલોકસંબંધી વિષયને પ્રાપ્ત કરવાનો સંકલ્પ કરે નહીં.

(૩) **लवावसक्किणो** :– લેશમાત્ર કર્મબંધનથી પણ દૂર રહેનાર. વૃત્તિકાર સંમત પાઠાંતર છે કે **लवावसप्पिणो** તેની વ્યાખ્યા કરી છે કે, **लवं कर्म तस्मात् अवसर्पिनः यदनुष्ठानं कर्मबंधोपादानरूपं तत्परिहारिण इत्यर्थः** અર્થાત્ લવ કર્મને કહે છે તેનાથી દૂર થઈ જનાર અર્થાત્ જે કાર્ય કર્મબંધનનું કારણ છે, તેને જાણીને છોડી દેનાર. તે લેશમાત્ર પણ કર્મબંધનના કારણોની પાસે જતો નથી અર્થાત્ કર્મબંધના કારણોથી દૂર રહે.

(૪)**गिहिमत्तेऽसणं ण भुंजइ** :– ગૃહસ્થના વાસણોમાં ભોજન ન કરે. સાધુ જો ગૃહસ્થના વાસણમાં ભોજન કરે તો ભોજન કર્યા પછી ગૃહસ્થ તે વાસણને સચેત પાણીથી ધોવે, તે ધોયેલા પાણીને અયત્નાથી ફેંકે, તે પાણી ગટર વગેરેમાં જાય તો અનેક જીવોની હિંસા થાય. ધાતુના વાસણ વાપરવા, ગૃહસ્થના વાસણ વાપરવાનો સાધુનો આચાર નથી. અહિંસા સમત્વની સાધના માટે સાધુ ગૃહસ્થના વાસણમાં ભોજન ન કરે.

(૫) **इति संखाय मुणी ण मज्जइ** :– જીવનને ક્ષણભંગુર જાણીને મુનિ મદ ન કરે. વૃત્તિકાર આ વાતને સ્પષ્ટ કરતાં કહે છે કે ખરાબ કાર્ય કરનારાઓમાં હું જ સત્કાર્ય કરનાર છું, હું જ ધર્માત્મા છું, અમુક મનુષ્ય તો પાપી છે, હું ઉચ્ચ ક્રિયાપાત્ર છું, આ બધા તો શિથિલાચારી છે. આ રીતે સાધુ અભિમાન ન કરે.

(૬) **छंदेण पलेति इमा पया** :– અજ્ઞાની લોકો પોતપોતાના સ્વચ્છંદ આચાર વિચારના કારણે તથા માયાપ્રધાન આચારના કારણે મોહનીયકર્મનો બંધ કરી નરક આદિ ગતિઓમાં જાય છે. સ્વછંદ બુદ્ધિના કારણે કેટલાક પશુઓની બલિ ચડાવે છે; કેટલાક લોકો પોતાના ધર્મસંઘ, આશ્રમ, મંદિર, સંસ્થા અથવા જાતિ આદિના નામે દાસી–દાસ અથવા પશુ તથા ધન ધાન્ય આદિનો પરિગ્રહ રાખે છે; લોકોને પોતાની તરફ આકર્ષિત કરવામાં, ક્રિયાકાંડોમાં ભરમાવી તેમની પાસેથી ધન એકઠું કરે છે. બાહ્ય શારીરિક શુદ્ધિમાં જ ધર્મ છે તેમ માની શરીર પર વારંવાર પાણી છાંટવું, સ્થાનને વારંવાર ધોવું, વાસણોને વારંવાર ઘસવા આદિ માયાપ્રધાન વંચનાત્મક પ્રવૃત્તિ કરે છે અને તેનું સમર્થન કરતા તેઓ કહે છે કે–

**कुक्कुटसाध्यो लोको, णाकुक्कुटतः प्रवर्तते किंचित् ।**
**तस्माल्लोकस्यार्थे स्वपितरमपि कुक्कुटं कुर्यात् ॥**

અર્થાત્ "આ સંસાર કપટથી જ સધાય છે, વશ કરી શકાય છે, કપટ કર્યા વિના લોક વ્યવહાર ચાલી શકતો નથી. એથી લોકવ્યવહારને માટે વ્યક્તિએ પોતાના પિતાની સાથે પણ કપટ કરવું જોઈએ." આ સ્વેચ્છાચાર અને માયાચાર તેના કર્તાને નરકાદિ દુર્ગતિઓમાં ડૂબાડી દે છે. એથી સામાયિક સાધક મહામુનિને કપટ આચાર તેમજ સ્વેચ્છાચારનું દુષ્પરિણામ બતાવીને સાવધાન કરતા શાસ્ત્રકાર કહે છે કે મુનિ આ માયાચાર તેમજ સ્વચ્છંદાચારથી બચીને વીતરાગ કથિત, શાસ્ત્ર વિહિત સાધ્વાચારમાં અથવા મોક્ષ પ્રદાયક સંયમમાં લીન રહે.

(૭) **वियडेण पलेतिं :– प्रकटेणाऽमायेण कर्मणा मोक्षे संयमे वा प्रकर्षेण** કેટલીકવાર સરળ, નિશ્ચલ તેમજ ચમત્કાર– આડંબર આદિથી રહિત સીધા સાદા સાધુને વિવેકહીન લોકો સમજી શકતા નથી; તેની અવજ્ઞા, અપમાન તેમજ તિરસ્કાર કરે છે; કેટલીકવાર ગૃહસ્થ લોકો પોતાના પુત્ર, ધનાદિની પ્રાપ્તિ, રોગ નિવારણ ઈત્યાદિ સ્વાર્થ માટે તપસ્વી, સંયમી સાધુની પાસે આવે છે. તે સાધુ પુત્રાદિ પ્રાપ્તિનો પ્રયોગ ન બતાવે તો તે લોકો તેને મારે, બદનામ કરે, ગામમાંથી કાઢી મૂકે, અપશબ્દ પણ કહે; આવી સ્થિતિમાં સમતાયોગી સાધુ **सीउण्ह वयसाऽहियासए**– શીત–ઉષ્ણ પરીષહ કે ઉપસર્ગને વચનથી–ઉપલક્ષણથી મન અને કાયાથી સમભાવપૂર્વક સહે. "શીત" અને "ઉષ્ણ" શબ્દ અહીં અનુકૂળ અને પ્રતિકૂળ પરીષહ અથવા ઉપસર્ગના દ્યોતક છે.

ચૂર્ણિકાર **छंदेण पलेतिमा पया** ને બદલે **छण्णेण पलेतिया पया** પાઠાન્તર માનીને **छण्णेण** નો અર્થ કરે છે– **छण्णेणेति दम्भेणोवहिणा वा"** છન્ન એટલે ગુપ્ત– માયાલિપ્ત, દંભ અથવા ઉપધિ (કપટ)ના કારણે નરકગતિમાં જાય છે.

### અનુત્તર ધર્મ :–

**૨૩** **कुजए अपराजिए जहा, अक्खेहिं कुसलेहिं दीवयं ।**
**कडमेव गहाय णो कलिं, णो तीयं णो चेव दावरं ॥**

**શબ્દાર્થ :– अपराजिए** = પરાજિત ન થનારા, **कुसलेहिं** = ચતુર, નિપુણ, **कुजए** = જુગારી, **अक्खेहिं दीवयं** = જુગાર રમતાં રમતાં, પાસા ફેંકતા, **कडमेव गहाय** = કૃત નામકસ્થાનને જ ગ્રહણ કરે છે, **णो कलिं** = કલિને ગ્રહણ કરતા નથી, **णो तीयं णो चेव दावरं** = તૃતીય અને દ્વિતીય સ્થાનને ગ્રહણ કરતા નથી.

**ભાવાર્થ :–** જુગારમાં નિપુણ, અપરાજિત જુગારી, જુગાર રમતા કૃત નામના ચોથા સ્થાનને ગ્રહણ કરે છે, કલિ, ત્રેતા કે દ્વાપર નામના સ્થાનને ગ્રહણ કરતો નથી. તેમ પંડિત પુરુષ કલ્યાણકારી, શ્રેષ્ઠ ધર્મનો જ સ્વીકાર કરે છે.

**૨૪** **एवं लोगंमि ताइणा, बुइए जे धम्मे अणुत्तरे ।**
**तं गिण्ह हियं उत्तमं, कडमिव सेसऽवहाय पंडिए ॥**

**શબ્દાર્થ :– ताइणा** = જગતની રક્ષા કરનારા સર્વજ્ઞદ્વારા, **जे अणुत्तरे धम्मे** = જે અનુત્તર ધર્મ, **बुइए** = કથિત, કહેલો, **तं गिण्ह** = તેને ગ્રહણ કરવો જોઈએ, **हियं उत्तमं** = તે જ હિતકારી તથા ઉત્તમ છે, **सेसऽवहाय** = ચતુર જુગારી બધાં સ્થાનોને છોડીને, **कडमिव** = જેવી રીતે કૃતનામક સ્થાનને જ ગ્રહણ કરે છે.

**ભાવાર્થ :–** કુશળ જુગારી જેમ અન્ય સ્થાનોને છોડી 'કૃત' નામના સ્થાનને જ ગ્રહણ કરે છે, તેમ છકાય જીવ રક્ષક સાધકોએ સર્વજ્ઞ કથિત, સર્વોત્તમ હિતકારી એવા ધર્મને જ ગ્રહણ કરવો જોઈએ.

**૨૫** **उत्तर मणुयाण आहिया, गामधम्मा इति मे अणुस्सुयं ।**
**जंसी विरया समुट्ठिया, कासवस्स अणुधम्मचारिणो ॥**

**શબ્દાર્થ :– अणुस्सुयं** = આ સાંભળ્યું છે કે, **गामधम्मा** = શબ્દાદિ વિષય અથવા મૈથુનસેવન, **मणुयाण** = મનુષ્યોને માટે, **उत्तरा** = દુર્જય, **आहिया** = કહેવામાં આવ્યા છે, **जंसी विरया** = તેમનાથી નિવૃત્ત, **समुट्ठिया** = તથા સંયમમાં ઉત્થિત પુરુષ જ, **कासवस्स** = કાશ્યપગોત્રી ભગવાન્ ઋષભદેવ અથવા મહાવીર સ્વામીના, **अणुधम्मचारिणो** = ધર્માનુયાયીઓ છે.

**ભાવાર્થ :–** મેં (સુધર્મા સ્વામીએ) પરંપરાથી આ સાંભળ્યું છે કે ગ્રામ ધર્મ અર્થાત્ પાંચે ય ઈન્દ્રિયોના શબ્દાદિ વિષયો અથવા મૈથુન સેવન, આ લોકમાં મનુષ્યોને માટે ઉત્તર(દુર્જય) કહેવામાં આવ્યા છે. તેનાથી વિરત(નિવૃત્ત) તથા સંયમમાં ઉદ્યત પુરુષ જ કાશ્યપગોત્રીય ભગવાન ઋષભદેવ અથવા ભગવાન મહાવીર સ્વામીના ધર્માનુયાયી સાધક છે.

**૨૬** **जे एयं चरंति आहियं, णाएणं महया महेसिणा ।**
**ते उट्ठिय ते समुट्ठिया, अण्णोण्णं सारेंति धम्मओ ॥**

**શબ્દાર્થ :– महया** = મહાન્, **महेसिणा** = મહર્ષિ, **णाएणं** = જ્ઞાતપુત્ર દ્વારા, **आहियं** = કહેલા, **एयं** = આ ધર્મને, **जे** = જે પુરુષો, **चरंति** = આચરણ કરે છે, **ते** = તે જ, **उट्ठिय** = ઉત્થિત છે, **ते** = અને તેઓ જ, **समुट्ठिया** = સમ્યક્ પ્રકારે ઉત્થિત છે, **धम्मओ** = તથા ધર્મથી ભ્રષ્ટ થતાં, **अण्णोण्णं** = એક બીજાને તેઓ જ, **सारेंति** = ફરી ધર્મમાં પ્રવૃત્ત કરે છે.

**ભાવાર્થ :–** જે પુરુષ મહાન મહર્ષિ જ્ઞાતપુત્રના દ્વારા કહેલા આ ધર્મનું આચરણ કરે છે, તેઓ જ મોક્ષમાર્ગમાં ઉત્થિત(ઉદ્યત) છે અને સમુત્થિત (સમુદ્યત) છે. તેઓ જ ધર્મથી વિચલિત અથવા ભ્રષ્ટ થતાં એકબીજાને સંભાળે છે અને ધર્મમાં સ્થિર કરે છે.

**૨૭** **मा पेह पुरा पणामए, अभिकंखे उवहिं धुणित्तए ।**
**जे दूमणएहि णो णया, ते जाणंति समाहिमाहियं ॥**

**શબ્દાર્થ :–** **पुरा** = પહેલાં ભોગવેલા, **पणामए** = શબ્દાદિ વિષયોને, **मा पेह** = યાદ કરો નહિ, **उवहिं** = માયા અથવા આઠ પ્રકારનાં કર્મોને, **घूणित्तए** = નાશ કરવાની, **अभिकंखे** = ઈચ્છા કરો. **दुमण** = મનને દુષ્ટ બનાવનાર જે શબ્દાદિ વિષયો છે, **तेहिं** = તેમાં, **जे** = જે, **णो णया** = આસક્ત નથી.

**ભાવાર્થ :–** પહેલાં ભોગવેલા શબ્દાદિ વિષયોનું સ્મરણ કરવું ન જોઈએ. માયા અને આઠ પ્રકારનાં કર્મપરિગ્રહને દૂર કરવાની ઈચ્છા રાખવી જોઈએ. મનને દુષિત કરનારા શબ્દાદિ વિષયોમાં જે આસક્ત નથી, તે સાધકો સર્વજ્ઞોક્ત સંયમ સમાધિને, આત્મ સમાધિને જાણે છે.

**૨૮** **णो काहिए होज्ज संजए, पासणिए ण य संपसारए ।**
**णच्चा धम्मं अणुत्तरं, कयकिरिए य ण यावि मामए ॥**

**શબ્દાર્થ :–** **संजए** = સંયમી પુરુષ, **णो काहिए** = વિકથા ન કરે, **णो पासणिए** = પ્રશ્નનું ફળ ન કહે, વિવિધ દશ્યો જોવા ન જાય, **ण य संपसारए** = એ જ પ્રમાણે વરસાદ અને ધનોપાર્જનના ઉપાયો ન બતાવે, **कयकिरिए** = ગૃહસ્થોના કર્તવ્યોમાં ભાગ ન લે, સંયમરૂપ ક્રિયાનું અનુષ્ઠાન કરે, **ण यावि मामए** = અને કોઈ વસ્તુ પર મમતા ન કરે.

**ભાવાર્થ :–** સંયમી પુરુષ વિરુદ્ધ કથાકાર ન બને અથવા વિકથા ન કરે, પ્રશ્નફળ બતાવનાર કે દશ્યો જોનાર ન બને અને સમ્પ્રસારક– વર્ષા, ધનોપાર્જન આદિના ઉપાય નિર્દેશક ન બને. કોઈ વસ્તુપર મમત્વ ન રાખે, ગૃહસ્થોના કર્તવ્યોમાં ભાગ ન લે પરંતુ સર્વોત્કૃષ્ટ ધર્મને જાણી, સંયમરૂપી ધર્મક્રિયાનું અનુષ્ઠાન કરે.

**૨૯** **छण्णं च पसंस णो करे, ण य उक्कोस पगास माहणे ।**
**तेसिं सुविवेगमाहिए, पणया जेहिं सुझोसियं धुयं ॥**

**શબ્દાર્થ :–** **माहणे** = સાધુપુરુષ, **छण्णं च** = માયા, **पसंस** = લોભ, **उक्कोस** = માન, **पगास** = ક્રોધ, **धुयं** = આઠ પ્રકારના કર્મોને નાશ કરનારા સંયમનું, **सुझोसियं** = સારી રીતે સેવન કર્યું છે, **तेसिं** = તેઓનો, **सुविवेग आहिए** = ઉત્તમ વિવેક કહ્યો છે, **पणया** = તેઓ જ ધર્મમાં પ્રણત–સમર્પિત છે.

**ભાવાર્થ :–** સાધુ પુરુષ ક્રોધ, માન, માયા અને લોભ ન કરે. જેઓએ ધુત–કર્મનાશક સંયમનું સારીરીતે સેવન કર્યું છે તેઓનો સુવિવેક(ઉત્કૃષ્ટ વિવેક) પ્રસિદ્ધ છે અને તેઓ જ અનુત્તર એવા ધર્મ પ્રત્યે સમર્પિત છે.

**૩૦** **अणिहे सहिए सुसंवुडे, धम्मट्ठी उवहाणवीरिए ।**
**विहरेज्ज समाहिइंदिए, आयहियं खु दुहेण लब्भइ ॥**

**શબ્દાર્થ :–** **अणिहे** = કોઈ પણ વસ્તુમાં સ્નેહ ન કરે, **सहिए** = જ્ઞાનાદિથી સહિત, જેનાથી પોતાનું હિત થાય તે કાર્ય કરે, **सुसंवुडे** = આશ્રવોથી સુસંવૃત, ઈન્દ્રિય તથા મનને વશમાં રાખે, **धम्मट्ठी** =

ધર્માર્થી, **उवहाणवीरिए** = તપમાં પરાક્રમ કરે, **समाहिइंदिए** = ઈન્દ્રિયને વશમાં રાખે, **विहरेज्ज** = આ પ્રમાણે સાધુ સંયમનું અનુષ્ઠાન કરે કારણ કે, **आयहियं** = આત્મ કલ્યાણ, **दुहेण** = કષ્ટપૂર્વક, **लब्भइ** = પ્રાપ્ત કરાય છે.

**ભાવાર્થ :–** ધર્મસાધક મુનિ કોઈપણ વસ્તુની સ્પૃહા અથવા આસક્તિ ન રાખે. જ્ઞાન, દર્શન, ચારિત્રની વૃદ્ધિ કરે તેવા હિતાવહ કાર્ય કરે. ઈન્દ્રિય અને મનને ગુપ્ત રાખે, ધર્માર્થી તપસ્યામાં પરાક્રમી બને, ઈન્દ્રિયોને વશમાં રાખે, આ રીતે સંયમમાં વિચરણ કરે, કારણ કે આત્મ કલ્યાણ કરવું દુર્લભ છે.

**૩૧** **ण हि णूण पुरा अणुस्सुयं, अदुवा तं तह णो समुट्ठियं ।**
**मुणिणा सामाइयाहियं, णाएण जगसव्वदंसिणा ॥**

**શબ્દાર્થ :–** **सामाइ–याहियं** = સામાયિક સંયમ આદિ કહ્યું છે, **तह** = યથાર્થ રીતે, **णो समुट्ठियं** = અનુષ્ઠાન કર્યું નથી.

**ભાવાર્થ :–** સમસ્ત જગતને જાણનાર, સર્વદર્શી જ્ઞાતપુત્ર મુનિપુંગવ ભગવાન મહાવીરે જે સામાયિક આદિનું પ્રતિપાદન કર્યું છે, નિશ્ચયરૂપથી જીવોએ તે સાંભળ્યું જ નથી અથવા સાંભળીને યથાર્થ રૂપે તેનું આચરણ કર્યું નથી. (જો સામાયિકનું, સમતાનું આચરણ કર્યું હોત તો આજે આ સંસારમાં સ્થિત ન હોત. ક્યારનો ય મોક્ષ થઈ ગયો હોત.)

**૩૨** **एवं मत्ता महंतरं, धम्ममिणं सहिया बहू जणा ।**
**गुरुणो छंदाणुवत्तगा, विरया तिण्ण महोघमाहियं ॥ त्ति बेमि ॥**

**શબ્દાર્થ :–** **मत्ता** = માનીને, **महंतरं** = સર્વોત્તમ, **धम्ममिणं** = આ આર્હત્ ધર્મને, **सहिया** = જ્ઞાનાદિ સંપન્ન, **गुरुणो छंदाणुवत्तगा** = ગુરુના અભિપ્રાય અનુસાર વર્તનારા, **विरया** = પાપરહિત, **बहूजणा** = ઘણા માણસોએ, **महोघं** = સંસારસાગરને, **तिण्ण** = પાર કર્યો છે, **आहियं** = એમ હું આપને કહું છું.

**ભાવાર્થ :–** આ રીતે હિતની પ્રાપ્તિ દુર્લભ છે, તેમ જાણી, આર્હદ્ધર્મની શ્રેષ્ઠતા સ્વીકારી, જ્ઞાનાદિ રત્નત્રયયુક્ત ગુરુના આજ્ઞાનુવર્તી તેમજ પાપથી વિરત અનેક સાધકોએ સંસાર સાગરને પાર કર્યો છે. તેમ ભગવાન મહાવીર સ્વામીએ કહ્યું છે, તે હું તમને કહું છું.

## વિવેચન :–

આ ૧૦ ગાથાઓમાં શાસ્ત્રકારે તીર્થંકરો દ્વારા પ્રતિપાદિત અનુત્તરધર્મનું માહાત્મ્ય અને વિવિધપ્રકારે આરાધનાની પ્રક્રિયા બતાવી છે. પ્રથમ બે ગાથાઓમાં અનુત્તર ધર્મની મહત્તા અને ઉપાદેયતા કુશળ, દુર્જેય, જુગારીની ઉપમા દઈને સમજાવી છે. જેવી રીતે ચતુર અપરાજેય જુગારી, જુગારના બીજા પાશાઓને છોડીને કૃત નામના પાશાઓને જ ગ્રહણ કરે છે, એવી જ રીતે જિન પ્રવચન કુશળ સાધુ ગૃહસ્થ, કુપ્રાવચનિક અને પાર્શ્વસ્થ આદિના ધર્મોને છોડીને સર્વજ્ઞ, વીતરાગ કથિત સર્વોત્તમ, સર્વમહાન્,

સર્વહિતકર, સાર્વભૌમ, દશવિધ શ્રમણ ધર્મરૂપ અથવા શ્રુતચારિત્રરૂપ અનુત્તર ધર્મનું ગ્રહણ કરે છે. આ ધર્મની અનુત્તરતાના બે કારણો શાસ્ત્રકારે આપ્યા છે. (૧) **ताइणा बुइए**– ધર્મ લોકના ત્રાતા(રક્ષક) સર્વજ્ઞ વીતરાગ દ્વારા કહેવાયેલો છે (૨) **हियं उत्तमं**– આ ધર્મ આત્મામાટે હિતકારી છે.

તે પછીની બે ગાથામાં અનુત્તર ધર્મની સાધનાના અધિકારી સાધકોની બે યોગ્યતાઓ શાસ્ત્રકારે દર્શાવી છે– (૧) દુર્જેય ગ્રામધર્મ અર્થાત્ શબ્દાદિ વિષય અથવા કામથી નિવૃત્ત હોય, (૨) મોક્ષમાર્ગમાં ઉત્થિત–સમુત્થિતહોય.

**उत्तर मणुयाण आहिया, गामधम्मा :**– ગ્રામ એટલે ઈન્દ્રિયસમૂહ અને તેના ધર્મ એટલે વિષય, સ્વભાવ. ઈન્દ્રિય વિષય જ કામ છે. કામ મનુષ્યોને માટે ' ઉત્તર' એટલે પ્રધાન અથવા દુર્જેય કહેવામાં આવ્યો છે. **उत्तर**નો અર્થ તો પ્રધાન થાય છે, પરંતુ લક્ષણાથી વૃત્તિકારે તેનો અર્થ દુર્જેય કર્યો છે. સંયમી પુરુષોને છોડીને કામ પ્રાયઃ બધાં પ્રાણીઓનાં મનપર સવાર થઈ જાય છે. તેથી એ દુર્જેય છે. કામમાં સર્વ ઈન્દ્રિયોના વિષયો તેમજ મૈથુનનો સમાવેશ થઈ જાય છે.

**जंसि विरया समुट्ठिया...अणुधम्मचारिणो :**– જોકે કામ દુર્જેય છે, છતાંપણ જે પવિત્ર આત્માઓ, આત્મધર્મને તથા આત્મશક્તિઓને સર્વોપરી જાણીને–માનીને સંયમમાર્ગ પર ચાલવા માટે કટિબદ્ધ છે, તેને માટે કામ–વિજય દુષ્કર નથી. તે સાધકો જ ભગવાન ઋષભદેવ અથવા ભગવાન મહાવીરના ધર્માનુગામી છે.

**जे एवं चरंति आहियं णाएणं महया महेसिया :**– ચૂર્ણિકાર, વૃત્તિકારે **णातेणं** નો અર્થ જ્ઞાતપુત્ર કરેલ છે. જ્ઞાતકુળમાં પુત્રરૂપે જન્મેલ–જ્ઞાતપુત્ર ભગવાન મહાવીર. તેમના જ બીજા બે વિશેષણ શાસ્ત્રકારે આપ્યા છે. **महया** = મહાન. અનંતજ્ઞાન હોવાથી મહાવીર સ્વામીને મહાન કહ્યા છે અને અનુકૂળ–પ્રતિકૂળ ઉપસર્ગસહનાર હોવાથી તેમને મહર્ષિ કહ્યા છે. તેવા સર્વજ્ઞ ભગવાન દ્વારા કથિત ધર્મમાં સાધક ઉત્થિત–સમુત્થિત હોય છે.

**अण्णोण्णं सारेंति धम्मओ :**– અન્યોન્ય–પરસ્પર ધર્મથી એટલે કે ધર્મથી સંબંધિત અથવા ધર્મ ભ્રષ્ટ વ્યક્તિને ધર્મમાં પ્રેરિત કરે છે.

તે પછીની ચાર ગાથાઓમાં અનુત્તર ધર્મના આરાધકોની આચારધારાનું વિધિ–નિષેધ રૂપે વર્ણન છે.

(૧) **मा पेह पुरा पणामए :– पणामए** એટલે ઝુકાવનાર. પ્રાણીઓને દુર્ગતિ તરફ ઝુકાવનાર શબ્દાદિ વિષયો. પહેલા ભોગવેલા વિષયોનું સ્મરણ ન કરે.

(૨) **अभिकंखे उवहिं धुणित्तए :– उवहिं** એટલે ઉપધિ. જે આત્માને દુર્ગતિની નજીક પહોંચાડી દે તે ઉપધિ. માયા વગેરે કર્મો આત્માને દુર્ગતિની નજીક પહોંચાડે છે. માટે ઉપધિ એટલે આઠે પ્રકારના કર્મો. તેને દૂર કરવાની ઈચ્છા રાખે, તે કર્મો દૂર થાય તો આત્મ સમાધિના દર્શન કરી શકે.

(૩) **णो काहिए :– काहिए** એટલે કાથિક– કથા કરી આજીવિકા મેળવનાર. પ્રસંગાનુસાર અહીં અર્થ થાય છે કે સાધક શ્રૃંગાર કથા ન કરે અથવા સંયમ વિરોધી વિકથાઓ ન કરે. જેનાથી કામ, ભોજન લાલસા, વૈમનસ્ય વધે; યુદ્ધ, હત્યા, લડાઈ થાય તથા સંસ્કારને બગાડે તેવી વિકથાઓ છે. આવી સંયમ વિરુદ્ધની કથાઓના કથાકાર ન બને.

(૪) **णो पासणिए :–** પ્રાશ્નિક ન બને. વેપાર, સંતાનપ્રાપ્તિ, વ્યવહાર વિષયક પ્રશ્નોના ફળ ન બતાવે. આચારાંગવૃત્તિમાં **'णो पासणिए'** નો અર્થ "સ્ત્રીઓના અંગોપાંગ ન જુએ" તેમ કરેલ છે.

(૫) **ण संपसारए :–** સંપ્રસારક ન બને. વર્ષા, ધનપ્રાપ્તિ, રોગનિવારણ વગેરે માટે આરંભ–સમારંભ જનક ઉપાય ન બતાવે. આચારાંગ વૃત્તિ અનુસાર તેનો અર્થ છે, "એકાંતમાં સ્ત્રી સંબંધી પર્યાલોચના ન કરે" અને આચારાંગચૂર્ણિ અનુસાર "મિથ્યા સંમતિ ન આપે."

(૬) **अणुत्तरं धम्मं कयकिरिए :–** સંયમાનુષ્ઠાન રૂપ ક્રિયા સારી રીતે કરી હોય તે 'કૃત ક્રિયા' કહેવાય અર્થાત્ સંયમ અનુષ્ઠાનાદિ ક્રિયા સારી રીતે કરે. ચૂર્ણિકારના મતે અન્યએ કોઈ કાર્ય કર્યું હોય તે વિષે પૂછે અથવા પૂછ્યા વિના તે કાર્યને સારુ–નરસુ બતાવવું, તે કૃતક્રિયા કહેવાય. તેવી કૃતક્રિયા ન કરે. આચારાંગ વૃત્તિ અનુસાર શ્રૃંગાર–શોભા વગેરે ક્રિયા ન કરે. પ્રત્યુપકાર વૃત્તિથી ગૃહસ્થનું કાર્ય કરવું, તે પણ 'કૃતક્રિયા'નો અર્થ છે.

(૭) **ण मामए :–** મામક ન બને. મમત્વ ન રાખે. આ મારું છે, તેનો હું માલિક છું તેવા પરિગ્રહાગ્રહી વ્યક્તિને મામક કહેવાય. આચારાંગ ચૂર્ણિ પ્રમાણે ગૃહસ્થના ઘેર જઈ મારી પત્ની આવી હતી, મારી બેન–ભાભી આવી હતી, આ રીતે મારી–મારી કરે તે મામક કહેવાય. આવું મમત્વ સાધુ ન રાખે. મામક ન બને.

(૮) **छण्णं च...पगास माहणे :–** 'છન્ન' એટલે ગુપ્ત માયા. અભિપ્રાયને છુપાવવામાં આવે છે માટે છન્નનો અર્થ માયા કરેલ છે. **पसंस** એટલે લોભ. બધા લોકો પ્રશંસા કરે છે, આદર આપે છે તેથી પ્રશંસા એટલે લોભ અર્થ કરેલ છે. **उक्कोसं**– જે નીચ પ્રકૃતિવાળી વ્યક્તિને જાતિમદ વગેરે દ્વારા મદોન્મત બનાવે તે ઉત્કર્ષ અર્થાત્ માન અને **पगासं**– અંતરમાં સ્થિત હોવા છતાં મુખવિકારાદિ દ્વારા પ્રકટ થાય તે પ્રકાશ એટલે ક્રોધ. સાધુ ક્રોધ, માન, માયા, લોભ ન કરે.

(૯) **पणया, सुविवेगमाहिए :–** પ્રણત એટલે સમર્પિત. અનુત્તર ધર્મ પ્રતિ સમર્પિત રહે, જેથી તેનો સુવિવેક જાગૃત રહે.

(૧૦) **धुयं, सुझोसियं :–** જેના દ્વારા કર્મોનું ધૂનન–ક્ષય થાય તે ધુત કહેવાય છે. સંયમ–જ્ઞાનાદિ રત્નત્રય દ્વારા કર્મોનો ક્ષય થાય છે માટે ધુતનો અર્થ છે, સંયમ. જેઓ સંયમાદિનું સારી રીતે સેવન કરે, તેનાથી અભ્યસ્ત હોય તો તે 'સુઝોસિત' કહેવાય છે. કર્મક્ષયકારી સંયમાદિનો સારી રીતે અભ્યાસ કરે.

(૧૧) **अणिहे :–** સજીવ–નિર્જીવ બધા પદાર્થ પ્રતિ અનાસક્ત રહે.

(૧૨) **सहिए** :– 'સહિએ' ના ત્રણ અર્થ કરવામાં આવે છે– (૧) જે હિત સહિત હોય તે સહિત, (૨) સહિત એટલે યુક્ત જ્ઞાનાદિથી યુક્ત હોય તે સહિત અને (૩) સહિત એટલે સ્વહિત, આત્માના હિતૈષી હોય તે.

(૧૩) **आयहियं खु दुहेण लब्भइ** :– આત્મહિત સાધનાનો અવસર પ્રાપ્ત થવો દુર્લભ છે. એવો દુર્લભ અવસર પ્રાપ્ત થતાં ઉપરોક્ત ગુણોની સાધના દ્વારા આત્મહિત સિદ્ધ કરી લેવું જોઈએ.

અંતિમ બે ગાથામાં અનુત્તર ધર્મની પ્રાપ્તિ અને તેના આચરણ દ્વારા પ્રાપ્ત થતાં ફળનું કથન કરવામાં આવેલ છે.

સામાયિક વગેરે અનુત્તર ધર્મ પ્રાપ્ત થયા પછી જીવ શીઘ્રતાથી સંસાર સમુદ્રને તરી જાય છે. પરંતુ સંસારમાં પરિભ્રમણ કરતા જીવે આ અનુત્તર ધર્મ સાંભળ્યો નથી અને સાંભળ્યો હોય તો આચરણમાં મૂક્યો નથી તેથી જ તે હજુ સંસારમાં પરિભ્રમણ કરે છે. અનુત્તરને આચરણમાં લાવવા માટે બે શરત અનિવાર્ય છે– (૧) **गुरुणो छंदाणुवत्तगा**– ગુરુની આજ્ઞાને આધીન રહે, ગુરુની આજ્ઞા પ્રમાણે જ કાર્ય કરે. (૨) **विरया**– પાપકર્મથી વિરત બને.

આવી વ્યક્તિ જ સંસાર સમુદ્રને પાર કરે છે.

**॥ અધ્યયન ૨/૨ સંપૂર્ણ ॥**

## ત્રીજો ઉદ્દેશક

**સંયમથી કર્મનાશ :–**

**૧** **संवुडकम्मस्स भिक्खुणो, जं दुक्खं पुट्ठं अबोहिए ।**
**तं संजमओऽवचिज्जइ, मरणं हेच्च वयंति पंडिया ॥**

**શબ્દાર્થ :–** **संवुडकम्मस्स** = સંવૃત્તકર્મા,આઠ પ્રકારનાં કર્મોનું આગમન જેણે રોકી દીધું છે, **अबोहिए** = અજ્ઞાનવશ, **जं दुक्खं** = જે કર્મ, **पुट्ठं** = બંધાઈ ગયાં છે, **तं** = તે કર્મ, **संजमओ** = સંયમથી, **अवचिज्जइ** = ક્ષીણ થઈ જાય છે, **मरणं हेच्च** = જન્મ–મરણને છોડીને, **वयंति** = મોક્ષને પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :–** અષ્ટવિધ કર્મોનું આગમન જેણે રોકી દીધું છે, તેવા ભિક્ષુને અજ્ઞાનવશ જે દુઃખ–કર્મ પહેલાં બંધાઈ ગયાં છે, તે કર્મ સત્તર પ્રકારના સંયમ દ્વારા ક્ષીણ થઈ જાય છે અને તે પંડિતપુરુષો મરણને સમાપ્ત કરી મોક્ષને પ્રાપ્ત કરે છે.

**વિવેચન :–**

આશ્રવનો નિરોધ, નવા આવતા કર્મોને રોકવા, કર્મબંધના કારણોને રોકવા, તે સંવર કહેવાય છે.

નવા કર્મોને વ્યક્તિ અટકાવી દે તેટલા માત્રથી મોક્ષ થતો નથી. પૂર્વે બાંધેલાં કર્મોનો ક્ષય ન થાય ત્યાં સુધી તો મોક્ષ પ્રાપ્ત થઈ શકે નહીં. આ ગાથામાં તે કર્મોના ક્ષયનો ઉપાય બતાવવામાં આવ્યો છે. સંયમ દ્વારા(જેમાં તપશ્ચર્યાનો પણ સમાવેશ થઈ જાય છે), પૂર્વકર્મોનો ક્ષય થાય છે. આ ગાથામાં સંવર અને નિર્જરા દ્વારા મુક્તિ પ્રાપ્તિનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ રીતે સંપૂર્ણ કર્મોથી રહિત થઈને મોક્ષ પ્રાપ્ત કરવા માટે સંયમની પ્રેરણા આપવામાં આવી છે.

**કર્મબંધનાં કારણ તથા પ્રકાર :–** કર્મોનાં આગમન દ્વાર તેમજ બંધનનાં કારણ મુખ્યતયા પાંચ છે. (૧) મિથ્યાદર્શન (૨) અવિરતિ (૩) પ્રમાદ (૪) કષાય અને (૫) યોગ. આ પાંચે આશ્રવ દ્વારોથી ઉપરતિ–વિરતિ તે સંયમ છે.

**जं दुक्खं पुट्ठं :**–કર્મબંધની ચાર અવસ્થાઓ છે.(૧) સ્પૃષ્ટ (૨) બદ્ધ (૩) નિધત્ત (૪) નિકાચિત. સોયના દષ્ટાંતે તે ચાર પ્રકારનો બંધ સમજાવવામાં આવે છે. (૧) વીખરાયેલી સોયોને ભેગી કરવામાં આવી હોય તો તે સોયો સરળતાથી અલગ થઈ શકે. એ રીતે જે કર્મ માત્ર આત્મા સાથે સ્પૃષ્ટ છે, તે પ્રતિક્રમણ, આલોચના, નિંદા આદિ અલ્પપ્રયત્નથી આત્માથી અલગ થઈ જાય છે તેને સ્પૃષ્ટ કર્મ કહે છે. (૨) તે સોયો સૂતરના દોરાથી બાંધી દીધી હોય તો તેને છૂટી પાડવા થોડો પરિશ્રમ કરવો પડે. એ રીતે જે કર્મ તપ, સંયમના પરિશ્રમથી છૂટી જાય તેને બદ્ધકર્મ કહે છે. (૩) તે સોયોને તારથી બાંધી દીધી હોય તો તેને છૂટી પાડવા વધારે શ્રમ કરવો પડે છે, તે જ રીતે જે કર્મો કઠોર તપ સંયમના પરિશ્રમથી છૂટે તેને નિધત્ત કર્મ કહે છે. (૪) સોયોને આગમાં ગરમ કરી એક લોખંડનો પિંડ બનાવી દેવામાં આવે તો તેમાંથી સોયોને અલગ અલગ કરવી અસંભવ છે. તે જ રીતે જે કર્મોને તે રૂપે ભોગવ્યા વિના અન્ય ઉપાયોથી છુટકારો થવો અસંભવ છે. તેને નિકાચિત કર્મ કહેવાય છે. **दुक्खं पुट्ठं** શબ્દનો અર્થ વૃત્તિકારે આ પ્રમાણે કર્યો છે. જે દુઃખ એટલે કે અશાતાવેદનીય સહિત આઠ પ્રકારના કર્મ સ્પૃષ્ટ રૂપે ઉપલક્ષણથી બદ્ધ, સ્પૃષ્ટ, નિધત તેમજ નિકાચિત રૂપે ઉપચિત થયાં હોય તેનો તપ–સંયમથી ક્ષય થાય છે.

**मरणं हेच्च वयंति :**– જે પુરુષ સંવૃત્તાત્મા છે તે મરણ એટલે કે મરણ સ્વભાવને તથા ઉપલક્ષણથી જન્મ, જરા, મરણ શોક આદિથી મુક્ત થાય છે.

**संजमओ अवचिज्जइ :**– ૧૭ પ્રકારના સંયમ દ્વારા કર્મોનો ક્ષય થાય છે. તે સંયમના ૧૭ પ્રકાર આ પ્રમાણે છે. (૧ થી ૫) પૃથ્વીકાયાદિ પાંચસ્થાવર સંયમ (૬) બેઈન્દ્રિય સંયમ (૭) તેઈન્દ્રિય સંયમ (૮) ચૌરેન્દ્રિય સંયમ (૯) પંચેન્દ્રિય સંયમ (૧૦) અજીવ સંયમ (૧૧) પ્રેક્ષા સંયમ (૧૨) ઉપેક્ષા સંયમ (૧૩) પ્રમાર્જના સંયમ (૧૪) પરિષ્ઠાપના સંયમ (૧૫) મનઃ સંયમ (૧૬) વચન સંયમ (૧૭) કાય સંયમ.

બીજી રીતે સંયમના ૧૭ ભેદ થાય છે– (૧ થી ૫) હિંસા આદિ પાંચ આશ્રવોનો સંયમ (૬ થી ૧૦) સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર આ પાંચ ઈન્દ્રિયોને તેના વિષયો તરફથી રોકવી. (૧૧ થી ૧૪) ક્રોધ, માન, માયા, લોભ રૂપ ચાર કષાયોનો ત્યાગ કરવો. (૧૫ થી ૧૭) મન, વચન, કાયાની અશુભ પ્રવૃત્તિ રૂપ ત્રણ દંડોથી વિરતિ. આ સત્તર પ્રકારના સંયમથી આવતાં કર્મ અટકે છે. અહીં સંયમની અંતર્ગત તપની ગણના છે. તે તપથી કર્મોનો ક્ષય થાય છે.

**કામાસક્તિ ત્યાગ :-**

**૨** **जे विण्णवणाहिऽझोसिया, संतिण्णेहि समं वियाहिया ।**
**तम्हा उड्ढं ति पासह, अदक्खू कामाइं रोगवं ॥**

**શબ્દાર્થ :-** **विण्णवणाहि** = સ્ત્રીઓથી, **अझोसिया** = સેવિત નથી, **संतिण्णेहि** = તેને મુક્ત પુરુષોની, **तम्हा** = તેથી, **उड्ढं** = સંસારથી ઉપર ઉઠ્યા પછી, સ્ત્રી પરિત્યાગ પછી જ, **पासह** = જુઓ, મોક્ષની પ્રાપ્તિ થાય છે એ જુઓ, **कामाइं** = કામભોગોને જે પુરુષોએ, **रोगवं** = રોગ સમાન, **अदक्खू** = જાણ્યા છે.

**ભાવાર્થ :-** જે સાધક સ્ત્રીઓથી સેવિત નથી, તે મુક્ત પુરુષોની સમાન છે. તેથી કામિનીજનિત કામોના ત્યાગથી ઉપર ઊઠે તે મોક્ષને પ્રાપ્ત કરે છે તે જુઓ. જેણે કામભોગોને રોગસમાન જોયા છે, તે મહાસત્ત્વ સાધક પણ ઉર્ધ્વ–મુક્ત તુલ્ય છે.

**૩** **अग्गं वणिएहिं आहियं, धारेंति राईणिया इहं ।**
**एवं परमा महव्वया, अक्खाया उ सराइभोयणा ॥**

**શબ્દાર્થ :-** **आहियं** = દૂર દેશથી લાવેલી, **अग्गं** = ઉત્તમોત્તમ વસ્તુઓને, **राईणिया** = રાજા મહારાજા આદિ, **धारेंति** = ધારણ કરે છે, **अक्खाया** = આચાર્ય દ્વારા પ્રતિપાદિત, **सराइभोयणा** = રાત્રિ ભોજનના પરિત્યાગ સાથે, **परमा** = ઉત્કૃષ્ટ, **महव्वया** = મહાવ્રતોને સાધુ પુરુષ ધારણ કરે છે.

**ભાવાર્થ :-** જેમ વણિકો–વ્યાપારીઓ દ્વારા દૂર સુદૂરના દેશોથી લાવેલી અને ભેટ ધરેલી ઉત્તમોત્તમ વસ્તુઓને રાજા મહારાજા આદિ સત્તાધીશો ધારણ કરે છે, તેમ તીર્થંકરો દ્વારા પ્રતિપાદિત રાત્રિભોજન ત્યાગ સહિત પાંચ ઉત્કૃષ્ટ મહાવ્રતોને શ્રમણ ધારણ કરે છે.

**૪** **जे इह सायाणुगा णरा, अज्झोववण्णा कामेसु मुच्छिया ।**
**किवणेण समं पगब्भिया, ण वि जाणंति समाहिमाहियं ॥**

**શબ્દાર્થ :-** **सायाणुगा** = સુખની પાછળ ચાલે છે, **अज्झोववण्णा** = સમૃદ્ધિ, રસ અને શાતાગૌરવમાં આસક્ત છે, **किवणेण** = તે ઈન્દ્રિય લંપટોની, **समं** = સમાન, **पगब्भिया** = ધૃષ્ટતા સાથે કામનું સેવન કરે છે, **आहियं समाहिं** = સર્વજ્ઞ કથિત આત્મ સમાધિને, **ण वि जाणंति** = સમજતા નથી.

**ભાવાર્થ :-** આ લોકમાં જે મનુષ્ય સુખાનુગામી છે, સુખની પાછળ દોડે છે, ઋદ્ધિ, રસ, શાતા ગૌરવમાં અત્યંત આસક્ત છે અને કામભોગમાં મૂર્છિત છે, તેઓ ઈન્દ્રિય વિષયોથી પરાજિત–કલીબ પુરુષની જેમ કામસેવનમાં ધૃષ્ટ બની રહે છે, તેઓને સમજાવવા છતાં આત્મ સમાધિને સમજી શકતા નથી.

**૫** **वाहेण जहा व विच्छए, अबले होइ गवं पचोइए ।**
**से अंतसो अप्पथामए, णाइवहइ अबले विसीयइ ॥**

**શબ્દાર્થ :–** **वाहेण** = ગાડીવાન દ્વારા, **विच्छए** = ચાબુક મારીને, **पचोइए** = પ્રેરિત કરાયેલો, **अप्पथामए** = અલ્પ સામર્થ્યવાળો, **अबले** = દુર્બળ, **गवं** = બળદ, **अंतसो** = અંતે, **णाइवहइ** = ભાર વહન કરી શકતો નથી પરંતુ, **विसीयइ** = કલેશપામે છે.

**ભાવાર્થ :–** જેવી રીતે ગાડીવાન દ્વારા ચાબુક મારીને પ્રેરિત કરાયેલો દુર્બળ બળદ વિષમ–કઠિન માર્ગમાં ચાલી શકતો નથી, ભાર વહન કરી શકતો નથી, પરંતુ કલેશ પામે છે.

**૬** **एवं कामेसणं विऊ, अज्ज सुए पयहेज्ज संथवं ।**
**कामी कामे ण कामए, लद्धे वा वि अलद्ध कण्हुइ ॥**

**શબ્દાર્થ :–** **एवं** = આ પ્રમાણે, **कामेसणं विऊ** = કામના અન્વેષણમાં નિપુણ પુરુષ, **अज्ज सुए** = આજ કે કાલ, **संथवं** = કામભોગની એષણોને, **पयहेज्ज** = છોડી દઈશ તેવો વિચાર માત્ર કરે છે, **कामी** = કામી પુરુષ, **कामे** = કામની, **ण कामए** = કામના જ ન કરે અને, **लद्धेवावि** = મળેલા કામભોગને પણ, **अलद्ध कण्हुइ** = ન મળ્યા સમાન જાણે.

**ભાવાર્થ :–** આ રીતે કામના અન્વેષણમાં નિપુણ પુરુષ આજ અથવા કાલ કામભોગોનો સંસર્ગ છોડી દઈશ તેવો વિચાર કરે છે પણ છોડી શકતો નથી. તેથી કામી પુરુષે કામ–ભોગની કામના જ કરવી ન જોઈએ. કોઈ સ્થાનેથી પ્રાપ્ત થતા કામભોગને અપ્રાપ્ત સમાન જ જાણવા જોઈએ.

**૭** **मा पच्छ असाहुया भवे, अच्चेहि अणुसास अप्पगं ।**
**अहियं च असाहु सोयइ, से थणइ परिदेवइ बहुं ॥**

**શબ્દાર્થ :–** **पच्छ** = પાછળથી, **मा असाहुया भवे** = અસાધુતા, દુર્ગતિગમન ન થઈ જાય તે માટે, **अच्चेहि** = વિષયસેવનથી દૂર રાખે, **अप्पगं** = પોતાના આત્માને, **अणुसास** = શિક્ષા આપે, **असाहु** = અસાધુ પુરુષ, **अहियं च** = અધિક, **सोयइ** = શોક કરે છે, **से**, **थणइ** = રાડો પાડે છે, **बहु परिदेवइ** = અને તે બહુ રડે છે.

**ભાવાર્થ :–** સંયમ દૂષિત થતાં અસાધુતા ન થઈ જાય માટે સાધકે પોતાના આત્માને અનુશાસિત કરીને વિષય સંગથી દૂર રાખવો જોઈએ. અસાધુ પુરુષ અત્યંત શોકને પામે છે, રડે છે, વિલાપ કરે છે–પશ્ચાત્તાપ કરે છે.

**૮** **इह जीवियमेव पासह, तरुणए वाससयाउ तुट्टइ ।**
**इत्तरवासे व बुज्झह, गिद्धणरा कामेसु मुच्छिया ॥**

**શબ્દાર્થ :–** **इह** = આ લોકમાં, **जीवियमेव** = મનુષ્ય જીવનને જ, **वाससयाउ** = સો વર્ષના આયુષ્ય

વાળા પુરુષનું પણ જીવન, **तरुणए** = યુવાવસ્થામાં જ, **तुट्टइ** = નષ્ટ થઈ જાય છે, **इत्तरवासे व बुज्झह** = આ જીવન અલ્પકાલીન નિવાસ સમાન સમજો, **गिद्धणरा** = અવિવેકી, ક્ષુદ્ર મનુષ્ય.

**ભાવાર્થ :–** આ લોકમાં પોતાના જીવનને જ જોઈ લો ! સો વર્ષના આયુષ્યવાળા મનુષ્યનું જીવન તરુણાવસ્થામાં જ નષ્ટ થઈ શકે છે. તેથી આ જીવનને થોડા દિવસના નિવાસ જેવું સમજો ! આવી સ્થિતિમાં ક્ષુદ્ર અથવા અવિવેકી મનુષ્ય જ કામભોગોમાં મૂર્છિત થાય છે.

## વિવેચન :–

આ છ ગાથામાં કામભોગોની આસક્તિના ત્યાગની પ્રેરણા આપવામાં આવી છે. તે પ્રેરણાઓ આ પ્રમાણે છે– (૧) કામવાસનાને વ્યાધિ સમજીને જે કામવાસનાના મૂળ જેવી કામિનીઓ–સ્ત્રીઓથી સંસક્ત નથી, તે પુરુષ મુક્તતુલ્ય છે. (૨) જેમ વ્યાપારીઓ દ્વારા દૂરદેશથી લવાયેલી ઉત્તમસામગ્રીને રાજા આદિ ધારણ કરે છે, તેવી જ રીતે કામભોગોથી પર, મહાપરાક્રમી સાધુ રાત્રિભોજન વિરમણ વ્રત સહિત પાંચ મહાવ્રતોને ધારણ કરે છે. (૩) વિષયસુખોની પાછળ દોડનારા, ત્રણ ગૌરવમાં આસક્ત, કામભોગોમાં મૂર્છિત જન, ઈન્દ્રિયોના ગુલામની જેમ નીંભર થઈને કામસેવન કરે છે, તેઓ સમાધિનું મૂલ્ય સમજતા નથી. (૪) જેવી રીતે ગાડીવાન દ્વારા ચાબુક મારી મારીને પ્રેરિત કરાયેલો દુર્બળ બળદ ચાલી શકતો નથી, ભાર પણ વહન કરી શકતો નથી અને અંતે કીચડ આદિમાં ફસાઈને કલેશ પામે છે, તેવી જ રીતે કામભોગોથી પરાજિત દુર્બળમનનો માનવી પણ કામૈષણાને છોડી શકતો નથી અને કામભોગોના કીચડમાં ફસાઈને દુઃખ પામે છે. (૫) કામભોગોને છોડવાના બે નક્કર ઉપાયો છે. (૧) કામભોગોની ઈચ્છા જ ન કરે, (૨) પ્રાપ્ત કામભોગોને પણ અપ્રાપ્તવત્ સમજે. (૬) મરણ પછી દુર્ગતિ ન થાય, અસંયમી, કામી–ભોગીની જેમ શોક, રુદન અને વિલાપાદિ પ્રાપ્ત ન થાય, તે માટે પહેલેથી જ પોતાના આત્માને વિષય સેવનથી દૂર રાખે, આત્માને સારી રીતે અનુશાસિત કરે અને (૭) જીવન અલ્પકાલીન છે એ જોઈ, અવિવેકી મનુષ્યોની જેમ કામભોગોમાં આસક્ત ન થાય.

**जे विण्णवणाहिऽझोसिया...रोगवं :–** સાધકને મુક્તિ મેળવવામાં સૌથી વધારે બાધક છે કામવાસના! મનમાં કામવાસના હોય ત્યાં સુધી મુક્તિ દૂર રહે છે. કામવાસનાનું મૂળ કામિની છે. કામિનીનો સંસર્ગ જ સાધકમાં કામવાસના ઉત્પન્ન કરે છે. કામિનીનો સંસર્ગ જ્યાં સુધી છૂટતો નથી ત્યાં સુધી મનુષ્ય, ભલે ગમે તેટલી ઉચ્ચ ક્રિયાઓ કરે, સાધુવેષ પહેરી લે, ઘરબાર છોડી દે પણ તેની મુક્તિ દૂરાતિદૂર રહે છે. મુક્તિની નજીક પહોંચવા માટે–બીજા શબ્દોમાં સંસાર સાગરને પાર કરવા માટે કામિનીઓની કામ–જાળથી સર્વથા મુક્ત–અસંસક્ત રહેવું જરૂરી છે. **विण्णवणा** નો અર્થ છે વિજ્ઞાપના. જેના પ્રત્યે કામીપુરુષ પોતાની કામવાસના પ્રગટ કરે છે, કામસેવન માટે પ્રાર્થના– વિજ્ઞાપના અથવા નિવેદન કરે છે, તેથી કામિનીને અહીં "વિજ્ઞાપના" કહેવામાં આવી છે. જે મહાસત્વ સાધક કામિનીઓથી અસંસક્ત છે, તે સંસારસાગરને તરનારા મુક્ત પુરુષ સમાન છે. જોકે તેઓએ હજુસુધી સંસાર સાગર પાર કર્યો નથી, તથાપિ તેઓ નિષ્કિંચન અને કામિનીમાં અસંસક્ત હોવાથી સંસાર સાગરના કિનારા પર જ સ્થિત છે.

અહીં મૂળમાં **अझोसिया** પાઠ છે, તેનો વૃત્તિકાર આ પ્રમાણે અર્થ કરે છે... જે સ્ત્રીઓથી

**अजुष्टाः असेविताः क्षयं वा अवसायलक्षणमतीताः** અર્થાત્ અજુષ્ટ એટલે કે અસેવિત છે, અથવા જે સ્ત્રીઓ દ્વારા વિનાશરૂપ ક્ષયને પ્રાપ્ત નથી. ચૂર્ણિકાર અર્થ કરે છે કે **अझूषिता णाम अनाद्रियमाणा इत्यर्थः** અર્થાત્ જે કામિનીઓ દ્વારા અઝૂષિત–અનાદત છે. તાત્પર્ય એ છે કે સાધુનો ત્યાગ, રીતભાત, વેશભૂષા અથવા ચર્યા જ એવી હોય કે કામિનીઓ કામવાસનાની પૂર્તિ માટે તેઓની અપેક્ષા રાખે નહીં. કદાચ તેમની પાસે આવે તેમ છતાં ચારિત્રના પ્રભાવે તેની કામવાસના શાંત થઈ જાય છે.

**तम्हा उड्ढंति पासह :–** સ્ત્રીસંસર્ગરૂપ સાગરને પાર કરનાર લગભગ સંસારસાગરને પાર કરી લે છે, આ માટે કામિની સંસર્ગથી અલિપ્ત રહીને જુઓ. કામિનીસંસર્ગ ત્યાગ પછી જ મોક્ષ નજીક થાય છે. **उड्ढं तिरियं अहे तहा** તેવો પાઠ પણ મળે છે, જેનો **अद्दक्खु कामाइं रोगवं** પાઠની સાથે સંબંધ જોડીને અર્થ કરવામાં આવે છે– સૌધર્મ આદિ ઊર્ધ્વ(દેવ)લોક, તિર્યક્‌લોકમાં, તેમજ ભવનપતિ આદિ અધોલોકમાં પણ કામભોગ વિદ્યમાન છે, તે બધા કામભોગોને જે મહાસત્વશાળી જીવો રોગ–સમાન જાણે–જુએ તેઓ સંસાર સમુદ્રથી તરેલા મુક્તપુરુષની સમાન છે. આ આશયનો એક શ્લોક વૈદિક સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે.

**वेधा द्वेधा भ्रमं चक्रे, कान्तासु कनकेषु च ।**
**तासु तेष्वनासक्तः साक्षात् भर्गो नराकृतिः ॥**

વિધાતાએ બે ભ્રમ–સંસાર પરિભ્રમણનાં કારણો ઉત્પન્ન કર્યા છે. એક કામિની અને બીજું કંચન. કામિનીઓમાં અને ધન–સાધનોમાં જે અનાસક્ત છે, તે મનુષ્યની આકૃત્તિમાં સાક્ષાત્ પરમાત્મા છે.

**अग्गं वणिएहिं...भोयणा :–** સાધુજીવનનો ઉદ્દેશ મોક્ષપ્રાપ્તિ છે અને મોક્ષપ્રાપ્તિ માટે સમ્યક્‌દર્શન–જ્ઞાનપૂર્વક, સમ્યક્‌ચારિત્રનું પાલન કરવું આવશ્યક છે. કોઈ સાધક જો આ તથ્યને ભૂલીને મોક્ષ સામગ્રી માટે કામસામગ્રી એકઠી કરવા માંડે અથવા તેના ચિંતનમાં મગ્ન રહે તો તે ઉચ્ચશ્રેણીને અનુરૂપ નથી. તેથી જ આ ગાથામાં કહ્યું છે કે વ્યાપારીઓ દ્વારા દૂર દેશથી લાવેલા ઉત્તમ પદાર્થને રાજા વગેરે ગ્રહણ કરે છે તેવી રીતે સાધુ આચાર્યો દ્વારા પ્રતિપાદિત રાત્રિભોજન વિરમણ વ્રત સહિત પાંચ મહાવ્રતોને ધારણ કરે. કામસામગ્રીને ગ્રહણ કરે નહીં.

**जे इह सायाणुगा :–** શાસ્ત્રકારે આ ગાથા દ્વારા તે લોકોની આંખ ખોલી નાખી છે કે જે તુચ્છ પ્રકૃતિના લોકો સાધુવેષ ધારણ કરીને પણ પરીષહો–ઉપસર્ગોથી ગભરાઈને રાત દિવસ સુખ સુવિધાઓની પાછળ અથવા વિષયજન્ય સુખોની શોધમાં દોડાદોડ કરતા રહે છે; જે મનુષ્યો સુખ શાતા માટે લાલાયિત હોય છે, તેઓ પોતાની સમૃદ્ધિ, રસ(સ્વાદ), તેમજ શાતા–સુખ સુવિધાઓના અહંકારમાં તથા કામભોગોમાં એટલા આસક્ત રહે છે કે, તેને સમાધિના પરમસુખને જાણવા–સમજવાની પણ પરવા હોતી નથી. શાસ્ત્રકાર કહે છે કે સુખભોગોની પાછળ વાસ્તવિક સુખ અને બહુમૂલ્ય જીવનને નષ્ટ કરી નાખવું તે બુદ્ધિમત્તા નથી. કામ, કામનાઓ અથવા સુખ–સુવિધાઓની પાછળ પાગલ થઈને સફેદ વસ્ત્ર જેવા ઉજજવલ સંયમને મલિન કરવાથી બધી જ સાધના લુપ્ત થઈ જાય છે.

**वाहेण जहा व विच्छए :–** જેવી રીતે મુડદાલ બળદ ચાબુકોનો માર ખાઈને પણ વિષમ માર્ગમાં

ચાલી શકતો નથી, ભાર ઉપાડી શકતો નથી અને અંતે દુઃખ પામે છે, તેવી જ રીતે કામભોગોનો ગુલામ અને દુર્બળ મનનો સાધક ગુરુવચનોના ફટકા પડવા છતાં પરીષહ આદિ સહન કરવારૂપ વિષમમાર્ગમાં ચાલી શકતો નથી. સુખની એષણા છોડી શકતો નથી. તે સંયમનો ભાર વહન કરી શકતો નથી અને અંતે શબ્દ આદિ વિષયભોગોમાં ફસાઈને દુઃખી થાય છે.

**एवं कामेसणं :–** કામભોગોમાં આસક્ત સાધક ભ્રમમાં રહે કે હું થોડા દિવસોમાં જ જ્યારે ઈચ્છા થશે ત્યારે છોડી દઈશ પરંતુ એકવાર કામભોગોની લતે લાગી ગયા પછી શાસ્ત્ર ગમે તેટલી પ્રેરણાઓ આપતા રહે, ગુરુવર્યો વગેરે ગમે તેટલી શિક્ષાઓ(શિખામણો) આપે, તેને ફટકારે, સ્વયં ઈચ્છતો હોવા છતાં કામભોગોની લાલસાને છોડી શકતો નથી.

**कामी कामे ण कामए, लद्धे वा वि अलद्ध कण्हुइ :–** કામભોગોની આસક્તિથી છૂટવાના બે જ ઉપાયો છે. કામી કામભોગોની કામના જ ન કરે અને પ્રાપ્ત કામભોગોને અપ્રાપ્ત જેવા જ સમજે, તેનાથી બિલકુલ ઉદાસીન રહે.

જો કોઈ સાધક પોતાના પૂર્વ(ગૃહસ્થ)જીવનમાં કદાચિત્ કામથી અતૃપ્ત રહ્યો હોય તો તેણે કામ–સેવનનાં દુષ્પરિણામોનો વિચાર કરી સાધુ જીવનમાં વજસ્વામી અથવા જંબૂસ્વામીની જેમ મનમાં કામભોગોની જરાપણ કામના–વાસના રાખવી ન જોઈએ. સ્થુલિભદ્ર તેમજ ક્ષુલ્લક કુમારની જેમ કોઈપણ નિમિત્તથી બંધાયેલ તે સાધક કદાચ પૂર્વજીવનમાં કામી રહ્યો હોય, તો તેણે પૂર્વે ભોગવેલા કામભોગોનું કયારે ય પણ સ્મરણ ન કરવું જોઈએ. કદાચ ઈન્દ્રિય–વિષય(કામ) પ્રાપ્ત પણ થઈ જાય તો તેને ન મળ્યા તુલ્ય જાણીને તેના પ્રત્યે નિરપેક્ષ, નિઃસ્પૃહ તેમજ ઉદાસીન રહેવું જોઈએ.

**मा पच्छा असाहुया :–** શાસ્ત્રકારે બે ગાથા દ્વારા બે પ્રબળ યુક્તિઓથી કામત્યાગની અનિવાર્યતા સમજાવી છે, (૧) મૃત્યુ પછીના જન્મમાં દુર્ગતિ ન થાય, ત્યાંની ભયંકર યાતનાઓ સહેવી ન પડે ,ત્યાં અસંયમીની જેમ રોવું–પીટવું ન પડે, (૨) આ જન્મમાં જ જુઓને ! સો વર્ષના આયુષ્યવાળો માનવ જુવાનીમાંજ ચાલ્યો જાય છે. આ જીવન ક્ષણભંગુર છે માટે અવિવેકી માનવની જેમ કામભોગમાં મૂર્છિત થવું યોગ્ય નથી.

આ ગાથાનો સાધુની અપેક્ષાએ આ રીતે અર્થ થાય છે– સંયમ સ્વીકાર્યા પછી ક્યારે ય અસાધુતા–સંયમમાં શિથિલતા આવી ન જાય તે માટે આત્માને સદા અનુશાસનમાં રાખી, વિષય સેવનથી દૂર રહે. અસાધુ થયા પછી તેને મૃત્યુ સમયે કે કષ્ટના સમયે ઘણો શોક, વિલાપ અને પશ્ચાત્તાપ થાય છે. કામભોગોમાં જે સુખ માને છે, તેઓ તેના ભાવિ દુષ્પરિણામો પર વિચારે કરે કે ક્ષણિક કામસુખ કેટલું ભયંકર અને ચિરકાલીન દુઃખ લાવે છે.

બીજી યુક્તિ એ આપવામાં આવી છે કે મનુષ્ય જીવન ક્ષણિક છે, આયુષ્ય સોપક્રમી છે. કયારે કયા નિમિત્તથી આયુષ્ય પૂર્ણ થશે તે કાંઈ કહી શકાતું નથી. તેથી દીર્ઘદષ્ટા મનુષ્ય ક્ષણિક સુખના કારણભૂત કામભોગને માટે અમૂલ્ય જીવનને વેડફી ન નાંખે.

**अच्चेहि अणुसास अप्पगं :–** બુદ્ધિમાન, દૂરદર્શી સાધકને કામત્યાગ માટે બે વાતોની પ્રેરણા આપી છે– (૧) સાધુએ પહેલેથી જ સાવધાન થઈને આ કામભોગોથી પોતાની જાતને દૂર રાખવી જોઈએ. (૨) કદાચિત્ પૂર્વે ભોગવેલા કામભોગ સ્મરણપટમાં આવી જાય અથવા ક્યારેક કામવાસના મનમાં ઉત્પન્ન થઈ જાય તો વિલંબ વિના તેના પર નિયંત્રણ કરવું જોઈએ. આત્માને આ રીતે અનુશાસિત (પ્રશીક્ષિત) કરવો જોઈએ કે "હે આત્મન્ ! હિંસા આદિ પાપકર્મોના કારણે પુણ્યહીન બનીને વળી કામભોગોનું સેવન કરીને અથવા કામભોગોની અભિલાષા કરીને નવાં કર્મો શા માટે બાંધે છે ? તેનું દુષ્પરિણામ ભોગવવું અત્યંત દુઃખદાયક છે. આ રીતે મનમાં કામના વિચારો આવતાં જ તેને દૂર કરી દે.

## પાપી જીવોની ગતિ તેમજ મનોદશા :–

**९** जे इह आरंभणिस्सिया, आयदंड एगंत लूसगा ।
गंता ते पावलोगयं, चिररायं आसुरियं दिसं ॥

**શબ્દાર્થ :– आरंभणिस्सिया** = આરંભમાં–પાપકારી કાર્યમાંઆસક્ત, **आयदंड** = આત્માને દંડ દેનારા, **एगंत लूसगा** = એકાંતરૂપે પ્રાણીઓના હિંસક છે, **पावलोगयं** = પાપલોક એટલે પાપફળ દાયી સ્થાન–નરકમાં, **चिररायं** = લાંબાકાળ માટે, **गंता** = જાય છે, **आसुरियं दिसं** = આસુરી દિશા, ક્રૂર દુઃખી પ્રાણીઓની દિશામાં જાય છે.

**ભાવાર્થ :–** આ લોકમાં જે મનુષ્ય આરંભમાં આસક્ત, આત્માને દંડ દેનાર તેમજ એકાંત રૂપે હિંસક છે, તે લાંબાકાળ માટે આસુરી દિશા–ક્રૂર અને દુઃખી પ્રાણીઓની દિશામાં અને પાપલોક–પાપફળદાયી સ્થાન(નરક)માં જાય છે.

**१०** ण य संखयमाहु जीवियं, तह वि य बालजणे पगब्भइ ।
पच्चुप्पण्णेण कारियं, के दट्ठुं परलोगमागए ॥

**શબ્દાર્થ :– जीवियं** = જીવનને, **ण संखयं** = સંસ્કાર કરવા યોગ્ય નથી, સંધાય નહીં, જોડાય નહીં, તૂટેલું જીવન સાંધી શકાતું નથી, **आहु** = સર્વજ્ઞોએ કહ્યું છે, **तह वि य** = તોપણ, **बालजणो** = મૂર્ખજન, **पगब्भइ** = પાપ કરવામાં ધૃષ્ટતા કરે છે. તેઓ કહે છે કે, **पच्चुपण्णेण कारियं** = મને તો વર્તમાન સુખ સાથે પ્રયોજન છે.

**ભાવાર્થ :–** સર્વજ્ઞ પુરુષોએ કહ્યું છે– આ જીવન સંસ્કૃત કરવા(જોડવા) યોગ્ય નથી, છતાં અજ્ઞાની મનુષ્ય પાપ કરવામાં ધૃષ્ટતા કરે છે. તેઓ કહે છે– વર્તમાન સુખ સાથે જ અમારે પ્રયોજન છે, પરલોકને જોઈને કોણ આવ્યું છે ?

## વિવેચન :–

આ બે ગાથાઓમાંથી પહેલી ગાથામાં આરંભજીવી અથવા આરંભાશ્રિત સાધકોની દશાનું અને

બીજી ગાથામાં વર્તમાનદર્શી અજ્ઞાનીજનોની મનોદશાનું વર્ણન કર્યું છે.

**जे इह आरंभ णिस्सिया :–** આરંભ શબ્દ જૈનધર્મનો પારિભાષિક શબ્દ છે. જે કાર્ય અથવા પ્રવૃત્તિથી જીવોના દ્રવ્ય અને ભાવ પ્રાણોનો નાશ થાય, તેને "આરંભ" કહે છે. આરંભના અનેક પ્રકાર છે– ભોજન બનાવવું (રાંધવું), લીલી વનસ્પતિ તોડવી, મકાન બનાવવું, જમીન ખોદવી, ખેતી કરવી, અગ્નિ પ્રજ્વલિત કરવી, યંત્રો–કારખાનાઓ ચલાવવા, યુદ્ધ કરવું , લડાઈ–ઝગડા કરવા, બીજાને હેરાન કરવા, માર મારવો, ચોરી, લૂંટફાટ આદિ હિંસા, અસત્ય, ચોરી, આદિ પાપજનક(સાવદ્ય) કાર્ય આરંભ કહેવાય છે. આત્મકલ્યાણની ઈચ્છા રાખનારે સર્વ પ્રકારના આરંભોનો ત્યાગ કરવો જરૂરી છે. પરંતુ કેટલાક સાધક શરીર અથવા જીવનને માટે, સુખસુવિધાને માટે મોહવશ થઈ આરંભોમાં સ્વયં પ્રવૃત્ત થઈ જાય છે અથવા બીજાને પ્રવૃત્ત કરે છે. આ રીતે ધીમે ધીમે તેઓની વૃત્તિ એટલી આરંભાશ્રિત થઈ જાય છે કે તેઓ આરંભ વિના જીવી શકતા નથી. તેવા જીવો બીજાં પ્રાણીઓની હિંસા તો કરે છે અને આરંભજન્ય પાપકર્મના ફળ સ્વરૂપે પોતાના આત્માને દંડિત કરે છે. તેથી શાસ્ત્રકારે આરંભાશ્રિત જીવો માટે **आयदंडा** અને **एगंत लूसगा** વિશેષણોનો પ્રયોગ કર્યો છે. આરંભ આસકત સાધક એકાન્તલૂસક(પ્રાણી હિંસક) અથવા સત્કર્મનો ધ્વંસક હોય છે.

આ આરંભ– આસક્તિના ફળ સ્વરૂપે તેઓ મરીને પાપલોકમાં જાય છે. પાપલોક = નરક, તિર્યંચગતિ અને તુચ્છ, પાપી, મલેચ્છ માનવો પણ પાપલોકમાં સમાવિષ્ટ થાય છે અથવા તે બાલતપ અથવા અકામ નિર્જરાના કારણે દેવગતિ પામે તોપણ આસુરી યોનિમાં ઉત્પન્ન થાય છે.

**आसुरियं दिसं** ની વ્યાખ્યા વૃત્તિકાર આ પ્રમાણે કરે છે– **असुराणामियं आसुरी, तां दिशं यन्ति, अपरप्रेष्या किल्विषिका देवाधमाः भवन्तीत्यर्थः ।"** અસુરોની દિશા આસુરી દિશા છે, તેઓ આસુરી દિશામાં જાય છે અર્થાત્ બીજાઓના દાસરૂપ કિલ્વિષી દેવ બને છે અથવા પરમાધાર્મિક અસુર બને છે.

ચૂર્ણિકાર **आसूरियं** પાઠાન્તર માનીને અર્થ કરે છે– **ण तत्थ सूरो विद्यते** અર્થાત્ જ્યાં સૂર્ય નથી સૂર્યપ્રકાશ વિના અંધારું છવાયેલુ રહે છે. તેવી દ્રવ્ય અંધકાર અને મોહરૂપ ભાવ અંધકારવાળી ગતિ પામે છે. ઈશાવાસ્ય ઉપનિષદમાં કહ્યું છે–

**असूर्यानाम ते लोका अन्धेन तमसावृत्ताः ।**
**तांस्ते प्रेत्यभिगच्छन्ति, ये केचात्मध्नो जनाः ॥**

અસૂર્ય નામનો લોક તે છે, જે ગાઢ અંધકારથી આવૃત્ત છે. જે આત્મદંડક મનુષ્ય છે, તેઓ અહીંથી મરીને તે લોકોમાં જાય છે.

**ण य संखयमाहु :–** આ જીવન,આયુષ્ય તૂટે ત્યારે વસ્ત્રની જેમ ફરી સાંધી શકાતું નથી. એમ જીવનના રહસ્યવેતા સર્વજ્ઞોએ કહ્યું છે, તો પણ અજ્ઞાન અને મોહના અંધકારથી વ્યાપ્ત મૂઢ જીવ પાપકર્મમાં નિઃસંકોચ પ્રવૃત્તિ કરે છે. તેઓને તે ભાન જ નથી કે તેઓ જે પાપકર્મ કરે છે, તેનાં કેટલાં દારુણ દુષ્પરિણામ

ભોગવવાં પડશે અને જે જીવનને માટે તેઓ પાપકર્મ કરે છે, તે જીવન પણ પાણીના પરપોટા અથવા કાચના વાસણની જેમ ક્ષણિક અને નાશવંત છે અને પાપકર્મનું ભયંકર ફળ દીર્ઘકાલ પર્યંત ભોગવવું પડશે. આ પ્રમાણે તેને કોઈ હિતશિક્ષા આપે તોપણ તેના પ્રત્યુત્તરમાં તે કહે છે કે **पच्चुपण्णेण कारियं के दट्ठुं परलोगमागए** અરે ! પરલોક કોણે જોયો છે ? મારે તો વર્તમાન સુખનું જ પ્રયોજન છે. આ પ્રકારની વિચારધારાથી વ્યક્તિ આ લોક અને પરલોકમાં દુઃખી થાય છે. શાસ્ત્રકારે જીવનની ક્ષણિકતા, કામભોગની નશ્વરતાને સમજાવીને સુજ્ઞ સાધકને પાપકર્મોથી વિરામ પામવાનો ઉપદેશ આપ્યો છે. વર્તમાન સમયમાં આસક્તિને અને જીવનની ક્ષણભંગુરતા જાણીને કામથી વિરમવાનું કહેતા શાસ્ત્રકારે પરોક્ષરૂપે આ બન્ને ગાથાઓ દ્વારા સુજ્ઞાત સાધુને આરંભ તેમજ પાપકર્મોથી બચવાનો ઉપદેશ આપ્યો છે.

### સમ્યક્દર્શનમાં સાધક–બાધક તત્ત્વ :–

**૧૧** **अदक्खुव दक्खुवाहियं, सद्दहसु अद्दक्खुदंसणा ।**
**हंदि हु सुणिरुद्धदंसणे, मोहणिज्जेण कडेण कम्मुणा ॥**

**શબ્દાર્થ :– अदक्खुव** = જેમ અંધ પુરુષ, **दक्खुवाहियं** = નેત્રવાનના માર્ગદર્શનમાં શ્રદ્ધાથી ચાલે છે તેમ, **अदक्खुदंसणा** = હે જ્ઞાન નેત્રહીન માનવ, **मोहणिज्जेण कडेण** = પોતે કરેલાં મોહનીય, **कम्मुणा** = કર્મથી, **सुणिरूद्धदंसणे** = જેની જ્ઞાનદષ્ટિ બંધ થઈ ગઈ છે, **सद्दहसु** = સર્વજ્ઞ કથિત સિદ્ધાંતમાં શ્રદ્ધા કરો.

**ભાવાર્થ :–** જેમ અંધપુરુષ ચક્ષુવાન પુરુષના માર્ગદર્શન પ્રમાણે શ્રદ્ધાથી ચાલે છે, તેમ મોહનીય કર્મના કારણે જેઓની જ્ઞાનદષ્ટિ અવરુદ્ધ છે તેવા હે જ્ઞાન નેત્રહીન માનવ ! સર્વજ્ઞ કથિત સિદ્ધાંતોમાં તથા તેના બતાવેલા સંયમમાર્ગમાં શ્રદ્ધા કર.

**૧૨** **दुक्खी मोहे पुणो पुणो, णिव्विंदेज्ज सिलोग पूयणं ।**
**एवं सहिएऽहिपासए, आयतुलं पाणेहिं संजए ॥**

**શબ્દાર્થ :– दुक्खी** = દુઃખી જીવ, સંસારના પ્રાણી, **मोहे** = અવિવેકને પ્રાપ્ત કરે છે, **सिलोग पूयणं** = તેથી સાધુ પોતાનીસ્તુતિ અને પૂજા, **णिव्विंदेज्ज** = ત્યાગી દે, **आयतुलं** = પોતાના સમાન, **अहिपासए** = જુએ.

**ભાવાર્થ :–** દુઃખી જીવ ફરી ફરીને મોહ–વિવેકમૂઢતાને પ્રાપ્ત કરે છે. તેથી સાધુએ મોહજનક પોતાની પ્રશંસા અને પૂજા–સત્કાર–પ્રતિષ્ઠાથી વિરક્ત રહેવું જોઈએ. આ રીતે જ્ઞાન, દર્શન, ચારિત્ર સંપન્ન સંયમી સાધુ સર્વ પ્રાણીઓને પોતાની સમાન જુએ.

### વિવેચન :–

આ બે ગાથાઓમાં સમ્યક્દર્શનના સાધક બાધક છ તથ્યોનું દિગ્દર્શન કરાવ્યું છે. (૧) અંધપુરુષ

ચક્ષુવાન પુરુષની પ્રવૃત્તિમાં શ્રદ્ધા રાખીને જીવન નિર્વાહ કરે છે. (૨) જ્ઞાન નેત્રહીન ભાવઅંધ વ્યક્તિએ સમ્યગ્દષ્ટા બનવા માટે કેવળજ્ઞાન–કેવળદર્શન સંપન્ન વીતરાગે કહેલ દર્શન પર દઢ શ્રદ્ધા કરવી જોઈએ. (૩) સ્વકૃત મોહનીય કર્મના કારણે સમ્યગ્દૃષ્ટિ અવરુદ્ધ થઈ જાય છે તેથી ભાવઅંધ વ્યક્તિ સર્વજ્ઞકથિત સિદ્ધાંત પર શ્રદ્ધા કરે નહીં. (૪) દુઃખી જીવ સમ્યગ્દષ્ટિના અભાવે વારંવાર વિવેકમૂઢ (મોહગ્રસ્ત) થાય છે. (૫) સાધકે મોહજનક આત્મપ્રશંસા અને પૂજાથી વિરક્ત રહેવું જોઈએ. (૬) સર્વ પ્રાણીઓને આત્મ તુલ્ય જોનાર સાધુ જ સમ્યગ્દર્શી તેમજ રત્નત્રય સંપન્ન હોય છે.

**अदक्खु व... कम्मुणा :–** આ ગાથામાં આગમ સિદ્ધાંત પર શ્રદ્ધા કરવા માટે અંધ પુરુષનું દૃષ્ટાંત આપ્યું છે. અંધપુરુષ શ્રદ્ધાથી નેત્રવાન પુરુષના માર્ગદર્શન પ્રમાણે ચાલે છે. અંધ પુરુષ નેત્રવાન પુરુષ ની આંગળી પકડીને જ્યાં લઈ જાય ત્યાં તર્ક વિતર્ક વિના પ્રગાઢ શ્રદ્ધાથી ચાલ્યો જાય છે. આવી દઢ શ્રદ્ધા ધર્મ માર્ગમાં, વીતરાગ દર્શનમાં રાખવાની પ્રેરણા મોહ અને અજ્ઞાનમાં પડેલ પ્રાણીઓને આ ગાથામાં કરી છે. વ્યાખ્યાકારોએ આ ગાથાનું વિવેચન બીજી રીતે કર્યું છે.

**'अदक्खु व दक्खुवाहियं ' अदक्खू व :–** આ સંબોધન છે. સંસ્કૃતમાં તેના પાંચ રૂપ વૃત્તિકારે પ્રસ્તુત કર્યા છે. (૧) **हे अपश्यवत् !** (૨) **हे अपश्यदर्शन् !** (૩) **अदक्षवत्** (૪) **अदृष्टदर्शिन् !** (૫) **अदृष्टदर्शन्,** આ પાંચેનો અર્થ ક્રમશઃ આ પ્રમાણે છે.

(૧)**अपश्यवत्–** જે જુએ છે, તે પશ્ય અને જે નથી જોતો તે અપશ્ય કહેવાય છે. અપશ્યને વ્યવહારમાં આંધળો કહે છે. અહીં દાર્શનિક ક્ષેત્રમાં દ્રવ્યથી અંધની વાત નથી, ભાવઅંધની વાત જ અહીં વિવક્ષિત છે. ત્રણ કારણોથી તેઓને ભાવઅંધ માનવામાં આવ્યાં છે. **(क)** એક માત્ર પ્રત્યક્ષને જ પ્રમાણ માનવાના કારણે, **(ख)** કર્તવ્ય–અકર્તવ્ય, હિતાહિતના વિવેકથી રહિત હોવાના કારણે **(ग)** વ્યવહાર માત્રનો લોપ થઈ જવાના કારણે.

(૨) **अपश्यदर्शन–** સર્વજ્ઞ–સર્વદર્શીને પશ્ય કહે છે. જે સર્વજ્ઞ સર્વદર્શી નથી, તેને અપશ્ય કહે છે. અપશ્યદર્શનનો અર્થ થયો " હે અસર્વજ્ઞ અસર્વદર્શીના દર્શનને માનનાર પુરુષ !" એને બીજા શબ્દોમાં કહીએ તો "અન્ય દર્શનાનુયાયી પુરુષ" કહી શકીએ.

(૩)**अदक्षवत्–** દક્ષનો અર્થ છે નિપુણ. દાર્શનિક ક્ષેત્રમાં નિપુણ તેને કહે છે, જે પ્રત્યક્ષ, અનુમાન, આગમ આદિ પ્રમાણોથી તત્ત્વને સિદ્ધ કરવામાં નિપુણ હોય, અનિપુણ પુરુષ ! જે તેવો ન હોય તે "અદક્ષ" કહેવાય છે.

(૪) **अदृष्टदर्शिन्–** ઈન્દ્રિયની ક્ષીણતા વગેરે કારણથી સૂક્ષ્મ, વ્યવહિત, ક્ષેત્ર–કાળથી પરોક્ષ પદાર્થ જેને દષ્ટ નથી–દેખાતા નથી તે અદષ્ટદર્શી છે. અદષ્ટદર્શીનું સંબોધનરૂપ અદષ્ટદર્શિન્ ! થાય છે.

(૫) **अदृष्टदर्शन–** અસર્વજ્ઞ, અસર્વદર્શીને કહે છે, આ દષ્ટિએ અદષ્ટદર્શનનો અર્થ થયો–જે અદષ્ટ અસર્વદર્શીના દર્શનવાળો છે. જે કોઈ પણ અદષ્ટદર્શી હોય તે ભાવથી અંધ હોવાના કારણે સમ્યક્દર્શન યુક્ત નથી. તેથી તેને સંબોધન કરતાં પરમ હિતૈષી શાસ્ત્રકાર કહે છે. **दक्खुवाहियं सद्दहसु** હે અદષ્ટ

તુલ્ય પુરુષો ! તમે ક્યાં સુધી સમ્યગ્દષ્ટિ વિનાના રહેશો ? સમ્યક્દર્શન સંપન્ન બનવા માટે સર્વજ્ઞ, સર્વદર્શી દ્વારા કથિત તત્ત્વો અથવા સિદ્ધાંતો અથવા આગમો પર શ્રદ્ધા કરો ! સમ્યક્દર્શન પ્રાપ્તિનો અવસર ખોઈ નાખવાથી પોતાના પૂર્વકૃત મોહનીયકર્મના કારણે મનુષ્યની જ્ઞાનદષ્ટિ બંધ થઈ જાય છે.

**दुक्खी मोहे पुणो पुणो** :– આ ગાથામાં શાસ્ત્રકારના બે આશય પ્રગટ થાય છે. પહેલો આશય એ છે કે સમ્યગ્દર્શન તેમજ સમ્યક્જ્ઞાનના અભાવમાં અજ્ઞાન, અંધવિશ્વાસ અને મિથ્યાત્વના કારણે મનુષ્ય પાંચ પ્રકારે દુઃખી થાય છે. (૧) હિતાહિત, કર્તવ્ય–અકર્તવ્ય, શ્રેય–પ્રેય, હેય–ઉપાદેયનું ભાન ભૂલી જવાથી ધર્મવિરૂદ્ધ કાર્ય કરીને (૨) વસ્તુ તત્ત્વનુ યથાર્થ જ્ઞાન ન હોવાથી ઈષ્ટ વિયોગ, અનિષ્ટ સંયોગમાં આર્તધ્યાન અથવા ચિંતા કરીને (૩) પરમ હિતેચ્છુ, આપ્ત, વીતરાગ, સર્વજ્ઞ સિદ્ધાંત પર વિશ્વાસ ન કરવાથી તથા (૪) અજ્ઞાનવશ માન–અપમાન, નિંદા–પ્રશંસા, લાભ–અલાભ, સુખ–દુઃખ, જીવન–મરણ આદિ દ્વન્દ્વોમાં સમભાવ ન હોવાથી (૫) મિથ્યાત્વ આદિના કારણે ભયંકર પાપકર્મબંધ થઈ જવાથી વારંવાર કુગતિઓમાં જન્મ–મરણાદિ કરીને.

અશાતા વેદનીય કર્મના ઉદયે જીવને દુઃખની પ્રાપ્તિ થાય છે. જેને દુઃખ થઈ રહ્યું હોય તેને દુઃખી કહે છે. તે જ અશાતા વેદનીય કર્મ જ્યારે ઉદયમાં આવે છે, ત્યારે મૂઢજીવ એવાં દુષ્કર્મ કરે છે, જેનાથી તે વારંવાર દુઃખી થાય છે.

દુઃખી મનુષ્ય ફરી ફરી મોહગ્રસ્ત વિવેકમૂઢ થઈ જાય છે. ઉપર્યુક્ત છ પ્રકારોમાંથી કોઈપણ પ્રકારે દુઃખી માનવ પોતાની બુદ્ધિ પર મિથ્યાત્વ અને અજ્ઞાનનો પડદો પડી જવાથી સત્યવાતને વિચારી શકતો નથી, વાસ્તવિક નિર્ણય કરી શકતો નથી, તત્ત્વ પર દઢ શ્રદ્ધા કરી શકતો નથી. સર્વજ્ઞ કથિત વચનો પર તેને વિશ્વાસ બેસતો નથી, પરિણામે તે વારંવાર કુકૃત્ય કરી, વિપરીત ચિંતન કરી, મૂઢ અથવા મોહગ્રસ્ત થતો રહે છે. મોહનીય કર્મનો બંધ કરી ફરીવાર ચારગતિ રૂપ ભયંકર દુઃખકારી, અનંત સંસાર અટવીમાં પરિભ્રમણ કર્યા કરે છે.

અહીં એક પ્રશ્ન થાય છે કે સાધુ જીવન અંગીકાર કર્યા પછી તો સમ્યગ્દર્શનાદિનું ઉત્કટ આચરણ હોય પછી ત્યાં મોહ અને દુઃખ કેવી રીતે હોય ? તેનું સમાધાન આ પંક્તિમાં સમાયેલું છે કે સાધુ સાધ્વી સાંસારિક પદાર્થોનો મોહ–મમતા ત્યાગીને સમ્યક્ પ્રકારે સંયમ માટે ઉદ્યત થયા હોય છતાં પણ જ્યાં સુધી સાધક વીતરાગ ન થાય, ત્યાં સુધી તેને કેટલા ય પ્રકારે મોહ ઘેરી શકે છે– જેમ કે– (૧) શિષ્ય–શિષ્યાઓ (૨) ભક્ત–ભક્તાણીઓ (૩) વસ્ત્રપાત્રાદિ ઉપકરણો (૪) ક્ષેત્ર, સ્થાન (૫) શરીર (૬) પ્રશંસા–પ્રસિદ્ધિ (૭) પૂજા–પ્રતિષ્ઠા આદિનો મોહ. તેથી આચારાંગ સૂત્રમાં **दुःखी मोहे पुणो पुणो** ના સ્થાને **एत्थमोहे पुणो पुणो** પાઠ છે, જેનો આશય એ છે કે તેના સાધુ જીવનમાં પણ વારંવાર (ફરી ફરી) મોહની ભરતી આવે છે. આ ગાથામાં વિશેષ પ્રકારે મોહને ઉત્પન્ન કરનાર શ્લાઘા અને પૂજા બે વાતોથી ખાસ કરીને વિરક્ત થવાની પ્રેરણા આપવામાં આવી છે. આત્મશ્લાઘા, સ્તુતિ, પ્રશંસા, યશકીર્તિ, પ્રસિદ્ધિ અથવા વાહ વાહને શ્લાઘા કહેવામાં આવે છે અને પૂજાનો અર્થ છે. વસ્ત્રાદિ દાન દ્વારા સત્કાર અથવા પ્રતિષ્ઠા, બહુમાન, ભક્તિ આદિ પૂજા કહેવામાં આવે છે. સાધુ જીવનમાં બીજી વાતોનો મોહ છૂટવો હજુ

ય સરળ છે, પરંતુ પોતાની પ્રશંસા, પ્રસિદ્ધિ, પૂજા સન્માન અને પ્રતિષ્ઠાની લાલસા છૂટવી બહુ કઠિન છે સંપ્રદાય, ધર્મ, કુલ, તપ, જ્ઞાન, અહંકાર, પ્રભુત્વ આદિ કેટલાં ય રૂપોમાં તે સાધકના દિલ–દિમાગને ભ્રમણામાં નાંખે છે. આ બન્ને મોહની જનનીઓથી વિરક્ત થવા મનથી પણ તેને ન ઈચ્છો, તેનું ચિંતન ન કરો.

**एवं सहिएऽहिपासए...संजए :–** ગાથાના ઉત્તરાર્દ્ધમાં સમસ્ત પ્રાણીઓને આત્માવત્ દષ્ટિથી જોવાની પ્રેરણા છે. સંયમી સાધુએ સ્વ–પરનો ભેદભાવ, સ્વ સુખની મમતા અને પર સુખની ઉપેક્ષા, સ્વજીવનનો મોહ, પર જીવનની ઉપેક્ષા આદિ વિષમભાવો દૂર કરી દેવા જોઈએ. આ વિષમભાવને નાશ કરવાનો સૌથી સરળ ઉપાય એ છે કે સાધક સમસ્ત પ્રાણીઓને આત્મતુલ્ય દષ્ટિથી જુએ. પોતાનાં સુખ–દુઃખ, જીવન–મરણની જેમ જ અન્ય જીવોના સુખ–દુઃખ આદિને જાણે. ચૂર્ણિકાર તેનો અર્થ કરે છે કે આ રીતે સંયમી સાધુ જ્ઞાનાદિ સંપન્ન થઈને બધાં પ્રાણીઓને પોતાનાથી પણ અધિક જાણે.

## સુવ્રતી ગૃહસ્થની ગતિ :–

**૧૩** गारं पि य आवसे णरे, अणुपुव्वं पाणेहिं संजए ।
समया सव्वत्थ सुव्वए, देवाणं गच्छे सलोगयं ॥

**શબ્દાર્થ :– गारं पि य** = ઘરમાં પણ, **आवसे** = નિવાસ કરતો, **पाणेहिं संजए** = પ્રાણી હિંસાથી નિવૃત્ત થઈને, **सव्वत्थ** = બધા પ્રાણીઓમાં, **समया** = સમભાવ રાખતો, **सुव्वए** = સુવ્રતી પુરુષ, **देवाणं सलोगयं** = દેવતાઓના લોકમાં, દેવોની ઉત્તમગતિમાં, **गच्छे** = જાય છે.

**ભાવાર્થ :–** ઘરમાં પણ નિવાસ કરવા છતાં ગૃહસ્થ ક્રમશઃ પ્રાણીઓના વિષયમાં યથાશક્તિ સંયમ રાખે તથા સર્વ પ્રાણીઓમાં સમતા રાખે, તો તે સમત્વદર્શી, સુવ્રતી ગૃહસ્થ પણ દેવલોકમાં જાય છે.

## વિવેચન :–

**સુવ્રતી, સમત્વદર્શી ગૃહસ્થ પણ દેવલોકગામી :–** આ ગાથામાં બતાવવામાં આવ્યું છે કે ગૃહસ્થપણ ત્રણ ગુણોથી યુક્ત થઈને દેવલોકને પ્રાપ્ત કરી શકે છે. ત્રણ વિશિષ્ટ ગુણો આ છે– (૧) તે ગૃહસ્થ જીવનમાં રહેતો હોવા છતાં મર્યાદા અનુસાર પ્રાણીહિંસા પર સંયમ(નિયંત્રણ)રાખે. (૨) આર્હત્ પ્રવચનમાં કહેલા સમસ્ત એકેન્દ્રિયાદિ પ્રાણીઓ પર સમભાવ–આત્મવત્ ભાવ રાખે (૩) શ્રાવકનાં વ્રત ધારણ કરે.

**समया :–** એટલે સમતા. વૃત્તિ અનુસાર તેના બે અર્થ છે– (૧) સ્વ–પર તુલ્યતા અને (૨) સમભાવ. એકેન્દ્રિયાદિ સર્વ પ્રાણી પ્રત્યે સમભાવ રાખે તે દેવલોકને પ્રાપ્ત થાય છે. ચૂર્ણિ અનુસાર જે ગૃહસ્થ સર્વત્ર સમભાવ રાખે છે તે સામાયિકાદિ ક્રિયા ન કરે તોપણ સમતાના કારણે દેવગતિને પ્રાપ્ત કરે છે.

## ભિક્ષુનું આચરણ :–

**૧૪** सोच्चा भगवाणुसासणं, सच्चे तत्थ करेज्जुवक्कमं ।
सव्वत्थ विणीयमच्छरे, उंछं भिक्खु विसुद्धमाहरे ॥

**શબ્દાર્થ :– भगवाणुसासणं** = ભગવાનના અનુશાસન એટલે કે આજ્ઞાને, **सच्चे** = સત્ય, સંયમ, **तत्थ** = તે સંયમમાં, **उवक्कमं** = ઉદ્યોગ–ઉદ્યમ, **विणीयमच्छरे** = મત્સર રહિત થઈને, **उंछं** = ભિક્ષા, **आहरे** = લાવે.

**ભાવાર્થ :–** ભગવાનના અનુશાસન અર્થાત્ આજ્ઞા સાંભળીને તેમાં કહેલા સત્ય સિદ્ધાંતમાં અથવા સંયમમાં પરાક્રમ કરે. ભિક્ષુ સર્વત્ર મત્સર રહિત થઈને શુદ્ધ આહાર ગ્રહણ કરે.

**૧૫** **सव्वं णच्चा अहिट्ठए, धम्मट्ठी उवहाणवीरिए ।**
**गुत्ते जुत्ते सया जए, आय–परे परमायतट्ठिए ॥**

**શબ્દાર્થ :– अहिट्ठए** = સર્વજ્ઞોક્ત સંવરનો આશ્રય લે, **धम्मट्ठी** = ધર્મનું પ્રયોજન રાખે, **उवहाणवीरिए** = તપમાં પોતાનું પરાક્રમ પ્રસરાવે, **गुत्ते जुत्ते** = ગુપ્તિથી યુક્ત રહે, મન, વચન, અને કાયાથી ગુપ્ત રહે, **आयपरे** = પોતાના અને બીજાના વિષયમાં, **जए** = યત્ન કરે, **परमायतट्ठिए** = મોક્ષની અભિલાષા રાખે.

**ભાવાર્થ :–** સાધુ બધા પદાર્થોને જાણી સર્વજ્ઞ કથિત સંવરનો આશ્રય લે. ધર્માર્થી રહે, તપ (ઉપધાન)માં પોતાની શક્તિ જોડે. મન, વચન, કાયાની ગુપ્તિથી યુક્ત રહે, સદા સ્વ–પર કલ્યાણના વિષયમાં અથવા આત્મપરાયણ થઈને યત્ન કરે અને પરમ આયત–મોક્ષના લક્ષ્યમાં સ્થિર થાય.

## વિવેચન :–

આ બન્ને ગાથામાં મોક્ષયાત્રી સાધુ માટે અગિયાર આચરણસૂત્રો બતાવ્યાં છે– (૧) સર્વજ્ઞે કહેલા અનુશાસન એટલે કે શિક્ષા, આગમ અથવા આજ્ઞાને સાંભળે (૨) તે મુજબ સત્ય (સિદ્ધાંત અથવા સંયમ)માં પરાક્રમ કરે (૩) સર્વત્ર મત્સર રહિત–રાગદ્વેષ રહિત અથવા ક્ષેત્ર, ગૃહ, ઉપાધિ, શરીર આદિ પદાર્થોમાં લિપ્સા–આસક્તિ રહિત થઈ રહે (૪) શુદ્ધ ભિક્ષાચર્યા કરે (૫) હેય–જ્ઞેય–ઉપાદેયને જાણીને સર્વજ્ઞકથિત સંવરનો જ આધાર લે (૬) ધર્મ સાથે જ પોતાનું પ્રયોજન રાખે (૭) તપસ્યામાં પોતાની શક્તિનો પ્રયોગ કરે (૮) ત્રણ ગુપ્તિઓથી યુક્ત થઈને રહે (૯) હંમેશાં યત્નશીલ રહે (૧૦) આત્મપરાયણ અથવા સ્વ–પરહિતમાં રત રહે (૧૧) પરમ આયત મોક્ષ રૂપ લક્ષ્યમાં દઢ રહે.

**सोच्चा भगवाणुसासणं :–** મોક્ષયાત્રીને માટે સર્વપ્રથમ ભગવાનનું અનુશાસન શ્રવણ કરવું જરૂરી છે. ભગવાન મોક્ષના પરમ અનુભવી માર્ગદર્શક છે, તેઓ જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ યશ, શ્રી, સમગ્ર ઐશ્વર્ય તેમજ મોક્ષ આ છ વિભૂતિઓથી યુક્ત છે. તેઓ વીતરાગ તેમજ સર્વજ્ઞ છે, તેઓ નિષ્પક્ષ થઈને વાસ્તવિક મોક્ષમાર્ગ બતાવે છે. તેમની આજ્ઞાઓ અથવા શિક્ષાઓ (અનુશાસન) આગમોમાં સંગૃહિત છે. તેથી ગુરુ અથવા આચાર્ય પાસેથી તેમનું પ્રવચન (આગમ)સાંભળવું તે સૌપ્રથમ જરૂરી છે, સાંભળ્યા પછી જ સાધક શ્રેય–અશ્રેયનું જ્ઞાન કરી શકે છે.

**सच्चे तत्थ करेज्जुवक्कमं :–** સર્વજ્ઞોક્ત સત્ય–સંયમમાં પરાક્રમ કરે. જો શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરે તો

સાધક તે સાંભળેલા સત્યને પોતાના જીવનમાં ઉતારવા પુરુષાર્થ કરી શકે. સાધકનો આ સત્યસંયમ પુરુષાર્થ મત્સરરહિત–રાગદ્વેષરહિત હોય તો જ તે સાચો પુરુષાર્થ કહેવાય.

**सव्वत्थ विणीयमच्छरे :–** બધા પદાર્થોમાં મત્સરરહિત થઈને રહે. વૃત્તિકારે બે વિશેષ અર્થ બતાવ્યા છે તે આ પ્રમાણે (૧) સર્વત્ર એટલે કે ક્ષેત્ર, ગૃહ, ઉપાધિ, શરીર આદિ પદાર્થોની તૃષ્ણાને મનમાંથી દૂર કરે. (ર) સર્વપદાર્થો પ્રત્યે ન તો રાગ, મોહ કરે ન દ્વેષ, ઘૃણા કે ઈર્ષ્યા કરે. મત્સર ત્યાં દ્વેષ અને જ્યાં દ્વેષ ત્યાં રાગ–મોહ અવશ્યંભાવી છે. સાધકની મોક્ષયાત્રામાં આ બાધક છે, તેથી તેનાથી દૂર જ રહે.

**उंछं भिक्खु विसुद्धमाहरे :–** શુદ્ધ ભિક્ષાચરીકરે.સાધુ ભિક્ષાજીવી તો હોય જ છે પરંતુ તેની ભિક્ષાચરી એષણાના ૪૭ દોષોથી રહિત હોય તો જ વિશુદ્ધ ભિક્ષા કહેવાય છે. ઔદ્દેશિક આદિ દોષોથી યુક્ત ભિક્ષા હોય તો સાધુ, મહાવ્રત, સંયમ, સમિતિ અથવા તપનું આચરણ યથાર્થરૂપે કરી શકે નહીં. દોષયુક્ત ભિક્ષાગ્રહણ તેમજ સેવનથી સાધુની તેજસ્વિતા સમાપ્ત થઈ જાય. તેનામાં નિઃસ્પૃહતા, નિર્લોભતા, ત્યાગ તેમજ અસ્વાદવૃત્તિ રહેતી નથી. અહીં ભિક્ષાને બદલે શાસ્ત્રકારે **"उंछं"** શબ્દનો પ્રયોગ કર્યો છે, પ્રાકૃત શબ્દકોશ અનુસાર તેનો અર્થ થાય છે–ક્રમશઃ(થોડું થોડું)લેવું. તાત્પર્ય એ છે કે ભિક્ષુ અનેક ગૃહસ્થોના ઘરોમાંથી થોડી થોડી ભોજન સામગ્રી ગ્રહણ કરે છે અર્થાત્ ગૃહસ્થને પોતા માટે બીજીવાર કરવું ન પડે તેમ ગ્રહણ કરે છે.

**सव्वं णच्चा अहिट्ठए :–** બધું જાણીને સર્વજ્ઞ કથિત શાસ્ત્રનો આધાર લે. સાધુ ઘણી ચીજો જાણતા હોય, તેમાંથી કેટલીક હેય(છોડવા યોગ્ય) હોય છે, કેટલીક જ્ઞેય(જાણવા યોગ્ય) અને કેટલીક ઉપાદેય (ગ્રહણ કરવા યોગ્ય) હોય છે. સાધુ રાજહંસની જેમ સર્વજ્ઞકથિત શાસ્ત્રરૂપી ચાંચ દ્વારા હેય–જ્ઞેય–ઉપાદેયનો નીર–ક્ષીરવત્ વિવેક કરે. સર્વજ્ઞકથિત પાંચ સંવરને આધારભૂત માનીને તે જ કસોટી પર તે પદાર્થોને કસે અને જે સંવરને અનુકૂળ હોય તેને ગ્રહણ કરે, શેષ છોડી દે અર્થાત્ જેના દ્વારા સંવર થાય તેવા જ કાર્ય કરે. છદ્મસ્થતા તથા અલ્પજ્ઞતાના કારણે સાધુ હેયાદિનો યથાર્થ નિર્ણય કરી શકે નહીં. તેથી સર્વજ્ઞકથિત પાંચ પ્રકારનાં સંવરનાં માધ્યમથી નિર્ણય કરે.

**धम्मट्ठी :–** ધર્મનો અર્થી હોય. સાધુનું લક્ષ્ય, ધ્યેય, પ્રયોજન ધર્મ જ હોય. સંવર સિવાયની અન્ય બાબતોમાં તે રોકાય નહીં.

**उवहाण वीरिए :–**ઉપધાન એટલે તપ. તપમાં પરાક્રમ કરે. પોતાની શક્તિને ગોપવ્યા વિના તપ કરે.

**गुत्ते जुत्ते :–**ગુપ્તિથી યુક્ત રહે. મન, વચન, કાયા આ ત્રણે પ્રકારની ગુપ્તિથી ગુપ્ત રહે.

**सया जए :–** આ નાનું એવું આચરણ સૂત્ર છે, પરંતુ તેમાં ગંભીર અર્થ છુપાયેલો છે. સાધુ ચાલે–ફરે, ઊઠે–સૂએ, ખાય–પીએ બોલે આદિ પ્રત્યેક ક્રિયાઓ યત્નાપૂર્વક કરે. તે આ વાતનો વિવેક રાખે કે આ પ્રવૃત્તિ અથવા ક્રિયા કરવામાં જ કયાંક હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહ આદિ આશ્રવોથી તો હું લેપાઈ નહીં જાઉંને ? જો કોઈ ક્રિયા હિંસા આદિ દોષયુક્ત હોય અથવા ભવિષ્યમાં અનર્થકારક, હિંસાદિ પાપવર્ધક હોય તો તે ન કરે.

**आयपरे** :– આત્મપરાયણ હોય. વૃત્તિકારે **यतेताऽऽत्मनि परस्मिंश्च** પોતાના અને પરના સંબંધમાં પ્રયત્ન કરે, આવો જ અર્થ કર્યો છે. સાધુની પ્રત્યેક પ્રવૃત્તિ આત્મકેન્દ્રિત હોવી જોઈએ. જે પ્રવૃત્તિ આત્માને માટે અહિતકર, આત્મવિશુદ્ધિબાધક, કર્મબંધ જનક, દોષવર્ધક અને આત્મગુણોની ઘાતક હોય તેનાથી દૂર રહેવું તે આત્મપરકતા અથવા આત્મપરાયણતા છે. જે પ્રવૃત્તિ આત્મા માટે અકલ્યાણકાર, અહિતકર હોય પરંતુ બીજાને તેનાથી અર્થ આદિનો લાભ થતો હોય તોપણ તે ન કરે.

**परमायतट्ठिए** :– પરમાયત્–મોક્ષના લક્ષ્યમાં સ્થિત રહે. પરમ એટલે ઉત્કૃષ્ટ અને આયત એટલે દીર્ઘ હોય તે પરમઆયત કહેવાય અર્થાત્ સદાકાળનું શાશ્વત સ્થાન, શ્રેષ્ઠધામ, એવો મોક્ષ છે. સાધુ તે પરમાયત લક્ષ્યમાં સ્થિત તથા તે પરમાયતનો અર્થી પરમાયતાર્થિક–મોક્ષાભિલાષી હોય. પોતાનાં મન, વચન, કાયાને સાધુ મોક્ષરૂપી લક્ષ્યમાં જ સ્થિર રાખે. ક્યારેક મોક્ષને લક્ષ્ય બનાવી લે, ક્યારેક અર્થ અથવા કામને, કયારેક કોઈ ક્ષુદ્ર (સામાન્ય) પદાર્થને, આ રીતે લક્ષ્યને અસ્થિર ન કરે.

આ ૧૧ આચરણ સૂત્રોને હૃદયંગમ કરી સાધુએ મોક્ષયાત્રા કરવી જોઈએ.

**અશરણ ભાવના :–**

**१६** **वित्तं पसवो य णाइओ, तं बाले सरणं ति मण्णइ ।**
**एते मम तेसिं वा अहं, णो ताणं सरणं च विज्जइ ॥**

**भावार्थ** :– અજ્ઞાની જીવ ધન, પશુ અને જ્ઞાતિજનોને પોતાનાં શરણભૂત–શરણદાતા અથવા રક્ષક માને છે અને સમજે છે કે આ મારાં છે, હું પણ તેઓનો છું પરંતુ વસ્તુતઃ આ બધા તેને માટે ન તો ત્રાણરૂપ છે કે ન તો શરણરૂપ છે.

**१७** **अब्भागमियम्मि वा दुहे, अहवोवक्कमिए भवंतिए ।**
**एगस्स गई य आगई, विउमंता सरणं ण मण्णइ ॥**

**શબ્દાર્થ :– अब्भागमियम्मि वा दुहे** = દુઃખ આવવા પર, **उवक्कमिए** = ઉપક્રમના કારણોથી આયુષ્ય નષ્ટ થવા પર, **भवंतिए** = મૃત્યુ ઉપસ્થિત થવા પર, ભવનો અંત થવા પર.

**भावार्थ** :– દુઃખ આવી પડે ત્યારે, ઉપક્રમ–અકાલમરણનાં કારણોથી આયુષ્ય સમાપ્ત થાય ત્યારે અથવા ભવનો અંત (દેહાંત) થાય ત્યારે જીવે એકલાએ જ આવાગમન કરવું પડે છે. તેથી વિદ્વાન પુરુષ ધન, સ્વજન આદિને પોતાનું શરણ માને નહીં.

**१८** **सव्वे सयकम्मकप्पिया, अवियत्तेण दुहेण पाणिणो ।**
**हिंडंति भयाउला सढा, जाई–जरा–मरणेहिऽभिदुया ॥**

**શબ્દાર્થ :– सयकम्मकप्पिया** = પોતપોતાના કર્મ અનુસાર ભિન્ન ભિન્ન અવસ્થાઓથી યુક્ત, **अवियत्तेण दुहेण** = બધાં અલક્ષિત દુઃખથી દુઃખી, **भिद्दुया** = પીડિત, **भयाउला** = ભયથી આકુળ –વ્યાકુળ, **सढा** = મૂઢ પ્રાણી, **हिंडंति** = વારંવાર સંસારચક્રમાં પરિભ્રમણ કરે છે.

**ભાવાર્થ :–** પોતપોતાનાં કર્મોના કારણે ભિન્ન ભિન્ન અવસ્થાઓમાં અવસ્થિત, અવ્યક્ત (અલક્ષિત) દુઃખથી દુઃખી, ભયથી વ્યાકુળ એવા મૂઢ પ્રાણી, દુષ્કર્મોનાં કારણે દુષ્ટજન જન્મ, જરા અને મરણથી પીડિત વ્યક્તિઓ સંસારચક્રમાં વારંવાર ભ્રમણ કરે છે.

## વિવેચન :–

આ ત્રણ ગાથાઓમાં અશરણ ભાવનાનું જ્ઞાન કરાવવામાં આવ્યું છે (૧) અજ્ઞાની જીવ ધન, પશુ તેમજ સ્વજનોને ત્રાતા અને શરણદાતા માને છે. પરંતુ કોઈપણ સજીવ–નિર્જીવ પદાર્થ ત્રાણ–રક્ષક તેમજ શરણભૂત થતા નથી (૨) દુઃખ, રોગ, દુર્ઘટના, મુત્યુ આદિ પરિસ્થિતિ પ્રાણીને એકલાએ જ ભોગવવી પડે (૩) વિદ્વાન પુરુષ કોઈ પણ પદાર્થને પોતાના શરણરૂપ માનતા નથી (૪) બધાં પ્રાણી પોતપોતાનાં પૂર્વકૃત કર્મ પ્રમાણે વિભિન્ન અવસ્થાઓ (ગતિઓ–યોનિઓ)ને પ્રાપ્ત કરે છે (૫) બધાં પ્રાણી વ્યક્ત કે અવ્યક્ત દુઃખોથી દુઃખી છે (૬) દુષ્કર્મ કરનારા જીવો જન્મ, વૃદ્ધાવસ્થા અને મૃત્યુ આદિથી પીડિત તેમજ ભયાકુળ થઈને સંસારચક્રમાં પરિભ્રમણ કરે છે.

**वित्तं पसवो...विज्जइ :–** ધન આદિ શરણ તેમજ રક્ષક નથી. ધનાદિની અશરણતા તથા અરક્ષણતાનું દર્શન કરાવતાં એક વિદ્વાને કહ્યું છે–

> **रिद्धि सहावतरला, रोग–जरा–भंगुरं हयसरीरं ।**
> **दोण्हं पि गमणसीलाणं कियच्चिरं होज्ज संबंधो ?**

ઋદ્ધિ (ધન–સંપત્તિ) સ્વભાવથી જ ચંચળ છે, આ વિનશ્વર શરીર રોગ અને વૃદ્ધાવસ્થાના કારણે ક્ષણભંગુર છે. જે શરીર માટે ધનાદિ વસ્તુઓના સંચયની ઈચ્છા રાખવામાં આવે છે, તે શરીર જ વિનાશશીલ છે. ધન વગેરે ચંચળ પદાર્થો, નાશવંત શરીરને નષ્ટ થતા કેમ બચાવી શકે ? તેને શરણ કેવી રીતે આપી શકે ?

જે પશુઓ (હાથી, ઘોડા, બળદ, ગાય, ભેંશ, બકરી આદિ)ને મનુષ્ય પોતાની સુખ–સુવિધા, સુરક્ષા તેમજ આરામ માટે રાખે છે, યુદ્ધના સમયે યોદ્ધાઓ હાથી, ઘોડા આદિને પોતાના રક્ષક માનીને મોરચાપર આગેકૂચ કરે છે પરંતુ શું તેઓ તે યોદ્ધાઓને મૃત્યુથી બચાવી શકે છે ? જે સ્વયં પોતાનાં મૃત્યુ આદિને રોકી શકતાં નથી તે અન્ય મનુષ્યની રક્ષા કેવી રીતે કરી શકે ? શરણ કેમ દઈ શકે ?

આ રીતે માતા–પિતા, સ્ત્રી–પુત્ર, ભાઇ–બહેન આદિ સ્વજનો સ્વયં જરા, મૃત્યુ, વ્યાધિથી અસુરક્ષિત છે, ઘેરાયેલા છે, તો પછી તે બીજાની રક્ષા કેવી રીતે કરી શકે ? શરણ કઈ રીતે આપી શકે ? આ

રીતે ધન વગેરે શરણ યોગ્ય નથી, તોપણ અજ્ઞાની જીવ મૂઢતાવશ તેને શરણરૂપ માને છે. તેઓ મમત્વના કારણે આ સજીવ–નિર્જીવ પદાર્થો મારા છે, હું પણ તેમનો છું તેમ માને, પણ આ પદાર્થો શરણભૂત બની શકતા નથી.

**अब्भागमियम्मि...मण्णइ :–** માતા–પિતા આદિ સ્વજનોને શરણદાતા તેમજ રક્ષક માનવા છતાં પણ કર્મના ઉદયે તે વ્યક્તિપર કોઈ દુઃખ કે સંકટ આવે, કોઈ કારણે આયુષ્ય સમાપ્ત થાય ત્યારે સ્વજનો તેના દુઃખને ભોગવી શકતા નથી, દુર્ઘટનાથી બચાવી શકતા નથી કે આયુષ્યને સમાપ્ત થતું અટકાવી શકતા નથી. પ્રત્યેક વ્યક્તિ પોતાનાં કર્માનુસાર દુઃખાદિ ભોગવે છે. પ્રત્યેક પ્રાણીના કર્મ સ્વતંત્ર અને ભિન્ન–ભિન્ન છે. માતાપિતાના કર્મોનું ફળ પુત્ર અને પુત્રના કર્મોનું ફળ માતા–પિતા ભોગવી શકતા નથી. સ્વજનો તેના રોગને ઘટાડી દૂર કરી શકતા નથી. કર્મોનું સુખદ અથવા દુઃખદ ફળ વ્યક્તિએ એકલા જ ભોગવવું પડે અને પરલોકમાં એકલા જ જવું પડે માટે વસ્તુ તત્ત્વને જાણનાર વિદ્વાન કોઈ પણ સજીવ–નિર્જીવ પદાર્થને પોતાના શરણભૂત માને નહીં.

**सव्वे सयकम्म...अभिद्दुया :–** બધા જીવો પોતપોતાનાં કર્મોને કારણે વિવિધ ગતિઓ, યોનિઓ, શરીરો, ઈન્દ્રિયો આદિ પ્રાપ્ત કરે છે. પોતાનાં જ કર્મોનાં કારણે જીવ સૂક્ષ્મ–બાદર, પર્યાપ્ત–અપર્યાપ્ત, સંમૂર્ચ્છિમ–ગર્ભજ તથા એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય અને પંચેન્દ્રિયોમાં પણ મનુષ્ય, તિર્યંચ, દેવ અથવા નરક આદિ વિભિન્ન અવસ્થાઓને પ્રાપ્ત કરે છે. આ વિભિન્ન અવસ્થાઓમાં પણ પ્રાણી પોત પોતાનાં કર્મોના પ્રભાવથી રોગ, નિર્ધનતા, અભાવ, અપમાન, સંકટ, દેવાદારી વગેરે શારીરિક, માનસિક તેમજ પ્રાકૃતિક દુઃખ પામે છે, આ બધાં દુઃખ મનમાંજ અનુભવાય છે. તેથી એને અવ્યક્ત– અપ્રગટ કહ્યાં છે. દુઃખ એક માનસિક અવસ્થા છે, જે દરેક પ્રાણીઓની પોત પોતાની સ્વતંત્ર હોય છે.

**हिंडंति भयाउला सढा जाइ जरामरणेहिऽभिद्दुया :–** આ પદ દ્વારા બે તથ્ય સિદ્ધ થાય છે– (૧) તેઓ ભયાકુળ હોય છે (૨) તેઓ જન્મ, જરા, મરણ, આદિથી આ ભવમાં તથા પરભવમાં દુઃખ પામતા જોવા મળે છે. ઘણું કરીને ચોરી, લૂંટફાટ, હત્યા, બળાત્કાર આદિ ભયંકર પાપ કરનારા દુષ્ટ(શઠ) લોકો પ્રતિક્ષણ આશંકિત, ભયભીત, દંડભયથી વ્યાકુળ અને સમાજમાં બેઈજ્જત થઈ જવાની આશંકાથી ચિંતિત રહે છે. કેટલાક લોકો તો એકાંત સ્થાનોમાં છુપાઈને અથવા સરકારની નજરથી બચીને પોતાની જિંદગી વિતાવે છે. તેમનું પાપ તેને હંમેશાં ખૂંચતુ રહે છે. તેઓ હત્યા, મારના ભયથી સદા ભયભીત રહે છે; આ રીતે મોટા ભાગના લોકોને તો આ ભવમાં જ દુષ્કર્મનું ફળ મળી જાય છે. જો કોઈને આ જન્મમાં પોતાનાં દુષ્કર્મોનું ફળ ન મળે તો પછીના ભવોમાં તો અવશ્ય મળે જ છે. તેથી સંસારમાં કોઈ કોઈનું રક્ષક તેમજ શરણદાતા થઈ શકતું નથી. બધાંએ પોતપોતાનાં કર્મો તથા દુઃખોથી પાર થવાનું જ હોય છે.

## બોધિદુર્લભતાની ચેતવણી :–

૧૯ इणमेव खणं वियाणिया, णो सुलभं बोहिं च आहियं ।
एवं सहिएऽहिपासए, आह जिणो इणमेव सेसगा ॥

**શબ્દાર્થ :–** **इणमेव** = આ જ, **खणं** = અવસર છે, **वियाणिया** = આ વાતને જાણીને, **अहिपासए** = વિચારે, **जिणो** = શ્રી ઋષભજિનેશ્વરે, **आह** = આ કહ્યું છે, **सेसगा** = અને બાકીના બધા તીર્થંકરોએ પણ, **इणमेव** = આ જ કહ્યું છે.

**ભાવાર્થ :–** જ્ઞાનાદિ સંપન્ન અથવા સ્વનું હિત ઈચ્છનારા મુનિ આ રીતે વિચારે કે આ ક્ષણ જ બોધિ પ્રાપ્તિ માટેનો અવસર છે. બોધિ–સમ્યક્દર્શન અથવા સદ્‌બોધની પ્રાપ્તિ સુલભ નથી, આ કથન જિનેશ્વર–રાગદ્વેષ વિજેતા તીર્થંકર ઋષભદેવ અને શેષ સર્વ તીર્થંકરોનું છે.

## વિવેચન :–

આ ગાથામાં શાસ્ત્રકાર વર્તમાનક્ષણનું મહત્ત્વ બતાવીને સાધકને ચેતવે છે કે બોધિ દુર્લભ છે. ઉત્તરાર્દ્ધમાં આ તથ્યની પુષ્ટિમાટે સમસ્ત રાગદ્વેષ વિજેતા તીર્થંકરોની સાક્ષી આપી છે.

**इणमेव खणं :–** આ વાક્યમાં **इणं** (**इदं**) શબ્દ પ્રત્યક્ષ અને નજીકનો તથા **खणं**– અવસર અર્થ નો બોધક છે. **"एव"** શબ્દ નિશ્ચય અર્થમાં છે. શાસ્ત્રકારના આશયને સ્પષ્ટ કરતાં વૃત્તિકાર કહે છે– મોક્ષ સાધનાને માટે આ જ ક્ષેત્ર, આ જ કાળ, તથા આ જ દ્રવ્ય અને આ જ ભાવ શ્રેષ્ઠ અવસર છે.

**દ્રવ્યથી શ્રેષ્ઠતા :–** ત્રસપણું, પંચેન્દ્રિયપણું , ઉત્તમ કુળમાં જન્મ થવો તે દ્રવ્ય શ્રેષ્ઠતા છે.

**ક્ષેત્રથી શ્રેષ્ઠતા :–** કર્મભૂમિના આર્યક્ષેત્રમાં જન્મ થવો તે ક્ષેત્ર શ્રેષ્ઠતા છે.

**કાલથી શ્રેષ્ઠતા :–** અવસર્પિણી કાલના ચોથા આરામાં–ધર્મકાલમાં જન્મ થવો તે કાલ શ્રેષ્ઠતા છે.

**ભાવથી શ્રેષ્ઠતા :–**સમ્યક્ત્વ–શ્રદ્ધા તેમજ સર્વ વિરતિના સ્વીકારમાં ઉત્સાહ રાખવો તે ભાવથી શ્રેષ્ઠ અવસર છે.

સર્વજ્ઞ કથિત ભાવક્ષણ–અવસર પ્રાપ્ત થવા પર પણ જો જીવ ધર્મ આચરણ અથવા મોક્ષમાર્ગની સાધના ન કરે તો પછી બોધિ પ્રાપ્ત કરવી દુર્લભ બની જાય છે. સર્વજ્ઞના આ કથનને જાણી જ્ઞાની, હિતાર્થી સાધકે પોતાના આત્માના અતલ ઊંડાણમાં જઈને નિરીક્ષણ કરવું જોઈએ. વૃત્તિકારે એક ગાથા પ્રસ્તુત કરી છે–

**लद्धेलियं बोहिं अकरेंतो, अणागयं च पत्थेंतो ।**
**अण्णे दाइं बोहिं, लब्भिसि कयरेण मोल्लेणं ?**

જે પુરુષ ઉપલબ્ધ બોધિને સાર્થક કરતો નથી અને ભવિષ્ય કાળમાં બોધિ પ્રાપ્ત કરવાની અભિલાષા રાખે છે અર્થાત્ એ ઈચ્છે છે કે મને ભવિષ્યમાં બોધિ મળે, પરંતુ તેની આશા ઠગારી નીવડે છે.

તાત્પર્ય એ છે કે આત્મહિતાર્થી સાધકે દીર્ઘદષ્ટિથી એ વિચારવું જોઈએ કે જો એકવાર બોધિલાભનો અવસર ખોઈ નાખ્યો તો અર્ધપુદ્‌ગલ પરાવર્તન કાળ સુધી ફરી બોધિ(સમ્યક્ત્વ) પ્રાપ્તિ થવી દુર્લભ થઈ જાય છે. તેથી સાધકે હંમેશાં બોધિ દુર્લભતાનું ધ્યાન રાખવું જોઈએ. તેણે પોતાના અંતરતલમાં ડોકિયું કરીને હંમેશાં નિરીક્ષણ કરવું જોઈએ કે બોધિલાભને સાર્થક કરવાની કોઈ પણ ક્ષણ ગુમાવી તો નથીને ?

બોધિદુર્લભતાનો આ ઉપદેશ અષ્ટાપદપર્વત પર સ્થિત પ્રથમ તીર્થંકરે પોતાના પુત્રોને આપ્યો હતો અને બાકીના તીર્થંકરોએ પણ આ જ વાત કહી છે.

**તીર્થંકરોનો એક મત :-**

**૨૦** **अभविंसु पुरा वि भिक्खुवो, आएसा वि भवंति सुव्वया ।**
**एयाइं गुणाइं आहु ते, कासवस्स अणुधम्मचारिणो ॥**

**શબ્દાર્થ :– भिक्खुवो** = હે સાધુઓ ! **पुरा वि** = પૂર્વકાળમાં પણ, **अभविंसु** = જે સર્વજ્ઞ થઈ ચૂક્યા છે અને, **आएसावि** = ભવિષ્યકાળમાં, **भवंति** = જેઓ થશે, **ते सुव्वया** = તે સુવ્રતી પુરુષોએ, **एयाइं गुणाइं** = આ જ ગુણોને મોક્ષનું સાધન, **आहु** = કહ્યું છે, **कासवस्स अणुधम्मचारिणो** = કાશ્યપ ગોત્રી ભગવાન ઋષભદેવ અને ભગવાન મહાવીર સ્વામીના ધર્માનુગામી સાધકોએ પણ આ જ કહ્યું છે.

**ભાવાર્થ :–** ભિક્ષુઓ ! પૂર્વકાળમાં પણ જે (સર્વજ્ઞ) થઈ ચૂક્યા છે અને ભવિષ્યમાં પણ જે થશે તે સુવ્રતી પુરુષોએ આ ગુણોને (મોક્ષ સાધન) કહ્યા છે. કાશ્યગોત્રીય ભગવાન ઋષભદેવ તેમજ ભગવાન મહાવીર સ્વામીના ધર્માનુગામી સાધકોએ પણ આ જ કહ્યું છે.

**૨૧** **तिविहेण वि पाण मा हणे, आयहिए अणियाण संवुडे ।**
**एवं सिद्धा अणंतगा, संपइ जे य अणागयाऽवरे ॥**

**શબ્દાર્થ :– आयहिए** = પોતાના હિતમાં પ્રવૃત્ત, **अणियाण** = સ્વર્ગાદિની ઈચ્છા રહિત, **संवुडे** = ગુપ્ત રહે, **संपइ जे य अवरे अणागया** = વર્તમાન કાળમાં અને ભવિષ્યમાં પણ બીજા અનંત જીવો સિદ્ધિને પ્રાપ્ત કરશે.

**ભાવાર્થ :–** સાધક મન, વચન અને કાયા આ ત્રણે દ્વારા પ્રાણીઓની પ્રાણાતિપાત (હિંસા) ન કરે, આત્મ કલ્યાણમાં રત રહે, સ્વર્ગાદિ સુખોની વાંછા–નિદાનથી રહિત, સુવ્રતી થઈને રહે. આ રીતે સાધનાથી અનંત જીવો સિદ્ધ–મુક્ત થયા છે, વર્તમાનમાં સિદ્ધ થાય છે અને ભવિષ્યમાં પણ અનંતજીવો સિદ્ધ–બુદ્ધ–મુક્ત થશે.

**વિવેચન :-**

આ બન્ને ગાથાઓમાં મોક્ષસાધક ગુણો સંબંધી સર્વ તીર્થંકરોના ઉપદેશની એક સૂત્રતા બતાવી છે. પંચમહાવ્રત આદિ અન્ય ચારિત્ર ગુણોથી યુક્ત સાધકોની ત્રણે કાળમાં મુક્તિ થાય છે તે પણ બતાવવામાં આવ્યું છે.

**अभविंसु पुरा वि :–** પૂર્વની ગાથાઓમાં જે મોક્ષસાધક ગુણોનું નિરૂપણ કરવામાં આવ્યું છે, તે

સંબંધમાં ભૂતકાળ, ભવિષ્યકાળ, વર્તમાનકાળના સર્વજ્ઞ એકમત છે, એટલું જ નહીં, કાશ્યપગોત્રીય ભગવાન ઋષભદેવ તેમજ ભગવાન મહાવીરના ધર્માનુરાગી સાધકોનો પણ આ જ મત છે.

**एयाइं गुणाइं आहु ते :–** આ ગુણોને મોક્ષ સાધન કહ્યા છે. આ ગુણોથી રત્નત્રય રૂપ ગુણોનું ગ્રહણ થઈ જાય છે.

**सुव्वया :–** આ પુરુષોને જે સર્વજ્ઞતા પ્રાપ્ત થઈ હતી, તે ઉત્તમ વ્રતોનાં પાલનથી જ થઈ હતી અને થાય છે.

**तिविहेण वि पाण मा हणे...संवुडे :–** સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આ ત્રણે મોક્ષના સાધન છે પરંતુ અહીં માત્ર સમ્યક્ચારિત્ર (મહાવ્રતાદિ)થી મુક્ત–સિદ્ધ થવાનું જે વર્ણન છે તે અપેક્ષાએ સમજવું. જ્યાં સમ્યક્ચારિત્ર ત્યાં સમ્યકજ્ઞાન હોય જ અને જ્ઞાન સમ્યક્ ત્યારે જ થાય છે, જ્યારે સમ્યક્દર્શન થાય છે. પૂર્વની ગાથાઓમાં સમ્યક્દર્શન તેમજ સમ્યક્જ્ઞાનના સંબંધમાં ઘણું કહેવાઈ જ ગયું છે, તેથી શાસ્ત્રકારે પુનરુક્તિ (પુનઃકથન)ન કરતાં માત્ર ચારિત્રનો જ સંકેત કર્યો છે. આ વાક્યમાં સર્વચારિત્રના પ્રથમ ગુણ અહિંસા મહાવ્રતના પાલનનો નિર્દેશ સમજી લેવો જોઈએ.અન્ય ચારિત્રથી સંબંધિત મુખ્ય ત્રણ ગુણોનો પણ અહીં ઉલ્લેખ છે– (૧) આત્મહિત તત્પર, (૨) નિદાન(સ્વર્ગાદિ સુખભોગ પ્રાપ્તિની વાંછા રૂપ) થી મુક્ત તથા (૩) સુવ્રત (ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત અથવા પાંચસંવર યુક્ત). સાર એ છે કે સમ્યક્દર્શન–જ્ઞાન યુક્ત ચારિત્રગુણોથી ભૂતકાળમાં અનંતાજીવ સિદ્ધ–મુક્ત થયા છે, ભવિષ્યમાં પણ થશે અને વર્તમાનમાં થાય છે. ચૂર્ણિકારે **संपतंसंखेज्जा सिज्झंति** આ પાઠાંતર સ્વીકારી અર્થ કર્યો છે– વર્તમાનમાં સંખ્યાતા જીવ સિદ્ધ થાય છે.

**૨૨** **एवं से उदाहु अणुत्तरणाणी अणुत्तरदंसी अणुत्तरणाणदंसणधरे । अरहा णायपुत्ते भगवं वेसालिए वियाहिए ॥ त्ति बेमि ॥**

**ભાવાર્થ :–** આ રીતે તે ભગવાન ઋષભદેવ સ્વામીએ કહ્યું હતું તેમ અનુત્તરજ્ઞાની, અનુત્તરદર્શી, અનુત્તર જ્ઞાન–દર્શન ધારક, ઈન્દ્રાદિ દેવો દ્વારા પૂજનીય (અર્હન્ત) જ્ઞાતપુત્ર તથા ઐશ્વર્યાદિ ગુણયુક્ત ભગવાન મહાવીર સ્વામીએ વૈશાલી નગરીમાં કહ્યું હતું. "તે હું સુધર્માસ્વામી તમને (જંબુસ્વામી આદિ શિષ્યવર્ગને) કહું છું.

## વિવેચન :–

આ ગાથા વૈતાલીય અથવા વૈદારિક અધ્યયનની અંતિમ ગાથા છે. અધ્યયનનો ઉપસંહાર કરતાં શ્રી સુધર્માસ્વામી પોતાના શિષ્ય જંબુસ્વામી આદિને આ અધ્યયન રચનાનો ઈતિહાસ બતાવતાં કહે છે– **एवं से उदाह...वेसालिए वियाहिए** ત્રણ ઉદ્દેશાઓથી યુક્ત આ "વૈતાલીય" અધ્યયનમાં જે ઉપદેશ છે તે આદિ તીર્થંકર ભગવાન ઋષભદેવે પોતાના ૯૮ પુત્રોને લક્ષ્યમાં રાખીને અષ્ટાપદ પર્વતપર આપ્યો હતો. તે જ ઉપદેશ ભગવાન મહાવીર સ્વામીએ અમને (ગણધરોને) વિશાલા નગરીમાં આપ્યો હતો. તે જ ઉપદેશ હું તમને કહું છું.

**ભગવાન મહાવીરનાં વિશેષણોનો અર્થ :–** આ ગાથામાં ભગવાન મહાવીરનાં સાત વિશેષણો તેમની

મોક્ષપ્રાપ્તિની ગુણવત્તા તેમજ યોગ્યતા બતાવવાને માટે પ્રયુક્ત કર્યા છે– તેમના અર્થ ક્રમશઃ આ પ્રમાણે છે.

**अणुत्तरणाणी** :– કેવળજ્ઞાની, જેનાથી ઉત્તમ બીજું જ્ઞાન ન હોય તેવા અનુત્તર જ્ઞાનસંપન્ન.

**अणुत्तरदंसी** :–કેવળદર્શની, જેનાથી ઉત્તમ કોઈ દર્શન ન હોય તેવા અનુત્તર દર્શનસંપન્ન.

**अणुत्तर णाण दंसण धरे** :– અનુત્તર. કેવળ જ્ઞાનદર્શનના ધારક.

**अरहा** :– ઈન્દ્રાદિ દેવો દ્વારા પૂજ્ય અર્હત.

**णायपुत्ते** :– જ્ઞાતકુળમાં ઉત્પન્ન થવાથી જ્ઞાતપુત્ર.

**भगवं** :– ઐશ્વર્ય આદિ છ ગુણોથી યુક્ત ભગવાન.

**वेसालीए** :– સંસ્કૃતમાં તેનાં બે રૂપ બને છે– **वैशालिकः** અને **वैशाल्याम्** તેથી **वेसालीए** ના ત્રણ અર્થ થાય છે– (૧) વૈશાલીમાં અથવા વિશાલાનગરીમાં કરાયેલું પ્રવચન (૨) વિશાલ કુળમાં ઉત્પન્ન થવાથી વૈશાલિક (૩) વૈશાલિક ભગવાન મહાવીર. આ અર્થનું સમર્થન કરતી એક ગાથા વૃત્તિકારે આપી છે–

**विशाला जननी यस्य, विशालं कुलमेव वा ।**
**विशालं वचनं चास्य, तेन वैशालिको जिनः ॥**

જેની માતા વિશાલા હતી, જેનું કુળ પણ વિશાલ હતું તથા જેનું પ્રવચન પણ વિશાલ હતું તેવા જિનેન્દ્ર ભગવાન મહાવીરને વૈશાલિક કહેવામાં આવ્યા છે. એથી **वेसालिए वियाहिए** નો અર્થ થયો (૧) વૈશાલીનગરીમાં (આ ઉપદેશ) કહેવામાં આવ્યો હતો. (૨) વૈશાલિક ભગવાન મહાવીરે વ્યાખ્યાન કર્યું હતું.

**અધિક ગાથા** :– એક પ્રતમાં ચૂર્ણિકાર તેમજ વૃત્તિકાર દ્વારા જેની વ્યાખ્યા કરવામાં આવી નથી એવી એક ગાથા આ અધ્યયના અંતમા મળે છે.

**इति कम्मवियालमुत्तमं जिणवरेण सुदेसियं सया ।**
**जे आचरंति आहियं खवितरया वइहिंति ते सिवं गतिं ॥ त्ति बेमि ॥**

આ રીતે "ઉત્તમ કર્મ વિદારણ" નામના અધ્યયનનો ઉપદેશ શ્રી જિનવરે સ્વયં કહ્યો છે, તેમાં કહેલા ઉપદેશ અનુસાર જે આચરણ કરે છે. તેઓ પોતાની કર્મરજનો ક્ષય કરીને મોક્ષગતિ પ્રાપ્ત કરીલે છે.

## ॥ અધ્યયન ૨/૩ સંપૂર્ણ ॥

# ત્રીજું અધ્યયન

## પરિચય

આ ત્રીજા અધ્યયનનું નામ છે "ઉપસર્ગ પરિજ્ઞા."

સમ્યક્ ઉત્થાનથી ઉત્થિત સાધક મોક્ષ પ્રાપ્તિ માટે રત્નત્રયની સાધનાનો પ્રારંભ કરે ત્યારથી સાધનાના અંત સુધી તેની સમક્ષ કેટલાક અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગો આવે છે. તે સમયે જો સાધક અસાવધાન હોય તો તેનાથી પરાજિત થઈ જાય છે, સાધક તે ઉપસર્ગોને સારી રીતે જાણે અને તેનાથી પરાજિત થયા વિના સમભાવપૂર્વક પોતાના ધર્મમાં દઢ રહે તો તે પ્રશાન્ત આત્મા તેમજ સ્થિતપ્રજ્ઞ વીતરાગ બને છે.

ઉપસર્ગોની પરિજ્ઞા બે પ્રકારે કરવામાં આવે છે (૧) જ્ઞ પરિજ્ઞાથી તેને જાણે અને (૨) પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી દઢ રહી તેનો પ્રતિકાર કરે. આ જ તથ્ય ઉપસર્ગપરિજ્ઞા અધ્યયનમાં કહેવામાં આવ્યું છે.

"ઉપસર્ગ" જૈન ધર્મનો એક પારિભાષિક શબ્દ છે. નિર્યુક્તિકારે "ઉપસર્ગ"ની વ્યાખ્યા કરતાં જણાવ્યું છે કે જે કોઈ દેવ, મનુષ્ય અથવા તિર્યંચ સાધકના દેહ અને સંયમને પીડિત કરે તેને "ઉપસર્ગ" કહેવાય છે. ઉપતાપ, શરીર–પીડોત્પાદન ઈત્યાદિ ઉપસર્ગના પર્યાયવાચી શબ્દ છે. પ્રચલિત ભાષામાં કહીએ તો સાધના કાળમાં આવતા આ વિઘ્નો, બાધાઓ, ઉપદ્રવો અને આપત્તિઓને ઉપસર્ગ કહેવામાં આવે છે.

નિર્યુક્તિકારે "ઉપસર્ગ" ને ભિન્ન ભિન્ન દષ્ટિકોણથી સમજાવવા માટે છ નિક્ષેપ કર્યા છે. (૧) નામ ઉપસર્ગ (૨) સ્થાપના ઉપસર્ગ (૩) દ્રવ્ય ઉપસર્ગ (૪) ક્ષેત્ર ઉપસર્ગ (૫) કાળ ઉપસર્ગ અને (૬) ભાવ ઉપસર્ગ.

(૧) કોઈનું ગુણ શૂન્ય માત્ર "ઉપસર્ગ" નામ રાખી દેવું તે નામ ઉપસર્ગ છે (૨) ઉપસર્ગ સહેનાર અથવા ઉપસર્ગ સહેતી વખતની અવસ્થાને ચિત્રિત કરવી, અથવા તેનું કોઈ પ્રતીક રાખવું તે સ્થાપના ઉપસર્ગ છે (૩) ઉપસર્ગ કરનાર અથવા ઉપસર્ગ કરવાનું સાધન તે દ્રવ્ય ઉપસર્ગ છે. આ બે પ્રકારનો છે– **1.** ચેતન દ્રવ્યકૃત **2.** અચેતન દ્રવ્યકૃત. તિર્યંચ, મનુષ્ય આદિ સચેતન પ્રાણી સાધકના અંગોનો ઘાત કરી દેહપીડા ઉત્પન્ન કરે તે સચેત દ્રવ્ય કૃત અને કાષ્ઠ આદિ અચેત દ્રવ્યો દ્વારા કરાયેલા આઘાત અચેતદ્રવ્યકૃત ઉપસર્ગ કહેવાય છે (૪) જે ક્ષેત્રમાં ક્રૂરજીવ, ચોર આદિ દ્વારા શરીર પીડા, સંયમ વિરાધના આદિ થાય અથવા કોઈ વસ્તુ કોઈ ક્ષેત્રમાં દુઃખ ઉત્પન્ન કરે, તેને ક્ષેત્ર ઉપસર્ગ કહે છે (૫) જે કાળમાં એકાંત દુઃખ જ ઉત્પન્ન થાય તેવો દુઃષમ આદિ કાળ અથવા ગ્રીષ્મ, શીત આદિ ઋતુઓનું પોતાપોતાના કાળમાં દુઃખ ઉત્પન્ન કરવું તે કાળ ઉપસર્ગ છે. જ્ઞાનાવરણીય, અશાતાવેદનીય આદિ કર્મોનો ઉદય હોવો તે ભાવ ઉપસર્ગ છે.

નામ અને સ્થાપનાને છોડીને પૂર્વે કહેલા બધા ઉપસર્ગ ઔઘિક અને ઔપક્રમિકના ભેદથી બે પ્રકારના હોય છે– ઔઘિક ઉપસર્ગ– અશુભ કર્મ પ્રકૃત્તિથી ઉત્પન્ન થયેલા ઉપસર્ગ ઔઘિક ઉપસર્ગ છે. ઔપક્રમિક ઉપસર્ગ– દંડ, ચાબુક, મુષ્ટી આદિ દ્વારા જે દુઃખ ઉત્પન્ન થાય છે, તે ઔપક્રમિક ઉપસર્ગ છે.

જે કર્મ ઉદય પ્રાપ્ત નથી, તેનો દંડ, ચાબુક આદિ દ્રવ્યના નિમિત્તે ઉદય થવો તેને ઔપક્રમિક ઉપસર્ગ કહે છે. પ્રસ્તુત અધ્યયનમાં ઔઘિક ઉપસર્ગનું નહીં પરંતુ ઔપક્રમિક ઉપસર્ગનું જ વર્ણન છે.

ઔપક્રમિક ઉપસર્ગ દ્રવ્ય રૂપે ચાર પ્રકારનો હોય છે (૧) દૈવિક (૨) માનુષ્ય (૩) તિર્યંચકૃત અને (૪) આત્મસંવેદનરૂપ.

પ્રત્યેકના ચાર ચાર પ્રકાર હોય છે. દૈવિક (દેવકૃત) ઉપસર્ગ દેવો દ્વારા હાસ્યથી, દ્વેષથી, પરીક્ષા કરવાને માટે તથા અન્ય અનેક કારણોથી થાય છે. મનુષ્યકૃત ઉપસર્ગ પણ ભયથી, દ્વેષથી, પરીક્ષા કરવા માટે તેમજ કુશીલ સેવનના નિમિત્તે થાય છે. તિર્યંચકૃત ઉપસર્ગ ભયથી, દ્વેષથી, આહાર માટે તથા પોતાનાં સંતાન આદિની રક્ષાને માટે થાય છે. આત્મ સંવેદન રૂપ ઉપસર્ગ પણ ચાર પ્રકારનો છે. (૧) અંગોને પરસ્પર ઘસવાથી (૨) આંગળી આદિ અંગો ચોંટી જવાથી અથવા કપાઈ જવાથી (૩) લોહીનું પરિભ્રમણ અટકી જવાથી તેમજ ઉપરથી પડી જવાથી (૪) વાત, પિત્ત, કફ અને આ ત્રણેના વિકારોથી પણ આત્મ સંવેદન રૂપ ઉપસર્ગ હોય છે. પૂર્વોક્ત દેવકૃત આદિ ચારે ઉપસર્ગ અનુકૂળ અને પ્રતિકૂળના ભેદથી ૮ પ્રકારના છે તથા પૂર્વોકત ચારેના ભેદોને પરસ્પર મેળવવાથી ઉપસર્ગોના કુલ ૧૬ ભેદ થાય છે.

આ અધ્યયનના ચાર ઉદ્દેશકમાં ચાર તથ્યોનું સાંગોપાંગ નિરૂપણ કરવામાં આવ્યું છે. (૧) કેવા કેવા ઉપસર્ગ, ક્યા ક્યા રૂપમાં આવે ? (૨) તે ઉપસર્ગોને સહેવામાં કેવી પીડા થાય ? (૩) ઉપસર્ગોથી સાવધાન ન રહેવાથી સંયમનો કેવી રીતે નાશ થાય ? (૪) ઉપસર્ગો આવે ત્યારે સાધકે શું કરવું જોઈએ ?

પહેલા ઉદ્દેશકમાં પ્રતિકૂળ ઉપસર્ગોનું વર્ણન છે. બીજા ઉદ્દેશકમાં સ્વજન આદિ દ્વારા અપાતા અનુકૂળ ઉપસર્ગોનું નિરૂપણ છે. ત્રીજા ઉદ્દેશકમાં આત્મામાં વિષાદ પેદા કરનાર અન્યતીર્થિકોના તીક્ષ્ણ વચન રૂપ ઉપસર્ગોનું વિવેચન છે અને ચોથા ઉદ્દેશકમાં અન્યતીર્થિકોના કુતર્કો દ્વારા જીવનને આચાર ભ્રષ્ટ કરનારા ઉપસર્ગોનું તથા તે ઉપસર્ગોના સમયે સંયમમાં સ્થિર રહેવાનો ઉપદેશ છે. ચારે ઉદ્દેશકોમાં ક્રમશઃ ૧૭, ૨૨, ૨૧ અને ૨૨ ગાથાઓ છે.

❖❖❖❖❖

# ત્રીજું અધ્યયન

## ઉપસર્ગ પરિજ્ઞા

### પ્રથમ ઉદ્દેશક

**પ્રતિકૂળ ઉપસર્ગ :–**

**१** **सूरं मण्णइ अप्पाणं, जाव जेयं ण पस्सइ ।**
**जुज्झंतं दढधम्माणं, सिसुपालो व महारहं ॥**

**શબ્દાર્થ :– जेयं** = વિજેતા પુરુષને, **जुज्झंतं** = યુદ્ધ કરતા, **महारहं** = મહારથી, **दढधम्माणं** = દઢ ધર્મવાળા શ્રી કૃષ્ણને જોઈને, **सिसुपालो व** = જેવી રીતે શિશુપાલ ક્ષોભને પ્રાપ્ત થયો હતો.

**ભાવાર્થ :–** જ્યાં સુધી વિજેતા પુરુષને જોતો નથી ત્યાં સુધી કાયર પોતાની જાતને શૂરવીર માને છે. યુદ્ધ કરતા દઢધર્મી મહારથી શ્રી કૃષ્ણને યુદ્ધ ભૂમિ પર જોયા ન હતા ત્યાં સુધી શિશુપાલ શૂરવીરતાના અહં સાથે ફરતો હતો પરંતુ શ્રીકૃષ્ણને જોતાં જ શિશુપાલ ભયભીત બની જાય છે.

**२** **पयाया सूरा रणसीसे, संगामम्मि उवट्ठिए ।**
**माया पुत्तं ण याणाइ, जेएण परिविच्छए ॥**

**શબ્દાર્થ :– संगामम्मि** = યુદ્ધમાં, **उवट्ठिए** = ઉપસ્થિત, **रणसीसे** = યુદ્ધના અગ્રભાગમાં, **पयाया** = ગયેલા, **सूरा** = શૂરવીર પુરુષ, **माया** = માતાને, **पुत्तं** = પોતાના પુત્ર, **ण याणाइ** = ખોળામાંથી પડી જાય તો પણ ખ્યાલ ન રહે તેવા વ્યગ્રતાવાળા યુદ્ધમાં, **जेएण** = વિજેતા પુરુષ દ્વારા, **परिविच्छए** = છેદન ભેદન કરાયેલો કાયર પુરુષ દીન થઈ જાય છે.

**ભાવાર્થ :–** યુદ્ધ છેડાય ત્યારે મોરચાપર પહોંચેલા પોતાને શૂરવીર માનતા યોદ્ધાઓ માતા પોતાના ખોળામાંથી બાળક સરી પડે તો પણ તેને ખબર ન પડે તેવા કાળજુ કંપાવી દે તેવા ભયંકર યુદ્ધમાં, જ્યારે વિજેતા પુરુષ દ્વારા ક્ષત–વિક્ષત કરાય છે ત્યારે દીન બની જાય છે.

**३** **एवं सेहे वि अप्पुट्ठे, भिक्खायरिया अकोविए ।**
**सूरं मण्णति अप्पाणं, जाव लूहं ण सेवइ ॥**

**શબ્દાર્થ :– भिक्खायरिया अकोविए** = ભિક્ષાચરીમાં અનિપુણ, સંયમાચારમાં અનિપુણ, **अप्पुट्ठे** = અને પરીષહોનો સ્પર્શ નહીં પામેલા(જેણે પરીષહો સહ્યા નથી), **सेहे वि** = નવદીક્ષિત શિષ્ય પણ, **जाव** = જ્યાં સુધી તે, **लूहं** = સંયમનું, **ण सेवए** = સેવનકરતા નથી.

**ભાવાર્થ :–** એવી રીતે ભિક્ષાચર્યામાં અનિપુણ તથા પરીષહો અને ઉપસર્ગો હજુ જેના જીવનમાં આવ્યા નથી તેવા નવદીક્ષિત સાધુ(શૈક્ષ)પણ પોતાની જાતને ત્યાં સુધી શૂરવીર માને છે, જ્યાં સુધી તે પરીષહ ઉપસર્ગમય સંયમનુ સેવન–આચરણ કરતા નથી અર્થાત્ જ્યાં સુધી ઉપસર્ગો અને પરીષહોનો સ્પર્શ થયો નથી.

## વિવેચન :–

આ ત્રણ ગાથાઓમાં શાસ્ત્રકારે દષ્ટાંતો દ્વારા ઉપસર્ગ વિજયની મહત્તા સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. (૧) ઉપસર્ગપર વિજય પ્રાપ્ત કરવો તે કાયર તેમજ શૂરાભિમાની પુરુષને માટે જેટલો તે સમજે છે, એટલો સહેલો નથી. (૨) કદાચ યુદ્ધના મોરચાપર કોઈ વીરાભિમાની કાયરપુરુષ આગળ વધી પણ જાય, પરંતુ ભીષણ યુદ્ધમાં વિજેતા તેને ઘાયલ કરે ત્યારે તે દીન બની જાય છે. (૩) ગોચરી આદિ સાધુ ચર્યામાં અનિપુણ તેમજ ઉપસર્ગ આવ્યા નથી તેવા નવદીક્ષિત સાધુ પોતાને શૂરવીર માને છે પણ ઉપસર્ગ આવે ત્યારે જ તેની શૂરવીરતાની કસોટી થાય છે.

**जाव जेयं ण पस्सइ :–** ઉપસર્ગો પર વિજય મેળવવો તે યુદ્ધ વિજય મેળવવા કરતા વધુ કઠિન છે. ઉપસર્ગો સાથે લડવું તે એક પ્રકારનું ધર્મયુદ્ધ છે. શાસ્ત્રકારે અહીં શૂરવીરતાનું દષ્ટાંત આપ્યું છે. પોતાની જાતને શૂરવીર માનતા યોદ્ધાની સામે પ્રતિયોદ્ધો આવે નહીં ત્યાં સુધી તે પોતાની શૂરવીરતાનો ગર્વ કરે પરંતુ સમર્થ યોદ્ધો સામે આવતા જ તેની ભીરુતા પ્રગટ થઈ જાય છે. શાસ્ત્રકારે તે માટે શિશુપાલનું દષ્ટાંત આપ્યું છે.

શિશુપાલ શ્રીકૃષ્ણના ફૈબાનો દીકરો હતો. એકવાર ફૈબા–માદ્રીએ પરાક્રમી શ્રીકૃષ્ણજીના ચરણોમાં શિશુપાલને નમાવીને પ્રાર્થના કરી– હે શ્રી કૃષ્ણ ! જો આ અપરાધ કરે તો પણ તું ક્ષમા કરી દેજે. શ્રીકૃષ્ણે પણ સો અપરાધ ક્ષમા કરવાનું વચન આપી દીધું. શિશુપાલ જ્યારે યુવાન થયો ત્યારે યૌવનમદથી મત્ત થઈને શ્રીકૃષ્ણને ગાળો દેવા લાગ્યો. દંડ દેવામાં (સજા કરવામાં) સમર્થ હોવા છતાં શ્રીકૃષ્ણજી પ્રતિજ્ઞા બદ્ધ હોવાથી તેને ક્ષમા કરી દેતા. તેથી શિશુપાલ પોતાને શ્રીકૃષ્ણ કરતાં વધુ શૂરવીર માની અભિમાનથી મત્ત બની ફરવા લાગ્યો. જ્યારે શિશુપાલના સો અપરાધ પૂર્ણ થઈ ગયા, ત્યારે શ્રીકૃષ્ણજીએ તેને ઘણો સમજાવ્યો, પરંતુ તે ન માન્યો.

એકવાર કોઈ કારણે શિશુપાલે શ્રીકૃષ્ણ સાથે યુદ્ધ છેડયું. જ્યાં સુધી શ્રીકૃષ્ણ સ્વયં યુદ્ધના મેદાનમાં ન આવ્યા, ત્યાંસુધી શિશુપાલ પોતાની વીરતાની બડાઈ મારતો રહ્યો પરંતુ જેવા શસ્ત્ર–અસ્ત્રનો પ્રહાર કરતાં શ્રીકૃષ્ણને પ્રતિયોદ્ધાના રૂપમાં સામે ઉપસ્થિત જોયા, ત્યાં જ તેનું સાહસ ખતમ થઈ ગયું, ગભરાટને લીધે પરસેવો છૂટવા માંડયો, પછી પણ પોતાની દુર્બળતા છુપાવવાને માટે તે શ્રીકૃષ્ણ પર (નિંદા) પ્રહાર

કરવા લાગ્યો. શ્રીકૃષ્ણે તેમના સો અપરાધ પૂરા થયેલા જાણીને ચક્રથી તેનું માથું ઉડાવી દીધું.

**पयायासूरा...परिविच्छए :–** પોતાને શૂરવીર માનનારા અભિમાની કાયર યોદ્ધા ઘાયલ થતા જ દીન બની જાય છે. કેટલાક શૂરાભિમાની પોતાની પ્રશંસાથી ઉત્તેજિત થઈ યુદ્ધના મોરચા પર તો ઉપસ્થિત થઈ જાય છે, પરંતુ જ્યારે કાળજું કંપાવી નાખે તેવું ભીષણ યુદ્ધ થાય છે, ત્યારે તે ગભરાવા લાગે છે. યુદ્ધની ભીષણતા શાસ્ત્રકારે માતાના દષ્ટાંતથી દર્શાવી છે. યુદ્ધ–રણભેરીના અવાજથી ગભરાયેલી માતાને પોતાના ખોળામાંથી પ્યારો પુત્ર પડી જાય તેનું પણ ભાન ન રહે તેવા ભયંકર યુદ્ધમાં જ્યારે પ્રતિપક્ષી સુભટો શસ્ત્ર–અસ્ત્રથી તેને ક્ષત–વિક્ષત કરે છે, ત્યારે તેઓ દીન–હીન થઈને પડી જાય છે, તેનું સાહસ તૂટી જાય છે.

**एवं सेहे वि...सेवइ :–** આ રીતે ઉપસર્ગોને સહન કરવામાં કાયર અથવા જેને હજુ ઉપસર્ગો આવ્યા નથી તેવા નવદીક્ષિત સાધક, પોતાને શૂરવીર માને છે, તે પ્રબળ ઉપસર્ગો આવે ત્યારે દીન બની જાય છે. તેથી જ ઉપસર્ગ આવે ત્યારે દ્રઢ રહેવા માટે અને ઉપસર્ગોથી પરાજિત ન થવા માટે સંયમનો સતત અભ્યાસ આવશ્યક છે. જ્યાં સુધી સંયમનું દ્રઢતા પૂર્વક આચરણ ન થાય ત્યાં સુધી સાધકને માટે ઉપસર્ગ–વિજય અત્યંત કઠિન છે.

**दढधम्माणं :– दृढः समर्थो धर्मो–स्वभावः संग्रामाभंगरूपो यस्य सः तथा तं दृढ धर्माणम्** જેનો સ્વભાવ સંગ્રામમાંથી પલાયન ન થવામાં દઢ છે, તે દઢધર્મા તેવો અર્થ વૃત્તિકારે કર્યો છે. ચૂર્ણિમાં **दढधण्णाणं**–પાઠાંતર છે. જેનો અર્થ છે–જેનું ધનુષ્ય દઢ છે.

**लूहं :–** સંયમ. રાગ–દ્વેષની ચીકાશ ન હોવાથી સંયમ રૂક્ષ–લૂખો હોય છે. રૂક્ષતાના કારણે જ તે કર્મોને વિશેષ ગ્રહણ કરે નહીં તેથી સંયમને રૂક્ષ કહેલ છે.

### શીતોષ્ણ પરીષહરૂપ ઉપસર્ગ :–

**૪** **जया हेमंतमासम्मि, सीयं फुसइ सवायगं ।**
**तत्थ मंदा विसीयंति, रज्जहीणा व खत्तिया ॥**

**શબ્દાર્થ :– सवायगं** = વાયરા સહિત, **रज्जहीणा** = રાજ્યભ્રષ્ટ, **खत्तिया व** = ક્ષત્રિયની જેમ, **विसीयंति** = વિષાદને અનુભવે છે.

**ભાવાર્થ :–** હેમંત ઋતુમાં જ્યારે વાયરા સહિત ઠંડી સર્વ અંગોને સ્પર્શ કરે છે, ત્યારે મંદ પરાક્રમી સાધક રાજ્ય વિહીન ક્ષત્રિયની જેમ વિષાદનો અનુભવ કરે છે.

**૫** **पुट्ठे गिम्हाभितावेणं, विमणे सुप्पिवासिए ।**
**तत्थ मंदा विसीयंति, मच्छा अप्पोदए जहा ॥**

**શબ્દાર્થ :– गिम्हाभितावेण** = ગ્રીષ્મ ઋતુના અભિતાપ–ગરમીથી, **पुट्ठे** = સ્પર્શ પામેલો, **विमणे** = ઉદાસ, **सुप्पिवासिए** = તૃષાથી દીન થઈ જાય છે, **तत्थ** = આ પ્રમાણે ગરમીનો પરીષહ પ્રાપ્ત થવાથી, **मंदा** = મૂઢ પુરુષ, **विसीयंति** = વિષાદનો અનુભવ કરે છે, કષ્ટનો અનુભવ કરે છે.

**ભાવાર્થ :–** ગ્રીષ્મ ઋતુના પ્રચંડ તાપના સમયે સાધક ઉદાસ અને તૃષાથી આકુળ વ્યાકુળ થઈ જાય છે તે ભયંકર ઉષ્ણ પરીષહનો ઉપસર્ગ આવે ત્યારે જેમ થોડા પાણીમાં માછલી વિષાદ અનુભવે તેમ મંદ સાધક વિષાદ અનુભવે છે.

## વિવેચન :–

આ બે ગાથામાં હેમંત ઋતુમાં શીત અને ગ્રીષ્મઋતુમાં ઉષ્ણ પરીષહરૂપ ઉપસર્ગોના સમયે મંદસાધક કેવી રીતે વિષાદનો અનુભવ કરે છે, તે ઉપમા દ્વારા સમજાવવામાં આવ્યું છે.

**जया हेमंतमासम्मि...रज्जहीणा व खत्तिया :–** જ્યારે હેમંતઋતુના પોષ–મહા મહીનાની કાતિલ ઠંડી શરીરનાં બધાં અંગોને સ્પર્શે ત્યારે અસહ્ય શીત સ્પર્શથી કેટલાક મંદ, અલ્પપરાક્રમી, ભારેકર્મી સાધક રાજ્યભ્રષ્ટ ક્ષત્રિયની જેમ વિષાદનો અનુભવ કરે, દુઃખનો અનુભવ કરે છે.

**पुट्ठे गिम्हाभितावेणं...मच्छा अप्पोदए जहा :–** ગ્રીષ્મઋતુ–વૈશાખ–જેઠમાં જ્યારે ભયંકર ગરમી પડે, લૂ વરસે, સૂસવાટા મારતી ગરમ હવા શરીરને સ્પર્શે, કંઠ તૃષાથી સૂકાય જાય, તે સમયે અલ્પપરાક્રમી સાધક ઉદાસ, ખિન્ન તેમજ બેચેન થઈ જાય છે. આવી સ્થિતિમાં વિવેકમૂઢ, અલ્પસત્વવાળો નવદીક્ષિત સાધક એકદમ અકળાઈ ઊઠે છે. જેમ ભયંકર તાપમાં અલ્પ જલમાં માછલી સંતપ્ત છે, તેમ ઉષ્ણ પરીષહના સમયે કાયર સાધક પણ તરફડે છે.

બન્ને ગાથાઓનું તાત્પર્ય એ છે કે ઠંડીનો ઉપસર્ગ હોય કે ગરમીનો, સાધકે પોતાનું મનોબળ, ધૈર્ય અને આત્મબળ દઢ રાખવું જોઈએ. ઉપસર્ગો પર વિજય પ્રાપ્ત કરવાથી કર્મનિર્જરા, આત્મબળ અને સહનશક્તિમાં વૃદ્ધિ થાય છે. એમ વિચારીને ઉપસર્ગ સહન કરવા માટે કટિબદ્ધ રહેવું જોઈએ. આ બન્ને ઉપસર્ગોમાં શીતોષ્ણ, તૃષા, અચેલક, અરતિ આદિ પરીષહોનો સમાવેશ થઈ જાય છે.

## યાચના–આક્રોશ પરીષહરૂપ ઉપસર્ગ :–

**૬** सया दत्तेसणा दुक्खं, जायणा दुप्पणोल्लिया ।
कम्मत्ता दुब्भगा चेव, इच्चाहंसु पुढो जणा ॥

**૭** एते सद्दे अचायंता, गामेसु णगरेसु वा ।
तत्थ मंदा विसीयंति, संगामंसि व भीरुणो ॥

**શબ્દાર્થ :– दत्तेसणा** = બીજાઓ દ્વારા આપેલી વસ્તુની જ ગવેષણા કરવી, **दुःखं** = આ દુઃખ, **सया**

= હંમેશાં જીવનભર સાધુને રહે છે, **जायणा** = ભિક્ષા માંગવાનું કષ્ટ, **दुप्पणोल्लिया** = દુઃસહ્ય હોય છે, **पुढोजणा** = અજ્ઞાની પુરુષ, સામાન્ય લોકો, **इच्चाहंसु** = એમ કહે છે કે, **कम्मत्ता** = આ લોકો પોતાના પૂર્વકૃત પાપકર્મનું ફળ ભોગવી રહ્યા છે, **दुब्भगा चेव** = તથા આ લોકો ભાગ્યહીન છે, **अचायंत्ता** = સહન ન થતા.

**ભાવાર્થ :–** સાધુને બીજા દ્વારા આપવામાં આવતી વસ્તુ જ ગ્રહણ કરવાનું દુઃખ જીવનપર્યંત સહેવાનું છે. યાચનાનો આ પરીષહ સહેવો ઘણો મુશ્કેલ છે. ગામ–નગરમાં વિચરણ કરી યાચના કરતા સાધુને જોઈ સામાન્ય વ્યક્તિઓ પણ બોલે છે કે આ લોકો પૂર્વકૃત કર્મોનું ફળ ભોગવી રહ્યા છે, તેઓ ભાગ્યહીન છે. સંગ્રામમાં જેમ કાયર વ્યક્તિ વિષાદ પામે છે તેમ આવા આક્રોશપૂર્ણ વચન સાંભળીને અલ્પ સામર્થ્યવાન સાધુ વિષાદને પ્રાપ્ત થાય છે.

## વિવેચન :–

આ બન્ને ગાથાઓમાં યાચના અને આક્રોશ વચન રૂપ બે પરીષહ ઉપસર્ગોના સમયે અલ્પ પરાક્રમી સાધકોની મનોદશાનું વર્ણન કરવામાં આવ્યું છે.

**सया दत्तेसणा...भीरुणो :–** સાધુ ભિક્ષાજીવી છે. તેણે જીવન જરૂરિયાતની પ્રત્યેક વસ્તુ યાચના કરીને જ પ્રાપ્ત કરવાની છે. સાધુએ પરિચિત કે અપરિચિત ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરીને, ભિક્ષાચરીના ૪૨ દોષ રહિત વસ્તુની યાચના કરવી, તદનુસાર વસ્તુ પ્રાપ્ત કરવી તે અત્યંત કઠિન તેમજ ખેદજનક છે. આ સમયે અલ્પસત્વ સાધકની મનોસ્થિતિ કેવી થાય છે ? તેનું ચિત્રણ વિદ્વાનોએ આ પ્રમાણે કર્યું છે.

**खिज्जइ मुखलावण्णं, वाया घोलेइ कंठमज्झंमि ।**
**कहकहकहेइ हियय, देहित्ति परं भणंतस्स ॥**

**गतिभ्रंशो मुखे दैन्यं, गात्रस्वेदो विवर्णता ।**
**मरणे यानि चिह्नानि, तानि चिह्नानि याचके ॥**

ચહેરાની ક્રાંતિ ક્ષીણ થવી, અવાજ ગળામાં જ ઘૂંટાવો, મને અમુક વસ્તુ આપો તેમ ન કહી શકવાથી હૃદયનું જોરથી ધબકવું, પગનું લથડાવું, મુખ પર દીનતા છવાઈ જવી, પરસેવો વળવો, ચહેરાનો રંગ ઊડી જવો, મૃત્યુના સમયના આવા બધા જ ચિન્હો યાચકમાં દષ્ટિ ગોચર થાય છે.

તેનો અર્થ એ નથી કે યાચના પરીષહરૂપ ઉપસર્ગ પ્રત્યેક સાધકને માટે દુઃખદાયી જ છે, જે મહાસત્ત્વશાળી, ઉપસર્ગ સહિષ્ણુ તેમજ અભ્યસ્ત સંયમી સાધક છે, તેના માટે આ પરીષહ દુઃખ દાયક નથી. યાચનાના સમયે દીનતા, હીનતા, ગ્લાનિ તેમજ મિથ્યાગૌરવ અનુભવવું નહીં, સ્વાભિમાન પૂર્વક નિર્દોષ ભિક્ષા પ્રાપ્ત થાય તો જ લેવી, ગૃહસ્થ દાતા ના પાડે અથવા રસહીન–લૂખ્ખો સૂકો, તુચ્છ તેમજ અલ્પ આહારાદિ આપે તોપણ તેનો વિષાદ ન કરે તે આ ગાથાનો આશય છે.

આ ગાથાના ઉત્તરાર્દ્ધમાં બતાવ્યું છે કે આક્રોશ પરીષહ રૂપ ઉપસર્ગ પણ સાધુને સહેવો પડે છે. સાધુઓને ગામ કે નગરમાં પ્રવેશ કરતાં અથવા ભિક્ષા, વિહાર આદિ કરતાં જોઈને કેટલાક અબુધ–અજ્ઞાની લોકો તેમનો તિરસ્કાર કરતા કહે છે, અરે ! જુઓ તો ખરા ! આ બિચારા ભૂખ્યા–તરસ્યા, ભિક્ષાથી આજીવિકા ચલાવનાર સાધુ પોતાનાં પૂર્વકૃત અશુભકર્મોથી પીડિત છે, તેઓ પોતાનાં પૂર્વકૃત પાપકર્મોનું ફળ ભોગવી રહ્યા છે. આ લોકો પાસે કોઈ ધંધો નહીં હોય, તે કામોના બોજથી દુઃખી તેમજ ઉદ્વિગ્ન હશે, આળસુ હશે, ઘરમાં તેને કોઈ પૂછતા નહીં હોય, બધી રીતે તંગ હશે, તેથી સાધુ બની ગયા લાગે છે. આ લોકો અભાગી છે, જ્યાં જાય છે ત્યાં બધે એનું દુર્ભાગ્ય સાથે જાય છે. અજ્ઞાનીજન આ પ્રકારના આક્રોશભરેલા શબ્દો સાધુને કહે છે.

અલ્પસત્વવાળા સાધક અજ્ઞાનીજનોનાં આ આક્રોશભરેલાં તથા વ્યંગભરેલાં વચનો સાંભળીને ક્ષુબ્ધ થઈ જાય છે. કડવાં વચનોને સાંભળી તેના મનમાં બે પ્રકારની પ્રતિક્રિયા થાય છે– (૧) મનોમન કોચવાય છે, ખિન્ન થાય છે (૨) તે ક્રોધિત થઈ વાદવિવાદમાં ઊતરી પડે છે. તે સમયે તે કાયર તેમજ અપરિપક્વ સાધકોની મનઃસ્થિતિ કાયર સૈનિક જેવી થાય છે. આ પરીષહ– ઉપસર્ગના વર્ણન દ્વારા સૂત્રકાર સૂચવે છે કે મહાવ્રતી સાધક ઉપસર્ગ સહિષ્ણુ બની આક્રોશમય વચનોને સમભાવથી સહન કરે.

**कम्मत्ता दुब्भगा चेव :–** વૃત્તિકારના મત અનુસાર–કર્મોથી અત્યંત પીડિત છે, પૂર્વે કરેલાં કર્મોનું ફળ ભોગવી રહ્યા છે અથવા ખેતી આદિ કાર્યો (આજીવિકાના કામો)થી આર્ત–પીડિત છે, તે કરવામાં અસમર્થ તેમજ ઉદ્વિગ્ન છે અને દુર્ભાગ્યયુક્ત છે. ચૂર્ણિકારે **कम्मंता दुब्भगा चेव** પાઠાંતર માનીને અર્થ કર્યો છે કે ખેતી, પશુપાલનાદિ કર્મોનો અંત થઈ જવાથી, આપ્ત–અભિભૂત(સ્નેહીજનોથી પીડિત)અને દુર્ભાગી છે.

## વધ પરીષહ રૂપ ઉપસર્ગ :–

**૮** **अप्पेगे खुधियं भिक्खुं, सुणी दंसइ लूसए ।**
**तत्थ मंदा विसीयंति, तेजपुट्ठा व पाणिणो ॥**

**શબ્દાર્થ :– अप्पेगे** = જો કોઈ, **लूसए** = ક્રૂર પ્રાણી, **खुधियं भिक्खुं** = ભૂખ્યા સાધુને, **सुणी दंसइ** = કૂતરા આદિ કરડવા લાગે છે તો, **तेजपुट्ठा** = તેજ–અગ્નિ દ્વારા સ્પર્શાયેલાં, **पाणीणो** = પ્રાણી ગભરાય છે, દાઝે છે.

**ભાવાર્થ :–** ગોચરી અર્થે ભ્રમણ કરતા ભૂખથી પીડાતા સાધુને ક્રૂર કૂતરા આદિ પ્રાણી કરડે તો તે સમયે અગ્નિના સ્પર્શથી દાઝેલ પ્રાણી આર્તધ્યાનયુક્ત થાય છે તેમ અલ્પસત્ત્વવાળા, વિવેકમૂઢ સાધુ દુઃખી થાય છે.

## વિવેચન :–

આ ગાથામાં વધ પરીષહના રૂપમાં ઉપસર્ગનું વર્ણન અને તે સમયની કાયર સાધકની મનોદશાનું વર્ણન કર્યું છે.

**अप्पेगे खुधियं...तेजपुट्ठा व पाणिणो :–** સાધુ ભૂખથી વ્યાકુળ થઈ ભિક્ષા માટે નીકળે ત્યારે કૂતરા આદિ પ્રકૃતિથી ક્રૂર પ્રાણી તેની વિચિત્ર વેષભૂષા જોઈને ભસવા લાગે, ઝાપટ મારે, કરડવા લાગે, નહોરથી તેના અંગોને વિખોડીયા ભરે તો તે સમયે અલ્પસત્ત્વ સાધક ગભરાઈ જાય છે. જેવી રીતે આગમાં બળી જવાથી પ્રાણી આર્તનાદ કરે છે, તેવી રીતે તેઓ વેદનાથી કણસે છે તથા આર્તધ્યાન કરે છે.

**પાઠાંતર :– खुधियं** નો સ્પષ્ટ અર્થ છે ભૂખથી વ્યાકુળ, ભૂખ્યા. આ અર્થની અપેક્ષાએ પાઠ શુદ્ધ છે છતાં **झुंझियं, खुज्झियं** એવા પાઠાંતર મળે છે. તેનો અર્થ પણ ક્ષુધાથી વ્યાકુલ, એવો જ કરાય છે.

### આક્રોશ પરીષહરૂપ ઉપસર્ગ :–

**૯** **अप्पेगे पडिभासंति, पडिपंथियमागया ।**
**पडियारगया एते, जे एते एवं जीविणो ॥**

**શબ્દાર્થ :– पडिपंथियमागया** = પ્રતિપથ એટલે પ્રતિકૂળ રૂપે જે ચાલે તે, સાધુ પ્રત્યે દ્વેષભાવ રાખનારા, માર્ગમાં સામે મળનારા, **अप्पेगे** = કોઈ કોઈ, **पडिभासंति** = કહે છે કે, **जे एते** = જે આ લોકો, **एवं जीविणो** = આ પ્રમાણે ભિક્ષાવૃત્તિથી જીવન ધારણ કરે છે, **एते** = આ લોકો, **पडियारगया** = પોતાના પૂર્વકૃત પાપનું ફળ ભોગવી રહ્યા છે.

**ભાવાર્થ :–** સાધુજનો પ્રત્યે દ્રોહી અથવા માર્ગમાં ચાલતા સામે મળનારા કેટલાક લોકો આ રીતે પ્રતિકૂળ વચન બોલે છે કે આ ભિક્ષાવૃત્તિથી જીવનાર સાધુ પોતાના પૂર્વે કરેલાં પાપકર્મોનું ફળ ભોગવીને બદલો ચૂકવી રહ્યા છે.

**૧૦** **अप्पगे वइं जुजंति, णगिणा पिंडोलगाऽहमा ।**
**मुंडा कंडूविणट्ठंगा, उज्जल्ला असमाहिया ॥**

**શબ્દાર્થ :– अप्पेगे** = કોઈ કોઈ, **वइं जुजंति** = કહે છે કે, **णगिणा** = આ લોકો નગ્ન છે, પરિવ્રાજક છે, **पिंडोलगा** = પરપિંડપ્રાર્થી છે, બીજાના આહારનો ઈચ્છુક છે, **अहमा** = તથા અધમ છે, **मुंडा** = તેઓ મુંડિત છે, **कंडूविणट्ठंगा** = કંડૂરોગથી અંગો નષ્ટ થઈ ગયા છે, **उज्जल्ला** = તેઓ સૂકા પરસેવાથી યુક્ત અને, **असमाहिया** = બીભત્સ છે, અન્યને અસમાધિ કરનાર છે.

**ભાવાર્થ :–** કોઈ કોઈ એમ કહે છે કે, આ લોકો નગ્ન છે, બીજાના ભોજનથી આજીવિકા ચલાવનાર છે, તથા અધમ છે, તેઓ મુંડિયા છે, ખૂજલીથી તેનાં અંગ ગળી ગયા છે, આ લોકો સૂકા પરસેવાથી યુક્ત છે તથા પ્રાણીઓને અસમાધિ ઉત્પન્ન કરનારા દુષ્ટ અથવા બીભત્સ છે.

**૧૧** **एवं विप्पडिवण्णेगे, अप्पणा उ अजाणया ।**
**तमाओ ते तमं जंति, मंदा मोहेण पाउडा ॥**

**શબ્દાર્થ :– विप्पडिवण्णा** = સાધુ અને સન્માર્ગના દ્રોહી, **अप्पणा उ अजाणया** = સ્વયં અજ્ઞાની જીવ, **मोहेण पाउडा** = મિથ્યાત્વ મોહથી અવરાયેલા, **मंदा** = મૂર્ખ છે, **ते** = તેઓ, **तमाओ** = અજ્ઞાનમાંથી નીકળીને, **तमं** = ફરીથી અજ્ઞાનમાં જ, **जंति** = જાય છે.

**ભાવાર્થ :–** કેટલાક લોકો સાધુ અને સન્માર્ગના દ્રોહી, અજ્ઞાની મોહથી ઘેરાયેલા અને વિવેકમૂઢ છે, તેઓ અજ્ઞાનરૂપી અંધકારથી ગાઢ અજ્ઞાનરૂપ અંધકારમાં જાય છે અથવા નીચામાં નીચી ગતિમાં જાય છે.

## વિવેચન :–

આ ત્રણે ય ગાથાઓમાં સાધુ વિદ્વેષી, પ્રતિકૂળ આચરણ કરનારા લોકો દ્વારા કરવામાં આવતાં આક્રોશ પરીષહ રૂપ ઉપસર્ગનું વર્ણન છે. સાથે દ્રોહ અને મોહયુક્ત મૂઢજનોને પ્રાપ્ત દુષ્કર્મના પરિણામનું કથન છે.

**पडिभासंति** :– પ્રતિકૂળ બોલે છે, અથવા ચૂર્ણિકાર સમ્મત **परिभासंति** પાઠાંતર અનુસાર **परि–समन्ताद् भाषन्ते परिभाषन्ते** અર્થાત્ તેઓ અત્યંત બબડે છે, બોલ બોલ કરે છે.

**पडिपंथियमागया** :– **प्रतिपथ–प्रतिकूलत्वं तेण चरन्ति–प्रातिपथिकाः साधुविद्वेषिनः तद्भावमागतः कथंचित् प्रतिपथे वा दृष्टा अनार्याः** અર્થાત્ પ્રતિપથથી એટલે કે પ્રતિકૂળ રૂપે જે ચાલે છે તે પ્રાતિપથિક છે અર્થાત્ સાધુ વિદ્વેષી છે. સાધુઓ પ્રત્યે દ્વેષભાવ(દ્રોહ)રાખનાર. બીજો અર્થ છે, સામે માર્ગમાં આવતા અનાર્ય લોકો. આ બંને અર્થ ટીકાકારે કર્યા છે.

## ડાંસ–મચ્છર અને તૃણસ્પર્શ પરીષહરૂપ ઉપસર્ગ :–

**૧૨** **पुट्ठो य दंस–मसएहिं, तणफासमचाइया ।**
**ण मे दिट्ठे परे लोए, जइ परं मरणं सिया ॥**

**શબ્દાર્થ :– दंसमसएहिं पुट्ठो** = ડાંસ અને મચ્છરો દ્વારા સ્પર્શ કરાયેલા, તથા, **तणफासमचाइया** = તૃણસ્પર્શને સહન ન કરી શકતા સાધુ, **परं** = પરંતુ, **जइ** = કદાચિત્, **मरणं सिया** = આ કષ્ટથી મરણ તો સંભવ જ છે.

**ભાવાર્થ :–** ડાંસ અને મચ્છરોના ડંસ તેમજ તૃણ–સ્પર્શને સહન ન કરી શકતા સાધક વિચારે છે કે મેં પરલોક તો જોયો નથી, પરલોકનું સુખ તો મળ્યું નથી પરંતુ આ કષ્ટથી તો કદાચિત્ મારું મરણ જ સંભવિત છે, સાક્ષાત્ મૃત્યુ દેખાય છે.

## વિવેચન :–

આ ગાથામાં બે પરીષહરૂપ ઉપસર્ગ સમયે મનોદુર્બલ સાધકનું દુશ્ચિંતન પ્રગટ કર્યું છે.

**पुट्ठो य...मरणं सिया :–** સાધુ પ્રાયઃ વિવિધ પ્રાન્તો–પ્રદેશોમાં વિચરણ કરે છે. આ વિચરણ દરમ્યાન ઘણા સ્થળોએ ડાંસ–મચ્છરોનો ત્રાસ સહેવો પડે છે. તે મચ્છરો સાધુના શરીર પર તૂટી પડે છે, સાથે ઘાસની પથારીનો કર્કશ સ્પર્શ ખૂંચે છે, તે સમયે કોઈ સાધુ અકળાઈ ઊઠે છે. તે વિચારે છે કે હું આ બધુ કષ્ટ શા માટે સહન કરી રહ્યો છુ ? નિરર્થક મારી જાતને કષ્ટમાં શા માટે નાખું ? કષ્ટ સહન કરવાનું તો ત્યારે સાર્થક થાય, જો પરલોક હોય, પરલોકના સુખ પ્રાપ્ત થવાના હોય. મેં પરલોક જોયો નથી અને પરલોકથી આવીને કોઈએ મને ત્યાંની વાતો કરી નથી. જો પ્રત્યક્ષ પરલોક જોયા વિના તેનું અનુમાન કરવું તે પણ સંભવિત નથી. હું જે આ નિરર્થક કષ્ટ સહન કરું છું તેનું પરિણામ માત્ર કષ્ટ સહન કરીને મરી જવા સિવાય બીજું શું હોઈ શકે ?

આ પ્રકારે દુશ્ચિંતન કરનાર સાધક પરીષહ–ઉપસર્ગ વિજેતા બની શકતા નથી માટે સાધકે આ પ્રકારના ચિંતનમાં ન પડતાં પરીષહ સહન કરવા જોઈએ.

### કેશલોચ અને બ્રહ્મચર્યરૂપ ઉપસર્ગ :–

**१३** **संतत्ता केसलोएणं, बंभचेरपराजिया ।**
**तत्थ मंदा विसीयंति, मच्छा विट्ठा व केयणे ॥**

**શબ્દાર્થ :– केसलोएण** = કેશલુંચન(લોચ) થી, **संतत्ता** = પીડિત, **बंभचेरपराइया** = અને બ્રહ્મચર્યથી પરાજિત, **मंदा** = મૂર્ખજીવ, **केयणे** = જાળમાં, **विट्ठा (विद्धा)** = ફસાયેલી, કાંટાથી વીંધાયેલી, **मच्छा व** = માછલીની જેમ, **विसीयंति** = ક્લેશ (દુઃખ) અનુભવે છે.

**ભાવાર્થ :–** કેશ–લુંચનથી સંતપ્ત અને બ્રહ્મચર્ય પાલનથી પરાજિત મંદ સાધક જેવી રીતે જાળમાં ફસાયેલી માછલીઓ તડફડે છે, તેમ મુનિધર્મમાં કલેશ પામે છે.

### વિવેચન :–

આ ગાથામાં કેશલોચ અને બ્રહ્મચર્ય પાલન રૂપ ઉપસર્ગોના સમયે નવદીક્ષિત સાધકની મનોદશાનું ચિત્રણ કરવામાં આવ્યું છે. બન્ને ઉપસર્ગો પર વિજય મેળવવાની પ્રેરણા એ આ ગાથાનું પ્રયોજન છે.

**संतत्ता केसलोएणं :–** દીક્ષા લીધા પછી તે મુનિના સર્વપ્રથમ વાળ જ્યારે મૂળમાંથી ઉખેડવામાં આવે છે, ત્યારે દર્દ અને લોહી નીકળવાના કારણે સાધક ગભરાઈ જાય છે, મનોમન સંતપ્ત થાય છે.

**बंभचेर पराजिया :–** ઘણીવાર સાધક કહી દે છે કે "મારા માટે બ્રહ્મચર્ય પાલન કંઈ કઠિન નથી." પરંતુ મનરૂપી સમુદ્રમાં જ્યારે કામ(વાસના)ની ભરતી આવે છે ત્યારે તે હારી જાય છે. મનમાં પૂર્વે ભોગવેલા ભોગો અથવા ગૃહસ્થના જોયેલા ભોગોનું સ્મરણ અને તેનાથી મનમાં ઊઠનારા ભોગેચ્છાના પ્રબળ તરંગોને રોકી શકે નહીં, તે વખતે ઘોર પીડાનો અનુભવ કરે છે. જેમ જાળમાં પડેલી માછલી

તેમાંથી નીકળવાનો માર્ગ ન મળવાથી તડફડે છે અને મરી જાય છે, તેવી જ રીતે સાધુ પણ કામથી પરાજિત થઈને ભોગોને મેળવવા માટે તડફડતો રહે છે અને અંતે સંયમી જીવનથી ભ્રષ્ટ થઈ જાય છે. તેથી કહ્યું છે કે તે જાળમાં ફસાયેલી માછલીની જેમ ભોગમાં તરફડે છે. સાધકે આ પરીષહ ધૈર્યપૂર્વક સહેવા જોઈએ તે સૂચવવાનો આ ગાથાનો આશય છે.

**પાઠાંતર :–** **विट्ठा** ની જગ્યાએ **पविट्ठा** અને **विद्धा** પાઠાંતર જોવા મળે છે. તેનો અર્થ છે જાળમાં પ્રવિષ્ટ કે કાંટાથી વીંધાયેલી માછલીની જેમ તરફડે છે. માટે સાધકે આ બંને પરીષહને સહન કરવા પ્રયત્નશીલ બનવું જોઈએ.

### વધ–બંધ પરીષહ રૂપ ઉપસર્ગ :–

**૧૪** **आयदंडसमायारा, मिच्छासंठियभावणा ।**
**हरिसप्पओसमावण्णा, केई लूसंतिऽणारिया ॥**

**શબ્દાર્થ :–** **आयदंड समायारा** = આત્મકલ્યાણથી ભ્રષ્ટ થઈ જવાય તેવું આચરણ કરનાર, **मिच्छासंठियभावणा** = જેઓની ચિત્તવૃત્તિ વિપરીત છે, **हरिसप्पओसमावण्णा** = જે રાગ અને દ્વેષથી યુક્ત છે એવા, **केई** = કોઈ, **अणारिया** = અનાર્ય પુરુષ, **लूसंति** = સાધુને પીડા આપે છે.

**ભાવાર્થ :–** જેનાથી આત્મા દંડાય છે, તેવા (કલ્યાણ ભ્રષ્ટ) આચારવાળા, જેમની ભાવના–મનોવૃત્તિ મિથ્યા વાતોમાં જ જોડાયેલી છે, જે રાગ અને પ્રદ્વેષથી યુક્ત છે, એવા કેટલાક અનાર્ય પુરુષો સાધુને પરેશાન કરે છે.

**૧૫** **अप्पेगे पलियंतंसि, चारो चोरो त्ति सुव्वयं ।**
**बंधंति भिक्खुयं बाला, कसायवयणेहि य ॥**

**શબ્દાર્થ :–** **अप्पेगे** = કેટલાક, **बाला** = અજ્ઞાની પુરુષો, **पलियंतंसि** = અનાર્ય દેશની આસપાસ વિચરતા, **सुव्वयं** = સુવ્રતી, **भिक्खुयं** = સાધુને,**चारो चोरोत्ति** = આ લૂંટારો છે અથવા ચોર છે એમ કહેતાં, **बंधंति** = રસ્સી આદિથી બાંધે છે અને, **कसायवयणेहि य** = અને કઠોરવચન કહીને સાધુને પીડિત કરે છે.

**ભાવાર્થ :–** અનાર્ય દેશની સીમાપર વિચરતા સુવ્રતી સાધુને કેટલાક અજ્ઞાની લોકો 'આ ગુપ્તચર છે, આ ચોર છે,' આમ કહેતાં દોરી આદિથી બાંધે છે અને કષાયયુક્ત વચન કહીને તેને હેરાન કરે છે.

**૧૬** **तत्थ दंडेण संवीते, मुट्ठिणा अदु फलेण वा ।**
**णाईणं सरइ बाले, इत्थी वा कुद्धगामिणी ॥**

**શબ્દાર્થ :–** **तत्थ** = ત્યાં, **दंडेण** = લાઠી દ્વારા, **मुट्ठिणा** = મુક્કાવડે, **अदु** = અથવા, **फलेण** = ભાલાથી,

પાટિયાથી, ફળ દ્વારા, **संवीते** = મારેલ, **बाले** = અજ્ઞાની પુરુષ, **कुद्धगामिणी** = ક્રોધિત થઈને ઘરેથી નીકળીને ભાગનારી, **इत्थी व** = સ્ત્રીની જેમ, **णाईणं** = પોતાના સ્વજનવર્ગનું, **सरइ** = સ્મરણ કરે છે.

**ભાવાર્થ :–** તે અનાર્યદેશની સીમાપર વિચરણ કરનાર સાધુને દંડાથી, મુક્કાથી અથવા ભાલા આદિથી મારવામાં આવે છે, ત્યારે તે નવદીક્ષિત, અજ્ઞાની સાધક ક્રોધિત થઈને ઘરેથી ભાગી જનારી સ્ત્રીની જેમ પોતાના ભાઈ–ભાંડુઓને યાદ કરે છે.

## વિવેચન :–

આ ત્રણ ગાથાઓમાં વધ અને બંધ પરીષહના રૂપમાં આવતા ઉપસર્ગ સાધકને કેવી રીતે પીડે છે, તેનું વિશદ વર્ણન છે.

**आयदंड :–** કેટલાક સુવ્રતી સાધુ સહજભાવથી અનાર્ય દેશના સીમાવર્તી પ્રદેશમાં વિચરણ કરે છે, તે સમયે કેટલાક અનાર્ય લોકો તેને પીડા પહોંચાડે છે. અનાર્યોને માટે અહીં ત્રણ વિશેષણોનો પ્રયોગ કર્યો છે. (૧) **आयदंड समायारा** (૨) **मिच्छासंठिय भावणा** અને (૩) **हरिसप्पओसमावण्णा** અર્થાત્ અનાર્ય પોતાના આત્માને જ કર્મબંધથી દંડિત કરનારા, કલ્યાણ ભ્રષ્ટ આચારોથી યુક્ત હોય છે, તેમની બુદ્ધિ મિથ્યાત્વ દોષથી જકડાયેલી છે તથા તેઓ રાગ–દ્વેષથી કલુષિત હોય છે.

**अप्पेगे...वयणेहि :–** તે અનાર્યલોકો સીમાપ્રાન્ત પર વિચરતા સુવિહિત સાધુને આ ગુપ્તચર છે, ચોર છે, આવી આશંકાથી પકડીને બાંધી દે છે, કષાયયુક્ત થઈને અપશબ્દો કહે છે, પછી તેને દંડાથી, મુક્કાથી, લાકડીથી માર મારે છે.

**णाईणं सरइ बाले :–** અનાર્ય લોકો દ્વારા કરાયેલા પ્રહારથી ગભરાઈને અજ્ઞાની નવદીક્ષિત સાધક પોતાના માતા–પિતા અથવા સ્વજનવર્ગને યાદ કરીને પસ્તાય છે. જેમ કોઈ સ્ત્રી ઘરેથી ક્રોધિત થઈને ભાગી જાય છે પરંતુ કામી પુરુષોના સકંજામાં સપડાય ત્યારે તેને પોતાના સ્વજનો યાદ આવે છે, તેમ તે સાધક પણ સ્વજનોને યાદ કરે છે.

શાસ્ત્રકારે આવા ઉપસર્ગોના સમયે સાધકને સાવધાન કરવા માટે આવી સંભાવનાઓ વ્યક્ત કરી છે.

## ઉપસર્ગ પરાજિતની સ્થિતિ :–

**१७** **एते भो कसिणा फासा, फरुसा दुरहियासया ।**
**हत्थी वा सरसंवीता, कीवाऽवसा गया गिहं ॥ त्ति बेमि ॥**

**શબ્દાર્થ :– भो** = હે શિષ્યો ! **एते** = પૂર્વે કહેલા આ, **कसिणा** = સમસ્ત, **फासा** = સ્પર્શ, **फरुसा** = પરુષ (કઠિન–કઠોર) છે, **दुरहियासिया** = દુઃસહ છે, **सरसंवीता** = બાણોથી પીડિત હાથીની જેમ,

**कीवा** = કાયર પુરુષ, **अवसा** = ગભરાઈને, **गिहं गया** = પાછા ઘરે ચાલ્યા જાય છે.

**ભાવાર્થ :–** હે શિષ્યો ! આ ઉપસર્ગો અને પરીષહો સહન કરવા દુઃસ્સહ અને કઠોર છે, કાયર સાધકો બાણોથીવીંધાયેલા હાથીની જેમ લાચાર થઈને સંયમ છોડી ઘરે ચાલ્યા જાય છે.

**વિવેચન :–**

પૂર્વની ગાથાઓમાં કહેલા દુઃસ્સહ તેમજ કઠોર પરીષહ ઉપસર્ગોના સમયે કાયર પુરુષની પલાયનવૃત્તિનો ઉલ્લેખ આ ગાથામાં શિષ્યોને સંબોધીને કરવામાં આવ્યો છે.

**एते भो...गिहं :–** આ ઉદ્દેશામાં જેટલા પરીષહો અથવા ઉપસર્ગોનું કથન કરવામાં આવ્યું છે, તે બધાનો સ્પર્શ–અનુભવ અત્યંત કઠોર છે તથા દુઃસહ્ય છે. ઉપસર્ગ અથવા પરીષહ તો સર્વ માટે સમાન જ હોય પરંતુ તફાવત તેની અનુભૂતિમાં હોય છે. જે સાધક કાયર, ભારેકર્મી હોય છે, તેઓને ઉપસર્ગનો સ્પર્શ અત્યંત અસહ્ય લાગે છે. પરિણામે જે રીતે રણસંગ્રામમાં બાણોના પ્રહારથી પીડિત (ઘાયલ) હાથી મેદાન છોડીને ભાગી જાય છે, તે રીતે અપરિપક્વ સાધક પરીષહો અને ઉપસર્ગોના મારથી પીડિત તેમજ લાચાર થઈને સંયમ છોડીને ફરીથી સંસારમાં પ્રવૃત્ત થઈ જાય છે, પરંતુ જે પરિપક્વ વીર સાધક હોય છે તેઓ સંયમમાં અડગ (સ્થિર) રહે છે.

**कीवाऽवसा :– कीवाऽवसा** ના સ્થાને **कीवावसगा** અને **तिव्वसढगा** આ બે પાઠાન્તર જોવા મળે છે. કીવાવસગામાં ક્લિબ–અસમર્થ, વસગા એટલે પરીષહોથી વિવશ. તિવ્વસઢગા એટલે તીવ્ર શઠ, તીવ્ર એવા પરીષહોથી શઠ એટલે પ્રતિહત–પીડિત.

**॥ અધ્યયન ૩/૧ સંપૂર્ણ ॥**

## બીજો ઉદ્દેશક

**અનુકૂળ ઉપસર્ગ :–**

**१ अहिमे सुहुमा संगा, भिक्खूणं जे दुरुत्तरा ।**
**जत्थ एगे विसीयंति, ण चयंति जवित्तए ॥**

**શબ્દાર્થ :– अह** = ત્યાર બાદ, **इमे** = આ, **सुहुमा** = સૂક્ષ્મ–બાદર રૂપે નહીં દેખાતા, **संगा** = બાંધવ આદિની સાથે સંબંધરૂપ ઉપસર્ગ હોય છે, **भिक्खूणं** = સાધુઓ દ્વારા, **दुरूत्तरा** = દુસ્તર છે, **एगे** = કેટલાક પુરુષો, **जत्थ** = તે સંબંધરૂપ ઉપસર્ગમાં, **विसीयंति** = વિષાદ પામે છે, **जवित्तए** = તેઓ સંયમ પૂર્વક પોતાનો નિર્વાહ કરવામાં, **ण चयंति** = સમર્થ હોતા નથી.

**ભાવાર્થ :–** આ સૂક્ષ્મ [સ્થૂળ રૂપે ન જણાય તેવા] બંધુ–બાંધવ આદિની સાથેના સંબંધરૂપ, અનુકૂળ

ઉપસર્ગ સાધુઓ માટે દુસ્તર– દુરતિક્રમણીય છે. તે સૂક્ષ્મ–આંતરિક ઉપસર્ગો આવવાથી કેટલાક સાધકો વ્યાકુળ થઈ જાય છે. તેઓ સંયમી જીવનનો નિર્વાહ(પાલન) કરવામાં અસમર્થ બની જાય છે.

**વિવેચન :–**

આ ગાથામાં અનુકૂળ ઉપસર્ગોનું વર્ણન શરૂ કરતા શાસ્ત્રકાર તેનો પરિચય આપે છે. અનુકૂળ ઉપસર્ગોની ઓળખાણ બે પ્રકારે થાય છે. (૧) તે સૂક્ષ્મ સંગરૂપ હોય છે. (ર) દુસ્તર હોય છે. તેનો પ્રભાવ વિવેકમૂઢ સાધકો પર બે રીતે પડે છે. (૧) તેઓ ગભરાઈ જાય છે, (ર) સંયમી જીવન નિભાવવામાં અસમર્થ થઈ જાય છે.

**अहिमे सुहुमा संगा भिक्खूणं जे दुरुत्तरा :–** પોતાના પૂર્વાશ્રમ(સંસારી અવસ્થા)ના માતા–પિતા, ભાઈ–બહેન, સ્ત્રી–પુત્ર આદિ સ્વજનોના મધુર તેમજ સ્નેહસ્નિગ્ધ સંસર્ગ(સંબંધ)રૂપ ઉપસર્ગ એટલા સૂક્ષ્મ હોય છે કે તે સાધકના શરીરપર હુમલો કરતા નથી પરંતુ તેના મન ઉપર ઘાતક આક્રમણ કરે છે. તેની ચિત્તવૃત્તિને ચંચળ બનાવે છે. તેથી આ સંગરૂપ ઉપસર્ગને સૂક્ષ્મ એટલે કે આંતરિક(માનસિક) બતાવવામાં આવ્યો છે. પ્રતિકૂળ ઉપસર્ગ તો પ્રગટ રૂપે બાહ્ય શરીરને વિકૃત કરે, પીડા પહોંચાડે પરંતુ આ અનુકૂળ ઉપસર્ગ બાહ્ય શરીરને વિકૃત કરવાને બદલે સાધકના અતઃકરણને વિકૃત કરે છે.

આ સૂક્ષ્મ સંગરૂપ ઉપસર્ગો દુસ્તર છે, કારણ કે પ્રાણોને સંકટમાં નાખનારા પ્રતિકૂળ ઉપસર્ગો આવે ત્યારે તો સાધક સાવધાન થઈને મધ્યસ્થવૃત્તિ ધારણ કરી શકે છે, જ્યારે અનુકૂળ ઉપસર્ગ વખતે મધ્યસ્થવૃત્તિનું અવલંબન લેવું અતિ કઠિન હોય છે. તેથી સૂક્ષ્મ અથવા અનુકૂળ ઉપસર્ગને સહન કરવા જોઈએ, તે પ્રકારનું કથન છે.

**जत्थ एगे...जवित्तए :–** અનુકૂળ ઉપસર્ગો આવે ત્યારે કોઈ મહાન કહેવાતા સાધક પણ ધર્મારાધના અથવા સંયમસાધનાથી વિચલિત તેમજ ભ્રષ્ટ થઈ જાય છે. સુકુમાર તેમજ સુખસુવિધાપરાયણ સાધક તો તુરંત પોતાના સંયમમાર્ગથી લપસી જાય છે, સંબંધીઓના મોહમાં પડીને તેઓ સંયમ પાલનમાં શિથિલ અથવા સંયમથી સર્વથા ભ્રષ્ટ થઈ જાય છે. સત્ અનુષ્ઠાનો પ્રત્યે તેઓ ઉદાસીન બની જાય છે, સંયમ પાલન તેને દુઃખદાયક લાગે છે. તેઓ સંયમને છોડી દે છે અથવા છોડવા તત્પર થઈ જાય છે.

**સ્વજનસંગરૂપ ઉપસર્ગ :–**

**૨** **अप्पेगे णायओ दिस्स, रोयंति परिवारिया ।**
**पोस णे तात पुट्ठोऽसि, कस्स तात जहासि णे ॥**

**શબ્દાર્થ :– णायओ** = જ્ઞાતિજનો, પરિવારિકજનો, **दिस्स** = સાધુને જોઈને, **परिवारिया** = તેને ઘેરીને, **तात !** = હે તાત ! **णे पोस** = તમે અમારું પાલન કરો ! **पुट्ठोसि** = અમે તારું પાલન કર્યું છે, **कस्स** = શા માટે તું.

**ભાવાર્થ :–** કોઈ કોઈ જ્ઞાતિજનો સાધુને જોતાં જ તેને ઘેરીને રડે છે, વિલાપ કરે છે અને કહે છે– હે તાત ! હવે તું અમારું ભરણપોષણ કર ! અમે તારું પાલન–પોષણ કર્યું છે. હે પુત્ર ! તું અમને શા માટે છોડી દે છે ?

**૩** **पिया ते थेरओ तात ! ससा ते खुड्डिया इमा ।**
**भायरो ते सगा तात ! सोयरा किं जहासि णे ॥**

**શબ્દાર્થ :– थेरओ** = વૃદ્ધ છે, **ते ससा** = તારી બહેન, **खुड्डिया** = નાની છે, **सोयरा** = સહોદર, **णे किं जहासि** = તું અમને કેમ છોડી રહ્યો છે ?

**ભાવાર્થ :–** હે પુત્ર ! તારા પિતા અત્યંત વૃદ્ધ છે અને આ તારી બહેન નાની છે. હે પુત્ર! આ તારા પોતાના સહોદર ભાઈઓ છે, તું અમને કેમ છોડી રહ્યો છે ?

**૪** **मायरं पियरं पोस, एवं लोगो भविस्सइ ।**
**एयं खु लोइयं तात ! जे पोसे पिउ–मायरं ॥**

**શબ્દાર્થ :– एवं** = આ પ્રમાણે કરવાથી જ, **लोगो** = પરલોક, **भविस्सइ** = શ્રેષ્ઠ થશે, પ્રાપ્ત થાય છે, **एयं** = આ જ, **खु** = નિશ્ચયથી, **लोइयं** = લૌકિક આચાર છે કે, **पोसे** = પોષણ કરવું.

**ભાવાર્થ :–** હે પુત્ર ! તારા માતાપિતાનું પાલન પોષણ કર. એમ કરવાથી જ આલોક–પરલોક સુધરશે. હે પુત્ર ! માતા પિતાનું પાલન કરવું તે લૌકિક આચાર છે.

**૫** **उत्तरा महुरुल्लावा, पुत्ता ते तात ! खुड्डगा ।**
**भारिया ते णवा तात ! मा सा अण्णं जणं गमे ॥**

**શબ્દાર્થ :– उत्तरा** = ઉત્તરોત્તર જન્મેલા, **महुरुल्लावा** = મધુરભાષી, **खुड्डगा** = નાના છે, **णवा** = નવયૌવના છે, **सा** = તે, **अण्णं** = બીજા, **जणं** = મનુષ્યની પાસે, **मा गमे** = ન ચાલી જાય.

**ભાવાર્થ :–** હે પુત્ર ! તારા ઉત્તરોત્તર (એક પછી એક) જન્મેલા પુત્ર મીઠું બોલનારા તથા ઘણા નાના છે. હે પુત્ર ! તારી પત્ની પણ હજુ નવયૌવના છે, તે (ક્યાંક) બીજા પુરુષની સાથે ચાલી ન જાય. માટે તું ઘેર ચાલ.

**૬** **एहि तात घरं जामो, मा तं कम्मे सहा वयं ।**
**बीयं पि तात पासामो, जामु ताव सयं गिहं ॥**

**શબ્દાર્થ :– एहि** = આવ, **घरं जामो** = ઘરે જઈએ, **मा तं** = હવે તું કોઈ કામ ન કરતો, **वयं**

**कम्मेसहा** = અમે લોકો તમારા બધા કામો કરીશું, **बीयं पि** = હવે બીજીવાર, **पासामो** = તમારું કામ અમે જોઈશું, **ताव सयं गिहं जामु** = તેથી આપણે ઘરે જઈએ !

**ભાવાર્થ :–** આવ, દીકરા ! ઘરે જઈએ. હવેથી તું કંઈ કામ ન કરતો, અમે લોકો તારા કામમાં સહાયક બનશું, હે પુત્ર ! બીજીવાર તારું કામ અમે સંભાળી લેશું. તેથી ચાલ ! આપણે ઘરે જઈએ.

૭ **गंतुं तात ! पुणाऽऽगच्छे ण तेणऽसमणो सिया ।**
**अकामगं परक्कमंतं, को ते वारेउमरिहइ ॥**

**શબ્દાર્થ :– गंतुं** = એકવાર ઘરે જઈને, **पुणो** = ફરીવાર, **गच्छे** = આવી જજે, **तेण** = તેથી, **ण असमणो सिया** = તું અસાધુ (ગૃહસ્થ) નહીં થઈ જા, **अकामगं** = ઘરના કામકાજમાં ઈચ્છારહિત થઈને, **परिक्कमंतं** = પોતાની ઈચ્છા પ્રમાણે કાર્ય કરતા, **ते** = તને, **को** = કોણ, **वारेउमरिहइ** = રોકી શકે છે ?

**ભાવાર્થ :–** હે પુત્ર ! એકવાર ઘરે જઈને પાછો આવી જજે. તેથી તું અશ્રમણ(ગૃહસ્થ) નહીં થઈ જાય. ઘરના કામ કરવાની તારી ઈચ્છા ન હોય તો તને તારી ઈચ્છા પ્રમાણેનું કામ કરવામાં કોણ રોકી શકે છે ? તારી ઈચ્છા મુજબ રહેજે.

૮ **जं किंचि अणगं तात ! तं पि सव्वं समीकयं ।**
**हिरण्णं ववहाराई, तं पि दाहामु ते वयं ॥**

**શબ્દાર્થ :– जं किंचि अणगं** = જે કાંઈ કરજ હતું, **तंपि सव्वं** = તે પણ બધું, **समीकयं** = અમે વહેંચણી કરીને બરાબર ચૂકવી દીધું છે, **ववहाराई** = વ્યવહારને યોગ્ય જે, **हिरण्णं** = સોનું, ચાંદી આદિ છે.

**ભાવાર્થ :–** હે પુત્ર ! જે કાંઈ દેવું(ઋણ) હતું તે બધું જ અમે બરાબર વહેંચી લઈને ચૂકવી દીધું છે. તારા વ્યાવહારિક ઉપયોગ માટે જે સોનું ચાંદી જોઈએ તે અમે તને આપીશું.

૯ **इच्चेव णं सुसेहंति, कालुणिय समुट्ठिया**
**विबद्धो णाइसंगेहिं, ततोऽगारं पहावइ ॥**

**શબ્દાર્થ :– कालुणीय समुट्ठिया** = કરુણાથી યુક્ત ભાઈ ભાંડુઓ, **सुसेहंति** = સાધુને શિખામણ આપે છે, **णाइसंगेहि** = જ્ઞાતિના (સ્વજનોના) સંગથી, **विबद्धो** = બંધાયેલો જીવ, **ततो** = તે સમયે, **अगारं** = ઘર તરફ, **पहावइ** = દોડી જાય છે, ચાલ્યો જાય છે.

**ભાવાર્થ :–** આ રીતે કરુણાજનક વચનોથી સાધકને લલચાવતા બંધુજનો સાધુને શિખામણ દે છે, ત્યારે કુટુંબીજનોના સંબંધમાં બંધાયેલો સાધક ઘર તરફ ચાલી નીકળે છે.

૧૦ **जहा रुक्खं वणे जायं, मालुया पडिबंधइ ।**
**एवं णं पडिबंधंति, णायओ असमाहिणा ॥**

**શબ્દાર્થ :– मालुया** = લતા, **पडिबंधइ** = બાંધી લે છે, **एवं** = એ પ્રમાણે, **णायओ** = જ્ઞાતિવાળા, સ્વજનો, **असमाहिणा** = અસમાધિ ઉત્પન્ન કરનાર રુદનાદિ દ્વારા તે સાધુને.

**ભાવાર્થ :–** જેવી રીતે વનમાં ઉત્પન્ન થયેલા વૃક્ષને લતા વીંટળાઈ જઈને બાંધી લે છે, એવી રીતે જ્ઞાતિજન કરુણાજનક રુદનથી અસમાધિ ઉત્પન્ન કરીને તે સાધુને બાંધી લે છે.

**૧૧** **विबद्धो णाइसंगेहिं, हत्थी वा वि णवग्गहे ।**
**पिट्ठओ परिसप्पंति, सूईगो व्व अदूरगा ॥**

**શબ્દાર્થ :– णाइसंगेहिं** = માતા પિતા આદિ સ્વજનવર્ગના સંબંધ દ્વારા, **विबद्धो** = બંધાયેલા સાધુની,**पिट्ठओ** = પાછળ પાછળ, **परिसप्पंति** = સ્વજનવર્ગ ચાલે છે અને,**णवग्गहे हत्थीव** = નવા લીધેલા હાથીનીજેમ તેને અનુકૂળ આચરણ કરે છે તથા, **सूईगो व्व अदूरगा** = નવ્ય પ્રસૂતા ગાય જેમ પોતાના વાછરડાની પાસે જ રહે છે તેવી રીતે સ્વજન, પરિવાર વર્ગ તેની પાસે જ રહે છે.

**ભાવાર્થ :–** સ્વજનવર્ગના સ્નેહ સંબંધોથી બંધાયેલા સાધુની પાછળ પાછળ સ્વજન વર્ગ ચાલે છે અને નવા નવા પકડેલા હાથીની જેમ તેને અનુકૂળ આચરણ કરે છે તથા જેમ નવ્ય પ્રસૂતા ગાય પોતાના વાછરડાની પાસે જ રહે છે, તેવી રીતે પારિવારિક જનો પણ તેમની પાસે જ રહે છે.

**૧૨** **एते संगा मणुस्साणं, पायाला व अतारिमा ।**
**कीवा जत्थ य कीसंति, णाइसंगेहिं मुच्छिया ॥**

**શબ્દાર્થ :– एते** = આ, **संगा** = માતા પિતા આદિનો સંગ, **मणुस्साणं** = મનુષ્યો માટે, **पायाला व** = સમુદ્રની જેમ, **अतारिमा** = દુસ્તર છે, **जत्थ** = જેમાં, **कीवा** = અસમર્થપુરુષ, **कीसंति** = ક્લેશ પામે છે.

**ભાવાર્થ :–** આ સ્વજનો પ્રત્યેનો સંગ મનુષ્યો માટે સમુદ્રની જેમ અતલ અને દુસ્તર છે. આ રીતે ઉપસર્ગ આવવા પર સ્નેહીજનોના સંગમાં મૂર્ચ્છિત–આસક્ત થઈને અલ્પ પરાક્રમી સાધક ક્લેશ પામે છે.

**૧૩** **तं च भिक्खु परिण्णाय, सव्वे संगा महासवा ।**
**जीवियं णाभिकंखेज्जा, सोच्चा धम्ममणुत्तरं ॥**

**શબ્દાર્થ :– भिक्खु** = સાધુ, **तं च** = તે જ્ઞાતિ સંબંધને, **परिण्णाय** = જાણીને છોડી દે કારણ કે, **सव्वे** = બધા, **संगा** = સંબંધો, **महासवा** = મહાન કર્મના આશ્રવદ્વાર હોય છે.

**ભાવાર્થ :–** સાધુ તે જ્ઞાતિજનના સંબંધરૂપ ઉપસર્ગને સારી રીતે જાણીને છોડી દે છે કારણ કે બધા સંગ કર્મના મહાન આશ્રવદ્વાર છે. અનુત્તર ધર્મનું શ્રવણ કરી સાધુ અસંયમી જીવનની આકાંક્ષા ન કરે.

**૧૪** **अहिमे संति आवट्टा, कासवेण पवेइया ।**
**बुद्धा जत्थावसप्पंति, सीयंति अबुहा जहिं ॥**

**શબ્દાર્થ :– अह** = ત્યારપછી, **आवट्टा** = આવર્ત– ચક્કર, **संति** = છે, **जत्थ** = જેના આવવાથી, **बुद्धा** = જ્ઞાની પુરુષ, **अवसप्पंति** = તેમનાથી અલગ હટી જાય છે, **अबुहा** = પરંતુ અજ્ઞાની પુરુષ, **जहिं** = જેમાં, **सीयंति** = આસક્ત થાય છે, ફસાઈ જાય છે.

**ભાવાર્થ :–** ત્યારબાદ કાશ્યપગોત્રીય ભગવાન મહાવીરે બતાવ્યું છે કે આ સ્વજનોનો સંગ, સ્નેહ સંબંધ આવર્ત છે. તે ઉપસર્ગ આવે ત્યારે પ્રબુદ્ધ પુરુષ તેનાથી દૂર રહે છે, જ્યારે અજ્ઞાની પુરુષ તેમાં ફસાઈને દુઃખ પામે છે.

## વિવેચન :–

આ તેર ગાથાઓમાં સ્વજનસંગ રૂપ અનુકૂળ ઉપસર્ગનું વર્ણન કરવામાં આવ્યું છે. જ્ઞાતિજનો વડે આસક્તિમય વચનોથી સાધકને ફોસલાવવાના મુખ્ય સાત પ્રકારોનું અહીં વર્ણન છે. (૧) સંબંધી જનો રોઈ રોઈને પોતાના ભરણ પોષણ માટે કહે, (૨) વૃદ્ધ પિતા, નાની બહેન તથા સહોદર ભાઈઓને ન છોડવાનો અનુરોધ કરે, (૩) માતા પિતાનું ભરણ પોષણ કરવા રૂપે લૌકિક આચારનું આચરણ કરવા કહે, (૪) નાનાં નાનાં દૂધ પીતાં બાળકો અને નવયૌવના પત્નીને સંભાળવાનો આગ્રહ કરે, (૫) તેનું કાર્ય કરી આપવાનું વચન આપતા ઘરે આવવાનો આગ્રહ કરે, (૬) ઘરે જવાથી અસંયમી ન બની જવાય તેમ કહી, સ્વેચ્છાપૂર્વક કામ કરવામાં કોઈ રોકશે નહીં તેમ કહે, (૭) તારું બધુ દેણું અમે બરાબર વિભાગ કરી ચૂકવી દીધું છે, તથા તને હવે ઘરબાર ચલાવવા તેમજ ધંધા માટે અમે સોનું આદિ (મૂડી) પણ આપીશું તેમ કહી સાધુને ભરમાવે.

**આ પ્રકારના અનુકૂળ ઉપસર્ગનો ચાર પ્રકારનો પ્રભાવ :–** (૧) સ્વજનોના કરુણા જનક વાર્તાલાપથી તેઓના સ્નેહ સંબંધોમાં બંધાયેલો સાધક ઘર તરફ ચાલી નીકળે છે (૨) વેલ વડે વૃક્ષ બંધાવાની જેમ સ્વજનો અલ્પ સત્ત્વવાન સાધકને બાંધી લે છે (૩) નવા પકડેલા હાથીની જેમ તેઓ તેની પાછળ પાછળ ચાલે છે, તેઓ તેને પોતાનાથી દૂર જવા દેતા નથી (૪) સમુદ્રની જેમ ગંભીર તેમજ દુસ્તર આ સ્વજન સંબંધોમાં આસક્ત થઈને કાયર સાધક કષ્ટ પામે છે.

**આ ઉપસર્ગોના સમયે સાધકનું કર્તવ્ય :–** (૧) આ ઉપસર્ગોને સારી રીતે જાણીને છોડી દે (૨) બધા સંબંધોરૂપ ઉપસર્ગ મહા આશ્રવરૂપ છે, તેમ જાણે (૩) શ્રેષ્ઠતમ નિર્ગ્રન્થ ધર્મનું શ્રવણ–મનન કરે (૪) અસંયમી જીવનની આકાંક્ષા (ઈચ્છા) ન કરે (૫) ભગવાન મહાવીરે તેને ભ્રમજાળ કહી છે. અજ્ઞાની સાધક તેમાં ફસાઈને દુઃખી થાય છે, જ્યારે જ્ઞાનીજન તે વમળથી દૂર રહે છે.

**સ્વજન સંગરૂપ ઉપસર્ગના મુખ્ય સાતરૂપ :–**

**(૧) रोयंति परिवारिया :–** સાધુ ધર્મમાં દીક્ષિત થતાં કે દીક્ષિત થયેલા જોઈને સ્વજનો જોર જોરથી

રોવા લાગે છે, આંસુ વહાવે છે, સ્વજનોની આંખોમાં આંસુ જોઈને સાધકનું મન પીગળી જાય છે. જ્યારે તે તેમનાં મોહગર્ભિત વચનોને સાંભળવાને માટે તૈયાર થાય છે, ત્યારે તેઓ કહે છે, હે પુત્ર ! અમે બાળપણથી તારું પાલનપોષણ કર્યું છે. વૃદ્ધાવસ્થામાં તું અમારું ભરણપોષણ કરીશ તેવી આશા રાખી હતી પરંતુ તું તો અમને અધવચ્ચે જ તરછોડીને જઈ રહ્યો છો. તેથી ચાલ ! અમારું ભરણ પોષણ કર ! તારા વિના અમારું પોષણ કોણ કરશે ? અમને અસહાય(નિરાધાર) છોડીને શા માટે જઈ રહ્યો છે ?

**(૨) किं जहासि णे** :– પુત્ર ! જો તો ખરો ! તારા પિતા ઘણા વૃદ્ધ છે, તેને તારી સેવાની આવશ્યકતા છે ! આ તારી બહેન હજુ એકદમ નાની છે, આ તારા સહોદર (ભાઈ) છે. તેની સામે પણ જુઓ ! આ બધાંને છોડીને શા માટે જઈ રહ્યો છે ? ઘરે ચાલ !

**(૩) लोगो भविस्सइ एवं खु लोइयं** :– બેટા ! મા બાપનું ભરણપોષણ કર ! તેનાથી આ લોક અને પરલોક સુધરશે. લૌકિક આચાર શાસ્ત્રમાં આ સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે પુત્ર પોતાની જન્મદાત્રી માતાનું તથા ગુરુજનોનું અવશ્ય પાલન કરે છે અને ત્યારે જ તે માતા પિતાના ઉપકારોમાંથી કિંચિત્ ઋણ મુક્ત થાય છે.

**(૪) उत्तरा महरुल्लावा** :– હજુ તારા એક પછી એક જન્મેલાં, નમણાં–નાજુક, મધુરભાષી–દૂધ પીતાં બાળકો છે, તારી પત્ની હજુ નવયૌવના છે, તું તેને છોડીને જઈશ તો તે કોઈ બીજા પુરુષ સાથે ચાલી જશે; તો તે ઉન્માર્ગગામિણી તેમજ સ્વચ્છંદાચારિણી બની જશે. તેથી લોકમાં ધર્મની નિંદા થશે. આ બધી વાતો પર વિચાર કરીને તારાં સ્ત્રી–સંતાનોની સામે જોઈને પણ તું ઘરે ચાલ !

**(૫) तं कम्मेसहा वयं** :– અમે માનીએ છીએ કે ઘરના કામધંધાથી કંટાળીને તેં ઘર છોડ્યું છે પરંતુ અમે હવે નિશ્ચય કરી લીધો છે કે અમે તને કોઈ કામ માટે કહીશું નહીં, તારા કામમાં મદદ કરીશું, તારા હિસ્સા(ભાગ)ના કામો પણ અમે કરી લેશું. તેથી તું ઘરે ચાલ ! તું કંઈ પણ કામ ન કરતો.

**(૬) ण तेण असमणो सिया** :– પ્રિયપુત્ર ! તું એકવાર ઘરે આવીને તારાં સ્વજનોને મળીને, તેમને જોઈને ફરી પાછો આવી જજે. ઘરે આવવા માત્રથી તું કાંઈ અસાધુ (ગૃહસ્થ) નહીં બની જા ! જો તને ઘરમાં રહેવું પસંદ ન હોય તો ફરીથી અહીં આવી જજે. જો તારી ઘરકામ કરવાની ઈચ્છા ન હોય તો તને તારી મરજી પ્રમાણે કામ કરવામાં કોણ રોકે છે ? અથવા તારી ઈચ્છા કામભોગોથી નિવૃત્ત થઈને વૃદ્ધાવસ્થામાં ફરી સંયમની આરાધના કરવાની હોય તો કોણ રોકે છે ? સંયમનું આચરણ કરવાનો યોગ્ય સમય આવશે ત્યારે તને કોઈ રોકશે નહીં. તેથી અમારો આગ્રહપૂર્વકનો અનુરોધ માનીને એકવાર ઘરે ચાલ !

**(૭) जं किंचि अणगं...वयं** :– બેટા ! તારા પર જે મોટું દેણું હતું, તેને અમે લોકોએ પરસ્પર સરખા ભાગે વહેંચી લીધું છે, તેમજ ચૂકવી દીધું છે અથવા ઋણ ચૂકવવાના ભયથી તે ઘરબાર છોડયાં હતાં, તેને અમે લોકોએ સરળતાથી ચૂકવવાની વ્યવસ્થા કરી લીધી છે. તેમજ ઘરનો વ્યવહાર ચલાવવા માટે અમે તને સોનું–ચાંદી આદિ દ્રવ્ય આપીશું. જે ગરીબીથી ગભરાઈને તે ઘર છોડયું હતું, હવે તે ભયને મનમાંથી કાઢી નાખ ! અને ઘરે ચાલ ! હવે ઘરે રહેવામાં તને કોઈ પણ જાતની તકલીફ રહી નથી. સ્વજનો દ્વારા આ

અને આવા જ મોહ ઉત્પન્ન કરનારા ભિન્ન ભિન્ન આકર્ષક ઉપાયોથી સાધકને ફરીથી ગૃહસ્થ જીવનમાં ખેંચી લેવામાં આવે છે. સંયમી જીવનમાં આવા પ્રકારના પ્રલોભનો એ અનુકૂળ ઉપસર્ગ છે, અપરિપક્વ સાધક સ્વજનોના મોહ સંબંધમાં પડીને સંયમમાર્ગથી ચ્યુત થઈ જાય છે.

આ બધી ગાથાઓ સાધુને આવા પ્રકારના અનુકૂળ ઉપસર્ગોના સમયે સાવધાન રહેવાની તથા સંયમ છોડીને ફરીને સંસાર અવસ્થામાં જવાનો વિચાર ન કરવાની પ્રેરણા કરે છે.

**संगा** :– પાઠાંતર **सवा** છે તેની સંસ્કૃત **स्वकाः**, **श्रवाः** બે છાયા છે. તેમાં **स्वकाः** એટલે સ્વકીય–પોતાના **श्रवा** નો અર્થ છે તમારા વચન કે આજ્ઞાને સાંભળનાર.

**कीवा जत्थ य कीसंति** :– બે પાઠાંતર છે. **कीवा जत्थावकीसंति** અલ્પ સત્વશીલ ઉપસર્ગ આવે ત્યારે મોક્ષગુણ કે ધર્મથી દૂર થઈ જાય છે. **कीवा जत्थ विसण्णेसी** = કાયર સાધક જ્યાં વિષાદને પ્રાપ્ત કરે છે અથવા ઉદાસીન થઈ જાય છે.

**ભોગ નિમંત્રણ રૂપ ઉપસર્ગ :–**

**१५** **रायाणो रायमच्चा य, माहणा अदुव खत्तिया ।**
**णिमंतयंति भोगेहिं, भिक्खुयं साहुजीविणं ॥**

**શબ્દાર્થ :– रायमच्चा य** = અને રાજમંત્રી, **साहुजीविणं** = ઉત્તમ આચારથી જીવન નિર્વાહ કરનારા.

**ભાવાર્થ :–** ધર્મથી અનભિજ્ઞ રાજા–મહારાજા અને રાજમંત્રીગણ, બ્રાહ્મણ અને ક્ષત્રિય સાધ્વાચાર જીવી સાધુને વિવિધ ભોગ ભોગવવા માટે નિમ્ન પ્રકારે નિમંત્રણ આપે છે.

**१६** **हत्थऽस्स–रह–जाणेहिं, विहारगमणेहि य ।**
**भुंज भोगे इमे सग्घे, महरिसी पूजयामु तं ॥**

**શબ્દાર્થ :– सग्घे** = ઉત્તમ, **हत्थऽस्सरहजाणेहिं** = હાથી, ઘોડા, રથ અને પાલખી આદિ પર બેસો, **विहारगमणेहि य** = તથા ચિત્તવિનોદને માટે બાગ બગીચાઓમાં ફર્યા કરો, વિહાર કરો.

**ભાવાર્થ :–** હે મહર્ષિ ! આ હાથી, ઘોડા, રથ અને પાલખી આદિ સવારીઓ પર તમે બેસો અને મનોવિનોદ માટે બાગબગીચામાં હરો ફરો ! આ ઉત્તમોત્તમ ભોગોનો ઉપભોગ કરો ! અમે આપની પૂજા–પ્રતિષ્ઠા કરીએ છીએ.

**१७** **वत्थगंधमलंकारं, इत्थीओ सयणाणि य ।**
**भुंजाहिमाइं भोगाइं, आउसो पूजयामु तं ॥**

**ભાવાર્થ :–** હે આયુષ્યમાન્ શ્રમણ ! વસ્ત્રો, સુગંધિત પદાર્થો, આભૂષણો, સ્ત્રીઓ અને શય્યા તથા શયન સામગ્રી, આ ભોગોનો ઉપભોગ કરો ! અમે આપની પૂજા–પ્રતિષ્ઠા કરીએ છીએ.

**१८** **जो तुमे णियमो चिण्णो, भिक्खुभावम्मि सुव्वया ।**
**अगारमावसंतस्स, सव्वो संविज्जए तहा ॥**

**શબ્દાર્થ :– चिण्णो** = અનુષ્ઠાન કર્યું છે, **अगारमावसंतस्स** = ઘરમાં નિવાસ કરવા છતાં, **सव्वो** = તે સર્વ (નિયમો), **तहा** = તેવી જ રીતે, **संविज्जए** = બન્યા રહેશે.

**ભાવાર્થ :–** હે સુંદર વ્રતધારીમુનિવર ! મુનિભાવમાં રહેતા આપે જે નિયમાદિના આચરણ–અનુષ્ઠાન કર્યા છે, સંસાર અવસ્થામાં પણ તે પૂર્વવત્ જ બન્યા રહેશે. ઘરે રહીને પણ સાધુ જેવું જીવન જીવી શકાશે.

**१९** **चिरं दूइज्जमाणस्स, दोसो दाणिं कुओ तव ?**
**इच्चेव णं णिमंतेंति, णीवारेण व सूयरं ॥**

**શબ્દાર્થ :– चिरं** = ઘણા સમયથી, **दूइज्जमाणस्स** = સંયમના અનુષ્ઠાનપૂર્વક વિહાર કરતા, **तव** = આપને, **दाणिं** = આ સમયે, **दोसो** = દોષ, **कुओ** = કેવી રીતે લાગી શકે ? **इच्चेवं** = આ પ્રમાણે,**णीवारेण** = ચોખાના દાણાઓનું પ્રલોભન આપીને, **सूयरं व** = જેવી રીતે લોકો સૂવરને ફસાવે છે, તેવી રીતે મુનિને, **णिमंतेंति** = ભોગ ભોગવવા માટે નિમંત્રિત કરે છે.

**ભાવાર્થ :–** લાંબાકાળથી સંયમના આચરણપૂર્વક વિચરતા તમને ભોગોનો ઉપભોગ કરવા છતાં પણ હવે દોષ કેવી રીતે લાગી શકે ? આ રીતે પ્રલોભન બતાવીને જેમ ચોખાના દાણાઓના પ્રલોભનથી ડુક્કરને ફસાવાય છે, આ રીતે ભોગોનું નિમંત્રણ આપીને સાધુને ફસાવી લે છે.

**२०** **चोइया भिक्खायरियाए, अचयंता जवित्तए ।**
**तत्थ मंदा विसीयंति, उज्जाणंसि व दुब्बला ॥**

**શબ્દાર્થ :– भिक्खायरियाए** = સાધુઓની સમાચારીનું પાલન કરવા માટે, **चोइया** = આચાર્ય આદિ દ્વારા પ્રેરિત કરાયેલા, **जवित्तए** = અને તે સમાચારીના પાલનપૂર્વક પોતાનો નિર્વાહ, **अचयंता** = ન કરી શકતા, **मंदा** = મૂર્ખ જીવ, અલ્પ પરાક્રમી **तत्थ** = તે સંયમમાં, **विसीयंति** = ઢીલા થઈ જાય છે, દુઃખી થાય છે, **उज्जाणंसि** = જેવી રીતે ચઢાણવાળા માર્ગમાં, **दुब्बला** = નિર્બળ બળદ દુઃખી થાય છે.

**ભાવાર્થ :–** સંયમી સાધુઓની ચર્યા માટે આચાર્ય આદિ દ્વારા પ્રેરિત સંયમ જીવનનું યથાર્થ પાલન કરવામાં અસમર્થ અને અલ્પ પરાક્રમી સાધક, જેમ ઊંચા ચઢાણવાળા માર્ગમાં મડદાલ બળદ દુઃખી થાય છે, તેમ ઉચ્ચ સંયમમાર્ગ પર પ્રયાણ કરવામાં દુઃખ અનુભવે છે.

**૨૧** **अचयंता व लूहेण, उवहाणेण तज्जिया ।**
**तत्थ मंदा विसीयंति, पंकंसि व जरग्गवा ॥**

**શબ્દાર્થ :– लूहेण** = રૂક્ષ–સંયમ પાલનમાં, **अचयंता** = અસમર્થ, **उवहाणेण** = તપથી, **तज्जिया** = પીડિત, **पंकंसि** = કાદવમાં ફસાયેલ, **जरग्गवा** = વૃદ્ધ બળદની જેમ.

**ભાવાર્થ :–** સંયમપાલનમાં અસમર્થ તથા તપશ્ચર્યાથી કલેશ પામનારા અલ્પ સત્ત્વવાળા સાધક તે ઉચ્ચ સંયમ માર્ગ પર પ્રયાણ કરવામાં કષ્ટનો અનુભવ કરે છે જેમ કે કાદવમાં ફસાયેલ વૃદ્ધ બળદ દુઃખી થાય છે અથવા કાદવવાળા માર્ગ પર ચાલવામાં ઘરડો બળદ કષ્ટનો અનુભવ કરે છે.

**૨૨** **एवं णिमंतणं लद्धुं, मुच्छिया गिद्ध इत्थीसु ।**
**अज्झोववण्णा कामेहिं, चोइज्जंता गया गिहं ॥ त्ति बेमि ॥**

**શબ્દાર્થ :– मुच्छिया** = સુખોપભોગમાં આસક્ત, **इत्थीसु गिद्ध** = સ્ત્રીઓમાં મોહિત, **कामेहिं** = કામભોગોમાં, **अज्झोववण्णा** = દત્તચિત્ત પુરુષ, **चोइज्जंता** = સંયમપાલન માટે પ્રેરિત કરાયેલા, **गिहं** = ઘરે, સંસારમાં, **गया** = જઈ ચૂક્યા છે.

**ભાવાર્થ :–** આ (પૂર્વોક્ત) પ્રકારે ભોગ ભોગવવા માટેનું નિમંત્રણ મેળવીને વિવિધ પ્રકારના ભોગોમાં આસક્ત, સ્ત્રીઓમાં અત્યંત ગૃદ્ધ(મુગ્ધ) તેમજ કામભોગોમાં રચ્યા પચ્યા તથા તેમાં જ જેનું ચિત્ત લાગેલું છે તેવા સાધુ વેષધારીને સંયમ પાલન માટે પ્રેરિત કરવા છતાંએ ઘરે(સંસારમાં)ચાલ્યા ગયા છે તેમ સમજો.

## વિવેચન :–

આ આઠ ગાથાઓમાં સાધુ જીવનમાં ભોગ નિમંત્રણ રૂપ ઉપસર્ગ કેવી કેવી રીતે, કોના નિમિત્તથી આવે છે અને મોહમૂઢ મનોદુર્બલ સાધક કેવી રીતે તે ભોગોની જાળમાં ફસાઈ જાય છે, તે વર્ણન વિસ્તાર પૂર્વક કર્યું છે.

**रायाणो...जीविणं :–** સાધુને ભોગોનું નિમંત્રણ આપીને કામભોગો તેમજ ગૃહવાસની જાળમાં ફસાવનાર ચાર પ્રકારના લોકો હોય છે (૧) રાજા–મહારાજા (૨) રાજમંત્રીવર્ગ (૩) બ્રાહ્મણવર્ગ (૪) ક્ષત્રિયવર્ગ. ભોગ પરાયણ શાસકવર્ગ જ પ્રાયઃ ભોગનું નિમંત્રણ આપનારા જોવામાં આવે છે. તેઓ પોતાના કોઈ લૌકિક સ્વાર્થવશ અથવા સ્વાર્થપૂર્તિ થઈ ગયા પછી અથવા પોતાના ભોગમાં સાધુ બાધક ન બને તે માટે વિવિધ વિષયોના ઉપભોગ માટે આમંત્રણ આપે છે અને સાધુઓને પણ પોતાની જેવા ભોગાસક્ત બનાવી દેવાનું કુચક્ર ચલાવે છે.

**ભોગ નિમંત્રણ રૂપ ઉપસર્ગ કયા કયા રૂપમાં ? :–**

**(૧) णिमंतयंति भोगेहिं... साहुजीविणं :–** પહેલા તો સમુચ્ચય રૂપે તેઓ સાધુને ભોગો માટે

આમંત્રિત કરે છે કે "પધારો! મુનિવર ! આપ અમારા ઘરને પાવન કરો ! જેટલા દિવસ રોકાવાની આપની ઈચ્છા હોય, તેટલા દિવસ ખુશીથી રહો ! આપને માટે અહીં બધા પ્રકારની સુખ સુવિધાઓ છે.

**(૨) हत्थऽस्स...पूजयामु तं :–** આવું નિમંત્રણ આપવા પર સુવિહિત સાધુ એકાએક ભોગોનું સેવન કરવામાં સંકોચ અનુભવે છે, ત્યારે તેઓ તે સાધુને પોતાને ત્યાં લઈ આવીને તેને પ્રલોભન આપે છે કે "જુઓ ! મહાત્મન્ ! આ હાથી, ઘોડા, રથ અને પાલખી આદિ સવારીઓ તમારા માટે હાજર છે. મારા ગુરુ થઈને આપે પગપાળા ચાલવાનું નથી. તેમાંથી જે સવારી આપને ગમતી હોય તેનો ઈચ્છા મુજબ ઉપભોગ કરો અને જ્યારે કોઈ સમયે તમારું મન વ્યગ્ર થઈ જાય, કંટાળો આવે, સ્વૈરવિહાર કરવાની ઈચ્છા થાય તો આ બાગ બગીચા છે, તેમાં આપ ઈચ્છા મુજબ ફરો ! તાજાં ફૂલોની સુગંધમાણો ! પ્રાકૃતિક સૌંદર્ય માણવાનો આનંદ લૂંટો ! ઈન્દ્રિયો અને મનને રંજિત કરનારાં રમત ગમ્મત, નાચગાન, રંગરાગ આદિ આનંદ પ્રમોદ દ્વારા મજા માણો ! અમે આપના પરમ ભક્ત છીએ, આપ જે આજ્ઞા કરશો, તેને અમે સહર્ષ શિરોધાર્ય કરીશું, આપની પૂજા પ્રતિષ્ઠામાં કોઈ જાતની કયારે ય પણ કચાશ આવવા દેશું નહીં.

**(૩) वत्थगंध ...पूजयामु तं :–** જ્યારે તેઓ જુએ છે કે, આ સાધુ આટલી ભોગ્યસામગ્રી તેમજ સુખ– સુવિધાઓનો ઉપભોગ કરવા લાગ્યો છે, ત્યારે અંગત મિત્ર બનીને સંયમ વિઘાતક અન્ય ભોગસામગ્રીઓ માટે આમંત્રણ આપે છે.

હે મહાભાગ્યશાળી ! હે આયુષ્યમાન્ ! આપ અમારા પૂજ્ય છો, આપના ચરણોમાં દુનિયાની સર્વશ્રેષ્ઠ ભોગસામગ્રી અર્પણ છે. આપ આ ઉત્તમ ભોગ્ય સાધનોનો ઉપભોગ કરશો તો અમે અમારું અહોભાગ્ય સમજીશું. આ ચીનાંશુક આદિ મુલાયમ રેશમી વસ્ત્ર છે, આ અત્તર, તેલ, સુગંધી પાવડર, ક્રીમ વગેરે સુગંધી પદાર્થો છે, આ કડા, બાજુબંધ, હાર, વીંટી આદિ આભૂષણો, આ સ્વરૂપવતી, મૃગનયની, નવયૌવના સુંદરીઓ છે, આ બધી ઈન્દ્રિયો અને મનને પ્રસન્ન કરનારી ઉત્તમોત્તમ ભોગ્ય સામગ્રી છે. આપ મન મૂકીને ઈચ્છા મુજબ ઉપભોગ કરીને તમારા જીવનને સાર્થક કરો ! અમે આ ભોગ્ય પદાર્થો વડે આપનો સત્કાર કરીએ છીએ.

આ રીતનું ખુલ્લું આમંત્રણ મળવા છતાં સાધુના મનમાં સંકોચ થાય છે કે મને આ પદાર્થોનો ઉપભોગ કરતો જોઈ નવા નવા ભક્ત બનેલા રાજા આદિના મનમાં કદાચ અશ્રદ્ધા–અપ્રતિષ્ઠાનો ભાવ પેદા થઈ જાય, આ સંકોચના નિવારણ માટે સાધુને આશ્વાસન આપતા તેઓ કહે છે કે "હે પૂજ્ય ! આપ નિશ્ચિંત રહો ! આ ચીજોના ઉપભોગથી આપની પૂજા–પ્રતિષ્ઠામાં કોઈ ફેર પડશે નહીં. અમે આપની પૂજા–પ્રતિષ્ઠા કરતા જ રહેશું. રાજા અથવા સમાજમાં પ્રતિષ્ઠિત વ્યક્તિ સત્કાર–સન્માન કરે તો જનતા તો જરૂર સત્કાર–સન્માન કરશે કારણ કે સામાન્ય જનતા તો શ્રેષ્ઠ કહેવાતી વ્યક્તિઓનું અનુસરણ કરે છે. સાધુને પૂજા–પ્રતિષ્ઠા(માન–સન્માન)ની બાબતમાં આશ્વાસન બંધાવવા માટે શાસ્ત્રકાર **पूजयामु तं** વાક્યનો બે ગાથાઓમાં પ્રયોગ કર્યો છે.

**(૪) जो तुमे नियमो चिण्णो...व्वो संविज्जए तहा :–** કેટલાક સાધનારત સાધકો આ સંયમ વિઘાતક ભોગોનો ખુલ્લો ઉપભોગ કરીને સાધુપણામાંથી ગૃહવાસમાં જવામાં સંકોચ અનુભવે છે. યમ–નિયમ

આદિ ભંગ થવાનો ભય પણ હોય છે કે આજ સુધી કરેલી મારી સંયમસાધના લુપ્ત થઈ જશે. તેથી સુવિહિત તેમજ સંકોચશીલ સાધુને આશ્વાસન આપવા તેમજ ગૃહવાસમાં લાવવાની ઈચ્છાથી તેઓ કહે છે કે, હે સુવ્રતધારી મહામુનિ ! આપે સાધુપણામાં મહાવ્રત આદિ યમનિયમોનું જે પાલન કર્યું છે, સંસાર અવસ્થામાં તે યથાવત્ અકબંધ રહેશે(કરેલી સાધના નિષ્ફળ જશે નહીં), તેનું ફળ નષ્ટ થશે નહીં. ગૃહસ્થ પણ ધર્મનિષ્ઠ હોય છે. તેથી નિયમભંગના ભયથી સુખોપભોગમાં સંકોચ ન રાખો !

**(૫) चिरं दुइज्जमाणस्स...कुओ तव :–** આટલું આશ્વાસન આપવા છતાં એ સુસંયમી સાધુનું મન તૈયાર થતું નથી ત્યારે તેઓ અન્ય રીતે સમજાવે છે કે હે શ્રેષ્ઠ સાધક ! આપે ઘણા વર્ષો સુધી સંયમમાં રમણ કર્યું, યમ નિયમોથી યુક્ત થઈ વિહાર કર્યા, હવે આપને પ્રયત્ન કર્યા વિના મળેલા તે ભોગોને તમે અલિપ્તપણે (અનાસક્ત ભાવે)ભોગવશો તો આપને કોઈપણ દોષ લાગશે નહીં.

**ઉપસર્ગનો પ્રભાવ :–** આવા અનુકૂળ ઉપસર્ગના સમયે અપરિપક્વ સાધક કદાચ સંયમ જીવન ગુમાવી સંસારમાં પાછો ન જાય તોપણ ઉપસર્ગના પ્રભાવે સંયમ જીવનમાં ધીરે–ધીરે શિથિલ બનતા જાય છે. સંસારમાં ચાલ્યા જવું તો તે ઉપસર્ગનો પ્રભાવ છે જ પરંતુ અહીં શાસ્ત્રકારે અન્ય પ્રભાવો પણ બતાવ્યા છે–

**૧.** ચોખાના દાણા નાખીને ડુક્કરને ફસાવી લે છે, તેવી જ રીતે ભોગવૃત્તિ પરાયણ લોકો ભોગ સામગ્રીના ટુકડા નાખીને સાધુને ભોગોની જાળમાં અથવા સંસારી જીવનમાં ફસાવી લે છે.

**૨.** જે સાધક પૂર્વોક્ત ભોગ નિમંત્રણના પ્રલોભનમાં ફસાઈને એકવાર સંયમમાં શિથિલ થઈ જાય છે, ભોગપરાયણ બની જાય છે, પછી તેને સાધુચર્યાના પાલન માટે પ્રેરણા કરવામાં આવે તો પણ તેને સાધુતામાં રસ લેતો કરી શકાતો નથી. સંયમનું નામ પણ તેને ગમતું નથી.

**૩.** તે ફરીથી સંયમપાલન પૂર્વક જીવન વિતાવવામાં અસમર્થ થઈ જાય છે, તેને રાતદિન ભોગ્ય સામગ્રી મેળવવાની ધૂન લાગી જાય છે.

**૪.** જેવી રીતે મડદાલ બળદ ઊંચા ચઢાણવાળા માર્ગ પર ચાલવામાં અશક્ત છે તેમ મંદ પરાક્રમી (શિથિલાચારી) સાધક ઉચ્ચ સંયમ આચરણમાં દુર્બળ થઈ જાય છે. તે પંચમહાવ્રત તથા સાધુસમાચારીના ભારને વહન કરવામાં અશક્ત બની સંયમને ત્યાગી દે છે અથવા સંયમમાં શિથિલ બનીને જીવન વ્યતીત કરે છે. તે પગલે પગલે કષ્ટનો અનુભવ કરે છે.

**૫.** તે કઠોર તેમજ નીરસ સંયમનું પાલન કરવામાં સર્વથા અસમર્થ થઈ જાય છે.

**૬.** તપશ્ચર્યાનું નામ સાંભળતા જ તેને બેચેની થવા લાગે છે, તપસ્યા તો તેને જાણે વીંછીના ડંખ જેવી લાગે છે.

**૭.** તેઓ વિવિધ ભોગસામગ્રીમાં આસક્ત થઈ જાય છે, સ્ત્રીઓના પ્રેમમાં બંધાઈ જાય છે અને કામભોગોમાં વધારેને વધારે ગ્રસ્ત રહે છે.

આ રીતે અનુકૂળ ઉપસર્ગથી પરાજિત થયેલા મંદ સત્વ સાધકની માનસિક પરિસ્થિતિનું ચિત્રણ શાસ્ત્રકારે ભિન્ન ભિન્ન રીતે કર્યું છે.

**॥ અધ્યયન ૩/૨ સંપૂર્ણ ॥**

## ત્રીજો ઉદ્દેશક

**આત્મસંવેદનરૂપ ઉપસર્ગ :–**

**१** जहा संगामकालम्मि, पिट्ठओ भीरु पेहइ ।
वलयं गहणं णूमं, को जाणेइ पराजयं ? ॥

**શબ્દાર્થ :– संगामकालम्मि** = યુદ્ધના સમયે, **वलयं** = ઊંડો ખાડો, **गहणं** = ગહન, ખેર, ધવ વગેરે વૃક્ષોથી મનુષ્યની કમ્મર સુધીનો ભાગ ઢંકાઈ જાય તેવા સ્થાન, **णूमं** = છુપાવાનું સ્થાન, **पेहइ** = જુએ છે, તે વિચારે છે કે, **पराजयं** = કોનો પરાજ્ય થશે, **को जाणेइ** = એ કોણ જાણે છે.

**ભાવાર્થ :–** જેવી રીતે યુદ્ધના સમયે કાયર પુરુષ વિચારે છે કે કોણ જાણે કોની હાર થશે ? કદાચ મારી હાર થાય તેમ વિચારી યુદ્ધ પૂર્વે જ ખાડા, વૃક્ષો અને વેલોથી આચ્છાદિત ગુપ્ત સ્થાન, પર્વતની ગુફા આદિ છુપાવાના સ્થાન જોઈ રાખે છે.

**२** मुहुत्ताणं मुहुत्तस्स, मुहुत्तो होइ तारिसो ।
पराजियाऽवसप्पामो, इति भीरु उवेहइ ॥

**શબ્દાર્થ :– मुहुत्ताणं** = ઘણા મુહૂર્તોનો અથવા, **मुहुत्तस्स** = એક મુહૂર્તનો, **तारिसो** = કોઈ એવો, **मुहुतो होइ** = અવસર હોય છે (જેમાં જય અથવા પરાજય સંભવ છે,) **पराजिया** = શત્રુથી હારેલા, **अवसप्पामो** = ભાગીને જ્યાં છુપાઈ શકાય, **इति** = એવા સ્થાનનો, **भीरु** = કાયર પુરુષ,**उवेहइ** = વિચાર કરે છે.

**ભાવાર્થ :–** ઘણા મુહૂર્તોમાંથી અથવા એકજ મુહૂર્તમાં કોઈ એવો અવસર વિશેષ(મુહૂર્ત) હોય છે, જેમાં જય અથવા પરાજય સંભવે છે. પરાજય થાય તો ભાગીને છુપાઈ શકાય એવા સ્થાન કાયરપુરુષ પહેલેથી જ શોધી રાખે છે.

**३** एवं तु समणा एगे, अबलं णच्चाण अप्पगं ।
अणागयं भयं दिस्स, अवकप्पंतिमं सुयं ॥

**શબ્દાર્થ :– अबलं** = જીવનપર્યંત સંયમપાલન કરવામાં અસમર્થ, **अणागयं** = ભવિષ્યકાળના, **भयं दिस्स** = ભયને જોઈને, **इमं सुयं** = વ્યાકરણ તથા જ્યોતિષ આદિને, **अवकप्पंति** = પોતાના

નિર્વાહનું સાધન માની લે છે.

**ભાવાર્થ :–** આ રીતે કેટલાક શ્રમણ પોતાને જીવનપર્યંત સંયમપાલન કરવામાં દુર્બળ(અસમર્થ) જાણીને તથા ભવિષ્યકાલીન ભય જોઈને વ્યાકરણ, જ્યોતિષ, વૈદક આદિ શાસ્ત્ર મારા જીવન નિર્વાહનું સાધન બનશે, તેમ માની તેનો અભ્યાસ કરે છે.

**૪** **को जाणइ विओवायं, इत्थीओ उदगाओ वा ।**
**चोइज्जंता पवक्खामो, ण णे अत्थि पकप्पियं ॥**

**શબ્દાર્થ :– इत्थीओ** = સ્ત્રી વડે, **उदगाओ वा** = અથવા કાચા પાણીથી, **विओवायं** = મારો સંયમ ભ્રષ્ટ થઈ જશે, **को जाणइ** = એ કોણ જાણે છે ? **णे** = મારી પાસે, **पकप्पियं** = પહેલાનું ઉપાર્જિત દ્રવ્ય પણ, **ण अत्थि** = નથી, તેથી, **चोइज्जंता** = કોઈના પૂછવા પર અમે, હસ્તિશિક્ષા અને ધનુર્વેદ આદિને, **पवक्खामो** = બતાવીશું.

**ભાવાર્થ :–** (કોણ જાણે છે)કદાચ સ્ત્રીસેવનથી અથવા (સ્નાનાદિને માટે) સચેતપાણીના ઉપયોગથી સંયમથી મારું પતન થઈ જાય અથવા કોઈ ઉપસર્ગથી પરાજિત થઈ જવાય તો મારી પાસે પૂર્વોપાર્જિત દ્રવ્ય નથી. તેથી કોઈ પૂછશે તો અમે હસ્તિશિક્ષા, ધનુર્વિદ્યા આદિ વિદ્યાઓ દ્વારા જીવન નિર્વાહ કરીશુ. તેમ વિચારી રાખે છે.

**૫** **इच्चेवं पडिलेहंति, वलयाइ पडिलेहिणो ।**
**वितिगिच्छ समावण्णा, पंथाणं व अकोविया ॥**

**શબ્દાર્થ :– वितिगिच्छ समावण्णा** = આ સંયમનું પાલન હું કરી શકીશ કે નહિ આ પ્રમાણે સંશય કરનારા, **पंथाणं च अकोविया** = માર્ગને નહીં જાણનારા, **वलयाइ पडिलेहिणो** = ખાડા આદિનું અન્વેષણ (શોધ) કરનારા પુરુષોની જેમ, **इच्चेवं पडिलेहंति** = આ પ્રમાણેનો વિચાર કરે છે.

**ભાવાર્થ :–** હું આ સંયમનું પાલન કરી શકીશ કે નહી આ પ્રકારના સંશય–વિચિકિત્સાને પ્રાપ્ત, મોક્ષમાર્ગમાં અનિપુણ, અલ્પપરાક્રમી સાધક કાયર યોદ્ધાની જેમ સંયમ ઘાતક રસ્તાઓ પહેલેથી જ શોધે છે.

## વિવેચન :–

આ પાંચ ગાથાઓમાં સંયમપાલનમાં અલ્પસત્ત્વવાળા કાયર સાધકના ભય, કુશંકા અને અસ્વસ્થ ચિંતનનું નિરૂપણ કાયર યોદ્ધાની સાથે તુલના કરી કરવામાં આવ્યું છે.

**जहा संगाम...सुयं :–** જ્યારે રણભેરી વાગે છે, યુદ્ધનો પ્રારંભ થાય છે, ત્યારે યુદ્ધવિદ્યામાં અકુશળ,

નિર્બળમનવાળા કાયર યોદ્ધા વિચારે છે કે (૧) ખબર નહીં આ યુદ્ધમાં કોની હાર અથવા કોની જીત થશે ? (૨) યુદ્ધક્ષેત્રમાં શત્રુપક્ષના મોટામોટા યોદ્ધાઓ ઉપસ્થિત છે, કમભાગ્યે જો મારી હાર થઈ જશે તો પછી પ્રાણ બચાવવા મુશ્કેલ થશે, તેથી પહેલેથીજ ભાગીને છુપાઈ જવાનું સ્થાન શોધી રાખું (૩) તે સ્થાન એટલું ઊંડુ તથા વેલો અને ઝાડીઓથી કમ્મર સુધી ઢંકાઈ જઈએ તેવું હોય તો શત્રુ મને શોધી ન શકે (૪) ખબર નથી કે યુદ્ધ કેટલો લાંબો સમય ચાલે ? (૫) લાંબા સમય સુધી યુદ્ધ ચાલ્યા બાદ પણ વિજય અથવા પરાજયની ઘડી તો આવવાની જ છે અને કમભાગ્યે તે ઘડી પરાજયની હશે તો ત્યારે ક્યાં જઈશ ? તેથી પહેલેથી જ ગુપ્ત સ્થાન શોધી રાખવું તે જ શ્રેષ્ઠ છે.

**को जाणइ...अकोविया :–** સંયમ પાલનમાં ઉપસ્થિત થનારા, પરીષહ–ઉપસર્ગરૂપ શત્રુઓ સાથે જીવનના અંતસુધી ઝઝૂમવું અને તેના પર વિજય મેળવવો તે સંશય યુક્ત, મનોદુર્બલ તેમજ કાયર સાધકો માટે અત્યંત કઠિન હોય છે. આવા સાધક પરીષહ અને ઉપસર્ગ આવ્યા ન હોય તો પણ મનથી તેની કલ્પના કરીને પોતાને ભારે વિપત્તિમાં ફસાયેલ માની લે છે. તે સંયમને ભારરૂપ સમજે છે અને કાયર યોદ્ધાની જેમ તે ઉપસર્ગાદિથી પરાજિત થવાય તો જીવન નિર્વાહ માટેના સંયમઘાતક ઉપાયો વિચારી રાખે છે. તેમના અસ્વસ્થ ચિંતનના આ પાસાઓ છે– (૧) અહીં સંયમમાં તો લૂખ્ખો–સૂકો અને ઠંડો, ભોજનનો સમય વીતી જાય પછી નીરસ આહાર પ્રાપ્ત થાય છે. જમીન પર સૂવું, લોચ કરવો, સ્નાન ન કરવું, બ્રહ્મચર્યનું પાલન કરવું ઈત્યાદિ સંયમનું આચરણ કઠોર અને કઠિન છે, આવું કઠોર સંયમ પાલન માત્ર એક બે દિવસ અથવા વર્ષ સુધી જ નહીં, પરંતુ જીવનપર્યંત કરવાનું છે. આ મારા જેવી સુકોમળ, સુકુમાર અને સુખસાહ્યબીથી ઊછરેલી વ્યક્તિ માટે સંયમ પાલન શક્ય નથી, હાય ! હું તો આ બંધનમાં ફસાઈ ગયો !

(૨) જિંદગીપર્યંત ચારિત્રપાલનમાં હવે હું અસમર્થ છું. તેથી સંયમત્યાગ કરવો એ જ મારા માટે યોગ્ય છે, પરંતુ સંયમનો ત્યાગ કરવાથી સૌપ્રથમ મારી સમક્ષ આજીવિકાનો પ્રશ્ન ઉપસ્થિત થશે, આજીવિકાનું (કંઈ ન કંઈ) સાધન નહીં હોય તો હું સુખપૂર્વક જીવી કેમ શકીશ ? (૩) આ આપત્તિથી બચવા માટે તથા સુખપૂર્વક જીવનનિર્વાહ કરવા માટે હું મારી શીખેલી ગણિત, જ્યોતિષ, વૈદ્યક, વ્યાકરણ અને હોરાશાસ્ત્ર આદિ વિદ્યાઓનો ઉપયોગ કરીશ (૪) એ કોણ જાણે છે કે મારું સંયમથી પતન સ્ત્રીસેવનથી કે સચિત્ત પાણીના ઉપયોગથી અથવા કોઈ ઉપસર્ગથી થશે ! (૫) કદાચ હું સંયમથી ભ્રષ્ટ થઈ જાઉં તો પછી હું ન ઘરનો રહું કે ન ઘાટનો ! મારી પાસે પહેલાંનું કમાયેલું કાંઈ ધન પણ નથી, મારી સામે તો મોટી સમસ્યા ઊભી થશે (૬) જો કદાચ સંયમ જીવનથી પતિત થઈશ તો હસ્તિવિદ્યા, ધનુર્વેદ આદિ વિદ્યાઓ છે, તેનો હું ઉપયોગ કરીશ.

આ રીતે અલ્પસત્ત્વ સાધકની મનઃસ્થિતિ ડામાડોળ થઈ જાય છે, તેમજ સ્વયં સંશયશીલ બની જાય છે. તે સાધક **इतो भ्रष्टस्ततो भ्रष्ट** જેવી સ્થિતિમાં રહે છે. પરિણામે તે પોતાની તામસી તેમજ રાજસી બુદ્ધિથી, અજ્ઞાન તેમજ મોહથી સંયમ વિરુદ્ધ ચિંતન અને તદનુરૂપ કુકૃત્ય કરે છે. છતાં પણ તે દુર્ભાગીના મનોરથ સિદ્ધ થતા નથી. આ બધા આધ્યાત્મિક વિષાદના રૂપમાં સ્વસંવેદનરૂપ ઉપસર્ગના નમૂનાઓ છે, જેનાથી કાયરસાધક પરાજિત થઈ જાય છે.

**આત્મસંવેદનરૂપ ઉપસર્ગ વિજયી :–**

**६** जे उ संगामकालम्मि, णाया सूरपुरंगमा ।
ण ते पिट्ठमुवेहिंति, किं परं मरणं सिया ॥

**શબ્દાર્થ :– उ** = પરંતુ, **जे** = જે પુરુષ, **णाया** = જગત્ પ્રસિદ્ધ, **सूरपुरंगमां** = વીરોમાં અગ્રગણ્ય છે, **ते** = તેઓ, **संगामकालंमि** = યુદ્ધનો સમય આવવાપર, **णो पिट्ठमुवेहिंति** = પછી હારાદિ સ્થિતિ પર લેશ માત્ર ધ્યાન આપતા નથી. તેઓ સમજે છે કે, **किं परं मरणं सिया ?** = મરણ થી વધારે બીજું શું થઈ શકવાનું છે ?

**ભાવાર્થ :–** જે પુરુષ જગત્ પ્રસિદ્ધ તેમજ શૂરવીરોમાં અગ્રગણ્ય છે, તેઓ યુદ્ધપછી શું થશે ? તેની કલ્પના પણ કરતા નથી. તેઓ સમજે છે કે મરણથી વધીને બીજું શું થઈ શકશે?

**७** एवं समुट्ठिए भिक्खू, वोसिज्जाऽगारबंधणं ।
आरंभं तिरियं कट्टु, अत्तत्ताए परिव्वए ॥

**શબ્દાર્થ :– अगारबंधणं** = ગૃહબંધનને, **वोसिज्जा** = ત્યાગીને, **आरंभं** = આરંભને, **तिरियं कट्टु** = છોડીને, **अत्तत्ताए** = આત્મભાવની પ્રાપ્તિ માટે, મોક્ષ પ્રાપ્તિ માટે, **परिव्वए** = સંયમનું અનુષ્ઠાન કરે.

**ભાવાર્થ :–** આ રીતે ગૃહબંધનનો ત્યાગ કરી અને આરંભને ત્યાગી, સંયમપાલન માટે તત્પર બનેલા સાધક આત્મભાવની પ્રાપ્તિ માટે સંયમમાં પરાક્રમ કરે.

**વિવેચન :–**

આ બન્ને ગાથાઓમાં સંગ્રામમાં સાચા વીર યોદ્ધાની ઉપમાં આપીને આત્મસંવેદનરૂપ ઉપસર્ગ પર વિજય પ્રાપ્ત કરનાર સાધકનું સ્વરૂપ, લક્ષ્ય અને કર્તવ્યનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

**जे उ संगाम...सिया :–** જે પુરુષો સંસારમાં પ્રસિદ્ધ તથા વીરોમાં અગ્રગણ્ય છે, તેઓ યુદ્ધના અવસરે કાયરની જેમ આઘાપાછા થવાનું વિચારતા નથી કે યુદ્ધમાં હારી જશું કે મરાઈ જશું તો શું થશે ? તેઓને યુદ્ધમાં પરાજિત થશું ત્યારે પલાયન થવાનો કે સંતાવવાનું ગુપ્ત સ્થાન શોધી રાખવાનો વિચાર પણ આવતો નથી, તેઓ યુદ્ધના સમયે મોરચાપર રહે છે. તેઓ સમજે છે કે આ યુદ્ધમાં વધારેમાં વધારે નુકશાન મૃત્યુથી વધીને બીજું શું હોઈ શકે ? તે મૃત્યુ અમારી દષ્ટિએ હંમેશાં ટકી રહેનારી કીર્તિની અપેક્ષાએ અત્યંત તુચ્છ છે.

**एवं समुट्ठिए...अत्तत्ताए परिव्वए :–** ઉપસર્ગવિજયી સંયમવીર, સાધકની મનોવૃત્તિ વિશ્વવિખ્યાત સુભટો જેવી જ હોય છે. તેનું તાત્પર્ય એ છે કે વિશ્વવિખ્યાત વીર સુભટોની જેમ પરાક્રમી સાધુ કષાયો અને

ઈન્દ્રિય વિષયોરૂપી શત્રુઓ પર વિજય મેળવવા, પરીષહો અને ઉપસર્ગોનો સામનો કરવા તેમજ જન્મ મરણરૂપ ચક્રનું ભેદન કરવાને માટે સંયમી જીવનમાં ઉદ્યત(તત્પર)થાય છે, ત્યારે તેઓ વિચારતા નથી કે મારા ઘરવાળાઓનું શું થશે ? આ વિવિધ ભોગોપભોગના સાધનો નહીં મળે તો શું થશે? અથવા "હું સંયમ–પાલન કરી શકીશ નહીં કે સંયમભ્રષ્ટ થઈશ તો ભવિષ્યમાં મારું શું થશે ? તેના મનમાં આવા ખોટા વિકલ્પો ઊઠતા જ નથી. તે દઢતાપૂર્વક એ જ ચિંતન કરે છે કે જો એકવાર મેં ગૃહસ્થપણાના બંધનોને ફેંકી જ દીધાં છે, આરંભ–સમારંભોને તિલાંજલિ આપી દીધી છે અને સંયમ–પાલન માટે કટિબદ્ધ થયો છું તો ભવિષ્યની નિરર્થક ચિંતા શા માટે કરવી ? મારું પ્રત્યેક પગલું વીરની જેમ પ્રગતિ તરફ જ હશે, અધોગતિ તરફ નહીં. વધારેમાં વધારે થાય તો કોઈ પ્રતિકૂળ પરીષહ અથવા ઉપસર્ગને સહેવામાં પ્રાણોની આહુતિ આપવી પડશે પરંતુ સાધક માટે તો "સમાધિમરણ" સર્વશ્રેષ્ઠ અવસર છે, કર્મોને અથવા જન્મમરણનાં બંધનોને તોડવાનો સુઅવસર છે તેમ સમજીશ.

**अत्तत्ताए परिव्वए :–** એવા સંયમવીર સાધકોનો આ મૂળમંત્ર છે. તેનો અર્થ છે કે..."આત્મત્વને માટે પરાક્રમ કરે". આત્મત્વ એટલે આત્મભાવ, આત્માના સ્વભાવ. આત્માનો પૂર્ણપણે શુદ્ધ સ્વભાવ ત્યારે જ પ્રગટ થાય છે જ્યારે તે સંપૂર્ણપણે કર્મ મુક્ત બને. આત્મતત્ત્વની અથવા મોક્ષની પ્રાપ્તિ માટે સુવિહિત સાધુએ અપ્રમત્ત થઈને પુરુષાર્થ કરવો જોઈએ. ચૂર્ણિકારે **आतत्थाए** પાઠ માનીને આ જ અર્થ કર્યો છે કે... **आतो मोक्षः संजमो वा अस्यार्थस्य–आतत्थाए**– મોક્ષ અથવા સંયમને આત્મા કહે છે, તે જ આત્માનો આત્મત્વ સ્વભાવ છે. જેને પ્રાપ્ત કરવા માટે તે સર્વતોમુખી પ્રયત્ન કરે. કષાયાદિ ભાવો આત્મ સ્વભાવને વિકૃત કરે છે, સ્વસ્વરૂપમાં સ્થિર રહેવા દેતા નથી. તેથી કષાયો પર વિજય મેળવી સાધક આત્મસ્થ બને.

**પાઠાંતર :– ण ते पिट्ठतो पेहंति, किं परं मरणं भये :–** પાછું વાળીને જોતા નથી, મૃત્યુથી વધી બીજું શું થશે તેમ વિચારે છે.

### પરવાદીકૃત આક્ષેપના રૂપે ઉપસર્ગઃ–

**૮** **तमेगे परिभासंति, भिक्खुयं साहुजीविणं ।**
**जे एवं परिभासंति, अंतए ते समाहिए ॥**

**શબ્દાર્થ :– साहुजीविणं** = ઉત્તમ આચારથી જીવન નિર્વાહ કરનારા, **परिभासंति** = નિમ્નોક્ત આક્ષેપ વચન કહે છે, **जे एवं परिभासंति** = પરંતુ જે આ પ્રમાણે આક્ષેપયુક્ત વચન કહે છે, **अंतए** = દૂર છે.

**ભાવાર્થ :–** સાધ્વાચાર પૂર્વક જીવનારા તે સાધુના વિષયમાં કેટલાક અન્યદર્શનીઓ આક્ષેપાત્મક વચનો કહે છે, પરંતુ જે આ રીતના આક્ષેપાત્મક વચન કહે છે, તેઓ સમાધિથી બહુ દૂર છે.

**૯** **संबद्धसमकप्पा हु, अण्णमण्णेसु मुच्छिया ।**
**पिंडवायं गिलाणस्स, जं सारेह दलाह य ॥**

**શબ્દાર્થ :– संबद्धसमकप्पा** = ગૃહસ્થની જેમ વ્યવહાર કરો છો, **अण्णमण्णेसु मुच्छिया** = પરસ્પર એકબીજામાં આસક્ત રહો છો, **गिलाणस्स** = રોગી સાધુને માટે, **पिंडवायं** = ભોજન, **सारेह** = લાવો છો, **दलाह** = આપો છો.

**ભાવાર્થ :–** સંબદ્ધ ગૃહસ્થની સમાન વ્યવહાર (અનુષ્ઠાન)વાળા તમે લોકો પરસ્પર (એક બીજામાં) મૂર્છિત છો, કારણ કે આપ રોગી સાધુને માટે ભોજન લાવો છો અને આપો છો.

**૧૦** एवं तुब्भे सरागत्था, अण्णमण्णमणुव्वसा ।
णट्ठसप्पहसब्भावा, संसारस्स अपारगा ॥

**શબ્દાર્થ :– अण्णमण्णमणुव्वसा** = પરસ્પર એકબીજાના વશમાં રહો છો, **णट्ठसप्पहसब्भावा** = સત્પથ અને સદ્‌ભાવથી હીન છો.

**ભાવાર્થ :–** આ રીતે પરસ્પર ઉપકારના કારણે તમે સરાગી છો અને એકબીજાના વશવર્તી છો, સન્માર્ગ અને સદ્‌ભાવથી ભ્રષ્ટ છો. સંસારના પારગામી થઈ શકતા નથી.

**વિવેચન :–**

આ ત્રણ ગાથાઓમાં અન્ય દર્શનીઓ દ્વારા સાધુઓ પર કરવામાં આવતાં મિથ્યા આક્ષેપોનું વર્ણન છે. બે ગાથામાં આક્ષેપ વચનો નમૂના રૂપે બતાવ્યા છે અને ત્રીજી ગાથામાં આવા મિથ્યા વચન કહેનાર સમાધિથી દૂર છે તેમ બતાવ્યું છે.

**तमेगे परिभासंति...अंतए ते समाहिए :–** જો કે આ મિથ્યા આક્ષેપોની સમ્યક્‌દષ્ટિ તેમજ મોક્ષવિશારદ, તત્ત્વચિંતક સાધુઓના મન પર કાંઈ અસર થતી નથી, પરંતુ જે સાધક હજુ સુધી સિદ્ધાંતનિષ્ઠ, તત્ત્વજ્ઞ તેમજ સાધ્વાચારમાં દઢ નથી, તેનું ચિત્ત તે આક્ષેપોને સાંભળીને સંશયગ્રસ્ત અથવા કષાયગ્રસ્ત થઈ શકે છે, તેથી આ આક્ષેપ વચનોને ઉપસર્ગ માનવામાં આવ્યાં છે. શાસ્ત્રકાર આવા આત્મસંવેદનરૂપ ઉપસર્ગની સંભાવના હોવાથી સાધુને પોતાનું મન સમાધિસ્થ રાખવા માટે સંકેત કર્યો છે.

વૃત્તિકાર અને ચૂર્ણિકાર **''एगे''** શબ્દની વ્યાખ્યા કરતાં કહે છે, આ આક્ષેપ કરનારાઓ ગોશાલક મતાનુસારી આજીવક અથવા દિગંબર પરંપરાના સાધુઓ છે, વૃત્તિકાર આગળ કહે છે કે, ઉત્તમસાધુ તટસ્થ રીતે ચિંતન કરે કે આ જે સાધ્વાચારની નિંદા અથવા આલોચના કરેછે અથવા આક્ષેપાત્મક વચન બોલે છે, તેમનો ધર્મ પુષ્ટ–સુદઢ નથી તથા તેઓ સમાધિથી દૂર છે. તેઓ પરસ્પર ઉપકારરહિત દષ્ટિ વાળા છે, લોઢાની સળીઓની જેમ એકબીજા સાથે મળતા નથી. એક–બીજાથી ઘણા દૂર રહે છે.

તાત્પર્ય એ છે કે ઉત્તમ સાધ્વાચાર પરાયણ તેમજ વીતરાગના પથિક સાધુ તે નિંદકો અથવા આલોચકો પ્રત્યે અનુકંપાનો ભાવ રાખે. તેની સામે ગુસ્સો ન કરે. તેઓના આક્ષેપાત્મક વચનોની ઉપેક્ષા કરે. સંયમ માર્ગમાં અવ્યાબાધપણે પ્રગતિ કરતા રહે.

**संबद्धसमकप्पा...अपारगा :–** ઉત્તમ સાધુઓ પર કરવામાં આવતા ખોટા આક્ષેપોના કેટલાક ઉદાહરણો શાસ્ત્રકારે અહીં રજૂ કર્યા છે. તે આ પ્રમાણે છે.

(૧) પરસ્પર ઉપકાર્ય–ઉપકારક સંબંધથી બંધાયેલા ગૃહસ્થી જેવો તેનો વ્યવહાર છે (૨) તેઓ પરસ્પર એકબીજામાં આસક્ત છે (૩) રોગી સાધુ પ્રત્યે અનુરાગને કારણે તેઓ તેને માટે ભોજન લાવી આપે છે (૪) સ્પષ્ટ રીતે સરાગી છે (૫) પરસ્પર એકબીજાને આધીન છે (૬) સદ્‌ભાવ અને સન્માર્ગથી દૂર છે (૭) તેઓ સંસારને પાર પામી શકતા નથી.

આ લોકો ઘરબાર, કુટુંબ પરિવાર અને સંબંધો છોડીને સાધુ બન્યા છે, પરંતુ તે સાધુઓ પરસ્પર ગૃહસ્થો જેવો જ વ્યવહાર કરે છે. ગૃહસ્થો પરસ્પર એકબીજાને સહાયક–ઉપકારક થાય છે. તેવી જ રીતે આ સાધુઓ પણ પરસ્પર સહાયક, ઉપકારક હોય છે. ગૃહસ્થોને પિતાપુત્ર, ભાઈ–ભાઈ, ભાઈ–બહેન વચ્ચે પરસ્પર ગાઢ અનુરાગ હોય છે, તેવી જ રીતે આ સાધુઓમાં ગુરુ–શિષ્ય, ગુરુ ભાઈઓ વચ્ચે ગુરુ બહેનો વચ્ચે પરસ્પર ગાઢ અનુરાગ હોય છે. આસક્તિ તો એવી ને એવી જ રહી, માત્ર આસક્તિના પાત્રો બદલાઈ ગયા છે. પછી તેઓમાં અને ગૃહસ્થોમાં તફાવત શો રહ્યો ? તેઓ પરસ્પર આસક્ત થઈ એક બીજા પર ઉપકાર પણ કરે છે, જેમ કે કોઈ સાધુ બીમાર પડે તો તે બીમાર સાધુ પ્રત્યેના અનુરાગના કારણે અન્ય સાધુ યોગ્ય પથ્યુક્ત આહાર ગવેષણા કરી લાવી આપે છે. આ ગૃહસ્થ જેવો વ્યવહાર નહીં તો બીજું શું છે ? આ ગૃહસ્થ જેવા વ્યવહારના કારણે સંસારના પારગામી થઈ શકે નહીં.

શાસ્ત્રકારનો કહેવાનો આશય એ છે કે મિથ્યા આક્ષેપવાદીઓ દ્વારા કરાયેલા ઉપરોક્ત અસત્ આક્ષેપોને સાંભળીને સુવિહિત સાધુએ ઉત્તેજિત થઈને પોતાની ચિત્તસમાધિનો ભંગ ન કરવો જોઈએ અને ક્ષુબ્ધ પણ થવું ન જોઈએ. જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ સમાધિમાં સ્થિર રહેવું જોઈએ.

**આક્ષેપ નિવારણ :–**

**११** अह ते परिभासेज्जा, भिक्खू मोक्खविसारए ।
एवं तुब्भे पभासेंता, दुपक्खं चेव सेवहा ॥

**શબ્દાર્થ :– अह** = ત્યારબાદ, **मोक्खविसारए** = મોક્ષ વિશારદ અર્થાત્ જ્ઞાન, દર્શન, અને ચારિત્રરૂપ મોક્ષ માર્ગની પ્રરૂપણા કરનારા, **भिक्खू** = સાધુ, **ते** = તે અન્યતીર્થીઓને, **परिभासेज्जा** = કહે કે, **एवं** = આ પ્રમાણે, **पभासंता** = કહેતા, **तुब्भे** = તમે લોકો, **दुपक्खं** = બે પક્ષનું, **सेवहा** = સેવન કરો છો.

**ભાવાર્થ :–** ત્યારબાદ મોક્ષવિશારદ, જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ મોક્ષની પ્રરૂપણા કરવામાં નિપુણ સાધુ અન્યતીર્થિકોને કહે છે કે આ રીતે આક્ષેપ કરતાં તમે દુષ્પક્ષનું સેવન કરો છો, બમણા દોષનું સેવન કરો છો.

**१२** तुब्भे भुंजह पाएसु, गिलाणाऽभिहडं ति य ।
तं च बीओदगं भोच्चा, तमुद्देसादि जं कडं ॥

**શબ્દાર્થ :– पाएसु** = કાંસા આદિના પાત્રોમાં, **गिलाणा** = રોગી સાધુને માટે, **अभिहडं ति य** = ગૃહસ્થો દ્વારા જે ભોજન મંગાવે છે, **तं च बीओदगं** = અને આપ બીજ અને કાચા પાણીનો, **भोच्चा** = ઉપભોગ કરો છો, **तमुद्देसादि जं कडं** = તે સાધુને માટે જે આહાર બનાવવામાં આવ્યો છે તેનો ઉપભોગ કરો છો.

**ભાવાર્થ :–** તમે ગૃહસ્થના કાંસુ, તાંબુ આદિ ધાતુના પાત્રોમાં ભોજન કરો છો, રોગી સંતને માટે ગૃહસ્થો પાસેથી ભોજન મંગાવો છો. તમે બીજ અને સચિત્ત (કાચા) પાણીનો ઉપભોગ કરો છો તેમજ ઔદ્દેશિક આદિ દોષયુક્ત આહારનું સેવન કરો છો.

**१३** **लित्ता तिव्वाभितावेण, उज्झिया असमाहिया ।**
**णाइकंडूइयं सेयं, अरुयस्सावरज्झइ ॥**

**શબ્દાર્થ :– तिव्वाभितावेणं** = તીવ્ર અભિતાપથી કર્મબંધનથી, **लित्ता** = લેપાયેલા, **उज्झिया** = સદ્‌વિવેકથી રહિત, **असमाहिया** = શુભ અધ્યવસાયથી રહિત છો, **अरुयस्स** = વ્રણ–ઘાવનું, **अतिकंडूइयं** = અત્યંત ખજવાળવું, **ण सेयं** = સારુ નથી, **अवरज्झइ** = કારણ કે તે દોષ ઉત્પન્ન કરે છે.

**ભાવાર્થ :–** તમે તીવ્ર કષાયો અથવા તીવ્ર બંધવાળાં કર્મોથી લિપ્ત, સદ્‌વિવેકથી રહિત તથા સમાધિથી રહિત છો. ઘાવ–ગુંમડાંને અધિક ખજવાળવું તે સારું નથી, કારણ કે તેનાથી દોષ–વિકાર ઉત્પન્ન થાય છે.

**१४** **तत्तेण अणुसिट्ठा ते, अपडिण्णेण जाणया ।**
**ण एस णियए मग्गे, असमिक्खा वई किई ॥**

**શબ્દાર્થ :– अपडिण्णेण** = રાગદ્વેષ યુક્ત પ્રતિજ્ઞાથી રહિત, **जाणया** = જ્ઞાની પુરુષ,જે ગ્રહણ કરવા યોગ્ય અને ત્યાગ કરવા યોગ્ય પદાર્થોને જાણે છે તે સાધુ પુરુષ, **ते** = અન્યદર્શનીઓને, **तत्तेण अणुसिट्ठा** = સત્ય અર્થની શિક્ષા આપે છે કે, **एस मग्गे** = તમોએ જેનો સ્વીકાર કર્યો છે તે માર્ગ, **ण णियए** = યુક્તિ સંગત નથી, **वई** = આપે જે સમ્યક્‌દષ્ટિ સાધુઓ માટે આક્ષેપ વચન કહ્યાં છે તે પણ, **असमिक्खा** = વિચાર્યા વિના કહ્યા છે, **किई** = તેમજ આપ લોકો જે કાર્ય કરો છો તે પણ વિવેક શૂન્ય છે.

**ભાવાર્થ :–** ખોટી પ્રતિજ્ઞાથી રહિત અને હેય–ઉપાદેયના જ્ઞાતા સાધુઓ આક્ષેપકર્તા અન્યદર્શનીઓને સત્ય વાતની શિક્ષા આપે કે આ તમારો નિંદાનો માર્ગ યુક્તિસંગત નથી, તમે સુવિહિત સાધુઓ માટે જે આક્ષેપાત્મક વચન કહો છો, તે વિચાર્યા વિના કહો છો અને તમારો આચાર પણ વિવેક શૂન્ય છે.

**१५** **एरिसा जा वई एसा, अग्गवेणुव्व करिसिया ।**
**गिहिणो अभिहडं सेयं, भुंजिउं ण उ भिक्खुणो ॥**

**શબ્દાર્થ :– एरिसा** = આ પ્રકારનું, **जा** = જે, **वई** = કથન છે કે, **गिहिणो अभिहडं** = ગૃહસ્થ દ્વારા

લાવેલો આહાર, **भुंजिउं सेयं** = સાધુએ ખાવો કલ્યાણકારી છે, **ण उ भिक्खुणं** = પરંતુ સાધુ દ્વારા લાવેલો નહિ, **एसा** = આ વાત, **अग्गवेणुव्व** = વાંસના અગ્રભાગની જેમ, **करिसिया** = કૃશ–દુર્બળ છે.

**ભાવાર્થ :–** સાધુઓ માટે ગૃહસ્થ દ્વારા લાવેલા આહારનો ઉપભોગ કરવો તે શ્રેયસ્કર છે પરંતુ સાધુ દ્વારા લાવેલા આહારનું સેવન શ્રેયસ્કર નથી. આવું તમારું કથન વાંસના અગ્રભાગની જેમ દુર્બળ છે, વજૂદવાળું નથી.

**૧૬** **धम्मपण्णवणा जा सा, सारंभाण विसोहिया ।**
**ण उ एयाहिं दिट्ठीहिं, पुव्वमासि पग्गप्पियं ॥**

**શબ્દાર્થ :– जा धम्मपण्णवणा** = સાધુઓને દાનાદિ આપીને ઉપકાર કરવો જોઈએ એવી જે ધર્મની દેશના છે, **सा** = તે, **सारंभाणं विसोहिया** = ગૃહસ્થોને શુદ્ધ કરનારી છે, સાધુઓને નહીં, **एयाहिं दिट्ठीहिं** = આ દષ્ટિએ, **पुव्वं** = પહેલાં, **णउ पग्गप्पियं आसि** = આ દેશના કરવામાં આવી નથી.

**ભાવાર્થ :–** સાધુઓને દાન આદિ દઈને ઉપકાર કરવો જોઈએ. આવી જે ધર્મપ્રજ્ઞાપના(ધર્મદેશના) છે, તે આરંભ સમારંભ યુક્ત ગૃહસ્થોને વિશુદ્ધ કરનારી છે, સાધુઓને નહીં. આ દષ્ટિથી સર્વજ્ઞોએ પૂર્વકાળમાં પ્રરૂપણા કરી ન હતી અર્થાત્ તેવી પ્રરૂપણા જ્ઞાનીઓની નથી.

**૧૭** **सव्वाहिं अणुजुत्तीहिं, अचयंता जवित्तए ।**
**तओ वायं णिराकिच्चा, ते भुज्जो वि पगब्भिया ॥**

**શબ્દાર્થ :– सव्वाहिं अणुजुत्तीहिं** = સર્વ યુક્તિઓ દ્વારા, **जवित्तए अचयंता** = પોતાના પક્ષની સિદ્ધિ કરી શકતા નથી, **तओ** = ત્યારે, **ते** = તે અન્યતીર્થીઓ, **वायंणिराकिच्चा** = વાદને છોડીને, **भुज्जो वि पगब्भिया** = ફરી પોતાના પક્ષનું સ્થાપન કરવાની ધૃષ્ટતા કરે છે.

**ભાવાર્થ :–** સમગ્ર યુક્તિઓથી પોતાનાપક્ષની સિદ્ધિ(સ્થાપના) કરવામાં અસમર્થ તે અન્યતીર્થીઓ વાદને છોડીને ફરી પોતાના પક્ષની સ્થાપના કરવાની ધૃષ્ટતા કરે છે.

**૧૮** **रागदोसाभिभूयप्पा, मिच्छत्तेण अभिद्दुया ।**
**अक्कोसे सरणं जंति, टंकणा इव पव्वयं ॥**

**શબ્દાર્થ :– रागदोसाभिभूयप्पा** = રાગ અને દ્વેષથી જેમનો આત્મા દબાયેલો છે એવા, **मिच्छत्तेण अभिद्दुया** = મિથ્યાત્વથી યુક્ત અન્યતીર્થીઓ, **अक्कोसे सरणं जंति** = શાસ્ત્રાર્થમાં હારી જવાથી ગાળો આદિ આક્રોશ વચનોનો આશ્રય લે છે, જેવી રીતે, **टंकणा** = પહાડમાં રહેનારી મ્લેચ્છજાતિ, યુદ્ધમાં હારી જવાથી, **पव्वयं** = પહાડનો આશ્રય લે છે.

**ભાવાર્થ :–** રાગ અને દ્વેષથી જેનો આત્મા દબાયેલો છે, મિથ્યાત્વમાં ઓતપ્રોત છે, તેવા અન્યતીર્થીઓ શાસ્ત્રાર્થમાં હારી જાય ત્યારે આક્રોશ (ગાળ અથવા અપશબ્દ આદિ)નો આશરો લે છે. જેવી રીતે પહાડપર રહેનારા (ટંકણજાતિના) મલેચ્છ યુદ્ધમાં હારી જાય ત્યારે પર્વતનો જ આશરો લે છે.

**१९** **बहुगुणप्पगप्पाइं, कुज्जा अत्तसमाहिए ।**
**जेणऽण्णे ण विरुज्झेज्जा, तेण तं तं समायरे ॥**

**શબ્દાર્થ :– अत्तसमाहिए** = જેની ચિત્તવૃત્તિ પ્રસન્ન છે તે મુનિ, **बहुगुणप्पगप्पाइं** = પરતીર્થીની સાથે વાદના સમયે જેનાથી ઘણા ગુણો ઉત્પન્ન થાય છે એવા અનુષ્ઠાનો ને, **कुज्जा** = કરે, **जेण** = જેનાથી, **अण्णे** = બીજો મનુષ્ય, **णो विरुज्झेज्जा** = પોતાનો વિરોધી ન બને, **तेण** = તેના પ્રતિ, **तं तं समायरे** = તે તે અનુષ્ઠાન કરે.

**ભાવાર્થ :–** જેની મનોવૃત્તિ સમાધિ યુક્ત છે, તે મુનિ અનેક ગુણોથી સંપન્ન હોય, તે એવા પ્રકારનું અનુષ્ઠાન કરે કે જેથી બીજી કોઈ વ્યક્તિ તેની વિરોધી ન બને.

**२०** **इमं च धम्ममादाय, कासवेण पवेइयं ।**
**कुज्जा भिक्खू गिलाणस्स, अगिलाए समाहिए ॥**

**શબ્દાર્થ :– कासवेण पवेइयं** = કાશ્યપગોત્રી ભગવાન મહાવીર સ્વામી દ્વારા કહેવાયેલા, **इमं च धम्ममादाय** = આ ધર્મનો સ્વીકાર કરીને, **समाहिए** = પ્રસન્નચિત્ત, **भिक्खू** = સાધુ, **गिलाणस्स** = રોગી સાધુની, **अगिलाए** = ગ્લાનિ રહિત થઈને, **कुज्जा** = વૈયાવચ્ચ કરે.

**ભાવાર્થ :–** કાશ્યપગોત્રીય ભગવાન મહાવીર સ્વામી દ્વારા કહેવાયેલા આ ધર્મને સ્વીકારીને સમાધિયુક્ત સાધુ બીમાર સાધુની વૈયાવચ્ચ ખેદ–ગ્લાનિ રાખ્યા વિના કરે.

**વિવેચન :–**

આ દસ ગાથાઓમાં પરવાદીકૃત આક્ષેપોનું નિરાકરણ કર્યું છે. આ પ્રકારના મિથ્યા આક્ષેપ કરનારાઓને સમાધિથી દૂર માનીને શાસ્ત્રકારે સાધુઓને તેના પ્રત્યે ઉપેક્ષા કરવાનું સૂચન કર્યું જ છે પરંતુ આક્ષેપક જ્યારે વ્યક્તિગત આક્ષેપ સુધી જ સીમિત ન રહેતા, સમૂહમાં એ આક્ષેપોને ફેલાવે, તેને નિંદા અને બદનામીનું રૂપ દેવા લાગે ત્યારે આક્ષેપોનો પ્રતિવાદ(પ્રત્યુત્તર)આપવાનો નિર્દેશ શાસ્ત્રકાર કરે છે.

**अह ते परिभासेज्जा भिक्खू मोक्ख विसारए :–** વસ્તુતત્ત્વના પ્રતિપાદનમાં કુશળ તત્ત્વવેતા પોતાની વ્યક્તિગત આલોચના અથવા નિંદાને ચુપચાપ સમભાવપૂર્વક સહન કરી લે, તેનો પ્રતિકાર ન કરવો તે કર્મ નિર્જરાનું કારણ છે. પરંતુ જ્યારે સમગ્ર સાધુ સંસ્થા કે સંઘ પર ખોટા આક્ષેપો થાય, ત્યારે તેને ચુપચાપ સાંભળી લેવા ઉચિત નથી. ધર્મ પરના આક્ષેપો સાંભળી લે તો ધર્મની હીલના થાય. આ રીતે

એક તરફ ધર્મતીર્થ(સંઘ)ની અવહેલના થાય, બીજી બાજુ સાધુ સંસ્થા પ્રત્યે જનતામાં અશ્રદ્ધા વધે તથા મિથ્યાવાદને ઉત્તેજના મળે, આમ તેમાં બેવડી નુકશાની છે. સંઘમાં નવા મુમુક્ષુ સાધકોનો પ્રવેશ તથા સદ્‌ગૃહસ્થોનાં વ્રતો ગ્રહણ કરવામાં અટકાયત થવાની સંભાવના છે. તેથી શાસ્ત્રકારે આ ગાથા દ્વારા માર્ગદર્શન આપ્યુ છે કે આવા સમયે સાધુ તટસ્થભાવપૂર્વક આક્ષેપ કરનારાઓને યોગ્ય પ્રત્યુતર આપે.

**આક્ષેપ નિવારણકર્તા સાધુની યોગ્યતા :–** શાસ્ત્રકારે આક્ષેપોનો પ્રત્યુત્તર આપવાના કથન સાથે આક્ષેપ નિવારક સાધુના વિશિષ્ટ ગુણોનું સ્પષ્ટીકરણ કર્યું છે. તે ગુણો ક્રમથી આ પ્રમાણે છે. (૧) સાધુ મોક્ષવિશારદ હોય, (૨) અપ્રતિજ્ઞ હોય (૩) હેય–ઉપાદેયનો સમ્યક્ જ્ઞાતા હોય, (૪) વિરોધીઓનો પ્રતિવાદ, ક્રોધ, દ્વેષ, વધ આદિથી ન કરતો હોય, (૫) આત્મ સમાધિથી યુક્ત હોય, (૬) અનેક ગુણોનો લાભ થતો હોય ત્યારે જ પ્રતિવાદ કરતો હોય, (૭) બીજા લોકો વિરોધી ન બની જાય, તે માટે સતત સાવધાન રહેતો હોય. આ ગુણોનું ક્રમશઃ સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે.

**(१) मोक्ख विसारए :–** પ્રતિવાદકર્તા સાધુ સમ્યક્‌દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગની પ્રરૂપણા કરવામાં કુશળ હોવા જોઈએ. જો તે સાધુ પોતે જ શિથિલાચારનો પોષક હોય તો તે આક્ષેપકોના આક્ષેપનું નિરાકરણ સારી રીતે કરી શકે નહીં અને પોતે કરેલા નિરાકરણનો સાધારણ જનતા પર અથવા આક્ષેપકો પર પ્રભાવ પડે નહીં. તેથી આક્ષેપ નિવારક સાધુએ મોક્ષમાર્ગની પ્રરૂપણામાં વિશારદ હોવું જરૂરી છે.

**(२) अपडिण्णेण :–** (૧) જે કોઈપણ પ્રકારની, ખોટા અર્થ બતાવવાની પ્રતિજ્ઞાથી રહિત છે તે અપ્રતિજ્ઞ કહેવાય છે. પ્રતિવાદકર્તા સાધુને મારે મારી વાતની સિદ્ધિમાટે ખોટા અર્થનું પણ સમર્થન કરવું તેવો પ્રતિજ્ઞાવાન ન હોય. અસત્ય વાતોનો સમર્થક સાધુ આક્ષેપકો પ્રત્યે ન્યાયી તેમજ વિશ્વાસપાત્ર ન રહે. તે સ્વ–મોહ અને પર–દ્વેષમાં પડી વિરુદ્ધ વિચારોના પ્રવાહમાં તે વહેવા લાગશે.

(૨) અપ્રતિજ્ઞ એટલે કે તેની જાણકારી સિદ્ધાંત વિરૂદ્ધ ન હોવી જોઈએ. સિદ્ધાંત વિરુદ્ધ જાણકારી વાળો સાધક સ્વયં પોતાના સિદ્ધાંતથી, આક્ષેપકોનું નિરાકરણ કરી નહીં શકે.

(૩) પ્રતિવાદીઓ પ્રત્યે કોઈ પ્રકારની ખોટી પ્રતિજ્ઞા ન રાખે પરંતુ સત્ય તત્ત્વને સમજાવવાનું લક્ષ્ય રાખે.

**(३) जाणया :–** પ્રતિવાદ કર્તા સાધક સ્વયં હેય–ઉપાદેયનો સમ્યક્ જ્ઞાતા હોવો જોઈએ, તો જ આક્ષેપકોને ઉપાદેય તત્ત્વને અનુરૂપ બોધ શિક્ષા આપી શકે તથા આક્ષેપકોની વાતોમાં હેય ઉપાદેય તત્ત્વને વિશ્લેષણ કરી સમજાવી શકે.

**(४) रागदोसाभिभूयप्पा...अक्कोसे सरणं जंति :–** પ્રતિપક્ષી વિવાદમાં ટકી ન શકવાના કારણે, હારની પ્રતિક્રિયા સ્વરૂપે અપશબ્દ, ગાળો, દંડા, મુક્કા કે શસ્ત્ર આદિ દ્વારા પ્રહાર કરવા લાગે તો તે કષાય કે મિથ્યાત્વને વશ છે તેમ જાણી તેની સાથે વાદ કર્તા સાધુ વિવાદમાં ઊંડા ઉતરે નહીં. આક્રમણ સામે પ્રત્યાક્રમણ અથવા આક્રોશ પ્રહાર આદિ હિંસક ઉપાયોનો આશરો ન લેવો જોઈએ. વિશ્વબંધુ સાધુએ તે સમયે તેમના પ્રત્યે ઉપેક્ષાભાવ રાખીને મૌન થઈ જવું તે શ્રેયસ્કર છે. વૃત્તિકારે કહ્યું છે કે–

**अक्कोस–हणण–मारण, धम्मब्भंसाण बाल सुलभाणं ।**
**लाभं मण्णह धीरो, जहुत्तराणं अभावम्मि ॥**

અર્થાત્ ગાળદેવી, રોષ કરવો, મારપીટ અથવા પ્રહાર કરવો કે ધર્મભ્રષ્ટ કરવા, આ બધાં કાર્યો તો એકદમ નાદાન બાળક જેવાં છે. ધૈર્યવાન સાધુપુરુષ આવા લોકોની વાતોમાં મૌન રહેવું તે જ લાભદાયી સમજે છે.

આ દષ્ટિએ શાસ્ત્રકારે પ્રતિવાદકર્તા સાધુનો 'સમયજ્ઞ' એવો ગુણ પ્રદર્શિત કર્યો છે. આક્ષેપક જો હિંસા પર ઊતરી જાય તો સાધુ સમય ઓળખી તેની સાથે પ્રતિહિંસાથી બદલો ન વાળતા શાંત તેમજ મૌન થઈ જાય.

**(૫) अत्तसमाहिए :–** પ્રતિવાદ કર્તા સાધુમાં આત્મસમાધિમાં દઢ રહેવાનો ગુણ હોવો જોઈએ. ગમે તેવી પરિસ્થિતિ ઉપસ્થિત થાય, તે પોતાની આત્મસમાધિ–માનસિક શાંતિ, પ્રસન્નતા અથવા ચિત્તની સ્વસ્થતા ન ગુમાવે. આશય એ છે કે તે આક્ષેપકોની સાથે વિવાદ કરતી વખતે વિક્ષુબ્ધ ન થતાં આત્મસમાધાનમાં દઢ રહે. જે પ્રતિજ્ઞા, હેતુ, દષ્ટાંત આદિથી પોતાના પક્ષની સિદ્ધિ થતી હોય, તેનું પ્રતિપાદન કરે.

**(૬) बहुगुणप्पगप्पाइं कुज्जा :–** પ્રવિવાદકર્તા સાધુ "બહુગુણ પ્રકલ્પ" હોવા જોઈએ. જે વિવાદથી પ્રતિપક્ષીના હૃદયમાં સ્નેહ, સદ્ભાવના, આત્મીયતા, ધર્મપ્રત્યે આકર્ષણ, સાધુસંસ્થા પ્રત્યે શ્રદ્ધા, વીતરાગદેવો પ્રત્યે બહુમાન આદિ અનેક ગુણો જાગૃત થાય તેને "બહુગુણ પ્રકલ્પ" કહે છે. વૃત્તિકારની દષ્ટિએ બહુગુણપ્રકલ્પનો અર્થ આ પ્રમાણે છે. (૧) જે વાતોથી સ્વપક્ષ સિદ્ધિ અને પરપક્ષના દોષોની અભિવ્યક્તિ થાય, અથવા (૨) જે અનુષ્ઠાનોથી માધ્યસ્થભાવ આદિ પ્રગટ થાય, એવો પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ, ઉપનય અને નિગમન આદિનો વચન પ્રયોગ કરે.

બહુગુણપ્રકલ્પ, પ્રશાંત એવા પ્રતિવાદકર્તા સાધુ વિવાદ કરતા હોય અને ખબર પડે કે પ્રતિપક્ષી વિવાદમાં પરાજિત થઈ રહ્યો છે; તેના આત્મીયતા, મૈત્રી, સ્નેહ, સદ્ભાવના, દેવ–ગુરુ–ધર્મપ્રત્યે શ્રદ્ધા આદિ ગુણો વધવાને બદલે રોષ, દ્વેષ, ઈર્ષ્યા, ઘૃણા, પ્રતિક્રિયા, અશ્રદ્ધા આદિ દોષો વધી રહ્યા છે; તો સાધુ વાદને ત્યાંજ અટકાવી દે. પ્રતિપક્ષીને કાયર, અશ્રદ્ધાળુ કહી હેરાન કરવાથી તથા તેને વારંવાર ચીડવવાથી ઉપર્યુક્ત આત્મીયતા વગેરે બહુગુણ નષ્ટ થઈ જવાની સંભાવના છે.

**(૭) जेणऽण्णे ण विरुज्झेज्जा, तेण तं तं समायरे :–** પ્રતિવાદકર્તામાં આ વિચક્ષણતાનો ખાસ ગુણ હોવો જોઈએ કે તે પ્રતિપક્ષી પ્રત્યે એવું વચન ન બોલે, કે ન એવો વ્યવહાર કરે, કે ન એવું આચરણ કરે જેનાથી તે વિરોધી, વિદ્વેષી અથવા પ્રતિક્રિયાવાદી બની જાય.

આ ગુણોથી યુક્ત સાધક જ આક્ષેપકર્તાઓના આક્ષેપરૂપ ઉપસર્ગ પર યથાર્થરૂપે વિજય મેળવી શકે છે.

પૂર્વગાથાઓમાં પ્રતિવાદી દ્વારા સુવિહિત સાધુઓ પર પરોક્ષ તેમજ પ્રત્યક્ષરૂપે થતાં ખોટા આક્ષેપોનું વર્ણન કરવામાં આવ્યું છે અને એ પણ કહેવાઈ ગયુ છે કે પ્રતિપક્ષીના આક્ષેપોનો પ્રત્યુત્તર (પ્રતિવાદ) મોક્ષ વિશારદ આદિ સાત ગુણોથી યુક્ત સાધુ યથાયોગ્ય અવસર જોઈને કરી શકે છે. આક્ષેપ કર્તાના આક્ષેપોનો ઉત્તર આપવા શાસ્ત્રકારે મુદાઓ રજૂ કર્યા છે તે મુખ્ય મુદાઓ આ પ્રમાણે છે–

**दुपक्खं चेव सेवहा :**– વૃત્તિકારે **दुपक्खं** ની વ્યાખ્યા ચાર પ્રકારે કરી છે. (૧) દુષ્પક્ષ = તમે ખોટા, અસત્ પક્ષનો આશ્રય લીધો છે (૨) દ્વિપક્ષ = રાગ અને દ્વેષ રૂપ બે પક્ષોનું સેવન કરો છો. કારણ કે તમે તમારા દોષયુક્ત પક્ષનું સમર્થન કરો છો તેથી તમને તમારા પક્ષમાં રાગ છે અને અમારા સિદ્ધાંત દોષરહિત છે તેને દૂષિત બતાવો છો, તેથી તેના પર તમને દ્વેષ છે (૩) તમે ગૃહસ્થ અને સાધુ એમ બે પક્ષનું સેવન કરો છો. સચિત્ત બીજ, કાચું પાણી અને ઔદ્દેશિક આહાર આદિનું સેવન કરવાને કારણે ગૃહસ્થ છો અને સાધુનો વેષ પહેરવાને કારણે સાધુ છો. (૪) પોતે અસત્ અનુષ્ઠાન કરો છો અને સદ્અનુષ્ઠાન કરનારા બીજાઓની નિંદા કરો છો. આમ તમે સ્વપ્રશંસા–પરનિંદા રૂપ બે પક્ષને સેવનાર છો.

તાત્પર્ય એ છે કે, આપે જે સાધુવર્ગપર સરાગસ્થ અને પરસ્પર આસક્ત હોવાનો આક્ષેપ કર્યો તે ખોટો છે, દુષ્પક્ષ છે, મિથ્યાપૂર્વગ્રહથી યુક્ત છે.

**लित्ता तिव्वाभितावेणं...असमाहिया :**– આ ગાથામાં આક્ષેપકર્તાઓ પર ત્રણ પ્રત્યાક્ષેપ આપ્યા છે. (૧) તીવ્ર અભિતાપથી લિપ્ત. (૨) સદ્વિવેકથી વિહીન તથા (૩) સમાધિ (શુભ અધ્યવસાય)થી રહિત. આ ત્રણે ય પ્રત્યાક્ષેપ આ રીતે પ્રમાણિત થાય છે. (૧) છકાય જીવોની હિંસા કરીને જે આહાર તેમના નિમિત્તે તૈયાર કરવામાં આવે છે, તેનું સેવન કરવાથી; ખોટી વાતને પણ દઢતાપૂર્વક પૂર્વાગ્રહવશ પકડવાથી; મિથ્યાદષ્ટિના સ્વીકારથી તેમજ સુવિહિત સાધુઓની નિંદા કરવાને કારણે તે લોકો તીવ્રકષાય અથવા તીવ્ર કર્મબંધના અભિતાપથી યુક્ત છે. ભિક્ષાપાત્ર રાખ્યા વિના કોઈ ગૃહસ્થના ઘરમાં ભોજન કરવાને કારણે તથા રોગી સાધુમાટે ગૃહસ્થ પાસે ભોજન બનાવડાવીને મંગાવવાને કારણે, ઔદ્દેશિક (ઉદ્દિષ્ટ) આદિ દોષયુક્ત આહાર કરવાના કારણે તેઓ સુવિવેકરહિત છે. તેઓ ઉત્તમ સાધુઓ પ્રત્યે દ્વેષ કરે છે, તેમને ખોટી રીતે બદનામ કરે છે, તેથી તેઓ શુભ અધ્યવસાય રહિત છે.

**णाइ कंडूइयं सेयं अरुयस्सावरज्झइ :**– આ પ્રત્યાક્ષેપ વાક્યમાં સુસાધુ દ્વારા સામાન્ય નીતિની પ્રેરણા છે. ઘાવને અત્યંત ખજવાળવો સારો નથી, તેનાથી વિકાર ઉત્પન્ન થાય છે. આ ન્યાયથી અમે આપના દોષોને વધારે ઉખેડવા તે સારું માનતા નથી. તેનાથી તો તમારામાં રાગ–દ્વેષની વૃદ્ધિરૂપ દોષ ઉત્પન્ન થવાની સંભાવના છે.

**ण एस णियए मग्गे :**– આક્ષેપકર્તાઓ પ્રત્યે પ્રત્યાક્ષેપ કરતા સુસાધુ કહે છે કે તમે અપનાવેલ સુસાધુઓની નિંદા કરવાનો માર્ગ ભગવાનની નીતિને અનુકૂળ(નૈતિક) નથી.

**तत्तेण अणुसिट्ठा ते :**– જે સાધક હેય–ઉપાદેયનો જ્ઞાતા છે તથા રાગ–દ્વેષ રહિત થઈને સત્યવાત કહેવા માટે કૃતપ્રતિજ્ઞ છે, તે ગોશાલક મતાનુસારી આજીવક આદિ સાધુ સાથે તૂ–તૂ , હું–હું, વાક્કલહ,

વ્યર્થવિવાદ અથવા ઝગડા કરવાને બદલે વસ્તુતત્ત્વની દષ્ટિએ; જિનેન્દ્રના અભિપ્રાય અનુસાર પરમાર્થ પ્રરૂપણા દ્વારા ઘણા જ મધુર શબ્દોમાં નમ્રતાપૂર્વક સાચી અને સ્પષ્ટ વાતો સમજાવી દે; તેઓને હિતકારી અને વાસ્તવિક વાતોની શિખામણ આપે.

**असमिक्खा वई किई :–** જે સાધુ રોગી સાધુને આહાર લાવીને આપે છે, તે ગૃહસ્થ જેવા છે. તેવું આપનું કથન વિચાર્યા વિનાનું છે તથા તમારું તે આચરણ કે વ્યવહાર વિવેક–વિચાર શૂન્ય છે કે બીમાર સાધુની સેવા સ્વયં ન કરતાં ગૃહસ્થ પાસે કરાવો છો.

**एरिसा जा वई...ण तु भिक्खुणं :–** સાધુને ગૃહસ્થે લાવી દીધેલો આહાર કરવો શ્રેયસ્કર છે, પરંતુ સાધુ દ્વારા લાવેલો નહી. તમારી આ વાત પણ વાંસના અગ્રભાગની જેમ મૂલ્યહીન છે. આ કથન પ્રમાણ સંગત, તર્કસંગત કે હેતુ યુક્ત નથી. વીતરાગ મહર્ષિઓની પ્રાચીન પરંપરાથી પણ સંગત નથી. ગૃહસ્થો દ્વારા બનાવીને લાવેલા આહારમાં છકાય જીવોની હિંસા સ્પષ્ટ છે, તે આહાર આધાકર્મ, ઔદેશિક આદિ દોષોથી યુક્ત હોવાથી અશુદ્ધ હોય છે. સાધુઓ વડે અનેક ઘરોમાંથી ગવેષણા કરીને લાવેલો ભુક્ત–શિષ્ટ (ગૃહસ્થોએ જમી લીધા પછી બચેલો) આહાર ઉદ્‌ગમ આદિ દોષોથી રહિત, આરંભ સમારંભ રહિત હોવાથી સાધુ માટે તે અમૃત ભોજન તુલ્ય છે.

**धम्म पण्णवणा जा सा...पुव्वमासि पकप्पियं :–** આક્ષેપ કર્તાનું કથન છે કે ગૃહસ્થે સાધુને દાન આપવું જોઈએ. દાનધર્મ તે ગૃહસ્થની શુદ્ધિ કરે છે, સાધુની નહીં. તેથી સાધુએ રોગી સાધુ માટે આહાર વગેરે લાવવું ન જોઈએ. પરંતુ પૂર્વકાલીન સર્વજ્ઞોની ધર્મદેશના એવી ન હતી.આક્ષેપકર્તા પોતાની મિથ્યા દષ્ટિના કારણે સર્વજ્ઞ દ્વારા ઉપદિષ્ટ કથનનો વિપરીત અર્થ કરે છે. સર્વજ્ઞપુરુષ આવી તુચ્છ અથવા વિપરીત વાતની પ્રરૂપણા કરતા નથી. તેથી બીમાર સાધુની વૈયાવચ્ચ સાધુએ કરવી ન જોઈએ ઈત્યાદિ આક્ષેપકોનો આક્ષેપ શાસ્ત્ર વિરુદ્ધ તેમજ અયથાર્થ છે.

વસ્તુ સ્થિતિ એ છે કે તે આક્ષેપક બીમાર સાધુની વૈયાવચ્ચ કરવા માટે ગૃહસ્થને પ્રેરણા આપે છે, તથા આ કાર્યનું અનુમોદન કરીને રોગી સાધુનો ઉપકાર કરવાનું સ્વીકાર પણ કરે છે. તેથી તે એક બાજુ રોગી સાધુ પ્રત્યે ઉપકાર પણ કરે છે, બીજી બાજુ આ ઉપકારનો વિરોધ પણ કરે છે. આ **वदतो व्याघातः"** (સ્વવચન બાધિત) છે.

**રોગી સાધુની સેવા કરવી, સાધુનો ધર્મ :–** પ્રતિવાદી દ્વારા કરવામાં આવેલા આક્ષેપોનું નિવારણ કર્યા બાદ સ્વપક્ષની સ્થાપનાના રૂપમાં સ્વસ્થ સાધુ દ્વારા ગ્લાન(બીમાર, વૃદ્ધ, અશક્ત આદિ) સાધુની સેવાને અનિવાર્ય ધર્મ બતાવતા શાસ્ત્રકાર કહે છે કે–

ગ્લાન સાધુની સેવા કરનાર સાધુઓ માટે બે વિશેષણો આપ્યા છે. (૧) **अगिलाए** (૨) **समाहिए** ગ્લાનિ રહિત (કંટાળો લાવ્યા વિના) તેમજ સમાહિત–સમાધિયુક્ત–પ્રસન્નચિત્ત થઈને. આ બે ગુણસંપન્ન સાધક રોગી સાધુની સેવા કરે તો ધર્મ થાય અને સંવર નિર્જરાનું કારણ બને. કદાચ પુણ્યબંધ થાય તો તે શુભગતિનું કારણ બને.

ગ્લાનિ રહિત તેમજ સમાધિયુક્ત થઈને સેવા કરવાના વિધાનની પાછળ એક બીજો આશય પણ

વૃત્તિકાર વ્યક્ત કરે છે. જો સાધુ પોતે સમાધિયુક્ત થઈને સેવા ન કરે તો ભવિષ્યમાં કદાચિત્ સેવા કરનાર સ્વયં અસ્વસ્થ અથવા અશક્ત થઈ જાય ત્યારે તેની સેવા કરવામાં બીજા સાધુઓ પણ વેઠ ઉતારશે. ત્યારે તે સાધુના મનમાં અસમાધિભાવ ઉત્પન્ન થશે. તેથી પોતાને અને રોગી સાધુને જે રીતે સમાધિ ઉત્પન્ન થાય તે રીતે આહારાદિ લાવી આપવા અને તેની સેવા કરવી તે સ્વસ્થ સાધુનો મુખ્ય ધર્મ છે. સાધક જીવનની પ્રત્યેક પ્રવૃતિ સમાધિજનક અને સમાધિ પોષક હોય તો જ તેમાં તેની સાધુતા છે.

**टंकणा इव पव्वयं :–** વૃત્તિકારના કથન અનુસાર–પહાડમાં રહેનારી મ્લેચ્છોની એક જાતિ વિશેષ ટંકણ કહેવાય છે. સૂત્રકૃતાંગ અંગ્રેજી અનુવાદના ટિપ્પણમાં ટંકણ જાતિને મધ્યપ્રદેશના ઈશાન ખૂણામાં રહેનારી પર્વતીય જાતિ બતાવી છે. જેવી રીતે દુર્જેય ટંકણ જાતિના ભીલ જ્યારે પરાસ્ત થાય છે ત્યારે પર્વતનો જ આશરો લે છે, તેવી જ રીતે વિવાદમાં પરાસ્ત લોકો બીજો કોઈ ઉપાય ન દેખાય ત્યારે આક્રોશ વચનનો જ સહારો લે છે.

### ઉપસર્ગ વિજયનો નિર્દેશ :–

**૨૧** **संखाय पेसलं धम्मं, दिट्ठिमं परिणिव्वुडे ।**
**उवसग्गे णियामित्ता, आमोक्खाए परिव्वएज्जासि ॥ त्ति बेमि ॥**

**શબ્દાર્થ :– दिट्ठिमं** = પદાર્થના યથાર્થ સ્વરૂપને જાણનારા, **परिणिव्वुडे** = રાગદ્વેષ રહિત, શાંતમુનિ, **णियामित्ता** = વશમાં કરીને, જીતીને.

**ભાવાર્થ :–** સમ્યક્ દષ્ટિસંપન્ન, પ્રશાંત મુનિ આ સર્વજ્ઞ પ્રણીત શ્રુતચારિત્રરૂપ ઉત્તમધર્મને જાણીને, ઉપસર્ગો પર નિયંત્રણ કરી મોક્ષપ્રાપ્તિ સુધી સંયમમાં પરાક્રમ કરે.

### વિવેચન :–

**મોક્ષપ્રાપ્તિ પર્યંત ઉપસર્ગ વિજય કરે :–** ઉદ્દેશકની અંતિમ ગાથામાં ઉપસર્ગ વિજયના સંદર્ભમાં ત્રણ તથ્યોને અભિવ્યક્ત કર્યાં છે. (૧) ઉત્તમ ધર્મને જાણીને (૨) દષ્ટિમાન તેમજ ઉપશાંત મુનિ (૩) મોક્ષપ્રાપ્ત થાય ત્યાં સુધી સંયમ અનુષ્ઠાનમાં ઉદ્યમ કરે.

**॥ અધ્યયન 3/3 સંપૂર્ણ ॥**

## ચોથો ઉદ્દેશક

### સંયમભ્રષ્ટ કરનારા ઉપસર્ગ :–

**૧** **आहंसु महापुरिसा, पुव्विं तत्त तवोधणा ।**
**उदएण सिद्धिमावण्णा, तत्थ मंदे विसीयइ ॥**

**શબ્દાર્થ :– आहंसु** = કોઈ અજ્ઞાનીઓ કહે છે કે, **पुव्विं** = પહેલાંના કાળમાં, **तत्त तवोधणा** = તપ કરવું એ જ જેઓનું ધન છે એવા, **महापुरिसा** = મહાપુરુષ, **उदएण** = કાચાપાણીનું સેવન કરીને, **सिद्धिमावण्णा** = મુક્તિને પામ્યા હતા, **मंदे** = મૂર્ખ પુરુષ આ વાત સાંભળીને, **तत्थ** = ઠંડા પાણીના સેવન આદિમાં, **विसीयइ** = પ્રવૃત્ત થઈ જાય છે.

**ભાવાર્થ :–** કેટલાક અજ્ઞાનીજનો કહે છે કે પ્રાચીન કાળમાં તપ્ત તપોધની(તપરૂપી ધનથી સંપન્ન) મહાપુરુષોએ સચેત પાણીનું સેવન કરી મુક્તિને પ્રાપ્ત કરી હતી. અપરિપક્વ બુદ્ધિવાળો સાધક આ સાંભળી કાચા પાણીના સેવનમાં પ્રવૃત્ત થઈ જાય છે.

**૨** **अभुंजिया णमी वेदेही, रामगुत्ते य भुंजिया ।**
**बाहुए उदगं भोच्चा, तहा णारायणे रिसी ॥**

**શબ્દાર્થ :– अभुंजिया** = આહાર છોડીને, **रामगुत्ते** = રામગુપ્તે, **भुंजिया** = આહાર કરીને, **बाहुए** = તથા બાહુકે ઠંડા પાણીનો ઉપભોગ કરીને, **तहा** = એવી રીતે, **णारायणे रिसी** = નારાયણ ઋષિએ, **उदगं भोच्चा** = કાચા પાણીનો ઉપભોગ કરીને સિદ્ધિ પ્રાપ્ત કરી હતી.

**ભાવાર્થ :–** વૈદેહી(વિદેહ દેશના રાજા) નમિરાજે આહાર છોડીને અને રામગુપ્તે આહારનો ઉપભોગ કરીને, બાહુકે તેમજ નારાયણ ઋષિએ કાચા પાણી આદિનું સેવન કરીને મોક્ષ પ્રાપ્ત કર્યો હતો.

**૩** **आसिले देविले चेव, दीवायण महारिसी ।**
**पारासरे दगं भोच्चा, बीयाणि हरियाणि य ॥**

**શબ્દાર્થ :– आसिले** = આસિલ ઋષિ, **देविले** = દેવલ ઋષિ, **महारिसी दीवायण** = તથા મહર્ષિ દ્વૈપાયન, **पारासरे** = તેમજ પારાશર ઋષિએ, **दगं बीयाणि हरियाणि भोच्चा** = ઠંડુપાણી, બીજ અને લીલી વનસ્પતિઓનો આહાર કરીને.

**ભાવાર્થ :–** આસિલ અને દેવલ ઋષિએ તથા મહર્ષિ દ્વૈપાયન તેમજ પારાશર ઋષિ (આદિ)એ સચિત્ત પાણી, બીજ તેમજ લીલી વનસ્પતિઓનો ઉપભોગ કરીને મોક્ષ પ્રાપ્ત કર્યો હતો.

**૪** **एते पुव्विं महापुरिसा, आहिया इह सम्मया ।**
**भोच्चा बीओदगं सिद्धा, इति मेयमणुस्सुयं ॥**

**શબ્દાર્થ :– पुव्विं** = પહેલાંના સમયમાં, **एते महापुरिसा** = આ મહાપુરુષ, **आहिया** = સર્વજગત્પ્રસિદ્ધ હતા, **इह** = તથા આ લોકમાં, જૈન આગમમાં, **सम्मया** = માનવામાં આવ્યા છે, **इति** = આ, **मेयमणुस्सुयं** = મેં મહાભારત આદિમાં સાંભળ્યું છે.

**ભાવાર્થ :–** પૂર્વકાળમાં આ મહાપુરુષ સર્વત્ર વિખ્યાત હતા અને અહીં આ લોકમાં પણ સમ્મત છે. આ બધા સચિત્ત બીજ તેમજ ઠંડા પાણીનો ઉપભોગ કરીને સિદ્ધ થયા હતા, એવું મેં પરંપરાથી સાંભળ્યું છે.

**૫** **तत्थ मंदा विसीयंति, वाहछिण्णा व गद्दभा ।**
**पिट्ठओ परिसप्पंति, पीढसप्पी व संभमे ॥**

**શબ્દાર્થ :– वाहछिण्णा** = ભારથી પીડિત, **गद्दभा व** = ગધેડાની જેમ, **विसीयंति** = સંયમપાલન કરવામાં દુઃખ અનુભવે છે, **संभमे** = અગ્નિ આદિનો ઉપદ્રવ થવાથી, **पीढसप्पी** = લાકડીની સહાયતાથી ચાલનારા પગ વિનાના પુરુષ, **पिट्ठओ परिसप्पंति** = ભાગનાર લોકોની પાછળ પાછળ ચાલે છે તે રીતે તે મૂર્ખ પણ સંયમપાલનમાં બધાથી પાછળ રહી જાય છે.

**ભાવાર્થ :–** આ પ્રકારના ભ્રાન્તિજનક (બુદ્ધિભ્રષ્ટ કે આચારભ્રષ્ટ કરનારા) દુઃશિક્ષણરૂપ ઉપસર્ગ આવે ત્યારે મંદબુદ્ધિ સાધક ભાર વહન કરવાથી પીડા પામતા ગધેડાની જેમ સંયમારાધનામાં દુઃખનો અનુભવ કરે છે. જેવી રીતે લાકડીના ટેકે ચાલનાર લંગડો માણસ અગ્નિ આદિનો ઉપદ્રવ થાય ત્યારે દોડતા–ભાગતા લોકોની પાછળ રહી જાય છે. તેવી રીતે મંદમતિ સાધક પણ સંયમનિષ્ઠ મોક્ષયાત્રીઓમાં પાછળ રહી જાય છે.

## વિવેચન :–

આ પાંચ ગાથાઓમાં અનુકૂળ ઉપસર્ગ અને મંદબુદ્ધિ સાધકો પર થતી પ્રતિક્રિયાનું વર્ણન કરવામાં આવ્યું છે. કેટલાક શિથિલ સાધકો પોતાની અનાચારરૂપ પ્રવૃત્તિઓને સાધ્વાચારમાં સમાવિષ્ટ કરવા પ્રસિદ્ધ પૂર્વકાલિક ઋષિઓના ઉદાહરણો આપે છે અને તે દ્વારા મંદ સાધકને અનાચારમાં ફસાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

આ પાંચ ગાથાઓમાં કેટલાક ઋષિઓનાં નામ લીધા વિના તથા કેટલાક પ્રસિદ્ધ ઋષિઓનાં નામ લઈ આ ઉપસર્ગના ઉદાહરણો રજૂ કર્યા છે.

(૧) પૂર્વકાળમાં વલ્કલચીરી, નારાયણ આદિ મહાપુરુષોએ પંચાગ્નિ આદિ તપ કરીને કાચું પાણી, કંદમૂળ, ફળ આદિનો ઉપભોગ કરીને સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. (૨) વૈદેહી નમિરાજે આહાર ત્યાગીને (૩) રામ ગુપ્તે આહારનો ઉપભોગ કરીને, (૪) બાહુક ઋષિએ શીતળ જળનો ઉપભોગ કરીને (૫) તે રીતે નારાયણ કે તારાગણ ઋષિએ પણ કાચાપાણીનું સેવન કરીને. (૬,૭,૮,૯) આસિલ, દેવલ, દ્વૈપાયન તેમજ પારાશર મહર્ષિએ કાચું પાણી, બીજ અને લીલી વનસ્પતિનો ઉપભોગ કરીને, સિદ્ધિ પ્રાપ્ત કરી છે, એવું મેં મહાભારત આદિ પુરાણોમાંથી સાંભળ્યુ છે. પૂર્વકાળ (ત્રેતા–દ્વાપર આદિ યુગો)માં આ મહાપુરુષો પ્રસિદ્ધ થઈ ગયા છે અને આ બધા લોકમાં સમ્મત છે.

**णमिवेदेही :–** ભાગવત્ પુરાણમાં **णिमि** નું ચરિત્ર લખાયેલું છે. ત્યાં "निमि" ના જ જનક, વૈદેહિ અને

મિથિલ નામ છે તેવું કથન જોવા મળે છે. બૌદ્ધગ્રંથ સુત્તપિટકમાં **णिमिराजचरिया** ના નામથી નિમિનું ચરિત્ર મળે છે. જૈન આગમ ઉત્તરાધ્યયન સૂત્રમાં **णमिपव्वज्जा** અધ્યયનમાં નમિરાજર્ષિ અને ઈન્દ્રનો સંવાદ બતાવ્યો છે.

**रामगुत्त**–:– ઋષિ ભાષિત સૂત્રના ૨૩માં અધ્યયનમાં રામપુત્ત નામ મળે છે, વૃત્તિકાર અનુસાર રામગુપ્ત એક રાજર્ષિ હતા.

**बाहुक** :–ઋષિભાષિતના ૧૪માં બાહુક અધ્યયનમાં બાહુકને આર્હતઋષિ કહેવામાં આવ્યા છે. હાભારતના ત્રીજા આરણ્કપર્વમાં નળરાજાનું બીજું નામ "બાહુક" બતાવ્યું છે. પરંતુ તે તો રાજાનું નામ છે.

**નારાયણઋષિ :–** ઋષિભાષિતના ૩૬માં અધ્યયનમાં નારાયણ કે તારાગણ ઋષિનો નામોલ્લેખ આવે છે.

**आसिल, देविल** :– વૃત્તિકારે અસિલ અને દેવિલ બંન્ને અલગ અલગ નામ વાળા ઋષિ માન્યા છે. સૂત્રકૃતાંગ ચૂર્ણિમાં **असित दविल** આર્હત્ ઋષિના રૂપમાં એક જ ઋષિનો નામોલ્લેખ છે. મહાભારતમાં તથા ભગવદ્ગીતામાં આસિત દેવલના રૂપમાં એકજ નામનો કેટલીય જગ્યાએ ઉલ્લેખ છે. તેના પરથી ઋષિનું દેવલગોત્ર અને અસિત નામ જણાય છે વાયુપુરાણના પ્રથમખંડમાં ઋષિલક્ષણ પ્રકરણ અનુસાર અસિત અને દેવલ આ બન્ને જુદા જુદા ઋષિ હોય તેવું લાગે છે.

**દ્વીપાયન, પારાશર ઋષિ :–** ઋષિભાષિતના ૪૦માં અધ્યયનમાં દ્વીપાયન ઋષિનો નામોલ્લેખ મળે છે, પારાશર ઋષિનો નામોલ્લેખ નથી. મહાભારતમાં "દ્વૈપાયન" ઋષિનું નામ મળે છે. વ્યાસ, પારાશર (પરાશરપુત્ર) આ દ્વૈપાયનનાં જ નામ છે. આવો ત્યાં ઉલ્લેખ છે. વૃત્તિકારે દ્વૈપાયન અને પારાશર આ બન્નેનો જુદો જુદો ઉલ્લેખ કર્યો છે. ઔપપાતિક સૂત્રમાં આઠ પરિવ્રાજકોમાં **पारासर** અને **दीवायण** આ બે ઋષિઓનો નામોલ્લેખ છે.

ભ્રમણા ઉત્પન્ન કરાવનાર તેમજ મોક્ષના વાસ્તવિક કારણોથી અજાણ લોકો પ્રસિદ્ધ ઋષિઓના નામની સાથે કાચા પાણી, બીજ, લીલી વનસ્પતિ આદિના ઉપભોગને જોડીને તેને જ મોક્ષનું કારણ બતાવે છે.

વૃત્તિકાર કહે છે કે પરમાર્થને નહીં જાણતા તેઓને એવું જ્ઞાન નથી કે વલ્કલચીરી આદિ જે ઋષિઓ કે તાપસોને સિદ્ધિ મળી હતી, તેઓને કોઈ નિમિત્તથી જાતિસ્મરણ આદિ જ્ઞાન ઉત્પન્ન થયું હતું, જેથી સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન તેમજ સમ્યક્ ચારિત્ર પ્રાપ્ત થયું હતું અને તેથી તેઓ મુક્ત થયા હતા. સર્વવિરતિ પરિણામરૂપ ભાવલિંગ વિના કાચું પાણી, બીજ વનસ્પતિ આદિના ઉપભોગથી કર્મક્ષય થઈ શકતા નથી. અજ્ઞાની લોકો કહે છે કે આ પ્રત્યેકબુદ્ધ ઋષિઓને વનવાસમાં રહેતાં બીજ, લીલી વનસ્પતિ આદિના ઉપભોગથી કેવળજ્ઞાન ઉત્પન્ન થઈ ગયું હતું જેમ કે ભરત ચક્રવર્તીને અરિસા ભુવનમાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હતું. તે કુતીર્થિઓ એ નથી જાણતા કે ભાવથી ગુણસ્થાનકની શ્રેણી ચડતા કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. ઘાતીકર્મનો ક્ષય થવાથી કેવળજ્ઞાન થાય છે, નહીં કે કાચું પાણી કે વનસ્પતિ ભક્ષણથી. કેવળજ્ઞાન

પ્રાપ્તિના કારણોને જાણ્યા વિના તેઓ વિપરીત પ્રરૂપણા કરે છે.

**तत्थमंदा विसीयंति...संभमे :–** આવા ભ્રમણાપ્રેરક વાક્યો સાંભળીને અદૂરદર્શી, મંદપરાક્રમી સંયમી સાધકો સંયમભારને વહન કરવામાં પીડાનો અનુભવ કરે છે. શાસ્ત્રકારે આ વાત સમજાવવા બે દષ્ટાંત આપ્યા છે–

(૧) ભારથી પીડિત ગધેડો જેમ ચાલવામાં દુઃખ અનુભવે છે તેમ અલ્પસત્વશીલ સાધકને સંયમ ભાર રૂપ લાગે છે. સંયમ માર્ગે તે ચાલી શકતા નથી.

(૨) લાકડીના સહારે ચાલનાર માણસ જ્યારે આગ લાગે ત્યારે દોડતા–ભાગતા અન્ય લોકો કરતાં પાછળ રહી જાય છે તેમ સંવેગથી મોક્ષ તરફ જતાં સાધક કરતાં આ અલ્પસત્વશીલ સાધકો મોક્ષમાર્ગમાં પાછળ રહી જાય છે અર્થાત્ સંયમમાં અપ્રસન્ન ભાવે પ્રવૃત્તિ કરે છે અથવા સંયમમાં શિથિલ બની જવાથી સંસારમાં પરિભ્રમણ કરે છે.

## સુખથી જ સુખપ્રાપ્તિ એવી મિથ્યામાન્યતા :–

**૬** **इहमेगे उ भासंति, सायं सायेण विज्जइ ।**
**जे तत्थ आरियं मग्गं, परमं च समाहियं ॥**

**શબ્દાર્થ :–** **विज्जइ** = પ્રાપ્ત થાય છે, **तत्थ** = પરંતુ આ મોક્ષના વિષયમાં, **आरियं** = સમસ્ત હેય ધર્મોથી દૂર રહેનાર તીર્થંકર પ્રતિપાદિત જે મોક્ષમાર્ગ છે, **परमं समाहियं** = જે પરમ શાંતિ દેનાર જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ માર્ગને, **जे** = જે લોકો છોડે છે, તેઓ મૂર્ખ છે.

**ભાવાર્થ :–** મોક્ષપ્રાપ્તિના વિષયમાં કેટલાક મિથ્યાદષ્ટિ લોકો કહે છે કે સુખ સુખથી જ પ્રાપ્ત થાય છે પરંતુ અનંતસુખ રૂપ મોક્ષના વિષયમાં જે આર્યમાર્ગ–સમસ્ત હેય ધર્મોથી દૂર રાખનારો છે તે જ્ઞાન, દર્શન, ચારિત્રાત્મક માર્ગ શ્રેષ્ઠ અને સમાધિ આપનાર છે.

**૭** **मा एयं अवमण्णंता, अप्पेणं लुम्पहा बहुं ।**
**एयस्स अमोक्खाए, अयोहारिव्व जूरह ॥**

**શબ્દાર્થ :–** **एयं** = આ જિનમાર્ગનો, **अवमण्णंता** = તિરસ્કાર કરનારા તમે લોકો, **अप्पेणं** = અલ્પ અર્થાત્ તુચ્છ વિષય સુખના લોભથી, **बहुं** = અતિમૂલ્યવાન્ મોક્ષસુખને, **मा लुंपहा** = બગાડો નહિ, **एयस्स** = સુખથી જ સુખ મળે છે આ અસત્ પક્ષને, **अमोक्खाए** = ન છોડવાથી, **अयोहारिव्व** = સોનું છોડીને લોખંડ લેનારા વણિક(લોહ વાણિયા)ની જેમ, **जूरह** = પશ્ચાત્તાપ કરશો.(પસ્તાવું પડશે.)

**ભાવાર્થ :–** સુખથી જ સુખ પ્રાપ્ત થાય છે તેવી અસત્માન્યતાને સ્વીકારી જિનશાસનનો તિરસ્કાર કરનાર હે પ્રાવચનિકો ! તમે તુચ્છ એવા વિષય સુખના લોભમાં અતિ મૂલ્યવાન મોક્ષ સુખને ગુમાવો નહીં.

સુખથી સુખ પ્રાપ્ત થાય છે તે અસત્પક્ષને જો તમે નહીં છોડો તો, લોઢાને ગ્રહણ કરી રાખનાર વણિકની જેમ પશ્ચાત્તાપ કરવાનો સમય આવશે.

**૮** **पाणाइवाए वट्टंता, मुसावाए असंजया ।**
**अदिण्णादाणे वट्टंता, मेहुणे य परिग्गहे ॥**

**ભાવાર્થ :–** પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન(અબ્રહ્મચર્ય)સેવન અને પરિગ્રહમાં પ્રવૃત થાઓ છો, તેથી તમે સંયમી નથી.

**વિવેચન :–**

આ ત્રણ ગાથાઓમાં **'सायं सायेण विज्जइ'** સુખથી સુખ મળે છે, તે બૌદ્ધોની ભ્રાંત માન્યતાનું કથન કરીને તેનું નિરસન કર્યું છે.

પોતાની માન્યતાને સિદ્ધ કરવા બૌદ્ધો કહે છે કે ન્યાય શાસ્ત્રના સિદ્ધાંતાનુસાર કારણને અનુરૂપ કાર્ય થાય છે, આંબો વાવે તેને આંબાના ફળ મળે છે. તેથી આ લોકના વિષયભોગ જન્ય સુખનો ભોગ જ પરલોકના સુખનું કારણ બની શકે છે. કેશલોચ, પાદવિહાર, કઠિન તપ વગેરે કષ્ટ સહનની આવશ્યક્તા નથી. આ પ્રકારની યુક્તિઓ સાંભળીને કોઈ સુખશીલ સાધક તેમાં ભરમાઈ જાય છે, મિથ્યા માન્યતા રૂપ તે ઉપસર્ગમાં પરાજિત થઈ જાય છે.

પરંતુ **मा एयं अवमण्णंता...** ગાથામાં શાસ્ત્રકારે તેનું ખંડન કર્યું છે.

સહુ પ્રથમ કારણને અનુરૂપ કાર્ય હોય તો વિષય ભોગજન્ય સુખ પરાધીન છે, તે કારણથી મોક્ષજન્ય સ્વાધીન સુખની પ્રાપ્તિ કદાપિ સંભવિત નથી.

પાંચે ઈન્દ્રિયના વિષયો હંમેશા સુખ જ આપે તેવુ એકાંતે નથી, વ્યક્તિની માનસિક પરિસ્થિતિ અનુસાર તેમાંથી ક્ષણિક સુખની અનુભૂતિ થાય છે. ક્ષણિક સુખની પાછળ બહુકાલીન દુઃખ જ છે અને તેનો ભોગવટો અનંત કાલીન સ્વાધીન સુખનો બાધક બને છે.

આ રીતે મિથ્યા માન્યતારૂપ ઉપસર્ગથી પરાજિત થયેલા અલ્પ સત્ત્વ સાધકની સ્થિતિનું દર્શન શાસ્ત્રકારે દષ્ટાંત દ્વારા કરાવીને સાધકને સત્ પ્રેરણા આપી છે.

(૧) **मां एयं...जूरह :–** તુચ્છ વિષય સુખને માગી જે અનંત સુખના માર્ગ રૂપ જિનેશ્વરના માર્ગને છોડે છે તે કાંકરાને માટે હીરો ગુમાવવા સમાન છે અથવા સોનુ વગેરે મહામૂલ્યવાન ધાતુઓને છોડીને હઠાગ્રહવશ લોઢું પકડી રાખનાર લોહવણિક સમાન છે. તે બંને પાછળથી પશ્ચાત્તાપ અને ઝૂરણા કરે છે. હે સાધક ! તારી સ્થિતિ તે પ્રમાણે ન થાય તે માટે તું સાવધાન રહે.

(૨) **पाणाइवाए...परिग्गहे :–** શાસ્ત્રકાર આ કુમાન્યતાના દુરાગ્રહી વ્યક્તિને તેના દુષ્પરિણામ

બતાવતાં કહે છે– વૈષયિક સુખને જ સુખ માની તમે વિવિધ સ્વાદિષ્ટ ભોજન બનાવવામાં, આલીશાન બંગલાઓ બાંધવામાં, સુખ સાધનોને મેળવી લેવાની તલપ અને ધૂનમાં અહિંસા મહાવ્રતને તો નેવે મૂકી દીધું છે. વાતવાતમાં જીવહિંસાનો આશરો લો છો ! પોતાને દીક્ષિત તેમજ ભિક્ષાશીલ કહીને ગૃહસ્થો જેવું જ આચરણ કરો છો ! અસત્ય ભાષણમાં પ્રવૃત્ત થાઓ છો. સુખવૃદ્ધિ માટે અદત્ત–ચોરીનો આશ્રય લો છો. હાથી, ઘોડા, ઊંટ, જમીન, આશ્રમ આદિને પોતાની માલિકીમાં રાખો છો, તેના પર મમત્વ રાખીને પરિગ્રહનું સેવન પણ કરો છો. સુખપ્રાપ્તિની ધુનમાં રતિ–યાચના(કામની માગણી) કરનારી સ્ત્રીઓ સાથે કામસેવન પણ કરવું સંભવિત છે અને સુખસાધન આદિ મેળવવાની ધૂનમાં બેઈમાની પણ કરો છો. આ રીતે સર્વ પ્રસિદ્ધ પાંચે પાપશ્રવોમાં પ્રવૃત તમારે સંયમ ક્યાં રહ્યો ?

### વાસના તૃપ્તિરૂપ સુખકર ઉપસર્ગ :–

**૯** **एवमेगे उ पासत्था, पण्णवेंति अणारिया ।**
**इत्थीवसं गया बाला, जिणसासणपरम्मुहा ॥**

**શબ્દાર્થ :– इत्थीवसं गया** = સ્ત્રીના વશમાં રહેનારા, **जिणसासण परम्मुहा** = જિનશાસનથી પરાઙ્મુખી, કોઈ પાર્શ્વસ્થ.

**ભાવાર્થ :–** સ્ત્રીઓના વશમાં રહેલાં, અજ્ઞાની, જિનશાસનથી પરાઙ્મુખ અનાર્ય એવા કેટલાક પાર્શ્વસ્થ આ રીતે (નિમ્નોક્ત ગાથાઓમાં કહેવામાં આવશે તેવી વાતો) કહે છે.

**૧૦** **जहा गंडं पिलागं वा, परिपीलेज्ज मुहुत्तगं ।**
**एवं विण्णवणित्थीसु, दोसो तत्थ कुओ सिया ॥**

**શબ્દાર્થ :– जहा** = જેવી રીતે, **गण्डं** = ફોડકી, **पिलागं वा** = અથવા ફોડકાને, **मुहुत्तगं** = મુહૂર્તભર (થોડીવાર), **परिपीलेज्ज** = દબાવવાથી, **विण्णवणित्थीसु** = સમાગમની પ્રાર્થના કરનારી સ્ત્રીની સાથે સમાગમ કરવાથી, **तत्थ** = આ કાર્યમાં, **दोसो** = દોષ, **कओ सिया ?** = ક્યાંથી હોઈ શકે ?

**ભાવાર્થ :–** જેવી રીતે ફોલ્લા–ફોલ્લીને દબાવીને તેમાથી પરુ આદિ કાઢી નાંખવાથી મુહૂર્ત માત્રમાં– થોડીવારમાં જ શાંતિ થઈ જાય છે, તેવી રીતે સમાગમની પ્રાર્થના કરનારી સ્ત્રીઓની સાથે સમાગમ કરવાથી થોડીવારમાં જ શાંતિ થઈ જાય છે, આ કાર્યમાં દોષ શું હોઈ શકે ?

**૧૧** **जहा मंधादए णाम, थिमियं भुंजइ दगं ।**
**एवं विण्णवणित्थीसु, दोसो तत्थ कुओ सिया ॥**

**શબ્દાર્થ :– जहा** = જેવી રીતે, **मंधादए णाम** = ગાડર, **थिमियं** = હલાવ્યા વિના, **दगं** = પાણી, **भुंजइ**

= પીવે છે.

**ભાવાર્થ :–** જેવી રીતે ગાડર (ઘેટું) પાણી હલાવ્યા વિના પી લે છે, એવી રીતે કોઈને પીડા પહોંચાડયા વિના રતિ પ્રાર્થના કરનારી યુવતી સ્ત્રીઓ સાથે સહવાસ કરી લેવામાં આવે તો એમાં દોષ કેવી રીતે હોઈ શકે છે ?

**१२** **जहा विहंगमा पिंगा, थिमियं भुंजइ दगं ।**
**एवं विण्णवणित्थीसु, दोसो तत्थ कुओ सिया ? ॥**

**શબ્દાર્થ :– पिंगा** = પિંગ નામની, **विहंगमा** = પક્ષિણી.

**ભાવાર્થ :–** જેવી રીતે પિંગા નામની પંખિણી હલાવ્યા વિના પાણી પી લે છે, તેવી રીતે કામસેવન માટે પ્રાર્થના કરનારી તરુણી સ્ત્રીઓની સાથે સમાગમ કરવાથી તેમાં શું દોષ છે ?

**१३** **एवमेगे उ पासत्था, मिच्छादिट्ठी अणारिया ।**
**अज्झोववण्णा कामेहिं, पूयणा इव तरुणए ॥**

**શબ્દાર્થ :– कामेहिं अज्झोववण्णा** = કામભોગમાં અત્યંત મૂર્છિત છે, **तरुणए पूयणा इव** = જેવી રીતે પૂતના નામની ડાકિણી બાળકો પર આસક્ત રહે છે તેમ.

**ભાવાર્થ :–** પૂર્વોક્તરૂપે મૈથુન સેવનને નિર્દોષ, નિરવદ્ય માનનારા કેટલાક પાર્શ્વસ્થ મિથ્યાદષ્ટિ છે, અનાર્ય છે, તેમજ કામભોગોમાં અત્યંત આસક્ત રહે છે. જેમ પૂતના ડાકિણી નાનાં–દૂધપીતાં બાળકો પર આસક્ત રહે છે.

## વિવેચન :–

આ પાંચ ગાથાઓમાં અનુકૂળ ઉપસર્ગનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આ ઉપસર્ગમાં અનેક કુતર્કો દ્વારા સાધકને વાસનાની તૃપ્તિ માટે કે સ્ત્રી સંગ માટે આકર્ષિત કરવામાં આવે છે.

**एवमेगे...परम्मुहा :–** આ ગાથામાં ખોટી પ્રરૂપણા કરનાર માટે માટે પાંચ વિશેષણોનો પ્રયોગ કરવામાં આવ્યો છે. (૧) પાર્શ્વસ્થ (૨) અનાર્ય (૩) સ્ત્રીવશંગત, (૪) બાલ (૫) જિનશાસન પરાઙ્મુખ.

**एगे** પદની વ્યાખ્યા કરતા વૃત્તિકારે આ માન્યતાના પ્રરૂપક તરીકે, પ્રાણાતિપાત આદિમાં પ્રવૃત નીલવસ્ત્રધારી વિશિષ્ટ બૌદ્ધસાધકો, નાથવાદી મંડળમાં પ્રવેશેલા શૈવ સાધક (શિવપંથી સાધક), વિશેષો તથા જૈન સંઘના કુશીલ તેમજ પાર્શ્વસ્થ શ્રમણોને બતાવ્યા છે. તેઓને **पासत्था** કહ્યા છે. જેનો આચાર વિચાર શિથિલ હોય, ઉત્તમ અનુષ્ઠાનથી દૂર હોય, કુશીલ સેવન કરતા હોય, સ્ત્રીપરીષહથી પરાજિત હોય તેઓને પાર્શ્વસ્થ કહ્યા છે.

**अणारिया :**– તેઓ હિંસા, અસત્ય, ચોરી–ઠગાઈ, અનીતિ, મૈથુન સેવન તેમજ પરિગ્રહ જેવા અનાર્ય કર્મ કરવાના કારણે અનાર્ય છે.

**इत्थीवसंगया :**– જે યુવાન સ્ત્રીઓની ગુલામી કરતા હોય, જે તેમની મોહજાળમાં ફસાઈને તેમના વશવર્તી બની ગયા હોય, તેઓ સ્ત્રીવશંગત છે. સ્ત્રીઓના તેઓ કેટલા બધા ગુલામ હોય ? તે તેઓના શબ્દોમાં જ જોઈએ.

**प्रिया दर्शनमेवाऽस्तु, किमन्यैर्दर्शनान्तरैः ।**
**प्राप्यते येन निर्वाणं, सरागेणाऽपि चेतसा ॥**

"મને પ્રિયાનું દર્શન થવું જોઈએ, પછી બીજા દર્શનોથી શું પ્રયોજન ? કારણ કે પ્રિયાદર્શનથી સરાગ–ચિત્ત હોવા છતાં પણ નિર્વાણસુખ પ્રાપ્ત થાય છે."

**बाला :**– જે પોતાના હિતાહિતથી અજાણ હોય, જે હિંસા આદિ પાપકર્મ કરવાની નાદાની કરીને પોતાના જ વિનાશને આમંત્રણ આપતા હોય, જે વારંવાર રોષ, દ્વેષ, ઈર્ષ્યા, મોહ કષાય આદિથી ઉત્તેજિત થઈ જતા હોય તે અધ્યાત્મ જગતમાં બાલ(બાળક) છે.

**जिणसासण परम्मुहा :**– રાગદ્વેષ વિજેતા "જિન" કહેવાય છે. તેમનું શાસન એટલે તેમની આજ્ઞા. કષાય, મોહ અને રાગદ્વેષને ઉપશાંત કરવાની આજ્ઞાથી વિમુખ એટલે કે સંસારમાં આસક્ત તથા જૈનમાર્ગને કઠોર સમજીને, તેની ઘૃણા(નફરત), દ્વેષ કરનારા જિનશાસન પરાઙ્મુખ કહેવાય છે.

**जहा मंधादए :**– ગાડર (ઘેટી)ને પોતાના બચ્ચા પર અત્યંત સ્નેહ(આસક્તિ) હોય છે. વૃત્તિકારે એક ઉદાહરણ આપીને આ વાતને સિદ્ધ કરી છે. "એકવાર પોતાના સંતાનો પર પશુઓની કેવી આસક્તિ છે તેની પરીક્ષા માટે બધાં પશુઓનાં બચ્ચાં એક પાણી વિનાના કુવામાં રાખવામાં આવ્યાં. તે સમયે બધી માદા પશુ પોતપોતાના બચ્ચાનો અવાજ સાંભળીને કૂવાના કિનારે આવીને ઊભી રહી ગઈ. પરંતુ ઘેટી પોતાના બચ્ચાનો અવાજ સાંભળીને તેના મોહમાં અંધ બનીને કૂવામાં કૂદી પડી. તેના પરથી સિદ્ધ થયું કે બધાં પશુઓમાં ઘેટીને પોતાનાં બચ્ચાઓ પ્રત્યે અત્યંત આસક્તિ હોય છે. તેથી આસક્તિ માટે ઘેટીની ઉપમા આપવામાં આવે છે.

**विहंगमा पिंगा :**– કપિંજલ પક્ષી આકાશમાં રહીને જ પાણી પીએ છે. તેની અહીં ઉપમા દેવામાં આવીછે.

કામાસક્ત લોકોની પ્રરૂપણા સામે નિર્યુક્તિકાર દષ્ટાંત આપીને તેના તર્કોનું ખંડન કરે છે. (૧) જેમ કોઈ વ્યક્તિ તલવારથી કોઈનું માથું કાપીને ચુપચાપ ક્યાંક છુપાઈને બેસી જાય તો શું આ રીતે ઉદાસીનતા ધારણ કરી લેવાથી તેને અપરાધી માનીને પકડવામાં નહીં આવે ? (૨) કોઈ માણસ કોઈ ન જુએ તે રીતે વિષપાન કરે તો શું તેને વિષપાનના ફળસ્વરૂપે મૃત્યુના મુખમાં નહીં જવું પડે ? (૩) જો કોઈ વ્યક્તિ કોઈ ધનવાનના ભંડારમાંથી અત્યંત કિંમતી રત્નચોરીને, જાણે કંઈ જાણતો જ ન હોય તેમ ચુપચાપ

બેસી જાય તો શું તેને ચોર જાણીને પકડશે નહીં ?

તાત્પર્ય એ છે કે કોઈ મનુષ્ય મૂર્ખતાવશ કે દુષ્ટતાવશ કોઈની હત્યા કરી લે, પોતે વિષપાન કરી લે અથવા કોઈને ત્યાં ચોરી કરીને પછી મધ્યસ્થભાવ ધારણ કરીને બેસી જાય તો તે નિર્દોષ થઈ શકતો નથી. દોષ અથવા અપરાધ કરવાનો વિચાર તો એણે કુકૃત્ય કરતાં પહેલાં જ કરી લીધો, ત્યાર પછી તે કુકૃત્યને કરવામાં પ્રવૃત્ત થયો, ત્યારે દોષ લાગી ગયો, ત્યારબાદ તો દોષને છુપાવવા માટે તે ઉદાસીન (અજાણ) થઈને અથવા છુપાઈને એકાન્તમાં બેસી જાય તોપણ તે દોષ જ છે. તેથી કુકૃત્ય કરતાં પહેલાં કુકૃત્ય કરતી વખતે અને કુકૃત્ય કર્યા પછી એમ ત્રણે સમયે દોષ તો લાગે છે. તો પછી તેને નિર્દોષ કેમ કહી શકાય ? એ રીતે કોઈ વ્યક્તિ કોઈ સ્ત્રીની મૈથુન સેવનની પ્રાર્થનાથી, તેની સાથે મૈથુનરૂપ કુકૃત્યમાં પ્રવૃત્ત થઈ જાય છે તો તે મૈથુન ભાવરૂપ પાપનો વિચાર આવ્યા વિના રહેતો જ નથી, તે જ રીતે મૈથુન ક્રિયા કરતી વખતે પણ તીવ્ર રાગભાવ હોવો અવશ્યંભાવી છે. તેથી શ્રી દશવૈકાલિક સૂત્રમાં મૈથુનસેવનને મહાન દોષોની ઉત્પત્તિનું સ્થાન કહ્યું છે.

આ રીતે મૈથુનસેવન રાગ થવા પર જ ઉત્પન્ન થનારું, સમસ્ત દોષોનું સ્થાન, હિંસાનું કારણ તેમજ સંસારભ્રમણ વર્ધક છે. એવું મૈથુન સેવન–ભલે તે સ્ત્રી પુરુષ બન્નેની ઈચ્છાથી જ કેમ ન હોય, કોઈ પણ રીતે તે નિર્દોષ હોઈ શકે નહી, તે દોષિત જ છે.

**પશ્ચાત્તાપ કોને ? :–**

**१४** **अणागयमपस्संता, पच्चुप्पण्णगवेसगा ।**
**ते पच्छा परितप्पंति, खीणे आउम्मि जोव्वणे ॥**

**શબ્દાર્થ :– अणागयमपस्संता** = ભવિષ્યના દુઃખને ન જાણતાં, **पच्चुपण्णगवेसगा** = વર્તમાન સુખને શોધનાર, **ते** = તેઓ, **पच्छा** = પાછળથી, **आउम्मि जोव्वणे खीणे** = આયુ અને યુવાવસ્થા નષ્ટ થઈ જવાથી, **परितप्पंति** = પશ્ચાત્તાપ કરે છે.

**ભાવાર્થ :–** ભવિષ્યના દુઃખ પર દષ્ટિ નાંખ્યા વિના જે લોકો વર્તમાનસુખની શોધમાં રત રહે છે, તેઓ આયુષ્ય અને યુવાવસ્થા ક્ષીણ (નષ્ટ) થઈ જાય ત્યારે પશ્ચાત્તાપ કરે છે.

**१५** **जेहिं काले परक्कंतं, ण पच्छा परितप्पए ।**
**ते धीरा बंधणुमुक्का, णावकंखंति जीवियं ॥**

**શબ્દાર્થ :– जेहिं** = જે પુરુષોએ, **काले** = ધર્મ ઉપાર્જનના કાળમાં, **परक्कंतं** = ધર્મોપાર્જન કર્યું છે.

**ભાવાર્થ :–** જે પુરુષો ધર્મ ઉપાર્જનના કાળમાં ધર્માચરણમાં પરાક્રમ કરે છે, તેને પાછળથી પસ્તાવું પડતું નથી. બંધનથી મુકાયેલા તે ધીરપુરુષો અસંયમી જીવનની આકાંક્ષા કરતા નથી.

## વિવેચન :–

આ બે ગાથાઓમાં બતાવવામાં આવ્યું છે કે, કઈ વ્યક્તિએ પશ્ચાત્તાપ કરવો પડે અને કઈ વ્યક્તિએ પશ્ચાત્તાપ કરવો પડતો નથી. ભવિષ્યના દુઃખને જોયા વિના જે વર્તમાન સુખમાં જ રત રહે છે તેને યૌવન ક્ષીણ થાય અને આયુષ્ય પૂર્ણ થાય ત્યારે પસ્તાવું પડે છે. (૧) જે દીર્ઘદષ્ટા પુરુષ ધર્મકાળમાં ધર્મ પુરુષાર્થ કરે છે (૨) જે વર્તમાન કામભોગ જનિત ક્ષણિક સુખને માટે અસંયમી જીવન જીવવા ઈચ્છતા નથી (૩) જે પરીષહ– ઉપસર્ગ સહન કરવામાં ધીર છે અને (૪) જે સ્નેહ બંધન અથવા કર્મબંધનથી દૂર રહે છે તેને પસ્તાવું પડતું નથી.

**अणागयमपस्संता...खीणे आउम्मि जोव्वणे :–** જે વ્યક્તિ પૂર્વોક્ત ભ્રાન્ત માન્યતા જનિત ઉપસર્ગોથી વૈષયિક સુખોમાં અને કામજનિત સુખોમાં સંલગ્ન થઈ જાય છે, તે સુખોની પૂર્તિ માટે દુષ્કર્મો કરે છે અને દુષ્કર્મો કરતી વખતે તેના ભાવી દુઃખનો વિચાર કરતા નથી. તેમની દષ્ટિમાત્ર વર્તમાનના ક્ષણિક વિષયજન્ય તેમજ કામજન્ય સુખો પર જ હોય છે. કામભોગોના સેવનથી જ્યારે શરીર જર્જરિત થઈ જાય, શક્તિક્ષીણ થઈ જાય, રોગથી ઘેરાઈ જાય, ઈન્દ્રિયો કામ કરી ન શકે, યુવાની ઢળી જાય, વૃદ્ધાવસ્થા આવી જાય, મૃત્યુ દરવાજા પર ટકોરા મારવા લાગે ત્યારે તે અત્યંત પસ્તાવો કરે છે– અફસોસ ! મે મારું બહુમૂલ્ય જીવન બરબાદ કરી નાંખ્યુ, કંઈ પણ ધર્મ આચરણ કરી ન શક્યો, સંસારની મોહમાયામાં રચ્યો પચ્યો રહ્યો, સાધુવેષ ધારણ કરીને પણ લોકવંચના કરી. વૈભવના નશામાં, યૌવનના મદમાં ન કરવા યોગ્ય કાર્ય કર્યા આ રીતે તેના અપકૃત્યો તેને હૃદયમાં કાંટાની જેમ ખટકવા લાગે છે.

**जेहिं काले...जीवियं :–** જે વિવેકસંપન્ન પુરુષો યોગ્ય સમયે પરાક્રમ કરે છે; ધર્મપુરુષાર્થને મુખ્ય રાખીને પ્રવૃત્તિ કરે છે; એક ક્ષણ પણ અસંયમ અથવા અધર્મમાં ગુમાવતા નથી. વિઘ્ન કે વિપત્તિઓ આવવા છતાં પણ ધર્માચરણ છોડતા નથી; ધૈર્ય પૂર્વક પરીષહ ઉપસર્ગને સહન કરે છે, આ લોક સંબંધી તથા પરલોક સંબંધી કામભોગો કે વિષયસુખોની ઈચ્છા કરતા નથી, ગમે તેટલા અનુકૂળ ઉપસર્ગો આવે છતાં તેઓ સ્નેહબંધનથી મુક્ત રહે છે; તેઓ અસંયમી જીવન જીવવાની વાંછા પણ કરતા નથી. ધીરતા પૂર્વક તપશ્ચર્યામાં રત રહી તેઓ કર્મવિદારણ કરવામાં સમર્થ બને છે. એવા જન્મ મરણથી નિઃસ્પૃહ, સંયમ અનુષ્ઠાનમાં જ જેનું ચિત્ત લાગેલું છે તેવા પુરુષોને યુવાની વીતી ગયા પછી વૃદ્ધાવસ્થામાં પસ્તાવું પડતું નથી.

## સ્ત્રીસંયોગરૂપ ઉપસર્ગ :–

**૧૬** **जहा णई वेयरणी, दुत्तरा इह सम्मया ।**
**एवं लोगंसि णारिओ, दुत्तरा अमईमया ॥**

**શબ્દાર્થ :– दुत्तरा इह सम्मया** = લોકમાં દુસ્તર માનવામાં આવી છે, **अमईमया** = અમતિમાન, અવિવેકી મનુષ્યથી.

**ભાવાર્થ :–** લોકમાં જેવી રીતે વૈતરણીનદીને દુસ્તર માનવામાં આવે છે, તેવી જ રીતે આ લોકમાં અમતિમાની(અવિવેકી) સાધક પુરુષ માટે સ્ત્રીસંસર્ગ દુસ્તર છે.

**૧૭** **जेहिं णारीण संजोगा, पूयणा पिट्ठओ कया ।**
**सव्वमेयं णिराकिच्चा, ते ठिया सुसमाहिए ॥**

**શબ્દાર્થ :– पूयणा** = પૂતના, કામશૃંગારને, **पिट्ठओ कया** = છોડી દીધા છે, **ते** = તે પુરુષો, **एयं सव्वं णिराकिच्चा** = સમસ્ત ઉપસર્ગોને તિરસ્કારીને, **सुसमाहिए ठिया** = સુસમાધિમાં સ્થિત થાય છે.

**ભાવાર્થ :–** જે સાધકોએ સ્ત્રીસંસર્ગ રૂપ પૂતનાને અથવા પૂજન –કામવિભૂષાને ત્યાગી દીધા છે; તે સાધક આ સમસ્ત ઉપસર્ગોને પરાજિત કરી,સંયમની સુસમાધિમાં, મસ્તીમાં સ્થિત રહે છે.

**વિવેચન :–**

**पूयणा :–** અહીં સ્ત્રી સંસર્ગને પૂતના(રાક્ષસી)ની ઉપમા આપી છે. વ્યાખ્યાનુસાર એના ત્રણ અર્થ છે– (૧) શરીર પૂજવું અર્થાત્ શરીર શોભા–વિભૂષા (૨) ધર્મથી પતિત કરે તે પૂતના (૩) ચારિત્રને મલિન કરે તે પૂતના.

આ બે ગાથાઓમાંથી પ્રથમ ગાથામાં અવિવેકી માટે સ્ત્રીસંગરૂપ ઉપસર્ગ દુસ્તર બતાવી બીજી ગાથામાં કહ્યું છે કે સ્ત્રી સંસર્ગ તેમજ કામવિભૂષાના ત્યાગી સાધકો માટે સ્ત્રીસંગરૂપ ઉપસર્ગ તેમજ અન્ય ઉપસર્ગ સુજેય–જીતવા સહેલા થઈ જાય છે.

**जहा णई...मईमया :–** જેમ નદીઓમાં વૈતરણી નદીને અત્યંત પ્રબળ વેગવાળી તેમજ વિષમતટ હોવાથી અત્યંત દુસ્તર અથવા દુર્લંઘ્ય માનવામાં આવે છે, તેમ પરાક્રમહીન, અવિવેકી સાધક માટે સ્ત્રીસંસર્ગરૂપ ઉપસર્ગને પાર કરવો અત્યંત દુસ્તર છે. જે સાધક વિષયલોલુપ, કામભોગાસક્ત તેમજ સ્ત્રીસંગરૂપ ઉપસર્ગથી પરાજિત થઈ જાય છે, તે અંગારા પર પડેલી માછલીની જેમ કામરાગ, દષ્ટિરાગ તેમજ સ્નેહરાગરૂપી આગમાં તરફડતાં તરફડતાં અશાંત–અસમાધિસ્થ રહે છે.

ઘણા સમયથી સાધના કરતાં સાધકો પણ આ અનુકૂળ સ્ત્રીસંગરૂપ ઉપસર્ગ સમયે અસાવધાન રહે તો તેઓ સ્ત્રીઓના કટાક્ષ સામે પરાજિત થઈ જાય છે. તે ભલે શાસ્ત્રજ્ઞ, પ્રવચનકાર, વિદ્વાન તેમજ ક્રિયાકાંડી કેમ ન હોય ! પરંતુ જે વિદ્વાન સાધકો આ ઉપસર્ગ આવતાં જ તરત સાવધાન બની જાય તો આ ઉપસર્ગ તેને પરાજિત કરી શકતા નથી. કોઈ અનુભવીએ યોગ્ય જ કહ્યું છે કે–

**सन्मार्गे तावदास्ते प्रभवति, पुरुषस्तावदेवेन्द्रियाणाम्,**
**लज्जां तावद्विधत्ते, विनयमपि समालम्बते तावदेव ।**
**भ्रू चापाक्षेपमुक्तः श्रवणपथजुषो नीलपक्ष्माणा एते,**
**यावल्लीलावतीनां न हृदि धृतिमुषो दृष्टिबाणाः पतन्ति ॥**

પુરુષ ત્યાં સુધી સન્માર્ગ પર ટકે છે જ્યાં સુધી ઈન્દ્રિયોને વશમાં રાખી શકે છે, લજ્જા પણ ત્યાં સુધી રાખે છે, તેમજ વિનય પણ ત્યાં સુધી કરે છે કે જ્યાં સુધી સ્ત્રીઓ દ્વારા ધૈર્યને નષ્ટ કરનારા ભ્રૃકુટિ રૂપી ધનુષ્યને કાન સુધી ખેંચીને છોડેલાં કાળી કીકીઓવાળા દષ્ટિબાણ તેના પર પડતા નથી, અસર કરતા નથી.

**जेहिं नारीण...सुसमाहिए :–** ભિક્ષાચરી, ઉપાશ્રયમાં નિવાસ, પ્રવચન આદિ પ્રસંગે સ્ત્રીસંપર્ક થાય છે, પરંતુ જે સાધક સાવધાન તેમજ મોક્ષમાર્ગની સાધનામાં દઢ રહે છે, તે સ્ત્રીસંપર્ક થવા છતાં પણ સ્ત્રીઓ પ્રત્યે મોહ, આસક્તિ, મનમાં કામલાલસા, કામોત્તેજનાથી દૂર રહે છે. તે સ્ત્રીસંગરૂપ ઉપસર્ગથી ચલિત થતા નથી પરંતુ વિજય મેળવે છે અને બીજા અનુકૂળ પ્રતિકૂળ ઉપસર્ગો પર પણ વિજય પ્રાપ્ત કરી લે છે.

### ઉપસર્ગ વિજેતા સાધુ :–

**૧૮** **एते ओघं तरिस्संति, समुद्दं व ववहारिणो ।**
**जत्थ पाणा विसण्णासी, किच्चंति सयकम्मुणा ॥**

**શબ્દાર્થ :– एते** = આ અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગોને જીતનારા પૂર્વોક્ત પુરુષો, **ओघं** = સંસારને, **तरिस्संति** = પાર કરશે, **समुद्दं** = જેમ સમુદ્રને, **ववहारिणो** = વ્યાપાર કરનારા વણિકો પાર કરે છે, **जत्थ** = જે સંસારમાં, **विसण्णासी** = પડેલા, **पाणा** = પ્રાણીઓ, **सयकम्मुणा** = પોતાના કર્મોથી, **किच्चंति** = પીડિત થાય છે.

**ભાવાર્થ :–** જે સંસાર સમુદ્રમાં રહેલા પ્રાણીઓ પોત પોતાના કર્મોથી પીડાય છે તે દુસ્તર સંસાર પ્રવાહને પરીષહ વિજેતા મોક્ષાર્થી સાધક પાર પામી જાય છે, જેમ કે સમુદ્રના આશ્રયે વ્યાપાર કરનારા વણિક અથાગ સમુદ્રને પણ પાર કરી લે છે.

**૧૯** **तं च भिक्खू परिण्णाय, सुव्वए समिए चरे ।**
**मुसावायं विवज्जेज्जा अदिण्णादाणं च वोसिरे ॥**

**શબ્દાર્થ :– तं च परिण्णाय** = પૂર્વોક્ત વાતો ને જાણીને.

**ભાવાર્થ :–** સાધુ તે પૂર્વોક્ત અનુકૂળ પ્રતિકૂળ ઉપસર્ગને જાણીને જ્ઞ પરિજ્ઞાથી જાણીને અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી તેનાથી મુક્ત થઈ ઉત્તમ વ્રતોથી યુક્ત તથા પાંચ સમિતિઓથી સહિત વિચરણ કરે, મૃષાવાદને છોડી દે અને અદત્તાદાનનો વ્યુત્સર્ગ કરે અર્થાત્ મન, વચન, કાયાથી ત્યાગ કરે.

**૨૦** **उड्ढमहे तिरियं वा, जे केई तस थावरा ।**
**सव्वत्थ विरइं कुज्जा, संति णिव्वाणमाहियं ॥**

**શબ્દાર્થ :–** **संति णिव्वाणमाहियं** = એમ કરવાથી શાંતિ રૂપી નિર્વાણપદની પ્રાપ્તિ કહેવામાં આવી છે.

**ભાવાર્થ :–** ઊર્ધ્વ અધો અને તિર્ચ્છા લોકમાં જે કોઈ ત્રસ–સ્થાવર પ્રાણી છે, તેઓના નાશ(હિંસા)થી વિરત થઈ જાય તે શાંતિરૂપ નિર્વાણપદને પ્રાપ્ત થાય છે, એમ કહેવામાં આવ્યું છે.

**૨૧** **इमं च धम्ममादाय, कासवेण पवेइयं ।**
**कुज्जा भिक्खू गिलाणस्स, अगिलाए समाहिए ॥**

**ભાવાર્થ :–** કાશ્યપગોત્રીય ભગવાન મહાવીર દ્વારા પ્રરૂપિત આ ધર્મને સ્વીકારી, સમાધિ ભાવ યુક્ત શ્રમણ ગ્લાનિ રહિત ભાવોથી બીમાર સાધુની વૈયાવચ્ચ કરે.

**૨૨** **संखाय पेसलं धम्मं, दिट्ठिमं परिणिव्वुडे ।**
**उवसग्गे णियामित्ता, आमोक्खाए परिव्वएज्जासि ॥ त्ति बेमि ॥**

**ભાવાર્થ :–** સમ્યગ્ દૃષ્ટિ સંપન્ન તેમજ પરિનિવૃત્ત (પ્રશાન્ત) કુશળ સાધક આ ધર્મને સમ્યક્ પ્રકારે જાણી ઉપસર્ગો પર વિજય પ્રાપ્ત કરી, મોક્ષપ્રાપ્તિ સુધી સંયમમાં પરાક્રમ કરે.

## વિવેચન :–

આ અધ્યયનના ઉપસંહારમાં પાંચ ગાથાઓમાં ઉપસર્ગ વિજેતા સાધકની યોગ્યતા, તેનું પ્રતિફળ અને કર્તવ્યનો નિર્દેશ કરવામાં આવ્યો છે. (૧) ઉપસર્ગવિજેતા સાધક પોતાના કર્મથી પીડિત સંસાર સાગરને સમુદ્રના વ્યાપારીઓની જેમ પાર કરે છે, (૨) પૂર્વ ગાથાઓમાં કહેલા ઉપસર્ગોને જાણી તેનાથી સાવધાન રહેતા હોય, (૩) ઉત્તમવ્રતના ધારક હોય, (૪) પાંચ સમિતિઓથી યુક્ત હોય, (૫) મૃષાવાદનો પરિત્યાગી હોય, (૬) અદત્તાદાનના ત્યાગી હોય, (૭) સમસ્ત પ્રાણીઓની હિંસાથી વિરત હોય, (૮) શાંતિને જ નિર્વાણ પ્રાપ્તિનું કારણ માનતા હોય, (૯) ભગવાન મહાવીર દ્વારા પ્રજ્ઞપ્ત ધર્મનો સ્વીકાર કર્યો હોય, (૧૦) બીમાર સાધુની પ્રસન્નભાવે સેવા કરતા હોય, (૧૧) મુક્તિ આપવામાં કુશળ ધર્મને ઓળખતા હોય, (૧૨) સમ્યક્દષ્ટિથી સંપન્ન હોય, (૧૩) જેના રાગ–દ્વેષ, કષાય આદિ વિશેષ પ્રકારે શાંત હોય, (૧૪) ઉપસર્ગો આવે ત્યારે તેનાથી પરાજય ન પામતા હોય, સહનશીલ હોય, (૧૫) મોક્ષપ્રાપ્તિ સુધી સંયમમાં નિષ્ઠાપૂર્વક પરાક્રમ કરતા હોય.

(૧) **ओघं तरिस्संति :–** સંસાર સાગરને પાર કરવો ઘણો કઠિન છે, સંસાર ત્યારે જ પાર કરી શકાય, જ્યારે કર્મોનો સર્વથા ક્ષય થાય. કર્મોનો ક્ષય કરવા માટે પૂર્વગાથાઓમાં કહેલા અનુકૂળ અને પ્રતિકૂળ સમસ્ત ઉપસર્ગો પર વિજય મેળવવો જરૂરી છે. જે મોક્ષયાત્રી સાધક આ સમસ્ત ઉપસર્ગો પર વિજય પ્રાપ્ત કરી લે છે, તેઓ બહુજ સરળતાથી તે રીતે ધર્મરૂપી કે સંયમરૂપી વહાણથી સંસાર–સમુદ્રને પાર કરી લે છે, જેવી રીતે સામુદ્રિક વ્યાપારી પોતાનાં વહાણો દ્વારા સમુદ્રને પાર કરે છે. જે દુસ્તર નારી–સંગરૂપી

ઉપસર્ગ પર વિજય પ્રાપ્ત કરી શકતા નથી તેઓ સંસાર સાગરને પાર કરી શકતા નથી, સંસાર તેઓને માટે દુસ્તર છે.

**संसार ! तव दुस्तरपदवी न दवीयसी ।**
**अन्तरा दुस्तरा न स्युर्यदिरे ! मदिरेक्षणा ॥**

"અરે સંસાર ! જો વચ્ચમાં આ દુસ્તર નારીઓ ન હોત તો તારી આ જે દુસ્તર પદવી છે, તેનું કોઈ મહત્ત્વ ન હોત !" દુસ્તર કામને તરી જવો તે આ ઉપસર્ગ વિજયી સાધક બનવા માટેનું પહેલું ચરણ છે.

(૨) **तं च भिक्खू परिण्णाय :–** અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગોને જ્ઞ પરિજ્ઞાથી સારી રીતે સમજી અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી સાવધાન થઈ બચવું ! તે ઉપસર્ગો આવતા જ દઢતાપૂર્વક તેનાપર વિજય પ્રાપ્ત કરવા ! તેને પોતાના પર સવાર થવા ન દેવા. આ ઉપસર્ગ વિજેતા માટે બીજું ચરણ છે.

(૩) **सुव्वए :–** ઉપસર્ગવિજયી બનવા માટે સાધકે સુંદર વ્રતો (યમ–નિયમો)થી યુક્ત હોવું જરૂરી છે. **चरे** ક્રિયા લગાવવા પાછળ આશય એ છે કે સાધક મહાવ્રત કે યમ નિયમ ગ્રહણ કરી તેનું દઢતાપૂર્વક આચરણ પણ કરે. તો જ તે ઉપસર્ગો પર વિજય પ્રાપ્ત કરી શકે.

(૪) **समिए चरे :–** સાધકે ઉપસર્ગ વિજયી બનવામાટે પાંચ સમિતિઓ અને ઉપલક્ષણથી ત્રણ ગુપ્તિઓનું પાલન કરવું જરૂરી છે. જો તેનો અભ્યાસ જીવનમાં નહીં હોય તો સાધુ ઉપસર્ગોની સામે ટકી ન શકે. **समिए** શબ્દ દ્વારા ઉત્તરગુણોના દઢતાપૂર્વકના આચરણનો નિર્દેશ છે, જ્યારે **सुव्वए** શબ્દથી મૂળ ગુણોના આચરણનો નિર્દેશ છે.

(૫) **मुसावायं च वज्जिज्जा** (૬) **अदिणादाणं च वोसिरे** (૭) **सव्वत्थ विरइं कुज्जा :–** પૂર્વોક્ત ચરણોમાં મહાવ્રતોનું વિધેયાત્મક રૂપથી આચરણ કરવાનો નિર્દેશ હતો, પરંતુ કેટલાક સાધક તેમ કરવા છતાં લપસી જાય છે. તેથી નિષેધાત્મક રૂપથી પણ વ્રતાચરણ કરવા માટે આ ત્રણ નિર્દેશ સૂત્રો બતાવ્યાં છે. જે ઉપસર્ગો પર વિજય મેળવવા માટે જરૂરી છે કે સાધક મૃષાવાદનો, અદત્તાદાનનો પણ ત્યાગ કરે; તેમજ 'ચ' શબ્દથી મૈથુનવૃત્તિ (અબ્રહ્મચર્ય)અને પરિગ્રહવૃત્તિને પણ સર્વથા છોડે અને જીવ હિંસાનો પણ સર્વથા ત્યાગ કરે.

(૮) **संति णिव्वाणमाहियं :–** ઉપસર્ગ વિજય માટે સાધકે સતત તપશ્ચર્યામય જીવન જીવવું જોઈએ જેથી તે સ્વકૃત કર્મોની આગને શાંત કરી શકે. ભગવાને કર્મરૂપી અગ્નિની શાંતિને જ નિર્વાણ પ્રાપ્તિનું કારણ બતાવ્યું છે, તેથી ઉપસર્ગ વિજયને માટે કર્મરૂપ અગ્નિની શાંતિને આઠમું ચરણ બતાવ્યું છે.

(૯) **इमं च धम्ममादाय कासवेण पवेइयं :–** ઉપસર્ગ વિજય માટે ભગવાન મહાવીર દ્વારા પ્રરૂપિત શ્રુતચારિત્રરૂપ ધર્મનો, મૂળગુણ–ઉત્તરગુણરૂપ ધર્મનો અથવા ક્ષમા આદિ દશ પ્રકારના શ્રમણ ધર્મને દઢતાપૂર્વક સ્વીકાર કરવો જરૂરી છે. અહીં ક્ષમા આદિ દશવિધ શ્રમણધર્મના સ્વીકારનો સંકેત છે, કારણ કે ઉપસર્ગ વિજયમાટે ક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને

બ્રહ્મચર્ય આ દશ ધર્મો સાધુજીવનમાં અનિવાર્યપણે હોવા જોઈએ.

(૧૦) **कुज्जा भिक्खू गिलाणस्स अगिलाए समाहिए :–** ઉપસર્ગ વિજય માટે અગ્લાન (નીરોગી) સાધકે ગ્લાન (રોગી, અશક્ત, વૃદ્ધ આદિ) સાધુની પરિચર્યા (સેવા) અગ્લાન ભાવથી કરવી જરૂરી છે. રોગી સાધુની સેવા કરવામાં બેચેની, ગ્લાની કે કંટાળાનો અનુભવ ન કરે, પ્રસન્ન મનથી, પોતાની જાતને ધન્ય તેમજ કૃતકૃત્ય માની સેવા કરે, તો જ તે સેવા કર્મ નિર્જરાનું કારણ બને. ગ્લાનની સેવાનો અવસર મળે ત્યારે તેનાથી અણગમો કરવો, મુખ ફેરવવું અથવા બેચેનીનો અનુભવ કરવો એ એક પ્રકારનો અરતિપરીષહ રૂપ ઉપસર્ગ છે. તેમ કરવાથી તે સાધકનો ઉક્ત (આગળ કહેલા) ઉપસર્ગથી પરાજય છે.

(૧૧) **संखाय पेसलं धम्मं :–** ઉપસર્ગ વિજયીને માટે એ પણ જરૂરી છે કે તે ધર્મને સારી રીતે ઓળખી લે, જે મોક્ષ અપાવવામાં કુશળ હોય. સંસારમાં અનેક પ્રકારના નિત્ય અને નૈમિત્તિક ધર્મ પ્રચલિત છે. કેટલાક દર્શન કામના–વાસના મૂલક વાતોને પણ ધર્મસંજ્ઞા(નામ)આપે છે, કેટલાક તથાકથિત સ્વમાન્ય શાસ્ત્રવિહિત કર્મકાંડો અથવા માત્ર જ્ઞાનને જ ધર્મ બતાવે છે, તેના એકએક અંગને મુક્તિનું કારણ બતાવે છે, જ્યારે જૈન દર્શન એમ કહે છે કે જેનાથી શુભ કર્મની વૃદ્ધિ થાય એવા સત્કર્મ ધર્મ નથી, પુણ્ય છે. ધર્મ તે જ છે– જેનાથી કર્મોનો નિરોધ અથવા કર્મક્ષય થતો હોય, કર્મની નિર્જરા થતી હોય, આ દષ્ટિએ માત્ર જ્ઞાન જ મોક્ષનું કારણ નથી અને એકાંત ચારિત્ર(ક્રિયા)પણ મોક્ષનું કારણ નથી. પરંતુ સમ્યક્દર્શનપૂર્વક સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર ત્રણેનો સમન્વય જ મોક્ષનું કારણ છે, આ ત્રણે ય જ્યાં હોય ત્યાં જ ધર્મ છે. જો સાધક ધર્મને ઓળખવામાં ભૂલ કરે તો તે ધર્મના નામે ધર્મભ્રમ (પશુબલિ, કામપ્રાર્થનાર્થી નારી સમાગમ, કામનામૂલક ક્રિયાકાંડ આદિ)ને પકડીને ઉપસર્ગોના સકંજામાં ફસાઈ જાય છે. તેથી ઉપસર્ગ વિજય માટે અગિયારમું ચરણ બતાવવામાં આવ્યું છે– ધર્મના સ્વરૂપને જાણવું.

(૧૨) **दिट्ठिमं :–** જો સાધક મિથ્યા અથવા વિપરીત દષ્ટિ(દર્શન)થી ગ્રસ્ત થઈ જશે, તો તે ફરી અનુકૂળ ઉપસર્ગોથી પરાજીત થઈ જશે. તેથી ઉપસર્ગ વિજયી બનવા માટે સાધકે સમ્યક્દષ્ટિ સંપન્ન થવું પરમ આવશ્યક બતાવ્યું છે. સમ્યક્દષ્ટિ સંપન્ન હોવાથી સાધક વ્યવહારમાં સુદેવ, સુગુરુ અને સદ્ધર્મ તથા સત્ શાસ્ત્ર પ્રત્યે દઢ શ્રદ્ધા રાખશે, હેય, જ્ઞેય, ઉપાદેય તત્ત્વોને જાણી શકશે, તથા સર્વત્ર આત્મહિતની દષ્ટિ જ મુખ્ય રાખશે, તે ફરીવાર ચારિત્રભ્રષ્ટ કરનારા અનુકૂળ ઉપસર્ગોના ચક્કરમાં આવશે નહિ.

(૧૩) **परिणिव्वुडे :–** ઉપસર્ગો પર સફળતાપૂર્વક વિજય મેળવવા માટે સાધકના રાગ–દ્વેષ તેમજ કષાયાદિ શાંત થવા જરૂરી છે. જો તે રાગદ્વેષ અથવા ક્રોધાદિથી ઉત્તેજિત થઈ જશે તો તે અનેક આત્મસંવેદનકૃત ઉપસર્ગોથી ઘેરાઈ જશે. પછી તે ઉપસર્ગોથી છુટકારો મેળવવો કઠિન થઈ જશે.

(૧૪) **उवसग्गे णियामित्ता :–** સાધકના જીવનમાં અનુકૂળ અથવા પ્રતિકૂળ ઉપસર્ગો અકસ્માત્ આવી શકે છે, તે સમયે સાધકે તરત જ વિવેક પૂર્વક તે ઉપસર્ગો પર કાબુ મેળવવો જરૂરી છે. જો તે તે વખતે ઉપયોગ ન રાખે તો ઉપસર્ગ તેના પર સવાર થઈ જશે, તેથી ઉપસર્ગો આવતાં જ મનથી તરત નિર્ણય કરે

કે મારે આ ઉપસર્ગથી પરાજિત થવું નથી પરંતુ તેના પર વિજય પ્રાપ્ત કરવો છે.

(૧૫) **आमोक्खाए परिवएज्जासि :**– સૌથી છેલ્લું ચરણ ઉપસર્ગ વિજયી બનવા માટે એ છે કે તે સાધકે વારંવાર ઉપસર્ગોનું આક્રમણ થવા છતાં પણ મનમાં અશ્રદ્ધા, અવિશ્વાસ અને અધીરતા લાવીને સંયમ (સંયમી જીવન)ને છોડી દેવો ન જોઈએ. દઢ વિશ્વાસ અને ધૈર્યપૂર્વક ઉપસર્ગોને સહન કરતા મોક્ષપ્રાપ્તિ થાય ત્યાં સુધી સંયમમાં સ્થિર રહેવું જોઈએ.

ઉપસર્ગ પરિજ્ઞા અધ્યયનની પરિસમાપ્તિમાં છેલ્લી બે ગાથાઓની (જે આ અધ્યનના ત્રીજા ઉદ્દેશાના અંતમાં આપી હતી) પુનરાવૃત્તિ કરતા શાસ્ત્રકારે પાંચ ગાથાઓમાં ઉપસર્ગ વિજયી બનવા માટે પંદર ચરણોમાં માર્ગ નિર્દેશ કર્યો છે.

## ॥ અધ્યયન ૩/૪ સંપૂર્ણ ॥

# ચોથું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ "સ્ત્રીપરિજ્ઞા" છે.

આ અધ્યયનમાં સ્ત્રીના સ્વરૂપ, સ્વભાવ આદિના પરિજ્ઞાનનું અને તેના પ્રત્યે આસક્તિ, મોહ આદિના પરિત્યાગનું વર્ણન હોવાથી તેનું નામ "સ્ત્રીપરિજ્ઞા" રાખ્યું છે. આ અધ્યયનના નામમાં બે શબ્દ છે. (૧) સ્ત્રી અને (૨) પરિજ્ઞા.

સ્ત્રી શબ્દના નિક્ષેપની દષ્ટિએ અનેક અર્થ થાય છે. નામ સ્ત્રી–કોઈ સજીવ કે નિર્જીવ વસ્તુનું 'સ્ત્રી' એવું નામ આપવામાં આવે તો તે નામ સ્ત્રી છે. સ્થાપના સ્ત્રી– કોઈ લાકડા, પથ્થરાદિમાં સ્ત્રી છે તેવી સ્થાપના કરવામાં આવે તો તે સ્થાપના સ્ત્રી કહેવાય છે. દ્રવ્યસ્ત્રી બે પ્રકારની છે. **આગમતઃ** અને **ણોઆગમતઃ** જે સ્ત્રીપદના અર્થને જાણે છે પરંતુ તેના ઉપયોગથી રહિત છે, તે આગમદ્રવ્યસ્ત્રી છે. નોઆગમ દ્રવ્યસ્ત્રીના ત્રણ ભેદ છે. જ્ઞશરીર દ્રવ્યસ્ત્રી, ભવ્યશરીર દ્રવ્યસ્ત્રી અને જ્ઞશરીર–ભવ્યશરીર વ્યતિરિક્ત દ્રવ્યસ્ત્રી. તેમાંથી જ્ઞશરીર–ભવ્યશરીર–તદ્વ્યતિરિક્ત દ્રવ્યસ્ત્રીના ત્રણ પ્રકાર છે. (૧) એકભવિકા (જે જીવ એક ભવ પછી જ સ્ત્રી શરીરને પ્રાપ્ત કરનાર હોય) (૨) બદ્ધાયુષ્કા (જેણે સ્ત્રીનું આયુષ્ય બાંધી લીધુ હોય) (૩) અભિમુખ નામગોત્રા. જે જીવ સ્ત્રી શરીરને યોગ્ય નામ ગોત્ર કર્મને અભિમુખ હોય.

તે ઉપરાંત ચિન્હસ્ત્રી, વેદસ્ત્રી અને અભિલાપ સ્ત્રી આદિ પણ દ્રવ્યસ્ત્રીના અનેક પ્રકાર છે. જે ચિન્હમાત્રથી સ્ત્રી છે અથવા સ્ત્રીના સ્તન આદિ અંગોપાંગ તથા સ્ત્રીની જેમ વેશભૂષા આદિ ધારણ કરે તે ચિન્હસ્ત્રી છે અથવા જે મહાન આત્માનો સ્ત્રીવેદ નષ્ટ થઈ ગયો છે, છદ્મસ્થ, કેવળી અથવા અન્ય જીવ માત્ર સ્ત્રીવેષ ધારણ કરે તે પણ ચિન્હસ્ત્રી છે. જેનામાં પુરુષને ભોગવવાની અભિલાષારૂપ સ્ત્રીવેદનો ઉદય હોય તેને વેદસ્ત્રી કહે છે. સ્ત્રીલિંગનો વાચક શબ્દ અભિલાપ સ્ત્રી કહેવાય છે, જેમ કે માળા, સીતા, પદ્મિની આદિ.

ભાવસ્ત્રી બે પ્રકારની હોય છે. **આગમતઃ** અને **ણોઆગમતઃ** . જે સ્ત્રી શબ્દના અર્થને જાણે, તેમાં ઉપયોગ રાખે છે તે આગમથી ભાવસ્ત્રી છે. જેનો સ્ત્રીવેદરૂપ વસ્તુમાં ઉપયોગ હોય અથવા સ્ત્રીવેદોદય પ્રાપ્ત કર્મોમાં ઉપયુક્ત હોય અથવા જે સ્ત્રીવેદનીય કર્મોનો અનુભવ કરતા હોય, તે આગમથી ભાવસ્ત્રી કહેવાય છે.

પરિજ્ઞા એટલે આ દ્રવ્ય–ભાવ સ્ત્રી સંબંધી જ્ઞાન પ્રાપ્ત કરવું. પરિજ્ઞાના શાસ્ત્રીય દષ્ટિએ બે અર્થ છે. જ્ઞ પરિજ્ઞા દ્વારા વસ્તુતત્વનું યથાર્થ પરિજ્ઞાન અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા દ્વારા તેના પ્રત્યે આસક્તિ,

મોહ, રાગદ્વેષાદિનો ત્યાગ કરવો.

સાધુને સ્ત્રીસંગ રૂપ ઉપસર્ગ આવે ત્યારે તે ઉપસર્ગથી સાધુએ કેવી રીતે સુરક્ષિત રહેવું તેનું પરિજ્ઞાન કરાવવું એ આ અધ્યયનનો ઉદ્દેશ છે.

સ્ત્રીપરિજ્ઞા અધ્યયનના બે ઉદ્દેશક છે. પહેલા ઉદ્દેશકમાં સ્ત્રીજન્ય ઉપસર્ગના સંદર્ભમાં કહ્યું છે કે સ્ત્રીઓની સાથે સંસર્ગ રાખવો, તેના કામોત્તેજક અંગોપાંગોને વિકાર ભાવથી જોવા આદિ ક્રિયા મંદ પરાક્રમી સાધુને ચારિત્રભ્રષ્ટ કરે છે. જરામાત્ર અસાવધાન બને તો સાધુતાનો વિનાશ થાય, તે સાધુ દીક્ષા પણ છોડી દે. પહેલા ઉદ્દેશકમાં ૩૧ ગાથાઓ છે.

બીજા ઉદ્દેશકમાં ચારિત્રભ્રષ્ટ સાધુને સ્વપક્ષ અને પરપક્ષ તરફથી કેવા કેવા અપમાન, તિરસ્કાર આદિ દુ:ખોના પ્રસંગો આવે છે તે દર્શાવેલ છે. શીલભંગના કારણે અશુભ કર્મબંધનો બંધ કરે છે અને લાંબા કાળ સુધી સંસાર પરિભ્રમણ કર્યા કરે છે. વિચિત્ર છલનાપૂર્ણ મનોવૃત્તિવાળી સ્ત્રીઓ દ્વારા અત્યંત બુદ્ધિમાન, પ્રચંડ, શૂરવીર તેમજ મહાતપસ્વી એવા સાધકને પણ કામ તરફ કેવી રીતે પ્રેરે છે તે દ્રષ્ટાંત પૂર્વક સમજાવવામાં આવ્યું છે. બીજા ઉદ્દેશામાં ૨૨ ગાથાઓ છે.

આ અધ્યયનમાં સ્ત્રીઓને અવિશ્વસનીય, કપટની ખાણ આદિ દુર્ગુણોથી યુક્ત બતાવવામાં આવી છે. તે માત્ર પુરુષને જાગૃત તેમજ કામવિરક્ત કરવાની દષ્ટિએ છે. પરંતુ સ્ત્રીઓની નિંદા કરવાની દષ્ટિએ તેમ કહ્યું નથી. વાસ્તવમાં પુરુષની ભ્રષ્ટતાનું મુખ્યકારણ તો તેમની પોતાની કામવાસના છે, તે વાસના ઉત્તેજિત થવામાં સ્ત્રી નિમિત્તકારણ બની જાય છે. તેથી "સ્ત્રી પરિજ્ઞા"નું તાત્પર્ય સ્ત્રીના સંસર્ગ નિમિત્તક ઉપસર્ગની પરિજ્ઞા સમજવી જોઈએ.

નિર્યુક્તિકાર અને વૃત્તિકાર એ તથ્યને સ્વીકારે છે કે સ્ત્રીઓના સંસર્ગથી જેટલા દોષો પુરુષોમાં ઉત્પન્ન થાય છે, પ્રાયઃ તેટલા જ દોષો પુરુષોના સંસર્ગથી સ્ત્રીઓમાં ઉત્પન્ન થઈ શકે છે માટે સ્ત્રી પરિજ્ઞાનું સંપૂર્ણ વર્ણન પુરુષ પરિજ્ઞાના રૂપમાં પણ સમજી શકાય છે તેથી સાધ્વીઓએ પુરુષ સંસર્ગથી સાવધાન રહેવું જોઈએ.

આ અધ્યયનમાં સ્ત્રી સંસર્ગથી પુરુષ સાધકમાં આવતા દોષોની જેમજ પુરુષના સંસર્ગથી સ્ત્રીમાં આવતા દોષો પણ બતાવવામાં આવ્યા છે છતાં પણ એનું નામ "પુરુષ પરિજ્ઞા" ન રાખતાં "સ્ત્રીપરિજ્ઞા" રાખવામાં આવ્યું છે. તેનું કારણ એ છે કે અધિકતર દોષો સાધુમાં સ્ત્રીસંસર્ગથી સહજ શીઘ્ર ઉત્પન્ન થાય છે. પરંતુ પુરુષ સંસર્ગથી સાધ્વીમાં દોષો ઉત્પન્ન થવા તેટલા સહજ નથી કદાચિત્ પરીષહ ઉત્પન્ન થાય તો તેને સ્ત્રી જીરવી શકે છે, સહન કરી શકે છે. માટે જ કહ્યું છે કે 'સ્ત્રી' પ્રથમ આકર્ષણ કરે છે અને પુરુષ દોષોને નહિ જીરવતા શીઘ્ર આક્રમણ કરનારો હોય છે. તેથી પુરુષને સાવધાન રહેવા માટે વિશેષતયા સૂચન કરેલું છે અથવા અધ્યયનના પ્રવકતા(કહેનારા) પુરુષ છે તેથી પુરુષને અનુલક્ષીને સ્ત્રી પરિજ્ઞા નામ રાખવામાં આવ્યું છે. વાસ્તવમાં અરસ–પરસ વાસનાને ઉપાસના રૂપમાં પરિવર્તન કરવા માટે, સાધ્વી "પુરુષથી", સાધુ "સ્ત્રીથી" એમ બન્નેએ એકબીજાથી સાવધાન, નવવાડ વિશુદ્ધ, ગુપ્તેન્દ્રિય થઈને

રહેવાનું છે. વિજાતિય તત્ત્વનો સંસર્ગમાત્ર છોડવાનો રહે છે. સાધુ–સાધ્વી બન્નેએ જિનાજ્ઞા મુજબ નિયમોનું સમાન પાલન કરી વિચરવું જોઈએ.

નિર્યુક્તિકારે અહીં સ્ત્રી શબ્દના નિક્ષેપની જેમ "પુરુષ" શબ્દના પણ નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, પ્રજનન, કર્મ, ભોગ, ગુણ અને ભાવની દૃષ્ટિએ ૧૦ નિક્ષેપો બતાવ્યા છે, જેને "પુરુષપરિજ્ઞા"ની દૃષ્ટિએ સમજી લેવા જોઈએ.

આ અધ્યયનના પ્રથમ ઉદ્દેશકમાં ૩૧ ગાથા અને બીજા ઉદ્દેશકમાં ૨૨ ગાથા છે. સંપૂર્ણ અધ્યયનમાં કુલ ૫૩ ગાથા છે.

❖❖❖❖❖

# ચોથું અધ્યયન

## સ્ત્રીપરિજ્ઞા

## પહેલો ઉદ્દેશક

**સ્ત્રીસંગરૂપ ઉપસર્ગ :–**

**૧** जे मायरं च पियरं च, विप्पजहाय पुव्वसंजोगं ।
एगे सहिए चरिस्सामि, आरयमेहुणे विवित्तेसु ॥

**શબ્દાર્થ :– जे** = જે, **मायरं पियरं** = માતા પિતાને, **पुव्वसंजोगं** = પૂર્વ સંબંધને, **विप्पजहाय** = છોડીને, **आरयमेहुणो** = મૈથુન રહિત થઈ, **एगे सहिए** = એકલો, જ્ઞાન, દર્શન અને ચારિત્રથી યુક્ત રહેતો, **विवित्तेसु** = સ્ત્રી, પશુ અને નપુંસક રહિત સ્થાનોમાં, **चरिस्सामि** = વિચરીશ.

**ભાવાર્થ :–** જે પુરુષ માતા–પિતા વગેરે સમસ્ત પૂર્વ સંબંધોનો ત્યાગ કરી, મૈથુનથી વિરત થઈ તથા રાગદ્વેષ રહિત જ્ઞાન–દર્શન–ચારિત્રથી યુક્ત, સ્ત્રી, પશુ તેમજ નપુંસક રહિત સ્થાનોમાં વિચરણ કરીશ તેવા ભાવ સાથે જેણે દીક્ષા લીધી છે.

**૨** सुहुमेण तं परक्कम्म, छण्णपएण इत्थिओ मंदा ।
उवायं पि ताओ जाणंति, जह लिस्संति भिक्खुणो एगे ॥

**શબ્દાર્થ :– मंदा इत्थिओ** = અવિવેકી સ્ત્રીઓ, **सुहुमेणं** = કપટથી, **तं परक्कम्म** = તે સાધુની પાસે આવીને, **छण्णपएण** = કપટથી અથવા ગૂઢ શબ્દથી સાધુને શીલભ્રષ્ટ કરવાનો પ્રયત્ન કરે છે, **ता उवायंपि जाणंति** = સ્ત્રીઓ તે ઉપાય–સાધુને છેતરવાનો ઉપાય પણ જાણે છે, **जह एगे भिक्खुणो लिस्संति** = જેથી કોઈ સાધુ તેની સાથે સંગ કરી લે છે, સંયમથી લપસી જાય છે.

**ભાવાર્થ :–** તે સાધુની નજીક આવી હિતાહિતના વિવેકરહિત સ્ત્રીઓ છલથી અથવા ગૂઢાર્થવાળા પદોથી તેને શીલભ્રષ્ટ કરવાનો પ્રયત્ન કરે છે. તે સ્ત્રીઓ સાધુતાને શીલભ્રષ્ટ કરવાના વિવિધ ઉપાયો પણ જાણે છે અને તેનો પ્રયોગ કરે છે. તેથી કેટલાક સાધુ તેનો સંગ કરે છે, લપસી જાય છે.

**૩** पासे भिसं णिसीयंति, अभिक्खणं पोसवत्थं परिहिंति ।
कायं अहे वि दंसेंति, बाहुमुद्धट्टु कक्खमणुवज्जे ॥

**શબ્દાર્થ :– पासे** = સાધુની નજીક, **भिसं** = અત્યંત, **णिसीयंति** = બેસે છે, **अभिक्खणं** = વારંવાર, **पोसवत्थं** = કામને ઉત્પન્ન કરનારાં સુંદર વસ્ત્રો અથવા કામાંગોને આચ્છાદિત કરનારું વસ્ત્ર, **परिहिंति** = પહેરે છે, **अहे वि कायं** = શરીરના નીચલા ભાગને પણ, **दंसेंति** = દેખાડે છે, **बाहुं उद्धट्टु** = હાથ ઉંચો કરીને, **कक्खमणुवज्जे** = કાંખ દેખાડતી સાધુની સામે જાય છે.

**ભાવાર્થ :–** તે સાધુની અતિ નજીક લાંબો સમય બેસે છે, વારંવાર કામવાસના પોષક એવા સુંદર વસ્ત્રો પહેરે છે, શરીરના અધોભાગને પણ દેખાડે છે તથા હાથ ઊંચા કરીને બગલ દેખાડતી સાધુની સામે જાય છે.

**૪** **सयणासणेहिं जोगेहिं, इत्थीओ एगया णिमंतेंति ।**
**एयाणि चेव से जाणे, पासाणि विरूवरूवाणि ॥**

**શબ્દાર્થ :– एगया** = કોઈ સમયે, **इत्थीओ** = સ્ત્રીઓ, **जोगेहिं** = ઉપભોગ કરવા યોગ્ય, **सयणासणेहिं** = શય્યા, આસન માટે, **णिमंतेंति** = પલંગ, આસન આદિ માટે સાધુને આમંત્રિત કરે છે, **से** = તે વિવેકી સાધુ, **एयाणि चेव** = તેનું સેવન, **विरूवरूवाणि** = વિવિધ પ્રકારના, **पासाणि** = પાશ બંધનરૂપ, **जाणे** = જાણે.

**ભાવાર્થ :–** ક્યારેક તે ચાલાક સ્ત્રીઓ ઉપભોગ યોગ્ય આસન, શયન– સુંદર પલંગ, શય્યા, ખુરશી અથવા આરામખુરશી આદિનો ઉપભોગ કરવા માટે સાધુને આમંત્રિત કરે છે. ત્યારે વિવેકી સાધુએ સર્વ આમંત્રણદાયી વાતોને કામજાળમાં ફસાવવાના વિવિધ પ્રકારના બંધન સમજવા જોઈએ.

**૫** **णो तासु चक्खु संधेज्जा, णो वि य साहसं समभिजाणे ।**
**णो सहियं पि विहरेज्जा, एवमप्पा सुरक्खिओ होइ ॥**

**શબ્દાર્થ :– तासु** = તે સ્ત્રીઓ તરફ, **चक्खू** = આંખ, **णो संधेज्जा** = ન ઉઠાવે, **णो वि य साहसं समभिजाणे** = તેની સાથે કુકર્મ કરવાનું પણ સ્વીકારે નહિ, **सहियंपि णो विहरेज्जा** = તેઓની સાથે ન રહે, ગ્રામ આદિમાં વિહાર ન કરે, **एवमप्पा सुरक्खिओ होइ** = એ પ્રમાણે સાધુનો આત્મા સુરક્ષિત રહે છે.

**ભાવાર્થ :–** સાધુઓ સ્ત્રી સાથે દષ્ટિનું અનુસંધાન ન કરે, તેની સાથે કુકર્મ કરવાનું ન સ્વીકારે, તેની સાથે ન રહે અથવા વિહાર ન કરે. આ પ્રમાણે સાવધાની રાખવાથી સાધુનો આત્મા સુરક્ષિત રહે છે.

**૬** **आमंतिय ओसवियं वा, भिक्खुं आयसा णिमंतेंति ।**
**एयाणि चेव से जाणे, सद्दाणि विरूवरूवाणि ॥**

**શબ્દાર્થ :– आमंतिय** = સ્ત્રીઓ સાધુને હું આપની પાસે અમુક સમયે આવીશ ઈત્યાદિ આમંત્રણ

કરીને, **ओसवियं** = અનેક પ્રકારના વાર્તાલાપથી વિશ્વાસ આપીને, **आयसा** = પોતાની સાથે ભોગ માટે,**से** = સાધુ.

**ભાવાર્થ :–** વિલાસિની સ્ત્રીઓ સાધુને સંકેત દ્વારા હું અમુક સમયે આપની પાસે આવીશ, ઈત્યાદિ પ્રકારે આમંત્રિત કરીને તથા અનેક પ્રકારના વાર્તાલાપોથી વિશ્વાસ આપી સંભોગ માટે પ્રાર્થના કરે છે. સાધુ આ શબ્દજાળને વિવિધ પ્રકારના પાશબંધન સમજે.

**૭** **मणबंधणेहिं णेगेहिं, कलुणविणीयमुवगसित्ताणं ।**
**अदु मंजुलाइं भासंति, आणवयंति भिण्णकहाहिं ॥**

**શબ્દાર્થ :– णेगेहिं मणबंधणेहिं** = અનેક પ્રકારના મનને બાંધનાર, **कलुणविणीयमुवगसित्ताणं** = કરુણોત્પાદક વાક્ય અને વિનીતભાવથી સાધુની પાસે આવીને, **अदु मंजुलाइं भासंति** = મધુર ભાષણ કરે, **भिण्ण कहाहिं आणवयंति** = અને કામ સંબંધી આલાપો દ્વારા સાધુને કુકર્મ કરવાની આજ્ઞા કરે છે, હુકમ ચલાવે છે.

**ભાવાર્થ :–** ચાલાક સ્ત્રીઓ સાધુના મનને બાંધનારા, મનમોહક–ચિત્તાકર્ષક તથા કરુણાજનક વાક્ય બોલીને તેમજ વિનીત ભાવથી સાધુની નજીક આવીને મીઠું મીઠું, સુંદર બોલી કામસંબંધી વાતોથી સાધુને પોતાની સાથે કુકર્મ કરવાની આજ્ઞા કે અનુમતિ આપી દે છે.

**૮** **सीहं जहा व कुणिमेणं, णिब्भयमेगचरं ति पासेणं ।**
**एवित्थिया उ बंधंति, संवुडं एगइयमणगारं ॥**

**શબ્દાર્થ :– णिब्भयं** = નિર્ભય, **एगचरं** = એકલા વિચરનારા, **कुणिमेणं** = માંસ આપીને, **पासेणं** = પાશ દ્વારા, **संवुडं** = મન, વચન અને કાયાથી ગુપ્ત રહેનારા, **एगइयं अणगारं** = કોઈ સાધુને.

**ભાવાર્થ :–** જેમ વનમાં નિર્ભય અને એકલા વિચરણ કરતા સિંહને, માંસની લાલચ આપીને લોકો બાંધી લે છે, તે જ રીતે મન, વચન, કાયાથી સંવૃત–ગુપ્ત રહેનારા કોઈ સાધુને સ્ત્રીઓ પોતાના મોહપાશમાં બાંધી લે છે.

**૯** **अह तत्थ पुणो णमयंति, रहकारो व णेमिं आणुपुव्वीए ।**
**बद्धे मिए व पासेणं, फंदंते वि ण मुच्चइ ताहे ॥**

**શબ્દાર્થ :– रहकारो** = રથકાર–રથ ચલાવનાર, **आणुपुव्वीए** = ક્રમશઃ, **णेमिं व** = જેવી રીતે નેમિને નમાવે છે, તેવી રીતે સ્ત્રીઓ સાધુને, **अह** = પોતાના વશમાં કર્યા પછી, **तत्थ** = પાશથી, **बद्धे** = બંધાયેલા, **फंदंते वि** = પાશથી છૂટવા માટે પ્રયત્ન કરે તોપણ, **ताहे** = તે બંધનથી, **ण मुच्चइ** = છૂટી શકતો નથી.

**ભાવાર્થ :–** રથકાર જેમ રથના નેમિચક્રની બહાર લાગેલા આરાને ક્રમશઃ નમાવી દે છે, તે જ રીતે સ્ત્રીઓ સાધુને પોતાના કર્યા બાદ પોતાના અભીષ્ટ(ઈચ્છિત) અર્થમાં ક્રમશઃ નમાવી લે છે. મૃગની જેમ

બંધનમાં બંધાયેલો સાધુ તે બંધનથી છૂટવા માટે પ્રયત્ન કરે તોપણ તે છૂટી શકતો નથી.

**૧૦** **अह सेऽणुतप्पइ पच्छा, भोच्चा पायसं व विसमिस्सं ।**
**एवं विवेगमायाए, संवासो ण विकप्पइ दविए ॥**

**શબ્દાર્થ :– अह** = સ્ત્રીના વશમાં થયા પછી, **से** = તે સાધુ, **पच्छा अणुतप्पई** = પાછળથી પશ્ચાત્તાપ કરે છે, **विसमिस्सं** = જેવી રીતે વિષ મિશ્રિત, **पायसं** = ખીર, **भोच्चा** = ભોગવ્યા પછી મનુષ્ય પશ્ચાત્તાપ કરે, **विवेगमायाए** = વિવેકને ગ્રહણ કરીને, **दविए** = સંયમી સાધુએ, **संवासो** = સ્ત્રીઓ સાથે એક સ્થાનમાં રહેવું, **ण विकप्पइ** = કલ્પનીય નથી.

**ભાવાર્થ :–** જેવી રીતે વિષમિશ્રિત ખીર ભોગવ્યા પછી મનુષ્ય પશ્ચાત્તાપ કરે છે તેવી જ રીતે સ્ત્રીને વશ થયા પછી તે સાધુ પશ્ચાત્તાપ કરે છે. તેથી મુક્તિગમન યોગ્ય સંયમી સાધુએ સ્ત્રીઓ સાથે સંવાસ, એક સ્થાનમાં નિવાસ અથવા સહવાસ–સંસર્ગ કરવો ઉચિત નથી.

**૧૧** **तम्हा उ वज्जए इत्थी, विसलित्तं व कंटगं णच्चा ।**
**ओए कुलाणि वसवत्ती, आघाए ण से वि णिग्गंथे ॥**

**શબ્દાર્થ :– विसलित्तं व कंटगं णच्चा** = વિષથી લિપ્ત કંટકની જેમ જાણીને, **इत्थी वज्जए** = સાધુ સ્ત્રીને વર્જિત કરે, **वसवत्ती** = સ્ત્રીના વશમાં રહેનારા જે પુરુષ, **ओए कुलाणि** = ગૃહસ્થના ઘરમાં જઈને એકલો **आघाए** = ધર્મનું કથન કરે, **ण से वि णिग्गंथे** = તે પણ નિર્ગ્રંથ નથી.

**ભાવાર્થ :–** સ્ત્રીઓને વિષલિપ્ત કાંટા જેવી સમજીને સાધુ સ્ત્રી સંસર્ગથી દૂર રહે. સ્ત્રી વશવર્તી સાધક ગૃહસ્થોના ઘરોમાં એકલો જઈને એકલી સ્ત્રી સાથે ધર્મકથા કરે તો તે "નિર્ગ્રંથ" નથી.

**૧૨** **जे एयं उंछं अणुगिद्धा, अण्णयरा हु ते कुसीलाणं ।**
**सुतवस्सिए वि से भिक्खू, णो विहरे सह णमित्थीसु ॥**

**શબ્દાર્થ :– एयं** = આ સ્ત્રી સંસર્ગરૂપી, **उंछं** = નિંદનીય કર્મમાં, **अणुगिद्धा** = આસક્ત છે, **कुसीलाणं** = કુશીલોમાંથી, **अण्णयरा** = કોઈ એક છે, **से भिक्खू** = તે સાધુ ભલે, **सुतवस्सिएवि** = ઉત્તમતપસ્વી હોય તોપણ, **णमित्थीसु सह** = સમાધિની શત્રુ એવી સ્ત્રીઓ સાથે, **णो विहरे** = વિહાર ન કરે.

**ભાવાર્થ :–** જે સાધક આ સ્ત્રી સંસર્ગરૂપી નિંદનીય કર્મમાં અત્યંત આસક્ત છે, તે કુશીલો (પાર્શ્વસ્થ, અવસન્ન આદિ ચારિત્રભ્રષ્ટો)માંથી કોઈ એક છે અર્થાત્ તે એક પ્રકારનો કુશીલ જ છે. સાધુ ભલે ઉત્તમ તપસ્વી હોય તોપણ સ્ત્રીઓની સાથે વિહાર ન કરે, સાથે ન રહે.

**૧૩** **अवि धूयराहिं सुण्हाहिं, धाईहिं अदुव दासीहिं ।**
**महतीहिं वा कुमारीहिं, संथवं से ण कुज्जा अणगारे ॥**

**શબ્દાર્થ :– अविधूयराहिं** = પોતાની કન્યા સાથે, **सुण्हाहिं** = પુત્રવધૂની સાથે, **धाईहिं अदुव दासीहिं** = દૂધ પીવડાવનારી ધાઈની સાથે અથવા દાસીની સાથે, **महतीहिं वा कुमारीहिं** = મોટી વયની સ્ત્રી સાથે અથવા કુમારી સાથે, **संथवं** = પરિચય.

**ભાવાર્થ :–** પોતાની પુત્રીઓ, પુત્રવધૂઓ, ધાવમાતાઓ, દાસીઓ, મોટી ઉંમરની સ્ત્રીઓ અથવા કુંવારી કન્યાઓ વગેરેની સાથે પણ તે સાધુ સંપર્ક–પરિચય ન કરે.

**१४** **अदु णाइणं व सुहिणं वा, अप्पियं दट्ठुं एगया होइ ।**
**गिद्धा सत्ता कामेहिं, रक्खण पोसणे मणुस्सोऽसि ॥**

**શબ્દાર્થ :– एगया** = કોઈ સમયે, **दट्ठुं** = એકાંત સ્થાનમાં સ્ત્રી સાથે બેઠેલા સાધુને જોઈને, **णाइणं सुहीणं च** = તે સ્ત્રીની જ્ઞાતીને તથા સ્નેહીઓને, **अप्पियं होइ** = દુ:ખ ઉત્પન્ન થાય છે, તેઓ કહે છે કે, **सत्ता कामेहिं गिद्धा** = જેવી રીતે બીજાં પ્રાણીઓ કામમાં આસક્ત છે, તેવી રીતે આ સાધુ પણ છે, **रक्खण पोसणे मणुस्सोऽसि** = તેઓ કહે છે કે આ સ્ત્રીનું ભરણ પોષણ કરો કારણ કે તું એનો માણસ છે.

**ભાવાર્થ :–** કોઈ વખતે એકાંત સ્થાનમાં સ્ત્રીની સાથે બેઠેલા સાધુને જોઈ તે સ્ત્રીના જ્ઞાતિજનો, સ્વજનો અને સુહૃદો–હિતેચ્છુઓને તે ગમતું નથી. અન્ય સામાન્ય પુરુષોની જેમ આ સાધુ પણ કામમાં આસક્ત છે, તેમ માનીને તમે તેના માણસ છો માટે તે સ્ત્રીનું પાલન–પોષણ કરો, તેમ સાધુને કહે છે.

**१५** **समणं पि दट्ठुदासीणं, तत्थ वि ताव एगे कुप्पंति ।**
**अदुवा भोयणेहिं णत्थेहिं, इत्थीदोसं संकिणो होंति ॥**

**શબ્દાર્થ :– उदासीणं पि समणं** = ઉદાસીન,રાગદ્વેષવર્જિત તપસ્વી સાધુને પણ, **दट्ठु** = સ્ત્રીની સાથે એકાંતમાં વાતચીત કરતા જોઈને, **तत्थवि एगे कुप्पंति** = કોઈ તેના પર ક્રોધિત થઈ જાય છે, **इत्थीदोसं संकिणो होंति** = અને તેઓ સ્ત્રીના દોષની શંકા કરે છે, **भोयणेहिं णत्थेहिं** = તેઓ સમજે છે કે આ સ્ત્રી સાધુની પ્રેમિકા છે તેથી એ વિવિધ પ્રકારનો આહાર તૈયાર કરીને સાધુને આપે છે.

**ભાવાર્થ :–** (રાગદ્વેષ વર્જિત) ઉદાસીન તપસ્વી શ્રમણને પણ સ્ત્રીની સાથે એકાંતમાં વાતચીત કરતાં અથવા બેઠેલા જોઈ કોઈ વ્યક્તિ ક્રોધિત થઈ જાય છે અથવા વિવિધ પ્રકારના સ્વાદિષ્ટ ભોજન સાધુ માટે બનાવી અપાતા જોઈ તેઓ તે સ્ત્રી પ્રત્યે દોષની શંકા કરવા લાગે છે કે આ તે સાધુ સાથે અયોગ્ય–અનુચિત્ત સંબંધ રાખતી હશે.

**१६** **कुव्वंति संथवं ताहिं, पब्भट्ठा समाहिजोगेहिं ।**
**तम्हा समणा ण समेंति, आयहियाए सण्णिसेज्जाओ ॥**

**શબ્દાર્થ :– समाहिजोगेहिं** = સમાધિયોગ અર્થાત્ ધર્મધ્યાનથી, **पब्भट्ठा** = ભ્રષ્ટ સાધુ જ, **ताहिं संथवं**

**कुव्वंति** = સ્ત્રીઓની સાથે પરિચય કરે છે, **आयहियाए** = પોતાના કલ્યાણને માટે, **सण्णिसेज्जाओ** = સ્ત્રીઓના સ્થાન પર, **ण समेंति** = જાય નહીં.

**ભાવાર્થ :–** સમાધિયોગ(ધર્મધ્યાન)થી ભ્રષ્ટ પુરુષ જ તે સ્ત્રીઓની સાથે સંસર્ગ કરે છે. સાધુ આત્મહિત માટે સ્ત્રીઓના નિવાસે–સ્થાન પર જાય નહીં અથવા સ્ત્રીઓ સાથે વધારે બેસે નહીં.

**૧૭** **बहवे गिहाइं अवहट्टु, मिस्सीभावं पत्थुया एगे ।**
**धुवमग्गमेव पवयंति, वायावीरियं कुसीलाणं ॥**

**શબ્દાર્થ :– बहवे एगे** = ઘણા લોકો, **गिहाइं अवहट्टु** = ઘરેથી નીકળીને, પ્રવ્રજિત થઈને પણ, **मिस्सीभावं पत्थुया** = મિશ્રમાર્ગ ઈચ્છનારા, દ્રવ્યથી સાધુવેષ અને ભાવથી ગૃહસ્થનો આચાર હોવાથી સાધુ–ગૃહસ્થ જેવા મિશ્રમાર્ગને સ્વીકારે છે, **धुवमग्गमेव पवयंति** = તેઓ મોક્ષ અથવા સંયમના માર્ગનું કથન કરે છે, **वायावीरियं कुसीलाणं** = કુશીલોનાં વચનમાંજ વીર્ય હોય છે, અનુષ્ઠાનમાં નહીં.

**ભાવાર્થ :–** ઘણા લોકો ઘરેથી નીકળીને પ્રવ્રજિત થઈને પણ મિશ્રભાવ અર્થાત્ ગૃહસ્થાચાર અને સાધ્વાચાર તેમ મિશ્ર આચાર અપનાવી લે છે અને તેઓ મોક્ષમાર્ગ–ધ્રુવાચારનું કથન કરે છે. તે કુશીલ લોકોનું આ વચનવીર્ય માત્ર છે. તે બોલવામાં શૂરા હોય છે, આચારમાં નહીં.

**૧૮** **सुद्धं रवइ परिसाए, अह रहस्सम्मि दुक्कडं करेइ ।**
**जाणंति य णं तहाविउ, माइल्ले महासढेऽयं ति ॥**

**શબ્દાર્થ :– परिसाए** = તે કુશીલ પુરુષ સભામાં, **सुद्धं रवइ** = પોતાને શુદ્ધ બતાવે છે, **अह रहस्सम्मि** = પરંતુ એકાંતમાં, **दुक्कडं करेइ** = પાપ કરે છે, **तहाविउ** = એવા લોકોની અંગચેષ્ટાનું જ્ઞાન રાખનારા પુરુષો, **जाणंति** = જાણી લે છે કે, **माइल्ले महासढेऽयंति** = તે માયાવી અને મહાશઠ છે.

**ભાવાર્થ :–** તે કુશીલ સભામાં પોતાને શુદ્ધ બતાવે છે પરંતુ એકાંતમાં દુષ્કૃત કરે છે. તથાવિદ્–તેની અંગચેષ્ટાઓ–આચારવિચારો તેમજ વ્યવહારોને જાણનારી વ્યક્તિ જાણી લે છે કે આ માયાવી અને મહા ધૂતારો છે.

**૧૯** **सयं दुक्कडं च ण वयइ, आइट्ठो वि पकत्थइ बाले ।**
**वेयाणुवीइ मा कासी, चोइज्जंतो गिलाइ से भुज्जो ॥**

**શબ્દાર્થ :– सयं दुक्कडं** = સ્વયં પોતાના પાપને, **आइट्ठो वि पकत्थइ** = જ્યારે બીજો કોઈ તેને તેનું પાપ કહેવા માટે પ્રેરણા કરે છે ત્યારે તે પોતાની પ્રશંસા કરવા માંડે છે, **वेयाणुवीइ मा कासी** = તમે મૈથુન સેવનની ઈચ્છા ન કરો આ પ્રમાણે આચાર્ય આદિ દ્વારા, **भुज्जो** = વારંવાર, **चोइज्जंतो** = પ્રેરિત કરવામાં આવે ત્યારે, **से** = તે કુશીલ સાધુ, **गिलाइ** = ગ્લાનિ પામે છે.

**ભાવાર્થ :–** બાલસાધક સ્વયંમેવ દુષ્કૃતને પ્રગટ કરતો નથી પરંતુ ગુરુ આદિ દ્વારા પાપ પ્રગટ કરવાનો આદેશ અપવા છતાં પોતાની બડાઈ મારે છે. "તમે મૈથુનની અભિલાષા ન કરો, આ રીતે આચાર્ય આદિ દ્વારા વારંવાર પ્રેરિત કરવાથી તે કુશીલ ગ્લાન બની જાય છે.

**૨૦** **उसिया वि इत्थिपोसेसु, पुरिसा इत्थिवेयखेयण्णा ।**
**पण्णासमण्णिया वेगे, णारीणं वसं उवकसंति ॥**

**શબ્દાર્થ :– इत्थि पोसेसु उसिया वि पुरिसा** = જે પુરુષો સ્ત્રીઓનું પોષણ કરી ચૂક્યા છે, **इत्थिवेयखेयण्णा** = તેથી સ્ત્રીઓ દ્વારા ઉત્પન્ન થતા ખેદના જ્ઞાતા, વૈશિક કામશાસ્ત્ર અનુસાર સ્ત્રી સંબંધ જનિત ખેદ–ચિંતાને જાણનારા, **पण्णासमण्णिया** = પ્રજ્ઞા અર્થાત્ બુદ્ધિથી યુક્ત છે, **वेगे** = એવા પણ કોઈ, **णारीणं वसं उवकसंति** = સ્ત્રીઓને વશ થઈ જાય છે.

**ભાવાર્થ :–** જે પુરુષ સ્ત્રીઓની પોષક પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત થઈ ચૂક્યા છે, તેથી સ્ત્રી જનિત ખેદના જ્ઞાતા છે તેમજ પ્રજ્ઞા(ઔત્પાતિકી આદિ બુદ્ધિઓ)થી સંપન્ન છે એવા પણ કેટલાક લોકો સ્ત્રીઓને વશ થઈ જાય છે. માટે દરેક સાધકને સાવધાન રહેવું જરૂરી છે.

**૨૧** **अवि हत्थपायछेदाए, अदुवा वद्धमंस उक्कंते ।**
**अवि तेयसाऽभितावणाइं, तच्छिय खारसिंचणाइं च ॥**

**શબ્દાર્થ :– अविहत्थपायछेदाए** = આ લોકમાં પરસ્ત્રી સેવન કરે છે તેના હાથ અને પગનું છેદન કરવામાં આવે છે, **अदुवा वद्धमंसउक्कंते** = અથવા ચામડી અને માંસને કાપવામાં આવે છે, **अवि तेयसाभितावणाइं** = અથવા અગ્નિથી બાળવામાં આવે છે, **तच्छियखारसिंचणाइं च** = તેમજ અંગનું છેદન કરીને ક્ષાર દ્વારા સીંચવામાં આવે છે.

**ભાવાર્થ :–** આ લોકમાં પરસ્ત્રી સેવનના દંડરૂપે તેના હાથ પગ કાપવામાં આવે છે અથવા તેની ચામડી અને માંસ કાપવામાં આવે અથવા તેને અગ્નિ દ્વારા બાળવામાં આવે છે અને તેના અંગને કાપી તેના પર ક્ષાર–મીઠું છાંટવામાં આવે છે.

**૨૨** **अदु कण्ण–णासियाछेज्जं, कंठच्छेयणं तितिक्खंति ।**
**इति एत्थ पावसंतत्ता, ण य बेंति पुणो ण काहिंति ॥**

**શબ્દાર્થ :– पावसंतत्ता** = પાપ સંતપ્ત પુરુષ, **एत्थ** = આ લોકમાં, **कण्णणासियाछेज्जं** = કાન અને નાકનું છેદન, **कंठच्छेयणं तितिक्खंति** = કંઠનું છેદન સહી લે છે, **ण य बेंति** = પરંતુ તેમ કહેતા નથી કે, **ण पुणो काहिंति** = હવે અમે ફરી પાપ કરશું નહિ.

**ભાવાર્થ :–** પાપ–સંતપ્ત પુરુષો આ લોકમાં આ પ્રકારે કાન અને નાકનું છેદન તેમજ કંઠનું છેદન પણ

સહન કરી લે છે પરંતુ એમ કહેતા નથી કે અમે હવે ફરી આવા પાપ નહીં કરીએ.

**२३** **सुयमेयमेवमेगेसिं, इत्थीवेदे वि हु सुअक्खायं ।**
**एवं पि ता वदित्ताणं, अदुवा कम्मुणा अवकरेंति ॥**

**શબ્દાર્થ :– एयं सुयं** = સ્ત્રીનો સંપર્ક ખરાબ હોય છે એ અમે સાંભળ્યુ છે, **एवं एगेसिं सुअक्खायं** = કોઈ એમ કહે પણ છે કે, **इत्थीवेदे वि हु** = સ્ત્રી વેદ–વૈશિક કામશાસ્ત્રનું કથન છે કે, **ता एवं वदिताणं कम्मुणा अवकरेंति** = હવે હું આમ કરીશ નહિ એમ કહીને પણ તે સ્ત્રીઓ અપકૃત્ય કરે છે.

**ભાવાર્થ :–** "સ્ત્રીસંસર્ગ ઘણો ખરાબ હોય છે," એ અમે સાંભળ્યું છે, કેટલાક અનુભવીઓનું પણ આ જ કથન છે. સ્ત્રીવેદ(વૈશિક કામશાસ્ત્ર)નું પણ આ જ કથન છે કે હવે હું આવું કરીશ નહીં, એમ કહીને પણ તેઓ(કામકલા નિપુણ સ્ત્રીઓ) કર્મથી અપકૃત્ય કરે છે.

**२४** **अण्णं मणेण चिंतेंति, अण्णं वायाइ कम्मुणा अण्णं ।**
**तम्हा ण सद्दहे भिक्खू, बहुमायाओ इत्थिओ णच्चा ॥**

**શબ્દાર્થ :– मणेण अण्णं चिंतेंति** = સ્ત્રીઓ મનથી બીજું વિચારે છે, **वायाइ अण्णं** = વાણીથી બીજું કહે છે, **कम्मुणा अण्णं** = અને કાયાથી બીજું જ(જુદું જ) કરે છે, **बहुमायाओ इत्थिओ णच्चा** = સ્ત્રીઓને બહુમાયા કરનારી જાણીને તેમના પર વિશ્વાસ ન કરવો જોઈએ.

**ભાવાર્થ :–** સ્ત્રીઓ મનથી કંઈક જુદું વિચારે છે, વાણીથી બીજી વાત કહે છે અને કર્મથી કંઈક જુદું જ કરે છે. તેથી સ્ત્રીઓને ઘણી માયાવી જાણીને તેનાપર વિશ્વાસ(શ્રદ્ધા)ન કરે. આ વાતનું સ્પષ્ટીકરણ હવે પછીની ગાથામાં છે.

**२५** **जुवती समणं बूया, विचित्तलंकारवत्थगाणि परिहेत्ता ।**
**विरया चरिस्स हं लूहं, धम्ममाइक्ख णे भयंतारो ॥**

**શબ્દાર્થ :– जुवती** = કોઈ યુવતી સ્ત્રી, **विचित्तलंकारवत्थगाणि परिहेत्ता** = વિચિત્ર અલંકાર અને વસ્ત્ર પહેરીને, **समणं बूया** = સાધુને કહે કે, **अहं विरया लूहं चरिस्स** = હું હવે ગૃહબંધનથી વિરક્ત થઈને સંયમપાલન કરીશ, **भयंतारो** = ભયથી રક્ષા કરનારા હે સાધુ ! **णे धम्ममाइक्ख** = મને આપ ધર્મ સંભળાવો !

**ભાવાર્થ :–** કોઈ યુવતી વિચિત્ર આભૂષણ અને વસ્ત્રો પહેરીને સાધુઓને એમ કહે કે, "હે કલ્યાણ કરનારા અથવા સંસારથી પાર કરનારા અથવા હે ભયત્રાતા સાધુ ! હું વિરત (સંસારથી વિરક્ત) થઈ ગઈ છું, હું હવે સંયમ પાલન કરીશ, આપ મને ધર્મોપદેશ આપો ! "

**૨૬** **अदु साविया पवाएणं, अहमंसि साहम्मिणी समणाणं ।**
**जउकुम्भे जहा उवज्जोई, संवासे विऊ विसीएज्जा ॥**

**શબ્દાર્થ :– अदु** = ત્યારબાદ, **सावियापवाएणं** = શ્રાવિકા હોવાના બહાને કોઈ સ્ત્રી સાધુની નજીક આવે છે, **अहमंसि साहम्मिणी समणाणं** = હું શ્રમણોની સાધર્મિક છું એમ કહીને પણ સાધુની પાસે આવે છે, **जहा उवज्जोई जउकुंभे** = જેવી રીતે અગ્નિની નજીક લાખનો ઘડો ઓગળી જાય છે તે જ રીતે, **विऊ संवासे विसीएज्जा** = વિદ્વાન પુરુષ પણ સ્ત્રીના સંસર્ગથી વિષાદને પ્રાપ્ત થાય છે.

**ભાવાર્થ :–** શ્રાવિકા હોવાના બહાને કોઈ સ્ત્રી સાધુની નજીક આવે. "હું શ્રમણોની સાધર્મિક છું." એમ કહી સાધુની નજીક આવે છે. જેમ અગ્નિ પાસે લાખનો ઘડો પીગળી જાય છે, તેમજ વિદ્વાન પુરુષ પણ સ્ત્રીની સાથે રહેવાથી શિથિલાચારી થઈ જાય છે.

**૨૭** **जउकुम्भे जोइमुवगूढे, आसुभितत्ते णासमुवयाइ ।**
**एवित्थियाहिं अणगारा, संवासेण णासमुवयंति ॥**

**શબ્દાર્થ :– जोइमुवगूढे जउकुंभे** = જેવી રીતે અગ્નિથી સ્પર્શાયેલો લાખનો ઘડો, **आसुभितत्ते णासमुवयाइ** = શીઘ્ર તપી જઈને નાશ પામે છે, **एवित्थियाहिं संवासेण अणगारा** = આ રીતે સ્ત્રીઓના સંસર્ગથી અણગારપુરુષ.

**ભાવાર્થ :–** જેમ અગ્નિનો સ્પર્શ થતાં લાખનો ઘડો તરતજ તપી જઈને નષ્ટ થઈ જાય છે, તેવી રીતે સ્ત્રીઓના સંવાસથી અણગાર પુરુષ પણ સંયમભ્રષ્ટ થઈ જાય છે.

**૨૮** **कुव्वंति पावगं कम्मं, पुट्ठा वेगे एवमाहंसु ।**
**णोहं करेमि पावं ति, अंकेसाइणी ममेस त्ति ॥**

**શબ્દાર્થ :– एगे पावगं कम्मं कुव्वंति** = કોઈ પાપકર્મ કરે છે, **पुट्ठा एवमाहंसु** = અને પૂછવાથી એમ કહે છે, **अहं पावं णो करेमि ति** = હું પાપકર્મ કરતો નથી, **एस मम अंके साइणी त्ति** = પરંતુ આ સ્ત્રી બચપણમાં મારા ખોળામાં સૂતી હતી.

**ભાવાર્થ :–** કેટલાક ભ્રષ્ટાચારી પાપકર્મ કરે છે, પરંતુ આચાર્ય આદિ જ્યારે પૂછે ત્યારે એમ કહે છે કે હું પાપકર્મ નથી કરતો, "આ સ્ત્રી તો (બાલ્યકાળમાં)મારા ખોળામાં સૂતી હતી. આ સ્ત્રીને તો મેં ખોળામાં રમાડેલી છે.

**૨૯** **बालस्स मंदयं बीयं, जं च कडं अवजाणइ भुज्जो ।**
**दुगुणं करेइ से पावं, पूयणकामो विसण्णेसी ॥**

**શબ્દાર્થ :–** **बालस्स** = મૂર્ખ પુરુષની, **बीयंमंदयं** = બીજી મૂર્ખતા એ છે કે, **जं च कडं भुज्जो अवजाणइ** = તેણે જે પાપકર્મ કર્યા હોય તે નથી કર્યા એમ કહે છે, **से दुगुणं पावं करेइ** = તેથી તે પુરુષ બમણું પાપ કરે છે, **पूयणकामो** = તે જગતમાં પોતાની પૂજા ઈચ્છે છે, **विसण्णेसी** = અસંયમની ઈચ્છા કરે છે, કામભોગમાં આસક્ત રહે છે.

**ભાવાર્થ :–** તે મૂર્ખ સાધકની બીજી મૂઢતા એ છે કે જે પાપકર્મ કર્યા છે તે પોતે કર્યા નથી તેમ વારંવાર કહે છે. તેથી તે બમણું(બે ગણું) પાપ કરે છે. તે ઈચ્છે છે કે જગતમાં લોકો મને પૂજે, પરંતુ તે અસંયમના કાર્ય કરે છે, કામભોગોમાં આસક્ત રહે છે.

**૩૦** **संलोकणिज्जमणगारं, आयगयं णिमंतणेणाऽऽहंसु ।**
**वत्थं व ताइ ! पायं वा, अण्णं पाणगं पडिग्गाहे ॥**

**શબ્દાર્થ :–** **संलोकणिज्जं** = જોવામાં સુંદર, **आयगयं** = આત્મજ્ઞાની, **णिमंतणेणाहंसु** = સ્ત્રીઓ નિમંત્રણ આપતા એમ કહે છે કે, **ताइ** = ભવસાગરથી રક્ષા કરનારા હે સાધુ ! **अण्णं पाणगं पडिग्गाहे** = વસ્ત્ર, પાત્ર, અન્ન અને પાણી આપ મારી પાસેથી સ્વીકારો.

**ભાવાર્થ :–** જોવામાં સુંદર આત્મજ્ઞાની અણગારને સ્ત્રીઓ નિમંત્રણ આપતા કહે છે– ભવસાગરથી રક્ષણ કરનારા હે સાધુ ! આપ મારે ત્યાંથી વસ્ત્ર, પાત્ર, આહાર–પાણી સ્વીકાર કરો.

**૩૧** **णीवारमेयं बुज्झेज्जा, णो इच्छे अगारमागंतुं ।**
**बद्धे विसयपासेहिं, मोहमावज्जइ पुणो मंदे ॥ त्ति बेमि ॥**

**શબ્દાર્થ :–** **एयं** = આ પ્રલોભનોને સાધુ, **णीवारं बुज्झेज्जा** = સુવરને ફસાવનારા ચોખાના દાણાની સમાન સમજે, **अगारमागंतुं णो इच्छे** = ઘરે આવવાની ઈચ્છા ન કરે, **पुणो** = પુનઃ, પરંતુ, **विसयपासेहिं बद्धे मंदे** = વિષય પાશમાં બંધાયેલો મૂર્ખ પુરુષ, **मोहमावज्जइ** = મોહ પામે છે.

**ભાવાર્થ :–** મુનિ આ પ્રકારના પ્રલોભનોને, ડુક્કરને બંધનગ્રસ્ત કરનાર ચોખાના દાણાના પ્રલોભનોની જેમ સમજે, સ્ત્રીઓ આમંત્રણ કરે તોપણ તેના ઘરે જવાની ઈચ્છા ન કરે. છતા એ વિષયરૂપી બંધનોથી બંધાયેલો મૂર્ખ સાધક ઉપરોક્ત સ્ત્રીઓમાં મોહિત થઈ જાય છે.

## વિવેચન :–

આ ગાથાઓમાં સ્ત્રીસંગ રૂપ વિવિધ ઉપસર્ગોનો પરિચય આપ્યો છે. સાથે સ્ત્રીસંગથી ભ્રષ્ટ સાધકની અવદશા અને આ ઉપસર્ગથી બચવાના કર્તવ્યોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. જો કામવાસનાના વિચારોને સાધુ મનમાં ઘોળાયા કરે તો કોઈપણ સ્ત્રીના હાવભાવ, મધુર આલાપ, નમ્રવચન, અંગોપાંગોને જોઈ તેના પ્રત્યે કામાસક્ત થાય તેવી સંભાવના રહે છે. સાધુની ભૂમિકા ઘણી ઊંચી છે અને શાસ્ત્રકાર આ

અધ્યયનમાં શરૂઆતમાં સૌથી પ્રથમ તેની ઉચ્ચ ભૂમિકાનું સ્મરણ કરાવે છે.

**जे मायरं...विवित्तेसु :–** કોઈ વ્યક્તિ ઘરબાર, માતાપિતા આદિ સ્વજનો, કુટુંબીજનો, ધન–સંપતિ તથા સમસ્ત સાંસારિક વસ્તુઓનો મોહ છોડી મુનિધર્મમાં દીક્ષિત થાય છે ત્યારે તે પ્રતિજ્ઞા કરે છે કે હું આજથી સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ ચારિત્રમાં અથવા આત્મહિતમાં વિચરણ કરીશ. તે સર્વ પ્રકારના મૈથુનથી વિરત થઈ જાય છે અને વિવિક્ત(સ્ત્રી,પશુ,નપુંસક સંસર્ગરહિત) સ્થાનની ગવેષણા કરે છે અથવા પવિત્ર સાધુઓના માર્ગના અન્વેષણમાં તત્પર રહે છે અથવા કર્મોથી મુક્ત થવા માટે જ પુરુષાર્થશીલ રહે છે. આવા બ્રહ્મચર્યપરાયણ સાધુને વિવેકમૂઢ સ્ત્રીઓ ભિન્ન ભિન્ન પ્રકારે ચારિત્રભ્રષ્ટ કરી શકે છે. સાધુ તત્કાળ તો તે સ્ત્રીજન્ય ઉપસર્ગને જાણી શકતા નથી. તે ઉપસર્ગના પ્રવાહમાં વહેવા લાગે છે. તેથી શાસ્ત્રકાર સાધુને સાવધાન કરવા અને તે ઉપસર્ગમાં સાધુ ફસાઈ ન જાય તે દષ્ટિએ સ્ત્રીજન્ય ઉપસર્ગના વિભિન્નરૂપો અહીં રજૂ કરે છે.

**सुहुमेण तं परकम्म :–** વિવેકમૂઢ સ્ત્રીઓ સાધુપાસે આવીને બેસી જાય છે અને દામ્પત્યજીવનનાં અનેક સંસ્મરણો યાદ કરાવી સાધકને ચારિત્રભ્રષ્ટ કરવાનો પ્રયત્ન કરે છે. જેવી રીતે વિવિધ પ્રકારના છલ કરવામાં કુશળ, કામવાસના પેદા કરવામાં ચતુર, કામુક સ્ત્રીઓ ભાઈ, પુત્ર, સ્વજન અથવા અન્ય સાંસારિક સંબંધોના બહાને સાધુ પાસે આવીને ધીમે ધીમે તેની સાથે અનુચિત, અનૈતિક સંબંધ કરી લે છે.

**छण्णपएण :–**કેટલીક કામુક સ્ત્રીઓ સાધુને ચારિત્રભ્રષ્ટ કરવા માટે ગૂઢ અર્થવાળા સાંકેતિક શબ્દોનો પ્રયોગ કરીને પોતાના મનોભાવ બતાવીને ફસાવી લે છે. તેઓ અનેક પ્રકારના દ્વયર્થક શ્લોક, કવિતા, પહેલી(કોયડાઓ), ભજન અથવા ગાયનના માધ્યમથી પોતાનો કામુક મનોભાવ પ્રગટ કરે છે અને અપરિપક્વ સાધક સંયમથી ભ્રષ્ટ થઈ જાય છે.

તે સિવાય ગુપ્ત નામ દ્વારા અથવા ગૂઢાર્થવાળો મધુર વાર્તાલાપ કરી સાધુને મોહયુક્ત બનાવે છે.

**उवायं पि ताओ...लिस्संति भिक्खुणो :–** પ્રાયઃ કામુક સ્ત્રીઓ સાધુને પોતાની કામજાળમાં ફસાવવાના અનેક ઉપાયો જાણે છે અને વેદમોહનીય કર્મોદયવશ સાધકો તેઓમાં આસક્ત થઈ જાય છે. કામુક સ્ત્રીઓ દ્વારા સાધુને જાળમાં ફસાવવાના કેટલાક ઉપાયો ગાથાઓમાં બતાવ્યા છે. (૧) તે સાધુની પાસે અત્યંત નજીક ગુપ્ત વાત કહેવાના બહાને બેસે છે અથવા લાંબા સમય સુધી બેસે છે (૨) વારંવાર કામોત્તેજક થઈને વસ્ત્રોને ઢીલા કર્યા કરે છે (૩) શરીરના અધોભાગ (જાંઘ, નાભિ, પગ, નિતમ્બ આદિ) દેખાડે (૪) હાથ ઊંચા કરી બગલ દેખાડતી સામેથી પસાર થાય છે, જેથી સાધુ તેને જોઈને કામ–વિહ્વળ થઈ જાય.

**सयणासणेहिं जोगेहिं...णिमंतेंति :–** ક્યારેક ચાલાક સ્ત્રીઓ સાધુને ભાવભક્તિ પૂર્વક કોઈને દર્શન દેવા આદિના બહાને પધારવાની પ્રાર્થના કરે છે અથવા ઘરે એકાંત ઓરડામાં અનુનય–વિનય કરીને લઈ જાય છે. જ્યારે અવિવેકી સાધુ તેની પ્રાર્થના અથવા વિનંતિથી ઘરે અથવા એકાંતમાં ચાલ્યો જાય છે. ત્યારે તે સાધુને શીલભ્રષ્ટ કરવા માટે કહે છે 'જરા આ પલંગ અથવા ગાદલા પર અથવા શય્યા પર બિરાજો ! આમાં કોઈ સજીવ પદાર્થ નથી, પ્રાસુક છે. સારું, બીજું કંઈ નહિ તો ઓછામાં ઓછું

આરામખુરશી પર તો બેસો ! આટલે દૂરથી પધાર્યા છો તો જરા ગાલીચા પર બેસીને આરામ કરો !' આવા શબ્દપ્રયોગ દ્વારા તે સાધનોના ઉપયોગ તરફ પ્રેરે છે.

**आमंतिय ओसवियं...आयसा णिमंतेंति** :– કેટલીક કામુક સ્ત્રીઓ સાધુને ઈશારો કરે છે અથવા વચન આપે છે કે, "હું અમુક સમયે આપની પાસે આવીશ. આપ પણ ત્યાં તૈયાર રહેજો." આ પ્રકારનું આમંત્રણ આપીને પછી તે સાધુને અનેક વિશ્વસનીય વચનોથી વિશ્વાસમાં લે છે, તેથી તે સંકોચ છોડી દે. આ પ્રમાણે વિવિધ પ્રકારે વચનજાળ બિછાવીને સાધુને વિશ્વસ્ત કરીને સ્ત્રીઓ પોતાની સાથે રમણ કરવા માટે પ્રાર્થના કરે છે.

**मणबंधणेहिं...आणवयंति भिण्णकहाहिं** :– કેટલીક ચતુર સ્ત્રીઓ સાધુને પોતાની સાથે સમાગમ કરવા માટે, મનને કામ–પાશમાં બાંધી દેનારાં, વિવિધ આકર્ષણકારી દશ્યો, સંગીતો, રસો, સુગંધીઓ અને ગલગલિયા કરાવનારા કોમળ સ્પર્શોથી લલચાવીને પોતાની તરફ ખેંચે છે. તે માટે તે મીઠાં મીઠાં વચનો બોલે છે. આકર્ષક શબ્દોથી સંબોધિત કરે છે, ક્યારેક સાધુની તરફ સ્નેહપૂર્ણ દષ્ટિથી કટાક્ષ ફેંકીને અથવા આંખો કે મોંઢુ મલકાવતી જુએ છે, ક્યારેક મનોહર હાવભાવ, અભિનય અથવા અંગમરોડ કરે છે કે જેથી સાધુ તેનાપર મુગ્ધ થઈ જાય. ક્યારેક તે કરુણાં ઉત્પન્ન કરનારા મધુર આલાપ કરે છે. કરુણાજનક, વિશ્વાસ ઉત્પન્ન કરનારી મીઠી મીઠી વાતોથી અનુનય–વિનય કરીને સાધકના હૃદયમાં કામવાસના પ્રજ્વલિત કરી પોતાની સાથે સહવાસ કરવા માટે તેને મનાવી લે છે. ક્યારેક તે એકાંતમાં કામવાસના પ્રજવલિત કરનારી વાતો કહીને સાધુને કામ વિહ્વળ કરે છે. તેઓ યેન કેન પ્રકારેણ સાધુને મોહિત તેમજ વશીભૂત કરી તેને પોતાની સાથે સહવાસ માટે બાધ્ય કરે છે.

**सीहं जहा व...एगइयमणगारं** :– જેવી રીતે વનમાં સ્વચ્છંદ રૂપે વિચરણ કરનારા એકાકી તેમજ પરાક્રમી સિંહને ચતુર શિકારી માંસ આદિની લાલચ દઈને વિવિધ ઉપાયોથી બાંધી લે છે, પિંજરામાં બંધ કરી લે છે પછી તેને જુદા જુદા પ્રકારની યાતનાઓ આપીને પાળેલા પ્રાણીની જેમ વશમાં કરી લે છે, બસ એવી જ રીતે કામ કળામાં ચતુર સ્ત્રીઓ મન, વચન, કાયાને ગુપ્ત(સુરક્ષિત) રાખનારા કઠોર સંયમી સાધુને પણ પૂર્વોક્ત અનેક પ્રકારના ઉપાયોથી પોતાના વશમાં કરી લે છે.

**अह तत्थ पुणो णमयंति...ण मुच्चइ ताहे** :– જેવી રીતે સૂથાર રથના ચક્રની બહારની નેમિને ગોળાકાર ફેરવીને ધીમે ધીમે નમાવી દે છે, એવી રીતે સ્ત્રી સાધુને વશ કરી અભીષ્ટ કાર્યો તરફ દોરી જાય છે. બંધનમાં બંધાયેલ મૃગ ઘણા પ્રયત્ન કરવા છતાં છૂટી શકતો નથી. કમળમાં પુરાયેલ ભ્રમર તે બંધનથી છૂટી શકતો નથી તેમ સ્ત્રી પાશમાં બંધાયેલ સાધક શીઘ્ર છૂટી શકાતો નથી.

**अण्णं मणेण...कम्मुणा अण्णं** :– સ્ત્રીઓ પાતાળના પેટની જેમ અત્યંત ગંભીર હોય છે. તેને સમજવી અત્યંત કઠિન છે. મનથી વિચારે કાંઈ, વચનથી બોલે કાંઈ જુદું અને શરીરથી ચેષ્ટાઓ વળી અલગ જ કરે છે. તેમનું વિચારવું, બોલવું અને કરવું બધું જ અલગ અલગ હોય છે.

**जुवती समणं...णे भयंतारो** :– ક્યારેક નવયૌવના સ્ત્રી આકર્ષક વસ્ત્રાભૂષણોથી સુસજ્જિત થઈ સાધુ પાસે આવીને કહે છે..."ગુરુદેવ ! આપ તો સંસાર સાગરમાં ડૂબતા જીવોનો ઉદ્ધાર કરનારા અને પાર

ઉતારનારા છો ! મને ઉગારો ! હું હવે આ ગૃહબંધનથી વિરક્ત(વૈરાગી) થઈ ગઈ છું. મારા પતિ મને અનુકૂળ નથી, અથવા તેણે મને છોડી દીધી છે. તેથી હવે હું સંયમ અથવા મુનિધર્મનું આચરણ કરીશ. આપ મને ધર્મોપદેશ આપો ! જેથી મને આ દુઃખનું પાત્ર ન બનવું પડે. આ રીતે વાતો કરી સાધુની નજીક આવવા પ્રયત્ન કરે છે.

**अदु सावियाा...साहम्मिणी समणाणं :–** ક્યારેક સ્ત્રી શ્રાવિકાના રૂપમાં સાધુની પાસે આવે છે અને કહે છે– હું આપની શ્રાવિકા છું. સાધુઓની સાધર્મિક છું. મારાથી આપ કોઈ વાતનો સંકોચ ન કરો. જે વસ્તુની જરૂરિયાત હોય તે મને કહો ! એમ તે વારંવાર સાધુના સંપર્કમાં આવે છે, કલાકો સુધી તેમની પાસે બેસે છે. શ્રાવિકા રૂપધારી માયાવી સ્ત્રી કૂલવાલુકની જેમ સાધુને ધર્મભ્રષ્ટ કરી દે છે.

**संलोकणिज्जमणगारं...रुपाणगं पडिग्गाहे :–** કેટલીકવાર વ્યભિચારિણી સ્ત્રીઓ ભદ્ર તેમજ સંયમી સાધુ સામે અત્યંત ભક્તિનું નાટક કરે છે. કેટલીક કામુક સ્ત્રીઓ સુંદર, સુડોળ, સ્વસ્થ તેમજ સુરૂપ આત્મજ્ઞાની સાધુને પ્રાર્થના કરે છે– હે સંસારસાગરના ત્રાતા ! મુનિવર ! વસ્ત્ર, પાત્ર અન્નપાન આદિ જે કોઈ વસ્તુની આપને આવશ્યકતા હોય તે માટે આપને બીજે ક્યાંય પધારવાની જરૂર નથી આપ મારે ત્યાં પધારો ! હું આપને બધુ જ આપીશ. જે સાધુ તેની વાક્જાળમાં ફસાઈને તેની પ્રાર્થના સ્વીકારીને વારંવાર તેના ઘરે જવા લાગે અને વસ્ત્રાદિ સ્વીકારે તો નિઃસંદેહ તે એક દિવસ તે સ્ત્રીની મોહજાળમાં ફસાઈ જાય છે. તેથી તે પણ ઉપસર્ગનો જ પ્રકાર છે.

**સ્ત્રીજન્ય ઉપસર્ગોથી સાવધાન રહેવાની પ્રેરણાઓ :–** આ ઉદ્દેશામાં સ્ત્રીજન્ય ઉપસર્ગના પૂર્વોક્ત વિવિધ રૂપોથી સાવધાન રહેવાની અને આ ઉપસર્ગ પર વિજય મેળવવાની પ્રેરણાઓ શાસ્ત્રકારે આપી છે. તે પ્રેરણાઓ આ પ્રકારે છે.

**(૧)** સાધુએ દીક્ષા સમયે કરેલી પ્રતિજ્ઞાને યાદ રાખવી જોઈએ. વારંવાર તે પ્રતિજ્ઞાનું સ્મરણ સ્ત્રીજન્ય ઉપસર્ગથી પોતાને બચાવે છે.

**(૨)** સ્ત્રીઓ દ્વારા અંગપ્રદર્શન, હાવભાવ, નજીક આવીને કોઈપણ બહાને બેસવું આદિ ભક્તિભાવ પૂર્વક શય્યા, આસન આદિ પર બેસવા આદિના વિવિધ પ્રકારના પ્રલોભનો તથા કામોત્તેજક વાતોથી સાધુ સાવધાન રહે. વિવેકી સાધુ આ બધી વાતો બંધન રૂપ(પાશ બંધન)છે તેમ સમજે.

**(૩)** પ્રાયઃ સાધુ દષ્ટિરાગના કારણે શીલભ્રષ્ટ થાય છે, તેથી સાધુ પોતાની દષ્ટિ સંયમ પર રાખે, સ્ત્રીના અંગો પર પોતાની નજર ન નાખે. તેની નજર સાથે નજર ન મેળવે. સ્ત્રી કટાક્ષ આદિ કરે તો ત્યાંથી દષ્ટિ ફેરવી લે. શ્રી દશવૈકાલિક સૂત્રમાં બતાવવામાં આવ્યું છે કે "સાધુ ભીંત પર દોરેલું સ્ત્રીનું ચિત્ર પણ ન જુએ, શણગાર આદિથી વિભૂષિત સ્ત્રીને પણ ન જુએ. કદાચિત્ તેના પર દષ્ટિ પડી જાય તો જેમ સૂર્ય તરફ જોતાં જ દષ્ટિને હટાવી લેવામાં આવે છે, તેવી જ રીતે તેના તરફથી દષ્ટિને હટાવી લે.

તાત્પર્ય એ છે કે સાધક એકીટશે દષ્ટિ સ્થિર કરીને સ્ત્રીના રૂપ, લાવણ્ય તેમજ અંગોને ન જુએ. આજ વાત સ્ત્રીજન્ય ઉપસર્ગથી બચવા માટે શાસ્ત્રકાર કહે છે– **णो तासु चक्खु संधेज्जा ।**

**(૪)** કેટલીક કામુક સ્ત્રીઓ સાધુને આશ્વસ્ત–વિશ્વસ્ત કરીને(વિશ્વાસમાં લઈને) વચનબદ્ધ કરી લે છે. શાસ્ત્રકાર પહેલેથી જ એવા સમયે સાવધાન રહેવાની પ્રેરણા કરે છે. **णो वि य साहसं समभिजाणे ।** આવા પ્રસંગે સાધુ સ્ત્રી સાથે અનાચાર સેવન માટે વચનબદ્ધ ન થાય. ગમે તે રીતે કુકર્મોનો ત્યાગ કરે. કારણ કે સ્ત્રીસેવન આ લોકમાં નિંદા, ભયંકર દંડ અને પરલોકમાં દુર્ગતિનું મહત્તમ કારણ છે. સ્ત્રી સમાગમ યુદ્ધની જેમ દુઃસાહસપૂર્ણ કાર્ય છે. તેથી સંયમી સાધુ તે વિષયમાં સાવધાન રહે.

**(૫)** સ્ત્રીજન્ય ઉપસર્ગથી શીલભ્રષ્ટ થવાના કારણરૂપે તેઓની સાથે વધારે સમય સુધી સહવાસ કરવો, એકાન્તમાં બેસવું–ઊઠવું, વાર્તાલાપાદિ કરવાનું ટાળવું. ઉપરાંત **णो सहियं पि विहरेज्जा**, "વિહાર" શબ્દના અર્થમાં માત્ર ભ્રમણ–ગમન જ નહીં પરંતુ સાથે ઊઠવા બેસવાદિની ક્રીડા કરવી વગેરેનો સમાવેશ થાય છે. તેથી શાસ્ત્રકારનું તાત્પર્ય એ જ છે કે "સ્ત્રી" સંસર્ગને સાધુએ તેમજ "પુરુષ" સંસર્ગને સાધ્વીએ દરેક પરિસ્થિતિમાં ટાળવાનો જ પ્રયાસ કરવો જોઈએ.

**(૬)** સ્ત્રીજન્ય ઉપસર્ગ માત્ર સ્ત્રી દ્વારા જ થાય તેવું નથી. દુર્બલ મનવાળા સાધુ પોતે કોઈ સ્ત્રીને જોઈ પૂર્વે ભોગવેલા કામભોગોનું સ્મરણ કરે અથવા કોઈ સ્ત્રીનું ચિંતન કરે અથવા કોઈ સ્ત્રીને લલચાવે તોપણ સ્ત્રીજન્ય ઉપસર્ગ આવી શકે. જ્યારે સાધુ વિચલિત થઈ રહ્યા હોય ત્યારે પોતે જ પોતાની જાતે જ્ઞાન અને વૈરાગ્ય તથા સાવધાની દ્વારા સુરક્ષિત થવું જોઈએ.

**(૭)** જ્યારે કોઈ સ્ત્રી કામુકતાવશ સાધુ સમક્ષ અમુક સમયે અમુક જગ્યાએ આવવાનો વાયદો કરે અથવા સાધુને સંકેત કરે તો વિવેકી સાધુ તરત જ સજાગ થઈ જાય. તે સ્ત્રીની તે બધી વાતોને વિવિધપ્રકારની કામજાળ(પાશ બંધન) સમજે. સાધક આવા પ્રકારની સ્ત્રીઓને મોક્ષમાર્ગમાં અર્ગલા(આગળિયા) સમાન બાધક સમજીને તેઓના સંસર્ગથી દૂર રહે.

**(૮)** સ્ત્રીઓની મનોજ્ઞ તેમજ મીઠી મીઠી વાતો, ચિત્તને આકર્ષિત કરનારાં શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ આદિનાં પ્રલોભનો, કરુણા ઉપજાવે તેવાં વચનો અથવા વિભિન્ન મોહક વાતોથી સાધુ સાવધાન રહે. આ સર્વ પ્રલોભનો અથવા આકર્ષણોને બંધન સ્વરૂપ સમજે. મુક્તિગમન યોગ્ય સાધુએ વિવેકબુદ્ધિથી વિચારીને સ્ત્રીસંવાસ અથવા સ્ત્રીસંગ કરવો કોઈપણ રીતે ઉચિત નથી માટે તેને પ્રારંભથી જ તિલાંજલિ આપી દેવી જોઈએ. આ જ પ્રેરણા ગાથાના ઉત્તરાર્દ્ધમાં શાસ્ત્રકાર કરે છે કે– **एवं विवेगमायाए संवासो ण वि कप्पइ दविए ।**

**(૯)** સ્ત્રીસંગ વિષલિપ્ત કાંટા તુલ્ય હોવાથી સર્વથા ત્યાજ્ય છે. એક તો કાંટો હોય, વળી તે વિષલિપ્ત હોય, જે વાગવાથી માત્ર પીડા જ થતી નથી પણ તે જીવલેણ બની જાય છે. સ્ત્રીનું સ્મરણ, કીર્તન, મોહ દષ્ટિથી જોવું, કટાક્ષવચનો, એકાંતમાં બેસવું, આદિ રૂપ સ્ત્રી સંસર્ગ વિષલિપ્ત કાંટાની જેમ માત્ર એકવાર જ પ્રાણનો નાશ કરતો નથી પરંતુ અનેક જન્મો સુધી જન્મમરણ તેમજ વિવિધ પ્રકારનું દુઃખ આપતો રહે છે. એક પ્રાચીન આચાર્યે કહ્યું છે –

**वरि विसखइयं, ण विसयसुहं, इक्कसि विसिणि मरंति ।**
**विसयामिस–घाइया पुण, णरा णरए पडंति ॥**

ઝેર ખાવું સારું, પરંતુ વિષયસુખનું સેવન કરવું સારું નથી, કારણ કે વિષ ભક્ષણ એક જીવનનો નાશ કરે છે, જ્યારે વિષય સેવન અનંત જન્મમરણની પરંપરા વધારે છે. વિષ તો મનુષ્યને મારે છે પરંતુ વિષયનું તો સ્મરણ મનુષ્યના સંયમી જીવનની હત્યા કરી નાખે છે અને મનુષ્ય મનુષ્યભવ ખોઈ બેસે છે. તેથી શાસ્ત્રકારે કહ્યું છે– **तम्हा उ वज्जए...कंटगं णच्चा ।**

**(૧૦)** એકલી સ્ત્રીની પાસે એકલો સાધુ બેસીને ધર્મોપદેશ આપે તો જરૂર ક્યારે ક મોહ અથવા કામ (વેદ)ની ગ્રંથીમાં બંધાઈ જવાની સંભાવના છે. તેથી સાધુને પોતાની સાધુતા સુરક્ષિત રાખવા માટે ૧૧મી ગાથાના ઉત્તરાર્દ્ધ દ્વારા શાસ્ત્રકાર સાવધાન કરે છે– **ओए कुलाणि...ण से वि णिग्गंथे ।**

**(૧૧)** ઉત્કૃષ્ટ તપસ્વીએ એમ વિચારવું ન જોઈએ કે હું તો તપસ્વી છું. તપશ્ચર્યાથી મારું શરીર કૃશ થઈ ગયું છે, મારી ઈન્દ્રિયો શિથિલ અથવા શાંત થઈ ગઈ છે, મારે હવે સ્ત્રીઓથી શું ભય ?તપસ્વી સાધુ આવા ભ્રમમાં ન રહે. સ્ત્રીતો બળતી આગ છે, તેની પાસે સાધક રૂપી ઘી રહેશે તો પીગળ્યા વિના રહેશે નહિ. તપસ્વી એ સારી રીતે જાણી લે કે વર્ષોસુધી કરેલું તપ સ્ત્રીસંસર્ગથી એક ક્ષણમાં નષ્ટ થઈ શકે છે. તેથી આત્મહિતેચ્છુ તપસ્વી સ્ત્રીઓ સાથે ભ્રમણ કે ગમન ન કરે, સાથે ન રહે, હાસ્ય–વિનોદ કે ક્રીડા ન કરે, ન ઊઠે–બેસે, ન વિહાર કરે. આ જ પ્રેરણા શાસ્ત્રકારે ૧૨મી ગાથાના ઉત્તરાર્દ્ધમાં આપી છે કે– **सुतवस्सिए वि से भिक्खू णो विहरे सह णमित्थीसु ।**

**(૧૨)** સાધુ કેટલીકવાર એમ સમજે કે આ તો નાની છોકરી છે, આ કુંવારી કન્યા છે અથવા આ મારી સંસારપક્ષે પુત્રી, પુત્રવધૂ, ધાવમાતા કે નોકરાણી છે. આ મારાથી પણ ઉંમરમાં બહુ મોટી છે અથવા સાધ્વી છે. તેની સાથે એકાંતમાં બેસવામાં, વાતચીત કરવામાં અથવા સંપર્ક કરવામાં મારા ચારિત્રનો ભંગ કેવી રીતે થશે ? જોકે પોતાની પુત્રી, ધાવમાતા અથવા માતા સમાન કાકી, મોટીબહેન આદિ સાથે એકાન્તમાં રહેવા છતાં એ સાધુનું ચિત્ત જલ્દીથી વિકૃત થઈ શકતું નથી, છતાં પણ નીતિકારોએ કહ્યું છે કે–

**मात्रा स्वस्रदुहित्रा वा न विविक्तासनो भवेत् ।**
**बलवानिन्द्रियग्रामो विद्वांसमपि कर्षति ॥**

માતા, બહેન અથવા પુત્રીની સાથે પણ એકાંતમાં બેસવું ન જોઈએ કારણ કે ઈન્દ્રિયો ઘણી બળવાન છે, તે વિદ્વાન પુરુષને(મોહ તરફ) પણ ખેંચી લે છે.

સાધુને પુત્રી, માતા અથવા બહેનની સાથે એકાંતમાં બેઠેલા જોઈ સામાન્ય લોકોને શંકા ઉત્પન્ન થઈ શકે છે. આ જ પ્રેરણા શાસ્ત્રકારે ૧૩મી ગાથામાં પ્રગટ કરી છે– **अवि धूयराहिं...संथवं से ण कुज्जा अणगारे ।**

**(૧૩)** સ્ત્રીસંસર્ગ કરવાથી સાધુનો સમાધિયોગ, ચિત્તની સમાધિ અથવા શ્રુત–વિનય–આચાર–તપરૂપ સમાધિનો યોગ, મન–વચન–કાયાનો શુભ વ્યાપાર નષ્ટ થઈ જાય છે. સ્ત્રીઓના નિવાસ–સ્થાનોમાં વારંવાર જવું, તેઓની સાથે પુરુષોની હાજરી વિના બેસવું, વાર્તાલાપ કરવો, તેને રાગભાવથી જોવી, સ્ત્રી–સંસ્તવ (અત્યંત ગાઢ પરિચય) સાધુને સમાધિયોગથી ભ્રષ્ટ કરનારા છે. તેથી શાસ્ત્રકાર ૧૬મી ગાથામાં પ્રેરણા આપે છે કે– **कुव्वंति संथवं ताहिं...तम्हा समणा ण समेंति...सण्णिसेज्जाओ ।**

**(૧૪)** સાધુએ પોતાના બ્રહ્મચર્ય મહાવ્રતની સર્વ તરફથી સુરક્ષા કરવી જોઈએ. તેથી સ્ત્રી સત્ ચારિત્રશીલ હોય, શ્રાવિકા હોય, ધર્માત્મા તરીકે પ્રસિદ્ધ હોય, તોપણ તેની સાથે મર્યાદાપૂર્વકનો વ્યવહાર કરે. બ્રહ્મચર્યની રક્ષા માટે નવ વાડના પાલનમાં જરાપણ શિથિલતા ન બતાવે. તેમાં કોઈ સ્ત્રીનું અપમાન અથવા નિંદા કરવાની દૃષ્ટિ નથી, પરંતુ શીલભ્રષ્ટતાથી પોતાની રક્ષાની દૃષ્ટિ છે. તેથી ૨૪મી ગાથામાં શાસ્ત્રકાર સ્ત્રીસંગરૂપ અનર્થ(ઉપસર્ગ)થી બચવા માટે પ્રેરણા આપે છે– **अण्णं मणेण...तम्हा ण सद्दहे...णच्चा।**

**(૧૫)** જેવી રીતે લાખનો ઘડો, આગની પાસે રાખતાં જ પીગળી જાય છે, તેવી જ રીતે બ્રહ્મચારી પણ સ્ત્રીની સાથે નિવાસ કરવાથી સંયમભ્રષ્ટ થઈ જાય છે. સ્ત્રીના સ્મરણ માત્રથી બ્રહ્મચારીનો સંયમ નષ્ટ થઈ જાય છે. તેથી બ્રહ્મચારીને માટે સ્ત્રીસંસર્ગથી દૂર રહેવું તે જ હિતાવહ છે. શાસ્ત્રકાર ૨૬–૨૭ બે ગાથાઓ દ્વારા આ પ્રેરણા વ્યક્ત કરે છે– **जउकुम्भे जहा उवज्जोई...।**

**(૧૬)** પૂર્વોક્ત ગાથાઓમાં વર્ણવેલી કામુક તેમજ માયાવી સ્ત્રીઓ દ્વારા દેવામાં આવતા વિવિધ પ્રલોભનોને સાધુ ડુક્કરને ફસાવવામાટે નાખવામાં આવતા ચોખાના દાણા જેવા જ સમજે. સ્ત્રીસંસર્ગ સંબંધી જેટલા પણ આકર્ષણ કે પ્રલોભન છે, તે બધાથી મુમુક્ષુ સાધુ બચે, સતર્ક રહે, તેનો પગપેસારો પણ થવા ન દે.

એકવાર મોહપાશમાં બદ્ધ થયા પછી તે બંધન તોડવું મુશ્કેલ છે. તેથી શાસ્ત્રકાર સાધુને પ્રેરણા આપે છે કે સાધક સ્ત્રીના વચન પર અને વિનંતી પર દીર્ઘ દૃષ્ટિથી વિચાર કરે અને ઉક્ત પ્રલોભનોમાં લેપાય નહીં. આ પ્રેરણાને શાસ્ત્રકાર ૩૧મી ગાથા દ્વારા અભિવ્યક્ત કરે છે– **णीवारमेव...पुणोमंदे ।**

આ રીતે શાસ્ત્રકારે વિવિધ પ્રકારની પ્રેરણાઓ દ્વારા સાધકને બ્રહ્મચર્ય વ્રતમાં દઢ રહેવાનું કથન કર્યું છે.

સાધક આ અધ્યયનમાં બતાવેલાં સ્ત્રીસંગરૂપ ઉપસર્ગના વિભિન્ન રૂપોથી સાવધાન થઈ જાય, અપ્રમત્ત થઈ શાસ્ત્રકાર દ્વારા આપેલી પ્રેરણાઓ અનુસાર સંયમનિષ્ઠ રહે તો તે અનેક પ્રકારની અવદશાઓથી બચી જાય છે.

**परक्कम :**– વૃત્તિકારે તેના બે અર્થ કર્યા છે. સાધુની નજીક આવીને અથવા શીલથી સ્ખલિત થવા યોગ્ય બનાવીને તેના પર(સાધુપર) સવાર થઈને. **परिक्कम** પાઠાન્તર છે, જેનો અર્થ થાય છે–સાધુને ચારે તરફથી ઘેરીને અથવા તેના શીલ પર ચારે તરફથી આક્રમણ કરીને.

**॥ અધ્યયન ૪/૧ સંપૂર્ણ ॥**

## બીજો ઉદ્દેશક

**સ્ત્રીસંગથી ભ્રષ્ટ સાધકોની હાનિ :–**

**૧** ओए सया ण रज्जेज्जा, भोगकामी पुणो विरज्जेज्जा ।
भोगे समणाणं सुणेह, जह भुंजंति भिक्खुणो एगे ॥

**શબ્દાર્થ :– ओए सया ण रज्जेज्जा** = સાધુ રાગદ્વેષ રહિત થઈને ભોગમાં કયારે ય પણ ચિત્ત ન જોડે, **भोगकामी पुणो विरज्जेज्जा** = જો ભોગમાં ચિત્ત જાય તો તેને જ્ઞાન દ્વારા વિરક્ત કરે, **भोगे समणाणं** = ભોગથી શ્રમણની હાનિ થાય છે, **जह एगे भिक्खुणो भुंजंति सुणेह** = તોપણ કોઈ કોઈ સાધુ જે રીતે ભોગનું સેવન કરે છે તે સાંભળો !

**ભાવાર્થ :–** રાગ દ્વેષરહિત એવા સાધુ ભોગોમાં અનુરક્ત ન હોય. મનમાં ભોગ–ઈચ્છા ઉત્પન્ન થાય તો જ્ઞાનબળથી વિરક્ત થઈ જાય, ભોગોના સેવનથી સાધુઓને હાનિ થાય છે, તોપણ કેટલાક સાધુ જે રીતે ભોગ ભોગવે છે, તે સાંભળો !

**२**

**अह तं तु भेदमावण्णं, मुच्छियं भिक्खुं काममइवट्टं ।**
**पलिभिंदियाण तो पच्छा, पादुद्धट्टु मुद्धि पहणंति ॥**

**શબ્દાર્થ :– अह भेदमावण्णं** = ત્યાર બાદ ચારિત્રથી ભ્રષ્ટ, **मुच्छियं** = સ્ત્રીઓમાં આસક્ત, **काममइवट्टं** = વિષયભોગમાં જેનું ચિત્ત લાગેલું છે, **तं तु भिक्खुं** = તે સાધુને તે સ્ત્રી, **पलिभिंदियाण** = પોતાના વશમાં જાણી, **तो पच्छा पादुद्धट्टु** = પછી ક્યારેક પગ ઉપાડી, **मुद्धि पहणंति** = તેના માથા પર પ્રહાર કરે છે.

**ભાવાર્થ :–** ત્યાર બાદ ચારિત્રથી ભ્રષ્ટ, સ્ત્રીઓમાં આસક્ત, કામભોગોમાં અત્યંત પ્રવૃત્ત તે સાધુને વશવર્તી જાણીને તે સ્ત્રીઓ ક્યારેક પગ દ્વારા તેના માથા પર પ્રહાર કરે છે.

**३**

**जइ केसियाए मए भिक्खू, णो विहरे सह णमित्थीए ।**
**केसाणि वि हं लुंचिस्सं, णण्णत्थ मए चरिज्जासि ॥**

**શબ્દાર્થ :– केसियाए** = વાળવાળી, **मए** = મારી જેવી, **भिक्खू** = હે સાધુ ! **णो विहरे** = ન રહી શકતા હો તો, **हुं** = હું, **केसाणं** = વાળનો, **लुंचिस्सं** = લોચ કરી નાખીશ, **मए णण्णत्थ चरिज्जासि** = તું મારા સિવાય કોઈ બીજી જગ્યાએ ન જા.

**ભાવાર્થ :–** (સ્ત્રી કહે છે) હે સાધુ ! જો મારા જેવા કેશવાળી સ્ત્રીની સાથે(શરમને કારણે) વિહાર (રમણ)કરી શકતા ન હો તો હું કેશને ખેંચી કાઢીશ; (પછી)મને છોડીને બીજે ક્યાંય પણ વિચરણ ન કરો.

**४**

**अह णं से होइ उवलद्धो, तो पेसंति तहाभूएहिं ।**
**अलाउच्छेदं पेहेहि, वग्गुफलाइं आहराहि त्ति ॥**

**શબ્દાર્થ :– से उवलद्धो होइ** = તે સાધુ મારા વશમાં આવી ગયો છે એમ જ્યારે સ્ત્રી જાણી લે છે, **तो पेसंति तहाभूएहिं** = તો તેણી તે સાધુને પોતાના કાર્યમાં દાસની જેમ પ્રેરણા કરે છે, **अलाउच्छेदं पेहेहि** = તે કહે છે કે તુંબડી સુધારવા માટે છરી લઈ આવો, **वग्गुफलाइं आहराहि त्ति** = સારા ફળો લઈ આવો.

**ભાવાર્થ :–** જ્યારે સ્ત્રી એમ જાણી લે છે કે આ સાધુ મારી સાથે હળીભળી ગયો છે અથવા મારા વશમાં થઈ ગયો છે ત્યારે તે સ્ત્રી તેને નોકરની જેમ પોતાના કાર્યો માટે મોકલે છે, જેમ કે તૂંબડું કાપવા માટે છરી લાવો, સારા સારા ફળો લેતા આવજો ! વગેરે.

**૫** **दारुणि सागपागाए, पज्जोओ वा भविस्सइ राओ ।**
**पायाणि य मे रयावेहि, एहि य ता मे पट्ठिं उम्मद्दे ॥**

**શબ્દાર્થ :– सागपागाए** = શાક રાંધવા માટે, **दारूणि** = લાકડા લઈ આવો, **पज्जोओ वा भविस्सइ** = રાત્રે પ્રકાશ માટે તેલ આદિ લઈ આવો, **मे पायाणि रयावेहि** = મારા પાત્રોને અથવા પગને રંગી દો, **एहि** = આવો, **ता मे पट्ठिं उम्मद्दे** = મારી પીઠે માલીશ કરી દો.

**ભાવાર્થ :–** કોઈ વખત સ્ત્રી નોકરની જેમ આદેશ આપે છે કે "શાકભાજી રાંધવા માટે ઈંધણ–લાકડા લઈ આવો, રાત્રિમાં તેલ વગેરે હશે તો પ્રકાશ થશે માટે તેલ લઈ આવો અને આ પાત્રો (વાસણો)ને રંગી દો અથવા મારા પગને રંગી દો. અહીં આવો, જરા મારો વાંસો દાબી દો.

**૬** **वत्थाणि य मे पडिलेहेहि, अण्णपाणं च आहराहि त्ति ।**
**गंधं च रओहरणं च, कासवगं च समणुजाणाहि ॥**

**શબ્દાર્થ :– वत्थाणि मे पडिलेहेहि** = મારાં વસ્ત્રો જૂનાં થઈ ગયા છે તેથી બીજાં નવાં વસ્ત્રો લાવી દો, અથવા મારાં વસ્ત્રોની સંભાળ રાખો, **अण्णं पाणं च आहराहि त्ति** = મારા માટે અન્ન અને પાણી માંગી લાઓ, **गंधं रओहरणं** = મારા માટે કપૂર આદિ સુગંધી પદાર્થો અને રજોહરણ લઈ આવો, **मे कासवगं समणुजाणाहि** = હું લોચની પીડા સહી શકતી નથી તેથી મને હજામ પાસે કેશ કપાવવાની આજ્ઞા આપો.

**ભાવાર્થ :–** અરે ! મારા વસ્ત્રોને તો જુઓ, કેટલાં જીર્ણ–શીર્ણ થઈ ગયા છે ? તેથી બીજાં નવાં વસ્ત્રો લઈ આવો અથવા મારા માટે બજારમાં સારાં એવાં વસ્ત્રો જોજો, આ મારાં વસ્ત્રોનું ધ્યાન રાખજો. કોઈ સુરક્ષિત સ્થાનમાં તેને રાખજો, જેથી ઉંદર, છછૂંદર આદિ એને કાપી ન નાખે, મારા માટે અન્ન અને પાણી(પેય પદાર્થ) માંગી લાવો ! મારા માટે કપૂર, કેશતેલ, અત્તર આદિ સુગંધી પદાર્થો અને રજોહરણ (સફાઈ કરવા માટે ઝાડુ) લાવી દો. હું માથાનો લોચ કરવા સમર્થ નથી, તેથી મને હજામ પાસે વાળ કપાવવાની આજ્ઞા આપો.

**૭** **अदु अंजणिं अलंकारं, कुक्कययं च मे पयच्छाहि ।**
**लोद्धं च लोद्धकुसुमं च, वेणुपलासियं च गुलियं च ॥**

**શબ્દાર્થ :– अदु अंजणिं अलंकारं कुक्कययं मे पयच्छाहि** = હે સાધુ ! મને આંજણનું પાત્ર, આભૂષણ તથા ઘૂઘરીવાળી વીણા લાવી દો, **लोद्धं च लोद्धकुसुमं च** = લોધ્રના ફળ અને લોધ્રના ફૂલ

પણ લાવી દો, **वेणुपलासियं च गुलियं च** = તેમજ એક બંસરી અને પૌષ્ટિક ઔષધની ગોળી પણ લાવી દો.

**ભાવાર્થ :–** હે સાધુ ! હવે મારા માટે આંજણનુ પાત્ર (સૂરમાદાની), કંકણ, બાજુબંધ આદિ આભૂષણ અને ઘૂઘરીઓવાળી વીણા અથવા ખંજરી લાવી આપો. લોધ્રફળ અને ફૂલ લઈ આવો તથા વાંસથી બનેલી બંસરી(વાંસળી)લાવી દો, પૌષ્ટિક ઔષધ ગુટિકા પણ લાવી દો !

**૮** **कुट्ठं अगरुं तगरुं च, संपिट्ठं समं उसीरेण ।**
**तेल्लं मुहं भिलिंजाए, वेणुफलाइं सण्णिहाणाए ॥**

**શબ્દાર્થ :– कुट्ठं तगरुं अगरुं** = હે પ્રિય ! કુષ્ટ તગર અને અગર, **उसीरेण सम्मं संपिट्ठं** = ખસખસની સાથે પીસેલા મને લાવી આપો, **मुहंभिलिंजाए तेल्लं** = મોઢામાં લગાવવા માટે તેલ અને, **सण्णिहाणाए वेणुफलाइं** = વસ્ત્રાદિ રાખવા માટે વાંસની બનેલી એક પેટી લઈ આવો.

**ભાવાર્થ :–** વળી તે કહે છે હે પ્રિયતમ ! ખસખસ સાથે પીસેલા કુષ્ટ(કમળકુષ્ટ), તગર અને અગર વગેરે સુગંધિત પદાર્થો મને લાવી દો તથા મુખ પર લગાવવાનું, મુખનીકાંતિ વધારનાર તેલ તેમજ વસ્ત્ર આદિ રાખવા માટે વાંસની પેટી લઈ આવો.

**૯** **णंदिचुण्णगाइं पाहराहि, छत्तोवाहणं च जाणाहि ।**
**सत्थं च सूवच्छेयाए, आणीलं च वत्थयं रयावेहि ॥**

**શબ્દાર્થ :– णंदीचुण्णगाइं पाहराहि** = હોઠ રંગવા માટે ચૂર્ણ લઈ આવો, **छत्तोवाहणं च जाणाहि** = છત્રી અને જૂતા લાવો, **सूवच्छेयाए सत्थं च** = શાક સુધારવા માટે શસ્ત્ર એટલે કે છરી લઈ આવો, **आणीलं च वत्थयं रयावेहि** = નીલાવસ્ત્ર રંગાવીને લાવો !

**ભાવાર્થ :–** હે પ્રાણવલ્લભ ! મને હોઠ(ઓષ્ટ) રંગવા માટે નંદી ચૂર્ણક લાવી આપો, છત્રી તથા ચપ્પલ પણ લાવો અને હા, શાકભાજી સમારવા માટે શસ્ત્ર(ચપ્પુ, છરી આદિ) પણ લેતા આવજો, મારા કપડા પાકા અને આછા રંગના રંગાવી દો !

**૧૦** **सुफणिं च सागपागाए, आमलगाइं दगाहरणं च ।**
**तिलगकरणिमंजणसलागं, घिंसु मे विहूणयं विजाणाहि ॥**

**શબ્દાર્થ :– सागपागाए सुफणिं** = હે પ્રિયતમ ! શાક બનાવવા માટે તપેલી લાવો, **आमलगाइं दगाहरणं च** = આંબળા તથા પાણી રાખવાનું પાત્ર લાવો, **तिलगकरणिमंजणसलागं** = તિલક અને આંજણ લગાવવા માટેની સળી લઈ આવો, **घिंसु मे विहूणयं विजाणाहि** = ગરમીમાં હવા નાખવા માટે પંખો લઈ આવો.

**ભાવાર્થ :–** શીલભ્રષ્ટ પુરુષને સ્ત્રી કહે છે– હે પ્રિયવર ! શાકભાજી આદિ બનાવવા માટે તપેલી લાવો ! સાથો સાથ પાણી લાવવા–રાખવા માટે ઘડો(બેડું) તથા કોઠી, તિલક અને આંજણ લગાવવાની સળી પણ લેતા આવજો ! ઉનાળામાં હવા નાખવા માટે એક પંખો લાવવાનું યાદ રાખજો.

**૧૧** **संडासगं च फणिहं च, सीहलिपासगं च आणाहि ।**
**आयंसगं पयच्छाहि, दंतपक्खालणं पवेसाहि ॥**

**શબ્દાર્થ :– संडासगं** = વાળને ઉખાડવા માટે ચીપિયો, **फणिहं च** = તથા વાળ ઓળવા માટે દાંતિયો, કાંશકી, **सीहलिपासगं च** = ચોટલો બાંધવા માટે તેની બનાવેલી આંટી, **आणाहि** = લાવી દો, **आयंसगं पयच्छाहि** = મુખ જોવા અરીસો લાવીદો, **दंतपक्खालणं पवेसाहि** = દાંત સાફ કરવા માટે દંતમંજન લાવો.

**ભાવાર્થ :–** બગલના, નાકના વાળ કાઢવા માટે એક ચીપિયો, વાળ ઓળવા માટે દાંતિયો અને અંબોડા પર બાંધવા માટે ઊનની બનેલી જાળી અને એક અરીસો અને દાંત સાફ કરવા માટે દાંતણ અથવા દંતમંજન લાવી આપો.

**૧૨** **पूयफलं तंबोलं च, सूईसुत्तगं च जाणाहि ।**
**कोसं च मोयमेहाए, सुप्पुक्खलगं च खारगालणं च ॥**

**શબ્દાર્થ :– पूयफलं तंबोलं** = સોપારી, પાન, **सुईसुत्तगं च जाणाहि** = તથા સોય દોરા લાવો, **मोयमेहाए कोसं च** = પેશાબ કરવા માટે પાત્ર, **सुप्पुक्खलगं च** = સૂપડું અને સાંબેલું, **खारगालणं च** = ખાર ગાળવાનું વાસણ શીઘ્ર લાવી દો.

**ભાવાર્થ :–** (પ્રાણવલ્લભ !) સોપારી, પાન, સોય–દોરા, પેશાબ કરવા માટે પાત્ર(ભાજન) સૂપડું, ખાણિયો, સાંબેલું તેમજ ખાર ગાળવાનું વાસણ લાવવાનું યાદ રાખજો !

**૧૩** **चंदालगं च करगं च, वच्चघरगं च आउसो ! खणाहि ।**
**सरपायगं च जायाए, गोरहगं च सामणेराए ॥**

**શબ્દાર્થ :– आउसो** = હે આયુષ્મન્ ! **चंदालगं** = દેવતાનું પૂજન કરવા માટે ત્રાંબાનું પાત્ર, **करगं च** = પાણી અથવા મધ રાખવાનું પાત્ર, **वच्चघरगं** = સંડાસ, **खणाहि** = બનાવી દો, **जायाए सरपायगं च** = મારા પુત્રને રમવા માટે ધનુષ્ય લાવી દો, **सामणेराए** = શ્રમણપુત્ર માટે, **गोरहगं** = બળદથી વહન કરાતો નાનો રથ અથવા ગાડી વહન કરવા માટે એક બળદ લાવી દો.

**ભાવાર્થ :–** હે આયુષ્યમાન્ ! દેવપૂજન કરવા માટેનું ત્રાંબાનું પાત્ર અને કોઠી(પાણી રાખવાનું નળ વાળુ વાસણ) અથવા મદિરાપાત્ર લાવી આપો ! ખોદીને એક સંડાસ પણ મારા માટે બનાવી દો. પુત્રને

રમવા માટે એક ધનુષ્ય અને શ્રામણેર(શ્રમણ પુત્ર–તમારાપુત્ર)ની બળદગાડી ખેંચવા માટે એક ત્રણ વર્ષનો બળદ લાવી દો અથવા પુત્ર માટે બળદગાડી લાવી આપો.

**૧૪** **घडिगं च सडिंडिमयं च, चेलगोलं कुमारभूयाए ।**
**वासं समभियावण्णं, आवसहं च जाण भत्तं च ॥**

**શબ્દાર્થ :– घडिगं च सडिंडिमयं च** = માટીની પૂતળીઓ(ઢીંગલીઓ) અને વાજું, **चेलगोलं च कुमारभूयाए** = તથા આપણા દીકરાને રમવા માટે કપડાંનો બનેલો દડો લાવો ! **वासं च समभियावण्णं** = વર્ષા ઋતુ નજીક આવી ગઈ છે, **आवसहं च भत्तं च जाण** = વરસાદથી બચવા માટે ઘર અને અનાજનો જલ્દી પ્રબંધ કરો !

**ભાવાર્થ :–** શીલભ્રષ્ટ સાધુને તેની પ્રેમિકા કહે છે– પ્રિયવર ! આપણા રાજકુમાર જેવા પુત્રને રમવા માટે માટીની ઢીંગલી, ઘૂઘરા, વાજું અને કપડાનો બનેલો ગોળ દડો લાવી દો ! જુઓ ! ચોમાસુ નજીક આવી રહ્યું છે તેથી વરસાદથી બચવા માટે મકાન અને ભોજનનો પ્રબંધ કરવાનું ભૂલતા નહીં.

**૧૫** **आसंदियं च णवसुत्तं, पाउल्लाइं संकमट्ठाए ।**
**अदु पुत्तदोहलट्ठाए, आणप्पा हवंति दासा वा ॥**

**શબ્દાર્થ :– णवसुत्तं च आसंदियं** = નવા દોરાથી બનેલી બેસવા માટે એક માંચી લઈ આવો, **संकमट्ठाए पाउल्लाइं** = પહેરીને ફરી શકાય તેવી પાદુકા લાવો, **अदु पुत्तदोहलट्ठाए** = પુત્રની જીદને પૂરી કરવા માટે અમુક વસ્તુ લઈ આવો, **दासा वा आणप्पा हवंति** = આ રીતે સ્ત્રીઓ દાસની જેમ પુરુષો પર આજ્ઞા કરે છે.

**ભાવાર્થ :–** નવા સૂતરની બનેલી એક માંચી અથવા ખુરશી અને પહેરીને ફરી શકાય તેવી એક જોડી પાદુકા(પગરખાં) પણ લાવી દો અને જુઓ– મારા ગર્ભમાં રહેલ પુત્ર–દોહદની પૂર્તિમાટે અમુક વસ્તુઓ પણ લાવવાની છે. આ રીતે શીલભ્રષ્ટ પુરુષ સ્ત્રીનો આજ્ઞાપાલક દાસ બની જાય છે અથવા સ્ત્રીઓ આવા શીલભ્રષ્ટ પુરુષો પર નોકર જેવું વર્તન કરી આજ્ઞા (હુકમ) કર્યા કરે છે.

**૧૬** **जाए फले समुप्पण्णे, गेण्हसु वा णं अहवा जहाहि ।**
**अह पुत्तपोसिणो एगे, भारवहा हवंति उट्टा वा ॥**

**શબ્દાર્થ :– जाए फले समुप्पण्णे** = પુત્ર થવો તે ગૃહસ્થપણાનું ફળ છે, તે થવા પર, **गेण्हसु वा णं जहाहि** = સ્ત્રી ક્રોધિત થઈને કહે છે કે આ પુત્રને ખોળામાં લો અથવા છોડી દ્યો ! **अह एगे पुत्तपोसिणो उट्टा वा भारवहा हवंति** = કોઈ કોઈ પુરુષ પુત્રનું પોષણ કરવા માટે ઊંટની જેમ પીઠ ઉપર બેસાડે છે.

**ભાવાર્થ :–** પુત્ર(સંતાન)થવો એ તો સંસારીજીવનનું પરિણામ છે, આ પુત્રને ખોળામાં લો અથવા તેને

ત્યાગી દો. ત્યારબાદ કેટલાક શીલભ્રષ્ટ સાધક તો સંતાનના પાલન પોષણમાં એટલા આસક્ત થઈ જાય છે કે પછી તેઓ જિંદગીભર ઊંટની જેમ ગૃહસ્થપણાનો ભાર ખેંચતા રહે છે.

**१७** **राओ वि उट्ठिया संता, दारगं संठवेंति धाई वा ।**
**सुहिरीमणा वि ते संता, वत्थधुवा हवंति हंसा वा ॥**

**શબ્દાર્થ :– राओवि** = રાત્રે પણ, **उट्ठिया संता** = ઊઠીને, **धाई वा** = ધાવમાતાની જેમ, **दारगं च संठवेंति** = છોકરાને ખોળામાં લે છે, **ते सुहिरामणा वि संता** = તેઓ અત્યંત લજ્જાશીલ (શરમાતા) હોવા છતાં, **हंसा वा वत्थधुवा हवंति** = ધોબીની જેમ સ્ત્રીના અને પુત્રના વસ્ત્ર ધૂએ છે.

**ભાવાર્થ :–** (તે પુત્ર પોષણશીલ, સ્ત્રીમોહી પુરુષ) રાતના પણ જાગીને ધાવમાતાની જેમ પુત્રને ખોળામાં સૂવડાવે છે. તે પુરુષ મનમાં ઘણો શરમાતો હોવા છતાં ધોબીની જેમ સ્ત્રી અને પુત્રના વસ્ત્ર પણ ધોઈ નાખે છે.

**१८** **एवं बहुहिं कयपुव्वं, भोगत्थाए जेऽभियावण्णा ।**
**दासे मिए व पेस्से वा, पसुभूए वा से ण वा केइ ॥**

**શબ્દાર્થ :– एवं बहुहिं कयपुव्वं** = આ પ્રમાણે ઘણા લોકોએ પહેલાં કર્યું છે, **भोगत्थाए जेऽभियावण्णा** = જે પુરુષ ભોગ માટે સાવદ્ય કાર્યમાં આસક્ત છે, **दासे मिए व पेस्से वा पसुभूए व से केइ ण वा** = તે દાસ, મૃગપ્રેષ્ય– કૃતદાસ અને પશુ જેવો છે અથવા તેઓ– બધાથી અધમ– કંઈ પણ નથી.

**ભાવાર્થ :–** આ રીતે પૂર્વકાળમાં ઘણા(શીલ–ભ્રષ્ટ) લોકોએ કર્યું છે. જે પુરુષ ભોગો માટે સાવદ્ય કાર્યમાં આસક્ત છે, તે પુરુષ કાં તો નોકર જેવા છે, તેઓ મૃગલા જેવા છે, તેઓ પશુ જેવા છે અથવા તો તેઓ કાંઈ પણ નથી.(નગણ્ય અધમ વ્યક્તિ છે.)

## વિવેચન :–

આ ગાથાઓમાં સ્ત્રીઓના મોહમાં ફસાઈને કામભોગોમાં અત્યંત આસક્ત સાધકોની અવદશા તેમજ દુર્દશાનું વિશદ વર્ણન છે.

**ओएं सया ण रज्जेज्जा :–** સાધકનું જીવન વીતરાગની આજ્ઞાનુસાર વ્યતીત થતું હોય તેમાં સંયમ અને તપની જ સાધના કરવાની હોય છે પરંતુ જ્યારે તે પોતાના માર્ગથી ચ્યુત થાય છે, કોઈપણ પદાર્થની આસક્તિમાં કે સ્ત્રી સંગમાં ફસાઈ જાય છે ત્યારે તેની કેવી દુર્દશા થાય છે તેનું વાસ્તવિક દર્શન શાસ્ત્રકારે કરાવ્યું છે. સાવધાન રહેવા છતાં કદાચ પૂર્વ કર્મના યોગે સાધક ક્યાંક ફસાઈ જાય તો તેમાંથી કઈ રીતે પોતાની જાતને સુરક્ષિત રાખવી તેના એક એક ઉપાયોનું પણ નિરૂપણ છે.

આ ચેતવણી આપવા છતાં સાધુના ચિત્તમાં પૂર્વના સંસ્કારવશ અથવા મોહનીય કર્મના ઉદયવશ

કામભોગ–વાસના જાગી જાય તો જ્ઞાનરૂપી અંકુશથી મનને મારી કામભોગોથી વિરક્ત–વિરત થઈ જવું જોઈએ. જે રીતે સતિ રાજેમતિના વૈરાગ્યપૂર્ણ વચનોથી રથનેમિ સંયત ભાવમાં સ્થિર થયા તે જ રીતે દઢ મનોબળથી ભોગમાર્ગમાંથી ચિત્તને પાછું ખેંચી લેવું જોઈએ.

સ્ત્રી સંબંધી ભોગવાસના જાગૃત થતાં જ સાધુ આ પ્રમાણે ચિંતન કરે કે તે સ્ત્રી મારી નથી અને હું તેનો નથી, પછી મારો તેના પ્રત્યે રાગભાવ શા માટે ? આ તો મારો સ્વભાવ નથી, મારો સ્વભાવ તો વીતરાગભાવ છે. આ રીતે તે આત્મરક્ષક સાધુ રાગભાવને પોતાના હૃદયમાંથી દૂર કરે.

**भोगकामी पुणो विरज्जेज्जा :–** કામભોગ કિંપાક ફળની જેમ ભયંકર હાનિકારક છે. કિંપાકફળ એક જ વાર અને તે પણ શરીરને જ નષ્ટ કરે છે પરંતુ સ્ત્રીજન્ય કામભોગો તો વારંવાર, જન્મજન્માંતરમાં શરીર અને આત્મા બન્નેને નષ્ટ કરે છે. આ પ્રકારની વિચારણાથી ભોગમાર્ગથી વિરક્ત થાય છે.

શાસ્ત્રકારની આટલી ચેતવણી હોવા છતાં જો સાધુ કામભોગોની ઈચ્છાને રોક્યા વિના ઊલટા આસક્તિપૂર્વક કામભોગોના પ્રવાહમાં વહી જાય ત્યારે લોકો તેની હાંસી ઉડાવે છે, કહે છે– વાહ રે સાધુ ! કાલે તો અમને કામભોગોને છોડવાનું કહી રહ્યો હતો, આજે પોતે જ કામભોગોમાં રત થઈ ગયો ! તે સાધુ જનસમાજ માટે અવિશ્વસનીય, અશ્રદ્ધેય, અનાદરણીય, અને નિંદનીય બની જાય છે. તે સાથે તેના ગુરુ, આચાર્ય તથા અન્ય સાથે વસનારા સાધુઓ પણ લોકનિંદા, દુર્દશા તેમજ ઘોર અશાતનાના પાત્ર બની જાય છે. જે સાધુ સ્ત્રી સંબંધી કામભોગ–સેવનથી થનારી ઘોર હાનિ તેમજ હાંસીની ઉપેક્ષા કરીને ભોગ સેવનમાં પ્રવૃત્ત થઈ જાય છે, તેઓની દુર્દશા કે વિડમ્બનાને વિસ્તારથી બતાવવા માટે શાસ્ત્રકાર કહે છે– **सुणेह, जह भुंजंति भिक्खुणो एगे** । અર્થાત્ શાસ્ત્રકાર સ્ત્રી સંબંધી ભોગોમાં આસક્ત શીલભ્રષ્ટ સાધકોના બુરા હાલ (ખરાબ દશા) આગળની ગાથાઓમાં સ્પષ્ટરૂપે વ્યક્ત કરે છે.

**ચાર પ્રકારની મુખ્ય દુર્દશાઓ :–** ચારિત્રભ્રષ્ટ, સ્ત્રીઓમાં મૂર્છિત, કામભોગોમાં પ્રવૃત્ત સાધુ વેષધારી સાધકની જે ભંયકર દુર્દશાઓ થાય છે, તેઓને મુખ્યરૂપે ચાર પ્રકારોમાં વિભક્ત કરી શકાય છે. (૧) સ્ત્રી વશીભૂત સાધકના માથાપર સ્ત્રી પ્રહાર કરે છે (લાત મારે છે, પાટુ મારે છે.) (૨) પોતાની સાથે જ રહેવા માટે લાચાર બનાવી દે છે, (૩) નિત્ય નવી ચીજવસ્તુઓની માગણી કરે છે અને (૪) નોકરની જેમ તેના પર હુકમ કર્યા કરે છે. આ ચારે પ્રકારની દુર્દશા ગાથા દ્વારા સ્પષ્ટ છે.

**આવા દુર્દશાપાત્ર પુરુષોને ઉપમા :–** શાસ્ત્રકારે સ્ત્રીવશીભૂત પુરુષોની તુલના (સરખામણી) આ પ્રકારે કરી છે (૧) દાસ જેવા (૨) મૃગ જેવા (૩) નોકર જેવા (૪) પશુ જેવા (૫) ધોબી જેવા (૬) ઊંટ જેવા(૭) બધાથી અધમ નગણ્ય.

**[૪] પશુ સમાન :–** સ્ત્રીવશીભૂત પુરુષ પશુની જેમ કર્તવ્ય–અકર્તવ્યના વિવેકરહિત હોય છે. જેમ પશુ આહાર, નિદ્રા, ભય અને મૈથુનની પ્રવૃત્તિને જ જીવનનું સર્વસ્વ સમજે છે, તેમ સ્ત્રી વશીભૂત પુરુષ પણ અહર્નિશ ભોગપ્રાપ્તિ, કામભોગોને માટે સ્ત્રીની ગુલામી કરે છે અને ઊંટની જેમ રાત દિવસ તુચ્છ સાંસારિક કાર્યોમાં જોડાઈ રહેવાને કારણે તેમજ ઉત્તમ નિરવદ્ય અનુષ્ઠાનોથી દૂર રહેવાના કારણે પશુ

જેવો જ છે અથવા સ્ત્રીવશીભૂત પુરુષ, દાસ, મૃગપ્રેષ્ય અને પશુથી પણ ઊતરતો, અધમ અને નગણ્ય છે. તે પુરુષ એટલો અધમ છે કે તેના સમાન કોઈ નીચ નથી કે જેની ઉપમા તેને આપી શકાય અથવા આ લોક–પરલોક ઉભયભ્રષ્ટ હોવાને કારણે તે પુરુષનું ક્યાંય સ્થાન રહેતું નથી.આ વાતને શાસ્ત્રકાર અભિવ્યક્ત કરે છે– **दासे मिए व पेस्से वा पसुभूए वा से ण वा केइ । वत्थ धुवा हवंति हंसा वा । भारवहा हवंति उट्टा वा ।**

**वग्गूफलाइं आहराहित्ति :–** વલ્ગુ = સારા સારા નાળિયેર, કેળાં આદિ ફળોને લઈ આવવા અથવા **वग्गफलाइं** (પાઠાન્તર)નો **"वाक्‌फलाणि"** સંસ્કૃતમાં સંસ્કૃત છાયા અનુસાર અર્થ થાય છે. ધર્મકથા–રૂપ અથવા જ્યોતિષ વ્યાકરણાદિ રૂપ વાણી(વ્યાખ્યાન)થી પ્રાપ્ત થનારા વસ્ત્રાદિ રૂપ ફળોને લઈ આવો.

**दारुणि सागपागाए :–** શાકભાજી બનાવવા માટે (રાંધવા માટે) લાકડાં, પાઠાન્તર છે **अण्णपाकाय**– ચોખા આદિ અન્ન પકાવવા માટે. ચૂર્ણિકાર સમ્મત પાઠાન્તર છે–**अण्णपायाय** અર્થ ઉપર પ્રમાણે જ છે.

**वच्चघरगं :–** શૌચાલય. ચૂર્ણિકાર અનુસાર **वच्चघरगं ण्हाणिगा** = વર્ચોગૃહનો અર્થ સ્નાનઘર છે. **खणाहि** = ખોદીને બનાવો.

**भोगत्थाए जेऽभियावण्णा :–** કામભોગોને માટે આ લોક કે પરલોકના દુઃખોનો વિચાર કર્યા વિના ભોગોની સન્મુખ–અનુકૂળ સાવદ્ય અનુષ્ઠાનોમાં પ્રવૃત્ત. ચૂર્ણિકાર સમ્મત પાઠાંતર છે– **भोगत्थाए इत्थियाभि आवण्णा** = કામભોગોની પ્રાપ્તિને માટે સ્ત્રીઓમાં અતિ આસક્ત.

### સ્ત્રી સંસર્ગ વર્જન :–

**૧૯** **एयं खु तासु विण्णप्पं, संथवं संवासं च वज्जेज्जा ।**
**तज्जाइया इमे कामा, वज्जकरा य एवमक्खाया ॥**

**શબ્દાર્થ :– तासु** = સ્ત્રીઓના વિષયમાં, **एवं विण्णप्पं** = આ રીતે બોધ કરાવ્યો છે, **संथवं संवासं च वज्जेज्जा** = સાધુ સ્ત્રીઓની સાથે પરિચય અને સહવાસ છોડી દે, **तज्जाइया इमे कामा** = સ્ત્રીના સંસર્ગથી ઉત્પન્ન કામભોગ, **वज्जकरा य** = પાપને ઉત્પન્ન કરે છે, **एवमक्खाया** = એમ તીર્થંકરોએ કહ્યું છે.

**ભાવાર્થ :–** તેઓના(સ્ત્રીઓના) વિષયમાં આ પ્રકારની વાતો કહી છે. સાધુ સ્ત્રીઓની સાથે સંસ્તવ (સંસર્ગ = અતિપરિચય) તેમજ સંવાસ (સહવાસ)નો ત્યાગ કરે. સ્ત્રી સંસર્ગથી ઉત્પન્ન થનારા આ કામભોગો, પાપકારક અથવા પાપકર્મથી આત્માને ભારે કરનારા છે, તેમ તીર્થંકરોએ કહ્યું છે.

**૨૦** **एवं भयं ण सेयाए, इति से अप्पगं णिरुंभित्ता ।**
**णो इत्थिं णो पसुं भिक्खू, णो सयंपाणिणा णिलिज्जेज्जा ॥**

**શબ્દાર્થ :– एयं भयं ण सेयाए** = સ્ત્રી સાથે સંસર્ગ કરવાથી પૂર્વોક્ત ભય છે તથા તે કલ્યાણ માટે નથી,

**इति से अप्पगं णिरुंभित्ता** = તેથી સાધુ પોતાને સ્ત્રી સંસર્ગથી રોકીને, **णो सयं पाणिणा णिलिज्जेज्जा** = પોતાના હાથે સ્પર્શ ન કરે, આલિંગન, મર્દન ન કરે, ગુપ્તાંગનું સ્વયંના હાથે સ્પર્શ મર્દન ન કરે.

**ભાવાર્થ :–** સ્ત્રીસંસર્ગ કરવાથી જે ભય ઉત્પન્ન થાય છે, તે કલ્યાણકારી–શ્રેયસ્કર નથી તેમ જાણી સાધુ સ્ત્રી સંસર્ગ ન કરે, સ્ત્રી અને પશુ યુક્ત સ્થાનમાં નિવાસ ન કરે અને પોતાના હાથે તેને સ્પર્શે નહીં.

**૨૧** **सुविसुद्धलेस्से मेहावी, परकिरियं च वज्जए णाणी ।**
**मणसा वयसा कायेणं, सव्वफाससहे अणगारे ॥**

**શબ્દાર્થ :– सुविसुद्धलेस्से** = વિશુદ્ધચિત્ત, **मेहावी णाणी** = મર્યાદામાં સ્થિત જ્ઞાની પુરુષ, **मणसा वयसा काएणं** = મન, વચન અને કાયાથી, **परकिरियं च वज्जए** = બીજાની ક્રિયાને વર્જિત કરે, **सव्वफाससहे अणगारे** = જે શીત, ઉષ્ણ આદિ સર્વ સ્પર્શોને સહન કરે છે, તે જ સાધુ છે.

**ભાવાર્થ :–** વિશુદ્ધ લેશ્યા(ચિત્તની પરિણતિ)વાળો મેધાવી–મર્યાદામાં સ્થિત જ્ઞાની સાધુ મન, વચન, અને કાયાથી પરક્રિયા–સ્ત્રી સંબંધી ક્રિયા અથવા પરવ્યક્તિ પાસે પોતાના પગ દબાવવા, ધોવરાવવા આદિ ક્રિયાનો ત્યાગ કરે. જે સાધક પરીષહોના સ્પર્શોને–કષ્ટોને સહન કરે છે, તે જ અણગાર છે.

**૨૨** **इच्चेवमाहु से वीरे, धुयरए धुयमोहे से भिक्खू ।**
**तम्हा अज्झत्थविसुद्धे, सुविमुक्के आमोक्खाए परिव्वएज्जासि ॥**
**–त्ति बेमि ॥**

**શબ્દાર્થ :– धुयरए धुयमोहे** = જેણે સ્ત્રી સંસર્ગ(સ્ત્રી સંપર્ક) જનિત રજ એટલે કે કર્મોને દૂર કરી નાખ્યા હતા તથા જે રાગ દ્વેષથી રહિત હતા, **तम्हा अज्झत्थ विसुद्धे** = તેથી નિર્મળ ચિત્ત, **सुविमुक्के से भिक्खू** = સ્ત્રી સંપર્ક વર્જિત તે સાધુ, **आमोक्खाए** = મોક્ષપર્યંત, **परिव्वएज्जासि** = સંયમના અનુષ્ઠાનમાં પ્રવૃત્ત રહે.

**ભાવાર્થ :–** કર્મોને દૂર કરનાર, મોહ–રાગદ્વેષને પરાજિત કરનાર વીર પ્રભુએ જ આ સ્ત્રી પરિજ્ઞા સંબંધી તથ્ય કહ્યું છે. તેથી સ્ત્રી સંસર્ગથી વિમુક્ત, નિર્મળચિત્ત સાધુ મોક્ષ ન થાય ત્યાં સુધી સંયમાનુષ્ઠાનમાં પ્રવૃત્ત રહે, ઉદ્યત રહે.

## વિવેચન :–

**સ્ત્રીસંસર્ગથી વિમુક્ત રહેવાનો ઉપદેશ :–** સ્ત્રી પરિજ્ઞા અધ્યયનનો ઉપસંહાર કરતા શાસ્ત્રકારે ચાર ગાથાઓમાં, જ્ઞ પરિજ્ઞાથી સ્ત્રીસંગથી થતા અનર્થોને જાણી, પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી તેનો સર્વથા ત્યાગ કરવાનો ઉપદેશ આપ્યો છે. આ ચાર ગાથાઓમાં સ્ત્રીસંગત્યાગના ત્રણ પાસાઓ છે– (૧) સાધુ સ્ત્રીસંગ ત્યાગ શા માટે કરે ? (૨) કેવી રીતે, કયા કયા ઉપાયોથી કરે ?(૩) સ્ત્રીસંગ ત્યાગી કઈ વિશેષતાઓથી યુક્ત હોય ?

(૧) **एवं खु तासु विण्णप्पं, संथवं संवासं च वज्जेज्जा :–** સ્ત્રી સંગથી અનેક અનર્થો સર્જાય છે. ચારિત્ર ભ્રષ્ટ સાધકની અનેક રીતે અવદશા થાય છે અને અનેક પ્રકારની આપત્તિઓ આવી પડે છે એ જાણીને સાધુએ સ્ત્રીઓના પરિચયથી અને સ્ત્રીસંવાસથી દૂર રહેવું અત્યંત જરૂરી છે.

(૨) **वज्जकरा एवमक्खाया :–** તીર્થંકરો, ગણધરો આદિએ સ્ત્રી સંસર્ગથી ઉત્પન્ન થનારા તજ્જાતીય કામભોગોને પાપકર્મનો બંધ કરાવનાર અને આત્માને ભારેકર્મી કરનારાં કહ્યા છે. તેથી તેનો ત્યાગ કરે.

(૩) **एयं भयं ण सेयाए :–** સ્ત્રીઓની પ્રાર્થના, અનુનય, માયાચાર આદિને વશ બની તેમની સાથે કરવામાં આવતો ભિન્ન ભિન્ન પ્રકારનો સંસર્ગ–સંવાસ ભયજનક છે. તેથી સાધુ માટે તે શ્રેયસ્કર–કલ્યાણકર નથી.

(૪) **इच्चेवमाहु से वीरे धुयरए धुयमोहे...तम्हा :–** વીરપ્રભુએ સ્ત્રીસંસર્ગને મહામોહનીય કર્મના બંધનું તથા બીજા કર્મોનું કારણ માની સ્વયં સ્ત્રી સંસર્ગજનિત કર્મરજથી મુક્ત થયા, રાગ–દ્વેષ–મોહ વિજયી બન્યા. ત્યાર પછી સર્વ સાધકોને સ્ત્રી પરિજ્ઞાનો ઉપદેશ આપ્યો છે. તેથી બ્રહ્મચર્યના આરાધક છે. તે પ્રમાણે ચાલવું અનિવાર્ય છે.

સાધુ સ્ત્રીસંગત્યાગ કેવી રીતે અથવા કયા ઉપાયોથી કરે ? આ અધ્યયનના પહેલા ઉદ્દેશામાં તથા બીજા ઉદ્દેશાની પૂર્વ ગાથાઓમાં સ્ત્રીસંગ ત્યાગની પ્રેરણા આપવામાં આવી છે; તેમ છતાં પરમ હિતૈષી શાસ્ત્રકારે ફરી તેના માટેની કેટલીક પ્રેરણાઓ અધ્યયનના ઉપસંહારમાં આપી છે– (૧) આત્મહિતૈષી સાધુ સ્ત્રીસંસ્તવ(સંસર્ગ), સ્ત્રીસંવાસ(સહનિવાસ) આદિનો ત્યાગ કરે. (૨) જેમ વીજળીના કરંટ નો સ્પર્શ થતાંજ મનુષ્ય સાવધાન થઈને તુરંત દૂર હટી જાય છે, બીજીવાર તેનો સ્પર્શ કરતા નથી, તેમ સ્ત્રીસંગજનિત કોઈપણ ઉપદ્રવ–ઉપસર્ગ આવે તો સાધક તેને ભયકારક તેમજ આત્મવિનાશકારી સમજીને સાવધાન થઈ જાય, તેનાથી દૂર ખસી જાય અને પોતાને સંયમમાર્ગમાં સ્થાપિત કરે. (૩) સાધુ સ્ત્રી અને પશુનો સ્પર્શ અથવા આલિંગન પણ પોતાના હાથ વડે ન કરે. (૪) સ્ત્રી સહવાસરૂપ પરક્રિયા અથવા પરસ્પર ગૃહસ્થ પરિચર્યારૂપ પરક્રિયાનો ભિક્ષુ ત્યાગ કરે.

**णिलिज्जेज्जा :–** વૃત્તિકારના અનુસાર **णिलीयेत** = આશ્રય ન લે અથવા આલિંગન ન કરે, સંબાધન (પીડન અથવા મર્દન) ન કરે અથવા સ્ત્રી આદિનો સ્પર્શ ન કરે. ચૂર્ણિકારના અનુસાર– **णिलेज्जं ति हत्थकम्मं ण कुर्यात् । णिलंजणं णाम स्पर्श करणं अथवा स्वेण पाणिणा तं प्रदेशमपि ण लीयत्ते–ण णिलेज्ज** = હસ્તકર્મ ન કરે અથવા નિલંજન એટલે કે સ્પર્શ ન કરે(સ્ત્રી આદિનો સ્પર્શ ન કરે) અથવા પોતાના હાથે તે ગુહ્યપ્રદેશનું પીડન(મર્દન)ન કરે.

## ।। અધ્યયન ૪/૨ સંપૂર્ણ ।।

# પાંચમું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ "નરકવિભક્તિ" છે.

કર્મસિદ્ધાંત અનુસાર જે જીવ હિંસા, અસત્ય, ચોરી, કુશીલસેવન, મહાપરિગ્રહ, મહાઆરંભ, પંચેન્દ્રિયજીવ હત્યા, માંસાહાર આદિ પાપકર્મ કરે તો તેને તીવ્ર પાપકર્મોનો બંધ થાય છે અને તે કર્મબંધનું ફળ ભોગવવા માટે તેને નરકગતિમાં જન્મ લેવો પડે છે. સર્વજ્ઞ જિનેન્દ્રો વડે પ્રરૂપિત આગમો દ્વારા આ વાત સિદ્ધ છે.

વૈદિક, બૌદ્ધ અને જૈન, ત્રણ પરંપરાઓમાં નરકનાં મહાદુઃખોનું વર્ણન છે. યોગદર્શનના વ્યાસભાષ્યમાં છ મહાનરકોનું વર્ણન છે. ભાગવતપુરાણમાં ૨૭ નરકોની ગણના છે. બૌદ્ધ પરંપરાના પિટકગ્રંથ સુત્તનિપાતના કોકાલિયસુત્તમાં નરકોનું વર્ણન છે. અભિધર્મકોષના ત્રીજા સ્થાનના પ્રારંભમાં ૮ નરકોનો ઉલ્લેખ છે. નરકવિષયક માન્યતા બધા આસ્તિક દર્શનોમાં અતિ પ્રાચીનકાળથી ચાલી આવે છે અને ભારતીય ધર્મોની ત્રણે શાખાઓમાં નરકનું વર્ણન પ્રાયઃ એક સરખું જોવા મળે છે. તેની શબ્દાવલી પણ મોટાભાગે સરખી છે.

નરક એ એક ક્ષેત્ર વિશેષ (ગતિ)નું નામ છે. જ્યાં જીવ પોતાના દુષ્કૃત્યોનું ફળ ભોગવવા જાય છે અને સ્થિતિપૂર્ણ થાય ત્યાં સુધી તેને ત્યાં રહેવું પડે છે. ઘોર વેદનાને કારણે જીવ ચીસો પાડે, સહાયતા માટે એક બીજાને સંબોધન કરીને બોલાવે, તેવું ભયંકર દુઃખદાયી સ્થાન 'નરક' છે.

નરકનો પર્યાયવાચી **''णिरय''** શબ્દ છે. જેનો અર્થ છે, શાતાવેદનીય આદિ શુભ અથવા ઈષ્ટ ફળ જેમાંથી નીકળી ગયું છે તે નિરય.

નિર્યુક્તિકારે નિક્ષેપની દષ્ટિએ નરકના છ ભેદ(પ્રકાર)કર્યા છે– "નામ નરક" અને "સ્થાપના નરક" સુગમ છે. દ્રવ્ય નરકના મુખ્ય બે ભેદ. આગમથી અને નો આગમથી. જે નરકને જાણે છે પરંતુ તેમાં ઉપયોગ નથી, તે આગમથી દ્રવ્યનરક છે. નો આગમથી દ્રવ્યનરક જ્ઞશરીર–ભવ્યશરીર– તદ્વ્યતિરિક્ત એમ ત્રણ પ્રકારે છે. આ લોકમાં જે મનુષ્ય અથવા તિર્યંચ અશુભકર્મના કારણે કારાગૃહો, બંધનો અથવા અશુભ, અનિષ્ટ ક્ષેત્રોમાં–પરિવારોમાં નરક જેવું દુઃખ પામે છે. તે તદ્વ્યતિરિક્ત નો આગમ દ્રવ્ય નરક કહેવાય છે.

દ્રવ્ય અને નોકર્મદ્રવ્યના ભેદથી દ્રવ્યનરક બે પ્રકારના છે. (૧) દ્રવ્યનરક– જેણે નરકવેદનીય કર્મ બાંધી લીધું છે, તેવા એકભવિક, બદ્ધાયુષ્ક અને અભિમુખ નામગોત્ર(કર્મ) દ્રવ્યનરક કહેવાય છે. (૨)

નોકર્મદ્રવ્યનરક– આ લોકમાં જે અશુભ શબ્દ, રૂપ રસ, ગંધ અને સ્પર્શ છે. તે નોકર્મદ્રવ્યનરક કહેવાય છે. (૩) ક્ષેત્ર નરક– નારકીને રહેવાના ૮૪ લાખ સ્થાન(નરકાવાસો) તે ક્ષેત્ર નરક છે. (૪) કાળનરક– નારકીઓની જે સ્થિતિ તે કાળનરક કહેવાય છે. (૫) ભાવનરક– નરકાયુષ્યનો ભોગવટો અથવા નરકાયુષ્યના ઉદયથી ઉત્પન્ન અશાતા વેદનીયના કર્મોદયવાળા જીવ તે ભાવનરક છે.

આ અધ્યયનમાં ક્ષેત્રનરક, કાળનરક અને ભાવનરકની દૃષ્ટિએ નિરૂપણ કરવામાં આવ્યું છે.

વિભાગ અથવા સ્થાનને "વિભક્તિ" કહે છે. આ દૃષ્ટિએ "નરક(નિરય) વિભક્તિ"નો અર્થ થયો જેમાં નરકનાં ભિન્ન ભિન્ન વિભાગો–સ્થાનોનાં ક્ષેત્રીય દુઃખો, પારસ્પરિક દુઃખો તથા પરમાધામિક દેવો(અસુરો)કૃત દુઃખોનું વર્ણન હોય તે અધ્યયન. હિંસા આદિ ભયંકર પાપકર્મ કરનારા જીવો ભિન્ન ભિન્ન નરકવાસોમાં જન્મ લઈ ભયંકર શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ કૃત ક્ષેત્રીય અને પારસ્પરિક તેમજ પરમાધામીકૃત કેવાં કેવાં ઘોર દુઃખો સહે છે, કેવી વેદનાનો અનુભવ થાય છે ? તે જીવોના મન પર શી શી પ્રતિક્રિયાઓ થાય છે ? તે સંપૂર્ણ વર્ણન "નરકવિભક્તિ" અધ્યયનના બન્ને ઉદ્દેશાઓમાં છે. પહેલા ઉદ્દેશામાં ૨૭ અને બીજા ઉદ્દેશામાં ૨૫ ગાથાઓ છે.

સ્થાનાંગ(ઠાણાંગ) સૂત્રમાં નરકગતિના ચાર અને તત્ત્વાર્થ સૂત્રમાં નરકાયુના મુખ્ય બે કારણોનો ઉલ્લેખ છે તથા જે લોકો પાપી છે, હિંસક, અસત્યભાષી, ચોર, લૂંટારા, મહાઆરંભી–મહાપરિગ્રહી છે, અસદાચારી–વ્યભિચારી છે, તેઓને આ નરકાવાસોમાં અવશ્ય જન્મ લેવો પડે છે. તેથી ધીર સાધક નરકગતિ અથવા નરકાયુબંધનનાં કારણો, એના ફળસ્વરૂપે પ્રાપ્ત થનારાં દારુણ દુઃખો સાંભળી–સમજી તેનાથી દૂર રહે, હિંસા આદિ પાપોમાં પ્રવૃત્ત ન થાય અને સ્વપર કલ્યાણરૂપ સંયમ સાધનામાં અહર્નિશ સંલગ્ન રહે, તે આ અધ્યયનનો ઉદ્દેશ છે.

**નરક અને નરકાવાસોની સંખ્યા :–** નરક સાત છે. રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા, મહાતમઃપ્રભા. તેનાં સાત ગોત્ર છે અને ઘમ્મા, વંશા, શૈલા, અંજના, અરિષ્ટા, મઘા અને માઘવતી, આ સાત નરકભૂમિઓના નામ છે. આ સાતે નરકભૂમિઓ અસંખ્ય યોજનોના અંતર પર ઘનોદધિ, ઘનવાત, તનુવાત અને આકાશના આધારે સ્થિત છે. તે નરકભૂમિઓ ક્રમથી ૩૦ લાખ, ૨૫ લાખ, ૧૫ લાખ, ૧૦ લાખ, ૩ લાખ, ૧ લાખમાં પાંચ ઓછા (૯૯૯૯૫) અને પાંચ આવાસોમાં વિભક્ત છે.

**નરકવાસીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ :–** ૧ થી ૭ નરકમાં ક્રમશઃ ૧, ૩, ૭, ૧૦, ૧૭, ૨૨ અને ૩૩ સાગરોપમ કાળની સ્થિતિ છે અને જઘન્ય ક્રમશઃ ૧૦,૦૦૦ વર્ષ, ૧, ૩, ૭, ૧૦, ૧૭ અને ૨૨ સાગરોપમ છે.

**નારકોની આકૃતિ–પ્રકૃતિ :–** નારકજીવોની લેશ્યા, પરિણામ, આકૃતિ અશુભતર હોય છે, તેઓની વેદના અસહ્યતર હોય છે, તેઓમાં વૈક્રિયશક્તિ હોય છે, જેનાથી શરીરના નાનામોટા વિવિધરૂપો બનાવી શકે છે પરંતુ તે જે રૂપોની વિકુર્વણા કરે તે અશુભ, અપ્રિય કે અકાંત જ હોય છે.

**નારકમાં પ્રાપ્ત થતાં વિવિધ દુઃખો :–** નરકમાં મુખ્યરૂપે ત્રણ પ્રકારના દુઃખો હોય છે (૧) પરસ્પર

અપાતા દુઃખ (૨) ક્ષેત્રજન્ય દુઃખો (૩) પરમાધામી કૃત દુઃખો.

**નારકોને દુઃખ દેનારા પરમાધામી અસુરો :–** નરકપાલ ૧૫ પ્રકારના છે :–(૧) અંબ (૨) અંબરિષ (૩) શ્યામ (૪) શબલ (૫) રૌદ્ર, (૬) ઉપરુદ્ર (૭) કાલ (૮) મહાકાલ (૯) અસિપત્ર (૧૦) ધનુષ્ય (૧૧) કુંભ (૧૨) વાલુ (૧૩) વૈતરણી (૧૪) ખરસ્વર અને (૧૫) મહાઘોષ. આ અસુર દેવો સ્વભાવથી બહુ જ ક્રૂર હોય છે. તે નારકોને પૂર્વકૃત પાપકર્મ યાદ કરાવી વિવિધ પ્રકારે ભયંકર યાતનાઓ આપે છે.

❖❖❖❖❖

# પાંચમું અધ્યયન

## નરક વિભક્તિ

### પહેલો ઉદ્દેશક

**નરકમાં ઉત્પત્તિનાં કારણ :–**

**૧** पुच्छिसु हं केवलियं महेसिं, कहंऽभितावा णरगा पुरत्था ।
अजाणओ मे मुणि बूहि जाणं, कहं णु बाला णरगं उवेंति ॥

**શબ્દાર્થ :–** **हं** = મેં, **पुरत्था** = પહેલાં, **केवलियं** = કેવળજ્ઞાની, **महेसिं** = મહર્ષિ [મહાવીર સ્વામી]ને, **पुच्छिसु** = પૂછ્યું હતું કે, **णरगा कहं अभितावा** = નરકમાં કેવી પીડા હોય છે ? **मुणि जाणं** = હે મુનિ ! આપ તેને જાણો છો તેથી, **अजाणओ मे बूहि** = ન જાણતા એવા મને કહો, **बाला** = મૂર્ખ જીવ, **कहं णु** = કેવી રીતે, **णरयं** = નરકને, **उवेंति** = પામે છે ?

**ભાવાર્થ :–** (શ્રી સુધર્માસ્વામી કહે છે) મેં પહેલાં કેવળજ્ઞાની(સર્વજ્ઞ) મહર્ષિ મહાવીર સ્વામીને પૂછ્યું હતું કે નારકીઓ કયા પ્રકારની પીડા(અભિતાપ)થી યુક્ત છે ? હે મુનિ ! આપ જાણો છો તેથી મને અજ્ઞાનીને કહો કે મૂઢ અજ્ઞાની જીવ કયા કારણોથી નરકમાં જાય છે ?

**૨** एवं मए पुट्ठे महाणुभागे, इणमब्बवी कासवे आसुपण्णे ।
पवेदइस्सं दुहमट्ठदुग्गं, आदीणियं दुक्कडियं पुरत्था ॥

**શબ્દાર્થ :–** **इणमब्बवी** = એમ કહ્યું છે કે, **दुहमट्ठदुग्गं** = નરક દુઃખદાયી છે તથા અસર્વજ્ઞ પુરુષોથી અજ્ઞેય છે, **आदीणियं** = તે અત્યંત દીન જીવોનું નિવાસસ્થાન છે, **दुक्कडियं** = તેમાં પાપી જીવ નિવાસ કરે છે, **पुरत्था** = તે આગળ, **पवेदइस्सं** = અમે બતાવીશું.

**ભાવાર્થ :–** આ રીતે મારા (સુધર્માસ્વામી) વડે પૂછવા પર મહાનુભાવ, મહાપ્રભાવક, કાશ્યપગોત્રીય, આશુપ્રજ્ઞ ભગવાન મહાવીરે કહ્યું કે આ નરક દુઃખરૂપ તેમજ દુર્ગ–ગહન, અસર્વજ્ઞો દ્વારા દુર્વિજ્ઞેય છે. તે અત્યંત દીનજીવોનું નિવાસ સ્થાન છે. તે દુષ્કૃતિક–દુષ્કર્મ–પાપ કરનારાઓ અથવા પાપનું ફળ ભોગવનારાઓથી ભરેલી છે. તેનું વર્ણન હવે કરીશ.

૩ **जे केइ बाला इह जीवियट्ठी, पावाइं कम्माइं करेंति रुद्दा ।**
**ते घोररूवे तिमिसंधयारे, तिव्वाभितावे णरए पडंति ॥**

**શબ્દાર્થ :– इह** = આ લોકમાં, **रुद्दा** = પ્રાણીઓને ભય ઉત્પન્ન કરનારા, **जीवियट्ठी** = પોતાના જીવન માટે, **घोररूवे** = ઘોર રૂપવાળા, **तिमिसंधयारे** = ઘોર અંધકારથી યુક્ત મહા દુઃખદ નરકમાં જાય છે, **तिव्वाभितावे** = તીવ્ર અભિતાપ યુક્ત.

**ભાવાર્થ :–** પ્રાણીઓને ભયભીત કરનાર જે અજ્ઞાની જીવો પોતાના જીવન માટે હિંસા વગેરે પાપ કર્મ કરે છે, તેઓ ઘોર રૂપવાળા, ઘોર અંધકારથી યુક્ત, તીવ્રતમ તાપ(ગરમી)વાળાં નરકોમાં જાય છે.

૪ **तिव्वं तसे पाणिणो थावरे य, जे हिंसइ आयसुहं पडुच्च ।**
**जे लूसए होइ अदत्तहारी, ण सिक्खइ सेयवियस्स किंचि ॥**

**શબ્દાર્થ :– जे आयसुहं पडुच्च** = જે જીવ પોતાના સુખના નિમિત્તે, **तसे थावरे य पाणिणो तिव्वं हिंसइ** = ત્રસ અને સ્થાવર પ્રાણીને તીવ્રતાપૂર્વક હણે છે, **जे लूसए अदत्तहारी होइ** = જે પ્રાણીઓનું મર્દન કરનાર અને બીજાની વસ્તુ દીધા વિના લેનારા(ચોરી કરનારા) છે, **सेयवियस्स किंचि ण सिक्खइ** = જે સેવન કરવા યોગ્ય સંયમનું થોડું પણ સેવન કરતો નથી.

**ભાવાર્થ :–** જે જીવ પોતાના વિષયસુખને માટે ત્રસ અને સ્થાવર પ્રાણીઓની તીવ્રભાવે હિંસા કરે છે, જે (લૂષક) અનેક ઉપાયોથી પ્રાણીઓનું ઉપમર્દન કરે છે, ચોરી કરે છે, તે આત્મ હિતેચ્છુઓ દ્વારા સેવવા યોગ્ય, શ્રેયસ્કર સંયમનું સેવન કરતા નથી.

૫ **पागब्भि पाणे बहुणं तिवाई, अणिव्वुडे घायमुवेइ बाले ।**
**णिहो णिसं गच्छइ अंतकाले, अहो सिरं कट्टु उवेइ दुग्गं ॥**

**શબ્દાર્થ :– पागब्भि** = જે પુરુષ પાપ કરવામાં પાવરધો છે, **बहुणं पाणे तिवाई** = ઘણા પ્રાણીઓની હિંસા કરે છે, **अणिव्वुडे** = અનિવૃત, **अंतकाले** = મરણ કાળમાં, **णिहो** = નીચે, **णिसं** = અંધકારમાં, **अहोसिरं कट्टु** = તે નીચે માથું કરીને, **दुग्गं उवेइ** = કઠિન પીડા સ્થાનને પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :–** જે પુરુષ પાપ કરવામાં પાવરધો છે, અનેક પ્રાણીઓની ઘાત કરે છે, જેની ક્રોધાદિ કષાય રૂપ અગ્નિ ક્યારે ય બૂઝાતી નથી, તે અજ્ઞાની જીવ અંતિમ સમયે, મૃત્યુના સમયે નીચે ઘોર અંધકારમય નરકમાં ચાલ્યો જાય છે અને ત્યાં ઉંધે માથે થઈને તે કઠોર પીડા સ્થાનને પ્રાપ્ત કરે છે.

## વિવેચન :–

આ પાંચ ગાથાઓમાંથી પ્રથમ ગાથામાં નરક સંબંધી જિજ્ઞાસા વ્યક્ત કરી શાસ્ત્રકારે ચાર

ગાથાઓમાં જિજ્ઞાસાનું સમાધાન કર્યુ છે. પાંચમાં ગણધર શ્રી સુધર્મા સ્વામીએ જંબૂસ્વામીને કહ્યું કે મેં કેવળજ્ઞાની મહર્ષિ ભગવાન મહાવીર સમક્ષ મારી જિજ્ઞાસા રજૂ કરી હતી કે, હે ભગવન્ ! હું નરક અને ત્યાંના તીવ્ર સંતાપો અને યાતનાઓથી અજાણ છું. આપ સર્વજ્ઞ છો. તેથી એ બતાવવાની કૃપા કરો કે (૧) નરકમાં કેવી પીડાઓ હોય છે ? અને (૨) કયા જીવો કયા કારણોથી નરકને પ્રાપ્ત કરે છે ?

શ્રી સુધર્મા સ્વામીએ કહ્યું કે મેં આ પ્રમાણે પૂછ્યું ત્યારે મહાનુભાવ, આશુપ્રજ્ઞ, કાશ્યપગોત્રીય ભગવાન મહાવીરે જિજ્ઞાસાનું સમાધાન બે વિભાગોમાં કર્યું (૧) નરકભૂમિ કેવી છે ? (૨) નરકમાં કેવાં પ્રાણીઓ જાય છે ?

**दुहमट्ठदुग्गं आदीणियं दुक्कडियं :–** ચાર વિશેષણો દ્વારા નરકભૂમિનું સ્વરૂપ બતાવ્યું છે (૧) નરક દુઃખમય છે. શાસ્ત્રકારે દુઃખમયતા અનેક રીતે બતાવી છે. દુઃખ દેવા માટે નિમિત્ત રૂપ હોવાથી દુઃખાર્થ; દુઃખ દેવું તે જ તેનું પ્રયોજન હોવાથી નરક સ્થાન જીવોને દુઃખ આપતું હોવાથી અથવા અશાતાવેદનીય કર્મના ઉદયે નરકભૂમિ પ્રાપ્ત થતી હોવાથી નરકભૂમિ તીવ્ર પીડા રૂપ છે. તેથી તેને દુઃખમય કહી છે. (૨) નરક દુર્ગ છે. નરકભૂમિને પાર કરવી દુર્ગમ હોવાથી તથા વિષમ તેમજ ગહન હોવાથી એ દુર્ગ છે અથવા અસર્વજ્ઞ જીવો દ્વારા દુર્ગમ્ય–દુર્વિજ્ઞેય છે (૩) નરક અત્યંત દીન પ્રાણીઓનું નિવાસસ્થાન છે (૪) નરક દુષ્કૃતિક છે, દુષ્કૃત–દુષ્કર્મ કરનારા જીવો ત્યાં ઉત્પન્ન થાય છે. તેથી દુષ્કૃતિક છે અથવા દુષ્કૃત–પાપ અને પાપનું ફળ ત્યાં વિદ્યમાન હોય છે, તેથી તે દુષ્કૃતિક છે અથવા જે પાપીજનોએ પૂર્વ જન્મમાં દુષ્કૃત કર્યા છે, તેઓનો અહીં નિવાસ હોવાના કારણે નરક દુષ્કૃતિક કહેવાય છે.

નરક તો નરક જ છે, દુઃખાગાર છે, છતાં પણ પાપકર્મની તીવ્રતા–મંદતા અનુસાર તીવ્રમંદ પીડાવાળી નરકભૂમિ તે જીવોને મળે છે. તે ભૂમિના ત્રણ વિશેષણો શાસ્ત્રકારે પ્રયુક્ત કર્યા છે. (૧) ઘોર રૂપ (૨) તમિસ્રાન્ધકાર અને (૩) તીવ્રાભિતાપ. નરકમાં એટલા વિકરાળ તેમજ ક્રૂર આકૃતિવાળા પરમાધામી અસુર છે કે તેઓ વિકરાળ દશ્ય ઉત્પન્ન કરે છે, એ કારણે નરકને ઘોરરૂપ કહી છે. નરકમાં અંધારૂ એટલું ગાઢ અને ઘોર છે કે ત્યાં પોતાનો હાથ કે પોતાનું શરીર પણ પોતે જોઈ શકાતા નથી. એ સિવાય નરકમાં તીવ્ર દુઃષહ તાપ(ગરમી) છે. તેને શાસ્ત્રકારે ખેરના ધગધગતા લાલ લાલ અંગારાઓના મોટા ઢગલાથી પણ અનંતગણો અધિક તાપ કહ્યો છે. ચોથી અને પાંચમી ગાથામાં બતાવ્યા પ્રમાણે જે પાપકર્મ કરે છે, તે નરકયોગ્ય જીવો પોતાના મૃત્યુકાળમાં નીચેની નરકોમાં જાય છે, જ્યાં ઘોર રાત્રિ છે અર્થાત્ જ્યાં તેઓને દ્રવ્યપ્રકાશ પણ મળતો નથી અને જ્ઞાનરૂપી ભાવપ્રકાશ પણ મળતો નથી. પોતાનાં કરેલાં પાપકર્મોનાં કારણે નારકીને કુંભીમાં ઉંધા માથે જન્મ ધારણ કરવો પડે છે.

કેટલાક હિંસાનું પોષણ કરનારા, મિથ્યાવાદી લોકો કહે છે. **वेदविहिता हिंसा, हिंसा ण भवति** વેદવિહિત યજ્ઞાદિમાં થનારી પશુવધ રૂપ હિંસા આદિ હિંસા કહેવાતી નથી, એમ માનીને હિંસા કરે છે. કેટલાક લોકો શિકારને ક્ષત્રિયો અથવા રાજાઓનો ધર્મ કહીને નિર્દોષ પ્રાણીઓનો વધ કરે છે. જે પશુઓની કતલ તેમજ માછલીઓનો વધ કરીને પોતાની આજીવિકા ચલાવે, તેઓના પરિણામ(મનના અધ્યવસાય) હંમેશાં પ્રાણીવધ કરવાના જ રહ્યા કરે છે. તે જીવો નરકમાં ઉત્પન્ન થાય છે.

**નરકયાત્રી કોણ અને શા માટે ? :– (૧) बाला :–** જેઓ હિતમાં પ્રવૃત્તિ અને અહિતથી નિવૃત્તિરૂપ વિવેકથી રહિત, રાગ દ્વેષની ઉત્કટતાના કારણે આત્મહિતથી અજાણ એવા તિર્યંચ અને મનુષ્ય અથવા જે સિદ્ધાંતથી અજાણ હોવાના કારણે મહાઆરંભ, મહાપરિગ્રહ, પંચેન્દ્રિય જીવોનો વધ તેમજ માંસ ભક્ષણ આદિ સાવદ્ય અનુષ્ઠાનમાં પ્રવૃત્ત છે તેઓ બાલ છે અને આવા બાલ જીવો હિંસાદિના કારણે નરકમાં જાય છે.

**(૨) रुद्दा :–** જે પ્રાણી કર્મથી, વચનથી, વિચારોથી તેમજ આકૃતિથી પણ રૌદ્ર(ભયંકર) છે, જેઓને જોતા જ ભય ઉત્પન્ન થાય તેવા રૌદ્ર પરિણામી છે. તેઓ નરકમાં જાય છે.

**(૩) आयसुहं पडुच्च हिंसइ :–** જે સુખ અને એશારામમાં જ જીવન પસાર કરવા માટે ઘોર પાપકર્મ કરે, હિંસા, ચોરી, ધાડ, લૂંટફાટ, વિશ્વાસઘાત આદિ ભયંકર પાપકર્મ કરે છે. એ સિવાય જે જીવો મહા મોહનીય કર્મના ઉદયથી ઈન્દ્રિયસુખોમાં લોલુપ બની ત્રસ અને સ્થાવર જીવોની નિર્દયતા પૂર્વક હત્યા કરે છે તે નરકમાં જાય છે.

**(૪) लुसए अदत्तहारी :–** વિવિધ ઉપાયોથી જીવોનું ઉપમર્દન(વધ, બંધ, શોષણ, અત્યાચાર આદિ) કરે છે. તથા અદત્તાહારી છે, એટલે કે ચોરી, ડકૈતી, લૂંટફાટ, અન્યાય, ઠગાઈ આદિ ઉપાયોથી દીધા વિનાના અન્યના દ્રવ્યનું હરણ કરે છે તે જીવ નરકગામી બને છે.

**(૫) सेयवियस्स किंचि ण सिक्खइ :–** નરકગામી જીવોના પોતાના શ્રેય માટે જે સેવન કરવા યોગ્ય અથવા સાધુજનો દ્વારા સેવ્ય સંયમ છે, તેનું સેવન કરતો નથી પાપકર્મના ઉદયના કારણે જે કાગડાના માંસ જેવી તુચ્છ, ત્યાજ્ય ઘૃણિત તેમજ નહિ સેવવા યોગ્ય વસ્તુથી પણ વિરત થતો નથી. આ રીતે જેને પ્રાણી હિંસા આદિ પાપ કરવામાં લજ્જા, સંકોચ, હિચકિચાટ થતો નથી. જે નિરપરાધ અને નિર્દોષ પ્રાણીઓની કારણ વિના હિંસા કરે છે. સ્વાર્થ અથવા કોઈ મતલબથી ધર્મશાસ્ત્રનાં વાક્યોનો મનમાન્યો અર્થ કરીને અથવા કોઈ કુશાસ્ત્રનો આશ્રય લઈને હિંસા, અસત્ય, મદ્યપાન, માંસાહાર, શિકાર, મૈથુનસેવન આદિની પ્રવૃત્તિમાં રક્ત રહે છે તે જીવો નરકને પ્રાપ્ત થાય છે.

સંક્ષેપમાં મહાહિંસા નરકનું કારણ બને છે. કેટલાક મિથ્યાત્વી વેદવિહિત હિંસાને ધર્મ માને છે પરંતુ તે યોગ્ય નથી. ધર્મ નિમિત્તે થતી હિંસા, હિંસા જ છે અને તે દુર્ગતિનો બંધ કરાવે જ છે.

## નરકની ભયંકર વેદનાઓ :–

**६** **हण छिंदह भिंदह णं दहेह, सद्दे सुणेत्ता परहम्मियाणं ।**
**ते णारगा ऊ भयभिण्णसण्णा, कंखंति कं णाम दिसं वयामो ॥**

**શબ્દાર્થ :– हण** = મારો, **छिंदह** = છેદન કરો, **भिंदह** = ભેદન કરો, **दहेह** = બાળો, **परहम्मियाणं** = આ રીતે પરમાધાર્મિકોના, **भयभिण्णसण्णा** = ભયથી સંજ્ઞાહીન, **ते णारगाऊ** = તે નારકી જીવો,

**कंखंति** = ઈચ્છે છે કે, **कं णाम दिसं वयामो** = અમે કઈ દિશામાં ભાગી જઈએ ?

**ભાવાર્થ :–** નરકમાં ઉત્પન્ન થયેલા તે જીવો (અંતર્મુહૂર્તમાં જ શરીર ધારણ કરતા જ) મારો, કાપો, છેદો, ભેદો, બાળો, આ રીતે પરમાધામીઓના કઠોર શબ્દો સાંભળીને ભયથી સંજ્ઞાહીન બનેલા ઈચ્છે છે કે અમે કઈ દિશામાં ભાગી જઈએ ? અમે ક્યાં જઈએ તેમ વિચારે છે.

**૭** **इंगालरासिं जलियं सजोइं, तत्तोवमं भूमिं अणुक्कमंता ।**
**ते डज्झमाणा कलुणं थणंति, अरहस्सरा तत्थ चिरट्ठिईया ॥**

**શબ્દાર્થ :– जलियं** = બળતા, **इंगालरासिं** = અંગારાનો ઢગલો, **सजोइं** = જ્યોતિસહિત, **तत्तोवमं** = જેમ તપ્ત, **भूमिं** = ભૂમિપર, **अणुक्कमंता** = ચાલતાં, **डज्झमाणा** = બળતા, **ते** = તે નારકી જીવો, **कलुणं** = કરુણ, **थणंति** = શબ્દો કરે છે, **अरहस्सरा** = તેઓનો શબ્દ પ્રગટ જાણવામાં આવે છે, **तत्थ चिरट्ठिईया** = તેઓ લાંબાકાળ સુધી નરકમાં નિવાસ કરે છે.

**ભાવાર્થ :–** જ્વાળા નીકળતી હોય તેવા જાજ્વલ્યમાન–બળતા અંગારાઓથી તપેલી જમીન જેવી અત્યંત ગરમ નરક ભૂમિ પર ચાલતા, દાહ પામતા નારકીઓ સ્પષ્ટ રૂપે કરુણ રુદન કરે છે. આવા અતિ તપ્ત નરક સ્થાનમાં તેઓએ લાંબા સમય સુધી નિવાસ કરવો પડે છે.

**૮** **जइ ते सुया वेयरणीऽभिदुग्गा, णिसिओ जहा खुर इव तिक्खसोया**
**तरंति ते वेयरणिं भिदुग्गं, उसुचोइया सत्तिसु हम्ममाणा ॥**

**શબ્દાર્થ :– खुरइव तिक्खसोया णिसिओ** = તીક્ષ્ણ અસ્ત્રાની જેમ તીક્ષ્ણ ધારવાળી, **अभिदुग्गा** = અતિ દુર્ગમ, **वेयरणी** = વૈતરણી નદી વિષે, **जइ ते सुया** = કદાચ તમે સાંભળ્યું હશે, **ते** = તે નારકી જીવો, **अभिदुग्गं वेयरणिं** = અતિ દુર્ગમ વૈતરણીને, **तरंति** = એ પ્રમાણે તરે છે, **उसुचोइया** = પ્રતોદથી(રાશથી) મારીને પ્રેરિત કરાયેલ, **सत्तिसु** = ભાલાથી, **हम्ममाणा** = મરાયેલ.

**ભાવાર્થ :–** તીક્ષ્ણ અસ્ત્રા સમાન તીક્ષ્ણ ધારવાળી, અતિદુર્ગમ વૈતરણી નદીનું નામ કદાચ તમે સાંભળ્યું હશે. પ્રતોદથી(રાશથી)મારીને અથવા ભાલાથી વીંધીને પરમાધામી અસુરો દ્વારા પ્રેરિત નારકીઓ વૈતરણી નદીમાં તરે છે.

**૯** **कीलेहिं विज्झंति असाहुकम्मा, णावं उवेंते सइविप्पहूणा ।**
**अण्णे तु सूलाहिं, तिसूलियाहिं, दीहाहिं विद्धूण अहे करेंति ॥**

**શબ્દાર્થ :– णावं उवेंते** = નાવ પર ચઢવા આવતા નારકી જીવોના, **असाहुकम्मा** = પરમાધાર્મિક, **कीलेहिं विज्झंति** = ગળામાં ખીલો ભોંકાવે છે, **सइविप्पहूणा** = તેથી તે નારકીજીવો સ્મૃતિ રહિત

થઈને કિંકર્તવ્યમૂઢ થઈ જાય છે, **अण्णे तु** = બીજા નરકપાલ, **दीहाहिं** = દીર્ઘ, **सूलाहिं तिसूलियाहिं** = શૂળ અને ત્રિશૂળ દ્વારા, **विद्धूण अहे करेंति** = નારકી જીવોને વીંધીને નીચે નાખે છે.

**ભાવાર્થ :–** વૈતરણી નદીના દુઃખથી ઉદ્વિગ્ન નારકીઓ જ્યારે નૌકા પર ચડવા આવે છે ત્યારે તેમના ગળામાં અસાધુકર્મા એવા પરમાધામી ખીલા ખૂંચાડે છે, તેનાથી તેઓ સ્મૃતિવિહીન, કિંકર્તવ્યમૂઢ થઈ જાય છે, ત્યારે બીજા નરકપાલ તેઓને લાંબા લાંબા શૂળો અને ત્રિશૂળોથી વીંધીને નીચે જમીન પર પછાડે છે.

**१०** **केसिं च बंधित्तु गले सिलाओ, उदगंसि बोलेंति महालयंसि ।**
**कलंबुयावालुय मुम्मुरे य, लोलेंति पच्चंति य तत्थ अण्णे ॥**

**શબ્દાર્થ :– केसिं च** = કોઈ નારકીજીવોના, **गले** = ગળામાં, **सिलाओ बंधित्तु** = શિલાઓ બાંધીને, **महालयंसि** = અગાધ (ઊંડા), **उदगंसि** = પાણીમાં, **बोलेंति** = ડૂબાડે છે, **अण्णे** = બીજા પરમાધાર્મિક, **कलंबुयावालुय मुम्मुरे य लोलेंति पच्चंति** = અત્યંત તપેલી રેતીમાં અને ભડભડતી અગ્નિમાં ફેરવી– ફેરવીને સેકે છે.

**ભાવાર્થ :–** કેટલાક નારકીઓના ગળામાં શિલાઓ બાંધી તેઓને આગાધ પાણીમાં ડૂબાડી દે છે. ત્યાં બીજા પરમાધામી તેઓને અત્યંત તપેલી કદમ્બપુષ્પ સમાન લાલચોળ રેતીમાં અને અંગારાઓની અગ્નિમાં ફેરવી ફેરવીને સેકે છે.

**११** **असूरियं णाम महाभितावं, अंधंतमं दुप्पतरं महंतं ।**
**उड्ढं अहे य तिरियं दिसासु, समाहिओ जत्थऽगणी झियाइ ॥**

**શબ્દાર્થ :– असूरियं णाम** = જેમાં સૂર્ય નથી, **महाभितावं** = જે મહાન તાપથી યુક્ત, **अंधं तमं दुप्पतरं महंतं** = જે ભયંકર અંધકારથી યુક્ત અને દુઃખપૂર્વક પાર કરવા યોગ્ય છે અને મહાન છે, **समाहिओ अगणी झियाइ** = પ્રજ્વલિત અગ્નિ બળતી રહે છે.

**ભાવાર્થ :–** જેમાં સૂર્ય નથી તેવી ઘોર અંધકારથી પૂર્ણ, મહાતાપથી યુક્ત, દુઃખે પાર કરવા યોગ્ય, જેમાં ઉપર–નીચે તેમજ તિરછી સર્વ દિશાઓમાં અગ્નિ પ્રજ્વલિત રહે છે, તેવી વિશાળ નરકમાં પાપી જીવ ઉત્પન્ન થાય છે.

**१२** **जंसि गुहाए जलणेऽतियट्टे, अजाणओ डज्झइ लुत्तपण्णे ।**
**सया य कलुणं पुण घम्मठाणं, गाढोवणीयं अइदुक्खधम्मं ॥**

**શબ્દાર્થ :– जंसि** = જે નરકમાં, **गुहाए जलणे** = ગુફાના આકારમાં સ્થાપિત અગ્નિમાં, **अतियट्टे** = આવૃત્ત થઈને પોતાનાં પાપોને ન જાણતો, **लुत्तपण्णे** = સંજ્ઞાહીનપ્રાણી, **डज्झइ**= બળતો રહે છે, **सया**

**य** = જે નરક સદા, **कलुणं** = કરુણાજનક છે, **घम्मट्ठाणं** = સંપૂર્ણ તાપનું સ્થાન છે, **गाढोवणीयं** = જે પાપી જીવોને બલાત્ પ્રાપ્ત થાય છે, **अति दुक्खधम्मं** = તેમજ અત્યંત દુઃખ આપવાનો જેનો સ્વભાવ છે.

**ભાવાર્થ :–** નરકમાં ગુફાના આકારે સ્થાપિત્ત અગ્નિમાં ધકેલાયેલો, કરેલા પાપને નહીં જાણતો નારકી સંજ્ઞાહીન થઈને સદા બળતો રહે છે. કરુણાજનક, સંપૂર્ણ તાપના સ્થાન રૂપ, દુઃખદાયક નરકભૂમિ પાપી જીવોને પ્રાપ્ત થાય છે.

**१३** **चत्तारि अगणीओ सभारभित्ता, जहिं कूरकम्माऽभितवेंति बालं ।**
**ते तत्थ चिट्ठंतऽभितप्पमाणा, मच्छा व जीवंतुवजोइपत्ता ॥**

**શબ્દાર્થ :– जहिं** = જે નરક ભૂમિમાં, **कूरकम्मा** = ક્રૂર કર્મ કરનારા પરમાધાર્મિક, **चत्तारि** = ચારે દિશાઓમાં ચાર, **अगणीओ** = અગ્નિ, **समारभित्ता** = પેટાવીને, **बालं** = અજ્ઞાની નારકી જીવને, **अभितवेंति** = તપાવે છે, **ते** = તે નારકી જીવો, **जीवंतुवजोइपत्ता मच्छा व** = જ્યોતિ અર્થાત્ અગ્નિની પાસે પડેલી જીવતી માછલીની જેમ, **अभितप्पमाणा** = તાપ પામે છે, **तत्थ** = તે જગ્યાએ, **चिट्ठंते** = સ્થિત રહે છે.

**ભાવાર્થ :–** જે નરક ભૂમિમાં ક્રૂર કર્મ કરનારા પરમાધામી અસુર ચારે દિશાઓમાં ચાર અગ્નિઓ પેટાવીને તેમાં નારકીઓને તપાવે છે. તે નારકીઓ અગ્નિમાં નાખેલી જીવતી માછલીઓની જેમ તે તાપમાં પડ્યા રહી તરફડે છે.

**१४** **संतच्छणं णाम महाभितावं, ते णारगा जत्थ असाहुकम्मा ।**
**हत्थेहि पाएहि य बंधिऊणं, फलगं व तच्छंति कुहाडहत्था ॥**

**શબ્દાર્થ :– महाभितावं** = મહા તાપ દેનારા, **संतच्छणं णाम** = સંતક્ષણ નામની એક નરક છે, **असाहुकम्मा** = કુકર્મ કરનારા, **कुहाडहत्था** = હાથમાં કુહાડો લીધેલા, **ते णारया** = તે નરકપાલ, **फलगं व तच्छंति** = લાકડાની જેમ ફાડે છે.

**ભાવાર્થ :–**સંતક્ષણ નામની એક મહાતાપ દેનારી નરક છે, જ્યાં નરકપાલ હાથમાં કુહાડીઓ લઈને તે નારકીઓના હાથ અને પગ બાંધીને લાકડાના પાટિયાની જેમ તેઓને ફાડે છે.

**१५** **रुहिरे पुणो वच्चसमुस्सियंगे, भिण्णुत्तमंगे परियत्तयंता ।**
**पयंति णं णेरइए फुरंते, सजीवमच्छे व अयोकवल्ले ॥**

**શબ્દાર્થ :– पुणो** = ફરી નરકપાલ, **रुहिरे** = નારકીજીવોના લોહીમાં, **वच्चसमुस्सियंगे** = મળ દ્વારા જેઓના શરીર સોજી ગયાં છે તથા, **भिण्णुत्तमंगे** = જેમનું માથુ ચૂરો કરી(છૂંદી)નાખવામાં આવ્યું છે, **फुरंते** = એ પ્રમાણે જેઓ પીડાના કારણે તરફડી રહ્યા છે, **परिवत्तयंता** = નીચે ઉપર ઊલટાવતા, **सजीव मच्छेव** = જીવતી માછલીની જેમ, **अयोकवल्ले** = લોખંડની કડાઈમાં, **पयंति** = પકાવે છે.

**ભાવાર્થ :–** ત્યાર પછી લોહીથી ખરડાયેલ, મળથી ફૂલી ગયેલા અંગવાળા, પહેલા જેનું માથુ છૂંદી નાંખવામાં આવ્યું છે તેવા અને પીડાથી તરફડતા નારકોને પરમાધામી અસુરો જીવતી માછલીની જેમ ઉપર–નીચે, ઊંધા–ચત્તા ફેરવતા લોખંડની કડાઈમાં સેકે છે.

**१६** **णो चेव ते तत्थ मसीभवंति, ण मिज्जइ तिव्वभिवेयणाए ।**
**तमाणुभागं अणुवेदयंता, दुक्खंति दुक्खी इह दुक्कडेणं ॥**

**શબ્દાર્થ :– णो मसीभवंति** = બળીને ભસ્મ થઈ જતા નથી, **तिव्वभिवेयणाए** = નરકની તીવ્ર પીડાથી, **णो मिज्जइ** = મરતા નથી, **तमाणुभागमणुवेदयंता** = નરકની તીવ્ર પીડાને ભોગવતા ત્યાં જ રહે છે, **इह दुक्कडेणं** = આ લોકમાં કરેલા પાપના કારણે તેઓ, **दुक्खी** = દુઃખી જીવ, **दुक्खंति** = ત્યાં દુઃખ પામે છે.

**ભાવાર્થ :–** તે નારકીઓ આગમાં ભસ્મીભૂત થતા નથી અને તીવ્રવેદનાથી મરતા પણ નથી, નારકીને દીર્ઘ આયુષ્ય પર્યંત તે વેદના ભોગવતાં ત્યાં જ રહેવું પડે છે . આ લોકમાં કરેલા દુષ્કૃત–પાપના કારણે દુઃખી જીવોને ત્યાં દુઃખ ભોગવવું પડે છે.

**१७** **तहिं च ते लोलणसंपगाढे, गाढं सुतत्तं अगणिं वयंति ।**
**ण तत्थ सायं लहइऽभिदुग्गे, अरहियाभितावा तहवि तवेंति ॥**

**શબ્દાર્થ :– लोलणसंपगाढे** = નારકીજીવોથી વ્યાપ્ત, **तहिं** = તે નરકમાં, **गाढं** = અત્યંત, **सुतत्तं** = તપ્ત–તપેલી, **अगणिं** = અગ્નિની પાસે, **वयंति** = તે નારકી જીવો જાય છે, **अभिदुग्गे तत्थ** = તે અતિભયંકર અગ્નિમાં, **सायं ण लहइ** = તે જીવો સુખ પામતા નથી. અને, **अरहियाभितावा** = તેઓ જો કે તાપથી યુક્ત હોય છે, **तहवि** = તોપણ, **तवेंति** = તેઓને નરકપાલ તપાવે છે.

**ભાવાર્થ :–** નારકી જીવોથી અત્યંત વ્યાપ્ત તે નરકમાં નારકીઓ ઠંડીથી બચવા જ્યારે તપેલી અગ્નિની પાસે જાય છે ત્યારે તેઓ ત્યાં સુખ પામતા નથી પરંતુ અતિ દુર્ગમ આગમાં બળવા લાગે છે અને આ બળતા નારકીને પરમાધામી વધુ બાળે છે.

**१८** **से सुच्चइ णगरवहे व सद्दे, दुहोवणीयाणि पयाणि तत्थ ।**
**उदिण्णकम्माण उदिण्णकम्मा, पुणो पुणो ते सरहं दुहेंति ॥**

**શબ્દાર્થ :– से** = ત્યારબાદ, **णगरवहे व सद्दे** = નગરવધ જેવા શબ્દો, **सुच्चइ** = સંભળાય છે, **दुहोवणीयाणि पयाणि** = ત્યાં કરુણામય પદધ્વનિ સંભળાય છે, **उदिण्णकम्मा** = મિથ્યાત્વ આદિના ઉદયમાં વર્તતા પરમાધાર્મિકો, **उदिण्ण कम्माण** = જેઓનું પાપકર્મ, ફળ આપવાની સ્થિતિમાં આવ્યું છે એવા નારકીજીવોને, **सरहं** = ઘણા ઉત્સાહપૂર્વક, **दुहेंति** = દુઃખ આપે છે.

**ભાવાર્થ :–**તે નરકમાં, નગરવધ (શહેરમાં કત્લેઆમ)ના સમયે થનારા કોલાહલ જેવા શબ્દો તથા

કરુણા જનક શબ્દ પણ સંભળાય છે. મિથ્યાત્વ આદિના ઉદયમાં વર્તતા તે પરમાધામી–નરકપાલ, જેમના પાપકર્મ ઉદયમાં આવી ગયા છે તેવા નારકીઓને ઘણા ઉત્સાહથી વારંવાર દુઃખ આપે છે.

**૧૯** **पाणेहि णं पाव विओजयंति, तं भे पवक्खामि जहातहेणं ।**
**दंडेहिं तत्था सरयंति बाला, सव्वेहिं दंडेहिं पुराकएहिं ॥**

**શબ્દાર્થ :– पावा** = પાપી નરકપાલ, **पाणेहि विओजयंति** = નારકી જીવોનાં અંગોને કાપી અલગ કરી નાંખે છે, **तं** = તેનું કારણ, **भे** = આપને, **जहातहेणं** =જેવું છે તેવું, **पवक्खामि** = હું બતાવું છું, **बाला** = અજ્ઞાની નરકપાલો, **दंडेहिं** = નારકી જીવોને દંડ આપીને, **सव्वेहिं पुराकएहिं दंडेहिं** = તેઓના પૂર્વકૃત બધા પાપોને, **सरयंति** = સ્મરણ કરાવે છે.

**ભાવાર્થ :–** પાપી નરકપાલ નારકી જીવોના અવયવો કાપીને અલગ કરી નાંખે છે. તેનું કારણ હું તમને યથાતથ્ય(યથાર્થ)રૂપે કહું છું. નરકપાલ નારકીઓને પૂર્વભવમાં અજ્ઞાનથી કરેલા હિંસાદિ પાપાચરણનું સ્મરણ કરાવે છે.

**૨૦** **ते हम्ममाणा णरए पडंति, पुण्णे दुरूवस्स महब्भितावे ।**
**ते तत्थ चिट्ठंति दुरूवभक्खी, तुट्टंति कम्मोवगया किमीहिं ॥**

**શબ્દાર્થ :– हम्ममाणा ते** = પરમાધાર્મિકો દ્વારા મારવામાં આવતા તે નારકીઓ, **महब्भितावे** = મહાન્ કષ્ટ આપનારા, **दुरूवस्स पुण्णे** = વિષ્ટા અને મૂત્રથી પૂર્ણ, **णरए** = બીજી નરકમાં, **पडंति** = પડે છે, **दुरूवभक्खी** = વિષ્ટા મૂત્ર આદિનું ભક્ષણ કરતાં, **कम्मोवगया** = અને કર્મને વશીભૂત થઈને, **किमीहिं** = કીડાઓ દ્વારા, **तुट्टंति** = કાપવામાં (ભેદવામાં) આવે છે.

**ભાવાર્થ :–** પરમાધામીઓ દ્વારા મરાતા તે નારકીઓ તે સ્થાનમાંથી ઉછળીને, મહાસંતાપ દેનારા, વિષ્ટા અને મૂત્ર આદિથી પૂર્ણ અન્ય સ્થાનમાં જઈ પડે છે. ત્યાં તે વિષ્ટા, મૂત્ર આદિનું ભક્ષણ કરતાં લાંબાકાળ સુધી કર્મોને વશ થઈને રહે છે અને કૃમિઓ તેમના શરીરને ફોલી ખાય છે.

**૨૧** **सया कसिणं पुण घम्मठाणं, गाढोवणीयं अइदुक्खधम्मं ।**
**अंदूसु पक्खिप्प विहत्तु देहं, वेहेण सीसं सेऽभितावयंति ॥**

**શબ્દાર્થ :– सया कसिणं पुण घम्मठाणं** = નારકી જીવોના રહેવાનું સંપૂર્ણ સ્થાન હમેશા ઉષ્ણ હોય છે, **गाढोवणीयं** = અને તે સ્થાન નિદ્ધત, નિકાચિત રૂપ કર્મો દ્વારા નારકીને પ્રાપ્ત થાય છે, **अइदुक्खधम्मं** = અત્યંત દુઃખ દેવું તે સ્થાનનો ધર્મ છે, **अंदूसु पक्खिप्प** = નરકપાલ નારકી જીવોના શરીરને બેડીઓમાં બંધનગ્રસ્ત કરી, **देहं विहत्तु** = તેમના શરીરને તોડી મરોડીને, **वेहेण** = છિદ્ર કરીને, **अभितावयंति** = પીડિત કરે છે.

**ભાવાર્થ :–** નારકી જીવોને રહેવાનું સંપૂર્ણ સ્થાન હંમેશાં ગરમ રહે છે, તે સ્થાન તેઓને ગાઢ નિદ્ધત–નિકાચિત કર્મોના કારણે પ્રાપ્ત થાય છે. અત્યંત દુઃખ દેવું તે જ એ સ્થાનનો ધર્મ–સ્વભાવ છે. નરકપાલ નારકી જીવોના શરીરને બેડી આદિમાં નાંખીને, તેમના શરીરને તોડી મરોડીને અને તેમના મસ્તકમાં છિદ્ર કરીને તેઓને સંતાપ આપે છે.

**૨૨** **छिंदंति बालस्स खुरेण णक्कं, उट्ठे वि छिंदंति दुवे वि कण्णे ।**
**जिब्भं विणिक्कस्स विहत्थिमेत्तं, तिक्खाहिं सूलाहिं भितावयंति ॥**

**શબ્દાર્થ :–** **णक्कं** = નાસિકાને (નરકપાલ), **खुरेण** = અસ્તરાથી,**छिंदंति** = કાપી લે છે, **उट्ठे वि** = તથા તેમના હોઠ, **विहत्थिमेत्तं** = તથા એક વેંત, **विणिक्कस्स** = બહાર ખેંચીને, **तिक्खाहिं सूलाहि** = તેમાં તીક્ષ્ણ શૂળ ભોંકીને, **अभितावयंति** = તાપ આપે છે.

**ભાવાર્થ :–** નરકપાલ અજ્ઞાની નારકી જીવની નાસિકા(નાક)ને અસ્ત્રાથી કાપી નાખે છે. તેઓના હોઠ અને બન્ને કાન કાપી લે છે અને તેની જીભને એક વેંત જેટલી બહાર ખેંચીને તેમાં તીક્ષ્ણ શૂળ ભોંકીને તેઓને સંતાપ આપે છે.

**૨૩** **ते तिप्पमाणा तलसंपुडं व, राइंदियं जत्थ थणंति बाला ।**
**गलंति ते सोणियपूयमंसं, पज्जोइया खारपइद्धियंगा ॥**

**શબ્દાર્થ :–** **तिप्पमाणा** = જેઓના અંગોમાંથી લોહી ટપકી રહ્યું છે એવા, **तलसंपुडं व** = સૂકાયેલાં તાડનાં પાંદડાઓના ઢગલા સમાન, **राइंदियं** = રાતદિન, **थणंति** = રોતા રહે છે, **पज्जोइया** = આગમાં બાળવામાં આવતાં, **खारपइद्धियंगा** = અંગોપર ક્ષાર લગાવેલા, **सोणियपूयमंसं** = લોહી, પરૂ અને માંસ, **गलंति** = ઝરે છે.[નીકળ્યા કરે છે.]

**ભાવાર્થ :–** તે નારકીઓના કપાયેલા નાક, હોઠ, જીભમાંથી સતત લોહી ટપકતું રહે છે, ભયંકર પીડાને કારણે તેઓ સૂકાયેલા તાડના પાંદડાઓના ઢગલાની જેમ રાત–દિવસ ચીસો પાડતા રહે છે. તેઓને આગમાં બાળી અંગો પર ક્ષાર લગાડવામાં આવે છે, જેથી તેના અંગોમાંથી પરુ, માંસ અને લોહી નીકળ્યા–વહ્યા કરે છે.

**૨૪** **जइ ते सुया लोहियपूयपाई, बालागणीतेयगुणा परेणं ।**
**कुम्भी महंताहियपोरुसीया, समूसिया लोहियपूयपुण्णा ॥**

**શબ્દાર્થ :–** **लोहिय पूयपाई** = લોહી અને પરુ ટપકાવનારી, **बालागणीतेयगुणा परेणं** = પ્રજ્વલિત અગ્નિના તાપ જેવો જેનો ગુણ છે અર્થાત્ જે અત્યંત તાપયુક્ત છે, **महंता** = ઘણી મોટી, **अहियपोरुसीया** = પુરુષ પ્રમાણથી પણ અધિક પ્રમાણવાળી, **लोहियपूयपुण्णा** = લોહી અને

પરુથી ભરેલી, **समूसिया** = ઊંચી, **कुंभी जइ ते सुया** = કુંભીનું નામ કદાચિત્ તમે સાંભળ્યું હશે.

**ભાવાર્થ :–** લોહી અને પરુ(રસી)ને ટપકાવનારી, નવપ્રજ્વલિત અગ્નિના અત્યંત દુઃસહ તાપયુક્ત, પુરુષ પ્રમાણથી પણ અધિક ઊંડી, મોટી, ભારે તેમજ રક્ત તથા પરુથી ભરેલી કુંભીનું નામ કદાચ તમે સાંભળ્યું હશે.

**૨૫** **पक्खिप्प तासुं पययंति बाले, अट्टस्सरं ते कलुणं रसंते ।**
**तण्हाइया ते तउ तंबतत्तं, पज्जिज्जमाणाऽट्टतरं रसंति ॥**

**શબ્દાર્થ :– तासुं** = લોહી અને પરુથી ભરેલી તે કુંભીમાં, **अट्टस्सरं** = આર્તનાદ કરતા, **कलुणं रसंते** = કરુણ રુદન કરતાં નારકીજીવોને, **पक्खिप्प** = નાખીને, **पययंति** = નરકપાલ પકાવે છે, **तण्हाइया** = તરસથી વ્યાકુળ, **ते** = તે નારકી જીવો નરકપાલો દ્વારા, **तउतंबतत्तं** = ગરમ સીસુ અને તાંબુ, **पज्जिज्जमाणा** = પિવડાવતાં, **अट्टतरं रसंति** = આર્તસ્વરથી રૂદન કરે છે.

**ભાવાર્થ :–** આર્તનાદ કરતા તથા કરુણ રુદન કરતા તે અજ્ઞાની નારકીઓને નરકપાલ તે લોહી–પરુથી પરિપૂર્ણ કુંભીઓમાં નાખીને પકાવે છે. તરસથી વ્યાકુળ તે નારકી જીવોને નરકપાલો ગરમ સીસુ અને તાબું પીવડાવે છે, તેથી તેઓ આર્તસ્વરે ચીસો પાડે છે.

## વિવેચન :–

આ ગાથાઓમાં નારકી જીવોના પૂર્વકૃત પાપ કર્માનુસાર પ્રાપ્ત ભિન્ન ભિન્ન દુઃખો અને પીડાઓનું કરુણ વર્ણન છે. નારકોના તે દુઃખોને બે ભાગોમાં વિભક્ત કરી શકાય છે, (૧) ક્ષેત્રજન્ય દુઃખ (૨) પરમાધામી કૃત દુઃખ.

### (૧) ક્ષેત્રજન્ય દુઃખ :–

**असूरियं णाम...अंधंतमं दुप्पतरं महंतं...जत्थऽगणी झियाइ :–** નરકમાં સૂર્યનો પ્રકાશ બિલકુલ હોતો નથી. તેથી જ નરકોને અસૂર્ય કહેવાય છે. સૂર્ય પ્રકાશ ન હોવાના કારણે નરક ઘોર અંધકારપૂર્ણ હોય છે. નરકભૂમિ એટલી વિસ્તૃત છે કે તેના કિનારા દેખાતા નથી. નરકભૂમિ વિશાળ અને મોટી હોવાના કારણે તેને પાર કરવી કઠિન છે. એવી વિશાળ, લાંબી, પહોળી અને ઊંડી નરકમાં પાપી જીવો ઉત્પન્ન થાય છે અને સ્વકૃત પાપકર્મોનું દુઃખદ ફળ ભોગવે છે. ત્યાં ઊંચી–નીચી તેમજ તિરછી બધી દિશાઓમાં વ્યવસ્થિત રૂપે લગાવેલી આગ સતત જલતી જ રહે છે. તે આગની જ્વાળાઓ દૂર દૂર સુધી ઉપર જાય છે. નારકી જીવો આ ભયંકર દૃશ્ય જોઈ એક ક્ષણ પણ સુખપૂર્વક રહી શકતા નથી.

**जइ ते सुया–लोहियपूयपुण्णा :–** સામાન્ય માણસને જો થોડીવાર પણ લોહી અને પરુથી ભરેલી ભૂમિમાં રાખવામાં આવે તો તે તેની દુર્ગંધ સહી ન શકે પરંતુ નરકની ભૂમિ મૂત્ર, લોહી, પરુ તથા વિષ્ટાવાળી જ

હોય છે. દૂર દૂર સુધી તેની દુર્ગંધ ફેલાતી રહે છે. નરકમાં અત્યંત બીભત્સ, લોહી અને પરુની દુર્ગંધયુક્ત, પુરુષ પ્રમાણથી વધુ ઊંડી, ઊંટના આકારવાળી કુંભી હોય છે. જે ચારે તરફ તીવ્ર આગથી બળતી રહે છે. રડતા–ચીસો પાડતા નારકોને તે કુંભીમાં નાખીને પકાવવામાં આવે છે.

**ते हम्ममाणा...किमीहिं :–** નરક જેલની કાળકોટડીથી વધુ ભયંકર હોય છે, ત્યાં નારકીઓના ખાવા–પીવા માટે મળ મૂત્ર, લોહી, પરુ આદિ ઘૃણાસ્પદ, કુરૂપ વસ્તુઓ મળે છે. એ પ્રકારની ઘૃણાસ્પદ ચીજોનું ભક્ષણ કરતા તેમજ બીભત્સસ્થાનમાં રહેતાં નારકીના જીવો રીબાઈ રીબાઈને પોતાનું દીર્ઘ આયુષ્ય ઓછામાં ઓછું દશ હજાર વર્ષનું, વધારેમાં વધારે ૩૩ સાગરોપમ સુધીનું પૂર્ણ કરે છે. તે મળ, મૂત્ર, લોહી, પરુ આદિમાં ભયંકર કીડા ઉત્પન્ન થાય છે. જે નારકીઓને રાત દિવસ કરડયા કરે છે.

**દુઃસહ સ્પર્શજન્ય તીવ્ર વેદના :–** નરકમાં સ્પર્શજન્ય દુઃખ તો ડગલેને પગલે છે. તે સ્પર્શ અત્યંત દુઃસહ દારુણ અને દુઃખદ હોય છે. શાસ્ત્રકારે કેટલીક ગાથાઓમાં નારકીને પાપકર્મોદયવશ પ્રાપ્ત થનારાં દુઃસહ સ્પર્શજન્ય દુઃખની ઝાંખી કરાવી છે.

**इंगालरासिं...तत्थ चिरट्ठिईया :–** ખેરના ધગધગતા અંગારાઓ જેવી તપ્ત નરકભૂમિ હોય છે. અહીં નરકભૂમિની તુલના આ લોકની બાદર અગ્નિ સાથે કરવામાં આવી છે. પરંતુ આ સરખામણી માત્ર સમજાવવા માટે છે. નરકનો તાપ તો આ લોકના તાપથી કેટલાય ગણો અધિક છે. આવી તપ્ત ભૂમિમાં તેઓને રહેવું પડે છે.

**जंसि गुहाए जलणे... :–** ગુફાના આકારવાળી નરકભૂમિમાં ચારે તરફ અગ્નિ જ હોય છે. બિચારા નારકીઓ પાપકર્મના ઉદયવશ તેનાથી અજાણ હોય છે. તેઓને આ અગ્નિમય ભૂમિમાં ધકેલવામાં આવે છે. ઉષ્ણ સ્પર્શ યુક્ત તે સ્થાન સ્વભાવથી જ અત્યંત દુઃખદાયક હોય છે.નિમિષ માત્ર પણ તેઓને સુખ નથી.

**तहिं सुतत्तं अगणिं वयंति...तह वि तवेंति :–** નારકીઓ દુઃસહ ઠંડીથી બચવા પ્રદીપ્ત અગ્નિની પાસે જાય છે પરંતુ તે અગ્નિ તો અત્યંત દાહક હોય છે. તેથી પહેલાં કરતાં પણ અધિક દુઃખ પ્રાપ્ત કરે છે. નરકપાલ તે તપ્ત નારકીઓને તેથી વધારે તાપ જુદી જુદી રીતે આપતા રહે છે.

**सया कसिणं पुण घम्मट्ठाणं, गाढोवणीयं अइदुक्खधम्मं :–** નારકીઓના આવાસ સ્થાનનો કોઈ પણ ખૂણો એવો નથી હોતો, જે ગરમ ન હોય. તેમાં નરકના જીવો સદાય સેકાતા રહે છે. પૂર્વના તીવ્ર કર્મોદયના કારણે આ દુઃખદસ્થાન નારકીઓને પ્રાપ્ત થાય છે. શાસ્ત્રકારે પ્રસ્તુત ગાથાઓમાં નારકોની ક્ષેત્રજન્ય ઉષ્ણ વેદનાનું કથન કર્યું છે. તે જ રીતે નીચેની નરકમાં અત્યંત તીવ્રતમ શીતવેદના હોય છે. ત્યાંના નારકો અસહ્ય શીતવેદનાથી સતત પીડિત રહે છે. સંક્ષેપમાં ત્યાંનુ ક્ષેત્ર અત્યંત અનિષ્ટ, પ્રતિકૂળ અને દુઃખદાયક હોય છે.

**जइ ते सुया वेयरणी...खुर इव तिक्खसोया...सत्तिसु हम्ममाणा :–** વૈતરણી નદી નરકની મુખ્ય અને વિશાળ નદી છે. તેમાં લોહી જેવું ખારું અને ગરમ પાણી વહેતું રહે છે. તેની જલધારા અસ્ત્રાની

જેમ અત્યંત તીક્ષ્ણ હોય છે. તે તીક્ષ્ણ જલધારાથી નારકીનાં અંગો કપાય છે. આ નદી ઘણી જ ઊંડી તેમજ દુર્ગમ છે, નારકી જીવો પોતાની ગરમી અને તરસને મિટાવવા માટે આ નદીમાં કૂદે છે, તો તેઓને ભયંકર દુઃખોનો સામનો કરવો પડે છે. કેટલીકવાર બળદોને આરા ભોંકીને ચલાવવા અથવા ભાલાથી વીંધીને ચલાવવાની જેમ નારકીઓને સતાવીને આ નદીમાં કૂદવાની અને તેને પાર કરવાની ફરજ પાડવામાં આવે છે.

## (૨) પરમધામીકૃત દુઃખ :-

પરમાધામી દેવ અસુરકુમાર જાતિના એક પલ્યોપમની ઉંમરના દેવ છે. ભગવતી સૂત્ર અનુસાર સામાન્ય રીતે અસુરકુમાર દેવ ત્રીજી નરક સુધી જાય છે. માટે પરમાધામી દેવ પણ ત્રીજી નરક સુધી જાય છે, એવી અર્થ પરંપરા છે. ખરેખર, પ્રથમ નરકના નારકી જીવોની સંખ્યા પરમાધામી દેવો કરતાં અસંખ્યગણી છે એટલે કે નારકી જીવોની સામે પરમાધામી દેવો સિંધુમાં બિંદુ જેટલા પણ નથી. માટે પ્રથમ નરકમાં પણ સમસ્ત નારકી જીવોને દુઃખ દેવા પરમાધામી દેવો પહોંચી શકતા નથી. તે નારકી જીવોને ક્ષેત્રકૃત વેદના અને પરસ્પરની વેદના વિશેષ હોય છે. તેમ છતાં પૂર્વના વૈરી પરમાધામી દેવો નારકીઓને વિવિધ પ્રકારે યાતના આપતા રહે છે.

**हण छिंदह :** – નરકમાં ઉત્પન્ન થતાં જ નારકીઓના કાનમાં પરમાધામીઓના ભયંકર શબ્દો પડે છે, આ પાપી મહાઆરંભ– મહાપરિગ્રહ આદિ પાપકર્મ કરીને આવ્યો છે, તેથી તેને મુદ્‌ગરથી મારો ! તલવારથી કાપો ! તેના ટુકડે ટુકડા કરી નાખો ! શૂળથી વીંધી નાંખો ! ભાલામાં પરોવી દો ! તેને અગ્નિમાં ફેંકીને બાળી દો; આ અને આવા પ્રકારના કર્ણકટુ, મર્મવેધી, ભયંકર શબ્દોને સાંભળતા જ તેઓ ભયના કારણે બેહોશ થઈ જાય છે.

ગાથા ૬ થી ૨૫ સુધી વર્ણિત પરમાધામી દેવકૃત વેદના આ પ્રમાણે છે– (૧) નરકમાં ઉત્પન્ન થતાં નારકીને ભયંકર શબ્દોથી ભયભીત કરે છે (૨) વૈતરણી નદીમાં કૂદવા અને તરવા માટે મજબૂર કરે છે (૩) નૌકા પર ચડતી વખતે નારકીઓના ગળામાં ખીલાં ભોંકાવે છે (૪) લાંબી શૂળો અને ત્રિશૂળોથી વીંધીને જમીન પર પટકે છે (૫) નારકીઓના ગળામાં શિલાઓ બાંધીને અગાધ જળમાં ડૂબાડે છે (૬) તપ્ત રેતી અથવા ભટ્ટીની જેમ તપ્ત આગમાં નાંખીને નારકીઓને પકાવે છે. (૭) ચારે દિશાઓમાં ચારે બાજુ અગ્નિઓ પેટાવી નારકીઓને તપાવે છે (૮) નારકીઓના હાથપગ બાંધી તેઓને કુહાડાથી કાપે છે (૯) નારકીઓના માથાના ચૂરેચૂરા કરી નાખે છે (૧૦) પીડાથી તરફડતા નારકીઓને ઊંધા–ચત્તા ફેરવી જીવતી માછલીની જેમ લોખંડની કડાઈમાં સેકે છે (૧૧) નારકીઓને વારંવાર તીવ્ર વેગથી પીડા પહોંચાડે છે (૧૨) નારકીઓના અંગોપાંગ કાપીને જુદા પાડે છે (૧૩) પૂર્વજન્મમાં નારકીઓ દ્વારા આચરિત પાપકર્મોને યાદ કરાવીને તેમના પાપકર્મ અનુસાર દંડ આપે છે (૧૪) નરકપાલોનો માર ખાઈને હેરાન થયેલા નારકીઓ મલમૂત્રાદિ ભરેલ સ્થાનોમાં પડે છે (૧૫)નારકીઓને બંધનમાં જકડીને અંગોપાંગોનું છેદન કરે છે, માથામાં છિદ્ર પાડીને પીડા આપે છે (૧૬) નારકીઓના નાક, કાન અને હોઠને અસ્ત્રાથી કાપી નાખે છે (૧૭) એક વેંત જીભ બહાર ખેંચીને તેમાં તીક્ષ્ણ શૂળો ભોંકી અત્યંત દુઃખ આપે

છે. (૧૮) નારકીઓના શરીર પર ઘા કરી તેના પર ક્ષાર(નિમક) છાંટે છે. (૧૯) લોહી–પરુથી ભરેલી કુંભીઓમાં નારકીઓને બાફે છે. (૨૦) તરસથી વ્યાકુળ નારકીઓને ગરમ સીસુ અને તાંબુ પીવડાવે છે.

**णो चेव ते तत्थ मसी भवंति...दुक्खी इह दुक्कडेणं :–** તેઓની વિશેષ કરુણાજનક સ્થિતિ એ છે કે નારકીના જીવો પૂર્વોક્ત વર્ણનાતીત, કલ્પનાતીત વેદનાનો અનુભવ કરવા છતાં પણ મૃત્યુ પામી શકતા નથી. તેનું આયુષ્ય તેને પૂર્ણપણે ભોગવવું જ પડે છે અને આયુષ્ય પર્યંત તીવ્રાતિતીવ્ર દુઃખો ભોગવવા પડે છે.

**कीलेहिं विज्झंति :–** વૃત્તિમાં અર્થ આ પ્રમાણે છે– **कीलेषु कण्ठेषु विध्यंति** = ગળામાં ખીલા ખૂંચાડી દે છે. **सजीव मच्छे व अयोकवल्ले** = જીવતી માછલીની જેમ લોખંડની કડાઈમાં. ચૂર્ણિમાં આ પ્રમાણે અર્થ છે– **कोलेहि विज्झंति = कोलो णाम गलओ** = કોલ માછલીને પકડવાનો કાંટો અથવા કોઈ અસ્ત્રવિશેષનું નામ છે. તે પ્રમાણે અર્થ થાય છે– માછલી પકડવાના કાંટાથી અથવા અસ્ત્રવિશેષથી વીંધી નાખે છે.

**तहि च ते लोलण संपगाढे :–** વૃત્તિકારના મત અનુસાર–નારકીઓની હલનચલનથી ભરેલાં(વ્યાપ્ત) તે મહાયાતના સ્થાન–નરકમાં તેઓ(નારકીઓ), ચૂર્ણિકાર અનુસાર–**तहिं पि ते लोलु असंपगाढे** = દુઃખથી ચંચળ–લોલુપ નામના તે નરકમાં અત્યંતગાઢ–નિરંતર એટલે કે તે લોલુપ નરકમાં પણ ઠાંસીઠાંસીને ભરેલા તે નારકીઓ.

**सरहं दुहेंति :–** વૃત્તિકારને અનુસાર– નારકીઓને તે ઉત્સાહપૂર્વક (રસ રેડીને) દુઃખ આપે છે, ચૂર્ણિકાર અનુસાર– **सहरिसं दुहेंति** = સહર્ષ દુઃખ આપે છે.

**तलसंपुडं व :–** વૃત્તિકાર અનુસાર– હવાથી પ્રેરાયેલા(ખરી ગયેલા) તાડના પાદંડાઓના ઢગલાની જેમ. ચૂર્ણિકાર અનુસાર– **तलसंपुडच्च** = હથેળીમાં બાંધેલી કે હાથમાં લીધેલી અર્ચા–એટલે કે દેહ (અહીં શરીરને અર્ચા કહેવામાં આવ્યું છે)વાળા.

### ક્રૂર કર્મનું પરિણામ :–

**२६** **अप्पेण अप्पं इह वंचइत्ता, भवाहमे पुव्वसते सहस्से ।**
**चिट्ठंति तत्था बहुकूरकम्मा, जहा कडे कम्म तहा सि भारे ॥**

**શબ્દાર્થ :– इह** = આ મનુષ્યભવમાં, **अप्पं वंचइत्ता** = પોતાની જાતને જ વંચિત કરીને, **पुव्वसते सहस्से भवाहमे** = પૂર્વજન્મમાં સેંકડો હજારોવાર શિકારી આદિ અધમ ભવને પ્રાપ્ત કરીને, **बहुकूरकम्मा तत्थ चिट्ठंति** = બહુક્રુરકર્મી જીવ તે નરકમાં રહે છે, **जहाकडे कम्म तहा सि भारे** = પૂર્વે જેણે જેવાં કર્મો કર્યા છે તે અનુસાર જ તેને પીડા પ્રાપ્ત થાય છે.

**ભાવાર્થ :–** આ મનુષ્યભવમાં પોતે જ પોતાને છેતરીને તથા પૂર્વકાળમાં સેંકડો અને હજારો અધમ

(શિકારી આદિ હલકા)ભવોને પ્રાપ્ત કરીને અનેક ક્રૂરકર્મી જીવો તે નરકમાં આવે છે. પૂર્વ જન્મમાં જેણે જેવાં કર્મ કર્યા છે, તદનુસાર તે નારકીઓને વેદનાઓ પ્રાપ્ત થાય છે.

**૨૭** **समज्जिणित्ता कलुसं अणज्जा, इट्ठेहिं कंतेहि य विप्पहूणा ।**
**ते दुब्भिगंधे कसिणे य फासे, कम्मोवगा कुणिमे आवसंति ॥**

**શબ્દાર્થ :– अणज्जा** = અનાર્યપુરુષ, **कलुसं समज्जिणित्ता** = પાપ ઉપાર્જન કરીને, **इट्ठेहि कंतेहि य विप्पहूणा** = ઈષ્ટ અને પ્રિયથી રહિત થઈને, **दुब्भिगंधे** = દુર્ગંધથી ભરેલા, **कसिणे य फासे** = અશુભ સ્પર્શવાળા, **कुणिमे** = માંસ રૂધિરાદિ પૂર્ણ નરકમાં, **कम्मोवगा** = કર્મ વશીભૂત થઈને, **आवसंति** = નિવાસ કરે છે.

**ભાવાર્થ :–** અનાર્યપુરુષ પાપ ઉપાર્જન કરીને ઈષ્ટ અને કાન્ત, પ્રિય, રૂપાદિ વિષયોથી રહિત થઈને કર્મોને વશ દુર્ગંધયુક્ત, અશુભ સ્પર્શવાળા તથા માંસ લોહી આદિથી પરિપૂર્ણ, કૃષ્ણ વર્ણવાળી નરકમાં આયુષ્ય પૂર્ણ થાય ત્યાં સુધી નિવાસ કરે છે.

## વિવેચન :–

આ બે ગાથા દ્વારા શાસ્ત્રકારે આ ઉદ્દેશાનો ઉપસંહાર કર્યો છે.

બન્ને ગાથાઓમાં પૂર્વકૃત કર્માનુસાર નારકીઓના લાભ–હાનિના કેટલાક તથ્ય પ્રગટ કરવામાં આવ્યાં છે. (૧) મનુષ્ય જન્મમાં જે લોકો અંશમાત્ર સુખમેળવવા માટે હિંસા આદિ પાપકર્મ કરીને બીજાને જ નહીં, પોતાની જાતને પણ છેતરે છે (૨) તેના ફળસ્વરૂપે સેંકડોવાર શિકારી, કષાઈ આદિ ભવો પ્રાપ્ત કરી યાતનાના સ્થાનરૂપ નરકમાં નિવાસ કરે છે (૩) જેણે જે અધ્યવસાયથી જેવાં પાપકર્મો પૂર્વજન્મોમાં કર્યાં હોય, તદનુસાર તીવ્ર–મંદ વેદનાઓ મળે છે (૪) તે અનાર્ય પુરુષો પોતાના થોડા સુખના લાભ માટે પાપકર્મોનું ઉપાર્જન કરે છે (૫) તેના ફળસ્વરૂપે નરકમાં ઈષ્ટ, કાન્ત, મનોજ્ઞ રૂપ, રસ, ગંધ, સ્પર્શ આદિ વિષયોથી રહિત (વંચિત) રહે છે અને અનિષ્ટ રૂપ, રસ, ગંધ, સ્પર્શ આદિ પ્રાપ્ત કરીને પોતાના આયુષ્ય સુધી દુઃખ ભોગવતા રહે છે.

**जहा कडं कम्म तहासि भारे :–** "જેવું જેનું કર્મ, તેવું જ તેનું ફળ" આ સિદ્ધાંત અનુસાર નરકમાં નારકીઓને પીડા ભોગવવી પડે છે. દાખલા તરીકે– જે લોકો પૂર્વ જન્મમાં માંસાહારી હતા, તેઓને નરકમાં તેઓનું જ માંસ કાપી આગમાં પકાવી ખવડાવવામાં આવે છે. જે લોકો મદિરાપાન કરતા હતા, અન્ય જીવોને પીડા પહોંચાડી તેનું લોહી પીતા હતા, તેને તેનું જ લોહી પીવડાવવામાં આવે છે અથવા સીસું ગરમ કરીને પીવડાવવામાં આવે છે. જેઓ માછીમાર, કસાઈ, શિકારી આદિ હતા, તેઓને તે રીતે મારવામાં, કાપવામાં તેમજ છેદવામાં આવે છે. જેઓ અસત્યવાદી હતા તેઓની જીભ કાપી નાખવામાં આવે છે. જે ચોર, ડાકુ, લૂંટારા આદિ હતા, તેઓના અંગોપાંગ કાપી નાખવામાં આવે છે. જેઓ પરસ્ત્રીગમન કરનારા હતા, તેઓનું અંડકોષ કાપી નાખવામાં આવે છે તથા શાલ્મલિવૃક્ષનું આલિંગન કરાવવામાં આવે

છે; જે લોકો મહાપરિગ્રહી હતા અથવા તીવ્ર કષાયવાળા હતા, તેઓને પોતાનાં દુષ્કર્મોનું સ્મરણ કરાવીને તેવું જ દુઃખ આપવામાં આવે છે.

**इट्ठेहिं कंतेहि य विप्पहूणा :–** આ પંક્તિના બે અર્થ વૃત્તિકાર કરે છે. (૧) ઈષ્ટ તેમજ કમનીય શબ્દાદિ વિષયોથી રહિત(વંચિત) થઈને તેઓ નરકમાં રહે છે અથવા (૨) જે માટે તેઓએ પાપકર્મ કર્યા હતાં, તે ઈષ્ટ માતા–પિતા, સ્ત્રી–પુત્ર આદિથી તથા કાન્ત(કમનીય) વિષયોથી રહિત થઈને એકાકી નરકમાં આયુષ્યપર્યંત રહે છે.

**भवाहमे पुव्वसते सहस्से :–** વૃત્તિકાર અનુસાર માછીમાર, કસાઈ, પારધી આદિ ઘણા હલકા ભવ છે, પૂર્વ જન્મોમાં સેંકડો હજારો વાર તેવા ભવ પામીને. ચૂર્ણિકાર અનુસાર–**भवाहमे पुव्वा सतसहस्से** સેંકડો, હજારો પૂર્વ સુધી અધમ–નિકૃષ્ટ ભવ પામીને.

**॥ અધ્યયન ૫/૧ સંપૂર્ણ ॥**

## બીજો ઉદ્દેશક

### પરમાધામી કૃત તીવ્રતમ વેદનાઓ :-

**१** अहावरं सासयदुक्खधम्मं, तं भे पवक्खामि जहातहेणं ।
बाला जहा दुक्कडकम्मकारी, वेदेंति कम्माइं पुरेकडाइं ॥

**શબ્દાર્થ :–** **अह** = ત્યાર પછી, **सासयदुक्खधम्मं** = નિરંતર દુઃખ રૂપ સ્વભાવવાળા, **अवरं** = બીજા, **तं** = નરકના વિષયમાં, **भो** = આપને, **जहातहेणं** = યથાતથ્ય, જેવું છે તેવું, **पवक्खामि** = હું કહીશ.

**ભાવાર્થ :–** દુષ્કૃત્યો કરનારા બાલ જીવો પૂર્વકૃત કર્મોનું વેદન જ્યાં કરે છે, તેવા નિરંતર દુઃખ રૂપ સ્વભાવવાળા નરકના સંબંધમાં આપને હું ફરી બીજી રીતે યથાર્થ સ્વરૂપે કહીશ.

**२** हत्थेहिं पाएहि य बंधिऊणं, उदरं विकत्तंति खुरासिएहिं ।
गिण्हित्तु बालस्स विहण्ण देहं, वद्धं थिरं पिट्ठओ उद्धरंति ॥

**શબ્દાર્થ :–** **खुरासिएहिं** = અસ્તરા અને તલવાર દ્વારા, **उदरं विकत्तंति** = તેનું પેટ ચીરી નાખે છે, **विहण्ण देहं** = ઘાયલ કરેલા દેહને, **वद्धं** = ચામડીને, **थिरं** = બલાત્કારપૂર્વક, **पिट्ठओ** = પીઠના, **उद्धरंति** = ઉતરડી લે છે.

**ભાવાર્થ :–** પરમાધામી અસુરો નારકી જીવોના હાથ અને પગ બાંધી અસ્ત્રા અને તલવાર દ્વારા તેનું પેટ ચીરી નાખે છે, તેમના ઘાયલ દેહને પકડી તેના વાંસાની ચામડી ઉતારે છે.

**३** **बाहू पकत्तंति य मूलओ से, थूलं वियासं मुहे आडहंति ।**
**रहंसि जुत्तं सरयंति बालं, आरुस्स विज्झंति तुदेण पिट्ठे ॥**

**શબ્દાર્થ :– से बाहू** = નરકપાલ નારકીની ભુજાને, **मूलओ** = મૂળમાંથી, **पकत्तंति** = કાપી લે છે, **मुहे वियासं** = તેનું મોં ફાડીને, **थूलं** = બળતા લોખંડના મોટા મોટા ગોળા નાંખીને, **आडहंति** = બાળે છે, **रहंसि** = એકાંતમાં, **जुत्तं** = તેઓના જન્માંતરના કર્મને, **सरयंति** = યાદ કરાવે છે, **आरुस्स** = વિના કારણે ક્રોધ કરીને, **तुदेण** = ચાબુકથી, **पिट्ठे** = પીઠમાં, **विज्झंति** = તાડન કરે છે, ફટકા મારે છે.

**ભાવાર્થ :–** તે નરકપાલો નારકીની ભુજાને મૂળમાંથી કાપી નાંખે છે, તેનું મોઢું ફાડીને તેમાં લોખંડના મોટા મોટા તપેલા ગોળા નાખીને બાળે છે. એકાંતમાં તેઓના જન્માંતર કૃત કર્મોનું સ્મરણ કરાવે છે તથા કારણ વિના ગુસ્સો કરીને તેની પીઠ પર પ્રહાર કરે છે.

**४** **अयं व तत्तं जलियं सजोइं, तओवमं भूमिमणुक्कमंता ।**
**ते डज्झमाणा कलुणं थणंति, उसुचोइया तत्तजुगेसु जुत्ता ॥**

**શબ્દાર્થ :– अयं व** = તપેલા લોખંડના ગોળા જેવા, **सजोइं** = જ્યોતિ સહિત, **जलियं** = બળતી, **तत्तं** = તપ્ત ભૂમિની, **तओवमं** = તપ્ત ઉપમા યોગ્ય, **अणुक्कमंता** = ચાલતાં, **डज्झमाणा** = બળતાં, **कलुणं थणंति** = કરુણ રુદન કરે છે, **उसुचोइया** = પ્રતોદથી(રાશથી) મારીને પ્રેરિત કરાયેલા, **तत्तजुगेसु जुत्ता** = તપ્ત ધોસરામાં જોડાયેલા તેઓ કરુણ રૂદન કરે છે.

**ભાવાર્થ :–** તપેલા લોખંડના ગોળા સમાન, જ્વાળા સહિત બળતી અગ્નિથી તપેલી ભૂમિની ઉપમા યોગ્ય ભૂમિપર ચાલતા તે નારકીઓ બળતાં બળતાં કરુણ આક્રંદન કરે છે. લોખંડનો અણીદાર આરો ભોંકીને ચાલવા માટે પ્રેરિત કરાયેલા તથા ગાડીના તપેલા ઘોંસરામાં જોડાયેલા તે નારકીઓ કરુણ વિલાપ કરે છે.

**५** **बाला बला भूमिमणुक्कमंता, पविज्जलं लोहपहं व तत्तं ।**
**जंसीऽभिदुग्गंसि पवज्जमाणा, पेसे व दंडेहिं पुरा करेंति ॥**

**શબ્દાર્થ :– लोहपहं व तत्तं** = બળતા લોહમય માર્ગની સમાન તપ્ત, **पविज्जलं** = લોહી અને પરુના કીચડ યુક્ત, **बला** = બળાત્કારથી પરમાધામી દેવો દ્વારા, **अणुक्कमंता** = ચલાવવામાં આવતાં અત્યંત ચીસો પાડે છે, **जंसी अभिदुग्गंसि** = નારકીજીવ કુંભી અથવા શાલ્મલિ આદિ કઠિન સ્થાનપર, **पवज्जमाणा** = ચાલવા માટે પ્રેરિત કરાયેલા જ્યારે બરાબર ચાલતા નથી, **पेसे व दंडे हिं पुराकरेंति** = ત્યારે ક્રોધિત થઈને પરમાધામી દેવો દંડ દ્વારા નોકરની જેમ તેઓને આગળ ચલાવે છે.

**ભાવાર્થ :–** અજ્ઞાની નારકીઓ અગ્નિમય લોખંડયુક્ત માર્ગ સમાન તપ્ત તથા લોહી અને પરુના

કીચડમય ભૂમિ પર પરમાધામીઓ દ્વારા બળપૂર્વક ચલાવવાથી ચીસો પાડે છે. કુંભી અથવા શાલ્મલિ આદિ દુર્ગમસ્થાન પર ચલાવાતા નારકીઓ જ્યારે સરખી રીતે ચાલતા નથી ત્યારે ક્રોધિત થઈ દંડાદિ મારી નોકરની જેમ તેઓને આગળ ચલાવે છે.

**૬** **ते संपगाढंसि पवज्जमाणा, सिलाहिं हम्मंतिऽभिपातिणीहिं ।**
**संतावणी णाम चिरट्ठिईया, संतप्पइ जत्थ असाहुकम्मा ॥**

**શબ્દાર્થ :– ते** = તે નારકી જીવ, **संपगाढंसि** = તીવ્ર વેદનાયુક્ત અસહ્ય નરકમાં, **पवज्जमाणा** = ગયેલા, **अभिपातिणीहिं** = સન્મુખ પડનારી, **संतावणी णाम** = સંતાપની એટલે કે કુંભી નામની નરક, **चिरट्ठितीया** = લાંબા કાળ સુધીની સ્થિતિવાળી છે, **असाहुकम्मा** = પાપકર્મ કરનારા જીવો, **संतप्पइ** = તાપ ભોગવે છે.

**ભાવાર્થ :–** તીવ્ર(ગાઢ) વેદનાથી ભરેલી નરકમાં નારકીઓ સામે પડતી શિલાઓની નીચે દબાઈને કચડાય જાય છે. સંતાપ દેનારી કુંભી નામની નરકભૂમિ લાંબાકાળની સ્થિતિવાળી છે, જ્યાં દુષ્કર્મી નારકીઓ લાંબાકાળ સુધી સંતપ્ત રહે છે.

**૭** **कंदूसु पक्खिप्प पयंति बालं, ततो विडड्ढा पुण उप्पयंति ।**
**ते उड्ढकाएहिं पखज्जमाणा, अवरेहिं खज्जंति सणप्फएहिं ॥**

**શબ્દાર્થ :– बालं** = નિર્વિવેકી નારકી જીવને, **कंदूसु** = દડા જેવા આકારવાળા નરકમાં, **पक्खिप्प** = નાખીને, **पयंति** = પકાવે છે, **विदड्ढा** = બળતા તે નારકી જીવો, **ततो** = ત્યાંથી, **पुण उप्पयंति** = ફરી ઉપર ઊછળે છે, **ते** = તે નારકી જીવો, **उड्ढकाएहिं** = ઉપર તે કાક પક્ષી દ્વારા, **पखज्जमाणा** = ખવાય છે, **अवरेहि सणप्फएहिं** = તથા બીજા સિંહ, વાઘ આદિ દ્વારા પણ ખવાય છે.

**ભાવાર્થ :–** નરકપાલ અવિવેકી નારકીઓને દડા જેવા આકારવાળી નરક કુંભીમાં નાખીને પકાવે છે, ભટ્ટીમાં સેકાતા, ચણાની જેમ ભૂંજાતા તે નારકી જીવો ત્યાંથી ફરી ઉપર ઉછળે છે અને ત્યાં તેઓ દ્રોણકાક નામના (વૈક્રિય શક્તિથી બનાવેલા) કાગડાઓ વડે ખવાય છે. ત્યાંથી બીજી બાજુ ભાગે તો બીજા સિંહ, વાઘ આદિ હિંસક પશુઓ દ્વારા ખવાય છે.

**૮** **समूसियं णाम विधूमठाणं, जं सोयतत्ता कलुणं थणंति ।**
**अहो सिरं कट्टु विगत्तिऊणं, अयं व सत्थेहिं समोसवेंति ॥**

**શબ્દાર્થ :– समूसियं णाम विधूमठाणं** = ઊંચી ચિતા સમાન ધૂમરહિત અગ્નિના સ્થાન, **जं** = જે સ્થાનને પ્રાપ્ત કરીને, **सोयतत्ता** = શોક તપ્ત નારકી જીવ, **कलुणं थणंति** = કરુણ રુદન કરે છે, **अहो सिरं कट्टु** = નરકપાલ નારકીના મસ્તકને નીચે કરીને, **विगत्तिऊणं** = તેના શરીરને કાપીને, **अयं**

**व सत्थेहिं** = લોખંડની જેમ શસ્ત્રથી, **समोसवेंति** = ટુકડા કરે છે.

**ભાવાર્થ :–** (નરકમાં) ઊંચી ચિતા સમાન આકારવાળી, ધૂમાડારહિત અગ્નિના સ્થાનને પામીને શોક–સંતપ્ત નારકીજીવો કરુણ સ્વરમાં વિલાપ કરે છે. નરકપાલ નારકીઓને ઉંધે માથે કરીને તેના શરીરને લોખંડની જેમ શસ્ત્રોથી કાપીને ટુકડા કરે છે.

**૯** **समूसिया तत्थ विसूणियंगा, पक्खीहिं खज्जंति अयोमुहेहिं ।**
**संजीवणी णाम चिरट्ठिईया, जंसी पया हम्मइ पावचेया ॥**

**શબ્દાર્થ :– तत्थ** = તે નરકમાં, **समूसिया** = નીચે માથું કરીને લટકાવેલા, **विसूणियंगा** = શરીરની ચામડી ઉતરડાયેલા નારકી જીવો, **अयोमुहेहिं** = લોખંડના જેવી કઠોર ચાંચવાળા, **पक्खीहिं** = પક્ષીઓ દ્વારા, **खज्जंति** = ખવાય છે, **संजीवणी णाम चिरट्ठिईया** = નરકની ભૂમિ સંજીવની કહેવાય છે કારણ કે મારણાંતિક કષ્ટ પામીને પણ જીવો તેમાં મરતા નથી તથા તેઓનું આયુષ્ય લાંબુ હોય છે, **पया** = પ્રજા, પ્રાણી.

**ભાવાર્થ :–** તે નરકમાં અધોમુખ કરીને ઉપર લટકાવેલા તથા જેમના શરીરની ચામડી ઉતારી લેવામાં આવી છે એવા નારકીઓને લોખંડની તીક્ષ્ણ ચાંચવાળા(કાકગૃદ્ધ આદિ) પક્ષીગણ ખાય છે. નારકીઓ ભયંકર મારણાંતિક કષ્ટો પામવા છતાં મરતા નથી તથા તેઓની સ્થિતિ લાંબી હોવાથી નરક 'સંજીવની' ના નામે પ્રખ્યાત છે.

**૧૦** **तिक्खाहिं सूलाहिं भितावयंति, वसोगयं सावययं व लद्धं ।**
**ते सूलविद्धा कलुणं थणंति, एगंतदुक्खं दुहओ गिलाणा ॥**

**શબ્દાર્થ :– वसोवगं** = વશમાં આવેલાં, **सावययं व** = જંગલી જાનવર સમાન અથવા કસાઈને આધીન પાડાની જેમ, **लद्धं** = પ્રાપ્ત નારકોને, **तिक्खाहिं सूलाहिं** = તીક્ષ્ણ શૂળોથી, **भितावयंति** = ભોંકે છે, **सूलविद्धा** = શૂળથી વિંધાયેલા, **दुहओ** = અંદર અને બહાર બન્ને બાજુથી, **गिलाणा** = ગ્લાન, **एगंत दुक्खं** = એકાંત દુઃખવાળા નારકી જીવો, **कलुणं थणंति** = કરુણ રુદન કરે છે.

**ભાવાર્થ :–** વશીભૂત થયેલા શ્વાપદ (જંગલી જાનવર)ની જેમ પ્રાપ્ત થયેલા નારકીઓને પરમાધામી દેવો તીક્ષ્ણ શૂળોથી વીંધી નાંખે છે. શૂળથી વીંધાયેલા, અંદર અને બહાર બન્ને તરફથી ગ્લાન–ઉદાસ, તેમજ એકાંત દુઃખી નારકીજીવો કરુણ આક્રંદ કરે છે.

**૧૧** **सया जलं ठाण णाम महंतं, जंसी जलंतो अगणी अकट्ठो ।**
**चिट्ठंति बद्धा बहुकूरकम्मा, अरहस्सरा केइ चिरट्ठिईया ॥**

**શબ્દાર્થ :– सया** = હંમેશ માટે, **जलं** = બળતું, **महंतं** = મોટુ, **णिहं णाम** = એક ઘાતસ્થાન છે, **जंसी** =

જેમાં, **अकट्ठो अगणी** = લાકડા વિનાની આગ, **जलंतो** = બળતી રહે છે, **बहु कूरकम्मा** = ક્રૂરકર્મા જીવો, **चिरट्ठिईया** = લાંબાકાળ સુધી ત્યાં નિવાસ કરે, **अरहस्सरा** = ચીસો પાડતા, **चिट्ठंति** = રહે છે.

**ભાવાર્થ :–** હંમેશાં લાકડા વિનાનો અગ્નિ બળતો જ રહે તેવું એક મોટું ઘાતક સ્થાન નરકમાં છે. જેઓએ પૂર્વજન્મમાં ઘણાં ક્રૂર પાપકર્મો કર્યાં છે, તેવા નારકીજીવો ત્યાં લાંબાકાળ સુધી નિવાસ કરે છે અને વેદનાથી ચીસો પાડે છે.

**१२** **चिया महंतीउ समारभित्ता, छुब्भंति ते तं कलुणं रसंतं ।**
**आवट्टइ तत्थ असाहुकम्मा, सप्पी जहा पडियं जोइमज्झे ॥**

**શબ્દાર્થ :–** **ते** = તે પરમાધામી, **महंतीउ** = મોટી, **चिया** = ચિતા, **समारभित्ता** = જલાવીને તેમાં, **कलुणं रसंतं** = કરુણ રુદન કરતાં નારકી જીવને, **छुब्भंति** = ફેંકે છે, **आवट्टइ** = દ્રવીભૂત થઈ જાય છે, **पडियं** = પડેલું, **सप्पी** = ઘી પિગળી જાય છે.

**ભાવાર્થ :–** પરમાધામીઓ બહુ મોટી ચિતા રચીને તેમાં કરુણ રુદન કરતા નારકીને ફેંકે છે. જેમ અગ્નિમાં પડેલું ઘી ઓગળી જાય છે, તેવીજ રીતે તે ચિતાની અગ્નિમાં પાપકર્મી નારકી દ્રવીભૂત થઈ જાય છે.

**१३** **सया कसिणं पुण घम्मठाणं, गाढोवणीयं अइदुक्खधम्मं ।**
**हत्थेहिं पाएहि य बंधिऊणं, सत्तुं व दंडेहिं समारभंति ॥**

**શબ્દાર્થ :–** **सया** = સદા– સર્વકાળ, **कसिणं** = સંપૂર્ણ, **घम्मठाणं** = એક ગરમ સ્થાન છે, **गाढोवणीयं** = નિદ્ધત, નિકાચિત આદિ કર્મોથી તે પ્રાપ્ત થાય છે, **अइदुक्खधम्मं** = અત્યંત દુઃખ દેવું એ જેનો સ્વભાવ છે, **सत्तुं व** = શત્રુની જેમ, **दंडेहिं** = દંડ દ્વારા નરકપાલ, **समारभंति** = મારે છે.

**ભાવાર્થ :–** જેનો સ્વભાવ અત્યંત દુઃખ દેવાનો છે તેવું એક પૂર્ણતયા ગરમ સ્થાન નરકમાં છે. નારકીજીવો તે સ્થાનને નિદ્ધત, નિકાચિત પાપકર્મોના ફળ સ્વરૂપે પ્રાપ્ત કરે છે, ત્યાં નારકીઓના હાથ અને પગ બાંધી નરકપાલ શત્રુની જેમ તેઓને દંડથી મારે છે.

**१४** **भंजंति बालस्स वहेण पुट्ठी, सीसं पि भिंदंति अयोघणेहिं ।**
**ते भिण्णदेहा फलगं व तच्छा, तत्ताहिं आराहिं णियोजयंति ॥**

**શબ્દાર્થ :–** **बालस्स पुट्ठी** = નિર્વિવેકી નારકી જીવની પીઠ, **वहेण** = લાકડીથી મારીને, **भंजंति** = તોડી નાખે છે, **अयोघणेहिं** = તથા લોખંડના ઘણથી, **सीसंपि** = તેઓના મસ્તક પણ, **भिंदंति** = છૂંદી નાખે છે, **भिण्णदेहा** = જેના અંગો ભાંગી નાખવામાં આવ્યાં છે એવા, **ते** = તે નારકી જીવો, **तत्ताहिं आराहिं** = તપ્ત આરા વડે, **फलगं व तच्छा** = લાકડાના પાટિયાની જેમ ચીરીને, **णियोजयंति** = પાતળા કરાય છે.

**ભાવાર્થ :–** અજ્ઞાની નારકીજીવોને લાકડી આદિથી માર મારીને તેઓની પીઠ તોડી નાંખે છે અને તેનું માથુ પણ લોખંડના ઘણથી છૂંદી નાખે છે. તેના અંગેઅંગના ચૂરેચૂરા કરી નાંખવામાં આવે છે. તે નારકીઓને તપેલા આરાથી લાકડાના પાટિયાની જેમ છોલીને પાતળા કરવામાં આવે છે.

**૧૫** **अभिजुंजिया रुद्द असाहुकम्मा उसुचोइया हत्थिवहं वहंति ।**
**एगं दुरुहित्तु दुए तओ वा, आरुस्स विज्झंति ककाणओ से ॥**

**શબ્દાર્થ :– असाहुकम्मा** = પાપી નારકી જીવોને, **रुद्द अभिजुंजिया** = તેમના જીવહિંસાદિ કાર્યને યાદ કરાવીને, **उसुचोइया** = પ્રતોદના(રાશના)પ્રહારથી પ્રેરિત કરીને, **हत्थिवहं वहंति** = તેઓ પાસે હાથીની જેમ ભાર વહન કરાવે છે, **एगे दुए तओ वा दुरुहितु** = એક, બે અથવા ત્રણ જીવોને તેઓની પીઠ પર ચડાવીને ચલાવવામાં આવે છે અને, **आरुस्स** = ક્રોધ કરીને, **से** = તેઓના, **ककाणओ** = મર્મસ્થાનને, **विज्झंति** = વીંધે છે.

**ભાવાર્થ :–** નરકપાલ પાપકર્મા નારકીઓના પૂર્વકૃત હિંસા આદિ રૌદ્ર પાપકર્મોનું સ્મરણ કરાવી, પ્રતોદના(રાશના)પ્રહારથી પ્રેરિત કરી હાથીની જેમ ભારવહન કરાવે છે. તેઓની પીઠપર એક, બે અથવા ત્રણ નારકીઓને ચડાવીને તેઓને ચાલવા માટે પ્રેરિત કરે છે અને ક્રોધિત થઈ તીક્ષ્ણ અણીદાર શસ્ત્ર તેમના મર્મસ્થાનમાં ખૂંચાડે છે.

**૧૬** **बाला बला भूमि मणुक्कमंता, पविज्जलं कंटइलं महंतं ।**
**विबद्ध तप्पेहिं विवण्णचित्ते, समीरिया कोट्टवलिं करेंति ॥**

**શબ્દાર્થ :– बाला** = બાળકની જેમ પરાધીન બિચારા નારકી જીવો, નરકપાલો દ્વારા, **बला** = બળાત્કારથી, **पविज्जलं** = કીચડથી ભરેલી, **कंटइलं** = કાંટાથી પૂર્ણ, **महंतं** = વિસ્તૃત, **समीरिया** = પાપકર્મથી પ્રેરિત નરકપાલ, **विबद्धतप्पेहिं विवण्णचित्ते** = અનેક પ્રકારના બાંધેલા તથા ઉદાસચિત્ત નારકી જીવોને, **कोट्टवलिं करेंति** = ટુકડે ટુકડા કરીને ફેંકી દે છે.

**ભાવાર્થ :–** બાળકની જેમ પરાધીન બિચારા નારકીજીવોને નરકપાલો બળજબરી કરી કીચડથી ભરેલી, કાંટાથી પરિપૂર્ણ, વિસ્તૃત ભૂમિ પર પરાણે ચલાવે છે. પાપકર્મથી પ્રેરિત નરકપાલ અનેક પ્રકારનાં બંધનોથી બાંધેલા ઉદાસચિત્ત અથવા મૂર્છિત નારકીઓના ટુકડા કરી નગરબલિની જેમ ચારે બાજુ ફેંકે છે.

**૧૭** **वेयालिए णाम महाभितावे, एगायते पव्वयमंतलिक्खे ।**
**हम्मंति तत्था बहुकूरकम्मा, परं सहस्साण मुहुत्तगाणं ॥**

**શબ્દાર્થ :– महाभितावे** = ઘણા તાપથી યુક્ત, **अंतलिक्खे** = આકાશમાં, **वेयालिए** = વૈક્રિય, **एगायते** = એક શિલા દ્વારા બનાવેલો લાંબો, **पव्वयं** = એક પર્વત છે, **तत्था** = તે પર્વત પર રહેનારા,

**सहस्साणं मुहुत्तगाणं परं** = હજારો મુહૂર્તોથી વધારે સમય.

**भावार्थ :–** આકાશમાં ઘણો ભારે, તાપથી યુક્ત એકજ શિલાથી બનાવેલો અત્યંત વિસ્તૃત વૈતાલિક નામનો વૈક્રિય પર્વત છે. તે પર્વતપર રહેનારા અતિક્રૂરકર્મા નારકીજીવોને હજારો મુહૂર્તોથી વધારે કાળ સુધી પરમાધામીઓ મારે છે.

**૧૮** **संबाहिया दुक्कडिणो थणंति, अहो य राओ परितप्पमाणा ।**
**एगंतकूडे णरए महंते, कूडेण तत्था विसमे हता उ ॥**

**शब्दार्थ :– संबाहिया** = નિરંતર પીડિત કરાતા, **दुक्कडिणो** = પાપી જીવ, **एगंतकूडे** = એકાન્ત દુઃખનું સ્થાન, **महंते** = વિસ્તૃત, **णरए** = નરકમાં પડેલાં પ્રાણી, **कूडेण** = ગળામાં ફાંસો નાખીને, **हता उ** = મારવામાં આવે.

**भावार्थ :–** નિરંતર પીડિત કરાતા દિવસરાત પરિતાપ (દુઃખ) ભોગવતા, તે પાપી જીવો સંતપ્ત હોવાને કારણે રડતા રહે છે. એકાંત ક્રૂર, વિસ્તૃત અને વિષમ સ્થાન રૂપ નરકમાં રહેલ તે જીવોને ગળામાં ફાંસો નાખીને મારવામાં આવે છે.

**૧૯** **भंजंति णं पुव्वमरी सरोसं, समुग्गरे ते मुसले गहेउं ।**
**ते भिण्णदेहा रुहिरं वमंता, ओमुद्धगा धरणितले पडंति ॥**

**शब्दार्थ :– ते** = તે નરકપાલ, **समुग्गरे मुसले गहेउं** = મુદ્ગર અને મુશળ હાથમાં લઈને, **पुव्वमरी** = પહેલાંના (પૂર્વના) શત્રુની જેમ, **सरोसं** = ક્રોધ સહિત, **भंजंति** = નારકી જીવોનાં અંગોને તોડી નાખે છે, **भिण्णदेहा** = જેનું શરીર ભાંગી ગયું છે એવા નારકી જીવો, **रुहिरं वमंता** = લોહીનું વમન કરતાં, **ओमुद्धगा** = અધોમુખ થઈને, **धरणितले** = પૃથ્વીતલ પર, **पडंति** = પડી જાય છે.

**भावार्थ :–** મુદ્ગર અને મૂશળ હાથમાં લઈને નરકપાલ પહેલાંના શત્રુની જેમ ક્રોધથી નારકી જીવોનાં અંગોને કાપે છે. જેનું શરીર ભાંગી ગયું છે એવા નારકીઓ લોહીનું વમન કરતાં અધોમુખ થઈને ધરતી પર પડે છે.

**૨૦** **अणासिया णाम महासियाला, पागब्भिणो तत्थ सयासकोवा ।**
**खज्जंति तत्था बहुकूरकम्मा, अदूरया संकलियाहिं बद्धा ॥**

**शब्दार्थ :– तत्थ** = તે નરકમાં, **सया सकोवा** = હંમેશાં ક્રોધિત અથવા અતૃપ્ત, **अणासिया** = ક્ષુધાતુર, **पागब्भिणो** = લુચ્ચા, **महासियाला** = મોટા મોટા શિયાળ રહે છે, તે શિયાળ, **बहुकूरकम्मा** = બહુ ક્રૂરકર્મા, જન્માન્તરમાં પાપ કરેલા, **संकालियाहिं बद्धा** = સાંકળથી બંધાયેલા, **अदूरया** = નજીકમાં રહેલા તે નારકી જીવોને, **खज्जंति** = ખાય છે.

**ભાવાર્થ :–** તે નરકમાં હંમેશાં ક્રોધિત અને ક્ષુધાતુર, લુચ્ચા, વિશાળકાય શિયાળ, જન્માંતરમાં બહુ ક્રૂરકર્મ કરેલા તથા સાંકળોથી બંધાયેલા નજીકમાં રહેલાં નારકીઓને ખાઈ જાય છે.

**૨૧** **सयाजला णाम णई भिदुग्गा, पविज्जला लोहविलीणतत्ता ।**
**जंसी भिदुग्गंसि पवज्जमाणा, एगायताऽणुक्कमणं करेंति ॥**

**શબ્દાર્થ :– सयाजला णाम** = સદાજલા નામની, **भिदुग्गा** = ઘણી વિષમ, **णई** = એક નદી છે, **पविज्जला** = તેનું પાણી રસી(પરુ)અને લોહીથી મલિન રહે છે, **लोहविलीणतत्ता** = તે અગ્નિથી પીગળેલા લોખંડના પ્રવાહની જેમ અત્યંત ગરમ પાણીવાળી છે, **जंसी भिदुग्गंसि पवज्जमाणा** = જે અત્યંત વિષમ નદીમાં પડેલા નારકી જીવો, **एगायताणुक्कमणं करेंति** = એકલા રક્ષક રહિત તરે છે.

**ભાવાર્થ :–** નરકમાં સદાજલા નામની અત્યંત દુર્ગમ ગહન તથા વિષમ નદી છે, જેનું પાણી ક્ષાર, ચરબી અને લોહીથી મલિન રહે છે અથવા તે ભારે કીચડથી ભરેલી છે, તે આગથી દ્રવીભૂત થયેલા લોખંડની જેમ અત્યંત ગરમ પાણી વાળી છે. તે અત્યંત દુર્ગમ નદીમાં પહોંચેલા નારકીઓ બિચારા એકલા, અસહાય અને અરક્ષિત થઈને પાર કરે છે.

## વિવેચન :–

પૂર્વોક્ત ગાથાઓમાં નારકીઓને નરકમાં આપવામાં આવતી, એક એકથી ચડિયાતી યાતનાઓનું વર્ણન છે, તેમજ નારકીઓના મન પર થતી પ્રતિક્રિયાઓનું પણ નિરૂપણ કરવામાં આવ્યું છે. જોકે નારકીઓને મળતી આ બધી યાતનાઓ મુખ્યતયા શારીરિક હોય છે, પરંતુ તે નારકીઓના મનને પણ સંતપ્ત અને ખિન્ન બનાવે છે. જે આંસુ રૂપે કે કરુણ વિલાપ કે આર્તનાદ રૂપે પ્રગટ થાય છે. આ સર્વ વેદના તેના જ પૂવકૃત કર્મોનું પરિણામ છે.

**પરમાધામીઓ દ્વારા દેવામાં આવતી યાતનાઓ :–** (૧) હાથ–પગ બાંધી તીક્ષ્ણ ધારવાળા અસ્ત્રાથી અથવા તલવારથી પેટ કાપે છે (૨) ઘાયલ કરી તેના વાંસાની ચામડી ઉતરડી નાખે છે (૩) ભૂજાઓને મૂળમાંથી કાપે છે (૪) મોંઢુ ફાડીને તેમાં તપાવેલો લોખંડનો ગોળો નાંખીને બાળે છે (૫) પૂર્વજન્મકૃત પાપકર્મોનું એકાંતમાં સ્મરણ કરાવીને ગુસ્સાથી પીઠપર ચાબુક ફટકારે છે (૬) લોખંડના ગોળાજેવી તપેલી ભૂમિપર ચલાવે છે (૭) ગાડીના તપેલા ધોંસરામાં જોડી, આર ભોંકી ચલાવે છે (૮) તપ્ત લોહી, પરુમય ભૂમિ પર ચલાવે છે. જો અટકે તો મારીને આગળ ચલાવે છે (૯) નારકી પર શિલાઓ ગબડાવી મારે છે (૧૦) સંતાપની નામની નરક કુંભીમાં નાંખી લાંબાકાળ સુધી સંતાપ આપે છે (૧૧) દડાના આકારવાળી કંદુકુંભીમાં નાંખી સેકે છે (૧૨) ભટ્ટીમાં સેકાતા ચણાની જેમ સેકે છે અને ઉપર ઉછળે ત્યારે દ્રોણકાગડો તેને ચાંચમાં પકડી લે છે અને જે નીચે રહ્યા હોય તેને સિંહાદિ ફાડી ખાય છે (૧૩) ક્રૂર નરકપાલ નારકીઓને ઉંધે માથે લટકાવી, શસ્ત્રથી કાપીને ટુકડે–ટુકડા કરી નાખે છે (૧૪) શરીરની ચામડી ઉતારીને ઉંધા લટકાવેલા નારકીઓને લોખંડની તીક્ષ્ણ ચાંચવાળા પક્ષી ફોલી ખાય છે (૧૫)

હિંસક પશુની જેમ નારકી સામે મળતાં જ તેઓ તીક્ષ્ણ શૂળોથી વીંધીને પછાડે છે (૧૬) હંમેશાં લાકડા વિના બળતા રહેતા ઘાતક સ્થાનમાં નારકી લાંબા કાળ સુધી પીડા ભોગવે છે (૧૭) બહુ મોટી ચિતા રચી નારકીઓને તેમાં ધકેલે છે (૧૮) હંમેશાં સંપૂર્ણ ગરમ રહેનારા અત્યંત દુઃખમય નરકસ્થાનમાં હાથ–પગ બાંધીને શત્રુની જેમ મારે–પીટે છે (૧૯) લાકડી આદિથી મારીમારીને પીઠ તોડી નાંખે છે, લોખંડના ભારે ઘણથી માથું ફોડી નાંખે છે, તેઓના શરીરના ચૂરેચૂરા કરી નાંખે છે અને લાકડાના પાટિયા ચીરવાની જેમ ગરમ આરાઓથી ચીરી નાંખે છે, ઉકળતું સીસું પીવડાવે છે (૨૦) નારકીના પૂર્વકૃત રૌદ્ર પાપકર્મોનું સ્મરણ કરાવીને તેની પાસે હાથીની જેમ ભારવહન કરાવે છે, એક–બે કે ત્રણ નારકીઓને તેની પીઠપર ચડાવીને ચલાવે છે, ન ચાલે તો તેના મર્મસ્થાનમાં તીક્ષ્ણ અણીદાર આરા આદિ શસ્ત્ર ખૂંચાડે છે (૨૧) પરવશ નારકીઓને કીચડથી ભરેલી તેમજ કાંટાળી વિસ્તીર્ણ ભૂમિ પર ચલાવવામાં આવે છે (૨૨) વિવિધ બંધનોથી બાંધેલા સંજ્ઞાહીન નારકીઓના ટુકડા કરી નગરબલિની જેમ ચારે બાજુ ઉડાડે છે (૨૩) વૈતાલિક(વૈક્રિયક)નામનો એક શિલાનિર્મિત, આકાશસ્થ મહાકાય પર્વત ઘણો ગરમ રહે છે, ત્યાં નારકીઓને લાંબાકાળ સુધી મારવામાં આવે છે (૨૪) તેઓના ગળામાં ફાંસીનો ગાળિયો નાખીને શ્વાસ રુંધવામાં આવે છે. (૨૫) મુદ્‌ગરો અને મુશળોથી ક્રોધપૂર્વક જાણે પૂર્વનો શત્રુ હોય તેમ નારકીઓ પર પ્રહાર કરે છે. તે મારથી તેઓ ઊંધે મુખે લોહીની ઊલટી કરતાં પડી જાય છે (૨૬) નરકમાં હંમેશાં ખૂંખાર, ભૂખ્યા મહાકાય ગીધડાઓ રહે છે, જેઓ જંજીરોથી બંધાયેલા નજીક રહેલા નારકીઓને ખાધા કરે છે (૨૭) સદાજલા નામની વિષમ અથવા ગહન દુર્ગમ નદી છે, જેનું પાણી લોહી, પરુ તેમજ ક્ષારને કારણે ગંદુ અને કાદવવાળું છે, તે પિગળેલા લોખંડની સમાન અત્યંત ગરમ પાણીમાં નારકી એકલા અને રક્ષણ વિનાના થઈને તરે છે.

સૂત્રોક્ત યાતનાઓ સિવાય બીજી સેંકડો પ્રકારની યાતનાઓ નરકમાં ગયેલા જીવો પામે છે અને તેઓ રડી રડીને પરવશપણે સહન કરે છે.

અજ્ઞાનના કારણે સમભાવપૂર્વક તે દુઃખોને તેઓ સહન પણ કરી શકતા નથી અને તે દુઃખોનો અંત કરવામાટે તેઓ આત્મહત્યા(આપઘાત) કરીને મરી શકતા પણ નથી, કારણ કે નારકી જીવોનું આયુષ્ય નિરૂપક્રમી હોય છે, તેઓનું અકાળે મૃત્યુ થતું નથી. તેઓના કરુણ પોકાર, પ્રાર્થના, વિલાપ અથવા રુદન સાંભળીને કોઈ તેની સહાયતા કે રક્ષા કરવા આવતું નથી, સહાનુભૂતિના બે શબ્દો પણ કોઈ કહેતું નથી. તેઓની દયનીય દશા જોઈને કોઈને દયા આવતી નથી પરંતુ પરમાધામી અસુરો તેના રુદનથી વધારે ક્રૂર બનીને અધિક અધિક યાતનાઓ આપે છે, તેઓને પૂર્વજન્મકૃત પાપકર્મો યાદ કરાવી નિરંતર યાતનાઓ આપે છે, જે તેઓને પરાધીનપણે ભોગવવી પડે છે. જીવે જે કર્મો જેવા રસે, જેટલી તીવ્રતાથી બાંધ્યા છે તેટલી જ તીવ્રતાથી તેનો દારુણ વિપાક ભોગવવો જ પડે છે.

**उदरं विकत्तंति खुरासिएहिं :**– વૃત્તિકાર અનુસાર અસ્ત્રો, તલવાર આદિ અનેક પ્રકારના તીક્ષ્ણ શસ્ત્રોથી તેઓનું પેટ ફાડી નાખે છે. ચૂર્ણિકાર અનુસાર, **उदराइं फोडेंति खुरेहिं तेसिं** = છરીથી તેઓનું પેટ ફોડી (ફાડી) નાખે છે. **विहत्तुदेहं** પાઠાંતરમાં **विहण्ण देहं**– અર્થ કરવામાં આવ્યો કે **विहण्णेति विहणिता देहं** = દેહને વિશેષરૂપથી ક્ષતવિક્ષત(ઘાયલ) કરીને.

**जुत्तं सरयंति :–** નારકીઓના પોતપોતાના દંડ(સજા) રૂપ દુઃખને અનુરૂપ(ઉપયુક્ત) પૂર્વકૃત પાપનું યુક્તિ યુક્ત સ્મરણ કરાવે છે– જેમ કે ગરમ કરેલું સીસું પીવડાવતી વખતે તેઓ યાદ કરાવે છે કે તું ખૂબ દારૂ પીતો હતો ને ?

**आरुस्स विज्जंति :–** ચૂર્ણિમાં પાઠાંતર છે **आरुब्भ विंधंति** = અર્થાત્ તેઓની પીઠપર ચડીને આરા વગેરે અણીદાર શસ્ત્ર ભોંકી(ખૂંચાડી) દે છે.

**अभिपातिणीहिं :– णिपातिणीहिं** આ પાઠાંતર મળે છે. બંનેના અર્થ એક જ છે.

**सावययं व लद्धुं :–** ડુક્કર આદિને જેવી રીતે મારવામાં આવે છે, તેવી જ રીતે નારકીઓને જોઈને મારે છે. ચૂર્ણિમાં **सावययं** ના બે પાઠાન્તર છે. (૧) **सोवरिया व** (૨) **साबरिया व** પહેલા પાઠાન્તરનો અર્થ છે– **शौवरिका इव वशोपगं महिषं वधयंति** = જેમ કસાઈને આધીન પાડો વધને પામે છે તેમ નારકીનો વધ કરે છે. બીજા પાઠાંતર નો અર્થ છે– **शाबरिया–शाबरा म्लेच्छजातयः ते यथा विंधंति तथा ।** શબર (મ્લેચ્છજાતીય) લોકો જેવી રીતે વન્ય પશુને જોતાં જ તીર આદિથી વિંધી નાખે છે. વૃત્તિમાં **सावययं व लद्धुं** = વશમાં થયેલા શ્વાપદ–જંગલી કાળપૃષ્ઠ–સુવર આદિને સ્વતંત્રરૂપે મળતા સતાવે છે.

**चिट्ठंति तत्था बहुकूरकम्मा :–** અતિ ક્રૂરકર્મા પાપી નારકીઓ ત્યાં સ્વકૃત પાપકર્મ ભોગવવા માટે રહે છે. પાઠાંતર **चिट्ठंति बद्धा बहुकुरकम्मा** = અત્યંત ક્રૂરકર્મી નારકીજીવો બંધાયેલા રહે છે.

**अभिजुंजिया रुद्द असाहुकम्मा :–** વૃત્તિકાર અનુસાર તેના બે અર્થ છે. (૧) **रौद्रकर्मणि अभियुज्य व्यापार्य, यदि वा रौद्रं सत्त्वोपघातकार्यं, अभियुज्य–स्मारयित्त्वा ।** અર્થાત્ જેઓએ પૂર્વજન્મમાં દુષ્કર્મો કર્યા છે, તેઓને રૌદ્ર હિંસાદિ ભયંકર કાર્યમાં નિયુક્ત કરીને અથવા પ્રાણિઘાત વગેરે કર્મનું સ્મરણ કરાવીને. **रुद्ध असाधुकम्मा (म्मी)** = **रौद्रादीनि कर्मानि असाधूनि येषां ते** અર્થાત્ જેઓએ પૂર્વજન્મમાં રૌદ્ર–ભયંકર ખરાબ કર્મ (પાપ) કર્યા છે તેઓને.

**हत्थिवहं वहंति :–** વૃત્તિકાર અનુસાર જેવી રીતે હાથી પર ચડીને તેની પાસે ભાર વહન કરાવે છે (ઉપડાવે છે), તેવી જ રીતે નારકીઓ ઉપર પણ સવારી કરી ભાર ઉપડાવવાનું કામ કરાવે છે અથવા જેવી રીતે હાથી ભારે વજન ઉપાડે છે, તેવી જ રીતે નારકી પાસે પણ ભારે વજન ઉપડાવે છે. ચૂર્ણિકાર સમ્મત પાઠાન્તર છે– **हत्थितुल्ल वहंति** = નારકી હાથીની જેમ ભાર ઉપાડે છે અથવા નારકીને જ(વૈક્રિય શક્તિથી)હાથીરૂપે બનાવીને તેઓ પાસે ભાર વહન કરાવે છે.

### ત્રાણ કે શરણ રહિત નારકી :–

**૨૨** **एयाइं फासाइं फुसंति बालं, णिरंतरं तत्थ चिरट्ठिईयं ।**
**ण हम्ममाणस्स उ होइ ताणं, एगो सयं पच्चणुहोइ दुक्खं ॥**

**શબ્દાર્થ :– चिरट्ठिईयं** = લાંબા સમય સુધી નિવાસ કરનારા, **फुसंति** = પીડિત કરતા રહે છે, **हम्ममाणस्स**

**उ** = પૂર્વોક્ત દુઃખોથી મારવામાં આવતા નારકી જીવનું, **ताणं ण होइ** = ત્રાણ રક્ષણ કરતું નથી, **एगो सयं दुक्खं पच्चणुहोइ** = તેઓ એકલાજ ઉક્ત દુઃખોને ભોગવે છે.

**ભાવાર્થ :–** ત્યાં નરકમાં દીર્ઘ આયુષ્યવાળા નારકીને આ સ્પર્શ (દુઃખ) નિરંતર પીડિત કરે છે. પૂર્વોક્ત દુઃખોથી પીડિત નારકીજીવનું રક્ષણ કરનાર કોઈ હોતું નથી. તે પોતે એકલો જ તે દુઃખો ભોગવે છે.

**૨૩** **जं जारिसं पुव्वमकासि कम्मं, तमेव आगच्छइ संपराए ।**
**एगंतदुक्खं भवमज्जिणित्ता, वेदेंति दुक्खी तमणंतदुक्खं ॥**

**શબ્દાર્થ :– जं** = જે, **जारिसं** = જેવા, **पुव्वं** = પૂર્વ જન્મમાં, **कम्मं** = કર્મ, **अकासी** = કર્યા છે, **तमेव** = તે જ, **संपराए** = સંસારમાં, બીજા ભવમાં, **आगच्छइ** = આવે છે, **एगंतदुक्खं भवं अज्जिणित्ता** = જેમાં એકાંત દુઃખ હોય છે એવા ભવને પ્રાપ્ત કરીને, **दुक्खी** = એકાંત દુઃખી જીવ, **अणंतदुक्खं तं वेदेंति** = અનંત દુઃખ સ્વરૂપ નરકને ભોગવે છે.

**ભાવાર્થ :–** જે જીવે જેવું કર્મ પૂર્વજન્મમાં કર્યું છે, તે જ કર્મ બીજા ભવમાં ઉદયમાં આવે છે. જેઓએ એકાંત દુઃખરૂપ નરકભવનું કર્મ ઉપાર્જન કર્યું છે, તેવા દુઃખી જીવ અનંત દુઃખરૂપ નરકને ભોગવે છે.

**૨૪** **एयाणि सोच्चा णरगाणि धीरे, ण हिंसइ कं च णं सव्वलोए ।**
**एगंतदिट्ठी अपरिग्गहे उ, बुज्झिज्ज लोगस्स वसं ण गच्छे ॥**

**શબ્દાર્થ :– कं च णं** = કોઈ પ્રાણીની, કિંચિત્ પણ, **एगंतदिट्ठी** = એકાંત દષ્ટિ, **अपरिग्गहे उ** = પરિગ્રહ રહિત થઈને, **बुज्झिज्ज** = સમજે, જાગૃત રહે, અશુભ કર્મ કરનારા અને તેમનું ફળ ભોગવનારા જીવોને સમજે અથવા કષાયોને જાણે, **लोगस्स वसं ण गच्छे** = વિષમ કષાયરૂપ લોકના વશમાં ન થાય.

**ભાવાર્થ :–** બુદ્ધિશાળી ધીર વ્યક્તિ આ નરકનું વર્ણન સાંભળી કોઈપણ પ્રાણીની હિંસા ન કરે પરંતુ એકાંત–એકમાત્ર દષ્ટિ જીવાદિ તત્ત્વો પર રાખી, પરિગ્રહ રહિત થઈને, અશુભકર્મ કરનારા અને તેનું ફળ ભોગવનારા જીવ લોકને સમજે અથવા કષાયલોકનું સ્વરૂપ જાણે પરંતું ક્યારે તેને વશ ન થાય અર્થાત્ તેના પ્રવાહમાં ન વહે.

**૨૫** **एवं तिरिक्खे मणुयासुरेसुं, चतुरंतऽणंतं तयणुव्विवागं ।**
**स सव्वमेयं इति वेदयित्ता कंखेज्ज कालं धुवमायरेज्जा ॥त्ति बेमि॥**

**શબ્દાર્થ :– एवं** = આ પ્રમાણે, **तिरिक्खे मणुयासुरेसुं** = તિર્યંચ, મનુષ્ય અને દેવતાઓમાં પણ, **चतुरंतणंतं** = ચાતુર્ગતિક અને અનંત સંસાર, **तयणुव्विवागं** = તેના અનુરૂપ વિપાકને જાણો, **स** = બુદ્ધિમાન પુરુષ, **एयं** = આ, **सव्वं** = સર્વવાતોને, **वेदयित्ता** = જાણીને, **कालं कंखेज्ज** = પંડિત મરણની આકાંક્ષા કરે, પોતાના મરણ કાળની પ્રતીક્ષા કરે અને, **धुवमायरेज्जा** = સંયમનું પાલન કરે.

**ભાવાર્થ :–** તિર્યંચો, મનુષ્યો અને દેવો આ રીતે ચાર ગતિ રૂપ અનંત સંસારમાં જીવ કૃતકર્મોને અનુરૂપ વિપાક ભોગવે છે. આ રીતે જાણીને બુદ્ધિમાન પુરુષ મરણકાળની પ્રતીક્ષા અથવા સમીક્ષા કરતાં ધ્રુવ એવા મોક્ષમાર્ગ, સંયમ અથવા ધર્મ માર્ગનું સમ્યક્ આચરણ કરે.

**વિવેચન :–**

**एयाणि सोच्चा णरगाणि धीरे :–** નરકના દારુણ દુઃખોનું વર્ણન કરીને શાસ્ત્રકારે તે દુઃખોથી દૂર રહેવા માટે કેટલીક પ્રેરણા આપી છે. (૧) સમગ્રલોકમાં કોઈપણ જીવની હિંસા ન કરે (૨) પરિગ્રહથી વિરત થાય. "ઉ" શબ્દથી પરિગ્રહ સિવાયના મૃષાવાદ, અદત્તાદાન તેમજ મૈથુન સેવનથી વિરત થવાની પ્રેરણા પણ પરિલક્ષિત થાય છે (૩) એકમાત્ર આત્મતત્ત્વ કે જીવાદિ તત્ત્વો પર દષ્ટિ અથવા શ્રદ્ધા રાખે (૪) અશુભકર્મ કરનારા તથા તેનું ફળ ભોગવનારા જીવલોકનું સ્વરૂપ જાણે (૫) તે લોકપ્રવાહને આધીન ન થાય (૬) ચાર ગતિરૂપ અનંત સંસારમાં કૃત–કર્મના વિપાક–ફળને જાણે અર્થાત્ કર્મના અવિચલ સિદ્ધાંતને જાણે (૭)મોક્ષદષ્ટિ રાખી સંયમ અથવા ધર્મનું આચરણ કરે (૮) પંડિત મરણના અવસરની આકાંક્ષા (મનોરથ) કરે.

**एवं तिरिक्खे मणयामरेसु...इति वेदयिता :–** શાસ્ત્રકારે નરકગતિના ઘોરતમ દુઃખોનું વર્ણન કર્યા પછી અંતિમ ગાથામાં કહ્યું છે કે તિર્યંચ, મનુષ્ય કે દેવગતિના જીવો પણ કર્માધીન છે અર્થાત્ કોઈ પણ ગતિમાં થતું જીવનું સંસાર પરિભ્રમણ માત્ર દુઃખદાયી જ છે. તિર્યંચગતિમાં પરાધીનતાનું મહાદુઃખ, મનુષ્યગતિમાં સંયોગ–વિયોગ, આધિ, વ્યાધિ, ઉપાધિ આદિ અનેક દુઃખ અને દેવગતિમાં પણ ઈર્ષ્યા, અદેખાઈ, વેર ઝેરના કારણે દુઃખનો અનુભવ કરવો જ પડે છે. આ રીતે ચારે ગતિના દુઃખને જાણીને તેનાથી મુક્ત થવા સંયમ ભાવમાં સ્થિર રહેવા પુરુષાર્થશીલ બને.

## ।। અધ્યયન ૩/૪ સંપૂર્ણ ।।

# છઠ્ઠું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ "મહાવીરસ્તવ"(વીરસ્તુતિ) છે.

અંતિમ તીર્થંકર, શાસનપતિ ભગવાન મહાવીર સ્વામીના ગુણોનું વર્ણન આ અધ્યયનમાં છે. પદ્યના માધ્યમથી થતાં મહાપુરુષના ગુણગ્રામને સ્તુતિ કે સ્તવ કહેવામાં આવે છે.

આ અધ્યયનમાં મહાવીર સ્વામીની સ્તુતિના માધ્યમથી મુમુક્ષુ સાધકની સમક્ષ પૂર્ણતાનો આદર્શ પ્રસ્તુત કર્યો છે. ભગવાન મહાવીરના આદર્શ જીવનનું સ્મરણ કરી સાધક આત્મબળ પ્રાપ્ત કરે તથા તેઓએ જે રીતે સંસાર પર વિજય મેળવ્યો તેવી રીતે વિજય મેળવવાનો પ્રયત્ન કરે તે આ અધ્યયનની ફળશ્રુતિ છે.

શ્રમણ ભગવાન મહાવીરનું મૂળ નામ "વર્ધમાન" છે પરંતુ અનુકૂળ–પ્રતિકૂળ ઉપસર્ગો અને પરીષહોથી અપરાજિત, કષ્ટસહિષ્ણુ તથા જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ, ત્યાગમાં અદભૂત પરાક્રમ તેમજ આધ્યાત્મિક વીરતાના કારણે તેઓની ખ્યાતિ "વીર અથવા મહાવીર" ના નામે થઈ છે.

"વીર" શબ્દના નિક્ષેપની દૃષ્ટિએ છ અર્થો નિર્યુક્તિકારે બતાવ્યા છે. (૧) નામવીર (૨) સ્થાપનાવીર (૩) દ્રવ્યવીર (૪) ક્ષેત્રવીર (૫) કાલવીર (૬) ભાવવીર. નામ સ્થાપના વીર સુગમ છે. જેઓ દ્રવ્યને માટે યુદ્ધાદિમાં વીરતા દેખાડે તે દ્રવ્યવીર છે અથવા જે દ્રવ્ય વીર્યવાન હોય તે દ્રવ્યવીર છે. તીર્થંકર અનંત બલ–વીર્યવાન હોય છે, તેથી તેઓને "દ્રવ્યવીર" કહી શકાય. પોતાનાં ક્ષેત્રમાં અદ્ભુત પરાક્રમ દાખવનાર "ક્ષેત્રવીર" છે. જે પોતાના યુગ કે કાળમાં અદ્ભૂત પરાક્રમી હોય છે અથવા કાળ (મૃત્યુ)પર વિજય મેળવી લે છે, તે કાલવીર છે. જે આત્મા રાગ–દ્વેષ, ક્રોધાદિ કષાય, પંચેન્દ્રિય વિષય, કામ, મોહ, માન તથા ઉપસર્ગ–પરીષહ આદિ પર પરમ વિજય પ્રાપ્ત કરે છે તે ભાવવીર કહેવાય છે.

અહીં "વીર" શબ્દથી મુખ્યરૂપે "ભાવવીર" જ વિવક્ષિત છે. મહાન ભાવવીરતાના ગુણોના કારણે "મહાવીર" શબ્દ વ્યક્તિવાચક હોવા છતાં પણ ગુણવાચક છે.

આભૂષણ, ચંદન, પુષ્પમાળા આદિ સચેત અચેત દ્રવ્યો દ્વારા અથવા શરીરનાં વિવિધ અંગોનાં નમન, સંકોચ તથા વાચા–સ્ફૂરણ આદિ દ્રવ્યોથી જે સ્તુતિ કરાવામાં આવે છે તે દ્રવ્યસ્તુતિ છે અને વિદ્યમાન ગુણોનું ઉત્કીર્તન, ગુણાનુવાદ આદિ હૃદયથી કરવામાં આવે તે ભાવસ્તુતિ છે. આ અધ્યયનમાં તીર્થંકર મહાવીરની ભાવસ્તુતિ જ વિવક્ષિત છે. આ જ "મહાવીર સ્તવ"નો ભાવાર્થ છે.

આ અધ્યયનમાં ભગવાન મહાવીર સ્વામીના જ્ઞાનાદિ ગુણોના સંબંધમાં શ્રી જંબૂસ્વામી દ્વારા

કરાયેલા પ્રશ્નનું ગણધર શ્રી સુધર્માસ્વામી દ્વારા સ્તુતિ સૂચક શબ્દોમાં સાંગોપાંગ સમાધાન છે.

ઉદ્દેશા રહિત આ અધ્યયનમાં ૨૯ ગાથાઓ દ્વારા ભગવાન મહાવીરના અનુપમ ધર્મ, જ્ઞાન, દર્શન, અહિંસા, અપરિગ્રહ, વિહારચર્યા, નિશ્ચલતા, ક્ષમા, દયા, શ્રુત, તપ, ચારિત્ર, કષાય–વિજય, મમત્વ તેમજ વાસના પર વિજય, પાપમુક્તતા, અદ્ભુત ત્યાગ આદિ ઉત્તમોત્તમ ગુણોનું ભાવપૂર્વક પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આઠે પ્રકારના કર્મક્ષય માટેનો તેમનો પુરુષાર્થ, પ્રાણીઓની આગતિ, સ્વભાવ, શરીર, કર્મ આદિના સ્વરૂપનું જ વર્ણન છે.

સંસારના શ્રેષ્ઠ ગણાતા એવા સુમેરુ, ચંદ્ર, સૂર્ય, સ્વયંભૂરમણ સમુદ્ર, દેવેન્દ્ર, શંખ આદિ પદાર્થોની ઉપમા દ્વારા મહાવીર સ્વામીની શ્રેષ્ઠતા બતાવવામાં આવી છે. મહાવીર સ્વામીને નિર્વાણવાદીઓ, સાધુઓ, મુનિઓ, તપસ્વીઓ, સુજ્ઞાનીઓ, શુક્લધ્યાનીઓ, ધર્મોપદેશકો, અધ્યાત્મ વિદ્યાના પારગામીઓ, ચારિત્રવાનો અને પ્રભાવકોમાં સર્વશ્રેષ્ઠ તેમજ અગ્રણી નેતા માનવામાં આવ્યા છે.

❖❖❖❖❖

# છઠ્ઠું અધ્યયન

## વીરસ્તુતિ

### જંબૂસ્વામીની જિજ્ઞાસા :–

**૧** पुच्छिसु णं समणा माहणा य, अगारिणो य परतित्थिया य ।
से केइ णेगंतहियं धम्ममाहु, अणेलिसं साहुसमिक्खयाए ॥

**શબ્દાર્થ** :– **अगारिणो** = ગૃહસ્થો, **परतित्थिया य** = પરતીર્થિક શાક્ય આદિ, **पुच्छिस्सु** = પૂછ્યું કે, પૂછે છે કે, **से केइ** = તે કોણ છે ? જેને, **णेगंतहियं** = એકાંત હિતકારી, **अणेलिसं धम्मं** = અનુપમ ધર્મ, **साहुसमिक्खयाए** = સારી રીતે વિચારીને અથવા કેવળજ્ઞાનના પ્રકાશમાં સમ્યક્ રૂપે જોઈને, **आहु** = કહ્યો છે.

**ભાવાર્થ** :– શ્રમણ અને બ્રાહ્મણ, ક્ષત્રિય આદિ સદ્‌ગૃહસ્થ(અગારી) અને અન્યતીર્થિક(શાક્ય આદિ) પૂછે છે કે એકાંત હિતરૂપ, અનુપમધર્મ, સારી રીતે વિચારીને કહ્યો છે, તે કોણ છે ?

**૨** कहं च णाणं कहं दंसणं से, सीलं कहं णायसुयस्स आसी ।
जाणासि णं भिक्खु जहातहेणं, अहासुयं बूहि जहा णिसंतं ॥

**શબ્દાર્થ** :– **से णायसुयस्स** = તે જ્ઞાતપુત્ર ભગવાન મહાવીર સ્વામીનું, **कहं** = કેવું હતું ? **सीलं कहं आसी** = તેઓનું શીલ એટલે કે યમ નિયમનું આચરણ કેવું હતું ? **भिक्खु** = હે સાધુ ! **जहातहेणं जाणासि** = તમે યથાતથ્ય રૂપે તે જાણો છો તેથી, **अहासुयं** = જેવું તમે સાંભળ્યું છે, **जहा णिसंतं** = જેવો નિશ્ચય કર્યો છે, ધારણ કર્યો છે, **बूहि** = તે અમને કહો.

**ભાવાર્થ** :– તે જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરનું જ્ઞાન કેવું હતું ? તેઓનું દર્શન કેવું હતું ? તથા તેઓનું શીલ (યમ–નિયમનું આચરણ) કેવા પ્રકારનું હતું ? હે મુનિપુંગવ ! આપ તેને યથાર્થરૂપે જાણો છો, જેવું આપે સાંભળ્યું છે, જેવો નિશ્ચય કર્યો છે, તેવું અમને કહો.

### વિવેચન :–

આ ગાથાઓમાં પ્રશ્નકર્તા કે સમાધાનકર્તાનું નામ સૂચિત નથી છતાં પ્રસંગાનુસાર વ્યાખ્યાકારોએ પ્રશ્નકર્તા જંબૂસ્વામી અને સમાધાનકર્તા સુધર્મા સ્વામીને સૂચિત કર્યા છે. જંબૂસ્વામીએ પ્રભુ મહાવીરના

ગુણ અને વિશેષતાઓને જાણવા માટે મુખ્યરૂપે ચાર પ્રશ્નો કર્યા છે. (૧) એકાંતહિતકર, અનુપમધર્મના સમ્યક્પ્રરૂપક કોણ છે ? (૨) તેઓનું (જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરનું) જ્ઞાન કેવું હતું ? (૩) તેઓનું દર્શન કેવું હતું ? (૪) તેઓનું શીલ કેવું હતું ?

**पुच्छिसु णं समणा माहणा य, अगारिणो य परतित्थिया य :–** શ્રી જંબૂસ્વામી સ્વયં ભગવાન મહાવીર સ્વામીના આદર્શ જીવનને જાણતા જ હતા, તેમ છતાં તેમના દ્વારા રજૂ કરવામાં આવેલ પ્રશ્નોનો આશય આ ગાથામાં જ શાસ્ત્રકારે સ્પષ્ટ કરેલ છે કે જંબૂસ્વામી પાસેથી શ્રમણ ભગવાન મહાવીરની વાણી સાંભળી કોઈ મુમુક્ષુ શ્રમણો, ગૃહસ્થો, અન્યતીર્થિકોના મનમાં પ્રશ્નો ઉદ્‌ભવ્યા હશે અને તેઓએ જંબૂસ્વામીને આ પ્રશ્નો પૂછ્યા હોય અને તેઓએ શ્રી સુધર્મા સ્વામી સમક્ષ આ જિજ્ઞાસાઓ રજૂ કરી હોય તેમ પ્રતીત થાય છે. તેથી આ જિજ્ઞાસાઓના સ્રોત શ્રમણ, બ્રાહ્મણ આદિ હતા.

**कहं च णाणं :–** વૃત્તિકારે બે અર્થ કર્યા છે. (૧) ભગવાને આવું વિશુદ્ધ જ્ઞાન ક્યાંથી અને કેવી રીતે પ્રાપ્ત કર્યુ હતું ? (૨) મહાવીર સ્વામીનો વિશેષ રૂપે અર્થ પ્રકાશિત કરનારો બોધ કેવો હતો ? અર્થાત જ્ઞાન કેવું હતું ?

**कहं दसणं से :–** વૃત્તિકારે બે અર્થ કર્યા છે– (૧) યથાર્થ વસ્તુસ્થિતિને જોવાની તેમની દષ્ટિ(દર્શન) કેવી હતી ? (૨) સામાન્ય રૂપે અર્થને પ્રકાશિત કરવાનો બોધ કેવો હતો ? અર્થાત્ દર્શન કેવું હતું ?

### પ્રભુ વીરનું વ્યક્તિત્વ :–

**३** खेयण्णए से कुसले महेसी, अणंतणाणी य अणंतदंसी ।
जसंसिणो चक्खुपहे ठियस्स, जाणाहि धम्मं च धिइं च पेहि ॥

**શબ્દાર્થ :– से खेयण्णए** = ભગવાન મહાવીર સ્વામી, ખેદજ્ઞ–સંસારનાં પ્રાણીઓનાં દુઃખ જાણતાં હતાં અથવા ક્ષેત્રજ્ઞ–લોકાલોકના ક્ષેત્રના જ્ઞાતા હતા, **कुसले** = તે આઠ પ્રકારનાં કર્મોનું છેદનકરવામાં કુશળ હતા, **अणंतणाणी य अणंतदंसी** = અનંત જ્ઞાની અને અનંતદર્શી હતા, **जसंसिणो** = યશસ્વી, **चक्खुपहे ठियस्स** = જગજ્જીવોના નયનપથમાં સ્થિત, ભગવાનના, **धम्मं** = ધર્મ–સ્વભાવને અથવા શ્રુતચારિત્ર ધર્મને, **जाणाहि** = તમે જાણો, જુઓ, **धिइं च पेहि(पेहा–पेह)** = તેઓની ધીરતાને વિચારો.

**ભાવાર્થ :–** ભગવાન મહાવીર ખેદજ્ઞ–સંસારનાં પ્રાણીઓનાં દુઃખના જ્ઞાતા હતા, તેમ જ લોકાલોકના ક્ષેત્રના જ્ઞાતા હતા. કર્મોચ્છેદનમાં કુશળ હતા, ઉગ્ર તપ કરવાથી મહર્ષિ હતા, અનંતજ્ઞાની અને અનંતદર્શી હતા, તેઓ યશસ્વી–સુર, અસુર અને માનવોના યશથી અધિક યશવાન હતા, જગજ્જીવોના નયનપથમાં સ્થિત હતા, તેઓના ધર્મને તમે જાણો અને ધર્મ પાલનમાં તેઓની ધીરતાને જુઓ !

**४** उड्ढं अहे य तिरियं दिसासु, तसा य जे थावर जे य पाणा ।
से णिच्चणिच्चेहि समिक्ख पण्णे, दीवे व धम्मं समियं उदाहु ॥

**શબ્દાર્થ :–णिच्चणिच्चेहि** = લોકમાં નિત્ય અને અનિત્ય બન્ને પ્રકારના પદાર્થોને, **समिक्ख** = જાણીને, **से पण्णे** = તે કેવળજ્ઞાની ભગવાને, **दीवे व समियं धम्मं उदाहु** = દીપક અથવા દ્વીપ સમાન સમ્યક્ધર્મનું કથન કર્યું હતું.

**ભાવાર્થ :–** ઉર્ધ્વ, અધો અને તિરછી દિશાઓમાં, જે ત્રસ અને સ્થાવર પ્રાણી રહે છે, તેઓને અને લોકમાં નિત્ય– અનિત્ય બન્ને પ્રકારના પદાર્થોને જાણી તે કેવળજ્ઞાની ભગવાને દીપક અથવા દ્વીપ સમાન સદ્ધર્મનું સમ્યક્ કથન કર્યું હતું.

**૫** **से सव्वदंसी अभिभूय णाणी, णिरामगंधे धिइमं ठियप्पा ।**
**अणुत्तरे सव्वजगंसि विज्जं, गंथा अतीते अभए अणाऊ ॥**

**શબ્દાર્થ :– से** = તે મહાવીર સ્વામી, **सव्वदंसी** = સમસ્ત પદાર્થોને જોનારા, **अभिभूयणाणी** = કેવળજ્ઞાની, **णिरामगंधे** = મૂળ અને ઉત્તર ગુણથી વિશુદ્ધ ચારિત્રનું પાલન કરનારા, **धिइमं** = ધૃતિયુક્ત, **ठियप्पा** = આત્મસ્વરૂપમાં સ્થિત હતા, **सव्वजगंसि** = સંપૂર્ણ જગતમાં તે, **अणुत्तरे विज्जं** = અનુત્તર– શ્રેષ્ઠ વિદ્વાન હતા, **गंथा अतीते अभए अणाउ** = બાહ્ય અને આભ્યંતર બન્ને પ્રકારની ગ્રંથિઓથી રહિત, નિર્ભય તેમજ આયુબંધથી રહિત હતા.

**ભાવાર્થ :–** તે વીરપ્રભુ સર્વદર્શી હતા, કેવળજ્ઞાન સંપન્ન હતા, નિરામગંધી–મૂળ–ઉત્તરગુણોથી વિશુદ્ધ ચારિત્રપાલક હતા, પરીષહ–ઉપસર્ગોના સમયે નિષ્કમ્પ રહેવાના કારણે ધૃતિમાન હતા, સ્થિતાત્મા– તેમનો આત્મા આત્મસ્વરૂપમાં સ્થિત હતો, સમસ્ત જગતમાં તેઓ સર્વોત્તમ વિદ્વાન હતા, બાહ્ય અને આભ્યંતર ગ્રંથીથી રહિત હતા, અભય–સાત પ્રકારના ભયોથી રહિત હતા તથા અનાયુ–ચારે ગતિઓના આયુષ્ય બંધથી રહિત હતા.

**૬** **से भूइपण्णे अणिएयचारी, ओहंतरे धीरे अणंतचक्खू ।**
**अणुत्तरं तप्पइ सूरिए वा, वइरोयणिंदे व तमं पगासे ॥**

**શબ્દાર્થ :– से** = તે ભગવાન મહાવીર સ્વામી, **भूइपण्णे** = અનંતજ્ઞાની, વિશ્વ રક્ષામયી પ્રજ્ઞાથી સંપન્ન, **अणिएयचारी** = એક સ્થાન પર નહીં રહેનારા, અપ્રતિબંધવિહારી, **ओहंतरे** = સંસારસાગરને પાર કરનારા, **धीरे** = ધીર, બુદ્ધિમાન્, **अणंतचक्खू** = કેવળજ્ઞાની, **सूरिए वा** = જેવી રીતે સૂર્ય, **अणुत्तरे** = સૌથી વધારે, **तप्पइ** = તપે છે, તે જ રીતે ભગવાન દેદીપ્યમાન, તપથી યુક્ત હતા, **वइरोयणिंदे व तमं पगासे** = અગ્નિ જેમ અંધકારને દૂર કરીને પ્રકાશ કરે છે તેમ ભગવાન અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરીને પદાર્થોના યથાર્થ સ્વરૂપને પ્રકાશિત કરતા હતા.

**ભાવાર્થ :–** તે ભગવાન– સર્વમંગલમયી કે વિશ્વ–રક્ષામયી પ્રજ્ઞાથી સંપન્ન, અપ્રતિબદ્ધ વિહારી, સંસારસાગરને પાર કરનારા, ધીર અને કેવળજ્ઞાનરૂપ નેત્રથી સંપન્ન હતા. જેવી રીતે સૂર્ય સર્વથી અધિક

તપે છે, તેવી જ રીતે ભગવાન સર્વથી ઉત્કૃષ્ટ તપ કરતા હતા, સર્વાધિક દેદીપ્યમાન હતા. વૈરોચનેન્દ્ર– પ્રજ્વલિત અગ્નિ જેવી રીતે અંધકારને દૂર કરી પ્રકાશ કરે છે, તેવી જ રીતે ભગવાન અજ્ઞાન રૂપ અંધકાર દૂર કરી, પદાર્થોનું યથાર્થ સ્વરૂપ પ્રકાશિત કરતા હતા.

**૭** **अणुत्तरं धम्ममिणं जिणाणं, णेया मुणी कासवे आसुपण्णे ।**
**इंदे व देवाण महाणुभावे, सहस्सणेया दिवि णं विसिट्ठे ॥**

**શબ્દાર્થ :– णेया** = નેતા, નાયક, **दिवि** = જેવી રીતે સ્વર્ગલોકમાં, **सहस्सणेया** = હજારો દેવતાઓના નાયક, **इंदेव** = ઈન્દ્ર, **महाणुभावे विसिट्ठे** = અધિક પ્રભાવશાળી છે, તેવી રીતે ભગવાન સંપૂર્ણ જગતમાં શ્રેષ્ઠ છે.

**ભાવાર્થ :–** આશુપ્રજ્ઞ કાશ્યપગોત્રીય, મુનિશ્રી વર્ધમાન સ્વામી જિનેશ્વરોના આ અનુત્તર ધર્મના નાયક હતા. જેવી રીતે સ્વર્ગલોકમાં ઈન્દ્ર હજારો દેવોમાં મહાપ્રભાવશાળી તેમજ રૂપ,બલ,વર્ણ આદિમાં સર્વથી વિશિષ્ટ છે. તેવી રીતે ભગવાન પણ ધર્મના નાયક, સર્વથી અધિક પ્રભાવશાળી અને સર્વથી વિશિષ્ટ હતા.

**૮** **से पण्णया अक्खय सागरे वा, महोदही वा वि अणंतपारे ।**
**अणाइले वा अकसायि मुक्के, सक्के व देवाहिवई जुइमं ॥**

**શબ્દાર્થ :– से** = તે ભગવાન મહાવીર સ્વામી, **सागरे वा** = સમુદ્રની સમાન, **पण्णया** = પ્રજ્ઞા વડે, **अक्खय** = અક્ષય છે, **महोदही वावि अणंतपारे** = અથવા તે સ્વયંભૂરમણ સમુદ્રની સમાન અપાર પ્રજ્ઞાવાળા છે, **अणाइले** = નિર્મળ છે, **अकसाइमुक्के** = કષાયોથી રહિત અને ઘાતિકર્મોથી મુક્ત, **देवाहिवइ सक्केव** = દેવતાઓના અધિપતિ ઈન્દ્રની જેમ ભગવાન, **जुइमं** = તેજસ્વી છે.

**ભાવાર્થ :–** ભગવાનની પ્રજ્ઞા સમુદ્રની સમાન અક્ષય છે અથવા સ્વયંભૂરમણ મહાસાગરની સમાન તેમનું જ્ઞાન અપાર અને નિર્મળ છે. તેઓ કષાયોથી સર્વથા રહિત અને ઘાતિકર્મોથી મુક્ત અને દેવાધિપતિ શક્રેન્દ્રની જેમ તેજસ્વી છે.

**૯** **से वीरिएणं पडिपुण्णवीरिए, सुदंसणे वा णगसव्वसेट्ठे ।**
**सुरालए वा वि मुदागरे से, विरायएऽणेगगुणोववेए ॥**

**શબ્દાર્થ :– वीरिएणं** = વીર્યથી, **पडिपुण्ण वीरिए** = પૂર્ણ વીર્યવાન, **सुदंसणे वा णगसव्वसेट्ठे** = પર્વતોમાં સુમેરુની જેમ સર્વથી શ્રેષ્ઠ છે, **मुदागरे सुरालए** = દેવોને હર્ષ ઉત્પન્ન કરનાર સ્વર્ગ સમાન, **अणेग गुणोववेए विरायए** = અનેક ગુણોથી શોભી રહ્યા છે.

**ભાવાર્થ :–** ભગવાન મહાવીર વીર્યથી પૂર્ણ વીર્યવાન છે, પર્વતોમાં સુમેરુ પર્વત શ્રેષ્ઠ છે તેમ ભગવાન સર્વ પ્રાણીઓમાં શ્રેષ્ઠ છે. દેવોને હર્ષ ઉત્પન્ન કરનાર સ્વર્ગની જેમ અનેક ગુણોથી સુશોભિત છે.

## વિવેચન :–

આ સાત ગાથાઓમાં જંબૂસ્વામીના ચાર પ્રશ્નોના ઉત્તર આપતા શ્રી સુધર્માસ્વામીએ ભગવાન મહાવીરના સર્વોત્તમ વિશિષ્ટ ગુણોનું ઉત્કીર્તન(વર્ણન) કર્યુ છે. તે વિશિષ્ટગુણો ક્રમશઃ આ પ્રમાણે પ્રતિપાદિત છે. (૧) ખેદજ્ઞ અથવા ક્ષેત્રજ્ઞ (૨) કુશળ (૩) મહર્ષિ (૪) અનંતજ્ઞાની (૫) અનંતદર્શી (૬) ઉત્કૃષ્ટયશસ્વી (૭) જગજ્જીવોના નયનપથમાં સ્થિત (૮)પ્રશંસનીય ધર્મવાન (૯) ધૈર્યવાન (૧૦) દ્વીપ અથવા દીપ સમાન ધર્મનું કથન કરનાર, લોકના સમસ્ત ત્રસ–સ્થાવર જીવોના નિત્ય–અનિત્ય સ્વરૂપને જાણીને (૧૧) સર્વદર્શી (૧૨) કેવળજ્ઞાન સંપન્ન (૧૩) નિર્દોષ ચારિત્રપાલક (નિરામગંધી) (૧૪) ધૃતિમાન (૧૫) સ્થિતાત્મા (૧૬) જગતના સર્વોત્તમ વિદ્વાન (૧૭) બાહ્ય–આભ્યંતર ગ્રંથીથી અતીત (૧૮) અભય (૧૯) અનાયુ (આયુષ્યબંધ રહિત) (૨૦) ભૂતિપ્રજ્ઞ (૨૧) અપ્રતિબદ્ધ વિચરણશીલ (૨૨) સંસારસાગર પારંગત (૨૩) ધીર (૨૪) અનંતચક્ષુ (૨૫)સૂર્યવત્ સર્વાધિક તપનશીલ (૨૬) પ્રજ્જવલિત અગ્નિવત્ અજ્ઞાન તિમિર–નિવારક અને પદાર્થસ્વરૂપ પ્રકાશક (૨૭) આશુપ્રજ્ઞમુનિ (૨૮) અનુત્તર ધર્મના નાયક (૨૯) સ્વર્ગમાં હજારો દેવોમાં મહાપ્રભાવશાળી ઈન્દ્રની જેમ સર્વથી વધારે પ્રભાવશાળી (૩૦) સમુદ્રવત્ પ્રજ્ઞાથી અક્ષય (૩૧) સ્વયંભૂરમણ–મહોદધિની સમાન ગંભીરજ્ઞાની પ્રજ્ઞાથી અનંતપાર (૩૨) સમુદ્રના નિર્મળ જળની જેમ સર્વથા નિર્મળ જ્ઞાન–સંપન્ન (૩૩) અકષાયી (૩૪) ઘાતીકર્મ–બંધનોથી મુક્ત (૩૫) ઈન્દ્રની જેમ દેવાધિપતિ (૩૬) તેજસ્વી (૩૭) પરિપૂર્ણ વીર્યવાન (૩૮) પર્વતોમાં સર્વક્ષેષ્ઠ સુમેરુવત્ પ્રાણીઓમાં સર્વ શ્રેષ્ઠ (૩૯) અનેક પ્રશસ્તગુણોથી યુક્ત હોવાથી સ્વર્ગવત્ પ્રમોદજનક.

## સુમેરુની શ્રેષ્ઠતા :–

**૧૦** **सयं सहस्साण उ जोयणाणं, तिकंडगे पंडगवेजयंते ।**
**से जोयणे णवणवइ सहस्से, उड्ढुस्सिए हेट्ठ सहस्समेगं ॥**

**શબ્દાર્થ :– सयं उ सहस्साण जोयणाणं** = તે સુમેરુ પર્વત સો હજાર યોજન [એક લાખ યોજન] ઊંચો છે, **तिकंडगे** = તેના ત્રણ વિભાગ છે, **पंडगवेजयंते** = તે પર્વત પર સૌથી ઉપર સ્થિત પંડગવન પતાકાની જેમ શોભા પામે છે, **से** = તે સુમેરુ પર્વત, **जोयणे णवणवइ सहस्से उड्ढुस्सिए** = ૯૯ (નવ્વાણું) હજાર યોજન ઊંચો, **हेट्ठ सहस्सं एगं** = એક હજાર યોજન ભૂમિમાં દટાયેલો છે.

**ભાવાર્થ :–** તે સુમેરુપર્વત સો હજાર (એકલાખ) યોજન ઊંચો છે. તેના ત્રણ કાંડ(વિભાગ) છે. તેના ઉપરના ભાગમાં આવેલ પંડગવન પતાકાની જેમ સુશોભિત છે. તે પર્વત ૯૯ હજાર યોજન ઊંચો છે અને એક હજાર યોજન નીચે(ધરતીમાં) ઊંડો છે.

**૧૧** **पुट्ठे णभे चिट्ठइ भूमिए ठिए, जं सूरिया अणुपरियट्टयंति ।**
**से हेमवण्णे बहुणंदणे य, जंसि रइं वेदयंति महिंदा ॥**

**શબ્દાર્થ :– से** = તે સુમેરુ પર્વત, **णभे पुट्ठे** = આકાશને સ્પર્શીને, **चिट्ठइ** = રહ્યો છે, **भूमिए ट्ठिए** = પૃથ્વી પર સ્થિર છે, **जं** = જેની, **सूरिया** = આદિત્ય(સૂર્ય) ગણ, **अणुपरिवट्टयंति** = પરિક્રમા કરે છે, **हेमवण्णे** = તે સુવર્ણ રંગવાળો, **बहुणंदणे य** = ઘણો આનંદકારી છે, ઘણા પ્રાણીઓને આનંદ આપનાર, **जंसि** = જેના પર, **महिंदा** = મહેન્દ્ર (દેવો–ઈન્દ્રો), **रइं वेदयंति** = આનંદનો અનુભવ કરે છે.

**ભાવાર્થ :–** તે સુમેરુ પર્વત આકાશને સ્પર્શતો પૃથ્વીપર સ્થિત છે. સૂર્યગણ તેની પરિક્રમા કરે છે. તે સોનેરી રંગનો છે અને અનેક નંદનવનોથી યુક્ત અથવા ઘણો આનંદદાયક છે. તેના પર મહેન્દ્રગણ–દેવો આનંદ અનુભવ કરે છે.

**૧૨** **से पव्वए सद्दमहप्पगासे, विरायइ कंचणमट्ठवण्णे ।**
**अणुत्तरे गिरिसु य पव्वदुग्गे, गिरिवरे से जलिए व भोमे ॥**

**શબ્દાર્થ :– सद्दमहप्पगासे** = અનેક નામોથી અતિપ્રસિદ્ધ છે, **कंचणमट्ठवण्णे** = તથા તે સોનાની જેમ શુદ્ધ વર્ણવાળો, **पव्वदुग्गे** = ઉપપર્વતો દ્વારા દુર્ગમ છે, **से गिरिवरे** = તે પર્વત શ્રેષ્ઠ, **भोमे व जलिए** = મણિ અને ઔષધિઓથી પ્રકાશિત ભૂમિ પ્રદેશની જેમ પ્રકાશ કરે છે.

**ભાવાર્થ :–** તે પર્વત સુમેરુ, મન્દર, મેરુ, સુદર્શન, સુરગિરિ આદિ અનેક નામોથી પ્રસિદ્ધ છે, સોનાની જેમ શુદ્ધવર્ણથી સુશોભિત છે. તે મેખલા આદિ અથવા ઉપપર્વતોના કારણે સર્વ પર્વતોમાં દુર્ગમ છે. તે ગિરિવર મણિઓ અને ઔષધિઓથી પ્રકાશિત ભૂપ્રદેશની જેમ પ્રકાશિત રહે છે.

**૧૩** **महीइ मज्झम्मि ठिए णगिंदे, पण्णायते सूरिय सुद्धलेस्से ।**
**एवं सिरीए उ स भूरिवण्णे, मणोरमे जोयइ अच्चिमाली ॥**

**શબ્દાર્થ :– णगिंदे** = તે પર્વતરાજ, **महीइ मज्झंमि** = પૃથ્વીના મધ્યમાં, **ठिए** = સ્થિત છે, **सूरियसुद्धलेसे** = તે સૂર્યની સમાન શુદ્ધ કાન્તિવાળો, **पण्णायते** = પ્રતીત થાય છે, **सिरीए उ** = તે પોતાની શોભાથી, **भूरिवण्णे** = અનેક વર્ણવાળા, **मणोरमे** = મનોહર છે, **अच्चिमाली** = તે સૂર્યની જેમ, **जोयइ** = સર્વદિશાઓને પ્રકાશિત કરે છે.

**ભાવાર્થ :–** તે પર્વતરાજ પૃથ્વીની મધ્યમાં સ્થિત છે તથા સૂર્ય જેવી કાંતિવાળો છે. અનેક વર્ણવાળો અને મનોહર છે. સૂર્યની જેમ દશે દિશાને પ્રકાશિત કરે છે.

**૧૪** **सुदंसणस्सेस जसो गिरिस्स, पवुच्चइ महतो पव्वयस्स ।**
**एतोवमे समणे णायपुत्ते, जाइ–जसो–दंसण–णाणसीले ॥**

**શબ્દાર્થ :– महतो पव्वयस्स** = મહાન પર્વત, **सुदंसणस्स गिरिस्स** = સુદર્શન પર્વતનો, **पवुच्चइ**

= પૂર્વોક્ત પ્રકારે કહેવામાં આવે છે, **समणे णायपुत्ते एतोवमे** = શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને આ પર્વતની ઉપમા આપવામાં આવે છે, **जाईजसो दंसणणाणसीले** = ભગવાન જાતિ, યશ, દર્શન, જ્ઞાન અને શીલમાં સર્વથી શ્રેષ્ઠ છે.

**ભાવાર્થ :–** મહાનપર્વત એવા સુદર્શનગિરિનો યશ પૂર્વોક્ત પ્રકારે બતાવવામાં આવ્યો છે, જ્ઞાતપુત્ર શ્રમણ ભગવાન મહાવીરને પણ આ પર્વતની ઉપમા આપવામાં આવી છે. જેવી રીતે સુમેરુપર્વત પોતાના ગુણોના કારણે સમસ્ત પર્વતોમાં શ્રેષ્ઠ છે, તેવી રીતે ભગવાન પણ જાતિ, યશ, દર્શન, જ્ઞાન અને શીલમાં સર્વશ્રેષ્ઠ છે.

**વિવેચન :–**

આ પાંચ ગાથાઓમાં ભગવાનને પર્વતરાજ સુમેરુની ઉપમા આપવામાં આવી છે.

સુમેરુ પર્વત ઉર્ધ્વ, અધો અને મધ્ય ત્રણે લોકને સ્પર્શે છે, તેમ ભગવાનનો પ્રભાવ ત્રણે લોકમાં વ્યાપ્ત હતો. જેમ સુમેરુ ભૂમિમય, સુવર્ણમય, વૈડૂર્યમય ત્રણ વિભાગથી સુશોભિત છે, તેમ ભગવાન પણ સમ્યક્જ્ઞાન સમ્યગ્દર્શન સમ્યક્ચારિત્ર રૂપ રત્નત્રયથી સુશોભિત હતા.

સુમેરુશિખર પર પંડગવન પતાકાની જેમ શોભે છે, તેમ વીરપ્રભુ પણ "તીર્થંકર" નામના મૂર્ધન્યપદથી સુશોભિત હતા.

સૂર્યગણ આદિ હંમેશાં સુમેરુની ચારે તરફ પરિક્રમા કરે છે, તેવી રીતે ભગવાનની ચારે બાજુ દેવો તથા ચક્રવર્તી આદિ સમ્રાટ પણ પ્રદક્ષિણા કરે છે.

સુમેરુ સુવર્ણ જેવા વર્ણવાળો છે, ભગવાન પણ સુવર્ણ જેવી કાંતિવાળા હતા.

સુમેરુ ઉર્ધ્વમુખી છે, તેવી જ રીતે ભગવાનના અહિંસા આદિ સિદ્ધાંતપણ સદૈવ ઉર્ધ્વમુખી હતા.

સુમેરુના નંદનવનમાં સ્વર્ગલોકથી આવીને દેવ અને ઈન્દ્રાદિ આનંદનો અનુભવ કરે છે, ભગવાનના સમવસરણમાં સુર, અસુર, માનવ, તિર્યંચ સર્વ પ્રાણીઓ આવીને આનંદ અને શાંતિનો અનુભવ કરતાં હતાં.

સુમેરુપર્વત અનેક નામોથી સુપ્રસિદ્ધ છે, તેવી જ રીતે ભગવાન પણ વીર, મહાવીર, વર્ધમાન, સન્મતિ, વૈશાલિક, જ્ઞાતપુત્ર, ત્રિશલાનંદન આદિ નામોથી સુપ્રસિદ્ધ હતા.

સુમેરુની કંદરામાંથી ઊઠતો દેવોનો કોમળ ધ્વનિ દૂર દૂર ગુંજતો રહે છે. તેવી જ રીતે વીરપ્રભુનો અત્યંત ઓજસ્વી સારગર્ભિત, ગંભીર, દિવ્યધ્વનિ પણ દૂર દૂર શ્રોતાઓને સંભળાતો રહે છે.

સુમેરુ પર્વત ઊંચી ઊંચી મેખલાઓ તેમજ ઉપપર્વતોના કારણે દુર્ગમ છે, તેવી જ રીતે ભગવાન પણ પ્રમાણ, નય, નિક્ષેપ, અનેકાન્ત(સ્યાદ્વાદ)ની ગહન ભંગાવલીઓના કારણે તથા ગૌતમ આદિ

અનેક દિગ્ગજ વિદ્વાન અંતેવાસીઓના કારણે વાદીઓને માટે દુર્ગમ તેમજ અજેય હતા.

સુમેરુ પર્વત અનેક તેજોમય વૃક્ષસમૂહથી દેદિપ્યમાન છે, તેવી જ રીતે ભગવાન પણ અનંત ગુણોથી દેદિપ્યમાન હતા.

સુમેરુ, પર્વતોનો રાજા છે, તેમ ભગવાન મહાવીર પણ ત્યાગી, તપસ્વી, સાધુ શ્રાવકગણના રાજા હતા, એટલે કે સંઘનાયક હતા.

સુમેરુપર્વતથી ચારે તરફ પ્રકાશનાં ઉજ્જવળ કિરણો નીકળીને સર્વદિશાઓને પ્રકાશિત કરે છે. તેવી જ રીતે ભગવાનના જ્ઞાનરૂપી પ્રકાશનાં કિરણો પણ સર્વત્ર ફેલાઈને લોક અલોકને પ્રકાશિત કરે છે. કોઈપણ પદાર્થ એવો નથી, જે તેમના અનંત જ્ઞાન પ્રકાશમાં પ્રકાશિત થતો ન હોય.

સુમેરુપર્વત ભૂમંડળના મધ્યભાગમાં છે. તેવી જ રીતે ભગવાન પણ ધર્મ–સાધકોની ભક્તિ–ભાવનાઓના મધ્યબિંદુ હતા. પર્વતરાજ સુમેરુ જેવી રીતે લોકમાં યશસ્વી કહેવાય છે, તેવી જ રીતે જિનરાજ ભગવાન ત્રણે ય લોકમાં મહાયશસ્વી હતા.

મેરુપર્વત પોતાના ગુણોના કારણે પર્વતોમાં શ્રેષ્ઠ છે તેવી જ રીતે ભગવાન પણ પોતાની જાતિ, યશ, દર્શન, જ્ઞાન અને શીલ આદિ સદ્ગુણોમાં સર્વશ્રેષ્ઠ હતા. આ આશયથી શાસ્ત્રકારો કહે છે કે– **एतोवमे समणे णायपुत्ते, जाईजसो दंसण णाण सीले ।**

### વિવિધ ઉપમાઓથી ભગવાનની શ્રેષ્ઠતા :–

**१५** **गिरीवरे वा णिसहायताणं, रुयगे व सेट्ठे वलयायताणं ।**
**तओवमे से जगभूइपण्णे, मुणीण मज्झे तमुदाहु पण्णे ॥**

**શબ્દાર્થ :– आयताणं गिरिवरे णिसहाय** = જેવી રીતે લાંબા પર્વતોમાં નિષધ પર્વત શ્રેષ્ઠ પ્રધાન (મુખ્ય) છે તથા, **वलयायताणं रूयगे व सेट्ठे** = ગોળાકાર પર્વતોમાં રૂચક પર્વત શ્રેષ્ઠ છે, **जगभूइपण्णे** = જગતમાં સૌથી વધારે બુદ્ધિમાન્ ભગવાન મહાવીર સ્વામીની, **तओवमे** = તે જ ઉપમા છે, **पण्णे** = બુદ્ધિમાન્ પુરુષ, **मुणीण मज्झे तमुदाहु** = મુનિઓની મધ્યે ભગવાનને શ્રેષ્ઠ કહે છે.

**ભાવાર્થ :–** જેવી રીતે લાંબા પર્વતોમાં નિષધપર્વત, વલયાકાર(ગોળાકાર ચૂડીના આકારવાળા) પર્વતોમાં રૂચકપર્વત શ્રેષ્ઠ છે, તે જ ઉપમા જગતમાં સૌથી અધિક પ્રજ્ઞાવાન્ ભગવાન મહાવીરની છે. પ્રાજ્ઞપુરુષોએ મુનિઓની મધ્યમાં શ્રમણ ભગવાન મહાવીરને શ્રેષ્ઠ કહ્યા છે.

**१६** **अणुत्तरं धम्ममुईरइत्ता, अणुत्तरं झाणवरं झियाइ ।**
**सुसुक्कसुक्कं अपगंडसुक्कं, संखिंदु एगंतवदातसुक्कं ॥**

**શબ્દાર્થ :– अणुत्तरं धम्ममुईरइत्ता** = સર્વોત્તમ ધર્મ બતાવી, **अणुत्तरं झाणवरं झियाइ** = સર્વોત્તમ ધ્યાન ધ્યાવે છે, **सुसुक्कसुक्कं** = ભગવાનનું ધ્યાન શુક્લ વસ્તુની સમાન શુક્લ હતું, **अपगंडसुक्कं** = તે દોષવર્જિત શુક્લ હતું, **संखिंदुएगंतवदात सुक्कं** = તે શંખ તથા ચંદ્રમાની જેમ એકાંત શુક્લ હતું.

**ભાવાર્થ :–** ભગવાન મહાવીર અનુત્તર ધર્મનો ઉપદેશ આપી, સર્વોત્તમ ધ્યાન ધરતા હતા. ભગવાનનું ધ્યાન અત્યંત સફેદ વસ્તુઓની સમાન શુક્લ, દોષ રહિત–શુક્લ હતું. શંખ અને ચંદ્રમાની જેમ એકાંત શુદ્ધ હતું.

**१७** **अणुत्तरग्गं परमं महेसी, असेसकम्मं स विसोहइत्ता ।**
**सिद्धिं गइं साइमणंत पत्ते, णाणेण सीलेण य दंसणेण ॥**

**શબ્દાર્થ :– महेसी** = મહર્ષિ ભગવાન મહાવીર સ્વામી, **णाणेण सीलेण य दंसणेण** = જ્ઞાન, ચારિત્ર અને દર્શન દ્વારા, **असेसकम्मं** = સમસ્ત કર્મોને, **विसोहइत्ता** = શોધન કરીને, **अणुत्तरग्गं** = સર્વોત્તમ, **परमं सिद्धिंगइं** = પરમ સિદ્ધિને **पत्ते** = પ્રાપ્ત થયેલા, **साइमणंत** = જે સાદિ અનંત છે.

**ભાવાર્થ :–** મહર્ષિ મહાવીરે જ્ઞાન, શીલ અને દર્શનથી સમસ્ત કર્મોનો ક્ષય કરી સર્વોત્તમ સાદિ અનંત એવી સિદ્ધિને પ્રાપ્ત કરી.

**१८** **रुक्खेसु णाए जह सामली वा, जंसी रइं वेदयंती सुवण्णा ।**
**वणेसु य णंदणमाहु सेट्ठे, णाणेण सीलेण य भूइपण्णे ॥**

**શબ્દાર્થ :– णाए** = જગત્ પ્રસિદ્ધ, **सामली** = સેમર વૃક્ષ છે, **जंसी** = જેના પર, **सुवण्णा** = સુવર્ણ કુમાર દેવો, **रइं वेदयती** = આનંદ અનુભવે કરે છે, **वणेसु वा णंदणं सेट्ठेआहु** = વનોમાં સૌથી શ્રેષ્ઠ નંદનવન કહેવાય છે, **णाणेण सीलेण य भूइपण्णे** = તે રીતે જ્ઞાન અને ચારિત્ર દ્વારા ઉત્તમજ્ઞાની ભગવાન મહાવીર સ્વામી શ્રેષ્ઠ કહેવાય છે.

**ભાવાર્થ :–** જેવી રીતે વૃક્ષોમાં દેવકુરુક્ષેત્રમાં રહેલું શાલ્મલિ–સેમર વૃક્ષ જગત્પ્રસિદ્ધ છે, જ્યાં ભવનપતિ જાતિના સુવર્ણકુમાર દેવ આનંદનો અનુભવ કરે છે, જેવી રીતે વનોમાં નંદનવન શ્રેષ્ઠ છે, તેવી રીતે જ્ઞાન અને ચારિત્રમાં ભગવાન મહાવીર સર્વ શ્રેષ્ઠ છે.

**१९** **थणियं व सद्दाण अणुत्तरे उ, चंदो व ताराण महाणुभावे ।**
**गंधेसु य चंदणमाहु सेट्ठे, एवं मुणीणं अपडिण्णमाहु ॥**

**શબ્દાર્થ :– थणियं व** = મેઘગર્જના, **महाणुभावे(गे) चंदे** = જેમ મહાનુભાગ ચંદ્રમા શ્રેષ્ઠ છે, **अपडिण्णमाहु** = કામના રહિત ભગવાન મહાવીર સ્વામી શ્રેષ્ઠ છે.

**ભાવાર્થ :–** શબ્દોમાં મેઘગર્જના પ્રધાન(મુખ્ય)છે, તારાઓમાં ચંદ્રમા શ્રેષ્ઠ છે, સુગંધોમાં ચંદન શ્રેષ્ઠ છે, તેવી રીતે મુનિઓમાં કામનારહિત એવા ભગવાન મહાવીર શ્રેષ્ઠ છે.

**૨૦** **जहा सयंभू उदहीण सेट्ठे, णागेसु वा धरणिंदमाहु सेट्ठे ।**
**खोओदए वा रसवेजयंते, तवोवहाणे मुणिवेजयंते ॥**

**શબ્દાર્થ :– णागेसु** = નાગકુમાર દેવોમાં, **धरणिंदं सेट्ठे आहु** = ધરણેન્દ્રને શ્રેષ્ઠ કહે છે, **खोओदए वा रसवेजयंते** = ઈક્ષુરસોદક સમુદ્ર જેવી રીતે બધા રસવાળાઓમાં પ્રધાન છે, **तवोवहाणे मुणिवेजयंते** = એ રીતે તપ દ્વારા મુનિશ્રી ભગવાન મહાવીરસ્વામી સૌથી શ્રેષ્ઠ છે.

**ભાવાર્થ :–** જેવી રીતે સમુદ્રોમાં સ્વયંભૂરમણ સમુદ્ર શ્રેષ્ઠ છે, નાગ(નાગકુમારો)માં ધરણેન્દ્ર સર્વોત્તમ છે, રસવાળા સમસ્ત સમુદ્રોમાં ઈક્ષુરસોદક પ્રધાન છે, એ રીતે સર્વ તપસ્વીઓમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી શ્રેષ્ઠ છે.

**૨૧** **हत्थीसु एरावणमाहु णाए, सीहो मियाणं सलिलाण गंगा ।**
**पक्खीसु वा गरुले वेणुदेवो, णिव्वाणवादीणिह णायपुत्ते ॥**

**શબ્દાર્થ :– पक्खीसु वा गरुले वेणुदेवो** = પક્ષીઓમાં વેણુદેવ ગરુડ પ્રધાન છે, **णिव्वाणवादीणिह णायपुत्ते** = મોક્ષવાદીઓમાં જ્ઞાતપુત્ર ભગવાન મહાવીર સ્વામી પ્રધાન છે.

**ભાવાર્થ :–** હાથીઓમાં ઐરાવત હાથી(ઈન્દ્રનું વાહન) મુખ્ય છે, મૃગોમાં સિંહ, નદીઓમાં ગંગા નદી, પક્ષીઓમાં વેણુદેવ "ગરુડપક્ષી" મુખ્ય છે, તેવી રીતે નિર્વાણવાદીઓમાં–મોક્ષમાર્ગના નાયકોમાં જ્ઞાતપુત્ર ભગવાન મહાવીર મુખ્ય છે.

**૨૨** **जोहेसु णाए जह वीससेणे, पुप्फेसु वा जह अरविंदमाहु ।**
**खत्तीण सेट्ठे जह दंतवक्के, इसीण सेट्ठे तह वद्धमाणे ॥**

**શબ્દાર્થ :– वीससेणे** = વિશ્વસેન વાસુદેવ, **जोहेसु सेट्ठे** = યોદ્ધામાં શ્રેષ્ઠ છે, **अरविंदमाहु** = કમળને શ્રેષ્ઠ કહે છે, **खत्तीण दंतवक्के सेट्ठे** = ક્ષત્રિયોમાં દાન્તવાક્ય ચક્રવર્તી શ્રેષ્ઠ છે.

**ભાવાર્થ :–** જેવી રીતે યોદ્ધાઓમાં પ્રસિદ્ધ વિશ્વસેન વાસુદેવ શ્રેષ્ઠ છે, ફૂલોમાં અરવિંદ–કમળ શ્રેષ્ઠ છે અને ક્ષત્રિયોમાં દાંતવાક્ય–ચક્રવર્તી અથવા દંતવક્ર–દંતવક્ર રાજા શ્રેષ્ઠ છે, તેવી જ રીતે ઋષિઓમાં વર્ધમાન મહાવીર સ્વામી શ્રેષ્ઠ છે.

**૨૩** **दाणाण सेट्ठं अभयप्पयाणं, सच्चेसु या अणवज्जं वयंति ।**
**तवेसु या उत्तमबंभचेरं, लोगुत्तमे समणे णायपुत्ते ॥**

**શબ્દાર્થ :– अभयप्पयाणं सेट्ठं** = અભયદાન શ્રેષ્ઠ છે, **अणवज्जं** = જેમાં કોઈને પીડા ન થાય તેવુ સત્ય શ્રેષ્ઠ છે.

**ભાવાર્થ :–** દાનમાં અભયદાન શ્રેષ્ઠ છે, સત્યવચનોમાં નિષ્પાપ, જે પરપીડા ઉત્પાદક ન હોય તેવું સત્ય શ્રેષ્ઠ છે, તપોમાં બ્રહ્મચર્ય ઉત્તમ તપ છે, તેવી રીતે લોકમાં શ્રમણ જ્ઞાતપુત્ર મહાવીર સ્વામી ઉત્તમ છે.

**२४** **ठिईण सेट्ठा लवसत्तमा वा, सभा सुहम्मा व सभाण सेट्ठा ।**
**णिव्वाणसेट्ठा जह सव्वधम्मा, ण णायपुत्ता परमत्थि णाणी ॥**

**શબ્દાર્થ :– लवसत्तमा** = લવ સપ્તક એવા અનુત્તર વિમાનવાસી દેવ, **सुहम्मा व सभा** = સુધર્મા સભા, **जह सव्वधम्मा णिव्वाणसेट्ठा** = સર્વ ધર્મોમાં જેમ મોક્ષ શ્રેષ્ઠ છે, **ण णायपुत्ता परमत्थि णाणी** = એવી રીતે જ્ઞાતપુત્ર ભગવાન મહાવીર સ્વામીથી કોઈ શ્રેષ્ઠ જ્ઞાની નથી.

**ભાવાર્થ :–** સમસ્ત સ્થિતિ(આયુષ્ય)વાળાઓમાં સાત લવની સ્થિતિવાળા પાંચ અનુત્તર વિમાનવાસી દેવ શ્રેષ્ઠ છે, સમસ્ત સભાઓમાં સુધર્માસભા શ્રેષ્ઠ છે તથા સર્વ ધર્મોમાં નિર્વાણ(મોક્ષ) શ્રેષ્ઠ ધર્મ છે, તે રીતે જ્ઞાનીઓમાં જ્ઞાતપુત્ર મહાવીરથી વધુ શ્રેષ્ઠ કોઈ જ્ઞાની નથી.

## વિવેચન :–

આ ૧૦ ગાથાઓમાં વિવિધ પદાર્થો સાથે ઉપમા આપીને ભગવાન મહાવીરની શ્રેષ્ઠતાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. સંસારના સર્વશ્રેષ્ઠ પદાર્થોની ઉપમા આપીને ભગવાનની વિભિન્ન વિશેષતાઓ, મહત્તાઓ અને શ્રેષ્ઠતાઓનું નિમ્નોક્ત પ્રકારે નિરૂપણ કર્યું છે.

૧ જેવી રીતે દીર્ઘાકાર પર્વતોમાં નિષધ અને વલયાકાર પર્વતોમાં રુચક શ્રેષ્ઠ છે તેમ પ્રજ્ઞાવંત એવા ભગવાન મહાવીર મુનિઓમાં શ્રેષ્ઠ છે.

૨ ભગવાનનું સર્વોત્તમ ધ્યાન શુક્લધ્યાન છે, જે શંખ, ચંદ્ર આદિ અત્યંત શુક્લ વસ્તુઓની જેમ વિશુદ્ધ અને નિર્મળ છે.

૩ ભગવાને ક્ષાયિક જ્ઞાનાદિના બળથી સર્વકર્મોનો ક્ષય કરીને પરમસિદ્ધિ–આત્માની પરમવિશુદ્ધ અવસ્થા પ્રાપ્ત કરી છે.

૪ જેવી રીતે વૃક્ષોમાં દેવકુરુક્ષેત્રનું શાલ્મલિવૃક્ષ તથા વનોમાં નંદનવન શ્રેષ્ઠ છે તેમ, ભગવાન જ્ઞાન અને ચારિત્રમાં સર્વશ્રેષ્ઠ છે.

૫ જેમ ધ્વનિઓમાં મેઘધ્વનિ, તારાઓમાં ચંદ્રમા અને સુગંધિતપદાર્થોમાં ચંદન શ્રેષ્ઠ કહેવાય છે તેમ, મુનિઓમાં લૌકિક સુખની આકાંક્ષાથી રહિત ભગવાન મહાવીર શ્રેષ્ઠ છે.

૬ જેવી રીતે સમુદ્રોમાં સ્વયંભૂરમણ, નાગદેવોમાં ધરણેન્દ્ર અને રસવાળા પદાર્થોમાં ઈક્ષુરસ અથવા સમુદ્રોમાં ઈક્ષુરસોદક સમુદ્ર શ્રેષ્ઠ છે તેમ તપસાધનામાં મહાવીર સર્વોપરિ મુનિવર છે.

૭ હાથીઓમાં ઐરાવત, મૃગોમાં સિંહ, નદીઓમાં ગંગાનદી અને પક્ષીઓમાં ગરુડ પક્ષીને પ્રધાન છે તેમ, નિર્વાણવાદીઓમાં ભગવાન મહાવીર પ્રમુખ છે.

૮ યોદ્ધાઓમાં વિશ્વસેન, ફૂલોમાં અરવિંદ(કમળ), ક્ષત્રિયોમાં દાન્તવાક્ય અથવા દંતવક્ર શ્રેષ્ઠ છે તેમ, ઋષિઓમાં વર્ધમાન મહાવીર શ્રેષ્ઠ છે.

૯ દાનમાં અભયદાન, સત્યોમાં નિરવદ્ય સત્ય અને તપમાં બ્રહ્મચર્ય ઉત્તમ છે તેમ, ત્રણે ય લોકમાં જ્ઞાતપુત્ર શ્રમણ ભગવાન મહાવીર ઉત્તમ છે.

૧૦ જેવી રીતે સ્થિતિવાળાઓમાં લવસપ્તમ અર્થાત્ અનુત્તર વિમાનવાસી દેવ, સભાઓમાં સુધર્માસભા તેમજ ધર્મોમાં નિર્વાણ શ્રેષ્ઠ ધર્મ છે, તેવી રીતે સમસ્ત જ્ઞાનીઓમાં જ્ઞાતપુત્ર મહાવીર સર્વશ્રેષ્ઠ જ્ઞાની છે. આ રીતે વિવિધ ઉપમાઓથી ભગવાન મહાવીરની શ્રેષ્ઠતા સિદ્ધ કરવામાં આવી છે.

**ભગવાન મહાવીરની વિશિષ્ટ ઉપલબ્ધિઓ :–**

**૨૫** **पुढोवमे धुणइ विगयगेही, ण सण्णिहिं कुव्वइ आसुपण्णे ।**
**तरिउं समुद्दं व महाभवोघं, अभयंकरे वीरे अणंतचक्खू ॥**

**શબ્દાર્થ :– पुढोवमे** = ભગવાન મહાવીર સ્વામી પૃથ્વીની સમાન બધાં પ્રાણીઓના આધારભૂત છે, **धुणइ** = તેઓ આઠ પ્રકારના કર્મમળને દૂર કરનારા છે, **विगयगेही** = ભગવાન બાહ્ય અને આભ્યંતર વસ્તુઓમાં આસક્તિ રહિત છે, **समुद्दं व** = સમુદ્રની જેમ, **महाभवोघं** = મહાન્ સંસારને, **तरिउं** = પાર કરીને ભગવાન્ મોક્ષને પામ્યા છે, **अभयंकरे वीरे अणंतचक्खू** = ભગવાન જીવોને અભય દેનારા તથા કર્મોનો ક્ષય કરનારા અને અનંત જ્ઞાની છે.

**ભાવાર્થ :–** ભગવાન મહાવીર પૃથ્વીની સમાન સમસ્ત પ્રાણીઓને માટે આધારભૂત છે. તેઓ કર્મ મળને દૂર કરનારા છે. તેઓ બાહ્ય અને આભ્યંતર પદાર્થોમાં ગૃદ્ધિ(આસક્તિ)થી રહિત છે. ભગવાન આશુપ્રજ્ઞ છે. ધન ધાન્ય આદિ પદાર્થોનો સંગ્રહ(સન્નિધિ) કરતા નથી અથવા તેઓ ક્રોધાદિ વિકારોની સન્નિધિ કરતા નથી. સમુદ્રની જેમ મહાન સંસાર પાર કરી ભગવાન નિર્વાણની નજીક પહોંચ્યા છે. તેઓ અભયંકર છે. ભગવાન વીર છે અને અનંતચક્ષુ(જ્ઞાની) છે.

**૨૬** **कोहं च माणं च तहेव मायं, लोभं चउत्थं अज्झत्थदोसा ।**
**एयाणि वंता अरहा महेसी, ण कुव्वइ पावं ण कारवेइ ॥**

**શબ્દાર્થ :– अरहा महेसी** = અરિહંત મહર્ષિ શ્રી મહાવીર સ્વામી, **एयाणि अज्झत्थदोसा वंता**

= આ પોતાના આંતરિક અધ્યાત્મ દોષોને ત્યાગીને.

**ભાવાર્થ :–** મહર્ષિ મહાવીર ક્રોધ, માન અને માયા તથા ચોથો લોભ આ સમસ્ત અધ્યાત્મ આંતરિક દોષોનું વમન(પરિત્યાગ) કરી સ્વયં પાપાચરણ કરતા નથી અને બીજાઓ પાસે કરાવતા નથી.

**૨૭** **किरियाकिरियं वेणइयाणुवायं अण्णाणियाणं पडियच्च ठाणं**
**से सव्ववायं इति वेयइत्ता, उवट्ठिए संजम दीहरायं ॥**

**શબ્દાર્થ :– किरियाकिरियं** = ક્રિયાવાદી, અક્રિયાવાદી, **वेणइयाणुवायं** = વિનયવાદીના કથનને, **अण्णाणियाणं ठाणं पडियच्च** = અજ્ઞાનવાદીઓના પક્ષને જાણીને, **से इति सव्ववायं वेयइत्ता** = આ રીતે તેઓ બધા વાદીઓના મંતવ્યને સમજીને, **संजमदीहरायं** = જીવનભર સંયમમાં, **उवट्ठिए** = સ્થિત રહ્યા.

**ભાવાર્થ :–** ભગવાન મહાવીર ક્રિયાવાદ, અક્રિયાવાદ, વિનયવાદ અને અજ્ઞાનવાદને સમ્યક્રૂપે જાણીને તથા સમસ્ત વાદોને સમજીને યાવત્જીવન સંયમમાં ઉત્થિત(ઉદ્યત) રહ્યા.

**૨૮** **से वारिया इत्थि सराइभत्तं, उवहाणवं दुक्खखयट्ठयाए ।**
**लोगं विदित्ता आरं परं च, सव्वं पभू वारिय सव्ववारं ॥**

**શબ્દાર્થ :– से पभू** = તે પ્રભુ મહાવીર સ્વામી, **सराइभत्तं इत्थी वारिया** = રાત્રિભોજન અને સ્ત્રીને છોડીને, **दुक्खखयट्ठयाए उवहाणवं** = દુઃખના ક્ષયને માટે તપશ્ચર્યામાં પ્રવૃત્ત હતા, **आरं परं च लोगं विदित्ता** = આ લોક તથા પરલોકને જાણીને, **सव्ववारं सव्वं वारिय** = ભગવાને વર્જનીય સર્વ પાપોને છોડી દીધાં હતાં.

**ભાવાર્થ :–** એ વીરપ્રભુએ રાત્રિભોજન અને ભોગનો ત્યાગ કર્યો, આઠ કર્મોનો ક્ષય કરવા માટે તેઓ હંમેશાં વિશિષ્ટ તપમાં ઉદ્યત રહેતા હતા. તેઓએ આ લોક અને પરલોકને જાણી સર્વ પાપોનો સર્વથા ત્યાગ કરી દીધો હતો.

## વિવેચન :–

**ભગવાન મહાવીરની વિશિષ્ટ ઉપલબ્ધિઓ :–** આ ચાર ગાથાઓમાં ભગવાન મહાવીરના જીવનની વિશિષ્ટ ઉપલબ્ધિઓનું નિરૂપણ શાસ્ત્રકારે કર્યું છે. તે વિશિષ્ટ ઉપલબ્ધિઓ આ પ્રમાણે છે. [૧] પૃથ્વીની સમાન તેઓ પ્રાણીઓના અધારભૂત થઈ ગયા [૨] આઠ પ્રકારના કર્મોનો ક્ષય કરનારા થયા [૩] બાહ્ય–આભ્યંતર પદાર્થોમાં ગૃદ્ધિ (આસક્તિ) રહિત થઈ ગયા [૪] તેઓ ધનધાન્યાદિ પદાર્થોનો સંગ્રહ અથવા ક્રોધાદિ વિકારોનું સાનિધ્ય કરતા ન હતા [૫] સંસારસમુદ્રને પાર કરીને નિર્વાણની નજીક પહોંચી ગયા [૬] અભયંકર [૭] વીર[૮] અનંતચક્ષુ [૯] ક્રોધ, માન, માયા, લોભ આદિ આંતરિક (આધ્યાત્મિક) વિકારોનો ત્યાગ કરી મહર્ષિ અને અર્હન્ત થયા હતા [૧૦] હિંસા આદિ પાપોના આચરણ રહિત થઈ

ગયા [૧૧] ક્રિયાવાદ આદિ સમસ્ત વાદોને પોતે જાણી સંયમમાં સ્થિત થયા [૧૨] જીવનપર્યંત શુદ્ધસંયમમાં ઉદ્યત રહ્યા [૧૩] પોતાના જીવન અને શાસનમાં તેઓએ રાત્રિભોજન અને સ્ત્રીસંસર્ગનો ત્યાગ કરી દીધો [૧૪] દુઃખનાં કારણભૂત કર્મોના ક્ષયને માટે તેઓ સદૈવ વિશિષ્ટ તપસાધના કરતા રહ્યા [૧૫] ઈહલોક–પરલોક ચારગતિરૂપ સંસારના સ્વરૂપ અને કારણોને જાણીને તેઓએ બધા પ્રકારનાં પાપોનું સર્વથા નિવારણ કરી દીધું.

**ફલશ્રુતિ :–**

**૨૯** **सोच्चा य धम्मं अरहंतभासियं, समाहियं अट्ठपओवसुद्धं ।**
**तं सद्दहंता य जणा अणाऊ, इंदा व देवाहिव आगमिस्संति ॥**
**॥ त्ति बेमि ॥**

**શબ્દાર્થ :– समाहियं** = યુક્તિ યુક્ત, **अट्ठपओवसुद्धं** = અર્થ અને પદોથી શુદ્ધ, **तं सद्दहाणा** = તેમાં શ્રદ્ધા રાખનારા, **जणा** = જીવ **अणाउ** = અનાયુ એવા મોક્ષને પામે છે, **इंदाव** = ઈન્દ્રની જેમ, **देवाहिव** = દેવતાઓના સ્વામી, **आगमिस्संति** = થાય છે.

**ભાવાર્થ :–** શ્રી અરિહંતદેવ દ્વારા ભાષિત, સમ્યક્રૂપે કહેવાયેલા, યુક્તિસંગત શુદ્ધ અર્થ અને પદ યુક્ત ધર્મ સાંભળી, તેના પર શ્રદ્ધા કરનારી વ્યક્તિઓ મોક્ષને પ્રાપ્ત કરે છે અથવા ઈન્દ્રોની જેમ દેવોનું આધિપત્ય પ્રાપ્ત કરે છે.

**વિવેચન :–**

આ અધ્યયનનો ઉપસંહાર કરતાં શાસ્ત્રકાર આ અંતિમ ગાથામાં ભગવાન મહાવીર દ્વારા પ્રરૂપિત શ્રુત–ચારિત્રરૂપ ધર્મનું શ્રવણ, શ્રદ્ધા તેમજ આચરણ કરનારા સાધકોને તેની ફળશ્રુતિ બતાવે છે કે આ સમ્યક્ શ્રદ્ધાવાન વ્યક્તિ મોક્ષને પ્રાપ્ત કરે છે. સંપૂર્ણ કર્મ તે ભવમાં ક્ષય ન કરી શકે તો દેવલોકમાં ઈન્દ્રાદિ પદને મેળવે છે.

**॥ અધ્યયન ૬ સંપૂર્ણ ॥**

# સાતમું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ 'કુશીલ–પરિભાષિત' અથવા 'કુશીલ પરિભાષા' છે.

"શીલ" શબ્દ સ્વભાવ, ઉપશમ પ્રધાન ચારિત્ર, સદાચાર, બ્રહ્મચર્ય, આચારવિચાર આદિ અર્થોમાં પ્રયુક્ત થયો છે. દ્રવ્યશીલ ચેતન અથવા અચેતન જે દ્રવ્યનો જે સ્વભાવ હોય અથવા વસ્ત્ર, ભોજનાદિના વિષયમાં જેની જે પ્રકૃતિ હોય, તેને દ્રવ્ય શીલ કહે છે.

ભાવશીલ બે પ્રકારનું છે– ઓઘશીલ અને અભીક્ષ્ણ્ય શીલ. સામાન્યરીતે જે શીલ–આચારનું પાલન કરવામાં આવે છે, તેને ઓઘ ભાવશીલ કહે છે પરંતુ તે જ શીલ નિરંતર ક્રિયાન્વિત રહે ત્યારે તે અભીક્ષ્ણ્ય ભાવશીલ કહેવાય છે.

ક્રોધાદિ કષાય, ચોરી, પરનિંદા, કલહ અથવા અધર્મમાં પ્રવૃત્તિ અપ્રશસ્ત ભાવશીલ છે અને અહિંસાદિ ધર્મના વિષયમાં, સમ્યક્‌જ્ઞાન, વિશિષ્ટતપ, સમ્યક્‌દર્શન આદિના વિષયમાં પ્રવૃત્તિ પ્રશસ્ત ભાવશીલ છે.

આ અધ્યયનમાં આચાર–વિચારના અર્થમાં ભાવશીલને લઈને સુશીલ અને કુશીલ શબ્દ વિવક્ષિત છે. જેનું શીલ પ્રશંસનીય છે, શુદ્ધ છે, ધર્મ અને અહિંસાદિથી અવિરુદ્ધ છે, લોકનિંદ્ય નથી, તે સુશીલ છે અને તેનાથી વિપરીત કુશીલ છે.

કુશીલના અગણિત પ્રકારો સંભવિત છે, પરંતુ અહીં તે સર્વની વિવક્ષા(કથન) નથી.

આ અધ્યયનમાં તો મુખ્યરૂપે સાધુઓની સુશીલતા અને કુશીલતાનો જ વિચાર કરવામાં આવ્યો છે. ધ્યાન, સ્વાધ્યાય આદિ તથા ધર્મપાલનના આધારરૂપ શરીર રક્ષણ માટે કરાવાતી આહાર પ્રવૃત્તિને છોડીને સાધુએ બીજી કોઈ બાહ્ય પ્રવૃત્તિ કરવાની જ નથી. આહાર કરવામાં પણ અપ્રાસુક તેમજ ઉદ્‌ગમાદિ દોષયુક્ત આહારસેવન કરવું તે અહિંસા અને સાધુ ધર્મની દષ્ટિથી વિરુદ્ધ છે. તેથી જે સચિત્તપાણી, અગ્નિ, વનસ્પતિ આદિનું સેવન કરે છે, એટલું જ નહીં, પોતાના ધર્મ વિરુદ્ધ આચારને સ્વર્ગ–મોક્ષાદિનું કારણ બતાવે છે, તેઓ કુશીલ છે.

જે પ્રાસુક તેમજ અચિત્તસેવી છે, અપ્રાસુક તેમજ દોષયુક્ત આહાર સેવન નથી કરતા, તેઓ સુશીલ છે.

નિર્યુક્તિકાર પરતીર્થિકોની તથા સ્વયૂથિક જે પાર્શ્વસ્થ, અવસન્ન, સ્વચ્છંદાચારી છે તેની ગણના

કુશીલમાં કરે છે.

કુશીલો સંબંધી અનેકવિધ નિરૂપણ તથા કુશીલનું અનુષ્ઠાન દુર્ગતિ ગમનાદિ રૂપ પરિણામોનું પ્રતિપાદન આ અધ્યયનનો વિષય છે.

ઉદ્દેશક રહિત આ અધ્યયનમાં સ્વતીર્થિક–પરતીર્થિક કુશીલોનું વર્ણન ૩૦ ગાથાઓ દ્વારા કરવામાં આવ્યું છે. જેનું શીલ(આચાર વિચાર) અહિંસા, સત્ય, સંયમ, અપરિગ્રહવૃત્તિ અથવા બ્રહ્મચર્યને અનુકૂળ નથી, જે સરળભાવથી પોતાના દોષોનો સ્વીકાર તેમજ ભૂલોનું પરિમાર્જન ન કરતાં પોતાના પૂર્વગ્રહ પર દઢ રહે છે, તેવા શિથિલ અથવા કુત્સિત તેમજ સાધુધર્મ વિરુદ્ધ આચાર–વિચાર રૂપ કુશીલનું વર્ણન આ અધ્યયનમાં છે. તેમજ અનેક સ્થાને વચ્ચે વચ્ચે સુશીલના આચાર–વિચારનું દર્શન પણ કરાવ્યું છે.

સાધકને સુશીલ અને કુશીલનું અંતર સમજાવી કુશીલતાથી બચાવવા અને સુશીલતા માટે પ્રોત્સાહિત કરવા, એ આ અધ્યયનનો ઉદ્દેશ છે.

❖❖❖❖❖

# સાતમું અધ્યયન

## કુશીલ પરિભાષા

**હિંસા રૂપ કુશીલતા :–**

**૧** **पुढवी य आऊ अगणी य वाऊ, तणरुक्खबीया य तसा य पाणा ।**
**जे अंडया जे य जराउ पाणा, संसेयया जे रसयाभिहाणा ॥**

**२** **एयाइं कायाइं पवेइयाइं, एएसु जाण पडिलेह सायं ।**
**एएहिं कायेहि य आयदंडे, एएसु या विप्परियासुविंति ॥**

**શબ્દાર્થ :– जराउपाणा** = જરાયુજ પ્રાણી છે, **संसेयया जे रसयाभिहाणा** = જે સ્વેદજ અને રસથી ઉત્પન્ન થનારા છે, **एयाइं** = આ, **कायाइं** = કાય, જીવોના શરીર, **पवेइयाइं** = સર્વજ્ઞોએ કહ્યું છે, **एएसु सायं जाण** = આ પૃથ્વી આદિમાં સુખની ઈચ્છાને જાણો, **पडिलेह** = તેને સૂક્ષ્મ રીતે વિચારો, **एएहिं कायेहिं य आयदंडे** = જે ઉક્ત પ્રાણીઓનો નાશ કરીને પોતાના આત્માને દંડ આપે છે અથવા લાંબા સમય સુધી દંડિત થાય છે, **एएसु या विप्परियासुविंति** = આ પ્રાણીઓમાં જન્મ ધારણ કરે છે.

**ભાવાર્થ :–** પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુ, તૃણ, વૃક્ષ, બીજ અને ત્રસ પ્રાણી તથા પક્ષી, અંડજ, મનુષ્ય, ગાયાદિ, જરાયુજ, પરસેવામાં ઉત્પન્ન થનારા, સ્વેદજ અને (દૂધ, દહીં, આદિ રસોની વિકૃત્તિથી ઉત્પન્ન થનારા) રસજ. આ જીવોને સર્વજ્ઞ વીતરાગ પરમાત્માએ જીવનિકાય(જીવોના કાય–શરીર) બતાવ્યા છે. આ જીવો સુખના ઈચ્છુક છે. કુશાગ્ર બુદ્ધિથી વિચારો ! જે આ જીવનિકાયનો નાશ કરી હિંસા દ્વારા પોતાનાં આત્માને દંડિત કરે છે, તે આ જ યોનિઓમાં વારંવાર જન્મ ધારણ કરે છે.

**३** **जाईपहं अणुपरियट्टमाणे, तसथावरेहिं विणिघायमेइ ।**
**से जाइ–जाइं बहूकूरकम्मे, जं कुव्वइ मिज्जइ तेण बाले ॥**

**શબ્દાર્થ :– जाईपहं** = જન્મ મરણ રૂપ સંસાર ચક્રમાં, **अणुपरियट्टमाणे** = જન્મતાં અને મરણ પામતાં, **से** = તે જીવ, **तसथावरेहिं** = ત્રસ અને સ્થાવર જીવોમાં વારંવાર જન્મ લઈ, **विणिघायमेइ** = નાશને પ્રાપ્ત થાય છે, **जाइ–जाइं** = તે જાતિઓમાં, જન્મ સ્થાનોમાં, જન્મો જન્મમાં, **जं कुव्वइ** = જે કર્મ કરે છે, **तेण मिज्जइ** = તેનાથી મૃત્યુને પામે છે.

**ભાવાર્થ :–** જીવહિંસક તે જીવ જન્મ મરણના ચક્રમાં પરિભ્રમણ કરતાં, ત્રસ અને સ્થાવર જીવોમાં ઉત્પન્ન થઈ કર્મ વિપાકને ભોગવે છે અને વિનાશને પ્રાપ્ત કરે છે. અત્યંત ક્રૂરકર્મી તે અજ્ઞાની જીવ તે જન્મ સ્થાનોમાં વારંવાર જન્મ લઈ જે કર્મ કરે છે, તેનાથી જ મરણને પ્રાપ્ત થાય છે.

**૪** **अस्सिं च लोए अदुवा परत्था, सयग्गसो वा तह अण्णहा वा ।**
**संसारमावण्ण परं परं ते, बंधंति वेयंति य दुण्णियाइं ॥**

**શબ્દાર્થ :– सयग्गसो वा** = અથવા સેંકડો જન્મમાં, **तह** = તથા, **अण्णहा** = એક રૂપે કે અન્ય રૂપે કર્મફળ આપે છે અથવા બીજી રીતે પણ આપે છે, **संसारमावण्ण ते** = સંસારમાં ભ્રમણ કરતા તે કુશીલ જીવો, **परंपरं** = વધારે વધારે દુઃખ ભોગવે છે, **बंधंति वेयंति य** = તેઓ આર્ત ધ્યાન કરી ફરી ફરી કર્મ બાંધે છે અને પોતાના પાપકર્મનું ફળ ભોગવે છે, **दुण्णियाइं** = દુષ્કૃત, પાપકર્મ.

**ભાવાર્થ :–** આ લોકમાં અથવા પરલોકમાં, એક જન્મમાં અથવા સેંકડો જન્મો પછી પણ કર્મ કર્તાને ફળ આપે છે અથવા જે પ્રકારે તેઓએ કર્મ કર્યા છે, તે પ્રકારે અથવા બીજા પ્રકારે પણ પોતાનું ફળ આપે છે. સંસારમાં પરિભ્રમણ કરતા તે કુશીલ જીવો પાપકર્મોનું ફળ ભોગવતાં આર્તધ્યાન કરી પુનઃ કર્મ બાંધે છે અને પોતાની દુષ્ટનીતિ(પાપ) યુક્ત કર્મોનું ફળ ભોગવતા રહે છે.

## વિવેચન :–

**કુશીલકૃત જીવહિંસા અને તેના દુષ્પરિણામ :–** આ ચાર ગાથાઓમાં શાસ્ત્રકારે કુશીલના સંદર્ભમાં નિમ્નોક્ત તથ્યોનું સ્પષ્ટીકરણ કર્યું છે.

૧ સંસારી જીવોના મુખ્ય બે પ્રકાર છે. સ્થાવર અને ત્રસ. સ્થાવરના પાંચભેદ પૃથ્વીકાય, અપકાય, તેજસ્કાય, વાયુકાય અને વનસ્પતિકાય. આ બધા એકેન્દ્રિય અને તદ્રૂપ શરીરવાળા હોય છે. અંડજ, જરાયુજ, સ્વેદજ અને રસજ આ ત્રસજીવ છે. બેઈન્દ્રિયથી પંચેન્દ્રિય પર્યંતના જીવો ત્રસજીવ કહેવાય છે. આ બધાને પોતાના આત્માસમાન(આત્મવત્) જાણો.

૨ કુશીલ વ્યક્તિ વિવિધ રૂપે સ્થાવર અને ત્રસજીવોનું ઉત્પીડન(હિંસા) કરી પોતાના આત્માને જ દંડે છે.

૩ ત્રસ–સ્થાવર જીવોની હિંસા કરી તે જીવો તે જ જીવાયોનિમાં વારંવાર ઉત્પન્ન થાય છે અને જન્મ, જરા, મૃત્યુ આદિ દુઃખોનો અનુભવ કરી મૃત્યુને પ્રાપ્ત થાય છે.

૪ આ જન્મમાં અથવા પછીના જન્મોમાં, આ લોક અથવા પરલોકમાં, તે જ રૂપે કે બીજા રૂપે કર્મ કર્તાને પોતાનું ફળ આપ્યા વિના રહેતા નથી.

૫ કુશીલ જીવ કર્મ અનુસાર સંસારમાં પરિભ્રમણ કરતાં વિવિધ દુઃખો ભોગવે છે.

૬ કર્મફળ ભોગવતી વખતે તેઓ આર્તધ્યાન કરી ફરીથી કર્મ બાંધી લે છે, ફરી તે દુષ્કર્મોનું ફળ ભોગવે છે.

તાત્પર્ય એ છે કે કુશીલ અન્ય જીવોને પીડિત કરીને પોતાના આત્માને જ પીડિત(દંડિત) કરે છે.

**विप्परियासुविंति :–** આ શબ્દના વિવિધ પ્રકારે અર્થ થાય છે– (૧) આ પૃથ્વીકાયાદિ જીવોમાં વિવિધ = અનેક પ્રકારથી–ચારે તરફથી જાય છે, વારંવાર ઉત્પન્ન થાય છે (૨) વિપર્યાસ એટલે કે વિપરીતતા અથવા અદલાબદલીને પ્રાપ્ત થાય છે (૩) સુખાર્થી મનુષ્ય સુખને માટે જીવસમારંભ કરે છે, પરંતુ તેઓને તે આરંભથી દુઃખ જ પ્રાપ્ત થાય છે (૪) કુતીર્થિક મનુષ્ય મોક્ષને માટે જીવો દ્વારા જે આરંભ આદિ ક્રિયા કરે છે, તેઓને તેનાથી સંસાર જ મળે છે, મોક્ષ નહી.

## સ્થાવર જીવોની હિંસારૂપ કુશીલતા :–

**૫** **जे मायरं च पियरं च हिच्चा, समणव्वए अगणिं समारभेज्जा ।**
**अहाहु से लोए कुसीलधम्मे, भूयाइं जे हिंसइ आयसाते ॥**

**શબ્દાર્થ :– समणव्वए** = શ્રમણ વ્રત ગ્રહણ કરીને, **अगणिं समारभेज्जा** = અગ્નિકાયનો આરંભ કરે છે, **जे आयसाते** = જે પોતાના સુખને માટે, **से लोए कुसीलधम्मे** = તે લોકો કુશીલ ધર્મવાળા છે, **अहाहु** = એમ સર્વજ્ઞ પુરુષોએ કહ્યું છે.

**ભાવાર્થ :–** જે પોતાનાં માતા અને પિતાને છોડી શ્રમણવ્રત ધારણ કરી, અગ્નિકાયનો સમારંભ કરે, પોતાના સુખ માટે પ્રાણીઓની હિંસા કરે, તે કુશીલ છે, એમ સર્વજ્ઞ પુરુષોએ કહ્યું છે.

**६** **उज्जालओ पाण तिवायएज्जा, णिव्वावओ अगणिं तिवायइज्जा ।**
**तम्हा उ मेहावी समिक्ख धम्मं, ण पंडिए अगणिं समारभेज्जा ॥**

**શબ્દાર્થ :– उज्जालओ** = અગ્નિ પ્રગટાવનાર પુરુષ, **पाण तिवायएज्जा** = પ્રાણીઓનો ઘાત કરે છે, **णिव्वावओ** = અગ્નિ બુઝાવનાર પુરુષ, **अगणिं तिवायइज्जा** = અગ્નિકાયના જીવોની ઘાત કરે છે. **धम्मं समिक्ख** = ધર્મને જોઈને, વિચાર કરીને.

**ભાવાર્થ :–** આગ લગાડનાર વ્યક્તિ છ કાય જીવોનો ઘાત કરે છે અને આગ બુઝાવનાર વ્યક્તિ અગ્નિકાયના જીવોની ઘાત કરે છે, તેથી મેધાવી પંડિત પોતાના શ્રુતચારિત્રરૂપ શ્રમણ ધર્મનો વિચાર કરી અગ્નિકાયનો સમારંભ ન કરે.

**૭** **पुढवी वि जीवा आउ वि जीवा, पाणा य संपाइम संपयंति ।**
**संसेइया कट्ठसमस्सिया य, एते दहे अगणिं समारभंते ॥**

**શબ્દાર્થ :– संसेइया** = સ્વેદથી ઉત્પન્ન થયેલા જીવો, **कट्ठसमस्सिया** = કાષ્ઠ(લાકડા)માં રહેનારા જીવ, **अगणिं समारभंते एते दहे** = અગ્નિકાયનો આરંભ કરનાર પુરુષ આ જીવોને પણ બાળે છે.

**ભાવાર્થ :–** પૃથ્વી પણ જીવ છે, જલ પણ જીવ છે તથા સંપાતિમ–ઊડતા પતંગિયા આદિ પણ જીવ છે, જે આગમાં પડીને મરી જાય છે. એ સિવાય પરસેવાથી ઉત્પન્ન થનારા જીવ, લાકડા આદિ ઈંધણને–આશ્રયે રહેનારા જીવો પણ હોય છે. જે અગ્નિકાયનો સમારંભ કરે છે, તે આ(સ્થાવર–ત્રસ) પ્રાણીઓને બાળી નાખે છે.

**૮**

**हरियाणि भूयाणि विलंबगाणि, आहारदेहाइं पुढो सियाइं ।**
**जे छिंदइ आयसुहं पडुच्च, पागब्भि पाणे बहुणं तिवाई ॥**

**શબ્દાર્થ :– हरियाणि** = લીલું ઘાસ અને અંકુર આદિ પણ, **भूयाणि** = જીવ છે, **विलंबगाणि** = વિવિધ અવસ્થાઓ ધારણ કરે છે, **पुढो सियाइं** = તેઓ મૂળ, સ્કંધ, શાખા અને પાંદડાં આદિમાં અલગ અલગ રહે છે, **जे आयसुहं पडुच्च** = જે પુરુષ પોતાના સુખને માટે, **आहार देहाइं** = આહાર કરવા તથા શરીરની પુષ્ટિ માટે, **छिंदइ** = તેઓનું છેદન કરે છે, **पागब्भि पाणे बहुणं तिवाई** = તે ધૃષ્ટ પુરુષ ઘણાં પ્રાણીઓનો નાશ કરે છે.

**ભાવાર્થ :–**દૂર્વા(ઘાસ), અંકુર આદિ વિવિધ અવસ્થાવાળી લીલી વનસ્પતિ જીવ છે, તે મૂળ, સ્કંધ, શાખા, પાંદડા, ફળ, ફૂલ આદિ અવયવોના રૂપમાં જુદા જુદા રહે છે. જે વ્યક્તિ પોતાના સુખની અપેક્ષાથી તથા પોતાના આહાર(અથવા આધાર–આવાસ) તેમજ શરીરના પોષણ માટે તેનું છેદન ભેદન કરે છે, તે ધૃષ્ટ પુરુષ ઘણા જીવોનો વિનાશ કરે છે.

**૯**

**जाइं च वुड्ढिं च विणासयंते, बीयाइ अस्संजय आयदंडे ।**
**अहाहु से लोए अणज्जधम्मे, बीयाइ जे हिंसइ आयसाते ॥**

**શબ્દાર્થ :– जे अस्संजय** = જે અસંયમી પુરુષ, **आयसाते** = પોતાના સુખને માટે, **बीयाइं हिंसइ** = બીજનો નાશ કરે છે, **ते जाइं च वुड्ढिं च विणासयंते** = અંકુરની ઉત્પત્તિ તથા વૃદ્ધિનો વિનાશ કરે છે, **आयदंडे** = બીજાદિની હિંસા કરનાર પાપો દ્વારા પોતાના આત્માને દંડનો ભાગીદાર બનાવે છે, **लोए से अणज्जधम्मे आहु** = તીર્થંકરોએ તેને આ લોકમાં અનાર્ય ધર્મવાળા કહ્યા છે.

**ભાવાર્થ :–** જે અસંયમી પુરુષ પોતાના સુખને માટે બીજ આદિનો નાશ કરે છે, તે તેની અંકુરની ઉત્પત્તિ અને (ફળના રૂપમાં)વૃદ્ધિનો વિનાશ કરે છે. તે વ્યક્તિ હિંસાના ઉક્ત પાપ દ્વારા પોતાના જ આત્માને દંડે છે. સંસારમાં તીર્થંકરો અથવા પ્રત્યક્ષદર્શીઓએ તેને અનાર્યધર્મી કહ્યા છે.

**વિવેચન :–**

આ પાંચ ગાથાઓ દ્વારા શાસ્ત્રકારે પૃથ્વી, પાણી વગેરેના ઘાતક જીવોને કુશીલધર્મા બતાવ્યા છે.

**भूयाइं जे हिंसइ आयसाते :–** જે પોતાની સુખ સુવિધા માટે, પરલોકમાં સુખ મળશે, અથવા સ્વર્ગ કે મોક્ષનું સુખ મળશે તેવા હેતુથી અથવા ધર્મસંપ્રદાય, પરંપરા અથવા રીતરિવાજના પાલનથી સર્વ પ્રકારનું સુખ મળશે, આવી લાલસાથી અગ્નિ, જલ, વનસ્પતિ, પૃથ્વી આદિના જીવોની હિંસા કરે છે અથવા સ્વર્ગ પ્રાપ્તિની કામનાથી અગ્નિહોમ પંચાગ્નિ તપ કરે છે, ફળ ફૂલ આદિ વનસ્પતિકાયનું છેદન ભેદન કરે છે, તે કુશીલધર્મા છે.

**उज्जालओ...समारभेज्जा :–** જે વ્યક્તિ આ લોક કે પરલોક સંબંધી કોઈ પણ પ્રયોજનથી અગ્નિ પ્રગટાવે ત્યારે અગ્નિકાયિક જીવોની હિંસા તો થાય જ છે. સાથે પૃથ્વ્યાદિ જીવોની પણ ઘાત થાય છે. છાણાં, લાકડાં આદિમાં કેટલાક ત્રસ જીવ પણ હોય છે. તેઓ પણ અગ્નિ પ્રજ્વલિત કરતા મરી જાય છે. આગ બુઝાવવાથી અગ્નિકાય, બુઝાવવામાં પાણી, વાયુનો ઉપયોગ કરતા પાણી વગેરે અન્યજીવોનો ઘાત થાય છે. આ રીતે અગ્નિ પ્રજ્વલિત કરવામાં અને બુઝાવવામાં અનેક જીવોની હિંસા થાય છે. આ કથન શાસ્ત્રકારે છટ્ઠી અને સાતમી ગાથામાં કર્યું છે.

વૃત્તિકારે ભગવતીસૂત્રનું પ્રમાણ રજૂ કરીને સિદ્ધ કર્યું છે કે ભલે વ્યક્તિ અગ્નિ પેટાવવામાં મહાકર્મ યુક્ત અને બુઝાવવામાં અલ્પકર્મયુક્ત હોય છે, પરંતુ બન્ને ક્રિયાઓમાં છકાયજીવોનો આરંભ સમારંભ થાય છે.

## હિંસાચરણનો કટુવિપાક :–

**૧૦** **गब्भाइ मिज्जंति बुयाऽबुयाणा, णरा परे पंचसिहा कुमारा ।**
**जुवाणगा मज्झिम थेरगा य, चयंति ते आउक्खए पलीणा ॥**

**શબ્દાર્થ :– गब्भाइमिज्जंति** = લીલી વનસ્પતિનું છેદન કરનાર ગર્ભમાં જ મરી જાય છે, **बुयाऽबुयाणा** = કોઈ સ્પષ્ટ બોલવાની અવસ્થામાં અને કોઈ ન બોલવાની અવસ્થામાં જ મરી જાય છે, **परे णरा** = બીજા પુરુષ, **पंचसिहा कुमारा** = પાંચ શિખાવાળા કુમાર અવસ્થામાં જ મરી જાય છે, **जुवाणगा मज्झिम थेरगा य** = કોઈ યુવાન થઈને તથા કોઈ પ્રૌઢ થઈ તેમજ કોઈ વૃદ્ધ થઈને મરી જાય છે, **आउक्खए पलीणा ते चयंति** = આ રીતે બીજ આદિનો નાશ કરનારા પ્રાણી બધીજ અવસ્થાઓમાં આયુષ્યક્ષય થવાથી પોતાના શરીરને છોડી દે છે.

**ભાવાર્થ :–** દેવ–દેવીની અર્ચા અથવા ધર્મના નામે અથવા સુખ–વૃદ્ધિ આદિ કોઈ પણ કારણે લીલી વનસ્પતિનું છેદનભેદન કરનાર કેટલાક મનુષ્ય ગર્ભમાં જ મરી જાય છે, કેટલાક સ્પષ્ટ બોલવા સુધીની વયમાં અને કેટલાક અસ્પષ્ટ બોલવા સુધીની ઉંમરમાં જ મરી જાય છે. કેટલાક પંચશિખાવાળા કુમાર અવસ્થામાં મૃત્યુને પ્રાપ્ત કરે છે, કેટલાક યુવાન થઈને તો કેટલાક મધ્યમ(પ્રૌઢ) વયના થઈને અથવા વૃદ્ધ થઈને ચાલ્યા જાય છે. આ રીતે બીજ આદિનો નાશ કરનારાં પ્રાણી (આ અવસ્થાઓમાંથી કોઈ પણ અવસ્થામાં) આયુષ્ય ક્ષય થતાંજ શરીર છોડી દે છે.

**૧૧** **संबुज्झहा जंतवो माणुसत्तं, दट्ठुं भयं बालिसेणं अलंभो ।**
**एगंतदुक्खे जरिए व लोए, सकम्मुणा विप्परियासुवेइ ॥**

**શબ્દાર્થ :– जंतवो** = હે જીવો ! **माणुसत्तं** = મનુષ્યભવની દુર્લભતાને,**संबुज्झहा** = સમજો ! **भयं दट्ठुं** = નરક તથા તિર્યંચ યોનિના ભયને જોઈને, **बालिसेणं अलंभो** = બાળ જીવોને ઉત્તમ વિવેકનો અલાભ જાણીને બોધ પ્રાપ્ત કરો, **लोए** = આ લોક, **जरिए व** = ભટ્ટીમાં બળતા જીવ જેમ, જ્વર(તાવ)થી પીડિતની જેમ, **एगंतदुक्खे** = એકાન્ત દુઃખી છે.

**ભાવાર્થ :–** હે જીવો ! મનુષ્યત્વ અથવા મનુષ્યજન્મની દુર્લભતાને સમજો. નરક તેમજ તિર્યંચ યોનિના ભયને જોઈને તેમજ બાલ જીવોની વિવેકશૂન્યતા જાણી બોધ પ્રાપ્ત કરો. આ લોક જ્વરપીડિત વ્યક્તિની જેમ એકાન્ત દુઃખરૂપ છે. સુખ ઈચ્છનાર જીવ પોતાના હિંસાદિ પાપકર્મથી સુખને બદલે દુઃખ જ પામે છે.

**વિવેચન :–**

આ બન્ને ગાથામાં ભિન્ન ભિન્ન પાસાઓથી કુશીલ આચરણનું દુષ્પરિણામ બતાવવામાં આવ્યું છે. જે જીવ પોતાના સુખને માટે, સ્વાર્થ સિદ્ધિ માટે હિંસારૂપ કુશીલનું આચરણ કરે છે, તે અલ્પાયુષ્યને પ્રાપ્ત કરે છે. તે જીવો ગર્ભથી વૃદ્ધાવસ્થા પર્યંત કોઈ પણ અવસ્થામાં અકાળે મૃત્યુને પામે છે. તેની સુખની આશા ઠગારી નીવડે છે. તે સુખના સ્થાને એકાંત દુઃખને જ પામે છે. આ રીતે કુશીલાચરણના દુષ્પરિણામને જાણીને બોધપ્રાપ્તિનો નિર્દેશ કર્યો છે.

**પાઠાંતર :– जरिए व लोए :–** વૃત્તિકાર અનુસાર–લોકને જ્વરગ્રસ્તની જેમ સમજો. ચૂર્ણિકાર સમ્મત પાઠાંતર છે– **जरिए हु लोगे** લોક ને (વિવિધ દુઃખોની ભટ્ટીમાં) બળતાં જેવા સમજો. **मज्झिम थेरगाए** ને બદલે **मज्झिम पोरुसाय** પાઠાંતરનો અર્થ છે– પુરુષોની ચરમ અવસ્થાને પ્રાપ્ત.

## કુશીલની મોક્ષ સંબંધી માન્યતા :–

**૧૨** **इहेगे मूढा पवयंति मोक्खं, आहारसंपज्जणवज्जणेणं ।**
**एगे य सीओदगसेवणेणं, हुएण एगे पवयंति मोक्खं ॥**

**શબ્દાર્થ :– आहार संपज्जणवज्जणेण मोक्खं पवयंति** = મીઠું(નમક) ખાવાનું છોડી દેવાથી મોક્ષ થાય છે, એવું કહે છે, **एगे य** = અને કોઈ, **सीओदगसेवणेणं** = શીતળ(ઠંડા) પાણીના સેવનથી મોક્ષ કહે છે, **हुएण मोक्खं पवयंति** = હોમ કરવાથી મોક્ષ મળે તેમ કહે છે.

**ભાવાર્થ :–** આ જગતમાં અથવા મોક્ષ પ્રાપ્તિના વિષયમાં મૂઢ વ્યક્તિ પ્રતિપાદન કરે છે કે આહારનું રસવર્ધક પોષક મીઠું(નમક) ખાવાનું છોડી દેવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે. કેટલાક શીતલ–સચેત્ત પાણીના સેવનથી તથા કેટલાક અગ્નિમાં ઘી આદિ દ્રવ્યો નાંખી હવન કરવાથી મોક્ષની પ્રાપ્તિ બતાવે છે.

**१३** **पाओसिणाणादिसु णत्थि मोक्खो, खारस्स लोणस्स अणासएणं ।**
**ते मज्ज मंसं लसुणं च भोच्चा, अण्णत्थ वासं परिकप्पयंति ॥**

**શબ્દાર્થ :–** **पाओ सिणाणादिसु** = પ્રભાતકાળના સ્નાન આદિથી, **खारस्स लोणस्स अणासएणं** = તથા નમક ન ખાવાથી પણ મોક્ષ થતો નથી, **ते** = તે અન્યતીર્થીઓ, **अण्णत्थ** = મોક્ષ સિવાયનું બીજું સ્થાન અર્થાત્ સંસારમાં, **वासं परिकप्पयंति** = નિવાસ કરે છે.

**ભાવાર્થ :–** પ્રાતઃકાળમાં સ્નાનાદિ કરવાથી મોક્ષ થતો નથી અને ક્ષાર(ખારો) કે મીઠું ન ખાવાથી મોક્ષ થતો નથી. તે અન્યતીર્થી મોક્ષવાદી મદ્ય, માંસ અને લસણ ખાઈને (મોક્ષથી) અન્યત્ર સંસારમાં પોતાનો નિવાસ કરી લે છે.

**१४** **उदगेण जे सिद्धिमुदाहरंति, सायं च पायं उदगं फुसंता ।**
**उदगस्स फासेण सिया य सिद्धि, सिज्झिसु पाणा बहवे दगंसि ॥**

**શબ્દાર્થ :–** **सायं पायं च उदगं फुसंता** = સાંયકાળ(સંધ્યાસમયે)અને પ્રાતઃકાળ(સવાર)માં જળનો સ્પર્શ કરતાં, **जे उदगेण सिद्धिमुदाहरंति** = જે જલસ્નાનથી મોક્ષ પ્રાપ્તિ કહે છે(તે મિથ્યાવાદીઓ છે,) **उदगस्स फासेण सिद्धि सिया** = પાણીના સ્પર્શથી જો મુક્તિ મળે તો, **दगंसि बहवे पाणा सिज्झिंसु** = જળમાં રહેનારા ઘણાં જળચરો મુક્તિને પામી જાય.

**ભાવાર્થ :–** સંધ્યાકાળ અને પ્રાતઃકાળ પાણીના સ્પર્શ (સ્નાનાદિ ક્રિયા) દ્વારા જેઓ સિદ્ધિ–મોક્ષની પ્રાપ્તિ કહે છે, તેઓ મિથ્યાવાદી છે. જો પાણીના સ્પર્શથી મુક્તિ મળતી હોય તો પાણીમાં રહેનારા ઘણાં જળચર પ્રાણીઓને મોક્ષપ્રાપ્ત થઈ જાત.

**१५** **मच्छा य कुम्मा य सिरीसिवा य, मग्गू य उद्दा दगरक्खसा य ।**
**अट्ठाणमेयं कुसला वयंति, उदगेण जे सिद्धिमुदाहरंति ॥**

**શબ્દાર્થ :–** **उट्टा (उद्दा)दगरक्खसा य** = ઉષ્ટ્ર (ઉદ)નામના જલચર અને જલરાક્ષસ, જો જળ સ્પર્શથી મુક્તિ થતી હોય તો તેઓ સૌથી પહેલાં મુક્તિ પ્રાપ્ત કરે, **अट्ठाणमेयं** = તેઓનું કથન અયુક્ત છે, **कुसला वयंति** = એમ મોક્ષ તત્ત્વને જાણનારા કુશળ પુરુષો કહે છે.

**ભાવાર્થ :–** જો જલસ્પર્શથી મોક્ષપ્રાપ્તિ થાય તો મચ્છ, કચ્છ(કાચબા), સરિસૃપ(જલચર સર્પ), મદ્‌ગુ તથા ઉષ્ટ્ર નામના જલચર અને જલરાક્ષસ(માનવ આકૃતિ જલચર) આદિ જળજંતુઓને મોક્ષપ્રાપ્ત થશે, પરંતુ તે પ્રમાણે થતું નથી. તેથી જે જલસ્પર્શથી મોક્ષપ્રાપ્તિ કહે છે, તે કથન અયુક્ત છે તેમ મોક્ષતત્ત્વ પારંગત(કુશળ)પુરુષ કહે છે.

**१६** **उदगं जई कम्ममलं हरेज्जा, एवं सुहं इच्छामेत्तमेव ।**
**अंधं व णेयारमणुस्सरित्ता, पाणाणि चेवं विणिहंति मंदा ॥**

**શબ્દાર્થ :– सुहं** = સુખનો, **इच्छामेत्तमेव** = ઈચ્છા માત્રથી(સરળતાથી)મળી જશે, **अंधं णेयारमणुस्सरित्ता** = અંધ નેતાની પાછળ ચાલીને, **पाणाणि चेवं विणिहंति** = જલસ્નાન આદિ દ્વારા પ્રાણીઓની હિંસા કરે છે.

**ભાવાર્થ :–** પાણી જો કર્મમળનું હરણ(નાશ) કરતું હોય, તો ઈચ્છા માત્રથી જ પ્રાણીઓને સુખ (મોક્ષ સુખ)પ્રાપ્ત થઈ શકે. ખરેખર, મંદબુદ્ધિ લોકો અજ્ઞાનમાં અંધ નેતાનું અનુસરણ કરીને જલસ્નાન આદિ ક્રિયાઓ દ્વારા પ્રાણીઓનો ઘાત કરે છે.

**१७** **पावाइं कम्माइं पकुव्वओ हि, सीओदगं तु जइ तं हरेज्जा ।**
**सिज्झिसु एगे दगसत्तघाती, मुसं वयंते जलसिद्धिमाहु ॥**

**શબ્દાર્થ :– जइ तं** = જો તે પાપને, **सीओदगं तु हरेज्जा** = ઠંડા પાણીનું સ્નાન જો દૂર કરી દે તો, **एगे दगसत्तघाती सिज्झिंसु** = પાણીના જીવોનો ઘાત કરનારા મછવા (માછીમારો) આદિને પણ મુક્તિનો લાભ મળી જાય, **मुसं वयंते जलसिद्धिमाहु** = તેથી પાણીથી મુક્તિની પ્રાપ્તિ કહેનારનું આ કથન અસત્ય છે.

**ભાવાર્થ :–** શીતલ પાણીનો સ્પર્શ કરવાથી જો પાપીના પાપનો નાશ થતો હોય તો જલજંતુઓના ઘાત માટે પાણીને સ્પર્શીને રહેનારા મછવા વગેરેનો પણ મોક્ષ થઈ જાય, પરંતુ તેમ થતું નથી. તેથી જેઓ પાણી(સ્નાન આદિ)થી સિદ્ધિ બતાવે છે, તેઓ મિથ્યાવાદી છે.

**१८** **हुतेण जे सिद्धिमुदाहरंति, सायं च पायं अगणिं फुसंता ।**
**एवं सिया सिद्धि हवेज्ज तम्हा, अगणिं फुसंताण कुकम्मिणं पि ॥**

**શબ્દાર્થ :– जे** = જે લોકો, **हुतेण सिद्धिमुदाहरंति** = હોમ(હવન) કરવાથી મુક્તિની પ્રાપ્તિ કહે છે, **एवं सिया सिद्धि** = જો અગ્નિના સ્પર્શથી કદાચ સિદ્ધિ મળતી હોય તો, **कुकम्मिणं पि** = લુહારાદિની પણ સિદ્ધિ થશે.

**ભાવાર્થ :–** સંધ્યાકાળે અને પ્રાતઃકાળે અગ્નિનો સ્પર્શ કરનારા અગ્નિહોત્ર આદિ કર્મકાંડી અગ્નિમાં હોમ કરવાથી સિદ્ધિ બતાવે છે. તેઓ પણ મિથ્યાવાદી છે. જો આ રીતે (અગ્નિ સ્પર્શથી અથવા અગ્નિકાર્ય કરવાથી)સિદ્ધિ મળતી હોય તો અગ્નિનો સ્પર્શ કરનારા, કંદોઈ, રસોઈયા, લુહાર, સોની આદિ આરંભ કરનારાઓ, અગ્નિ પ્રજ્વલિત કરનારાઓને પણ સિદ્ધિ પ્રાપ્ત થઈ જવી જોઈએ.

**१९** **अपरिक्ख दिट्ठं ण हु एव सिद्धी, एहिंति ते घायमबुज्झमाणा ।**
**भूएहिं जाण पडिलेह सायं, विज्जं गहाय तस थावरेहिं ॥**

**શબ્દાર્થ :– अपरिक्ख दिट्ठं** = જલાવગાહન અને અગ્નિહોત્ર આદિથી સિદ્ધિ માનનારા લોકોએ

પરીક્ષા કર્યા વિના જ આ સિદ્ધાંતને સ્વીકાર્યો છે, **ण हु एव सिद्धी** = આ રીતે સિદ્ધિ મળતી નથી, **अबुज्झमाणा ते घायं एहिंति** = વસ્તુ તત્ત્વને ન સમજનારા તે લોકો ઘાતને પ્રાપ્ત થાય છે, **विज्जं गहाय** = જ્ઞાનને ગ્રહણ કરીને, **पडिलेह** = વિચારીને, **तस थावरेहिं भूएहिं** = ત્રસ અને સ્થાવર પ્રાણીઓમાં, **सायं** = સુખની ઈચ્છા, **जाण** = જાણો.

**ભાવાર્થ :–** જલસ્નાન અને અગ્નિહોત્ર આદિ ક્રિયાઓથી સિદ્ધિ માનનારા લોકોએ પરીક્ષા કર્યા વિના જ આ સિદ્ધાંતને સ્વીકારી લીધો છે. આ રીતે સિદ્ધિ મળતી નથી. વસ્તુ તત્ત્વના બોધથી રહિત તે લોકો સંસાર ભ્રમણરૂપ પોતાનો વિનાશ પ્રાપ્ત કરે છે. અધ્યાત્મ વિદ્યાવાન યથાર્થ વસ્તુ સ્વરૂપને ગ્રહણ(સ્વીકાર) કરી વિચાર કરે કે ત્રસ અને સ્થાવર પ્રાણીઓના ઘાતથી સુખ કેમ પ્રાપ્ત થાય ? આ વાત સમજી લે.

**૨૦** **थणंति लुप्पंति तसंति कम्मी, पुढो जगा परिसंखाय भिक्खू ।**
**तम्हा विऊ विरए आयगुत्ते, दट्ठुं तसे य पडिसाहरेज्जा ॥**

**શબ્દાર્થ :– कम्मी जगा** = પાપકર્મ કરનારાં પ્રાણીઓ અલગ અલગ, **थणंति** = રુદન કરે છે, **लुप्पंति** = તલવાર આદિ દ્વારા છેદાય છે, **तसंति** = ડરે છે, **तम्हा** = તેથી, **विऊ भिक्खू** = વિદ્વાન મુનિ, **विरते** = પાપથી નિવૃત્ત, **आयगुत्ते** = આત્માની રક્ષા કરનારા બને, **तसे य दट्ठुं** = તે ત્રસ અને સ્થાવર પ્રાણીને જોઈને, **पडिसाहरेज्जा** = તેઓના ઘાત(હિંસા)ની ક્રિયાથી નિવૃત્ત થઈ જાય.

**ભાવાર્થ :–** પાપકર્મ કરનારાં પ્રાણીઓ પૃથક્ પૃથક્ રીતે રુદન કરે છે, તલવાર આદિ દ્વારા છેદાય છે, ત્રાસ પામે છે. એ જાણીને વિદ્વાન ભિક્ષુ પાપથી વિરત થઈને આત્માનો રક્ષક મન, વચન, કાયગુપ્તિથી ગુપ્ત બને. તે ત્રસ અને સ્થાવર પ્રાણીઓને સારી રીતે જાણીને તેઓના ઘાતની ક્રિયાથી નિવૃત્ત થઈ જાય.

## વિવેચન :–

આ નવ ગાથાઓમાં વિવિધ મોક્ષવાદી કુશીલોના મતનું નિરૂપણ અને તેઓનું ખંડન અને સુશીલ તેમજ વિદ્વાન સાધુને પ્રાણી હિંસાજનિત ક્રિયાઓથી દૂર રહેવાનું સૂચન પણ છે.

**आहारसंपज्जण वज्जणेणं :–** રસ પર વિજય મેળવવાથી સર્વ ઈન્દ્રિય પર વિજય પ્રાપ્ત કરી શકાય છે. માટે સર્વરસોના રાજા લવણપંચક (સૈન્ધવ, સંચળ, વિડ્, રોમ અને સામુદ્ર આ પાંચ રસો)ને છોડી દેવાથી રસમાત્રનો ત્યાગ થઈ જાય છે. લવણ(રસ)પરિત્યાગથી મોક્ષ નિશ્ચિત છે તેવું કેટલાક વાદીઓનું માનવું છે. કોઈ પ્રતમાં **आहारओ पंचकवज्जणेण** પાઠ પણ મળે છે, તેનો અર્થ છે– આહારમાંથી લસણ, કાંદા, ઊંટડીનું દૂધ, ગૌમાંસ અને મદ્ય આ પાંચ વસ્તુઓના ત્યાગથી મોક્ષ મળે છે. આ લવણરસ ત્યાગી એવા મોક્ષવાદીઓનું કથન છે.

**णत्थि मोक्खो खारस्स लोणस्स अणासएणं** આ પંક્તિ દ્વારા પરવાદીનું ખંડન કરતા શાસ્ત્રકાર કહે છે કે માત્ર મીઠું ન ખાવાથી જ મોક્ષ પ્રાપ્ત થતો નથી, જો એ સંભવિત હોત તો જે દેશમાં

મીઠું થતું નથી ત્યાનાં રહેવાસીઓને મોક્ષ મળી જવો જોઈએ, પરંતુ તેમ થતું નથી. મોક્ષ તો જ્ઞાન, દર્શન ચારિત્રની ભાવપૂર્વકની સાધનાથી જ થાય છે.

**सीओदगसेवणेणं :–** ભાગવતમાં જલ–શૌચવાદીઓનું કથન છે કે પાણીમાં વસ્ત્ર, શરીર, અંગોપાંગ આદિના બાહ્ય મળની શુદ્ધિ કરવાની તાકાત છે, તેવી રીતે આંતરિકમળને દૂર કરવાની પણ તાકાત છે. તેથી ઠંડાપાણીનો સ્પર્શ(સ્નાનાદિ) મોક્ષનું કારણ છે. જલવાદીઓ પાણી સ્પર્શથી મુક્તિની પ્રાપ્તિ કહે છે.

**उदगेणं...जलसिद्धि माहु :–** પાંચ અકાટ્ય યુક્તિઓથી જલવાદીઓનું નિરાકરણ શાસ્ત્રકારે કર્યું છે. (૧) માત્ર સચેત જળનોસ્પર્શ કર્મક્ષયરૂપ મોક્ષનું કારણ નથી. સચેત જલના સેવનથી અપકાયિક તેમજ તેના આશ્રયે રહેલા ત્રસજીવોનું ઉપમર્દન થાય છે, આવી જીવહિંસાથી મોક્ષ સંભવિત નથી (૨) પાણીમાં બાહ્યમળને પણ પૂર્ણ રૂપે સાફ કરવાની શક્તિ નથી, તો આંતરિક કર્મમળને સાફ કરવાની શક્તિતો તેમાં કેવી રીતે હોઈ શકે ? આંતરિક પાપમળનો નાશ તો ભાવોની શુદ્ધિથી જ થઈ શકે છે. ભાવોની શુદ્ધિથી રહિત વ્યક્તિ ભલે ગમે તેટલું જલસ્નાન કરે, તેનાથી તેના પાપમળનો નાશ થઈ શકે નહી. જો ઠંડા પાણીના સ્પર્શથી પાપકર્મ દૂર થતાં હોય તો પછી જલચર પ્રાણીઓનો સદૈવ ઘાત કરનારા, તેમજ પાણીમાં જ અવગાહન કરનારા પાપી માછીમારો(મછવા) અથવા પાપકર્મ કરનારાં અન્ય પ્રાણીઓ પાણીના નિરંતર સ્પર્શમાં રહે છે તેમનો મોક્ષ થઈ જવો જોઈએ. તેઓના સર્વ પાપકર્મ ધોવાઈ જવા જોઈએ પણ તેમ થતું નથી. (૩) જો જલસ્નાનથી જ મોક્ષ પ્રાપ્ત થઈ જાય તો મનુષ્ય તો દૂર રહ્યા, મત્સ્ય આદિ સમસ્ત જલચર પ્રાણીઓને શીઘ્રમોક્ષ પ્રાપ્ત થઈ જાય, કારણ કે તેઓ ચોવીસે કલાક પાણીમાં જ રહે છે. તેથી આ માન્યતા મિથ્યા અને અયોગ્ય છે (૪) જેવી રીતે પાણી પાપનું હરણ કરે છે. તેવી રીતે પુણ્યનો પણ નાશ કરી નાખશે. પાણીથી પાપની જેમ પુણ્ય પણ ધોવાઈને સાફ થઈ જશે અને એક દિવસ મોક્ષને માટે કરવામાં આવતાં અનુષ્ઠાનોને પણ તે ધોઈને સાફ કરી દેશે. આવી સ્થિતિમાં જલસ્પર્શ મોક્ષસાધક હોવાને બદલે મોક્ષ બાધક સિદ્ધ થશે (૫) જેટલો વધારે જલસ્પર્શ થશે, તેટલા જ વધારે પાણીના તથા તેના આશ્રિત અનેક ત્રસ પ્રાણીઓની ઘાત થશે.

**हुतेण एगे पवयंति मोक्खं :–** અગ્નિહોત્રી મીમાંસક આદિનું કથન છે કે જેમ અગ્નિ બાહ્ય દ્રવ્યોને બાળી નાખે છે, તેવી જ રીતે તેમાં ઘી આદિ હોમવાથી તે આંતરિક પાપકર્મોને પણ બાળી નાંખે છે, જેમ કે શ્રુતિવાકય છે કે– સ્વર્ગની કામના કરનારા અગ્નિહોત્ર કરે. સ્વર્ગપ્રાપ્તિ સિવાય વૈદિકલોકો નિષ્કામભાવથી કરવામાં આવતા અગ્નિહોત્ર આદિ કર્મને મોક્ષનું પણ પ્રયોજક માને છે. આ મંતવ્યનું ખંડન કરતા શાસ્ત્રકાર કહે છે– **एवं सिया सिद्धि...कुकम्मिणं पि** જો અગ્નિમાં દ્રવ્યો નાખવાથી અથવા અગ્નિસ્પર્શથી મોક્ષ મળતો હોય, તો પછી આગ પ્રજ્વલિત કરીને કોલસા બનાવનારા તથા કુંભાર, લુહાર, સોની, કંદોઈ આદિ અગ્નિકાયના આરંભ કરનારાઓને મોક્ષ મળી જશે પરંતુ તે શક્ય નથી. કર્મોને બાળવાની શક્તિ અગ્નિમાં નથી. સમ્યક્દર્શન, જ્ઞાનપૂર્વક કરવામાં આવતા તપમાં જ એ શક્તિ છે. તેની સાધનાથી જ મોક્ષ પ્રાપ્તિ થઈ શકે છે.

આ કુશીલ આચાર તેમજ વિચારથી, સુશીલ આત્મરક્ષક વિદ્વાન સાધુએ બચવું જોઈએ.

જીવહિંસાજનક આ કર્મકાંડોથી નરકાદિ ગતિઓમાં વિવિધ પ્રકારનાં દુઃખો વેઠવાં પડે છે.

## કુશીલ સાધકની આચાર ભ્રષ્ટતા :-

**૨૧** **जे धम्मलद्धं विणिहाय भुंजे, वियडेण साहट्टु य जे सिणाइ ।**
**जे धोवइ लूसयइ व वत्थं, अहाहु से णागणियस्स दूरे ॥**

**શબ્દાર્થ :– जे** = જે નામધારી સાધુ(દ્રવ્ય સાધુ), **धम्मलद्धं** = સંયમ ધર્મથી મળેલા, દોષોથી રહિત આહારને, **विणिहाय** = છોડીને, **भुंजे** = દોષિત ભોજન ખાય છે, **वियडेण** = અચિત્ત જળથી, **साहट्टु** = અંગોને સંકોચીને પણ, **लूसयइ वत्थं** = વસ્ત્રોને ઘસીને વિભૂષા માટે ઊજળા કરે, શોભા માટે વસ્ત્ર મોટું હોય તો નાનું અને નાનું હોય તો મોટું કરે છે, **अहाहु** = તીર્થંકરો તથા ગણધરો એ કહ્યું છે કે, **से णागणियस्स दूरे** = તે સાધુ નાગન્ય– નગ્નતા એટલે કે સંયમથી દૂર છે.

**ભાવાર્થ :–** જે સાધુ દોષ રહિત સાધુની ધર્મની મર્યાદાથી પ્રાપ્ત થતા આહારને છોડી સ્વાદિષ્ટ–દોષયુક્ત આહાર કરે છે તથા અચિત્ત પાણીથી(અચિત્ત સ્થાનમાં પણ)અંગોનો સંકોચ કરી જે સ્નાન કરે છે અને જે પોતાના વસ્ત્રને(વિભૂષા માટે)ધુએ છે તથા ઘસીને ઊજળા કરે છે, તે નિર્ગ્રંથ ભાવથી દૂર છે, એમ તીર્થંકરોએ કહ્યું છે.

**૨૨** **कम्मं परिण्णाय दगंसि धीरे, वियडेण जीवेज्ज य आदिमोक्खं**
**से बीय–कंदाई अभुंजमाणे, विरए सिणाणादिसु इत्थियासु ॥**

**શબ્દાર્થ :– दगंसि** = જલસ્નાનમાં, **कम्मं परिण्णाय** = કર્મબંધ જાણીને, **आदि मोक्खं** = પ્રથમ–શીઘ્ર મુક્તિની પ્રાપ્તિ થાય, **वियडेण** = પ્રાસુક જળ વડે, **जीवेज्ज** = જીવન ધારણ કરે, **से** = તે સાધુ, **बीयकंदाइं अभुंजमाणे** = બીજ, કંદ આદિનું ભોજન ન કરે, **सिणाणादिसु इत्थियासु** = સ્નાનાદિ તથા સ્ત્રી આદિથી, **विरते** = અલગ રહે.

**ભાવાર્થ :–** ધૈર્યવાન સાધક જલસ્નાનથી કર્મબંધન થાય છે તે જાણીને પ્રાસુક પાણીથી પ્રાણ ધારણ કરે તથા તે બીજ, કંદ આદિનો ઉપભોગ ન કરે. તેમજ સ્નાન આદિ(શ્રૃંગાર–વિભૂષાકર્મ)થી તથા સ્ત્રી આદિથી વિરત રહે, તેઓને શીઘ્ર મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**૨૩** **जे मायरं पियरं च हिच्चा, गारं तहा पुत्त पसुं धणं च ।**
**कुलाइं जे धावइ साउगाइं, अहाहु से सामणियस्स दूरे ॥**

**શબ્દાર્થ :–तहा गारं हिच्चा** = તથા ઘર છોડીને, **साउगाइं कुलाइं धावइ** = સ્વાદિષ્ટ ભોજન વાળા ઘરોમાં દોડે છે, **से सामणियस्स दूरे अहाहु** = તે શ્રમણભાવથી દૂર છે, એમ તીર્થંકરોએ કહ્યું છે.

**ભાવાર્થ :–** જે સાધક માતા–પિતાને તથા ઘર, પુત્ર, પશુ અને ધનને છોડીને પ્રવ્રજિત થઈ, સ્વાદ લોલુપતા વશ સ્વાદિષ્ટ ભોજનવાળાં ઘરોમાં દોડે છે. તે શ્રમણભાવથી દૂર છે, એમ તીર્થંકરોએ કહ્યું છે.

**૨૪** **कुलाइं जे धावइ साउगाइं, आघाइ धम्मं उदराणुगिद्धे ।**
**अहाहु से आयरियाण सयंसे, जे लावएज्जा असणस्स हेउं ॥**

**શબ્દાર્થ :– उदराणुगिद्धे** = ઉદર પોષણમાં આસક્ત, **जे** = જે પુરુષ, **धम्मं आघाइ** = તથા ત્યાં જઈને ધર્મ કથન કરે છે, **से आयरियाणं सयंसे** = તેઓ આચાર્યના સોમા ભાગે(શતાંશ) પણ નથી, **जे असणस्स हेऊ लावएज्जा** = જે ભોજનના લોભથી પોતાના ગુણોનું વર્ણન કરાવે છે તેઓ પણ આચાર્યોના શતાંશ પણ નથી.

**ભાવાર્થ :–** પેટ ભરવામાં આસક્ત જે સાધક સ્વાદિષ્ટ ભોજનવાળાં ઘરોમાં જાય છે તથા ત્યાં જઈને ધર્મકથા કરે છે, જે સાધુ ભોજનના લોભથી પોતાના ગુણોના વખાણ કરાવે છે તે આચાર્ય અથવા આર્યના ગુણોના શતાંશ પણ નથી, એમ તીર્થંકરોએ કહ્યું છે.

**૨૫** **णिक्खम्म दीणे परभोयणम्मि, मुहमंगलीए उदराणुगिद्धे ।**
**णीवारगिद्धे व महावराहे, अदूरए एहिइ घायमेव ॥**

**શબ્દાર્થ :– णिक्खम्म** = જે પુરુષ ઘરેથી નીકળીને, **परभोयणम्मि दीणे** = બીજાના ભોજન માટે દીન બનીને, **मुहमंगलीए** = ભાટની જેમ બીજાની પ્રશંસા કરે છે, **णीवार गिद्धेव महावराहे** = તે ચોખાના દાણાઓમાં આસક્ત મોટા ડુક્કરની જેમ, **उदराणुगिद्धे** = ઉદરપોષણમાં આસક્ત છે, **अदूरए** = તે તુરત – શીઘ્ર, **घायमेव** = નાશને જ, **एहिइ** = પ્રાપ્ત થાય છે.

**ભાવાર્થ :–** જે વ્યક્તિ ઘરબાર, ધનધાન્ય આદિ છોડી સાધુ બની, ગૃહસ્થના સ્વાદિષ્ટ આહાર માટે દીન બનીને ભાટની જેમ મીઠાબોલો–મીઠું મીઠું બોલનાર થઈ જાય, તે ચોખાના દાણામાં આસક્ત ડુક્કરની જેમ તુરંત વિનાશને પ્રાપ્ત થાય છે.

**૨૬** **अण्णस्स पाणस्सिहलोइयस्स, अणुप्पियं भासइ सेवमाणे ।**
**पासत्थयं चेव कुसीलयं च, णिस्सारिए होइ जहा पुलाए ॥**

**શબ્દાર્થ :– इह लोइयस्स** = અથવા વસ્ત્ર આદિ આ લોકના પદાર્થના નિમિત્તે, **सेवमाणे** = સેવક પુરુષની જેમ, **अणुप्पियं भासइ** = પ્રિય ભાષણ કરે છે, **पासत्थयं चेव कुसीलयं च** = તે પાર્શ્વસ્થ ભાવને તથા કુશીલ ભાવને પ્રાપ્ત થાય છે, **जहा पुलाए** = તે ભુસ્સા જેવા, **णिस्सारिए** = સારરહિત થઈ જાય છે.

**ભાવાર્થ :–** અન્ન અને પાણી અથવા વસ્ત્ર આદિ આ લોકના પદાર્થ માટે સેવકની જેમ આહારાદિના દાતાને અનુકૂળ પ્રિયભાષણ કરે છે, તે ધીમે ધીમે પાર્શ્વસ્થભાવી અને કુશીલ થઈ જાય છે અને તેનો સંયમ ભુસ્સાની જેમ નિઃસાર–નિઃસત્ત્વ થઈ જાય છે.

## વિવેચન :–

આ છ ગાથાઓ દ્વારા કુશીલ સાધુની આચારભ્રષ્ટતાનો પરિચય તેમજ સુશીલ સાધકને તેનાથી બચવાનો સ્પષ્ટ નિર્દેશ કર્યો છે. આ ગાથાઓમાં દર્શાવેલ આચાર ભ્રષ્ટતાના દશ રૂપો આ પ્રમાણે છે– (૧) સાધુના નિયમાનુસાર મળતા આહારને છોડી સ્વાદિષ્ટ આહારમાં આસક્ત બનવું અથવા આહારનો સંચય કરીને ઉપભોગ કરવો (૨) વિભૂષાની દષ્ટિએ પ્રાસુક જળથી પણ અંગ સંકોચ કરીને સ્નાન કરવું (૩) વિભૂષાને માટે વસ્ત્ર ધોઈને ઉજળાં કરવાં (૪) શ્રૃંગાર ને માટે નાના વસ્ત્રને મોટું અને મોટાને નાનું કરવું (૫) સંયમગ્રહણ કર્યા પછી મનોબળ રહિત તેમજ રસલોલુપ બનીને સ્વાદિષ્ટ ભોજન પ્રાપ્ત થતા હોય તેવા ઘરોમાં વારંવાર જવું (૬) સ્વાદિષ્ટ ભોજન માટે ગૃહસ્થના ઘેર જઈને ધર્મકથા કરવી (૭) સ્વાદિષ્ટ ભોજનના લોભવશ પોતાના ગુણોની અતિશયોક્તિપૂર્વક પ્રશંસા કરવી (૮) ગૃહસ્થનાં સ્વાદિષ્ટ ભોજન માટે દીનતા દેખાડવી (૯) પેટ ભરવામાં આસક્ત બનીને મીઠાબોલા થવું (૧૦) અન્ન, પાન અને અન્ય વસ્ત્રાદિ આવશ્યક્તાઓ માટે સેવકની જેમ દાતાને ગમે તેવું પ્રિય–મધુર બોલવું.

આવા આચારભ્રષ્ટ સાધકને આ ગાથાઓમાં નિર્ગ્રંથત્વ(નગ્નત્વ)થી દૂર, સાધુતાથી દૂર, આચાર્ય અથવા આર્ય ગુણોનો શતાંશ, પાર્શ્વસ્થ, કુશીલ તેમજ નિઃસાર કહેવામાં આવ્યો છે.

**સુશીલ ધીર સાધકને માટે પાંચ નિર્દેશ :–** (૧) જલસ્નાનમાં કર્મબંધ જાણીને તેનો પરિત્યાગ કરે, (૨) સંસારથી મુક્ત થાય ત્યાં સુધી અચેત જળથી જીવન નિર્વાહ કરે (૩) બીજ, કંદ આદિ શસ્ત્રપરિણત ન થયા હોય તેવી સચેત વનસ્પતિનો ઉપભોગ ન કરે (૪) સ્નાન, અભ્યંગન, ઉદ્‌વર્તન આદિ શરીર વિભૂષાની ક્રિયાઓથી વિરત થાય (૫) સ્ત્રીસંસર્ગ આદિથી પણ દૂર રહે.

**धम्मलद्धं विणिहाय भुंजे :–** બે અર્થ છે–(૧) ધર્મપ્રાપ્ત [સાધુતાના નિયમાનુસાર પ્રાપ્ત થયેલા]આહારનો સંગ્રહ કરીને ખાય છે (૨) ધર્મલબ્ધ આહાર સિવાય, અન્ય સ્વાદિષ્ટ(અશુદ્ધ–દોષયુક્ત) આહાર–સેવન કરે છે.

**आदिमोक्खं :–** બે વિશેષ અર્થ– (૧) આદિ = સંસાર, તેનાથી મોક્ષ સુધી, (૨) ધર્મકારણોનું આદિભૂત–શરીર, તેની વિમુક્તિ સુધી.

## સુશીલ સાધકના માટે વિવેક :–

**૨૭** **अण्णायपिंडेणऽहियासएज्जा, णो पूयणं तवसा आवहेज्जा ।**
**सद्देहिं रूवेहिं असज्जमाणे, सव्वेहिं कामेहिं विणीय गेहिं ॥**

**શબ્દાર્થ :– अहियासएज्जा** = નિર્વાહ કરે, **णो आवहेज्जा** = ઈચ્છા ન કરે, **सद्देहिं रूवेहिं असज्जमाणे** = શબ્દ અને રૂપમાં આસક્ત થયા વિના, **सव्वेहिं कामेहिं** = સર્વ વિષયકામનાઓથી, **गेहिं विणीय** = આસક્તિ દૂર કરીને સંયમનું પાલન કરે.

**ભાવાર્થ :–** સુશીલ સાધુ અજ્ઞાતપિંડ–અપરિચિત ઘરોમાંથી લાવેલા ભિક્ષાન્નથી પોતાનો નિર્વાહ કરે.

તપશ્ચર્યા દ્વારા પૂજા–પ્રતિષ્ઠાની ઈચ્છા ન કરે, શબ્દ, રૂપ વગેરે સમસ્ત કામભોગોમાં અનાસક્ત બની શુદ્ધ સંયમનું પાલન કરે.

**૨૮** **सव्वाइं संगाइं अइच्च धीरे, सव्वाइं दुक्खाइं तितिक्खमाणे ।**
**अखिले अगिद्धे अणिएयचारी, अभयंकरे भिक्खू अणाविलप्पा ॥**

**શબ્દાર્થ :– अइच्च** = છોડીને, **तितिक्खमाणे** = સહન કરતો, **अखिले** = જ્ઞાન, દર્શન અને ચારિત્રથી સંપૂર્ણ, **अगिद्धे** = વિષયભોગમાં આસક્ત ન થતો, **अणिएयचारी** = અપ્રતિબદ્ધવિહારી, **अभयंकरे** = પ્રાણીઓને અભય આપનારા, **अणाविलप्पा** = વિષય કષાયોથી દૂર થઈને અનાકુળ આત્મભાવવાળા થઈને સારી રીતે સંયમનું પાલન કરે છે.

**ભાવાર્થ :–** ધીર સાધક સર્વ સંગથી પર થઈ, સર્વ પરીષહ–ઉપસર્ગજનિત શારીરિક માનસિક દુઃખોને સમભાવપૂર્વક સહન કરી, અખિલ–જ્ઞાન, દર્શન, ચારિત્રથી પૂર્ણ હોય, અગૃદ્ધ–વિષયભોગોમાં અનાસક્ત રહી, અનિયતચારી–અપ્રતિબદ્ધ વિહારી અને અભયંકર બનીને (જે સ્વયં ભયભીત ન થાય તથા બીજાને ભયભીત ન કરે) અને વિષય કષાયોથી અનાવિલ–કષાય રહિત થઈને સંયમનું પાલન કરે છે.

**૨૯** **भारस्स जाता मुणि भुंजएज्जा, कंखेज्ज पावस्स विवेग भिक्खू**
**दुक्खेण पुट्ठे धुयमाइएज्जा, संगामसीसे व परं दमेज्जा ॥**

**શબ્દાર્થ :– मुणि भारस्स जाता** = સાધુ પાંચમહાવ્રત રૂપ સંયમયાત્રાના નિર્વાહ માટે, **पावस्स विवेग कंखेज्ज** = પાપને ત્યાગવાની ઈચ્છા કરે, **दुक्खेण पुट्ठे धूयमाइएज्जा** = દુઃખને સહન કરતાં સંયમમાં ધ્યાન રાખે, **संगामसीसे व परं दमेज्जा** = યુદ્ધભૂમિમાં સુભટ પુરુષો જેવી રીતે શત્રુનું દમન કરે છે, તેવી રીતે સાધુ કર્મરૂપી શત્રુઓનું દમન કરે.

**ભાવાર્થ :–** મુનિ પંચમહાવ્રતરૂપ સંયમ ભારના નિર્વાહ માટે આહાર કરે. સાધુ પોતાનાં પૂર્વકૃત પાપનો ત્યાગ કરવાની ઈચ્છા આકાંક્ષા કરે. પરીષહ ઉપસર્ગ જનિત દુઃખનો સ્પર્શ થાય ત્યારે ધુત એટલે સંયમ અથવા મોક્ષનું ધ્યાન કરે. જેવી રીતે યોદ્ધો સંગ્રામના મોરચા પર અડગ રહીને શત્રુ–યોદ્ધાનું દમન કરે છે, તેવી જ રીતે સાધુ પણ કર્મશત્રુઓની સાથે યુદ્ધમાં અડગ રહીને તેનું દમન કરે.

**૩૦** **अवि हम्ममाणे फलगावतट्ठी, समागमं कंखइ अंतगस्स ।**
**णिद्धूय कम्मं ण पवंचुवेइ, अक्खक्खए वा सगडं ॥ ति बेमि ॥**

**શબ્દાર્થ :– अवि हम्ममाणे** = સાધુ પરીષહ અને ઉપસર્ગો દ્વારા પીડા પામતો હોવા છતાં તેને સહન કરે, **फलगावतट्ठी** = લાકડાના પાટિયાની જેમ શાંત થઈ સહન કરે, **अंतगस्स** = અંતસમય–મૃત્યુના, **समागमं** = સમાગમ, પ્રાપ્તિની, **कंखइ** = આકાંક્ષા કરે, **णिधूय कम्मं** = કર્મોનો ક્ષય કરી, **ण पवंचुवेइ** = જન્મ, મરણ, સંસારરૂપ પ્રપંચને પ્રાપ્ત કરતા નથી, **अक्खक्खए वा** = અક્ષ–ધરી તૂટી

જવાથી જેમ, **सगडं** = ગાડું આગળ ચાલી ન શકે તેમ.

**ભાવાર્થ :–** સાધુ પરીષહો અને ઉપસર્ગોથી પીડિત થવા છતાં એ સહન કરે. જેવી રીતે લાકડાના પાટિયાને છોલવા છતાં પણ રાગદ્વેષ કરતું નથી, તેવી જ રીતે બાહ્ય અને આભ્યંતર તપથી કષ્ટ પામવા છતાં સાધક રાગદ્વેષ ન કરે. તે મૃત્યુના(સમાધિ પૂર્વક) સમાગમની પ્રતીક્ષા કરે. જેવી રીતે અક્ષ–ગાડાની ધુરા તૂટી જવાથી આગળ ચાલતી નથી તેમ કર્મક્ષય થઈ જાય પછી જન્મ, મરણ, રોગ, શોક આદિ પ્રપંચની ગાડી પણ આગળ ચાલતી નથી.

## વિવેચન :–

આ ચાર ગાથાઓમાં સુશીલ સાધકને માટે આચાર વિચાર સંબંધી અનેક વિવેકસૂત્રો રજૂ કરવામાં આવ્યા છે. (૧) અજ્ઞાતપિંડ દ્વારા નિર્વાહ કરે (૨) તપસ્યાની સાથે પૂજા–પ્રતિષ્ઠાની કામના ન કરે (૩) મનોજ્ઞ–અમનોજ્ઞ શબ્દ તેમજ રૂપ પર રાગદ્વેષથી સંસક્ત ન થાય (૪) ઈચ્છા–મદનરૂપ સમસ્ત કામો (કામવિકારો–મનોજ્ઞ અમનોજ્ઞ વિષયો) પ્રત્યે આસક્તિ હટાવીને રાગદ્વેષ ન કરે (૫) સર્વસંગોથી દૂર રહે (૬) પરીષહ– ઉપસર્ગજનિત સમસ્ત દુઃખોને સમભાવથી સહન કરે (૭) જ્ઞાન, દર્શન, ચારિત્રથી પરિપૂર્ણ હોય (૮) વિષયભોગોમાં અનાસક્ત રહે (૯) અપ્રતિબદ્ધ–વિહારી હોય (૧૦) અભયંકર હોય (૧૧) વિષયકષાયોથી અનાકુળ રહે (૧૨) સંયમયાત્રા નિરાબાધ ચલાવવા માટે જ આહાર કરે, (૧૩) પૂર્વકૃત પાપોનો ત્યાગ કરવાની ઈચ્છા કરે (૧૪) પરીષહ–ઉપસર્ગ જનિત દુઃખના સ્પર્શ સમયે સંયમ અથવા મોક્ષનું સ્મરણ રાખે (૧૫) સંગ્રામના મોરચા પર સુભટની જેમ કર્મશત્રુનું દમન કરે (૧૬) પરીષહ–ઉપસર્ગોથી પ્રતાડિત સાધક તેને સહન કરે (૧૭) જેવી રીતે લાકડાના પાટિયાને બન્ને બાજુથી છોલવામાં આવે તોપણ તે રાગદ્વેષ કરતું નથી તેમ બાહ્ય અને આભ્યંતર તપ દ્વારા કષ્ટ પામવા છતાં સાધક રાગદ્વેષ ન કરે (૧૮) સહજ ભાવથી સમાધિ પૂર્વક મૃત્યુની પ્રતીક્ષા કરે (૧૯) ધરી તૂટી જવાથી ગાડી આગળ ચાલતી નથી, તેવી જ રીતે કર્મોનો સર્વથા ક્ષય થઈ જવાથી જન્મ, જરા, મૃત્યુ, રોગ, શોક આદિ પ્રપંચની ગાડી આગળ ચાલતી નથી.

પૂર્વોક્ત આચાર–વિચાર યુક્ત સુશીલ સર્વથા કર્મક્ષય કરીને મોક્ષ પ્રાપ્ત કરી લે છે.

**પાઠાન્તર :– सद्देहिं रूवेहिं...विणयगेहिं** ના બદલે ચૂર્ણિસમ્મત પાઠાન્તર છે– **अण्णे य पाणे य अणाणुगिद्धो, सव्वेसु कामेसु णियत्तएज्जा** । અર્થ– અન્ન–પાનમાં અનાસક્ત રહે, સમસ્ત કામભોગો પર નિયંત્રણ કરે, **अणिए अचारी** ને બદલે ચૂર્ણિસમ્મત પાઠાંતર છે– **ण सिलोगकामी** અર્થાત્ પ્રશંસાનો ઈચ્છુક ન થાય.

**॥ અધ્યયન ૭ સંપૂર્ણ ॥**

# આઠમું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ "વીર્ય" છે.

વીર્ય શબ્દ શક્તિ, સામર્થ્ય, પરાક્રમ, તેજ, દીપ્તિ, અંતરંગશક્તિ, આત્મબળ, શરીરમાં રહેલી એક ધાતુ શુક્ર આદિ અર્થોમાં પ્રયુક્ત થાય છે.

નિર્યુક્તિકારે શક્તિ અર્થમાં દ્રવ્યવીર્યના મુખ્ય બે પ્રકારો બતાવ્યા છે. સચિત્ત દ્રવ્યવીર્ય અને અચિત્ત દ્રવ્યવીર્ય. ક્ષેત્રવીર્ય, કાલવીર્ય અને ભાવવીર્ય તેવા પ્રકાર પણ બતાવ્યા છે.

આ અધ્યયનમાં ભાવવીર્યનું નિરૂપણ છે. વીર્યશક્તિ યુક્ત જીવની વિવિધ વીર્ય સંબંધી લબ્ધિઓ ભાવવીર્ય છે. તે મુખ્યરૂપે પાંચ પ્રકારે છે. (૧) મનોવીર્ય (૨) વાગ્વીર્ય (૩) કાયવીર્ય (૪) ઈન્દ્રિયવીર્ય (૫) આધ્યાત્મિકવીર્ય. જીવ પોતાની યોગશક્તિ દ્વારા મનોયોગ્ય પુદ્‌ગલોને મનના રૂપમાં અને શ્વાસોચ્છ્‌વાસ યોગ્ય પુદ્‌ગલોને શ્વાસોચ્છ્‌વાસના રૂપમાં પરિણત કરે છે ત્યારે તે મનોવીર્ય, વાગ્વીર્ય, કાયવીર્ય તથા ઈન્દ્રિયવીર્ય કહેવાય છે. આ ચારેય વીર્ય સંભવવીર્ય અને સંભાવ્યવીર્યના રૂપે બે–બે પ્રકારના છે.

આધ્યાત્મિકવીર્ય આત્માની આંતરિક શક્તિથી ઉત્પન્ન સાત્ત્વિકબળ છે. આધ્યાત્મિકવીર્ય અનેક પ્રકારનું હોય છે. "વીર્યપ્રવાદ" નામના પૂર્વમાં તેના અગણિત પ્રકાર બતાવવામાં આવ્યા છે. નિર્યુક્તિકારે આધ્યાત્મિક વીર્યના મુખ્યતયા દસ પ્રકારો બતાવ્યા છે. (૧) ઉદ્યમ–જ્ઞાનોપાર્જન, તપશ્ચરણ આદિમાં આંતરિક ઉત્સાહ (૨) ધૃતિ– સંયમ અને ચિત્તમાં સ્થિરતા–સ્થૈર્ય (૩) ધીરત્વ– પરીષહો અને ઉપસર્ગોના સમયે અવિચલતા (૪) શૌંડીર્ય– ત્યાગની ઉત્સાહપૂર્ણ ઉચ્ચકોટીની ભાવના (૫) ક્ષમાબળ–સામર્થ્ય દાખવી ક્રોધાદિ પ્રસંગે શાંતિ રાખવી (૬)ગાંભીર્ય– અદ્‌ભૂત સાહસિક અથવા ચમત્કારિક કાર્ય કરીને પણ અહંકાર ન આવવા દેવો અથવા પરીષહ–ઉપસર્ગોથી ન દબાવું (૭) ઉપયોગ બલ– નિરાકાર ઉપયોગ(દર્શન) તેમજ સાકાર ઉપયોગ(જ્ઞાન)પૂર્વક દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવરૂપ સ્વવિષયક નિશ્ચય કરવો (૮) યોગબળ– મન, વચન, કાયાથી વ્યાપાર કરવો (૯) તપોબળ– બાર પ્રકારના તપમાં પરાક્રમ કરવું. ખેદરહિત તથા ઉત્સાહપૂર્વક તપ કરવું (૧૦) સંયમમાં પરાક્રમ– ૧૭ પ્રકારના સંયમના પાલનમાં તથા પોતાના સંયમને નિર્દોષ રાખવામાં પરાક્રમ કરવું.

ભાવવીર્યની અંતર્ગત આવતાં ઉપર્યુક્ત સર્વ વીર્ય નીચે દર્શાવેલા ત્રણ પ્રકારના વીર્યમાં સમાવિષ્ટ કરી શકાય છે. (૧) પંડિત વીર્ય (૨) બાલ પંડિત વીર્ય (૩) બાલવીર્ય.

**પંડિત વીર્ય–** સંયમમાં પરાક્રમી, નિર્મલ, સાધુતા સંપન્ન, સર્વવિરતિવાન સાધુઓના વીર્યને પંડિતવીર્ય કહે છે.

**બાલપંડિત વીર્ય–** વ્રતધારી, સંયમાસંયમી દેશવિરતિ શ્રાવકોના વીર્યને બાલપંડિત વીર્ય કહે છે.

**બાલવીર્ય–** અસંયમી–હિંસા આદિથી અવિરત અથવા અવ્રતીના વીર્યને બાલવીર્ય કહે છે.

શાસ્ત્રકારે અન્ય પ્રકારે પણ વીર્યનું વિભાજન કર્યુ છે. વીર્યના બે પ્રકાર છે. સકર્મવીર્ય અને અકર્મવીર્ય.

**સકર્મવીર્ય–** કર્મોદય નિષ્પન્ન બાલજીવના વીર્યને સકર્મવીર્ય કહે છે.

**અકર્મવીર્ય–** કર્મક્ષય જનિત પંડિત વીર્યને અકર્મવીર્ય કહે છે.

અકર્મવીર્યનો "અકર્મ" શબ્દ અપ્રમાદ તેમજ સંયમનો સૂચક છે તથા સકર્મવીર્યનો "કર્મ" શબ્દ પ્રમાદ તેમજ અસંયમનો સૂચક છે.

આ અધ્યયનમાં સકર્મવીર્ય અને અકર્મવીર્યને અને તેના પરિણામને વિસ્તારથી સમજાવ્યું છે. જે પ્રાણઘાતક શસ્ત્ર– અસ્ત્ર વિદ્યા, શાસ્ત્ર અથવા મંત્ર શીખે છે, માયાવી છે, કામભોગાસક્ત તેમજ અસંયમી છે, તેઓ સકર્મવીર્ય દ્વારા સંસાર પરિભ્રમણ કરે છે, દુઃખી થાય છે. જે પંડિત પોતાના વીર્યનો સદુપયોગ કરે છે, સંયમમાં જોડે છે, અધ્યાત્મબળ(ધર્મધ્યાન આદિ)થી સમસ્ત પાપ પ્રવૃત્તિઓ, મન અને ઈન્દ્રિયને દુષ્ટ અધ્યવસાયોને તથા ભાષાના દોષોને રોકે છે, તે અકર્મવીર્ય દ્વારા મુક્ત થાય છે. સંયમપ્રધાન પંડિતવીર્ય જેમ જેમ વધે છે, તેમ તેમ સંયમ વધે છે, પૂર્ણસંયમી બનતા નિર્વાણરૂપ શાશ્વતસુખ પ્રાપ્ત કરે છે અને અંતે પંડિતવીર્ય સંપન્ન સાધકની તપશ્ચર્યા, ભાષા, ધ્યાન તેમજ ચર્યા આદિનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

આ અધ્યયનમાં ૨૬ ગાથાઓ છે.

❖❖❖❖❖

# આઠમું અધ્યયન

## વીર્ય

**વીર્યનું સ્વરૂપ અને પ્રકાર :–**

**૧** दुहा चेयं सुयक्खायं, वीरियं ति पवुच्चइ ।
किं णु वीरस्स वीरत्तं, केण वीरो त्ति वुच्चइ ॥

**શબ્દાર્થ :– चेयं वीरियं ति पवुच्चइ** = આ જે વીર્ય કહેવામાં આવે છે, **दुहा सुयक्खायं** = તેને તીર્થંકરોએ બે પ્રકારનું કહ્યું છે, **वीरस्स वीरत्तं किं णु** = વીર પુરુષની વીરતા શું છે ? **केण वीरो त्ति वुच्चइ** = ક્યા કારણે તે વીર કહેવામાં આવે છે ?

**ભાવાર્થ :–** તીર્થંકરોએ બે પ્રકારનું વીર્ય પ્રરૂપ્યું છે. પ્રશ્ન થાય છે કે વીરપુરુષનું વીરત્વ શું છે ? અને તે કયા કારણે વીર કહેવાય છે ?

**૨** कम्ममेगे पवेदेंति, अकम्मं वा वि सुव्वया ।
एएहिं दोहिं ठाणेहिं, जेहिं दिस्संति मच्चिया ॥

**શબ્દાર્થ :– एगे कम्मं पवेदेंति** = એક તો કર્મને વીર્ય કહે છે, **सुव्वया** = સુવ્રતી, તીર્થંકર, **अकम्मं वा वि** = અકર્મને વીર્ય કહે છે, **मच्चिया** = મૃત્યુલોકના જીવો, **एएहिं दोहिं ठाणेहिं दिस्संति** = આ બે સ્થાનમાં જોવા મળે છે.

**ભાવાર્થ :–** (શ્રી સુધર્માસ્વામી જંબૂસ્વામી આદિને કહે છે) સુવ્રતી તીર્થંકરોએ એક તો કર્મ વીર્ય કહ્યું છે અને બીજું અકર્મવીર્ય કહ્યું છે. મૃત્યુલોકના પ્રાણી આ જ બે સ્થાનોમાં જોવામાં આવે છે.

**૩** पमायं कम्ममाहंसु, अप्पमायं तहाऽवरं ।
तब्भावादेसओ वा वि, बालं पंडियमेव वा ॥

**શબ્દાર્થ :– पमायं कम्ममाहंसु** = તીર્થંકરો પ્રમાદને કર્મ કહે છે, **तहा अप्पमायं अवरं** = અપ્રમાદને અકર્મ કહે છે, **तब्भावादेसओ वा वि** = આ બન્નેની સત્તાથી જ, **बालं पंडियमेव वा** = બાલવીર્ય અથવા પંડિતવીર્ય હોય છે.

**ભાવાર્થ :–** તીર્થંકરોએ પ્રમાદને કર્મ અને અપ્રમાદને અકર્મ કહ્યું છે. આ બન્નેની સત્તા–અસ્તિત્વની અપેક્ષાએ જ બાલવીર્ય અથવા પંડિતવીર્ય કહેવાય છે.

## વિવેચન :–

આ ત્રણ ગાથાઓમાં વીર્યનું સ્વરૂપ, વીર્યના પ્રકાર અને તેનો આધાર બતાવવામાં આવ્યો છે. પહેલી ગાથામાં શ્રી સુધર્મા સ્વામીને પ્રશ્ન કરવામાં આવ્યો છે કે ભગવાન મહાવીર દ્વારા કહેલા બે પ્રકારના વીર્યનું સ્વરૂપ કેવું છે ? પ્રભુવીર કયા વીર્યથી વીર કહેવાય છે ?વીર્યની વ્યાખ્યા કરતા શાસ્ત્રકાર બીજી ગાથામાં અન્ય મતાવલંબીઓના વીર્યની વ્યાખ્યા પ્રગટ કરે છે. કર્મ કે કર્મણ્યતાને કર્મવીર્ય અને અકર્મણ્યતાને અકર્મવીર્ય કહેવાય છે. આ પ્રમાણે સક્રિયતા–નિષ્ક્રિયતાના આધારે વીર્ય–અવીર્યની વ્યાખ્યા કરવી ઉચિત નથી. કર્મ–અકર્મ શબ્દ આધારિત તીર્થંકર ભગવાન કથિત વ્યાખ્યા આ પ્રમાણે છે. જેના દ્વારા કર્મનો બંધ થાય તે કર્મ અથવા પ્રમાદ તે કર્મ કહેવાય છે. આ કર્મ માટેનું પરાક્રમ તે બાલવીર્ય કહેવાય છે. જેના દ્વારા કર્મનો બંધ ન થાય પણ કર્મોની નિર્જરા જ થાય તે અકર્મ અથવા અપ્રમાદને, અકર્મ કહેવાય છે. અકર્મ માટેનું પરાક્રમ તે પંડિત વીર્ય કહેવાય છે. આ વાત બીજી–ત્રીજી ગાથા દ્વારા શાસ્ત્રકારે વ્યક્ત કરી છે.

**पमायं कम्म माहंसु, अप्पमायं तहाऽवरं :–** જેના કારણે પ્રાણીવર્ગ પોતાનું આત્મભાન ભૂલીને ઉત્તમ અનુષ્ઠાનથી રહિત થઈ જાય છે, તેને "પ્રમાદ" કહે છે. તે પાંચ પ્રકારનો છે મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા. તીર્થંકરોએ પ્રમાદને કર્મબંધનનું એક વિશિષ્ટ કારણ કહ્યું છે. પ્રમાદના કારણે જીવ આત્મભાન રહિત થઈને કર્મ બાંધે છે, તે પોતાની સઘળી શક્તિ(વીર્ય)ધર્મથી વિપરીત અધર્મ અથવા પાપયુક્ત કાર્યોમાં લગાવીને કર્મબંધન કરતો રહે છે. તેથી પ્રમાદયુક્ત સકર્મા જીવના પ્રત્યેક અનુષ્ઠાનને બાલવીર્ય કહે છે. તેથી વિપરીત પ્રમાદ રહિત પુરુષના કાર્યની પાછળ સતત આત્મભાન, જાગૃતિ તેમજ વિવેક હોવાના કારણે તેના કાર્ય દ્વારા કર્મબંધન થતું નથી. તે પોતાની સમગ્ર શક્તિ અપ્રમત્ત થઈને કર્મક્ષય કરવામાં, હિંસાદિ આશ્રવો તથા કર્મબંધના કારણોથી દૂર રહેવામાં તેમજ સ્વભાવ રમણતામાં લગાવે છે, તેથી તેવા અપ્રમત્ત તેમજ અકર્મ સાધકના પરાક્રમને પંડિતવીર્ય કહ્યું છે. તાત્પર્ય એ છે કે બાલવીર્ય અને પંડિતવીર્યનો મુખ્ય આધાર ક્રમશઃ પ્રમાદ અને અપ્રમાદ છે.

## બાલજનોનું સકર્મવીર્ય :–

૪ **सत्थमेगे सुसिक्खंति, अइवायाय पाणिणं ।**
**एगे मंते अहिज्जंति, पाणभूयविहेडिणो ॥**

**શબ્દાર્થ :– एगे पाणिणं अइवायाय** = કોઈ પ્રાણીઓનો વધ કરવા માટે, **सत्थं** = તલવાર આદિ શસ્ત્ર, વિદ્યા અથવા ધનુર્વિદ્યા આદિ, **एगे पाणभूयविहेडिणो** = કોઈ પ્રાણી અને ભૂતોના મારક એવા, **मंते अहिज्जंति** = મંત્રો શીખે છે.

**ભાવાર્થ :–** કેટલાક લોકો પ્રાણીઓનો વધ કરવા માટે તલવાર આદિ શસ્ત્રવિદ્યા અથવા ધનુર્વિદ્યા આદિ શાસ્ત્ર શીખે છે. કેટલાક અજ્ઞાની જીવો પ્રાણીઓ અને ભૂતોના ઘાતક(કષ્ટદાયક)મંત્રો ભણે છે.

**૫** **माइणो कट्टु मायाओ, कामभोगे समारभे ।**
**हंता छेत्ता पकत्तित्ता, आयसायाणुगामिणो ॥**

**શબ્દાર્થ :– माइणो मायाओ कट्टु** = માયાવી, માયા એટલે કે છળકપટ કરીને, **कामभोगे समारभे** = કામભોગનું સેવન કરે છે, **आयसायाणुगामिणो** = પોતાના સુખની ઈચ્છા કરનારા તેઓ, **हंता छेत्ता पकत्तिता** = પ્રાણીઓનું હનન, છેદન અને કર્તન કરે છે.

**ભાવાર્થ :–** માયાવી વ્યક્તિઓ માયા(છળ–કપટ) કરીને કામભોગોમાં પ્રવૃત્ત થાય છે, પોતાના સુખના ઈચ્છુક તે લોકો પ્રાણીઓને મારે છે, કાપે છે, કર્તન કરે છે.

**૬** **मणसा वयसा चेव, कायसा चेव अंतसो ।**
**आरओ परओ यावि, दुहा वि य असंजया ॥**

**શબ્દાર્થ :– असंजया** = અસંયમી પુરુષ, **अंतसो** = તેમજ કાયાની શક્તિ ન હોય ત્યારે મનથી, **आरओ परओ यावि** = આ લોક અને પરલોક બન્નેને માટે, **दुहा वि** = કરવું અને કરાવવું, આ બન્ને રીતે જીવોની હિંસા કરાવે છે.

**ભાવાર્થ :–** અસંયમી વ્યક્તિ મન, વચન અને કાયાથી, અસમર્થ હોય ત્યારે મનથી આ લોક અને પરલોક માટે સ્વયં પ્રાણીવધ કરે છે અને બીજા પાસે પ્રાણીવધ કરાવે છે.

**૭** **वेराइं कुव्वइ वेरी, तओ वेरेहिं रज्जइ ।**
**पावोवगा य आरंभा, दुक्खफासा य अंतसो ॥**

**શબ્દાર્થ :– वेरी वेराइं कुव्वई** = જીવ હિંસા કરનાર પુરુષ, અનેક જન્મોજન્મ ચાલે તેવું વેર બાંધે છે, **तओवेरेहिं रज्जइ** = ફરી તે નવું વેર બાંધે છે, **आरंभा य पावोवगा** = જીવહિંસા પાપને ઉત્પન્ન કરે છે, **अंतसो दुक्खफासा** = અંતે દુઃખ આપે છે.

**ભાવાર્થ :–** પ્રાણીઘાતક તે જીવનો શત્રુ બની અનેક જન્મો સુધી ચાલે તેવું વેર બાંધે છે. બીજા જન્મમાં તે જીવ તેને મારે છે અને પછીના જન્મમાં પુનઃ આ તેને મારે છે. આ રીતે જીવહિંસા રૂપ પાપની પરંપરા ચલાવે છે અને તે પાપકાર્યો અંતે (વિપાક–ફલભોગવવાના કાળમાં) અનેક દુઃખોનો અનુભવ કરાવે છે.

**૮** **संपरायं णियच्छंति, अत्तदुक्कडकारिणो ।**
**राग दोसस्सिया बाला, पावं कुव्वंति ते बहुं ॥**

**શબ્દાર્થ :– अत्तदुक्कडकारिणो** = સ્વયં પાપ કરનારા જીવો, **संपरायं णियच्छंति** = સાંપરાયિક કર્મ બાંધે છે, **रागदोसस्सिया** = રાગ અને દ્વેષના આશ્રયથી.

**ભાવાર્થ :–** સ્વયં દુષ્કૃત કરનારા જીવ સાંપરાયિક કર્મ બાંધે છે, તે અજ્ઞાની જીવો રાગ અને દ્વેષનો આશ્રય લઈને ઘણાં પાપો કરે છે.

**૯** **एयं सकम्मवीरियं, बालाणं तु पवेइयं ।**
**एत्तो अकम्मवीरियं पंडियाणं सुणेह मे ॥**

**ભાવાર્થ :–** (પૂર્વાર્દ્ધ) આ અજ્ઞાનીજનોનું સકર્મવીર્ય(બાલવીર્ય) કહેવામાં આવ્યું. (ઉત્તરાર્દ્ધ) હવે અહીંથી પંડિતો– ઉત્તમ વિજ્ઞ સાધુઓના અકર્મવીર્યના સંબંધમાં કહે છે તે મારી પાસેથી સાંભળો.

## વિવેચન :–

આ છ ગાથાઓમાં પ્રમાદી–અજ્ઞજનો દ્વારા આચરિત સકર્મવીર્ય અથવા બાલવીર્યનો પરિચય અને તેનું દુષ્પરિણામ રજૂ કરવામાં આવ્યું છે. આ બાલવીર્ય પ્રાણી ઘાતક, પ્રાણી પીડાદાયક, કષાયવર્ધક, વેર પરંપરા વર્ધક, રાગદ્વેષ વર્ધક અને પાપકર્મજનક છે.

**सत्थं શબ્દના વિભિન્ન આશયો :–** વૃત્તિકારે **सत्थं** શબ્દના બે સંસ્કૃત રૂપાંતર કર્યા છે. શસ્ત્ર અને શાસ્ત્ર. તલવાર આદિ શસ્ત્રતો પ્રાણીઘાતક છે જ, કેટલાક શાસ્ત્ર પણ પ્રાણીવિઘાતક છે. જેમકે– (૧) ધનુર્વેદ–જેમાં જીવ મારવાના લક્ષ્યવેધની શિક્ષા આપી (૨) આયુર્વેદ– જેમાં કેટલાક રોગોના નિવારણના ઉપાયો, પ્રાણીઓનાં લોહી, ચરબી, હાડકા, માંસ તેમજ રસ આદિથી બતાવ્યા છે (૩) દંડ–નીતિશાસ્ત્રમાં અપરાધીને શૂળી અથવા ફાંસી પર ચડાવવાની વિધિ છે (૪) અર્થશાસ્ત્રમાં બીજાને ઠગીને ધન પ્રાપ્ત કરવાના ઉપાય બતાવવામાં આવ્યા છે (૫) કામશાસ્ત્રમાં મૈથુન પ્રવૃત્તિ સંબંધી અનેક પ્રયોગો બતાવ્યા છે. આ બધાં શાસ્ત્રોનો આશ્રય લઈને અજ્ઞજન વિવિધ પાપકર્મોમાં પ્રવૃત્ત થઈને પાપકર્મનો બંધ કરે છે.

અશ્વમેઘ, નરમેઘ, સર્વમેઘ આદિ જીવ વધપ્રેરક યજ્ઞો માટે અથર્વવેદ કથિત મંત્રો ભણવામાં આવે છે અથવા પ્રાણીઓનાં મારણ, મોહન, ઉચ્ચાટન આદિ માટે ભણવામાં આવે છે, તે બધા મંત્ર પ્રાણી વિઘાતક છે.

**પાઠાન્તર :– कम्मुणाओ तिउट्टइ** ના બદલે પાઠાન્તર છે **आरंभाय तिउट्टइ**– ઘણા ભોગાર્થી જીવો ત્રણેય (મન, વચન, અને કાયા) થી આરંભમાં અથવા આરંભ માટે પ્રવૃત્ત થાય છે.

## પંડિત(અકર્મ)વીર્ય સાધના :–

**૧૦** **दविए बंधणुम्मुक्के, सव्वओ छिण्णबंधणे ।**
**पणोल्ल पावगं कम्मं, सल्लं कंतइ अंतसो ॥**

**શબ્દાર્થ :– दविए** = મોક્ષાર્થી, **बंधणुमुक्के** = બંધનથી મુક્ત, **सव्वओ छिण्णबंधणे** = બધા પ્રકારે જેમણે બંધનોને નષ્ટ કર્યા છે તેવા તે પુરુષો, **पावगं कम्मं पणोल्ल** = પાપકર્મને છોડીને, **अंतसो सल्लं कंतइ** = પોતાના સંપૂર્ણ કર્મોને નષ્ટ કરી નાખે છે.

**ભાવાર્થ :–** મોક્ષાર્થી પુરુષ સર્વ પ્રકારના બંધનો તથા પાપકર્મને દૂર કરી આઠ પ્રકારના કર્મોનો ક્ષય કરે છે.

**૧૧** **णेयाउयं सुयक्खायं, उवादाय समीहए ।**
**भुज्जो भुज्जो दुहावासं, असुहत्तं तहा तहा ॥**

**શબ્દાર્થ :– णेयाउयं सुयक्खायं** = સમ્યક્જ્ઞાન, દર્શન અને ચારિત્રને તીર્થંકરોએ મોક્ષ માર્ગ કહ્યો છે, **उवादाय समीहए** = વિદ્વાન પુરુષ તેને ગ્રહણ કરીને મોક્ષને માટે ઉદ્યમ કરે છે, **भुज्जो भुज्जो दुहावासं** = બાલવીર્ય વારંવાર દુઃખ આપે છે, **तहा तहा असुहत्तं** = બાલવીર્ય વાળો પુરુષ જેમ જેમ દુઃખ ભોગવે છે તેમ તેમ તેના અશુભ વિચારો વધતા જાય છે.

**ભાવાર્થ :–** સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ મોક્ષ માર્ગ તીર્થંકરોએ કહ્યો છે. બુદ્ધિમાન પુરુષ તેને ગ્રહણ કરી, તેમાં સમ્યક્ ઉદ્યમ કરે. બાલવીર્ય વારંવાર દુઃખ આપે છે. બાલવીર્યવાન્ જેમ જેમ નરકાદિ દુઃખસ્થાનોમાં ભટકે છે, તેમ તેમ તેના અધ્યવસાય અશુદ્ધ થાય છે અને અશુભકર્મ વધે છે.

**૧૨** **ठाणी विविहठाणाणि, चइस्संति ण संसओ ।**
**अणियते अयं वासे, णायएहिं सुहीहि य ॥**

**શબ્દાર્થ :– ठाणी** = ઉચ્ચ સ્થાનો પર બેઠેલા બધા, **विविहठाणाणि चइस्संति ण संसओ** = પોતપોતાનાં સ્થાનોને છોડી દેશે તેમાં સંદેહ નથી, **णायएहिं सुहीहि य** = જ્ઞાતિ અને મિત્રોની સાથે, **अयं वासे** = જે સંવાસ છે તે પણ, **अणियते** = અનિશ્ચિત છે, અનિત્ય છે.

**ભાવાર્થ :–** દેવલોકમાં ઈન્દ્ર, સામાનિક, ત્રાયંસ્ત્રિશ આદિ તથા મનુષ્ય લોકમાં ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ આદિ ઉચ્ચસ્થાનો પર સ્થિત બધા જીવો એક દિવસ, આયુષ્ય ક્ષય થતાં જ પોતપોતાનાં સ્થાનોને છોડી દે છે. જ્ઞાતિજનો અને મિત્રજનોની સાથે જે સંવાસ છે, તે પણ અનિયત–અનિત્ય છે.

**૧૩** **एवमादाय मेहावी, अप्पणो गिद्धिमुद्धरे ।**
**आरियं उवसंपज्जे सव्वधम्ममकोवियं ॥**

**શબ્દાર્થ :– एवमादाय** = આ વિચારીને, **अप्पणो गिद्धिमुद्धरे** = પોતાની મમત્વ બુદ્ધિને હટાવી દે તથા, **सव्वधम्मं** = સર્વ વિરતિ રૂપ, **कोवियं** = નિર્દોષ, **आरियं उवसंपज्जे** = આર્ય ધર્મને ગ્રહણ કરે.

**ભાવાર્થ :–** આ (પૂર્વોક્ત) પ્રકારે વિચાર કરીને મેધાવી સાધક સંસાર પ્રત્યેની આસક્તિ દૂર કરી સર્વ

વિરતિરૂપ અદૂષિત આર્યધર્મનો સ્વીકાર કરે અર્થાત્ સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્રાત્મક નિર્દોષ મોક્ષમાર્ગનો સ્વીકાર કરે.

**१४** **सहसम्मुइए णच्चा, धम्मसारं सुणेत्तु वा ।**
**समुवट्ठिए अणगारे, पच्चक्खायपावए ॥**

**શબ્દાર્થ :– सह सम्मुइए** = સારી બુદ્ધિ દ્વારા,પોતાની બુદ્ધિ દ્વારા, **धम्मसारं** = ધર્મના સાચા સ્વરૂપને, **समुवट्ठिए अणगारे** = આત્માની ઉન્નતિ કરવામાં તત્પર સાધુ, **पच्चक्खायपावए** = પાપના પ્રત્યાખ્યાન કરીને નિર્મળ આત્માવાળો થાય છે.

**ભાવાર્થ :–** નિર્મળ બુદ્ધિથી ધર્મના સાચા સ્વરૂપને જાણી, સાંભળીને સાધક પાપયુક્ત અનુષ્ઠાનનો ત્યાગ કરી અણગાર ધર્મમાં સમ્યક્ ઉદ્યમવંત રહે.

**१५** **जं किंचुवक्कमं जाणे, आउक्खेमस्स अप्पणो ।**
**तस्सेव अंतरा खिप्पं, सिक्खं सिक्खेज्ज पंडिए ॥**

**શબ્દાર્થ :– अप्पणो आउक्खेमस्स** = પોતાના આયુષ્યનો, **जं किंचुवक्कमं जाणे** = કોઈ પણ પ્રકારે ઉપક્રમ કે ઘાત જો જાણે તો, **तस्सेव अंतरा** = તે પહેલાં જ, **खिप्पं** = જલ્દીથી, **सिक्खं** = સંલેખના રૂપ શિક્ષા, **सिक्खेज्ज** = ગ્રહણ કરે.

**ભાવાર્થ :–** પંડિત સાધુ જો કોઈ પ્રકારે પોતાના આયુષ્યનો ઉપક્રમ (ક્ષય–કારણ) જાણે તો તે ઉપક્રમ કાળની અંદર(પહેલાથી) જ શીઘ્ર સંલેખનારૂપ અથવા ભક્તપરિજ્ઞા તેમજ ઈંગિતમરણ આદિરૂપ પંડિતમરણની શિક્ષાનું પ્રશિક્ષણ લે, ગ્રહણ કરે.

**१६** **जहा कुम्मे सअंगाइं, सए देहे समाहरे ।**
**एवं पावाइं मेहावी, अज्झप्पेण समाहरे ॥**

**શબ્દાર્થ :– कुम्मे** = કાચબો, **अज्झप्पेण** = ધર્મધ્યાન આદિની ભાવનાથી, **समाहरे** = સંકુચિત કરી દે.

**ભાવાર્થ :–** જેમ કાચબો પોતાનાં અંગોને પોતાનાં શરીરમાં સંકોચી લે છે, તે રીતે મેધાવી પાપોને અધ્યાત્મ–સમ્યક્ ધર્મધ્યાનાદિની ભાવનાથી સમેટી લે, સંવરિત કરી લે.

**१७** **साहरे हत्थ–पाए य, मणं सव्वेंदियाणि य ।**
**पावगं च परिणामं भासादोसं च तारिसं ॥**

**શબ્દાર્થ :– साहरे** = સંકુચિત રાખે, **मणं पंचेदियाणि य** = મન તથા પાંચ ઈન્દ્રિયોને પણ તેના

વિષયોથી નિવૃત્ત રાખે, **तारिसं भासादोसं च** = પાપમય ભાષાદોષને પણ ત્યાગી દે.

**ભાવાર્થ :–** પાદપોપગમન, ઈંગિતમરણ અથવા ભક્ત પરિજ્ઞાદિરૂપ અનશન કાળ અથવા અંતકાળમાં પંડિતસાધક કાચબાની જેમ પોતાના હાથ–પગ ને સંકોચી લે, સમસ્ત વ્યાપારોથી રોકી લે, મનને અકુશળ(બુરા)સંકલ્પોથી રોકે, ઈન્દ્રિયોને સંકુચિત કરે અર્થાત્ અનુકૂળ પ્રતિકૂળ વિષયોમાં રાગદ્વેષ ન કરે. આ લોક–પરલોકમાં સુખ પ્રાપ્તિની કામનારૂપ પરિણામનો તથા તેવા પ્રકારના ભાષાદોષોનો ત્યાગ કરે.

**૧૮** **अणु माणं च मायं च, तं परिण्णाय पंडिए ।**
**सायागारवणिहुए, उवसंतेऽणिहे चरे ॥**

**શબ્દાર્થ :– अणु** = અલ્પ માત્રામાં, **तं परिण्णाय** = માન અને માયાનું ખરાબ ફળ જાણીને તેનો ત્યાગ કરે, **सायागारव णिहुए** = સુખશીલતાથી રહિત, **अणिहे** = સ્નેહ–આસક્તિ રહિત થઈને.

**ભાવાર્થ :–** પંડિત સાધક જરામાત્ર પણ અભિમાન અને માયા ન કરે. માન અને માયાનું અનિષ્ટ ફળ જાણીને સાધક શાતા–સુખ સુવિધા પ્રાપ્તિના અહંકારમાં ઉદ્યત ન થાય તથા ઉપશાંત તેમજ નિઃસ્પૃહ અથવા માયા રહિત થઈને સંયમમાં વિચરે.

**૧૯** **पाणे य णाइवाएज्जा, अदिण्णं पि य णाइए ।**
**साइयं ण मुसं बूया, एस धम्मे वुसीमओ ॥**

**શબ્દાર્થ :– णाइए** = ગ્રહણ ન કરે, ન લે, **साइयं** = માયા યુક્ત, માયા કરીને, **वुसीमओ एस धम्मे** = જિતેન્દ્રિય સંયમી પુરુષોનો આ જ ધર્મ છે.

**ભાવાર્થ :–** કોઈપણ પ્રાણીઓનો ઘાત ન કરે તથા અદત્ત(નહીં આપેલો પદાર્થ) પણ ગ્રહણ ન કરે. તેમજ માયા–મૃષાવાદ ન કરે, આ જ જિતેન્દ્રિય સંયમી સાધકનો ધર્મ છે.

**૨૦** **अइक्कमं ति वायाए, मणसा वि ण पत्थए ।**
**सव्वओ संवुडे दंते, आयाणं सुसमाहरे ॥**

**શબ્દાર્થ :– अइकम्मं ति** = કોઈ જીવને પીડા આપવાની, **वायाए** = વાણીથી, **मणसा वि** = મનથી પણ, **ण पत्थए** = ઈચ્છા ન કરે, **सव्वओ संवुडे** = બહાર અને અંદર સર્વ રૂપે ગુપ્ત રહે, **दंते आयाणं सुसमाहरे** = ઈન્દ્રિયોનું દમન કરતો સાધુ સારી રીતે સંયમનું પાલન કરે.

**ભાવાર્થ :–** પ્રાણીઓને વાણીથી કે મનથી પીડા આપવાની ઈચ્છા ન કરે. બહાર અને અંદરથી સંવૃત્ત(ગુપ્ત) થઈને રહે, તેમજ ઈન્દ્રિયોનું દમન કરતો સાધુ આદાન–સંયમ માટે સમ્યક્ આરાધના કરે.

**૨૧** **कडं च कज्जमाणं च, आगमेस्सं च पावगं ।**
**सव्वं तं णाणुजाणंति, आयगुत्ता जिइंदिया ॥**

**શબ્દાર્થ :– कडं च कज्जमाणं च आगमिस्सं च पावगं** = કરેલા, કરાતા અથવા જે પાપ કરાશે, **सव्वं तं णाणुजाणंति** = તે બધાનું અનુમોદન કરે નહીં.

**ભાવાર્થ :–** આત્મગુપ્ત જિતેન્દ્રિય સાધક કરાયેલાં, કરવામાં આવતાં અને ભવિષ્યમાં થનારાં પાપનું મન, વચન, કાયાથી અનુમોદન કરે નહીં.

## વિવેચન :–

આ ૧૨ ગાથાઓ દ્વારા પંડિતવીર્યની સાધના માટેના ૨૮ પ્રેરણા સૂત્રો પ્રગટ કર્યા છે. (૧) ભવ્ય મોક્ષાર્થી હોય (૨) અલ્પકષાયી હોય અથવા અતિમાની, અતિક્રોધી ન હોય અર્થાત્ સરાગ અવસ્થામાં કદાચ ક્રોધાદિ કષાયનો ઉદય થઈ જાય તો તે ઉદયને નિષ્ફળ બનાવી દે (૩) કષાયાત્મક બંધનોથી મુક્ત હોય (૪) પાપકર્મના કારણભૂત આશ્રવોને દૂર કરી કષાયાત્મક બંધનોને કાપી,શેષ કર્મોને દૂર કરવા ઉદ્યમવંત રહે (૫) મોક્ષ તરફ લઈ જનારાં(નેતા) સમ્યક્દર્શન–જ્ઞાન– ચારિત્રને માટે પુરુષાર્થ કરે (૬) ધ્યાન, સ્વાધ્યાય આદિ મોક્ષસાધક અનુષ્ઠાનોમાં સમ્યક્ ઉદ્યમ કરે (૭) બાલવીર્ય દુઃખદાયક છે. અશુભ કર્મબંધનું કારણ છે, તેનો વિચાર કરે તથા સુગતિઓમાં ઉચ્ચ સ્થાનો તેમજ પરિજનોની સાથેના સહવાસની અનિત્યતાનું અનુપ્રેક્ષણ કરે (૮) આ પ્રકારના ચિંતનપૂર્વક આસક્તિ અથવા મમત્વબુદ્ધિ દૂર કરે (૯) સર્વ વિરતિ રૂપ નિર્દોષ, રત્નત્રયાત્મક મોક્ષ માર્ગનો સ્વીકાર કરે (૧૦) પવિત્ર બુદ્ધિથી ધર્મના સારને જાણી, સાંભળી, આત્માના જ્ઞાનાદિ ગુણોના ઉપાર્જનમાં ઉદ્યમ કરે (૧૧) પાપયુક્ત અનુષ્ઠાનનો ત્યાગ કરે (૧૨) પોતાના આયુષ્યનો ઉપક્રમ જણાય તો શીઘ્ર સંલેખનારૂપ, પંડિતમરણરૂપ શિક્ષા ગ્રહણ કરે (૧૩) કાચબો જેવી રીતે અંગોને સંકોચી લે છે, તેવી જ રીતે પંડિત સાધક પાપરૂપી કાર્યોને સમ્યક્ ધર્મધ્યાનાદિની ભાવનાથી સંકુચિત કરે (૧૪) અનશન કાળમાં મન, વચન, કાયાના સમસ્ત વ્યાપારોને, પોતાના હાથ–પગને અને અકુશલ સંકલ્પોથી મનને રોકી લે. અનુકૂળ–પ્રતિકૂળ વિષયોમાં રાગદ્વેષ છોડી ઈન્દ્રિયોને સંકુચિત કરે (૧૫) પાપરૂપ પરિણામવાળી દુષ્કામનાઓનો તથા પાપરૂપ ભાષાદોષનો ત્યાગ કરે (૧૬) લેશમાત્ર પણ અભિમાન અને માયા ન કરે (૧૭) અભિમાનના અનિષ્ટ ફળને જાણીને સુખપ્રાપ્તિના ગૌરવમાં ઉદ્યત ન થાય (૧૮) ઉપશાંત તથા નિઃસ્પૃહ અથવા માયા રહિત થઈને વિચરણ કરે (૧૯) પ્રાણીહિંસા ન કરે (૨૦) અદત્ત ગ્રહણ ન કરે (૨૧) માયાસહિત અસત્ય ન બોલે (૨૨) પ્રાણીઓના પ્રાણોનું ઉત્પીડન કાયાથી જ નહીં વચન અને મનથી પણ ન કરે (૨૩) બહાર અને અંદરથી સંવૃત (ગુપ્ત) થઈને રહે (૨૪) ઈન્દ્રિય દમન કરે (૨૫) મોક્ષદાયક સમ્યક્દર્શનાદિ રૂપ સંયમની આરાધના કરે (૨૬) પાપથી આત્માને બચાવે (૨૭) જિતેન્દ્રિય રહે અને (૨૮) કોઈના દ્વારા ભૂતકાળમાં કરાયેલાં, વર્તમાનમાં કરાતાં અને ભવિષ્યમાં થનારા પાપનું મન, વચન, કાયાથી અનુમોદન પણ ન કરે.

**सव्वधम्ममकोवियं :–** બે અર્થ છે. (૧) બધા કુતીર્થિક ધર્મો દ્વારા અકોપિત–અદૂષિત (૨) બધા ધર્મો– અનુષ્ઠાનરૂપ સ્વભાવોથી જે અગોપિત–પ્રગટ છે.

**सिक्खं सिक्खेज्ज :–** શિક્ષાથી–યથાવત્ મરણવિધિ જાણીને આસેવન શિક્ષાથી તેનો અભ્યાસ કરે.

**अणुमाणं...पंडिए :–** બે પાઠાન્તર મળે છે. (૧) **सुयं मे इहमेगेसि एयं वीरस्स वीरियं ।**

ભાવાર્થ– જે બળથી સંગ્રામમાં શત્રુસેના પર વિજય પ્રાપ્ત કરાય છે, તે પરમાર્થ રૂપે વીર્ય નથી, પરંતુ જે બળથી કામ ક્રોધાદિ આંતરિક શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરવામાં આવે છે, તે જ વાસ્તવમાં વીર–મહાપુરુષોનું વીર્ય છે, આ વચન મેં આ મનુષ્ય જન્મમાં અથવા સંસારમાં તીર્થંકરો પાસેથી સાંભળ્યું છે. (૨) **आयतट्ठं सुआदाय एयं वीरस्स वीरियं** । ભાવાર્થ–આયત અથવા મોક્ષ. આયતાર્થ = મોક્ષરૂપ અર્થ અથવા મોક્ષરૂપ પ્રયોજન. સાધક સમ્યક્ દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ માર્ગને સમ્યક્પ્રકારે ગ્રહણ કરીને જે ધૈર્યબળ થી કામ ક્રોધાદિ પર વિજય પ્રાપ્ત કરવા માટે પરાક્રમ કરે છે. તે જ વીરનું વીર્ય છે.

### અશુદ્ધ અને શુદ્ધ પરાક્રમ :–

**૨૨** **जे याऽबुद्धा महाभागा, वीरा असम्मत्तदंसिणो ।**
**असुद्धं तेसिं परक्कंतं, सफलं होइ सव्वसो ॥**

**શબ્દાર્થ :– जे याऽबुद्धा** = જે પુરુષ ધર્મના રહસ્યને જાણતા નથી, **महाभागा** = પરંતુ જગતમાં પૂજનીય માનવામાં આવે છે, **वीरा** = શત્રુની સેનાને જીતવામાં વીર છે, **असमत्तदंसिणो** = તથા સમ્યક્દર્શનથી રહિત છે, **तेसिं परक्कंतं असुद्धं** = તેઓનો તપ, દાનાદિનો ઉદ્યમ અશુદ્ધ છે, **सव्वसो सफलं होइ** = તે કર્મબંધ માટે સફળ હોય છે.

**ભાવાર્થ :–** જે વ્યક્તિ અબુદ્ધ(ધર્મના વાસ્તવિક તત્ત્વથી અજાણ) છે, પરંતુ જગતમાં પૂજાય છે. તેમજ શત્રુસેના અથવા પ્રતિવાદીને જીતવામાં વાગ્વીર છે તથા મિથ્યાદષ્ટિ છે તેવા લોકોનું તપ, દાન, અધ્યયન, યમ નિયમ આદિમાં કરાયેલું પરાક્રમ(વીર્ય) અશુદ્ધ છે, તેમનું તે પરાક્રમ કર્મબંધરૂપ ફળયુક્ત હોય છે.

**૨૩** **जे य बुद्धा महाभागा, वीरा सम्मत्तदंसिणो ।**
**सुद्धं तेसिं परक्कंतं, अफलं होइ सव्वसो ॥**

**શબ્દાર્થ :– वीरा** = કર્મનું વિદારણ કરવામાં નિપુણ, **अफलं होइ** = તે કર્મબંધ માટે નિષ્ફળ હોય છે એટલે કે કર્મના નાશ રૂપ મોક્ષ માટે હોય છે.

**ભાવાર્થ :–** જે સાધક પદાર્થના જ્ઞાતા છે, મહાભાગ્યવાન છે, કર્મવિદારણ કરવામાં સહિષ્ણુ અથવા જ્ઞાનાદિ ગુણોથી વિરાજિત(વીર)છે તથા સમ્યક્દષ્ટિ છે, તેઓનું તપ, અધ્યયન, યમ નિયમ આદિ સમસ્ત– પરાક્રમ શુદ્ધ અને સર્વથા કર્મબંધરૂપ ફળથી રહિત માત્ર કર્મક્ષય માટે હોય છે.

**૨૪** **तेसिं पि तवो सुद्धो, णिक्खंता जे महाकुला ।**
**जं णेवण्णे वियाणंति, ण सिलोगं पवेयए ॥**

**શબ્દાર્થ :– तेसिं पि तवो सुद्धो** = તેઓનું તપ પણ શુદ્ધ છે, **जे महाकुला णिक्खंता** = મોટાકુળવાળાએ દીક્ષા લઈને પણ, **जं अण्णे णेव वियाणंति** = અન્ય લોકો જાણે નહીં તે રીતે તપ કરે,

**ण सिलोगं पवेयए** = તપસ્વી પોતાની પ્રશંસા પણ ન કરે.

**ભાવાર્થ :–** મહાકુળમાંથી પ્રવ્રજિત થયેલ વ્યક્તિ અન્ય વ્યક્તિ ન જાણે તેમ તપ કરે તથા પોતાના તપની પ્રશંસા ન કરે તેઓનું તપ શુદ્ધ છે.

## વિવેચન :–

આ ત્રણ ગાથાઓમાં શાસ્ત્રકાર અશુદ્ધ અને શુદ્ધ પરાક્રમના આધારે બાલવીર્ય અને પંડિતવીર્યનું અંતર સમજાવે છે. સાધક, સાધન અને સાધ્ય ત્રણે શુદ્ધ હોય તો જ તે પરાક્રમ શુદ્ધ–પંડિતવીર્ય કહેવાય. સમ્યગ્દષ્ટિ જીવ શુદ્ધ સાધક કહેવાય. મોક્ષનું, કર્મક્ષયનું લક્ષ્ય હોય તે સાધ્ય–શુદ્ધ કહેવાય અને સ્વાધ્યાય, ધ્યાન, દાન, તપ યથાવત રૂપે કરાય તો સાધન શુદ્ધ કહેવાય. પરમાર્થના જ્ઞાતા, સમ્યગ્દષ્ટિ સાધક મોક્ષ અર્થે સ્વાધ્યાયાદિમાં જે પુરુષાર્થ કરે તે પંડિતવીર્ય છે. તેથી વિપરીત મિથ્યાદષ્ટિ જીવ માન–સન્માન, પૂજા સત્કારાદિ માટે સ્વાધ્યાયાદિમાં જે પરાક્રમ કરે તે બાલવીર્ય છે. સાધ્ય, સાધક, સાધનમાંથી એક પણ અશુદ્ધ હોય તો તે બાલવીર્ય જ કહેવાય છે.

**तेसिं पि तवो सुद्धो :–** આ ગાથામાં શુદ્ધ તપનું સ્વરૂપ બતાવ્યું છે. જે ગુપ્ત તપશ્ચર્યા કરે છે, યશકીર્તિની ચાહના કરતા નથી, તેઓનું તપ પૂર્ણ શુદ્ધ હોય છે.

**બાલજનોનું પરાક્રમ :–** અનેક શાસ્ત્રોમાં પંડિત અને ત્યાગ નિયમ વગેરે ગુણોના કારણે લોકપૂજ્ય તથા વાણીવીર હોવાછતાં પણ સમ્યક્ તત્ત્વજ્ઞાનથી રહિત, મિથ્યાદષ્ટિ બાલજન છે. તેમના દ્વારા તપ, દાન, અધ્યયન, આદિ કોઈ પણ ક્રિયા આત્મશુદ્ધિકારક નથી પરંતુ કર્મબંધકારક હોવાથી આત્માને અશુદ્ધ બનાવી દે છે, જેવી રીતે કુવૈદ્યની ચિકિત્સાથી રોગનાશ થવાને બદલે રોગમાં વધારો થાય છે, તેવી જ રીતે તે અજ્ઞાની મિથ્યાદષ્ટિજનોની તપ આદિ સમસ્ત ક્રિયાઓ ભવભ્રમણરૂપી રોગના નાશને બદલે ભવભ્રમણમાં વૃદ્ધિ કરે છે.

## પંડિતવીર્ય સાધનાનો આદર્શ :–

**૨૫** **अप्पपिंडासि पाणासि, अप्पं भासेज्ज सुव्वए ।**
**खंतेऽभिणिव्वुडे दंते, वीतगेही सया जए ॥**

**શબ્દાર્થ :– अप्पपिंडासि** = સાધુ ઉદરનિર્વાહ માટે થોડો આહાર કરે, **पाणासि** = થોડું પાણી પીવે, **सुव्वए** = સુવ્રત પુરુષ, **अप्पं भासेज्ज** = થોડું બોલે, **खंते अभिणिव्वुडे** = ક્ષમાશીલ, લોભાદિ રહિત, **दंते** = જિતેન્દ્રિય, **वीतगेही सया जए** = વિષયભોગમાં આસક્તિ રહિત થઈને હંમેશાં સંયમનું અનુષ્ઠાન કરે.

**ભાવાર્થ :–** સુવ્રતી(મહાવ્રતી) સાધુ થોડો આહાર કરે, થોડું પાણી પીએ; થોડું બોલે. તે હંમેશાં ક્ષમાશીલ, લોભાદિથી રહિત, શાંત, દાન્ત (જિતેન્દ્રિય) તેમજ વિષયભોગોમાં અનાસક્ત રહી સંયમપાલનમાં પુરુષાર્થ કરે.

**૨૬** **झाणजोगं समाहट्टु, कायं विउसेज्ज सव्वसो ।**
**तितिक्खं परमं णच्चा, आमोक्खाए परिव्वएज्जासि ॥ त्ति बेमि ॥**

**શબ્દાર્થ :– झाणजोगं समाहट्टु** = સાધુ ધ્યાનયોગને ગ્રહણ કરીને, **सव्वसो कायं विउसेज्ज** = સર્વ પ્રકારે શરીરના વ્યાપારોને રોકે, **तितिक्खं परमं णच्चा** = પરીષહ તથા ઉપસર્ગ સહન કરવાને ઉત્તમ સમજી, **आमोक्खाए परिवएज्जासि** = મોક્ષની પ્રાપ્તિ પર્યંત(મોક્ષ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી) સંયમનું અનુષ્ઠાન(પાલન) કરે.

**ભાવાર્થ :–** સાધુ ધ્યાનયોગને સમ્યક્પ્રકારે ગ્રહણ કરી પૂર્ણરૂપે કાયાનો વ્યુત્સર્ગ કરે, પ્રવૃત્તિઓથી શરીરને રોકે. પરીષહ–ઉપસર્ગ સહનરૂપ તિતિક્ષાને પ્રધાન(સર્વોત્કૃષ્ટ) સાધના સમજી મોક્ષ પર્યન્ત સંયમ પાલનમાં પરાક્રમ કરે.

**વિવેચન :–**

અધ્યયનનો ઉપસંહાર કરતા શાસ્ત્રકારે બે ગાથાઓ દ્વારા પંડિતવીર્યની સાધનાનો આદર્શ રજૂ કર્યો છે.

સાધકની પાસે મન, વચન, કાયા આ ત્રણ મોટા સાધનો છે, આ ત્રણેયમાં બહુ મોટી શક્તિ છે. પરંતુ જો તે મનની આ શક્તિ વિષયોપભોગોની પ્રાપ્તિના ચિંતન, કષાય અથવા રાગ–દ્વેષ–મોહ આદિમાં અથવા દુઃસંકલ્પ, દુર્ધ્યાન આદિ કરવામાં વાપરે તો તે આત્માના ઉત્થાનને સ્થાને પતન તરફ ગતિ કરે છે. આ રીતે વચનની શક્તિને જે કર્કશ, કઠોર, હિંસાજનક, પીડાકારી, સાવદ્ય, નિરર્થક, અસત્ય અથવા કપટયુક્તવાણી બોલવામાં કરે, વાણીનો સમ્યક્ ઉપયોગ ન કરે તો તે શક્તિનો દુર્વ્યય કરે છે. કાયાને ખાવાપીવામાં, પુષ્ટ બનાવવામાં, સજાવવામાં શક્તિ વ્યય કરે અથવા આહાર–પાણી, વસ્ત્ર, મકાન આદિ પદાર્થોનો વધુમાં વધુ ઉપભોગ કરી તે પોતાની શક્તિનો પ્રયોગ કરે તો તે શક્તિનો દુર્વ્યય કરે છે. તેથી શાસ્ત્રકાર પંડિતવીર્ય સાધકની સમક્ષ તેના ત્યાગ–તપ પ્રધાન જીવનને અનુરૂપ એક આદર્શની ઝાંખી પ્રસ્તુત કરે છે. જે સાધક થોડો આહાર કરે છે, થોડું બોલે છે, થોડી નિદ્રા લે છે, પોતાના સંયમના ઉપકરણ અત્યંત અલ્પ રાખે છે, તેને દેવતા પણ પ્રણામ કરે છે.

પંડિતવીર્યની સાધનામાં શરીર ગૌણ હોય છે, આત્મા મુખ્ય છે, તેથી શરીરની ભક્તિ છોડી સાધકે આત્મભક્તિ પર જ મુખ્યરૂપે ધ્યાન આપવું જોઈએ. તો જ તેની શક્તિ સફળ થાય. સાધકનું જીવન પંડિતવીર્યની સાધનામય રહે અને મૃત્યુ પણ પંડિતવીર્યની સાધનામય બને તેમાં જ જીવનની સાર્થકતા છે.

**॥ અધ્યયન ૮ સંપૂર્ણ ॥**

# નવમું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ "ધર્મ" છે. ધર્મ શબ્દ શુભકર્મ, કર્તવ્ય, કુશળ અનુષ્ઠાન, સુકૃત, પુણ્ય, સદાચાર, સ્વભાવ, ગુણ, પર્યાય, ધર્માસ્તિકાય, દ્રવ્ય, મર્યાદા, રીત, વ્યવહાર આદિ અર્થોમાં પ્રયુક્ત થાય છે. ધર્મનું લક્ષણ બતાવતા આચાર્યોએ કહ્યું છે કે–

**दुर्गतो पततः जीवान् , यस्माद् धारयते ततः ।**
**धत्ते चैतान् शुभेस्थाने, तस्माद् धर्मः इति स्मृतः ॥**

દુર્ગતિમાં પડતા જીવોને શુભ સ્થાનમાં ધારી રાખે તે ધર્મ. નિર્યુક્તિકારે નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવની દષ્ટિએ ધર્મના ચાર નિક્ષેપ કર્યા છે. નામ અને સ્થાપનાધર્મ તો સુગમ છે. દ્રવ્યધર્મ સચિત, અચિત અને મિશ્ર દ્રવ્યના સ્વભાવ અર્થમાં છે અથવા ષડ્દ્રવ્યોમાં જે જેનો સ્વભાવ છે, તે તેનો દ્રવ્યધર્મ છે. કુલ, ગ્રામ, નગર, રાષ્ટ્ર આદિ સાથે સંબંધિત જે ગૃહસ્થોના નિયમ–ઉપનિયમ, મર્યાદાઓ, કર્તવ્ય અથવા જવાબદારીના રૂપમાં જે કુળધર્મ, ગ્રામધર્મ આદિ છે તે પણ દ્રવ્યધર્મ કહેવાય છે. અન્નપુણ્ય આદિ નવપ્રકારના પુણ્ય છે તેને પણ દ્રવ્યધર્મ સમજવા જોઈએ.

ભાવધર્મ બે પ્રકારનો છે– લૌકિક અને લોકોતર. લૌકિક ધર્મ બે પ્રકારનો છે– ગૃહસ્થોનો અને પાસંડીઓનો. લોકોત્તર ધર્મ સમ્યક્જ્ઞાન, સમ્યગદર્શન અને સમ્યક્ચારિત્રના ભેદથી ત્રણ પ્રકારનો છે. આ અધ્યયનમાં લોકોત્તર ભાવધર્મનો જ અધિકાર છે.

આ અધ્યયનમાં જ્ઞાન, દર્શન, ચારિત્રસંપન્ન સાધુ માટે વીતરાગપ્રરૂપિત લોકોત્તર ધર્મ (આચાર–વિચાર)નું નિરૂપણ કરાવામાં આવ્યું છે. ષડ્જીવનિકાયના આરંભ, પરિગ્રહ આદિમાં લીન વ્યક્તિ આ લોક–પરલોકમાં દુઃખમુક્ત થઈ શકતા નથી, તેથી સાધુએ મોક્ષમાર્ગનો વિચાર કરીને નિર્મમત્વ, નિરારંભ, નિરહંકાર, નિરપેક્ષ તેમજ નિષ્પરિગ્રહી થઈને સંયમ ધર્મમાં ઉદ્યત રહેવાનો શાસ્ત્રકારે નિર્દેશ કર્યો છે. મૃષાવાદ, મૈથુન, પરિગ્રહ–અદત્તાદાન, માયા, લોભ, ક્રોધ, માન આદિના ત્યાગનો તથા પ્રક્ષાલન, રંજન, બસ્તીકર્મ, વિરેચન, વમન, અંજન, ગંધ, માલ્ય, સ્નાન, દંતપ્રક્ષાલન, વસ્તુપરિગ્રહ(સંગ્રહ), હસ્તકર્મ, ઔદ્દેશિક આદિ દોષયુક્ત આહારસેવન, રસાયણસેવન, મર્દન, જ્યોતિષ પ્રશ્ન, સાંસારિકવાતો, શય્યાતર પિંડગ્રહણ, દ્યૂતક્રીડા, ધર્મ વિરુદ્ધ કથન, પગરખાં, છત્રી, પંખાથી હવા નાખવી, ગૃહસ્થ પાત્ર–વસ્ત્ર સેવન, ખુરશી પલંગનો ઉપયોગ, ગૃહસ્થના ઘરે બેસવું, તેમના ખબરઅંતર(કુશળ સમાચાર) પૂછવા, પૂર્વક્રીડિત સ્મરણ, યશ–કીર્તિ, પ્રશંસા, વંદન–પૂજન, અસંયમ ઉત્પાદક અશન–પાન તથા ભાષાદોષ સાધુના સંયમધર્મને દૂષિત કરનારા આચાર–વ્યવહારના ત્યાગનો ઉપદેશ છે.

આ અધ્યયનની કુલ ૩૬ ગાથાઓ છે.

# નવમું અધ્યયન

## ધર્મ

**ધર્માચરણનો બોધ :–**

**१** कयरे धम्मे अक्खाए, माहणेण मईमया ।
अंजुं धम्मं अहातच्चं, जिणाणं तं सुणेह मे ॥

**શબ્દાર્થ :– मईमया** = કેવળજ્ઞાની, **माहणेण** = જીવોને ન મારવાનો ઉપદેશ આપનારા ભગવાન મહાવીર સ્વામીએ, **तं अंजुं धम्मं** = તે સરળધર્મને, **अहातच्चं** = યથાર્થ રૂપે.

**ભાવાર્થ :–** કેવળ જ્ઞાનસંપન્ન, મહામાહણ (અહિંસાના પરમ ઉપદેશક)ભગવાન મહાવીર સ્વામીએ કયો ધર્મ બતાવ્યો છે ? જિનેશ્વરો દ્વારા ઉપદિષ્ટ તે સરળ ધર્મને યથાર્થ રૂપે મારી પાસેથી સાંભળો.

**२** माहणा खत्तिया वेस्सा, चंडाला अदु बोक्कसा ।
एसिया वेसिया सुद्दा, जे य आरंभणिस्सिया ॥

**३** परिग्गहे णिविट्ठाणं, वेरं तेसिं पवड्ढइ ।
आरंभसंभिया कामा, ण ते दुक्खविमोयगा ॥

**શબ્દાર્થ :– बोक्कसा** = બુક્કસ–વર્ણશંકર, **परिग्गहे णिविट्ठाणं** = પરિગ્રહમાં આસક્ત રહેનારાં, **तेसिं वेरं पवड्ढइ** = આ પ્રાણીઓને બીજા પ્રાણીઓની સાથે વેર વધે છે, **आरंभसंभिया कामा** = તે વિષય લોલુપ જીવો આરંભથી ભરેલા છે.

**ભાવાર્થ :–** બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, ચાંડાલ અથવા બુક્કસ–અવાંતર જાતિય વર્ણસંકર, એષિક–શિકારી, હસ્તિતાપસ અથવા કંદમૂળાદિ ખાનાર પાસંડીઓ, વૈશિક–માયા–પ્રધાનકલાજીવી–જાદુગર તથા શૂદ્ર જે આરંભમાં આસક્ત જીવ છે, જે વિવિધ પરિગ્રહમાં મૂર્છિત છે, તેઓનું બીજાં પ્રાણીઓની સાથે વેર વધે છે. તેઓ કામભોગોમાં પ્રવૃત્ત(વિષય લોલુપી) આરંભથી પરિપૂર્ણ (આરંભમગ્ન) છે. તેઓ દુઃખોથી અથવા દુઃખરૂપ કર્મોથી મુક્ત થઈ શકતા નથી.

**४** आघायकिच्चमाहेउं, णायओ विसएसिणो ।
अण्णे हरंति तं वित्तं, कम्मी कम्मेहिं किच्चइ ॥

**શબ્દાર્થ :– विसएसिणो णायओ** = સાંસારિક સુખના ઈચ્છુક જ્ઞાતિવર્ગ, **आघायकिच्चमाहेउं** = અગ્નિ સંસ્કાર આદિ કરીને, **तं वित्तं हरंति** = મરેલાં પ્રાણીના ધનને લઈ લે છે, **कम्मी कम्मेहिं किच्चइ** = પરંતુ તે દ્રવ્યને એકત્ર કરવા માટે કરાયેલાં પાપકર્મોનું ફળ તે પુરુષ એકલો જ ભોગવે છે, કર્મ કરનાર તે કર્મોથી દુઃખી થાય છે.

**ભાવાર્થ :–** વૈષયિક સુખના અભિલાષી જ્ઞાતિજન અથવા અન્ય લોકો અગ્નિસંસ્કાર આદિ મરણોત્તર કૃત્ય કરીને મૃતક વ્યક્તિના ધનને હરી લે છે. પરંતુ વિવિધ પાપકર્મ કરીને ધનસંચિત કરનારો તે મૃત વ્યક્તિ પોતાનાં પાપકર્મોના ફળસ્વરૂપ દુઃખને એકલો જ ભોગવે છે.

**૫** **माया पिया ण्हुसा भाया, भज्जा पुत्ता य ओरसा ।**
**णालं ते तव ताणाए, लुप्पंतस्स सकम्मुणा ॥**

**શબ્દાર્થ :– सकम्मुणा** = પોતાના પાપકર્મથી, **लुप्पंतस्स** = સંસારમાં પીડિત થતાં, **ण्हुसा** = પુત્રવધૂ, **ओरसा य पुत्ता णालं** = ઓરસપુત્ર કોઈપણ સમર્થ હોતા નથી.

**ભાવાર્થ :–** પોતાનાં પાપકર્મથી સંસારમાં પીડિત તમારી રક્ષા કરવામાં માતા, પિતા, પત્ની, ભાઈ અને સગાપુત્ર આદિ કોઈ પણ સમર્થ હોતા નથી.

**૬** **एयमट्ठं सपेहाए, परमट्ठाणुगामियं ।**
**णिम्ममो णिरहंकारो, चरे भिक्खू जिणाहियं ॥**

**શબ્દાર્થ :– परमट्ठाणुगामियं** = પરમાર્થના સંયમ અથવા મોક્ષના અનુગામી, **जिणाहियं चरे** = જિન ભાષિત ધર્મનું આચરણ કરે, જિનાજ્ઞાનુસાર ચાલે.

**ભાવાર્થ :–** પોતાના કરેલાં પાપથી દુઃખ ભોગવતાં પ્રાણીની રક્ષા કોઈ કરી શકતું નથી, આ વાતને તથા પરમાર્થરૂપ મોક્ષ અથવા સંયમના, અનુગામી(કારણ) સમ્યક્દર્શનાદિને સમ્યક્રૂપે જાણી મમત્વરહિત નિરહંકાર થઈ ભિક્ષુ જિનાજ્ઞાનુસાર આચરણ કરે.

**૭** **चिच्चा वित्तं च पुत्ते य, णायओ य परिग्गहं ।**
**चिच्चाण अंतगं सोयं, णिरवेक्खो परिव्वए ॥**

**શબ્દાર્થ :– अंतगं सोयं च चिच्चाण** = અંતરના શોકને છોડી, **णिरवेक्खो परिव्वए** = સંસારથી નિરપેક્ષ થઈને સંયમનું અનુષ્ઠાન કરે.

**ભાવાર્થ :–** ધન, ધાન્ય, પુત્રો, જ્ઞાતિજનો, પરિગ્રહનો ત્યાગ કરી, અંતરના શોકસંતાપને છોડી સાધક નિરપેક્ષ (નિસ્પૃહ) થઈ સંયમપાલનમાં પ્રગતિ કરે.

## વિવેચન :-

આ સાત ગાથાઓમાં વિવિધ દૃષ્ટિકોણોથી એ બતાવ્યું છે કે જિનોક્ત શ્રમણ ધર્મનું પાલન શા માટે ? અને કેવી રીતે કરવું જોઈએ ?

**સંસારવર્ધક ચાર મુખ્ય કારણોથી છૂટવા શ્રમણધર્મનો સ્વીકાર કરવો શ્રેયસ્કર છે :–** (૧) આરંભપરિગ્રહાસક્ત જીવ પ્રાણીઓ સાથે લાંબાકાળ સુધીનું વેર વધારે છે (૨) વિષયસુખ લોલુપ આરંભમગ્ન જીવ દુઃખોથી મુક્ત થઈ શકતો નથી (૩) જ્ઞાતિજન વ્યક્તિની મરણોત્તર ક્રિયા કરીને પાપકર્મ દ્વારા તેણે સંચિત કરેલું ધન તેના સ્વજન, પરિજન વગેરે લઈ લે છે, મૃત્યુ પછી ધન સાથે આવતું નથી પરંતુ તે ધન માટે કરેલ પાપકર્મ સાથે આવે છે અને પાપોનું ફળ તેણે એકલા જ ભોગવવું પડે છે (૪) પાપકર્મના ફળસ્વરૂપે પીડિત થતી વ્યક્તિને તેના સ્વજન બચાવી શકતા નથી. આ ચારે અનિષ્ટોથી દૂર રહેવા વ્યક્તિએ જિનોક્ત મોક્ષમાર્ગરૂપ(સંયમ) ધર્મમાં દીક્ષિત થવું શ્રેયસ્કર છે. દીક્ષિત સાધકે (૧) મમત્વ રહિત બની (૨) અહંકાર શૂન્ય બની (૩) ધન, ધાન્ય, પરિગ્રહ, સ્ત્રી, પુત્ર આદિ તથા જ્ઞાતિજનો પ્રત્યે મમત્વનો ત્યાગ કરી (૪) સાંસારિક ભોગોથી નિરપેક્ષ–નિઃસ્પૃહ રહી (૫) ત્યજેલા સજીવ–નિર્જીવ પદાર્થો સંબંધી અંતરથી શોક (ચિંતા) છોડી સંયમમાં સ્થિત થવું શ્રેયસ્કર છે.

**चिच्चाण अंतगं सोयं :–** વૃત્તિકારે તેના ત્રણ અર્થ કર્યા છે. (૧) અંતરમાં મમત્વરૂપ દુષ્પરિત્યાજ્ય શોકને છોડીને (૨) સંયમીજીવનનો અંત–વિનાશ કરનારા મિથ્યાત્વ આદિ પંચાશ્રવસ્રોત છોડીને (૩) આત્મામાં વ્યાપ્ત થનારા આંતરિક શોક–સંતાપને છોડીને. તેનું પાઠાન્તર આ પ્રમાણે છે. **चिच्चाणाणंतगं सोयं** – તેના પણ બે અર્થ વૃત્તિકારે કર્યા છે. (૧) જેનો અંત ક્યારેય થતો નથી, એવા અનન્તક તે કર્માશ્રવ સ્રોત અથવા (૨) પોતાના દેહ આદિ પ્રત્યે અંતરમાં થનારા શોકને છોડીને. ચૂર્ણિમાં પાઠાન્તર છે–**चेच्चाण अत्तगं सोतं** અર્થાત્ આત્મામાં થતાં કર્માશ્રવદ્વારભૂત સ્રોતને છોડીને અથવા અજ્ઞાન, અવિરતિ, અને મિથ્યાત્વના અનંત પર્યાયોને છોડીને.

## મૂલગુણગત–દોષત્યાગનો ઉપદેશ :-

**૮** **पुढवी आऊ अगणि वाऊ, तण रुक्ख सबीयगा ।**
**अंडया पोय–जराऊ–रस–संसेय–उब्भिया ॥**

**શબ્દાર્થ :– रससंसेय उब्भिया** = રસજ, સ્વેદજ અને ઉદ્‌ભિજ્જ (આ બધા જીવ છે).

**ભાવાર્થ :–** પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ તથા લીલુ ઘાસ, વૃક્ષ અને બીજ આદિ વનસ્પતિ તેમજ અંડજ, પોતજ, જરાયુજ, રસજ, સંસ્વેદજ તથા ઉદ્‌ભિજ્જ આદિ ત્રસકાય, આ બધા છકાય જીવો છે.

**૯** **एतेहिं छहिं काएहिं, तं विज्जं परिजाणिया ।**
**मणसा कायवक्केणं, णारंभी ण परिग्गही ॥**

**શબ્દાર્થ :– विज्जं** = વિદ્વાન પુરુષ, **तं परिजाणिया** = તેઓને જીવ જાણી, **णारंभी ण परिग्गही** = આરંભ અને પરિગ્રહ ન કરે.

**ભાવાર્થ :–** વિદ્વાન સાધક આ છકાય જીવોને જ્ઞ પરિજ્ઞાથી જીવ રૂપ જાણી, પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી મન, વચન અને કાયાથી તેનો આરંભ ન કરે, પરિગ્રહ પણ ન રાખે.

**१०** **मुसावायं बहिद्धं च, उग्गहं च अजाइयं ।**
**सत्थादाणाइं लोगंसि, तं विज्जं परिजाणिया ॥**

**શબ્દાર્થ :– मुसावायं** = અસત્યબોલવું, **बहिद्धं च** = મૈથુન સેવન કરવું, **उग्गहं** = પરિગ્રહ રાખવો, **अजाइया** = તથા અદત્તાદાન લેવું, **लोगंसि सत्थादाणाइं** = આ બધા લોકમાં શસ્ત્ર સમાન અને કર્મબંધના કારણો છે, **विज्जं तं परिजाणिया** = વિદ્વાન જ્ઞ પરિજ્ઞાથી તેને જાણી, પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી ત્યાગ કરે.

**ભાવાર્થ :–** મૃષાવાદ, મૈથુનસેવન, પરિગ્રહ(અવગ્રહ અથવા ઉદ્ગ્રહ), અદત્તાદાન, આ સર્વ લોકમાં શસ્ત્ર સમાન છે, કર્મબંધના કારણ છે. વિદ્વાન મુનિ તેને જાણીને ત્યાગી દે.

## વિવેચન :–

આ ત્રણ ગાથાઓમાં સાધુના અહિંસાદિ પંચમહાવ્રતરૂપ મૂળગુણોના દોષોના ત્યાગનો ઉપદેશ છે.

દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, આચારાંગ આદિ આગમોમાં વિસ્તૃતરૂપે ષડ્જીવનિકાયનું વર્ણન કરવામાં આવ્યું છે. આ ગાથાઓમાં છકાય જીવોનું નામ દર્શાવી તેની હિંસાદિના ત્યાગનો નિર્દેશ છે. જીવોને ભેદ–પ્રભેદ સહિત જાણ્યા વિના તેઓની રક્ષા કરી શકાતી નથી માટે પહેલા જીવોનું વર્ણન કર્યું છે.

## ઉત્તરગુણગત દોષત્યાગનો ઉપદેશ :–

**११** **पलिउंचणं भयणं च, थंडिल्लुस्सयणाणि य ।**
**धूणाऽऽदाणाइं लोगंसि, तं विज्जं परिजाणिया ॥**

**શબ્દાર્થ :– पलिउंचणं च** = માયા, **भयणं च** = અને લોભ, **थंडिल्लुस्सयणाणि य** = ક્રોધ અને માનને, **धूण** = ત્યાગો, **लोगंसि आदाणाइं** = લોકમાં આ બધા કર્મબંધના કારણ છે.

**ભાવાર્થ :–** પરિકુંચન– વક્રતાકારિણી ક્રિયા–માયા અને ભજન–લોભ તથા ક્રોધ અને માનને નષ્ટ કરો કારણ કે આ બધા(કષાય) લોકમાં કર્મબંધનાં કારણ છે. વિદ્વાન સાધક જ્ઞ પરિજ્ઞાથી જાણી પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી તેનો ત્યાગ કરે.

**१२** **धोयणं रयणं चेव, वत्थीकम्म विरेयणं ।**
**वमणंजण पलिमंथं, तं विज्जं परिजाणिया ॥**

**શબ્દાર્થ :– धोयणं** = હાથ, પગ તથા વસ્ત્ર આદિ ધોવા, **रयणं** = તેને રંગવા, **वत्थीकम्म** = એનિમા વગેરે લેવું, **विरेयणं** = વિરેચન–જુલાબ લેવો, **वमणंजण** = દવા લઈને વમન કરવું તથા આંખોમાં આંજણ લગાવવું, **पलिमंथं** = ઈત્યાદિ સંયમને નષ્ટ કરનારાં કાર્યો.

**ભાવાર્થ :–** (વિભૂષાની દષ્ટિએ) હાથ, પગ અને વસ્ત્ર આદિ ધોવાં તથા તેને રંગવા, બસ્તિકર્મ કરવું, વિરેચન–જુલાબ લેવો, દવા લઈ વમન કરવું, આંખોમાં આંજણ લગાવવું, આ રીતે શરીર સજાવવું તે સંયમ વિઘાતક(પલિમંથકારી) છે, તેનું સ્વરૂપ અને દુષ્પરિણામને જાણીને વિદ્વાન સાધુ તેનો ત્યાગ કરે.

**१३** **गंध मल्ल सिणाणं च, दंतपक्खालणं तहा ।**
**परिग्गहित्थि कम्मं च, तं विज्जं परिजाणिया ॥**

**શબ્દાર્થ :– गंध मल्ल सिणाणं च** = શરીરપર સુગંધી દ્રવ્યો લગાવવા અને ફૂલમાળા પહેરવી તેમજ સ્નાન કરવું, **तहा दंतपक्खालणं** = દાંત સાફ કરવા, **परिग्गहित्थिकम्मं** = પરિગ્રહ રાખવો, સ્ત્રીભોગ કરવો.

**ભાવાર્થ :–** શરીરપર સુગંધિત પદાર્થો લગાવવા, પુષ્પમાળા ધારણ કરવી, સ્નાન કરવું, દાંત સાફ કરવા, પરિગ્રહ રાખવો, સચિત્ત પરિગ્રહ–દ્વિપદ, ચતુષ્પદ અથવા ધાન્ય આદિ, અચિત્ત પરિગ્રહ– સોનું–ચાંદી, રત્ન, મોતી આદિ અથવા તેના આભૂષણ આદિ પદાર્થો રાખવા, સ્ત્રીકર્મ–દેવ, મનુષ્ય, અથવા તિર્યંચ સ્ત્રીની સાથે મૈથુન–સેવન કરવું, આ અનાચારોને કર્મબંધ તેમજ સંસારનું કારણ જાણી વિદ્વાનમુનિ તેનો પરિત્યાગ કરે.

**१४** **उद्देसियं कीयगडं, पामिच्चं चेव आहडं ।**
**पूइं अणेसणिज्जं च, तं विज्जं परिजाणिया ॥**

**શબ્દાર્થ :– पूइं** = જે આધાકર્મી આહાર સાથે મિશ્રિત થયેલા હોય, **अणेसणिज्जं** = જે આહારાદિ દોષયુક્ત અશુદ્ધ હોય, **विज्जं तं परिजाणिया** = વિદ્વાન્ મુનિ આવા આહારનો ત્યાગ કરે.

**ભાવાર્થ :–** સાધુના ઉદ્દેશથી ગૃહસ્થ દ્વારા તૈયાર કરવામાં આવેલ ઔદ્દેશિક દોષયુક્ત, સાધુ માટે ખરીદીને લાવેલો ક્રીતકૃત દોષયુક્ત આહાર, બીજા પાસે ઉધાર કે ઉછીનો લીધેલ પામિત્ય–દોષ યુક્ત આહાર, સાધુના સ્થાને સામેથી લાવેલો આહૃત આહાર, આધાકર્મી આહારમિશ્રિત–દૂષિત પૂતિકર્મ–દોષવાળા આહાર અને એષણાદોષોથી દૂષિત એવા અનેષણીય આહારને સંસારનું કારણ જાણી વિદ્વાનમુનિ ત્યાગ કરે.

**૧૫** **आसूणिमक्खिरागं च, गिद्धुवघायकम्मगं ।**
**उच्छोलणं च कक्कं च, तं विज्जं परिजाणिया ॥**

**શબ્દાર્થ :– आसूणिमक्खिरागं** = રસાયણ આદિ ખાઈને બળવાન્ બનવું તથા આંખમાં શોભા માટે આંજણ લગાવવું, **गिद्धुवघायकम्मगं** = શબ્દાદિ વિષયોમાં આસક્ત થવું તેમજ જે કર્મથી જીવોનો ઘાત થાય તેવું કરવું, **उच्छोलणं च कक्कं च** = અયત્નાપૂર્વક ઠંડા પાણીથી હાથ–પગ વગેરે ધોવા તથા શરીરમાં પીટ્ટી લગાવવી.

**ભાવાર્થ :–** ઘી આદિ અથવા શક્તિવર્દ્ધક રસાયણ આદિનું સેવન કરવું, આંખોમાં(શોભા માટે) આંજણ લગાવવું, રસો અથવા શબ્દાદિ વિષયોમાં ગૃદ્ધ થવું, પ્રાણી ઉપઘાતક કર્મ કરવું, હાથપગ આદિ ધોવા, શરીર પર કલ્ક–માલિશ, પીઠી અથવા ક્રીમ, સ્નો જેવા સુગંધી પદાર્થો લગાવવા, આ સર્વ કાર્યોને વિદ્વાન્ સાધુ સંસારભ્રમણ તેમજ કર્મબંધનનું કારણ જાણી તેનો પરિત્યાગ કરે.

**૧૬** **संपसारी कयकिरिए, पसिणायतणाणि य ।**
**सागारियपिंडं च, तं विज्जं परिजाणिया ॥**

**શબ્દાર્થ :– संपसारी** = અસંયતોની સાથે સાધુ સંસારની વાતો, **कयकिरिए** = અસંયમના અનુષ્ઠાનની પ્રશંસા, **पसिणायतणाणि य** = જ્યોતિષના પ્રશ્નોનો ઉત્તર, **सागारियं पिंडं** = શય્યાતર પિંડ ગ્રહણ.

**ભાવાર્થ :–** અસંયમીઓની સાથે સાંસારિક વાર્તાલાપ(અથવા સાંસારિક વાતોનો પ્રચાર–પ્રસાર) કરવો, અસંયમના કાર્યોની પ્રશંસા કરવી, જ્યોતિષ સંબંધી પ્રશ્નોના ઉત્તર આપવા અને શય્યાતર પિંડ– આશ્રયદાતાનો આહાર ગ્રહણ કરવો, આ બધાને સંસારનું કારણ જાણી વિદ્વાન સાધુ તેને ત્યાગી દે.

**૧૭** **अट्ठावयं ण सिक्खेज्जा, वेहाईयं च णो वए ।**
**हत्थकम्मं विवायं च, तं विज्जं परिजाणिया ॥**

**શબ્દાર્થ :– अट्ठावयं ण सिक्खेज्जा** = સાધુ જુગાર રમવાનો અભ્યાસ ન કરે, **वेहाईयं च णो वए** = જે વાત ધર્મથી વિરુદ્ધ હોય તે ન બોલે, **हत्थकम्म विवायं च** = હસ્તકર્મ અને વિવાદ ન કરે.

**ભાવાર્થ :–** સાધુ અષ્ટાપદ–જુગાર, શતરંજ આદિ ન રમે, ધર્મ વિરોધી વચન ન બોલે તથા હસ્તકર્મ અથવા કલહ ન કરે. શુષ્ક–નિરર્થક વાદવિવાદ(વાક્કલહ) ન કરે. આ બધાને સંસારભ્રમણનું કારણ જાણી વિદ્વાન તેનો ત્યાગ કરે.

**૧૮** **पाणहाओ य छत्तं च, णालियं वालवीयणं ।**
**परकिरियं अण्णमण्णं च, तं विज्जं परिजाणिया ॥**

**શબ્દાર્થ :– पाणहाओ य छत्तं च** = જૂતા પહેરવા તથા છત્ર કે છત્રી ધારણ કરવી, **णालियं वालवीयणं** = જુગાર રમવો, પંખાથી પવન નાખવો, **अण्णमण्णं** = અન્યોન્ય–સાધુ સાથે શુશ્રૂષા ક્રિયા, **परकिरियं** = ગૃહસ્થ સાથેની ક્રિયા.

**ભાવાર્થ :–** પગરખાં પહેરવાં, છત્રી ઓઢવી, જુગાર રમવો, મોરપીછ, તાડ આદિના પંખાથી હવા નાખવી, પરક્રિયા–ગૃહસ્થ આદિ પાસે પગ દબાવવા, અન્યોન્યક્રિયા–સાધુઓએ અરસપરસ શુશ્રૂષા વગેરે રાગજન્ય ક્રિયા કરવી. આ બધાને વિદ્વાન સાધક કર્મબંધજનક જાણી તેનો પરિત્યાગ કરે.

**१९** **उच्चारं पासवणं हरिएसु ण करे मुणी ।**
**वियडेण वा वि साहट्टु, णायमेज्ज कयाइ वि ॥**

**શબ્દાર્થ :– उच्चारं पासवणं हरिएसु ण करे** = લીલી વનસ્પતિવાળા સ્થાનમાં કે ઝાડો પર પેશાબ ન કરે, મળ નિસર્ગ ન કરે, **साहट्टु** = બીજ આદિને દૂર કરી, અંગોનો સંકોચ કરી, **वियडेण वावि** = અચિત્ત પાણીથી પણ, **कयाइ वि** = કદાપિ, **णायमेज्ज** = આચમન ન કરે.

**ભાવાર્થ :–** સાધુ લીલી વનસ્પતિવાળા સ્થાનમાં મળ, મૂત્ર વિસર્જન ન કરે, બીજ આદિ સચિત્ત વનસ્પતિને દૂર કરીને અચિત્ત પાણીથી પણ ક્યારેય પણ આચમન(મુખ અથવા શરીરશુદ્ધિ અથવા મલશુદ્ધિ) ન કરે.

**२०** **परमत्ते अण्णपाणं च, ण भुंजेज्जा कयाइ वि ।**
**परवत्थमचेलो वि, तं विज्जं परिजाणिया ॥**

**શબ્દાર્થ :– अचेलो वि** = વસ્ત્રરહિત હોવા છતાં સાધુ, **परवत्थं** = ગૃહસ્થના વસ્ત્ર ન પહેરે.

**ભાવાર્થ :–** સાધુ પરપાત્ર–ગૃહસ્થના વાસણમાં ક્યારે ય આહારપાણીનું સેવન ન કરે. સાધુ અચેલક–વસ્ત્ર રહિત અથવા જીર્ણ વસ્ત્રવાળા હોવા છતાં એ પરવસ્ત્ર–ગૃહસ્થનું વસ્ત્ર ધારણ ન કરે. વિદ્વાનમુનિ આ સર્વને કર્મબંધજનક જાણીને તેનો પરિત્યાગ કરે.

**२१** **आसंदी पलियंके य, णिसिज्जं च गिहंतरे ।**
**संपुच्छणं च सरणं च, तं विज्जं परिजाणिया ॥**

**શબ્દાર્થ :– आसंदी पलियंके य** = માંચી અને પલંગ, **गिहंतरे णिसिज्जं** = ગૃહસ્થના ઘરમાં બેસવું, **संपुच्छणं** = ગૃહસ્થના કુશળ પૂછવા, **सरणं** = તથા પોતાની પૂર્વની ક્રીડાઓનું સ્મરણ કરવું.

**ભાવાર્થ :–** સાધુ ખાટ પર અને પલંગપર ન બેસે અને સૂવે પણ નહીં; ગૃહસ્થના ઘરની અંદર ન બેસે; ગૃહસ્થના ઘરના સમાચાર, ક્ષેમકુશળ આદિ પૂછે નહિ અથવા પોતાના અંગોને(શોભાની દષ્ટિએ) લૂંછે

નહિ; પૂર્વે ભોગવેલા કામભોગોનું સ્મરણ કરે નહીં. વિદ્વાન સાધુ તેને શ્રમણધર્મની વિરાધના સમજીને તેનો પરિત્યાગ કરે.

**૨૨** **जसं कित्तिं सिलोगं च, जा य वंदणपूयणा ।**
**सव्वलोयंसि जे कामा, तं विज्जं परिजाणिया ॥**

**શબ્દાર્થ :– जसं कित्तिं सिलोगं च** = યશ, કીર્તિ અને શ્લોક–શ્લાઘા, **जा य वंदणपूयणा** = વંદન અને પૂજન, **सव्वलोगंसि जे कामा** = સમસ્ત લોકમાં જે કામભોગ છે, જે ઈચ્છાઓ લાલસાઓ છે.

**ભાવાર્થ :–** યશ, કીર્તિ, શ્લાઘા (પ્રશંસા) તથા જે વંદના અને પૂજા પ્રતિષ્ઠા છે તથા સમગ્રલોકમાં જે કામભોગ છે, લાલસાઓ છે, વિદ્વાનમુનિ તેને સંયમના અપકારી સમજીને તેનો ત્યાગ કરે.

**૨૩** **जेणेहं णिव्वहे भिक्खू, अण्ण–पाणं तहाविहं ।**
**अणुप्पदाणमण्णेसिं, तं विज्जं परिजाणिया ॥**

**શબ્દાર્થ :– इहं** = આ જગતમાં, **जेण** = જે અન્ન અને પાણીથી, **भिक्खू** = સાધુનો સંયમ, **णिव्वहे** = નિર્વાહ થાય, **तहाविहं अण्णपाणं** = તેવા અન્ન અને પાણી, **अण्णेसिं अणुप्पदाणं** = ગૃહસ્થને આપવા.

**ભાવાર્થ :–** આ જગતમાં જે અન્ન, પાણીથી સાધુના સંયમનો નિર્વાહ થઈ શકે તેવા જ આહાર પાણી ગ્રહણ કરે. તે આહારપાણી અસંયમીને દેવા તે સંયમઘાતક જાણી સાધુ તેનો ત્યાગ કરે.

**૨૪** **एवं उदाहु णिग्गंथे, महावीरे महामुणी ।**
**अणंतणाणदंसी से, धम्मं देसितवं सुयं ॥**

**શબ્દાર્થ :– धम्मं सुयं देसितवं** = ધર્મ(ચારિત્ર) અને શ્રુતનો તેઓએ ઉપદેશ આપ્યો છે.

**ભાવાર્થ :–** અનંતજ્ઞાની, અનંતદર્શી, નિર્ગ્રંથ મહામુનિ શ્રમણ ભગવાન મહાવીરે આ રીતે ચારિત્રધર્મ અને શ્રુતધર્મનો ઉપદેશ આપ્યો છે.

### વિવેચન :–

આ ચૌદ ગાથામાં શ્રમણોના ચારિત્રધર્મને દૂષિત કરનારા ઉત્તરગુણગત દોષોના ત્યાગનો ઉપદેશ છે. દરેક ગાથાઓના અંતિમ ચરણમાં **तं विज्जं परिजाणिया** કહીને શાસ્ત્રકારે તેના ત્યાગનો ઉપદેશ આપ્યો છે. તે અનાચરણીય સંયમદૂષક કૃત્યને જ્ઞપરિજ્ઞાથી કર્મબંધનું તેમજ સંસાર પરિભ્રમણનું કારણ જાણી વિદ્વાન સાધક પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી તેનો ત્યાગ કરે.

આ દોષોમાં મોટાભાગના અનાચારો(અનાચીર્ણો)નું વર્ણન છે. જેનો દશવૈકાલિક તેમજ આચારાંગ

આદિ શાસ્ત્રોમાં અત્રતત્ર ઉલ્લેખ થયો છે.

**आसूणिं** :– વૃત્તિ અને ચૂર્ણિમાં તેની બે વ્યાખ્યાઓ મળે છે. (૧) જે ઘી આદિ પૌષ્ટિક કે શક્તિવર્દ્ધક આહારવિશેષથી અથવા ભસ્મ, પારા આદિ રસાયણ વિશેષના સેવનથી શરીર રુષ્ટપુષ્ટ થતું હોય (૨) કૂતરા જેવી તુચ્છ પ્રકૃતિવાળો સાધક થોડી માત્ર આત્મશ્લાઘા અથવા પ્રશંસાથી ફૂલાઈ જતો હોય, ગર્વથી ફૂલાતો હોય.

**कयकिरिए** :– પ્રત્યુપકાર અર્થે ગૃહસ્થના કાર્ય કરવા. ગૃહનિર્માણ આદિ આ ઘણું સુંદર કાર્ય કર્યું છે અથવા અસંયતોની સાથે વિવાહ–સગાઈ, કામભોગ સંબંધી વાસના તેમજ મોહમાં વૃદ્ધિ કરનારી વાતો કરવી અથવા આ પ્રકારના અસંયમકાર્યની પ્રશંસા કરવી.

**पसिणायतणाणि** :– બે વ્યાખ્યાઓ છે– (૧) જ્યોતિષ સંબંધી પ્રશ્નાદિના ઉત્તર, આયતન એટલે પ્રગટ કરવા, બતાવવા (૨) સંસારી લોકોના પરસ્પર વ્યવહારો, મિથ્યાશાસ્ત્ર અથવા પ્રશ્નના સંબંધમાં યથાર્થ વાતો બતાવીને નિર્ણય આપવો.

**सागारिय पिंड** :– ત્રણ અર્થ– **सागारिक** = શય્યાતરનો પિંડ(આહાર) અથવા (૨) સાગારિક પિંડ એટલે કે સૂતકગૃહ પિંડ અથવા (૩) નિંદ્ય = જુગુપ્સિત– દુરાચારીનો આહાર.

**अट्ठावयं ण सिक्खेज्जा** :– ત્રણ વ્યાખ્યાઓ છે– (૧) જે પદ–શાસ્ત્રથી ધન, ધાન્ય, સોનું આદિ પ્રાપ્ત કરી શકાય તેવા શાસ્ત્રોનું અધ્યયન ન કરે (૨) દ્યુતક્રીડા વિશેષ ન શીખે (૩) અર્થ એટલે કે ધર્મ અથવા મોક્ષમાં આપદ્કર– પ્રાણીહિંસાની શિક્ષા દેનારા શાસ્ત્ર ન શીખે અને બીજાને શિખવાડે નહીં અને પૂર્વે શીખેલા એવા શાસ્ત્રની આવૃત્તિ અથવા અભ્યાસ ન કરે.

**वेहाईयं** :– ત્રણ અર્થ છે– (૧) વેધનો અર્થ છે–સદ્ધર્મનું અનુકૂળપણું અને અતીતનો અર્થ છે–તેનાથી રહિત એટલે કે સદ્ધર્મ વિરુદ્ધ, (૨) અધર્મપ્રધાન (૩) વેધનો અર્થ વસ્ત્રવેધ–જુગાર, સટ્ટો, આંકડા આદિ જેવા કે કોઈ દ્યુત વિશેષથી સંબંધિત વાતો ન કહે.

**परमत्ते अण्ण पाणं च** :– પર (ગૃહસ્થ)ના પાત્રમાં અન્નપાણીનું સેવન ન કરે. સ્થવિર–કલ્પી સાધુને માટે ગૃહસ્થનું પાત્ર પરપાત્ર છે, તેમાં આહાર કરતા પૂર્વે અથવા પછી ગૃહસ્થ દ્વારા સચિત્ત પાણીથી ધોવાની, કદાચ ચોરાઈ જવાની અથવા પડીને તૂટી જવાની આશંકા રહે છે. આ સાધ્વાચાર વિરુદ્ધ છે. સ્થવિર–કલ્પી સાધુને માટે હાથની અંજલિમાં ખાવું પીવું પણ પર પાત્રમાં ખાવા પીવા બરાબર છે, તે પણ નિષિદ્ધ છે. સ્થવિરકલ્પી સાધુ સાધ્વીઓની અંજલિ છિદ્રયુક્ત હોય છે, તે છિદ્ર દ્વારા આહાર–પાણી આદિ નીચે પડી જવાથી અયત્ના થવાની સંભાવના છે. જિનકલ્પીને માટે હાથની અંજલિ સ્વપાત્ર છે, લાકડા આદિના પાત્ર અથવા ગૃહસ્થના પાત્રમાં ખાવું પીવું તે પરપાત્ર ભોજન છે.

**परवत्थमचेलो वि** :– સ્થવિરકલ્પી સાધુને માટે ગૃહસ્થના વસ્ત્ર પરવસ્ત્ર છે અને જિનકલ્પી માટે દિશાઓ જ વસ્ત્ર છે, સૂત(સૂતર) આદિથી બનેલાં બધાં વસ્ત્ર તેઓ માટે પરવસ્ત્ર છે. પરવસ્ત્રનો ઉપયોગ

કરવામાં તેઓને પૂર્વોક્ત દોષો લાગે છે.

**आसंदी पलियंके य :–** **आसंदी** = વર્તમાનયુગમાં આરામખુરશી અથવા સ્પ્રીંગવાળી ખુરશી અથવા લચીલી નાની પાટ અથવા પાટીવાળો, સ્પ્રીંગવાળો લચીલો પલંગ. તેના પર સૂવા, બેસવા અથવા લંબાવવાથી કામોત્તેજના થવાની તથા છિદ્રોમાં બેઠેલા જીવોની વિરાધના થવાની આશંકા છે. તેથી તેનો ઉપયોગ વર્જિત છે.

**णिसिज्जं च गिहंतरे :–** ગૃહસ્થના ઘરમાં બેસવાથી બ્રહ્મચર્ય વિરાધનાની આશંકા અથવા લોકશંકા અથવા અશોભાની દષ્ટિએ નિષેધ કર્યો છે.

**संपुच्छणं :–** આ પ્રકારની સાંસારિક પૂછપરછથી પોતાનો સ્વાધ્યાય, ધ્યાન સાધનાનો અમૂલ્ય સમય વ્યર્થ જાય છે.

**जेणेहं णिव्वहे :–** દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ જે શુદ્ધ અન્નજળથી અથવા(દુકાળ) દુર્ભિક્ષ, રોગ, આતંક આદિ સમયે કિંચિત્ અશુદ્ધ અન્નપાણીથી સંયમયાત્રાદિનો નિર્વાહ થઈ શકે છે તેવો આહાર પાણી વહોરી લીધા પછી જો અસંયમી ગૃહસ્થ આદિને આપી દે તો સાધુનો સંયમ દૂષિત થાય છે તેથી તેવું કાર્ય સાધુ ન કરે.

**ભાષાવિવેક :–**

**૨૫** **भासमाणो ण भासेज्जा, णेव वंफेज्ज मम्मयं ।**
**माइट्ठाणं विवज्जेज्जा, अणुवीई वियागरे ॥**

**શબ્દાર્થ :– भासमाणो ण भासेज्जा** = કોઈ બોલતા હોય તેની વચ્ચે ન બોલે, કોઈ ક્રોધમાં બોલતા હોય તો તેની સામે ન બોલે, **मम्मयं णेव वंफेज्ज** = કોઈના હૃદયને આઘાત લાગે તેવી મર્મકારી ભાષા ન બોલે, **माइट्ठाणं विवज्जेज्जा** = કપટભરી ભાષા ન બોલે, **अणुवीई वियागरे** = સમજી વિચારીને બોલે.

**ભાવાર્થ :–** સાધુ કોઈ બોલતા હોય તેની વચ્ચે સાધુ ન બોલે. મર્મસ્પર્શી ભાષા ન બોલે, તે કપટ પ્રધાન વચન એવં આચરણનો ત્યાગ કરે. જે કાંઈ બોલે તે વિચારીને બોલે.

**૨૬** **तत्थिमा तइया भासा, जं वइत्ताऽणुतप्पइ ।**
**जं छण्णं तं ण वत्तव्वं, एसा आणा णियंठिया ॥**

**શબ્દાર્થ :– तत्थिमा (संतिमा) तइया भासा** = ચાર પ્રકારની ભાષાઓમાં જે ત્રીજી ભાષા છે અર્થાત્ જે અસત્ય સાથે મળેલું સત્ય છે સાધુ તે ન બોલે તથા, **जं वइताअणुतप्पइ** = જે વચનને બોલીને પશ્ચાત્તાપ કરવો પડે તેવું વચનપણ ન બોલે, **जं छण्णं तं ण वत्तव्वं** = જે વાતને બધા લોકો છુપાવે છે

તે ન કહે, **एसा णियंठिया आणा** = તે જ નિર્ગ્રંથની આજ્ઞા છે.

**ભાવાર્થ :–** ચાર પ્રકારની ભાષાઓમાં જે ત્રીજી ભાષા મિશ્રભાષા(સત્યા–મૃષા)છે, તે સાધુ ન બોલે તથા જે બોલ્યા પછી પશ્ચાત્તાપ કરવો પડે, એવી ભાષા પણ ન બોલે. જે વાતને લોકો છુપાવે(ગુપ્ત રાખે) છે અથવા જે ક્ષણ (હિંસા) પ્રધાન ભાષા હોય તે પણ ન બોલે. આ નિર્ગ્રંથ (ભગવાન મહાવીર)ની આજ્ઞા છે.

**૨૭** **होलावायं सहीवायं, गोयावायं च णो वए ।**
**तुमं तुमं ति अमणुण्णं, सव्वसो तं ण वत्तए ॥**

**શબ્દાર્થ :– होलावायं** = નિષ્ઠુર તથા હલકા સંબોધનથી કોઈને બોલાવવા, **सहीवायं** = મિત્ર સૂચક હલ્કા શબ્દોથી બોલાવતા હે મિત્ર ! **गोयावायं** = ગોત્રસૂચક અનાદર યુક્ત શબ્દથી બોલાવવા, **तुमं तुमंति अमणुण्णं** = પોતાનાથી મોટાને તિરસ્કાર યુક્ત 'તું' 'તું' કહેવું તથા જે વચન બીજાને અપ્રિય લાગે તેવું વચન, **तं सव्वसो ण वत्तए** = આ બધાં વચનો સાધુ સર્વથા ન કહે.

**ભાવાર્થ :–** સાધુ નિષ્ઠુર અથવા નીચ સંબોધનથી કોઈને ન બોલાવે અર્થાત્ "હોલ" આદિ નિષ્ઠુર શબ્દોથી ન બોલાવે. સખી–મિત્રને યાર આદિ તુચ્છ શબ્દો કહીને સંબોધિત કરીને "સખીવાદ" ન કરે તથા ગોત્રનું નામ લઈને કોઈને પુકારીને ગોત્રવાદ ન બોલે. રે ! તું , ઈત્યાદિ તુચ્છ શબ્દોથી કોઈને સંબોધિત ન કરે; જે અપ્રિય–અમનોજ્ઞ વચન હોય તે બોલવા રૂપ દુર્વ્યવહાર સાધુ ક્યારે ય ન કરે.

**વિવેચન :–**

આ ત્રણ ગાથાઓમાં સાધુ માટે ભાષાનો વિવેક બતાવવામાં આવ્યો છે.

**भासमाणो ण भासेज्जा :–** વૃત્તિકારે તેના બે અર્થ રજૂ કર્યા છે– (૧) દીક્ષા જ્યેષ્ઠ(રત્નાધિક) સાધુ કોઈની સાથે વાત કરી રહ્યા હોય, તે વખતે પોતાના પાંડિત્યનું પ્રદર્શન કરવા અથવા મોટાની લઘુતા પ્રગટ કરવાની દષ્ટિએ વચ્ચે ન બોલે. કારણ કે એમ કરવાથી મોટા(વડીલો)ની આશાતના અને પોતાના અભિમાનની અભિવ્યક્તિ થાય છે અથવા (૨) જે સાધુ વચન વિભાગને જાણવામાં નિપુણ છે, જે વાણીના ઘણા પ્રકારને જાણે છે, તે દિવસભર બોલતો હોવા છતાં ન બોલનાર(વચનગુપ્તિયુક્ત–મૌની)ની સમાન છે. કારણ કે તે ભાષાસમિતિનું ધ્યાન રાખીને બોલે છે. તે ધર્મ ઉપદેશ, ધર્મ માર્ગની પ્રેરણા, ધર્મમાં સ્થિરતા માટે માર્ગદર્શન આપતી વખતે સંપૂર્ણ સજાગ થઈને વાણીનો પ્રયોગ કરે છે.

**णेव वंफेज्ज मम्मयं :–** બે અર્થ (૧) બોલેલું વચન સત્ય હોય અથવા અસત્ય, પરંતુ જો તે પીડા પહોંચાડનાર હોય તો તેવું વચન ન બોલે, અથવા (૨) "આ મારું છે" એવું વિચારીને કોઈના પ્રત્યે પક્ષપાતયુક્ત (મામક) વચન ન કહે.

**माइट्ठाणं विवज्जेजा :–** બે અર્થ (૧) કપટ પ્રધાન (સંદિગ્ધ, છલયુક્ત કે દ્રવ્યાર્થક) વચનનો ત્યાગ કરે અથવા (૨) બીજાઓને છેતરવા અથવા દગો દેવા માટે સાધુ માયાચાર અથવા દંભ ન કરે.

**एसा आणा णियंठिया :–** દશવૈકાલિક, આચારાંગ આદિ શાસ્ત્રોમાં ચાર પ્રકારની ભાષા બતાવી છે. (૧) સત્ય (૨) અસત્ય (૩) સત્યામૃષા (૪) અસત્ય–મૃષા. આ ચારેયમાંથી અસત્ય ભાષા તો ત્યાજ્ય (ત્યાગ કરવા યોગ્ય) જ છે, ત્રીજી ભાષા–સત્યામૃષા(કંઈક ખોટી, કંઈક સાચી મિશ્રભાષા) પણ વર્જિત છે. જેવી રીતે કોઈ સાધકે અનુમાનથી જ નિશ્ચયપણે કહી દીધું કે "આ ગામમાં ૨૦ બાળકોનો જન્મ અથવા મરણ થયાં છે " એમ કહેવાથી સંખ્યામાં ન્યૂનાધિક હોવાથી આ વચન સત્ય અને મિથ્યા બંન્નેથી મિશ્રિત છે. અસત્યામૃષા(વ્યવહાર) ભાષા પણ ભાષાસમિતિયુક્ત બોલવાનું વિધાન છે. આ ત્રણે ભાષાઓ સિવાય પહેલી ભાષા સર્વથા સત્ય હોવા છતાં એ નિમ્નોક્ત કારણોથી સાધુને માટે નિષિદ્ધ કહી છે.

૧ જે વચન કહેવાથી કોઈને દુઃખ, પીડા, ઉદ્વેગ, ભય, ચિંતા, આઘાત, મર્માન્તક વેદના, અપમાન, માનસિક ક્લેશ પેદા થાય.

૨ જે કર્કશ, કઠોર, વધપ્રેરક, છેદનભેદન કારક, અમનોજ્ઞ તેમજ તાડનતર્જનકારક હોય અર્થાત્ હિંસા પ્રધાન હોય.

૩ જે ભાષા મોહ–મમત્વજનક હોય, જે ભાષામાં મારાપણાના મોહના કારણે પક્ષપાત હોય.

૪ જે ભાષા બહારથી સત્ય લાગતી હોય, પરંતુ અંદરથી દંભ અથવા છળકપટથી ભરેલી હોય.

૫ જે ભાષા હિંસા આદિ કોઈ પાપમાં શ્રોતાને પ્રેરિત કરતી (સાવદ્ય) હોય, જેમ કે– "આને મારો–પીટો" "ચોરી કરો" આદિ વચનો.

૬ જે ભાષા સત્ય હોવા છતાં એ કોઈને અપમાનિત, તિરસ્કૃત અથવા બદનામ કરવા અથવા નીચા બતાવવા, ઉપહાસ(હાંસીમજાક) કરવા અથવા પોતાનો અહંકાર પ્રદર્શિત કરવાની દષ્ટિએ બોલવામાં આવે અથવા એ નીચ ! રે દુષ્ટ ! તું ચોર છે, કાણો છે ! પાપી છે ! આદિ તુચ્છ–હલકા વચનો રૂપે હોય.

૭ જે ભાષાના પ્રયોગમાં ચાપલુસીપણુ, દીનતા અથવા સ્વહીનતા ભરી હોય.

૮ જે ભાષા સત્ય હોવા છતાં મનમાં સંદેહ ઉત્પન્ન કરતી હોય, બે અર્થવાળી હોય, નિશ્ચયકારી હોય, અથવા જે ભાષા એકાએક વિચાર્યા વિના બોલાણી હોય.

૯ જે ભાષા બોલ્યા પછી પશ્ચાતાપ થાય અથવા બોલ્યા પછી તેના ફળસ્વરૂપે જન્મજન્માંતર સુધી સંતાપ(પીડા) ભોગવવો પડે.

૧૦ જે વાતને સભ્ય લોકો પ્રયત્નપૂર્વક છુપાવે છે, તેને પ્રગટ કરનારી અથવા કોઈની ગુપ્ત વાત પ્રગટ કરનારી હોય, આ પ્રકારની બધી ભાષા નિષિદ્ધ છે.

## લોકોત્તર ધર્મના કેટલાંક આચારસૂત્રો :–

**૨૮** **अकुसीले सया भिक्खू, णेव संसग्गियं भए ।**
**सुहरूवा तत्थुवस्सगा, पडिबुज्झेज्ज ते विऊ ॥**

**શબ્દાર્થ :– अकुसीले** = કુશીલ ન બને, પરંતુ સદા સુશીલ બનીને રહે, **णेव संसग्गियं भए** = તથા તે કુશીલ એટલે કે દુરાચારીઓની સોબત પણ ન કરે, **सुहरूवा तत्थुवसग्गा** = કારણ કે કુશીલોની સોબતમાં સુખરૂપ ઉપસર્ગ હોય છે, **विऊ ते पडिबुज्झेज्ज** = વિદ્વાન્ પુરુષ તેને સમજે.

**ભાવાર્થ :–** સાધુ હંમેશાં શીલવાન બનીને રહે તથા કુશીલજનો અથવા દુરાચારીઓની સાથે સંસર્ગ ન રાખે. કુશીલોની સંગતિમાં સુખરૂપ–અનુકૂળ ઉપસર્ગ રહે છે, તેથી વિદ્વાન સાધક આ તથ્યને સારી રીતે જાણે તથા તેનાથી સાવધાન(પ્રતિબુદ્ધ–જાગૃત) રહે.

**૨૯** **णण्णत्थ अंतराएणं, परगेहे ण णिसीयए ।**
**गामकुमारियं किड्डं, णाइवेलं हसे मुणी ॥**

**શબ્દાર્થ :– णण्णत्थ अंतराएणं** = અંતરાય વિના સાધુ, ખાસ કારણ વિના, **परगेहे ण णिसीयए** = ગૃહસ્થના ઘરમાં ન બેસે, **गामकुमारियं किड्डं** = ગામના છોકરાઓની રમત ન રમે, **णाइवेलं मुणी हसे** = તથા સાધુ મર્યાદાને છોડીને હસે નહિ.

**ભાવાર્થ :–** કારણ વિના સાધુ ગૃહસ્થના ઘરમાં ન બેસે. ગામડાનાં છોકરાં–છોકરીઓનો ખેલ ન રમે, તેમજ મર્યાદાનું ઉલ્લંઘન કરીને હસે નહિ.

**૩૦** **अणुस्सुओ उरालेसु, जयमाणो परिव्वए ।**
**चरियाए अप्पमत्तो, पुट्ठो तत्थऽहियासए ॥**

**શબ્દાર્થ :– उरालेसु** = મનોહર શબ્દાદિ વિષયોમાં, **अणुस्सुओ** = ઉત્કંઠિત ન થાય, **जयमाणो परिव्वए** = તથા યત્નાપૂર્વક સંયમ પાલન કરે, **चरियाए अप्पमत्तो** = ભિક્ષાચરી આદિમાં પ્રમાદ (આળસ) ન કરે.

**ભાવાર્થ :–** મનોહર(ઉદાર) શબ્દાદિ વિષયોમાં સાધુ ઉત્સાહ રહિત રહે, કોઈ પ્રકારની ઉત્કંઠા ન રાખે. જો શબ્દાદિ વિષયો અનાયાસ જ સામે આવી જાય તો યત્નપૂર્વક આગળ વધી જાય અથવા સંયમમાં યત્નપૂર્વક ગમન કરે, ભિક્ષાટન આદિ સાધુચર્યામાં પ્રમાદ ન કરે તથા પરીષહો અને ઉપસર્ગોને સમભાવ પૂર્વક સહન કરે.

**૩૧** **हम्ममाणो ण कुप्पेज्जा, वुच्चमाणो ण संजले ।**
**सुमणो अहियासेज्जा, ण य कोलाहलं करे ॥**

**શબ્દાર્થ :– वुच्चमाणो ण संजले** = કોઈ ગાળ આદિ આપે તોપણ સાધુ મનમાં ન બળે.

**ભાવાર્થ :–** લાકડી, દંડ આદિથી કોઈ સાધુને મારે તો સાધુ તેના પર ગુસ્સો ન કરે, કોઈ ગાળ, અપશબ્દ કહે તો તેના પર પણ ગુસ્સો ન કરે; મનમાં ને મનમાં બળે નહીં પણ પ્રસન્નમનથી તેને ચુપચાપ સહન કરે. કોઈ પ્રકારનો કોલાહલ ન કરે.

**૩૨** **लद्धे कामे ण पत्थेज्जा, विवेगे एव माहिए ।**
**आरियाइं सुसिक्खेज्जा, बुद्धाणं अंतिए सया ॥**

**શબ્દાર્થ :– लद्धे कामे ण पत्थेज्जा** = મળેલા કામભોગોની ઈચ્છા ન કરે, **एव विवेगे आहिए** = એમ કરવાથીતે વિવેકશીલ કહેવાય છે.

**ભાવાર્થ :–** સાધુ પ્રાપ્ત થતાં કામભોગોની અભિલાષા ન કરે, તેમ કરવાથી જ તે વિવેકી છે તેમ કહી શકાય. સાધુ આચાર્યો અથવા જ્ઞાનીઓની હંમેશાં નજીક રહીને આર્યોના ધર્મ, કર્તવ્ય અથવા મુમુક્ષુઓ દ્વારા આચરણીય જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ ધર્મ શીખે, તેનું આચરણ કરે.

**૩૩** **सुस्सूसमाणो उवासेज्जा, सुप्पण्णं सुतवस्सियं ।**
**वीरा जे अत्तपण्णेसी, धिइमंता जिइंदिया ॥**

**શબ્દાર્થ :– सुपण्णं सुतवस्सियं** = પોતાના અને બીજાના સિદ્ધાંતોને જાણનારા ઉત્તમ તપસ્વી ગુરુની, **सुस्सूसमाणो उवासेज्जा** = શુશ્રૂષા કરતો સાધુ ઉપાસના કરે, **अत्तपण्णेसी** = રાગદ્વેષ રહિત પુરુષની જે કેવળજ્ઞાનરૂપ પ્રજ્ઞા છે, તેનું અન્વેષણ કરનારા છે, આત્મપ્રજ્ઞ છે, આત્માર્થી છે.

**ભાવાર્થ :–** સ્વપર સમય–ધર્મ સિદ્ધાંતોના જ્ઞાતા સાધુ ઉત્તમ તપસ્વી ગુરુની સેવા–સુશ્રૂષા કરતા તેઓની ઉપાસના કરે. જે સાધુ કર્મોને વિદારણ કરવામાં સમર્થ વીર છે, આત્માર્થી છે, આત્મપ્રજ્ઞાનું અન્વેષણ કરે છે; ધૃતિમાન્ છે અને જિતેન્દ્રિય છે, તેઓ જ સુચારું આચરણ કરે છે.

**૩૪** **गिहे दीवमपासंता, पुरिसादाणिया णरा ।**
**ते वीरा बंधणुम्मुक्का, णावकंखंति जीवियं ॥**

**શબ્દાર્થ :– गिहे दीवमपासंता** = ગૃહવાસમાં જ્ઞાનનો લાભ ન જોનારા, **पुरुसादाणिया णरा** = જે આદર્શ પુરુષ, મુમુક્ષુ પુરુષોને માટે આશ્રય લેવા યોગ્ય, **बंधणुमुक्का ते वीरा** = તે વીર પુરુષ બાહ્ય આભ્યંતર, બંધનથી મુક્ત થઈ જાય છે, **जीवियं णावकंखंति** = અસંયમ જીવનની ઈચ્છા કરતા નથી.

**ભાવાર્થ :–** ગૃહવાસમાં શ્રુતજ્ઞાનરૂપી દીપકનો અથવા સર્વજ્ઞ કથિત ચારિત્રરૂપી દ્વીપનો અભાવ–અલાભ સમજીને જે મનુષ્ય પ્રવ્રજ્યા ધારણ કરીને મુમુક્ષુ પુરુષો માટે આદર્શરૂપ કે આશ્રયભૂત(પુરુષાદાનીય) બની જાય છે, તેઓ વીર કર્મબંધનોથી વિમુક્ત થઈ જાય છે, તેઓ ક્યારે ય અસંયમી જીવનની આકાંક્ષા કરતા નથી અથવા ઉત્તમ પુરુષ ગૃહસંસારમાં જ્ઞાનદીપનો અભાવ જુએ છે તે વીર પુરુષ બાહ્ય આભ્યંતર બંધનોથી મુક્ત થઈ પ્રવ્રજ્યા ધારણ કરે છે અને તેઓ ક્યારે ય અસંયમી જીવનની આકાંક્ષા કરતા નથી.

**૩૫** **अगिद्धे सद्द-फासेसु, आरंभेसु अणिस्सिए ।**
**सव्वेयं समयातीतं, जमेयं लवियं बहुं ॥**

**શબ્દાર્થ :– सद्दफासेसु अगिद्धे** = સાધુ મનોહર શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શમાં આસક્ત ન થાય, **आरंभेसु अणिस्सिए** = સાવદ્ય અનુષ્ઠાન ન કરે, **जमेयं बहुलवियं** = આ અધ્યયનની શરૂઆતથી લઈને જે ઘણી વાતો કહેવામાં આવી છે, **सव्वेयं समयातीतं** = તે સર્વ જિનાગમથી વિરુદ્ધ હોવાને કારણે નિષિદ્ધ છે.

**ભાવાર્થ :–** તે આદર્શ સાધક મનોજ્ઞ શબ્દ(રૂપ, રસ, ગંધ) તેમજ સ્પર્શમાં આસક્ત ન હોય, સાવદ્ય–આરંભ જનિત કાર્યોથી દૂર રહે. આ અધ્યયનના પ્રારંભથી લઈ જે વાતો નિષેધરૂપે કહેવામાં આવી છે, તે સ્વસમયથી વિરુદ્ધ હોવાથી નિષેધ રૂપ છે.

**૩૬** **अइमाणं च मायं च, तं परिण्णाय पंडिए ।**
**गारवाणि य सव्वाणि, णिव्वाणं संधए मुणि ॥ त्ति बेमि ॥**

**શબ્દાર્થ :– परिण्णाय** = ત્યાગીને, **णिव्वाणं** = નિર્વાણની, મોક્ષ પ્રાપ્તિની, **संधए** = સાધના કરે, મોક્ષ મેળવવાની ઈચ્છા કરે.

**ભાવાર્થ :–** પંડિતમુનિ અતિમાન અને માયા તથા ઋદ્ધિ–રસ–શાતારૂપ બધા ગૌરવોને(ગર્વને)સંસારનું કારણ જાણી તેનો પરિત્યાગ કરે અને સ્વયંને(સમસ્ત કર્મક્ષયરૂપ) નિર્વાણની સાધનામાં જોડે અથવા નિર્વાણને પ્રાપ્ત કરવાની જ અભિલાષા રાખે.

## વિવેચન :–

આ નવ ગાથાઓ દ્વારા શાસ્ત્રકારે મુનિધર્મના કેટલાંક વિશિષ્ટ આચાર સૂત્રોનો ઉલ્લેખ કર્યો છે. (૧) સાધુ સ્વયં કુશીલ ન બને અને કુશીલજનો સાથે સંપર્ક પણ ન રાખે (૨) કુશીલજનના સંસર્ગથી થનારા અનુકૂળ ઉપસર્ગોથી સાવધાન રહે (૩) કારણ વિના ગૃહસ્થના ઘરમાં બેસે નહિ (૪) બાળકોની રમતમાં ભાગ ન લે (૫) મર્યાદાનું ઉલ્લંઘન કરી હસે નહીં (૬) મનોજ્ઞ શબ્દાદિ વિષયોમાં ઉત્કંઠા ન રાખે, જો એ વિષયો અનાયાસ પ્રાપ્ત થયા હોય તોપણ યત્નપૂર્વક આગળ વધી જાય, તેના પર સંયમ રાખે (૭) સાધુચર્યામાં અપ્રમત્ત રહે (૮) પરીષહો–ઉપસર્ગો ઉપસ્થિત થાય ત્યારે તેને સમભાવથી સહન કરે (૯) પ્રહાર કરનારા પર ક્રોધિત ન થાય, તેને અપશબ્દ પણ ન કહે, મનમાં પણ ગ્લાનિ ન અનુભવે પણ પ્રસન્ન મનથી સહન કરે (૧૦) ઉપલબ્ધ થતાં કામભોગોની લાલસા ન રાખે (૧૧) આચાર્યાદિના ચરણોમાં રહીને હંમેશાં આર્યધર્મ શીખે, વિવેક સંપન્ન બને (૧૨) સ્વ–પર સિદ્ધાંતોના સારા જ્ઞાતા, ઉત્તમ તપસ્વી, ગુરુજનોની સેવા શુશ્રુષા તેમજ ઉપાસના કરે (૧૩) કર્મક્ષય કરવામાં વીર બને (૧૪) આપ્ત પુરુષોની કેવળજ્ઞાનરૂપ પ્રજ્ઞાનો અથવા આત્મપ્રજ્ઞાનો અન્વેષક(શોધક) બને (૧૫) ધૃતિમાન્ હોય (૧૬) જિતેન્દ્રિય હોય (૧૭) સંસારવાસમાં(ગૃહસ્થજીવનમાં) જ્ઞાન, દર્શન, ચારિત્રનો ઉત્કૃષ્ટ લાભ ન મળે એમ જાણીને મુનિ ધર્મમાં દીક્ષિત સાધુ અસંયમી જીવનની આકાંક્ષા ન કરે પરંતુ વીરતા પૂર્વક કર્મબંધનોથી મુક્ત બને (૧૮) મનોજ્ઞ શબ્દાદિ વિષયમાં આસક્ત ન થાય (૧૯) સાવદ્ય આરંભજનિત કાર્યોથી દૂર રહે (૨૦) સિદ્ધાંત વિરુદ્ધ બધાં આચરણોથી દૂર રહે (૨૧) માન, માયા તેમજ સર્વ પ્રકારના ગૌરવને સંસારનું કારણ જાણીને પરિત્યાગ કરે (૨૨) નિર્વાણરૂપ લક્ષ્યનું સંધાન કરે.

**णो य संसग्गियं भए :–** કુશીલ વ્યક્તિ પોતાના સંપર્કમાં આવનારા સુવિહિત સાધકને ભરમાવે છે કે, અરે ! આપ શરીરને સાફ અને સશક્ત રાખો ! શરીર સુદઢ હશે તો જ તમે ધર્મપાલન કરી શકશો. શરીર સાફ રાખવાથી મન પણ સાફ રહેશે. શરીરને બળવાન બનાવવા માટે આધાકર્મી, ઔદ્દેશિક–પૌષ્ટિક આહાર મળતો હોય તો લેવામાં શું વાંધો છે ? શરીર રક્ષા કરવી તે તો પહેલો ધર્મ છે. તેથી નિરર્થક કષ્ટોથી દૂર રહી, ધર્મના આધારરૂપ શરીરની રક્ષા કરવી જ જોઈએ.

ક્યારેક ક્યારેક તે આકર્ષક યુક્તિઓથી અલ્પ પરાક્રમી સુસાધક પ્રભાવિત થઈ જાય છે. ધીમે ધીમે સુકોમળ, સુખશીલિયા(સુખ ઈચ્છનાર) બની જાય છે. તેથી આ ઉપસર્ગોને સુખરૂપ કહ્યા છે. આ ઉપસર્ગ પહેલાં તો ઘણાં સુખદ, સોહામણા અને મોહક લાગે છે પરંતુ ધીરે ધીરે તે સંયમના મૂળને ઢીલા પાડે છે. આ ઉપસર્ગો સાધુને પરાશ્રિત, ઈન્દ્રિય વિષયોના દાસ અને અસંયમનિષ્ઠ બનાવે છે.

**पर गेहे ण णिसीयए :–** કારણ વિના ગૃહસ્થના ઘરે બેસવાથી કોઈને સાધુના ચારિત્રમાં શંકા થઈ શકે છે, કોઈ અન્ય સંપ્રદાયના દ્વેષી વ્યક્તિ સાધુ પર ખોટા દોષારોપણ પણ કરી શકે છે.

દશવૈકાલિક સૂત્રમાં ત્રણ કારણોથી ગૃહસ્થના ઘરે બેસવું કલ્પનીય કહ્યું છે. (૧) વૃદ્ધાવસ્થાને કારણે અશક્ત હોય. (૨) કોઈ રોગગ્રસ્ત હોય અથવા અચાનક કોઈ ચક્કર આદિ રોગ ઉત્પન્ન થઈ જાય. (૩) અથવા દીર્ઘ તપસ્વી હોય.

**णाइवेलं हसे मुणी :–** ક્યારેક હાંસી, મજાક કલહ(કલેશ–ઝગડા)નું કારણ બની જાય છે. તેથી આગમમાં હાસ્ય અને કુતૂહલને કર્મોના બંધનું કારણ બતાવ્યું છે. ઉત્તરાધ્યયન તેમજ ભગવતી સૂત્રમાં પણ હાસ્ય અને ક્રીડાને સાધુ માટે વર્જિત તથા કર્મબંધકારક બતાવ્યાં છે.

**लद्धे कामे ण पत्थेज्जा :–** આ પંક્તિના બે અર્થ ફલિત થાય છે. (૧) દીર્ઘકાલીન સાધનાના ફળ સ્વરૂપે ઉપલબ્ધ કામ–ભોગો, સુખ સાધનોનો પ્રયોગ અથવા ઉપયોગ કરવાની અભિલાષા ન કરે. (૨) અનાયાસે પ્રાપ્ત થયેલી લબ્ધિઓ અથવા સિદ્ધિઓના પ્રયોગની મનમાં ઈચ્છા ન કરે, પ્રાપ્ત થયેલી શક્તિઓ કે ઉપલબ્ધિઓને વજસ્વામીની જેમ વિવેક પૂર્વક પચાવે.

**सुस्सूसमाणो उवासेज्जा :–** શુશ્રૂષા એટલે ગુરુના આદેશ–નિર્દેશોને સાંભળવાની ઈચ્છા, ગુરુની સેવા–વૈયાવચ્ચ કરીને તેના મનને પ્રસન્ન કરવું, તેના આદેશોનું પાલન કરવું તે શુશ્રૂષા કહેવાય છે. જ્યારે ઉપાસના એટલે ગુરુચરણોમાં બેસીને જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના કરવી તે. ગુરુના શરીરની નહિ, ગુણોની ઉપાસના કરવી તે જ વાસ્તવિક ઉપાસના છે. જેમ કે કહ્યું છે કે, "ગુરુની ઉપાસના કરવાથી સાધક જ્ઞાનનું ભાજન બને છે, જ્ઞાન, દર્શન, ચારિત્રમાં સ્થિર થઈ જાય છે. તેઓ ધન્ય છે જેઓ જીવનપર્યંત ગુરુકુલવાસમાં જ રહે છે."

**॥ અધ્યયન ૯ સંપૂર્ણ ॥**

# દશમું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું ગુણનિષ્પન્ન નામ "સમાધિ" છે.

સમાધિ શબ્દ ચિત્તની સ્વસ્થતા, સાત્ત્વિક સુખશાંતિ, સંતુષ્ટિ, મનોદુઃખનો અભાવ, આનંદ, પ્રમોદ, શુભધ્યાન, ચિત્તની એકાગ્રતારૂપ ધ્યાનાવસ્થા, સમતા, રાગાદિથી નિવૃત્તિ, આત્મ પ્રસન્નતા આદિ અર્થોમાં પ્રયુક્ત હોય છે.

નિર્યુક્તિકારે નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવરૂપથી છ પ્રકારે સમાધિનો નિક્ષેપ કર્યો છે. નામ સમાધિ અને સ્થાપના સમાધિ સુગમ છે.

**દ્રવ્યસમાધિ**– તેના ચાર પ્રકાર છે. (૧) જે દ્રવ્યના ખાવાપીવાથી શાંતિ અને સંતોષ અનુભવાય (૨) મનોજ્ઞ શબ્દાદિ વિષયોની પ્રાપ્તિ થવાથી શ્રોત્ર આદિ ઈન્દ્રિયોની તૃપ્તિ થતી હોય તેમ લાગે તેવા દ્રવ્ય (૩) પરસ્પર વિરોધી બે અથવા અનેક દ્રવ્યોને મેળવવાથી સ્વાદની વૃદ્ધિ થતી હોય તેવા દ્રવ્ય (૪) ત્રાજવા પર જે વસ્તુને ચડાવવાથી બન્ને પલ્લાં સમાન હોય.

**ક્ષેત્રસમાધિ**– જે ક્ષેત્રમાં રહેવાથી શાંતિ–સમાધિ પ્રાપ્ત થાય.

**કાળ સમાધિ**– જે ઋતુ, માસ, અથવા કાળમાં શાંતિપ્રાપ્ત થાય.

**ભાવસમાધિ**– ચિત્તની સ્વસ્થતા, શાંતિ, એકાગ્રતા, સમતા, સંતુષ્ટિ, પ્રસન્નતા આદિ અથવા જે જ્ઞાનાદિ ગુણો દ્વારા સમાધિનો લાભ થાય.

આ અધ્યયનમાં ભાવસમાધિ(આત્મપ્રસન્નતા)ના સંબંધમાં પ્રકાશ પાડયો છે, ભાવસમાધિ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપરૂપ છે. દશવૈકાલિક સૂત્રમાં વિનયસમાધિ, શ્રુતસમાધિ, તપસમાધિ અને આચાર સમાધિનો(દરેકના ચાર ચાર ભેદ સહિત) ઉલ્લેખ છે, તે પણ ભાવસમાધિની અંતર્ગત છે. દશાશ્રુતસ્કંધ અનુસાર વીસ અસમાધિ સ્થાનોથી દૂર રહેવું એ પણ ભાવસમાધિ છે. સમ્યક્ચારિત્રમાં સ્થિત સાધક ચારે ય ભાવસમાધિમાં આત્માને સ્થાપિત કરે છે.

આ અધ્યયનમાં શાસ્ત્રકારે શ્રમણને ચારિત્રસમાધિના ઉપાયોનું દર્શન કરાવ્યું છે. કોઈ પ્રકારનો સંચય ન કરવો; સમસ્ત પ્રાણીઓની સાથે આત્મવત્ વ્યવહાર કરવો; આરંભ આદિ પ્રવૃત્તિ સમયે હાથ–પગ અવયવને સંયત રાખવા; નિયાણું ન કરવું, હિંસા, ચોરી, અબ્રહ્મચર્ય આદિ પાપોથી દૂર રહેવું; અપ્રતિબદ્ધ વિચરણ, આત્મવત્ પ્રેક્ષણ, એકત્વભાવના, ક્રોધાદિથી વિરતિ, સત્યરતિ, કામનારહિત તપશ્ચર્યા,

તિતિક્ષા, વચનગુપ્તિ, શુદ્ધલેશ્યા, સ્ત્રી સંસર્ગ નિવૃત્તિ, ધર્મરક્ષાના વિચારપૂર્વક પાપવિરતિ, નિરપેક્ષતા, કાયવ્યુત્સર્ગ, જીવનમરણ–આકાંક્ષા રહિત થવું આદિ પ્રવૃત્તિ સમાધિને પ્રાપ્ત કરાવે છે. સમાધિ ભંગ કરનાર સ્ત્રીસંસર્ગ, પરિગ્રહ મમત્વ, ભોગકાંક્ષા આદિ પ્રવૃત્તિઓથી દૂર રહેવાનો નિર્દેશ કર્યો છે તથા જ્ઞાનસમાધિ તેમજ દર્શનસમાધિને માટે શંકા, કાંક્ષા આદિથી તથા એકાંત ક્રિયાવાદ તેમજ એકાંત અક્રિયાવાદથી પણ દૂર રહેવું જરૂરી બતાવ્યું છે.

આ અધ્યયનનો ઉદ્દેશ સાધકને બધા પ્રકારની અસમાધિઓ તથા અસમાધિ ઉત્પન્ન કરનારાં કારણોથી દૂર રાખીને ચારે ય પ્રકારની ભાવસમાધિમાં પ્રવૃત્ત કરવાનો છે.

ચારે પ્રકારની ભાવસમાધિની ફળશ્રુતિ વૃત્તિકારના શબ્દોમાં આ રીતે વ્યક્ત થયેલ છે. (૧) દર્શન સમાધિમાં સ્થિત સાધકનું અંતઃકરણ જિનપ્રવચનમાં રંગાયેલું હોવાથી તે કુબુદ્ધિ અથવા કુદર્શનરૂપી આંધીથી વિચલિત થતું નથી (૨) જ્ઞાન સમાધિ દ્વારા સાધક જેમ જેમ નવાં નવાં શાસ્ત્રોનું અધ્યયન કરે છે, તેમ તેમ આત્મ રસપ્રાપ્તિ, મોક્ષપ્રાપ્તિની શ્રદ્ધામાં વૃદ્ધિ તેમજ આત્મપ્રસન્નતા થાય છે (૩) ચારિત્ર સમાધિમાં સ્થિતમુનિ વિષયસુખથી નિઃસ્પૃહ, નિષ્કિંચન તેમજ નિરપેક્ષ હોવાથી પરમશાંતિ પામે છે (૪) તપઃસમાધિમાં સ્થિતમુનિ ઉત્કટ(કઠિન)તપ કરતો હોવા છતાં ગભરાતો નથી; ક્ષુધા, તૃષા આદિ પરીષહોથી ઉદ્વિગ્ન પણ થતો નથી તથા ધ્યાનાદિ આભ્યંતર તપમાં લીન સાધક મુક્તિની જેવો જ આનંદ (આત્મસુખ) પ્રાપ્ત કરી લે છે; પછી તે સુખદુઃખાદિ દ્વન્દ્વોથી પીડિત થતો નથી.

આ અધ્યયનમાં કુલ ૨૪ ગાથાઓ છે.

❖❖❖❖❖

# દશમું અધ્યયન

## સમાધિ

**સાધનાનો મૂળમંત્ર સમાધિ :–**

**१** आघं मईमं अणुवीइ धम्मं, अंजू समाहिं तमिणं सुणेह ।
अपडिण्ण भिक्खू उ समाहिपत्ते, अणियाणभूए सुपरिव्वएज्जा ॥

**શબ્દાર્થ :– मईमं** = કેવળજ્ઞાની ભગવાન મહાવીર સ્વામીએ, **अणुवीइ** = કેવળજ્ઞાન દ્વારા જાણીને, **अंजू समाहिं धम्मं आघं** = સરળ અને મોક્ષ દેનારા ધર્મનું કથન કર્યું છે, **तमिणं सुणेह** = હે શિષ્યો ! તે ધર્મને તમે સાંભળો, **अपडिण्ण** = પોતાના તપનું ફળ નહીં ઈચ્છતો, **समाहिपत्ते** = સમાધિ ભાવયુક્ત, **अणियाणभूए** = જીવોની હિંસા નહી કરતો, **भिक्खू सुपरिव्वएज्जा** = સાધુ શુદ્ધ સંયમનું પાલન કરે.

**ભાવાર્થ :–** કેવળજ્ઞાની ભગવાન મહાવીરે સરળ સમાધિમય, મોક્ષદાયક ધર્મનું કથન કર્યુ છે. હે શિષ્યો ! તે ધર્મને તમે સાંભળો ! જે ભિક્ષુ અપ્રતિજ્ઞ–તપની આલોક–પરલોક સંબંધી ફળની આકાંક્ષા રહિત, વિષયસુખની પ્રાપ્તિરૂપ નિદાન અથવા કર્મબંધનાં કારણ કે દુઃખના કારણ રૂપ હિંસાદિ નિદાન અથવા સંસારના કારણરૂપ નિદાનથી રહિત બની, સમાધિ પ્રાપ્ત સાધુ પ્રાણીઓની હિંસા ન કરતાં શુદ્ધ સંયમનું પાલન કરે.

**२** उड्ढं अहे य तिरियं दिसासु, तसा य जे थावर जे य पाणा ।
हत्थेहिं पाएहि य संजमित्ता, अदिण्णमण्णेसु य णो गहेज्जा ॥

**શબ્દાર્થ :– हत्थेहिं पाएहि य संजमित्ता** = હાથપગ વશ રાખી તે પ્રાણીઓને પીડા આપે નહીં, **अण्णेसु य अदिण्णं णो गहेज्जा** = બીજાઓએ ન આપેલી વસ્તુ ગ્રહણ કરે નહીં.

**ભાવાર્થ :–** ઊંચી નીચી અને તીરછી દિશાઓમાં જે ત્રસ અને સ્થાવર પ્રાણી છે, તેને સાધકે હાથ અને પગને સંયમમાં રાખી કોઈ પણ પ્રકારે પીડા આપવી ન જોઈએ અથવા તેની હિંસા કરવી ન જોઈએ તથા બીજાઓ દ્વારા નહીં અપાયેલા પદાર્થ ગ્રહણ કરવા ન જોઈએ.

**३** सुअक्खायधम्मे वितिगिच्छतिण्णे, लाढे चरे आयतुले पयासु ।
आयं ण कुज्जा इह जीवियट्ठी, चयं ण कुज्जा सुतवस्सि भिक्खू ॥

**શબ્દાર્થ :– सुअक्खायधम्मे** = શ્રુત અને ચારિત્ર ધર્મને સારી રીતે પ્રતિપાદન કરનારા, **वितिगिच्छतिण्णे** = તથા તીર્થંકર પ્રતિપાદિત ધર્મમાં શંકા ન કરનારા, **लाढे चरे** = યોગ્ય ક્ષેત્રમાં વિચરણ કરે, પ્રાસુક આહારથી પોતાનો નિર્વાહ કરનારા, **सुतवस्सि भिक्खू** = ઉત્તમ તપસ્વી સાધુ, **पयासु आयतुल्ले** = પૃથ્વીકાય આદિ જીવોને આત્મતુલ્ય (પોતાના સમાન) સમજે, **इह जीवियट्ठी आयं ण कुज्जा** = આ જીવન માટે આશ્રવોનું સેવન ન કરે, **चयं ण कुज्जा** = તેમજ ભવિષ્યકાળને માટે ધન– ધાન્યાદિનો સંચય ન કરે, કર્મ સંગ્રહ ન કરે.

**ભાવાર્થ :–** શ્રુત અને ચારિત્ર ધર્મનું સારી રીતે પ્રતિપાદન કરનારા તથા વીતરાગ પ્રરૂપિત ધર્મમાં વિચિકિત્સા–શંકા રહિત, પ્રાસુક આહારપાણી તથા એષણીય ઉપકરણાદિથી પોતાનું જીવન વ્યતીત કરનારા, ઉત્તમ તપસ્વી તેમજ ભિક્ષાજીવી સાધુ પૃથ્વીકાય આદિ પ્રાણીઓને આત્મતુલ્ય સમજી સંયમમાં વિચરણ કરે. આ લોકમાં લાંબાકાળ સુધી જીવવાની ઇચ્છાથી આશ્રવોનું સેવન ન કરે તથા ભવિષ્ય માટે ધનધાન્ય આદિનો સંચય ન કરે અથવા ઐહિક જીવન માટે આશ્રવોનું સેવન ન કરે અને કર્મસંગ્રહ ન કરે.

**૪** **सव्विंदियाभिणिव्वुडे पयासु, चरे मुणी सव्वओ विप्पमुक्के ।**
**पासाहि पाणे य पुढो वि सत्ते, दुक्खेण अट्टे परितप्पमाणे ॥**

**શબ્દાર્થ :– पयासु सव्विंदियाभिणिव्वुडे** = સ્ત્રીઓના વિષયમાં સાધુ પોતાની સમસ્ત ઈન્દ્રિયોને રોકીને જિતેન્દ્રિય બને, **सव्वओ विप्पमुक्के मुणी चरे** = બહાર અને અંદરના સર્વ બંધનોથી મુક્ત થઈ સાધુ સંયમ પાલન કરે, **पाणे य पुढोविसत्ते** = અલગ અલગ પ્રાણીવર્ગ, **अट्टे दुक्खेण परितप्पमाणे** = આર્ત અને દુઃખથી તપ્ત થઈ રહ્યાં છે, **पासाहि** = એમ જાણો.

**ભાવાર્થ :–** મુનિ સ્ત્રીના વિષયમાં જતી પાંચે ય ઈન્દ્રિયોને રોકી જિતેન્દ્રિય બને તથા બાહ્ય અને આભ્યંતર સર્વ પ્રકારના બંધનોથી મુક્ત થઈ સંયમનું પાલન કરે. તેમજ એમ જાણે કે પ્રાણીઓ આ સંસારમાં દુઃખથી પીડિત અને સંતપ્ત થઈ રહ્યા છે.

**૫** **एतेसु बाले य पकुव्वमाणे, आवट्टइ कम्मसु पावएसु ।**
**अइवायओ कीरइ पावकम्मं, णिउंजमाणे उ करेइ कम्मं ॥**

**શબ્દાર્થ :– बाले** = અજ્ઞાની જીવ, **एतेसु** = પૂર્વોક્ત પૃથ્વીકાય આદિ પ્રાણીઓને, **पकुव्वमाणे** = કષ્ટ આપતો, **पावएसु कम्मसु आवट्टइ** = વિવિધ પાપકર્મમાં પ્રવૃત્ત થાય છે અથવા આ પૃથ્વીકાય આદિ યોનિઓમાં ભ્રમણ કરે છે, **अइवायओ पावकम्मंकीरइ** = જીવહિંસા કરીને પ્રાણી પાપકર્મ કરે છે, **णिउंजमाणे उ कम्मं करेइ** = બીજાઓ દ્વારા હિંસા કરાવીને પણ જીવ પાપ કર્મસંગ્રહ કરે છે.

**ભાવાર્થ :–** અજ્ઞાની જીવ આ પૃથ્વીકાય આદિ પ્રાણીઓને કષ્ટ આપીને અત્યંત પાપકર્મ કરે છે અને તે પાપકર્મનું ફળ ભોગવવા પૃથ્વીકાયાદિ યોનિઓમાં વારંવાર જન્મ લઈ તે જ રૂપે પીડિત થાય છે.

પ્રાણાતિપાત કરવાથી, બીજા દ્વારા પ્રાણાતિપાત કરાવવાથી અને પ્રાણાતિપાતનું અનુમોદન કરવાથી પાપકર્મ બંધાય છે.

**૬** **आदीणवित्ती वि करेइ पावं, मंता तु एगंतसमाहिमाहु ।**
**बुद्धे समाही य रए विवेगे, पाणाइवाया विरए ठियप्पा ॥**

**શબ્દાર્થ :– आदीणवित्ती पावं करेइ** = જે પુરુષ દીનવૃત્તિ કરે છે, તે પણ પાપકર્મ સંગ્રહ કરે છે, **मंत्ता उ एगंत समाहि माहु** = એમ જાણીને તીર્થંકરોએ એકાન્ત સમાધિનો ઉપદેશ કર્યો છે, **बुद्धे ठियप्पा** = સ્થિરચિત્ત જ્ઞાની પુરુષ, વિચારવાન શુદ્ધચિત્તવાળો પુરુષ, **समाही य विवेगे रए** = સમાધિ અને વિવેકમાં રત રહે, **पाणाइवाया विरए** = તેમજ પ્રાણાતિપાતથી નિવૃત્ત રહે.

**ભાવાર્થ :–** જે સાધક દીનવૃત્તિથી કંગાલ ભિખારીની જેમ અથવા પિંડોલકની જેમ ભોજન પ્રાપ્ત કરે છે, તે પાપકર્મનો સંગ્રહ કરે છે. તેથી તીર્થંકરોએ ભાવ સમાધિ પૂર્વક ભિક્ષાચરી કરવાનો ઉપદેશ આપ્યો છે. પ્રબુદ્ધ શુદ્ધ ચિત્તવાન સાધક ભાવસમાધિ અને વિવેકમાં રત રહી, પ્રાણાતિપાત વગેરે પાપોથી વિરત રહે.

**૭** **सव्वं जगं तू समयाणुपेही, पियमप्पियं कस्सइ णो करेज्जा ।**
**उट्ठाय दीणे उ पुणो विसण्णे, संपूयणं चेव सिलोयकामी ॥**

**શબ્દાર્થ :– सव्वं जगं तू समयाणुपेही** = સાધુ સમસ્ત જગતને સમભાવથી જુએ, **कस्सइ पियमप्पियं णो करेज्जा** = કોઈનું પ્રિય કે અપ્રિય ન કરે, **उट्ठाय दीणे य पुणो विसण्णे** = કોઈ પુરુષ પ્રવ્રજ્યા લઈ, પરીષહ અને ઉપસર્ગો આવે ત્યારે દીન બની વિષાદને પ્રાપ્ત થાય છે, **संपूयणं चेव सिलोयकामी** = અને કોઈ પૂજા અને પ્રશંસાના અભિલાષી બની જાય છે.

**ભાવાર્થ :–** સાધુ સમસ્ત જગતને સમભાવથી જુએ. તે કોઈનું પણ પ્રિય કે અપ્રિય ન કરે. કોઈ વ્યક્તિ પ્રવ્રજિત થઈ પરીષહ અને ઉપસર્ગો આવે ત્યારે દીન બની જઈ, વિષાદયુક્ત થઈ જાય છે અથવા વિષયાર્થી થઈ સંયમથી પતિત થાય છે, કોઈ પોતાની પ્રશંસાનો અભિલાષી બની વસ્ત્રાદિથી સત્કાર(પૂજા) ઈચ્છે છે.

**૮** **आहाकडं चेव णिकाममीणे, णिकामचारी य विसण्णमेसी ।**
**इत्थीसु सत्ते य पुढो य बाले, परिग्गहं चेव पकुव्वमाणे ॥**

**શબ્દાર્થ :– आहाकडं चेव णिकाममीणे** = જે દીક્ષા લઈને આધાકર્મી આહારને ઈચ્છે છે, નિમંત્રણને સ્વીકારે છે, નિમંત્રિત આહાર ગ્રહણ કરે છે, **णिकामचारी य** = આધાકર્મી આહારનું નિકામ એટલે અતિ સેવન કે સ્મરણ કરનાર, **विसण्णमेसी** = વિષાદ યુક્ત થાય છે, **इत्थिसु सत्ते** = જે

સ્ત્રીમાં આસક્ત છે, **पुढो य बाले** = તેમજ સ્ત્રીના વિલાસોમાં અજ્ઞાનીની જેમ મુગ્ધ રહે છે તથા, **परिग्गहं चेव पकुव्वमाणे** = સ્ત્રીની પ્રાપ્તિ માટે પરિગ્રહ રાખે છે, તે પાપ કર્મ કરે છે.

**ભાવાર્થ :–** જે વ્યક્તિ પ્રવ્રજિત થઈ આધાકર્મ આદિ દોષથી દૂષિત આહારની અત્યંત લાલસા રાખે છે અને તેવા આહાર માટે ભ્રમણ કરે છે, તેઓ પાર્શ્વસ્થ આદિ કુશીલોના વિષાદયુક્ત ભાવોને પ્રાપ્ત કરે છે. જે સ્ત્રીઓમાં આસક્ત થઈને તેમનાં હાસ્ય, વિલાસ, ભાષણ આદિમાં મોહિત(મુગ્ધ) થઈ જાય છે અને સ્ત્રીઓની પ્રાપ્તિમાટે પરિગ્રહ, ધન આદિનો સંગ્રહ કરે છે તે પાપકર્મનો સંચય કરે છે.

**९** **वेराणुगिद्धे णिचयं करेइ, इतो चुए से दुहमट्ठदुग्गं ।**
**तम्हा उ मेहावि समिक्ख धम्मं, चरे मुणी सव्वओ विप्पमुक्के ॥**

**શબ્દાર્થ :– वेराणुगिद्धे** = જે પુરુષ જીવો સાથે વેર બાંધે છે, **णिचयं करेइ** = તે પાપકર્મની વૃદ્ધિ કરે છે, **इतो चुए से दुहमट्ठदुग्गं** = તે મરીને નરક આદિ દુઃખદાયી સ્થાનોમાં જન્મ લે છે.

**ભાવાર્થ :–** જે વ્યક્તિ પ્રાણીઓની હિંસાદિ કરી તેઓ સાથે વેર બાંધે છે, તે પાપકર્મનો સંચય(વૃદ્ધિ) કરે છે. તે અહીંથી મરીને નરકાદિ દુઃખદાયી સ્થાનોમાં જન્મ લે છે. તેથી મેધાવી મુનિ ધર્મનો સમ્યક્ વિચાર કરીને બાહ્ય–આભ્યંતર સર્વ બંધનોથી વિમુક્ત થઈ સંયમ માર્ગમાં વિચરણ કરે.

**१०** **आयं ण कुज्जा इह जीवियट्ठी, असज्जमाणो य परिव्वएज्जा ।**
**णिसम्मभासी य विणीय गिद्धिं, हिंसण्णियं वा ण कहं करेज्जा ॥**

**શબ્દાર્થ :– इह जीवियट्ठी आयं ण कुज्जा** = સાધુ આ જીવન માટે આશ્રવ સેવન, કર્મસંગ્રહ ન કરે, **असज्जमाणो य परिव्वएज्जा** = સ્ત્રી પુત્ર આદિમાં આસક્ત ન રહેતાં અનાસક્ત ભાવે સંયમમાં પ્રવૃત્તિ કરે, **णिसम्मभासी** = વિચારીને વાત કહે, **गिद्धिं विणीय** = તથા શબ્દાદિ વિષયોમાં આસક્તિને દૂર કરીને, **हिंसण्णियं कहं ण करेज्जा** = હિંસા સંબંધી અથવા હિંસાકારી કથા ન કરે.

**ભાવાર્થ :–** સાધુ આ લોકમાં લાંબાકાળ સુધી જીવવાની ઈચ્છાથી આવક–દ્રવ્યોપાર્જન અથવા કર્મોપાર્જન ન કરે તથા સ્ત્રી પુત્ર આદિમાં અનાસક્ત રહી સંયમમાં પરાક્રમ કરે. સાધુ પૂર્વાપરનો વિચાર કરી વાત કરે, શબ્દાદિ વિષયોમાંથી આસક્તિ દૂર કરે તથા હિંસાયુક્ત કથા ન કરે.

**११** **आहाकडं वा ण णिकामएज्जा, णिकामयंते य ण संथवेज्जा ।**
**धुणे उरालं अणुवेहमाणे, चिच्चाण सोयं अणवेक्खमाणे ॥**

**શબ્દાર્થ :– आहाकडं वा ण णिकामएज्जा** = સાધુ આધાકર્મી આહારની ઈચ્છા ન કરે, **णिकामयंते य ण संथवेज्जा** = આધાકર્મી આહાર ઈચ્છનારનો પરિચય ન કરે, **अणुवेहमाणे उरालं धुणे** = નિર્જરાની અનુપ્રેક્ષાથી શરીરને કૃશ કરે, **अणवेक्खमाणे सोयं चिच्चाण** = શરીરની

દરકાર રાખ્યા વિના, શોક છોડીને અથવા શ્રોત એટલે ઘર, સ્ત્રી, પુત્ર, ધનાદિમાં આસક્તિરૂપ પ્રવાહને છોડીને સંયમનું પાલન કરે.

**ભાવાર્થ :–** સાધુ આધાકર્મી આહારની ઈચ્છા ન કરે અને આધાકર્મી આહારની કામના કરનારાઓની સાથે પરિચય પણ ન કરે. 'ઉત્કટ તપથી કર્મ નિર્જરા થાય છે ' આ પ્રકારની અનુપ્રેક્ષા કરતા સાધુ શરીરને કૃશ કરે. શરીરની દરકાર ન કરતાં અથવા સાધુ તપસ્યાથી કૃશ થયેલા શરીરની પણ ચિંતા છોડી, ઘર,પુત્ર, ધનાદિમાં આસક્તિરૂપ વિષયોના પ્રવાહમાં ન તણાતા સંયમમાં પરાક્રમ કરે.

**૧૨** **एगत्तमेयं अभिपत्थएज्जा, एवं पमोक्खो ण मुसं ति पास ।**
**एसप्पमोक्खो अमुसे वरे वि, अकोहणे सच्चरए तवस्सी ॥**

**શબ્દાર્થ :– एगत्तमेयं(व) अभिपत्थएज्जा** = સાધુ એકત્વની ભાવના કરે, **एवं पमोक्खो ण मुसं ति पास** = આ રીતે (એકત્વની ભાવના કરવાથી)પણ સાધુ મોક્ષ પ્રાપ્ત કરે છે, આ કથન અસત્ય નથી તેમ જાણો, **एसप्पमोक्खो अमुसे वरे वि** = આ એકત્વની ભાવનાથી મોક્ષ છે તે સત્ય અને શ્રેષ્ઠ છે, **अकोहणे सच्चरए तवस्सी** = જે ક્રોધરહિત તથા સત્યમાં રત અને તપસ્વી છે.

**ભાવાર્થ :–** પૂર્વ ગાથામાં વર્ણિત આધાકર્મી દોષની પરિસ્થિતિના કારણે સાધુ એકત્વ ભાવના કરે, એકત્વને પણ સ્વીકારે. તેમ કરવાથી તે કર્મ સંગથી મુક્ત થાય છે, આ કથન અસત્ય નથી તેમ જાણો. આ એકત્વભાવના ઉત્કૃષ્ટ મોક્ષરૂપ છે. જે સાધુ આ ભાવનાથી યુક્ત બની ક્રોધ ન કરે, સત્યમાં રત બને અને તપ કરે તે ભાવ સમાધિને પ્રાપ્ત થાય છે, તે મિથ્યા નથી પરંતુ શ્રેષ્ઠ છે.

**૧૩** **इत्थीसु या आरय मेहुणाओ, परिग्गहं चेव अकुव्वमाणे ।**
**उच्चावएसु विसएसु ताई, णिस्संसयं भिक्खू समाहिपत्ते ॥**

**શબ્દાર્થ :– इत्थिसु या आरयमेहुणाओ** = જે પુરુષ સ્ત્રીઓની સાથે મૈથુન સેવન કરતા નથી, **उच्चा- वएसु विसएसु ताई** = એ પ્રમાણે વિવિધ પ્રકારના વિષયોમાં રાગદ્વેષ રહિત થઈને જીવોની રક્ષા કરે છે, **णिस्संसयं** = નિઃસંદેહ.

**ભાવાર્થ :–** જે સાધક સ્ત્રી વિષયક મૈથુનથી નિવૃત્ત છે, જે પરિગ્રહ રાખતા નથી તેમજ વિવિધ પ્રકારના વિષયોમાં રાગદ્વેષ રહિત થઈ આત્મરક્ષા અથવા પ્રાણીરક્ષા કરે છે, તે સાધુ નિઃસંદેહ સમાધિ પ્રાપ્ત કરે છે.

**૧૪** **अरइं रइं च अभिभूय भिक्खू, तणाइफासं तह सीयफासं ।**
**उण्हं च दंसं चऽहियासएज्जा, सुब्भिं च दुब्भिं च तितिक्खएज्जा ॥**

**શબ્દાર્થ :– भिक्खू** = સાધુ, **अरइं रइं च अभिभूय** = સંયમમાં અરતિ અર્થાત્ ખેદ તથા અસંયમમાં રતિ અર્થાત્ રાગને ત્યાગીને.

**ભાવાર્થ :–** સમાધિ કામી સાધુ સંયમમાં અરતિ–ખેદ અને અસંયમમાં રતિ–પ્રેમને ત્યાગી, તૃણાદિ સ્પર્શ, શીત, ઉષ્ણસ્પર્શ અને દંશમશક સ્પર્શને તથા સુગંધ–દુર્ગંધ વગેરેને સમભાવથી સહન કરે.

**૧૫** **गुत्तो वईए य समाहिपत्ते, लेसं समाहट्टु परिव्वएज्जा ।**
**गिहं ण छाए ण वि छावएज्जा, सम्मिस्सिभावं पजहे पयासु ॥**

**શબ્દાર્થ :– वईए य गुत्तो समाहिपत्ते** = જે સાધુ વચનથી ગુપ્ત રહે છે તે ભાવસમાધિ પ્રાપ્ત છે, **लेसं समाहट्टु परिवएज्जा** = પરિણામોને શુદ્ધ રાખતાં, સંયમપાલન કરે, **गिहं ण छाए ण वि छावएज्जा** = જે સ્થાનમાં નિવાસ કર્યો હોય તે ઘરને પોતે સંસ્કારિત કરે નહિ અન્ય પાસે પણ કરાવે નહિ, **पयासु सम्मिस्सिभावं पजहे** = સ્ત્રીઓ સાથે સંસર્ગ ન કરે.

**ભાવાર્થ :–** જે સાધુ વચનથી ગુપ્ત રહે છે, તે ભાવસમાધિને પ્રાપ્ત થાય છે. સાધુ શુદ્ધ લેશ્યાઓને ગ્રહણ કરીને સંયમપાલનમાં પરાક્રમ કરે. જે સ્થાનમાં નિવાસ કર્યો હોય, તે ઘરને સાફ કરે નહિ, અન્ય પાસે કરાવે નહિ. સાધુ સ્ત્રીઓ સાથે સંસર્ગ પણ ન કરે.

**વિવેચન :–**

આ પંદર ગાથાઓમાં મોક્ષદાયક સમાધિ પ્રાપ્તિના મૂળમંત્રો ફલિત થાય છે. તે આ પ્રમાણે છે–

૧ સમાધિ પ્રાપ્તિ માટે સાધુ અપ્રતિજ્ઞ(આ લોક–પરલોક સંબંધી ફળની આકાંક્ષા રહિત) તથા નિયાણા રહિત (વિષયસુખની પ્રાપ્તિરૂપ નિદાનથી રહિત) થઈને શુદ્ધસંયમમાં પરાક્રમ કરે.

૨ સર્વત્ર, સર્વદા ત્રસ સ્થાવર પ્રાણીઓને પીડા ન પહોંચાડે.

૩ અદત્તાદાનથી દૂર રહે.

૪ વીતરાગ પ્રરૂપિત શ્રુતચારિત્રરૂપ ધર્મમાં સંશય રહિત રહે.

૫ પ્રાસુક આહાર, પાણી તેમજ એષણીય ઉપકરણાદિથી જીવન નિર્વાહ કરે.

૬ સમસ્ત પ્રાણીઓ પ્રત્યે આત્મવત્ વ્યવહાર કરે.

૭ દીર્ઘકાળ સુધી જીવવાની આકાંક્ષાથી ધનનો કે પદાર્થોનો સંચય ન કરે.

૮ સ્ત્રીઓથી સબંધિત પંચેન્દ્રિય વિષયોમાં પ્રવૃત્ત ન થાય, જિતેન્દ્રિય બને.

૯ બાહ્ય–આભ્યંતર સર્વ સંબંધોથી મુક્ત થઈને સંયમમાં વિચરણ કરે.

૧૦ પૃથ્વીકાયાદિ પ્રાણીઓને દુઃખથી આર્ત અને આર્તધ્યાનથી સંતપ્ત જુએ.

૧૧ પૃથ્વીકાયાદિ જીવોનું છેદન ભેદન તેમજ ઉત્પીડન કરનાર પાપકર્મનાં ફળસ્વરૂપે તે જ યોનિઓમાં

વારંવાર જન્મ લઈ પીડિત થાય છે. પ્રાણાતિપાતથી જ્ઞાનાવરણીયાદિ પાપકર્મોનો બંધ થાય છે. સમાધિ ઈચ્છુક સાધુ તેનાથી દૂર રહે.

૧૨ સાધક દીનવૃત્તિથી કે અસંતુષ્ટ ભાવથી ભોજન પ્રાપ્ત ન કરે. એ બન્ને અવસ્થાઓમાં અશુભકર્મ (પાપ) બંધાય છે.

૧૩ ભાવસમાધિ માટે સાધક તત્ત્વજ્ઞ, સ્થિતપ્રજ્ઞ, વિવેકરત તેમજ પ્રાણાતિપાત આદિથી વિરત થાય.

૧૪ સમસ્ત જગતને સમભાવથી જુએ, રાગભાવ અથવા દ્વેષભાવથી પ્રેરિત થઈ કોઈનું પ્રિય અને કોઈનું અપ્રિય ન કરે. કોઈની ભલાઈ–બુરાઈના પ્રપંચમાં ન પડે.

૧૫ પ્રવ્રજિત સાધુ દીન, વિષાદયુક્ત, પતિત અને પ્રશંસા તેમજ આદરસત્કારના અભિલાષી ન બને.

૧૬ આધાકર્માદિ દોષ દૂષિત આહારની લાલસા ન કરે, એવા આહાર માટે ફરે નહિ. તેમ કરે તો તે વિષાદયુક્ત ભાવોને જ પામે.

૧૭ સ્ત્રીઓ સાથે સંબંધ રાખી વિવિધ વિષયોમાં આસક્ત થઈ સ્ત્રીપ્રાપ્તિ માટે ધન આદિનો સંગ્રહ કરે નહીં.

૧૮ પાપો અથવા ગ્રંથીઓથી મુક્ત રહી સંયમનું આચરણ કરે.

૧૯ લાંબા કાળ સુધી જીવવાની ઈચ્છાથી ધન સંચય ન કરે. પરંતુ અનાસક્ત રહી સંયમમાં પરાક્રમ કરે.

૨૦ જે વાત કરે તે સમજી–વિચારી ને કરે.

૨૧ શબ્દાદિ વિષયો પર આસક્તિ ન રાખે.

૨૨ હિંસાત્મક ઉપદેશ ન કરે.

૨૩ આધાકર્મી આદિ દોષયુક્ત આહારની ઈચ્છા પણ ન કરે અને તેવા દોષયુક્ત આહાર કરનાર સાથે સંપર્ક પણ ન રાખે.

૨૪ કર્મનો ક્ષય કરવા માટે શરીરને કૃશ કરે, શરીર સ્વભાવની અનુપ્રેક્ષા(વિચારણા–ચિંતવના) કરતો શરીરપ્રત્યે નિરપેક્ષ તેમજ નિશ્ચિંત રહે.

૨૫ એકત્વભાવના જ પરસંગથી છૂટવાનું સાધન છે, ભાવસમાધિનું મુખ્ય કારણ છે. તેથી એકત્વભાવનાથી ચિત્તને ભાવિત કરે.

૨૬ એકત્વ સાધક ક્રોધથી વિરત, સત્યમાં રત તેમજ તપશ્ચર્યા પરાયણ રહે તે શ્રેષ્ઠ છે.

૨૭ સ્ત્રીસંબંધી મૈથુનથી વિરત રહે, પરિગ્રહ ન રાખે અને વિષયોથી સ્વ–પરની રક્ષા કરે તે નિઃસંદેહ સમાધિને પ્રાપ્ત થાય છે.

૨૮ અરતિ(અણગમો)અને રતિ(ગમો) પર વિજયી બની તૃણસ્પર્શ, શીતોષ્ણસ્પર્શ, દંશમશક સ્પર્શ, સુગંધ–દુર્ગંધપ્રાપ્તિ આદિ પરીષહોને સમભાવ પૂર્વક સહન કરી લે, તે પણ સમાધિપ્રાપ્ત છે.

૨૯ જે સાધુ વચનગુપ્તિ તથા શુદ્ધલેશ્યા યુક્ત બની, સંયમમાં પરાક્રમ કરે છે, તે સ્વયં ઘર બનાવે નહીં, અન્ય પાસે કરાવે નહીં અને ગૃહસ્શથ સાથે, વિશેષતઃ સ્ત્રીઓ સાથે સંપર્ક રાખે નહીં. તે સમાધિના ઈચ્છુક સાધકો માટે આ સર્વ મૂળમંત્રો ઘણા ઉપયોગી છે.

**जीवियट्ठी** :–(૧) આ લોકમાં જીવિત એટલે કે કામભોગ, યશકીર્તિ ઈત્યાદિ ઈચ્છનારા. (૨) આ સંસારમાં અસંયમી જીવન જીવવાનો અભિલાષી. (૩) આ વર્તમાન જીવન માટે.

**ભાવ–અસમાધિ :–**

**૧૬** **जे केइ लोगंसि अकिरिय आया, अण्णेण पुट्ठा धुयमादिसंति ।**
**आरंभसत्ता गढिया य लोए, धम्मं ण याणंति विमोक्खहेउं ॥**

**શબ્દાર્થ :– लोगंसि जे केइ अकिरियआया** = આ લોકમાં જે લોકો આત્માને ક્રિયારહિત માને છે, **अण्णेण पुट्ठा धुयमादिसंति** = બીજાના પૂછવાથી મોક્ષનો આદેશ કરે છે, **आरंभसत्ता लोए गढिया** = તેઓ આરંભમાં આસક્ત અને વિષયભોગમાં મૂર્છિત છે, **विमोक्खहेउं धम्मं ण याणंति** = તેઓ મોક્ષના કારણરૂપ ધર્મને જાણતા નથી.

**ભાવાર્થ :–** આ લોકમાં જે (સાંખ્ય) લોકો આત્માને અક્રિય માને છે અને બીજા પૂછે ત્યારે ધૂત અર્થાત્ મોક્ષમાં આત્માના અસ્તિત્વનું પ્રતિપાદન કરે છે, સાવદ્ય આરંભમાં આસક્ત અને વિષયભોગોમાં ગૃદ્ધ તે લોકો મોક્ષના કારણભૂત ધર્મને જાણતા નથી.

**૧૭** **पुढो य छंदा इह माणवा उ, किरियाकिरियं च पुढो य वायं ।**
**जायस्स बालस्स पकुव्व देहं, पवड्ढइ वेरमसंजयस्स ॥**

**શબ્દાર્થ :– इह माणवा उ पुढो छंदा** = આ લોકમાં મનુષ્યોની ભિન્ન ભિન્ન રુચિ હોય છે, **किरिया–किरियं पुढो वायं** = કોઈ ક્રિયાવાદ અને કોઈ અક્રિયાવાદને માને છે, **जायस्स बालस्स देहं पकुव्व** = તે કોઈ જન્મેલાં બાળકોનાં શરીરને કાપીને સુખ માને છે, **असंजयस्स वेरं पवड्ढइ** = અસંયત પુરુષનું વેર વધે છે.

**ભાવાર્થ :–** આ લોકમાં મનુષ્યોની રુચિ ભિન્ન ભિન્ન હોય છે, તેથી કોઈ ક્રિયાવાદને માને છે અને કોઈ અક્રિયાવાદને માને છે. કોઈ જન્મેલા બાળકના શરીરના ટુકડા કરવામાં સુખ માને છે. વસ્તુતઃ અસંયમી વ્યક્તિને પ્રાણીઓ સાથે વેર વધે છે.

**૧૮** **आउक्खयं चेव अबुज्झमाणे, ममाइ से साहसकारि मंदे ।**
**अहो य राओ परितप्पमाणे, अट्ठेसु मूढे अजरामरे व्व ॥**

**શબ્દાર્થ :– आउक्खयं चेव अबुज्झमाणे** = આરંભમાં આસક્ત પુરુષ, આયુષ્યનો ક્ષય થવાનું જાણતા નથી, **ममाइ से साहसकारि मंदे** = તે મૂર્ખ વ્યક્તિ વસ્તુઓ પર મમત્વ રાખીને પાપકર્મ કરે છે, **अहो य राओ परितप्पमाणे** = તે દિવસ રાત ચિંતામાં પડયો રહે છે, **अट्ठेसु अजरामरेव्व मूढे** = તે પોતાને અજર અમર સમજતો હોવાથી ધનમાં આસક્ત રહે છે.

**ભાવાર્થ :–** આરંભમાં આસક્ત પુરુષ આયુષ્ય–ક્ષય થઈ જશે તે સમજતો નથી, તે મૂઢ સાંસારિક પદાર્થો પર મમત્વ રાખતો પાપકર્મ કરવાનું સાહસ કરે છે. તે દિવસરાત ચિંતાથી સંતપ્ત રહે છે અને તે મૂઢ પોતાને અજરઅમર માનતો પદાર્થોમાં મોહિત–આસક્ત રહે છે.

**૧૯** **जहाय वित्तं पसवो य सव्वे, जे बांधवा जे य पिया य मित्ता ।**
**लालप्पइ से वि य एइ मोहं, अण्णे जणा तं सि हरंति वित्तं ॥**

**શબ્દાર્થ :– जहाय** = છોડીને જવાનું છે, **से वि य लालप्पइ मोहं य एइ** = છતાં એ મનુષ્ય તે માટે રડે છે અને મોહને પ્રાપ્ત થાય છે, **अण्णे जणा तंसि वित्तं हरंति** = તે મૃત્યુ પામે ત્યારે બીજા લોકો તેનું ધન હરી લે છે.

**ભાવાર્થ :–** માનવ ધન અને પશુ આદિ સર્વ પદાર્થોને તથા પ્રિય મિત્ર અને બંધુજનોને છોડી જવાનું છે. છતાં પણ તેના માટે શોકાકુળ થઈને વિલાપ કરે છે અને મોહને પ્રાપ્ત થાય છે. તે મૃત્યુ પામે ત્યારે તેના દ્વારા અત્યંત કલેશથી ઉપાર્જિત ધનને અન્ય લોકો લઈ લે છે.

## વિવેચન :–

આ ચાર ગાથાઓમાં જેઓ ભાવસમાધિથી દૂર છે પરંતુ ભ્રમણાને કારણે પોતાને સમાધિપ્રાપ્ત (સુખમગ્ન) માને છે, તેવા લોકોનું ચિત્ર શાસ્ત્રકારે રજૂ કર્યું છે. તેઓ ત્રણ પ્રકારના છે–

**(૧) જ્ઞાન સમાધિથી દૂર :–** મોક્ષના કારણભૂત સમ્યક્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ ધર્મને જાણતા નથી, પરંતુ આરંભાસક્તિ તેમજ વિષયભોગ ગૃદ્ધિરૂપ અધર્મને જ મોક્ષના કારણભૂત ધર્મ તરીકે સ્વીકારી તેમાં રચ્યાપચ્યા રહે છે.

**(૨) દર્શન સમાધિથી દૂર :–** એકાન્ત ક્રિયાવાદી સ્ત્રી, ભોગોપભોગ્ય પદાર્થો તેમજ વિષયભોગોની ઉપભોગ ક્રિયાને સમાધિ(સુખ)કારક માને છે, એકાન્ત અક્રિયાવાદી આત્માને નિષ્ક્રિય–અકર્તા માને છે. તેથી તેઓના મતમાં મોક્ષ ઘટિત જ થતો નથી તેમ છતાં તેઓ શાશ્વત સમાધિરૂપ મોક્ષનું કથન કરે છે. તેઓ આત્માને અકર્તા માનીને તત્કાળ જન્મેલા બાળકના શરીરના ટુકડે ટુકડા કરીને તેમાં આનંદ(સમાધિ)

માને છે, પરંતુ વસ્તુતઃ બીજાને પીડા આપનારી પાપક્રિયા આત્માને અક્રિય માનવાથી કે કહેવા માત્રથી ટળી જતી નથી. પ્રાણીઓની સાથે વેર વર્ધક તે પાપનું ફળ ભોગવવું જ પડે છે.

**(૩) ચારિત્ર સમાધિથી દૂર :–** પોતાની જાતને આયુષ્યક્ષય રહિત અમર માનીને રાતદિન ધન, સાંસારિક પદાર્થ સ્ત્રી, પુત્ર આદિ પર મમત્વ રાખીને તેની પ્રાપ્તિ, રક્ષા, વૃદ્ધિ આદિની ચિંતામાં મગ્ન રહે છે, તે લોકો સમાધિ(સુખ–શાંતિ)ના કારણભૂત ત્યાગ, વૈરાગ્ય, સંયમ, તપ, નિયમ આદિ ચારિત્રથી દૂર રહે છે. મૃત્યુ પામે ત્યારે તેમના દ્વારા ઉપાર્જિત ધનાદિ પદાર્થોને અન્ય લોકો હડપ કરી જાય છે, તેઓને આ લોકમાં કે પરલોકમાં સમાધિ પ્રાપ્ત થતી નથી.

**साहसकारी :– सहस्सकारी** માનીને બે પ્રકારે વ્યાખ્યા કરવામાં આવી છે. (૧) સહર્ષ હિંસાદિ પાપ કરે છે, (૨) હજારો પાપો કરે છે.

**સમાધિપ્રાપ્તિના પ્રેરણાસૂત્ર :–**

**૨૦** **सीहं जहा खुड्डमिगा चरंता, दूरे चरंति परिसंकमाणा ।**
**एवं तु मेहावी समिक्ख धम्मं, दूरेण पावं परिवज्जएज्जा ॥**

**શબ્દાર્થ :– चरंता खुड्डमिगा सीहं परिसंकमाणा** = વિચરણ કરતાં નાનાં મૃગલાંઓ (પ્રાણી)જેવી રીતે સિંહની શંકાથી, **दूरे चरंति** = દૂર જ વિચરે છે.

**ભાવાર્થ :–** જેવી રીતે વનમાં વિચરણ કરતાં મૃગ આદિ નાનાં નાનાં જંગલી પશુઓ, સિંહની શંકાથી (સિંહ દ્વારા મૃત્યુની આશંકાથી)સિંહથી દૂર રહે છે. તેવી રીતે મેધાવી સાધક ધર્મનો વિચાર કરીને, અસમાધિ પ્રાપ્ત થવાની શંકાથી પાપને દૂરથી જ છોડીને વિચરણ કરે.

**૨૧** **संबुज्झमाणे उ णरे मईमं, पावाओ अप्पाण णिवट्टएज्जा ।**
**हिंसप्पसूयाइं दुहाइं मंता, वेराणुबंधीणि महब्भयाणि ॥**

**શબ્દાર્થ :– संबुज्झमाणे** = ધર્મને સમજનારા, **णिवट्टएज्जा** = નિવૃત્ત કરે, **हिंसप्पसूयाइं** = હિંસાથી બંધાતા કર્મ, **वेराणुबंधीणि** = વેર ઉત્પન્ન કરે છે, **महब्भयाणि** = તે મહાભય ઉત્પન્ન કરે છે, **दुहाइं** = દુઃખ આપે છે, **मत्ता** = એમ માનીને હિંસા ન કરે.

**ભાવાર્થ :–** ધર્મ તત્ત્વને સમજનાર મતિમાન્ પુરુષ પાપકર્મથી દૂર રહે છે. હિંસાથી બંધાતાં અશુભકર્મ, નરકાદિ યાતના સ્થાનોમાં અત્યંત દુઃખોત્પાદક છે,લાખો જન્મો સુધી પ્રાણીઓની સાથે વેર પરંપરા બાંધનારા છે, તેથી એ મહાભયજનક છે, તેમ માનીને હિંસા ન કરે.

**૨૨** **मुसं ण बूया मुणि अत्तगामी, णिव्वाणमेयं कसिणं समाहिं ।**
**सयं ण कुज्जा ण वि कारवेज्जा, करंतमण्णं पि य णाणुजाणे ॥**

**શબ્દાર્થ :– अत्तगामी मुणि मुसं ण बूया** = આત્મગામી આત્માર્થી, આપ્તગામી મુનિ અસત્ય ન બોલે, **एयं णिव्वाणं कसिणं समाहिं** = આ અસત્ય બોલવાના ત્યાગને જ સંપૂર્ણ ભાવસમાધિ અને મોક્ષ કહેવામાં આવે છે.

**ભાવાર્થ :–** આપ્તગામી સર્વજ્ઞો દ્વારા પ્રરૂપાયેલા મોક્ષમાર્ગ પર ચાલનાર અથવા આત્મહિતગામી મુનિ અસત્ય ન બોલે. આ રીતે તે મૃષાવાદ વિરમણને ભાવસમાધિ અને મોક્ષ કહેવામાં આવે છે. બીજા વ્રત તથા અન્ય વ્રતોમાં અતિચાર દોષનું સેવન ન કરે, બીજા પાસે અતિચાર સેવન ન કરાવે તથા અતિચારસેવીનું(મન, વચન, કાયા અને કર્મથી)અનુમોદન ન કરે. આ જ નિર્વાણ છે અને સંપૂર્ણ ભાવસમાધિ છે.

**૨૩** **सुद्धे सिया जाए ण दूसएज्जा, अमुच्छिए ण य अज्झोववण्णे ।**
**धिइमं विमुक्के ण य पूयणट्ठी, ण सिलोयकामी य परिव्वएज्जा ॥**

**શબ્દાર્થ :– सिया सुद्धे जाए ण दूसएज्जा** = ઉદ્‌ગમાદિ દોષ રહિત શુદ્ધ આહાર મળે તો સાધુ રાગદ્વેષ કરીને ચારિત્રને દૂષિત ન કરે, **अमुच्छिए ण य अज्झोववण्णे** = તે આહારમાં મૂર્છિત અને વારંવાર તેનો અભિલાષી ન બને, **धिइमं विमुक्के** = સાધુ ધૈર્યવાન અને પરિગ્રહથી મુક્ત બને.

**ભાવાર્થ :–** ઉદ્‌ગમ, ઉત્પાદન અને એષણા આદિ દોષોથી રહિત શુદ્ધ આહાર પ્રાપ્ત થવા પર સાધુ તેના પર રાગદ્વેષ કરીને ચારિત્રને દૂષિત ન કરે. મનોજ્ઞ, સરસ આહારમાં પણ મૂર્છિત ન થાય અને વારંવાર તે આહારને મેળવવાની અભિલાષા ન કરે. ભાવસમાધિ કામી સાધુ ધૃતિમાન્ બને તેમજ બાહ્ય આભ્યંતર પરિગ્રહથી વિમુક્ત બને. તે પોતાની પૂજાપ્રતિષ્ઠા અને કીર્તિની ઈચ્છા ન કરતાં શુદ્ધ સંયમમાં પરાક્રમ કરે.

**૨૪** **णिक्खम्म गेहाउ णिरावकंखी, कायं विओसेज्ज णियाणछिण्णे ।**
**णो जीवियं णो मरणाभिकंखी, चरेज्ज भिक्खू वलया विमुक्के**
**॥ त्ति बेमि ॥**

**શબ્દાર્થ :– गेहा उ णिक्खम्म** = સાધુ ઘરેથી નીકળીને એટલે કે દીક્ષા ગ્રહણ કરીને, **णिरावकंखी** = આકાંક્ષા રહિત બની જાય, પોતાના જીવનમાં નિરપેક્ષ બની જાય, **कायं विओसेज्ज** = શરીરનો વ્યુત્સર્ગ(મમત્વ ત્યાગ) કરે, **णियाणछिण्णे** = તે પોતાના તપના ફળની કામના(ઈચ્છા) ન કરે, કર્મોને ક્ષય કરે, **वलया विमुक्के** = એ પ્રમાણે સંસારચક્રથી વિમુક્ત થઈને.

**ભાવાર્થ :–** ઘરબાર છોડી, દીક્ષિત થનાર સાધુ પોતાના જીવનમાં આકાંક્ષા રહિત થઈ, શરીરસંસ્કાર, ચિકિત્સા આદિ કર્યા વિના શરીરનો વ્યુત્સર્ગ કરે, તેમજ પોતાના તપના ફળની ઈચ્છા ન કરતાં કર્મ ક્ષય કરે. સાધુ જીવન કે મરણની ઈચ્છા ન કરે. તે સંસારચક્રથી વિમુક્ત થઈને સંયમ અથવા મોક્ષરૂપ સમાધિ

માર્ગ પર વિચરણ કરે.

## વિવેચન :–

આ પાંચ ગાથાઓ દ્વારા શાસ્ત્રકારે આ અધ્યયનનો ઉપસંહાર કરતાં વિવિધ સમાધિની પ્રાપ્તિમાટે કેટલાંક પ્રેરણા સૂત્ર રજૂ કર્યા છે. તે અનુસાર ચાલવું ભાવસમાધિ કામીઓ માટે અનિવાર્ય છે. આ પાંચસૂત્રોમાં મુખ્યરૂપે આચારસમાધિ તેમજ તપસમાધિની પ્રાપ્તિ માટેનાં પ્રેરણાસૂત્રો છે, તે આ પ્રમાણે છે–

**મૂલગુણરૂપ આચારસમાધિની પ્રાપ્તિ માટે :–** હિંસાથી થતાં પાપકર્મ નરકાદિ દુઃખોના ઉત્પાદક, વેરાનુબંધી અને મહાભયજનક છે માટે સાધુ સમાધિની રક્ષા માટે હિંસાદિ પાપોનો સર્વથા ત્યાગ કરે. આત્મગામી સાધુ મન, વચન, કાયાથી કૃત–કારિત–અનુમોદિતરૂપથી અસત્યઆદિ પાપોનું આચરણ ન કરે.

**ઉત્તરગુણરૂપ આચાર સમાધિ માટે :–** (૧) પ્રાપ્ત નિર્દોષ આહારમાં મનોજ્ઞ પ્રત્યે રાગ અને અમનોજ્ઞ પ્રત્યે દ્વેષ કરી ચારિત્રને દૂષિત ન કરે (૨) તે આહારમાં મૂર્છિત ન થાય અને તેને વારંવાર મેળવવાની લાલસા ન રાખે (૩) ધૃતિમાન્ હોય (૪) પદાર્થોના મમત્વ અથવા સંગ્રહથી મુક્ત થાય (૫) પૂજા પ્રતિષ્ઠા અને કીર્તિની કામના(ઈચ્છા)ન કરે (૬) સહજભાવથી શુદ્ધ સંયમપાલનમાં સમુદ્યત રહે.

**તપસમાધિની પ્રાપ્તિ માટે :–** (૧) દીક્ષા ગ્રહણ કરીને સાધુ પોતાના જીવનપ્રત્યે નિરપેક્ષ થઈને રહે, અસંયમી જીવનની આકાંક્ષા ન રાખે (૨) શરીરને સંસ્કારિત તેમજ પુષ્ટ કર્યા વિના કાયવ્યુત્સર્ગ કરે (૩) તપશ્ચર્યાદિના ફળની આકાંક્ષા (નિયાણા)ને મનમાંથી કાઢી નાખે અથવા તપથી કર્મોનો ક્ષય કરે (૪) જીવન કે મરણની ઈચ્છા ન કરે (૫) સંસાર ચક્ર(કર્મબંધ)નાં કારણોથી અથવા માયાથી મુક્ત રહીને સંયમમાં પરાક્રમ કરે.

**પાઠાંતર :– वेराणुबंधीणि महब्भयाणि** ને બદલે ચૂર્ણિમાં પાઠ છે– **णेव्वाणभूते उ परिव्वएज्जा** વ્યાખ્યા આ પ્રમાણે છે. જેવી રીતે યુદ્ધ આદિથી નિર્વૃત–પાછો ફરેલો પુરુષ વ્યાપાર રહિત હોવાથી કોઈની હિંસા કરવામાં પ્રવૃત્ત થતો નથી, તેવી જ રીતે સાવદ્ય કાર્યથી રહિત પુરુષ પણ કોઈની હિંસા કર્યા વિના સંયમમાં પુરુષાર્થ કરે.

**॥ અધ્યયન ૧૦ સંપૂર્ણ ॥**

# અગિયારમું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ "માર્ગ" છે.

નિર્યુક્તિકારે "માર્ગ" ના નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની દષ્ટિએ છ નિક્ષેપ કર્યા છે. નામ, સ્થાપના, માર્ગ સુગમ છે. દ્રવ્યમાર્ગ વિભિન્ન પ્રકારના હોય છે. જેમ કે– ફલક માર્ગ, લત્ત માર્ગ, આંદોલક માર્ગ, વેત્ર માર્ગ, રજ્જુ માર્ગ, દવન(વાહન) માર્ગ, ખીલી માર્ગ–ઠોકેલી ખીલીના સંકેતથી પાર કરવામાં આવતો માર્ગ, પાશ માર્ગ, ગુફા માર્ગ, અજાદિ માર્ગ, પક્ષી માર્ગ, છત્ર માર્ગ, જલ માર્ગ, આકાશ માર્ગ આદિ. આ રીતે ક્ષેત્રમાર્ગ (જે માર્ગ ગ્રામ, નગર, ખેતર આદિ જે ક્ષેત્રમાં જતો હોય તે) તથા કાળમાર્ગ (જે કાળમાં માર્ગ બન્યો હોય તે), જેનાથી આત્માને સમાધિ અથવા શાંતિ પ્રાપ્ત થાય તે ભાવમાર્ગ છે.

આ અધ્યયનમાં "ભાવમાર્ગ" નું નિરૂપણ છે, તે બે પ્રકારનો છે. પ્રશસ્ત અને અપ્રશસ્ત. સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ મોક્ષમાર્ગ પ્રશસ્ત ભાવમાર્ગ છે. સંક્ષેપમાં તેને સંયમમાર્ગ અથવા શ્રમણાચાર માર્ગ કહી શકાય છે. અપ્રશસ્ત ભાવમાર્ગ મિથ્યાત્વ, અવિરતિ, અને અજ્ઞાન આદિ પૂર્વક કરવામાં આવતી પ્રવૃત્તિ છે. પ્રશસ્ત ભાવમાર્ગ જ તીર્થંકર ગણધરાદિ દ્વારા પ્રતિપાદિત તથા યથાર્થ વસ્તુસ્વરૂપ પ્રતિપાદક હોવાથી સમ્યક્માર્ગ અથવા સત્યમાર્ગ કહેવાય છે. તેનાથી વિપરીત અન્યતીર્થિકો અથવા કુમાર્ગગ્રસ્ત પાર્શ્વસ્થ, સ્વચ્છંદ, કુશીલ આદિ સ્વયૂથિકો દ્વારા સેવિતમાર્ગ અપ્રશસ્ત છે, મિથ્યા માર્ગ છે. પ્રશસ્ત માર્ગ તપ, સંયમ આદિનો, સમસ્ત પ્રાણીવર્ગ માટે હિતકર, સર્વપ્રાણી રક્ષક, નવતત્ત્વ સ્વરૂપ પ્રતિપાદક, તેમજ અઢાર હજાર શીલગુણ પાલક સાધુત્વના આચાર વિચાર સાથે ઓતપ્રોત છે.

નિર્યુક્તિકારે આ સત્ય(મોક્ષ) માર્ગના ૧૩ પર્યાયવાચક શબ્દો બતાવ્યા છે. (૧) પંથ (૨) માર્ગ –આત્મ પરિમાર્જક (૩) ન્યાય–વિશિષ્ટ સ્થાનપ્રાપક (૪) વિધિ–એક સાથે સમ્યક્દર્શન તેમજ સમ્યક્જ્ઞાનની પ્રાપ્તિ કરાવનાર (૫) ધૃતિ–સમ્યક્દર્શનાદિથી યુક્ત ચારિત્રમાં સ્થિર રાખનાર (૬) સુગતિ – સુગતિદાયક (૭) હિત–આત્મશુદ્ધિ માટે હિતકર (૮) સુખ–આત્મસુખનું કારણ (૯) પથ્ય–મોક્ષમાર્ગ માટે અનુકૂળ (૧૦) શ્રેય–૧૧ મા ગુણસ્થાનના ચરમ સમયમાં મોહાદિ ઉપશાંત થવાથી શ્રેયસ્કર (૧૧) નિવૃત્તિ–સંસારથી નિવૃત્તિનું કારણ (૧૨) નિર્વાણ–ચાર ઘાતિકર્મ ક્ષય થઈને કેવળજ્ઞાન પ્રાપ્ત થવાથી (૧૩) શિવ–શૈલેષી અવસ્થાની પ્રાપ્તિરૂપ ૧૪ ગુણસ્થાનના અંતમાં મોક્ષપદ પ્રાપક.

નિર્યુક્તિકારે ભાવમાર્ગની માર્ગ સાથે તુલના કરતાં ૪ ભંગ(વિકલ્પ) બતાવ્યા છે. ક્ષેમ, અક્ષેમ, ક્ષેમરૂપ અને અક્ષેમરૂપ. જે માર્ગમાં ચોર, સિંહ, વાઘ આદિનો ઉપદ્રવ ન હોય તે ક્ષેમ તથા જે માર્ગ કાંટા, કાંકરા, ખાડા, પહાડ, ઊંચી–નીચી કેડી આદિથી રહિત, સમ તથા વૃક્ષ, ફળ, ફૂલ, જલાશય આદિથી

યુક્ત હોય તે ક્ષેમરૂપ હોય છે. તેનાથી વિપરીત ક્રમશઃ અક્ષેમ અને અક્ષેમરૂપ હોય છે, તેની ચતુર્ભંગી આ પ્રકારે છે– (૧) કોઈમાર્ગ ક્ષેમ અને ક્ષેમરૂપ (૨) કોઈમાર્ગ ક્ષેમ છે ક્ષેમરૂપ નથી (૩) કોઈમાર્ગ ક્ષેમ નથી પરંતુ ક્ષેમરૂપ છે (૪) કોઈમાર્ગ ક્ષેમ પણ નથી, ક્ષેમરૂપ પણ નથી. આ રીતે પ્રશસ્ત અપ્રશસ્ત ભાવ માર્ગ પર ચાલનારા પથિકની દ્રષ્ટિએ પણ ક્ષેમ અને ક્ષેમરૂપ આદિ ૪ વિકલ્પ(ભંગ) થાય છે– (૧) જે સંયમ પથિક સમ્યક્જ્ઞાનાદિ માર્ગથી યુક્ત(ક્ષેમ) તથા દ્રવ્યલિંગ(સાધુવેષ)થી પણ યુક્ત (ક્ષેમરૂપ) છે (૨) જે જ્ઞાનાદિમાર્ગથી તો યુક્ત(ક્ષેમ)છે, પરંતુ દ્રવ્યલિંગ યુક્ત(ક્ષેમરૂપ) નથી (૩) ત્રીજા ભંગમાં નિન્હવ છે, જે અક્ષેમ પરંતુ ક્ષેમરૂપ અને (૪) ચોથા ભંગમાં અન્યતીર્થિક તેમજ ગૃહસ્થ છે, જે અક્ષેમ અને અક્ષેમ રૂપ છે. સાધુએ ક્ષેમ અને ક્ષેમરૂપ માર્ગનું જ અનુયાયી થવું જોઈએ.

આ અધ્યયનમાં આહારશુદ્ધિ, સદાચાર, સંયમ, પ્રાણાતિપાત વિરમણ આદિનું પ્રશસ્ત ભાવમાર્ગ રૂપે વિવેચન છે તથા દુર્ગતિદાયક અપ્રશસ્તમાર્ગના પ્રરૂપક પ્રવાદીઓ (ક્રિયાવાદી, અક્રિયાવાદી, વિનયવાદી તેમજ અજ્ઞાનવાદી કુલ ૩૬૩)થી દૂર રહીને તથા પ્રાણના ભોગે પણ મોક્ષમાર્ગપર દઢ રહેવાનો નિર્દેશ છે. દાનાદિ કેટલીક પ્રવૃત્તિઓના વિષયમાં પ્રત્યક્ષ પૂછવા પર શ્રમણે તેનું સમર્થન(પ્રશંસા)ન કરવું જોઈએ અને નિષેધ પણ ન કરવો જોઈએ. દશમા અધ્યયનમાં કહેલી ભાવસમાધિનું વર્ણન આ અધ્યયનમાં વર્ણિત ભાવમાર્ગ સાથે મળતું આવે છે.

દુર્ગતિ ફળદાયક અપ્રશસ્ત ભાવમાર્ગથી દૂર રહીને અને સદ્‌ગતિ રૂપ ફળદાયક પ્રશસ્ત ભાવમાર્ગ તરફ સાધકને વાળવો તે આ અધ્યયનનો ઉદ્દેશ છે.

આ અધ્યયનમાં ૩૮ ગાથાઓ છે.

❖❖❖❖❖

# અગિયારમું અધ્યયન

## માર્ગ

**ભાવમાર્ગ અને તેનું મહત્ત્વ :-**

**१** कयरे मग्गे अक्खाए, माहणेण मईमया ।
जं मग्गं उज्जु पावित्ता, ओहं तरइ दुत्तरं ॥

**શબ્દાર્થ :- जं उज्जु मग्गं पावित्ता** = જે સરળમાર્ગને પામીને.

**ભાવાર્થ :-** મહામાહણ કેવળજ્ઞાની વિશુદ્ધ મતિમાન્ ભગવાન મહાવીરે કોને મોક્ષ માર્ગ કહ્યો છે ? જે સરળ માર્ગ પ્રાપ્ત કરી સરળાત્મા દુસ્તર સંસારને પાર કરે છે ?

**२** तं मग्गं अणुत्तरं सुद्धं, सव्वदुक्खविमोक्खणं ।
जाणासि णं जहा भिक्खू, तं णे बूहि महामुणी ॥

**શબ્દાર્થ :- जहा जाणासि** = આપ જેવી રીતે જાણો છો, **तं णे बूहि** = તે અમને કહો.

**ભાવાર્થ :-** હે મહામુનિ ! સર્વદુઃખોથી મુક્ત કરનારા, શુદ્ધ અને અનુત્તર તે માર્ગને આપ જે રીતે જાણો છો, તે અમને કહો.

**३** जइ णे केइ पुच्छिज्जा, देवा अदुव माणुसा ।
तेसिं तु कयरं मग्गं, आइक्खेज्ज कहाहि णे ॥

**શબ્દાર્થ :- णे (णो) पुच्छिज्जा** = અમને પૂછે તો, **तेसिं कयरं मग्गं** = તેઓને કયો માર્ગ, **आइक्खेज्ज** = બતાવીએ ? **णे कहाहि** = તે અમને આપ કહો.

**ભાવાર્થ :-** જો કોઈ દેવ અથવા મનુષ્ય અમને પૂછે તો અમે તેઓને કયો માર્ગ બતાવીએ ? એ અમને બતાવો !

**४** जइ वो केइ पुच्छिज्जा, देवा अदुव माणुसा ।
तेसिमं पडिसाहेज्जा, मग्गसारं सुणेह मे ॥

**શબ્દાર્થ :– वो पुच्छिज्जा** = આપને પૂછે તો, **तेसिमं पडिसाहेज्जा** = તેઓને આ માર્ગ કહેવો જોઈએ, **मग्गसारं** = તે સારરૂપ માર્ગ.

**ભાવાર્થ :–** જો કોઈ દેવ અથવા મનુષ્ય તમને પૂછે તો તેઓને આ માર્ગ બતાવવો જોઈએ. તે સાર રૂપ માર્ગ તમે મારી પાસેથી સાંભળો.

**૫** **अणुपुव्वेण महाघोरं, कासवेण पवेइयं ।**
**जमादाय इओ पुव्वं, समुद्दं व ववहारिणो ॥**

**શબ્દાર્થ :– महाघोरं** = અતિકઠિન માર્ગને, **अणुपुव्वेण** = હું ક્રમથી બતાવું છું, **समुद्दं ववहारिणो** = જેવી રીતે વ્યાપારી સમુદ્રને પાર કરે છે, **इओ पुव्वं जमादाय** = આ રીતે આ માર્ગનો આશ્રય લઈને પૂર્વે ઘણા જીવો સંસાર સાગરને પાર કરી ચૂક્યા છે.

**ભાવાર્થ :–** કાશ્યપગોત્રીય શ્રમણ ભગવાન મહાવીર દ્વારા પ્રતિપાદિત તે અતિકઠિન માર્ગને હું ક્રમથી બતાવું છું. જેવી રીતે સમુદ્ર માર્ગે વિદેશમાં વ્યાપાર કરનારા વ્યાપારી સમુદ્રને પાર કરી લે છે, તેવી રીતે આ માર્ગનો આશ્રય લઈને પહેલાં ઘણાં જીવોએ સંસાર સાગરને પાર કર્યો છે.

**૬** **अतरिंसु तरंतेगे, तरिस्संति अणागया ।**
**तं सोच्चा पडिवक्खामि, जंतवो तं सुणेह मे ॥**

**શબ્દાર્થ :– तं सोच्चा पडिवक्खामि** = તે માર્ગ મેં ભગવાન મહાવીર સ્વામી પાસેથી સાંભળ્યો છે, **जंतवो तं सुणेह मे** = હે જીવો ! તે માર્ગ આપ મારાથી સાંભળો.

**ભાવાર્થ :–** આ માર્ગનો આશ્રય લઈ ભૂતકાળમાં અનેક ભવ્ય જીવોએ સંસાર સાગરને પાર કર્યો હતો. વર્તમાનમાં કેટલાંક ભવ્ય જીવ સંસારને પાર કરે છે, ભવિષ્યમાં ઘણા જીવો તેને પાર કરશે. હે જિજ્ઞાસુ જીવો ! તે ભાવમાર્ગને તીર્થંકર મહાવીર પાસેથી મેં જે રીતે સાંભળ્યો છે, તે માર્ગને મારી પાસેથી સાંભળો !

## વિવેચન :–

આ છ ગાથાઓમાંથી ત્રણ ગાથાઓમાં ગણધર શ્રી સુધર્માસ્વામીને શ્રી જંબૂસ્વામીએ સંસાર સાગર તારક, સર્વદુઃખ વિમોચક, અનુત્તર, શુદ્ધ, સરળ એવા ભાવમાર્ગ વિષયક પોતાની જિજ્ઞાસા પ્રગટ કરી છે. તે ઉપરાંત અનુરોધ કર્યો છે કે કોઈ સુલભબોધિ, સંસારથી ઉદ્વિગ્ન દેવ અથવા માનવ તે સમ્યગ્માર્ગના વિષયમાં અમને પૂછે તો અમે શું ઉત્તર આપીએ ? ત્યાર પછીની ત્રણ ગાથાઓમાં તે માર્ગની મહત્તા બતાવી, તે સારભૂત માર્ગના સંબંધમાં જિજ્ઞાસાનું સમાધાન કરવાની તૈયારી શ્રી સુધર્મા–સ્વામીએ બતાવી છે.

**અહિંસામાર્ગ :–**

**૭** **पुढवी जीवा पुढो सत्ता, आउजीवा तहाऽगणी ।**
**वाउजीवा पुढो सत्ता, तण रुक्ख सबीयगा ॥**

**ભાવાર્થ :–** પૃથ્વી સજીવ છે, તે પ્રત્યેક જીવો પૃથક્ પૃથક્ છે; પાણી અગ્નિ તેમજ વાયુ પણ જીવ છે અને તે જીવો પણ પૃથક્ પૃથક્ છે. લીલું ઘાસ, વૃક્ષ અને બીજ રૂપ વનસ્પતિ પણ જીવ રૂપ છે.

**૮** **अहावरा तसा पाणा, एवं छक्काय आहिया ।**
**एतावए जीवकाए, णावरे कोइ विज्जइ ॥**

**શબ્દાર્થ :– अहावरा** = તેથી ભિન્ન, **तसा पाणा** = ત્રસકાયવાળા જીવ છે, **एतावए जीवकाए** = એટલા જ જીવોના ભેદ છે, **अवरे कोइ ण विज्जइ** = તેનાથી ભિન્ન બીજા કોઈ જીવ હોતા નથી.

**ભાવાર્થ :–** આ પાંચ સ્થાવર જીવ નિકાય સિવાયના છટ્ઠા ત્રસકાયવાળા જીવ હોય છે. આ રીતે તીર્થંકરોએ જીવના છ નિકાય(ભેદ) બતાવ્યા છે. એટલા જ સંસારી જીવના ભેદ છે. તે ઉપરાંત સંસારમાં બીજા કોઈ જીવ હોતા નથી.

**૯** **सव्वाहिं अणुजुत्तीहिं, मइमं पडिलेहिया ।**
**सव्वे अकंतदुक्खा य, अओ सव्वे ण हिंसया ॥**

**શબ્દાર્થ :– अणुजुत्तीहिं** = યુક્તિઓથી, **पडिलेहिया** = આ જીવોની સિદ્ધિ કરીને, **सव्वे अकंतदुक्खा** = બધાને દુઃખ અપ્રિય છે એમ જાણે.

**ભાવાર્થ :–** બુદ્ધિમાન પુરુષ સર્વ યુક્તિઓથી, જીવોમાં જીવત્વ સિદ્ધ કરી સારી રીતે જાણે–જુએ કે બધાં પ્રાણીઓને દુઃખ અપ્રિય છે. તેથી કોઈ પણ પ્રાણીની હિંસા ન કરે.

**૧૦** **एयं खु णाणिणो सारं, जं ण हिंसइ कंचणं ।**
**अहिंसा समयं चेव, एयावंतं विजाणिया ॥**

**શબ્દાર્થ :– णाणिणो एयं खु सारं** = જ્ઞાની પુરુષોના જ્ઞાનનો સાર છે કે, **अहिंसा समयं चेव** = અહિંસાના સમર્થક શાસ્ત્રનો પણ, **एयावंतं विजाणिया** = આટલો જ સિદ્ધાંત જાણવો જોઈએ.

**ભાવાર્થ :–** જ્ઞાનીપુરુષના જ્ઞાનનો આ જ સાર–નિષ્કર્ષ છે કે કોઈપણ જીવની હિંસા કરવી નહીં. અહિંસા પ્રધાન શાસ્ત્રનો પણ એ જ પ્રમુખ સિદ્ધાંત અથવા ઉપદેશ જાણવો જોઈએ.

**૧૧** **उड्ढं अहे तिरियं च, जे केइ तस–थावरा ।**
**सव्वत्थ विरइं कुज्जा, संति णिव्वाणमाहियं ॥**

**શબ્દાર્થ :– संति णिव्वाण माहियं** = આ રીતે જીવને શાંતિમય મોક્ષની પ્રાપ્તિ કહેવામાં આવી છે.

**ભાવાર્થ :–** ઉર્ધ્વ, અધો અને તિર્ચ્છા(લોકમાં) જે કોઈ ત્રસ અને સ્થાવર જીવ છે, સર્વત્ર તે સર્વની હિંસાથી વિરત(નિવૃત્તિ)થવું જોઈએ અર્થાત્ તેઓની હિંસાથી અટકવું જોઈએ. આ રીતે જીવને નિર્વાણ–મોક્ષની પ્રાપ્તિ કહેવામાં આવી છે.

**૧૨** **पभू दोसे णिराकिच्चा, ण विरुज्झेज्ज केणइ ।**
**मणसा वयसा चेव, कायसा चेव अंतसो ॥**

**શબ્દાર્થ :– पभू दोसे णिराकिच्चा** = જિતેન્દ્રિય પુરુષ દોષોને દૂર કરીને, **अंतसो** = જીવનપર્યંત, **ण विरुज्झेज्ज** = વિરોધ ન કરે.

**ભાવાર્થ :–** ઈન્દ્રિય વિજેતા સાધક દોષોનું નિવારણ કરી, કોઈ પણ પ્રાણીની સાથે જીવનપર્યંત મનથી, વચનથી અથવા કાયાથી વેર વિરોધ ન કરે.

## વિવેચન :–

આ છ ગાથાઓમાં મોક્ષમાર્ગના સર્વપ્રથમ સોપાન અહિંસાના વિધિમાર્ગનું સાત અભિપ્રાયોથી પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

૧ ત્રસસ્થાવરરૂપ છકાયમાં જીવ (ચેતના)નું અસ્તિત્વ છે.

૨ કોઈપણ જીવને દુઃખ પ્રિય નથી.

૩ હિંસાથી જીવને દુઃખ થાય છે, તેથી કોઈ પણ પ્રાણીની હિંસા કરવી ન જોઈએ.

૪ જ્ઞાની પુરુષના જ્ઞાનનો સાર અહિંસા છે.

૫ અહિંસા શાસ્ત્રનો પણ એ જ સિદ્ધાંત છે કે લોકમાં જે કોઈ ત્રસ અથવા સ્થાવર જીવ છે, તેઓની હિંસાથી સાધક સદા સર્વત્ર વિરત થઈ જાય.

૬ અહિંસા જ શાંતિમય નિર્વાણની કૂંચી છે.

૭ મોક્ષ–માર્ગ પાલનમાં સમર્થ વ્યક્તિએ અહિંસાના સંદર્ભમાં મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય તેમજ યોગરૂપી દોષોને દૂર કરી, કોઈ પણ પ્રાણીની સાથે મન, વચન, કાયાથી જીવનભર વેર વિરોધ ન કરવા જોઈએ.

**એષણાસમિતિ :–**

**१३** **संवुडे से महापण्णे, धीरे दत्तेसणं चरे ।**
**एसणासमिए णिच्चं, वज्जयंते अणेसणं ॥**

**શબ્દાર્થ :– से संवुडे महापण्णे धीरे** = તે સંવૃત્ત સાધુ મહાપ્રજ્ઞાવાન તથા ધીર છે, **दत्तेसणं चरे** = તે આપેલા એષણીય આહારાદિને ગ્રહણ કરે છે.

**ભાવાર્થ :–** તે સાધુ મહાપ્રાજ્ઞ, ધીર અને સંવૃત છે, તે બીજા(ગૃહસ્થ) દ્વારા દીધેલા એષણીય આહારાદિ પદાર્થ ગ્રહણ કરે છે. અનેષણીય આહારાદિ છોડીને હંમેશાં ગવેષણા, ગ્રહણૈષણા તેમજ ગ્રાસૈષણારૂપ ત્રિવિધ એષણાઓથી યુક્ત રહે છે.

**१४** **भूयाइं च समारंभ, समुद्दिस्स य जं कडं ।**
**तारिसं तु ण गेण्हेज्जा, अण्णपाणं सुसंजए ॥**

**શબ્દાર્થ :– भूयाइं च समारंभ** = જે આહાર જીવોની હિંસા કરીને, **समुद्दिस्स य जं कडं** = સાધુને વહોરાવવા માટે કરવામાં આવ્યો હોય.

**ભાવાર્થ :–** જે આહાર–પાણી પ્રાણીઓનો સમારંભ કરી તથા સાધુઓને આપવાના ઉદ્દેશથી બનાવવામાં આવ્યો હોય, તેવા દોષયુક્ત આહાર અને પાણીને સુસંયમી સાધુ ગ્રહણ ન કરે.

**१५** **पूइकम्मं ण सेवेज्जा, एस धम्मे वुसीमओ ।**
**जं किंचि अभिसंकेज्जा, सव्वसो तं ण कप्पए ॥**

**શબ્દાર્થ :– पूइकम्मं ण सेवेज्जा** = જે આહાર આધાકર્મી આહારના એક કણથી પણ યુક્ત છે, સાધુ તેને ગ્રહણ ન કરે, **वुसीमओ एस धम्मे** = શુદ્ધ સંયમનું પાલન કરનારા સાધુનો આ જ ધર્મ છે, **जं किंचि अभिसंकेज्जा(अभिकंखेज्जा)** = શુદ્ધ આહારમાં પણ જો અશુદ્ધિની શંકા થઈ જાય તો, **सव्वसो तं ण कप्पए** = તે પણ સાધુએ ગ્રહણ કરવા યોગ્ય નથી.

**ભાવાર્થ :–** પૂતિકર્મયુક્ત(શુદ્ધ આહારમાં આધાકર્મ આદિ દોષયુક્ત આહારના એક કણથી પણ મિશ્રિત) આહારનું સેવન સાધુ ન કરે, શુદ્ધ સંયમી સાધુનો આ જ ધર્મ છે તથા શુદ્ધ આહારમાં પણ જો અશુદ્ધિની શંકા થઈ જાય તો તે આહાર પણ સાધુને માટે સર્વથા ગ્રહણ કરવા યોગ્ય(કલ્પનીય) નથી.

**વિવેચન :–**

આ ત્રણ ગાથાઓમાં વિશુદ્ધ આહારાદિ ગ્રહણ કરવાનો માર્ગ બતાવવામાં આવ્યો છે.

સાધુની આવશ્યક્તાઓ અત્યંત સીમિત હોય છે. તે આવશ્યકતાઓની પૂર્તિ નિર્દોષ રીતે થાય તે માટે એષણા સમિતિનું વિધાન છે. સાધુ આહાર, પાણી, વસ્ત્ર, પાત્ર આદિ પ્રત્યેક વસ્તુ ગવેષણા પૂર્વક ગ્રહણ કરે અને અનાસક્ત ભાવે ભોગવે. પૂર્વોક્ત ગાથામાં એષણા સમિતિ સબંધી દોષોનું જ કથન છે. સાધુ પ્રાણીઓનો આરંભ–સમારંભ કરીને તૈયાર થયેલો આહાર, સાધુના ઉદ્દેશથી તૈયાર કરેલો, ખરીદેલો આદિ દોષથી દૂષિત આહાર ગ્રહણ કરે તો તેનું અહિંસાવ્રત દૂષિત થાય છે. જો છળ–પ્રપંચ કરી, આહારાદિ પદાર્થ પ્રાપ્ત કરે તો સત્યવ્રતમાં દોષ લાગે, આપ્યા વિનાના આહારાદિ લઈ લે તો અચૌર્ય– મહાવ્રતનો ભંગ થાય છે. સ્વાદલોલુપતાવશ લાલસાપૂર્વક અતિમાત્રામાં આહારપાણીનો સંગ્રહ કરવામાં આવે તો બ્રહ્મચર્ય તેમજ અપરિગ્રહ મહાવ્રત દૂષિત થાય છે. આ રીતે દોષિત આહારના સેવનથી પાંચે મહાવ્રત દૂષિત થાય છે. તેથી શાસ્ત્રકારે એષણા સમિતિ પૂર્વકનો શુદ્ધ આહાર ગ્રહણ કરવાનું કથન કર્યુ છે. શુદ્ધ આહારમાં એક કણ પણ અશુદ્ધ આહારનો મળ્યો હોય અથવા અશુદ્ધ આહારની શંકા હોય તો તેને ગ્રહણ કરવાનો કે સેવન કરવાનો નિષેધ કરવામાં આવ્યો છે કારણ કે અશુદ્ધ આહાર સંયમવિઘાતક, કર્મગ્રંથિઓના ભેદનમાં બાધક અને મોક્ષમાર્ગમાં વિઘ્નકારક થાય છે.

આ દષ્ટિએ શાસ્ત્રકારે એષણા સમિતિનો માર્ગ બતાવીને તેને સાધુધર્મ બતાવ્યો છે.

**ભાષાસમિતિ :–**

**૧૬** **हणंतं णाणुजाणेज्जा, आयगुत्ते जिइंदिए ।**
**ठाणाइं संति सङ्कीणं, गामेसु णगरेसु वा ।**

**શબ્દાર્થ :– सङ्कीणं** = ધર્મમાં શ્રદ્ધા રાખનારા શ્રાવકોનાં, **ठाणाइं संति** = દાન પુણ્યના સ્થાન હોય છે.

**ભાવાર્થ :–** ગામો અને નગરોમાં ધર્મ શ્રદ્ધાળુ ગૃહસ્થોનાં દાન પુણ્યના કેટલા ય સ્થાનો હોય છે. આત્મગુપ્ત જિતેન્દ્રિય સાધુ ત્યાં થતી જીવહિંસાનું અનુમોદન ન કરે.

**૧૭** **तहा गिरं समारब्भ, अत्थि पुण्णं ति णो वए ।**
**अहवा णत्थि पुण्णं ति, एवमेयं महब्भयं ॥**

**શબ્દાર્થ :– तहा गिरं समारब्भ** = તથા વાણીનો પ્રયોગ કરીને એટલે વચનથી તે કાર્યો કરવામાં, **अत्थि पुण्णंति णो वए** = પુણ્ય છે એમ ન કહે અથવા **एवमेयं महब्भयं** = એમ કહેવું પણ ઘણું ભયદાયક છે.

**ભાવાર્થ :–** જો કોઈ સાધુને પૂછે કે આ(પૂર્વોક્ત પ્રકારના આરંભજન્ય) કાર્યમાં ધર્મ–પુણ્ય છે કે નહીં? ત્યારે સાધુ પુણ્ય છે, એમ ન કહે અથવા પુણ્ય નથી, એમ કહેવું પણ મહાભયકારક છે. આરંભયુક્ત પુણ્યકાર્યમાં સાધુ હા કે ના કાંઈ ન બોલે.

**૧૮** **दाणट्ठयाए जे पाणा, हम्मंति तस–थावरा ।**
**तेसिं सारक्खणट्ठाए, तम्हा अत्थि त्ति णो वए ॥**

**શબ્દાર્થ :– सारक्खणट्ठाए** = તેઓની રક્ષા કરવા માટે.

**ભાવાર્થ :–** અન્ન અથવા પાણીના દાન માટે ત્રસ અને સ્થાવર અનેક જીવો(પ્રાણીઓ)ની હિંસા થાય છે, તેની રક્ષાના હેતુથી સાધુ તે કાર્યમાં પુણ્ય થાય છે, એમ ન કહે.

**૧૯** **जेसिं तं उवकप्पेंति, अण्ण–पाणं तहाविहं ।**
**तेसिं लाभंतरायं ति, तम्हा णत्थि त्ति णो वए ॥**

**શબ્દાર્થ :– जेसिं तं** = જે પ્રાણીઓને દાન દેવા માટે, **तहाविहं अण्णपाणं** = તે પ્રકારનાં અન્ન પાણી, **उवकप्पेंति** = બનાવવામાં આવે છે, **तेसिं लाभंतरायं ति** = તેઓના લાભમાં અંતરાય ન થાય, **तम्हा** = તેથી, **णत्थि त्ति णो वए** = પુણ્ય નથી એમ પણ ન કહે.

**ભાવાર્થ :–** જે જીવોને દાન દેવા માટે તથાવિધ(આરંભપૂર્વક) આહારપાણી બનાવવામાં આવે છે, તેઓના (તે વસ્તુઓના) લાભમાં અંતરાય ન થાય તે દષ્ટિએ સાધુ તે કાર્યમાં પુણ્ય નથી, એમ પણ ન કહે.

**૨૦** **जे य दाणं पसंसंति, वहमिच्छंति पाणिणं ।**
**जे य णं पडिसेहंति, वित्तिच्छेयं करेंति ते ॥**

**શબ્દાર્થ :– ते वित्तिच्छेयं करेंति** = તેઓ પ્રાણીઓની વૃત્તિ(આજીવિકા)નું છેદન કરે છે.

**ભાવાર્થ :–** [સચિત્ત પદાર્થોના આરંભથી થયેલી વસ્તુઓના] દાનની જે પ્રશંસા કરે છે, તે પ્રાણીઓના વધની અનુમોદના કરે છે અને જે દાનનો નિષેધ કરે છે, તેઓ વૃત્તિછેદન–પ્રાણીઓની આજીવિકાનો નાશ કરે છે.

**૨૧** **दुहओ वि जे ण भासंति, अत्थि वा णत्थि वा पुणो ।**
**आयं रयस्स हिच्चाणं, णिव्वाणं पाउणंति ते ॥**

**શબ્દાર્થ :– रयस्स आयं हिच्चाणं, ते णिव्वाणं पाउणंति** = આ રીતે તે સાધક કર્માશ્રવને રોકી મોક્ષને પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :–** હિંસારૂપ આરંભથી થતાં દાનકાર્યમાં "પુણ્ય થાય છે" અથવા "પુણ્ય થતું નથી" આ બન્ને પ્રકારનું કથન સાધુ કરતા નથી. આવા વિષયમાં મૌન રહી કર્મોના આશ્રવને રોકી નિર્વાણને પ્રાપ્ત કરે છે.

**વિવેચન :–**

આ છ ગાથાઓમાં અહિંસા મહાવ્રતીસાધુને અહિંસાવ્રતની સુરક્ષા માટે ભાષાસમિતિનો વિવેક

બતાવવામાં આવ્યો છે.

સાધુ અહિંસાવ્રતી છે. સાધુ મન, વચન, કાયાથી હિંસા કરે નહિ, બીજા પાસે કરાવે નહિ અને હિંસા કરતાને અનુમોદના આપે નહિ.

સાધુ એ જુએ કે દાનમાટે તૈયાર કરવામાં આવતી વસ્તુમાં ત્રસસ્થાવર પ્રાણીઓની હિંસા થઈ છે, તેવા દાનાદિ કાર્યને પુણ્ય છે, એવું કહે અથવા તેની પ્રશંસા કરે તો તેને પ્રાણીઓની હિંસાની અનુમોદનાનું પાપ લાગે છે, તેથી આરંભજન્ય કાર્યમાં "પુણ્ય છે" એવું ન કહે. તે જ રીતે "પુણ્ય નથી થતું", તેમ પણ ન કહે. શ્રદ્ધાળુ વ્યક્તિ સાધુના મોઢેથી "પુણ્ય નથી થતું" એવા શબ્દો સાંભળીને ઉપરોક્ત વસ્તુઓનું દાન દેતા અટકી જાય તો જીવોને તે વસ્તુઓના લાભમાં અંતરાય પડે, તેઓની આજીવિકામાં ખૂબ મોટી અંતરાય આવી જાય. સંભવ છે કે તે લોકો તે વસ્તુઓ ન મળવાથી ભૂખ્યા–તરસ્યા મરી પણ જાય. તેથી શાસ્ત્રકાર સ્પષ્ટ માર્ગદર્શન આપે છે કે– **दुहओ वि ते ण भासंति, अत्थि वा णत्थि वा पुणो** અર્થાત્ સાધુ એવા સમયે "પુણ્ય થાય છે", અથવા "નથી થતું" આ બે માંથી એક પણ કથન ન કરે, તે સમયે સાધુ તટસ્થ રહે.

નિષ્કર્ષ એ છે કે જે દાનાદિ શુભકાર્યની પાછળ કોઈ હિંસા થવાની નથી અથવા થઈ રહી નથી; તેવી અચિત્ત, પ્રાસુક, આરંભરહિત વસ્તુનું કોઈ દાન કરવા ઈચ્છે અથવા કરી રહ્યા હોય અને સાધુને તે સંબંધમાં કોઈ પૂછે તો તેમાં તેનાં શુભપરિણામો(ભાવો)ની દષ્ટિએ સાધુ "પુણ્ય" કહી શકે છે અને અનુકંપાબુદ્ધિથી દેવામાં આવતા દાનનો નિષેધ તો તેણે ક્યારે ય કરવાનો નથી; કારણ કે ભગવતી સૂત્રની ટીકામાં પણ સ્પષ્ટ કહ્યું છે કે "જિનેશ્વરોએ અનુકંપા દાનનો તો ક્યારે ય પણ નિષેધ કર્યો નથી." નિરવદ્ય કથન દ્વારા સાધુ કર્મના આગમનને પણ રોકી શકે છે અને ઉચિત(યોગ્ય) માર્ગદર્શન પણ કરી શકે છે.

અહીં પ્રારંભની બે ગાથાઓ ચૂર્ણિ અને ટીકામાં ભિન્ન ભિન્ન છે. પ્રસ્તુતમાં ટીકાનુસાર સ્વીકારેલ છે. ચૂર્ણિ અનુસાર આ પ્રમાણે છે–

**ठाणाइं संति सड्ढीणं, गामेसु णगरेसु वा ।**
**अत्थि वा णत्थि वा धम्मो ? अत्थि धम्मो त्ति णो वदे ॥**

**अत्थि वा णत्थि वा पुण्णं ? अत्थि पुण्णं ति णो वदे ।**
**अहवा णत्थि पुण्णं ति, एवमेयं महब्भयं ॥**

**अत्थिवा णत्थिवा धम्मो :**– સ્થાન, પરબ, ભોજનશાળા વગેરે બનાવવામાં ધર્મ છે કે નથી ? તેમ કોઈ પૂછે તો સાધુ **अत्थि धम्मो त्ति णो वदे** = તેવા કાર્યમાં ધર્મ છે તેમ ન કહે. પાઠાંતર– **हणंत णाणुणाणेज्जा आयगुत्ते जिइंदिए** = આત્મગુપ્ત જિતેન્દ્રિય સાધુ હિંસા યુક્ત તે કાર્યોની અનુમોદના ન કરે. **अत्थि वा णत्थि वा पुण्णं**– તે કાર્યમાં પુણ્ય છે કે નહીં ? તેમ કોઈ પૂછે તો અથવા ન પૂછે તોપણ તેના પ્રભાવ અથવા ભયથી આત્મગુપ્ત(આત્માની પાપથી રક્ષા કરનાર)જિતેન્દ્રિય સાધુ તે વ્યક્તિના હિંસાયુક્ત કાર્યનું અનુમોદન ન કરે અને તે કાર્યમાં અનુમતિ પણ ન આપે.

**ધર્મદ્વીપ :–**

**૨૨** **णिव्वाणपरमं बुद्धा, णक्खत्ताणं व चंदिमा ।**
**तम्हा सया जए दंते, णिव्वाणं संधए मुणी ॥**

**શબ્દાર્થ :– णक्खत्ताणं चंदिमा व** = જેવી રીતે નક્ષત્રોમાં ચંદ્ર પ્રધાન છે તેવી રીતે, **णिव्वाणं परमं बुद्धा** = નિર્વાણને ઉત્તમ માનનારા પુરુષો સર્વશ્રેષ્ઠ છે.

**ભાવાર્થ :–** જેવી રીતે અભિજિત આદિ ૨૮ નક્ષત્રોમાં ચંદ્ર પ્રધાન છે, તેવી જ રીતે નિર્વાણને જ પ્રધાન માનનારા તત્ત્વજ્ઞ સાધકોને માટે નિર્વાણ જ સર્વશ્રેષ્ઠ છે. તેથી મુનિ હંમેશાં દાન્ત અને યત્નશીલ થઈ નિર્વાણ સાથે જ અનુસંધાન કરે, મોક્ષને લક્ષ્યમાં રાખીને જ બધી પ્રવૃત્તિ કરે.

**૨૩** **वुज्झमाणाण पाणाणं, किच्चंताण सकम्मुणा ।**
**आघाइ साहु तं दीवं, पइट्ठेसा पवुच्चइ ॥**

**શબ્દાર્થ :– वुज्झमाणाण** = મિથ્યાત્વ, કષાય આદિ રૂપ ધારામાં વહેતા, **सकम्मुणा किच्चंताण** = પોતાના કર્મથી કષ્ટ પામતાં, **पाणाणं** = પ્રાણીઓને માટે, **साहु तं दीवं आघाइ** = આ માર્ગરૂપ દ્વીપ તીર્થંકર બતાવે છે, **एसा पइट्ठा पवुच्चइ** = આ જ મોક્ષનું સાધન છે એમ વિદ્વાનો કહેછે.

**ભાવાર્થ :–** મિથ્યાત્વ, કષાય આદિ સંસાર સાગરના તીવ્ર પ્રવાહમાં વહેતા તથા પોતાના કર્મોના ઉદયથી દુઃખ પામતાં પ્રાણીઓને માટે સમ્યગ્દર્શનાદિ દ્વીપ તીર્થંકરોએ દર્શાવ્યો છે. જ્ઞાનીઓનું કથન છે કે સમ્યગ્દર્શનાદિ માર્ગ દ્વારા મોક્ષ પ્રાપ્ત થાય છે.

**૨૪** **आयगुत्ते सया दंते, छिण्णसोए अणासवे ।**
**जे धम्मं सुद्धमक्खाइ, पडिपुण्णमणेलिसं ॥**

**શબ્દાર્થ :– आयगुत्ते** = આત્મગુપ્ત, આત્માનું પાપથી રક્ષણ કરનારા, **छिण्णसोए** = મિથ્યાત્વ આદિ ધારા(પ્રવાહ)ને તોડનારા, **अणेलिसं** = ઉપમારહિત.

**ભાવાર્થ :–** મન, વચન, કાયા દ્વારા પાપથી આત્માની રક્ષા કરનાર (આત્મગુપ્ત); સદા દાન્ત; મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય આદિ સંસારના પ્રવાહોના અવરોધક તેમજ આશ્રવરહિત જે સાધક છે; તે જ આ પરિપૂર્ણ, અનુપમ તેમજ નિર્વાણ માર્ગરૂપ શુદ્ધ ધર્મનો ઉપદેશ કરે છે.

**વિવેચન :–**

આ ત્રણ ગાથાઓ દ્વારા શાસ્ત્રકારે નિર્વાણમાર્ગના સંબંધમાં ચાર તથ્યો રજૂ કર્યાં છે. (૧) તત્ત્વજ્ઞ

સાધક નક્ષત્રોમાં ચંદ્રની જેમ બધાં સ્થાનો અથવા પદોમાં નિર્વાણપથને જ સર્વશ્રેષ્ઠ માને છે (૨) મુનિએ હંમેશાં દાન્ત તેમજ યત્નશીલ રહીને નિર્વાણને કેન્દ્રમાં રાખીને બધી પ્રવૃત્તિઓ કરવી જોઈએ (૩) નિર્વાણમાર્ગ જ મિથ્યાત્વ, કષાયાદિ સંસાર સ્રોતના તીવ્ર પ્રવાહમાં વહેતા તેમજ સ્વકૃતકર્મથી કષ્ટ પામતા પ્રાણીઓને માટે આશ્રયદાયક શ્રેષ્ઠ દ્વીપ છે, આ જ મોક્ષપ્રાપ્તિનો આધાર છે (૪) આત્મગુપ્ત, દાન્ત, છિન્નસ્રોત અને આશ્રવ નિરોધક સાધક જ આ પરિપૂર્ણ, અદ્વિતીય, નિર્વાણમાર્ગરૂપ શુદ્ધ ધર્મનું વ્યાખ્યાન કરે છે.

**ભાવમાર્ગથી દૂર અન્યતીર્થિકના આચાર :–**

**૨૫** **तमेव अवियाणंता, अबुद्धा बुद्धमाणिणो ।**
**बुद्धा मो त्ति य मण्णंता, अंतए ते समाहिए ॥**

**શબ્દાર્થ :– अबुद्धा बुद्धमाणिणो** = અજ્ઞાની હોવા છતાં પોતાને જ્ઞાની માનનારા, **बुद्धा मो त्ति य मण्णंता** = "હું જ્ઞાની છું" એવું માનનારા, **ते समाहिए अंतए** = તે પુરુષ સમાધિથી દૂર છે.

**ભાવાર્થ :–** તે નિર્વાણમાર્ગરૂપ ધર્મને નહીં જાણનારા અબુદ્ધ પોતાને પંડિત માનનારા અન્યતીર્થિકો એમ સમજે છે કે અમે જ ધર્મતત્ત્વનો પ્રતિબોધ પામેલા છીએ, પરંતુ વાસ્તવિક રૂપે તે સમ્યક્દર્શનાદિ રૂપ ભાવ સમાધિથી દૂર છે.

**૨૬** **ते य बीओदगं चेव, तमुद्दिस्सा य जं कडं ।**
**भोच्चा झाणं झियायंति, अखेयण्णा असमाहिया ॥**

**શબ્દાર્થ :– ते य बीओदगं चेव** = તેઓ બીજ અને કાચું પાણી, **तमुद्दिस्सा य जं कडं** = તેઓને માટે જે આહાર બનાવવામાં આવ્યો છે, **भोच्चा** = તેને ભોગવતા, **झाणं झियायंति** = આર્તધ્યાન કરે છે, **अखेयण्णा असमाहिया** = તેઓ ધર્મના જ્ઞાનથી રહિત તથા સમાધિથી રહિત છે.

**ભાવાર્થ :–** તેઓ (અન્યતીર્થિક) બીજ અને સચિત્ત પાણીનો તથા તેમના નિમિતથી જે આહાર બન્યો છે, તેનો ઉપભોગ કરતાં આર્તધ્યાન કરે છે, કારણ કે તેઓ અખેદજ્ઞ ધર્મજ્ઞાનમાં અનિપુણ અને અસમાધિયુક્ત છે.

**૨૭** **जहा ढंका य कंका य, कुलला मग्गुका सिही ।**
**मच्छेसणं झियायंति, झाणं ते कलुसाधमं ॥**

**શબ્દાર્થ :– जहा** = જેવી રીતે, **ढंका य कंका य कुलला मग्गुका सिही** = ઢંક , કંક, કુરર, જલકૂકડી અને શીખી નામનાં જલચર પક્ષીઓ, **मच्छेसणं कलुसाधमं झाणं झियायंति** = માછલાં પકડવાના કલુષિત ધ્યાનમાં રત રહે છે.

**ભાવાર્થ :–** જેવી રીતે ઢંક, કંક, કુરર, જલકૂકડી અને શીખી નામના જલચર પક્ષીઓ માછલીને પકડવાનું કુધ્યાન કરે છે, તેવી રીતે તેમનું તે ધ્યાન પાપરૂપ તેમજ અધમ હોય છે.

**૨૮** **एवं तु समणा एगे, मिच्छद्दिट्ठि अणारिया ।**
**विसएसणं झियायंति, कंका वा कलुसाहमा ॥**

**શબ્દાર્થ :– एवं तु** = આ પ્રમાણે, **मिच्छदिट्ठी** = મિથ્યાદષ્ટિ, **अणारिया** = અનાર્યો, **एगे समणा** = કોઈ શ્રમણ, **विसएसणं झियायंति** = વિષય પ્રાપ્તિનું ધ્યાન કરે છે, **ते कंका वा कलुसाहमा** = તેઓ કંક પક્ષીની જેમ પાપી અને અધમ છે.

**ભાવાર્થ :–** એવી રીતે કેટલાક તથાકથિત મિથ્યાદષ્ટિ તેમજ અનાર્ય સાધુ વિષયોની પ્રાપ્તિનું જ ધ્યાન કરે છે, તેથી તેઓ પણ ઢંક, કંક આદિ પ્રાણીઓની જેમ પાપભાવોથી યુક્ત તેમજ અધમ છે.

**૨૯** **सुद्धं मग्गं विराहित्ता, इहमेगे उ दुम्मई ।**
**उम्मग्गगया दुक्खं, घायमेसंति ते तहा ॥**

**શબ્દાર્થ :– विराहित्ता** = દૂષિત કરીને, **उम्मग्गगया** = ઉન્માર્ગમાં પ્રવૃત્ત થાય છે, **दुक्खं घायं तं तहा एसंति** = તેઓ દુઃખ અને નાશની પ્રાર્થના કરે છે.

**ભાવાર્થ :–** આ જગતમાં કેટલીક દુર્બુદ્ધિ વ્યક્તિઓ તો શુદ્ધ ભાવમાર્ગની વિરાધના કરીને ઉન્માર્ગમાં પ્રવૃત્ત થાય છે. તેઓ દુઃખ તથા અનેકવાર ઘાતને પ્રાપ્ત થાય છે.

**૩૦** **जहा आसाविणिं णावं, जाइअंधे दुरुहिया ।**
**इच्छइ पारमागंतु, अंतरा य विसीयइ ॥**

**શબ્દાર્થ :– आसाविणिं णावं** = છિદ્રવાળી નાવપર, **दुरुहिया** = ચડીને, **अंतरा य विसीयइ** = પરંતુ તે વચ્ચમાં જ ડૂબી જાય છે.

**ભાવાર્થ :–** જેમ કોઈ જન્માંધ પુરુષ છિદ્રવાળી નૌકાપર ચડીને નદીને પેલે પાર જવા ઈચ્છે છે પરંતુ તે વચ્ચે(મઝધારમાં) જ ડૂબી જાય છે.

**૩૧** **एवं तु समणा एगे, मिच्छद्दिट्ठि अणारिया ।**
**सोयं कसिणमावण्णा, आगंतारो महब्भयं ॥**

**શબ્દાર્થ :– कसिणं सोयं आवण्णा** = પૂર્ણરૂપથી આશ્રવનું સેવન કરે છે, **महब्भयं आगंतारो** = તેથી તેઓ મહાભયને પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :–** તેમ કેટલાક મિથ્યાદષ્ટિ અનાર્ય શ્રમણ પૂર્ણરૂપે આશ્રવોનું સેવન કરે છે, તેઓ અંતે

નરકાદિ દુ:ખરૂપ મહાભય પ્રાપ્ત કરે છે.

**વિવેચન :–**

આ સાત ગાથાઓમાં અન્યતીર્થિકો શુદ્ધભાવ(નિર્વાણ) માર્ગથી દૂર છે તે સિદ્ધ કરતાં કેટલાક કારણો દર્શાવ્યા છે. (૧) તેઓ ધર્મ અને મોક્ષના વાસ્તવિક બોધથી દૂર છે, તોપણ પોતાની જાતને તેઓ તત્ત્વજ્ઞ માને છે (૨) તેઓ સચેતબીજ, કાચું પાણી અથવા ઔદેશિક આહારનું સેવન કરે છે. તેથી તેઓ જીવોની પીડાથી અજાણ અથવા ધર્મજ્ઞાનમાં અનિપુણ છે તેમ સિદ્ધ થાય છે. (૩) પોતા માટે અને પોતાના સમુદાય માટે આહાર બનાવવા તથા તેને પ્રાપ્ત કરવા માટે અહર્નિશ ચિંતિત, આર્તધ્યાન યુક્ત રહે છે. તેઓ આ લોકના સુખની કામના કરે છે, ધન ધાન્યાદિ પરિગ્રહ રાખે છે તથા મનોજ્ઞ આહાર, શય્યા, આસન આદિ રાગવર્દ્ધક વસ્તુઓનો ઉપભોગ કરે છે તેથી ધર્મધ્યાનરૂપ સમાધિમાર્ગથી તેઓ દૂર છે (૪) જલચર માંસાહારી પક્ષીઓના દુર્ધ્યાનની જેમ તેઓ હિંસાદિ હેય વાતોથી દૂર ન હોવાથી અનાર્ય છે. તેઓ સમ્યગ્દર્શન રહિત હોવાથી વિષય પ્રાપ્તિનું જ દુર્ધ્યાન કરે છે (૫) સમ્યગ્દર્શનાદિ ધર્મરૂપ જે નિર્દોષ મોક્ષમાર્ગ છે, તેનાથી ભિન્ન કુમાર્ગની પ્રરૂપણા કરવાથી તથા સાંસારિક રાગના કારણે બુદ્ધિ કલુષિત અને મોહદૂષિત હોવાથી સન્માર્ગની વિરાધના કરીને કુમાર્ગનું આચરણ કરવાના કારણે તેઓ શુદ્ધ ભાવમાર્ગથી દૂર છે (૬) છિદ્રવાળી નૌકામાં બેઠેલી જન્માંધ વ્યક્તિ નદી પાર કર્યા વિના મઝધારમાં જ ડૂબી જાય છે, તેવી રીતે આશ્રવ રૂપી છિદ્રોથી યુક્ત કુદર્શનાદિ યુક્ત કુધર્મરૂપી નૌકામાં બેઠેલા હોવાને કારણે તેઓ પણ સંસારસાગરને પાર ન કરતાં સંસારમાં જ ડૂબેલા રહે છે.

**ભાવમાર્ગની સાધના :–**

**૩૨** **इमं च धम्ममादाय, कासवेण पवेइयं ।**
**तरे सोयं महाघोरं, अत्तत्ताए परिव्वए ॥**

**શબ્દાર્થ :– आदाय** = પ્રાપ્ત કરીને, **महाघोरं** = મહાઘોર, **सोयं** = સંસારસાગરને, **अत्तत्ताए परिव्वए** = આત્મરક્ષા માટે સંયમનું પાલન કરે.

**ભાવાર્થ :–** કાશ્યપગોત્રીય ભગવાન મહાવીર દ્વારા પ્રરૂપિત આ ધર્મનો સ્વીકાર કરી સાધક મહાઘોર એવા સંસારસાગરને પાર કરે તથા આત્મરક્ષાને માટે સંયમમાં પરાક્રમ કરે.

**૩૩** **विरए गामधम्मेहिं, जे केइ जगई जगा ।**
**तेसिं अत्तुवमायाए, थामं कुव्वं परिव्वए ॥**

**શબ્દાર્થ :– गामधम्मेहिं विरए** = સાધુ શબ્દાદિ વિષયોથી નિવૃત્ત થઈને, **जगई जे केई जगा** = જગતમાં જે કોઈ પ્રાણી છે, **तेसिं अत्तुवमायाए** = તેઓને પોતાના સમાન સમજતો, **थामं कुव्वं परिव्वए** = બળ સાથે સંયમનું પાલન કરે.

**ભાવાર્થ :–** સાધુ શબ્દાદિ વિષયોથી નિવૃત્ત થઈ જગતના પ્રાણીઓને આત્મવત્ સમજી તેઓની રક્ષા માટે સંયમમાં પરાક્રમ કરે.

**३४** **अइमाणं च मायं च, तं परिण्णाय पंडिए ।**
**सव्वमेयं णिराकिच्चा, णिव्वाणं संधए मुणी ॥**

**શબ્દાર્થ :– एयं सव्वं णिराकिच्चा** = તે સર્વને ત્યાગીને, **णिव्वाणं संधए** = નિર્વાણ એટલે કે મોક્ષનું અનુસંધાન કરે.

**ભાવાર્થ :–** પંડિતમુનિ અતિ માન અને માયાને જાણી આ કષાય સમૂહનું નિવારણ કરી, નિર્વાણ (મોક્ષ) સાથે આત્માનું સંધાન કરે.

**३५** **संधए साहुधम्मं च, पावं धम्मं णिराकरे ।**
**उवहाणवीरिए भिक्खू, कोहं माणं ण पत्थए ॥**

**શબ્દાર્થ :– साहुधम्मं च संधए** = ક્ષમા આદિ શ્રમણ ધર્મની વૃદ્ધિ કરે, **णिराकरे** = પાપધર્મનો ત્યાગ કરે, **उवहाणवीरिए** = સાધુ તપ કરવામાં પોતાનું પરાક્રમ પ્રગટ કરે, **ण पत्थए** = ક્રોધ અને માન ન કરે.

**ભાવાર્થ :–** સાધુ ક્ષમા આદિ દશ પ્રકારના શ્રમણધર્મ અથવા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ ઉત્તમધર્મની સાથે મન, વચન, કાયાને જોડે અથવા ઉત્તમધર્મમાં વૃદ્ધિ કરે, પાપધર્મનું નિવારણ કરે. સાધુ પૂર્ણ શક્તિથી તપશ્ચર્યા(ઉપધાન)કરે તથા ક્રોધ અને અભિમાન ન કરે.

**३६** **जे य बुद्धा अइक्कंता, जे य बुद्धा अणागया ।**
**संति तेसिं पइट्ठाणं, भूयाणं जगई जहा ॥**

**શબ્દાર્થ :– जे य बुद्धा अइक्कंता** = ભૂતકાળમાં જે તીર્થંકરો થઈ ગયા છે, **तेसिं संति पइट्ठाणं** = તેનો આધાર શાંતિ જ છે.

**ભાવાર્થ :–** જેમ પ્રાણીઓનો આધાર પૃથ્વી છે તેમ જે કેવળજ્ઞાની ભૂતકાળમાં થઈ ગયા છે અને જે ભવિષ્યમાં થશે, તે બધાનો આધાર શાંતિ, કષાય–મુક્તિ છે.

**३७** **अह णं वयमावण्णं, फासा उच्चावया फुसे ।**
**ण तेसु विणिहण्णेज्जा, वाएणेव महागिरी ॥**

**શબ્દાર્થ :– अह णं** = ત્યાર પછી, **वयमावण्णं** = વ્રત ગ્રહણ કરેલા સાધુને, **तेसु ण विणिहणेज्जा** = તે સાધુ તેનાથી ડગે નહિ, **वाएणेव महागिरी** = જેવી રીતે વાયુથી મહાન્ પર્વત ડગતો નથી.

**ભાવાર્થ :–** સાધુ ધર્મ સ્વીકાર્યા બાદ સાધુને વિવિધ પ્રકારના અનુકૂળ–પ્રતિકૂળ પરીષહ અને ઉપસર્ગ

આવે ત્યારે મહાવાયુથી મહાગિરિવર–મેરુપર્વત વિચલિત ન થાય, તેમ સાધુ તેનાથી જરા પણ વિચલિત થતા નથી.

**૩૮** **संवुडे से महापण्णे, धीरे दत्तेसणं चरे ।**
**णिव्वुडे कालमाकंखी, एवं केवलिणो मयं ॥ त्ति बेमि ॥**

**શબ્દાર્થ :– संवुडे महापण्णे धीरे से** = આશ્રવ દ્વારોનો જેમણે નિરોધ કર્યો છે, તે મહાબુદ્ધિમાન અને ધીર સાધુ, **दत्तेसणं चरे** = બીજા દ્વારા અપાયેલા એષણીય આહારને જ ગ્રહણ કરે, **णिव्वुडे कालमाकंखी** = શાંત રહીને કાળની ઈચ્છા કરે, **एयं केवलिणो मयं** = તે જ કેવળીનો મત છે.

**ભાવાર્થ :–** આશ્રવદ્વારોનો નિરોધ(સંવર) જેમણે કર્યો છે, તેવા મહાપ્રાજ્ઞ ધીર સાધુ ગૃહસ્થ દ્વારા અપાયેલા એષણીય–કલ્પનીય આહારને જ ગ્રહણ કરે; શાંત રહી જો કાળનો અવસર આવે ત્યારે કાળની અર્થાત્ પંડિતમરણ કે સમાધિમરણની આકાંક્ષા કરે, આ જ કેવળી ભગવાનનો મત છે.

**વિવેચન :–**

આ ૭ ગાથાઓમાં સાધુ માટે ધર્મ રૂપ ભાવમાર્ગની સાધનાના સૂત્રો રજૂ કર્યા છે. (૧) ભગવાન મહાવીર દ્વારા પ્રતિપાદિત સાધુ ધર્મને સ્વીકારીને મહાઘોર સંસારસાગરને પાર કરે (૨) આત્માને પાપથી બચાવવા માટે સંયમમાં પરાક્રમ કરે (૩) સાધુ ધર્મમાં દઢ રહેવા માટે ઈન્દ્રિય–વિષયોથી વિરક્ત થઈ જાય (૪) જગતના સમસ્ત પ્રાણીઓને આત્મતુલ્ય સમજીને તેમની રક્ષા કરતા સંયમમાં પ્રગતિ કરે (૫) ચારિત્ર વિનાશક અભિમાન આદિ કષાયોને સંસારવર્દ્ધક જાણીને તેનું નિવારણ કરે (૬) એકમાત્ર નિર્વાણ સાથે પોતાના મન, વચન, કાયાને જોડી દે (૭) સાધુધર્મને જ કેન્દ્રમાં રાખીને પ્રવૃત્તિ કરે (૮) તપશ્ચર્યામાં પોતાની શક્તિ લગાવે (૯) ક્રોધ અને માન ન કરે, તેના ઉદયને સફળ થવા ન દે (૧૦) ભૂત અને ભવિષ્યમાં જે સર્વજ્ઞ થયા છે અથવા થશે, તે બધાના જીવન અને ઉપદેશનો મૂળ આધાર શાંતિ(કષાયમુક્તિ)રહી છે અને રહેશે (૧૧) ભાવમાર્ગ રૂપ વ્રતનો સ્વીકાર કર્યા પછી પરીષહ કે ઉપસર્ગ આવે ત્યારે સાધુ સુમેરુ પર્વતની જેમ સંયમમાં અવિચળ રહે (૧૨) સાધક ગૃહસ્થ દ્વારા અપાયેલા એષણીય આહારનું સેવન કરે તથા શાંત રહીને અંતિમ સમયમાં સમાધિમરણની પ્રતિક્ષા કરે. આ સાધુધર્મ રૂપ ભાવમાર્ગની પ્રારંભથી લઈને અંતિમ સમય સુધીની સાધના છે.

**॥ અધ્યયન ૧૧ સંપૂર્ણ ॥**

# બારમું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ "સમવસરણ" છે.

"સમવસરણ" શબ્દના અનેક અર્થ થાય છે, જેમ કે– એકત્ર થવું, મિલન, મેળો, સમુદાય, વિશિષ્ટ અવસરે અનેક સાધુઓનું–એકત્રિત થવાનું સ્થાન, તીર્થંકરદેવની પરિષદ–ધર્મસભા, ધર્મ–વિચાર, આગમવિચાર, આગમન આદિ.

નિર્યુક્તિકારે નિક્ષેપ દૃષ્ટિથી સમવસરણના અર્થને સ્પષ્ટ કરવા માટે તેનાં નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી છ નિક્ષેપ કર્યા છે. નામ અને સ્થાપના સુગમ છે. સચિત્ત, અચિત્ત અથવા મિશ્ર દ્રવ્યોનું સમવસરણ–એકત્રીકરણ અથવા મિલન તે દ્રવ્ય સમવસરણ છે. જે ક્ષેત્ર અથવા જે કાળમાં સમવસરણ થાય છે, તેને ક્રમથી ક્ષેત્રસમવસરણ અને કાળ સમવસરણ કહે છે. ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક આદિ ભાવોનો સંયોગ તે ભાવ સમવસરણ છે.

આ અધ્યયનમાં દેવકૃત તીર્થંકર દેવનું સમવસરણ વિવક્ષિત નથી પરંતુ વિવિધ પ્રકારના વાદો (મતો)અને મતપ્રવર્તકોનું સમ્મેલન જ સમવસરણ શબ્દથી અભીષ્ટ છે. નિર્યુક્તિકારે તેની ગણના ભાવસમવસરણમાં કરી છે અર્થાત્ ક્રિયાવાદી, અક્રિયાવાદી, અજ્ઞાનવાદી અને વિનયવાદી અથવા ભેદસહિત આ ચારેય વાદોમાં એકાંત દૃષ્ટિના કારણે જે ભૂલો છે તે દર્શાવી તેને સન્માર્ગમાં સ્થાપિત કરવામાં આવે તે ભાવ સમવસરણ છે. આ અધ્યયનમાં આ ચાર મતો(વાદો)નો ઉલ્લેખ છે.

જે જીવાદિ પદાર્થોનું અસ્તિત્વ સ્વીકારે છે, તેઓ ક્રિયાવાદી છે. તેથી વિપરીત જે જીવાદિ પદાર્થોનું અસ્તિત્વ સ્વીકારતા નથી, તેઓ અક્રિયાવાદી છે. જે જ્ઞાનને માનતા નથી, તેઓ અજ્ઞાનવાદી અને જે વિનયથી જ મોક્ષ માને છે, તેઓ વિનયવાદી છે. નિર્યુક્તિકારે ક્રિયાવાદીના ૧૮૦, અક્રિયાવાદીના ૮૪, અજ્ઞાનવાદીના ૬૭ અને વિનયવાદીના ૩૨ એમ કુલ ૩૬૩ ભેદોની સંખ્યા બતાવી છે. વૃત્તિકારે આ ચારે વાદોના ૩૬૩ ભેદોને નામોલ્લેખપૂર્વક જુદા જુદા બતાવ્યા છે. આ ચારે વાદ એકાન્તવાદી અને સ્વાગ્રહી હોવાથી મિથ્યા છે, સાપેક્ષ દૃષ્ટિએ માનવાથી સમ્યક્ થઈ જાય છે.

પૂર્વોક્ત ચારે એકાન્ત મતો(વાદો)માં જે પરમાર્થ છે, તેનો નિશ્ચય કરીને સમન્વય પૂર્વક સમ્મેલન(સમવસરણ) કરવું તે જ આ અધ્યયનનો ઉદ્દેશ્ય છે.

આ અધ્યયનમાં કુલ ૨૨ ગાથાઓ છે.

❖❖❖❖❖

# બારમું અધ્યયન

## સમવસરણ

**ચાર સમવસરણ :–**

**૧** **चत्तारि समोसरणाणिमाणि, पावाउया जाइं पुढो वयंति ।**
**किरियं अकिरियं विणयं ति तइयं, अण्णाणमाहंसु चउत्थमेव ॥**

**શબ્દાર્થ :– पावाउया** = પરતીર્થીઓ, **जाइं** = જેઓને, **पुढो वयंति** = જુદા જુદા કહે છે, **चत्तारि इमाणि समोसरणाणि** = તે ચાર સિદ્ધાંતો આ છે.

**ભાવાર્થ :–** પરતીર્થિક મતવાદી(પ્રતિવાદી) જે જુદા જુદા સિદ્ધાંત કહે છે, તે ચાર સમવસરણ (સિદ્ધાંત) આ છે– ક્રિયાવાદ, અક્રિયાવાદ, ત્રીજો વિનયવાદ અને ચોથો અજ્ઞાનવાદ.

**વિવેચન :–**

**ચારસમવસરણ– પરતીર્થિકમાન્ય ચાર ધર્મવાદ :–** આ પ્રથમ ગાથા દ્વારા શાસ્ત્રકારે અધ્યયનના પ્રારંભમાં પ્રતિપાદ્ય વિષય સૂચિત કર્યો છે. તે યુગમાં મુખ્યત્વે જેટલા એકાંતવાદો પ્રસિદ્ધ હતા તેનો સમાવેશ આ ચાર સમવસરણમાં થઈ જાય છે. તેનું સ્વરૂપ શાસ્ત્રકાર સ્વયં યથાસ્થાને બતાવશે.

**અજ્ઞાનવાદ :–**

**૨** **अण्णाणिया ता कुसला वि संता, असंथुया णो वितिगिच्छतिण्णा**
**अकोविया आहु अकोविएहिं, अणाणुवीईति मुसं वयंति ॥**

**શબ્દાર્થ :– ता अण्णाणिया** = તે અજ્ઞાનવાદીઓ, **कुसलावि संता** = પોતાને કુશળ માનવા છતાં એ, **णो वितिगिच्छतिण्णा** = સંશયથી રહિત નથી, **असंथुया** = તેથી તેઓ મિથ્યાવાદી છે, **अकोविया अकोविएहिं आहु** = તેઓ સ્વયં અજ્ઞાની છે અને અજ્ઞાની શિષ્યોને ઉપદેશ આપે છે, **अणाणु वीईति मुसं वयंति** = તેઓ વિચાર કર્યા વિના મિથ્યાભાષણ કરે છે.

**ભાવાર્થ :–** તે અજ્ઞાનવાદીઓ પોતાની જાતને કુશળ માનતા હોવા છતાં તઓ સંશયથી રહિત નથી. તેથી તેઓ અસંસ્તુત (અસંબદ્ધભાષી અથવા મિથ્યાવાદી હોવાથી અપ્રશંસાપાત્ર)છે. તેઓ સ્વયં

અકોવિદ–ધર્મોપદેશમાં અનિપુણ છે અને પોતાના અકોવિદ શિષ્યોને ઉપદેશ આપે છે. તેઓ વસ્તુતત્ત્વનો વિચાર કર્યા વિના જ મિથ્યાભાષણ કરે છે.

## વિવેચન :–

આ ગાથામાં એકાન્ત અજ્ઞાનવાદની ટૂંકમાં સમીક્ષા કરવામાં આવી છે.

**અજ્ઞાનવાદ સ્વરૂપ અને પ્રકાર :–** અજ્ઞાનવાદી જ્ઞાનના અસ્તિત્વનો ઈન્કાર કરી સમસ્ત પદાર્થોનો નિષેધ કરે છે. તેઓ અત્યંત વિપરીતભાષી છે. તેઓ અજ્ઞાનને જ કલ્યાણકારી માને છે.

અજ્ઞાનવાદીઓના ૬૭ ભેદ આ પ્રમાણે છે– જીવાદિ ૯ તત્ત્વોને ક્રમથી લખીને તેમની નીચે આ સાત ભંગ રાખવા જોઈએ. (૧) સત્ (૨) અસત્ (૩) સદસત્ (૪) અવક્તવ્ય (૫) સદવક્તવ્ય (૬) અસદ વક્તવ્ય (૭) સદ્ અસદ્ અવક્તવ્ય. જેમ કે જીવ સત્ છે, એમ કોણ જાણે છે ? અને એ જાણવાથી પણ શું પ્રયોજન ? આ રીતે ક્રમથી અસત્આદિ બાકીના છએ ભંગ સમજી લેવા જોઈએ. જીવાદિ નવ તત્ત્વોમાં પ્રત્યેકની સાથે સાત ભંગ હોવાથી(૯ ×૭ = ૬૩)કુલ ૬૩ ભંગ થયા. તેમાં ચાર ભંગ ભેળવવાથી ૬૩ + ૪ = ૬૭ ભેદ થાય છે. ચાર ભંગ આ છે– (૧) સત્(વિદ્યમાન) પદાર્થની ઉત્પત્તિ થાય છે, એ કોણ જાણે છે ? અને તે જાણવાથી પણ શું લાભ ? આ રીતે અસત્(અવિદ્યમાન), સદસત્(કેટલાક વિદ્યમાન કેટલાક અવિદ્યમાન)અને અવક્તવ્ય પદાર્થની ઉત્પત્તિ થાય છે, એ કોણ જાણે ? તે જાણવાથી શું લાભ ? આ રીતે ચાર વિકલ્પ થાય છે.

**अण्णाणिया ता कुसला वि संता :–** અજ્ઞાનવાદી પોતાની જાતને કુશળ(ચતુર) માને છે. તેઓ કહે છે કે અમે બધા પ્રકારે કુશળ–મંગળ છીએ, કારણ કે અમે નિરર્થક કોઈ સાથે બોલતા નથી અને જ્ઞાનનું પ્રદર્શન કરતા નથી. અમે અમારા પોતાનામાં મસ્ત રહીએ છીએ. જ્ઞાનવાદી પોતપોતાના અહંકારોમાં ડૂબેલા છે, પરસ્પર લડે છે, એક બીજાપર આક્ષેપ કરે છે, તેઓ વાક્કલહથી અસંતુષ્ટ તથા ક્ષેમકુશળ રહિત છે. તેનું નિરાકરણ શાસ્ત્રકારે કર્યું છે. તેઓ અજ્ઞાનને કારણે કુશળ નથી. અજ્ઞાનને કારણે જ જીવો વિવિધ પ્રકારના દુઃખોથી પીડિત છે, કુકર્મ કરીને તે દુર્ગતિ અને નીચ યોનિમાં જાય છે. તેઓ કહે છે કે જ્ઞાનથી કલહ, લડાઈ, આક્ષેપ થાય છે.

અજ્ઞાનવાદીની યુક્તિઓ તર્કસંગત નથી. કારણ કે નરકમાં બધા અજ્ઞાની જ છે. તેઓ પરસ્પર ક્લેશ શા માટે કરે છે ? શા માટે આટલું દુઃખ પામે છે ? તેઓને ક્ષેમકુશળ શા માટે નથી ? અને તિર્યંચયોનિના જીવો પણ અજ્ઞાની જ છે. તેઓ અજ્ઞાનવશ જ પરાધીન છે. પરવશતા તેમજ અજ્ઞાનના કારણે જ તેઓને ભૂખ, તરસ, શરદી, ગરમી આદિના દુઃખ ભોગવવા પડે છે. તે અજ્ઞાનમાં ડૂબેલા રહે છે તેથી તેઓ કોઈ ક્ષેત્રમાં પ્રગતિ કરી શકતા નથી. અજ્ઞાની માનવ ઘણા જ પછાત, અંધવિશ્વાસુ તથા સામાજિક, ધાર્મિક અથવા આધ્યાત્મિક ક્ષેત્રમાં અપ્રગતિશીલ રહે છે, અનેક પ્રકારના દુઃખો ભોગવે છે. તેથી અજ્ઞાનવાદીઓના જીવનમાં ક્ષેમકુશળ નથી. અજ્ઞાનીનું જીવન પશુ કરતાં પણ વધારે બદતર હોય છે.

**असंथुया णो वितिगिच्छतिण्णा :**–અજ્ઞાનવાદી પોતાના સિદ્ધાંતનું પ્રતિપાદન કરે છે તે જ્ઞાન જ છે છતાં જ્ઞાનનો નિષેધ કરે છે. જ્ઞાન વિના પદાર્થોનું યથાર્થ સ્વરૂપ કેવી રીતે સમજી શકાય ? તેથી તેઓ મહાભ્રાન્તિના શિકાર તથા અસંબદ્ધભાષી છે.

અજ્ઞાનનો પર્યુદાસ નઞ્ સમાસથી અર્થ કરવામાં આવે તો અર્થ થાય છે– જ્ઞાનથી ભિન્ન, જ્ઞાન જેવું બીજું જ્ઞાન. આ રીતે અજ્ઞાન શબ્દ દ્વારા જ્ઞાનને જ કલ્યાણનું સાધન માનવું પડશે. પ્રસજ્યનઞ્ સમાસ અનુસાર અજ્ઞાનનો અર્થ થાય છે– જ્ઞાનનો નિષેધ અથવા અભાવ. તે પ્રત્યક્ષથી વિરુદ્ધ છે, કારણ કે સમ્યક્જ્ઞાન દ્વારા પદાર્થનું સ્વરૂપ જાણ્યા પછી જ વ્યક્તિ પ્રવૃત્તિ કરે છે. તેથી અજ્ઞાનવાદીનું કથન યુક્તિસંગત નથી.

અજ્ઞાનવાદીઓનું કથન છે કે બધા જ્ઞાનવાદીઓ પદાર્થનું સ્વરૂપ પરસ્પર વિરુદ્ધ બતાવે છે. તેથી તેઓ યથાર્થવાદી નથી. જેમ કે કોઈ આત્માને સર્વવ્યાપી, કોઈ અસર્વવ્યાપી, કોઈ હૃદયસ્થિત, કોઈ તેને લલાટ સ્થિત અને કોઈ એને અંગૂઠાના પર્વ તુલ્ય માને છે. કોઈ આત્માને નિત્ય અને અમૂર્ત તથા કોઈ અનિત્ય અને મૂર્ત માને છે. બધા જ્ઞાનવાદીઓ પરસ્પર એકમત નથી. તેમાંથી કોનું કથન પ્રમાણભૂત માનવું અને કોનું નહીં ? જગતમાં કોઈ અતિશયજ્ઞાની(સર્વજ્ઞ) પણ નથી, જેનું કથન પ્રમાણ રૂપ માનવામાં આવે. સર્વજ્ઞ હોય તો પણ અસર્વજ્ઞ(અલ્પજ્ઞ) તેને જાણી શકતા નથી અને સર્વજ્ઞને જાણવાનો ઉપાય પણ સર્વજ્ઞ બન્યા વિના શક્ય નથી. આ જ કારણ છે કે સર્વજ્ઞના અભાવમાં અસર્વજ્ઞો(જ્ઞાનવાદીઓ)ને વસ્તુના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન ન હોવાથી તેઓ પદાર્થોનું સ્વરૂપ પરસ્પર વિરુદ્ધ બતાવે છે.

આ બધા આક્ષેપોનો ઉત્તર એ છે કે અજ્ઞાનવાદી સ્વયં મિથ્યાદષ્ટિ છે, સમ્યક્જ્ઞાનથી રહિત છે. તેઓ સંશય અને ભ્રમથી ગ્રસ્ત છે. વાસ્તવમાં પરસ્પર અથવા પૂર્વાપર વિરુદ્ધ અર્થ બતાવનારા લોકો અસર્વજ્ઞના આગમોને માને છે પરંતુ તેનાથી સમસ્ત સિદ્ધાંતોને આંચ આવતી નથી. સર્વજ્ઞપ્રણીત આગમોને માનનારા વાદીઓના વચનોમાં પરસ્પર અથવા પૂર્વાપર વિરોધ આવતો નથી, કારણ કે જ્યાં પૂર્વાપર કે પરસ્પર વિરુદ્ધ કથન હોય, ત્યાં સર્વજ્ઞતા હોતી નથી. સર્વજ્ઞતા માટે જ્ઞાન પર આવેલું આવરણ સર્વથા દૂર થવું જોઈએ તથા અસત્ય કે પરસ્પર અસંબદ્ધ અથવા વિરુદ્ધ ભાષણના કારણભૂત જે રાગ, દ્વેષ, મોહ આદિ છે, તે નાશ પામવા જોઈએ. સર્વજ્ઞમાં આ દોષોનો સર્વથા અભાવ હોવાથી તેમના વચન સત્ય છે, પરસ્પર વિરુદ્ધ નથી.

સર્વજ્ઞપ્રણીત આગમોને માનનારા બધા એકમતથી આત્માને સ્વશરીરવ્યાપી માને છે. સર્વજ્ઞ પ્રણીત આગમને માનનારા જ્ઞાનવાદી પરસ્પર વિરુદ્ધભાષી નથી.

**અજ્ઞાનવાદી ધર્મોપદેશમાં સર્વથા અનિપુણ :–** શાસ્ત્રકાર કહે છે– અજ્ઞાનવાદી અજ્ઞાનવાદનો આશ્રય લઈને વિચાર્યા વિના અસંબદ્ધ ભાષણ કરે છે અને શિષ્ય પરંપરામાં પણ અજ્ઞાનનો જ પ્રસાર કરે છે, પરિણામે અજ્ઞાનવાદીઓ આત્મકલ્યાણ કરી શકતા નથી પરંતુ ભિન્ન ભિન્ન દુઃખોથી પીડાય છે. તેથી જ અજ્ઞાનવાદ એક મિથ્યાવાદ જ છે.

**વિનયવાદ :–**

**३** सच्चं असच्चं इति चिंतयंता, असाहु साहु त्ति उदाहरंता ।
जेमे जणा वेणइया अणेगे, पुट्ठा वि भावं विणइंसु णाम ॥

**શબ્દાર્થ :– सच्चं असच्चं इति चिंतयंता** = સત્યને અસત્ય માનતા, **असाहु साहु त्ति उदाहरंता** = અસાધુને સાધુ કહેનારા, **अणेगे जे इमे वेणइया जणा** = જે આ અનેક વિનયવાદી છે, **पुट्ठावि विणइंसु भावं णाम** = પૂછવાથી તેઓ વિનયને જ મોક્ષનું સાધન બતાવે છે.

**ભાવાર્થ :–** સત્યને અસત્ય માનતા તથા અસાધુને સાધુ બતાવતા વિનયવાદી લોકોને કોઈ પૂછે કે ન પૂછે તેઓ વિનયથી જ સ્વર્ગ–મોક્ષની પ્રાપ્તિ બતાવે છે.

**४** अणोवसंखा इति ते उदाहु, अट्ठे स ओभासइ अम्ह एवं ।
लवावसकी य अणागएहिं, णो किरियमाहंसु अकिरियवाई ॥

**શબ્દાર્થ :– ते अणोवसंखा** = તે વિનયવાદીઓ વસ્તુતત્ત્વને સમજ્યા વિના, **इति उदाहु** = એમ કહે છે, **स अट्ठे अम्ह एवं ओभासइ** = તેઓ કહે છે કે પોતાના પ્રયોજનની સિદ્ધિ અમને વિનયથી જ દેખાય છે, **लवावसकी** = કર્મબંધની શંકા કરનારા, **अकिरियवाई** = અક્રિયાવાદી, **अणागएहिं** = ભૂત અને ભવિષ્ય દ્વારા વર્તમાનની અસિદ્ધિ માનીને, **णो किरियं आहंसु** = ક્રિયાનો નિષેધ કરે છે.

**ભાવાર્થ :–** (પૂર્વાર્દ્ધ) વસ્તુના યથાર્થ સ્વરૂપનું પરિજ્ઞાન ન હોવાથી વ્યામૂઢમતિ તે વિનયવાદીઓ આ પ્રમાણે કહે છે કે અમને અમારાં પ્રયોજન (સ્વ–અર્થ)ની સિદ્ધિ વિનયથી જ દેખાય છે.(ઉત્તરાર્દ્ધમાં અક્રિયાવાદનું નિરૂપણ છે.)

(ઉતરાર્દ્ધ) લવ એટલે કે કર્મબંધની શંકા કરનારા અક્રિયાવાદી ભવિષ્ય અને ભૂતકાળની ક્ષણોની સાથે વર્તમાનકાળનો કોઈ સંબંધ(સંગતિ)ન હોવાથી ક્રિયા અને તજ્જનિત કર્મબંધનનો નિષેધ કરે છે.

**વિવેચન :–**

આ ગાથાઓમાં એકાન્ત વિનયવાદની સંક્ષિપ્ત ઝાંખી કરાવી છે.

**વિનયવાદનું સ્વરૂપ અને પ્રકાર :–** વિનયવાદી વિનયને જ સિદ્ધિનો માર્ગ માને છે. તેઓ વિનયથી જ સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ બતાવે છે. તેઓ બ્રાહ્મણ, ચાંડાલ વગેરે સર્વ મનુષ્ય, ગાય, ભેંસ, ગધેડા કૂતરાદિ પશુ તેમજ જલચર, ખેચર, સ્થળચર તેમજ ભુજપરિસર્પ આદિ બધા પ્રાણીઓને વિનયપૂર્વક નમસ્કાર કરે છે.

નિર્યુક્તિકારે વિનયવાદના ૩૨ ભેદો બતાવ્યા છે. તે આ પ્રમાણે છે– (૧) દેવતા (૨) રાજા (૩)

યતિ (૪) જ્ઞાતિ (૫) વૃદ્ધ (૬) અધમ (૭) માતા (૮) પિતા. આ આઠનો મન, વચન, કાયાથી અને દાનથી વિનય કરવો જોઈએ. આ રીતે ૮×૪ = ૩૨ ભેદો વિનયવાદના થયા.

**વિનયવાદીની વિવેક રહિતતા :–** ત્રણ કારણથી તેઓ વિવેક રહિત છે. (૧) પ્રાણીઓ માટે મોક્ષ અથવા સંયમ હિતકર છે પરંતુ વિનયવાદી તેને અસત્ય બતાવે છે (૨) સમ્યક્જ્ઞાન–દર્શન –ચારિત્ર મોક્ષનો વાસ્તવિક માર્ગ છે, પરંતુ વિનયવાદી તેને અસત્ય માર્ગ કહે છે (૩) માત્ર વિનયથી મોક્ષ થતો નથી, છતાંપણ વિનયવાદી માત્ર વિનયથી જ મોક્ષ માનીને અસત્યને સત્ય માને છે.

વિનયવાદીઓમાં સત્ અને અસત્ નો વિવેક હોતો નથી. તેઓ સજ્જન–દુર્જન, ધર્માત્મા–પાપી, સુબુદ્ધિ– દુર્બુદ્ધિ, સદ્જ્ઞાની–અજ્ઞાની આદિને એક સરખા માની બધાને વંદન–નમન, માન– સન્માન, દાન આદિ આપે છે. તે યથાર્થ વિનય નથી પરંતુ વિવેકહીન પ્રવૃત્તિ છે.

**વિનયવાદના ગુણ–દોષની મીમાંસા :–** વિનય એ ચારિત્રનું અંગ છે, પરંતુ સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન વિનાનો, વિવેક રહિતનો વિનય મોક્ષ સાધક નથી. અધ્યાત્મવિહીન, અવિવેકયુક્ત તેમજ મતાગ્રહગૃહિત, એકાંત ઔપચારિક વિનયથી સ્વર્ગ કે મોક્ષ બતાવવો તે તેઓનો એકાન્ત દુરાગ્રહ છે, મિથ્યાવાદ છે.

## અક્રિયાવાદ :–

**૫** **सम्मिस्सभावं च गिरा गहीए, से मुम्मुई होइ अणाणुवाई ।**
**इमं दुपक्खं इममेगपक्खं, आहंसु छलायतणं च कम्मं ॥**

**શબ્દાર્થ :– गिरागहीए समिस्सभावं** = પોતાની વાણી દ્વારા સ્વીકાર કરાયેલા પદાર્થનો નિષેધ કરતા લોકાયતિક આદિ મિશ્રપક્ષને અર્થાત્ પદાર્થની સત્તા અને અસત્તા બંન્નેથી મિશ્રિત એવા વિરુદ્ધ પક્ષને સ્વીકારે છે, **से अणाणुवाई मुम्मुई होइ** = તેઓ સ્યાદ્વાદીઓનાં વચનનો અનુવાદ કરવામાં પણ અસમર્થ થઈને મૂંગા થઈ જાય છે, **छलायतणं च कम्मं आहंसु** = વાક્છલનો પ્રયોગ કરે છે.

**ભાવાર્થ :–** અક્રિયાવાદીઓ પોતાની વાણીથી સ્વીકારેલા પદાર્થનો નિષેધ કરતાં મિશ્રપક્ષને –પદાર્થના અસ્તિત્વ અને નાસ્તિત્વ બન્નેથી મિશ્રિત એવા વિરૂદ્ધપક્ષને સ્વીકારે છે. તે સ્યાદ્વાદીઓના કથનનો અનુવાદ કરવા(દોહરાવવા)માં પણ અસમર્થ થઈને એકદમ મૂંગા થઈ જાય છે. તેઓ પર મતને પ્રતિપક્ષ યુક્ત તથા સ્વમતને પ્રતિપક્ષરહિત બતાવે છે. સ્યાદ્વાદીઓના હેતુવચનોનું ખંડન કરવા માટે છલયુક્ત વચન અને કર્મનો પ્રયોગ કરે છે.

**૬** **ते एवमक्खंति अबुज्झमाणा, विरूवरूवाणि अकिरियवाई ।**
**जमायइत्ता बहवे मणूसा, भमंति संसारमणोवदग्गं ॥**

**શબ્દાર્થ :– अबुज्झमाणा** = વસ્તુ સ્વરૂપને ન સમજનારા, **जमायइत्ता** = જે શાસ્ત્રોનો આશ્રય

લઈને ઘણા મનુષ્યો, **अणोवदग्गं संसारं भमंति** = અનંતકાળ સુધી સંસાર ભ્રમણ કરે છે.

**ભાવાર્થ :–** વસ્તુતત્ત્વને ન સમજનારા તે અક્રિયાવાદીઓ વિવિધ પ્રકારના શાસ્ત્ર વચન રજૂ કરે છે. તે શાસ્ત્રોનો આશ્રય લઈને ઘણા મનુષ્યો અનંતકાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરે છે.

**૭** **णाइच्चो उदेइ ण अत्थमेइ, ण चंदिमा वड्ढइ हायइ वा ।**
**सलिला ण संदंति ण वंति वाया, वंझे णियत्ते कसिणे हु लोए ॥**

**શબ્દાર્થ :– ण आइच्चो उदेइ** = સૂર્ય ઊગતો નથી, **संदंति** = નદીઓ વહેતી નથી, **ण वंति वाया** = વાયુ વાતો નથી, **कसिणे लोए णियत्ते वंझे** = પરંતુ આ સમસ્ત જગત અસત્ય અને અભાવરૂપ છે.

**ભાવાર્થ :–** સર્વશૂન્યતાવાદી(અક્રિયાવાદી) કહે છે કે સૂર્યનો ઉદય પણ થતો નથી અને અસ્તપણ થતો નથી તથા ચંદ્રકળામાં હાનિ–વૃદ્ધિ નથી, નદીનું પાણી વહેતું નથી અને હવા વહેતી નથી. આ આખો લોક અર્થશૂન્ય છે અર્થાત્ વંધ્ય છે, મિથ્યા તેમજ નિયત–નિશ્ચિત–અભાવ રૂપ છે.

**૮** **जहाहि अंधे सह जोइणा वि, रूवाइं णो पस्सइ हीणणेत्ते ।**
**संतं पि ते एवमकिरियवाई, किरियं ण पस्संति णिरुद्धपण्णा ॥**

**શબ્દાર્થ :– एवं णिरुद्धपण्णा ते अकिरियवाई** = એવી રીતે બુદ્ધિહીન અક્રિયાવાદી, **संतं पि किरियं ण पस्संति** = વિદ્યમાન એવી ક્રિયાને જોતા નથી.

**ભાવાર્થ :–** જેવી રીતે કોઈ આંધળો માણસ દીપક હાથમાં હોવા છતાં પણ રૂપને જોઈ શકતો નથી, એ રીતે જેમની પ્રજ્ઞા જ્ઞાનાવરણ કર્મના કારણે આવરિત થઈ ગઈ છે, તેવા બુદ્ધિહીન અક્રિયાવાદી વિદ્યમાન ક્રિયાને પણ જોતા નથી.

**૯** **संवच्छरं सुविणं लक्खणं च, णिमित्त देहं उप्पाइयं च ।**
**अट्ठंगमेयं बहवे अहित्ता, लोगंसि जाणंति अणागयाइं ॥**

**શબ્દાર્થ :– संवच्छरं सुविणं लक्खणं च** = જ્યોતિષ, સ્વપ્નશાસ્ત્ર, લક્ષણશાસ્ત્ર, **णिमित्त देहं च उप्पाइयं च** = નિમિત્ત શાસ્ત્ર તથા શરીરના તલ આદિનું ફળ બતાવનાર શાસ્ત્ર તેમજ ઉલ્કાપાત અને દિગ્દાહ આદિનું ફળ બતાવનાર શાસ્ત્ર, **एयं अट्ठगं अहित्ता** = આ આઠ અંગવાળા શાસ્ત્રને ભણીને, **लोगंसि बहवे** = લોકમાં ઘણાં પુરુષો, **अणागयाइं जाणंति** = ભવિષ્યની વાતોને જાણે છે.

**ભાવાર્થ :–** જગતમાં ઘણા લોકો જ્યોતિષશાસ્ત્ર, સ્વપ્નશાસ્ત્ર લક્ષણશાસ્ત્ર, નિમિત્તશાસ્ત્ર, શરીર પર થયેલા તલ, મસ આદિ ચિન્હોનું ફળ બતાવનાર શાસ્ત્ર, ઉલ્કાપાત, દિગ્દાહ આદિનું ફળ બતાવનાર શાસ્ત્ર, તથા અષ્ટાંગ(આઠ અંગોવાળા) નિમિત્ત શાસ્ત્રોને ભણી ભવિષ્યની વાતોને જાણી લે છે.

**૧૦** **केइ णिमित्ता तहिया भवंति, केसिंचि तं विप्पडिएइ णाणं ।**
**ते विज्जभावं अणहिज्जमाणा, आहंसु विज्जापलिमोक्खमेव ॥**

**શબ્દાર્થ :– तहिया भवंति** = સત્ય હોય છે, **केसिंचि तं णाणं विप्पडिएइ** = કોઈ કોઈ નિમિત્તવાદીનું તે જ્ઞાન વિપરીત (અસત્ય)થઈ જાય છે, **ते विज्जभावं अणहिज्जमाणा** = એ જોઈને વિદ્યાનું અધ્યયન ન કરનારા અક્રિયાવાદી, **विज्जापलिमोक्खमेव आहंसु** = વિદ્યાના ત્યાગને જ કલ્યાણકારક કહે છે.

**ભાવાર્થ :–** કેટલાક નિમિત્ત તો સત્ય(તથ્ય) હોય છે અને કોઈ કોઈ નિમિત્તવાદીઓનું તે જ્ઞાન વિપરીત (અયથાર્થ)હોય છે. એ જોઈને વિદ્યાનું અધ્યયન નહીં કરનારા અક્રિયાવાદી વિદ્યાના ત્યાગને જ કલ્યાણકારક કહે છે.

## વિવેચન :–

આ સાત ગાથાઓ દ્વારા શાસ્ત્રકારે એકાન્ત અક્રિયાવાદીઓ દ્વારા માન્ય અક્રિયાવાદના સ્વરૂપનું પ્રતિપાદન કર્યું છે.

**અક્રિયાવાદ :– સ્વરૂપ અને ભેદ :–** અક્રિયાવાદી એકાન્તરૂપે જીવાદી પદાર્થોનો નિષેધ કરે છે. ક્રિયા, આત્મા, કર્મબંધ, કર્મફળ આદિને માનતા નથી.

અક્રિયાવાદના ૮૪ ભેદો થાય છે, તે આ પ્રમાણે છે– જીવાદિ સાત પદાર્થોને ક્રમશઃ લખીને તેમની નીચે (૧) સ્વતઃ અને (૨) પરતઃ આ બે ભેદ સ્થાપિત કરવા. પછી તે ૭×૨ = ૧૪ પદોની નીચે (૧) કાળ (૨)યદચ્છા (૩) નિયતિ (૪) સ્વભાવ (૫) ઈશ્વર અને (૬) આત્મા આ છ પદોને રાખવા જોઈએ– જેમ કે જીવ સ્વતઃ કાળથી નથી, જીવ પરતઃ કાળથી નથી, જીવસ્વતઃ યદચ્છાથી નથી, જીવ પરતઃ યદચ્છાથી નથી, આ રીતે નિયતિ, સ્વભાવ, ઈશ્વર અને આત્માની સાથે પણ પ્રત્યેકના બબ્બે ભેદ થાય છે. આ રીતે જીવાદિ સાતેય પદાર્થોના સાત સ્વતઃ પરતઃ ના દરેકના બે અને કાળ આદિના ૬ ભેદ મેળવીને કુલ ૭×૨ = ૧૪×૬ =૮૪ ભેદ થયા.

**અક્રિયાવાદ મીમાંસા :–** લોકાયતિક, બૌદ્ધ અને સાંખ્ય આ ત્રણે એકાન્ત અક્રિયાવાદી છે. અક્રિયાવાદી લોકાયતિકના મતમાં આત્મા જ નથી તેથી ક્રિયા કે ક્રિયાથી થતાં કર્મબંધ પણ શક્ય નથી. તેથી લોકવ્યવહારમાં જેવી રીતે મુટ્ઠી વાળવી અને ખોલવી ઉપચારમાત્રથી માનવામાં આવે છે, તેવી જ રીતે લોકાયતિક મતમાં ઉપચારમાત્રથી આત્મામાં બદ્ધ અને મુક્તનો વ્યવહાર માનવામાં આવે છે.

**અક્રિયાવાદી બૌદ્ધ :–** તેઓ સર્વ પદાર્થોને ક્ષણિક માને છે, ક્ષણિક પદાર્થોમાં ક્રિયાનું હોવું સંભવિત નથી, તેથી તેઓ પણ અક્રિયાવાદી છે. તેઓ જે પાંચ સ્કંધો માને છે, તે પણ આરોપમાત્રથી જ છે, પરમાર્થરૂપે નહીં. તેઓનું મંતવ્ય એ છે કે બધા પદાર્થ ક્ષણિક છે, ક્ષણભરમાં નષ્ટ થઈ જાય છે, તેથી અવયવ કે અવયવી કાંઈ પણ ટકતું નથી. ક્ષણિકવાદ અનુસાર ભૂત અને ભવિષ્ય સાથે વર્તમાન ક્ષણનો કાંઈ સંબંધ ન

હોવાથી ક્રિયા સંભવિત નથી અને ક્રિયા ન હોવાથી ક્રિયાજનિત કર્મબંધ પણ થતો નથી. આ રીતે બૌદ્ધ અક્રિયાવાદી છે. તાત્પર્ય એ છે કે બૌદ્ધ કર્મબંધની આશંકાથી આત્મા આદિ પદાર્થોનો અને તેમની ક્રિયાઓનો નિષેધ કરે છે.

**લોકાયતક (ચાર્વાક મત) :–** તે પદાર્થનો નિષેધ કરીને પણ પક્ષને સિદ્ધ કરવા માટે પદાર્થનું અસ્તિત્વ પ્રકારાન્તરથી માની લે છે અર્થાત્ પદાર્થનો નિષેધ કરવા છતાં પણ તેઓ તેના અસ્તિત્વનું પ્રતિપાદન કરી બેસે છે. જેમ કે– તેઓ જીવાદિ પદાર્થોનો અભાવ બતાવનારા શાસ્ત્રોનો પોતાના શિષ્યોને ઉપદેશ આપે છે. તેઓ કર્તા આત્માને તથા ઉપદેશના સાધનરૂપ શાસ્ત્રને તેમજ જેને ઉપદેશ અપાય છે તે શિષ્યને તો અવશ્ય સ્વીકારે છે. આ ત્રણને માન્યા વિના ઉપદેશ આદિ કાર્ય સંભવિત નથી પરંતુ સર્વશૂન્યતાવાદમાં આ ત્રણે પદાર્થો સંભવે નહીં. તેથી લોકાયતિક મત પરસ્પર વિરુદ્ધ મિશ્રપક્ષનો આશ્રય લે છે. તેઓ પદાર્થ નથી, એમ પણ કહે છે અને બીજી બાજુ તેનું અસ્તિત્વ પણ સ્વીકારે છે.

**સર્વ શૂન્યતાવાદ :–** બૌદ્ધમતના સર્વ શૂન્યતાવાદ અનુસાર પરલોકમાં જનારા આત્મા નથી, ક્રિયા, ગતિ અને કર્મબંધ પણ નથી, છતાં બૌદ્ધ શાસનમાં છ ગતિઓ માનવામાં આવી છે. જો ગમન કરનાર કોઈ આત્મા જ નથી, તો ગમન ક્રિયા ફલિત ગતિઓ કઈ રીતે હોય શકે ? તેમજ બૌદ્ધ માન્ય જ્ઞાનથી અભિન્ન જ્ઞાન સંતાનપણ ક્ષણવિધ્વંસી હોવાના કારણે સ્થિર નથી. ક્રિયા ન હોવાના કારણે અનેક ગતિઓનું હોવું સંભવિત નથી, બૌદ્ધ આગમોમાં બધાં કર્મોને અબંધન માન્યા છે. તોપણ તથાગત બુદ્ધે ૫૦૦ વાર જન્મગ્રહણ કર્યા તેમ બતાવે છે. જો કર્મબંધન ન હોય તો જન્મગ્રહણ કેમ થઈ શકે ? બૌદ્ધ ગ્રંથમાં આવેલ એક શ્લોકમાં બતાવ્યું છે કે, "માતાપિતાને મારીને તેમજ બુદ્ધના શરીરમાંથી લોહી કાઢીને, અર્હદ્વધ કરીને તથા ધર્મસ્તૂપને નષ્ટ કરીને મનુષ્ય અવીચિનરકમાં જાય છે, એ પણ કર્મબંધન વિના કેમ સંભવી શકે ? જો બધું શૂન્ય છે તો તેવા શાસ્ત્રોની રચના કેવી રીતે યુક્તિસંગત થઈ શકે છે ? જો કર્મબંધનકારક નથી, તો પ્રાણીઓમાં જન્મ–મરણ, રોગ–શોક, ઉત્તમ–મધ્યમ–અધમ આદિ વિભિન્નતાઓ ક્યા કારણે દેખાય છે ? ઉપરોક્ત ઘટના કર્મનું જ પરિણામ છે. આ બધાં પરથી જીવનું અસ્તિત્વ, તેનું કર્તૃત્વ, ભોક્તૃત્વ તેમજ તેનું કર્મથી યુક્ત હોવું સિદ્ધ થાય છે, છતાં એ બૌદ્ધો શૂન્યતાવાદને માને છે. આ રીતે બૌદ્ધો સ્પષ્ટપણે મિશ્રપક્ષનો સ્વીકાર કરે છે. એક બાજુ તેઓ કર્મોના ભિન્ન ભિન્ન ફળ માને છે, બીજી બાજુ સર્વશૂન્યતાવાદ અનુસાર બધા પદાર્થોનું નાસ્તિત્વ બતાવે છે.

**સાંખ્ય અક્રિયાવાદી :–** તેઓ આત્માને સર્વવ્યાપી માનતા હોવાથી તેઓ અક્રિયાવાદી છે પણ તેઓ પ્રકૃત્તિના વિયોગથી તેનો મોક્ષ માને છે. જો મોક્ષ માને છે તો બંધન અવશ્ય માનવું પડશે. જ્યારે આત્માનો બંધમોક્ષ થાય છે તો તેના જ વચનાનુસાર આત્માનું ક્રિયાવાન થવું પણ સ્વીકૃત થઈ જાય છે, કારણ કે ક્રિયા વિના બંધ અને મોક્ષ કદાપિ સંભવિત નથી. તેથી સાંખ્ય પણ મિશ્રપક્ષ આશ્રયી છે, તેઓ આત્માને નિષ્ક્રિય સિદ્ધ કરવા જતાં પોતાના જ વચનોથી ક્રિયાવાદ સિદ્ધ થઈ જાય છે.

**અક્રિયાવાદીઓના સર્વશૂન્યતાવાદનું નિરાકરણ :–** અક્રિયાવાદીઓ દ્વારા સૂર્યના ઉદય–અસ્ત, ચંદ્રની વૃદ્ધિ–હ્રાસ, પાણી તેમજ વાયુની ગતિનો કરવામાં આવેલો નિષેધ પ્રત્યક્ષ પ્રમાણથી વિરુદ્ધ છે. જ્યોતિષ

આદિ અષ્ટાંગ નિમિત્ત આદિ શાસ્ત્રો ભણવાથી ભૂત અથવા ભવિષ્યની જાણકારી મનુષ્યોને હોય છે, તે કોઈ પણ પદાર્થની સૂચક હોય છે, સર્વશૂન્યતાવાદને માનવાથી આ ઘટિત થઈ શકતું નથી. શૂન્યતાવાદી કહે છે કે આ વિદ્યાઓ સત્ય નથી, અમે તો વિદ્યાઓ ભણ્યા વિના જ લોકાલોકના પદાર્થોને જાણી લઈએ છીએ. આ કથન પણ મિથ્યા તેમજ પૂર્વાપર વિરુદ્ધ છે.

પ્રત્યક્ષ દશ્યમાન વસ્તુને પણ સ્વપ્ન, ઈન્દ્રજાળ અથવા મૃગમરીચિકા(ઝાંઝવાના જળ) જેવી બતાવીને તેનો અત્યંતાભાવ ઘોષિત કરવો તે પણ યુક્તિ–પ્રમાણ વિરુદ્ધ છે.

**छलायतणं च कम्मं :–** વૃત્તિકારે તેની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે. જેના છ આયતન–ઉપાદાનકારણ આશ્રવદ્વાર રૂપ છે અથવા શ્રોત્રાદિ ઈન્દ્રિય નોઈન્દ્રિય(મન) રૂપ છે, તે કર્મ ષડાયતનરૂપ છે.

## એકાન્ત ક્રિયાવાદ અને સમ્યક્ ક્રિયાવાદ :–

**૧૧** **ते एवमक्खंति समिच्च लोगं, तहा तहा समणा माहणा य ।**
**सयंकडं णण्णकडं च दुक्खं, आहंसु विज्जाचरणं पमोक्खं ॥**

**શબ્દાર્થ :– लोगं समिच्च** = પોતાના અભિપ્રાય(મત) અનુસાર લોકને જાણીને, **तहा तहा एवमक्खंति** = કર્માનુસાર ફળ પ્રાપ્ત થવાનું બતાવે છે, **सयं कडं णण्णकडं च दुक्खं** = તેઓ એમ કહે છે કે દુઃખ આપણા કરવાથી થાય છે બીજાના કરવાથી થતું નથી, **विज्जाचरणं पमोक्खं आहंसु** = પરંતુ તીર્થંકરોએ જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ કહ્યો છે.

**ભાવાર્થ :–** તે ક્રિયાવાદી શ્રમણો(શાક્ય ભિક્ષુઓ)અને માહણો(બ્રાહ્મણો) પોતપોતાના અભિપ્રાય અનુસાર લોકને જાણીને તે તે ક્રિયા અનુસાર ફળ પ્રાપ્તિ બતાવે છે. તેઓનું કથન છે કે દુઃખ અને સુખ ક્રિયાથી જ સ્વયંકૃત હોય છે, અન્યકૃત નહી. આ પ્રમાણે ક્રિયાથી મોક્ષ કહે છે પરંતુ તીર્થંકરોએ જ્ઞાન અને ક્રિયા બંનેથી મોક્ષ કહ્યો છે.

**૧૨** **ते चक्खु लोगंसीह णायगा उ, मग्गाणुसासंति हियं पयाणं ।**
**तहा तहा सासयमाहु लोए, जंसी पया माणव ! संपगाढा ॥**

**શબ્દાર્થ :– ते लोगंसि चक्खु इह** = આ લોકમાં તે તીર્થંકરો વગેરે નેત્ર સમાન છે, **णायगा उ** = તેઓ નાયક છે, **पयाणं हियं मग्गाणुसासंति** = તેઓ પ્રજાને કલ્યાણનો માર્ગ બતાવે છે, **तहा तहा लोए सासय माहु** = જેમ જેમ મિથ્યાત્વ વધે છે તેમ તેમ સંસાર મજબૂત થતો જાય છે તેમ તેઓ કહે છે, **जंसी पया संपगाढा** = જેમાં પ્રાણી નિવાસ કરે છે, **माणव** = હે માનવ !

**ભાવાર્થ :–** આ લોકમાં તીર્થંકર આદિ નેત્ર સમાન છે. તેઓ નાયક–ધર્મનેતા છે. તેઓ પ્રજાને માટે હિતકર જ્ઞાનાદિરૂપ મોક્ષમાર્ગની શિક્ષા આપે છે. મિથ્યાત્વ આદિ કારણોથી સંસાર શાશ્વત(સુદઢ અથવા

સુદીર્ઘ) બને છે અથવા જેમ જેમ રાગ દ્વેષ આદિની અથવા કર્મની માત્રામાં અભિવૃદ્ધિ થાય છે, તેમ તેમ સંસારમાં અભિવૃદ્ધિ થાય છે. તે પ્રમાણે તેઓએ કહ્યું છે, સંસારમાં(નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવના રૂપમાં) પ્રાણી સમૂહ નિવાસ કરે છે.

**१३** **जे रक्खसा वा जमलोइया वा, जे वा सुरा गंधव्वा य काया ।**
**आगासगामी य पुढोसिया ते, पुणो पुणो विप्परियासुवेंति ॥**

**શબ્દાર્થ :– जे रक्खसा वा जमलोइया वा** = જે રાક્ષસ છે તથા જે યમપુરીમાં નિવાસ કરે છે, **जे वा सुरा गंधव्वा य काया** = જે દેવતા છે અને જે ગંધર્વ છે, **आगासगामी य पुढोसिया जे** = તથા જે આકાશગામી અને જે પૃથ્વીવાસી છે.

**ભાવાર્થ :–** જે રાક્ષસ છે અથવા યમલોકવાસી(નારક)છે, દેવ, ગંધર્વ, આકાશગામી, તેમજ પૃથ્વીવાસી જીવો છે, તેઓ બધા કર્માનુસાર વારંવાર વિવિધ ગતિઓમાં પરિભ્રમણ કરતા રહે છે.

**१४** **जमाहु ओहं सलिलं अपारगं, जाणाहि णं भवगहणं दुमोक्खं ।**
**जंसी विसण्णा विसयंगणाहिं, दुहओ वि लोगं अणुसंचरंति ॥**

**શબ્દાર્થ :– जं ओहं सलिलं अपारगं आहु** = જે સંસારને સ્વયંભૂરમણ સમુદ્રના પાણીની જેમ અપાર કહ્યો છે, **भवगहणं दुमोक्खं जाणाहि** = તે ભવભ્રમણરૂપ ગહન સંસારને દુર્મોક્ષ જાણો, **जंसी विसयंगणाहिं विसण्णा** = જે [સંસારમાં]વિષય અને સ્ત્રીઓમાં આસક્ત જીવ, **दुहओ वि लोगं** = સ્થાવર અને જંગમ બન્ને પ્રકારે લોકમાં, રાગદ્વેષના કારણે.

**ભાવાર્થ :–** તીર્થંકરો, ગણધરો આદિએ જે સંસાર સાગરને સ્વયંભૂરમણ સમુદ્રના પાણીની જેમ અપાર(દુસ્તર) કહ્યો છે, તે ગહન સંસારને દુર્મોક્ષ (દુઃખે છૂટકારો મેળવી શકાય, તેવો) જાણો, તે સંસારમાં વિષયો અને સ્ત્રીઓમાં આસક્ત જીવ રાગ અને દ્વેષના કારણે લોકમાં ભ્રમણ કરતા રહે છે.

## વિવેચન :–

આ ચાર ગાથાઓમાં ક્રિયાવાદની ગૂઢ સમીક્ષા કરવામાં આવી છે.

**એકાન્ત ક્રિયાવાદ સ્વરૂપ અને ભેદ :–** એકાન્ત ક્રિયાવાદી એકાન્તરૂપે જીવાદી પદાર્થોનું અસ્તિત્વ માને છે. જ્ઞાનરહિત માત્ર દીક્ષા આદિ ક્રિયાથી જ મોક્ષપ્રાપ્તિ માને છે. તેઓ કહે છે કે શુભ કર્મનું ફળ સ્વર્ગ મળે છે, પણ તે માત્ર ક્રિયાથી જ. જીવ જેવી રીતે, જેવી ક્રિયા કરે છે, તે અનુસાર તેને નરક–સ્વર્ગ આદિ કર્મફળ મળે છે. સંસારમાં સુખદુઃખાદિ જે કંઈ મળે છે, તે બધું પોતાનું કરેલું જ હોય છે, કાળ ઈશ્વર આદિ બીજાઓનું કરાયેલું હોતું નથી.

નિર્યુક્તિકારે ક્રિયાવાદના ૧૮૦ ભેદ બતાવ્યા છે. તે આ પ્રમાણે છે– સર્વ પ્રથમ જીવ, અજીવ,

પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ આ નવ પદાર્થોને ક્રમથી સ્થાપિત કરીને તેની નીચે "સ્વતઃ" અને પરતઃ" આ બે ભેદ રાખવા જોઈએ. આ રીતે તેની નીચે "નિત્ય" અને "અનિત્ય" આ બે ભેદોની સ્થાપના કરવી જોઈએ. તેની નીચે ક્રમથી કાળ, સ્વભાવ, નિયતિ, ઈશ્વર અને આત્મા આ પાંચ ભેદોની સ્થાપના કરવી જોઈએ. જેમ કે–(૧) જીવ સ્વતઃ કાળથી નિત્ય છે (૨) જીવ પરતઃ કાળથી નિત્ય છે (૩) જીવ સ્વતઃ કાળથી અનિત્ય છે (૪) જીવ પરતઃ કાળથી અનિત્ય છે. આ રીતે સ્વભાવ આદિ પાંચેયની સાથે લેવાથી વીસ ભેદ (૪×૫ = ૨૦) થાય છે. આ રીતે અજીવાદિ બાકીના આઠના દરેકના વીસ વીસ ભેદ સમજવા જોઈએ. આ પ્રમાણે નવ પદાર્થોના ૨૦×૯ = ૧૮૦ ભેદો ક્રિયાવાદીઓના હોય છે.

**ક્રિયાવાદની સમીક્ષા :–** એકાન્ત ક્રિયાવાદીઓના મંતવ્યના સંબંધમાં શાસ્ત્રકાર કહે છે કે ક્રિયાવાદીઓનું આ કથન કંઈક અંશે બરાબર છે કે ક્રિયાથી મોક્ષ થાય છે, આત્મા(જીવ) અને સુખ આદિનું અસ્તિત્વ છે, પરંતુ તેની એકાન્ત પ્રરૂપણા યથાર્થ નથી. પરદ્રવ્ય, ક્ષેત્રકાળાદિની અપેક્ષાએ દ્રવ્યમાં નાસિત્વ પણ છે. જો એકાન્તરૂપે પદાર્થોનું અસ્તિત્વ માનવામાં આવશે તો પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળભાવથી 'દ્રવ્ય કથંચિત્ નથી,' આ કથન ઘટિત થઈ શકશે નહિ. વસ્તુમાં એકાન્ત અસ્તિત્વ માનવાથી સર્વવસ્તુઓ એકરૂપ થઈ જશે. આ રીતે જગતના સમસ્ત વ્યવહારોનો ઉચ્છેદ થઈ જશે. તેથી પ્રત્યેક વસ્તુ સ્વદ્રવ્ય, ક્ષેત્રાદિની અપેક્ષાએ અને પર દ્રવ્યાદિની અપેક્ષાએ નથી, એમ માનવું જોઈએ.

એકાન્ત ક્રિયાથી મોક્ષ થતો નથી, તેની સાથે જ્ઞાન સમ્યક્જ્ઞાન હોવું જોઈએ. જ્ઞાનરહિત ક્રિયા માત્રથી કોઈ કાર્ય સિદ્ધ થતું નથી. સમ્યગ્જ્ઞાન સહિતની ક્રિયાઓ જ સફળ બને છે. દશવૈકાલિક સૂત્રની **पढमं णाणं तओदया** એ ગાથામાં પણ આ જ તથ્યનો સંકેત છે. જ્ઞાન નિરપેક્ષ ક્રિયાથી અથવા ક્રિયા નિરપેક્ષ જ્ઞાનથી મોક્ષ થતો નથી. તેથી જ તીર્થંકરોએ જ્ઞાન અને ક્રિયા બન્નેથી મોક્ષ કહ્યો છે.

## સમ્યક્ ક્રિયાવાદ અને તેના માર્ગદર્શક :–

ગાથામાં સમ્યક્ ક્રિયાવાદ અને તેના માર્ગદર્શકનું નિરૂપણ કર્યું છે, તેમાંથી ચાર તથ્યો ફલિત થાય છે– (૧) લોક શાશ્વત પણ છે, અને અશાશ્વત પણ છે (૨) ચારે ગતિઓના જીવો પોતપોતાનાં કર્મો પ્રમાણે સુખ દુઃખ પામે છે તથા સ્વતઃ સંસારમાં પરિભ્રમણ કરે છે (૩) સંસાર સાગર સ્વયંભૂરમણ સમુદ્રની જેમ દુસ્તર છે (૪) તીર્થંકર લોકચક્ષુ છે, તેઓ ધર્મનાયક છે, સમ્યક્ ક્રિયાવાદના માર્ગદર્શક છે, તેઓએ સંસાર અને મોક્ષનું યથાર્થ સ્વરૂપ બતાવીને સમ્યક્ ક્રિયાવાદની પ્રરૂપણા કરી છે અથવા જીવ–અજીવ આદિ નવ તત્ત્વોના અસ્તિત્વ આદિની કાળ આદિ પાંચ કારણોના સમવસરણ(સમન્વય)ની સાપેક્ષ પ્રરૂપણા કરી છે. તેથી તેઓ આ ભાવ–સમવસરણના પ્રરૂપક છે.

## સમ્યક્ ક્રિયાવાદ અને ક્રિયાવાદીઓના નેતા :–

**૧૫** **ण कम्मुणा कम्म खर्वेति बाला, अकम्मुणा उ कम्म खर्वेति धीरा**
**मेहाविणो लोभमयावतीता, संतोसिणो णो पकरेंति पावं ॥**

**શબ્દાર્થ :– कम्मुणा** = પાપકર્મ કરવાના કારણે, **अकम्मुणा** = આશ્રવોને રોકીને, **मेहाविणो लोभमयावतीता** = બુદ્ધિમાન પુરુષ લોભથી દૂર રહે છે.

**ભાવાર્થ :–** અજ્ઞાની જીવ સાવદ્ય કર્મ કરે છે, તેથી પોતાનાં કર્મોનો ક્ષય કરી શકતા નથી. અકર્મ દ્વારા આશ્રવો–કર્મના આગમનને રોકી, ધીર સાધક કર્મનો ક્ષય કરે છે. મેધાવી સાધક લોભ અને માનથી દૂર રહી, સંતોષી થઈને પાપ કર્મ કરતા નથી.

**१६** **ते तीय–उप्पण्ण–मणागयाइं, लोगस्स जाणंति तहागयाइं ।**
**णेयारो अण्णेसिं अणण्णणेया, बुद्धा हु ते अंतकडा भवंति ॥**

**શબ્દાર્થ :– ते लोग्गस्स तीयउप्पण्णमणागयाइं तहागयाइं जाणंति** = તે વીતરાગી પુરુષો જીવોના ભૂતકાલીન, વર્તમાનકાલીન તથા ભવિષ્યકાલીન વૃત્તાન્તોને યથાર્થરૂપે જાણે છે, **अण्णेसिं णेयारो अणण्णणेया** = તેઓ બીજા જીવોના નેતા છે પરંતુ તેઓના કોઈ નેતા નથી, **ते बुद्धा अंतकडा भवंति** = તે જ્ઞાની પુરુષો સંસારનો અંત કરે છે.

**ભાવાર્થ :–** તે વીતરાગ પુરુષો પ્રાણી લોકના ભૂત, વર્તમાન તેમજ ભવિષ્યના સુખ દુઃખાદિ વૃતાન્તોને યથાર્થ રૂપે જાણે છે. તેઓ બીજા જીવોના નેતા છે પરંતુ તેઓના કોઈ નેતા નથી. તે જ્ઞાની પુરુષો (સ્વયંબુદ્ધ, તીર્થંકર, ગણધર આદિ) સંસારનો અંત કરે છે.

**१७** **ते णेव कुव्वंति ण कारवेंति, भूताभिसंकाए दुगुंछमाणा ।**
**सया जया विप्पणमंति धीरा, विण्णत्तिवीरा य भवंति एगे ॥**

**શબ્દાર્થ :– दुगुंछमाणा ते** = પાપની ઘૃણા કરનારા તે તીર્થંકરો આદિ, **भूताभिसंकाए** = પ્રાણીઓની હિંસાના ભયથી, **णेव कुव्वंति ण कारवेंति** = સ્વયં પાપ કરતા નથી અને બીજાઓ પાસે પણ કરાવતા નથી, **धीरा सया जया विप्पणमंति** = કર્મનું વિદારણ કરવામાં નિપુણ તે પુરુષો સદા પાપના અનુષ્ઠાનથી નિવૃત્ત રહીને સંયમનું અનુષ્ઠાન કરે છે, **एगे विण्णति वीरा य भवंति** = પરંતુ કોઈ અન્યદર્શનીઓ માત્ર જ્ઞાનથી વીર બને છે, અનુષ્ઠાનથી નહિ.

**ભાવાર્થ :–** તે પ્રત્યક્ષજ્ઞાની અથવા પરોક્ષજ્ઞાની તત્ત્વજ્ઞપુરુષ પ્રાણીઓના ઘાતની આશંકા(ડર)થી પાપકર્મથી ઘૃણા કરતાં સ્વયં હિંસાદિ પાપકર્મ કરતા નથી, બીજા પાસે હિંસાદિ પાપકર્મ કરાવતા નથી, તે ધીર પુરુષો હંમેશાં સંયત બની સંયમાનુષ્ઠાન કરે છે પરંતુ કેટલાક અન્યદર્શની જ્ઞાન માત્રથી વીર બને છે, ક્રિયા થી નહીં.

## વિવેચન :–

આ ત્રણ ગાથાઓમાં સમ્યક્ ક્રિયાવાદના સંબંધમાં પાંચ રહસ્યો રજૂ કરવામાં આવ્યા છે. (૧)

ક્રિયાવાદના નામે પાપકર્મ કરનારા કર્મક્ષય કરીને મોક્ષ પ્રાપ્ત કરી શકતા નથી (૨) કર્મોનો સર્વથા ક્ષય કરવા માટે મહાપ્રાજ્ઞ સાધક સાવદ્ય–નિરવદ્ય સર્વ કર્મોના આગમનને રોકીને અંતે સર્વથા અક્રિય (યોગ રહિત) અવસ્થામાં પહોંચી જાય છે અર્થાત્ કથંચિત્ સમ્યક્ અક્રિયાવાદને પણ અપનાવે છે (૩) એવા મેધાવી સાધક લોભ અને માન યુક્ત ક્રિયાઓથી સર્વથા દૂર રહીને, જેટલો લાભ થાય તેમાં જ સંતુષ્ટ થઈ પાપયુક્ત ક્રિયા કરતા નથી (૪) તેવા સમ્યક્ ક્રિયાવાદીઓના નેતા સ્વયંબુદ્ધ કે સર્વજ્ઞ હોય, તેઓના કોઈ નેતા નથી. તેઓ લોકના ભૂતકાલીન, ભવિષ્યકાલીન તેમજ વર્તમાન કાલીન વૃતાન્તોને યથાવસ્થિત રૂપે જાણે છે, અને સંસારના કારણ ભૂત કર્મોનો અંત કરી દે છે (૫) એવા મહાપુરુષ પાપ કર્મોથી નફરત કરતા પોતે પાપકર્મ કરતા નથી, બીજા પાસે પણ પાપકર્મ કરાવતા નથી. તેઓ હંમેશાં પાપકર્મથી નિવૃત્ત રહેતા સંયમાનુષ્ઠાનમાં પ્રવૃત્ત રહે છે, આ જ તેઓનો જ્ઞાનયુક્ત સમ્યક્ ક્રિયાવાદ છે, જોકે અન્યદર્શની જ્ઞાન માત્રથી જ વીર બને છે, સમ્યક્ ક્રિયાથી દૂર રહે છે.

## સમ્યક્ ક્રિયાવાદના પ્રતિપાદક અને અનુગામી :–

**१८** **डहरे य पाणे वुड्ढे य पाणे, ते आयओ पासइ सव्वलोए ।**
**उवेहइ लोगमिणं महंतं, बुद्धेऽप्पमत्तेसु परिव्वएज्जा ॥**

**શબ્દાર્થ :– डहरे य पाणे वुड्ढे य पाणे** = નાના નાના કંથવા આદિ પણ જીવ છે અને મોટાં મોટાં બાદર શરીરવાળા પણ પ્રાણી છે, **सव्वलोए ते आयओ पासइ** = સર્વલોકમાં તેઓને પોતાના સમાન (આત્મવત્) જાણવા જોઈએ, **इणंलोगं महंतं उवेहइ** = આ લોકને વિશાળ ભવભ્રમણ રૂપ સમજવો જોઈએ, **बुद्धे अपमत्तेसु परिव्वएज्जा** = આ રીતે તત્વદર્શી આત્મા અપ્રમત સાધુ પાસે દીક્ષા ધારણ કરે.

**ભાવાર્થ :–** આ લોકમાં નાના નાના કંથવા આદિ પ્રાણી પણ છે અને મોટા મોટા સ્થૂલ શરીરવાળા હાથી આદિ પ્રાણી પણ છે. સમ્યક્વાદી સુસાધુ તેઓને આત્મા સમાન જાણે દેખે." આ પ્રત્યક્ષ દશ્યમાન, વિશાળ પ્રાણીલોક કર્મવશ દુઃખ પામે છે, આ પ્રકારની વિચારણા કરતા તે તત્ત્વદર્શી પુરુષ, અપ્રમત્ત સાધુઓ પાસે દીક્ષા ગ્રહણ કરે, પ્રવ્રજિત થાય.

**१९** **जे आयओ परओ वावि णच्चा, अलमप्पणो होइ अलं परेसिं ।**
**तं जोइभूयं च सयाआवसेज्जा, जे पाउकुज्जा अणुवीइ धम्मं ॥**

**શબ્દાર્થ :– जे आयओ परओ वावि णच्चा** = જે પુરુષ સ્વયં (પોતે) અથવા બીજા પાસેથી ધર્મને જાણીને તેનો ઉપદેશ આપે છે, **अप्पणो परेसिं य अलं होइ** = તે પોતાનું અને બીજાનું રક્ષણ કરવામાં સમર્થ છે, **जे अणुवीइ धम्मं पाउकुज्जा** = જે સમજી વિચારીને ધર્મને પ્રગટ કરે છે, **तं जोइभूयं च सया आवसेज्जा** = તે જ્યોતિ સ્વરૂપ મુનિની પાસે સદા નિવાસ કરવો જોઈએ.

**ભાવાર્થ :–** જે સમ્યક્ ક્રિયાવાદી સાધક સ્વયં અથવા તીર્થંકર, ગણધર આદિ પાસેથી જીવાદિ પદાર્થોને

જાણીને અન્ય જિજ્ઞાસુઓ અથવા મુમુક્ષુઓને ઉપદેશ આપે છે, જે પોતાનો અથવા બીજાનો ઉદ્ધાર અથવા રક્ષણ કરવામાં સમર્થ છે, જે જીવોની કર્મ પરિણતિનો અથવા સદ્ધર્મનો વિચાર કરી ધર્મને પ્રગટ કરે છે, તેવા જ્યોતિ સ્વરૂપ(તેજસ્વી) મુનિના સાનિધ્યમાં હંમેશાં નિવાસ કરવો જોઈએ.

**२०** **अत्ताण जो जाणइ जो य लोगं, गइं च जो जाणइ णागइं च ।**
**जो सासयं जाणइ असासयं च, जाइं च मरणं चयणोववायं ॥**

**શબ્દાર્થ :– जाइं च मरणं चयणोववायं जाणइ** = જે જન્મ, મરણ અને ચ્યવન–ઉત્પાતને જાણે છે.

**ભાવાર્થ :–** જે આત્માને જાણે છે, જે લોકને તથા જીવોની ગતિ અને અનાગતિ (સિદ્ધિગતિ)ને જાણે છે. જે શાશ્વત(મોક્ષ) અને અશાશ્વત(સંસાર)ને તથા પ્રાણીઓના જન્મ મરણ તેમજ ચ્યવન–ઉત્પાતને જાણે છે. તે જ સમ્યક્ પ્રકારે ક્રિયાને દર્શાવી શકે.

**२१** **अहो वि सत्ताण विउट्टणं च, जो आसवं जाणइ संवरं च ।**
**दुक्खं च जो जाणइ णिज्जरं च, सो भासिउमरिहइ किरियवायं ॥**

**શબ્દાર્થ :– अहो वि सत्ताण विउट्टणं च** = નરક આદિમાં જીવોને વિવિધ પ્રકારની પીડા થાય છે, એમ જે જાણે છે, **अरिहइ** = યોગ્ય છે, સમર્થ છે.

**ભાવાર્થ :–** નરક આદિમાં જીવોને વિવિધ પ્રકારે પીડા થાય એમ જે જાણે છે તેમજ જે આશ્રવ–કર્મોનું આગમન અને સંવર–કર્મોના નિરોધને જાણે છે તથા જે દુઃખ, કર્મબંધ અને નિર્જરાને જાણે છે તેવા સમ્યક્ ક્રિયાવાદી સાધક જ ક્રિયાવાદને સમ્યક્ પ્રકારે કહી શકે છે.

**२२** **सद्देसु रूवेसु असज्जमाणे, गंधेसु रसेसु अदुस्समाणे ।**
**णो जीवियं णो मरणाभिकंखी, आयाणगुत्ते वलयाविमुक्के ॥**

**–त्ति बेमि ।**

**શબ્દાર્થ :– आयाणगुत्ते** = સંયમથી ગુપ્ત, **वलयाविमुक्के** = માયાથી રહિત થઈને રહે, સંસારથી મુક્ત થઈ જાય.

**ભાવાર્થ :–** સમ્યગ્વાદી સાધુ મનોજ્ઞ શબ્દો અને રૂપોમાં આસક્ત ન થાય અને અમનોજ્ઞ ગંધ અને રસ પ્રત્યે દ્વેષ ન કરે. તે અસંયમી જીવન જીવવાની આકાંક્ષા ન કરે અને પરીષહો અને ઉપસર્ગોથી દુઃખી બની મૃત્યુની ઈચ્છા ન કરે. સંયમથી સુરક્ષિત બની માયાથી વિમુક્ત થઈને રહે.

## વિવેચન :–

આ પાંચ ગાથાઓમાં સમ્યક્ ક્રિયાવાદના પ્રરૂપક તેમજ અનુગામીની યોગ્યતાઓ બતાવવામાં

આવી છે. મુખ્ય યોગ્યતાઓ આ પ્રમાણે છે– (૧) જે લોકમાં સ્થિત સમસ્ત નાનાં મોટાં પ્રાણીઓને આત્મવત્ જાણે દેખે છે (૨) જે આત્મ જાગરણના સમયે આ વિશાળ લોકની અનુપ્રેક્ષા કરે છે કે "આ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી વિશાળ, અંતરહિત લોક કર્મવશાત્ જન્મ–મરણ–જરા–રોગ–શોક આદિ વિવિધ પ્રકારના દુઃખરૂપ છે" (૩) તે તત્ત્વદર્શી પુરુષ અપ્રમત્ત સાધુઓ પાસે દીક્ષાગ્રહણ કરે છે (૪) જીવાદિ નવ પદાર્થોને પ્રત્યક્ષ જોનારા અવધિજ્ઞાની મનઃપર્યવજ્ઞાની કે કેવળજ્ઞાની પાસેથી અથવા પરોક્ષ– જોનારા મતિશ્રુત જ્ઞાની પાસેથી જાણી બીજાને ઉપદેશ આપે છે (૫) જે સ્વ–પરનો ઉદ્ધાર અથવા રક્ષણ કરવામાં સમર્થ છે (૬) જિજ્ઞાસુની સમક્ષ અનુરૂપ સદ્ધર્મને પ્રગટ કરે છે (૭) સમ્યક્ ક્રિયાવાદના અનુગામીઓ તેજસ્વી મુનિના સાનિધ્યમાં રહે છે (૮) જે આત્મા જીવોની ગતિ–આગતિ, મુક્તિ તથા મોક્ષની શાશ્વતતા અને સંસારની અશાશ્વતતાનું રહસ્ય જાણે છે, જે અધોલોકના જીવોના દુઃખોને જાણે છે, આશ્રવ, સંવર, પુણ્ય, પાપ, બંધ તેમજ નિર્જરાને જાણે છે, તે જ ક્રિયાવાદનું સમ્યક્ નિરૂપણ કરી શકે છે (૯) એવા સમ્યક્ ક્રિયાવાદી સાધુએ પાંચે ઈન્દ્રિયોના વિષયોમાં આસક્તિ તેમજ દ્વેષ ન રાખવા જોઈએ, તેણે આદાન(મિથ્યાત્વાદિ દ્વારા ગૃહીત કર્મ અથવા વિષય કષાયોના ગ્રહણ)થી આત્માને બચાવવો જોઈએ અને માયાથી મુક્ત રહેવું જોઈએ.

સંક્ષેપમાં જે સાધક આત્મવાદ, ભોગવાદ તેમજ કર્મવાદને જાણે છે અથવા નવ તત્ત્વોને વિમુક્તિરૂપ મોક્ષના અર્થમાં(સંદર્ભમાં) સ્વીકાર કરે છે, તે જ વસ્તુતઃ ક્રિયાવાદનો જ્ઞાતા તેમજ ઉપદેષ્ટા છે.

**।। અધ્યયન ૧૨ સંપૂર્ણ ।।**

# તેરમું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ "યાથાતથ્ય" અથવા "યથાતથ્ય" છે. યથાતથ્યનો અર્થ છે– યથાર્થ, વાસ્તવિક, પરમાર્થ અથવા જેવું હોય તેવું.

નિર્યુક્તિકારે "તથ્ય" શબ્દના ચાર નિક્ષેપ કર્યા છે. નામ તથ્ય અને સ્થાપના તથ્ય સુગમ છે. સચિત્તાદિ પદાર્થોમાંથી જે પદાર્થનો જેવો સ્વભાવ અથવા સ્વરૂપ હોય તેને તે રૂપે કહેવું તેને દ્રવ્ય તથ્ય કહે છે, જેમ કે પૃથ્વીનું લક્ષણ કઠિનતા, ચંદનનો સ્વભાવ શીતળતા છે તે દ્રવ્યતથ્ય કહેવાય છે. ઔદયિક આદિ છ ભાવોની યથાર્થતાને ભાવતથ્ય કહે છે અથવા આત્મામાં રહેનાર "ભાવતથ્ય" ચાર પ્રકારનું છે. (૧) જ્ઞાનતથ્ય–પાંચે જ્ઞાન દ્વારા વસ્તુના યથાર્થ સ્વરૂપને જાણવું. (૨) દર્શનતથ્ય–જીવાદિ તત્ત્વો પર યથાર્થ શ્રદ્ધા કરવી (૩) ચારિત્રતથ્ય–૧૭ પ્રકારના સંયમ અને ૧૨ પ્રકારના તપનું શાસ્ત્રોક્ત રીતે પાલન કરવું (૪) વિનયતથ્ય–જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને ઉપચાર રૂપે ૪૨ પ્રકારે વિનયની યથાયોગ્ય આરાધના કરવી.

પ્રશસ્ત અને અપ્રશસ્ત ભાવતથ્યમાંથી આ અધ્યયનમાં પ્રશસ્ત ભાવતથ્યનો અધિકાર છે. સૂત્રોનો સર્વજ્ઞ કથિત જે અર્થ અથવા વ્યાખ્યા છે, તે રીતે અર્થ અને વ્યાખ્યા કરવી અને તેવું આચરણ કરવું તે યથાતથ્ય કહેવાય છે, પરંપરાગત સૂત્રાર્થ અને વ્યાખ્યાથી વિપરીત, કપોલકલ્પિત, કુતર્ક દ્વારા વિકૃત અર્થ અને વ્યાખ્યાન કરવું તે અયથાતથ્ય છે.

આ અધ્યયનમાં પૂર્વોક્ત ભાવતથ્યની દૃષ્ટિએ સાધુઓના પ્રશસ્ત જ્ઞાન શીલરૂપ તથ્યનું તથા અસાધુઓના તેનાથી વિપરીત શીલ સ્વભાવ તેમજ સ્વરૂપનું યથાતથ્ય વર્ણન હોવાના કારણે આ અધ્યયનને "યથાતથ્ય" કહેવામાં આવ્યું છે અથવા આ અધ્યયનની પ્રથમ ગાથામાં **आहत्तहियं** (યથાતથ્ય) શબ્દનો પ્રયોગ થયો છે, આ આદિ પદને લઈને આ અધ્યયનનું નામ "યાથાતથ્ય" આપવામાં આવ્યું છે.

આ અધ્યયનમાં ૨૩ ગાથાઓ દ્વારા સાધુઓના ગુણદોષોની વાસ્તવિક સ્થિતિ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

યથાતથ્ય વ્યાખ્યાન અને તદનુસાર આચરણથી સાધકને સંસારસાગર પાર કરવા યોગ્ય બનાવવાનો આ અધ્યયનનો ઉદ્દેશ છે.

❖❖❖❖❖

# તેરમું અધ્યયન

## યથાતથ્ય

**યથાતથ્ય નિરૂપણનું અભિવચન :–**

**१** **आहत्तहीयं तु पवेदइस्सं, णाणप्पगारं पुरिसस्स जातं ।**
**सतो य धम्मं असतो असीलं, संतिं असंतिं करिस्सामि पाउं ॥**

**શબ્દાર્થ :– आहत्तहीयं तु पवेदइस्सं** = હું યથાતથ્ય એટલે કે સાચા તત્ત્વને કહીશ, **णाणप्पगारं** = જ્ઞાનના પ્રકાર અર્થાત્ સમ્યક્જ્ઞાન દર્શન અને ચારિત્રના રહસ્યને કહીશ, **पुरिसस्सजातं** = જીવોના સદ્ગુણો અને દુર્ગુણોને કહીશ, **सतो य धम्मं** = ઉત્તમ સાધુઓના શીલ, **असतो असीलं** = તેમજ અસાધુઓના કુશીલને પણ કહીશ, **संति असंति पाउं करिस्सामि** = શાંતિ એટલે કે મોક્ષ અને અશાંતિ એટલે કે સંસારના સ્વરૂપને પણ પ્રગટ કરીશ.

**ભાવાર્થ :–** હું (સુધર્માસ્વામી) યાથાતથ્ય–યથાર્થ તત્ત્વને કહીશ તથા જ્ઞાનના પ્રકાર, સમ્યક્જ્ઞાન–દર્શન–ચારિત્રના રહસ્યને પ્રગટ કરીશ, તેમજ પુરુષોના સદ્ગુણો–દુર્ગુણો કહીશ. ઉત્તમ સાધુઓના શીલ અને અસાધુઓના કુશીલને તેમજ શાંતિ(મોક્ષ) અને અશાંતિ(સંસાર)ના સ્વરૂપને પણ પ્રગટ કરીશ.

**વિવેચન :–**

આ ગાથામાં ચાર વિષયોના યથાર્થ નિરૂપણનું અભિવચન છે.

(૧) સમ્યક્જ્ઞાન, દર્શન અને ચારિત્રનું રહસ્ય (૨) સત્પુરુષ અને અસત્પુરુષના પ્રશસ્ત–અપ્રશસ્ત ગુણ, ધર્મ, સ્વભાવ આદિનું નિરૂપણ (૩) સુસાધુઓનાં શીલ, સદાચાર, સદનુષ્ઠાન અને કુસાધુઓના કુશીલ, અનાચાર અને અસદનુષ્ઠાનનું સ્વરૂપ (૪) સુસાધુઓને સમસ્ત કર્મક્ષયરૂપ શાંતિ (મુક્તિ)ની પ્રાપ્તિ અને કુસાધુઓને જન્મ–મરણરૂપ અશાંતિ(સંસાર)ની પ્રાપ્તિનું રહસ્ય તેમજ કારણ.

આ ચાર વિષયનું પ્રતિપાદન કરવું તે આ અધ્યયનનું વિષયવસ્તુ છે.

**पुरिसस्स जातं :**– પાઠાન્તર છે– **पुरिसस्स भावं** = સાધુ પુરુષોના વિવિધ પ્રકારના સારા નરસા ભાવોને, ગુણોને કહીશ.

## કુશીલતા અને સુશીલતા :–

**૨** **अहो य राओ य समुट्ठिएहिं, तहागएहिं पडिलब्भ धम्मं ।**
**समाहिमाघायमझोसयंता, सत्थारमेव फरुसं वयंति ॥**

**શબ્દાર્થ :– समुट्ठिएहिं** = ઉત્તમ અનુષ્ઠાન કરનારા, **तहागएहिं** = તીર્થંકરો, આચાર્યો પાસેથી, **आघायं समाहिं अझोसयंता** = તીર્થંકર કથિત સમાધિનું સેવન ન કરતાં.

**ભાવાર્થ :–** દિવસ રાત સમ્યક્રૂપે સદનુષ્ઠાન કરવામાં ઉદ્યત તીર્થંકરો પાસેથી ધર્મને પામી, તીર્થંકરો દ્વારા કથિત સમાધિનું સેવન ન કરનારા કુસાધુ પોતાના પ્રશાસક ધર્મોપદેશકને જ કઠોર શબ્દ કહે છે.

**૩** **विसोहियं ते अणुकाहयंते, जे आत्तभावेण वियागरेज्जा ।**
**अट्ठाणिए होइ बहूगुणाणं, जे णाणसंकाए मुसं वएज्जा ॥**

**શબ્દાર્થ :– ते विसोहियं अणुकाहयंते** = તે કુસાધુ, વિશુદ્ધ એવા જિનમાર્ગથી વિપરીત પ્રરૂપણા કરે છે, **जे आत्तभावेण वियागरेज्जा** = જે પોતાની રુચિ–કલ્પના અનુસાર સૂત્રોના વિરોધી અર્થ કરે છે તેઓ, **बहुगुणाणं अट्ठाणिए होइ** = ઉત્તમ ગુણોના ભાજન થતા નથી, **जे णाणसंकाए मुसं वएज्जा** = જે વીતરાગના જ્ઞાનમાં શંકા કરીને મિથ્યાભાષણ કરે છે.

**ભાવાર્થ :–** તે કુસાધુઓ વિશુદ્ધ એવા જિનમાર્ગથી વિપરીત પ્રરૂપણા કરે છે. તેઓ પોતાની કલ્પનાનુસાર સૂત્રોના વિરોધી, મનગમતા અર્થ કરે છે. તેઓ વીતરાગ પ્રભુના જ્ઞાનમાં શંકા કરી મિથ્યાભાષણ કરે છે. તેથી તેઓ ઉત્તમ ગુણના ભાજન થતા નથી.

**૪** **जे यावि पुट्ठा पलिउंचयंति, आयाणमट्ठं खलु वंचयंति ।**
**असाहुणो ते इह साहुमाणी, मायण्णि एसिंति अणंतघायं ॥**

**શબ્દાર્થ :– जे यावि पुट्ठा पलिउंचयंति** = કોઈ પૂછે ત્યારે જે પોતાના આચારને છુપાવે છે, ગુરુનું નામ છુપાવે છે, કપટ કરે છે, **आयाणमट्ठं खलु वंचयंति** = તેઓ મોક્ષથી વંચિત રહે છે, **ते असाहुणो इह साहुमाणी** = તેઓ વસ્તુતઃ અસાધુ છે પરંતુ પોતાને સાધુ માને છે, **मायण्णि अणंतघायं एसिंति** = તે માયાવી પુરુષો (સંસારમાં) અનંતવાર ઘાત પામે છે.

**ભાવાર્થ :–** જે કુસાધુ કોઈ પૂછે ત્યારે પોતાના આચારને અથવા ગુરુ આદિના નામ છુપાવે છે, તેઓ મોક્ષથી પોતાની જાતને વંચિત રાખે છે. તેઓ કુસાધુ હોવા છતાં એ પોતાને સાધુ માને છે, એવા માયાવી અનંતવાર વિનાશ પ્રાપ્ત કરે છે.

**૫** **जे कोहणे होइ जगट्ठभासी, विओसियं जे उ उदीरएज्जा ।**
**अंधे व से दंडपहं गहाय, अविओसिए घासइ पावकम्मी ॥**

**શબ્દાર્થ :– जे कोहणे** = જે ક્રોધી છે અને, **जगट्ठभासी होइ** = બીજાઓના દોષને કહેનારા છે, **अविओसिए** = સદા કલહમાં પડેલો, **दंडपहं गहाय अंधे व** = સાંકડી કેડી પરથી જતાં આંધળા માણસની જેમ, **घासइ** = દુઃખનો ભાગી થાય છે.

**ભાવાર્થ :–** જે કુસાધુ પ્રકૃતિથી ક્રોધી, પરદોષ ભાષી, ઉપશાંત થયેલા કલહને ફરીથી જાગૃત કરનાર તથા પાપકર્મી હોય તે, જેમ નાની સાંકડી કેડી પકડીને ચાલનાર આંધળો માણસ(કાંટાઓ, હિંસક પશુઓ આદિથી) પીડિત થાય છે તેમ વારંવાર પીડિત થાય છે.

**६** **जे विग्गहीए अण्णायभासी, ण से समे होइ अझंझपत्ते ।**
**ओवायकारी य हिरीमणे य, एगतंदिट्ठी य अमाइरूवे ॥**

**શબ્દાર્થ :– जे विग्गहीए** = જે પુરુષ ઝગડા કરનાર છે, **अण्णायभासी** = અન્યાયભાષી, અજ્ઞાતભાષી છે, **से समे ण होइ** = તે સમતાને પામતો નથી, **ण अझंझपत्ते** = અને તે કલહરહિત પણ થતો નથી, **ओवायकारी** = પરંતુ જે ગુરુની આજ્ઞાનું પાલન કરે છે, **हिरीमणे य** = પાપ કરવામાં લજ્જિત થાય છે, લજ્જાશીલ હોય છે, **एगंतदिट्ठी य** = તેમજ જીવાદી તત્ત્વોમાં પૂર્ણ શ્રદ્ધા રાખે છે, **अमाइरूवे** = તથા જે પુરુષ માયારહિત છે–અમાયી છે.

**ભાવાર્થ :–** જે સાધુ કલહકારી છે, અન્યાયયુક્ત બોલે છે, તે સમ–મધ્યસ્થ રહી શકતો નથી, તે કલહરહિત પણ થતો નથી તે કુસાધુ છે. સુસાધુ ઉપપાતકારી અર્થાત્ ગુરુસાંનિધ્યમાં રહીને તેમની આજ્ઞાનુસાર ચાલનાર અથવા ઉપાયકારી એટલે સૂત્રોપદેશાનુસાર ઉપાય–પ્રવૃત્તિ કરનાર હોય છે, તે અનાચારનું સેવન કરવામાં ગુરુ આદિથી લજ્જિત થાય છે, જીવાદિ તત્ત્વોમાં તેની દષ્ટિ(શ્રદ્ધા) સ્પષ્ટ અથવા નિશ્ચિત હોય છે તેમજ તે માયા–રહિત વ્યવહાર કરે છે.

**७** **से पेसले सुहुमे पुरिसजाए, जच्चण्णिए चेव सुउज्जुयारे ।**
**बहुं पि अणुसासिए जे तहच्चा, समे हु से होइ अझंझपत्ते ॥**

**શબ્દાર્થ :– बहुं पि अणुसासिए जे तहच्चा** = ભૂલ થવાથી આચાર્ય આદિ વડે શાસન કરાયેલો જે પુરુષ પોતાની ચિત્તવૃત્તિને શુદ્ધ રાખે છે, **से पेसले सुहमे पुरिसजाए** = તે જ પુરુષ વિનયાદિ ગુણોથી યુક્ત છે, તે જ સૂક્ષ્મ અર્થને સમજનારો છે અને તે જ પુરુષાર્થ કરનારો છે, **जच्चण्णिए चेव सुउज्जुयारे** = તે જ ઉત્તમ જાતિવાળો અને સંયમને પાળનારો છે, **से समे हु अझंझपत्तेहोइ** = તથા તે જ સમભાવ યુક્ત, માયારહિત છે, કલહ રહિત છે.

**ભાવાર્થ :–** ભૂલ થાય ત્યારે આચાર્ય દ્વારા શિક્ષા પામીને જે પોતાની ચિત્તવૃત્તિ શુદ્ધ રાખે છે, તે સુસાધક મૃદુભાષી અથવા વિનયાદિ ગુણયુક્ત છે. તે જ સૂક્ષ્માર્થદર્શી છે, તે જ વાસ્તવમાં સંયમમાં પુરુષાર્થી છે, તે જ ઉત્તમ જાતિથી સમન્વિત છે અને સાધ્વાચારમાં જ સહજ–સરલભાવથી પ્રવૃત્ત રહે છે. તે જ સમ

છે અને કષાયરહિત તે સુસાધક વીતરાગ પુરુષોની જેમ ઝંઝટ રહિત છે.

૮ **जे यावि अप्पं वसुमं ति मंता, संखाय वायं अपरिक्ख कुज्जा ।**
**तवेण वा हं सहिए त्ति मंता, अण्णं जणं पस्सइ बिंबभूयं ॥**

**શબ્દાર્થ :– वसुमं** = સંયમી અને જ્ઞાની, **अपरिक्ख** = પરીક્ષા કર્યા વિના જ, **बिंबभूयं** = પાણીમાં પડેલા ચંદ્રના પ્રતિબિંબની જેમ નિરર્થક ગણે છે.

**ભાવાર્થ :–** જે પોતાને સંયમી,જ્ઞાની માનીને, પોતાની પરીક્ષા કર્યા વિના જ કોઈની સાથે વાદમાં ઊતરે અથવા પોતાની પ્રશંસા કરે કે હું મહાન તપસ્વી છું, આ પ્રકારના અભિમાનથી મત્ત બનેલ સાધુ અન્યને પાણીમાં પડેલા ચંદ્રના પ્રતિબિંબની જેમ નિરર્થક–તુચ્છ સમજે છે.

૯ **एगंतकूडेण उ से पलेइ, ण विज्जइ मोणपयंसि गोत्ते ।**
**जे माणणट्ठेणं विउक्कसेज्जा, वसुमण्णतरेण अबुज्झमाणे ॥**

**શબ્દાર્થ :– से एगंत कूडेण** = પૂર્વોક્ત અહંકારી સાધુ એકાન્તરૂપે મોહમાં ફસાઈને, **पलेइ** = સંસારમાં ભ્રમણ કરે છે, **मोणपयंसि गोत्ते ण विज्जइ** = તે અભિમાની સંયમમાં અથવા સર્વજ્ઞના મતમાં નથી,**जे माणणट्ठेणं विउक्कसेज्जा** = જે માન પૂજા આદિ માટે પોતાના જ્ઞાન તપ આદિના વખાણ કરે, સન્માન પામીને મદ કરે છે, તે પણ સર્વજ્ઞ માર્ગના અનુગામી નથી, **वसुमण्णतरेण अबुज्झमाणे** = તે સંયમી હોવા છતાં અજ્ઞાની–મૂર્ખ છે.

**ભાવાર્થ :–** અહંકારી સાધુ એકાંતે મોહયુક્ત બની સંસારમાં ભ્રમણ કરે છે. તે સર્વજ્ઞ પ્રણીત માર્ગના અનુગામી નથી. જે માન–સન્માન માટે પોતાના ગુણોની પ્રશંસા કરે છે તથા સંયમી હોવા છતાં પણ મૂર્ખ છે, પંડિત નહીં.

૧૦ **जे माहणे खत्तिय जाइए वा, तहुग्गपुत्ते तह लेच्छई वा ।**
**जे पव्वइए परदत्तभोई, गोत्ते ण जे थब्भइ माणबद्धे ॥**

**શબ્દાર્થ :– तहुग्गपुत्ते** = જે ઉગ્ર પુત્ર છે, **तह लेच्छई वा** = તેમજ જે લેચ્છક (લિચ્છવી) એટલે કે ક્ષત્રિય વિશેષ છે, **जे पव्वइए परदत्तभोई** = જે દીક્ષા લઈને બીજા દ્વારા આપેલો આહાર કરે છે, **જે માણબદ્ધે ગોત્તે ણ થબ્ભઈ** = જે અભિમાનપ્રાપ્ત થઈને ગોત્રનો ગર્વ કરતા નથી, તે જ સાચા સાધુ છે.

**ભાવાર્થ :–** જે બ્રાહ્મણ, ક્ષત્રિય, ઉગ્ર પુત્ર, લિચ્છવી દીક્ષિત થઈ ગૃહસ્થ દ્વારા આપેલા આહારનું સેવન કરનાર છે, જે અભિમાનયોગ્ય સ્થાનોમાં પણ[પૂર્વની જ્ઞાતિ સંબંધિત]ઉચ્ચ ગોત્રનો મદ કરતા નથી, તે જ સર્વજ્ઞ કથિત યાથાતથ્ય ચારિત્રમાં પ્રવૃત્ત સાધુ છે.

**૧૧** **ण तस्स जाई व कुलं व ताणं, णण्णत्थ विज्जा–चरणं सुचिण्णं**
**णिक्खम्म जे सेवइऽगारिकम्मं, ण से पारए होइ विमोयणाए ॥**

**શબ્દાર્થ :– णण्णत्थ** = સિવાય, **सुचिण्णं** = સારી રીતે આચરિત, **विज्जाचरणं** = જ્ઞાન અને ચારિત્ર, **णिक्खम्म** = જે પ્રવ્રજ્યા લઈને પણ ફરી **अगारिकम्मं** = ગૃહસ્થ કર્મનું, **से विमोयणाए** = તે પોતાનાં કર્મોને ક્ષય કરવામાં, **ण पारए होइ** = સમર્થ હોતા નથી.

**ભાવાર્થ :–** સારી રીતે આચરિત જ્ઞાન અને ચારિત્ર સિવાય અન્ય જાતિ, કુલ વગેરે જીવની રક્ષા કરી શકતા નથી. જે પ્રવ્રજ્યા લઈ સાવદ્ય કર્મ, આરંભનું સેવન કરે છે, તે કર્મોથી વિમુક્ત થઈ શકતા નથી.

## વિવેચન :–

આ ૧૦ ગાથાઓમાં કુશીલતા તેમજ સુશીલતાનું યથાર્થ નિરૂપણ કરવામાં આવ્યું છે.

**કુસાધુઓની કુશીલતા :–** (૧) અહર્નિશ સદનુષ્ઠાન ઉદ્યત શ્રુતધરો અથવા તીર્થંકરો પાસેથી શ્રુતચારિત્રધર્મને પામી તેઓ દ્વારા કથિત સમાધિનું સેવન કરતા નથી (૨) પોતાના ઉપકારી પ્રશાસ્તાની નિંદા કરે છે (૩) જિનમાર્ગથી વિપરીત પ્રરૂપણા કરે છે (૪) પોતાની સ્વચ્છંદ કલ્પનાથી સૂત્રોનો વિપરીત અર્થ કરે છે (૫) વીતરાગ સર્વજ્ઞના જ્ઞાનમાં કુશંકા કરીને મિથ્યાભાષણ કરે છે (૬) આચાર્ય અથવા ગુરુનું નામ છુપાવી મોક્ષરૂપ ફળથી પોતાને વંચિત રાખે છે (૭) કુસાધુ હોવા છતાં પોતાને માયાપૂર્વક સુસાધુ માને છે (૮) પ્રકૃતિથી ક્રોધી હોય છે (૯) વિચાર્યા વિના બોલે છે અથવા પરદોષભાષી છે (૧૦) ઉપશમેલા (શાંત પડેલા) કલહ(ઝગડા)ને ફરીવાર જાગૃત કરે છે (૧૧) હંમેશાં કલહકારી તેમજ પાપકર્મી હોય છે (૧૨) ન્યાય વિરુદ્ધ બોલે છે (૧૩) પોતાની જાતને મહાજ્ઞાની અથવા સુસંયમી માનીને પરીક્ષા કર્યા વિના જ વાદ કરે છે, પોતાની પ્રશંસા કરે છે (૧૪) હું બહુ મોટો તપસ્વી છું, એમ માનીને બીજાઓને તુચ્છ માને છે (૧૫) તે અહંકારી સાધુ એકાન્તરૂપે મોહરૂપી કૂટપાશમાં ફસાઈને સંસાર પરિભ્રમણ કરે છે, તે સર્વજ્ઞ પ્રભુના માર્ગ અથવા સંયમમાં સ્થિત નથી. (૧૬) જે સંયમી બનીને સન્માન–સત્કાર મેળવવા માટે જ્ઞાન, તપ, લાભ આદિનું અભિમાન કરે છે, તે મૂઢ છે, પરમાર્થથી અજાણ છે. આ રીતે પૂર્વોક્ત દોષયુક્ત કુસાધુઓ કુશીલ છે અને કુશીલ સાધુ મુક્ત થઈ શકતા નથી.

**સુસાધુઓની સુશીલતા :–** (૧) સુસાધુ ગુરુના સાનિધ્યમાં રહી, તેઓના નિર્દેશાનુસાર પ્રવૃત્તિ કરે છે અને સૂત્રોપદેશાનુસાર પ્રવૃત્તિ કરે છે (૨) તે અનાચાર સેવન કરવામાં ગુરુ આદિથી લજ્જિત થાય છે (૩) જીવાદિ તત્ત્વો પર તેની શ્રદ્ધા દઢ હોય છે (૪) તે માયારહિત વ્યવહાર કરે છે (૫) ભૂલના કારણે આચાર્યાદિ દ્વારા ઉપાલંભથી અનુશાસિત થવા પર પણ પોતાની ચિત્તવૃત્તિ શુદ્ધ રાખે છે (૬) તે મૃદુભાષી અથવા વિનયાદિ ગુણોથી યુક્ત હોય છે (૭) તે સૂક્ષ્માર્થદર્શી તેમજ પુરુષાર્થી હોય છે (૮) તે સાધ્વાચારમાં સહજભાવથી પ્રવૃત્ત રહે છે (૯) તે નિંદા–પ્રશંસામાં સમાન રહે છે (૧૦) અકષાયી થાય છે અથવા વીતરાગ પુરુષની સમાન ઝંઝટ રહિત છે (૧૧) પૂર્વાશ્રમમાં જે બ્રાહ્મણ, ક્ષત્રિય આદિ ઉચ્ચજાતિના હોય

પણ દીક્ષા લઈ તે ઉચ્ચ ગોત્રનો મદ કરતા નથી, તે જ યથાતથ્ય ચારિત્રમાં પ્રવૃત્ત સુસાધુ છે અને તે જ સુસાધુની સુશીલતા છે.

**જ્ઞાનાદિ સાધનામાં તથ્ય-અતથ્ય :-**

**१२ णिक्किंचणे भिक्खू सुलूहजीवी, जे गारवं होइ सिलोगगामी ।**
**आजीवमेयं तु अबुज्झमाणे, पुणो पुणो विप्परियासुवेइ ॥**

**શબ્દાર્થ :- जे भिक्खू णिक्किंचणे** = જે ભિક્ષુ નિષ્કિંચન છે, જે નિઃપરિગ્રહી સાધુ છે, **सुलूहजीवी** = જે લૂખો-સૂકો આહાર ખાઈને જીવે છે, **जे गारवं सिलोगगामी होइ** = તે જો અભિમાન કરે અને પોતાની પ્રશંસા ઈચ્છે, **आजीवमेयं तु** = તેના આ ગુણો તેની આજીવિકાનું સાધન બને છે, **अबुज्झमाणे** = અને તે અજ્ઞાનના કારણે પરમાર્થને ન જાણનારા તે.

**ભાવાર્થ :-** જે ભિક્ષાજીવી સાધુ અકિંચન-અપરિગ્રહી હોય, લૂખો-સૂકો, આન્તપ્રાન્ત આહાર કરતા હોય, છતાં એ જો તે પોતાની ઋદ્ધિ, રસ અને શાતા(સુખ સામગ્રી)નું અભિમાન કરે, પોતાની પ્રશંસા તેમજ સ્તુતિની આકાંક્ષા રાખે, તો તેના આ અકિંચનતા, રૂક્ષજીવિતા અને ભિક્ષાજીવિતા આદિ ગુણો માત્ર તેની આજીવિકાના સાધન છે. પરમાર્થને ન જાણનારા તે અજ્ઞાની ફરી ફરીને વિપર્યાસ-જન્મ, જરા, મૃત્યુ, રોગ, શોક આદિ ઉપદ્રવોને પ્રાપ્ત થાય છે.

**१३ जे भासवं भिक्खु सुसाहुवादी, पडिहाणवं होइ विसारए य ।**
**आगाढपण्णे सुविभाविअप्पा, अण्णं जणं पण्णया परिभवेज्जा ॥**

**શબ્દાર્થ :- भासवं सुसाहुवादी** = સારી રીતે ભાષાને જાણનાર અને મધુરભાષી છે, **पडिहाणवं** = સારી પ્રતિભાવાળા અને **विसारए** = વિશારદ એટલે કે ઘણા પ્રકારના અર્થ કહેવામાં સમર્થ છે, નિપુણ છે, **आगाढपण्णे** = સાચા તત્ત્વમાં જેની બુદ્ધિ પ્રવેશેલી છે, **सुविभाविअप्पा** = ધર્મની ભાવનાથી જેનું હૃદય વાસિત છે તે જ સાધુ છે પરંતુ જે, **अण्णं जणं पण्णया परिभवेज्जा** = ગુણોનું અભિમાન રાખીને બીજાનો તિરસ્કાર કરે છે તે સાધુ નથી.

**ભાવાર્થ :-** જે ભિક્ષુ ભાષાવિજ્ઞ છે, ભાષાના ગુણ દોષનો વિચાર કરીને બોલે છે તથા હિત, મિત, પ્રિય, ભાષણ કરે છે, ઔત્પાતિકી આદિ બુદ્ધિઓથી સંપન્ન છે અને શાસ્ત્ર પાઠોની સુંદર વ્યાખ્યા તેમજ અનેક અર્થ કરવામાં નિપુણ છે, સત્ય-તત્ત્વનિષ્ઠામાં જેની બુદ્ધિ ડૂબેલી છે, ધર્મભાવનાથી જેનું હૃદય સારી રીતે રંગાયેલું છે, તે જ સાચો સાધુ છે, પરંતુ આ ગુણોથી યુક્ત હોવા છતાં જે આ ગુણોના મદથી ગ્રસ્ત થઈને બીજાઓનો પોતાની બુદ્ધિથી તિરસ્કાર કરે છે તે સાધુ નથી.(તે ઉક્ત ગુણો પર પાણી ફેરવી દે છે)

**१४ एवं ण से होइ समाहिपत्ते, जे पण्णवं भिक्खु विउक्कसेज्जा ।**
**अहवा वि जे लाभमयावलित्ते, अण्णं जणं खिंसइ बालपण्णे ॥**

**શબ્દાર્થ :– विउक्कसेज्जा** = ગર્વ કરે છે, **अहवा वि जे लाभमयावलित्ते** = અથવા જે પોતાના લાભના મદથી મત થઈને, **अण्णं जणं खिंसइ** = બીજાઓની નિંદા કરે છે, **बालपण्णे** = તે મૂર્ખ, બાલબુદ્ધિ.

**ભાવાર્થ :–** જે સાધુ પ્રજ્ઞાવાન થઈને પોતાની જાતિ, બુદ્ધિ આદિનો ગર્વ કરે છે અથવા જે લાભના મદથી મત્ત થઈને બીજાઓની નિંદા કરે છે, તેઓને તરછોડે છે, તે બાલબુદ્ધિ–મૂર્ખ સમાધિને પ્રાપ્ત કરી શકતા નથી.

**૧૫** **पण्णामयं चेव तवोमयं च, णिण्णामए गोयमयं च भिक्खू ।**
**आजीवगं चेव चउत्थमाहु, से पंडिए उत्तमपोग्गले से ॥**

**શબ્દાર્થ :– चउत्थं आजीवगं चेव** = તથા ચોથા આજીવિકાના મદને, **णिण्णामए** = ત્યાગી દે, **से पंडिए से उत्तम पोग्गले** = જે એમ કરે છે તે પંડિત છે અને તે શ્રેષ્ઠ આત્મા છે.

**ભાવાર્થ :–** ભિક્ષુ પ્રજ્ઞામદ, તપમદ, ગોત્રમદ અને ચોથો આજીવિકામદ ન કરે તો તે પંડિત અને ઉત્તમ આત્મા છે.

**૧૬** **एयाइं मयाइं विगिंच धीरा, ण ताणि सेवंति सुधीरधम्मा ।**
**ते सव्वगोत्तावगया महेसी, उच्चं अगोत्तं च गइं वयंति ॥**

**શબ્દાર્થ :– सुधीर धम्मा ण ताणि सेवंति** = જ્ઞાન, દર્શન અને ચારિત્ર ધર્મથી યુક્ત પુરુષ આ મદ સ્થાનોનું સેવન કરતા નથી, **ते सव्वगोतावगया महेसी** = તેઓ બધા મદથી રહિત મહર્ષિ, **उच्चं अगोत्तं च गइं वयंति** = સૌથી ઉત્તમ એવી મોક્ષગતિને પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :–** ધીર પુરુષ મદસ્થાનોને સંસારનાં કારણો સમજી આત્માથી પૃથક્ કરે. જાતિ આદિ મદોનું સેવન કરે નહીં. સર્વ ગોત્રોથી(મદોથી)રહિત મહર્ષિઓ જ નામગોત્રાદિથી રહિત સર્વોચ્ચ મોક્ષગતિને પ્રાપ્ત થાય છે.

**૧૭** **भिक्खू मुयच्चे तह दिट्ठधम्मे, गामं च णगरं च अणुप्पविस्सा ।**
**से एसणं जाणमणेसणं च, अण्णस्स पाणस्स अणाणुगिद्धे ॥**

**શબ્દાર્થ :– मुयच्चे तह दिट्ठधम्मे भिक्खू** = ઉત્તમ લેશ્યાવાળા તથા ધર્મને જાણનારા સાધુ, **अण्णस्स पाणस्स अणाणुगिद्धे** = અન્ન અને પાણીમાં ગૃદ્ધ(આસક્ત) થયા વિના શુદ્ધ આહાર ગ્રહણ કરે.

**ભાવાર્થ :–** મૃતાર્ચ–શરીરના સ્નાન વિલેપનાદિ સંસ્કારોથી રહિત અથવા પ્રશસ્ત–મુદિત લેશ્યા–વાળા તથા ધર્મના જાણકાર ભિક્ષુ ગામ અને નગરમાં પ્રવેશ કરી, એષણીય અને અનેષણીય આહારને સારી રીતે જાણી, અન્નપાનમાં આસક્ત થયા વિના એષણીય ભિક્ષા ગ્રહણ કરે.

## વિવેચન :-

આ ૯ ગાથાઓમાં જ્ઞાન–દર્શન–ચારિત્ર આદિની યથાતથ્ય સાધનાથી સંપન્ન સાધુમાં કયું અને કેટલું અતથ્ય અને તથ્ય પ્રવિષ્ટ થઈ શકે છે ? અને તેનું પરિણામ શું આવે છે તેનું સુંદર ચિત્ર શાસ્ત્રકારે પ્રગટ કર્યું છે.

**ઉચ્ચ સાધુમાં અતથ્યનો પ્રવેશ :–** (૧) કોઈ સાધુ સર્વથા અકિંચન હોય, ભિક્ષાન્નથી નિર્વાહ કરતા હોય, ભિક્ષામાં પણ લૂખો–સૂકો આહાર ગ્રહણ કરી પ્રાણ ધારણ કરતા હોય, આવા ઉચ્ચ આચારવાળા હોવા છતાં જો તે પોતાની ઋદ્ધિ(લબ્ધિ અથવા ભક્તોની ભીડ), રસ અને શાતા (સુખ–સુવિધા)નો ગર્વ કરે, પોતાની પ્રશંસા અને પ્રસિદ્ધિની આકાંક્ષા કરે તો ઉપર્યુક્ત ગુણ અતથ્ય થઈ જાય છે (૨) કોઈ સાધુ બહુભાષાવિદ્ હોય, સુંદર ઉપદેશ આપતા હોય, પ્રતિભા સંપન્ન હોય, શાસ્ત્ર વિશારદ હોય, સત્યગ્રાહી પ્રજ્ઞાથી સંપન્ન હોય, ધર્મભાવનાથી તેનું અંતઃકરણ રંગાયેલું હોય પણ જો આ ગુણોના મદથી ગ્રસ્ત થઈ જાતિ, બુદ્ધિ અને લાભ આદિના મદથી લિપ્ત થઈ બીજાનો તિરસ્કાર કરે, નિંદા કરે, તેઓને તરછોડે, તો તેના આ ગુણો અતથ્ય થઈ જાય છે, તે સાધક સમાધિભ્રષ્ટ થઈ જાય છે.

**સામાન્ય સાધુ–તથ્યનો પ્રવેશ :–** (૧) જે સાધુ પ્રજ્ઞા, તપ, ગોત્ર તેમજ આજીવિકાનો મદ ન કરે, તે જ ઉચ્ચ કોટિનો મહાત્મા અને પંડિત છે, (૨) જે ધીરપુરુષ બધા મદોને સંસારનું કારણ સમજીને મદનો સર્વથા ત્યાગ કરે છે, તેઓ સર્વ પ્રકારના ગોત્રોના મદથી રહિત ઉચ્ચકોટિના મહર્ષિ છે, તેઓ ગોત્રાદિરહિત, સર્વોચ્ચ મોક્ષગતિને પ્રાપ્ત કરે છે, (૩) જે સાધુ ગામ કે નગરમાં ભિક્ષા માટે પ્રવેશ કરતા જ સર્વપ્રથમ એષણા–અનેષણાનો સારીરીતે વિચાર કરી, આહાર પાણીમાં આસક્ત થયા વિના શુદ્ધભિક્ષા ગ્રહણ કરે છે, તે પ્રશસ્તલેશ્યા સંપન્ન તેમજ ધર્મવિજ્ઞ સાધુ છે. સામાન્ય સાધુ પણ યથાતથ્યમાં પ્રવેશ થવાના કારણે ઉચ્ચકોટિના બની જાય છે.

## સુસાધુ દ્વારા યથાતથ્યનો ધર્મોપદેશ :-

**૧૮** **अरइं रइं च अभिभूय भिक्खू, बहूजणे वा तह एगचारी ।**
**एगंतमोणेण वियागरेज्जा, एगस्स जंतो गइरागई य ॥**

**શબ્દાર્થ :– अभिभूय** = ત્યાગીને, **बहूजणे वा तह एगचारी** = ઘણા લોકોની સાથે રહેતા હોય કે એકલા રહેતા હોય, **एगंतमोणेण वियागरेज्जा** = જે વાત સંયમથી વિરુદ્ધ ન હોય, એકાંત સમય યોગ્ય હોય તે જ કહે, **एगस्स जंतो गइरागई य** = કારણ કે પ્રાણી એકલો જ પરલોકમાં જાય છે અને એકલો જ આવે છે.

**ભાવાર્થ :–** સાધુ સંયમમાં અરતિ(અરુચિ) અને અસંયમમાં રતિ(રુચિ)ને ત્યાગીને ઘણા સાધુઓની સાથે રહેતો હોય અથવા એકલો રહેતો હોય, જે વાત સંયમથી અવિરુદ્ધ–સંગત હોય, તે જ કહે. પ્રાણી એકલો જ પરલોકમાં જાય છે અને એકલો જ આવે છે.

**૧૯** **सयं समेच्चा अदुवा वि सोच्चा, भासेज्ज धम्मं हिययं पयाणं ।**
**जे गरहिया सणियाणप्पओगा, ण ताणि सेवंति सुधीरधम्मा ॥**

**શબ્દાર્થ :– सयं समेच्चा** = પોતાની જાતે ધર્મને જાણીને, **अदुवा वि सोच्चा** = અથવા બીજા પાસેથી સાંભળીને, **पयाणं हिययं धम्मं भासेज्जा** = પ્રજા–લોકો માટે હિતકારક ધર્મનુ કથન કરે, **जे गरहिया** = જે કાર્ય નિંદિત છે, **सणियाणप्पओगा** = અથવા જે ફળની પ્રાપ્તિ માટે કરવામાં આવે છે.

**ભાવાર્થ :–** પોતે સર્વજ્ઞકથિત ધર્મસિદ્ધાંતને સારી રીતે જાણીને અથવા બીજા પાસેથી સાંભળીને લોકોને હિતકારક ધર્મનો ઉપદેશ આપે. ધૈર્યવાન સાધુ નિંદ્યકાર્ય અથવા ફળની આકાંક્ષા–નિદાન યુક્ત કાર્ય કરે નહીં.

**૨૦** **केसिंचि तक्काइ अबुज्झभावं खुद्दं पि गच्छेज्ज असद्दहाणे ।**
**आउस्स कालाइयारं वघाए, लद्धाणुमाणे य परेसु अट्ठे ॥**

**શબ્દાર્થ :– केसिंचि भावं** = શ્રોતાનો અભિપ્રાય, **तक्काइ** = પોતાની બુદ્ધિ વડે, **अबुज्झ** = સમજ્યા વિના સાધુ જો ઉપદેશ આપે તો, **असद्दहाणे** = તે ઉપદેશમાં, **खुद्दंपि गच्छेज्ज** = શ્રદ્ધા ન રાખતા કોઈ ક્રોધિત થઈને ક્ષુદ્રતા પૂર્વકનો વ્યવહાર કરે છે, **आउस्स कालाइयारं वघाए** = ઉપદેશ આપનારને મારે કે આયુષ્ય પૂર્ણ કરી નાખે, **लद्धाणुमाणे परेसु अट्ठे** = તેથી સાધુ અનુમાનથી બીજાના ભાવ જાણીને પછી ધર્મનો ઉપદેશ આપે.

**ભાવાર્થ :–** સાધુ શ્રોતાના અભિપ્રાયને પોતાની તર્કબુદ્ધિથી સમજ્યા વિના ઉપદેશ આપે તો શ્રોતા ક્રોધ કરી ઉપદેશકને મારે અને આયુષ્ય પૂર્ણ કરી નાખે તેવી સંભાવનાને લક્ષ્યમાં રાખી સાધુ શ્રોતાના અભિપ્રાય (ભાવ) જાણીને પછી ધર્મનો ઉપદેશ આપે.

**૨૧** **कम्मं च छंदं च विगिंच धीरे, विणएज्ज उ सव्वओ आयभावं ।**
**रूवेहिं लुप्पंति भयावहेहिं, विज्जं गहाय तसथावरेहिं ॥**

**શબ્દાર્થ :– धीरे कम्मं च छंदं च विगिंच** = ધીર પુરુષ સાંભળનારાઓના કર્મ અને અભિપ્રાયને જાણીને, **सव्वओ आयभावं विणएज्ज** = સાંભળનારાઓના મિથ્યાત્વ આદિને દૂર કરે, **भयावहेहिं रूवेहिं लुप्पंति** = અને તેઓને સમજાવે કે સ્ત્રીઓનું રૂપ ભયજનક છે, તેથી તેમાં લુબ્ધ જીવ નાશ પામે, **विज्जं गहाय तसथावरेहिं** = આ રીતે વિદ્વાન પુરુષ બીજાનો અભિપ્રાય જાણીને ત્રસ અને સ્થાવર જીવોનું કલ્યાણ થાય એવા ધર્મનો ઉપદેશ કરે.

**ભાવાર્થ :–** ધીર સાધક શ્રોતાઓના કર્મ–આજીવિકા, વ્યવસાય અથવા આચરણ તેમજ અભિપ્રાયને સમ્યક્ પ્રકારે જાણીને ધર્મોપદેશ આપે. ઉપદેશ દ્વારા શ્રોતાના આયભાવને–મિથ્યાત્વાદિ દુષ્કર્મોની આય–

વૃદ્ધિને અથવા અનાદિકાળના અભ્યસ્ત મિથ્યાત્વાદિ આત્મભાવને સર્વથા દૂર કરે. તેઓને તે સમજાવે કે બહારથી સુંદર દેખાતા સ્ત્રીઓનાં રૂપમાં આસક્ત જીવ વિનષ્ટ થઈ જાય છે. આ રીતે વિદ્વાન્ સાધક શ્રોતાઓના અભિપ્રાય જાણી ત્રસ સ્થાવરોને માટે હિતકારી ધર્મનો ઉપદેશ કરે.

**૨૨** **ण पूयणं चेव सिलोगकामी, पियमप्पियं कस्सवि णो करेज्जा ।**
**सव्वे अणट्ठे परिवज्जयंते, अणाउले या अकसाइ भिक्खू ॥**

**શબ્દાર્થ :– सव्वे अणट्ठे परिवज्जयंते** = તેમજ સર્વ અનર્થોને વર્જિત કરતો, **अणाउले अकसाइ भिक्खू** = સાધુ આકુળ વ્યાકુળ થયા વિના, કષાય રહિત બની ધર્મોપદેશ કરે.

**ભાવાર્થ :–** સાધુ ધર્મોપદેશ દ્વારા પોતાની પૂજા–આદર–સત્કાર અને પ્રશંસા, કીર્તિ, પ્રસિદ્ધિ અથવા પ્રશંસાને ન ઈચ્છે તથા કોઈ ઉપદેશ સાંભળે કે ન સાંભળે, સાંભળીને આચરણ કરે કે ન કરે, તેના પર પ્રસન્ન કે અપ્રસન્ન થઈ તેનું પ્રિય, અપ્રિય ન કરે. રાગ–દ્વેષ ન કરે. સર્વ અનર્થો, અહિતકારી વાતોને છોડી આકુળતા રહિત તેમજ કષાય રહિત બની ધર્મોપદેશ આપે.

**વિવેચન :–**

આ પાંચ ગાથાઓમાં સુસાધુઓ દ્વારા મુનિધર્મની મર્યાદામાં અબાધક યથાતથ્ય ધર્મોપદેશ સંબંધી કેટલાંક પ્રેરણાસૂત્રો દર્શાવ્યાં છે. તે ક્રમથી આ પ્રમાણે છે.

૧ સાધુ એકલો હોય કે સમૂહમાં, સંયમમાં અરતિ અને અસંયમમાં રતિ પર વિજય પામી મુનિધર્મ અથવા સંયમથી અવિરુદ્ધ વાત જ કરે.

૨ તે ધર્મનું મહત્વ સમજાવી અથવા ધર્મનો મર્મ સમજાવતાં પ્રેરણા કરે કે જીવ એકલો જ કર્મ કરે છે, એકલો જ તેનું ફળ ભોગવે છે, એકલો જ જન્મ લે છે અને એકલો જ મરીને પરલોકમાં જાય છે. ધર્મ સિવાય કોઈ તેનું સહાયક થતું નથી. આ રીતે એકત્વ ભાવનાથી ચિત્તને ભાવિત કરે.

૩ ચાતુર્ગતિક સંસાર પરિભ્રમણના મિથ્યાત્વાદિ કારણો, કર્મબંધ તેમજ સમસ્ત કર્મક્ષયરૂપ મોક્ષને અને તેનાં સમ્યગ્દર્શનાદિ કારણો આદિને સમ્યક્ પ્રકારે જાણીને તથા આચાર્યાદિ પાસેથી સાંભળીને સાધુ લોકહિતકારક ધર્મનો ઉપદેશ કરે.

૪ વીતરાગધર્મના અનુગામી, ધૈર્યવાન સાધકો નિંદ્ય તેમજ નિયાણા યુક્ત કાર્ય સ્વયં કરે નહીં, બીજાઓને તેવા કાર્યોની પ્રેરણા પણ ન આપે.

૫ સાધુ ઉપદેશ દેતાં પહેલાં શ્રોતા અથવા પરિષદના અભિપ્રાયોને પોતાની તર્કબુદ્ધિ તેમજ અનુમાનથી સારી રીતે જાણી લે, ત્યાર પછી જ ઉપદેશ આપે; પરિષદના અભિપ્રાયને જાણ્યા વિના ઉપદેશ આપે તો કદાચ શ્રોતા અશ્રદ્ધાપૂર્વક ક્ષુદ્રતાથી ગમે તે રીતે પરેશાન કરી શકે છે. જેમ પાલકે

સ્કંદકમુનિ પર મારણાન્તિક ઉપસર્ગ આપ્યો તેમ પણ કરી શકે છે.

૬ ધીર સાધક શ્રોતાઓનાં કર્મ (આચરણ અથવા વ્યવસાય) તેમજ અભિપ્રાયનો યોગ્ય વિચાર કરી ત્રસ–સ્થાવર જીવો માટે હિતકારી ધર્મનો ઉપદેશ આપે.

૭ તે એવો ઉપદેશ આપે કે જેથી શ્રોતાઓના મિથ્યાત્વ આદિથી બંધાતા કર્મો દૂર થાય. જે રીતે બહારથી સુંદર દેખાતાં સ્ત્રીના રૂપમાં આસક્ત જીવો નાશ પામે છે, ઈત્યાદિ વાતો શ્રોતાઓના મગજમાં યુક્તિપૂર્વક ઠસાવે જેથી તેઓની વિષયો પ્રત્યેની આસક્તિ દૂર થઈ જાય.

૮ સાધુ પૂજા, સત્કાર, પ્રશંસા, કીર્તિ અથવા પ્રસિદ્ધિ આદિ પ્રાપ્ત કરવાની દષ્ટિએ ધર્મોપદેશ ન આપે.

૯ શ્રોતા ઉપદેશ સાંભળે કે ન સાંભળે અથવા ઉપદેશ અનુસાર આચરણ કરે કે ન કરે પરંતુ મુનિ તેના પર પ્રસન્ન કે અપ્રસન્ન થઈ, રાગ અથવા દ્વેષથી પ્રેરિત થઈ, કોઈનું ઈષ્ટ અથવા અનિષ્ટ ન કરે અથવા શ્રોતાને પ્રિય લાગનારી સ્ત્રીવિકથા, રાજવિકથા, ભોજનવિકથા, દેશવિકથા અથવા સાવદ્યપ્રવૃત્તિ પ્રેરકકથા ન કરે, તેમજ કોઈ સમૂહને અપ્રિય લાગે તેવી તેઓના દેવ, ગુરુની કડવા શબ્દોમાં આલોચના, નિંદા, મિથ્યા, આક્ષેપ આદિથી યુક્ત કથા ન જ કરે.

૧૦ પૂર્વોક્ત બધા જ અનર્થોનો પરિત્યાગ કરી સાધુ શાંત, અનાકુળ, તેમજ કષાય રહિત થઈને ધર્મોપદેશ આપે.

## સાધુ ધર્મનું યથાતથ્ય પાલન :–

**૨૩** **आहत्तहियं समुपेहमाणे, सव्वेहिं पाणेहिं णिहाय दंडं ।**
**णो जीवियं णो मरणाभिकंखी, परिव्वएज्जा वलयाविमुक्के**
**॥ त्ति बेमि ॥**

**શબ્દાર્થ :– आहत्तहीयं समुपेहमाणे** = સાધુ સત્ય ધર્મને જાણતો.

**ભાવાર્થ :–** સાધુ યથાતથ્ય ધર્મને સારી રીતે જાણતો સમસ્ત પ્રાણીઓને દંડ આપવાનું(પ્રાણ–નાશ કરવો) છોડી પોતાનાં જીવન તેમજ મરણની આકાંક્ષા ન કરે તથા માયાથી કે સંસારથી વિમુક્ત થઈને સંયમાચરણમાં ઉદ્યત રહે.

## વિવેચન :–

આ ગાથામાં અધ્યયનનો ઉપસંહાર કરતા શાસ્ત્રકાર યથાતથ્ય રૂપે સમ્યગ્દર્શનાદિ ધર્મનું પાલન કરવાનો, તેનું ચિંતન–મનન કરવાનો અને જીવન–મરણની આકાંક્ષા કર્યા વિના છલકપટના ભાવ વિના

તેનું અનુસરણ કરવાનો નિર્દેશ કરે છે. વૃત્તિકાર આ સંબંધમાં સ્પષ્ટીકરણ કરતાં કહે છે કે ધર્મમાર્ગ, સમવસરણ આદિ પૂર્વના અધ્યયનોમાં કહેલ સમ્યક્ત્વ, ચારિત્ર તેમજ જ્ઞાનના તત્ત્વો પર સૂત્રાનુસાર યથાતથ્ય ચિંતન, મનન, તેમજ આચરણ કરે. પ્રાણ જવાનો અવસર આવી જાય તોપણ યથાતથ્ય ધર્મનું અતિક્રમણ ન કરે.

અસંયમપૂર્વક અથવા પ્રાણીવધ કરીને લાંબા કાળ સુધી જીવવાની આકાંક્ષા ન કરે તેમજ પરીષહ ઉપસર્ગ આદિથી પીડાવા છતાં એ શીઘ્ર મૃત્યુની આકાંક્ષા ન કરે. આ જ યથાતથ્ય મોક્ષમાર્ગ છે.

**॥ અધ્યયન ૧૩ સંપૂર્ણ ॥**

# ચૌદમું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ "ગ્રંથ" છે. ગ્રંથ શબ્દ ગાંઠ, પુસ્તક તેમજ બાહ્ય–આભ્યંતર પરિગ્રહના અર્થમાં પ્રયુક્ત થાય છે.

નિર્યુક્તિકારના મત અનુસાર "ગ્રંથ" શબ્દનો અર્થ બાહ્ય–આભ્યંતર પરિગ્રહ છે. બાહ્યગ્રંથના મુખ્ય ૧૦ પ્રકારો છે. (૧) ક્ષેત્ર (૨) વસ્તુ (૩) ધન–ધાન્ય (૪) જ્ઞાતિજન, મિત્રઆદિ દ્વિપદ તથા ગાય, ભેંસ આદિ ચતુષ્પદ જીવ (૫) વાહન (૬) શયન (૭) આસન (૮) દાસી–દાસ (૯) સોનુ–ચાંદી (૧૦) વિવિધ સાધન સામગ્રી. આ બાહ્ય પદાર્થોમાં આસક્તિ રાખવી એ જ વાસ્તવમાં ગ્રંથ છે. આભ્યંતર ગ્રંથના મુખ્ય ૧૪ પ્રકારો છે. (૧) ક્રોધ (૨) માન (૩) માયા (૪) લોભ (૫) રાગ (મોહ) (૬) દ્વેષ (૭) મિથ્યાત્વ (૮) કામ (૯) રતિ(અસંયમમાં રુચિ) (૧૦) અરતિ(સંયમમાં અરુચિ) (૧૧) હાસ્ય (૧૨) શોક (૧૩) ભય અને (૧૪) જુગુપ્સા.

ઉત્તરાધ્યયન સૂત્રના ક્ષુલ્લક નિર્ગ્રંથીય અધ્યયન અનુસાર જે આ બન્ને પ્રકારના ગ્રંથનો ત્યાગ કરે, જેને આ બન્ને પ્રકારના ગ્રંથો પ્રત્યે આસક્તિ અથવા રુચિ ન હોય તથા નિર્ગ્રંથ માર્ગની પ્રરૂપણા કરનારા આચારાંગ આદિ ગ્રંથોનું જે અધ્યયન, પ્રશિક્ષણ કરે છે, તેઓ નિર્ગ્રંથ શિષ્યો કહેવાય છે.

નિર્ગ્રંથ શિષ્યે ગુરુની પાસે રહીને જ્ઞ પરિજ્ઞાથી બાહ્ય–આભ્યંતર ગ્રંથને જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી ત્યાગવા જોઈએ. આ રીતે આ અધ્યયનમાં ગ્રંથવિષયક પ્રેરણા મુખ્ય હોવાથી આ અધ્યયનનું નામ "ગ્રંથ" રાખવામાં આવ્યું છે અથવા આ અધ્યયનના પ્રારંભમાં ગંથં(ગ્રંથ) શબ્દનો પ્રયોગ હોવાથી તેનું નામ "ગ્રંથ" છે.

શિષ્યો બે પ્રકારના હોય છે. દીક્ષાશિષ્ય અને શિક્ષાશિષ્ય. જેને દીક્ષા દઈને શિષ્ય બનાવવામાં આવે છે, તે દીક્ષા શિષ્ય કહેવાય છે તથા જે આચાર્ય આદિ પાસેથી આચરણ અથવા ઈચ્છા, મિચ્છા, તહક્કાર આદિની શિક્ષા લે છે, તે શિક્ષાશિષ્ય કહેવાય છે. શિષ્યની જેમ આચાર્ય અથવા ગુરુ પણ બે પ્રકારના હોય છે. દીક્ષાગુરુ અને શિક્ષાગુરુ. તેથી આ અધ્યયનમાં મુખ્યતયા બતાવવામાં આવ્યું છે કે ગ્રંથ ત્યાગી શિક્ષા શિષ્ય(શૈક્ષિક) અને શિક્ષાગુરુ કેવા હોવા જોઈએ ? તેઓએ કેવી પ્રવૃત્તિ કરવી જોઈએ ? તેઓની જવાબદારી અને કર્તવ્ય શું શું છે ? આ બધાં તથ્યોનું નિરૂપણ ઉદ્દેશા વિનાના આ અધ્યયનમાં ૨૭ ગાથાઓ દ્વારા કરવામાં આવ્યું છે.

❖❖❖❖❖

# ચૌદમું અધ્યયન

## ગ્રંથ

**ગુરુકુળવાસનું મહત્ત્વ અને લાભ :–**

**१** **गंथं विहाय इह सिक्खमाणो, उट्ठाय सुबंभचेरं वसेज्जा ।**
**ओवायकारी विणयं सुसिक्खे, जे छेय विप्पमायं ण कुज्जा ॥**

**શબ્દાર્થ :– इह** = આ જિનશાસનમાં, **गंथं विहाय** = પરિગ્રહ છોડીને, **सिक्खमाणो** = શિક્ષાને ગ્રહણ કરતો પુરુષ, **उट्ठाय** = પ્રવ્રજ્યા લઈને, **सुबंभचेरं वसेज्जा** = બ્રહ્મચર્યને સારી રીતે પાળે. **ओवायकारी विणयं सुसिक्खे** = આચાર્યની આજ્ઞાનું પાલન કરતાં વિનય શીખે, **जे छेय विप्पमायं ण कुज्जा** = જે પુરુષ સંયમના અનુષ્ઠાનમાં નિપુણ છે તે ક્યારે ય સંયમમાં પ્રમાદ ન કરે.

**ભાવાર્થ :–** બાહ્ય–આભ્યંતર ગ્રંથ–પરિગ્રહનો ત્યાગ કરી આ જિનશાસનમાં પ્રવ્રજિત થઈ મોક્ષમાર્ગ પ્રતિપાદક શાસ્ત્રોને ગ્રહણ(અધ્યયન)અને આસેવન(આચરણ) શિક્ષા રૂપે ગુરુ પાસેથી શીખતો સાધક સમ્યક્રૂપે બ્રહ્મચર્યમાં સ્થિત રહે અથવા ગુરુકુળમાં વાસ કરે. આચાર્ય અથવા ગુરુના સાનિધ્યમાં અથવા તેઓની આજ્ઞામાં રહેતો શિષ્ય વિનયનું પ્રશિક્ષણ ગ્રહણ કરે. સંયમ અથવા ગુરુ આજ્ઞાના પાલનમાં નિષ્ણાત સાધક(કદાપિ) પ્રમાદ ન કરે.

**२** **जहा दियापोतमपत्तजायं, सावासगा पविउं मण्णमाणं ।**
**तमचाइयं तरुणमपत्तजायं, ढंकाइ अव्वत्तगमं हरेज्जा ॥**

**શબ્દાર્થ :– जहा दियापोतमपत्तजायं** = જેવી રીતે કોઈ પક્ષીનું બચ્ચું પૂરી પાંખો આવ્યા વિના, **सावासगा पविउं मण्णमाणं** = પોતાના સ્થાનથી ઊડીને અન્યત્ર જવાની ઈચ્છા કરવા છતાં, **अपत्त जायं** = પાંખ વિના, **तरुणमचाइयं** = તે નવજાત અને ઊડવામાં અસમર્થને, **ढंकाइ अव्वत्तगमं हरेज्जा** = માંસાહારી ઢંક આદિ પક્ષીઓ તેને અવ્યક્ત પાંખવાળુ જોઈ જાણી પકડી લે છે.

**ભાવાર્થ :–** જેવી રીતે પક્ષીનું બચ્ચું પૂરી પાંખો આવી ન હોય ત્યાં માળામાંથી ઊડી અન્યત્ર જવાનું ઈચ્છે છે પરંતુ તે તરુણ(બાળ)પક્ષી ઊડવામાં અસમર્થ હોવાથી ઊડી શકતું નથી. થોડી થોડી પાંખો ફફડાવતાં જોઈને ઢંક આદિ માંસ–લોલુપ પક્ષી તેનું હરણ કરી લે છે અને મારી નાખે છે.

**૩** **एवं तु सेहं पि अपुट्ठधम्मं, णिस्सारियं वुसिमं मण्णमाणा ।**
**दियस्स छावं व अपत्तजायं, हरिंसु णं पावधम्मा अणेगे ॥**

**શબ્દાર્થ :– अपुट्ठधम्मं** = જે ધર્મમાં હજુ નિપુણ નથી, **सेहं पि** = એવા શિષ્યને, **णिस्सारियं** = જ્ઞાનાદિથી રહિત છતાં, ગચ્છમાંથી નીકળેલા જાણીને, **वुसिमं मण्णमाणा** = પોતાને સંયમી માનનારા તેને પોતાના વશવર્તી સમજતા, **अणेगे पावधम्मा** = ઘણા પાખંડીઓ, **अपत्तजायं दियस्स छायं व** = જેને પાંખો આવી નથી તેવાં પક્ષીના બચ્ચાંની જેમ, **हरिंसु** = હરી લે છે, પકડી લે છે.

**ભાવાર્થ :–** શ્રુત–ચારિત્ર ધર્મમાં અપુષ્ટ–પરિપક્વ નથી, જ્ઞાનાદિથી અસંપન્ન, છતાં પોતાને સંયમવાન માનનારા શૈક્ષ–નવદીક્ષિત શિષ્યને પોતાના ગચ્છમાંથી નીકળેલા કે કાઢેલા તથા વશમાં આવવા યોગ્ય જાણી અનેક પાખંડી પરતીર્થિક, પાંખ આવ્યા વિનાના પક્ષીના બચ્ચાની જેમ તેનું હરણ કરી લે છે, તેને ધર્મ ભ્રષ્ટ કરે છે.

**૪** **ओसाणमिच्छे मणुए समाहिं, अणोसिए णंतकरेति णच्चा ।**
**ओभासमाणे दवियस्स वित्तं, ण णिक्कसे बहिया आसुपण्णे ॥**

**શબ્દાર્થ :– मणुए** = મનુષ્ય, **अणोसिए** = ગુરુકુળમાં નિવાસ ન કરનારો, **णंतकरे ति णच्चा** = કર્મોનો નાશ કરી શકતો નથી એમ જાણીને, **ओसाणं** = ગુરુકુળમાં નિવાસ અને, **समाहिं इच्छे** = સમાધિની ઈચ્છા કરે, **दवियस्स** = મોક્ષાર્થી પુરુષના, **वित्तं** = આચરણને, **ओभासमाणे** = સ્વીકાર કરનાર, **आसुपण्णे बहिया ण णिक्कसे** = બુદ્ધિમાન પુરુષ(સાધુ) ગચ્છમાંથી ક્યારે ય બહાર ન નીકળે.

**ભાવાર્થ :–** ગુરુકુળમાં નિવાસ ન કરનારા તેવા સાધકપુરુષ પોતાનાં કર્મોનો અંત કરી શકતો નથી. એમ જાણી શિષ્ય ગુરુના સાનિધ્યમાં રહે અને સમાધિની ઈચ્છા કરે. મોક્ષાર્થી–ચારિત્ર સંપન્ન પુરુષના આચરણને પોતાના સદનુષ્ઠાનથી પ્રકાશિત કરે. તેથી આશુપ્રજ્ઞ(તીવ્ર પ્રજ્ઞાવાળો) સાધક ગચ્છમાંથી અથવા ગુરુકુળવાસમાંથી બહાર ન નીકળે.

**૫** **जे ठाणओ य सयणासणे य, परक्कमे यावि सुसाहुजुत्ते ।**
**समिईसु गुत्तीसु य आयपण्णे, वियागरंते य पुढो वएज्जा ॥**

**શબ્દાર્થ :– जे ठाणओ सयणासणे य परक्कमे यावि सुसाहुजुत्ते** = ગુરુકુળમાં નિવાસ કરનાર જે સાધુ પુરુષ સ્થાન, આસન, શયન અને પરાક્રમ દ્વારા ઉત્તમ સાધુની જેમ આચરણ કરે છે તથા, **समिईसु गुत्तीसु य आयपण्णे** = તે સમિતિ અને ગુપ્તિના વિષયમાં ખૂબ જ્ઞાનવાન્ થઈ જાય છે, **वियागरंते य पुढो वएज्जा** = તથા તે સમિતિ અને ગુપ્તિનું યથાર્થ સ્વરૂપ બીજાઓને પણ બતાવે છે.

**ભાવાર્થ :–** ગુરુકુળમાં રહેતા સાધકો સ્થાન–કાયોત્સર્ગ, શયન–શય્યા–સંતારક, ઉપાશ્રયમાં

આસન પર બેસવાદિ ક્રિયા અને ગમન–આગમન(તપશ્ચર્યા તેમજ સંયમમાં પરાક્રમ) વગેરે વિષયમાં સુસાધુની સમાન આચરણ કરે છે તથા સમિતિઓ અને ગુપ્તિઓના વિષયમાં અભ્યસ્ત થવાથી અત્યંત પ્રજ્ઞાવાન થઈ જાય છે, તે સમિતિ ગુપ્તિ આદિનું યથાર્થ સ્વરૂપ બીજાઓને પણ બતાવે છે.

## વિવેચન :–

આ પાંચ ગાથાઓમાં સાધુ માટે ગુરુકુળવાસનું મહત્ત્વ તથા તેના લાભ બતાવવામાં આવ્યા છે. (૧) નવદીક્ષિત સાધુને ગ્રહણશિક્ષા અને આસેવન શિક્ષાથી નિપુણ થવા માટે ગુરુકુળમાં રહેવું જરૂરી છે (૨) ગુરુ અથવા આચાર્યના સાનિધ્યમાં રહીને આજ્ઞાપાલન, વિનય, સેવા શુશ્રૂષા આદિનું સમ્યક્ પ્રશિક્ષણ પ્રાપ્ત કરે (૩) આચાર્યના આદેશ–નિર્દેશ અથવા સંયમના પાલનમાં પ્રમાદ ન કરે (૪) પાંખ આવ્યા વિના જ ઊડવા માટે મહેનત કરતાં પક્ષીના બચ્ચાને માંસ–લોલુપ ઢંક આદિ પક્ષીઓ પકડી લે છે, તેવી જ રીતે ગુરુના સાનિધ્યમાં શિક્ષા પ્રાપ્ત કર્યા વિના જ ગચ્છ(સંપ્રદાય)માંથી બહાર નીકળેલા અપરિપક્વ સાધકને એકલા વિચરતા જોઈ અન્યતીર્થિકો માર્ગથી ભ્રષ્ટ કરે છે (૫) ગુરુકુળવાસથી પુષ્ટ ન થનારો સ્વચ્છંદાચારી સાધક કર્મોનો અંત કરી શકતો નથી (૬) સાધક અનેક ગુણવર્દ્ધક, ગુરુકુળમાં રહી સમાધિ પ્રાપ્ત કરે છે (૭) પવિત્ર પુરુષના આચરણને પોતાના સદનુષ્ઠાનથી પ્રકાશિત કરે (૮) ગુરુકુળવાસથી સાધક કાયોત્સર્ગ, શયન, આસન, ગમનાગમન, તપશ્ચરણ, જપ, સંયમ–નિયમ, ત્યાગ આદિ સાધ્વાચારમાં સુસાધુ (પરિપક્વ સાધુ)ને યોગ્ય બની જાય છે. તે સમિતિ ગુપ્તિ આદિના દીર્ઘદર્શી, અનુભવી અને યથાર્થ ઉપદેષ્ટા બની જાય છે.

**બે પ્રકારની શિક્ષા :–** ગુરુ અથવા આચાર્યના સાનિધ્યમાં રહીને બે પ્રકારની શિક્ષા પ્રાપ્ત કરી શકાય છે. (૧) ગ્રહણ શિક્ષા અને (૨) આસેવન શિક્ષા.

**ગ્રહણ શિક્ષા :–** શાસ્ત્રો અને સિદ્ધાંતોના અધ્યયનો અને રહસ્યનું જ્ઞાન અપાય તેને ગ્રહણ શિક્ષા કહે છે.

**આસેવન શિક્ષા :–** મહાવ્રત, સમિતિ, ગુપ્તિ, ધ્યાન, કાયોત્સર્ગ, જપ, તપ, ત્યાગ, નિયમ આદિ ચારિત્રનો અભ્યાસ કરાવવામાં આવે તેને આસેવન શિક્ષા કહે છે. વાસ્તવમાં આ બન્ને પ્રકારની શિક્ષાઓથી સાધુનો સર્વાંગી વિકાસ થાય.

**सुबंभचेरं वसेज्जा :–** આચારાંગ સૂત્ર અનુસાર બ્રહ્મચર્યમાં નિવાસ કરવાના ચાર અર્થ સ્પષ્ટ થાય છે. (૧) બ્રહ્મ(આત્મા અથવા પરમાત્મા)માં વિચરણ કરવું (૨) મૈથુનવિરતિ–સર્વ ઈન્દ્રિયોનો સંયમ (૩) સદાચાર (૪) ગુરુકુળમાં વાસ.

## હિતશિક્ષા ગ્રહણ કરવાની વિધિ :–

**६** **सद्दाणि सोच्चा अदु भेरवाणि, अणासवे तेसु परिव्वएज्जा ।**
**णिद्दं च भिक्खू ण पमाय कुज्जा, कहंकहं वा वितिगिच्छतिण्णे ॥**

**શબ્દાર્થ :– अदु भेरवाणि** = મધુર અથવા ભયંકર, **तेसु अणासवे परिवएज्जा** = તેઓમાં રાગ દ્વેષ રહિત થઈને સાધુ વિચરે, **भिक्खू णिद्दं पमाय ण कुज्जा** = ઉત્તમ સાધુ નિદ્રા અને પ્રમાદ ન કરે, **कहं कहं वा वितिगिच्छ तिण्णे** = કોઈ વિષયમાં ભ્રમ, શંકા થાય તો ગુરુ પાસેથી સમાધાન મેળવી તેમની કૃપાથી નિશંક બની જાય.

**ભાવાર્થ :–** ઈર્યાસમિતિ આદિથી યુક્ત સાધુ મધુર અથવા ભયંકર શબ્દોને સાંભળીને તેમાં મધ્યસ્થ રહી, રાગદ્વેષ રહિત થઈ સંયમમાં પ્રગતિ કરે તથા નિદ્રા, વિકથા, કષાયાદિ પ્રમાદ ન કરે. ગુરુકુળ નિવાસી અપ્રમત્ત સાધુને કોઈ વિષયમાં વિચિકિત્સા–શંકા થાય તો તે ગુરુ પાસેથી સમાધાન મેળવી નિશંક થઈ જાય છે.

**૭** **डहरेण वुड्ढेणऽणुसासिए उ, राइणिएणावि समव्वएणं ।**
**सम्मं तयं थिरओ णाभिगच्छे, णिज्जंतए वा वि अपारए से ॥**

**શબ્દાર્થ :– डहरेण वुड्ढेणऽणुसासिए** = કોઈ પ્રકારનો પ્રમાદ થઈ જવાથી નાના અથવા મોટા સાધુ દ્વારા શિક્ષા પામેલા સાધુ, **राइणिएणावि समव्वएणं** = તથા પ્રવ્રજ્યામાં જ્યેષ્ઠ અથવા સમાન ઉંમરવાળા સાધુ દ્વારા, **सम्मं तयं थिरओ णाभिगच्छे** = તેને સારી રીતે સ્થિરતાપૂર્વક સ્વીકાર કરતો નથી, **णिज्जंतए वावि अपारए से** = સંસારના પ્રવાહમાં તણાઈ જાય છે. તે સંસાર પાર કરવામાં સમર્થ થતો નથી તે પોતાના કર્મ ક્ષય કરવામાં સમર્થ થતો નથી.

**ભાવાર્થ :–** ગુરુ સાનિધ્યમાં નિવાસ કરતાં સાધુથી કોઈ વિષયમાં ભૂલ થઈ જાય તો ઉંમર અને દીક્ષામાં નાના કે મોટા સાધુ દ્વારા અનુશાસિત કરવામાં આવે ત્યારે અથવા ભૂલસુધારવા માટે પ્રેરણા આપવામાં આવે ત્યારે જે સાધક તેનો સમ્યક્રૂપે, સ્થિરતા પૂર્વક સ્વીકાર કરતા નથી, તે કર્મોનો અંત કરવા સમર્થ નથી તેમજ સંસાર સમુદ્રને પાર પણ કરી શકતા નથી.

**૮** **विउट्ठिएणं समयाणुसिट्ठे डहरेण वुड्ढेण उ चोइए य ।**
**अच्चुट्ठियाए घडदासिए वा, अगारिणं वा समयाणुसिट्ठे ॥**

**૯** **ण तेसु कुज्झे ण य पव्वहेज्जा, ण यावि किंचि फरुसं वएज्जा ।**
**तहा करिस्संति पडिस्सुणेज्जा, सेयं खु मेयं ण पमाय कुज्जा ॥**

**શબ્દાર્થ :– विउट्ठिएणं समयाणुसिट्ठे** = શાસ્ત્ર વિરુદ્ધ કાર્ય કરનારને સિદ્ધાંત અનુસાર આચારનું શિક્ષણ આપવામાં આવે, **डहरेण वुड्ढेण उ चोइए य** = ઉંમરમાં નાના કે મોટા દ્વારા શુભ કાર્ય તરફ પ્રેરિત કરાયેલો, **अच्चुट्ठियाए घडदासिए वा** = પાણી ભરવાનું સામાન્ય કાર્ય કરનારા દાસ, દાસી વગેરેથી પણ ધર્મ કાર્યનો ઉપદેશ કરાયેલો, **अगारिणं वा समयाणुसिट्ठे** = અથવા કોઈ ગૃહસ્થ દ્વારા શાસ્ત્રાનુસાર શિક્ષા કરવામાં આવે, **ण य पव्वहेज्जा** = તથા તેઓને પીડિત ન કરે, **तहा करिस्संति**

**पडिसुणेज्जा** = પરંતુ હું હવેથી એમ જ કરીશ તેવી રીતે સ્વીકાર કરે, પ્રતિજ્ઞા કરે, **सेयं खु मेयं** = અને તેમાં જ મારું કલ્યાણ છે તેમ તે માને, **ण पमाय कुज्जा** = પ્રમાદ ન કરે.

**ભાવાર્થ :–** સાધ્વાચારના પાલનમાં ક્યાંય ભૂલ થાય ત્યારે પરતીર્થિક અથવા ગૃહસ્થ દ્વારા આર્હત્ આગમકથિત આચારની શિક્ષા આપવામાં આવે અથવા નાના અથવા વૃદ્ધ દ્વારા પ્રેરિત કરવામાં આવે, સામાન્ય કાર્ય કરનારી પાણી લાવનારી નોકરાણી અકાર્ય માટે અટકાવે અથવા કોઈ ગૃહસ્થ વડે શિક્ષા કરવામાં આવે, તો તે શિક્ષા દાતા પર સાધુ ક્રોધ ન કરે, તેઓને દંડ આદિથી પીડિત ન કરે અને પીડાકારી કઠોર શબ્દો ન કહે, પરંતુ "હું ભવિષ્યમાં એમ જ કરીશ" આ રીતે પ્રતિજ્ઞા કરે અથવા પોતાના અનુચિત આચરણ માટે **मिच्छामि दुक्कडं** ના ઉચ્ચારણપૂર્વક આત્મનિંદા દ્વારા તેનાથી નિવૃત્ત થાય. પ્રસન્નતાપૂર્વક પોતાની ભૂલ સ્વીકારીને તેનાથી નિવૃત્ત થવામાં જ મારું કલ્યાણ છે એમ સમજી સાધુ પ્રમાદ ન કરે.

**१०** **वणंसि मूढस्स जहा अमूढा, मग्गाणुसासंति हियं पयाणं ।**
**तेणेव मज्झं इणमेव सेयं, जं मे बुहा समणुसासयंति ॥**

**શબ્દાર્થ :– जहा अमूढा** = જેવી રીતે માર્ગ જાણનારા પુરુષો, **वणंसि मूढस्स** = જંગલમાં માર્ગ ભૂલેલા, **पयाणं हियं मग्गाणुसासंति** = પ્રાણીઓને હિતકારક માર્ગની શિક્ષા આપે છે, **तेणेव मज्झं इणमेव सेयं** = આ રીતે મારા માટે પણ આ જ કલ્યાણકારક ઉપદેશ છે, **जं मे बुहा समणुसासयंति** = જે મને વૃદ્ધ પુરુષ શિક્ષા(બોધ) આપે છે.

**ભાવાર્થ :–** જેવી રીતે યથાર્થ અને અયથાર્થ માર્ગને સારી રીતે જાણનારી વ્યક્તિ વનમાં માર્ગ ભૂલેલી દિશામૂઢ વ્યક્તિને હિતકારી માર્ગ બતાવે છે. તેમ જે તત્ત્વજ્ઞ પુરુષ છે તેઓ મને બહુ સારી શિક્ષા આપે છે. તે જ મારે માટે કલ્યાણકારક ઉપદેશ છે,

**११** **अह तेण मूढेण अमूढगस्स, कायव्व पूया सविसेसजुत्ता ।**
**एओवमं तत्थ उदाहु वीरे, अणुगम्म अत्थं उवणेइ सम्मं ॥**

**શબ્દાર્થ :– अह तेण मूढेण** = ત્યાર પછી તે મૂઢ પુરુષે, **अमूढगस्स सविसेस जुत्ता पूया कायव्व** = અમૂઢ પુરુષની વિશેષ રૂપે પૂજા કરવી જોઈએ, **तत्थ वीरे एओवमं उदाहु** = આ વિષયમાં વીરપ્રભુએ આ જ ઉપમા બતાવી છે, **अत्थं अणुगम्म सम्मं उवणेइ** = પરમાર્થને સમજીને પ્રેરણાના ઉપકારને પ્રેરકના ઉપદેશને સાધુ પોતાનામાં સમ્યક્ રૂપે પરિણત કરે.

**ભાવાર્થ :–** જંગલમાં માર્ગ ભૂલી ગયેલી વ્યક્તિએ સાચો માર્ગ બતાવનાર પુરુષનો ઉપકાર માનીને તેનાં વિશેષ રૂપે પૂજા–ભક્તિ, સત્કાર–સન્માન કરવા જોઈએ, તેવી ઉપમા આપીને વીર પ્રભુએ સમજાવ્યું છે કે આ ઉપમાનો પરમાર્થ સમજી, શિષ્યોએ મોક્ષ માર્ગનું જ્ઞાન આપનાર ગુરુ આચાર્યની સમ્યક્ રીતે સેવા ભક્તિ કરવી જોઈએ.

## વિવેચન :–

**ભાવાર્થ :–** આ ગાથાઓ દ્વારા શાસ્ત્રકાર ગુરુકુળવાસી સાધુ દ્વારા ગ્રહણ કરાતી શિક્ષાની વિધિ બતાવી છે. શિક્ષા ગ્રહણવિધિનાં નિમ્નલિખિત પ્રેરણાસૂત્રો આ ગાથાઓમાંથી ફલિત થાય છે.

(૧) ગુરુકુળવાસી સાધુ વિષય, નિદ્રા, વિકથા, કષાય આદિ પ્રમાદોથી દૂર રહે (૨) કોઈ વિષયમાં શંકા અથવા ભ્રાન્તિ ઉત્પન્ન થાય તો ગુરુકૃપાથી સાધક તેને પાર કરી લે છે (૩) પ્રમાદના કારણે સાધુચર્યામાં ક્યાંક ભૂલ થઈ જાય અને તેને કોઈ દીક્ષા જ્યેષ્ઠ(સંયમપર્યાયમાં મોટા), વયોવૃદ્ધ અથવા નાના સાધુ અથવા સમવયસ્ક સાધક અથવા કોઈ ગૃહસ્થ અથવા કોઈ દાસી જેવી સામાન્ય વ્યક્તિ પણ સુધારવા માટે પ્રેરણા કરે અથવા શિક્ષા આપે તો ગુરુકુળવાસી સાધુ તેને સમ્યક્પ્રકારે સ્થિરતા પૂર્વક સ્વીકારી લે પરંતુ પ્રતિવાદ ન કરે, પ્રસન્નતા પૂર્વક તેનો સ્વીકાર કરે અન્યથા તે સંસારના પ્રવાહમાં વહી જાય છે, તેને પાર કરી શકતા નથી (૪) તે જ્ઞાનીજનો અથવા હિતૈષીઓની શિક્ષા પોતાના માટે શ્રેયસ્કર સમજે (૫) તેઓનો ઉપકાર માની આદર–સત્કાર કરે.

## ગુરુ સાંનિધ્યથી જ્ઞાનપ્રકાશ :–

**૧૨** **णेया जहा अंधकारंसि राओ, मग्गं ण जाणाइ अपस्समाणे ।**
**से सूरियस्स अब्भुग्गमेणं, मग्गं विजाणाइ पगासियंसि ॥**

**શબ્દાર્થ :– णेया** = માર્ગદર્શક પુરુષ, **से सूरियस्स अब्भुग्गमेणं पगासियंसि** = પરંતુ તે જ સૂર્યોદય થયા પછી ચારે તરફ પ્રકાશ ફેલાવાથી, **मग्गं विजाणाइ** = માર્ગને જાણી લે છે.

**ભાવાર્થ :–** જેવી રીતે અટવી(જંગલ)આદિ પ્રદેશોનો માર્ગદર્શક પણ ઘોર અંધારી રાત્રિમાં જોઈ ન શકવાના કારણે માર્ગને સારીરીતે જાણી કે જોઈ શકતો નથી પરંતુ તે જ પુરુષ સૂર્યનો ઉદય થાય અને ચારે તરફ પ્રકાશ ફેલાય ત્યારે માર્ગને સારી રીતે જાણી લે છે.

**૧૩** **एवं तु सेहे वि अपुट्ठधम्मे, धम्मं ण जाणाइ अबुज्झमाणे ।**
**से कोविए जिणवयणेण पच्छा, सूरोदए पासइ चक्खुणेव ॥**

**શબ્દાર્થ :– अपुट्ठधम्मे सेहे वि** = ધર્મમાં અનિપુણ શિષ્ય પણ, **अबुज्झमाणे धम्मं ण जाणाइ** = સૂત્રાર્થને ન જાણતાં ધર્મને જાણતો નથી, **से जिणवयणेण कोविए** = પરંતુ તે જ શિષ્ય જિનવચનના અધ્યયનથી નિપુણ થઈ જાય છે, **पच्छा सूरोदए चक्खुणेव पासइ** = ત્યારપછી સૂર્યોદય થાય ત્યારે આંખો દ્વારા પદાર્થને જુએ છે તેમ તે શિષ્ય સૂત્રાર્થ જાણે છે.

**ભાવાર્થ :–** ધર્મમાં અનિપુણ–અપરિપક્વ શિષ્યપણ સૂત્ર અને અર્થને નહીં સમજનારો ધર્મને જાણી શકતો નથી. તે જ અબુધ(અજ્ઞાની) શિષ્ય એક દિવસ જિનવચનોના અધ્યયન–અનુશીલનથી વિદ્વાન

થઈ જાય છે. જે રીતે સૂર્યોદય થવાથી આંખ દ્વારા વ્યક્તિ ઘટપટ આદિ પદાર્થોને સ્પષ્ટ જાણી લે છે, તેવી જ રીતે તે શિષ્ય ધર્મને સ્પષ્ટ રૂપે જાણી લે છે.

**૧૪** **उड्ढं अहे य तिरियं दिसासु, तसा य जे थावर जे य पाणा ।**
**सया जए तेसु परिव्वएज्जा, मणप्पओसं अविकंपमाणे ॥**

**શબ્દાર્થ :– तेसु सया जए परिव्वएज्जा** = તેઓની હિંસા ન થઈ જાય તે રીતે યત્નપૂર્વક સંયમનું પાલન કરે, **मणप्पओसं अविकंपमाणे** = તેઓ પ્રત્યે થોડો પણ દ્વેષ કર્યા વિના સંયમમાં નિશ્ચલ રહે.

**ભાવાર્થ :–** ગુરુકુળવાસી તેમજ જિનવચનોનો સમ્યક્જ્ઞાતા સાધુ ઊંચી, નીચી અને તિરછી દિશાઓમાં જે કોઈપણ ત્રસ–સ્થાવર પ્રાણીઓ રહે છે, તેઓની હિંસા ન થાય, તેવી યતના રાખે તથા સંયમમાં પુરુષાર્થ કરે. તે પ્રાણીઓ પર લેશમાત્ર પણ દ્વેષ કર્યા વિના સંયમમાં નિશ્ચલ રહે.

**૧૫** **कालेण पुच्छे समियं पयासु, आइक्खमाणो दवियस्स वित्तं ।**
**तं सोयकारी य पुढो पवेसे, संखा इमं केवलियं समाहिं ॥**

**શબ્દાર્થ :– कालेण पयासु समियं पुच्छे** = સાધુ અવસર જોઈને જ્ઞાનદર્શન ચારિત્ર સંપન્ન આચાર્યને પ્રાણીઓના વિષયમાં પૂછે, **दवियस्स वित्तं आइक्खमाणो** = સર્વજ્ઞના આગમને દર્શાવનારા આચાર્યને, **तं सोयकारी पुढो पवेसे** = તથા આચાર્યની આજ્ઞાનો સ્વીકાર કરીને તેના ઉપદેશને હૃદયમાં સ્થાપિત કરે, **इमं केवलियं समाहिं संखा** = આગળ કહેવામાં આવતાં કેવળીના સન્માર્ગને સારી રીતે સમજીને તેને હૃદયમાં ધારણ કરે.

**ભાવાર્થ :–** ગુરુકુલવાસી સાધુ પ્રશ્ન કરવા યોગ્ય અવસર જોઈ સમ્યગ્જ્ઞાન સંપન્ન આચાર્યને પ્રાણીઓના સંબંધમાં પ્રશ્ન પૂછે. સર્વજ્ઞ વીતરાગ પ્રભુના આગમને બતાવનારા આચાર્યની પૂજા–ભક્તિ કરે. આચાર્યના આજ્ઞાકારી શિષ્ય તેમના દ્વારા ઉપદિષ્ટ, કેવલીપ્રરૂપિત સમ્યગ્જ્ઞાનાદિરૂપ સમાધિને સારી રીતે જાણીને તેને હૃદયમાં સ્થાપિત કરે.

**૧૬** **अस्सिं सुठिच्चा तिविहेण तायी, एएसु या संति णिरोहमाहु ।**
**ते एवमक्खंति तिलोगदंसी, ण भुज्जमेयंतु पमायसंगं ॥**

**શબ્દાર્થ :– अस्सिं सुठिच्चा तिविहेण तायी** = ગુરુએ જે ઉપદેશ આપ્યો છે તેમાં સારી રીતે નિવાસ કરતો સાધુ ત્રિવિધ મન, વચન, કાયાથી સર્વ પ્રાણીઓની રક્ષા કરે, **एएसु या संति णिरोहमाहु** = સમિતિ અને ગુપ્તિના પાલનથી જ શાંતિ અને કર્મોનો નિરોધ–ક્ષય થાય છે એમ સર્વજ્ઞોએ કહ્યું છે, **तिलोगदंसी ते एवमक्खंति** = ત્રિલોકદર્શી તે પુરુષો એમ કહે છે કે, **ण भुज्जमेयंतु पमायसंगं** = સાધુએ ફરી ક્યારે ય પ્રમાદનો સંગ કરવો ન જોઈએ.

**ભાવાર્થ :–** જેણે ગુરુકુળવાસ દરમ્યાન ગુરુ પાસેથી જે ઉપદેશ સાંભળ્યો હોય તેને હૃદયમાં સારી રીતે અવધાર્યો છે તેવા સાધક, સમાધિભૂત મોક્ષમાર્ગમાં સારી રીતે સ્થિત થઈ મન, વચન, કાયાથી જીવોની રક્ષા કરી, કરાવી અને અનુમોદન કરી સ્વ–પર રક્ષક બની રહે અને સમિતિ–ગુપ્તિ આદિરૂપ સમાધિ માર્ગોમાં સ્થિર થઈ જાય છે, તેને શાંતિલાભ તથા સમસ્ત કર્મક્ષય થાય છે તેવું સર્વજ્ઞોએ કહ્યું છે. તે ત્રિલોકદર્શી મહાપુરુષો કહે છે કે સાધુએ શ્રેષ્ઠ માર્ગ પામી પછી ક્યારે ય પ્રમાદનો સંગ કરવો ન જોઈએ.

**१७** **णिसम्म से भिक्खु समीहियट्ठं, पडिभाणवं होइ विसारए य ।**
**आयाणमट्ठी वोदाण मोणं, उवेच्च सुद्धेण उवेइ मोक्खं ॥**

**શબ્દાર્થ :– णिसम्म समीहियट्ठं** = સાધુના આચારને સાંભળીને તથા મોક્ષરૂપી ઈષ્ટઅર્થને જાણીને, **पडिभाणवं विसारए होइ** = સ્વ સિદ્ધાંતના નિપુણ વક્તા બની જાય છે, **आयाणं अट्ठी** = મોક્ષાર્થી, સમ્યક્જ્ઞાન આદિ અથવા મોક્ષનું પ્રયોજન રાખનાર તે સાધુ, **वोदाण मोणं उवेच्च** = તપ અને સંયમને પ્રાપ્ત કરીને, **सुद्धेण** = તેનું શુદ્ધ આરાધન કરીને, શુદ્ધ આહાર દ્વારા નિર્વાહ કરતો, **मोक्खं उवेइ** = મોક્ષને પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :–** ગુરુકુળવાસી તે સાધુ ઉત્તમ સાધુના આચારને સાંભળીને અથવા મોક્ષરૂપ અર્થને જાણીને ગુરુકુળવાસમાંથી જ પ્રતિભાવાન તેમજ સિદ્ધાંત વિશારદ થઈ જાય છે. પછી આદાનાર્થી અર્થાત્ સમ્યક્જ્ઞાન આદિ સાથે અથવા મોક્ષ સાથે પ્રયોજન રાખનાર તે સાધુ તપ અને સંયમને ગ્રહણરૂપ તેમજ આસેવન શિક્ષા દ્વારા ઉપલબ્ધ કરી, તેનું શુદ્ધ આરાધન કરતો સમસ્ત કર્મક્ષય રૂપ મોક્ષ પ્રાપ્ત કરે છે.

**વિવેચન :–**

આ ગાથાઓમાં સૂત્રકારે ગુરુ સાંનિધ્યમાં વાચના પૃચ્છના આદિ દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરી વિશારદ– કોવિદ થવા માટે વિવિધ પ્રકારે પ્રેરણા આપી છે.

(૧) ગુરુકુળવાસમાં વિધિવત્ શિક્ષા ગ્રહણ ન કરવાથી ધર્મમાં અનિપુણ શિષ્ય સૂત્ર, અર્થ તેમજ શ્રમણધર્મના તત્ત્વને જાણતો નથી, જ્યારે ગુરુપાસેથી શિક્ષા પ્રાપ્ત કરેલ તે જ સાધક જિનવચનોના અધ્યયનથી વિદ્વાન બની બધા પદાર્થોનું યથાર્થ સ્વરૂપ સ્પષ્ટરૂપે જાણે છે (૨) ગુરુકુળવાસી સાધક કોઈપણ પ્રાણીની હિંસા ન થાય, એ રીતે યતના કરે. પ્રાણીઓ પર જરા પણ દ્વેષ કર્યા વિના સંયમમાં નિશ્ચલ રહે (૩) યોગ્ય અવસર જોઈને તે આચાર્યને પ્રાણીઓના સંબંધમાં પૂછે (૪) આગમજ્ઞાન ઉપદેષ્ટા આચાર્યની સેવાભક્તિ કરે, તેમના દ્વારા ઉપદિષ્ટ સમ્યગ્દર્શનાદિરૂપ સમાધિને હૃદયંગમ કરે (૫) ગુરુકુળવાસ દરમ્યાન ગુરુપાસેથી જે કાંઈ સાંભળ્યું, શીખ્યું, હૃદયંગમ કર્યું છે તે સમાધિભૂત મોક્ષમાર્ગમાં સ્થિત થઈ ત્રણકરણ ત્રણયોગથી સ્વ–પરનો રક્ષક બને (૬) સમિતિગુપ્તિ આદિરૂપ સમાધિ માર્ગોમાં સ્થિર થઈ જવાથી ગુરુકુળવાસી સાધકને શાંતિલાભ અને સમસ્ત કર્મક્ષયનો લાભ થાય છે, તે ક્યારે ય પ્રમાદમાં આસક્ત ન થાય (૭) ગુરુકુળવાસી સાધક ઉત્તમ સાધ્વાચાર અથવા મોક્ષરૂપ અર્થને જાણીને–સાંભળીને પ્રતિભાવાન્ તેમજ

સિદ્ધાંત વિશારદ બની જાય છે (૮) પછી તે મોક્ષાર્થી સાધક તપ તેમજ સંયમને પ્રાપ્ત કરી, તેની શુદ્ધ આરાધના દ્વારા મોક્ષ પ્રાપ્ત કરે છે અથવા શુદ્ધ આહાર દ્વારા જીવન નિર્વાહ કરતો મોક્ષ પ્રાપ્ત કરે છે.

**નિષ્કર્ષ :–** ગુરુકુળવાસ કરનારા સાધકનું સર્વાંગી જીવન નિર્માણ તેમજ વિકાસ ત્યારે જ થઈ શકે છે, જ્યારે તે ગુરુકુળવાસમાં પોતાની પ્રત્યેક પ્રવૃત્તિ તેમજ ચર્યા ગુરુના અનુશાસન(આજ્ઞા)પ્રમાણે કરે. અપ્રમત્તપણે પોતાની ભૂલ સુધારી બાહ્ય–આભ્યંતર તપ, સંયમ તથા ક્ષમા, માર્દવ આદિ શ્રમણ ધર્મનો અભ્યાસ કરે. ગુરુકુળવાસ કાલીન શિક્ષામાં અનુશાસન, પ્રશિક્ષણ, ઉપદેશ માર્ગદર્શન, અધ્યયન, અનુશીલન આદિ પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે.

**પાઠાન્તર અને વ્યાખ્યા :– सुद्धेणं उवेति मोक्खं** ને બદલે પાઠાન્તર છે **सुद्धे ण उवेति मारं**– તપ, સંયમ આદિથી આત્મા શુદ્ધ હોવાથી અથવા શુદ્ધમાર્ગનો આશ્રય લેવાથી સાધક માર અર્થાત્ સંસારને અથવા મૃત્યુને પ્રાપ્ત કરતો નથી.

## ભાષાપ્રયોગના મહત્ત્વપૂર્ણ વિધિનિષેધ :–

**૧૮** **संखाय धम्मं च वियागरेंति, बुद्धा हु ते अंतकरा भवंति ।**
**ते पारगा दोण्ह वि मोयणाए, संसोधितं पण्हमुदाहरंति ॥**

**શબ્દાર્થ :– धम्मं च संखाय वियागरेंति** = સદ્બુદ્ધિથી સ્વયં ધર્મને જાણીને બીજાને ઉપદેશ આપે છે, **ते बुद्धा हु अंतकरा भवंति** = ત્રણે કાળને જાણનારા તે પુરુષો કર્મોનો અંત કરનારા હોય છે, **दोण्ह वि मोयणाए ते पारगा** = તેઓ પોતાનાં અને બીજાઓનાં કર્મબંધનને છોડાવામાં સમર્થ થાય છે, **संसोधितं पण्हमुदाहरंति** = તેઓ સમજી વિચારીને પ્રશ્નોનો ઉત્તર આપે છે.

**ભાવાર્થ :–** ગુરુકુળવાસી હોવાથી ધર્મમાં સુસ્થિત, બહુશ્રુત, પ્રતિભાવાન તેમજ સિદ્ધાંત વિશારદ તે સાધુ સદ્બુદ્ધિથી બીજાને શ્રુત ચારિત્રરૂપ ધર્મનો ઉપદેશ આપે છે. તે બુદ્ધ ત્રિકાલવેત્તા જન્મ–જન્માંતરનાં સંચિત કર્મોનો અંત કરે છે. તેઓ પોતે અને બીજાઓને કર્મબંધનથી અથવા મમત્વ રૂપી બેડીથી મુક્ત કરવા સમર્થ બને છે. તેઓ સમ્યક્પ્રકારે સમજી વિચારીને– પ્રશ્નકર્તા કોણ છે ? તે કયા પદાર્થોને સમજી શકે છે ? હું કયા વિષયનું પ્રતિપાદન કરવામાં સમર્થ છું ? આ વાતોનું સારી રીતે શોધન કરીને પ્રશ્નનો પૂર્વાપર અવિરુદ્ધ ઉત્તર આપે છે.

**૧૯** **णो छायए णो वि य लूसएज्जा, माणं ण सेवेज्ज पगासणं च ।**
**ण यावि पण्णे परिहास कुज्जा, ण याऽऽसियावाय वियागरेज्जा ॥**

**શબ્દાર્થ :– णो छायए** = શાસ્ત્રના અર્થને છુપાવે નહિ, **णो वि य लूसएज्जा** = અપસિદ્ધાંત દ્વારા શાસ્ત્રની વ્યાખ્યા ન કરે, **माणं ण सेवेज्ज** = અભિમાન ન કરે, **पगासणं च** = હું મોટો વિદ્વાન છું તથા તપસ્વી છું એવું જાહેર ન કરે, **परिहास** = શ્રોતાની હાંસી, **ण याऽऽसियावाय वियागरेज्जा**

= સાધુ કોઈને આશીર્વાદ ન આપે.

**ભાવાર્થ :–** સાધુ પ્રશ્નોનો ઉત્તર આપતી વખતે શાસ્ત્રના યથાર્થ અર્થને છુપાવે નહિ (અથવા તે પોતાના ગુરુ અથવા આચાર્યનું નામ અથવા પોતાના ગુણોનો ઉત્કર્ષ બતાવવાના અભિપ્રાયથી બીજાઓના ગુણો ન છુપાવે) અપસિદ્ધાંતનો આશ્રય લઈ શાસ્ત્રના પાઠની મનગમતી વ્યાખ્યા ન કરે તથા 'હું જ સર્વશાસ્ત્રોનો જ્ઞાતા અને મહાન્ વ્યાખ્યાતા છું.' આ રીતે માન–ગર્વ ન કરે અને પોતાને બહુશ્રુત તેમજ મહાતપસ્વીરૂપે પ્રકાશિત ન કરે. પ્રાજ્ઞ(શ્રુતધર) સાધક શ્રોતાની મજાક પણ ન કરે અને પુત્રવાન્, ધનવાન્ અથવા દીર્ઘાયુ થાઓ ઈત્યાદિ આશીર્વાદ સૂચક વાક્યો ન જ કહે.

**૨૦** **भूयाभिसंकाए दुगुंछमाणो, ण णिव्वहे मंतपएण गोयं ।**
**ण किंचि मिच्छे मणुए पयासु, असाहुधम्माणि ण संवएज्जा ॥**

**શબ્દાર્થ :– भूयाभिसंकाए दुगुंच्छमाणो** = સાધુ પ્રાણીઓના વિનાશની શંકા રાખી દરેક પ્રવૃત્તિ વિવેકથી કરે, **मंतपएण गोत्तं ण णिव्वहे** = મંત્રપદના પ્રયોગ દ્વારા ગોત્રનું–અભિમાનનું વહન ન કરે, **मणुए पयासु ण किंचि मिच्छे** = સાધુ પુરુષ તે પ્રાણીઓ પાસેથી કોઈ વસ્તુની ઈચ્છા ન કરે, **असाहुधम्माणि ण संवएज्जा** = તેમજ તે અસાધુના ધર્મ ઉપદેશને સમ્યગ્ ન કહે.

**ભાવાર્થ :–** સાધુપુરુષ પ્રાણીઓના વિનાશની આશંકાથી દરેક પ્રવૃત્તિ વિવેક પૂર્વક કરે, મંત્ર આદિના પદોનો પ્રયોગ કરીને અભિમાનનું પોષણ ન કરે, ધર્મકથા કરતાં લોકો પાસેથી દ્રવ્ય અથવા કોઈ પદાર્થના લાભ, સત્કાર કે ભેટ, પૂજા આદિની અભિલાષા ન કરે, પાપ પોષક ધર્મનો ઉપદેશ ન કરે અથવા તેને સમ્યક્ ન કહે.

**૨૧** **हासं पि णो संधइ पावधम्मे, ओए तहियं फरुसं वियाणे ।**
**णो तुच्छए णो विकत्थएज्जा, अणाइले या अकसाई भिक्खू ॥**

**શબ્દાર્થ :– हासं पि णो संधइ** = જેનાથી હસવું આવે એવો કોઈ પણ શબ્દ તથા શારીરિક વ્યાપાર સાધુ ન કરે, **पावधम्मे** = હાંસીમજાકમાં પણ પાપમય ધર્મનું કથન ન કરે, પાપકારી કૃત્યની પ્રરૂપણા ન કરે, **फरुसं वियाणे** = સાધુ બીજાઓના ચિત્તને દુઃખિત કરનારું કઠોર સત્યવચન ન કહે, **णो तुच्छए** = સાધુ પૂજા સત્કારને પામીને અભિમાન ન કરે, **णो य विकत्थएज्जा** = પોતાની પ્રશંસા ન કરે, **अणाइले या अकसाई भिक्खू** = સાધુ વ્યાકુળતા તથા કષાયોથી રહિત થઈને વિચરે.

**ભાવાર્થ :–** સાધુ હાસ્ય ઉત્પાદક વાચા–કાયાનો વ્યાપાર ન કરે; પાપબંધન થાય તેવી વાતો મજાકમાં પણ ન કહે. સાધુ બીજાને દુઃખ થાય તેવું સત્યવચન ન બોલે. સાધુ પૂજા પ્રતિષ્ઠા પામીને અભિમાન ન કરે અને પોતાની પ્રશંસા ન કરે. સાધુ હંમેશાં નિર્લોભી તેમજ કષાય રહિત થઈને રહે.

**૨૨** **संकेज्ज याऽसंकितभाव भिक्खू, विभज्जवायं च वियागरेज्जा ।**
**भासादुगं धम्म–समुट्ठितेहिं, वियागरेज्जा समयाऽऽसुपण्णे ॥**

**શબ્દાર્થ :– संकेज्ज असंकितभाव भिक्खू** = સૂત્ર અને અર્થના વિષયમાં શંકાયુક્ત કે શંકારહિત ભાવો હોય તોપણ સાધુ, **विभज्जवायं च वियागरेज्जा** = સ્યાદ્‌વાદમય વચન બોલે, **धम्मसमुट्ठितेहिं भासादुगं** = ધર્માચરણ કરવામાં પ્રવૃત્ત રહેનારા સાધુઓની સાથે સત્યભાષા અને વ્યવહાર ભાષા આ બે ભાષાઓ બોલે, **समयासुपण्णे वियागरेज्जा** = ઉત્તમ બુદ્ધિ સંપન્ન સાધુ ધનવાન અને દરિદ્ર બધાને સમભાવથી ધર્મ કહે.

**ભાવાર્થ :–** સૂત્ર અને અર્થના સંબંધમાં શંકાયુક્ત કે શંકારહિત હોવા છતાં પણ પદાર્થોની વ્યાખ્યા વિભજ્યવાદથી–સાપેક્ષ દષ્ટિથી, અનેકાન્ત રૂપે કરે. ધર્મમાં સમુદ્યત સાધુ સાથે સાધુ સત્ય અને વ્યવહાર આ બે ભાષાઓ બોલે, આ સુપ્રજ્ઞ સાધુ ધનવાન અને ગરીબ બન્નેને સમાન રૂપે ધર્મ કહે.

**२३** **अणुगच्छमाणे वितहं विजाणे, तहा तहा साहु अकक्कसेणं ।**
**ण कत्थई भास विहिंसएज्जा, णिरुद्धगं वा वि ण दीहएज्जा ॥**

**શબ્દાર્થ :– अणुगच्छमाणे** = પૂર્વોક્ત બન્ને ભાષાઓ દ્વારા પ્રવચન કરતા સાધુના કથનને કોઈ બરાબર સમજી લે છે, **वितहं विजाणे** = અને કોઈ મંદમતિ વિપરીત સમજે છે, **तहा तहा साहु अकक्कसेणं** = જે વિપરીત સમજે છે, તેઓને સાધુ કોમળ શબ્દો દ્વારા સમજાવવાની ચેષ્ટા કરે, **ण कत्थई** = કઠોર શબ્દ ન કહે, **भास विहिंसएज्जा** = સાધુ, પ્રશ્ન કરનારાઓની ભાષાની નિંદા ન કરે, **णिरुद्धगं वावि ण दीहएज्जा** = અર્થનો નિરોધ ન કરે અને અર્થને શબ્દાડમ્બરથી વધારે નહી.

**ભાવાર્થ :–** પૂર્વોક્ત બે ભાષાઓનો આશ્રય લઈને શાસ્ત્ર અથવા ધર્મની વ્યાખ્યા કરતા સાધુના કથનને કોઈ વ્યક્તિ યથાર્થ સમજી લે અને કોઈ મંદમતિ વ્યક્તિ તેને અયથાર્થ રૂપે વિપરીત સમજે તો સાધુ તે વિપરીત સમજનારી વ્યક્તિને યોગ્ય હેતુ, યુક્તિ, ઉદાહરણ તેમજ તર્ક આદિથી જેમ તે સમજી શકે, તેમ તેવા હેતુ આદિથી કોમળ શબ્દોમાં સમજાવવાનો પ્રયત્ન કરે. જે બરાબર સમજતો નથી, તેને "તું મૂર્ખ છે, દુર્બુદ્ધિ છે, જડમતિ છે," ઈત્યાદિ તિરસ્કાર સૂચક વચનો કહીને તેના મનને દુઃખિત ન કરે તથા પ્રશ્નકર્તાની ભાષાને અસંબદ્ધ બતાવીને તેનો તિરસ્કાર ન કરે. થોડા શબ્દોમાં કહી શકાય તેવી વાતને નિરર્થક શબ્દાડંબરથી વિસ્તૃત ન કરે.

**२४** **समालवेज्जा पडिपुण्णभासी, णिसामिया समिया अट्ठदंसी ।**
**आणाए सुद्धं वयणं भिउंजे, अभिसंधए पावविवेग भिक्खू ॥**

**શબ્દાર્થ :– पडिपुण्णभासी समालवेज्जा** = પ્રતિપૂર્ણ ભાષા દ્વારા સાધુ પ્રતિપાદન કરે, **णिसामिया समिया अट्ठदंसी** = ગુરુપાસેથી સાંભળીને સારી રીતે પદાર્થને જાણનારો સાધુ, **आणाए सुद्धं वयणं भिउंजे** = આજ્ઞાથી શુદ્ધ વચન બોલે, **भिक्खू पावविवेग अभिसंधए** = સાધુ પાપનો વિવેક રાખીને નિર્દોષ વચન બોલે.

**ભાવાર્થ :–** જે વાત સંક્ષેપમાં ન સમજાવી શકાય, તેને સાધુ વિસ્તારથી સમજાવે, વિષયને સ્પષ્ટ કરવા પૂર્ણરૂપે ભાષાનો પ્રયોગ કરે, ગુરુપાસેથી સાંભળીને પદાર્થને સારી રીતે જાણનાર અર્થદર્શી સાધુ આજ્ઞાથી

શુદ્ધ વચનોનો પ્રયોગ કરે. સાધુ પાપનો વિવેક રાખીને નિર્દોષ વચન બોલે.

**૨૫** **अहाबुइयाइं सुसिक्खएज्जा, जएज्ज या णाइवेलं वएज्जा ।**
**से दिट्ठिमं दिट्ठि ण लूसएज्जा, से जाणइ भासिउं तं समाहिं ॥**

**શબ્દાર્થ :– अहा बुइयाइं सुसिक्खएज्जा** = તીર્થંકર અને ગણધર કથિત આગમનો સમ્યક્ પ્રકારે અભ્યાસ કરે, **जएज्ज या** = તેમાં સદા પ્રયત્ન કરે, **णाइवेलं वएज्जा** = મર્યાદાનું ઉલ્લંઘન કરી વધારે પડતું ન બોલે, **से दिट्ठिमं दिट्ठि ण लूसएज्जा** = તે સમ્યગ્ દષ્ટિ પુરુષ સમ્યગ્દર્શનને દૂષિત ન કરે, **से तं समाहिं भासिउं जाणइ** = તે જ પુરુષ તીર્થંકર કથિત ભાવસમાધિને કહેવાનું જાણે છે.

**ભાવાર્થ :–** તીર્થંકર અને ગણધર આદિએ જે રૂપે આગમોનું પ્રતિપાદન કર્યું છે, ગુરુપાસે તેની સમ્યક્ પ્રકારે શિક્ષા પ્રાપ્ત કરે અથવા બીજાઓને પણ સર્વજ્ઞોક્ત આગમ સારી રીતે શીખવાડે, બોલવામાં જતના રાખે અથવા મર્યાદાનું ઉલ્લંઘન કરીને વધારે બોલે નહિ. સમ્યગ્દષ્ટિ સંપન્ન સાધક સમ્યગ્દષ્ટિને દૂષિત ન કરે. તે જ સાધક ભાવ સમાધિને કહેવાનું જાણે છે.

**૨૬** **अलूसए णो पच्छण्णभासी, णो सुत्तमत्थं च करेज्ज ताई ।**
**सत्थारभत्ती अणुवीइ वायं, सुयं च सम्मं पडिवायएज्जा ॥**

**શબ્દાર્થ :– अलूसए** = સાધુ આગમના અર્થને દૂષિત ન કરે, **णो पच्छण्णभासी** = સિદ્ધાંતને છુપાવે નહીં, **ताई सुत्तमत्थं च णो करेज्ज** = પ્રાણીઓની રક્ષા કરનારો પુરુષ સૂત્ર અને અર્થને અન્યથા ન કરે, **सत्थारभत्ती अणुवीइ वायं** = શિક્ષા દેનારા ગુરુની ભક્તિનું ધ્યાન રાખતો સાધુ સમજી વિચારીને કંઈપણ વાત કહે, **सुयं च सम्मं पडिवायएज्जा** = જે રીતે ગુરુ પાસેથી સાંભળ્યું છે તેવી જ રીતે બીજા પાસે સૂત્રની વ્યાખ્યા કરે.

**ભાવાર્થ :–** સાધુ આગમના અર્થને દૂષિત ન કરે તથા તે સિદ્ધાંતને છુપાવીને ન બોલે, સ્વપર રક્ષક સાધુ સૂત્ર અને અર્થને અન્યથા ન કરે. સાધુ શિક્ષા દેનારા ગુરુની ભક્તિનું ધ્યાન રાખતાં સમજી વિચારીને કોઈ વાત કહે, સાધુ ગુરુપાસેથી જેવું સાંભળે તેવું જ બીજા સમક્ષ પ્રતિપાદન કરે.

**૨૭** **से सुद्धसुत्ते उवहाणवं च, धम्मं च जे विंदइ तत्थ तत्थ ।**
**आदेज्जवक्के कुसले वियत्ते, से अरिहइ भासिउं तं समाहिं ॥**
**॥ त्ति बेमि ॥**

**શબ્દાર્થ :– से सुद्धसुत्ते** = શુદ્ધતા સાથે સૂત્રનું ઉચ્ચારણ કરનારા **उवहाणवं च** = તથા શાસ્ત્રોક્ત તપનું આચરણ કરનારા, **जे तत्थ तत्थ धम्मं विंदइ** = જે સાધુ ઉત્સર્ગની જગ્યાએ ઉત્સર્ગરૂપ ધર્મને અને અપવાદના સ્થાને અપવાદરૂપ ધર્મને અંગીકાર કરે છે, **आदेज्जवक्के** = આદેય વચનવાળા, તે ગ્રહણ કરવા યોગ્ય વાક્યવાળા, **कुसले वियत्ते** = તથા શાસ્ત્રના અર્થમાં કુશળ અને વગર વિચાર્યું કાર્ય ન કરનાર પુરુષ, **तं समाहिं भासिउं अरिहइ** = સર્વજ્ઞોક્ત સમાધિની વ્યાખ્યા કરી શકે છે.

**ભાવાર્થ** :–તે સાધુનું સૂત્રોચ્ચારણ, સૂત્રાનુસાર પ્રરૂપણ તેમજ સૂત્રનું અધ્યયન શુદ્ધ છે, જે શાસ્ત્રોક્ત તપનું અનુષ્ઠાન કરે છે, જે શ્રુત ચારિત્રરૂપ ધર્મને સમ્યક્રૂપે જાણે છે અથવા જે ઉત્સર્ગના સ્થાને ઉત્સર્ગમાર્ગની અને અપવાદમાર્ગના સ્થાને અપવાદની પ્રરૂપણા કરે છે અથવા હેતુગ્રાહ્ય અર્થની હેતુથી અને આગમગ્રાહ્ય અર્થની આગમથી અથવા સ્વસમયની સ્વસમયરૂપે તેમજ પરસમયની પરસમયરૂપે પ્રરૂપણા કરે છે, તે જ પુરુષ આદેય વચનવાળા છે. તે જ શાસ્ત્રોનો અર્થ અને તદનુસાર આચરણ કરવામાં કુશળ હોય છે. તે અવિચાર પૂર્વક કાર્ય કરતા નથી. તે જ ગ્રંથમુક્ત સાધક સર્વજ્ઞકથિત સમાધિની વ્યાખ્યા કરી શકે છે.

## વિવેચન :–

આ અધ્યયનનો ઉપસંહાર કરતાં શાસ્ત્રકારે દશ ગાથાઓમાં ગુરુકુળવાસી સાધુ દ્વારા આચરિત ધર્મકથા અને ભાષા સંબંધી કેટલાક વિધિ–નિષેધ સૂત્રો રજૂ કર્યા છે. તે આ પ્રમાણે છે–

(૧) સાધુ પોતાની શક્તિ, પરિષદ અથવા વ્યક્તિ તથા પ્રતિપાદ્ય વિષયને સમ્યક્રૂપે જાણીને ધર્મનો ઉપદેશ આપે (૨) તે એવો ધર્મોપદેશ આપે કે જેનાથી સ્વપરને કર્મપાશથી મુક્ત કરી શકે (૩) પ્રશ્ન સાથે સંબંધિત વાતોને સારી રીતે વિચારી તેનો પૂર્વાપર અવિરુદ્ધ અને સંગત(યોગ્ય) ઉત્તર આપે (૪) પ્રશ્નોનો ઉત્તર આપતી વખતે શાસ્ત્રના યથાર્થ અર્થને છુપાવે નહિ (૫) શાસ્ત્રની સિદ્ધાંત વિરુદ્ધ વ્યાખ્યા ન કરે (૬) તે સર્વશાસ્ત્રજ્ઞતાનો ગર્વ ન કરે અને પોતાને બહુશ્રુત કે મહાતપસ્વી રૂપે પ્રસિદ્ધ ન કરે (૭) તે મંદબુદ્ધિ શ્રોતાની હાંસી–મજાક ન કરે (૮) કોઈ પ્રકારના આશીર્વાદ ન આપે. કારણ કે તેની પાછળ જીવહિંસા અથવા પાપબુદ્ધિની સંભાવના છે (૯) વિવિધ હિંસાજનક મંત્રપ્રયોગ કરીને પોતાના વાક્સંયમને દૂષિત ન કરે (૧૦) ધર્મકથા કરીને જનતા પાસેથી કોઈ પદાર્થના લાભ, સત્કાર કે પૂજા–પ્રતિષ્ઠા આદિની આકાંક્ષા(ઈચ્છા) ન કરે (૧૧) અસાધુ ધર્મોનો(ખોટા ધર્મનો) ઉપદેશ ન આપે, એવો ઉપદેશ આપનારની પ્રશંસા પણ ન કરે (૧૨) હાસ્યજનક કોઈપણ ચેષ્ટા ન કરે, કારણ કે ઘણું કરીને હાંસી અન્યને દુઃખિત કરે છે, જે પાપબંધનું કારણ છે (૧૩) સારભૂત વાત હોવા છતાં પણ તે કોઈના ચિત્તને દુઃખી કરનારી હોય તો તેવી વાત ન કહે (૧૪) વ્યાખ્યાનના સમયે ભૌતિક લાભ આદિથી નિરપેક્ષ (નિઃસ્પૃહ) તેમજ કષાયરહિત થઈને રહે (૧૫) સૂત્રાર્થના સંબંધમાં નિઃશંકિત હોવા છતાં પણ ગર્વ ન કરે, શાસ્ત્રના ગૂઢ શબ્દોની વ્યાખ્યા કરવાના સમયે અન્ય સંભવિત અર્થો પ્રકટ કરે (૧૬) પદાર્થોની વ્યાખ્યા વિભજ્યવાદ (નય, નિક્ષેપ, સ્યાદ્વાદ, પ્રમાણ આદિ) દ્વારા વિશ્લેષણ સહ કરે (૧૭) સાધુ બે જ ભાષાઓનો પ્રયોગ કરે–સત્ય અને અસત્યામૃષા[વ્યવહાર ભાષા] (૧૮) રાગદ્વેષ રહિત થઈને ધનવાન અને નિર્ધનને સમભાવથી ધર્મનું કથન કરે (૧૯) વિધિપૂર્વક શાસ્ત્ર કે ધર્મની વ્યાખ્યા કરવા છતાં કોઈ વ્યક્તિ તેને વિપરીત સમજે તો સાધુ તેને મૂઢ, જડબુદ્ધિ અથવા મૂર્ખ કહીને તરછોડે નહિ, અપમાનિત, વિડમ્બિત કે દુઃખિત ન કરે (૨૦) થોડા શબ્દોમાં કહી શકાય તેવી વાતને નિરર્થક શબ્દોનો આડંબર કરીને વધારે નહિ (૨૧) સંક્ષેપમાં કહેવાથી ન સમજાય તેવી વાતને વિસ્તારથી કહે (૨૨) ગુરુ પાસેથી સાંભળીને પદાર્થોને સારી રીતે જાણીને સાધુ આજ્ઞા–શુદ્ધ વચનોનો પ્રયોગ કરે (૨૩) પાપનો વિવેક રાખીને નિર્દોષ વચન બોલે (૨૪) તીર્થંકરોક્ત આગમોની વ્યાખ્યા પ્રથમ ગુરુ પાસેથી જાણી–અભ્યાસ કરી, પશ્ચાત્ તે જ

વિધિથી અન્યને સમજાવે (૨૫) અધિકાંશ સમય શાસ્ત્ર સ્વાધ્યમાં રત રહે (૨૬) મર્યાદાનું ઉલ્લંઘન કરીને વધારે ન બોલે (૨૭) સાધુ ધર્મોપદેશ આપતાં કોઈની સમ્યગ્દૃષ્ટિને અપસિદ્ધાંત પ્રરૂપણા કરીને દૂષિત કે વિચલિત ન કરે (કોઈની શ્રદ્ધા ભંગ થાય તેવો ઉપદેશ ન આપે) (૨૮) આગમના અર્થને દૂષિત ન કરે (૨૯) સિદ્ધાંતને છુપાવીને ન બોલે (૩૦) આત્મરક્ષક સાધુ સૂત્ર તેમજ અર્થ અથવા પ્રશ્નને અન્યથા (ઊલટા–સૂલટા)ન કરે (૩૧) શિક્ષાદાતા પ્રશાસ્તાની સેવા ભક્તિનું ધ્યાન રાખે (૩૨) સમ્યક્ રીતે સમજી વિચારીને કોઈ વાત કહે (૩૩) ગુરુ પાસેથી જેવું સાંભળ્યું છે તેવી જ પ્રરૂપણા કરે (૩૪) સૂત્રનું ઉચ્ચારણ, અધ્યયન તેમજ પ્રરૂપણા શુદ્ધ કરે (૩૫) શાસ્ત્ર વિહિત તપશ્ચર્યાની પ્રેરણા કરે (૩૬) ઉત્સર્ગ–અપવાદ, હેતુગ્રાહ્ય–આજ્ઞાગ્રાહ્ય અથવા સ્વસમય–પરસમય આદિ ધર્મને અથવા શાસ્ત્રવાક્યને યથાયોગ્ય પ્રતિપાદિત કરે છે.

ગુરુકુળવાસી સાધક બંન્ને શિક્ષાઓ પ્રાપ્ત કરીને ભાષા પ્રયોગમાં અત્યંત નિપુણ થઈ જાય છે.

**પાઠાંતર અને વ્યાખ્યા :– संकेज्ज याऽसंकितभाव भिक्खू :–** ચૂર્ણિસમ્મત પાઠાન્તર છે **संकेज्ज वा संकितभाव भिक्खू** વ્યાખ્યા આ પ્રમાણે છે– જો કોઈ વિષયમાં સાધુ શંકિત છે, કોઈ શાસ્ત્રવાક્યના અર્થમાં શંકા છે તો તે શંકાત્મક રૂપથી આ રીતે પ્રતિપાદન કરે કે મારી સમજમાં આનો અર્થ આ પ્રમાણે છે, તેથી અધિક **तत्त्वं केवलिगम्यम् ।**

**अणाइलो :–** ને બદલે પાઠાન્તર છે **अणाउलो**, વ્યાખ્યા આ પ્રમાણે છે–સાધુ વ્યાખ્યા કે ધર્મકથાના સમયે આકુળ વ્યાકુળ ન થાય.

**विभज्जवायं च वियागरेज्जा :–** વિભજ્યવાદથી એમ કહેવું જોઈએ કે, હું તો એમ માનું છું પરંતુ આ વિષયમાં અન્યત્ર(બીજા કોઈને)પણ પૂછી લેવું. (૨) વિભજ્યવાદનો અર્થ છે સ્યાદ્વાદ, અનેકાન્તવાદ, સાપેક્ષવાદ (૩) વિભજ્યવાદનો અર્થ છે–પૃથક્ અર્થ નિર્ણયવાદ. (૪) સમ્યક્ પ્રકારે અર્થોનો નય, નિક્ષેપ આદિથી વિભાગ–વિશ્લેષણ કરીને પૃથક્ કરીને કહે. જેમ કે– દ્રવ્યાર્થિક નયથી નિત્યવાદને તથા પર્યાયાર્થિક નયથી અનિત્યવાદને કહે.

**णिव्वहे मंतपएण गोयं :–** આ વાક્યના ટીકાકારે ત્રણ અર્થ કર્યા છે– (૧) મંત્રપદનો પ્રયોગ કરી વચનગુપ્તિને નિસ્સાર ન કરે. (૨) રાજા આદિને મંત્ર આપીને પ્રાણીઓના જીવનનો નાશ ન કરાવે. (૩) મંત્રપ્રયોગ દ્વારા પોતાના અભિમાનનું પોષણ ન કરે.

**असाहुधम्माणि ण संवएज्जा :–** આ વાક્યના ટીકાકારે ત્રણ અર્થ કર્યા છે– (૧) કુસાધુઓના ધર્મ(વસ્તુદાન, તર્પણ આદિ)નો ઉપદેશ ન કરે. (૨) અસાધુઓના ધર્મોપદેશને સમ્યક્ ન કહે. (૩) ધર્મકથા કરતો સાધુ અસાધુઓના ધર્મોની કે પોતાની પ્રશંસા, કીર્તિ, પ્રસિદ્ધિ આદિની ઈચ્છા ન કરે.

## ॥ અધ્યયન ૧૪ સંપૂર્ણ ॥

# પંદરમું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ **जमतीत** (યમકીય) છે. આ અધ્યયનના બે નામ બીજા મળે છે– આદાન અથવા આદાનીય, તેમજ શ્રૃંખલા અથવા સંકલિકા.

આ અધ્યયનનો આદિ શબ્દ **जमतीतं (जं+अतीतं)** છે અથવા આ અધ્યયનમાં "યમક" અલંકારનો પ્રયોગ થયો છે તેથી આ અધ્યયનનું નામ "યમકીય" છે, જેનું આર્ષ પ્રાકૃતરૂપ **''जमईयं''** અથવા **''जमतीत''** થાય છે.

વૃત્તિકાર આ અધ્યયનને "સંકલિકા" અથવા "શ્રૃંખલા" કહે છે. આ અધ્યયનમાં અંતિમ અને આદિ પદનું સંકલન થયું છે, તેથી તેનું નામ સંકલિકા છે અથવા પ્રથમ પદ્યનો અંતિમ શબ્દ તેમજ બીજા પદ્યનો આદિ શબ્દ શ્રૃંખલાની કડીની જેમ જોડાયેલા છે અર્થાત્ તે બન્નેની કડીઓ એક સમાન છે.

આદાન અથવા આદાનીય નામ રાખવા પાછળ નિર્યુક્તિકારનું મંતવ્ય એ છે કે આ અધ્યયનમાં જે પદ પ્રથમ ગાથાના અંતમાં છે, તે જ પદથી પછીની ગાથાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ રીતે પૂર્વ ગાથાના અંતિમ પદને પશ્ચાત્ ગાથાના પ્રારંભ પદ રૂપે **आदाण** (ગ્રહણ) કરવામાં આવ્યું છે. તેથી આ અધ્યયન આદાનીય કહેવાય છે.

પુરુષ જે વસ્તુને ગ્રહણ કરે છે, તેને આદાન કહે છે. ધનનું અથવા ધન દ્વારા દ્વિપદ–ચતુષ્પદ આદિનું ગ્રહણ કરવું તે દ્રવ્ય આદાન છે. ભાવ આદાન બે પ્રકારનું છે, પ્રશસ્ત અને અપ્રશસ્ત. ક્રોધાદિનો ઉદય અથવા મિથ્યાત્વ, અવિરતિ આદિ કર્મબંધના આદાનરૂપ હોવાથી અપ્રશસ્ત ભાવાદાન છે તથા મોક્ષાર્થી દ્વારા ઉત્તરોત્તર ગુણશ્રેણિને યોગ્ય વિશુદ્ધ સમ્યગ્દર્શન જ્ઞાન, ચારિત્રને ગ્રહણ કરવા તે પ્રશસ્ત ભાવ આદાન છે.

આ અધ્યયનમાં આ જ પ્રશસ્ત ભાવ–આદાનના સંદર્ભમાં વિવેકની દુર્લભતા, સંયમનાં સુપરિણામ, ભગવાન મહાવીર અથવા વીતરાગ પુરુષનો સ્વભાવ, સંયમી પુરુષની જીવનપદ્ધતિ, વિશાલ ચારિત્ર સંપન્નતા આદિનું નિરૂપણ (વર્ણન) છે.

આ અધ્યયનમાં કુલ ૨૫ ગાથાઓ છે, જેમાં ઘણી ગાથાઓ યમક અલંકાર યુક્ત તેમજ શ્રૃંખલાવત્ છે.

❖❖❖❖❖

# પંદરમું અધ્યયન

## યમકીય

**અનુત્તરજ્ઞાની અને તત્કથિત ભાવનાયોગ સાધના :–**

**१** जमतीयं पडुप्पण्णं, आगमिस्सं च णायओ ।
सव्वं मण्णइ तं ताई, दंसणावरणंतए ॥

**શબ્દાર્થ :– जमतीयं** = જે પદાર્થો થઈ ગયા છે, **पडुपण्णं** = અને જે વર્તમાનમાં વિદ્યમાન છે, **आगमिस्सं** = તેમજ જે ભવિષ્યમાં થનારા છે, **तं सव्वं** = તે બધાને, **दंसणावरणंतए** = દર્શનાવરણીય કર્મનો અંત કરનાર, **ताई** = જીવોની રક્ષા કરનાર, **णायओ** = નેતા પુરુષ, **मण्णइ** = જાણે છે.

**ભાવાર્થ :–** જે પદાર્થ(અતીતમાં–ભૂતકાળમાં) થઈ ચૂક્યા છે, જે પદાર્થો વર્તમાનમાં વિદ્યમાન છે અને જે પદાર્થો ભવિષ્યમાં થવાના છે, તે બધાને દર્શનાવરણીય કર્મનો સર્વથા અંત કરનારા જીવોના ત્રાતા–રક્ષક, ધર્મનાયક તીર્થંકરો જાણે છે, જુએ છે.

**२** अंतए वितिगिच्छाए, से जाणइ अणेलिसं ।
अणेलिसस्स अक्खाया, ण से होइ तहिं तहिं ॥

**શબ્દાર્થ :– वितिगिच्छाए अंतए** = જે સંશયને દૂર કરનાર છે, **से अणेलिसं जाणइ** = તે પુરુષ અનુપમ જ્ઞાની છે, **अणेलिसस्स अक्खाया** = જે પુરુષ અનુપમ વસ્તુતત્ત્વને બતાવનાર છે, **से तहिं तहिं ण होइ** = તે બૌદ્ધાદિ દર્શનોમાં નથી, તે દરેક સ્થાને હોતા નથી.

**ભાવાર્થ :–** જેણે વિચિકિત્સા–સંશયનો સર્વથા નાશ કરી નાખ્યો છે, તે અનુપમ જ્ઞાની છે. અનુપમ વસ્તુતત્ત્વનું પ્રતિપાદન કરનાર એવા અનુપમ જ્ઞાની સર્વત્ર નથી હોતા.

**३** तहिं तहिं सुयक्खायं, से य सच्चे सुआहिए ।
सया सच्चेण संपण्णे, मेत्तिं भूएहिं कप्पए ॥

**શબ્દાર્થ :– तहिं तहिं सुयक्खायं** = શ્રી તીર્થંકર દેવે ભિન્ન ભિન્ન સ્થાનોમાં જે જીવાદિ પદાર્થોનું સારી રીતે કથન કર્યું છે, **से य सच्चे सुआहिए** = તે જ સત્ય છે અને તે જ સુભાષિત છે, **सया सच्चेण संपण्णे** = તેથી સદા સત્યથી યુક્ત થઈને, **भूएहिं मेत्तिं कप्पए** = જીવોની સાથે મૈત્રી કરવી જોઈએ.

**ભાવાર્થ :–** શ્રી તીર્થંકર દેવે તે તે આગમાદિ સ્થાનોમાં જે જીવાદિ પદાર્થોનું સારી રીતે કથન કર્યું છે, તે જ સત્ય છે અને તે જ સુભાષિત છે. તેથી સદા સત્યથી સંપન્ન થઈ પ્રાણીઓ સાથે મૈત્રી ભાવના રાખવી જોઈએ.

**૪** **भूएहिं ण विरुज्झेज्जा, एस धम्मे वुसीमओ ।**
**वुसीमं जगं परिण्णाय, अस्सिं जीवियभावणा ॥**

**શબ્દાર્થ :– भूएहिं ण विरुज्झेज्जा** = પ્રાણીઓની સાથે વેર ન કરે, **एस वुसीमओ धम्मे** = આ સાધુઓનો ધર્મ છે, **वुसीमं जगं परिण्णाय** = સાધુ જગતના સ્વરૂપને જાણીને, **अस्सिं जीवियभावणा** = સંયમધર્મની ભાવના કરે.

**ભાવાર્થ :–** પ્રાણીઓની સાથે વેરવિરોધ ન કરે, આ જ સુસંયમીનો ધર્મ છે. સુસંયમી સાધુ ત્રસ–સ્થાવરરૂપ જગતના સ્વરૂપને સમ્યક્રૂપે જાણી સંયમધર્મની ભાવનાથી આત્માને ભાવિત કરે.

**૫** **भावणाजोगसुद्धप्पा, जले णावा व आहिया ।**
**णावा व तीरसंपण्णा, सव्वदुक्खा तिउट्टइ ॥**

**શબ્દાર્થ :– भावणाजोगसुद्धप्पा** = ભાવનાથી ભાવિત શુદ્ધ આત્માવાળા, **जले णावा व आहिया** = પાણીમાં નાવ સમાન છે, **णावा व तीरसंपण्णा** = તીર (કિનારા) ને પ્રાપ્ત કરીને જેમ નાવ વિશ્રાંતિ પામે, **सव्वदुक्खा तिउट्टइ** = તે રીતે ઉક્ત પુરુષ બધાં દુઃખોથી મુક્ત થઈ જાય છે.

**ભાવાર્થ :–** ભાવનાઓના યોગથી જેનો અંતરાત્માં શુદ્ધ થઈ ગયો છે, તેની સ્થિતિ પાણીમાં નૌકાની સમાન સંસાર સમુદ્રને પાર કરવામાં સમર્થ કહેવામાં આવી છે. કિનારાપર પહોંચેલી નૌકા વિશ્રામ પામે છે, તેવી જ રીતે ભાવનાયોગથી સંપન્ન સાધક પણ સંસાર સમુદ્રના તટપર પહોંચીને સમસ્ત દુઃખોથી મુક્ત થઈ જાય છે.

## વિવેચન :–

આ પાંચ ગાથાઓમાં શાસ્ત્રકારે મુખ્યરૂપે બે તથ્યોને અભિવ્યક્ત કર્યાં છે. (૧) અનુપમ જ્ઞાનવાન તીર્થંકરનું માહાત્મ્ય અને (૨) તેઓના દ્વારા કથિત ભાવનાયોગની સાધના.

**અનુપમજ્ઞાની તીર્થંકરના અને અન્યદર્શનીના જ્ઞાનમાં અંતર :–** તીર્થંકર જ્ઞાનાવરણીયાદિ ઘાતિકર્મ ચતુષ્ટયનો ક્ષય કરવાના કારણે ત્રિકાલજ્ઞ છે, દ્રવ્ય–પર્યાય સહિત સર્વ પદાર્થના જ્ઞાતા છે, તેઓએ સંશય–વિપર્યય અનધ્યવસાય રૂપ મિથ્યા જ્ઞાનનો અંત કરી નાખ્યો છે, તેથી તેમના જેવું પૂર્ણજ્ઞાન કોઈ તથાગત બુદ્ધ આદિ અન્યદાર્શનિકનું નથી, કારણ કે અન્ય દાર્શનિકોને ઘાતિકર્મ ચતુષ્ટયનો સર્વથા ક્ષય ન થવાથી તેઓ ત્રિકાલજ્ઞ હોતા નથી અને તેઓ દ્રવ્ય–પર્યાય સહિત પદાર્થના જ્ઞાતા પણ હોતા નથી. જો

તેઓ (અન્ય તીર્થિકો) ત્રિકાલજ્ઞ હોત તો તેઓ કર્મબંધનાં કારણોથી દૂર રહેત, તેઓ દ્વારા માન્ય અથવા રચિત આગમોમાં કોઈ એક જગ્યાએ પ્રાણી હિંસાનો નિષેધ હોવા છતાં પણ અનેક સ્થાનોને આરંભાદિ જનિત હિંસાનું વિધાન કરવામાં આવ્યું છે. એ સિવાય કેટલાક દાર્શનિકો દ્રવ્યને જ માને છે, કેટલાક (બોદ્ધ આદિ) પર્યાયને જ માને છે, કેટલાક દાર્શનિક કહે છે કે કીડાઓ(જીવો)ની સંખ્યાનું જ્ઞાન કરી લેવાથી શું લાભ ? ઈષ્ટ વસ્તુનું જ્ઞાન જ ઉપયોગી છે, મહાપુરુષોનું સર્વજ્ઞ હોવું જરૂરી નથી. તેઓની આ વાત તર્ક સંગત નથી. જેવી રીતે તેઓને કીટસંખ્યાનું પરિજ્ઞાન નથી, તેવી રીતે બીજા પદાર્થોનું જ્ઞાન પણ ન હોય. આ રીતે તેઓનું જ્ઞાન તીર્થંકરના જ્ઞાનની જેમ અબાધિત નથી. જ્ઞાન બાધિત હોવાના કારણે તેઓની સર્વજ્ઞતા તેમજ સત્યવાદિતા દૂષિત થાય છે.

**સર્વજ્ઞ વીતરાગ જ સત્યના પ્રતિપાદક :–** અન્યદર્શની પૂર્વોક્ત કારણોથી સર્વજ્ઞ નથી. તેથી તેઓ સત્ય(યથાર્થ) વક્તા થઈ શકતા નથી. તેઓના કથનમાં અલ્પજ્ઞતાના કારણે રાગ, દ્વેષ, પક્ષપાત, મોહ આદિ અવશ્યંભાવી છે, પરિણામે તેઓમાં પૂર્ણ સત્યવાદિતા તેમજ પ્રાણીહિતૈષિતા હોતી નથી, જ્યારે સર્વજ્ઞ તીર્થંકર રાગ–દ્વેષ મોહાદિ વિકાર રહિત હોવાથી સત્યવાદી છે. તેથી સિદ્ધ થાય છે કે તેઓએ આગમોમાં જે પ્રતિપાદન કર્યું છે, તે બધું સત્ય છે, પ્રાણીઓ માટે હિતકારી છે, સુભાષિત છે.

**સર્વજ્ઞોક્ત ઉપદેશ હિતકારી :–** સર્વજ્ઞ તીર્થંકર સર્વ હિતૈષી હોય છે, તેઓનું વચન પણ પૂર્ણ હિતકારી હોય છે. તેઓનું કોઈ પણ કથન પ્રાણી–હિતની વિરુદ્ધ હોતું નથી. તેનું પ્રમાણ એ છે કે તેઓ દ્વારા કથિત મૈત્રી ભાવના તથા અન્ય બાર, પચ્ચીસ વગેરે ભાવનાઓ સંસાર સાગર પાર કરાવે છે તથા મોક્ષ પ્રાપ્ત કરાવે છે. મૈત્રી આદિ ભાવનાઓની સાધના માટે પ્રાણીઓ સાથે વેર–વિરોધ કરવો નહિ અને સમગ્ર પ્રાણીજગતનું(સુખાભિલાષિતા, જીવનપ્રિયતા આદિ)સ્વરૂપ જાણી સંયમધર્મની ભાવનાથી આત્માને ભાવિત કરે.

## વિમુક્ત સાધક ? :–

**६** तिउट्टइ उ मेहावी, जाणं लोगंसि पावगं ।
तुट्टंति पावकम्माणि, णवं कम्ममकुव्वओ ॥

**શબ્દાર્થ :– लोगंसि पावगं जाणं** = લોકમાં પાપકર્મને જાણનાર, **मेहावी उ तिउट्टइ** = બુદ્ધિમાન્ પુરુષ સર્વ બંધનોથી છૂટી જાય છે.

**ભાવાર્થ :–** લોકમાં પાપકર્મને જાણનારા મેધાવી સાધુના બધા બંધનો છૂટી જાય છે. નવું કર્મ(બંધન)ન કરનારા પુરુષના બધાં પાપકર્મ(બંધન) તૂટી જાય છે.

**६** अकुव्वओ णवं णत्थि, कम्मं णाम विजाणइ ।
विण्णाय से महावीरे, जेण जाई ण मिज्जइ ॥

**શબ્દાર્થ :– अकुव्वओ णवं णत्थि** = જે પુરુષ કર્મ કરતો નથી તેને નવીન કર્મબંધ થતાં નથી, **कम्मं णाम विजाणइ** = તે પુરુષ આઠ પ્રકારના કર્મોને જાણે છે, **से महावीरे विण्णाय** = તે મહાવીર પુરુષ કર્મોને જાણીને, **जेण जाई ण मिज्जइ** = એવું કાર્ય કરે છે, જેનાથી તે સંસારમાં ઉત્પન્ન પણ થતા નથી અને મરતા પણ નથી.

**ભાવાર્થ :–** જે પુરુષ કર્મ કરતો નથી, તેને નવીન કર્મબંધન થતું નથી. તે આઠ પ્રકારના કર્મોને જાણે છે. તે મહાવીર પુરુષ ભગવત્ પ્રતિપાદિત સમગ્ર કર્મ વિજ્ઞાનને અર્થાત્ આઠ પ્રકારના કર્મોને જાણી, એવો પુરુષાર્થ કરે છે કે જેથી તે સંસારમાં ક્યારે ય જન્મ કે મરણ કરતા નથી.

**૮** **ण मिज्जइ महावीरे, जस्स णत्थि पुरेकडं ।**
**वाउव्व जालमच्चेइ, पिया लोगंसि इत्थिओ ॥**

**શબ્દાર્થ :– जस्स पुरेकडं णत्थि** = જેને પૂર્વકૃત કર્મ નથી, **महावीरे ण मिज्जइ** = તે મહાવીર પુરુષ જન્મતો કે મરતો નથી, **जालं वाउव्व लोगंसि पिया इत्थिओ अच्चेइ** = જેવી રીતે વાયુ અગ્નિની જ્વાળાને ઉલ્લંઘી જાય છે, તેવી રીતે આ લોકમાં મહાવીર પુરુષ સ્ત્રી સંબંધી કામભોગોનું ઉલ્લંઘન કરી જાય છે.

**ભાવાર્થ :–** જેના પૂર્વકૃત કર્મ નથી, તે મહાવીર સાધક જન્મતો નથી–મરતો પણ નથી. જેવી રીતે હવા અગ્નિની જ્વાળાનું ઉલ્લંઘન કરી જાય છે, તેવી જ રીતે આ લોકમાં મહાન અધ્યાત્મ વીર સાધક મનોજ્ઞ સ્ત્રીઓ(સ્ત્રી સંબંધી કામભોગો)નું ઉલ્લંઘન કરી જાય છે અર્થાત્ તે સ્ત્રીઓને વશ થતાં નથી.

**૯** **इत्थिओ जे ण सेवंति, आदिमोक्खा हु ते जणा ।**
**ते जणा बंधणुम्मुक्का, णावकंखंति जीवियं ॥**

**શબ્દાર્થ :– जे इत्थिओ ण सेवंति** = જે સ્ત્રીનું સેવન કરતા નથી, **ते जणा आदिमोक्खा हु** = તે મનુષ્યો બધાથી પહેલાં અર્થાત્ શીઘ્ર મોક્ષગામી થાય છે.

**ભાવાર્થ :–** જે સાધકજન સ્ત્રીઓનું સેવન કરતા નથી, તેઓ સર્વ પ્રથમ મોક્ષગામી(આદિમોક્ષ) થાય છે, સમસ્ત બંધનોથી મુક્ત તે સાધુજન અસંયમી જીવનની આકાંક્ષા કરતા નથી.

**૧૦** **जीवियं पिट्ठओ किच्चा, अंतं पावंति कम्मुणा ।**
**कम्मुणा सम्मुहीभूया, जे मग्गमणुसासइ ॥**

**શબ્દાર્થ :– जीवियं पिट्ठओ किच्चा** = (અસંયમી)જીવનને પાછળ કરીને, જીવનથી નિરપેક્ષ રહીને, અસંયમ જીવનથી મુખ ફેરવીને, **कम्मुणा अंतं पावंति** = કર્મના અંતને પામે છે, **कम्मुणा**

**संमुहीभूया** = તે પુરુષો વિશિષ્ટ કર્મોના અનુષ્ઠાનથી મોક્ષ સન્મુખીભૂત છે, **जे मग्गमणुसासई** = જે મોક્ષમાર્ગની શિક્ષા આપે છે.

**ભાવાર્થ :–** એવા વીર સાધકો અસંયમી જીવનથી મુખ ફેરવીને કર્મોના અંત(ક્ષય)ને પ્રાપ્ત થાય છે. જે સાધક સંયમાનુષ્ઠાન દ્વારા મોક્ષ માર્ગપર આધિપત્ય મેળવે છે અથવા મુમુક્ષુઓને મોક્ષમાર્ગમાં અનુશાસિત કરે છે, તેઓ વિશિષ્ટ કર્મ(ધર્મના આચરણ)થી મોક્ષની સન્મુખ થઈ જાય છે.

**११** **अणुसासणं पुढो पाणी, वसुमं पूयणासए ।**
**अणासए जए दंते, दढे आरयमेहुणे ॥**

**શબ્દાર્થ :– अणुसासणं पुढो पाणी** = ધર્મોપદેશ ભિન્ન ભિન્ન જીવોને ભિન્ન ભિન્ન રૂપે પરિણમે છે, **वसुमं** = સંયમધારી, **पूयणासए** = દેવાદિકૃત પૂજાને પ્રાપ્ત, **अणासए जए दंते** = પૂજામાં રુચિ ન રાખનાર, સંયમપરાયણ, જિતેન્દ્રિય, **दढे आरयमेहुणे** = દૃઢ અને મૈથુનરહિત પુરુષ મોક્ષની સન્મુખ છે.

**ભાવાર્થ :–** તે અનુશાસન(ધર્મોપદેશ) ભિન્ન ભિન્ન પ્રાણીઓમાં ભિન્ન ભિન્ન પ્રકારે પરિણત થાય છે. પ્રાપ્ત પૂજા પ્રતિષ્ઠામાં અરુચિ રાખનાર, વાસનાથી રહિત, સંયમમાં પ્રયત્નશીલ, દાન્ત (જિતેન્દ્રિય), પોતે કરેલ પ્રતિજ્ઞામાં દૃઢ તેમજ મૈથુનથી સર્વથા વિરત વસુમાન–સંયમધની સાધક જ મોક્ષાભિમુખ થાય છે.

**१२** **णीवारे व ण लीएज्जा, छिण्णसोए अणाविले ।**
**अणाइले सया दंते, संधिं पत्ते अणेलिसं ॥**

**શબ્દાર્થ :– णीवारे व ण** = ચોખામાં, **लीएज्जा** = લિપ્ત ન થાય, સૂવર આદિ પ્રાણીને પ્રલોભન આપીને મૃત્યુના સ્થાનપર પહોંચાડનાર ચોખાના દાણા જેવો સ્ત્રી સંગ છે, તેથી સાધુ સ્ત્રી સંગ ન કરે, **छिण्णसोए** = આશ્રવદ્વારને છેદી નાખ્યા છે, **अणाविले** = તથા જે રાગદ્વેષ રૂપ મળથી રહિત છે, **अणाइले** = સ્થિર ચિત્તવાળો છે, **सया दंते** = તે જ પુરુષ ઈન્દ્રિય અને મનને વશ કરેલો, **अणेलिसं संधिं पत्ते** = અનુપમ ભાવસંધિને પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :–** ડુક્કર આદિ પ્રાણીઓને પ્રલોભનમાં નાખી મૃત્યુના મુખમાં પહોંચાડનાર ચોખાના દાણા જેવા સ્ત્રી સંગમાં સાધક લીન થતા નથી. જેણે વિષયભોગરૂપ આશ્રવ દ્વારોને બંધ કરી દીધા છે, જે રાગદ્વેષરૂપ મળથી રહિત સ્વચ્છ છે, સદા દાન્ત છે, વિષયભોગમાં પ્રવૃત્ત અથવા આસક્ત ન હોવાથી સ્થિરચિત્ત છે, તે જ વ્યક્તિ અનુપમ ભાવસંધિ–મોક્ષાભિમુખતાને પ્રાપ્ત થાય છે.

**१३** **अणेलिसस्स खेयण्णे, ण विरुज्झेज्ज केणइ ।**
**मणसा वयसा चेव, कायसा चेव चक्खुमं ॥**

**શબ્દાર્થ :– अणेलिसस्स खेयण्णे** = તેના જેવો બીજો ઉત્તમ પદાર્થ ન હોય તેને અનીદશ કહે છે– તે સંયમ છે અથવા તીર્થંકર કથિત ધર્મ છે તે સંયમમાં કે ધર્મમાં જે પુરુષ નિપુણ છે તે, **चक्खुमं** = પરમાર્થદર્શી છે.

**ભાવાર્થ :–** અનીદશ–જેના સમાન બીજો કોઈ ઉત્તમ પદાર્થ નથી તેવા સંયમ અથવા ધર્મના જે મર્મજ્ઞ હોય, મન, વચન, કાયાથી કોઈ પ્રાણી સાથે વેરવિરોધ કરતા ન હોય, તે પરમાર્થથી ચક્ષુષ્માન(દિવ્ય તત્ત્વદર્શી) છે.

**१४**

**से हु चक्खू मणुस्साणं, जे कंखाए य अंतए ।**
**अंतेण खुरो वहइ, चक्कं अंतेण लोट्टइ ॥**

**શબ્દાર્થ :– से हु मणुस्साणं चक्खू** = તે પુરુષ જ મનુષ્યોની આંખ(સમાન) છે, **जे कंखाए अंतए** = જે ભોગની ઈચ્છાનો અંત કરે છે, **खुरो अंतेण वहइ** = અસ્ત્રો અંતિમ(છેડાના) ભાગથી જ ચાલે છે, **चक्कं अंतेण लोट्टइ** = તથા રથનું ચક્ર અંતિમ ભાગથી જ ચાલે છે.

**ભાવાર્થ :–** જે સાધક ભોગતૃષ્ણાનો અંત કરે છે, તે ભવ્યજીવોને માટે નેત્રની જેમ ઉત્તમ માર્ગના માર્ગદર્શક છે. જેવી રીતે અસ્ત્રો અંતિમભાગ(અણી)થી કાર્ય કરે છે, રથનું ચક્રપણ અંતિમભાગ(ધાર)થી ચાલે છે, તેવી રીતે મોહનીય કર્મનો અંત જ સંસારનો અંત કરે છે.

**१५**

**अंताणि धीरा सेवंति, तेण अंतकरा इहं ।**
**इह माणुस्सए ठाणे, धम्मारहिउं णरा ॥**

**શબ્દાર્થ :– धीरा अंताणि सेवंति** = વિષયસુખની ઈચ્છારહિત પુરુષ અન્તપ્રાન્ત આહારનું સેવન કરે છે, **तेण इहं अंतकरा** = એ કારણે તેઓ સંસારનો અંત કરે છે, **इह माणुस्सए ठाणे णरा धम्ममाराहिउं** = આ મનુષ્યલોકમાં મનુષ્યો ધર્મનું આરાધન કરીને સંસારનો અંત કરે છે.

**ભાવાર્થ :–** વિષય–સુખાકાંક્ષા રહિત ધીર સાધક અન્ત–પ્રાન્ત આહારનું સેવન કરી સંસારનો અંત કરે છે. આ મનુષ્યલોકમાં જ મનુષ્યો ધર્મની આરાધના કરી સંસારનો અંત કરે છે.

**વિવેચન :–**

આ દશ ગાથાઓમાં શાસ્ત્રકારે મોક્ષાભિમુખ, કર્મવિમુક્ત સાધકનું દિગ્દર્શન કરાવ્યું છે. મુખ્યતયા તે વર્ણન ચાર પ્રશ્નના ઉત્તર રૂપે છે–

(૧) કર્મબંધનથી વિમુક્ત કોણ થાય ?(૨) મોક્ષાભિમુખ સાધક કોણ કહેવાય ? (૩) સંસારનો અંતકર્તા સાધક કોણ હોય ? (૪) કયા પ્રકારની સાધનાથી આ ત્રણેને યોગ્ય બનાય ?

વસ્તુતઃ આ ત્રણે પ્રશ્નો પરસ્પર સંબદ્ધ છે. જે કર્મબંધનથી મુક્ત થાય, તે જ મોક્ષાભિમુખ થાય,

જે મોક્ષાભિમુખ હોય, તે જ સંસારનો અંત કરે છે. મોક્ષાભિમુખતા પ્રાપ્ત કરનાર સાધકમાં નીચેના ગુણો હોય છે– (૧) અસંયમી જીવન પ્રત્યે નિરપેક્ષ રહી આઠ પ્રકારનાં કર્મોનો ક્ષય કરવામાં ઉદ્યત હોય (૨) વિશિષ્ટતપ, સંયમ આદિના આચરણથી મોક્ષાભિમુખ હોય (૩) જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ મોક્ષમાર્ગમાં સંનિષ્ઠ હોય (૪) સંયમનિષ્ઠ હોય (૫) પૂજા, સત્કાર પ્રતિષ્ઠા આદિમાં રુચિ ન હોય (૬) વિષયવાસનાથી દૂર હોય (૭) સંયમમાં પુરુષાર્થશીલ હોય (૮) વશેન્દ્રિય હોય (૯) મહાવ્રત આદિની કરેલી પ્રતિજ્ઞામાં દઢ હોય (૧૦) મૈથુન–સેવનથી વિરત હોય (૧૧) વિષયભોગોના પ્રલોભનમાં લેપાતા ન હોય (૧૨) કર્મોના આશ્રવનો વિરોધ કરતા હોય (૧૩) તે રાગદ્વેષાદિ મળથી રહિત સ્વચ્છ હોય (૧૪) વિષયભોગોથી વિરક્ત થઈ વ્યાકુળતા રહિત સ્થિરચિત્ત હોય (૧૫) અનુપમ સંયમ અથવા અનુત્તર વીતરાગ ધર્મનો મર્મજ્ઞ હોવાથી તે મન, વચન, કાયાથી કોઈપણ પ્રાણી સાથે વેર વિરોધ કરનાર ન હોય (૧૬) સંસારનો અંત કરનાર સાધક પરમાર્થદર્શી હોય (૧૭) તે સમસ્ત આકાંક્ષાઓનો અંત કરનાર હોય (૧૮) તે પરીષહો અને ઉપસર્ગોને સહેવામાં ધીર હોય (૧૯) તે અન્ત–પ્રાન્ત આહારાદિનું સેવન કરનાર હોય (૨૦) તે મનુષ્ય જન્મમાં દઢતાપૂર્વક ધર્મારાધના કરતા હોય (૨૧) મોહનીય આદિ ઘાતિકર્મોનો અંત કરી સંસારનો અંત અર્થાત્ મોક્ષને પ્રાપ્ત કરનાર હોય.

**મોક્ષપ્રાપ્તિની દુર્લભતા સુલભતા :–**

**१६** **णिट्ठियट्ठा व देवा वा, उत्तरीए इमं सुयं ।**
**सुयं च मेयमेगेसिं, अमणुस्सेसु णो तहा ॥**

**શબ્દાર્થ :– उत्तरीए इमं सुयं** = લોકોત્તર પ્રવચનમાં આ સાંભળ્યું છે કે, **णिट्ठियट्ठा व देवा वा** = મનુષ્ય જ કર્મક્ષય કરીને સિદ્ધગતિને પ્રાપ્ત કરે છે અથવા દેવ થાય છે, **मेयमेगेसिं सुयं च** = અને મેં તીર્થંકરો પાસેથી એ પણ સાંભળ્યું છે કે, **अमणुस्सेसु णो तहा** = મનુષ્ય સિવાયની ગતિવાળા જીવો સિદ્ધિને પ્રાપ્ત કરતા નથી.

**ભાવાર્થ :–** મેં(સુધર્માસ્વામીએ) લોકોત્તર પ્રવચન(તીર્થંકર ભગવાનની ધર્મદેશના)માં સાંભળ્યું છે કે મનુષ્ય જ કર્મક્ષય કરી નિષ્ઠિતાર્થ–કૃતકૃત્ય થાય છે, મોક્ષ પ્રાપ્ત કરે છે, કર્મ શેષ રહે તો દેવગતિ પ્રાપ્ત કરે છે. મનુષ્ય સિવાયની અન્ય ગતિના જીવોમાં મોક્ષ પ્રાપ્ત કરવાની યોગ્યતા નથી. એ પણ તીર્થંકરો પાસેથી સાંભળ્યું છે.

**१७** **अंतं करेंति दुक्खाणं, इहमेगेसिं आहियं ।**
**आघायं पुण एगेसिं, दुल्लहेऽयं समुस्सए ॥**

**શબ્દાર્થ :– इहमेगेसिं आहियं** = આ આર્હત્ પ્રવચનમાં ગણધર આદિનું કથન છે કે, **दुक्खाणं अंतं करेंति** = મનુષ્ય જ સમસ્ત દુઃખોનો નાશ કરી શકે છે, **पुण एगेसिं आघायं** = વળી તેઓનું કથન છે કે, **अयं समुस्सए दुल्लहे** = આ મનુષ્યભવ પણ દુર્લભ છે.

**ભાવાર્થ :–** કેટલાક અન્યતીર્થિકોનું કથન છે કે દેવ પણ સમસ્ત દુઃખોનો અંત કરે છે પરંતુ તેમ સંભવિત નથી. આ આર્હત્ પ્રવચનમાં તીર્થંકર, ગણધર આદિનું કથન છે કે મનુષ્ય જ સમસ્ત કર્મોનો ક્ષય કરી શકે છે. આ મનુષ્ય જન્મ પ્રાપ્ત થવો દુર્લભ છે.

**१८** **इओ विद्धंसमाणस्स, पुणो संबोहि दुल्लहा ।**
**दुल्लहाओ तहच्चाओ जे धम्मट्ठं वियागरे ॥**

**શબ્દાર્થ :– इओ विद्धंसमाणस्स** = આ મનુષ્ય શરીર નાશ પામ્યા પછી, **पुणो संबोहि दुल्लहा** = ફરી બોધ પ્રાપ્ત થવો દુર્લભ છે, **तहच्चाओ दुल्लहाओ** = સમ્યગ્દર્શનની પ્રાપ્તિ યોગ્ય અંતઃકરણ (શુભ લેશ્યા)પણ દુર્લભ છે, **जे धम्मट्ठं वियागरे** = જે ધર્મ પ્રાપ્ત કરવા યોગ્ય છે, તેવી લેશ્યા પ્રાપ્ત કરવી કઠિન છે, જે જીવ ધર્મની વ્યાખ્યા કરે છે.

**ભાવાર્થ :–** જે જીવ આ મનુષ્યભવથી ભ્રષ્ટ થઈ જાય છે, તેને ફરીવાર જન્માન્તરમાં સમ્બોધિ (સમ્યગ્ દષ્ટિ)ની પ્રાપ્તિ થવી અત્યંત દુર્લભ છે. જે ધર્મપ્રાપ્તિને યોગ્ય છે, તેઓની તથાભૂત અર્ચા–સમ્યગ્દર્શનાદિ પ્રાપ્તિને યોગ્ય શુભ લેશ્યા–અંતઃકરણ પરિણતિ અથવા સમ્યગ્દર્શન પ્રાપ્તિયોગ્ય તેજસ્વી મનુષ્યદેહ પ્રાપ્ત થવો અત્યંત દુર્લભ છે.

## વિવેચન :–

આ ત્રણ ગાથાઓમાંથી પ્રારંભની બે ગાથાઓમાં કહ્યું છે કે સમસ્ત કર્મોનો ક્ષય, સર્વદુઃખોનો અંત મનુષ્ય જ કરી શકે છે, તેઓ જ સિદ્ધગતિ પ્રાપ્ત કરીને કૃતકૃત્ય થઈ શકે છે. બીજા દેવાદિગતિ–વાળાઓને મોક્ષ–પ્રાપ્તિ નથી. તેમનામાં સત્ ચારિત્ર પરિણામ હોતા નથી. ત્રીજી ગાથામાં કહ્યું છે કે મોક્ષપ્રાપ્તિ માટે સંબોધિ તથા સંબોધિ પ્રાપ્તિની આંતરપરિણતિ(લેશ્યા) પ્રાપ્ત થવી તે મનુષ્યોને માટે દુર્લભ છે. જે માનવજીવનમાં ધર્મબીજ વાવી ન શક્યા તે મનુષ્યભવને નિરર્થક ગુમાવી દે છે. નિષ્કર્ષ એ છે કે મોક્ષપ્રાપ્તિની સમગ્ર સામગ્રી તે જીવોને માટે જ સુલભ છે, જે મનુષ્ય જન્મ પામીને સમ્યગ્દષ્ટિ સંપન્ન થઈને ધર્માચરણ કરે છે.

**धम्मट्ठं वियागरे :–** પાઠાંતર છે– **धम्मट्ठी विदितपरापरा** તેનો અર્થ છે– ધર્માર્થીજન 'પર' એટલે કે શ્રેષ્ઠ–મોક્ષ અથવા મોક્ષસાધન તથા 'અપર' એટલે કે નિકૃષ્ટ–મિથ્યાદર્શન, અવિરતિ આદિ. આ બન્ને પર અને અપરને જ્ઞાત(વિદિત) કરી ચૂક્યા છે.

## મોક્ષપ્રાપ્ત પુરુષોત્તમ પુરુષનું શાશ્વત સ્થાન :–

**१९** **जे धम्मं सुद्धमक्खंति, पडिपुण्णमणेलिसं ।**
**अणेलिसस्स जं ठाणं, तस्स जम्मकहा कओ ॥**

**શબ્દાર્થ :– जे** = જે મહાપુરુષ, **पडिपुण्णमणेलिसं सुद्ध धम्मं अक्खंति** = પ્રતિપૂર્ણ, સર્વોત્તમ, શુદ્ધ ધર્મની વ્યાખ્યા કરે છે, **अणेलिसस्स जं ठाणं** = તેઓ સર્વોત્તમ પુરુષના સ્થાનને (મોક્ષને)પ્રાપ્ત કરે છે, **तस्स जम्मकहा कओ** = પછી તેઓને માટે જન્મ લેવાની વાત પણ ક્યાં છે ?

**ભાવાર્થ :–** જે મહાપુરુષ પરિપૂર્ણ, અનુપમ, શુદ્ધ ધર્મની વ્યાખ્યા કરે છે, તેઓ સર્વોત્તમ પુરુષના (સમસ્ત દ્વન્દ્વોથી રહિત) સ્થાનને મોક્ષને પ્રાપ્ત કરે છે, પછી તેઓ માટે જન્મ લેવાની તો વાત જ ક્યાં ?

**૨૦** **कओ कयाइ मेहावी, उप्पज्जंति तहागया ।**
**तहागया य अपडिण्णा, चक्खु लोगस्सऽणुत्तरा ॥**

**શબ્દાર્થ :– तहागया** = તથાગત–આ જગતમાં ફરી નહિ આવવા માટે ગયેલા, **मेहावी** = જ્ઞાની પુરુષ, **कओ कयाइ उप्पज्जंति** = ક્યારે ય પણ કઈ રીતે ઉત્પન્ન થઈ શકે છે ? **अप्पडिण्णा तहागया** = નિદાન રહિત તીર્થંકર અને ગણધર આદિ, **लोगस्सणुत्तरा चक्खु** = પ્રાણીઓને માટે સર્વોત્તમ નેત્ર સમાન છે.

**ભાવાર્થ :–** આ જગતમાં ફરી નહિ આવવા માટે મોક્ષમાં ગયેલા(તથાગત) મેધાવી(જ્ઞાની) પુરુષ શું ક્યારે ય ફરી ઉત્પન્ન થઈ શકે છે ? કદાપિ નહિ. અપ્રતિજ્ઞ, નિયાણા રહિત તથાગત અર્થાત્ તીર્થંકર, ગણધર આદિ પ્રાણી જગતના અનુત્તર, સવોત્કૃષ્ટ નેત્ર(પથપ્રદર્શક) છે.

**વિવેચન :–**

આ બન્ને ગાથામાં મોક્ષપ્રાપ્ત પુરુષોત્તમ પુરુષનું સ્વરૂપ બતાવી, સંસારમાં તેઓના પુનરાગમનનું નિરાકરણ કરવામાં આવ્યું છે. જે પુરુષે સર્વ કર્મોનો આત્યંતિક નાશ કર્યો છે, તેને પુનર્જન્મની શક્યતા જ નથી. જન્મનું કારણ કર્મ છે, કર્મનો નાશ થયો હોવાથી જન્મની કદાપિ સંભાવના નથી. આ રીતે અન્ય દાર્શનિકોની અવતારવાદની માન્યતાનું ખંડન થઈ જાય છે.

**સંસાર પારંગત સાધકની સાધના :–**

**૨૧** **अणुत्तरे य ठाणे से, कासवेण पवेइए ।**
**जं किच्चा णिव्वुडा एगे, णिट्ठं पावंति पंडिया ॥**

**શબ્દાર્થ :– से ठाणे अणुत्तरे य** = તે સંયમ સ્થાન સૌથી પ્રધાન(મુખ્ય) છે, **कासवेण पवेइए** = કાશ્યપ ગોત્રવાળા ભગવાન મહાવીર સ્વામીએ જેનું વર્ણન કર્યું છે, **जं किच्चा** = જેનું પાલન કરીને, **णिव्वुडा** = કષાયોથી શાંત થઈ, નિર્વાણ પ્રાપ્ત, **एगे पंडिया** = કોઈ પંડિત પુરુષ, **णिट्ठं पावंति** = સંસારનો અંત કરે છે.

**ભાવાર્થ :–** કાશ્યગોત્રીય શ્રમણ ભગવાન મહાવીરે કહ્યું છે કે તે અનુત્તર(સૌથી પ્રધાન)સ્થાન સંયમ છે, જે (સંયમ)નું પાલન કરીને કેટલાક મહાસત્ત્વશાળી સાધકો કષાયોથી શાંત થઈ નિર્વાણ પ્રાપ્ત કરે છે.

તે પંડિત પુરુષ પાપથી નિવૃત્ત કે કષાયોથી નિવૃત્ત થઈને નિષ્ઠા–સંસાર ચક્રનો અંત કરી લે છે અથવા સિદ્ધિ પ્રાપ્ત કરી લે છે.

**૨૨** **पंडिए वीरियं लद्धुं, णिग्घायाय पवत्तगं ।**
**धुणे पुव्वकडं कम्मं, णवं चावि ण कुव्वइ ॥**

**શબ્દાર્થ :– पंडिए णिग्घायाय पवत्तगं वीरियं लद्धुं** = પંડિતપુરુષ, કર્મનો વિનાશ કરવામાં સમર્થ વીર્યને પામીને.

**ભાવાર્થ :–** પંડિત સાધક સમસ્ત કર્મોના નિઘાત(નિર્જરા) માટે પ્રવર્તક પંડિતવીર્યને પ્રાપ્ત કરી, પૂર્વના અનેક ભવોમાં કરેલાં કર્મોનો ક્ષય કરે છે અને નવો કર્મબંધ કરતા નથી.

**૨૩** **ण कुव्वइ महावीरे, अणुपुव्वकडं रयं ।**
**रयसा सम्मुहीभूता, कम्मं हेच्चाण जं मयं ॥**

**શબ્દાર્થ :– महावीरे** = કર્મનું વિદારણ કરવામાં સમર્થ પુરુષ, **अणुपुव्वकडं रयं** = અનુક્રમથી પૂર્વકૃત કર્મરજને, **ण कुव्वइ** = કરતા નથી, **रयसा** = કારણ કે તે પાપ કર્મ પૂર્વકૃત કર્મના પ્રભાવથી જ કરવામાં આવે છે, **जं मयं कम्मं हेच्चाण सम्मुहीभूता** = તે પુરુષ આઠ પ્રકારનાં કર્મોને છોડીને મોક્ષની સન્મુખ થાય છે.

**ભાવાર્થ :–** બીજા જીવો જેવી રીતે મિથ્યાત્વાદિ ક્રમથી પાપ કરે છે, તેવી રીતે કર્મવિદારણ કરવામાં સમર્થ સાધક કરતા નથી, પૂર્વકૃત પાપના પ્રભાવથી પુનઃ પાપ થાય છે પરંતુ તે મહાવીર પુરુષ સુસંયમના આશ્રયે પૂર્વકૃત કર્મોને રોકે છે અને આઠ પ્રકારના કર્મોનો ક્ષય કરી મોક્ષની સન્મુખ થાય છે.

**૨૪** **जं मयं सव्वसाहूणं, तं मयं सल्लगत्तणं ।**
**साहइत्ताण तं तिण्णा, देवा वा अभविंसु ते ॥**

**શબ્દાર્થ :– जं सव्वसाहूणं मयं** = જે સર્વસાધુઓને માન્ય છે, **सल्लगत्तणं तं साहइत्ताण** = તે પાપ અથવા પાપથી ઉત્પન્ન થયેલાં કર્મનો નાશ કરનાર સંયમની આરાધના કરીને.

**ભાવાર્થ :–** સમસ્ત સાધુઓને માન્ય જે સંયમ સાધના છે, તે પાપરૂપ શલ્ય અથવા પાપરૂપ શલ્યથી ઉત્પન્ન કર્મનો નાશ કરનાર છે. અનેક જીવો સંયમ સાધના દ્વારા સંસારસાગર તર્યા છે અથવા વૈમાનિક દેવ થયા છે.

**૨૫** **अभविंसु पुरा वीरा, आगमिस्सा वि सुव्वया ।**
**दुण्णिबोहस्स मग्गस्स, अंतं पाउकरा तिण्णे ॥ त्ति बेमि ॥**

**શબ્દાર્થ :– पुरा वीरा अभविंसु** = પૂર્વ સમયમાં વીર પુરુષો થયા છે, **दुण्णिबोहस्स मग्गस्स अंतं** = જે દુર્નિબોધ માર્ગ એટલે કે દુઃખપૂર્વક પ્રાપ્ત કરવા યોગ્ય સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ માર્ગના અંતને, **पाउकरा** = પ્રગટ કરી, **तिण्णे** = સંસારને તરી ગયા છે.

**ભાવાર્થ :–** પૂર્વકાળમાં અનેકવીર પુરુષ થયા છે, ભવિષ્યમાં પણ અનેક સુવ્રતી પુરુષ થશે. તેઓ દુર્નિબોધ–દુઃખથી પ્રાપ્ત થનારા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ માર્ગના અંત(ચરમસીમા) સુધી પહોંચી, સ્વયં તે સન્માર્ગ પર ચાલી સંસાર સાગરને પાર થયા છે, થશે અને થઈ રહ્યા છે.

## વિવેચન :–

આ પાંચ ગાથાઓથી સંસારસાગર પારંગત સાધકની સાધનાના વિવિધ પાસાઓ ફલિત થાય છે. તે આ પ્રમાણે છે–(૧) જિનેશ્વર કથિત શ્રેષ્ઠ સંયમનું પાલન કરીને કેટલાક નિર્વાણ પ્રાપ્ત કરે છે, સંસારચક્રનો અંત કરે છે (૨) સમસ્ત કર્મક્ષય માટે પંડિતવીર્યને પ્રાપ્ત કરી સંચિત કર્મોને નષ્ટ કરી, નવીન કર્મોને ઉપાર્જિત કરતા નથી (૩) કર્મવિદારક–સમર્થ સાધક નવીન પાપકર્મ કરતા નથી, પરંતુ પૂર્વકૃત કર્મોને તપ, સંયમના બળથી ક્ષય કરે છે (૪) પાપકર્મનો ક્ષય કરવા માટે જે સાધક સંયમની સાધના કરે છે તે સંસાર સાગરનો પાર પામે છે અથવા વૈમાનિક દેવ થાય છે (૫) ત્રણે કાળમાં એવા મહાપુરુષ થયા છે, જે રત્નત્રયરૂપ મોક્ષમાર્ગની સાધના કરી તેની પરાકાષ્ઠા પર પહોંચી, બીજાઓ સમક્ષ પણ તે જ માર્ગ પ્રદર્શિત કરી સંસાર સાગરને પાર કરે છે.

**वीरा** ના સ્થાને પાઠાંતર છે. **धीरा** = ધીર, પરીષહ–ઉપસર્ગ સહી કર્મ ખપાવવામાં સહિષ્ણુ, ધૃતિમાન.

## ॥ અધ્યયન ૧૫ સંપૂર્ણ ॥

# સોળમું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ "ગાથા" છે. ગાથા શબ્દ ગૃહ, અધ્યયન, ગ્રંથપ્રકરણ, છન્દવિશેષ, આર્યાગીતિ, પ્રશંસા, પ્રતિષ્ઠા, નિશ્ચય આદિ અર્થોમાં પ્રયુક્ત થાય છે.

નિર્યુક્તિકારે ગાથા શબ્દ પર નિક્ષેપ ઉતારતા નામ ગાથા, સ્થાપના ગાથા, દ્રવ્યગાથા અને ભાવગાથા, આ પ્રમાણે ચાર નિક્ષેપનું કથન કર્યું છે. પુસ્તકોમાં કે પાનાપર લખેલી ગાથા (પ્રાકૃતભાષામાં પદ્ય) દ્રવ્યગાથા છે. "ગાથા" પ્રત્યે ક્ષાયોપશમિક ભાવથી ઉત્પન્ન જે સાકારોપયોગ તે ભાવગાથા છે કારણ કે સમગ્રશ્રુત(શાસ્ત્ર) ક્ષયોપશમભાવમાં અને સાકારોપયોગ યુક્ત માનવામાં આવે છે. શ્રુતમાં નિરાકારોપયોગ સંભવ નથી.

આ અધ્યયન દ્રવ્યગાથા સાથે સંબંધિત છે. નિર્યુક્તિકાર અને વૃત્તિકારે આ અધ્યયનને દ્રવ્યગાથાની દૃષ્ટિએ ગાથા કહેવા પાછળ નીચે કહ્યાનુસાર વિશ્લેષણો રજૂ કર્યા છે. (૧) જેનું ઉચ્ચારણ મધુર, કર્ણપ્રિય તેમજ સુંદર હોય તે ગાથા છે (૨) જે મધુર અક્ષરોમાં પ્રવૃત્ત કરીને ગાવામાં કે વાંચવામાં આવે તે ગાથા છે (૩) જે ગાથા સામુદ્ર છંદમાં રચિત મધુર પ્રાકૃત શબ્દાવલીથી યુક્ત હોય તે ગાથા છે (૪) જે છંદબદ્ધ ન હોય તો પણ ગદ્યાત્મક ગેય પાઠ રૂપ હોય તોપણ તે ગાથા કહેવાય છે (૫) જેમાં ઘણો અર્થ સમુદાય એકત્ર કરીને સમાવિષ્ટ કરવામાં આવ્યો હોય અર્થાત્ પૂર્વોક્ત ૧૫ અધ્યયનોમાં કહેલા અર્થો (તથ્યો)ને એકત્રિત કરીને આ અધ્યયનમાં સમાવિષ્ટ કરવાના કારણે આ અધ્યયનનું નામ "ગાથા" રાખવામાં આવ્યું છે અથવા (૬) પૂર્વોક્ત ૧૫ અધ્યયનોમાં સાધુઓના જે ક્ષમાદિગુણ વિધિ નિષેધરૂપે બતાવવામાં આવ્યા છે, તે આ સોળમાં અધ્યયનમાં એકત્ર કરીને પ્રશંસાત્મક રૂપે કહેવામાં આવ્યા છે. તેથી આ અધ્યયનને "ગાથા" અથવા "ગાથાષોડશક" કહે છે.

આ અધ્યયનમાં શ્રમણ, માહણ, ભિક્ષુ અને નિર્ગ્રંથનું સ્વરૂપ પૃથક્ પૃથક્ ગુણનિષ્પન્ન– નિર્વચન કરીને પ્રશંસાત્મકરૂપે બતાવવામાં આવ્યું છે.

આ અધ્યયન સમસ્ત અધ્યયનોનો સાર છે, ગદ્યાત્મક પાંચ સૂત્રમય છે.

❖❖❖❖❖

# સોળમું અધ્યયન

## ગાથા

**અધ્યયન પ્રારંભ :–**

**१ अहाह भगवं– एवं से दंते दविए वोसट्ठकाए त्ति वच्चे– माहणे त्ति वा, समणे त्ति वा, भिक्खू त्ति वा, णिग्गंथे त्ति वा ।**

**पडिआह– भंते ! कहं णु दंते दविए वोसट्ठकाए त्ति वच्चे– माहणे त्ति वा समणे त्ति वा भिक्खू त्ति वा णिग्गंथे त्ति वा ? तं णो बूहि महामुणी !**

**શબ્દાર્થ :– अह भगवं आह** = પંદર અધ્યયનો કહ્યાં પછી ભગવાને કહ્યું કે, **एवं से** = પંદર અધ્યયનોમાં કહેલા અર્થોથી યુક્ત જે પુરુષ, **दंते** = ઈન્દ્રિય અને મનને વશ કરે, **दविए** = સંયમવાન બને તથા, **वोसिट्ठकाए वच्चे** = શરીરનો વ્યુત્સર્ગ કરે, **पडिआह** = શિષ્યે પૂછ્યું, **कहण्णु** = તે શા માટે, **तं णो बूहि महामुणी** = હે મહામુનિ ! તે મને આપ સ્પષ્ટ બતાવો !

**ભાવાર્થ :–** પૂર્વોક્ત પંદર અધ્યયનો કહ્યા પછી ભગવાને કહ્યું, આ રીતે પંદર અધ્યયનોમાં કહેલા અર્થગુણોથી યુક્ત જે સાધક ઈન્દ્રિયો અને મનને વશ કરે છે, સંયમવાન છે, શરીર પ્રત્યેનું મમત્વ ત્યાગે છે, તેને માહણ, શ્રમણ, ભિક્ષુ અથવા નિર્ગ્રંથ કહેવા જોઈએ.

શિષ્યે પ્રતિપ્રશ્ન કર્યો...હે ભંતે ! પૂર્વોક્ત પંદર અધ્યયનોમાં કહેલા અર્થો–ગુણોથી યુક્ત જે સાધક દાન્ત છે, ભવ્ય છે–સંયમવાન છે, શરીર પ્રત્યે જેણે મમત્વભાવનો વ્યુત્સર્ગ(ત્યાગ)કર્યો છે, તેને માહણ, શ્રમણ, ભિક્ષુ કે નિર્ગ્રંથ શા માટે કહેવા જોઈએ ? હે મહામુનિ ! તે કૃપાકરીને અમને કહો.

**વિવેચન :–**

આ ગાથામાં સુધર્માસ્વામીએ પોતાના શિષ્યોની સમક્ષ પૂર્વોક્ત ૧૫ અધ્યયનોમાં કહેલા સાધુ ગુણોથી યુક્ત સાધકને ભગવાન દ્વારા માહણ, શ્રમણ, ભિક્ષુ અને નિર્ગ્રંથ કહેવાનો ઉલ્લેખ કર્યો છે. તો શિષ્યોએ જિજ્ઞાસાવશ પ્રતિપ્રશ્નકર્યો કે તેઓને શા માટે અને કઈ અપેક્ષાએ માહણ આદિ કહેવાય ? આ પ્રશ્નનું સમાધાન આગળના સૂત્રોમાં કર્યું છે.

**દાન્ત :–** જે સાધક ઈન્દ્રિયો અને મનનું દમન કરે છે, પાપાચરણ અથવા સાવદ્યકાર્યમાં પ્રવૃત્ત થતાં રોકે

છે, ત્યાં સુધી કે પોતાની ઈન્દ્રિયો અને મનને એટલા અભ્યસ્ત કરી લે છે કે તે કુમાર્ગમાં જાય જ નહીં. તેને દાન્ત કહે છે.

**વ્યુત્સૃષ્ટકાય :–** જેણે શરીરને સજાવવા, શોભાવવા, પુષ્ટ કરવા, શ્રૃંગારિત કરવા આદિ સર્વ પ્રકારનાં શરીર–સંસ્કારોનો અને શરીર પ્રત્યે મમત્વનો ત્યાગ કર્યો હોય તે વ્યુત્સૃષ્ટકાય કહેવાય છે.

**માહણસ્વરૂપ :–**

**૨ इति विरएसव्वपावकम्मेहिं पेज्ज–दोस–कलह–अब्भक्खाण–पेसुण्ण–परपरिवाय अरइरइमायामोस मिच्छादंसणसल्ल विरए समिए सहिए सया जए णो कुज्झे णो माणी माहणे त्ति वच्चे ।**

**શબ્દાર્થ :– इति सव्वपावकम्मेहिं विरए** = જે પુરુષ સર્વ પાપોથી દૂર છે, **समिएसहिए सया जए णो कुज्झे णो माणी माहणे त्ति वच्चे** = પાંચ સમિતિથી સમિત, જ્ઞાનાદિ ગુણોથી સહિત, સદા ઈન્દ્રિયોને જીતનાર, ક્રોધ ન કરે, માન ન કરે તે માહણ કહેવાને યોગ્ય છે.

**ભાવાર્થ :–** પૂર્વોક્ત પંદર અધ્યયનોમાં જે ઉપદેશ આપ્યો છે, તે અનુસાર આચરણ કરનાર જે સાધક સમસ્ત પાપકર્મોથી વિરત છે. જે રાગ કે દ્વેષ કરે નહીં. જે કલહથી દૂર રહે, મિથ્યા દોષારોપણ કરે નહીં, અન્યની ચાડી–ચુગલી અને બીજાની નિંદા કરે નહીં. જે સંયમમાં અરુચિ(અરતિ)અને અસંયમમાં રુચિ(રતિ) રાખે નહીં, કપટયુક્ત અસત્ય બોલે નહીં, દંભ કરે નહીં અર્થાત્ અઢારે પાપસ્થાનોથી વિરત હોય, પાંચ સમિતિઓથી યુક્ત અને જ્ઞાન, દર્શન, ચારિત્રથી સંપન્ન હોય, હંમેશાં ષટ્ જીવનિકાયની યતના–રક્ષા કરવામાં તત્પર હોય અથવા ઈન્દ્રિય વિજયી હોય, ક્રોધ ન કરે, અભિમાન ન કરે. આવા ગુણોથી સંપન્ન અણગાર(સાધુ) "માહણ" કહેવાને યોગ્ય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં 'માહણ'ની યોગ્યતા પ્રગટ કરી છે.

**"માહણ" નો અર્થ અને લક્ષણ :–** "માહણ" પદ મા+હણ આ બે શબ્દો થી બને છે. તેનો અર્થ છે– "કોઈપણ પ્રાણીનું હનન(હિંસા)ન કરો." આ પ્રકારનો ઉપદેશ જે બીજાઓને આપે છે અથવા જે સ્વયં ત્રસ–સ્થાવર, સૂક્ષ્મ–બાદર કોઈપણ પ્રાણીની કોઈપણ પ્રકારે હિંસા કરતા નથી તે માહણ કહેવાય છે. હિંસા બે પ્રકારની હોય છે. દ્રવ્યહિંસા અને ભાવહિંસા. રાગ, દ્વેષ, કષાય અથવા અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહવૃત્તિ આદિ વૈભાવિક પરિણામ ભાવહિંસાની અંતર્ગત છે. ભાવહિંસા દ્રવ્યહિંસાથી વધુ ભયંકર છે. "માહણ" બંન્ને પ્રકારની હિંસાથી વિરત હોય છે. માહણ ને ભગવાને અહીં અઢાર પાપસ્થાનોથી વિરત બતાવ્યા છે. તેનો અર્થ એ છે કે તે ભાવહિંસાનાં મૂળ કારણોથી વિરત રહે છે. તે પાંચ સમિતિ તેમજ ત્રણ ગુપ્તિઓથી યુક્ત હોય છે, તેનું તાત્પર્ય એ છે કે તે અસત્ય, ચોરી આદિ ભાવહિંસાઓથી રક્ષણ કરનારી

સમિતિ–ગુપ્તિઓથી તે યુક્ત હોય છે. સમ્યગ્દર્શનાદિ રત્નત્રય સંપન્ન માહણ હિંસા નિવારણના અમોઘ ઉપાયભૂત માર્ગથી સુશોભિત છે. હિંસાથી સર્વથા નિવૃત્ત માહણ છકાય જીવોની રક્ષામાટે હંમેશાં પ્રયત્ન કરતા જ રહે છે. ક્રોધ અને અભિમાન આ બે ભાવહિંસાના મુખ્ય કારણ છે. માહણ ક્રોધાદિ ભાવજનક કષાયોથી દૂર રહે છે. આ બધા ગુણો "માહણ"ના અર્થ સાથે સુસંગત છે. તેથી ઉપરોક્ત ગુણોથી સંપન્ન સાધકને "માહણ" કહેવા તે યુક્તિયુક્ત (યોગ્ય) છે.

**શ્રમણસ્વરૂપ :–**

**३ एत्थ वि समणे अणिस्सिए अणियाणे आयाणं च अइवायं च मुसावायं च बहिद्धं च कोहं च माणं च मायं च लोभं च पेज्जं च दोसं च इच्चेवं जओ जओ आयाणातो अप्पणो पदोसहेउं तओ तओ आयाणाओ पुव्वं पडिविरए सिया दंते दविए वोसट्ठकाए 'समणे' त्ति वच्चे ।**

**શબ્દાર્થ :– एत्थ वि समणे** = જે સાધુ પૂર્વોક્ત ગુણસમૂહમાં વર્તમાન છે તેને શ્રમણ પણ કહેવા જોઈએ, **अणिस्सिए अणियाणे** = જે શરીરાદિમાં આસક્ત નથી તથા જે કોઈપણ સાંસારિક ફળની કામના કરતા નથી, **अइवायं च मुसावायं च** = પ્રાણીનો ઘાત કરતા નથી, અસત્ય બોલતા નથી, **बहिद्धं च** = મૈથુન અને પરિગ્રહ કરતા નથી, **इच्चेवं जओ जओ आयाणाओ अप्पणो पदोसहेउं** = આ રીતે જે જે વાતોથી આ લોક અને પરલોકમાં પોતાની હાનિ (નુકશાન) દેખાય છે તથા જે જે પોતાના આત્માના દ્વેષના કારણો છે, **तओ तओ आयाणाओ पुव्वं पडिविरए सिया** = તે તે પ્રાણાતિપાત આદિ કર્મબંધનાં કારણોથી જે પહેલેથી જ નિવૃત્ત છે, **दंते दविए वोसट्ठकाए समणे त्ति वच्चे** = ઈન્દ્રિય વિજેતા, સંયમી અને શરીરના પરિશોધનથી રહિત છે, તેને શ્રમણ કહેવા જોઈએ.

**ભાવાર્થ :–** આ સૂત્રમાં વિરતિ વગેરે જે ગુણો કહ્યા છે તે ગુણોથી સંપન્ન હોય તેને શ્રમણ કહેવાય છે. તે ગુણો આ પ્રમાણે છે. સાધક અનિશ્રિત–શરીર આદિ કોઈપણ પર પદાર્થમાં આસક્ત અથવા આશ્રિત ન હોય, અનિદાન–પોતાના તપસંયમના ફળ રૂપે કોઈપણ પ્રકારની માંગ ન હોય અર્થાત્ આ લોક–પરલોક સંબંધી સુખ–ભોગાકાંક્ષાથી રહિત હોય, કર્મબંધના કારણભૂત પ્રાણાતિપાત, મૃષાવાદ, મૈથુન અને પરિગ્રહ ઉપલક્ષણથી અદત્તાદાનથી રહિત હોય; ક્રોધ, માન, માયા, લોભ, રાગ અને દ્વેષ કરતા ન હોય. આ રીતે જે જે કર્મબંધના આદાનો–કારણો આ લોક–પરલોકમાં આત્મા માટે હાનિકારક છે તેમ જાણી, તે તે કર્મબંધના કારણોથી જે નિવૃત્ત હોય તેમજ જે દાન્ત, સંયમી તથા શરીર પ્રત્યે મમત્વ રહિત હોય, તેને શ્રમણ કહેવાય છે.

## વિવેચન :–

**શ્રમણનું સ્વરૂપ :–** શ્રમણના વિશિષ્ટ ગુણોનું સ્વરૂપ પ્રગટ કરવામાં આવ્યું છે.

**"શ્રમણ"નું નિર્વચન અને લક્ષણ–** પ્રાકૃતભાષાના "સમણ" શબ્દના સંસ્કૃતમાં ત્રણ રૂપાન્તર થાય છે.

શ્રમણ, શમણ અને સમણ.

**શ્રમણ–** જે મોક્ષ (કર્મક્ષય)ને માટે શ્રમ કરે છે, તપશ્ચર્યા કરે.

**શમણ–** જે કષાયોનું ઉપશમન કરે.

**સમણ–** જે પ્રાણીમાત્ર પર સમભાવ રાખે અથવા શત્રુ મિત્ર પર જેનું મન સમ–રાગદ્વેષરહિત છે.

શ્રમણનું પહેલું લક્ષણ "અનિશ્રિત" બતાવ્યું છે, શ્રમણ દેવ આદિના આશ્રિત બનીને રહેતા નથી. તે તપસંયમમાં પોતાના શ્રમ(પુરુષાર્થ)ના બળ પર જ આગળ વધે છે. શ્રમણ તપ કરે છે, તે કર્મક્ષયના ઉદ્દેશ્યથી જ કરે છે. નિયાણાપૂર્વક તપ કરતા નથી. કારણ કે નિયાણું કરવાથી કર્મક્ષય થતો નથી, તેથી શ્રમણનું લક્ષણ "અનિદાન" બતાવવામાં આવ્યું છે. પ્રાણાતિપાત આદિ જે જે કાર્યથી કર્મબંધ થાય છે તેનું તે શમન (વિરતિ) કરે છે, તેનાથી દૂર રહે છે. ક્રોધાદિ કષાયો તેમજ રાગદ્વેષ આદિનું શમન કરે છે. રાગ, દ્વેષ, મોહ આદિના કારણોથી દૂર રહીને "સમન" સમત્વમાં સ્થિત રહે છે.

નિષ્કર્ષ એ છે કે **अणिस्सिए** થી લઈને **वोसट्ठकाए** સુધી શ્રમણના જેટલા ગુણો અથવા લક્ષણો બતાવ્યાં છે તેઓ બધા **समण** શબ્દના ત્રણરૂપોમાં આવી જાય છે, તેથી ઉક્તગુણ સંપન્ન વિશિષ્ટ સાધકને "શ્રમણ" કહેવામાં આવે છે.

## ભિક્ષુ સ્વરૂપ :–

**४ एत्थ वि भिक्खू अणुण्णए विणीए णामए दंते दविए वोसट्ठकाए संविधुणीय विरूवरूवे परीसहोवसग्गे अज्झप्पजोगसुद्धादाणे उवट्ठिए ठियप्पा संखाए परदत्तभोई भिक्खु त्ति वच्चे ।**

**શબ્દાર્થ :– एत्थवि** = માહણ શબ્દના અર્થમાં જેટલા ગુણો પૂર્વસૂત્રમાં વર્ણિત છે, તે બધા ગુણો ભિક્ષુમાં પણ હોવા જોઈએ, **अणुण्णए** = એ સિવાય જે અનુન્નત છે એટલે કે અભિમાનથી રહિત હોય, **विणीए** = ગુર્વાદિનો વિનય કરતા હોય, **णामए** = તેઓ પ્રત્યે નમ્રતાપૂર્વકનો વ્યવહાર હોય છે, **संविधुणीय** = સહન કરતા હોય, **अज्झप्पजोग सुद्धादाणे** = અધ્યાત્મયોગથી જેનું ચારિત્ર શુદ્ધ છે, **उवट्ठिए** = જે સત્ ચારિત્રપાલનમાં ઉદ્યત–ઉપસ્થિત હોય, **ठिअप्पा** = જે મોક્ષમાર્ગમાં સ્થિત, **संखाए परदत्तभोई** = જે સંસારને અસાર જાણીને બીજાઓ દ્વારા અપાયેલા આહારથી પોતાનો નિર્વાહ કરતા હોય.

**ભાવાર્થ :–** "માહણ" અને "શ્રમણ" ની યોગ્યતા માટે જેટલા ગુણો પૂર્વસૂત્રોમાં વર્ણવ્યા છે, તે ગુણો તથા આ સૂત્રકથિત વિશિષ્ટ ગુણો જેમાં હોય તે ભિક્ષુ કહેવાય છે. તે ભિક્ષુ અનુન્નત–નિરભિમાની, વિનીત–જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ પ્રત્યે વિનયશીલ હોય પરંતુ ભાવથી અવનત(દીન મનવાળો)ન હોય. નામક–વિનયના આઠ પ્રકારથી પોતાના આત્માને નમાવનાર અથવા બધા પ્રત્યે નમ્ર વ્યવહારવાળા હોય, દાન્ત, સંયમી, મમત્વ રહિત, વિવિધ પ્રકારના પરીષહો અને ઉપસર્ગોને સમભાવપૂર્વક સહન કરનાર,

અધ્યાત્મયોગથી જેનું ચારિત્ર આદાન શુદ્ધ હોય. જે સત્ચારિત્ર પાલનમાં ઉદ્યત–ઉપસ્થિત હોય, જે સ્થિતાત્મા સ્થિતપ્રજ્ઞ અથવા જેનો આત્મા પોતાના શુદ્ધભાવમાં સ્થિત છે અથવા મોક્ષમાર્ગમાં સ્થિરચિત્ત હોય તથા સંસારની અસારતા જાણીને જે પરદત્તભોજી–ગૃહસ્થ દ્વારા આપેલા આહારથી નિર્વાહ કરનાર હોય તે "ભિક્ષુ" કહેવાય છે.

## વિવેચન :–

આ સૂત્રમાં ભિક્ષુના વિશિષ્ટ ગુણોનું નિરૂપણ કરતાં તેનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે.

**ભિક્ષુનો અર્થ અને સૂત્રોક્ત લક્ષણ :–** ભિક્ષુનો સામાન્ય અર્થ થાય છે ભિક્ષાજીવી પરંતુ ત્યાગી ભિક્ષુ અહર્નિશ તપસંયમમાં, સ્વપર કલ્યાણમાં અથવા રત્નત્રયરૂપ મોક્ષમાર્ગની સાધનાના પુરુષાર્થ માટે ભિક્ષા ગ્રહણ કરે છે.

આ વિશિષ્ટ અર્થના પ્રકાશમાં જ્યારે આપણે આ સૂત્રમાં કહેલ ભિક્ષુના વિશિષ્ટ ગુણાત્મક સ્વરૂપની સમીક્ષા કરીએ છીએ ત્યારે ભિક્ષુ માટે બતાવેલા બધા વિશિષ્ટગુણો યથાર્થ સિદ્ધ થાય છે. નિર્ગ્રંથ ભિક્ષુનો એક વિશિષ્ટ ગુણ છે. **''परदत्तभोई''**. આ ગુણનું રહસ્ય એ છે કે ભિક્ષુ અહિંસાની દષ્ટિએ સ્વયં ભોજન બનાવતા નથી, બીજા પાસે ભોજન કરાવતા નથી. અપરિગ્રહની દષ્ટિએ ભોજનનો સંગ્રહ કરતા નથી, પોતે ખરીદતા નથી, અન્યપાસે ખરીદાવતા નથી અને ખરીદેલું લેતા નથી. એ રીતે અચૌર્યની દષ્ટિએ ગૃહસ્થને ત્યાં બનેલા ભોજનને પૂછયા વિના ઉઠાવીને લઈ લેતા નથી, છીનવીને કે ચોરીને અથવા લૂંટીને લેતાં નથી. તે નિરામિષ ભોજી(માંસાહાર નહિ કરનારા) ગૃહસ્થોને ત્યાં ગૃહસ્થે પોતાના માટે બનાવેલા આહારમાંથી ભિક્ષાના નિયમાનુસાર ગૃહસ્થ દ્વારા પ્રસન્નતાપૂર્વક આપેલ, થોડો, એષણીય, કલ્પનીય અને અચિત્ત પદાર્થ(આહાર) ગ્રહણ કરે છે.

ભિક્ષુના બીજા ચાર વિશિષ્ટ ગુણો અહીં બતાવવામાં આવ્યા છે. તે આ પ્રમાણે :– [૧] અનુન્નત [૨] વિનીત [૩] નામક [૪] દાન્ત.

કોઈ સાધક જ્યારે ભિક્ષાને પોતાનો અધિકાર અથવા આજીવિકાનું સાધન બનાવી લે છે, ત્યારે તેનામાં અભિમાન આવી જાય, તે ઉદ્ધત થઈને ગૃહસ્થો(અનુયાયીઓ) પર હુકમ કરે, ભિક્ષા ન આપે તો શ્રાપ અથવા અનિષ્ટ કરી નાખવાનો ભય બતાવે અથવા ભિક્ષા આપવા માટે દબાણ કરે અથવા ભોજન મેળવવા દીનતા–હીનતા, કરુણતા બતાવે અથવા ભિક્ષા ન મળવાથી પોતાની નમ્રતા છોડી ગામ, નગર અને તે ગૃહસ્થની નિંદા કરવા લાગે અથવા અપશબ્દોથી ધિક્કારવા લાગે અથવા પોતાની જીભપર સંયમ રાખ્યા વિના સરસ, સ્વાદિષ્ટ, પૌષ્ટિક વસ્તુની લાલસાના કારણે સુખી–સંપન્ન ઘરોમાં વારંવાર જાય, અંગારાદિ દોષોનું સેવન કરીને પોતાની જિતેન્દ્રિયતાને ખોઈ બેસે છે. તેથી ભિક્ષુએ અનુન્નત, વિનીત, નામક–નમ્ર અથવા સંયમમાં સમર્પિત અને દાન્ત હોવું પરમ આવશ્યક છે.

આ ચાર ગુણો ભિક્ષાવિધિમાં તો લક્ષિત હોય જ છે, એ ઉપરાંત સાધકના જીવનમાં પ્રત્યેક ક્ષેત્રમાં

આ ગુણોની પ્રતિછાયા આવવી જોઈએ કારણ કે જીવનમાં સર્વત્ર સર્વદા આ ગુણો આવશ્યક છે.

આ દષ્ટિથી જ "વ્યુત્સૃષ્ટકાય", "સંખ્યાન–વિચારશીલ", "સ્થિતાત્મા" અને "ઉપસ્થિત" આ વિશિષ્ટ ચાર ગુણો ભિક્ષુના બતાવ્યા છે. (૧) ભિક્ષુ પોતાના શરીરપર મમત્વ રાખીને તેને જ હૃષ્ટપુષ્ટ તેમજ બલિષ્ઠ બનાવવાના લક્ષ્યને છોડીને શરીર પર મમત્વ રાખ્યા વિના, કલ્પનીય, એષણીય, સાત્વિક, આહારથી નિર્વાહ કરે (૨) સાધુ પોતાના શરીરના સ્વભાવનું ચિંતન કરે કે આ શરીર દ્વારા વ્રતોનું પાલન કરવું છે. સાધનાના આ સાધનને ટકાવવા આહાર તો આપવો છે પણ કર્મબંધન ન થાય તે રીતે એષણીય, કલ્પનીય, સાત્વિક, અલ્પતમ આહારથી જીવન નિર્વાહ કરવામાં જ જીવનની સાર્થકતા છે. હું શરીરને માટે પરાધીન, પરવશ ન બનું (૩) સ્થિતાત્મા થઈને સાધુ પોતાના આત્મભાવોમાં અથવા મોક્ષમાર્ગમાં સ્થિર રહે, આત્મગુણ ચિંતનમાં લીન રહે, ભોજ્ય પદાર્થોને મેળવવાનો અને સેવનનો વિચાર ન કરે (૪) ભિક્ષુ પોતાના સચ્ચારિત્ર પાલનમાં ઉદ્યત રહે. તેનું જ ધ્યાન રાખે, ચિંતન કરે, પોતાના શરીરના અને શરીર સાથે સંબંધિત વસ્તુઓના ચિંતનમાં મનને પ્રવૃત્ત ન કરે.

બે વિશેષણો ભિક્ષુની વિશેષતા દર્શાવે છે– (૧) અધ્યાત્મયોગ શુદ્ધાદાન (૨) વિવિધ પરીષહોપસર્ગ સહિષ્ણુ. કેટલાક ભિક્ષુ ભિક્ષા ન મળવાથી કે મનોનુકૂળ(ઈચ્છિત)ન મળવાથી આર્તધ્યાન અથવા રૌદ્રધ્યાન કરે છે, આ ભિક્ષુનું પતન છે. તેણે તે ધર્મધ્યાનાદિરૂપ અધ્યાત્મયોગથી પોતાના ચારિત્રને શુદ્ધ રાખવાનો અને રત્નત્રયની આરાધના પ્રધાન ચિંતન કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. ભિક્ષાટન સમયે પરીષહ અથવા ઉપસર્ગ આવે તો મનમાં દૈન્ય(દીનતા)અથવા સંયમને ત્યાગી દેવાનો વિચાર ન કરે પરંતુ તે પરીષહ અથવા ઉપસર્ગને સમભાવ પૂર્વક સહન કરે. વાસ્તવમાં આ ગુણો ભિક્ષુમાં હોય તો જ તે સાચા ભિક્ષુ કહેવાય.

## નિર્ગ્રંથ સ્વરૂપ :–

**૫ एत्थ वि णिग्गंथे एगे एगविऊ बुद्धे संछिण्णसोए सुसंजए सुसमिए सुसामाइए आयवायपत्ते य विऊ दुहओ वि सोयपलिच्छिण्णे णो पूया–सक्कार–लाभट्ठी, धम्मट्ठी धम्मविऊ णियागपडिवण्णे समियं चरे दंते दविए वोसट्ठकाए णिग्गंथे त्ति वच्चे । से एवमेव जाणह जमहं भयंतारो । त्ति बेमि ।**

**શબ્દાર્થ :– एत्थवि** = ભિક્ષુના ગુણો તો બધા નિર્ગ્રંથમાં હોવા જોઈએ તથા, **एगे** = જેઓ રાગદ્વેષથી રહિત રહે છે, **एगविऊ** = આ આત્મા એકલો જ પરલોકમાં જાય છે, એમ જે જાણે છે, **बुद्धे** = જે વસ્તુ સ્વરૂપને જાણે છે, **संछिण्णसोए** = જેણે આશ્રવ દ્વારોને રોકી દીધા છે, **सुसंजए** = જે પ્રયોજન વિના પોતાના શરીરની ક્રિયા કરતા નથી, અથવા જે પોતાની ઈન્દ્રિયો અને મનને વશમાં રાખે છે, **सुसमिए** = જે પાંચ પ્રકારની સમિતિઓથી યુક્ત છે, **सुसामाइए** = જે શત્રુ અને મિત્રમાં સમભાવ રાખે છે, **आयवायपत्ते** = જે આત્માના સાચા સ્વરૂપને જાણે છે, **विऊ** = જે સમસ્ત પદાર્થોના સ્વભાવને જાણે છે, **दुहओ वि सोय पलिच्छिण्णे** = જેણે દ્રવ્ય અને ભાવ બંન્ને પ્રકારે સંસારમાં જવાના સ્રોત એટલે કે માર્ગનું છેદન કરેલ છે,

**से एवमेव जाणह जमहं** = તેથી આપ લોકો આ રીતે સમજો જેવું અમે કહ્યું છે, **भयंतारो** = કારણ કે ભયથી જીવોની રક્ષા કરનારા પૂજ્ય પુરુષો યા સર્વજ્ઞ પુરુષો અન્યથા(મિથ્યા) કહેતા નથી.

**ભાવાર્થ :–** પૂર્વસૂત્રોક્ત ભિક્ષુ ગુણો ઉપરાંત અહીં દર્શાવેલા કેટલાક વિશિષ્ટ ગુણો નિર્ગ્રંથમાં હોવા જરૂરી છે. જે સાધક દ્રવ્યથી સહાય રહિત એકલા અને ભાવથી રાગદ્વેષરહિત એકાકી હોય, જે એકવેત્તા હોય અર્થાત્ આ આત્મા પરલોકમાં એકાકી જાય છે, તેને સારી રીતે જાણતા હોય અથવા એકમાત્ર મોક્ષ અથવા સંયમને જ જાણતા હોય, જે બુદ્ધ–જાગૃત હોય, જેણે આશ્રવોના દ્વાર બંધ કરી દીધા હોય, જે સુસંયત હોય–ઈન્દ્રિય અને મન પર સંયમ રાખતા હોય, જે પાંચ સમિતિઓથી યુક્ત હોય, જે શત્રુમિત્ર આદિ પર સમભાવ રાખતા હોય, જે આત્મવાદ પ્રાપ્ત આત્માના નિત્યાનિત્ય આદિ સમગ્ર સ્વરૂપના યથાર્થરૂપથી જ્ઞાતા હોય, જે સમસ્ત પદાર્થોના સ્વભાવને જાણતા હોય, જેણે દ્રવ્ય અને ભાવ બન્ને પ્રકારથી સંસારગમન સ્રોતને બંધ કરી દીધા હોય, જે પૂજા, સત્કાર તેમજ દ્રવ્યાદિના લાભના અભિલાષી ન હોય, જે એકમાત્ર ધર્માર્થી અને ધર્મવેત્તા હોય, જેણે મોક્ષ પ્રતિ લક્ષ્ય બનાવ્યું હોય, જે સમત્વમાં વિચરણ કરતા હોય, આ પ્રકારના જે સાધુ દાન્ત, ભવ્ય હોય અને કાયાની આસક્તિ છોડી દીધી હોય તેવા સાધુને નિર્ગ્રંથ કહેવાય છે.

જે રીતે ભયથી જીવોના ત્રાતા(રક્ષક) સર્વજ્ઞ તીર્થંકર આપ્તપુરુષ પાસેથી સાંભળેલ છે તે જ સ્વરૂપ અમે કહ્યું છે, તેમ તમે સમજો.

## વિવેચન :–

આ સૂત્રમાં વિભિન્ન અભિપ્રાયોથી નિર્ગ્રંથનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે

**નિર્ગ્રંથનો અર્થ અને વિશિષ્ટગુણોની સંગતિ :–** નિર્ગ્રંથ તે કહેવાય છે, જે બાહ્ય અને આભ્યંતર ગ્રંથીઓ રહિત હોય. સહાયતા અથવા રાગદ્વેષયુક્તતા. સાંસારિક સજીવ–નિર્જીવ પરપદાર્થોને પોતાના માનીને તેનાથી સુખપ્રાપ્તિ અથવા સ્વાર્થપૂર્તિની આશા રાખવી, વસ્તુતત્ત્વની અનભિજ્ઞતા, આશ્રવદ્વારોને ન રોકવા, મન અને ઈન્દ્રિયો પર અસંયમ, શત્રુમિત્ર આદિ પર રાગ–દ્વેષાદિ વિષમભાવ રાખવો, આત્માના સાચા સ્વરૂપને જાણ્યા વિના શરીરાદિને જ આત્મા સમજવો, દ્રવ્ય ભાવથી સંસાર સ્રોતને ખુલ્લો રાખવો, પૂજા, સત્કાર અથવા દ્રવ્ય આદિના લાભની આકાંક્ષા કરવી તે વિવિધ ગ્રંથીઓ છે, તેનાથી નિર્ગ્રંથતા સમાપ્ત થઈ જાય છે. બાહ્ય–આભ્યંતર ગ્રંથીઓ(ગાંઠો) નિર્ગ્રંથ જીવનને નિસ્સાર બનાવે છે. તેથી શાસ્ત્રકારે નિર્ગ્રંથને માટે એક, એકવિત્, જાગૃત, સંચ્છિન્નસ્રોત, સુસંયત, સુસમિત, સુસામાયિક, આત્મવાદ પ્રાપ્ત, સ્રોત પરિચ્છિન્ન, પૂજા સત્કાર લાભના અનભિલાષી આદિ વિશિષ્ટ, અનિવાર્ય ગુણો બતાવ્યા છે. એક આદિ ગુણોના તત્ત્વોનું પરિજ્ઞાન હોવાથી જ સંગ, સંયોગ, સંબંધ, સહાયક, સુખ–દુઃખ પ્રદાતા આદિની ગ્રંથિ તૂટે છે અને વિધેયાત્મક ગુણો રૂપે ધર્માર્થી, ધર્મવેત્તા, નિયાગપ્રતિપન્ન, સમત્વચારી, દાન્ત, ભવ્ય તેમજ વ્યુત્સૃષ્ટકાય આદિ વિશિષ્ટગુણોનો વિકાસ થાય છે. આ ગુણોથી સુશોભિત સાધુ જ નિર્ગ્રંથ કહેવડાવવાનો અધિકારી છે.

ભગવાન મહાવીરે આ રીતે માહણ, શ્રમણ, ભિક્ષુ અને નિર્ગ્રંથના ઉત્તરોત્તર વિશિષ્ટ ગુણાત્મક સ્વરૂપ દર્શાવ્યાં છે. આ બધા ભિન્ન ભિન્ન શબ્દ અને વિભિન્ન પ્રવૃત્તિ નિમિત્તક હોવા છતાં એ કથંચિત્ એકાર્થક છે, પરસ્પર અવિનાભાવી છે. તાત્પર્ય એ છે કે માહણ, શ્રમણ, ભિક્ષુ અને નિર્ગ્રંથના જુદા જુદા ગુણો અહીં બતાવ્યા છે, તે બધા જૈન મુનિના ગુણો છે. સાચા શ્રમણમાં આ બધા ગુણો હોવા જોઈએ.

આ અધ્યયન તેમજ શ્રુતસ્કંધનો ઉપસંહાર કરતાં શ્રી સુધર્માસ્વામી, શ્રી જંબૂસ્વામી આદિ શિષ્યવર્ગ પાસે પોતે કહેલા કથનની સત્યતાને પ્રમાણિત(સિદ્ધ) કરતા કહે છે કે આ સર્વ વર્ણન મેં વીતરાગ–આપ્ત, સર્વજીવહિતૈષી, ભયત્રાતા, તીર્થંકર પાસેથી સાંભળ્યું, જાણ્યું છે, તે તમને કહ્યું છે.

**॥ અધ્યયન ૧૬ સંપૂર્ણ ॥**

**॥ પ્રથમ શ્રુતસ્કંધ સંપૂર્ણ ॥**

# પરિશિષ્ટ–૧

## વિવેચિત વિષયોની અકારાદિ અનુક્રમણિકા


| | વિષય | પૃષ્ટાંક | | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|---|---|
| અ | अगिद्धो विप्पमुक्को | ૬ | | ગ્રહણૈષણા | ૬૧ |
| | अण्णमण्णेहिं मुच्छिए | ૯ | ચ | ચતુર્ધાતુવાદ | ૨૨ |
| | अणारिया | ૧૮૫ | | चिच्चाण अंतग सोयं | ૩૦૨ |
| | अत्तत्ताए परिव्वए | ૧૬૭ | છ | छंदेण पलेति इमा पया | ૧૦૯ |
| | अत्तसमाहिए | ૧૭૩ | જ | जययं विहराहि | ૮૫ |
| | अत्थि वा णत्थि वा धम्मो | ૩૩૯ | | जहा मंधादए | ૧૮૫ |
| | अदक्खु-अंध | ૧૨૬ | | जाणया | ૧૭૩ |
| | अपडिण्णेण | ૧૭૩ | | जा वि वंदणपूयणा | ૧૦૧ |
| | अट्ठावयं ण सिक्खेज्जा | ૩૦૮ | | जिणसासण परम्मुहा | ૧૮૫ |
| આ | आमोक्खाए परिवएज्जासि | ૭૨ | | जीवियं चेव संखाए | ૧૦ |
| | आयदंड | ૧૫૦ | | जे उ संगामसिया | ૧૬૬ |
| | आयपरे | ૧૩૧ | | टंकणा इव पव्वयं | ૧૭૭ |
| | आयाणं संरखए | ૭૧ | ણ | ण ते धम्मविऊ जणा | ૨૭ |
| | आरं परं | ૮૨ | | णाइवेलं हसे मुणि | ૩૧૫ |
| | આરંભ | ૧૨૪ | | णिव्वहे मंतपएणं गोयं | ૩૮૯ |
| | आसुरियं दिसं | ૧૨૪ | | णो य संसग्गियं भए | ૩૧૫ |
| | આસેવન શિક્ષા | ૩૭૮ | ત | तत्तेण अणुसिट्ठा | ૧૭૫ |
| | आसंदी-पलियंके | ૩૦૮ | | तिवायए पाणे | ૭ |
| ઈ | इणमेव खणं | ૧૩૪ | | त्तिबेमि | ૨૩ |
| | ઈશ્વરકૃત લોક | ૪૮ | | दढधम्माणं | ૧૪૨ |
| | ઈંડાકૃત લોક | ૫૦ | | दिट्ठिमं | ૧૯૨ |
| ઉ | उदगेण...जलसिद्धि | ૨૮૦ | | दुपक्खं चेव सेवइ | ૪૪ |
| | उवसग्गे णियामित्ता | ૧૯૨ | | दुपक्खं चेव सेवहा | ૧૭૫ |
| | उंछं भिक्खु विसुद्धमाहरे | ૧૩૦ | | દેવકૃત લોક | ૪૭ |
| એ | એકચર્યાનો અધિકારી સાધક | ૧૦૬ | ન | નરક અને નરકાવાસ | ૨૨૪ |
| ઓ | ओए सया ण रज्जेज्जा | ૨૧૮ | | નરક યાત્રી | ૨૨૭ |
| ક | कयकिरिए | ૩૦૮ | | નારકોનું દુઃખ | ૨૩૬ |
| | काहिए-કાથિક | ૩૦૮ | | નિકાચિત કર્મ | ૧૧૭ |
| ખ | खण जोइणो(પંચસ્કંધવાદી) | ૨૩ | | નિદ્ધત્ત કર્મ | ૧૧૭ |
| ગ | गिहिमत्तेऽसणं ण भुंजइ | ૧૦૯ | પ | पणया वीरा महावीहिं | ૯૩ |
| | ગવેષણા | ૬૦ | | पडिपंथियमागया | ૧૪૭ |
| | ગ્રહણશિક્ષા | ૩૭૮ | | पमायं कम्ममाहंसु | ૨૮૯ |
| | | | | परगेहे ण णिसीयए | ૩૧૫ |
| | | | | परमत्ते अण्णपाणं | ૩૦૮ |

| | વિષય | પૃષ્ટાંક | | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|---|---|
| | परमायतट्ठिए | ૧૩૧ | व | विगयगेही | ૭૧ |
| | परवत्थमचेलो | ૩૦૮ | | विभज्जवायं च वियागरेज्जा | ૩૮૯ |
| | પરિગ્રહ | ૬ | | वियडेण पलेंति | ૧૧૦ |
| | परिणिव्वुडे | ૧૯૨ | | विरया वीरा णिव्वुहा | ૮૫ |
| | પરિભોગૈષણા | ૬૧ | | विहंगमा पिंगा | ૧૮૫ |
| | पसिणाय तणाणि | ૩૦૮ | | वेरं वडढेइ अप्पणो | ૮ |
| પ્ર | પ્રધાનાદિકૃત લોક | ૪૯ | | वेसालीए-વૈસાલિક | ૧૩૭ |
| | પ્રાશ્નિક | ૧૧૫ | | वेहाइयं | ૩૦૮ |
| | पूयणा | ૧૮૮ | સ | सइठीभागं तुमीहियं | ૨૯ |
| | पंच संवर संवुडे | ૭૨ | | सत्थं | ૨૯૧ |
| | પંચસ્કંધ વાદ | ૨૨ | | समया | ૧૨૮ |
| બ | બદ્ધ કર્મ | ૧૧૭ | | समयं सया चरे | ૯૭ |
| | बहुगुणद्धगप्पाइं | ૧૭૪ | | सयमेव कडेहिं गाहइ | ૭૯ |
| | બ્રહ્મકૃત લોક | ૪૭ | | सया जए | ૧૩૦ |
| | बाला | ૧૮૫ | | सया दत्तेसणा | ૧૪૪ |
| | **बुज्झिज्ज** | ૫ | | સ્વયંભૂકૃત લોક | ૪૯ |
| | बंधणं परिजाणिया | ૫ | | सहस्संतरियं भुंजे | ૪૪ |
| | બંધનાં કારણ | ૬ | | सागारिय पिंडं | ૩૦૮ |
| | બંધનું સ્વરૂપ | ૬ | | સાધુ સમાચારી | ૭૦ |
| ભ | भिक्खु ताणं परिव्वए | ૬૦ | | सिएहिं असिए | ૭૨ |
| | महयं परिगोव जाणिया | ૧૦૧ | | सुबंभचेरं वसे**ज्जा** | ૧૧૫ |
| મ | માહણ | ૪૦૪ | | સુસાધુના પાંચ કર્તવ્ય | ૬૦ |
| | માર રચિત લોક | ૫૦ | | सुस्सूसमाणो उवासेज्जा | ૩૧૫ |
| | मोक्ख विसारए | ૧૭૩ | | સ્પૃષ્ટ કર્મ | ૧૧૭ |
| ૨ | रागदोसाभिभूयप्पा | ૧૭૩ | | सेहियं वा असेहियं | ૨૯ |
| લ | लद्धे कामे ण पत्थे**ज्जा** | ૩૧૫ | | संखाय पेसलं धम्मं | ૧૯૨ |
| | लवावसक्किणो | ૧૦૯ | | संगइयं | ૨૯ |
| | लित्ता तिव्वाभितावेणं | ૧૭૫ | | સંપ્રસારક | ૧૧૫ |
| | लूहं | ૧૦૯ | | संसारे परियत्तइ | ૯૬ |

# ગુરુ પ્રાણ આગમ બત્રીસીના
# શ્રુત સહયોગી દાતાઓ

**: પ્રથમ આગમ વિમોચક :**

માતુશ્રી ચંપાબેન શાંતીલાલ પરષોત્તમદાસ સંઘવી તથા
માતુશ્રી મૃદુલાબેન નવનીતરાય શાંતીલાલ સંઘવી ના સ્મરણ સાથે
સૌ. કુંદનબેન જયંતીલાલ શાંતીલાલ સંઘવી
શ્રી નવનીતરાય શાંતીલાલ સંઘવી
શ્રી રાજીવ જયંતીલાલ, શ્રી શૈલેશ નવનીતરાય, શ્રી હિરેન નવનીતરાય સંઘવી

**શ્રુતાધાર**

- માતુશ્રી કુસુમબેન શાંતિલાલ શાહ
  હસ્તે – સુપુત્ર શ્રી ઈપ્સિત – ડો. નીતા શાહ, શ્રી ભાષિત – દર્શિતા શાહ — મુંબઈ
- માતુશ્રી સવિતાબેન ડો. નાનાલાલ શાહ (હેમાણી)
  સુપુત્ર શ્રી સતીષ – રશ્મિ શાહ, સુપુત્રી શ્રીમતી ડો. ભારતી – ડો. રશ્મિકાંત શાહ — U.S.A.
- સાધ્વી સુબોધિકા (ભદ્રા) જૈન ટ્રસ્ટ, માતુશ્રી લલિતાબેન પોપટલાલ શાહ (હેમાણી)
  બહેન–શ્રીમતી લતા શરદ શાહ, શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી — આકોલા
- શ્રીમતી દત્તા ગિરીશ શાહ (પૂ. સુબોધિકાબાઈ મ. ના ભાઈ–ભાભી) સુપુત્ર
  શ્રી મુંજાલ – વિજ્યા , શ્રી ભાવિન – તેજલ, સુપુત્રી નિવિશા મનીષ મહેતા — U.S.A.
- પૂ. આરતીબાઈ મ. ના બહેનો – શ્રીમતી સરોજબેન જશવંતરાય દોમડિયા
  શ્રીમતી હર્ષાબેન વસંતરાય લાઠીયા હસ્તે – શ્રી અલકેશ, શ્રી પ્રિયેશ, શ્રી હેમલ — મુંબઈ
- માતુશ્રી જયાબેન શાંતીલાલ કામદાર, માતુશ્રી રમાબેન છોટાલાલ દફતરી
  હસ્તે શ્રીમતી પ્રેમિલાબેન કિરીટભાઈ દફતરી — U.S.A.
- ડો. ભરતભાઈ ચીમનલાલ મહેતા
  સુપુત્ર–ચી. મલય, સુપુત્રી શ્રીમતી વિરલ આશિષ મહેતા — રાજકોટ
- માતુશ્રી વિજયાલક્ષ્મીબહેન માણેકચંદ શેઠ
  સુપુત્ર શ્રી દિલસુખભાઈ શેઠ, શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ (શેઠ બિલ્ડર્સ) — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- માતુશ્રી હીરાગૌરી હરિલાલ દોશી, શ્રીમતી પૂર્ણિમાબેન નરેન્દ્ર દોશી
  હસ્તે – નરેન્દ્ર – મીના દોશી, કુ. મેઘના, કુ. દેશના — રાજકોટ

- માતુશ્રી કાશ્મીરાબેન કાંતિભાઈ શેઠ
  હસ્તે – શ્રીમતી હેતલ સંજય શેઠ, કુ. ઉપાસના, કુ. કીંજલ — રાજકોટ
- માતુશ્રી જશવંતીબેન શાંતીલાલ તુરખીયા, શ્રીમતી ભાવના દિલીપ તુરખીયા
  હસ્તે – દિલીપ એસ. તુરખીયા, સુપુત્ર – શ્રી પારસ – રિદ્ધિ તુરખીયા — મુંબઈ
- માતુશ્રી કિરણબેન પ્રવીણચંદ્ર દોશી
  હસ્તે સુપુત્ર શ્રી નીરવ – તેજલ દોશી, કુ. પ્રિયાંશી, કુ. ઝીલ — મુંબઈ
- માતુશ્રી મંજુલાબેન છબીલદાસ ચૂડગર
  હસ્તે – સુપુત્ર શ્રી કેતન – આરતી ચૂડગર, કુ. ધ્રુવી — મુંબઈ
- શ્રી લક્ષ્મીચંદભાઈ જસાણી પરિવાર — રાજકોટ
- શ્રી પ્રવિણભાઈ ગંભીરદાસ પારેખ — મુંબઈ
- કુ. વિધિ ગિરીશ જોશી, કુમાર કુશાન ગિરીશ જોશી
  હસ્તે – શ્રીમતી નીલાબેન ગિરીશભાઈ જોશી — મુંબઈ
- શ્રી પરેશભાઈ સુમતીભાઈ શાહ — મુંબઈ
- શ્રી કિશોરભાઈ શાહ — મુંબઈ
- શ્રી રમેશભાઈ ગટુલાલ કામદાર — ચેમ્બુર
- માતુશ્રી લીલાવતીબેન નીમચંદ નથુભાઈ દોશી, સ્વ. કિશોરકુમાર નીમચંદ દોશી,
  સ્વ. મૃદુલા કુંદનકુમાર મહેતા. હસ્તે – હર્ષદ અને કુમકુમ દોશી — કલકત્તા
- માતુશ્રી તારાબેન મોદી — કલકત્તા
- માતુશ્રી મધુકાંતાબેન નંદલાલ ભીમાણી
  હસ્તે – શ્રી રાજેશભાઈ ભીમાણી — કલકત્તા
- માતુશ્રી કીકીબેન દેસાઈ, હસ્તે – શ્રી શૈલેશભાઈ–મીનાબેન દેસાઈ — મુંબઈ
- શ્રી અંજલભાઈ ઢાંકી — મુંબઈ
- ગુરુભક્ત — રાજકોટ
- શ્રી હેમેન્દ્રભાઈ પૂંજાણી
- માતુશ્રી ચંપકબેન શશીકાંતભાઈ મહેતા, હસ્તે – સુપુત્રી શ્રી કિરીટ–અરૂણા,
  શ્રી અજય – નીતા, શ્રી કમલેશ – દિવ્યા, સુપુત્રી – નિરૂપમા – નિરંજન દોશી — મુંબઈ
- માતુશ્રી નર્મદાબેન રૂગનાથ દોશી, હસ્તે – શ્રી કાંતીભાઈ રૂગનાથ દોશી — કલકત્તા
- શ્રી હેમલતાબેન નટવરલાલ મણીયાર — વડોદરા
- માતુશ્રી અમૃતબેન ભગવાનજી અવલાણી પરિવાર
  હસ્તે – શ્રી રમણીકભાઈ ભગવાનજી અવલાણી — કલકત્તા
- શ્રી કેશવજીભાઈ શાહ પરિવાર — કલકત્તા

## શ્રુત અનુમોદક

- શ્રીમતી ડો. ભારતીબેન – ડો. રશ્મિકાંત કાંતીલાલ શાહ — U.S.A.
- શ્રીમતી લતાબેન – શ્રી શરદભાઈ કાંતીલાલ શાહ — U.S.A.
- શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી, શ્રીમતી જીમિતા હિરેન મોદી,
  શ્રીમતી ડો. શ્રુતિ મહેશ વર્મા, શ્રીમતી ભવિતા જયંત ઈંગળે — આકોલા
- શ્રી સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી પ્રાણ મહિલા મંડળ, હસ્તે – અધ્યક્ષા સૌ. હર્ષાબેન મોદી — આકોલા
- માતુશ્રી નિર્મળાબેન લાલચંદ ભરવાડા — કોલ્હાપુર
- શ્રી પરેશભાઈ રમેશચંદ્ર સુતરીયા — મુંબઈ
- માતુશ્રી સુશીલાબેન કાંતીલાલ પંચમીયા — મુંબઈ
- શ્રી મીનાબેન હરીશભાઈ દેસાઈ — કલકત્તા

## શ્રુત સદસ્ય

- શ્રી પારિતોષ આર. શાહ — મુંબઈ
- શ્રીમતી રાજુલ રજનીકાંત શાહ — મુંબઈ
- જૈન જાગૃતિ સેન્ટર — વાશી (મુંબઈ)
- શ્રી મુકુન્દ આર. શેઠ — મુંબઈ
- શ્રી કેતનભાઈ શાહ — મુંબઈ
- શ્રીમતી ગુણવંતીબેન પ્રફુલ્લચંદ્ર દોમડીયા — મુંબઈ
- શ્રી સુધીરભાઈ પી. શાહ — મુંબઈ
- શ્રી રાજેશ કલ્યાણભાઈ ગાલા — મુંબઈ
- શ્રીમતી મૃદુલાબેન નવનીતરાય સંઘવી
  હસ્તે – સૌ. હીના શૈલેશ સંઘવી, સૌ. સોનલ હિરેન સંઘવી — કલકત્તા



આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર


આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર

PARASDHAM
Vallabh Baug Lane, Tilak Road,
Ghatkopar (E), Mumbai - 400 077.
Tel : 32043232.
www.parasdham.org
www.jainaagam.org